श्री वैराग्यशतक

અથવા

भवाब्धिप्रवहणम्

અર્થ ભાવાર્થ દૃષ્ટાન્ત સહિત.

(ઉત્તરાર્દ્ધ)

ધર્મનિષ્ઠ સ્વર્ગસ્થ બ્હેન ધનકોરના સ્મરણાર્થે

ગ્રન્થાંક બીજો.

परोपकाराय सतां विभूतयः ॥

॥ श्रीवैराग्यशतकम् ॥

યાને

भवाब्धिप्रवहणम्

अर्थ भावार्थ दृष्टान्त सहित–उत्तरार्ध.

રચનાર.

શ્વેતાંબરજૈન સ્થાનકવાસી બરવાળાસંપ્રદાય-
ગચ્છાધિપતિ કવિરાજ પૂજ્યશ્રી ઉમેદચંદ્રજી
સ્વામીના શિષ્ય મુનિશ્રી વિનયચંદ્રજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. નાગરદાસ નરોત્તમદાસ હરજીવનદાસ.

સ્થળ હનુમાન ભાગડા—વલસાડ.

આવૃત્તિ ૧ લી. વિક્રમસંવત ૧૯૭૩. પ્રત. ૫૫૧

વીરસંવત ૨૪૪૩. ઇ. સ. ૧૯૧૭ શકે ૧૮૩૯

મૂલ્ય રૂ. ૧—૦—૦ એક

સંસારના પ્રેમપાશમાં પડેલા પામર પ્રાણીને પ્રતિબોધ.

—રાગ ગઝલ કવ્વાલી—

પલકમાં પ્રાણુ તો જાશે, સમજ પ્રાણી ! સમજ પ્રાણી !
હતું નો'તું થઇ જાશે, સમજ પ્રાણી ! સમજ પ્રાણી ! ૧
પરપોટો પાણીનો જેવો, ખલકનો ખેલ છે તેવો;
કદર લે જન્મની જાણી; સમજ પ્રાણી ! સમજ પ્રાણી ! ૨
હતા હાથી ઘણા ઘોડા, કનકના પહેરતા તોડા;
ગયા રાજા અને રાણી, સમજ પ્રાણી ! સમજ પ્રાણી ! ૩
કરી પરમાર્થનાં કામ, ભજી લે ભાવથી રામ;
મમતની છોડને ઘાણી, સમજ પ્રાણી ! સમજ પ્રાણી ! ૪
ગણે તું જેહને તારાં, થશે તે અંતમાં ન્યારાં;
મરે શું તંતને તાણી, સમજ પ્રાણી ! સમજ પ્રાણી ! ૫
કનકથી પ્રીતડી તોડી, કથીરમાં શું રહ્યો દોડી ?
મતિ તુજ કેમ ભરમાણી, સમજ પ્રાણી ! સમજ પ્રાણી ! ૬
સમય આ સાંપડ્યો સારો, હોંસે શું હાથથી હારો ?
વલોવે શું વૃથા પાણી ? સમજ પ્રાણી ! સમજ પ્રાણી ! ૭
ચણી લે મોતીનો ચારો, વિષયનો ચુંથ મા ગારો;
વ્હાલા હંસ ! લે માની, સમજ પ્રાણી ! સમજ પ્રાણી ! ૮
બધી છે સ્વાર્થની બાજી, રહ્યો શું તેહમાં રાજી ?
મતિ મોહે શું રંગાણી ? સમજ પ્રાણી ! સમજ પ્રાણી ! ૯
મજાઓ તેં બહુ માણી, દયા ના દિલમાં આણી;
હવે લે હિત તું જાણી, સમજ પ્રાણી ! સમજ પ્રાણી ! ૧૦
સગાઇ સંતની કરજે, સુખે સંસારને તરજે;
વિનયમુનિ વદે વાણી, સમજ પ્રાણી ! સમજ પ્રાણી ! ૧૧

અમદાવાદ ખાડીઆની ગેટ પાસે ચોકસીના ડેલામાં **શ્રીસત્યપ્રકાશ** પ્રિન્ટીંગ પ્રેસમાં ડાહ્યાભાઇ શકરાભાઇ ગાંધીએ આ વૈરાગ્યશતક—ઉત્તરાર્ધનાં પૃષ્ઠ ૧ થી ૨૭૬ સુધી છાપ્યાં છે, અને બાકીનું બધું **અમદાવાદ** ઢીંકવાની ગેટપાસે **શાન્તિવિજય** પ્રિન્ટીંગ પ્રેસમાં ઈશ્વરલાલ કેશવલાલ વકીલ અને માણેકલાલ માધવજીએ છાપ્યું છે.

"શ્રીપંચપરમેષ્ટી મંત્ર જાપ."

રમુજી અને આનંદ સાથે મન સ્થિર કરવાનું, ગમ્મત સાથે જ્ઞાન આપનારૂં અનુપમ સાધન.

મઃ	ન	ભ્યો	ધુ	સા	ય	ધ્યા	પા	ધ્યા	ય	સા	ધુ	ભ્યો	ન	મઃ
ન	ભ્યો	ધુ	સા	ય	ધ્યા	પા	ઉ	પા	ધ્યા	ય	સા	ધુ	ભ્યો	ન
ભ્યો	ધુ	સા	ય	ધ્યા	પા	ઉ	ર્ય	ઉ	પા	ધ્યા	ય	સા	ધુ	ભ્યો
ધુ	સા	ય	ધ્યા	પા	ઉ	ર્ય	ચા	ર્ય	ઉ	પા	ધ્યા	ય	સા	ધુ
સા	ય	ધ્યા	પા	ઉ	ર્ય	ચા	આ	ચા	ર્ય	ઉ	પા	ધ્યા	ય	સા
ય	ધ્યા	પા	ઉ	ર્ય	ચા	આ	દ્ધ	આ	ચા	ર્ય	ઉ	પા	ધ્યા	ય
ધ્યા	પા	ઉ	ર્ય	ચા	આ	દ્ધ	સિ	દ્ધ	આ	ચા	ર્ય	ઉ	પા	ધ્યા
પા	ઉ	ર્ય	ચા	આ	દ્ધ	સિ	ત	સિ	દ્ધ	આ	ચા	ર્ય	ઉ	પા
ઉ	ર્ય	ચા	આ	દ્ધ	સિ	ત	ર્હં	ત	સિ	દ્ધ	આ	ચા	ર્ય	ઉ
ર્ય	ચા	આ	દ્ધ	સિ	ત	ર્હં	અ	ર્હં	ત	સિ	દ્ધ	આ	ચા	ર્ય
ઉ	ર્ય	ચા	આ	દ્ધ	સિ	ત	ર્હં	ત	સિ	દ્ધ	આ	ચા	ર્ય	ઉ
પા	ઉ	ર્ય	ચા	આ	દ્ધ	સિ	ત	સિ	દ્ધ	આ	ચા	ર્ય	ઉ	પા
ધ્યા	પા	ઉ	ર્ય	ચા	આ	દ્ધ	સિ	દ્ધ	આ	ચા	ર્ય	ઉ	પા	ધ્યા
ય	ધ્યા	પા	ઉ	ર્ય	ચા	આ	દ્ધ	આ	ચા	ર્ય	ઉ	પા	ધ્યા	ય
સા	ય	ધ્યા	પા	ઉ	ર્ય	ચા	આ	ચા	ર્ય	ઉ	પા	ધ્યા	ય	સા
ધુ	સા	ય	ધ્યા	પા	ઉ	ર્ય	ચા	ર્ય	ઉ	પા	ધ્યા	ય	સા	ધુ
ભ્યો	ધુ	સા	ય	ધ્યા	પા	ઉ	ર્ય	ઉ	પા	ધ્યા	ય	સા	ધુ	ભ્યો
ન	ભ્યો	ધુ	સા	ય	ધ્યા	પા	ઉ	પા	ધ્યા	ય	સા	ધુ	ભ્યો	ન
મઃ	ન	ભ્યો	ધુ	સા	ય	ધ્યા	પા	ધ્યા	ય	સા	ધુ	ભ્યો	ન	મઃ

આ મંત્રની મધ્યમાંના અ કારથી ગમે તે તરફ ગણવાં "અ-ર્હંત સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય સાધુભ્યો નમઃ" એ પ્રકારનો ૨૭૦ વાર જાપ થઇ શકે છે. આ જાપ સદા વિઘ્ન નાશ કરી મંગળ આપનાર છે.

મુનિશ્રી વિનયચન્દ્રજી.

—શોકસંતપ્તને સુબોધસુધા–પ્રબોધ સપ્તક—

શાર્દુલવિક્રીડિત વૃત્ત.

ખીલે તે કરમાય પુષ્પ જગમાં, એમાં ન શંકા ખરે !
જન્મે તે મરવાજ જન્મ ધરતું, એવુંજ દષ્ટે પડે;
છો ને હો મતિમાન કે ધનપતિ, મૃત્યુ ન મુકે ખરે,
આજે કે દિન બે રહી સરવને, ચાલ્યુ જવું છે અરે ! ૧
રાજા રામ સમા ભલા નૃપતિને, મોતે ન મુકયા અરે !
આયુ પૂર્ણ થતાં તથૈવ સહુને, ચાલી જવાનું ખરે;
ત્યારે તું કયમ ફોક શોક ધરતો, શાણો થઇ જા હવે,
આજે કે દિન બે રહી સરવને, ચાલ્યું જવું છે અરે ! ૨
આત્મા નિત્ય અખંડ ને અજર છે, તેનું ન મૃત્યુ કદા,
કાયા છે સ્વરૂપે વિનશ્વર અને સાથે વિકારી સદા;
જે જે નશ્વર ને વિકારયુત છે, તે તે ન સ્થાયી રહે,
આજે કે દિન બે રહી સરવને, ચાલ્યું જવું છે અરે ! ૩
વૈદ્યો અશ્વિનિના કુમાર સ્વરગે, ચંદ્ર ક્ષયિ તોય છે;
ભાનુના તનમાં ઉત્તાપ અતિશે, ભાગ્યે ભર્યો હોય છે,
આંખે ખોટ રહીજ દૈત્યગુરૂને, લુલો શનિ સંચરે;
પ્રારબ્ધે લખી પિડ તે નહિ મટે, કહે વૈદ્ય ત્યાં શું કરે ? ૪
માંધાતાદિ મહિપતિ બહુ થયા, તે મૃત્યુ પામી ગયા,
રાજા રંક સજીવ આજ સુધી તો, કોઈ ન કયાંયે રહ્યા;
હીરા માણેક મોતિ ધાતુ ધન તો, આંહિ રહ્યાં તે ધર્યાં,
શું તે આગળ વૈદ્ય સત્ય ન હતા, કે ઓસડો ના કર્યાં. ૫
જેણે જન્મ ધરી જગે નવ કર્યું, કલ્યાણ કાયા તણું,
જેણે કંઇ પરમાર્થ કાર્ય કરીને, રાખ્યું ન સંભારણું;
રિદ્ધિસિદ્ધિ સમૃદ્ધિ સાધન છતાં, જેણે ન શાંતિ ધરી,
તેણે વ્યર્થ વિતાવ્યું આયુષ્ય બધુ, આ માનુષી દેહ ધરી. ૬
વિશ્વામિત્ર તણા મહા કપટને, જાણ્યું ન જેણે જરી,
વેચી જાત કલત્ર પુત્ર વચને, ને નીચ સેવા કરી;
સત્યાર્થે સુખ રાજપાટ વિભવો, ત્યાગ્યાં ધરી ખંતને,
તેથી દે સહુ ધન્યવાદ જગમાં, રાજા હરિશ્ચંદ્રને. ૭

ઉપોદ્ઘાત.

વૈરાગ્યને નામે ભડકવું ને ભાગવું, જ્ઞાન ભક્તિની વાતો કાને ન ધરવી, જપ તપ વ્રત નિયમ અને ધર્મધ્યાન અળખામણાં લાગવાં; અને ખાવું પીવું ને ખેલવુંજ પસંદ કરવું-એ લોકરૂચિકર સર્વજનપ્રિય થઇ પડ્યું છે. હોટલ અને બોટલ લોકોને જીવનાધાર થઇ પડયાં છે, ચહા ચીરૂટ ને ચશ્માં વિના સંતુંસટ લાગે છે, **અમારી ચાહ ને બીડી, ખરે છે સ્વર્ગની સીડી!** આવાં સ્તોત્ર ને મંત્રો જપાય છે, હું ને મારી વહુ તેમાં આવ્યું સહુ,આવી તો વિશાળ દૃષ્ટિ ઉદારવૃત્તિ ને ભાવના તથા લક્ષ રખાય છે,આ સુવર્ણ યુગમાંપ્રગતિ અને સુધારાના જમાનામાં ઉન્નતિ હિત અને કલ્યાણ જણાતાં નથી, પણ દુઃખદારિદ્રય અને રોગના ભોગ થઇ પડી ઉત્તમોત્તમ મનુષ્ય પ્રાણીઓ રીબાય છે-તરફડીને મરે છે. સુખશાન્તિ અને આનંદમાં રહેવા ચાહી નિર્ભય નિઃશંક થવા માગે છે, પણ રાજમાર્ગ છોડી ઉન્માર્ગે વિચરે છે, જેથી પરિણામ તદ્દન વિપરીત આવે છે. કારણ કે રાજર્ષિ પ્રવર શ્રી **ભર્તૃહરિએ** વૈરાગ્યશતકમાં શ્લોક ૩૪માામાં સાફ કહ્યું છે કે:—

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद्भयं।
मौने दैन्यभयं बले रिपुभयं रूपे जराया भयम्॥
शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतान्ताद्भयं।
सर्ववस्तु भयान्वितं भुवि नृणां वैराग्य मेवाभयम्॥वैराग्य०३४

અર્થાત્—ભોગ ભોગવવામાં રોગ થવાનો ભય, કુળમાં ભ્રષ્ટ થવાનો-સંકર પ્રજા પેદા થવા વગેરે ડાઘ કલંક લાંછન લાગવાનો ભય, ધન વધવામાં રાજા દંડે કે લૂટી લે એવો ભય, ચુપ રહેવામાં દીનતાનો ભય, બળવાન હોવામાં શત્રુ જાગવાનો ભય, રૂપે સુંદર હોવામાં ઘડપણ આવવાથી વિરૂપ થવાનો ભય, શાસ્ત્ર ભણવામાં શાસ્ત્રાર્થ ને વાદ કરવાનો ભય, ગુણવંત હોવામાં ખલ-નઠારા માણસો નિંદા કરી ઇર્ષા કરી હેરાન કરે તે ભય, શરીર સુઘડ રાખવા ને સુધારવામાં કાળ-મૃત્યુ આવી ક્યારે ઝડપશે એ ભય; એ રીતે જગતમાં માણસોને સઘળી વસ્તુઓને માટે ભય રાખવો પડે છે, માત્ર એક વૈરાગ્યજ નિર્ભય છે. મનુષ્ય સંસારના સર્વ પદાર્થો છોડે છે, ત્યારે

તેની સાથેજ સર્વ પ્રકારના ઝઘડારઘડા અને જંજાળો પણ છુટી જાય છે, પછી કોઇ પણ પ્રકારની આપત્તિ તેના પર આવવાનો સંભવ રહેતો નથી, એટલા માટે સુખેચ્છુ તો પ્રથમથીજ વૈરાગ્ય તરફ લક્ષ રાખી અવસર આવ્યે પૂર્ણ વૈરાગ્ય ધારણ કરે છે. વાસ્તવમાં ચિત્તથી દૃઢ વૈરાગ્ય થઇ જાય, તો વિરક્તાશ્રમ સમાન સંસારમાં કહીં પણ સુખ મળવાનો કદી કોઇને સંભવ નથી; માટે સર્વોત્તમ સુખ દેખવું હોય તો વૈરાગ્યનો આશ્રય લેવો. ખરૂં જોતાં આ સંસારમાં સુખ નથી, પણ મનુષ્યો મોહવશ થઈ ભ્રાંતિથી તેને (ધન ધરા પુત્ર કલત્ર પશુ વગેરે ક્ષણભંગુર નશ્વર માયિક પ્રાણીપદાર્થોને) સુખરૂપ માની લેછે. જેમકેઃ—

असारे खलुसंसारे सुखभ्रान्ती शरीरिणां ।
लालापानमिवांगुष्ठे बालानां स्तन्य विभ्रमः ॥

અર્થાત્ પોતાનો અંગુઠો ધાવતાં પોતાનાજ મુખની લાળ મોઢામાં આવે, તેને દુધ ધાવે છે એમ બાળક ધારે છે, તેમ આ સંસારમાં સુખ નથી, પણ દુઃખમય પ્રસંગ આવે છે જેમાંથી દુઃખ ઓછાં થાય છે તેને મનુષ્ય સુખરૂપ માની લેછે. બિલાડો દુધનું પાત્ર જોઇ પીવા લલચાય છે પણ પાછળથી ધોકો પડશે, તેનો વિચાર કરતો નથી, વળી ‘ હાડ શ્વાન સમ રસિયા ’ એટલે કુતરો સુકું હાડકું ચાવે છે તેથી તેના મોંમાંથી લોહી નિકળે છે, પણ કુતરો તો સમજે છે કે હાડકામાંથીજ લોહી ચુસું છું. આવો વ્યાપાર મોહમુગ્ધ સંસારસુખાસક્ત જીવો ચલાવી રહ્યા છે, અને સુખની શોધમાં ભટકતા હોવા છતાં અવળી દિશામાં ચાલતા હોવાથી સુખથી દૂરના દૂર થતા જાય છે.

આહારવિહારમાંજ જીવ્યું સાર્થક માનવામાં આવતું હોવાથી લોકો જમવા રમવામાંજ કાળ ગાળે છે. પણ આખા શરીરમાં જીહ્વા અને ઉપસ્થ એ બે જળેન્દ્રિયોજ રસવૃત્તિની પોષક ચાહક અને ગ્રાહક છે. અને તેનો યથેચ્છ ઉપયોગ કરવાથી બળ બુદ્ધિ અને વીર્યનો વિનાશ થઈ દુર્બળ દેહ અને રોગી કાયાવાળા બની જતા લાખો લોકો સંસારી ગૃહસ્થી છતાં ત્યાગી અને વેરાગી કરતાં પણ નપાટ દેખાય છે. પણ એ ઉભય જલેન્દ્રિયોને વશ રાખવામાં આવે, અને તેમાં નાંખવા ને કાઢવા વખતે કંઇ વિવેકવિચાર રાખવામાં આવે, તો

શરીર સુદૃઢ અને નીરોગી રહે, તથા બળબુદ્ધિ ને જ્ઞાન વધે. સનાતન-ધર્મોપદેશક પંડિત **દીનદયાલુ** શર્માએ કંઈક વર્ષોપર અમદાવાદ-ટંકશાલમાં **પતિવ્રત ધર્મ** પર વ્યાખ્યાન આપતાં, એક આર્યસમાજીએ આક્ષેપ કરી સવાલ કરતાં તેના જવાબમાં કહ્યું હતું કેઃ-યાત્રામાં વૃંદાવન તરફ મેં એક મહાદેવની મૂર્તિ દીઠી હતી, તેણે એક હાથે જીભ અને બીજા હાથે લિંગ પકડી રાખ્યાં હતાં. આ મૂર્તિને માટે દયાનંદીયો ચહાય તેમ બકે પણ મને તો આમાં ખરૂં રહસ્ય રહેલું લાગે છે. આ મૂર્તિ આપણને પ્રબોધે છે કે, એ બે રસેન્દ્રિયોને છુટી ન મુકતા, પકડી રાખો-કબજે રાખો-કાબુમાં લ્યો! તો તમારૂં શિવ એટલે કલ્યાણ થશે. ઉપરથી બિભત્સ દેખાતી મૂર્ત્તિમાંથી પંડિતજીએ આવો અત્યુત્તમ બોધ આપ્યો, તેથી શ્રોતા ઘણા ખુશી થયા હતા, ને પેલા આક્ષેપ કરનારને શરમાઇ જઇ જતા રહેવું પડ્યું હતું. મતલબ કે જીભના સ્વાદ-ચટાકાને વશ થઈ વારંવાર મોઢામાં કંઇનું કંઈ નાંખવું-ખાવું પીવું ને ચાવવું એ ઘણું ગેરવાજબી ને અહિતકર છે. શરીર ટકાવી રાખવા માટે દેહનિર્વાહ પુરતો સૂક્ષ્મ ને સાત્વિક આહાર દિવસમાં એકવાર લેવાય તે ઘણું ઉત્તમ છે, પણ ન રહેવાય તો માત્ર સવારસાંજ બેવાર આહાર કરવો, પણ વારંવાર ધુળબલા ઘંટીના ગાળાની પેઠે મોંમાં ઓર્યા કરવું, એ તો ઘણુંજ ખરાબ છે. બિન જરૂરી અને વધારે પડતુ ખાવા પીવાથી માંદા રહેવાય છે, પૈસા બરબાદ જાય છે અને દુઃખી થવાય છે, તથા બીજા લોકોનો એટલો ખોરાક પોતે ખાવામાં અતિયોગ કરી બગાડે છે, તેનો તે દોષભાગી થાય છે. દારૂ બનાવવામાં દ્રાક્ષ ખજુર અને અનાજ વગેરે મોટા જથામાં-લાખો મણ વપરાય છે, દારૂ પીનારા સર્વાંશે પાયમાલ થાય છે, એટલુંજ નહિ પણ લાખો માણસોનો ખોરાક બગાડી તેમને ભુખે મારે છે, અને દુનિયામાં મોઘવારી અને દુકાળનાં દુઃખ વધારવામાં કારણરૂપ થઇ પડે છે. દારૂની પેઠે ચાહ બીડી તમાકુનાં બિન જરૂરી વ્યસનોથી પણ લાખો એકર જમીનમાં કરોડો મણ અનાજ પાકી લાખો લોકોનો સુખે નિર્વાહ થાત તેને બદલે ચાહ તમાકુ કોફી વગેરે જીંદગીને જરૂરની નહિ એવી મોજશોખની નકામી વસ્તુઓનાં જથાબંધ વાવેતર કરાવી દુનિયામાં દુઃખ રોગ અને દૈન્ય વધારે છે. પણ આ બાબતનો શાણા કહેવાતા પુરૂષો પણ ખ્યાલ નથી કરતા, અને તરંગવશ થઇ અમનચમન કરવામાંજ જીવન સાફલ્ય માને છે.

પાશ્ચાત્ય કેળવણી પામેલા વિદ્યાઘેલા અને વિદેશી મોહિનીથી મોહમુગ્ધ થએલા વાચકો કહે છે કે:—ધન્યભાગ્ય અમારાં! કે અમે આ વિદ્યાકળાની વૃદ્ધિના સારા જમાનામાં જન્મ્યા અને સ્વર્ગનાં સુખો અહીંજ ભોગવવા પામ્યા; કમનસીબ અમારા વડીલોનાં! કે તે બાપડા ગમેતેમ દુ:ખે દહાડા કાઢતા ને જ્યાં ત્યાં જીવન ગાળતા. હવે અહીં એ સવાલ થાય છે, કે અમારા નવશિક્ષિતો શરીરે સુખી છે? તેમના મનમાં શાન્તિ અને સ્થિરતા છે? મને કહેવા દ્યો, કે તે બાપડા સુખમાં રહેતા, પણ દેહપિંજરમાં અનેક જાતના વ્યાધિઓથી પીડાતા હિનભાગી જીવડા છે! ચાહ બીડી ડાકટરની દવા વિવિધ પેય સોડા લેમોન બ્રાંડી વગેરે લીધા પીધા અને ખાધા વગર તેમનો જીવ ગભરાય છે—ચેન પડતુંજ નથી. આવી રીતે ખાવાપીવા અને સુખે રહેવા છતાં ચિત્ત ચકડોળે ચઢે છે, માથું દુખે છે મિજાજ ખસી જાય છે, અને વાતવાતમાં ગુસ્સો આવી જઇ ચીડીયાં કરે છે ધમપછાડા કરે છે; આ પ્રમાણે શરીરના આરોગ્ય અને મનની શાંતિના અભાવે હેરાન થાય છે. વળી અનેક જાતનાં લફરાં પીડાઓ ધમાલો ઢોંગ ધતિંગો વગેરે વળગેલાં હોવાથી તેમની ઉપાધિનો પણ પાર હોતો નથી. આમ ચોગરદમથી આધિ વ્યાધિ અને ઉપાધિથી હેરાન થતા મારા ન્યુજેન્ટલમેન—નવ યુવકો પોતાને સ્વર્ગસુખના ભોક્તા શું સમજીને માનતા હશે? હરેક વાતે સ્વાત્માવલંબી મટી જઈ પરાવલંબી થવામાંજ સુખની પરાકાષ્ઠા હોય, તો ભલે તેમને તે સુખ અખ્યાતુ રહો! આવા સુખાભાસથી વંચિત રહેવા માટે અમારા વડીલોને સુભાગી સમજીએ છીએ. દઢતા, સંયમ, આત્મશ્રદ્ધા, ટેક, ભક્તિ, મનોનિગ્રહ, પ્રેમની લાગણી, શુદ્ધાન્તકરણ, નિખાલસવૃત્તિ અને તનમનની સુખશાન્તિ અમારા પુણ્યશાલી વડીલોમાં હતાં;તેનો શતાંશ પણ મોઇકાંગલા જેવા પ્રેમપિંજરમાં પડેલા હાલના પતિ પણ દુખિતોમાં ક્યાં છે?!

જગતમાં પ્રાબલ્ય પ્રેમ, પૈસો, પ્રતિષ્ઠા પ્રમદા અને પ્રભુતા એ પાંચ વાનાં મનાય છે, અને તે મેળવવા માટે લોકો મરી ફીટતા હોઈ અનેક ઉપાધિયો વોહોરે છે, અને એ ઉપાધિયોની જાળમાં ધુંચવાતા જંન્નળી જીવડા તેમાંજ અટવાઇ મરે છે. સુખી થવાનો ખરો ઉપાય એ છે કે, જેમ બને તેમ ઉપાધિયો ઓછી કરવી, લોભ લાલસા અને લોલુપતા—લાલચ તજવાથી ઉપાધિયો ઓછી થાય, અને સુખ સંતોષ ને શાંતિ મળે છે. ભાર ઓછો થતાં નિરાંત થાય અને નિર્ભય

નિઃશંક થઇ આત્માનંદ પ્રાપ્ત્યર્થે પ્રયત્ન કરી શકાય છે. ઉપાધિયો વધારતાં બેહદ વધી જાય અને ઘટાડતાં ઘટી પણ જાય છે, તેને માટે વૈરાગ્યવૃત્તિ થવી એજ આવશ્યકીય છે. એમ તો કંઇ બનેજ નહિ કે બધાને વૈરાગ્ય થાય ! કારણ કે જાતિ, ભોગ, આયુષ્ય અને જ્ઞાન પૂર્વજન્મના સંસ્કારાનુસાર જીવોને પ્રાપ્ત થાય છે. ખરા સંસ્કારી ને પુણ્યાત્મા હોય છે, તેમનેજ સાચો વૈરાગ્ય થાય છે, અને તેવા વૈરાગ્ય પામેલા સંસારમાં રહે કે ત્યાગી થઇ જાય, તોપણ તે સ્વાત્માનું હિત સાધન કરે છે અને યથાશક્ય બીજા સંસારી મોહમુગ્ધ જીવોનું કલ્યાણ કરી શકે છે. ગમે તેટલી ધમાલો ને પ્રવૃત્તિ કરો, પણ અંતે નિદ્રા નિવૃત્તિ અને શાન્તિનું શરણ લીધા વિના છુટકો થતોજ નથી. માટે આશા એ પરમદુઃખનું અને નિરાશા એ સુખનું કારણ છે, એવું જ્ઞાનીઓ કહે છે તે કંઇ ખોટું નથી; તો આશા ને તૃષ્ણાના પૂરમાં વણાઇ ઉપાધિયોની જાળમાં ગુંથાઇ મરવું એ ઠીક નથી. મનુષ્યજન્મની સફલતા વિષે રાજર્ષિપ્રવર ભર્તૃહરિએ નીતિશતકમાં કહ્યું છે.

ઇન્દ્રવજ્રાવૃત્ત.

येषां न विद्या न तपो न दानं ज्ञानं न शीलं न गुणो न धर्मः ॥
ते मर्त्यलोके भुवि भारभूता मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥ १३ ॥

શબ્દાર્થ—જેઓને વિદ્યા, તપ, દાન, જ્ઞાન, શીલ—સારો સ્વભાવ, ગુણ કે ધર્મ કાંઇ પણ નથી, તેઓ પૃથ્વીને ભાર આપનાર પશુરૂપ છે, છતાં મર્ત્યલોકમાં મનુષ્યરૂપે ફરે છે. એટલે કે મનુષ્ય માત્રે વિદ્યા, તપ, દાન, જ્ઞાન શીલ, ગુણ કે ધર્મ એમાંનું કાંઇ પણ અવશ્યે પ્રાપ્ત કરવું જોઇએ. ઉત્ક્રાન્તિનિયમ અને ઉન્નતિક્રમાનુસાર ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરવા તરફ પ્રાણી માત્રની પ્રવૃત્તિ હોય છે, પશુત્વમાંથી નિકળી મનુષ્યત્વને લાયક થવા માટે વિદ્યા તપ વગેરે સાધનસંપન્ન થવું આવશ્યકીય છે. છતાં તેવા કંઇ પણ સાધન વગર નરરત્નમાં ખપવા જવું, એ તો લોકવંચના અને આત્મદ્રોહ કરવા જેવું છે. આ સાત સાધનોમાં વિદ્યા વગેરે ક્રમવાર સાધ્યા કેડે ધર્મસાધન કરવું. એમ કોઇ કહે, તો તે યથાર્થ નથી; ધર્માનુસાર વિદ્યા તપાદિ સાધવાનાં છે, અને તદનુસાર સાતે બરાબર સાધનાર મનુષ્યદેહધારીમાં ઉત્તમ છે, દેવ અને સિદ્ધની પદવીને પામવા લાયક થાય છે, અને મોક્ષના અધિકારી થઇ જીવનસાફલ્ય કરે છે.

માનવજીવન સફળ કરવા ઇચ્છનારે બનતા સુધી માયિક પદાર્થોની ઉપાધિયો ઓછી કરવી જોઇએ. હાજતો અને જરૂરીયાતો વધારીએ તેટલી વધે છે, પણ તેથી કંઈ વાસ્તવ સુખશાંતિ પ્રાપ્ત થતાં નથી. કારણ કે વધારી દીધેલી જંજાળોને લીધે તેને પ્રાપ્ત કરવા સંભાળવા વગેરેની પીડાઓ અને તેની પરંપરા વધતીજ જાય છે, અને જીવાત્મા તેમાં ગુંથાતો ને રૂંધાતો રહી આત્મચિંતવન અને ધર્મધ્યાન કરવા નવરો પડતોજ નથી; પણ ઉલટો ભવસાગરને તળીએ ઉંડોને-ઉંડો ઉતરતો જઇ દુખી રહે છે. આ વાત સ્પષ્ટ રીતે સમજાય અને હૃદયમાં બરાબર ઠસે, તેટલા માટે તે ઉપર એક સાધુનું દૃષ્ટાંત આપીએ છીએ, કે જેથી ઉપાધિયોનું અનર્થકારી તત્વ સ્પષ્ટ સમજાય.

હરદેવ નામે જ્ઞાનીમહાત્માને કામનાથ નામે ચેલો હતો. કામનાથને માબાપ નાનો મુકી મરી ગયાં હતાં, કોઇ ખબરઅંતર રાખનાર નિકટનું સગું નહોતું, પણ દુરની સગાઇની માશી એક વિધવા ડોશી હતી, તેણે કામનાથને પોતાને ઘેર છોકરાની પેઠે રાખ્યો.ભાઇ રમતીયાળ હોઇ આખો દહાડો ખેલતા ફરે, માશીએ તજવીજ તો ઘણી કરી પણ ભાઇ કંઇ ભણ્યા નહિ, ભોટ ને ઠોઠજ રહ્યા. કાળે કરી માશી મરી ગઇ, ભાઇ નિરાધાર થયા,રખડેલ અને છકેલ છેલ બન્યા, જ્યાં મળી રોટી ત્યાં પડયા લોટી—એ નિયમ રાખ્યો. ઘરબાર પૈસાટકા બાયડી છોકરાં કશું હતું નહિ, તેથી કામનાથ તો નાતજાતનો ભેદભાવ રાખ્યા વગર યથેચ્છ આહારવિહાર કરવા લાગ્યો, તેવામાં સારા નસીબે મહાત્મા હરદેવનો સમાગમ થયો. સત્સંગ અને સાધુસમાગમનું માહાત્મ્ય અપાર છે, તેનો કામનાથને પ્રત્યક્ષ અનુભવ થયો. હરદેવ પાસે રહેવા લાગ્યો,ત્યારથી તેનામાં કંઇ વિનયવિવેક જણાવા લાગ્યાં. વિદ્યા જ્ઞાનાદિના ગ્રહણમાં તેની બુદ્ધિ જડ જણાયાથી મહાત્માએ તેનું શ્રેય: કરવાનું વિચારી તેને અમુક મંત્રો આપ્યા, કે જેના જપવડે તેના ચિત્તની એકાગ્રતા થઇ આત્માનુસંધાન કરવા તે ભાગ્યશાળી થાય. પણ કામનાથ નસીબનો બળિયો હોવાથી આ સુયોગ આવી મળતાંમાં તો મહાત્માશ્રી હરદેવ સમાધિસ્થ થઇ ગયા. ગુરૂગમ વિના વિદ્યાજ્ઞાન પ્રાપ્ત થતાં નથી, એ કામનાથના સંબંધમાં સાચું પડયું, મહાત્માના દેહવિલય પછી કામનાથ જેવા કાચા સાધુને સંભાળી લઇ આગળ વધારનાર ગુરુ તેને મળ્યા નહિ. ગુરુએ આપેલા મંત્રનો નિશ્ચલવૃત્તિથી જપ કરવાનું ચટપટું આ ચેલાને ગમ્યું નહિ, તેથી તેણે ગુરુના જ્ઞાન-

ગુટકામાંથી કંઇનો કંઇ શુદ્ધાશુદ્ધ પાઠ નિત્ય કરવા માંડયો, જે સાંભળી ભેગા થતા ભોળાભલા ગામડીઆ ખુશ થતા. દૈવયોગે જ્ઞાનગુટકાને ઉંદરે કરડી ખાધો, આ જોઇ ભોળા ભગતોને ખોટું લાગ્યું અને સાધુનું દુઃખ ટાળવા એક બિલાડી પાળવાની એક દોઢડાહ્યાએ વાત કરી એટલે બિલાડી પાળી.

હવે બિલાડીને રોજ દુધ પાવાની ખટપટ વધી, ત્યારે એક પટેલે કામનાથ સાધુને એક ગાય આપી. ગાય આવી તેને ચારો નીરવો દુધ દોહવું જગા સાફસુફ રાખવી, એ વગેરે કામ વધ્યું, એટલેતો જે જ્ઞાનગુટકાના રક્ષણ માટે બિલાડી પાળવી પડેલી, તે જ્ઞાનગુટકા સામું જોવાનો વખત પણ નહિ મળતો. ગાયને માટે રોજ ઘાસ લાવવાની ખટપટ મટે, માટે એક જણે ઉદાર બની જઇ સાધુને ૨-૪ વીઘાંનું ગામની સીમમાંનું એક ખેતર આપ્યું. પણ આ બધું વધતું જતું કામ કરવાને માણસની જરૂર જણાઇ, તેને માટે ગામ લોકોએ એક વિધવા બાઇ સોંપી. બાઇ ઠરેલ શરીરે સુદૃઢ ભરાવદાર બાંધાની કંઇક શામળી પણ દેખાવડી અને યુવાનીમાંથી નિકળી પ્રૌઢાવસ્થામાં પ્રવેશતી બત્રીસ વર્ષની વયની હતી, તે ખેતરમાં ગાયને ચરવા લઇ જાય સાંજે ખડનો ભારો બાંધી લાવે, ગાય દોહવે વગેરે કામ કરતી હોવાથી સાધુને સુખ થયું. બાઇ તજવીજબંધ રોટલો દુધ અને શાકભાજી સાધુને જમાડે, પંખો નાંખી ઉંઘાડે, આથી મૂળે તો તે જડસા જેવા હતા અને વળી જડતા વધી. શુદ્ધ ચૈતન્યના અભાવે વધતી જતી જડતાએ વાસના અને વિકાર વસાવ્યાં. કામવાસના અને મનોવિકાર શું નથી કરતાં ? સ્ત્રીસમાગમ-નિત્યનો સહવાસ બાઇને અને રમતારામ સાધુભાઇને પછાડવામાં ફાવ્યાં. પહેલાં તો લજ્જા ભય શોક અને ગ્લાનિ થાય છે, પણ એકવાર વિનિપાત થયો લપસ્યા એટલે પછી કંપ સંકોચ ને શરમ રહેતાં નથી, પાપને ગણતાં નથી. સાધુ અને બાઇએ સંસારવ્યવહાર કરવા માંડયો, અને આ વાત લોકોના જાણવામાં પણ આવી, પરંતુ હવે તો નફટ નિર્લજ બનેલાંને કંઇ ડરવા ને શરમાવાનું રહ્યું નહિ. આવા ઢંગ જોઇ ભક્તિભાવ રાખનારા સારા માણસો ત્યાં આવતાજતા અને ભેટસેવા કરતા બંધ થયા. માઠા ભાગ્યે ચોમાસુ બગડયું ખેતરમાં કંઇ પાક્યું નહિ અને તલાટી તરફથી સરકારધારા-મહેસુલ માટે તગાદો થયો. સારા વર્ષના ઉત્પન્નમાંથું કંઇ બચેલું નહિ ખાઇ ખર્ચી ભેર મુકેલું હતું. સાધુના આચાર કિ-

રૂદ્ધ વર્તવાથી હવે લોકો પણ મદદ કરે તેમ હતું નહિ, અને પેલી બાઈ જુજનાજ જમા કરેલું તે આપી દેઇને ભિખારણ શા માટે થાય? છેવટે સાધુને જમીનધારાના રૂપૈયા વસુલ ન આપવા માટે સિપાઈ પકડી ગયા અને પેલી બાઈ ધનમાલનો બચકો અને જણસભાવ તથા ગાય લઇને બીજે ગામ જતી રહી; ત્યારે સાધુરામ કેદમાં પડી માંકડ મારવા લાગ્યા, આવા પ્રકારે ઉપાધિથી બાપડા સાધુની અવદશા થઇ.

આવા પ્રકારે ઉપાધિયો વધવાથી માણસની દુર્દશા થાય છે. સાધુ થઇ સખણો રહી ગુરૂમંત્રનો જપ કરતો રહ્યો હોત, તો તેનું શ્રેય થાત, પણ ગુરુનો જ્ઞાનગુટકો હાથ લાગ્યો તે વિના અધિકારે વગર સમજ્યે વાંચવા લાગ્યો, તેથી ખાળવા માટે ઉંદરે તે કરડયો; પણ તે જ્ઞાન-ગુટકો તેણે બહાર કાઢયો નહોત તો ઉંદર કરડત નહિ. શાણો થઇ ગુટકો ઉંચો મેલ્યો હોત વાંચવો બંધ કર્યો હોત, તો બધી પીડા ટળત, પણ આતો ઉંદર ટાળવા—કાઢવાનો ઉપાય યોજવા જતાં, અ-જંપો અને ઉપાધિયો વધતાં ગયાં, અને અંતે અનિષ્ટ પરિણામ આવ્યું જપતપ સર્વ ગુમાવ્યું અને લુચ્ચા બદમાશો ભેગા કેદખાનું સેવવાનું કર્મે આવ્યું. ભોગલાલસાથી આવી મળેલી સ્ત્રી કદી સંગી કે સગી થતી નથી, સ્વાર્થ કામના વાસનાની તૃપ્તિ પુરતીજ સગાઈ રાખે છે, તેમાં ઉણપ આવતાં ઝટ ખસી જઇ વેગળી થાય છે, જે પ્રમાણે પેલી બાઇએ કર્યું, અને ભેગા કરેલા પૈસા પોતાની મહેનતના બદલા તરીકે ગાંઠે બાંધેલા તે નજ છોડયા. પણ પોતાના સહવાસથી સાધુને પટ-કીને કામકર્દમમાં રોળ્યો અને તેનો ભવ બોળ્યો, તેનો એ બાઇએ કંઇ વિચાર ન કર્યો. સંસારી ગૃહસ્થલોકો વ્યવહારમાં રચીપચી રહેલા હોય છે, તેમણે ત્યાગી યોગી જ્ઞાની વૈરાગી સાધુ સંત મહંત મહાત્મા અને આચાર્ય ગુરુ પ્રત્યે ભક્તિભાવ રાખવાં તો જોઇયે. પણ તે ભ-ક્તિભાવનો અતિરેક કરી તેવા ત્યાગી પુરુષોને અન્નવસ્ત્ર પૈસાટકા વગેરે ઉપાધિ કરનારા પાર્થિવ પદાર્થો અર્પવા—આગ્રહ કરી આપવાથી તો દૂરજ રહેવું. નિરૂપાધિકપણે સાધુપુરુષો રહી શકે અને તેમનો દેહનિર્વાહ થાય, તેટલા પુરતુંજ અન્નવસ્ત્ર ગૃહસ્થોએ તેમને આપવું જોઇએ. પણ સાધુ મહારાજને આગ્રહ કરી અમુક વસ્તુ ખાવાપીવા પ્હેરવા-ઓઢવા ને પાથરવા આપતાં ખૂબ વિચાર કરવો જોઇએ, કે રખેને આથી કરીને સાધુને કંઈ ઉપાધિ ડખલ અને સાધુધર્મમાં શિથિલતા તો નહિ થાય. સાધુએ તો બહુ સાવધ રહેવું ઘટેછે. કહ્યું છે કે:—

હદમે ચલે સો ઓલીઆ, બેહદ ચલે સો પીર;
હદ બેહદ દોનો તજે, ઉસકા નામ ફકીર. ૧
મનવા ફીકર મત કર, ફીકર ફાકા પીર;
જો ફીકરકી ફાકી કરે, ઉસકા નામ ફકીર. ૨
લિખના પઢના ચાતુરી, સબી બાત હે સ્હેલ;
કામદહન મનબશાકરન, ગગનચઢન મુશ્કેલ. ૩
કુંચન તજના સ્હેલ હય, સ્હેલ ત્રીયાકા નેહ;
માન બડાઈ ઈર્ષા, દુર્લભ તજના એહ. ૪

સંસારી લોકો બહુધા અજ્ઞાની હોય છે અને તેઓ 'દૃષ્ટિ તેવી સૃષ્ટિ' અને 'આપ તેવું જગ' સમજી વગર વિચાર્યે જે કંઇ અર્પણ કરે તેનો સાધુએ સ્વીકાર ન કરવો. ત્યાગી અને સાધુ પુરુષે ધન–પૈસા ટકાને તો નજ અડવું ને પુસ્તક વસ્ત્ર વગેરે પણ ખપ કરતાં વધારે ન સંઘરવાં. સાધુએ ગ્રંથસંગ્રહનો મોહ પણ ન રાખવો, અત્રતત્ર વિચરતાવિહરતા સાધુને તેવા સંગ્રહ કરી રાખવા પરવડે પણ નહિ. સાચા સાધુને ઘટે છે કે ભક્તિભાવથી લોકો વિવિધ પદાર્થો પુસ્તકો વસ્ત્રો અન્ન ફળ મેવા વગેરે ભેટ ધરે, તેનો લોકોને સંતોષવા ખાતર નામ માત્રનો અંગીકાર કરી તત્કાળ તે તે પદાર્થોની જેમને જરૂર છે, તેવા દીન-દુઃખી કંગાલ લોકોમાં તે વહેંચાવી દેવા, અને તેવા લોકોને યથાશક્તિ સહાયતા પહોંચાડવાનો લોકોને ઉપદેશ કરવો. પણ '**જે આવે તે ખપે, ને બાવો બેઠો જપે**' એવો પાઠ ન કરવો અને ઠાઠ ન રાખવો. ખરી વાતજ એ છે કે સાધુ ત્યાગી પુરુષે મોહમમતાનો ત્યાગ કરવો, સંઘરવાનો–ગાંઠે ને છેડે બાંધવાનો લોભ મૂકી દેવો, લાલચ તજી દેવી, કે જેથી ઉપાધિથી અગળા રહી ઉત્તમ પ્રકારે સાધુધર્મ પાળી શકાય અને તે દ્વારા આત્મોદ્ધાર કરી શકાય. સંસારી લોકો પ્રાયે કરી મૂર્ખ અનાડી અજ્ઞાની હોય છે, તેમ ત્યાગી યોગી ને સાધુપુરુષો પણ લોભી લાલચુ કામી ક્રોધી ને વિકારી થાય, તો પછી "લોભી ગુરુ લાલચુ ચેલા, દોનું નરકમેં ઠેલંઠેલા" જેવી ગતિ થઈ સંસારી જીવોની દુર્ગતિનો પાર આવેજ નહિ. આ વાત ઉપરના દૃષ્ટાંતથી સર્વાંશે અને સર્વ પ્રકારે સત્ય સમજાય છે, ને તે ઘણાને અનુભવસિદ્ધ પણ હશે.

અમદાવાદ. } સ્નેહાકાંક્ષીન,
તા. ૩૦–૫–૧૭ } હિંમતલાલ વ્રજવલ્લભ વીમાવાળા

પ્રસ્તાવના.

પ્રિય વાંચકવૃંદ! આ પરમોપયોગી હિતબોધક **વૈરાગ્યશતકનો** પૂર્વાર્ધ પ્રકટ થયા પછી બરાબર લગભગ એક વર્ષે તેજ કલ્યાણકર ગ્રંથનો ઉત્તરાર્ધ આપના કરકમળમાં મૂકવા અમે ભાગ્યશાળી થયા છીએ. પૂર્વાર્ધ પ્રકટ થતાંજ એકાદ માસમાં તેનાં નાણાં ઉપજી ગયાં. પણ તે દ્રવ્ય રોકનારને પાછું ન વાળતાં તત્કાળ તેના કાગળ લેવામાં આવ્યા; પૂર્વાર્ધના જેવાજ કાગળ ગ્લેજ ૫૦ રતલી લીધા, પણ દામ દુપટ–બમણા લાગ્યા. ચોમાસુ બેસતાંજ પ્રેસમાં છપાવવું શુરૂ કર્યું કે દીવાળી પર પુરૂં થઇ જાય, પણ પ્રેસવાળાએ પ્રમાદ કરી કામ ટીચાવ્યું, પરંતુ આસો કારતકમાં કામ વડામાર લીધું અને એ પ્રમાણે ચાલ્યું હોત; તો ઉત્તરાયન પર જરૂર પુરૂં થઇ ગયું હોત. પણ "આદર્યાં અધવચ રહે અને ધાર્યું ધુળ મળે" એ કહેવત પ્રમાણે ઓચિંતા માણસો–કંપોઝીટરો મુંબઇ વડોદરા જતા રહેવાથી અમદાવાદનાં છાપખાનાંમાં માણસોની તંગી પડી, આ તાણ શ્રીસત્યપ્રકાશ પ્રેસને પણ નડી અને જોરમાં ચાલતું આ ગ્રંથનું મુદ્રણકાર્ય એકદમ અટકી જઇ, દોઢમહિને પણ ઠેકાણું ન પડયું; ત્યારે પછી નાછુટકે નાતાલપર શાન્તિવિજય પ્રેસમાં એકાદ માસમાં બાકીનું કામ પુરૂં કરી આપવાની શરતે છાપવા આપ્યું. માણસોની તાણ, લગ્નસરા, તાવ પ્લેગનો ઉપદ્રવ અને કંઇક બેદરકારી એવાં કારણોથી માંડ છએ મહિને ઘણી ટોકણી કરતાં આખરે આ ગ્રંથ છાપવાનું કામ પુરૂં થવા પામ્યું છે.

આવી રીતે ધારવા કરતાં ઢીલ ઘણી થવાથી અગાઉથી થયેલા ગ્રાહકો નિરાશ થવા માંડી તગાદો અને ઠપકો લખવા લાગ્યા; તેમને અમારી હરકતો અને મુસ્કેલીઓનો ખ્યાલ કયાંથી હોય?! આ ગ્રંથના લેખક અને પ્રકાશકની નિષ્કામવૃત્તિ, પરોપકાર પરાયણતા, ગ્રંથની ઉપયોગીતા મહત્તા અને શ્રેષ્ઠતા વગેરેના સંબંધી આ ગ્રંથના પૂર્વાર્ધની પ્રસ્તાવનામાં સવિસ્તર જણાવેલું હોવાથી અત્રે વિશેષ નથી લખતા. મારી ઇચ્છા આ ઉત્તરાર્ધ કંઇક સમય પછી છપાવવાની હતી, પણ ભાઇશ્રી હિંમતલાલ વ્રજવલ્લભે તેની રંચ દરકાર ન કરતાં જોઇતા કાગળ ખરીદી લેઈ છપાવવા માંડયું, તો મોડુંમોડું પણ અત્યારે પ્રકટ થયું છે એ સંતોષની વાર્તા છે; નહિ તો મારી ઇચ્છાનુસાર કરવા જતાં ભવિષ્યમાં કોણજાણે ક્યારે પ્રસિદ્ધ થવા પામત?! હવે આ ગ્રંથની

પુનરાવૃત્તિ પ્રકટ થવાનો સુયોગ ક્યારે અને કોના દ્વારા પ્રાપ્ત થશે ? એ ભવિષ્યના ગર્ભમાં હોવાથી અનિશ્ચિત છે. આ ગ્રંથના પૂર્વાર્ધની જુજ નકલો રહી છે, તે ઉત્તરાર્ધ સાથેજ કેટલાક ગ્રાહકોને મોકલવાની છે, જેથી હવે પછી મંગાવનારને તે મળવાનો સંભવ થોડો છે. આ ઉત્તરાર્ધના ગ્રાહકો પણ થઇ ગયેલા હોવાથી છપાવેલી પ્રતોમાંથી થોડીજ સિલિકે રહેવા પામશે, માટે જીજ્ઞાસુએ તાકીદે પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ મંગાવી લેવું ઠીક છે.

વૈરાગ્ય જેવો શુષ્ક અને અરૂચિકર વિષય, શ્લોકો કવિતો દોહા પદ્ય ને દૃષ્ટાન્તોથી વિભૂષિત કરવામાં લેખકે ઘણી કાળજી રાખી છે, અને આવો ભારે શ્રમ લઈ લોકપ્રિય અને જનહિતકારી થઇ પડે તેવો ગ્રન્થ ગુંથવામાં તેમણે ખરેખર પોતાના સાધુપણાનું સાર્થક કરી ધર્મસેવા બજાવી છે. કર્ત્તવ્યપાલન કરવું, પ્રાપ્ત સાધન સામગ્રી બુદ્ધિ વિદ્યા જ્ઞાન વગેરેનો પરોપકારાર્થે ઉપયોગ કરવો—પોતાની પાસેનું વાવરી દેવું; એથી કંઇ એ બીજાપર ઉપકાર ગુણ પાડ અને સપાડું કરે છે—એમ માનવાનું નથી, પણ ધર્મ બજાવવા—કર્ત્તવ્યપાલન કરવા વડે કરીને, આ જગતમાં જન્મી તથા જીવીને જે જે પદાર્થોનો ઉપભોગ કરે છે અન્ય પ્રાણીઓને શ્રમ આપે છે તે બધાનો બદલો વાળી ઋણમુક્ત થાય છે—એમજ માનવાનું છે; એટલે અભાર માનવામનાવવાની વાતો કરવી, એ તો આ દુનિયાને દેખાડો કરવાનો વિવેક માત્રજ છે. તોપણ આલમને એટલું તો માલમ થાય છે, કે ભૂમિને ભારરૂપ અને જગતને વેઠરૂપ ન થઇ પડતાં કર્ત્તવ્યપાલન કરી ધર્મ બજાવનારા, બીજા વેઠીયા શેઠીયા અને ગંઠીયા કરતાં, અસાધારણ માન અને વિશેષ ધન્યવાદને પાત્ર અવશ્ય છે. દૃષ્ટાંત વગેરે લોકરૂચિકર રમુજી સંકલનાથી જૈન અને ઇતર પંથ સંપ્રદાય અને ધર્મવાળાને પણ આ ગ્રંથ વિશેષ આદરણિય થઇ પડયો છે; કારણ કે મુનિશ્રી વિનયચન્દ્રજી મહારાજે સમદૃષ્ટિથી જૈનેતર સાધુસંત ભક્ત કવિ વગેરેનાં કવનો અને શાસ્ત્રવચનો, યથાસ્થાને ઉદારવૃત્તિથી દાખલ કરી વિષય પ્રતિપાદન કરવામાં કંઇ કચાશ રાખી નથી. અને આવી રીતે સર્વજનપ્રિય બનાવી નીતિ ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય જેવા વિષયો, કે જેની ગંધ પણ વિલાસપ્રિય લોકોને રૂચતી નથી, તેવાઓને આવા તથ્ય અને પથ્ય અનુપાન સાથે આપવામાં બુદ્ધિમતા વાપરી છે. જો કે આ ગ્રંથના દરેક વાચકને ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય થવાનાં નથી,

તોપણ પુણ્યોદયથી સંસ્કારાનુસાર કંઇનો કંઇ લાભ અને સદ્ભાવના આ ગ્રંથ વાંચનાર વિચારનારને થયા વિના નહિજ રહે—એવું હું માનું છું; અને ઇચ્છુંછું કે આ આખા ગ્રંથની યોગ્ય સુધારાવધારા સાથે પુનરાવૃત્તિ પ્રકટ થવા પામો! પૂર્વાર્ધ કરતાં આ ઉત્તરાર્ધનું કદ સવાયું થઇ ગયું છે, કાગળ બમણા મોંઘા આવ્યા છે, છપાગણી બંધામણી વગેરે ખર્ચ પણ વધી ગયો છે, તેમ નકલો ૫૦૦ લગભગ છપાય છે એટલે બચત રહેવાનો સંભવ તો નથીજ, કારણ ખર્ચ ઘણો થયોછે. આ ગ્રંથ લેખક અને પ્રકાશકનો ઉદ્દેશ પણ આમાંથી નફો કાઢી અર્થ ગાંઠે કરવાનો છેજ નહિ, પણ પોતાના વિદ્યા જ્ઞાન વગેરેનો લાભ લોકોને આપવાને પ્રેરાઇ આ પ્રવૃત્તિ થઇ રહી છે ને થશે.

આ સુધારાના ને પ્રગતિના જમાનામાં પિંડપોષણ શરીરની ઠઠમઠ મનની મોજ અને બુદ્ધિવિલાસ કરવામાંથી મોહાસક્ત માણસો નવરા પડતા નથી, ઢોંગ ધતિંગ અને ધમાલ કરવામાં સર્વ માલ ને સાર સમજી બેઠેલા લોકો માતાપિતા અને ગુરૂ વગેરે પૂજ્ય જનોની આમન્યા મર્યાદા રાખતા નથી, વડીલોના આજ્ઞાધીન રહી તેમની સેવાભક્તિ કરતા નથી, અને સુખ માત્રને માટે બહાર ભટકતા રખડતા છકેલછેલ લોકો તો સ્ત્રીપુત્રના રક્ષણપોષણની પરવા પણ થોડી રાખે છે. આવો દેશકાળ પ્રવર્ત્તતો હોય ત્યાં ધર્મકાર્ય, લોકોપકાર અને જ્ઞાનોદય જેવાં સારાં કામોમાં તો કોણજ ઉભું રહે? અરે! વાતજ કાને ધરવાની પરવા કોણ રાખે છે? દરકાર વગરના બેતમા લોકો ધનસંપન્ન હોય છે તો વખતે ઉદારતા ને હૈયાની ઉલટથી નહિ, તો સારા દેખાવા ખાતર કીર્ત્તિની કામનાથી પાંચ પૈસા સારાં કામોમાં પણ આપે છે. પરંતુ સાધારણ માણસ વ્યવહારમાં નડતી અનેક અડચણો વેઠી લઇને પણ તનમનથી જે કંઇ મદદ આપે છે તેનું મૂલ્ય ઘણું છે, તેની તો કિમત જ કરી શકાતી નથી. આ પ્રકારે આ વૈરાગ્યશતક ગ્રંથની નકલ લખવામાં બરવાલાવાળા ભાઇશ્રી મગનલાલ મોહનલાલ પરીખે કિમતી સમયનો વ્યય કરી તથા શ્રમ લઇ જે સહાયતા પહોચાડી છે, તેને માટે ખરેખર તેમને ધન્યવાદજ ઘટે છે. આજકાલ સારા કામ બદલ પ્રસન્નતા અને સંતોષપ્રદર્શકશબ્દ Thank you સોંઘોસપરો અને સહેલોસટ થઇ પડ્યો છે, અને તેથી તેની કિમત કંઇ પણ રહેલી ન હોવાથી કહેવાય છે કે:—વિણમુલ્યનું થેંક યુ, જ્યાં ફાવ્યું ત્યાં ફેંકીયું. અને તેથીજ કરીને "આભાર માનીએ છીએ, સાબાશી ને

ધન્યવાદ આપીએ છીએ." એવા દેખાડો કરવાના ખોટા શબ્દપ્રયોગ કરવાની અમે કંઈ જરૂર સમજતા નથી, તો પણ સામાને ઉત્સાહ ને સંતોષ આપવા ખાતર સારી કામગિરીનો ઉલ્લેખ તો અવશ્ય કરવોજ જોઇએ, કે જેથી બેકદર અને કૃતઘ્નમાં ન ગણાઇએ.

આ ગ્રંથમાં સમજફેરથી, કોપી કરનારની અને સુધારનારની શરતચૂક ને દૃષ્ટિદોષથી, શુદ્ધ વાંચવામાં અને સુધારવામાં પ્રુફરીડર ને છાપખાનાવાળાની ગફલતથી, અને કંઈ જગાએ મૂળ લેખકનો આશય નહિ સમજાયાથી બુદ્ધિભ્રમથી કેટલીક ભૂલો રહી ગએલી જણાશે. જો કે યથામતિ શુદ્ધિપત્રક છાપ્યું છે,તોપણ જોડણી શબ્દપ્રયોગ વાક્યરચના વિચારસંકલના અર્થગાંભીર્ય વગેરે કંઈ કંઇ પ્રકારની ભૂલો જ્ઞાતા પુરુષોને નજરે પડવાનો સંભવ છે. તો તેવા પ્રકારની ભૂલો પૃષ્ઠાંક ને લીટીના પત્તા સાથે બતાવી એ જગોએ શુદ્ધ અને ખરૂં શું લખવું જોઇએ, તે ભ્રાતૃભાવે શા. હિમતલાલ વ્રજવલ્લભ વીમાવાળા (અમદાવાદ)ને લખી જણાવવાની જરૂર કૃપા કરવી. મેં તો નિમિત્ત માત્ર થઈ રૂ. ૩૦૦–૪૦૦ રોકી આ ગ્રંથ પ્રકટ કર્યો છે, ગ્રંથ રચી આપી **મુનિશ્રી વિનયચંદ્રજીએ** પોતાનો ધર્મ બજાવ્યો છે, પણ આ ગ્રંથ સુધારવા છપાવવા તૈયાર કરાવવા વેચવા મોકલવા વગેરે સર્વ પ્રકારનું કામ તો પૂર્વાર્દ્ધ અને ઉત્તરાર્દ્ધનું **શા. હિમતલાલ વ્રજવલ્લભેજ** કર્યું છે.

વળી સહર્ષ જણાવવાનું કે ગુણનિધાન પંડિતવર્ય મુનિમહારાજ શ્રી **ચોથમલ્લજીમહારાજ** પાલણપુરમાં ચાતુર્માસ બિરાજમાન હતા, તે વખતે સિદ્ધપુરથી **મુનિમહારાજ શ્રીવિનયચંદ્રજીએ** આ વૈરાગ્યમય **વૈરાગ્યશતક ગ્રંથ** તેઓશ્રીને પાલણપુર ભણશાળી જીવાભાઇ કુબેરભાઇ મારફત તપાસવા જોવા માટે મોકલ્યો હતો. **મહારાજશ્રી ચોથમલ્લજીસ્વામી** ઘણાજ વિદ્વાન અને ગુણજ્ઞ છે, તેમણે આ ગ્રંથ આખો મનનપૂર્વક તપાસી જોયો છે, અને વાંચીને સભામાં અત્યંત સંતોષ જાહેર કર્યો છે; તેમાંના મૂળ શ્લોકો પણ વાંચી તપાસી ઘણોજ સંતોષ બતાવ્યો છે. તેઓશ્રી સભા વચ્ચે બોલ્યા હતા કે:–

"યે વૈરાગ્યશતકગ્રંથ બહોત અચ્છા બનગયા હૈ, મુનિશ્રી વિનયચંદ્રજીને બહોત પરિશ્રમ ઉઠાકર યે ગ્રંથ બનાયા હૈ. યે ગ્રંથ જૈન ઓર જૈનેતર સબકુ લાભદાયી હૈ. ઓર યે ગ્રંથમે કોઇ ભી જાતકી નિંદાકુથલી નહિ હૈ, હમકુ યે ગ્રંથ દેખકર બહુત આનંદ પ્રાપ્ત હોતા હૈ. વગેરે વગેરે."

સુભાષિત ને ગ્રંથપ્રશંસાના શબ્દો ભરસભા વચ્ચે કહ્યા હતા. બીજા પણ ઘણા મહાત્માઓ તથા શ્રાવક અને અન્ય ધર્મીભાઇઓ તરફથી પણ ઘણા પ્રશંસાપત્રો આવ્યા છે. વળી મોરબીવાળા ભાઇ વનેચંદ પોપટ દફતરી તરફથી પણ ઘણાજ ઉત્તેજક શબ્દોમાં પ્રશંસાપત્ર આવ્યો છે, એ જાણી અમને ઘણોજ આનંદ થાય છે.

આ પ્રમાણે સર્વ રીતે સર્વ કોઇને આ ઉત્તમ ગ્રંથ આનંદદાયી થયેલ છે એ સંતોષની વાત છે, અને આવા વૈરાગ્યમય સુબોધક ગ્રંથ પ્રકટ કરવાનું સુભાગ્ય અમને પ્રાપ્ત થયેલું છે; તેથી અમે પણ અમને પૂર્ણ ભાગ્યશાળી ને કૃતાર્થ માનીએ છીએ. મર્હુમ બહેન ધનકોરને પણ આવા નિ:સ્વાર્થ પરોપકારી ધર્મકાર્ય પ્રત્યે પૂર્ણ પ્રીતિ હતી, તો તેના આત્માને પણ આથી અપૂર્વ શાંતિ મળો—એમ ઇચ્છીએ છીએ. તે બહેન ધર્મપ્રત્યે પૂર્ણ લાગણીવાળી શાંત સુશીલ અને પુણ્યમાર્ગાનુસારી ધર્મપ્રેમી હતી; તેથી તેની મનોવૃત્તિને અનુરૂપ—યોગ્ય આ ધર્મગ્રંથ પ્રસિદ્ધ કરવાના અહોભાગ્ય માટે અમો કૃતાર્થ થયા છીયે. વળી તે સદ્‌ગત **ધનકોર બહેન**, સંસારપક્ષે **મુનિશ્રી વિનયચંદ્રજીની** ભ્રાતૃપત્ની (ભોજાઇ) થાય છે, તેથી અમને તો ઉભયથા પરમલાભજ પ્રાપ્ત થયો છે.

નારાચ છંદ.

જણાય ચુક જો કદા, સુધારી વાંચશો મુદા;
છે અર્જ મુજ એ સદા, ધરો હૃદે સુ કોવિદા. ૧
મરાલ જેમ દુધ પાણીને કરી જુદાં સદા;
પીએજ દુધ, પાણીને ન વાપરે ખરે કદા. ૨
છે સજ્જનો સદાય એહવાજ આ જગતમાં;
સુસારને ગ્રહેજ, ખેંચશે મતિ ન તંતમાં. ૩

વલસાડ, હનુમાન ભાગડા.
સંવત ૧૯૭૩ આષાઢ શુક્લ ૨
ગુરૂવાર, તા. ૨૧-૬-૧૯૧૭

કૃપાકાંક્ષી—નાગરદાસ નરોત્તમદાસ હરજીવનદાસના સપ્રેમભગવત્સ્મરણ પૂર્વક યથાયોગ્ય.

રાગ-ભેરવી ગઝલ.

સુખી થાય જે સંસારમાં, સંકટ થકી દિલ ના ડરે,
આધી ઉપાધિ શસ્ત્રસામે, ઢાલ ધીરજની ધરે;
સંકલ્પબળને સાધવા કર્તવ્ય પર કાયમ રહી,
વિચરે સદા નિતિન્યાયથી, હીમત અને દ્રઢતા ગ્રહી. ૧

શ્રીવૈરાગ્યશતક–ઉત્તરાર્ધની અનુક્રમણિકા.

શિખરિણી વૃત્ત.

યમોના સંભારી ગણુ અગણિત દોષથી ડરો,
દિસે રસ્તો સહેલો ભવશિખરિણિ અંત અઘરો;
ભુલાશો લોભાશો, લગભગ લુંટાશો સીમસુધી,
ઉમંગેથી અંગે સજવી સતસંગે સદ્બુદ્ધિ. १

ॐ

मुनिश्रीविनयचन्द्रविरचितम्

श्रीवैराग्यशतकम्-उत्तरार्ध.

॥ अर्थभावार्थदृष्टान्त सहितम् ॥

મંગલાચરણ-ઉપજાતિવૃતમ્.

अखंडमाखंडल पूजितस्य ।
जिनस्य नूनं शरणं प्रपत्स्व ॥
कंदर्पदर्पौदलितस्य तस्य ।
धर्मस्य वै वांच्छसि शर्मचेत्त्वम्. ॥ ५१ ॥

અર્થ—હે ભવ્યાત્મન્! જો તું અખંડ સુખને ઇચ્છતો હોય, તો શ્રીજીનેશ્વરપ્રભુનું શરણુ પ્રાપ્ત કર. તે પ્રભુ કેવા છે? તો કે જેણે મદ અને મદનને તો દળી નાંખેલા છે, તથા સદ્ધર્મને જેણે પ્રરૂપ્યો છે, તેવા શ્રીજીનેશ્વરભગવાનનું શરણુ ગ્રહણુ કર. (૫૧)

ભાવાર્થ:—હે સુજ્ઞ ભવ્યાત્મન્! તારે જો અખંડ એવા મોક્ષના સુખની ઇચ્છા-અભિલાષા હોય, તો ખરેખર તું શ્રીજીનેશ્વર ભગવાનનું શરણુ ગ્રહણુ કર. તે શ્રીજીનેશ્વર ભગવાન કેવા છે, તો કે જે ચોસઠ ઇંદ્રોથી પૂજાયેલા છે તથા મદન કહેતાં કામદેવને અને દર્પ એટલે ગર્વને જેણે મૂળમાંથી દળી નાંખેલા છે. એટલે ઇંદ્ર જેવા મોટા પુરૂષો ઉમભાવે જેની હસ્ત જોડી સ્તુતિ કરે છે, તો પણ જેને જરા પણુ ગર્વપણું પ્રાપ્ત થતું નથી; એવા શ્રીઅરિહંત ભગવાન છે. તો તું અનંત ગુણોથી યુક્ત શ્રીજીનેશ્વર પ્રભુનું શરણુ પ્રાપ્ત કર, તથા તે ભગવાનના પ્રરૂપેલા દયામય પવિત્રધર્મનું-અર્થાત્ દાન, શિયળ, તપ અને ભાવ એ ચતુર્વિધ સદ્ધર્મનું આરાધન કર! તથા જ્ઞાન,

દર્શન, ચારિત્ર અને તપ એ ચાર અરિહંતભાષિત મોક્ષમાર્ગનું સપ્રેમ આરાધન કરીશ—ને ધર્મનું શરણું ગ્રહણ કરીશ; તો નિઃસંદેહ અવશ્ય અજરામરત્વને પામીશ.

દુનિયામાં સુખો અનેક પ્રકારનાં છે, પણ દુનિયાનાં તે દરેક સુખોમાં અખંડપણું નથી. સુખદુઃખની વ્યાખ્યા વિદ્વાન પુરૂષોએ નીચે પ્રમાણે કરી છે. **मनोऽनुकूलं सुखम् । मनः प्रतिकूलं दुःखम् ॥** અર્થાત્ પોતાના મનને અનુકૂળ—પ્રિય લાગે તે સુખ અને મનને પ્રતિકૂળ—અપ્રિય લાગે તે દુઃખ કહેવાય છે. જેમ કે કોઇ માણસને રસ્તે ચાલતાં કાંટો વાગ્યો હોય, તો કલેજામાં કેવું અસહ્ય દુઃખ થાય છે ? પણ નાકે અને કાને સુવર્ણ અલંકાર—વાળી પહેરવા માટે નાક તથા કાન વિંધાવે છે, તેમાં મન ખુશી થાય છે. તો દુનિયામાં સુખ-દુઃખો તો માત્ર મનુષ્યોએ માની લીધેલાં છે. કહ્યું છે કેઃ—

મનહર છંદ.

લગ્નમાં જો લાય તો, વડી વિપત્તિ ભાખે,
દારૂખાનું ખુશીથી એ, હજારનું બાળે છે;
લુંટાય કે દંડાય તો, દિલે દીલગીર થાય,
વાહને વરામાં મુડી, ઉમંગે ઉછાળે છે;
કાયામાં જો કાંટો વાગે, કાળજામાં કષ્ટ થાય,
નાક વિંધાવીને નેહે, દર્પણ નિહાળે છે;
સુખદુઃખ દુનિયામાં, માન્યું દલપત્ત કહે,
વિવેકી તો વિવેક, વિચારી મન વાળે છે. ૧

મતલબ કે સુખ કે દુઃખ મનની કલ્પનામાં છે. જે સુખો દુનિયાનાં મનુષ્યોએ માત્ર માની લીધેલાં છે, પણ વસ્તુતાએ વિચારતાં તે સુખોની પાછળ દુઃખો પણ સમાયલાં છે. દાખલા તરીકે જેમકે લક્ષ્મી જ્યારે આવે છે ત્યારે સુખ થાય છે, અને જ્યારે ચાલી જાય છે ત્યારે મહાદુઃખ—કલ્પાંત થાય છે. પુત્ર જ્યારે જન્મે છે ત્યારે ઘણો હર્ષ થાય છે, આનંદમંગળનાં ગીતો ગવાય છે અને સાકરો વહેંચાય છે; એ વગેરે અનેક ધામધુમ—સમારોહ થાય છે. પણ જ્યારે અચાનક તેનું દુર્દૈવ-વશાત પંચત્વ (મરણ) થાય છે, ત્યારે પછી દુઃખનો કંઇ પાર રહેતો નથી. પુરૂષ જ્યારે પરણે છે, ત્યારે મહાસુખ માની મગ્ન થાય છે મનમાં

આનંદ ઉલ્લાસ માને છે, લોકરીતિએ તે સાડા ત્રણ દિવસનો રાજા ગણાય છે; તેથી તે વખતે તેના મનમાં કેવો હર્ષ થતો હશે, તે તેના હૃદયને જ જાણવા દો. મતલબ કે પરણતી વખતે મનને મહાસુખ થાય છે, અને પોતાની જીંદગી સફળ થઇ ગઇ માને છે; જાણે છે કે છેલ્લામાં છેલ્લું મનુષ્યનું કર્ત્તવ્ય કર્યું હોય ! એમ કૃતાર્થ થઇ સુખ માને છે. પણ જ્યારે દંપતીમાંથી એકનો વિયોગ થાય છે, અથવા તો કલેશ કંકાસ ને ઝઘડા થાય છે, કે પછી કમભાગ્યે રંડાપો પ્રાપ્ત થાય છે; ત્યારે દુઃખનો પાર રહેતો નથી; અર્થાત્ મનમાં તે વખતે મહાભારે દુઃખ અને સંતાપ થાય છે.

એમ દુનિયાનાં મનુષ્યો જે વસ્તુ પોતાને પ્રિય હોય તેમાં સુખ માને છે, અને જેમાં ઘણું સુખ હોય પણ મનને ઇષ્ટ—પ્રિય ન હોય, તો તેમાં સુખ છતાંપિ દુઃખ જ માને છે. વળી જે સુખો મનુષ્યોએ માનેલાં છે તે ચિરકાળ સુધી ટકતાં નથી, તેની અવધી પૂર્ણ થયેથી ધન, ધામ, પશુ, પુત્ર, કલત્ર (સ્ત્રી) વગેરે સર્વ અંતે વિનાશ પામે છે, અથવા તો પોતાનું જ અચાનક મરણ થાય છે; ત્યારે અવશ્ય સર્વે છોડીને લાચારીથી ચાલ્યું જવું પડે છે. તે વખતે એ મોહમુગ્ધ પ્રાણીને પૂર્ણ પશ્ચાત્તાપ થાય છે. કહ્યું છે કેઃ—

શાર્દુલવિક્રિડિત વૃત.

अर्थाः पादरजोपमा गिरिनदीवेगोपमं यौवनं ।
आयुष्यं जललोल बिंदु चपलं फेनोपमंजीवितम् ॥
धर्मं योन करोति निंदितमतिः स्वर्गार्गलोद्घाटकं ।
पश्चात्तापयुतो जरापरिगतः शोकाग्निनादह्यते ॥ १ ॥

અર્થાત્—પગની રજ સમાન ધન છે; રજને જેમ ઉડતાં વાર નહિ તેમ ધનને જતાં વાર નહિ. વળી પર્વતમાંથી નીકળેલી નદીના વેગની ઉપમા આપવા જેવું યૌવન છે, તથા ડાભાગ્રે જળબિંદુના સમાન આયુષ્ય અતિ ચપળ છે, સમુદ્રમાં થતા ફીણ સમાન જીવિત નાશવાન છે; છતાં પણ જે મૂઢ મનુષ્ય સવેળા ધર્મને કરતો નથી, તે વૃદ્ધાવસ્થામાં પૂર્ણ પસ્તાય છે અને પછી શોકરૂપી અગ્નિથી નિરંતર બળ્યા કરે છે. માટે જગતનાં આ સર્વ સુખો ક્ષણભંગુર જ છે, દેખાવમાં માત્ર સુખરૂપે ભાસે છે ખરાં, પણ અંતે તો મહાદુઃખરૂપ થઇ પરિણમે છે.

તો પછી એવાં સુખો સુખરૂપે કેમ કહેવાય ? તે તો દુઃખજ કહેવાય. ઝેરવાળું ભોજન જમી તૃપ્તિ પામવાની ઈચ્છા રાખવા કરતાં ભુખ વેઠવી જ શ્રેયસ્કર છે. જે સુખો કેવળ ઉભય લોકમાં દુઃખોનેજ ઉત્પન્ન કરનારાં નીવડતાં હોય તો તેવાં મિથ્યા સુખોથી સર્યું શું ?

તો હે જગતવાસી ભવ્યજનો ! અખંડ એટલે કોઇ કાળે ખંડિત ન થાય એવું આત્મિક સુખ તમારે જોઇતું હોય, તો તે અખંડ સુખને પામેલા એવા શ્રીજીનેશ્વર ભગવાનનું તથા તેમના પ્રરૂપિત પવિત્ર ધર્મનું શરણુ અંગીકાર કરો ! તેમના સિવાય અન્ય કોઇ પુરૂષ તે આત્મિક સુખ પ્રાપ્ત કરાવવા સમર્થ નથી, કારણ કે જે સુખને જેઓ પામેલા છે, તે જ પુરૂષ બીજાને સુખ આપી શકે. એતો ખરૂં જ છે કે રાજા કે મોટા કોઇ શેઠશાહુકાર-સમર્થની સેવા બજાવતાં ધન મળે છે. પણ ગરીબ કદ્રી દીન કે ભીખારી પાસે જઇ યાચવાથી કાંઇ ધન મળે નહિ. તે બિચારા પોતે જ નિર્ધન છે તો અન્ય જનોને કયાંથી આપી શકે ? માટે આત્મિક અખંડ સુખ પ્રાપ્ત કરવા માટે તો ઉત્તમ પુરૂષોનુંજ શરણુ ગ્રહણુ કરવું જોઇએ. કહ્યું છે કેઃ-**હરિગીત છંદ.**

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો તે જ જેણે અનુભવ્યું;
રે આત્મ તારો આત્મ તારો શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદ્રષ્ટી ઘો આ વચનને હૃદયે લખો. ૨

મતલબ કે તે આત્મિક સુખ પ્રાપ્ત કરવા તે અખંડ આત્મિક સુખને પામેલા એવા સર્વજ્ઞ પ્રભુ શ્રીજીનેશ્વર ભગવાનનું શરણુ ગ્રહણુ કરવું.

તે સર્વજ્ઞ દેવનું શરણુ સર્વોત્તમ છે. બાહ્ય કષ્ટોને પણ તે નિવારે છે. વિવિધ જાતનાં અણચિંતવ્યાં આવી પડેલાં વિઘ્નો-ભયકારી કારણો હે પ્રભુ તમારા શરણથી નાશ પામે છે. શ્રીપ્રજ્ઞાપ્રકાશના કર્ત્તા કહેછે કેઃ-

ઉપજાતિ વૃત.

सर्वज्ञ देवस्य च नाम जापात् । प्राप्नोति किं नाग्निभयं क्षयं च ॥
प्राप्नोति किं राज्यभयं न नाशं । प्राप्नोति किं चौरभयं न नाशम् ।२।

અર્થાત્--શ્રી સર્વજ્ઞ દેવના જાપથી શું અગ્નિનો, ચોરનો, રાજ્યનો વગેરેનો ભય નાશ નથી પામતો વારૂ ?! અર્થાત્ શીઘ્રમેવ નાશ

થાય જ છે અને સર્વ પ્રકારે શાંતિ વર્ત્તાય છે. એવો તે પ્રભુના નામનો મહા પ્રભાવ છે. છેવટ મોક્ષનાં અખંડ સુખો પ્રાપ્ત કરી સદા સર્વદા આત્મિક આનંદમાં નિમગ્ન થાય છે. વાહ પ્રભુ વાહ ! તમારૂં શરણુ તો અમુલ્ય લાભદાયી નીવડયું તમે પોતેજ મહાસમર્થમાં સમર્થ પુરૂષ છો, બુદ્ધ રૂપ છો, શંકરરૂપ છો; પુરૂષોત્તમ પણ તમેજ છો અને તમોને ભવ્ય ભક્તજનો વિવિધ સ્વરૂપે ઓળખે છે. અને અનેક પ્રકારનાં, વિવિધ નામોથી ભજે છે, સ્તવે છે, જપે છે અને તમારા ગુણ ગાય છે.

વસંતતિલકા વૃત.

बुद्धस्त्वमेव विबुधार्चित बुद्धि बोद्धात् ।
त्वं शंकरोऽसि भुवनत्रय शंकरत्वात् ॥
धाताऽसि धीर ! शिवमार्ग विधेर्विधानात् ॥
व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽस्ति ॥ ३ ॥
त्वामव्ययं विभुमचिंत्यमसंख्य माद्यं ।
ब्रह्माणमीश्वरमनंतमनंगकेतुम् ॥
योगीश्वरं विदित योगमनेकमेकं ।
ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥ ४ ॥

અર્થાત—હે પ્રભુ હે જીનેશ્વર ભગવાન ! તમે સ્વયં બોધ પામેલા અને વિબુધો (દેવો) થી પૂજાયેલા હોવાથી **બુદ્ધ** પણ છો. ત્રણ જગતને સુખ કરનાર હોવાથી **શંકર** (**शं. सुखं करोती ति शंकरः**) પણ છો. વિધિ માર્ગનું વિધાન કરનાર હોવાથી **ધાતા** પણ છો. અને **પુરૂષોત્તમ** (**पुरुषाणामुत्तमः पुरुषोत्तमः**) પણ છો; તે તો વ્યક્ત-ખુલ્લુંજ છે. વળી તમને સન્તપુરૂષો અવ્યય વિભુ અચિંત્ય અસંખ્ય આદ્ય બ્રહ્મા ઇશ્વર અનંત અનંગકેતુ (કામદેવ) યોગીશ્વર એક અનેક જ્ઞાનસ્વરૂપ અમલ (નિર્મળ) વગેરે અનેક પ્રકારે બોલાવે છે સ્તવે છે અને ધ્યાન ધરે છે. વળી તમે કંદર્પ કહેતાં કામવિકાર તથા દર્પ કહેતાં ગર્વ તેને મૂળથીજ નિર્મૂળ નાશ કરી દીધા છે. આ બે અજીત યોદ્ધા જીતવા જગતમાં મહાકઠિન-દુષ્કર છે, ઘણા શૂરવીરો તેથી હારી ગયા છે, નાસીપાસ થયા છે. આ બે જ જીત્યા તેણે સર્વ જીત્યું સમજવું. પણ સર્વ કરતાં આ બેને જીતવા મહા મુશ્કેલમાં મુશ્કેલછે અને તેથી જ **શૃંગાર શતકમાં રાજર્ષિ ભર્તૃહરિ** કહે છે કઃ—

વસંતતિલકાવૃત.

मत्तेभकुंभदलने भूवि सन्ति शूराः ।
केचित्प्रचंड मृगराजवधेऽपिदक्षाः ॥
किंतु ब्रवीमि बलिनां पुरतः प्रसह्य ।
कंदर्पदर्पदलने विरला मनुष्याः ॥ ५ ॥

અર્થાત્—મદોન્મસ્ત હાથીના કુંભસ્થળને ભેદનારા આ ભૂમિ ઉપર ઘણા શૂરવીરો છે, વળી કેટલાએક પ્રચંડ મહાવિકાળ મૃગરાજ એટલે કેસરી સિંહને પકડવામાં તથા તેને નિજ બાહુથી મારવામાં દક્ષ નરો પણ છે પણ હું બળવાનો સમક્ષ છાતી ઠોકીને–પ્રસહ્યપણે કહું છું કે આ જગતમાં કંદર્પ અને દર્પ એટલે કામદેવ અને ગર્વ–અભિમાન આ બેને મારનારા નરો તો ઘણાજ વિરલા છે. તે બેજ આ આત્માના કટ્ટા શત્રુ છે. આત્માનું બગાડે છે, ભવભ્રમણ કરાવે છે, ભાન ભુલાવનાર છે આત્મસ્વરૂપને પ્રગટ નહિ થવા દેનાર છે. તો પણ હે પ્રભુ ! આપનામાં લેશ પણ કામવિકાર તથા ગર્વ–અભિમાન નથી. આપની પાસે રાજા અને રંક બન્ને સરખા છે, માટે હે પ્રભુ ! આપ સમર્થ છો, અને તેથીજ આપનું શરણ સદા સર્વદા ઉભય લોકે સર્વથા સુખકારી છે.

કારણ કે દુનિયામાં સાચું શરણુ એક શ્રી સર્વજ્ઞ પ્રભુનુંજ છે. આ જીવાત્મા અનંતકાળ થયાં સંસારસાગરમાં રઝળે છે તેનું જો મુખ્ય કારણ વિચારીએ, તો સાફ જણાશે કે ફક્ત સત્યશરણનો અભાવ છે. આ જીવાત્મા અજ્ઞાનરૂપ અંધકારે કરીને છવાઇ રહેલો છે, તેથી તેને સત્ય વસ્તુનું પીછાન અને ભાન થતું નથી, અને સત્ય વસ્તુનું પિછાન થાય નહિ ત્યાં સુધી હેયોપાદેયનું–કર્ત્તવ્યાકર્ત્તવ્યનું પરિગ્રહણ પણ કેવી રીતે થઇ શકે ?

માટે સદ્‌ગુરૂના સમાગમે સત્ય પુરૂષનું ઓળખાણ કરી સત્યનું શરણ ગ્રહણ કરવું. સત્ય અને સમર્થ પુરૂષનું શરણ ગ્રહણ કરવાથી બાહ્યાભ્યન્તર સંકટો વિનષ્ટ થાય છે. રાગદ્વેષને જીતનારા અને મદમદનને સર્વથા વિલય કરનારા, અઢાર દોષથી રહિત સર્વજ્ઞ દેવાધિદેવ મહાન સમર્થમાં સમર્થ શરણ્ય છે. કહ્યું છે કેઃ—

न कोशिके रागमुपासनापरे । करोषि रोषं न च चंडकोशिके ॥
अहो उदासीनतयेव निर्जिता । च मूस्त्वयादुर्विषयापि कर्मणाम् ॥

અર્થાત્—સદૈવ સેવા કરવામાં તત્પર એવા ઇંદ્ર પ્રત્યે જેને રાગ ભાવ નથી. અને ક્ષીર સમાન મિષ્ટ પોતાના રૂધિરનું પાન કરનારા ચંડકોશિક નામના મહાઝેરીમાં ઝેરી દૃષ્ટિવિષ ક્રૂર સર્પ ઉપર પણ જેને રોષભાવ ઉત્પન્ન થયો નથી. તેથી ઘણા આશ્ચર્યની વાત છે કે તમે રાગદ્વેષને જીતી આવો વિશ્વજનાનંદી ઔદાસીન્યભાવ પ્રાપ્ત કર્યો છે. અને દુર્જય એવી કર્મની સેનાને આપે જીતી છે; તો જગદ્ગુરૂ હે શ્રી સર્વજ્ઞ દેવાધિદેવ હું આપને સદા સર્વદા ત્રિકાલ અભિવંદન કરૂં છું. કારણ કે આપજ એકલા જગતના સત્ય શરણરૂપ છો, આપનું શરણ દુઃખ દાવાનળને દૂર કરનાર છે, વિઘ્ન માત્રને નિવારનારછે કહ્યું છે કેઃ–

વસંતતિલકા વૃતમ્.

कल्याणमंदिरमुदारमवद्यभेदि। भीताऽभयप्रदमनिंदितमंघ्रिपद्मम्॥
संसारसागरनिमज्जदशेषजंतुर्पोताय मानमभिनम्य जिनेश्वरस्य

અર્થાત્—કલ્યાણના મંદિર રૂપ એવા તથા ઉદાર ભાવનાવાળા એટલે **अयं निजः अयं परः** (આ મારૂં આ તારૂં–પારકું) એ પ્રકારની એકલપેટી સંકુચિત વૃતિથી રહિત, પાપને નાશ કરનારા સંસારનાં નાના પ્રકારનાં દુઃખોથી તથા આધિ વ્યાધિ ને ઉપાધિથી ભયભિત થયેલ પ્રાણીઓને અભય કરનારા, તથા અનિંદિત છે પાદપદ્મ જેના, સંસારસાગરમાં ડુબતા સમસ્ત જીવોને વહાણ રૂપ સુખ કરનારા એવા શ્રી જીનેશ્વર ભગવાન છે; તેમને સદા નમસ્કાર કરીને શરણ ગ્રહણ કરૂં છું. કારણ કે આ જગતમાં ખરો આધાર તો તેનોજ છે, બાકી તો સર્વ ક્ષણભંગુર અને નાશવાન છે. અનંતઅનંતીવાર આ જીવાત્માએ ઘણા ભોગ ભોગવેલા છે, પણ તેમાં કાંઇ ગરજ સરી નથી. એક સદ્ધર્મના આરાધન વિના તથા સર્વજ્ઞ પ્રભુ શ્રી જીનેશ્વરદેવના શરણ વિના સર્વ જન્મ વ્યર્થજ ગુમાવ્યા છે. શ્રીઅરિહંતભગવાન સકળ ગુણે કરી સહિત છે. તેમનું શરણ ગ્રહણ કરવાથી ઇહલોકમાં ને પરલોકમાં એમ સર્વત્ર પ્રાણીઓ પરમ સુખને પામે છે. કહ્યું છે કેઃ–

કવિત.

નમુ શ્રી અરિહંત કર્મકો કીયો અંત,
હુવા સો કેવળ પંથ કેવળ ભંડારી હે;
ચોતીસ ધાર પાંતીસ વાણી ઉચ્ચાર,

સમજાવે નરનાર પરઉપગારી હે;
શરીર સુંદર આકાર, સુરજ સો ઝલકાર,
ગુણ હે અનંત સાર, દોષ પરિહારી હે;
કેત હે તિલોકરિખ, મન વચ કાય કરી,
લળીલળી વારંવાર વંદના હમારી હે. ૨

એવા શ્રી અરિહંત ભગવાન સર્વ ભવ્યજનોને શરણુ રૂપ છે તેમના નામ માત્રથી દુઃખ સઘળાં નાશ પામે છે, દેવોને તથા નરેન્દ્રોને તે વંદ્ય થાય છે. ભય સઘળા વિનાશ પામે છે, અને છેવટે અક્ષય મોક્ષલક્ષ્મી મેળવી, અજરામરત્વને પામે છે. હવે શ્રી જીનેશ્વરભગવાનનું શરણ ગ્રહણ કરવાથી તથા તેમના પ્રરૂપિત સદ્ધર્મનું સંકટમાં પણ હિંમત રાખી સપ્રેમ સેવન–આરાધન કરવાથી પ્રાણી કેવું સુખ પામે છે? અને તેના ઉપરથી દુઃખ વાદળું કેવી રીતે ખસી જઇ સર્વત્ર આનંદ આનંદ વરતાઇ જાય છે? તેના ઉપર એક સદ્ધર્મી સુલક્ષણાં શેઠાણીનું દૃષ્ટાંત નીચે વાંચો.

(૫૩) ધર્મનિષ્ઠ શેઠાણી ધર્મસેવનથી સંકટમુક્ત થયાં.

આજથી થોડાં વર્ષ ઉપર કોઇ એક મોટા શહેરમાં ઇભપતિ શેઠ રહેતો હતો તેના ગૃહમાં લક્ષ્મી ઘણી હતી. રાજા તરફથી સહર્ષ સંપાદન થયેલું નગરશેઠનું પદ ભોગવતો હતો. તેને મનોરમા નામની એક ગુણવંતી સ્ત્રી હતી. તે પતિભક્તિપરાયણા ને ઘણી જ ધર્માનુરાગી હતી. શેઠશેઠાણી ઉભય હામ દામ ને ઠામ એમ સમસ્ત પ્રકારે સુખી હતાં. શેઠશેઠાણી બન્નેને લગભગ ૫૦ વર્ષની અવસ્થા થવા આવી હતી, પણ અત્યાર સુધી કાંઇ પણ સંતતિ સુખ ન હોવાથી હૃદય શોકાગ્નિથી ભરપુર રહેતું હતું. પણ પુણ્યજોગે તે ચિંતાને પણ દૂર થવાનું સુભાગ્ય પ્રાપ્ત થયું હતું, એટલે તેમને એક પુત્રરત્ન પણ પ્રાપ્ત થયું હતું. અને તે બાળક અત્યારે લગભગ આઠેક માસનો ઘણો જ ખોટનો પુત્ર હોવાથી શેઠશેઠાણી ચાકરનોકર વગેરે તેને ઘણી સાવચેતીથી જાળવતાં હતાં. તો પણ તેઓ તેમાં મોહમુગ્ધ નહોતાં. ધર્માનુરાગી પણ પૂર્ણ હતાં, સાંઝસવાર સામાયક અને પ્રતિક્રમણ આદિ ધર્મધ્યાન કરવાં ચુકતાં નહતાં, સંતસાધુની સેવાભક્તિ પણ પ્રેમથી નિત્ય કરતાં હતાં. દુઃખી અનાથ અને નિરાધાર મનુષ્યોને આધાર આપીને લક્ષ્મીનો સારો લાભ લેતાં હતાં, ગુપ્તદાન દેવામાં તેમને

વધારે પ્રીતિ હતી, તેથી તેમને હસ્તક ગુપ્ત દાનો ઘણાં સારાં દેવાતાં હતાં. દાન શિયલ તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ ગૃહસ્થોને માટે કહ્યો છે, તેને પૂર્ણ રીતે અંગીકાર કરેલો હતો.

કવિત—નીતિ વિષે પ્રિતિ અને રીતિ સારી રાખ્યે જાય,
સાધુસંતસેવા કરે પર ઉપકાર છે;
વિનયવિવેક તનમનમાંથી જાય નહિ,
પરદુઃખ કાઢવામાં અંતર ઉદાર છે;
પરઅપરમાંહિ અંતર ન માને કશો,
પુણ્યરૂપ પૂરેપુરો આચારવિચાર છે;
કેશવ કહે છે કોઈ પાસે કશું માગે નહિ, ૩
સુજનની રીતિ ખરી ખાંડા કેરી ધાર છે. ૧

આવાં આવાં ધર્મનાં ઉત્તમ કાર્યો કરી માનવજીવન સફળ કરતાં હતાં, તેના ઘરમાં ઘણાં દાસદાસીઓ કામકાજ કરનારાં હતાં. તેને ત્યાં એક નોકર ઘણા વર્ષનો જુનો હતો, તે શેઠની ઘોડાગાડી ચલાવવાનું કામ કરતો હતો. તે જુનો માણુસ હોવાથી અને કેટલાએક સ્વામીભક્તિ વગેરે સદ્ગુણો સારા હોવાથી શેઠશેઠાણીનો તેના પ્રત્યે પ્રેમભાવ સારો હતો. શેઠશેઠાણી બન્નેએ તેને પુત્રવત્ પાળી મોટો કર્યો હતો, જે વસ્તુ જોઇએ તે તેને આપતાં હતાં, છેવટ કહીએ તો તે એક ઘરના માણુસ જેવો જ ગણાતો હતો. શેઠનો પણ તેના પ્રત્યે પૂર્ણ ભરોંસો હતો, તેથી જ તેને વગર સંકોચે ઘરનું કામ સોંપવામાં આવતું હતું.

હવે એક વખત બન્યું એવું કે, શેઠે એકદા શુભ અવસર પર મિત્રમંડળમાં ઉજાણી કાઢી. ઉજાણીનું સ્થાન લગભગ પોતાના ગામથી એએક ગાઉને છેટે હતું. ઉજાણીમાં જોઇતો સામાન શેઠે ચાકરો મારફત સવારમાં પહોંચડાવી દીધો હતો. અને બીજા પોતાના કેટલાએક નિકટના મિત્રો કામકાજ માટે સવારમાં જ શેઠની સાથે ગયા હતા. અને પોતાના ભરોંસાદાર ગાડીવાનને શેઠાણીને ત્રણ ચાર વાગ્યાના સુમારે ગાડીમાં બેસારી લાવવાનું કહી ગયા હતા. વખત થયો એટલે શેઠાણી પણ લુગડાંલત્તાં પહેરી તૈયાર થયાં. આજ પોતાના પ્રિયતમ પતિની વર્ષગાંઠનો શુભ દિન હોવાથી શેઠાણીને પણ હૃદયમાં ઘણો આનંદ હતો. અંગ ઉપર ઘણા જ મૂલ્યવાન હીરારત્નજડિત

સુવર્ણના અલંકારો ધારણ કરેલા હતા. પોતાના પ્રાણાધિક પરમપ્રિય લઘુ પુત્રને પણ બહુ મૂલ્યવાન બાલકોચિત રત્નજડિત અલંકારોથી અલંકૃત કરી પોતાના ખોળામાં બેસાડી સાથે લીધેલો હતો. આ વખતે પોતાના બાળપુત્રને જોઇ શેઠાણી પરમપ્રમોદ પામતાં હતાં.

ગાડીવાને ગાડી હાંકી તે થોડા જ સમયમાં ઉજાણીના સ્થાને આવી પહોંચી કે તુરત જ શેઠાણી હેઠે ઉતરી અંદર ગયાં. શેઠે સુવર્ણાલંકારવિભૂષિત બાળકને તેડી લીધો, બીજા મિત્રો પણ તે બાળકને તેડી રમાડવા લાગ્યા; અને શેઠના આવા રૂડા દિવસ માટે પરમાનંદ પામવા લાગ્યા. અહો પ્રાણીઓનો પુણ્યોદય કેવો પરમ આનંદ આપે છે ?! કહ્યું છે કેઃ--

ઉપજાતિવૃત્ત.

पुण्येन रूपं किल चारु चक्रयं। पुण्येन सर्वं सफलं च वाक्यम्॥
पुण्येनचास्ति परिपूर्ण सौख्यं। पुण्यं विनाऽर्तिस्तु पदे पदे च ॥८॥

અર્થાત્—પુણ્યથી સુંદર રૂપ પામી શકાય છે, પુણ્યથી સર્વ વચનો સફળ થાય છે. તથા પુણ્યથી સર્વ પ્રકારનાં પરિપૂર્ણ સુખો સર્વ આવી મળે છે. પુણ્ય વિનાના પ્રાણીઓને પગલેપગલે સદાસર્વદા અરતિ–અશાંતિ-પીડા ભોગવવી પડે છે. અહો આ શેઠને પુણ્યનો ઉદય કેવો આનંદદાયક થયેલ છે. વળી તે લક્ષ્મી પણ પ્રમાણ છે કે, તેમાં ઉછૃંખલ નહિ થતાં તેનો સન્માર્ગે વ્યય કરી લાભ લીએ છે. આ પ્રમાણે શેઠના સંબંધી વિવિધ વાર્તાલાપ કરતા જમવાનો સમય થતાં સર્વ મિત્રો જમવા બેઠા, વિવિધ જાતનાં સ્વાદિષ્ટ મિષ્ટઇષ્ટ પકવાન્નોથી તૃપ્ત થઇ સર્વ સાનંદેથી જમી ઉઠયા પછી શેઠશેઠાણી પણ જમ્યાં. જમી રહી સર્વ સાનંદે પાન સોપારી વગેરે ખાવા લાગ્યા.

પછી શેઠે શેઠાણીને કહ્યું કે, તમે બાળકને તેડી વેળાસર ગાડીમાં બેસી ગામમાં પોંચી જાઓ, અને અમો સર્વ મિત્રો કામકાજ આટોપી સર્વ સાથે જ આવીશું. પછી ગાડીવાનને ભલામણ કરી કે, બાળકને અને શેઠાણીને સાચવીને ઘેર લઇ જજે, પાસે જોખમ પુષ્કળ છે માટે સંભાળીને જજો.

ગાડીવાન પોતાનો પૂર્ણ વિશ્વાસુ અને ખાત્રીદાર માણસ હતો, તેથી વિશેષ કાંઇ કહેવાકારવવાની જરૂર નહતી. કારણ કે જ્યાં પૂર્ણ

વિશ્વાસ હોય છે ત્યાં કોઇ જાતનું ભયનું શંકાનું કે અસંતોષનું કારણ રહેતું નથી.

પછી શેઠની રજા લઇ ગાડી ચલાવી. ગાડી ચાલી તે વખતે લગભગ સાંઝ પડવા આવી હતી. ગાડી અડધેક આવી તે વખતે સંધ્યાસમય થઇ ચુકયો હતો. ગાડીવાન શેઠાણી સાથે વાતો કર્યે જતો હતો, શેઠાણી અને પુત્રના અંગ ઉપર ઘણાં જ કીંમતી આભરણો હતાં; અને તે અલંકારો પણ ઘણા કીંમતી સુશોભિત ને ચિત્તાકર્ષક હતા. શેઠાણી ને પુત્રના મળી લગભગ દશ હજારના દાગીના હતા. વારેવારે શેઠાણી પ્રત્યે પેલો ગાડીવાન સામું જોયા કરતો અને વાતો કરતો હતો. કીંમતી અલંકારો જોઇ તેની દાનત—બુદ્ધિ બગડી, લોભરાક્ષસ પુર જોસથી પિંડમાં પેઠો. બસ! લોભરાક્ષસ પેઠો એટલે તો પુછવું જ શું? ચક્ષુમાં લજ્જાદેવી વસે છે, પણ જ્યારે લોભરાક્ષસ પેઠો એટલે તે લજ્જાદેવી તો શિઘ્રમેવ પલાયન કરી જાય છે. એક લોભ આવ્યો એટલે બીજા સર્વ ગુણો રહેવા પામતા નથી. રાજર્ષિ ભર્તૃહરિએ ખરૂં જ કહ્યું છે કેઃ—**लोभश्चेदगुणेन किं पिशुनता यद्यस्ति किं पातकैः** ॥ અર્થાત્ એક લોભ આવ્યો એટલે બીજા દુર્ગુણોનું શું કામ છે? સર્વ દુર્ગુણોનો સરદાર અને સર્વ પાપનો બાપ તો લોભને જ કહ્યો છે.

શેઠાણી તથા પુત્રના અંગ ઉપરના અમૂલ્ય અલંકારો જોઇ પેલા ગાડીવાનનું ચિત્તડું ચળ્યું, દુષ્ટ લોભે મન ફેરવી નાંખ્યું, વળી કર્મસંયોગે સંધ્યાનો સમય હોવાથી કોઇ માણસ પણ તે વખતે આવતું જતું નહતું. આવો અનુકૂળ પ્રસંગ ફરીને કદી પણ મળવો મુશ્કેલ છે જો આ થાપમાં ફાવી જવાય તો સારૂ, બસ! દસ હજારનો આશામી બની જાઉં, પછી મારે કોના બાપની પરવા રહે. આ પ્રમાણે પેલા દુષ્ટ ગાડીવાને મન સાથે વિચાર્યું.

વિચારી દૃઢ કર્યું કે, જરૂર આ બન્ને શેઠાણી અને પુત્રને મારી નાંખી દશ હજારનો માલ લઇ પરદેશ ચાલ્યો જાઉં. અત્યારે આ મારા કાર્યમાં કોઇ વિઘ્નકારી માણસ પણ આવતુંજતું નથી, તેથી જરૂર મારૂં ધાર્યું થશે. એમ ધારી તેણે વિશેષ રાત પડવા માટે ગાડી ધીમેધીમે ચલાવવા માંડી. ગાડી ધીમે ચાલતી હોવાથી શેઠાણીએ કહ્યું કેઃ-ભાઇ! ગાડી કેમ ધીમે ચલાવે છે? હજી આપણે ઘણે દૂર જવાનું છે; અંધારૂં થઇ જશે. માટે જલદી ગાડી ચલાવને!

આ પ્રમાણે શેઠાણીએ કહ્યું, પણ પેલા દુષ્ટે જાણે કે કાંઇ સાંભળ્યું જ ન હોય તેમ આંખઆડા કાન કર્યા. શેઠાણીએ બે ત્રણવાર કહ્યું, પણ દુષ્ટે માન્યું જ નહિ. શેનું માને? પેલો દુષ્ટ લોભ નામે દૈત્ય માનવા કેમ દે? એમ ગાડી ધીમે ચલાવતાં સડક ઉપરથી બીજો એક આડકતરો રસ્તો આવ્યો એટલે ગાડી સડકેથી ઉતારી આડે રસ્તે ચલાવી. તેથી શેઠાણીએ કહ્યું, અલ્યા ભાઇ! ગાડી આમ આડે રસ્તે કેમ ચલાવી? પાછી લાવી મોટી સડકે ચલાવ? ત્યારે તે સાંભળી દુષ્ટ ગાડીવાને જરા રોષદર્શક નેત્રોથી કહ્યું કે:–બસ બડબડ નહિ કર, ચાલી આવ જ્યાં ગાડી આવે ત્યાં, નહિ તો જાનથી મારી નાખીશ. અહીં તારૂં કોણ છે?

આ વાક્યથી શેઠાણીને ફાળ પડી, હાયહાય! જરૂર આ પાપીની દાનત બગડી જણાય છે, મને તથા મારા ખોટના એકના એક વહાલા પુત્રને આ પાપી સતાવશે–પીડશે. માટે હવે શો ઉપાય કરવો? અત્રે મારૂં કોઇ નથી, શેઠ તો હજી વાડીમાં છે, તે તો કોણ જાણે ક્યારે આવશે, તે પહેલાં તો આ પાપી કોણ જાણે કયાં લઈ જશે? અને મને તથા મારા પ્રાણાધિક પુત્રને શુંયે કરશે?

આ પ્રમાણે રૂદન કરતાં શેઠાણી વિલાપ કરવા લાગ્યાં, તેવામાં એક ઉંડો કુવો જોવામાં આવ્યો. એટલે તરત ત્યાં ગાડી ઉભી રાખી આ લાગ સારો છે, અત્રેજ આ બન્ને જણાને મારી નાંખી કુવામાં ફેંકી દેઇ દાગીના સર્વ લઇ પરદેશ ચાલ્યો જાઉં. આ પ્રમાણે ધારણા ધારી ગાડી ઉભી રાખી હેઠે ઉતરી આક્રોશપૂર્વક શેઠાણીને કહ્યું કેઃ—હેઠી ઉતર! તે સાંભળી નમ્ર ભાવે શેઠાણી રૂદન કરતાં બોલ્યાં:– ભાઇ! આમ ન થાય, તું અમારો જુનો નોકર થઇ આમ દગો કરે તે યોગ્ય ન કહેવાય, મેં તને પુત્રની પેઠે પાળી પોષ્યો છે, તો આવી કૃતઘ્નતા તને છાજે નહિ. મેં તને ઘણા ઘણા ઉપકારો કર્યા છે, અમારો વિશ્વાસુ અને જુનો માણસ જાણી શેઠે તથા મેં તને ઘરમાં ઘણું અગ્રપદ આપેલું છે. તો તે ઉપકારનો બદલો આમ તું વાળે છે, તે તને ઘટે નહિ. ભાઈ! તું અમને બચાવ. અત્યારે અમારૂં કોઇ નથી. આમ નિર્દય થઇ અમને સતાવ નહિ, મારા પ્રાણાધિક પ્રિય પુત્રને તથા મને તું ઘેર પહોંચાડ, હું તને સુખી કરીશ ને જે માગીશ તે આપીશ, શેઠને આ વાત પણ નહિ કરૂં, માટે તું અમને ઘેર પહોંચાડ. આ પ્રમાણે શેઠાણીએ ઘણું નમ્રતાપૂર્વક કહ્યું, પણ તે

સર્વ પથ્થર પર પાણી તુલ્ય થયું દુષ્ટને દયા નજ આવી. તેના હૃદયમાં લોભ રાક્ષસે પૂરેપૂરી સત્તા જમાવી હતી. તો કૃતઘ્ની (કર્યા ગુણના અજાણ) ને દયા શેની આવે ?

દુહો—કૃતઘ્નીને ગુણ કર્યો, વસ્તુનો વિણસાડ;
ગદ્ધે ખાધું ક્ષેત્ર તે, નહિ પુણ્ય કે પાડ. ૫

દુષ્ટ ગાડીવાને હેઠે ઉતરવાનું કહ્યું તોપણ શેઠાણી જ્યારે હેઠાં ઉતર્યાં નહિ, ત્યારે તેણે શેઠાણીનું બળાત્કારે કાંડું ઝાલી હેઠી ઉતારી અને ક્રોધપૂર્વક કહ્યું કેઃ-ઉતાર સર્વ દાગીના તારા ! નહિ તો હમણાં તને ને તારા પુત્રને જાનથી મારી નાંખીશ. શેઠાણી સમજી ગયાં કે જરૂર આ પાપીનું મન ઘરેણાં માટે બગડ્યું છે તે જરૂર છોડશે નહિ અને નાહક હેરાન કરશે. પછી કહ્યું ભાઇ! તું અમને મારીશ ના; તારે ઘરેણાં જોઇએ તો સર્વ ઉતારી આપું છું એમ કહી શેઠાણીએ કાંઇપણ આનાકાની કર્યા વગર સર્વ ઘરેણાં ઉતારી આપ્યાં. પુત્ર ઉપરનાં ઘરેણાંગાંઠાં પણ સર્વ ઉતાર્યાં તેમજ સારાં સારાં આભુષણો પણ તેણે ઉતારી લીધાં, પછી તે સર્વનું એક પોટકું બાંધી બાજુપર મુકયું. પછી વિચાર્યું કે હવે આ બન્નેને જીવતાં મુકવાં નહિ, જો જીવતાં મુકી ચાલ્યો જાઉં, તો શેઠ મને ગમે ત્યાંથી પણ ગોતાવી બુરી હાલતે મરાવે; માટે જીવતાં ન રાખતાં મારી નાંખવાં તેજ સારૂં છે. એમ ધારી મારવાનો ઉપાય શોધી કાઢવા લાગ્યો, ત્યારે શેઠાણીએ દીનવદને કહ્યુંઃ-કે ભાઇ હવે અમને શા વાસ્તે નાહક મારે છે, તને જોઇતું હતું તે બધું મળી ગયું છે હવે મને મારા પ્રાણાધિક પુત્રસહિત અત્રેથી ઘેર જવા દે, તું અમને જીવતાં મુકી દે તારો પાડ માનીશું અને શેઠને આ વાતની ખબર પણ નહિ આપું; આટલી મારા ઉપર દયા લાવી મને તથા મારા બાળકને જીવતાં જવા દે.

આ પ્રકારના શેઠાણીના દયાળુને દયા ઉત્પન્ન કરનારા અતિ દયામણા શબ્દોથી પણ તે દુષ્ટને-તે લોભાંધને લેશ પણ દયા નજ આવી; તે તો કેવળ સ્વાર્થમાંજ અંધ બની ગયો. અત્યારસુધી કરેલા સર્વ ઉપકારો તે દુષ્ટ ભુલી ગયો. વિશ્વાસઘાતક થયો, વિશ્વાસઘાતી તે મહાપાપી છે અને તેનો ભાર સર્વ કરતાં વધારે છે કહ્યું છે કેઃ—

सागराश्च न मे भारा। न मे भाराश्च भूधराः
कृतघ्नाश्च महाभारा महाविश्वासघातकः ॥ १ ॥

અર્થાત્—પૃથ્વી કહે છે કે, મને મહાસાગરોનો ભાર નથી લાગતો; પર્વતોનો ભાર પણ નથી લાગતો; પણ આ લોકમાં કૃતઘ્ની પુરૂષો અને વિશ્વાસઘાતકોનો સર્વ કરતાં વધુ ભાર લાગે છે. મતલબ કે આ જગતમાં સર્વના કરતાં વિશ્વાસઘાતી અને કૃતઘ્ની પુરૂષો મહા-પાપી ને ભૂમિને ભારરૂપ છે.

પછી તે દુષ્ટ ગાડીવાને તે ધર્માત્મા સતી સાધ્વીરૂપ ગરીબોનો બાળવો અને અનાથનો આધારભૂત એવી તે શેઠાણીને તથા નિર્દોષ બાળકને એક ગાંસડીમાં બાંધી કુવામાં નાંખી દેવાનો નિશ્ચય કર્યો. અને તુરતજ ગાડીમાં પડેલો એક જાડો ચોફાળ લાવી બેવડો પાથરી તેણે શેઠાણીને બળાત્કારે બેસી જવા ફરમાવ્યું. શેઠાણી તે વખતે ઘણું રોવા લાગ્યાં ને બાળકને છાતી સરસો ચાંપી ઘણું કલ્પાંત કરવા લાગ્યાં, અંધારૂં પુષ્કળ થઇ ગયું હતું, રાતના નવ વાગ્યાનો શુમાર થયો હતો, આકાશમાં તારાઓ પ્રકાશી રહ્યા હતા, અંધારૂં પુષ્કળ હતું તેમ તે દુષ્ટ ગાડીવાનના હૃદયમાં પણ પુષ્કળ અંધારૂંજ છવાઇ રહ્યું હતું; લોભરાક્ષસે પરિપૂર્ણ તેને બેભાન બનાવી દીધો હતો. કહેવત છે કે **लोभः पापस्य कारणम् ॥** અર્થાત્ લોભ એજ પાપોનું કારણ છે, લોભ પાપનો બાપ છે. વળી પણ કહ્યું છે કેઃ—**लोभः पापानि मूलानि रसमूलानि व्याधयः ॥** અર્થાત્-લોભ છે તેજ સર્વ પાપનું મૂળ છે. અને અનેક પ્રકારનાં રસવંત સ્વાદિષ્ટ ભોજનો સર્વ વ્યાધિનું-રોગ માત્રનું મુળ છે.

હવે બિચારાં શેઠાણી નિરૂપાયે પાથરેલા વસ્ત્ર ઉપર બેઠાં, ખોળામાં પોતાના પ્રાણાધિક પ્રિય પુત્રને બેસાડયો; પુત્રના ઉપર તેનો અત્યંત પ્યાર હતો, પોતાના વંશોદ્ધારક એકના એક ખોટના પુત્રની આવી દુઃખદ અને પ્રાણાંત દુર્દશા તે શેઠાણીથી સહન થઇ શકી નહિ તેથી ઘણું કલ્પાંત કરવા તથા રોવા લાગી દીનવદને કરગરવા લાગી, નમ્રતાપૂર્વક પ્રાણદાન (જીવીતદાન) ની ભિક્ષા ભિક્ષુકની પેઠે યાચવા લાગી, પણ તે દુષ્ટે તો નિર્દયતાપૂર્વક ગાંસડી જોસપૂર્વક બાંધવા માંડી. કોઇપણ ઉપાય બચવા માટે ન રહ્યો, ત્યારે છેવટ શેઠાણી નમ્રતાપૂર્વક દીનવદને એક વચન બોલીઃ—કે ભાઇ ! મને બલે તું મારી નાંખ પણ મારા પ્રાણાધિક પ્રિય પુત્રને બચાવ. અરે ભલો થઇને ભાઇ બચાવરે બચાવ ! મારાથી આ પુત્રનું દુઃખ દેખી શકાતું નથી. તેનું દયામણું રૂદન આ પાપી કાનથી સાંભળ્યું જતું નથી, અરે

કાંઈક ભલો થા અને મારા પતિના વંશનો આમ વિના મોતે ઉચ્છેદ ન કર રે ન કર. આમ તે બિચારી શેઠાણીએ ઘણીઘણી રીતે વિનવ્યો, પગે લાગી કરગરી પણ પાપી એકનો બે ન થયો તે નજ થયો. નિર્દયને દયા ન આવી; બુરો તે સારો કયાંથી થાય? કહ્યું છે કે:—

કુંડળીયો—બુરા ભલાઇ ના કરે, કીજે ક્રોડ વિલાસ,
જેસા તરૂવર નિંબકા, તજે નહિ કડવાસ;
તજે નહિ કડવાસ, પાસ ગંગોદક છલકે,
તેમ તેમ ઝેર વિશેષ, દેખો દિશોદિશ કરકે;
કથે સો કવિયા કાન, તજે ન કાજલતાઇ,
કીજે ક્રોડ પ્રકાર, બુરા ન કરે ભલાઈ. ૬

મતલબ કે નઠારા માણુસ પોતાનો સ્વભાવ બદલતા નથી. જેમ લીંબડાને સાકરના રસમાં તથા દુધમાં ડુબાડી રાખીયે, તોપણ તે પોતાની કડવાશ તજતો નથી; તેનો જાતિસ્વભાવજ એવો છે.

દુહો--કડવો કેવળ લીંબડો, સિંચે દાડમ દ્રાક્ષ;
સાકરમાં રસબસ રહે, પણ મિટે નહિ કડવાસ. ૭

તેમ કેટલાએક માણુસો પોતાનો ભુંડો સ્વભાવ તજતા નથી, ગમે તેટલું તેને સમજાવે તો પણ તે સમજતો નથી-માનતો નથી. તેમ પેલા દુષ્ટ ગાડીવાનને દયા ન આવી, સમજ્યો નહિ. અને પછી બન્નેની ગાંસડી એવી તો મજબુત કસીને બાંધી કે બિચારાં બે જણાંથી પુરો શ્વાસ પણ લઇ શકાતો નહતો, તોપણ શેઠણીએ પોતાના પુત્રને અતિ દુઃખ ન થાય તે સારૂ ખોળામાં વચ્ચે બરાબર સાચવીને બેસાડયો. અહો ! આ સંસારમાં માતાનો પુત્ર પ્રત્યે કેવો અસિમ પ્રેમ છે, અનેક દુઃસહ સંકટો વેઠીને પણ માતા પુત્રને પાળીપોષી મોટો કરે છે; માતાના અથાગ ગુણો છે તેનો તો પાર જ નથી. માતાપિતાએ કરેલા અપાર ઉપકારનો બદલો ગમે તેટલું કરે પણ સંતાનથી કદી વાળી શકાય તેમ નથી.

હવે પેલા ગાડીવાને ગાંસડી મજબુત બાંધી અને કુવામાં નાંખવા માટે ઉપાડી કાંઠાપર લાવ્યો. ઉપાડી અંદર જેવો નાંખવા જાય છે, તેવામાં એક વિચાર થઇ આવ્યો કે, કુવામાં નાંખીશ તો જરૂર મરી તો જશે, પણ તેમનાં મુડદાં પાછાં પાણી ઉપર તરી આવશે; તો તપાસ કરતાં કદાચ હું પકડાઇ જાઉં. માટે એક મોટો પથ્થર

લઈ આવી આ લુગડા સાથે બાંધી દઉં, કે તે પથ્થરની સાથે તે ગાંસડી પણ પાણીને તળીયે જઈ બેસી રહે; અને તેથી આ કામની કોઈને ખબર પણ ન પડે. પછી ગાંસડી કઠેડા ઉપરથી હેઠી ઉતારી કુવાના થાળા ઉપર મુકીને એટલામાંથી પથ્થર લાવવા માટે શોધ કરવાને નિકળ્યો. આ વખતે શેઠાણી તો બિચારાં પુરા સંકટમાં આવી પડ્યાં હતાં. પાપીએ એવી તો કસીને ગાંસડી બાંધી હતી કે, બિચારાંથી પૂરો શ્વાસ પણ લઈ શકાતો નહોતો. અત્યારે તેનો ધણી-ધોરી કોઈ નહતો, દુઃખમાંથી બચાવનાર કોઈ નહોતો. શેઠાણી તે વખતે ખરા અંતઃકરણપૂર્વક પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવા લાગ્યાં:–હે પ્રભુ ! હે દીનાનાથ ! હે નોધારાના આધાર ! હે દીનદયાળ ! તમારૂં શરણ સંસારમાં સાચું છે, તમે અશરણના શરણ, અબંધવના બંધવ, અને બળતાના બેલી છો. હે પ્રભુ ! તમે ઘણાઘણાનાં દુઃખો ટાળ્યાં છે, તો મને બચાવો, મારૂં દુઃખ દૂર કરો. હે અનાથના નાથ ! પ્રભુ ! હું અને આ મારૂં નિર્દોષ બાળક વિના અપરાધે મરી જઈએ છીએ.

છપય છંદ.

અશરણશરણ અનંત, સંત જન સંતત સેવે,
  ભયભંજન ભગવંત, અંત દુર્લભ પદ દેવે;
કષ્ટહરણ સુખકરણ, તરણતારણ ભયવારણ,
  અતિ ઉત્તમ આચરણ, શરણજનકાજ સુધારણ;
પ્રતિદિન જગપાળ કૃપાળ પ્રભુ, કાળવ્યાળવિખઝાળ હર,
  વદી દીનવાણી દલપત કહે, જયજય જગજંજાળહર. ૮

હે દીનદયાળ પ્રભુ ! આપનું શરણ જ દુનિયામાં સત્ય છે, મેં પૂર્વે મહાપાપ કર્યાં હશે, ગરીબોને સંતાપ્યા હશે, નહિ કરવાનાં કાર્યો કરી અનેક અનર્થકારી કર્મો કર્યાં હશે. એ પ્રમાણે પોતાનાં પાપોને ધિક્કારતી પંચપરમેષ્ઠીનું ભજન કરવા લાગી.

શાર્દૂલવિક્રિડિત વૃત્ત.

अर्हंतो भगवंत इन्द्रमहिताः सिद्धाश्च सिद्धिंगता ।
आचार्या जिनशासनोन्नति कराः पूज्या उपाध्यकाः ॥

श्री सिद्धान्त सुपाठका मुनिवरा रत्नत्रयाराधकाः ।
पंचैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मंगलम् ॥ १० ॥

અર્થાત્—ઇંદ્રથી પૂજાયેલા શ્રી અર્હંત ભગવાનને નમસ્કાર કરૂં છું, સિદ્ધ ગતિમાં રહેલા સિદ્ધભગવાનને, શ્રી જીનશાસનની ઉન્નતિ કરનાર આચાર્યભગવાનને તથા ઉપાધ્યાયજીને, તેમ જ સૂત્ર સિદ્ધાંતના પાઠ કરનારા ને સદા રત્નત્રયના આરાધક એવા શ્રી પંચમહાવ્રતધારી મુનિશ્વરોને નમસ્કાર કરૂં છું. એવા શ્રી પંચપરમેષ્ઠીભગવાન સદા મારૂં મંગળ કરો. કારણ કે તમે જ દુનિયામાં સાચા મંગળરૂપ છો, તમે જ આ લોકમાં ઉત્તમ છો, અને તેથી તમારૂં જ શરણ હું ગ્રહણ કરૂં છું.

त्वंनाथ ! दुःखिजनवत्सल हे शरण्य !
कारुण्य पुण्य वसते वशिनां वरेण्य ! ॥
भक्त्या नते मयि महेश दयां विधाय ।
दुःखांकुरोद्दलने तत्परतां विधेहि ॥ ११ ॥
निःसंख्य सार शरणं शरणं शरण्य ! ।
मासाद्यसादितरिपुप्रथितावदातम् ॥
त्वत्पादपंकजमपि प्रणिधानवंध्यो ।
वध्योऽस्मिचेद् भुवनपावनहाहतोऽस्मि ॥ १२ ॥
देवेंद्रवंद्य विदिताखिलवस्तुसार ! ।
संसारतारक विभो भुवनाधिनाथ ! ॥
त्रायस्वदेव करुणाहृदमांपुनीहि ।
सीदंतमद्यभयद व्यसनांबुराशे ॥ १३ ॥

અર્થાત્—હે નાથ ! હે દુઃખીજનવત્સલ ! અશરણના શરણ ! સીદાતી એવી મને દયા લાવીને દુઃખથી બચાવો બચાવો ! વળી હે દેવેંદ્રવંદ્ય ! હે તત્વજ્ઞ ! હે સંસારોદ્ધારક ! હે ભગવાન હે ભુવનાધિપ ! મારૂં દુઃખથી રક્ષણ કરો, આ દુઃખસાગરમાંથી મને સત્વર મુક્ત કરો ! અહો ! દુષ્ટ લોભ કેવાં નિર્દય કાર્યો કરાવે છે ! આ મારો જુનો અને વિશ્વાસુ માણસ હોવા છતાં લોભને વશ થઇ આમ નિર્દય પરિણામી બની ગયો છે, સર્વ કરેલા ઉપકારને-ગુણને પણ ભુલીગયો;

ધિક્કાર હો ! ધિક્કાર હો ! આવા લોભને!! અને લોભી નરને !! કહ્યું છે કેઃ—

સવૈયા બત્રીસા.

રે ધન! તું સતી સત્ય તજાવતું, ધર્મી અધર્મી વળી તું બનાવે,
કૃત્ય અનેક કરાવતું કુત્સિત, વિક્રય બાળકુમારી કરાવે;
હિંસક તું વળી જીવતણો, નહિ લેશ ધરે દિલમાંહિ દયાને,
સંપી કુસંપી બનાવતું રે ધન ભૂપતીઓને પણ તું લલચાવે. ૯

તો હે પ્રભુ ! ધનને માટે લોભને લીધે આ પાપીએ મારા ઉપર પ્રાણાંત મહાજુલમ ગુજાર્યો છે, અત્યારે આપ મારૂં સાચુ શરણ છો મને નિરાધારને આપનો જ અત્રે આધાર છે.

રાગ ભૈરવી.

દીનાનાથ દયાળ નટવર હાથ મારો મુકશો મા,
હાથ મારો મુકશો મા; દીનાનાથ દયાળ૦ ટેક. ૧૦
આ મહાભવસાગરે ભગવાન હું ભુલો પડયો છું,
ચૌદલોકનિવાસી ચપલાકાન્ત આ તક ચુકશો મા. દીનાનાથ૦ ૧૧
ઓથ ઇશ્વર આપની છે સાધનવિશે સમજુ નહિ હું,
પ્રાણપાલક પોત જોઇ શંખ આખર ફુંકશો મા. દીનાનાથ૦ ૧૨
માતતાત સગાંસહોદર, જે ગણું તે આપ મારે,
હે કૃપામૃતના સરોવર દાસ સારૂં ચુકશો મા. દીનાનાથ૦ ૧૩
શરણ કેશવલાલનું છે, શરણ હે પ્રભુ રામ તારૂં,
અખિલ નાયક આ સમે ખોટ મશે પણ ખૂટશો મા. દીનાનાથ૦ ૧૪

માટે હે પ્રભુ ! આપને વધુ શું કહું?! આપના પવિત્ર શરણથી ઘણાઘણાનાં ભારે દુઃખો દૂર થયાં છે, તેમ મારૂં પણ દુઃખ નાશ થશે કદાચ મારા કઠિન કર્મના યોગે આ આવેલું દુઃખ દૂર ન જાય, તોપણ આપનુ શરણ મને ભવોભવ હજો એમ કહીને શેઠાણી નીચે લખેલાં ચાર શરણાં બોલવા લાગ્યાં.

“ चतारीशरणंपवज्जामि अरिहंता शरणं पवज्जामि सिद्धाशरणं पवज्जामि साहुशरणं पवज्जामी केवलीपन्नतो धम्मोशरणंमि।”

અર્થાત્—એ પ્રમાણે જગતમાં ચાર મંગળીક છે, ચાર ઉત્તમ છે, માટે તે ચારેનું મારે સદા શરણ હજો. વળી પણ પ્રભુસ્તુતિ કરતાં થકાં બોલ્યાં કેઃ—

અમૃતધ્વની છંદ.

નાથ નિરંજન ભવભયભંજન, ગર્વનિગંજન જનમનરંજન;
મળહરઅંજન સુખદપ્રભંજન વાહકવ્યંજન જે સ્વયંજન. ૧૫
જય દિલદરિયા અમૃતભરીયા, તેં ભયહરીયા નિર્ભય કરીયા;
તુજ અનુસરીયા, તે ભવતરીયા, અંતરઠરીયા જસઉચ્ચરીયા. ૧૬
તુજને જે સમરશે દુઃખપરહશે, તે ભવ તરશે ફરી નહિ મરશે;
નહિઅવતરશે સ્થિર થૈ ઠરશે, દિલ નહિ ડરશે સહુસુખ ભરશે.૧૭

આ પ્રમાણે શેઠાણી ચાર શરણને અંગીકારતાં, એકાગ્ર ચિત્તે નિખાલસ ભાવે પ્રભુની સ્તુતિ કરે છે, પેલો દુષ્ટ ગાડીવાન પોતાની કાર્યસિદ્ધિ માટે મોટા પથ્થર શોધવા નીકળેલ છે, પથ્થર નહિ જડવાથી બે ત્રણ ક્ષેત્રવા આઘો ગયો, પોતાની મુરાદ પાર પડી છે તે માટે તેને જરા હર્ષ પણ થતો હતો. સંપૂર્ણ મુરાદ પાર પાડવા માટે પથ્થરની શોધમાં આમતેમ ચોતરફ ફરતો હતો, તેવામાં એક મોટા પથ્થર તેને મળી ગયો, તે લગભગ બે ત્રણ મણ જેટલો વજનમાં હતો. મનમાં હરખાયો, બસ હવે ઇષ્ટસિદ્ધિ થઇ ગઇ, હવે હમણાંજ પથ્થર બાંધી તેને ડુબાડી દઇ, ઘરેણાનું પોટકું ઉપાડી ચાલ્યો જાઉં છું.—આવા વિચારોથી હર્ષભેર તે પથ્થરને ઉપાડવા માટે બે હાથ પહોળા કરીને બાથમાં લેવા ગયો, તેવામાં તે પથ્થર તળે એક મોટા મણીધર મહા ભયંકર સર્પ બેઠેલો હતો, તે એકદમ ફુંફાડા મારતો બહાર નીકળ્યો; અને પેલા દુષ્ટ ગાડીવાનને ચોંટયો. પ્રથમ તો તેણે તેના બે પગને મજબુત ભરડો દીધો, પછી બે હાથને ભરડો દઇ, ગળાને વીંટાઇ તેના મુખ સામું ભયંકર ને ડરામણી ફણા માંડી તેની ચક્ષુ સામે બે જીભ લાંબી કરી ડરાવવા લાગ્યો. પેલો ગાડીવાન તો આ ચમત્કાર જોઇ સ્તબ્ધ જ બની ગયો અને ઘણો ભય પામ્યો. જરૂર હમણાં મને કરડશે ને મારી નાંખશે, મારી ધારેલી મુરાદ બર આવવામાં અણધાર્યું આ વિઘ્ન ક્યાંથી આવી નડયું હવે આ પીડામાંથી શી રીતે છુટી શકાય? કયાં કર્મનું ફળ ઉદયે આવ્યું? હવે જરૂર હું મરી જવાનો.

પ્રિય વાંચક! આ સ્થળે તને કદાચ શંકા થશે, કે જ્યારે આમ તેને સર્પ ભરડો દઇ વિંટાયો, ત્યારે તેને કરડયો કેમ નહિ હોય?! પણ તેનો ચમત્કારી પ્રકાર આગળ તું વાંચીશ, ત્યારે આપોઆપ

તારી તે શંકાનું સમાધાન થઇ જશે. આ પ્રકારે આ વિશ્વાસઘાતક દુષ્ટની દુર્દશા થઇ. હવે વહાલા વાંચક! ચાલ પેલાં ગરીબોના માલવારૂપ ધર્માત્મા શેઠાણીની સંભાળ લેવા જઇએ. તે તો હવે જીવનની આશા છોડીને પ્રભુનું ભજન કરી રહેલ છે. પાપીએ એવી તો મજબુત કસીને ગાંસડી બાંધેલી છે, કે તેનાથી ઉચો શ્વાસ પણ પૂરો લેવાતો નથી, તેથી તે તો હવે ઘણે જ ધીમે સ્વરે પ્રભુનું શરણુ ગ્રહી તેના ગુણ ગાયા કરે છે; અને પોતાનાં પૂર્વકૃત પાપોને ધિક્કારે છે. આવી રીતે દુઃખના સમયે પણ પ્રભુને જરાયે નહિ ભુલનારી, એવી ધર્માત્મા શેઠાણીને હે પ્રિય વાંચનાર ! આપણે કાંઇ પણ નહિ બચાવી શકીએ વારૂ ?! આપણે તો તે બિચારી દુઃખી અબળાનું દૃષ્ટાંત વાંચવાને ભાગ્યશાળી થયા છીયે. આ દૃષ્ટાંત લખતાં પણ લેખકનું હૃદય ચિરાય છે—ત્રાસે છે, પણ જ્યારે આ દૃષ્ટાંત લખવાનું પ્રાપ્ત થયું છે, ત્યારે તો તેને સંપૂર્ણ ચિતરવું જ જોઇએ.

હવે બન્યું એમ કે, તે ગામમાંથી સાંઝના સમયે કોઇ એક સાહેબ બીજે ગામ ગયા હતા, તે તે ગામ જઈ પાછા ફર્યા. જો કે રાતનો ભયંકર સમય હતો, તોપણ જરૂરના કાર્ય પ્રસંગે તે નિકળ્યા હતા. સાથે એક પટાવાળો સિપાઇ કોચમેન ને પોતે એમ ત્રણ જણ હતા ઘોડાગાડી પુરજોસમાં ચાલી આવતી હતી, તે પણ રાત્રિના ગાઢ અંધારાને લીધે આડે રસ્તે ચાલી આવતી હતી. તે આવતાં આવતાં જ્યાં પેલો કુવો છે અને શેઠાણીની ગાંસડી બાંધી મુકી છે, ત્યાંથી ૧૫-૨૦ કદમને છેટે આવી, એટલે ગાડીમાં રાખેલી ઝીણી બત્તીના પ્રકાશને લીધે અંદરથી સાહેબની દૃષ્ટિ તે કુવા ઉપર ગઇ. રાત્રીમાં અહીં ગાંસડી કયાંથી ? એમ સાહેબને અતિ આશ્ચર્ય લાગવાથી ગાડી ઉભી રખાવી અને પટાવાળાને હુકમ કર્યો કે, જાઓ પેલા કુવેકે ચાલેપર કયા પડયા હે ? તુમ તપાસ કરો ! હાથમે પિસ્તોલ લેકર જાના; કોઇ ભુતપ્રેતકા ચરિત્ર હોવે તો સાવચેતસે સમાલકે જાના; સિપાઇને ભય તો લાગ્યો, પણ સાહેબના હુકમનો અનાદર થઈ શકે તેમ નહોતું, તેથી નાછુટકે જેમતેમ કરી ગયો. તે જંગલમાં કોઇકોઇવાર ભુતપ્રેતાદિકનો પોકાર સંભળાતો હતો, તેથી ભય તો ઘણો લાગ્યો પણ ધીમેધીમે સાવચેતીથી ત્યાં ગયો.

છેટેથી તપાસ કરી તો એક ગાંસડી જોવામાં આવી, તેની અંદરથી કાંઇક અવાજ આવતો હતો, તે અવાજથી પેલો સિપાઇ તો

ઘણો ભય પામીને પાછો ફર્યો અને સાહેબને આવીને કહ્યું કેઃ–" જી સાહેબ ! કુછ ગાંસડી વહાં પડી હે, ઔર અંદરસે કુચ્છ શબ્દ ભી નીકલતા હે, મેરેકુ તો ભે ઉપના વાસ્તે ચલ આયે." આ વાતથી સાહેબને વિશેષ વહેમ પડયો, તપાસ તો હવે બરાબર કરવી, આમાં કાંઇક કારણ જણાય છે. ઘણું કરીને પાશ્ચિમાત્ય જાતિના મનુષ્યોમાં સ્વભાવિક એવી ટેવ હોય છે કે, જ્યાં કાંઇ આશ્ચર્યકારી બનાવ હોય, તો ત્યાં ગમે તે પ્રયત્ને પણ તેની તપાસ કર્યા વિના રહે નહિ. આથી આ સાહેબ પણ જાતે તપાસ કરવા માટે હેઠો ઉતરી પિસ્તોલ હાથમાં લઇ ધીમેધીમે ત્યાં આવ્યો. તો કુવાના થાળામાં ગાંસડી પડેલી જોઇ, ત્યાંથી થોડેક છેટે એક ઘોડાગાડી જોઇ, અને ઘોડાગાડીમાં એક પોટકી જોઇ. તેથી ધાર્યું કે જરૂર આમાં કાંઇ દગો–કારસ્તાન છે. પોટકી છોડી જોઇ તો તેની અંદર મહામુલ્યવાન ઘરેણાં જોયાં, આથી તે સાહેબને આશ્ચર્યનો પાર ન રહ્યો. ધીમેથી હીંમત લાવી ગાંસડી પાસે ગયો તો તેમાંથી ઝીણોઝીણો સ્વર સંભળાતો હતો કેઃ–હે પ્રભુ દીનદયાળ હે નોધારાના આધાર ! તમારૂં શરણું સાચું છે; અત્યારે હું વિના કારણે મારા નિર્દોષ લઘુ બાળક સહિત મરૂં છું. આ પ્રકારની પ્રભુપ્રાર્થનાના શબ્દો સંભળાય છે.

પેલા સાહેબે પછી વિચારી સિપાઇને હુકમ કર્યો કે, જાઓ પેલી ગાંસડીકુ છોડો. સિપાઇ ડરવા લાગ્યો, થરથર ધ્રુજવા લાગ્યો, કયાંઇ ભુતપ્રેત કે ડાકણસાકણ હશે; તો મને મારી નાંખશે, તેથી તેની હિમત ચાલી નહિ, ત્યારે સાહેબ પોતે સાથે ગયો અને ગાંસડી પાસે જઇ ધીમેથી ગાંસડી છોડાવી. ગાંસડીને અડતાંજ શેઠાણીને ફાળ પડી કે જરૂર પેલો દુષ્ટ પથ્થર લેવા ગયો હતો તે આવ્યો માટે મારી નાંખશે. પણ તેવામાં તો સાહેબે ગાંસડી છોડી, તો માંહે સુકુમાર પુત્રસહિત એક રૂપાળી બાઇ જોવામાં આવી. એટલે તરત સિપાઇ તો દેખી પાછો ફર્યો, પણ સાહેબ તો નિડરપણે ઉભો રહ્યો. શેઠાણીને કાંઇક જીવ આવ્યો, શાતા થઇ ને જરા શ્વાસ લીધો. "હાશ! પ્રભુ તમારૂ કલ્યાણ કરશે" એમ શેઠાણીએ મીઠા શબ્દોથી આશિષ દીધી.

સાહેબે હિમતથી પૂછ્યું કે, તમો કોણ છો ? આહીં તમે કયાંથી? કયાં રહો છો ? પછી શેઠાણીએ જરા શ્વાસ લઇ, બનેલી બધી બીના સાહેબને કહી કેઃ—સાહેબ ! હું આ ગામના નગરશેઠની સ્ત્રીછું, આજ શેઠની વર્ષગાંઠની ઉજાણી હતી, તેથી હું અને મારા ઘરનો ગાડી-

વાન ગાડીમાં બેસી ઘેર જતાં હતાં. રસ્તામાં ગાડીવાનની દાનત બગડી, તેથી આડે રસ્તે ગાડી ચલાવી મને અહિં લાવ્યો. અને ઘરેણાં સર્વ ઉતારી લઇ મારા બાળકને અને મને મારી નાંખવા માટે ગાંસડીમાં અમને બાંધી, કુવામાં નાંખતો હતો; પણ કંઇ વિચાર આવવાથી તે ના નાખતાં અહિં મુકી કયાંક ગયો છે. અનુમાનથી જણાય છે કે, આ ગાંસડી સાથે બાંધવા માટે આટલામાં ક્યાંઇ પથ્થર લેવા ગયો હશે." આ સાંભળી સાહેબે ઘણા આશ્ચર્યપૂર્વક દીલગીરી બતાવતાં કહ્યું કેઃ—"ત્યારે તમે તેવા અજાણ્યા માણસનો વિશ્વાસ કેમ કર્યો ?" શેઠાણીએ કહ્યું કેઃ—સાહેબ ! તે અમારો દસ વર્ષનો જુનો માણસ છે, તેને અમે પુત્રની પેઠે પાળેલ છે, છતાં પાપીએ લોભને લીધે આજે વિશ્વાસઘાત કર્યો—એમ કહી શેઠાણી એકદમ રોઇ પડી. સાહેબને આ દુષ્ટ ગાડીવાન ઉપર ઘણોજ તિરસ્કાર છૂટયો. શેઠાણીને ધીરજ આપી કે બહેન રોશો મા! હવે તમારે જરા પણ બીવું નહિ, હમણાં તે પાપીની ખબર લઉં છું, આટલામાં ક્યાંક તે હશે તમે તમારા બાળને સંભાળો! બાઇએ બાળક તપાસ્યું તો કાંઇક જીવ હતો, તેની સારવાર કરવામાં ત્યાં શેઠાણી રોકાયાં. સાહેબે તે ગાડીવાનને શોધવા માટે સિપાઇને મોકલ્યો. સિપાઇ બત્તી લઇ ચાલ્યો, ચારેકોર તપાસ કરતાં ઘણે દૂર ગયો, તો એક પથ્થર સાથે વળગેલા માણસને જોયો. તેના પગમાં હાથમાં અને ગળામાં મોટો સર્પ વિંટાઇ સામે ફણા માંડી બે જીભથી બીવરાવતો હતો સિપાઇ તો આ દેખાવ જોઇ ઘણોજ આશ્ચર્યચકિત થયો અને એકદમ દોડી જઇ સાહેબ પાસે આવી એ વાત કરી.

સાહેબ તે સાંભળી ત્યાં જાતે ગયો અને તપાસી જોયું તો નક્કી જણાયું કે, આજ ગાડીવાન હોવો જોઈએ, પણ આવા ચમત્કારી દેખાવથી તો સાહેબને ઘણુંજ આશ્ચર્ય લાગ્યું. પછી ભયંકર ફણા હલાવતા અને બે જીહ્વાવડે બિવરાવતા નાગ સામે આવી હાથમાં ટોપી લઇ હાથ જોડી નાગદેવ પ્રત્યે સાહેબ બોલ્યોઃ—"ધન્ય છે પ્રભુની લીલાને! ઓ દયાળુ નાગબાપા ! આપે ધર્માત્મા શેઠાણીના રક્ષણ માટેજ આ નરાધમને પકડી રાખ્યો છે, તો હે નાગદેવ ! હવે શેઠાણીની વહારે તેનો રક્ષણ કરનાર તેના પુણ્ય યોગે આવી પોહોચ્યો છે. ઓ દયાળુ દેવ! આપ હવે આ કેદ કરેલ ચોરને છુટો કરો; અમે તેને ન્યાયની અદાલતમાં શિક્ષા કરાવીશું અને શેઠાણીનું સંરક્ષણ કરી

તેને સ્વસ્થાને પોંહોચાડીશું." એટલું કહી સાહેબ શિર નમાવી નાગને પગે લાગ્યો, કે તુરતજ તે સર્પ હાથપગ ને ગળામાં દીધેલ ભરડો (બંધન) છોડીને પૂર્વદિશામાં પવનના વેગે ચાલતો થયો. અહાહા! શી કુદરતની કરામત?! સાહેબના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

वने रणे शत्रु जलाग्नि मध्ये । महार्णवे पर्वत मस्तके वा ॥
सुप्तं प्रमत्तं विषमः स्थितं वा । रक्षन्ति पुण्यानि पुरा कृतानि ॥ १४॥

અર્થાત્—વનમાં, રણમાં, શત્રુના સમુહમાં, જળમાં, અગ્નિમાં, મહાસાગરમાં, પર્વતના શિખર ઉપર, ઉંઘમાં, કોઇ પ્રમાદમાં એટલે કોઇ ગફલત-ભુલમાં, વિષમ સ્થિતિમાં; એટલાં સ્થાનોમાં પૂર્વે કરેલું કે આ ભવમાં કરેલું પુણ્ય પ્રાણીઓનું રક્ષણ કરે છે. માટે—

गंधेन हीनं कुसुमं न भाति । दन्तेन हीनं वदनं न भाति ॥
सत्येन हीनं वचनं न भाति । पुण्येन हीनो पुरुषो न भाति ॥ १५ ॥

અર્થાત્—સુગંધ વિનાનું પુષ્પ શોભતું નથી, દાંત વિનાનું મુખ શોભતું નથી, સત્ય વિનાનું વચન શોભતું નથી, અને પુણ્ય વિનાનો પુરૂષ શોભતો નથી.

આ શેઠાણીને પુણ્યે કેવી રીતે બચાવી લીધી!? જોગાનજોગ કેવો આવી ગયો? માટે વિવેકી જનોએ પ્રભુભક્તિમાં વિશ્વાસ રાખવો પણ દુઃખથી વિહ્વળ થઇ ધર્મટેક તજી દેવી નહિ. પછી સાહેબ પેલા ગાડીવાનને લઇ શેઠાણી પાસે આવ્યો, શેઠાણીને સંભાળપૂર્વક ગાડીમાં બેસાડ્યાં, અને સર્વ જણાં ગામમાં ગયાં. સાહેબ પોતાને બંગલે શેઠાણીને લેઇ ગયો, અને પેલા કેદીને ત્યાંના ફોજદારને સોંપ્યો.

હવે આણીગમ શેઠ ઉજાણીના કાર્યથી નવરા થયા, એટલે સર્વ મિત્રો સહિત રાતના આઠ વાગે ત્યાંથી ચાલ્યા. આવા આનંદી દિવસ માટે મનમાં હરખાતા સર્વ મિત્રો રસ્તે આનંદની વાતો કરતા કરતા ચાલ્યા. ગામ નજીક આવ્યું એટલે મિત્રોથી શેઠની ઘોડાગાડી જુદી પડી, પોતાને ઘેર આવી શેઠે જોયું તો શેઠાણી તથા પુત્ર ન મળે, નોકરને પુછતાં જણાયું કે હજી તેઓ આવ્યાં જ નથી. આથી શેઠને ફાળ પડી અને એકદમ ચોતરફ તપાસ કરવા માટે માણસો દોડાવ્યા. શેઠે જાણ્યું કે નક્કી આજ કાંઇ દગો થયો, શેઠાણી તથા પુત્ર પાસે પુષ્કળ ઘરેણાં છે, તેથી કયાંઇ જોખમમાં આવી ગયાં. પણ ગાડીવાન

ઘણો સારો માણુસ છે તેથી શેઠાણીને બહુ મુંજવવા નહિ દે, સહાય કરશે; તો પણ તપાસ તો કરાવવી. પોતાને ખોટનો પુત્ર એકાએક હોવાથી તથા શેઠાણી બહુ ગુણવંતી ભક્તિવંત ને માયાળુ હોવાથી શેઠના મનને જરાયે ચેન પડયું નહિ. તપાસ કરતાંયે પત્તો ન લાગ્યો, ત્યારે શેઠે એકદમ પોલીસને ખબર આપી. પોલીસે ઘણી કાળજીપૂર્વક તપાસ કરાવી પણ પત્તો ન મળવાથી શેઠ ઘણું રોવા લાગ્યા–ઝુરણા કરવા લાગ્યા. શેઠ પોતાના ઘરમાં અફસોસ કરતા બેઠા છે, ત્યાં પેલા સાહેબનો સિપાઇ એક ચીટ્ઠી લઇ આવ્યો. શેઠને ચીઠ્ઠી આપી તેમાં શેઠે વાંચ્યું કેઃ–શેઠજી ! આપની ધર્મપત્ની તથા પ્રાણાધિક લઘુ બાળક અત્રે કુશળ છે, તેમને ઘણી વિષમ સ્થિતિમાંથી બચાવી લેવામાં આવ્યાં છે. પ્રભુએ તેમને બચાવ્યાં છે, નવું જીવન પ્રાપ્ત થયું છે. હવે કશી ફીકર ચિંતા કરવા જેવું નથી. તમારી પરોપકારી ધર્માનુરાગી શુભવૃત્તિનું પુણ્ય ફળ તમને મળી ચુકયું છે. તે સંબંધનો સવિસ્તર હેવાલ મેળાપ થયે રૂબરૂમાં જાણશો. ચીઠ્ઠી વાંચી શેઠના હર્ષનો પાર ન રહ્યો, તરત ઘોડાગાડીમાં બેસી તેજ વખતે સાહેબને બંગલે ગયા. સાહેબે બહુ આદરસત્કાર આપી તેમને યોગ્યાસને બેસાડયા; શેઠાણી પુત્રને લઇ ત્યાં આવ્યાં ને મસ્તક નમાવી બેઠાં. શેઠે વહાલા પુત્રને તેડી લીધો; શેઠાણીના નેત્રામાં આંસુ આવી ગયાં અને બોલ્યાં કેઃ—આ પરોપકારી સાહેબે મને મારા પુત્રસહિત મહા વિષમ પ્રાણાંત કષ્ટમાંથી બચાવી છે–જીવાડી છે. બીજીવાર ખરા શબ્દોમાં કહું તો એ મારા ખરા રક્ષક પિતા છે. તેમણે મારા ઉપર કદી ન ભુલાય તેવો ભારે ઉપકાર કર્યો છે. ત્યાં શેઠે પેલા પોતાના ગાડીવાનને કેદી દશામાં જોયો તેથી આશ્ચર્ય પામી પુછ્યું કેઃ––આને કેમ બાંધ્યો છે ? તેણે સંકટ વખતે શેઠાણીને ઘણી સહાય કરી હશે, એ અમારો જુનો ને સારો નોકર છે. ત્યારે સાહેબે કહ્યું કેઃ—અરે શેઠ! તે પાપીએજ આ બધું સત્યાનાશ વાળ્યું છે તે તમારા જુના નોકરે પ્રાણઘાતકી વિશ્વાસઘાત કરતાં પાછું વાળીને જોયું પણ નથી. પછી સાહેબે શેઠાણીના સંબંધનાં બનેલો સવિસ્તર હેવાલ કહી સંભળાવ્યો. શેઠને બધી વાત સાંભળ્યા પછી તો ગાડીવાન ઉપર ઘણોજ તિરસ્કાર છુટયો; સુભાગ્યે શેઠાણીનો તથા પુત્રનો બચાવ થયો, તે ખાતે સાહેબનો શેઠ બહુબહુ પ્રકારે ઉપકાર માનવા લાગ્યા. ત્યારે સાહેબે કહ્યું કેઃ–એમાં કાંઇ મેં વિશેષ કર્યું નથી, મેં તો મારી ફરજ બજાવી છે.

મનુષ્યે મનુષ્યનું કાર્ય કરવું જોઇએ, એ સર્વની ફરજ છે. શેઠાણીનાં અને તમારાં પુણ્ય સારાં કે આવો જોગાનજોગ આવી મળ્યો! મારા પહેલાં તો તેમને નાગદેવે ઘણી સહાય કરી છે.

પણ આ દુષ્ટે તો કરવામાં કાંઇ બાકી રાખી નથી, આવા મહાપાપીઓ અવશ્ય મરીને નરકેજ જાય છે. કહ્યું છે કે:—**पापेन जीवो नरकेषु यांति । संपूर्ण कष्टं खलु तस्य तत्र ॥** અર્થાત્–"પાપે કરીને પ્રાણીયો નરકમાં જાય છે, અને ત્યાં તેને ઘણું દુઃખ ભોગવવું પડે છે." શેઠ! અમારા દેશમાં વિશ્વાસઘાતના જેવું એકે અન્ય મહાપાપ નથી. આવા લુચ્ચાઓનો કદી પણ વિશ્વાસ કરવો નહિ,ઘરનો ઉંદરજ ઘરનું નખોદ વાળવા તૈયાર થયો. આ પાપીનો તો ન્યાયમંદિરમાં (કોર્ટમાં) કેસ ચલાવીશું તેથી તેના કર્મની વાનગી તેને અત્રેજ મળશે. પાપીને બાળહત્યા તથા સ્ત્રીહત્યા કરતાં લેશ પણ દયા ન આવી, કંપારી ન છુટી; પણ દગાખોર કપટી પાપીના કપાળમાં તો અંતે ડામજ રહ્યા. "**કપટ ત્યાં ચપટ અને કુડ ત્યાં અંતે ધૂડ.**" પાપીએ લોભમાં પડી અધમ કાર્ય કરતાં પાછું વાળી નજ જોયું, લોભરાક્ષસે તેને અંધ બનાવી દીધો. કહેવત છે કે:—**लोभांधा नैव पश्यन्ति ॥** અર્થાત્–લોભમાં અંધ બનેલાઓ કાંઇ પણ જોતા નથી કશો-વિચાર કરતા નથી, અને તે તો ફક્ત **लुब्धानरा अर्थपराहवान्ति ॥** અર્થાત્–લોભીયાઓ અર્થ (ધન) મેળવવામાંજ સદાસર્વદા તત્પર રહે છે–આવા **पशुनांपशुः ॥** નરાધમોને હજાર હજારવાર ધિક્કાર હો! **धिक्कृतं तस्य जीवितम् ॥**

વિશ્વાસ કયાં કરવો અરે ?! હરિગીતછંદ.

વિદ્વાન મૂર્ખ સમગ્ર લોકો લોભમાં લલચાય છે,
છોટા અને મોટા બધા જન લોભને વશ થાય છે;
ઉપર થકી આસ્તિક ઉદાર પરોપકારી થઈ ફરે,
આ વિશ્વના વ્યવહારમાં વિશ્વાસ કયાં કરવો અરે ?! ૧૮
પ્રિય મિત્ર પુત્ર કલત્ર પણ સંબંધ ભુલી જાય છે,
સ્નેહી સહોદર સેવકો તે દુષ્ટ મનનાં થાય છે;
પામી પરાભવ પ્રીતિમાં ભોળા જનો નયનો ભરે,
આ વિશ્વના વ્યવહારમાં વિશ્વાસ કયાં કરવો અરે ?! ૧૯
અધિકારીઓ અધિકારમાં અવળું કરે અંધા થઇ,

આનંદ માની લે સદા પરધામધન લુંટી લઇ;
સંબંધીઓ ને સ્નેહીઓ પણુ પાપમાં પગલાં ભરે,
આ વિશ્વના વ્યવહારમાં વિશ્વાસ કયાં કરવો અરે ? ! ૨૦

પછી સાહેબે શેઠાણીને તથા પુત્રને શેઠને હવાલે કર્યા, અને પેલા દુષ્ટ ગાડીવાનને ફોજદારને સ્વાધીન કર્યો. સવારે તેનો કોર્ટમાં કેસ ચાલ્યો, શેઠ પણુ કોર્ટમાં હાજર થયા હતા. ઘણા સવાલજવાબો થયા પછી તેને સખત મજુરી સાથે દશ વર્ષની સજા (કેદ) નો હુકમ થયો. અને આવા અધમ કાર્ય માટે ન્યાયાધિશે પણુ તેને ઘણું કહ્યું ને ધિક્કાર આપ્યો. દસ વર્ષનો જુનો નોકર થઇ તને આ ઘાતકી કાર્ય કરતાં કાંઇ પણુ વિચાર કેમ ન થયો ? અને શેઠનો વંશોચ્છેદ કરવા તૈયાર થયો! વગેરે કહ્યું. ન્યાયાધિશને પણુ આ બનાવથી ઘણોજ ત્રાસ છુટયો. પછી શેઠ સ્વસ્થાને ગયા અને પેલા કેદીને જેલમાં લઇ જવામાં આવ્યો.

પ્રિય વાંચનાર ! આ દૃષ્ટાંત અત્રે પૂર્ણ થાય છે, આમાંથી આપણુને શીખવાનું ને સમજવાનું ઘણું મળી આવે છે. આ દૃષ્ટાંતનો **સાર** એ છે કેઃ-દુનિયામાં દુઃખનો ઉદય કેવો અણુચિંતવ્યો થઇ આવે છે ! તે વખતે પ્રભુનું શરણુ કેવું સુખદાયક થાય છે ? જેનાં પુણ્ય મોટાં છે, તેને ગમે ત્યાંથી પણ દુઃખના સમયમાં ઓચિંતી સહાયતા મળી આવે છે. કહેવત છે કેઃ-જેને **રામ રાખે તેને કોણુ ચાખે ?** વિપત્તિકાળમાં પણ ધૈર્યને નહિ તજનારા અને પ્રભુનું શરણુ એકચિત્તે ગ્રહનારાનું દુઃખ અવશ્ય નાશ થાય છે. કહ્યું છે કેઃ—

સ્રગ્ધરા વૃતમ્.

नो रोगा नैव शोका न कलहे कलनानारिमारिप्रचारा ।
नो व्याधिर्नासमाधिर्नचदरदुरिते दुष्ट दारिद्रता नो ॥
नो शाकिन्यो ग्रहानो न हरिकरिगणा व्यालवैतालजाला ।
जायन्ते पार्श्वचिंतामणि प्रतिवसतां प्राणिनां भक्तिभाजाम् ॥

અર્થાત્—શ્રીપાર્શ્વચિંતામણિનું શરણુ ગ્રહનારને રોગ શોક કલેશ મારમારકી વ્યાધિ અસમાધી ભય પાપ કષ્ટ દારિદ્રતા ડાકીની-શાકીની ગ્રહો સિંહ હાથીઓ સર્પ વૈતાલ વગેરેનાં ભયંકર દુઃખો નાશ થાય છે. માટે હમેશાં પ્રભુનું શરણુ ગ્રહણુ કરવુંજ ઇષ્ટ છે. વળી

બીજો એ પણ સાર નીકળે છે કે:—લોભ પ્રાણિયોની બુદ્ધિ બગાડે છે, ન કરવાનું કરાવી મહાઅનર્થકારી ક્રૂર પાપ કર્મો કરાવે છે વિશ્વાસઘાત કરાવે છે; જેમ પેલો દુષ્ટહરામી ગાડીવાન લોભને લીધે શેઠાણીનો પ્રાણ લેતા અચકાયો નહિ. વગેરે આ દૃષ્ટાંતમાંથી મુમુક્ષુવર્ગને ઘણું શીખવાનું મળી આવે છે. માટે હમેશાં સુખાભિલાષીજનોએ તો સદા સર્વદા શ્રી સર્વજ્ઞ વિતરાગ પ્રભુનુંજ શરણ અંગીકાર કરવું. (૫૧)

भोभोजना ! स्तरितु मेव भवार्णवस्य ।
वांछास्ति चेत्तदिह कीर्तिकलंककारीम् ।।
निंदामलंत्यजत सद्गुणवित्तहारी ।
संसारसागरसुवृद्धिकरीं परेषाम् ।। ६२ ।।

અર્થ—હે જનો ! આ સંસારરૂપી મહાસાગર તરવાને માટે જો તમારી ઈચ્છા થતી હોય, તો જરૂર તમે પારકી નિંદા તો પરિહાર-ત્યાગ કરજો; કારણ કે તે પારકી નિંદા કેવી છે ? તો કે કીર્તિરૂપી લક્ષ્મીને અત્યંત કાલુષ્ય એટલે મલિન કરનારી, તથા ઉત્તમ પ્રકારના સદ્દગુણોને ધોઇ નાંખનારી, એટલે સમસ્ત સદ્દગુણકદંબનો નાશ કરનારી, તથા સંસાર રૂપી સાગરની અત્યંત અભિવૃદ્ધિ કરનારી છે. માટે મોક્ષાભિલાષી મનુષ્યોએ તો જરૂર પરનિંદાનો પરિહાર કરવોજ જોઇએ. (૫૨)

ભાવાર્થ—નિંદા એ એક મોટી રાક્ષસી છે, જેમ રાક્ષસી જેને વળગે છે, તેને મહાભારે પીડા ઉત્પન્ન કરે છે, શરીરને શુષ્ક બનાવી દે છે, લોહી ચુસી લેછે, બેભાન બનાવે છે, ઉન્મત ગાંડા બનાવે છે, અનિર્વચનો એટલે નહિ બોલવા લાયક વચનો વદાવે છે, સત્યને ભૂલાવે છે, પેટને ફૂલાવે છે, દુઃખમાં ડૂલાવે છે, ચિત્તને ચકડોલે ચડાવે છે, અને બહુબહુ પ્રકારે હેરાન કરે છે. સ્નેહીસંબંધી સાથે લડાવે છે, ચક્ષુઓમાં ભયંકરતા દેખડાવે છે, વગેરે અનેક પ્રકારે દુઃખ દેછે. લોકમાં સર્વ વગોવાડો કરતાં રાક્ષસીનો અને વંત્રીનો

વળગાડ વિશેષ ભયંકર ગણાય છે, તે જેને વળગે છે તેને દુષ્ટ રીતે પાયમાલ કરી ઘણું નુકશાન પહોંચાડે છે, અને મહા હેરાનહેરાન કરે છે. તેને કોઇ ખરો ઉસ્તાદ મળે, તોજ તે એ બલા-આપદામાંથી નીકળે છે, નહિતો આખી જીંદગીનું સાલ સમજવું. તેમ નિંદા પણ એક મોટી ભયંકર રાક્ષસી છે, આત્માના અનેક દુર્ગુણમાંનો એ પણ એક મોટો દુર્ગુણજ છે, આત્માને અધોગતિમાં ઉતારવામાં બીજા દુર્ગુણો કરતાં નિંદાની સત્તા કાંઇ ઓછી નથી! એ પણ મહામોહરાજાનું સરટીફિકેટ મેળવી પહેલે નંબરે પાસ થયેલી મોહરાજાની માનિતી પટરાણી છે. મતલબ કે તે નિંદારાક્ષસીને ઉપર કહેલાં બધાં વાક્યો લાગુ પડે છે. નિંદા એ દુર્જનતાનું લક્ષણ છે, આ ત્રણ ભુવનમાં એવો કોઇપણ મનુષ્ય ભાગ્યેજ હશે, કે જેને નિંદા રાક્ષસી નહિ વળગી હોય ! અર્થાત્ સર્વને ઘણાખરાને તે વળગેલી છે. ફક્ત ઉત્તમ પુરૂષોજ તેનાથી દૂર રહે છે. કહ્યું છે કે:--

असंख्या परदोषज्ञा। गुणज्ञाश्चैवकेचन ॥
स्वयंमेव स्वदोषज्ञा। विद्यते यदि पंचषां ॥१७॥

અર્થાત્—જગતમાં પારકા દોષ જોનારા તો અસંખ્ય છે, પણ પારકા ગુણ જોનારા તો ઘણાજ વિરલા છે; તેમાં વળી પોતાના દોષો પોતેજ જાણનારા પુરૂષ તો પાંચ છજ છે. મતલબકે નિંદા એ આજકાલ સામાન્ય વ્યાપાર હોય એવું થઇ પડયું છે, પણ એ વ્યાપારમાં કેટલી ખોટ અને કેટલું હાંસલ છે, તેને તોળવાનું કયાસ કરવાનું તે વ્યાપારથી અલગ રહેનારા સંતોજ સમજે છે. સંતોનો સ્વભાવ રાજર્ષિપ્રવર શ્રીભર્તૃહરિએ વર્ણવ્યો છે કે:—**માલિનીવૃત.**

मनसिवचसिकाये पुण्यपीयूषपूर्णा-
स्त्रिभुवनमुपकारश्रेणिभिः पूरयन्तः ।
परगुणपरमाणून्पर्वतीकृत्य नित्यं ।
निजहृदिविकसंत संतिसंतः कियंतः ॥१८॥

અર્થાત્—મન વચન અને કાયાને વિષે પુણ્યરૂપી અમૃતથી પૂર્ણ બનેલા પુણ્ય કરે છે પણ પાપ કરતા નથી, અને ત્રણ ભુવનને અનેક ઉપકારની શ્રેણીથી પ્રીતિ પમાડતા એવા સંત પુરૂષો પરના પરમાણુ જેટલા જરા ગુણને પણ પર્વત તુલ્ય કરી હમેશાં પોતાના

હૃદયને વિકાશ પમાડે છે. એવા કેટલાક સંત મહાત્માઓ આ ભૂમંડળમાં વિચરે છે. પણ તેથી ઉલટા ગુણવાળા એટલે પારકાના દોષોજ જોવાવાળા પામરજીવો પરનિંદા કરવામાંજ અહોનિશ તત્પર રહી તેમાં આનંદ માને છે; એવા દુર્જનો તો આ અવનિમાં બહુજ અપાર છે. નિંદા કરવાથી કાંઇ સામા માણુસનો અવગુણ ઘટી જતો નથી, પણ નિંદા કરનારને તો કર્મનો કિલ્લો મજબુત બંધાય છે. પરનિંદા કરનારા પોતાના દોષો સામું તો ભાગ્યેજ જુએ છે! કહ્યું છે કેઃ—

કવિત.

અપના ન દોષ દેખે, પરના અવગુણ પેખે,
દુષ્ટકો સ્વભાવ ઊઠી પરનિંદા કરત હે;
જેસે કોઇ મહલ સંવારી રાખ્યો નિકો કરી,
કિરી તહીં જાય છીદ્ર ઢુંઢત ફિરત હે;
ભોર હી તે સાંજલગે સાંજ હી તે ભોર લગે,
સુંદર કહત દિન એસે હી ભરત હે;
પાંવકે તરેકી નહિ સુજે આગ મુરખકું.
ઓરકું કહત તેરે શીરમેં બરતુ હે. ૨૧

અર્થાત્—પરનિંદામાંજ રતિ—આનંદ પામનારા દુર્જનોને એવીજ કુટેવ પડેલી હોય છે કે, સામા મનુષ્યોમાં હજારો ગુણ હોય તેના સામું નહિ જોતાં તેના અવગુણ સામેજ જુવે છે. જેની આંખમાં કમળાનો રોગ હોય છે, તે સર્વ જગતને પીળું જ દેખે છે.

કમળા તણા રોગથી જેનાં નેત્ર પ્રભુ પીળાં રહે,
તે સાવ ધોળા શંખને શું પીતવરણો નહિ કહે?! ૨૨

તેમ દુર્જન પણ સામાના ગુણને અવગુણ રૂપે જ જુવે છે. અને પોતાની મહત્તાઇ-મડાઇ જણાવે છે. પોતાને ન ગમતું હોય, તેની નિંદા કરે છે, અને ગમતાની સ્તુતિ—વખાણ કરે છે. આપણી એવી સામાન્ય પ્રથા પડી રહેલી છે, કે પોતાને કાંઇક નુકશાન થાય કે તુરત જ તેની નિંદા કરવા માંડશે. અથવા તો સજ્જનનો સદ્ગુણ નહિ સાંભળી-સાંખી શકવાથી તથા નહિ જોઇ શકવાથી, સામાના સદ્ગુણ હશે તો પણ તેમાંથી દુર્ગુણ ગોતીને તેની નિન્દાજ કરશે.

इंदुं निंदति तस्करो गृहपतिं जारः सुशीलं खलः ।
साध्वीमप्यसती कुलीनमकुलो नूनं जरं तं युवा ॥
विद्यावंतमनक्षरो धनपतिं नीचश्च रूपोज्वलं ।
वैरुण्यने हतः प्रबुद्धमबुधः कृष्टांनिकृष्टोजनः ॥ १९ ॥

અર્થાત્—ચંદ્રને ચોર નિન્દે છે, ગૃહપતિને વ્યભિચારી નિંદે છે. સુશીલને ખળ–દુષ્ટ નિંદે છે. કુળવાન સાધવી સતીસ્ત્રીને અસતી દુષ્ટા–કુલટા નિંદે છે, કુલીનને નીચ કુળવાળો નિંદે છે, વૃદ્ધને યુવાન નિંદે છે. વિદ્વાનને મૂર્ખજન નિંદે છે, લક્ષ્મીવાનને દરિદ્રી નિંદે છે, સ્વરૂપવંત રૂપાળાને કદરૂપો–બદસીકલ નિંદે છે. જ્ઞાનીને અજ્ઞાની નિંદે છે, અને સદાચારી સાધુપુરૂષને અનાચારથી ભ્રષ્ટ થયેલા કુસાધુ નિંદે છે. આમ અરસપરસ નિંદા રૂપી રાક્ષસી સર્વત્ર ફરી વળી છે, અને સર્વને પોતાની સત્તા તળે દબાવી દીધા છે. તેમાં વળી વિશેષે કરીને આજકાલ ધર્મને બાહાને તો અતિશય નિંદા વધી પડી છે. ધર્મને નામે અનેક નિન્દાનાં લખાણો પ્રકટે છે. એક બીજાના સાધુની નિંદા કરે છે, તેથી ધર્મને બાને અનેક નિંદાકારી ઝગડા ઉત્પન્ન કરે છે. તેઓ અન્યોઅન્ય બોલે છે કેઃ–“મારો જ ધર્મ સાચો છે, તમારો ધર્મ ખોટો છે, તમારા શાસ્ત્રમાં તો બધા ગડબડગોટાજ ભર્યા છે. કપોલકલ્પિત ગ્રંથો બનાવી તમારા ધર્મગુરૂઓએ તો નરી ગપજ ચલાવી છે, ભોલા લોકોને ભરમાવી ઇંદ્રજાળમાં ફસાવી પાડયા છે, તમારા પ્રભુ એ પણ સારા નહિ! તે તો આવા છે ને તેવા છે, તેમાં તો અનેક અવગુણ ભરેલા છે. માટે તમારા પ્રભુ એ ખોટા અને તમારો ધર્મ પણ ખોટો, તમારાં શાસ્ત્રો પણ સઘળાં ખોટાં છે, માટે તમારો ધર્મ આદરવા જોગ નથી; પણ સમશાન ઘટની પેઠે સર્વથા વર્જનીયજ છે. ધર્મ તો બસ અમારો જ શ્રેષ્ઠ ને ખરો છે, અમારા પ્રભુ ઉંચામાં ઉંચા છે, અમારાં શાસ્ત્રોમાં કોઇ પ્રકારનો લેશ માત્ર પણ દોષ મળેજ નહિ. અમારા સાધુ પણ સર્વ ધર્મ કરતાં શ્રેષ્ઠ કરણીના કરવા વાળા છે, ઉત્તમ છે, તેના સમાન કોઇ નથી. મોક્ષ પણ અમારામાંજ છે, માટે મોક્ષગતિ જોઇતી હોય તો, અમારા પ્રભુને ભજો, અને અમારા ધર્મમાંજ આવો.” એમ અરસપરસ બોલે છે, અતિ નિંદા કરે છે, એક બીજાના દેવગુરૂ અને ધર્મને ગાળો દે છે; એટલુંજ નહિ પણ કોઇ વખત તો તેમાંથી મોટી ભારે મારામારીની

ઝપાઝપી ચાલે છે, અને વખતે ખુન પણ થઇ જાય છે. એમ નજીવી બાબતમાં તેનો કેસ કોર્ટે પણ ચડે છે, લાખો રૂપૈયાનું પાણી કરે છે વકીલોને અને કોર્ટોને તો એક જાતની કમાણી જાગે છે. કહ્યું છે કેઃ—

મનહર છંદ.

રોગ કરે ભોગ ત્યારે, વૈદ્યને વિશેષ લાભ,
દેશભંગ થતાં બેસે કોળી તો કમાઇને;
પડે જો દુકાળ, રળે દાણાના દુકાનદાર,
લડે જો ભૂપાળ લાભ સો ગણો સિપાઇને;
માનવીઓ મરે ત્યારે, ભલો લાભ ભંગીઆને,
અને અવતરે ત્યારે દામ મળે દાઇને;
દાખે દલપતરામ લડે લોક ઠામઠામ,
ભલો લાભ તે સમે મળે વકીલ ભાઇને. ૨૩
મારો દેવ સાચો અને, તારો દેવ તૂતેતૂત,
મારો દેવ સ્વદેહેથી સ્વર્ગમાં પોંચાડે છે;
મારો દેવ તારશે ને, બુડાડશે તારો દેવ,
મારીતારી કરી મોટા જંગને મચાવે છે;
ધર્મના તોફાને કાઢયું સત્યાનાશ સંપ કેરૂં,
ટીલાં કંઠી ભસ્મ માટે લાખોને લડાવે છે;
બુદ્ધિ બળ દ્રવ્ય નહિ, હિંદના ઉદ્ધાર માટે
એકમેક છાનાં છિદ્ર ઉઘાડી વગોવે છે. ૨૪

દુહો—કુસંપથી કજીયા વધ્યા, વધ્યા રાગ ને દ્વેષ;
ધર્મદીપ ઝાંખી કરી; દુઃખી બનાવ્યો દેશ. ૨૫

એવી લડાઇઓમાં છેવટે બે વચ્ચે ત્રીજો ફાવી જાય છે. સ્વતંત્ર સત્તાને પરાધિનતાના કારાગ્રહમાં પકડાવું પડે છે; એટલે સરકારી સત્તા તળે દબાવું પડે છે. જેને રૂપાંતરમાં જપ્તી કહે છે, તે કાયમને માટે પેશી જાય છે, અને ધાર્મીક મુકામો ઉપરથી સેવકોનો હક પણ ઉઠી જવાનો માઠો વખત આવે છે. જોયું ! નિંદાનું પરિણામ કેવું ફળદ્રુપ નિવડયું ?! મોક્ષનો દરવાજો કેનો ખુલ્યો ? એકબીજાના પ્રભુને નિંદવાથી અગર ગાળો દેવાથીજ શું પોતાના પ્રભુ ઉંચા અને

પારકાના નીચા ઠરી જતા હશે વારૂ ? પ્રભુને જાણે પોતેજ વેચાતા લીધા હોય નહિ ? અગર પોતેજ જાણે મોક્ષનો ઇજારો લીધો હોય નહિ ! કે જેથી પોતાનું સર્વ સારૂં અને પારકાનું સર્વ ખોટું એમ વદે છે. પણ સર્વજ્ઞ શ્રીજીનેશ્વર પ્રભુએ, સર્વમાં કાંઇ નહિ ને કાંઇ પણ સત્ય તો જોયેલુંજ છે; પણ ગુણદૃષ્ટિથી જુએ, તોજ સાર મળી આવે. દાખલા તરીકે જૈનેતર ગ્રંથોને સમભાવી સમકિતદૃષ્ટિથી વાંચે, તો તે સર્વ સમકિત સૂત્ર થઇને પરગમે; પણ સમકિત સૂત્રને વિષમભાવીમિથ્યાત્વદૃષ્ટિથી વાંચે, તો જૈનનાં સૂત્રો પણ મિથ્યાત્વરૂપ થઇ પરગમે.

માટે સર્વ સારૂં યા નરસું એ પોતાની વૃત્તિ ઉપર આધાર રાખે છે. આજકાલ સર્વના હૃદયમાં દુર્યોધન ભરાઇ બેઠો છે, તેથી એકબીજાના પ્રભુને નિંદે છે, પણ તે અવિવેકી નિંદકોને એટલી પણ ખબર નથી, કે જેમ એક પિતાના બે પુત્રો ગાળાગાળીપર આવી પોતાનાજ પિતાને ગાળો આપે, તેમાં કોને ગાળ પડે ને કોને ન પડે; અર્થાત્ એ તો પોતાના તીર્થરૂપ પિતાનેજ ગાળો પડે છે. એક પતિની બે સ્ત્રીઓ અન્યોઅન્ય લડે, તારૂં ભૂંડું થજો, નખોદ જજો, વગેરે ગાળો દઇ શાપ આપે; તો તે શાપ પોતાના પતિનેજ શિર પડે છે, તેની તે કુલટાઓને કયાંથી માલુમ પડે ? ! મતલબ કે, એક બીજાના ધર્મની નિંદા ન કરવી. પણ સદા સત્ય બાબતનું પ્રતિપાદન કરતાં, અસત્ય આપોઆપ તરી આવે છે. જેમકે, પ્રભુ કોણ અને કેવા હોય ? સર્વજ્ઞ પ્રભુનો ધર્મ શું ? અને તે ધર્મ પાળવાથી લાભ શો ? એ પ્રશ્નોના ઉત્તરમાં દરેક મતાવલંબીઓએ પોતાની ઇચ્છાનુકુળ માની પોતાના ધર્મસ્થાનકોમાં જેવાં કે મંદિરમાં, હવેલીમાં, દેરાસરમાં અને મહાદેવ માતા વગેરેનાં દેવાલયોમાં, મઠમાં કે મસીદમાં વગેરે મકાનોમાં બેસારેલા તેજ પ્રભુ ! એવો અર્થ કરવાનો નથી. ત્યારે પ્રભુ કોણ ? અઢાર દોષરહિત, સ્ત્રીસંગથી વિરક્ત કામ ક્રોધ લોભ મોહ મદ મત્સર માયાથી મુક્ત, રાગદ્વેષથી રહિત, જેણે કોઇ પ્રકારનું ભયકારી ધનુષબાણ વગેરે શસ્ત્ર રાખેલ નથી, જેની મુખમુદ્રા ઉપર પરમશાંતિ છવાઇ રહી છે, તથા સર્વને સુખકારી એવા તથા પોતાના અનુયાયી ઉપર સ્નેહ લાવે ને પારકા ઉપર દ્વેષ લાવી શાપ નહિ દેનારા, પૃથ્વીની પેઠે ક્ષમાધર મહાદયાળુ વગેરે ગુણોથી યુક્ત હોય તે પ્રભુ છે. તેને માટે કહ્યું છે કેઃ—

भुजंगवृतम्.

जुगुप्साभयाऽज्ञानानिद्रा विरत्य, गभूहास्य शुग्द्वेष मिथ्यात्वरागैः॥
नयोरत्यरत्यंतरायैः सिषेवे। सएकःपरात्मागतिमेजिनेंद्रः ॥२०॥
हृषीकेशविष्णो जगन्नाथजिष्णो, मुकुंदाच्युत श्रीपते विश्वरुप ॥
अनंतेति संबोधितो योनिराशैः सएकः परात्मागतिर्मेजिनेंद्र ॥२१॥
नशूलनचापंनचक्रादि हस्ते, नहास्यं नलास्यं न गीतादियस्य॥
न नेत्रे न गात्रे न वक्त्रे विकारः सएकः परात्मागतिर्मेजिनेंद्र॥२२॥
न पक्षी न सिंहो वृषो नापिचापं, न रोषः प्रमादिजन्मा विडंबः ॥
न निंद्यैश्चरित्रैर्जनेयस्यकंपः सएकः परात्मागतिर्मेजिनेंद्र ॥२३॥
न गौरी न गंगा न लक्ष्मीर्यदीयं, व मुर्वाशिरो वा प्युरो वा जगाहे॥
यमिच्छाविमुक्तं शिवश्रीस्तु भेजे, सएकः परात्मा गतिर्मेजिनेंद्र॥२४॥
महाब्रह्मयोनि महासत्वमूर्ति-र्महाहंसराजो महादेव देवः ॥
महामोहजेता महापंथनेता, सएकः परात्मा गतिर्मे जिनेंद्र ॥२५॥
न यो बाह्यसत्वेन मैत्रींप्रपन्नस्तमोभिर्ननो वारजो भिःप्रणुन्न ॥
त्रिलोकीपरित्राणनिस्तंद्र मुद्रः सएकः परात्मा गतिर्मेजिनेंद्र ॥२६॥
विधि ब्रह्मलोकेश शंभु स्वयंभु चतुर्वक्त्र मुख्याभिधानाविधानम् ॥
ध्रुवोऽथोयऊचे जगत्सर्गहेतुः सएकः परात्मा गतिर्मेजिनेंद्रः ॥२७॥

અર્થાત્—જેને નિંદા, ભય, અજ્ઞાન, નિદ્રા, અવિરતી, કામ, હાંસી, શોક, દ્વેષ, મિથ્યાત્વ અને રાગમોહ નથી. તથા રતિઅરતિ અંતરાય આદિ કર્મોથી રહિત છે-એવા એક જીનેંદ્રજ પરમાત્મા ખરા પ્રભુ છે. અને તેજ સદા મારી ગતિ હો. અર્થાત્ તેનુંજ શરણુ હો. (૨૦) જે હષીકેશ, વિષ્ણુ, જગન્નાથ, જીન, મુકુંદ, અચ્યુત, શ્રીપતિ, વિશ્વનાથ, વગેરે ભજનાનંદી ભવ્યજનોથી અનંત નામોથી સંબોધાયલ છે-બોલાવાયલ છે; એવા એક જીનેંદ્ર પરમાત્મા પ્રભુ છે, અને તેજ સદા મારી ગતિ હો. (૨૧) જેના હાથમાં ત્રિશૂલ નથી, ધનુષ્યબાણુ નથી, ચક્ર ગદા નથી, હાસ્યવિનોદ નથી, નૃત્યગાન વગેરે નથી, વળી જેને નેત્રમાં, ગાત્રમાં, મુખમાં, વિકાર (ક્રોધાદિક ભાવો) નથી; તેજ પરમાત્મા ખરા પ્રભુ છે, અને તેજ પ્રભુ સદા

મારી ગતિ હો; (૨૨) વળી જેને કોઇ પક્ષી, સિંહ, વૃષભ ચાપનાં આસનો નથી, તથા રોષ પ્રસાદ આદિની જેને વિટંબના નથી, જેનાં નિંદ્યકાર્યોથી માણસોના હૃદયમાં કંપારી છુટતી નથી, તેવા એકજ પરમાત્મા ખરા પ્રભુ છે. તે પ્રભુ સદા મારી ગતિ હો. (૨૩) વળી જેને પડખાના ભાગમાં ગૌરી, શિરો ભાગમાં (મસ્તક ઉપર) ગંગા અને ઉરસ્થળમાં (સાથળ ઉપર) લક્ષ્મી બેઠેલી નથી. મતલબ કે જે સ્ત્રીસંગથી તદ્દન વિરક્ત છે. તથા કોઇ પ્રકારની આશા (તૃષ્ણા) રાક્ષસી જેને પીડતી નથી, અને જે શિવશ્રી (મોક્ષરૂપી અક્ષય લક્ષ્મી) નેજ સદા ભજે છે; તેજ ખરા પરમાત્મા પ્રભુ છે. એવા શ્રી જીનેંદ્ર પ્રભુજ સદા મારી ગતિ હો. (૨૪) વળી જે મહાબ્રહ્મ જ્ઞાન સ્વરૂપ, મહા તેજવંત જેની મૂર્ત્તિ છે, માનસરોવરવાસી મહા-હંસરાજ સમાન વળી મહાદેવના દેવરૂપ, મહામોહનીયકર્મને પણ જીત-નારા, જૈનશાસ્ત્રમાં કહેલા આઠ કર્મોમાં તે મોટું, આત્માને મહા હાનિકારક તથા મહાબળવાન છે; માટેજ શ્રી જીનેંદ્રદેવે ભાર દઇને વર્ણવેલું છે–કહેલું છે, કે એક મોહનીય કર્મ જીતવાથીજ બીજાં કર્મો જીતી શકાય છે. મતલબ કે એક ચોથું મોહનીય કર્મ જીત્યું એટલે બાકીનાં સર્વ કર્મો જીતાયલાંજ છે. માટે જે પુરૂષે એવા મહામોહ-નીય કર્મને જીત્યું છે, તે મહાપુરૂષ છે. અને મહાન મોક્ષપંથને દેખાડનારા છે. ભવ્ય જીવોને સદુપદેશ આપી મોક્ષમાર્ગને વિષે દોર-નારા છે. તે સર્વજ્ઞ જીનેંદ્ર મહાપુરૂષજ પ્રભુ છે. અને એવા શ્રી જીનેંદ્ર પ્રભુજ મારી સદા ગતિ હો! (૨૫) વળી જે પ્રભુ બાહ્ય ભાવથી કોઇ સંઘાતે ભાઇબંધી દોસ્તી બાંધતા નથી; તથા કોઇની સાથે વૈરવિરોધ પણ બાંધતા નથી, તથા જે અજ્ઞાનરૂપ મહા અંધ-કારથી, ને કર્મરૂપી રજથી ઢંકાયલા નથી, ત્રિલોકના નાથ છે, સકળ ભવ્ય જીવોની રક્ષા કરનારા છે, અને અભવ્યોની ઉપર પણ તે દયા કરનાર છે, વળી જેને આળસ અને નિદ્રાનો તો સમુળગો નાશજ થયેલો છે; તે પરમાત્માજ ખરા પ્રભુ છે તે સદા મારી ગતિ હો! (૨૬) વળી જે બ્રહ્મા, લોકેશ, શંભુ, સ્વયંભુ, ચતુર્ભુજ પ્રમુખ અનેક નામો-ને ધારણ કરે છે, અર્થાત્ જે અનેક નામોથી બોલાય છે, જે નિશ્ચય છે, જગતના શરણરૂપ છે, એવા શ્રી પરમાત્માજ ખરા પ્રભુ છે. એવાજ શ્રી સર્વજ્ઞપ્રભુ સદા મારી ગતિ હો. (૨૭)

મતલબ કે આવા મહાન ગુણોથી યુક્ત હોય, તેજ પ્રભુ સત્ય છે, મોક્ષ-દાતા છે, નિર્ભય કરનાર છે. પણ પોતેજ સ્ત્રી વગેરેના સંગી હોય ઉપા-

ધિના બંધનમાં બંધાયલ હોય, તે અન્યને મુક્તિ સુખ કેમ ચખાડી શકે?! માટે ઉપર જણાવેલા સદ્દગુણવાલા પ્રભુને ભજો ને અયોગ્ય આચરણોને તજો; તો અવિચળ શાંતિ સુખને સજો. પણ ઝગડા કરવાથી એક બીજાની નિંદા કરવાથી, કાંઇ ઉંધનીચપણું ઠરી જતું નથી. નિંદાનું પરિણામ કદાપિ સારૂં આવતું નથી નિંદા તો સદ્દગુણરૂપી વનને બાળનારી છે, અધોગતિમાં ઉતારનારી છે. પણ દુર્યોધનવૃત્તિ હોય, ત્યાં સુધી તો પરના અવગુણજ જોવામાં આવે છે. દાખલા તરીકે જેમકે:-એક વખત દુર્યોધનને શ્રીકૃષ્ણ મહારાજે કહ્યું કે: તમો આજે ગામમાં જાઓ અને આપણી આ દ્વારકા નગરીમાં કેટલા ગુણી છે? તેની નોંધ લઇ આવો; પછી શ્રીકૃષ્ણના વચનને માન આપી દુર્યોધન તુરતજ ગામમાં ગયો. આખો દિવસ બધા ગામમાં ફર્યો દરેક ચૌટે ચકલે અને શેરીએ મહોલ્લે મનુષ્યોને જોયા, પણ કોઇ મનુષ્યમાંથી તેને ગુણ મળ્યોજ નહિ; જયાં જુવે ત્યાં એકાદ અવગુણ તો તેના જોવામાં આવેજ, પણ કોઇ તદ્દન ગુણી તો તેને આખી નગરીમાં એક પણ જોવામાં આવ્યો નહિ. છેવટે સાંજે આખી નગરીમાં એકે ગુણી નથી એમ નિશ્ચય કરી પ્રભુને ખબર આપ્યા કે, હે પ્રભુ! હું શું કહું? આપની આજ્ઞાનુસાર સમસ્ત નગરમાં ઘણો પરિશ્રમ લઇ તપાસ કર્યો, પણ આખી નગરીમાં એકે ગુણી નથી, જયાં જોઉ ત્યાં દરેકમાં એક તો અવગુણ હોય હોયને હોયજ! પછી બીજે દિવસે અર્જુનને આખી નગરીમાંથી અવગુણી ગોતવાની આજ્ઞા કરી. તે પણ આખી નગરીમાં તેજ પ્રમાણે ઘણો પરિશ્રમ લઇ ગલીએ ગલીએ અને ચૌટે ચકલે ફર્યો, ખુબ તપાસ કર્યો, પણ તેને એકે અવગુણી નજ મળ્યો, પછી તેણે સંધ્યાકાળે તે ખબર આપી! પછી શ્રીકૃષ્ણજીએ કહ્યું કે:-ખરૂં છે કે આ જગતમાં જે ગુણી છે, તે ગુણજ ગોતે છે, અને અવગુણી અવગુણજ ખોળે છે. પછી દુર્યોધનને કહ્યું કે:-હે દુર્યોધન! તમો ખરેખર ઊંટ સમાન છો. ત્યારે દુર્યોધને કહ્યું કે:-તે કેવી રીતે? મને સંભળાવો ને સમજાવો! શ્રીકૃષ્ણ બોલ્યા:-સાંભળો! એક વખતે કોઇ એક વગડામાં ઊંટ ચરતો હતો, તેવામાં એક જાળાની ઓથે સંતાએલા શીયાળને જોઇ ઊંટે મોઢું મરડયું, અને મનમાં કાંઇ લજવાયું હોય એમ દેખાયું. ત્યારે શિયાળે પૂછયું કે, મામા! મોઢું કેમ મરડયું! ઊંટ બોલ્યો કે:-અરે દુર્ભાગી તારા જેવા કઢંગા કદરૂપા અને કતીબડા જાનવરોને જોઈ જોઇ હું

તો હવે લજવાઇ મરૂં છું, આવાને આવા દુનિયામાં તમો કેટલાંક છો ? ત્યારે શિયાળે કહ્યું, મામા ! અમારાં જેવાં તમે કેટલાંક જોયાં? ગણાવો તો ખરા ! પછી ઊંટે મોઢું મચકોડીને રોષ પૂર્વક કહ્યું કે:-

મનહર છંદ.

ઊંટ કહે આ સમામાં વાંકા અંગવાળા ભુંડા,
ભૂતળમાં પશુઓ ને પક્ષીઓ અપાર છે;
બગલાની ડોક વાંકી પોપટની ચાંચ વાંકી,
કુતરાની પૂછડીનો વાંકો વિસ્તાર છે;
વારૂણની સૂંઢ વાંકી વાઘના છે નખ વાંકા,
ભેંસનાં તો શીંઘ વાંકાં શીંગડાંનો ભાર છે;
સાંભળી શિયાળ બોલ્યો દાખે દલપતરામ,
"અન્યને તો એક વાંકું આપનાં અઢાર છે." ૨૯

એટલું બોલી શિયાલ ચાલતો થયો. મતલબ કે પોતાના નખ-શીખ સુધી હજારો દોષો ભરેલા હોય, છતાં સામાનાજ અવગુણ ગોતે છે. પણ નિંદાનો ત્યાગ કરી ગુણગ્રાહીવૃતિ થશે, ત્યારે આ આત્માને શિવશ્રી પ્રાપ્ત થશે

(૫૪) ક્ષમાવંત બાળસાધુ કુરઘટ મુનિનું દૃષ્ટાન્ત.

વૈરી જીવોની ઉપર પણ નિત્ય દયા રાખનાર, કુરઘટ સાધુની પેઠે મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત કરે છે. કોઇ ગચ્છને વિષે શ્રીધર્મઘોષસૂરી નામે આચાર્ય થઇ ગયા, તે એકદા પૃથ્વી ઉપર બોધ દેતા દેતા લક્ષ્મીપુર નામના નગરને વિષે ગયા. ત્યાં અનેક ભવ્યજીવો ધર્મોપદેશ શ્રવણ કરવાને આવ્યા છે. આચાર્યે દેશના દીધી કે:-" ભાવ સહિત ભગવંતની સ્તુતિ સામાયક પોષધ આદિ વ્રત, સુપાત્રે દાન, શાસ્ત્રશ્રવણ અને સુસાધુની સેવા; એટલાં વાનાં પ્રાણીને દેવલોકની પદવી પમાડે છે. વળી હમેશાં દેવગુરૂની પૂજા કરવી, નિરંતર સદ્ગુરૂનો ધર્મોપદેશ સાંભળવો, નિરંતર સુપાત્રે દાન આપવું, શિયલવ્રત પાળવું, શક્તિ પ્રમાણે તપ કરવો, અને મ્હોટી ભાવના ભાવવી; આ પ્રકારનો પવિત્ર મોક્ષનામાર્ગ રૂપ શ્રાવકનો ધર્મ શ્રી જિનેશ્વરે કહ્યો છે." ઇત્યાદિ ધર્મદેશના સાંભળીને ધનદત્ત શ્રેષ્ઠીના લઘુવયના પુત્ર કુરઘટે તેમની પાસે દિક્ષા લીધી. આ કુરઘટ સાધુ સ્વભાવે ક્ષમાવંત હતો, કહ્યું છે

કેઃ—"કોયલનું રૂપ તેનો મધુર સ્વર; સ્ત્રીનું રૂપ પતિવ્રતાપણું; કુરૂપજનોનું રૂપ તેમની વિદ્યા, અને સાધુને ક્ષમા એજ પોતાનું રૂપ છે."

હવે આચાર્ય બહુ પરિવાર સહિત શ્રીપુરનગરે ગયા, અને ત્યાં ચૌમાસુ રહ્યા. તેમના સાધુઓમાંના કેટલાએકે એક માસના કોઇએ બે માસના, ને કેટલાએકે ચાર માસના ઉપવાસ કર્યા. કેટલાએક સ્વાધ્યાય–અધ્યયન કરવા લાગ્યા, તો કોઇ વૈયાવચ્ચ કરવામાં રોકાયા. આ સર્વસાધુઓમાં કુરઘટ સાધુ વિશેષે કરીને ક્ષમાવંત હતા, બાળક હોવાથી ક્ષુધા–ભૂખ પણ તેમને બહુ લાગતી હતી; તેથી તે વારંવાર શ્રાવકને ત્યાં ભીક્ષા લેવા જતા. લોકો પણ કહેતા કેઃ–" આ બાળસાધુ કુરઘટ, અન્ય સાધુઓની સારી રીતે વૈયાવચ્ચ કરે છે."

એકદા તેણે અભિગ્રહપૂર્વક સાધુની વૈયાવચ્ચ કર્યા વિના સંસારમાં પારણું કરવા માંડયું, તેવામાં એક માસના ઉપવાસી વ્યાધિગ્રસ્ત સાધુએ તેને કહ્યુંઃ–" અરે, પાપિષ્ટ અધમ સાધુ પોતાના અભિગ્રહના ભંજક મેં ત્હારી પાસે બળખા નાંખવા માટે ભસ્મ (રક્ષા) સહિત ભાજન મંગાવ્યું, તે તેં આણી આપ્યું નહિ; અને પોતાના ઉદરને ભરવા બેઠો, ત્યારે તું સઉની પાસે પોતાને ક્ષમાવંત શેનો કહેવડાવે છે? માટે હવે તારા ભોજનના પાત્રમાંજ હું બળખા આદિ નાંખીશ." બાળશિષ્ય બોલ્યોઃ–" હું મુગ્ધ થઇ, ભૂલી ગયો; તો હવે શું કરૂં? મારૂં ભાગ્ય હમણાં એવું છે." પછી તો પેલા વ્યાધિગ્રસ્ત કફવાળા સાધુએ ક્રોધ કરી આહાર કરવા બેઠેલા બાળક સાધુના પાત્રમાંજ બળખો નાંખ્યો. પણ ઉપશમ ધર્મવાળો બાળશિષ્ય એથી સામો ક્રોધ નહિ કરતાં, હર્ષવંત થઇ પોતાના આત્માની નિંદા કરતાં છતાં કહેવા લાગ્યોઃ–મારૂં મોટું ભાગ્ય, કે આવા ચારિત્રપાત્રમુનિએ મ્હારા ભોજનના પાત્રમાં બળખો નાંખ્યો, પછી જાણે દૂધના પાત્રમાં સાકર ભળી હોય નહિ! તેમ તે બલખાને લેખવતો બાળસાધુ તે ભક્ષણ કરતો કરતો ચિંતવવા લાગ્યોઃ–" અહો! આ સાધુ મહા તપશ્ચર્યા કરનારા હોવાથી ચારિત્રના પાત્ર છે, પણ અભાગ્યવાન એવો હું તો, એક કીડીની પેઠે ક્ષણવાર પણ અન્ન વિના રહેવાને અસમર્થ છું." આમ પોતાના આત્માને નિંદતાં અને પેલા સાધુના ગુણને ગ્રહણ કરતાં, તેણે પોતાનાં બહુ કાળનાં ઉપાર્જન કરેલાં કર્મને ક્ષમારૂપી કુહાડી વડે તૃણના સમુહની પેઠે છેદી નાંખ્યાં; અને કર્મ ક્ષીણ થવાથી તેને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તે સમયે શાસનદેવીએ

અને દેવતાઓએ આવીને તેમને વંદન કરીને તેમનો કેવળ મહોત્સવ કર્યો.

આ દૃષ્ટાંતમાંથી સાર એ નિકળે છે કેઃ–ગમે એટલા પરિસા આવે અથવા આપણી કોઇ નિંદા કરે, તો તે સામું નહિ જોતાં સમભાવે રહેવું; એજ તત્વ છે. પોતાના દોષો પોતે પ્રકટ કરવા એ ખરેખરી મુશ્કેલીની વાત છે, તેમાં પણ પોતાના દોષો કહી સંભળાવવા કરતાં પોતાના દોષો કોઇ પ્રકટ કરતું હોય, એટલે પોતાની નિંદા થતી હોય, તે નિંદાનાં વચનો સાંભળી સમભાવ રાખવો, હૃદયમાં દ્વેષ ઉત્પન્ન ન કરવો, એ કઠણમાં કઠણ કાર્ય છે. પોતાના મુખે તો બોલે કેઃ-ભાઇઓ ! હું તો મહાપાપી છું, અધર્મી છું, કુડકપટનો ભરેલો છું, મહાનિર્દયમાં નિર્દય પરિણામી છું, મારી જીંદગીમાં કાળાં કર્મ કરવામાં મેં કાંઇ પણ બાકી રાખ્યા નથી; માટે મારી તો માઠી ગતિ થવાનીજ; દુર્ગતિમાં જવા જેવાંજ મેં ક્રૂર કર્મો કરેલાં છે. વગેરે વગેરે પોતાના અવગુણ કોઇ કોઇ પ્રસંગે મનુષ્યો બોલે છે ખરા, પણ એવાંજ વચનો ક્રૂર ભાવથી પોતાની સમક્ષ કોઇ કહેનારો મળે, અગર પોતાની નિન્દાનાં વચનો કોઇ પોતાને સંભળાવે, તે વખતે હૃદયમાં સમભાવ રહે પણ ક્રૂરભાવ પ્રકટ ન થાય અંતરમાં તેનું બુરૂં પણ ન ચિન્તવે; આવી સમતા રહેવી મહામુસ્કેલ કામ છે. ધન્ય તે બાળ મુનિને ! કે જે પોતાના અવગુણો પોતે પ્રકટ કરી આત્મકાર્ય સિદ્ધ કરી મોક્ષગતિ પામ્યા. (૫૨)

शून्यारण्य कृतं सुरोदन मिव क्षार क्षितौ वर्षणं ।
हीनाक्षस्य जनस्य दर्पण मिवाकर्णे कृतंजापकम् ॥
सर्पास्ये सुपयस्त्रिदोष घृतकं कंठे कपेः स्वर्णसृक् ।
तद्वन्मूर्ख जनोपदेश निकरो नूनं वृथाजायते॥५३॥

અર્થ—જેમ શૂન્ય અરણ્યમાં કરેલું રૂદન, ખારવાળી ભૂમિમાં પડેલો વરસાદ, અંધની સામે જોવા રાખેલું દર્પણ, બધિરને કહેલાં વચનો, સર્પના મુખમાં રેડેલું દૂધ, સન્નેપાતવાળાને આપેલું ઘી, કપીના કંઠમાં પહેરાવેલો સુવર્ણ

હાર જેમ વૃથા જાય છે; તેમ મૂર્ખ માણસને કહેલાં ઉપદેશનાં હિતવચનો ખરેખર વૃથા જાય છે, પણ તેને કદી અસરકારક નીવડતાં નથી. (૫૩)

ભાવાર્થ—શૂન્ય કહેતાં નિર્જન અરણ્યને વિષે અતિશય કરેલું રૂદન જેમ વૃથા જાય છે, ક્ષારભૂમિમાં થયેલી મેઘની વૃષ્ટિ વૃથા થાય છે, આંધળા માણસને દર્પણમાં નિજ મુખ જોવું વૃથા થાય છે, તથા બહેરા માણસ પાસે કરેલો જાપ કહેતાં શબ્દોચ્ચાર વૃથા થાય છે, સાપને પાયેલું દૂધ વૃથા થાય છે—એટલે ઝેર રૂપ થાય છે, સન્નિપાતના રોગવાળા મનુષ્યને દૂધ, સાકર, ઘી વગેરે મિષ્ટ પદાર્થોનો ખોરાક વૃથા જાય છે-એટલે ઉલટું રોગની વૃદ્ધિ ને હાનિ કરે છે, વાંદરાની ડોકમાં પહેરાવેલો સુવર્ણનો હાર વૃથા થાય છે-એટલે મર્કટ તે હાર તોડી નાંખીને જ્યાં ત્યાં વેરી નાંખે છે; તેવીજ રીતે મૂર્ખ માણસને દીધેલો ઉપદેશ વૃથા જાય છે. મતલબ કે, નીચ માણસો એટલે જેનાં કર્મ નીચ છે, (જાતિથી નીચ ગણાતો હોય તે નહિ) એવા માણસને હિતોપદેશ આપવાથી ઉલટો સામા દોષો કાઢી, ઉપદેશ દેનારને જ નિંદા કરી નુકસાનમાં ઉતારી દે છે.

એટલું તો અવશ્ય છે કે, જેનાં હૃદયો અજ્ઞાને અને અવિનયથી ભરપૂર છે, તેવા મૂર્ખ જનોને અમૃત સમાન ઉપદેશનાં વચનો સાંભળી ઉલટી અસર કરનારા નિવડે છે, ખરેખર મૂર્ખ જનને પરલોકની ચિંતા ભાગ્યે જ હોય છે, તેણે તો ખાવુંપીવું અને મોજમજા માણવી એમાં જ સુખ માની લીધું છે. મૂર્ખનાં લક્ષણો કહેલાં છે કે:-

मूर्खत्वं हि सखे ममाभिरुचितं तस्मिन्पदेऽष्टौगुणा ।
निश्चिंत्यं बहुभोजनं गतत्रपो रात्रीर्दिवाशायिनः ॥
कार्याकार्य विचारांध बधिरो मानापमाने समः
प्रायेणामय वर्जितो दृढ वपुर्मूर्खः सुखं जीवति ॥ २८ ॥

અર્થાત—કોઇ જન મિત્ર પ્રત્યે કહે છે કે:-હે મિત્ર! બધા કરતાં, આ જગતમાં મૂર્ખપણું બહુ સારૂં, કે કોઇ પ્રકારની ચિંતા નહિ, કારણકે તેમાં આઠ ગુણો છે. પ્રથમ તો નિશ્ચિંતપણું, આખો દહાડો ખાધા જ કરવું, નિર્લજપણું, રાત દહાડો સૂઇ રહેવું, કાર્ય કે અકાર્યમાં વિચાર રહિતપણું, કોઇ કહે તે સાંભળવું નહિ વિવેકથી

હૃદયચક્ષુ ખોલી જોવું નહિ, માનઅપમાનમાં સરખાપણું, અને ઘણું કરીને રોગ રહિતપણું હોય છે તથા દૃઢ અને સ્થૂળ શરીર હોય; આવો મૂર્ખ માણુસ સુખે જીવે છે. આવા અજ્ઞાની મૂર્ખ માણસને દીધેલો ઉપદેશ વૃથા જાય છે. આ જીવને અનાદિકાળથી અજ્ઞાનની વિષયવાસના છે, જેથી સત્યવચન ઉપર તેને અભિરૂચિ થતી નથી. જેમ જ્યાં સુધી તાવ હોય, ત્યાં સુધી ભોજન જરા ભાવતું નથી, તેને કોઇ પરાણે આપે તો પણ તેના ઉપર ઘણોજ ચીડાય છે. તેમ સર્વજ્ઞ પ્રભુનો ઉપદેશ નિર્મળ ને હિતકર હોય, તોપણ મોહમુગ્ધ હૃદયોમાં કર્ણમાં જળબિંદુની પેઠે શૂળ ઉત્પન્ન કરે છે. પ્રજ્ઞાપ્રકાશમાં પણ કહ્યું છે કેઃ—

सुखाय ते तीर्थकरस्य वाणी । भव्यस्य जीवस्य न चेतरस्य ॥
सुखाय ते सर्व जनस्य मेघो । जवासकस्यै वसुखायतेन ॥२९॥

અર્થાત્—તીર્થંકરની વાણી ભવ્ય જીવનેજ સુખરૂપ હિતકારી થાય છે, પણ અભવ્યને સુખરૂપ થતી નથી. દાખલા તરીકે જેમ વરસાદ દુનિયામાં સર્વ જનોને સુખરૂપ ભાસે છે, પણ એકલો જવાસા નામના છોડવાને શાન્તિકારક થતો નથી; તેને તો જેમજેમ વરસાદ પડે તેમ તેમ સુકાવાનો વખત આવે છે. ખરા ઉનાળામાં જ્યારે સખ્ત તાપ તપતો હોય, ત્યારેજ જવાસો ખીલે છે. તેના સંબંધમાં કેશવકૃતિમાં એક અન્યોક્તિ તરીકે જવાસાને ઠપકો દેતાં કહ્યું છે કેઃ-

વસંતતિલકાવૃત.

લીલી કરી અવનીમંડળ મેઘરાજે,
તાજાં બધાં તરૂવરો વનમાં વિરાજે;
જોને જરા જગતના નજરે તમાસા,
શાને સુકાય અમથો અમથો જવાસા? ૨૭
જ્યારે સુકાય સઘળા તરૂતાપકાળે,
ત્યારે રસાળ થઇ રાચ અરે અકાળે;
ક્યાંથી થયો અરર એકલપેટલાસા,
શાને સુકાય અમથો અમથો જવાસા ? ૨૮

એક જવાસાને મેઘ ગમતો નથી અને બીજું વરસાદનો સટ્ટો કરનાર સટોરીઆ મેઘ આવેથી જેને ખોટ જતી હોય, તે વરસાદને

ઇચ્છતા નથી. તેઓ તો આકાશમાં કોઇ સ્થળે કાળી વાદળી ચડે, કે મોટી ચિંતામાં પડે છે, અને આકાશ સામુ દૃષ્ટિ કરી વિનંતી કરી કહે છે કેઃ—

દુહો.

તમ ઉજળે અમ ઉજળા, તમ શામે અમ શામ;
તમે આવશો આમ, તો અમે જાશું ગામ. ૨૯

તેમ અભવ્યજીવો પણ શ્રીસર્વજ્ઞનીવાણી સાંભળી ઉલટા દ્વેષ કરે છે, પણ ખુશી થતા નથી. તો એવા અજ્ઞાનીજનોને આપેલો બોધ કદી પરિણામ સારૂં આપતો નથી. દાખલા તરીકેઃ—જેમ કોઇ એક પટેલ રામકથા સાંભળવા ગયા હતા, ત્યાં કથામાં સીતાના હરણની વાત આવી; રાવણને હાથે શ્રી સીતાજીનું હરણ થયું, ત્યારે સીતાજી શોક કરવા લાગ્યાં, પછી રામચંદ્રજી લંકામાં જઇ રાવણને મારી સીતાજીને લઇ ઘેર આવ્યા. કથા પુરી થઇ એટલે સઉ પોતાને સ્થાને ગયા, પણ પેલા પટેલના મનમાં શંકા હોવાથી તે તો ગયા નહિ. તેને શંકા એવી થઇ કેઃ–"વારૂ ભટ મહારાજે કથામાં વાંચ્યું કે, સીતાનું હરણ થયું તે તો ઠીક, પણ તે હરણીઉજ રહ્યું કે સીતાજી પાછાં થયાં." પછી શંકાના સમાધાન માટે ભટ્ટને પુછ્યું કે ભટ મહારાજ સીતાનુ હરણ થયું તે હરણજ રહ્યું કે પાછાં સીતા થયાં. તે સાંભળી ભટ હસવા લાગ્યા, અહો ! આવા પણ સાંભળનાર છે કે જે કથાનો ઉંધો અર્થ કરી બેસાડે છે ! પછી તેને શું અસર કરે ! કાનની દવા આંખે લગાડવાથી શો લાભ થાય ! તેને માટે કહ્યું છે કેઃ—

ચોપાઇ

આંધળો સસરો ને બહેરી વહુ, કથા સાંભળવા ચાલ્યાં સહુ;
કથા કહેનારના એવા બોલ, કે ઉજડગામમાં વાગ્યાં ઢોલ.
કીધું કશુંને સાંભળ્યું કશું, તે આંખનું ઓસડ કાને ઘસ્યું; ૩૦

દવા ઘણી સારી હોય, પણ જે દરદને લાગુ પડે તે દરદ ઉપર લગાડવાથીજ સારી અસર કરી શકે છે. જો ઉલટી રીતે વાપરવામાં આવે, તો સારૂં થવાને બદલે ઉલટો વિનાશ થવાનો વખત આવે છે. માટે ઉત્તમ પુરૂષોએ ઉપદેશ પણ વિચારીનેજ શ્રોતાનો અધિકાર જોઇને જ આપવો ઘટે છે, અજ્ઞજનો તો ઉલટો ઉપદેશદાતારને જ ઉપાધીમાં ઉતારી મુકે છે.

(૫૫) સત્યાગ્રહી સોની ને નંદીખેણ મહાત્માનો પ્રસંગ.

નંદીખેણ મહાત્માને ભોગાવળી કર્મના યોગે ગુણકાને ત્યાં રહેવા વખત આવ્યો, પણ પોતે પ્રતિદિન દશ મનુષ્યોને બોધ આપી દીક્ષિત કર્યા બાદ ભોજન જમવાનાં ટેક પૂર્વક આવ્યા હતા; બાર વર્ષ સુધી તો એમ ચાલ્યું. પછી એક પરજીઓ સોની હાથમાં આવ્યો, તેને બોધ આપી તૈયાર તો કીધો; પણ છેવટે તેણે કહ્યું કે:- " આપ જ્યારે આવા જ્ઞાની છો તો તમોજ કેમ વેશ્યાને ત્યાં પડયા રહ્યા છો ? કારણ કે, વેશ્યાનું ઘર એ સર્વથા નિંદ્ય અને અપજશનું પાત્ર ગણાય છે. સારા લોકોને તો આ ગૃહ સર્વદા વર્જનિય છે, તો તમારા જેવા ઉત્તમ ઉપદેશદાતાએ તો અવશ્યે વર્જવું જોઇએ; માટે તમો દિક્ષા લ્યો તો હું લઉં. " આવો ખરો તર્ક તે નંદીખેણની સમક્ષ આજ સુધીમાં કોઇએ પણ કર્યો ન હતો. નંદીખેણે પોતાના પ્રારબ્ધનો વાંક કાઢયો તો પણ હઠીલા સોનીએ હઠ નહિ તજતાં જણાવ્યું કે:-

परोपदेशेपांडित्यं । दृश्यतेबहूनां नृणाम् ॥
आत्मोपदेशेपांडित्यं । लभंते विरला नराः ॥ १० ॥

અર્થાત્—પારકાને ઉપદેશ દેવામાં પંડિતાઇ બતાવવી તે તો સહેલું છે, અને તે સર્વને આવડે છે; પણ પોતે તો અનેક પ્રકારના મોહમાં ડૂબી ગયા હોય. પરંતુ પોતે ઉપદેશ પામીને પરને સમજાવનાર તો બહુજ થોડા-વીરલા છે. માટે હે મહારાજ ! હું દીક્ષા તો લઉં, પણ તમે સાથે આવો. પછી છેવટે ગુણકાએ ખેદ પામી રોષમાંને રોષમાં કહ્યું કે:-"હવે એમ હોય, તો આજ તમે દશમા થાઓ !" એમ કહેવાથી તુરતજ સોનીની સાથે તે ચાલી નીકળ્યા. મતલબ કે, આજકાલ એવી કિલષ્ટ પ્રકૃતિવાળા કુતર્કી મનુષ્યો રહેલા છે કે, દૂધમાંથી પણ પોરા કાઢવા જેવું કરે છે. કાં તો કેવળ અજ્ઞ સારો કે કાં તો કેવળ સમજુ સારો, પણ અર્ધદગ્ધ મનુષ્યોને તો બ્રહ્મા પણ સમજાવવાને સમર્થ નથી. તે વિષે રાજર્ષિપ્રવર શ્રી ભર્તૃહરિએ કટાક્ષકથન કરતાં કહેલું છે કે:—**આર્યા.**

अज्ञः सुखमाराध्यः सुखतरमाराध्यते विशेषज्ञः ॥
ज्ञानलवदुर्विदग्धं ब्रह्मापि तं नरं न रंजयति ॥ ११ ॥

અર્થાત્—આ શ્લોકમાં અજ્ઞ માણુસને સુખથી સમજાવી શકાય છે, અને વિશેષ જ્ઞાનવાળા સુજ્ઞ જનને તો સુખે સહેજે સમજાવી શકાય છે; પણુ જ્ઞાનના લેશ માત્રથી પોતાને પંડિત માનનારા અર્ધદગ્ધોને તો સાક્ષાત બ્રહ્મા પણુ માથું ફોડી સમજાવી શકતો નથી! કોઇ પરોપકારી મહાત્મા સંસારમાં આસક્તિ પામેલા બાળજીવને તેના ભલાની ખાતર ઉપદેશ આપે કેઃ–હે ભાઇ! આ સંસાર તો અસાર છે, તેમાં આસક્ત થવાથી આત્માની કર્તવ્યતા ભૂલી જવાય છે, આઠેપહોર ધનારામા ધનારામા કરો છો, પણુ કાંઇ ધર્મનું શરણું લેશો, તો સુખી થશો; કાળચક્ર માથે ભમે છે, તે ઓચિંતું આવી પડી સર્વ આશાઓ તોડાવી પકડી પાડશે.

દુહો—કાળચક્રનાં ઉભય પડ, અસ્તોદય કહેવાય;
પ્રાણી માત્ર કણુ રૂપ જે, અહોનિશ ત્યાં ભરડાય. ૩૧
દયા માકડીમાં રહ્યો, ધર્મ ખીલડો ત્યાંય;
સત્ય ધર્મ અવલંબને, કણુ જીવ નવ પીલાય. ૩૨

માટે હે ભાઇ! કાંઇક પરભવનું ભાતું બાંધો! આયુષ્ય જળના રેલાની પેઠે વહ્યું જાય છે, માટે અતિશય હાયવોય નહિ કરતાં ભલા સાઠ ઘડીમાંથી માત્ર બે ઘડી તો પ્રભુભજનમાં ગાળવી, કે જેથી આ આત્માનું કાંઇક કલ્યાણુ થાય. આવો પવિત્ર અને હિતકર ઉપદેશ છતાં વિષયવિલાસી ધંધામાં અંધ બનેલો મોહમુગ્ધ પ્રાણી ઉત્તર આપે છે કેઃ—

ચોપાઇ.

ગુરૂ કહે ધર્મની વાત, અવિનય બોલે કરી કુજાત;
ધર્મીમુગ તે જાણ્જો ઠેઠ, રળશું તો અમે ભરશું પેટ. ૩૩

મહારાજ! તમો ધર્મધર્મ કરો છો, પણુ તમને કાંઇ ખબર છે? સંસારમાં કેટલી ઉપાધી છે. જ્યાં એક કાર્યની સમાપ્તી માંડમાંડ મેળવીએ, ત્યાં વળી બીજાં ત્રણુ જાગે. ઘણોય ધર્મ તો કરીયે, પણ તમો કાંઇ રૂપીઆ આપો તેમ છો? તમે સાધુ થયા એટલે બધાને સાધુ બનાવવા મથો છો, પણુ બધા બાવા બનશે, તો પછી વહોરાવશે કોણુ? હજી કામ ઘણાં છે, નવરાસ બીલકુલ મળતી નથી. તમારે મજા છે! કે ટાઇમ થાય કે તુરતજ આ ઝોળી લઇને નીકળ્યા, મિષ્ટાન પાણી લાવી આરોગી નવરા થઇને બેઠા! પણ માબાપ! અહીંતો શેર ધૂળ શરીરે વળગે છે, લોહીનું પાણી થાય છે, ત્યારે

માંડ રોટલા ભેળા થઇએ; તમારે કાંઇ તે બાબતની જરા ચિંતા છે કે શું કરશું કેમ રળશું ? તમારે તો " **આગળ હાથ, પાછળ હાથ, રક્ષા કરે ગોરખનાથ** " માટે નિરાંતે નવરા થઇ ઘડપણમાં ગોવિંદ ગાશું, અત્યારે તો રળવાનો અવસર છે. માટે ખૂબ રળી લેવા દો, ઘડપણમાં શું બીજું કામ છે ? બેઠાબેઠા માળાજ ગણવાની છેને પછી ! હમણાં તો આપનો બોધ સાંભળવા જેટલી પણ મને ફુરસદ નથી, અરે હમણાં તો એવી મોસમ છે, કે મહારાજ પાણી પીવા-નીએ નવરાશ નથી મળતી ! અરે હાલમાં હું તો મરવાએ નવરો નથી, માટે નવરા થઇએ ત્યારે ધર્મની વાત ! નવરા થઇશું ત્યારે તમો જેમ કહેશો તેમ બધું કરીશું—એમ કહી ચાલતો જ થયો.

મહાત્મા તો આ બધું સાંભળી આશ્ચર્યચકિત થઇ ગયા, અહો આવા પણ મોહમુગ્ધ જીવો સંસારમાં પડયા છે ! તેઓ બિચારા ઐહિક સુખમાંજ મગ્નતા માની રહેલા છે, માટે આવાઓને ઉપદેશ દેવાથી શો ફાયદો ? કવિશ્રી દલપતરામે કહ્યું છે કેઃ—**મનહરછંદ.**

કહી કહી થાકે ગુરૂ કહેલું ન કાન ધરે,
કોણ કરે બોધ શિષ્ય હોય નકહ્યાગરો;
ભરીભરી રાખીયે ને, જરીજરી જાય જળ,
કોણ ભરે પાણી એવી, કાંણી જાણી ગાગરો;
ખોદીખોદી ખાતર, નાંખીને ખૂબ ખેડે તોય,
અન્ન ન ઉછેરી આપે, લવણના આગરો;
દાખે દલપતરામ, ઠાલી માથાકુટ કરી,
કોણ કરે એવો ઉંઘ, વેચીને ઉજાગરો. ૩૪

માટે એવા અજ્ઞજનોને હિતશિક્ષા દેવાથી તો કોઇ વખતે દેનારનેજ દુઃખી થવું પડે છે. જેના કાન બ્હેરા છે, તે કોઇ પ્રકારે પણ સમજી શકે છે; પણ જેનાં હૃદયો બ્હેર મારી ગયાં છે, તેને કોઇ પ્રકારે સમજાવી શકાતું નથી, ઉંઘતો બોલે પણ જાગતો બોલે નહિ; કારણ કે તેની કપટનિદ્રા છે, માટે જાગે છતાં બોલે નહિ. તેમ સંસારાસક્ત અજ્ઞ જનો હોય, તે જાણતા છતાંયે ચેતે નહિ, બોધ સાંભળે નહિ, અને કોઇ ઉપકારદષ્ટિથી હિતબોધ આપે, તો તેનો અવળો અર્થ કરે, અને શિખામણ આપનારને દુઃખમાં નાંખે; તેની તેવીજ પ્રકૃતિ હોય છે ! તેમાં વળી વિશેષે કરીને વિષયી મા-

ણસને, અતિ ક્રોધીને, તેમજ અતિ અભિમાની–તંતી માણસને તો હિતનો ઉપદેશ લાગતોજ નથી. તે તો શિખામણ આપનારને પોતાના કટ્ટા શત્રુ સમાન લેખે છે, ઉલટો લાગ આવે તો વખતે તે ઉપદેશ દેનારનાજ પ્રાણ પણ લે છે; માટે તેવાને તો છેડવા જ નહિ ! તેમાં ઘણાના પ્રાણ ગયાના દાખલા સાંભળ્યા છે. અહો અભિમાની રાવણ રાજાને ઘણા આપ્ત માણસોએ સમજાવ્યો, ઘણી શીખામણ આપી, પણ તે શીખામણનો તેણે સવળો અર્થ લીધો જ નહિ; અને ઉલટા શીખામણ દેનારા આપ્ત ગણાતાને પણ કટ્ટા શત્રુ સમાન જ માન્યા. માટે ઉપદેશ પાત્ર વિના શોભતો નથી. જેમ વાઘણનું દૂધ સુવર્ણ–સોનાનાજ પાત્રમાં રહી શકે છે, તેમ શ્રીસર્વજ્ઞનો ઉપદેશ પણ લાયક માણસજ મેળવી શકે છે. શ્રીજીનેશ્વરની વાણીનો રસ જાણનારાજ જાણી શકે છે. અજ્ઞજનોને તેના અપૂર્વ માહાત્મ્યની કદર હોતીજ નથી ! "ખાખરાની ખીસકોલી આમરસમાં શું સમજે ?" હીરામાણેકની કદર જેવો ઝવેરી જાણે તેવો અન્ય જાણી ન શકે.

મનહરછંદ.

અનંત અનંત ભાવ, ભેદથી ભરેલી ભલી;
અનંત અનંત નય–નીક્ષેપે વખાણી છે;
સકળ જગત હિત–કારિણી હારિણી મોહ;
તારીણી ભવાબ્ધી મોક્ષ–ચારીણી પ્રમાણી છે;
ઉપમા આપ્યાની જેને, તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નીજ મતિ, મપાઇ મેં માની છે;
અહો રાયચંદ્ર બાળ ખ્યાલ, નથી પામતા એ,
જીનેશ્વર તણી વાણી, જાણી તેણે જાણી છે. ૩૫

માટે સર્વજ્ઞની વાણી અમૂલ્ય અને ભવ્યોનેજ પ્રિય હોય છે, અભવ્યો તો તેનો સ્વાદ ચાખવાને કમનસીબજ છે. ઉલટા પવિત્ર ઉપદેશ સાંભળી ઘણાઓ તે વાણી પ્રત્યે દ્વેષ કરે છે, તેથી સર્વજ્ઞની વાણીને જરા પણ કલંક નથી. ઘુવડ સૂર્ય ન દેખે તેથી સૂર્યનો શો દોષ ? વસંતૠતુમાં માત્ર એક કેરડાના વૃક્ષને કદી પત્ર આવે નહિ તેમાં વસંતનો શો દોષ ? મેઘનું જળ જવાસાને સુકવે તેમાં મેઘનો શો દોષ ? તેમ અજ્ઞ જનોને ઉપદેશ ન લાગે, તેમાં સર્વજ્ઞની વાણીનો શો દોષ છે ? તેનાંજ કમનશીબ સમજવાં. હવે મૂર્ખ માણસને

ઉપદેશ દેવાથી તે આપમતલબી હોવાથી ઉપદેશકને જ નુકશાન થાય છે. તેના ઉપર એક કરજદાર દુઃખી માણસનું દૃષ્ટાંત કહે છે.

(૫૬) કરજદાર મિત્રની કહાણી ! સન્મિત્રને થઇ હાનિ !

કોઇ એક પુરૂષને માથે ઘણુંજ દેવું થઇ ગયું હતું, લેણીઆતો તેની પાસે ઉપરાઉપરી ઉઘરાણી કરવા લાગ્યા. કમભાગ્યે વ્યાપારમાં ભારે ખોટ ગઇ તેથી નાણાની તંગી સખત આવી ગઇ, તેથી તેનું મન અતિ ચિંતાતુર થવા લાગ્યું. ખરેખર કરજના જેવું એકે દુઃખ નથી, તે દુઃખની વીતે તેનેજ માલમ પડે. બિચારાને નિદ્રા પણ નિરાન્તે આવે નહિ, હૃદયમાં હાયવોયની હોળી સળગતી જ હોય, તેથી કાંઇ પણ ચેન પડે નહિ. કહ્યું છે કેઃ—

चिंतया जायते दुःखं । नान्यथा हेति निश्चयः ॥
तयाहीन्न सुखी शांतः । सर्वत्र गलित स्पृहः ॥ ३२ ॥

અર્થાત--ચિંતાથી દરેક દુઃખ ઉત્પન્ન થાય છે, પણ બીજે પ્રકારે પ્રાયે કરી થતું નથી. ચિંતારહિત માણસ સદા સુખી હોય છે. કારણ કે સર્વ પ્રકારની વિષયવાસના વશ થવાથી જેની પ્રકૃતિ શાન્ત થયેલી છે. તેમ આ પુરૂષ પણ લેણદારની અતિ સત્તાવણીથી અતિ ચિંતાતુર હતો. તેવામાં એકદા કોઇ એક ભલો મિત્ર તેને મળવાને ગયો, તેણે પૂછ્યું કેઃ—ભાઇ ! તું આમ અતિ ચિંતાતુર કેમ જણાય છે ! તારી દેહાકૃતિ ચિંતાગ્નિથી શ્યામ થઇ ગઈ છે, તેનું શું કારણ છે ? ત્યારે તે દયામણે ચહેરે બોલ્યોઃ—હે મિત્ર ! હવે તો કાંઇ કહેવાની વાત નથી, હવે તો મરવા વગર છૂટકો નથી, અથવા તો દેશ તજવો પડશે; મારા દુઃખની વાત તને કહેવાથી શો લાભ થશે ?! ભાઇ તું મારૂં દુઃખ મટાડી શકે તેમ તો કંઇ નથી, વળી વગર વિચારે જ્યાંત્યાં વાત કરવાથી, પાછળ પસ્તાવું પડે.

દોહરા—કુમિત્ર કે સુમિત્રનો, કરવો નહિ વિશ્વાસ;
જો કદિ કોપે મિત્ર તો, કરે ગુપ્ત પ્રકાશ. ૩૬
મનકી સબ મનમાં રખો, ન કરો વદનવિકાશ;
દુરિજન હસશે દેખકે, સજ્જન ધરે સંતાપ. ૩૭

માટે ભાઇ શું વાત કહું ? હવે તો યમદેવનું શરણ, અગર પરદેશનો પ્રવાસ તે સિવાય બીજો કોઇ ઉપાય નથી. આ મારી બાયડી છોકરાને સાચવજો, તું મારો સાચો મિત્ર છું માટે તને ભળાવું

છું. એમ કહી ડુંઠવો મુકી મુક્તકંઠે રૂદન કરવા લાગ્યો. મિત્રને આ જોઇ બહુ દયા આવી અને તેની આંખમાં પણ આંસુ ભરાઇ આવ્યાં. પણ હિમત રાખી તેણે કહ્યું કેઃ–પ્રિયભાઇ ! આટલું બધું શું છે કહે તો ખરો ! કોઇને કહ્યા વગર કાંઇ દુઃખ મટી જશે કે ? સુખદુઃખની વાતો પ્રેમી જન પાસે કરવાથી તો હૃદય કાંઇક નરમ પડે છે, માટે સુખેથી તારા દુઃખની વાત કર ! કહ્યું છે કેઃ—

દોહો—સજ્જન સંબંધ કીજીએ, દુઃખ દીજીએ રોય;
મટશે તો મટાડશું, નહિતો કુંચી બતાવશું કોઇ. ૩૮

માટે જરા હિમત રાખી મને વાત કર, આમ કાયર શું થાય છે; સંકટ સમયે તો ધીરજ રાખવી. દુકાને પણ લખી રાખ્યું છે કેઃ—"**ધીરજનાં ફળ મીઠાં છે.**" એ શું ભુલી ગયો ? તે ફક્ત વાંચવાનું જ કે ? કોઇને કહેવા માટેજ ચિતર્યું છે ! અરેરે !આમ નાહિમત શું થાય છે ? હરિશ્ચંદ્ર, નળ, રામ વગેરે રાજાઓ કેવા દુઃખી થયા હતા, તો શું આમ તારી પેઠે મરવા તૈયાર થયા હતા ! કે ભાગી ગયા હતા ? અને શું નાસવાથી, તારૂં દુઃખ નાશી જશે ! એ તો "**કાયા ત્યાં છાયા, ને દેહ ત્યાં દુઃખ**" એમ સાથેને સાથેજ આવે છે. જો સામળ કવિ કહે છે કેઃ—

છપ્પો—નાઠે ન મુકે ભૂખ, દુઃખ નાઠે નવ જાયે,
નાઠે ન મુકે ભોગ, રોગ નાઠે પણ થાયે;
નાઠે ન મુકે તાવ, પાપ નાઠે નવ છૂટે,
નાઠે ન રહે લાજ, ચોર કે હાકમ લૂટે,
કદી નાઠે મોત મુકે નહિ, પ્રસંગ્યો ત્યાંથી પાસ છે,
સામળભટ સાચું કહે, નામ તેનો નાશ છે. ૩૯

પછી હિમત આપી આગ્રહ કરી પૂછ્યું, તેથી તેણે સર્વ વાત માંડીને કરી કે લેણદારો અને બહુ પીડે છે, હું હાલ ભારે ખોટમાં છું. મારા પાસે તાકડો નથી તેથી શું કરૂં ? અને કરજ તો ઘણું થઇ ગયું છે, માટે મારી મતિ મુઝાય છે કોઇ ઉપાય સુઝતો નથી. લે ભાઇ આ વાત કરી તને ! હવે કાંઇ તારાથી બને તેમ છે ? તું પણ એવો ગૃહસ્થ નથી, કે મારૂં દેણું ચુકાવી શકે ! આ સાંભળી મિત્રે વિચારી કહ્યું કેઃ—આનો હુંજ ઉપાય બતાવું તો કેમ ? તારી

પાસે ફરી કોઇ લેવા આવેજ નહિ, ને ખાતુ માંડી વાળે પછી કેમ ? ત્યારે તેણે હર્ષપૂર્વક કહ્યું કેઃ—અહો ! બહુ સારૂં ભાઇ ! જો મારૂં દુઃખ મટાડતો હોય તો તુંજ મારો પ્રભુ ! પછી તેણે કહ્યુંઃ—સાંભળ ! જે કોઇ લેણદાર તારે આંગણે તારી પાસે માગવા આવે, ત્યારે, તારે ફક્ત "**હાઉ**" એટલુંજ બોલવું, પણ તેની સામું બીજું કાંઇ બોલવુંજ નહિ. એટલે તું લેણદારથી મુક્ત થવાનો, અને સુખી થવાનો ! એમ કહી પેલો મિત્ર પોતાને ઘેર ગયો. હવે જે લેણદાર ઉઘરાણી આવે તેને ઝટ "**હાઉ**" કરે, જેટલીવાર પૂછે તેટલીવાર એ સિવાય બીજો ઉચ્ચારજ નહિ. તેથી તેના લેણદારોએ તો જાણ્યું કે, આ તો બિચારો ગાંડો થઇ ગયો; અને કરજને લીધે તેની ડાગળી ખસી ગઇ લાગે છે, માટે તેની પાસે હવે ઉઘરાણી આવવું નહિ. ખેર ! હવે માંડી વાળો તેના રૂપીયા ! બિચારો ચિંતામાં મરી જશે કાંઇક ! એમ કહી ચાલ્યા ગયા. આ પ્રમાણે એક માસ ચાલ્યું, અને જે આવે તેને એજ મંત્ર હાઉ સંભળાવે ! પછી સર્વ લોકોએ તેના ઉપર દયા આણી તેનાં ખાતાં માંડી વાળ્યાં એટલે કરજથી રહિત થયો. તેથી મનમાં હરખાવા લાગ્યો કેઃ—વાહવાહ ! આ મંત્ર તો બહુ સારો ! થોડા દિવસ ગાંડામાં તો ગણાઇશું, પણ ભવની ભાવઠ જશે. એમ કરતાં છ માસ થયા, એટલે સર્વ પ્રકારે શાન્તિ થઇ, કોઇ પણ જન આવતું બંધ થયું; તેથી પેલા કુંચી બતાવનારે વિચાર્યું કે, મારા પણ ત્રણસે રૂપીયા લેણા છે, માટે લાવ તે તો લઇ આવું; મને તો આપશે જ. એમ ધારી તેની પાસે આવી ખુશી ખબર પૂછ્યા કેઃ—ભાઇ મિત્ર કેમ છે ? હવે બધું દુઃખ મટયું કે કેમ ? દેવાદાર દોસ્ત બોલ્યોઃ—ભાઇ ! તમારો મંત્ર તો, રામબાણ થયો. તમારી મહેરબાનીથી તો હું બહુજ સુખી છું હવે તો કોઈ પણ આવતું નથી. ત્યારે આવનાર મિત્રે કહ્યું કેઃ—તો બહુ સારૂં ! હવે પેલા મારા ત્રણસે લેણા છે, તે મને આપ મારે હાલમાં કામ છે. જ્યાં લેણાની વાત સાંભળી કે, તુરત જ "**હાઉ**" કરી તહુકો કર્યો. મિત્ર તો આ સાંભળી આશ્ચર્યચકિત થઇ બોલ્યો કેઃ—અલ્યા ! મને પણ **હાઉ** ? ત્યારે તેણે કહ્યું કેઃ—તને એકને બદલે બે હાઉ ! મિત્રે વિચાર્યું કેઃ—અહો ! દુનિયામાં કેવું સ્વાર્થીપણું છે ? જ્યાં રૂપીયાની વાત આવી, ત્યાં તો મારો મંત્ર મનેજ ચોંટાડયો ! મેં ભલાઇ કરી તેને હિતનો રસ્તો જણાવ્યો, તો મારાજ રૂપીઆ ગુમાવ્યા. કહ્યું છે કેઃ—

उपदेशो हि मूर्खाणां । प्रकोपाय न शांतये ॥
पयःपानं भुजंगानां । केवलं विष वर्धनम् ॥३३॥

અર્થાત્—મૂર્ખને અને સ્વાર્થીને હિત શાખામણ આપવાથી નુકશાન થાય છે; જેમ સર્પને પાયેલું દૂધ ઝેરનેજ ઉત્પન્ન કરે છે. માટે તેવા અજ્ઞાની અને ખળ જનોને તો ઉપદેશ ન આપવો એજ સહુથી સારી વાત છે. (૫૩)

पंचाक्षे वशवर्तिनां भवति किं तच्छ्रूयतांक्ष्मापते ! ।
श्रोत्राक्षस्य वशानुगो वनमृगो लुब्धैर्हतो लुब्धकैः ॥
नेत्राक्षस्य वशानुगश्च शलभोवह्नौ पतित्वा मृतो ।
घ्राणाक्षस्य वशानुगो मधुकरो नष्टो महादंतिना ५४
जीह्वाक्षस्य वशानुगश्च मकरः क्रूरैर्हतो धीवरैः ।
कामांधस्य वशानुगः करिवरो गर्तेपतित्वा मृतः ॥
एकैकाक्ष वशानुगाः क्षितितले प्राप्ता दशा दुष्करा ।
पंचाक्षस्य वशानुगस्य किमहो? नूनंनजानी महे५५

અર્થ—હે ક્ષીતિપતિ મહારાજા ! આ સંસારમાં પાંચ ઇંદ્રિયોને વશ થવાથી શું થાય છે–તે સાંભળો. શ્રોત્રઇંદ્રિયને વશ થયેલો મૃગલો પારધીથી હણાય છે. ચક્ષુઇંદ્રિયને વશ થયેલો પતંગીઓ દીવામાં પડી નાશ પામે છે. સુગંધને વશ થયેલો ભમરો કમળમાં ભરાયાથી મદોન્મત હાથીથી નાશ થાય છે. રસેંદ્રિયને વશ થયેલો મચ્છ મછીમારોથી પકડાઈ મરાય છે. તથા સ્પર્શેન્દ્રિયને વશ થયેલો હાથી ઉંડા ખાડામાં પડી દુઃખ પામે છે. એમ એક એક ઇંદ્રિયોના વિષયને વશ થવાથી આવી પ્રાણાંત માઠી દશાને પામ્યા, તો પાંચે ઇંદ્રિયોના વિષયને આધિન થઈ રહેનારનું તો શુંયે થશે ? ખરેખર તે અમો કહી શ-

કતા નથી. મતલબ કે તે અવશ્ય માઠી ગતિમાં જઇ દુઃખી થાય છે. (શ્લોક ૫૪-૫૫ નું યુગ્મ)

ભાવાર્થ—કોઇ એક રાજાને ઉદ્દેશીને કોઇ એક કૃપાળુ ગુરૂવર્ય ઉપદેશ આપે છે કેઃ-હે ક્ષીતિપતિ મહારાજા ! પાંચ ઇંદ્રિયોમાંથી એક એક ઇંદ્રિયને વશ પડવાથી જ કેવી દુરંત વિષમ સ્થિતિ પ્રાણીને ભોગવવી પડે છે ? તમે તે સાંભળો ! શ્રોત્ર ઇંદ્રિયને વશ પડવાથી વનના મૃગ-હરણો દુષ્ટ એવા પારધીને હાથે ગાનથી લુબ્ધ થઇ હણાય છે. તથા શલભ એટલે પતંગીઆંઓ ચક્ષુ ઇંદ્રિયને વશ પડવાથી બળતા દીપકની શિખામાં પડી અચાનક મરણને શરણ થાય છે. તથા ઘ્રાણેંદ્રિયને વશ થઇ એટલે સૌગંધ્ય—સુવાસિક કમલ પુષ્પપરિમલની સુગંધ લેવાની લાલચમાં ભ્રમર કમળમાં ભરાઇ રહે છે, તે સૂર્યાસ્ત થતાં કમળ બીડાઇ જવાથી શક્તિ છતાં નિકળી જતો નથી અને અચાનક રાતમાં કોઇ એક મદોન્મત્ત હાથી-મતંગ બન્ને બાજુનાં ફૂલ ઝાડોનું ભક્ષણ કરતો આવ્યો તેમાં પેલા ભ્રમરવાળું કમળ પણ ખવાઇ ગયું, એટલે હાથીના દાંતની કચરડાટીમાં કચરાઇ મરણને શરણ થયો. તે ભમરાના મનમાં તો ઘણાયે સારા વિચારો થતા હતા કેઃ—

> **रात्रीर्गमिष्यति भविष्यति सुप्रभातं ।**
> **भास्वानुदेष्यति हसिष्यति पंकजश्रीः ॥**
> **इत्थं विचिन्तयति कोशगतेद्विरेफे ।**
> **हाहंतहंत ! नलिनींगजउज्जहार ॥ ३४ ॥**

અર્થાત્—રાત વીતી જશે પ્રભાત થશે, સૂર્ય ઉગશે અને કમળ પણ પાછાં ઉઘડશે; એટલે હું આ કમળમાંથી ઉડીને ચાલ્યો જઇશ. આવા આવા અનેક સુંદર મનોરથો ચિંતવતો ભમરો એકદમ ત્યાં ચરવા આવેલા હાથીના મોઢામાં જઇને કમળ સાથે કચરાઇ મરણ પામ્યો. અહાહા ! સુગંધમાં આસક્ત બનેલાની શી અવસ્થા થાય છે ! તથા માછલાંઓ એક રસેંદ્રિયને વશ્ય પડવાથી નાહક મરાય છે. તે એવી રીતે કે, ધીમર લોકો તેને પકડવા માટે લોટની ગોળીઓ વાળી જાળના તીક્ષ્ણ કાંટામાં ભરાવી તે જાળ પાણીમાં મુકી દે છે. ત્યારે બિચારાં અનાથ માંછલાંઓ એક રસેંદ્રિયને વશ્ય પડી લોટની ગોળીઓનું ભક્ષણ કરવા આવતાં પેલા તીક્ષ્ણ કાંટામાં તેમની સુકો-

મળ જીભ ભરાઇ જવાથી તરફડીઆં મારી સ્વલ્પ સમયમાં એચિંતાં મરણને શરણુ થાય છે. તથા કામમાં એટલે વિષયવિકારમાં અંધ બનેલો મહા ગજેન્દ્ર બનાવટી હાથિણીમાં મોહ પામી મરણને શરણુ થાય છે. તેનો ન્યાય એવો છે કે:—જ્યારે અનાર્ય-જંગલી લોકોને મોટા હાથી પકડવા હોય છે, ત્યારે તેઓ હાથીવાળા જંગલમાં એક મોટો ખાડો ખોદી તે ઉપર લાકડાની બનાવેલી હાથિણી ઊભી રાખે છે. પછી ફરતો ફરતો જંગલનો હાથી ત્યાં આવે છે તે તેને જોઇ તે ઉપર અત્યંત મોહ પામી પોતાની વિષયવાસના તૃપ્ત કરવા તેને સ્પર્શ કરવા સત્વર દોડી મોટી અને ઉંડી ખાડમાં પડી ઘણોજ હેરાન અને દુઃખી થાય છે–મરણ પણ પામે છે. અહો ! આશ્ચર્યની વાત છે.

હે ક્ષીતિપતિ મહારાજા ! એવી રીતે ફક્ત એક એક ઇંદ્રિયને વિષે વશ પડી આસક્ત થવાથી પ્રાણીઓને મરણાંત કષ્ટ અનુભવવું પડે છે. તો પછી પાંચે ઇંદ્રિયોને વશ પડેલા મોહમુગ્ધ પામર મનુષ્યોનું તો શુંયે થશે ?! તે અમો જાણી શકતા નથી. મતલબ કે, એવા વિષયાસક્ત મનુષ્યો રૌરવ નરકના દુઃખના અધિકારી થાય છે. તેને માટે પરમ રામભક્ત ગોસ્વામી શ્રી તુલસીદાસે કહ્યું છે કે:—

દુહા—અલી પતંગ મૃગ મીન ગજ એક એકકી આંચ,
તુલસી વાકી કૌન ગત જીસકે પીછે લગી પાંચ. ૪૦
કુતા કાતી માસમે તજે ભૂખ ઔર પ્યાસ;
તુલસી વાકી કૌન ગત જીસકે કાતી બારે માસ. ૪૧

એવું સમજી પાંચ ઇંદ્રિયોની વિષયવાસના ઓછી કરી શ્રી સર્વજ્ઞ પ્રણીત શુદ્ધ **જૈનધર્મને** વિષે ચિત્ત લગાડી કાંઇ આત્માનું હિત સાધવું; એ આ અથાગ પુણ્યયોગથી પ્રાપ્ત થયેલા માનવજીવનનું સાફલ્ય ગણી શકાય. જેમ આ પાંચ ઇંદ્રિયોને વશ પડવાથી જાનવરો દુઃખી થઇ અકાલે મરણ પામે છે, તેમ મનુષ્યોમાં પણ ઘણા દાખલાઓ એક એક ઇંદ્રિયને વશ થઇ દુઃખી થયેલાના સંભળાય છે. હવે પાંચ ઇંદ્રિયોને વશ થઇ મનુષ્યો કેવાં કેવાં દુઃખો પામે છે, તેની વિશેષ સમજુતી માટે પાંચેની ઉપર પાંચ દૃષ્ટાંત કહેવાય છે તેમાં પ્રથમ શ્રોત્રેંદ્રિય એટલે કાનને પ્રિય લાગે તે–મોજ શોખના વિષયવિકારના વગેરે મનમોહક કર્ણપ્રિય ગાયનો રાગરાગણી વગેરે સાંભળવાનો અત્યંત શોખ–આસક્તિ રાખવી તે શ્રવણપ્રિયતા કહેવાય છે.

(૫૭) ગાનલુબ્ધ રાજકુમારની દુર્દશાની કર્મકથા.

બ્રહ્મપુર નામે એક મોટું નગર હતું, ત્યાં ભુવનચંદ્ર નામે રાજા રાજ્ય કરતો હતો. તેને રામચંદ્ર નામે પુત્ર હતો. તે કુંવર ઘણો હુંશીઆર-ચાલાક અને બહોતેર કળામાં નિપુણ હતો. પાટવીકુમાર તરીકે તે ઓળખાતો હતો. તે કુમાર જો કે બધી રીતે હુંશીઆર ને શાણો હતો, પણ તેનામાં એક દુર્ગુણ મોટો હતો, તે એ કે તેને રાગરંગ-ગાયનો વગેરે સાંભળવાનો ઘણો જ શોખ હતો. તેણે તે શોખ ખાતર અનેક જાતનાં તરેહવાર નવીન વાજીંત્રો ભેગાં કર્યાં હતાં, તથા ઘણી જાતના જુદા જુદા રાગ ગાનારા ગવૈયાઓ, ગાંધર્વો વગેરે પણ રાખી લીધા હતા. કોઇ નવું વાજીંત્ર કે નવો ગવૈયો સાંભળ્યો, કે તુરત તેને પોતાના મહેલમાં મંગાવે અને પોતાની પાસે રાખે; અને કલાકોના કલાકો તેમાં વહ્યા જાય પણ ગાનમાં ગુલતાન થયેલાને જરાય ભાન ન રહે! હવે તે પાટવીકુમાર રાજ્યગાદી યોગ્ય અવસ્થાવાળો થયો ત્યારે એકદા રાજાએ પ્રધાનને પુછ્યું કેઃ-પ્રધાનજી! આપણો કુંવર હવે રાજ્યગાદીએ બેસવા યોગ્ય થયો છે, વળી તે બધી વાતે હુંશીઆર તથા સર્વકળાસંપન્ન પણ છે; તો કેમ તેને રાજ્યગાદી આપીશું? આ સાંભળી ચતુરચુડામણિ દીર્ઘદર્શી પ્રધાને વિચારીને કહ્યું કેઃ—રાજા સાહેબ! આપની ધારણા જો કે યોગ્ય હશે પણ હું તો રાજકુંવરમાં એક મોટો અવગુણ દેખું છું, તે ઉપરથી સાફ કહું છું કે, તે કુમાર રાજગાદીને યોગ્ય નથી. તેનામાં રાગરાગણી સાંભળવાનો અત્યંત શોખ છે, સદા નાયકાના તાયફામાં-મીજલસમાં નાચરંગમાં ચકચુર થઇ પડયો રહે છે, માટે તેવાને ગાદી દેવાથી તો નુકશાન છે, લેશ પણ લાભ નથી, મને તો ઉલટી રાજ્યની ખુવારી થવી સંભવે છે.

તે પ્રધાનનાં વચન સાંભળી રાજાને જરા માઠું લાગ્યું ને કહ્યું કેઃ—ત્યારે પ્રધાનજી! શું મારૂં આ વિશાળ રાજ્ય મારા પ્રિય પાટવીકુમારને હું ન આપું તો શું છિન્નભિન્ન કરી નાંખું? અને રાગરંગ ગાનતાન સાંભળવાનો શોખ છે, તે તો એક જાતનો ગુણ ગણાય છે. પ્રધાન બોલ્યોઃ—રાજા સાહેબ! જ્યારે આપનીજ તે પ્રત્યે પ્રબળ ઇચ્છા છે, તો હું લાચાર છું તે આપની ઇચ્છામાં તું પરિપંથી (શત્રુ) રૂપ થતો નથી. પણ જ્યારે આપે મારી સલાહ માગી, ત્યારે તો મારે રાજ્યના ભલાને ખાતર નિખાલસ ભાવે કહી દેવુંજ જોઇએ, તો હજી પણ હું આપને ભાર દઇને સપ્રેમ ને સવિનય કહી સંભ-

ણાવું છું, કે તે રાજ્યગાદીને યોગ્ય નથી, પછી તો આપ નામદારની જેવી મરજી! આ પ્રમાણે પ્રધાને રાજાને બહુ બહુ રીતે સમજાવ્યો, પણ રાજા સમજ્યો નહિ. કારણ કે જ્યાં પ્રેમ છે—મોહ છે, ત્યાં ગુણ-અવગુણ સારાસારનો વિચાર રહેતોજ નથી. પછી રાજાએ પોતાના પાટવીકુમારને બડી ધામધુમથી પુરા ઠાઠમાઠથી શુભ દિવસે રાજ્યગાદીએ બેસાડયો. અને પોતે એકાંતમાં આત્મહિત સાધન કરવામાં મન લગાડયું. હવે રામકુમારને રાજ્યગાદી મળી, તેથી તો તે સ્વતંત્ર થયો અને હવે તો પહેલાંના કરતાંએ વિશેષ મોજશોખમાં ને પડી ગયો. રાજકાર્યમાં તો બિલકુલ લક્ષ આપતોજ નથી, તેથી રાજ્યમાં ઠામ ઠામ ઘણુંજ અંધેર વધી ગયું, કારભારી અધિકારીઓ તથા નાનામોટા અમલદારો સર્વ લાંચીયા અને જુલમી થઇ ગયા. રાજા તો જ્યારે ત્યારે નાયકાઓના નાચરંગમાં તથા ગવૈયાઓના ગાનતાનમાં ગુલતાન અને મશગુલ જ રહે! ઘણો વખત તેમ ચાલ્યું. એક વખત કોઇ વેશ્યા ત્યાં આવી ચઢી, રાજાએ તેને બહુ માનથી પોતાની પાસે રાખી લીધી, અને તેની સાથે જ કાયમ રહેવા લાગ્યો. પોતાની રાણીઓને મહેલે પણ જવું બંધ કર્યું. પેલી વેશ્યા સંગે વિષયસેવવામાંજ આસક્ત થઇ ગયો, ખાવુંપીવું બેસવું ઉઠવું પણ તેની સાથે જ થવા લાગ્યું! હદ થઇ!! આરો આંક વાળ્યો. આથી રાણીઓને તથા રાજ્યના હિતૈષી સારા કારભારીઓને અને પ્રધાન વગેરેને ઘણો જ કંટાળો અને પરિતાપ થવા લાગ્યો. આ પ્રમાણે રાજ્યમાં અવ્યવસ્થા થવાથી શત્રુ રાજાઓ પણ ઉશ્કેરાયા, માજી રાજાના વખતમાં તેની સત્તાથી અને તેજથી જે સઘળા દબાઇ ગયા હતા, તેઓ અત્યારે નવા રાજાની બેદરકારી તથા રાજ્યમાં ચાલતી અંધાધુંધીનો લાભ લેવા સર્વ શત્રુ એકપગે થઇ રહ્યા; તથા પૂર્વનું વેર લેવા કટિબદ્ધ થઇ ગયા. હવે બન્યું એમ કે, તે વેશ્યાના ગાનતાન અને વિષયસેવનમાં અંધ બની જઇ અત્યંત આસક્ત થવાથી, એક મોટો દુશ્મન રાજા તે નગર ઉપર ચડી આવ્યો. આ રંગીલા રાજામાં તો હવે કાંઇ સામા થવાની શક્તિ હતીજ નહિ, તેથી તેના રાજ્યમહેલનેજ ઓચિંતો એકદમ ઘેરી લીધો, અકસ્માત દબાણ થવાથી બીજા કોઇનું પણ કંઇ જોર ચાલ્યું નહિ, અને નોકરો તે રાજાથી પૂર્ણ કંટાળેલા હોવાથી તેમણે બેદરકારી પણ રાખી. આ પ્રમાણે તે રંગીલો રાજા અને વેશ્યા ઓચિંતાં સપડાઇ જવાથી બહુ ગભ-

રાયાં, એકદમ આંખ ઉઘડી! "પણ રાંડયા પછીનું ડહાપણ શા કામનું! ?–લુંટાયા પછી વિચાર થાય તે શું કામનો?" તેમ આ રંગીલા રાજાને પણ ઘણો વિચાર-સોચ થયો, મનમાં ઘણો પસ્તાયો અને છેવટે કોઇ પણ બચવાનો ઇલાજ રહ્યો નહિ, ત્યારે મધ્ય રાતે વેશ્યા અને રાજા બન્ને જણાં ગુપ્તપણે નાશી છુટયાં. સવારમાં પેલા વિજેતા રાજાએ તપાસ કરતાં જણાયું કે, તેઓ બન્ને ગુપ્તપણે અને ગુપ્ત વેશે કયાંઇ નાશી છુટયાં છે. પછી તે રાજાએ તેના સુયોગ્ય નાના ભાઇને રાજગાદી સોંપી, તથા પોતાની સત્તા ત્યાં જમાવી ખંડણી લેવાનું કબુલ કરાવી પોતાને દેશ ગયો.

પેલો રંગીલો રાજા તથા કામની ચેટી વેશ્યા મહેલમાંથી છુટી જંગલમાં જતાં રહ્યાં હતાં, તેમાં વેશ્યા તો પૈસાની સગી હતી, એ તે કાંઇ પરણેલી કુલીન કાન્તાની પેઠે સુખદુઃખમાં ભાગીયણ થાય નહિ, તેથી તે વેશ્યા તો રાજાને સુતો મેલી પોતાની પાછળ પાયમાલ અને બેહાલ થયેલા રંગીલા હૈયાફુટા રાજાને રણવગડામાં નિરાધાર કરી એકલી બેધડક ચાલી ગઇ. અહો વેશ્યા કોઇની સગી થઇ છે! રાજા ફક્ત તેના મધુર કંઠ અને સુંદર કાયાની માયામાં તથા રંગરાગમાંજ મોહી ગયેલો હતો. તેને રાગરંગ સાંભળવાનો તો અત્યંત શોખ હતોજ, તેથી તો તે વેશ્યાને પોતાની કરી રાખેલી હતી, પણ અંતે તો તે તેની પોતાની ન થઇ તે નજ થઇ! કહ્યું છે કેઃ—

वेश्याऽसौ मदनज्वाला । रूपेंधन समेधिता ॥
कामि भिर्यत्र हूयन्ते । यौवनानि धनानि च ॥ ३९ ॥

અર્થાત્– વેશ્યા છે તે કામદેવરૂપ અગ્નિની–વિષયવિષની જવાલા છે, જેમાં રૂપરાશિરૂપી ઇંધણાં–કાષ્ટ કાયમ હોમાય છે. તેમાં કામી અને રાગીજનો પોતાના યૌવન અને ધનને બેખટક હોમે છે અને મહા ભારે દુઃખ વેઠી ખુવાર બને છે. તેમ આ રંગીલા રાજાને પણ થયું! આખરે તે રાંડ તો ચાલીજ ગઇ, અને દુર્ભાગી રાજા બિચારો એકલોજ પડયો રહ્યો! છેવટે તે બાપડો જંગલમાં રખડીરવડીને મરી ગયો અને તેજ જંગલમાં એક હરણ રૂપે અવતર્યો. ત્યાં હરણના ભવમાં પણ તેને રાગ સાંભળવા ઉપર ઘણીજ પ્રીતિ હતી. આમે હરણ હરણીને રાગ સાંભળવા ઉપર પ્રીતિ તો ઘણીજ હોય છે, અને તેમાંજ તેઓનું પ્રાયે કરીને મરણ નીપજે છે; આ હરણના સંબંધમાં પણ તેમજ

બન્યું. એક વખત કોઇ પારધી-જંગલમાં શિકાર કરવા આવ્યો તેણે વાંસળી-મુરલી વગાડવા માંડી, તેનો મધુર સ્વર પેલા હરણને કાને ગયો કે તુરતજ સર્વ સુખ મુકી દઇ, એકદમ મોરલીને સ્વરેસ્વરે ચાલી ત્યાં સાંભળવા આવ્યો, ગાયનના મોહમાં નાદલુબ્ધ થયેલા મૃગને આ શિકારી સામે મારવા ઉભો છે એવું પણ જરા ભાન રહ્યું નહિ. ને એક ધ્યાને બેશામ બનીને મોરલીનો મધુર સ્વર સાંભળવા લાગ્યો અને જાણે પોતે ઇંદ્રાસનનો મહાન વૈભવ ન અનુભવતો હોય! એમ માથું ધુણાવતો અપૂર્વ આનંદ માનવા લાગ્યો; ચેનચાળા કરી વાહવાહ દ-ર્શક-ચિન્હ જણાવવા લાગ્યો!

પછી હરણને એકાગ્રચિત્ત થયેલો જાણી પારધીએ બરાબર લાગ તપાસી એકદમ તેના ઉદરમાં એક તીક્ષ્ણ તીર ફેંકયું. પેટમાં બાણ વાગ્યું કે તુરત હાય પોકારતો હરણ સત્વર ભોંયપર ગત્તાપાટ પડી ગયો, પછી પારધીએ તુરત તેને પકડી મારી નાંખ્યો; મરતાં-મરતાં પણ તે હરણને તો મનમાં હજી પણ એમજ થતું હતું કે, હજુ થોડુંક વગાડે તો ઠીક! મરતોમરતો પણ જરા એ મધુર વેણ સાંભળતો જાઉં! આવી આસક્તિમાં તથા અકાળે આવા અચાનક મરણથી થતા પસ્તાવામાં તે ત્યાંથી મરણ પામી કોઇ એક નગરમાં બ્રાહ્મણને પુત્રપણે અવતર્યો. ત્યાં પણ તેને નાનપણથીજ રાગરંગ ઉપર અત્યંત આસક્તિ—પ્રીતિ હતી. અનુક્રમે મોટો થતાં તે ત્યાંના રાજાની હજુરમાં નોકરી રહ્યો. હવે એક વખત એવું બન્યું કે, એકદા રાજસભામાં એક વેશ્યા આવી, રાજાએ તેને ગાયન કરવાનો હુકમ આપ્યો; નાયકાએ તાલ મૃદંગ સાથે બહુ સરસ રીતે અચ્છું ગાયન ગાઇ બતાવ્યું. રાજા તે સાંભળી અત્યંત ખુશી થયો, પેલો બ્રાહ્મણપુત્ર (હરણનો જીવ) પાસે બેઠોબેઠો એક ધ્યાને તલ્લિન થઇ સાંભળતો હતો, તેને તો ગાણું સાંભળવામાં ઘણોજ રસ પડતો હતો ઘણીજ મજાહ પડતી હતી. પછી બીજે દિવસે રાજાએ પોતાની બેઠકના સ્થાનકમાં તે તાયફાને બોલાવી ગાયન કરાવ્યું, તે વખતે પણ પેલો બ્રાહ્મણપુત્ર સાથેજ હતો, રંડીનું ગાણું ઘણી સરસ રીતે ચાલ્યું, અને રાજા ખુશખુશ થઇ ગયો. પેલા બ્રાહ્મણપુત્રને પણ અત્યંત મજાહ પડવા લાગી! તે તો આવા ગાનતાનના શ્રવણમાં ગાંડોગાંડોજ બની જતો હતો. પછી ગાયન ચાલતાંચાલતાં ઘણો વખત થઇ ગયો એટલે રાજાને જરા આંખમાં ઘેન આવવા લાગ્યું, નિદ્રા આવવાથી પેલા

નોકરને હુકમ કર્યો, કે હું સુઇ જાઉં છું મને નિદ્રા આવી જાય તો આ ગાયન બંધ કરાવજે—એ પ્રમાણે કહી રાજા તો સૂઇ ગયો.

હવે પેલા નોકરને ગાયન સાંભળવામાં અત્યન્ત રસ મજા પડવાથી મહારાજા ઊંઘી ગયા છતાંપિ સાંભળવાના મોહને લીધે, તેણે તો ગાણું બંધ કરાવ્યું નહિ. થોડીવારે મહારાજાની આંખ અચાનક ઉઘડી ગઇ, જુવે છે તો પેલો બ્રાહ્મણ (નોકર) તદ્રુપ થઇ રંડીનું ગાયન સાંભળે છે. પોતાની આજ્ઞાનો ભંગ કરવાથી રાજાને તો અત્યંત ક્રોધ થયો અને એકદમ લાલચોળ ચક્ષુ કરી આક્રોશ પૂર્વક બોલ્યો કેઃ— અલ્યા ચંડાળ ! અધમાધમ ! તેં મારી આજ્ઞાનો ભંગ કેમ કર્યો ? તું રાગરંગનો બહુ રસીયો છે, તને નાયકા વગેરેના રાગરંગ સાંભળવા બહુજ ગમે છે, પણ તને મારી અસિધારાસમ આજ્ઞાની ગણનરી તો ન રહી ! તો **आज्ञाभंगो नरेंद्राणाम्** ॥ અર્થાત્ રાજાની આજ્ઞાનો ભંગ કરવાથી જે મોટો ગુન્હો તેં કર્યો છે, તો તેને માટે તને અવશ્ય શીક્ષા કરવી જોઇએ. હે રાગના રસીયા ! તને રાગબહુ વહાલો છે, તેથી તેની શિક્ષા તારા કાનનેજ કરવી જોઇએ. પછી કોપ પૂર્વક બીજા નોકરોને હુકમ કર્યો કે આ બેફરમાન દૂષ્ટના કાનમાં ધગધગતું ઉનું સીસું કરી રેડો, બીનચુકે આ મારી આજ્ઞાનો અમલ જલદી કરો !

પછી એ પ્રમાણે રાજાના નોકરે તુરતજ કર્યું. પરાણે તેના કાનમાં ઉનુંઉનું સીસું રેડયું, તેથી અત્યંત રાડો પાડવા લાગ્યો, અને થોડા વખતમાં મરણ પામ્યો. પછી કેટલેક વખતે રાજાને આ મહાપાપનો પરતાવો થવા લાગ્યો, તેવામાં તેના નગરમાં કોઇ સર્વજ્ઞ કેવળી ભગવાન પધાર્યા, તેમને વંદણા કરી સુખશાતા પુછી બેઠો. પછી પેલા બ્રાહ્મણની વાત કાઢી પુછ્યું કે, તેને ગાણું સાંભળવા ઉપર ઘણીજ પ્રીતિ હતી, અને તેથી મારાથી આ પ્રમાણે પ્રાણાંત શિક્ષા કરાઇ છે, તો મહારાજ તે બ્રાહ્મણ કોણ હતો ? એ પ્રમાણે પૂછતાં શ્રી કેવળી ભગવાને રામના ભવથી માંડીને અત્યાર સુધીની સર્વ વાત કહી બતાવી. શ્રોત્રેંદ્રિયમાં અત્યન્ત વિષયાસક્તિથી પ્રાણીઓને આ પ્રકારે દુઃખો ભોગવવાં પડે છે, આ પ્રમાણે સાંભળી રાજાને આખરે વૈરાગ્ય થયો, અને દીક્ષા લઇ શુદ્ધ ભાવે સંજમ પાળી તે મહાબળ રાજા કર્મ ખપાવી મોક્ષે ગયો.

હે વિવેકી બંધુઓ! વિચારો એક શ્રોત્રેન્દ્રિયને વશ થવાથી કેવું ભયંકર પરિણામ આવ્યું? ખરેખર શ્રોત્ર ઇંદ્રિયના સંબંધમાં ઉત્તરાધ્યયનના બત્રીસમા અધ્યયનમાં કહ્યું છે કેઃ—

सद्देसुयो गिद्धमुवे इतिव्वं । अकालियं पावइ से विणासं ॥
रागाउरे हरिण मिगेव मुद्धे । सद्दे अतित्ते समुवेइ मच्चु ॥३६।

અર્થાત્—શબ્દમાં ગૃધ બનેલા પ્રાણીઓ અકાલે મરણ પામે છે, જેમ શબ્દમાં આસક્ત બનેલો હરણ મૃત્યુ પામ્યો. આ વગેરે પાંચે ઇંદ્રિયોને વશ્ય થયેલા એવા મનુષ્યોના દાખલાઓ ઘણા બનેલા છે. આ દૃષ્ટાંતની મતલબ એ છે કે, મનુષ્યો પાંચ ઇંદ્રિયોના વિષય સુખમાં આસક્ત બને છે, ત્યારે પોતે ભાન ભૂલી જાય છે. અને તેમાં અંધ બની મહા ક્રુર કર્મો ઉપાર્જન કરી માઠી ગતિને પામે છે. વળી કહ્યું છે કેઃ—

સવૈયો.

ધનમાં મન ધારિ ધમાધમ કિધ, રહ્યો નહિ નેહ નિરંજનમાં,
જનગાં ધરિ જન્મ જનાવર જેમ, ન કાઢી ઘડી કદિ કીર્ત્તનમાં:
તનમાં તરૂણાઇ ઘટી દલપત્ત હરી વય વર્ષ અઠાવનમાં,
વનમાં પકડે પશુ પારધિ તેમ, બખીલ પડયો જમબંધનમાં. ૪૨

માટે મનુષ્ય જન્મ ધરી કાંઇ પણ આત્મહિત કરવું જોઇએ.

હવે ચક્ષુ ઇંદ્રિયમાં વિષયાસક્તિ એટલે સ્ત્રિયાદિક ચિત્તહર સુંદર મનમોહકરૂપ જોવામાં અત્યંત આસકિત-લાલસા રાખવી તેને કહે છે.

(૫૮) રૂપરસિક વિષયની દૃષ્ટિવાળા શેઠ પુત્રની વાત.

એક શ્રીવિજયપુર નામે મોટું નગર હતું, તેમાં વિશ્વંભર એવે નામે રાજા રાજય કરતો હતો. તેને એક બુદ્ધિનિધાન પ્રધાન હતો, તથા તેજ ગામમાં યશોધર નામનો એક નગરશેઠ હતો. રાજા પ્રધાન તથા નગરશેઠ એ ત્રણેને અન્યોઅન્ય ઘણીજ પ્રીતિ હતી, અને ત્રણેને એક એક પુત્ર હતો. એક વખત પ્રધાને એકાંતમાં શેઠને કહ્યું કેઃ-શેઠ સાહેબ! તમારો પુત્ર સારો નથી. જો કે તે બધી વાતે ઉત્તમ છે હુંશીયાર છે મહાનિપુણ છે, પણ તેનામાં એક મોટી કુટેવ છે તે બહુજ બુરી અને દુઃખદાયક છે. તે એ છે કે-તે જ્યારેજ્યારે રાજ્યમહેલમાં આવે છે તથા જાય છે, ત્યારેત્યારે રાજાના અંતઃપુરમાં

દૃષ્ટિપાત કરે છે તથા રસ્તામાં પણ કેટલીએક સ્ત્રિયોને એકી નજરે જોયા કરે છે, તથા ઘણીવાર કુલકામિનીઓની સામે પણ જોઇ રહે છે–આ ટેવ બહુ ખરાબ છે. બીજા સારા ગુણો હોય તો તે પણ આ કુટેવને લીધે નિંદવારૂપ થઇ પડે છે; કારણ કે આ ટેવ બહુ બુરી છે. માટે આપનો આ ખોટનો પુત્ર ભવિષ્યની જીંદગીમાં ખરાબખસ્ત ન થઇ જાય, તેટલા માટે હું આપને નિખાલસપણે કહું છું. તો આપ તમારા પ્રિય પુત્રને સમજાવશો, તો ભવિષ્યમાં ફાયદો થશે; અને જગતમાં અપકીર્ત્તિ થતી બચશે, તથા આ ખરાબ ટેવ મટવાથી તેની જીંદગી પણ સુધરશે. નહિ તો તેને ભવિષ્યમાં બહુ ભારે દુઃખ વેઠવાં પડશે; ને ઘણી રીતે હેરાનગતિ પામશે.

શેઠ આ સાંભળી વિચારમાં પડયા, પોતાના પુત્રને ખરાબ ટેવ પડી છે, તે વાસ્તે મનમાં તેમને ઘણું લાગી આવ્યું. તેથી શેઠે ઘેર આવી પોતાના પ્રિય પુત્રને શાંતપણે ઘણું સમજાવ્યો—તે ટેવ મટાડવા માટે શિખામણ બહુ આપી, પણ તેણે તે માન્ય કરી નહિ, અને પોતાની તે ખરાબ ટેવ ઉલટો વિશેષ વધારતો ગયો. આથી શેઠને તો બળાપાનો પારજ ન રહ્યો, પણ હવે તેનું કાંઇ જોર ચાલી શકે તેમ નહોતું! જ્યારે ઘરમાં ખરાબ છોકરા–કુપુત્ર થાય છે ત્યારે માતાપિતાને દુઃખને પાર રહેતો નથી. એક વખતે તેના પાપનો ઘડો ફુટયો! દુઃખ વાદળું ચડી આવ્યું. બન્યું એવું કે, એક વખત રાજમહેલમાં જતો હતો, જતાં અંતઃપુર ભણી ઘણીવાર નજર માંડી જોઇ રહ્યો, ભાગજોગે રાજાની નજર તેના ઉપર પડી તેથી રાજાને વહેમ પડયો કે રાણી સામું આ શેઠનો પુત્ર કેમ જોઇ રહ્યો છે? માટે જરૂર આ માણસ ખરાબ છે. વિષયવિકારની દૃષ્ટિવાળો કયાંક મારા નગરને પણ બગાડશે–કારણ કે એક માણસ ખરાબ હોય, તો બીજાઓને પણ ખરાબ કરે છે. પછી તો ગામમાંથી પણ તેની રાઢ રોજ આવવા લાગી, સર્વ લોકોને આની ખરાબ ટેવની ખબર પડી ગઇ, તેથી રાજાએ તો તેને એકદમ દેશનિકાલ કરી દીધો. ત્યાંથી ફરતોફરતો બીજા દેશમાં ગયો, ત્યાં પણ તેની તે કુટેવ તો રહીજ. અહો! પ્રાણીઓને જે દુષ્ટ–ખરાબ ટેવ પડે છે, તે કોટી ઉપાયે પ્રાણાન્તે પણ જતી નથી. તેના બાપે બિચારા નગરશેઠે કેટલી શીખામણ આપી પણ ન માની! જે નઠોર અને કઠોર વસ્તુ હોય, તે કદી પોચી અને સરળ નથી

થતી. કોરડુ મગને પકવવા માટે હેઠે ગમે તેટલો તાપ કરે, તો પણ તે તો કઠોરજ રહેવાના, તેનો સ્વભાવજ તેવો છે.

કઠોરની કઠણાઇ વિષેઃ—

(જાય છે જગત ચાલ્યું રેઃ—એ રાગ)

પડે નહિ કદી પોચારે, કઠોર કેવા ?—એ ટેક.

તાતા જળ માંહે નાંખ્યાં, બળતુ બાળી થાકયા;
તોય પુરા નવ પાકયારે.—કઠોર કેવા ? ૪૩
અંબફળ માંહે રે'તો, સદા રસભર્યો તે તો;
વાટમાંહે મુકયો વહેતોરે.—કઠોર કેવા ? ૪૪
પથ્થર મોચીનો જોયો, પડે ઘાવ રાખે ધોયો;
તોયે જરા નહિ કોહ્યો રે.—કઠોર કેવા ? ૪૫
કોશ વાંસે પાણો બાંધે, છિંદરે બાંધીને સાંધે;
તોયે ગુણ રહ્યા આઘે રે.—કઠોર કેવા ? ૪૬
સરવો પાકમાં પેઠો, ઘણું ચાખી થયો એઠો;
સ્વાદ નવ જાણે મીઠો રે.—કઠોર કેવા ? ૪૭
ખજુર કેરો કચુકો, રસ ભર્યે રહ્યો સુકો;
છેવટ મુખેથી થુંકયો રે.—કઠોર કેવા ? ૪૮
ખાખરાનાં પુલ માતાં, રૂડાં દીસે રંગે રાતાં;
વિષ કુસુમ સુહાતાં રે.—કઠોર કેવા ? ૪૯
કુડલામાં ઘત ભર્યું, ભરીને એકાંત ધર્યું;
પોતાનું ન કાંઇ કર્યું રે.—કઠોર કેવા ? ૫૦
હેમ માંહે ત્રાંબુ નાંખે, ઉજાળીને ચોખું રાખે;
તોય અંતે થાય આંખે રે.—કઠોર કેવા ? ૫૧
સુર ઇંદુ કેરી વાણી, અંતરમાં ધરો પ્રાણી;
વિમુખે ન જરી જાણી રે.—કઠોર કેવા ? ૫૨

મતલબ કે પોતાની જે ખરાબ ટેવ છે, તે ઘણું કરીને જતીજ નથી. તેને માટે દુનિયામાં કહેવત છે કેઃ—"મનુષ્યોને પ્રાણ ને પ્રકૃતિ સાથેજ નાશ પામે" આખરે તેની ખરાબ ટેવથી એક વખત કોટવાળને તેના ઉપર શક આવ્યો તેથી તેને પકડયો. અંતે તે વહેમ

તેનો ખરો પડયો ત્યારે તે વાત કોટવાળે રાજાને કહી. રાજાએ જાણ્યું કેઃ-જેની **"દૃષ્ટિ ખરાબ તેનું બધું ખરાબ"** તેનામાં બીજા પણ દુર્ગુણો વધ્યા હતા, તેથી આખરે રાજાએ તેને મારી નાંખવાનો હુકમ કર્યો તેથી કોટવાળે તેને ફાંસીએ ચડાવી મારી નંખાવ્યો. ત્યાંથી મરી પતંગીઉ થયો, ત્યાં પણ દીવાની જયોતમાં પડી મરણ પામ્યો. એ પ્રમાણે ઘણા ભવો કરી સંસારમાં અટવાઇ અનંત દુઃખો પામશે. વહાલા વાંચનાર! જોયું ચક્ષુ ઇંદ્રિયમાં વિષયાસક્તિ અત્યંત રાખવાથી કેવું વિષમ પરિણામ આવ્યું? એ તો ખરૂંજ છે કે, આ બે ચક્ષુમાંજ ઝેર તથા અમૃત ભર્યું છે, માટે સર્વેજણે અમીદૃષ્ટિ રાખવી. નહિ તો ઉપરની કથાઆમાં કહેલા રૂપરસિક વિકારી દૃષ્ટિવાળા શેઠના પુત્રની પેઠે ઇહલોક તથા પરલોકમાં દુઃખ ભોગવવાનો વખત આવે,

ઘ્રાણેંદ્રિય વિષયાસક્તિ એટલે નાકને વિશેષ સુગંધી ચીજો સુંઘવાની સુવાસ લેવાની ટેવ પાડવી તેને કહે છે.

(૫૯) સુવાસના શોખીન સુગંધપ્રિયની કથા.

એક પદ્મખંડ નામે મોટું નગર હતું, તે નગરમાં પ્રજાપતિ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને સુગંધપ્રિય નામનો એક પુત્ર હતો. તેનામાં કેટલાએક સારા ગુણો હતા, પણ તેમાં એક દુર્ગુણ વિશેષ હતો. તે એ કે-તે જે જે સુગંધી વસ્તુઓ દેખે કે તુરત તેને હાથમાં લઇ નાકમાં નસકોરા પાસે લઇ જઇ સુંઘવા માંડે-અને તેથી તેને રોજ નવી નવી જાતનાં અત્તર તેલ ફૂલ વગેરે સુગંધવાળી વસ્તુઓનો સંગ્રહ કરવાનો અત્યંત શોખ હતો. પોતાના શરીરને પણ એવી સુવાસિત વસ્તુઓથીજ કાયમ મઘમઘતું રાખતો હતો, તેલ ફુલેલ વગેરેથી સદા શરીરે મર્દન કરાવતો હતો.

સુતી વખતે પણ પોતાના પલંગ પર ખુશબોદાર ગુલાબનાં ઘણાં ફુલ પાથરી તે પર સુઇ જતો. તથા સુતી વખતે તેના પલંગની આસપાસ પણ અનેક પ્રકારનાં સુગંધી પુષ્પોનાં કુંડાં મુકાવતો હતો, કોઇ વેપારી કાંઇ નવીન અત્તર તેલ વગેરેની શીશીઓ ગામમાં વેચવા આવે કે તુરતજ તેને પોતાના મહેલમાં બોલાવીને ઇચ્છિત ભાવ આપી સત્વર સર્વ ખરીદ કરી લેતો. આથી દેશ પરદેશના Perfumers સુગંધી પદાર્થોના વ્યાપારીઓને એક જાતની મોટી

ક્રમાણી જાગી. થોડા મુલ્યની વસ્તુઓ હોય, તો પણ ઇચ્છા પ્રમાણે તેનાં નાણાં પડાવે, કુંવરને તેનો શોખ અત્યંત હોવાથી વિના વિલંબે મોં માગ્યા દામ આપી સર્વ ખરીદ કરી લેતો હતો.

પોતાની સ્નાનવિધિમાં પણ તેને હમેશાં સેંકડો રૂપીઆનો ભારે ખર્ચ થતો હતો. અહો ! મોહમુગ્ધ મનુષ્યો કેવા પ્રકારના મોજશોખના પદાર્થમાંજ ડુબી જાય છે ? સામા માણુસને છીઃ છીઃ કરે છે–દુર્ગંછે છે ! કોઇ ગરીબગરબાને ધિક્કારે છે–છીટકારે છે, અને કોઇ બિચારા રોગી વગેરેને જોઇ મુખ મરડે છે–તિરસ્કારે છે. પણ વિચારશે તો જણાશે કે આ શરીરમાંજ શું ભર્યું છે ! કાંઇ અત્તર તેલ ફુલેલ તો તેમાં ભર્યું નથી, પણ મળમુત્ર જ ભર્યું છે, અશુચીનોજ કોથળો છે; એ તો પૂરિષપાત્ર અને દુર્ગંધીનોજ ભંડાર છે. તેને માટે બ્રહ્માનંદ નામના મહાત્માએ કહ્યું છે કેઃ—**ઉપદેશી પદ.**

આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગેજી;
અસંખ્ય ગયા ધન સંપત્તિ મેલી તારી નજરે આગેજી. ૫૩
અંગે તેલ ફુલેલ લગાવે, માથે છોગાં ઘાલેજી;
જોબન જરનું જોર બતાવે, છાતી કાઢી ચાલેજી. ૫૪
જેમ ઉંદરડે દારૂ પીધો, મસ્તાનો થઇ ડોલેજી;
મગરૂરીમાં અંગ મરોડે, જેમ તેમ મુખથી બોલેજી. ૫૫
મનમાં જાણે છે મુજ સરીખો, રસીઓ નહિ કોઇ રાગીજી;
બાહેર તાકી રહી બિલાડી, લેતાં વાર ન લાગેજી. ૫૬
આજ કાલમાં હું તું કરતાં, જમડા પકડી જાશેજી;
બ્રહ્માનંદ કહે ચેત અજ્ઞાની, અંત ફજેતી થાશેજી. ૫૭

અહાહા ! કેવો સરસ બોધ ? ! કેવો સરસ વૈરાગ્ય ? મોહમુગ્ધ મનુષ્યો માટે કેવો એક જબ્બર જ્ઞાનપટકો ! છતાં અજ્ઞાની મનુષ્યો તો સદા સુગંધ લેવામાંજ ગરકાવ રહે છે. આવા પ્રકારનો શોખીન મનુષ્ય કોઇ દુઃખી અનાથ કે રોગી વગેરેની સેવા ભક્તિ કરી શકતો નથી. કેમકે તેના મનમાં તેને હમેશાં દુગંછા રહ્યા કરે છે, દીનદુઃખી દરદીનાં દુઃખ દરદો જોઇ તેને દયા આવવાને બદલે તે તેમનાપર તિરસ્કાર છુટે છે, સર્વમાં તે આભડછેટ ને સુગ માને છે; માટે તેનાથી દુઃખી અનાથ ઉપર દયા કે ઉપકાર ભાગ્યેજ થઇ શકે ! અને તેની જીંદગી

એવી પ્રવૃત્તિમાંજ અંતે પુરી થાય છે. એવી કુટેવને લીધે તો તેની જીંદગાની કોઇ વખત ભારે જોખમમાં પણ આવી જાય છે. આપણા આ દૃષ્ટાંત નાયક સુગંધપ્રિય નામના શોખીન રાજપુત્રનું પણ આખરે તેજ બન્યું છે. જે તે સુગંધી વસ્તુ સુંઘવાનો તેને અત્યંત શોખ હતો, તે તેની ઘણી જ ખરાબ ટેવ હતી. તે કુટેવનું આખરે કેવું માઠું પરિણામ આવ્યું ને કેવું હાનિકારક ફળ નિવડયું ? તે હે વહાલા વાંચનાર! તું આગળ વાંચીશ એટલે તને સાફ જણાશે કે ખરાબ ટેવનું તો આવું વિષ ફળજ આખરે હોય છે.

હવે બન્યું એવું કે, પોતાના ગામની બહાર એક મોટી નદી વહે છે, તેમાં પાણી પુષ્કળ છે. એક વખત તે રાજપુત્રે એક સુંદર નાવડામાં બેસી પેલે તીર ફરવા જવાની ઇચ્છા કરી, તેથી કેટલીક સુગંધી વસ્તુઓ સાથે લઇ એક નોકર સાથે મછવામાં બેસી નદીમાં જળક્રીડા કરવા ખાતર જતો હતો, તેવામાં તેની ઓરમાન માતાને આ વાતની ખબર પડી. તે અપરમાને એક પુત્ર હતો, પણ આ પાટવીકુમાર જીવતો હોય, ત્યાં સુધી પોતાના પુત્રને કદી રાજગાદી મળે નહિ, માટે પોતાના પુત્રને ગાદી મળવા ખાતર, પેલી ઓરમાન મા પાટવીકુમારને મારી નાંખવા માટે કેટલા વખતથી પ્રયત્નો કરતી હતી, પણ ફાવતી નહોતી તેમાં આજે લાગ સારો મળી ગયો.

પછી તેણે એક કાષ્ટની સુંદર પેટી મંગાવી તે પેટી મખમલથી મઢેલી હતી, ઉપરનો દેખાવ પણ ઘણો સોહામણો હતો. પછી તે પેટી લઇ તેની અંદર સરસમાં સરસ સુગંધીક-સુવાસિક અત્તર તેલની શીશીઓ મુકી તેની અંદર વિષ પણ ભેળવ્યું. મખમલની ગાદીમાં પણ વિષ-ઝેર છાંટયું, તે એવું તો તિક્ષણ હતું કે તેનો જરા નાકમાં વાસ જાય કે તુરતજ મસ્તકે તેનું ઝેર ચડી જાય. એવી રીતે સુવાસિત અત્તરની શીશીઓમાં વિષ ભરી તે પેટી તેની માતાની શોકયે નદીના પાણીમાં ગુપ્તપણે તરતી મુકાવી દીધી. પવનવેગે તે પેટી કુંવરના નાવ ભણી ચાલતી જઇ કુંવરની પાસે તે પેટી આવી, તે જોઇ કુંવરે આશ્ચર્યચક્તિ થઇ ને નોકર પાસે તે તણાતી પેટી મંગાવી તુરત ખોલી, તો અંદરથી મનોહર ઘણી સુંદરાકૃતિવાળી સારી સોડમ અને સુગંધવાળી શીશીઓ નીકળી. કુંવર તે જોઇ ખુશ ખુશ થઇ ગયો, ને બોલ્યો કે, વાહ વાહ ! મારા ભાગ્યનો સૂર્ય કેવો ચડતો છે, કે મને નદીમાં જળક્રીડા કરવા આવ્યો ત્યાં પણ નદી માતાએ

સુગંધી પેટીની ભેટ મોકલાવી. અહાહા ! હું કેવો પુણ્યશાળી છું. ? એમ કહી હર્ષપૂર્વક શીશીઓ ખોલી સુંઘવા લાગ્યો, ત્યારે દીર્ઘદર્શી નોકરે તેને ઘણો વાર્યો, પણ મોહાંધે માન્યું નહિ. સુંઘતો જાય છે ને આનંદ પામતો જાય છે, તેવામાં એક શીશી સાવ ઝેરનીજ ભરેલી હતી, તે હાથમાં આવી તેને પણ ખોલી સુંઘી કે તુરતજ તેનું ઝેર શીરોભાગમાં ચડી જઇ થોડા વખતમાંજ ત્યાં મરણ પામ્યો. અહો સુગંધમાં અતિ આસક્તિથી કેવું અચાનક મરણ પ્રાપ્ત થયું ? માટે વિવેકી જનોએ તેમાં અત્યંત આસક્તિ ન રાખવી. રસેંદ્રિયના વિષયમાં આસક્તિ એટલે નાના પ્રકારના રસના સ્વાદ લેવામાં અત્યંત પ્રીતિ રાખવી તથા વગર વિચાર્યું એલફેલ ગમે તેમ બોલવું બકવું અથવા ઘણાને કે એકને પ્રાણાન્ત નુકસાન થાય તેવું અજુગતું બોલવું, બેલગામ છુટે મોઢે બોલવું, તેને કહે છે.

(૬૦) જીભના ચટાકાવાળા મધુપ્રિયની કષ્ટકહાણી.

સિદ્ધાર્થપુર નામે એક મોટું નગર હતુ, તે નગરમાં વિમલશેઠ નામે મોટા શેઠ વસતોહતો, તેને મધુપ્રિય નામે ખોટનો પુત્ર હતો, તેને નાનપણથીજ નાના પ્રકારના રસાસ્વાદ ઉપર ઘણીજ પ્રીતિ હતી. તેથી તિખાતમતમતા ખારાખાટા મોળા મિઠામધુરા વિવિધ રસનાં સ્વાદીષ્ટ ભોજનો જમતો. રોજરોજ ભાવતી નવી નવી વાનીની રસોઇ રસોઇયા પાસે બનાવરાવે, તથા પોતાના મિત્રોમાં ઉજાણી પણ કઢાવે, તેમાં પણ પોતાને ગમે તેવાંજ ભાવતાં ભોજનો કરાવે; વળી ખાવાપીવાની જે તે વસ્તુઓ દીઠી કે નિરંતર ચાખ્યાજ કરે—કોઇ પણ ખાવાની વસ્તુ—દીઠી કે તુરતજ લઇ મોઢામાં નાંખે. એટલું તો ખરૂંજ છે, કે માણસોને પોતાની જીભજ સુખ દુઃખ આપે છે. તત્વજ્ઞાની મહા પુરૂષોએ તો સાફ કહેલું છે, કે પાંચ ઇંદ્રિયમાં રસેન્દ્રિય જીતવી બહુ મુસ્કેલ છે, જીહ્વા સ્વાદવાળા—રસનાલોલુપને સદા નવુંનવું ખાવાની લાલસા નિત્ય થયાજ કરે છે, અને તેથી તે સ્વાદીઆને ભક્ષાભક્ષનું પણ ભાન રહેતું નથી; વળી રસના ઇંદ્રિયનો લોલુપી જીવ પાપપુણ્યને તો ગણકારતોજ નથી. તેને તો પોતાની મોજ ઇચ્છામાં આવે તેજ પુણ્ય અને તેજ પાપ ! કોઇ સહજ કહે કે, ભાઇ ! આ વસ્તુ તમે ન ખાશો તેમાં ઘણું પાપ છે, તે સાંભળીને તો પેલો જીભના ચટાકાવાળો રસલોલુપી તે બાપડા ને હસી કાઢે છે. વાહવાહ ! એમાં તે વળી પાપ

ક્યાંથી આવીને ભરાઈ બેઠું છે ? ! જરા બતાવો તો ખરા ? અમે તો કાંઇ પાપ બાપ દેખતા નથી, તે પાપ કેવું છે ? હેં ! કહો તો ખરા કાળું છે કે ધોળું છે ? ! અરે મારા ભલાભાઇ ! શું કામ આમ નાહક ડરી મરોછો ? એ તો કરતા હોય તે કરીએ, ને પાપદોષ ન ગણીએ. અમુક વસ્તુ ખાવી તેમાં તે વળી પાપ શું ? અને કદાચ લાગશે, તો ઝટ લઇને ખંખેરી નાંખીશું, એટલે ખલાસ ! સમજ્યાને મારી પાસે તો પાપ બાપડું ઊભુંજ ન રહે !

ખરેખર રસના ઇંદ્રિયના લોલુપીની તો સદા આવીજ વૃત્તિ હોય છે, તેઓ ગમે તે ચીજને વગર વિચાર્યે ભચડભચડ ચાવ્યાજ કરે છે. તેમાં વળી સારી અને ભાવતી વસ્તુ મળતાં તો ખુબ વખાણીવખાણીને ખાંતેથી ખાધે જાય છે, અને મહા કુકર્મ ઉપાર્જે છે. શ્રી મહાવીર ભગવાને શાસ્ત્રમાં કહ્યું છે કે:–એક માણુસ જમતાં જમતાં સાત તથા આઠ કર્મને બાંધે છે, અને એક માણસ જમતાંજમતાં સાત તથા આઠ કર્મને ખપાવે છે. એવાજ કારણથી કેટલા સમજુ ધર્મનિષ્ઠ વિવેકી પુરૂષો જમતી વખતે બોલતાજ નથી અને મુંગા રહી શાન્તિથી જમે છે; તેમાં ઘણોજ લાભ રહેલો છે. વાહવાહ ધન્ય છે શ્રીધર્મરૂચી મહાત્માને ! કે તેમને એકદા કડવા તુંબડાના શાકનીજ જોગવાઇ થઇ, અને તે એકાંત જગ્યામાં પરીઠવા (નાંખવા)ને તે ગયા, પણ નાંખી દેતાં મહાન અનર્થ થતો જાણી, તે પોતાનાજ પેટમાં પધરાવવાનો નિશ્ચય થયો; એટલે તે નાંખી ન દેતાં પોતેજ તે કડવું ઝેર જેવું શાક ખાવા લાગ્યા. અને ખાતાંખાતાં સંભાવનાથી કર્મ ખપાવ્યાં, તથા સર્વોત્તમ એવું સર્વાર્થસિદ્ધ નામનું વૈમાન તેમણે પ્રાપ્ત કર્યું; અને એકાવતારી થઇ મોક્ષે પધાર્યા. તેમજ શ્રી ઢંઢણ નામના મહાત્માએ પણ લાડવાનું ચુરણ (ભુકો) કરી જમીનમાં નાંખતાંનાંખતાં સદ્ભાવના રૂપી તિક્ષ્ણ કુહાડીથી કર્મનું ચુરણ કરી નાંખ્યુ, અને તેમણે એક અંતર્મુહુર્ત માત્રમાં અક્ષય મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરી. માટે જમવામાં મનુષ્યોએ ઘણીજ સાવચેતી રાખવી ઘટે છે. માણુસોની ખાનદાની–ઉંચતાનીચતા તે ખાવામાંજ જણાઇ આવે છે. ખાવાનો જે ભખળ હોય છે જીભનો ફુટો હોય છે, તેની કીંમત થઇ જાય છે, તેને તો કંઇ લાજ શરમ પણ હોતી નથી, અને ભાવતું ખાધા કરવાની ઇચ્છાને વધારે છે. આજે અમુક ખાવાની ઇચ્છા થઈ તો કાલે વળી બીજી નવી વાનીની ઇચ્છા થાય છે, અને તે પુરી ન પડે, તો જરા ચેન પણ

પડતું નથી, તેને માટે જંખના કર્યાજ કરે છે, તે રસેંદ્રિયની ઇચ્છા પુરી પાડવા માટે અનેક પ્રકારે ફાંફાં માર્યા કરે છે, અને બનતા સર્વ પ્રયત્નો કરે છે.

વાંચનાર ! આપણો દૃષ્ટાંત નાયક પેલો શેઠ પુત્ર પણ તેવોજ રસલોલુપી હતો. તેને નવા નવા રસો ચાખવાનો–સ્વાદ લેવાનો અત્યંત શોખ હતો, કંદમુળ વગરે જે જૈનને વર્જીત વસ્તુ તે પણ તે ખાંતેથી ખાતો. એક વખત તેને વિચાર થયો કે, વારૂ બધી વસ્તુઓનો સ્વાદ તો ચાખ્યો, પણ કદી દારૂ કે માંસનો સ્વાદ તો ચાખ્યો જ નહિ, માટે તેનો પણ સ્વાદ તો લેવો ખરો ! પછી ગુપ્તપણે તે દારૂની બાટલી લેઇ પીવા લાગ્યો, તથા છાનું માંસ મંગાવીને પણ ખુશી થઈ સ્વાદે ખાવા લાગ્યો.

અરેરે ! જરા જેટલી લુલી–જીભને વશ થયેલા મનુષ્યોને રસલોલુપીપણું કેટલું બધું અધમગતિએ પહોંચાડે છે ? મદ્યમાંસ સેવવા સુધીની કુટેવે પણ તેને પહોંચાડી દીધો ! ઉંચજાતિનો થઇ તે નીચ વસ્તુ સેવવા લાગ્યો; કાળે કરી તેનાં માતપિતાને પણ આ મહોકાણની ખબર પડી તેથી તેને ઘણો સમજાવ્યો, પણ તે લત પાપીએ છોડી નહિ, તેમાં ગૃદ્ધિ થઇ જવાથી સ્વાદ મુકાયોજ નહિ. આખરે તેના પિતાએ પોતાની ઇજતઆબરૂ જાળવવા ખાતર તે ગામમાંથી એ દુષ્ટ કુપુત્રને કાઢી મુકયો, તેથી તે કોઇ બીજે ગામ દૂર જઇ રહ્યો. ત્યાં પણ તેણે તે અખાદ્ય અને અપેય વસ્તુ વાપરવાની કુટેવ તજી નહિ, અહો ! પ્રાણીઓને પડી ટેવ ટળતી નથી. તેને હવે તો માંસાહાર દાઢે લાગ્યો, તેને લીધે તે એક મહા અધમાધમ કામ કરવા લાગ્યો. તે એ કે રાત્રે રોજ ફરવા નીકળે ત્યારે ગામમાં કોઇ નાનું છોકરૂં ભાળે, તેને ગુપ્તપણે ઉપાડી લાવે, અને રાતે બાળકને મારી નાંખી, તેને રાંધી સ્વાદીષ્ટ વાની બનાવી ખાય. પાપીને રસલોલુપીપણાથી દયા પણ છોડી ગઇ. આ પ્રમાણે ગુપ્તપણે દુષ્ટ કામ તે રોજ કર્યા કરે, લાગ નફાવે તો બેચાર દહાડે કરે. તેની આ ત્રાસદાયક બાળહત્યાથી ગામમાં રાડ પડવા લાગી, રોજ ગામમાંથી બાળક ગુમ થાય એ તે કાંઇ ઓછું દુઃખ કહેવાય ? આથી તો ખંતીલા કોટવાળે ખુબ બારીકીથી પક્કો તપાસ કરી તેને પકડી કાઢયો. પાપ તે કેટલુંક છાનું રહે ? આખરે તે દુષ્ટને ન્યાય કરી રાજાના કહેવાથી ફાંસીએ ચડાવી દીધો. ત્યાંથી મરીને માછલું થયો, ત્યાં પણ લોટની ગોળી ખાવા જતાં આંક-

ડીમાં ગળુ વીંધાઇ મરણ પામ્યો. એમ નરક વગેરેમાં અનંત કાળ ભટકશે, દુઃખ પામશે. વહાલા વાંચનાર ! જોયું, રસેંદ્રિયમાં અતિ આસક્તિ રાખવાનું કેવું વિષય દુષ્પરિણામ આવ્યું, માટે આસક્તિ–ગૃદ્ધિપણું ન કરવું. સ્પર્શેન્દ્રિયની લાલસા એટલે વિષયવિકારમાં–કામક્રીડામાં અત્યંત આસક્તિ રાખવી તેને કહે છે.

(૬૧) કામાસક્ત વિષયાનુરાગી મહેન્દ્રની વાત.

વિશ્વપુર નામે એક મોટું નગર હતું તે નગરની અંદર ધરણેન્દ્ર નામે રાજા રાજ્ય કરતો હતો તેને મહેન્દ્રદત્ત નામે પુત્ર હતો. તથા તેજ નગરમાં મદન નામે એક શેઠપુત્ર પણ વસતો હતો. રાજપુત્ર તથા શ્રેષ્ઠીપુત્રને નાનપણથી મિત્રતા હતી, બન્ને જણ દરેક કામમાં સાથેજ રહેતા હતા, વળી નાનપણમાં વિદ્યાભ્યાસ પણ એક નિશાળમાં અને એક અધ્યાપકની પાસે બન્નેએ કરેલો હતો. તેથી નાનપણથીજ બન્નેને જીવજાન દોસ્તી બંધાઇ હતી, તેમાં વળી શ્રેષ્ઠીપુત્રને તો વિશેષ સ્વાર્થ સાધવાનો હતો, કે વિશેષ પ્રીતિ રાખું તો આગળ જતાં આ રાજકુંવર રાજા થાય ત્યારે મને મોટું માન મળે; માટે મદન તો તેને વિશેષ ચહાતો હતો. એમ કરતાં તે શ્રેષ્ઠીપુત્રની વર્ષગાંઠનો આનંદી દિવસ આવ્યો. તેથી મદને પોતાના મિત્ર મહેન્દ્રદત્ત રાજપુત્રને ઘેર જમવા માટે તેડવાથી તે ખુશીથી જમવા આવ્યો. તે વખતે મદનની સ્ત્રીએ હર્ષપૂર્વક સર્વ ભોજન પીરસ્યું, આજે મહોત્સવનો દિવસ ધારી તે સ્ત્રીએ સારાંસારાં ઘરેણાંગાંઠાં તથા ઘણી ઉંચી જાતનાં વસ્ત્રો પહેર્યા હતાં, વળી પોતાના પતિનો પ્રિયમિત્ર હોવાથી રાજપુત્રની લાજમર્યાદા પણ ન રાખતાં છુટથી વગર સંકોચે સર્વ પીરસતી હતી, તથા પ્રિય મધુર વચને જમવા માટે અતિ આગ્રહ પણ કરે જતી હતી. રાજકુંવરને આ નવોઢા નારીનું સ્વરૂપ કર્ણપ્રિય સુમધુર વચનો તથા હાવભાવ જોઇ મનમાં મોહ થયો; મનોવિકારે કામેચ્છાથી બુદ્ધિ ફેરવી નાંખી, મનમાં તેનું મનોહર સર્વાંગસુંદર રૂપ જોઇ ઘણો આશ્ચર્ય પામ્યો, કે અહાહા ! કેવું સ્વરૂપ છે ? ! આ રમણીરત્ન મારે સ્વાધીન–વશ થાય તો કેવું સારૂં ? અહાહા ! વિધાતાએ પણ નવરા પડી આ પુતળી ઘડવામાં ઠીક મહેનત લીધી લાગે છે ! એમ મનમાં ઘણા સંકલ્પવિકલ્પ કરી તેના ઉપરની આસક્તિથી મોહ પામી વિષય તૃષ્ણાના પુરમાં તણાવા લાગ્યો. આખરે રાજપુત્ર તથા મદન

બન્ને મિત્ર જમી રહ્યા બાદ દીવાનખાનામાં ગયા. બન્ને સમોવડીઆ વચ્ચે મિત્રાઇ સારી હોવાથી મદનની સ્ત્રીએ રાજકુંવરને પોતાને હાથે પાનનું બીડું વાળી હાથોહાથ આપ્યું, તેથી કુંવરે પણ બીજુ બીડું બનાવી મદનની સ્ત્રીને હાથોહાથ દીધું, તેથી અરસપરસ બન્નેનો કરસ્પર્શ થયો. સ્ત્રીનો સુકોમળ કરસ્પર્શ થવાથી, રાજકુંવરને વિશેષ વિષયાક્તિ થઇ, તેની સાથે વિષયસુખ ભોગવવા માટે લેહ લાગી. પછી તે રાજકુંવરે મહેલે જઇ બીજે દિવસે તે મનમોહિનીને માટે ગુપ્તપણે કેટલીક ઉંચી જાતની ઉમદા વસ્તુઓ સપ્રેમ ભેટ દાખલ મોકલી, તે સર્વ એ સુન્દરીએ સપ્રેમ સ્વીકારી તેથી રાજકુંવરને પોતાની ધારણા સફળ થવાનો નિશ્ચય થયો. તે સ્ત્રીને પણ રાજકુંવર ઉપર અનુરાગ પ્રીતિ તો થઇ હતી, પણ પોતાના પતિની બીકને લીધે તે કાંઇ વિશેષ બોલી કરી ન હતી. પછી તો અનંગપ્રભાવે મોહાંધ કુંવરની બુદ્ધિ છેક ભ્રષ્ટ થઇ, અને કામીહરામી છાનોમાનો રોજ મદનને ઘેર જવા લાગ્યો અને તેની સ્ત્રી સંઘાતે વિષયસુખ ભોગવવા લાગ્યો. અહો ! સ્ત્રી કોઇની થઇ નથી ને થવાની પણ નથી ! જે પોતાનો પ્રિય પતિ પ્રાણથી પણ પ્રિયતમ હતો, તે પતિ પણ હવે એ કામી નારીને અરૂચિકર અળખામણો થવા લાગ્યો; આથી પોતાના કુળની લાજમર્યાદાનો લોપ થાય છે તે પણ દુષ્ટાએ દિલમાં જરાયે આણ્યું નહિ.

હવે એકદા રાજકુંવરે પ્રિયતમા (મદન મિત્રની ધર્મપત્ની) ને પોતાને મહેલે રાત્રીને વિષે બોલાવવા માટે દૂતીને મોકલી ત્યારે તેણીએ કહ્યુ કેઃ–જ્યાં સુધી મારો પતિ હયાત છે, ત્યાં સુધી તો મારાથી ત્યાં આવી શકાય નહિ; ત્યારે કામાંધ રાજકુંવરે ઇષ્ટ મિત્રને મારી નાંખવા માટેનો પ્રયત્ન કર્યો. સ્ત્રીને પણ તે પતિ વેરી રૂપ જણાવા લાગ્યો હતો અને મનમાં તેની ઘાત ચિંતવવા લાગી. કહ્યું છે કેઃ–

મનહર છંદ.

લોભીને ભિક્ષુક વેરી ચોરને ચંદ્રમા વેરી,
  વ્યભીચારી સ્ત્રીને પતિ વેરી તુલ્ય જાણવો;
મુર્ખને ઉપદેશ દેનાર જન વેરી જાણો,
  પુત્ર વેરી માતતાત નહિ જ ભણાવે તો;
ઉદક અનલ વેરી જળમાં સાકર વેરી,
  ઘાયલને પાણી વેરી રૂપજ પ્રમાણવો;

કસાઇ દયાને વેર–નિત્ય કરે કાળો કેર,
ફીર કે' ન દિલ મહેર જરૂર જન જાણવો. ૫૮

મતલબ કે આટલાંને વિરોધ હોવાથી એક બીજાને અરસપરસ વેરી તુલ્ય ગણે છે. તેમ આ મદનની દુષ્ટા ને કુલટા સ્ત્રીને પણ પોતાનો પતિ કંટક રૂપ થઇ પડ્યો હતો. કામી રાજકુંવરે જાણ્યું કે તે પોતાના પતિની ડખલ–અડચણને લીધે અત્રે આવી શકી નહિ, ત્યારે પોતાના મિત્ર મદનને મારી નાંખવા માટે કામાંધ કુંવરે ગુપ્ત મારા મોકલ્યા. મદનને તથા તેના પિતાને આ ખબર પડી જવાથી તેણે (તે શેઠે) રાજા પાસે ફરિયાદ કરી કે, હે નરેન્દ્ર! આ પ્રમાણે મારો પુત્ર વિના અપરાધે કમોતે માર્યો જાય છે. આપનો પુત્ર આ પ્રમાણે ભુલભરેલી ગેરવર્તણુકથી (કુચાલથી) ચાલી બદફેલી કરી વર્તે છે, તો કૃપાળુ ભૂપતિ તેને માટે યથાઘટિત બનતા ચાંપતા ઇલાજ સત્વરે લેઇ મને નિર્ભય કરશોજી એવી અરજ ગુજારૂં છું. પછી રાજાએ સર્વ વાત સાંભળી એકદમ રાજકુંવરને પોતાની પાસે પકડી મંગાવ્યો, અને સર્વ પ્રકારે તપાસ કરતાં આખરે બધી વાત સત્ય જણાઇ. પોતાના કુંવરની આ પ્રકારની કુચાલથી રાજાને ઘણુંજ માઠું લાગ્યું. આ દુષ્ટ પુત્રે બહુ ખરાબ કર્યું, મારા કુળમાં તે પાપીએ આ એક મોટું કલંક લગાડયું. પછી પુત્રને ઘણોજ ઠપકો આપ્યો કેઃ–હે પુત્ર! ખરેખર હવે તું રાજગાદીને યોગ્ય જરાયે નથી. તને મેં સર્વ રીતે તૈયાર કર્યો, બહોતેર કળા શીખવી, અને યુદ્ધકળા પણ બતાવી, તેનો તેં આ પ્રમાણે ગેરઉપયોગ કર્યો?! એ શેઠ આપણો કેવો ઉપકારી છે? તેણે આપણા આ રાજ્યને નાણાં વગેરેની કેટલી બધી મદદ કરી છે? તું કેવો મૂર્ખ માણસ કે તેનાજ ઘર સાથે મિત્રદ્રોહી થઇ કુબુદ્ધિથી કુચાલથી વર્ત્યો. એમ મેં ઘણા દિવસથી સાંભળ્યું તો હતું કે તારામાં બદચાલનો મોટો દુર્ગુણ પેઠો છે, પણ હું ધારતો કે આજ સુધરશે કાલ સુધરશે, પણ તારી તે કુટેવ તો ન ટળી પણ હદ થઇ! આડો આંક વળ્યો! તો અવસ્ય તેની હવે તને શિક્ષા જરૂર થશે! એમ કહી તે દુષ્ટને દેશનિકાલની શિક્ષા કરી એટલે પોતાના રાજ્યની હદ બહાર તેને ન્યાયપ્રિય રાજાએ બુરેહાલે કાઢી મુકયો.

રાજકુંવરને પોતાના પિતાએ ઘણો સખ્ત ઠપકો આપ્યો હતો, તો પણ તેથી તેને જેટલું માઠું ન લાગ્યું, તેટલું બલ્કે તેથી

ઘણુંજ પોતાની ધારણા સફળ ન થઇ તેને માટે લાગ્યું. અહો ! પ્રાણીઓને વિષયવિકાર, કેવી અધમ ગતિએ પહોંચાડી દે છે.? તેને દેશવટો મળ્યો, રાજગાદીનો હક ગુમાવ્યો, સર્વ પ્રકારની સુખ સાહેબીથી ભ્રષ્ટ થયો, પિતા તરફથી અપમાન થયું; તો પણ હૃદયમાં મદનની સ્ત્રી (પ્રિયતામા) માટે વિષયલાલસા તો એવીને એવીજ રહી. ઉલટી વિયોગ થવાથી તો ઓર વધી પણ જરા ઘટી નહિ. અરેરે ! તે સ્ત્રી કયારે મળે કેવી રીતે મળે ? એવીએવી જંખના અને દુષ્ટ વિચારો અહોનિશ તેના હૃદયમાં થયા જ કરે ! ખરેખર વિષયવિકાર પણ એક જાજવલ્યમાન અગ્નિ જ છે. તેની તૃષ્ણા જેના હૃદયમાં પેસે છે, તેને સર્વ રીતે હેરાન કરે છે, ખુવાર મેળવે છે, જંપીને બેસવાનો વારો પણ આવતો નથી. તે વિષયવિકારે ઘણા ઘણાનુ બગાડયું છે, ભલેને ગમે તેટલો બળવાન હોય, તો પણ વિષયસુખનો ભીખારી બની નારી પાસે મદારીના માંકડાની પેઠે કંગાલ બની જાય છે.

"કામવાસનામાં લુબ્ધ થયેલાની સ્ત્રીથી થયેલી ખરાબી."

નારાચ છંદ.

નરો કંઇકિ બાણુની કળા વિશેષ જાણુતા,
જવા વળીજ જુદ્ધમાં ઘણુંજ માન આણુતા;
નકીજ ચાપ જોરથી જ ભડ નરો ભમાડીયા,
અરે જુઓ વિચારીને જ નારીએ રમાડીયા ! ૫૯

રચાણી રામકા'ણી તે રમા થકી વિચારીએ,
નિકંદન લંકરાયનું થયુંજ ઉર ધારીએ;
જીતેંદ્રિ કૈકનેજ નિજ વૃત્તિથી બગાડીયા,
અરે જુવો વિચારીનેજ નારીએ રમાડીયા ! ૬૦

હતાજ શૂરવીર ધીર નેહને પ્રમાણુતા,
નિષ્કંદપુરી ભૂપ કીશને સહુ વખાણુતા;
લહીજ શામ ઓટ પુર બાર ભેખડાવીઆ,
અરે જુઓ વિચારીનેજ નારીએ રમાડીયા ! ૬૧

કશી કળાની યુક્તી અંતરે જરી ન જાણુતા,
અસાર દુનિયાનું સુખ તે ઉરે ન આણુતા;

કરી જ લોટપોટ જોગ શૃંગીના નસાડીયા;
  અરે જુઓ વિચારીને જ નારીએ રમાડીયા ! ૬૨

જગાધિનાથ જેહને કહેજ સર્વ વેદીયા,
  ઘણીક બાબતો થકી હતાજ તેહ ભેદિયા;
રમાડી ગોપનારીએ ઘીમાખણો જમાડીયા,
  અરે જુઓ વિચારીને જ નારીયે રમાડીયા. ! ૬૩

ઉરે ઘણુંક જોર બાંધવો તણુંજ ધારતો,
  ઘણાક માનધારીનાં જ માન તે ઉતારતો;
દુશાસનો સહીત શત બાંધવોજ મારીયા,
  અરે જુઓ વિચારીને જ નારીએ રમાડીયા. ! ૬૪

હતાજ શીવ સારીખા કહેજ વેદ સર્વમાં,
  ગણે નહિજ કોઇને રહેજ નિત્ય ગર્વમાં;
ધરીજ રૂપ ભીલીનું વને વળી ભમાડીયા,
  અરે જુઓ વિચારીને જ નારીએ રમાડીયા. ! ૬૫

ધણી વડોદરા તણો મલાવરાવ જે હતો,
  તજી ગયો જ રાજને નથીજ લાગતો પતો;
સ્વતંત્ર સુખ સર્વનાજ બંધ·તેં કમાડીયા,
  અરે જુઓ વિચારીનેજ નારીએજ રમાડીયા. ! ૬૬

દીલે તપાસી દેખી એજ વિશ્વમાં વખાણીયે,
  જીહાં જુઓ તિહાં નકી બગાડીયું જ નારીયે;
વિશેષ શાંતિ રૂપ ગુણને નકી નસાડીયા,
  અરે જુઓ વિચારીનેજ નારીયે રમાડીયા. ! ૬૭

કુબુદ્ધિ કેરૂં રૂપ કામની જુઓ કહાય છે,
  કુકૃત્ય કામમાં સહાય તે નકી સહાય છે;
તજાવી શ્રેષ્ઠ પંથ કુંભીપાક તો પમાડીયા,
  અરે જુઓ વિચારીનેજ નારીયે રમાડીયા. ! ૬૮

લગાર વાર તે વિચાર ના કરે જ ઉરમાં,
  સહાયવૃતિ નિચ ને કરે વિચાર ક્રૂરમાં;

પમાડી દુઃખ પંથને તજાવી સુખવાડીયા,
અરે જુઓ વિચારીને જ નારીયે રમાડીયા. ! ૬૯

નકીજ બંધ મોક્ષદ્વાર તે કરાવનારી છે,
તથાપી અંતરે સદાય તે તણીજ યારી છે;
સુખાદી મૂળ ખોદી દુઃખ દુષ્ટ તો ચખાડીયા,
અરે જુઓ વિચારીનેજ નારીયે રમાડીયા. ! ૭૦

ન રાજકારભારની લગાર લાજ રાખતી,
કુપંથ ચાલીને સદાય દુષ્ટ દેખડાવતી;
તજાવી ઉંચ રત્ન નીચ કીચ મધ્ય પાડીયા,
અરે જુઓ વિચારીનેજ નારીયે રમાડીયા. ! ૭૧

જુઓ મુનીજ નારીકાજ સાધવૃત્તિ છોડીને,
વિદેશ વસ્ત્રકાજ તે ગયાજ સદા દોડીને;
જ્ઞાન ધ્યાન તાન સર્વ સુવિચાર છાંડીયા,
અરે જુઓ વિચારીનેજ નારીયે રમાડીયા. ! ૭૨

સુણો મિત્ર નારમાં અપાર દુઃખ એજ છે,
પડેજ મોહપાશમાં મહાન મુર્ખ તેજ છે,
વિકાર કામમાંજ દુષણો અપાર એ વિના,
સુરેંદુ અલ્પબુદ્ધિથી બને નહિ જ તે બીના. ૭૩

વહાલા વાંચનાર ! જોયું ? જગતમાં મોહિનીનો કેવો મહાપ્રભાવ છે ? મહામાયાનો કેવો ચિત્તાકર્ષક વિચિત્ર ચમત્કાર છે ? પણ આપણે તેની સાથે ભાર દઇને એટલું પણ સવિશેષ નિઃશંસયપણે કહેવું જોઇએ કે, એકલી સ્ત્રીઓજ આ જગતમાં પુરૂષોની વૃત્તિ બગાડનારી છે એમ ન સમજવું; પણ કાંઇક સોનું કાચું હોય અને તેનો ઘાટ ઘડનારો સોની કાંઇક ગેરકસબી હોય, ત્યારેજ ખેલ બગડે છે. તેમ કાંઇક કાચું મન હોય અને તેમાં આવું કારણ બને, એટલે અવશ્ય અધઃપાત થાય. મોહિત મનુષ્યોની પ્રકૃતિનો ફેરફાર કરવામાં જ સ્ત્રિપાત્ર વિશેષ બળવાન બની શકે છે. માટે જ તેને એટલે અશુભ પ્રકૃતિવાળી સ્ત્રીને-મોહિનીને અક્ષયમોક્ષમાર્ગની અર્ગલા રૂપ વર્ણવી છે. અને આપણા દૃષ્ટાંત નાયક પેલા રાજકુંવરના સંબંધમાં પણ તેમ

જ થયું છે બિચારાને પામર પ્રાણીને દુઃખદાયી વિષયવિકારે પુરજોસથી ઘેરી લીધો હતો પુરો બાંધી લીધો હતો. તેના હૃદયમાં તો તે પ્રિયતમાજ રમી રહી હતી! સુતાંબેસતાં ઉઠતાં હરતાંફરતાં તેનુંજ ધ્યાન ધરતો હતો તેનાજ વિચાર કર્યા કરતો હતો. કોઇ પણ રીતે તે સ્ત્રીને પાછી મેળવવી તો ખરીજ–એમ સદાય ઝંખના કર્યા કરતો હતો. છેવટે કોઇ રીતે મન વશ ન રહ્યું, તેથી તે કોઇ ગુપ્ત વેષ ધારણ કરી પોતાને ગામ આવ્યો, અને ગુપ્તપણે ત્યાં પાણી ભરવા આવેલી તે મદનની સ્ત્રીને મળ્યો; તે સ્ત્રીને પણ રાજપુત્ર ઉપર પ્રીતિ તો થયેલી હતી, મનમાં તેની ચાહના તો હતીજ એટલે તે પણ મનમાંઘણી રાજી થઇ કુંવરની સાથે તેજ વખતે ગુપ્તપણે ચાલી ગઇ; અને રાજકુંવર તેને લઇ જઇને કોઇ જંગલમાં જઇ રહ્યો.

આ વાતની ખબર શેઠને પાડતાંજ તે બાપડાના અફસોસનો તો પારજ રહ્યો નહિ. અરેરે! તે સ્ત્રીએ તો મારૂં કુળ બોળ્યું, અરે! મારી સાત પેઢીને કલંક લગાડયું, રાજાને પણ આ બનાવ સાંભળી ઘણોજ ખેદ થયો, આખરે સંસાર ઉપરથી તેમને અત્યંત ઉદાસીભાવ થઇ ગયો. પછી સંસારની અસારતા જાણી લઇ વૈરાગ્યભાવ ધારણ કરી રાજાએ દીક્ષા લીધી અને રાજપાટ પોતાના નાના પુત્રને સોંપી દીધું. તેમજ શેઠે તથા મદને પણ દીક્ષા લઇ લીધી. નિર્દોષપણે શુદ્ધ સંજમ પાળતા થકા તેઓ ભૂમંડળમાં વિચરે છે. ફરતાફરતા તે મદન મુનિ તથા તેના પિતા-મુનિ કોઇ એક ગામની ધર્મશાળામાં આવી ઉતર્યા, તેવામાં ફરતાંફરતાં તે રાજકુંવર તથા પેલી કુલટા (મદનની સ્ત્રી) પણ તે ધર્મશાળામાંજ ઓચિંતાં આવી ચડયાં. તે બન્નેએ પેલા મુનિને જોયા અને ઓળખ્યા પણ ખરા; તથા મુનિએ પણ તેમને જોયાં તથા ઓળખ્યાં. રાજકુંવરને તથા તે સ્ત્રીને તો પાપી હોવાથી ભય ઉપજયો કે રખેને આ મુનિ આપણું કુકૃત્ય ખુલ્લું કરશે! આપણને હેરાન કરશે–સતાવશે, કારણ કે તે અત્યારે તપસ્વી છે, માટે સત્તા વિશેષ હશે, તેથી બન્ને જણાં ત્યાંથી ડરીને તુરત પાછાં બીજે સ્થળે જતાં રહ્યાં. મુનિના મનમાં તો સમભાવજ વર્ત્તતો હતો, તેને જોઇ મનમાં દ્વેષ તો કંઇ ન થયો, પણ સંસારની વિચિત્રતા કેવા પ્રકારની છે તે વિચારવા લાગ્યા. અહાહા! પ્રાણીએ કર્મને આધીન પડી કેવાં કેવાં કુકૃત્યોમાં પડી જાય છે?! ખરેખર સંસાર એવોજ છે, તેમાં રાગદ્વેષ મારે શા માટે કરવો જોઇએ? તથા નકામાં કર્મ

શા માટે બાંધવાં જોઇએ ? એમ જ્ઞાનવડે ચિંતવી સમભાવમાંજ રહ્યા. પછી તે રાજા, શેઠ તથા મદન નામના ત્રણે મુનિઓ શુભ સંજમ પાળી કાળને અવસરે કાળ કરી અંતસમયે સર્વ જીવોને ખમાવી આળોવી પડીકમી નિંદી નિઃશલ્ય થઇ, શુભ પરિણામે આયુષ્ય પૂર્ણ કરી દેવલોકે ગયા. હવે વહાલા વાંચનાર ! ચાલ પેલા અનીતિથી વર્તનાર વ્યભિચારી જોડાની પણ જરા ખબર લેઇએ ! તને કદાચ મનમાં એમ થતું હશે જ કે તેઓ તો પોતાના કર્મમાં ફાવ્યાં, યથેચ્છ વૈભવ-વિલાસો માણી સુખઆનંદમાં મશગુલ બની લહેર કરતાં હશે. માટે ઘણા લોકો કહે છે કેઃ-"ધર્મીને ત્યાં ધાડ અને કસાઇને ત્યાં કુશળ" તથા "સત્યવંતને ત્યાં સંકટ, અને અધર્મી અસત્યવંતને આનંદકલ્લોલ" એ કહેવત ખરીજ છે. પણ ના, ખોટી; વહાલા વાચક એમ કદી તું સમજતો ના ! કર્મદેવનો કાયદો તો અચલ છે, એ તું ચોકસ સમજજે. જ્યાં સુધી પૂર્વકૃત પુણ્યોદય સારો હોય, ત્યાં સુધીજ અનીતિમાં છતાં સુખ ભોગવાય છે. કહ્યું છે કેઃ—

દોહરો.

જબ લગ તેરા પુણ્યકા, પહોંચત હે કરાર;
તબ લગ ગુન્હા માફ હે, (ભલે) તુમ અવગુણ કરો હજાર. ૭૪

મતલબ કે ભલે હજારો અપરાધ કરવામાં આવે. અનીતિ અધર્મ અને અન્યાયથી વર્તવામાં આવે, પણ જે કાળે જેવાં કર્મ ઉદય આવે, તે તો અવશ્ય ભોગવવાં પડે છે.

આ મહેન્દ્ર રાજકુમારને આગળ જતાં એવું તો મહાન સંકટ પ્રાપ્ત થયું છે, કે તે સાંભળી વાંચનાર ! તને પણ ત્રાસ છુટ્યા વિના રહેશે નહિ. જો કે તે બંને કામીનાં અનીતિ ભર્યાં આચરણથી-આવાં તેમનાં કુકૃત્યોથી અત્યારે તો તને તેમના પ્રત્યે ધિક્કાર-તિરસ્કાર છુટે છે, છતાંપિ તેમની છેવટે પડતાં દુઃખોથી દુર્દશા દેખી જરૂર તને દયા છુટશેજ-હૃદય રડશેજ. હવે બન્યું એવું કે તે રાજકુમાર તથા મદનની સ્ત્રી બન્ને જણ જંગલમાં ચાલ્યાં જતાં હતાં, પોતાને આવો અનુકુળ પડતો સંયોગ પ્રાપ્ત થયો માટે મનમાં અત્યંત મગ્ન થઇ આનંદ પામતાં હતાં. ચાલતાંચાલતાં સાંજ પડી એટલે એક સુંદર તળાવ આવ્યું, ત્યાંજ તેમણે ઝાડ નીચે રાતવાસો રહેવાનો વિચાર કર્યો, અને ત્યાં વિસામો ખાવા માટે એક વૃક્ષ તળે બેઠાં. પછી સ્ત્રિને કહ્યું કે, તું અત્રે બેસ ! હું પેલા તળાવમાંથી આપણે માટે પાણી

લઇ આવું છું-એમ કહી રાજકુમાર ગયો. પછી થોડી વાર થઇ એટલે તે રસ્તેથી કોઇ એક વટેમાર્ગુ નિકળ્યો, તે પેલી સ્ત્રી પાસે આવી બેઠો, સ્ત્રીને એકલી જાણી કહ્યું કે, હું તને સુખી કરીશ તુ મારી સાથે ચાલ. તે સાંભળી પેલી સ્ત્રીએ વિચાર્યું કેઃ—આ રાજકુમાર પાસે તો હવે કાંઇ નથી, તો હવે તેની પાસે રહી શું સુખ ભોગવીશ ? માટે આ પુરૂષ સાથેજ ચાલી જવું ઠીક છે-એમ વિચારી તેજ વખતે ઊઠી તેની સાથે ચાલતી થઇ. અને ત્યાંથી થોડે દૂર જઇ ઝાડની ઘટામાં ગુપ્તપણે બંને સંતાઇ રહ્યાં, અને ધાર્યું કે એ રાજકુમારના ચાલ્યા ગયા પછી જઇશું.

થોડીકવારે રાજકુમાર પાણી ભરી ત્યાં આવ્યો જોયું તો સ્ત્રી ન મળે, કયાં ગઇ હશે ? આસપાસ તપાસ કરી તો પણ કયાંય પત્તો ન મળે. પછી ઘણું રોયો કલ્પાંત કર્યું, છાતી માથુ કુટવા લાગ્યો, પણ પેલી ગુપ્તપણે વૃક્ષઘટામાં સંતાયલી નગુણી નારીને દયા નજ આવી ! આખરે ગાંડા જેવો ભ્રમિત બની ગયો, આમતેમ ભટકવા લાગ્યો, પછી નિરાશ થઇ ત્યાંથી ચાલ્યો, ચાલતાંચાલતાં રસ્તે મહેન્દ્રને ચાર ચોર મળ્યા, ચોરોએ તેને પકડયો, અને લોહીનો કીરમજી (રાતો) રંગ બનાવનારા બબર દેશના કસાઇ લોકને ત્યાં તેને વેચવા લઇ ચાલ્યા; કારણ કે તે કસાઇ લોકો મનુષ્યોને વેચાતા રાખી મોં માગ્યા દામ આપતા. તેથી આ રાજકુમારને પણ ચોરો ત્યાં વેચવા લઇ ગયા ને આખરે પેલા કસાઇને ત્યાં તેને વેચીને, પુરતા દામ લઇ ચોરો ચાલતા થયા. પેલી સ્ત્રી તથા લુચ્ચા વટેમાર્ગુની પણ આવીજ દુર્ગતિ થઈ. તે બન્ને નિર્ભયતાથી ચાલ્યાં જતાં હતાં, ત્યાં રસ્તામાં તેમને પણ ચોરો મળ્યા, તેમણે બન્નેને બળાત્કારે પકડયાં, અને તેજ કસાઇને ત્યાં આવી એ બન્નેને પણ વેચ્યાં.

રાજકુમારને પોતાની પ્રિયતમાને વટેમાર્ગુ સાથે આવેલી જોઇ ઘણો ખેદ થયો. પણ હવે તો સર્વ પરવશ થઇ ગયાં હતાં, એટલે મનમાં દેખી બળ્યો. પછી કસાઇએ તે ત્રણેને એક ઝાડની ડાળે ઊંધે મસ્તકે બાંધી ટાંગ્યાં, ને માથામાં, એક તીક્ષ્ણ અણીવાળો ખીલો ખોસ્યો એટલે ધગધગ કરતું લોહી નીકળવા માંડ્યું. શેરેક લોહી નીકળ્યું, એટલે ઝટ ખીલો કાઢી લઇ, પાટા બાંધી દઇ લોહી નીકળતું બંધ કરી દીધું. એ પ્રમાણે રોજ શેર શેર લોહી કાઢે. આથી અત્યંત વેદના થાય પણ શું કરે ? પરાધીનપણે સર્વ દુઃખ

ઝખ મારી સહન કરવુંજ પડયું. એમ એક મહિના સુધી ચાલ્યું, મહા અસહ્ય પીડાથી રીબાઇરીબાઇને હાયવોય કરતાં ત્રણે જણાં દુર્ધ્યાને મરણ પામ્યાં. મરીને અંતે મહાદુઃખ રૂપ એવી માઠી ગતિ—નરક ગતિને પામ્યાં.

વાંચનાર જોયું ? સ્પર્શેન્દ્રિયમાં અત્યંત આસક્તપણાનું પરિણામ કેવું વિપરીત–દુઃખદાયક આવ્યું ? મોટા રાજવંશમાં ઉત્તમ અવતાર પામ્યો, ઊંચા પ્રકારની રાજકીય કેળવણી પામ્યો, છતાં તેને એક વિષયાસક્તિએ કેવો પછાડી માર્યો-કેવો અધમ ગતિએ પહોંચાડી દીધો ? રાજ્યથી ભ્રષ્ટ થયો, માતતાતથી–સગાં કુટુંબથી વેગળો થયો, જંગલમાં ભિક્ષુકની જેમ ભટકયો, તથા જેને માટે આ બધું દુઃખ વાદળું વહોરી લીધું હતું, તે સ્ત્રી પણ આખરે સંગી ન રહી–પોતાની ન થઇ; અને આખરે ઘેટા-બકરાની માફક કસાઇને ત્યાં વેચાણો ને ક્રૂર રીતે રીબાઇરીબાઇને અંતે મરાણો–મરીને દુર્ગતિમાં ગયો. મહામાઠાં કર્મો બંધાયાં અને ઇજતઆબરૂના કાંકરા થયા. આવાંઆવાં અનેક સંકટો ઊભાં થયાં તેનું મુખ્ય કારણ જોતાં તો આપણે સર્વેએ સ્પષ્ટ રીતે કહી દેવું પડશે, કે એક સ્પર્શેંદ્રિયમાં વિષયાસક્તિ રાખવાનોજ આ બધો પ્રભાવ છે. જોકે વિષયસુખ પ્રથમ ભોગવતાં તો આપણને સારાં મીઠાં લાગે છે, પણ પરિણામે વિષરૂપ હોઇ અત્યંત વિષમ ફળ આપે છે. માટેજ વિવેકીજનોએ જ્ઞાનદૃષ્ટિથી વિચારીને તેમાં અત્યંત આસક્તિ ન કરવી એજ આ વાતનો સાર છે.

પ્રિય વાચક બંધુ ! આપણી પાંચ ઇન્દ્રિયોની વિષયાસકિત ઉપર પાંચે દૃષ્ટાંતો અત્રે પૂર્ણ થાય છે, ને આ દૃષ્ટાંતોમાંથી આપણને ઘણું ઘણું સમજવાનું, શીખવાનું, ધારવાનું અને બોધ લેવાનું મળી આવે તેમ છે. આ ઉપરથી એટલું તો ચોકસ સમજાય છે, કે આ પાંચે પુરૂષોએ ફક્ત એક એક ઇંદ્રિયજ વિશેષપણે છુટી મુકી હતી, એટલે તેમાં અત્યંત આસકિત રાખી હતી; તેથી તે સર્વને પણ પ્રાણાંત દંડની શિક્ષા અનુભવવાનો વખત આવ્યો હતો, તો જે પાંચે ઇંદ્રિયોને છુટી મુકે છે, તેમાં અત્યંત આસકિત ધારણ કરે છે, તેને કેવા ભારે શિક્ષા–યાતના અનુભવવી પડશે ? તેનો ખ્યાલ વહાલા વાચકવૃંદ આપ પોતેજ કરી લેશો, તો તે સ્પષ્ટ રીતે જણાઇ આવશે.

માટે મનથી સમજીને વિષયોમાં અતિ આસક્ત ન થવું, એટલે કોઇ વખતે સુમધુર આલાપ સાંભળવામાં આવે કે—કુશબ્દો કઠોર—કર્કશ શબ્દો સાંભળવામાં આવે, તો પણ સમભાવે રહેવું. મોહક શબ્દો સાંભળવા કે નાટકચેટક જોવાં વગેરે કર્મબંધક વિષયોથી વૈરાગ્ય-ભાવે વિચારી મન પાછું વાળવું. એક માણસ દુધપાકપુરી વગેરે મિષ્ટ ભોજન જમ્યો છે, અને એક કદન્ન—સુકો રોટલો અને છાશજ જમ્યો છે; પણ બન્નેને સવારમાં ઝાડામાં તો તેની વિષ્ટા સરખીજ થઇ જવાની છે. એક માણસ હમેશાં સારીસારી સુગંધી ચીજો સુંઘે છે, કાયમ મોગરાના સુંદર બગીચામાંજ રહે છે, અને એક અહર્નિશ પાયખાનાની વિષ્ટા વાળવાનુજ કાર્ય કરે છે, તો પણ એ બન્નેના નાકમાંથી મેલ તો સરખોજ નીકળવાનો છે. દરેક પુદ્ગળનો એવો તો સ્વભાવજ છે, કે નરસાનાં સારાં થાય છે, અને સારાનાં નરસાં થાય છે. આ જીવાત્માએ નરક—ગતિની અંદર દુર્ગંધ ક્યાં ઓછી અનુભવી છે? અરે ગર્ભસ્થાન (માતાના ઉદર)માં હતા, ત્યારે પણ કેવી દુર્ગંધ ભોગવી છે? માતાના ઉદરમાં ગર્ભનો જીવ ઊંધે મસ્તકે ઝુલે છે—લટકે છે, જ્યારે માતા જંગલ (ઝાડે) જાય છે, ત્યારે ગર્ભના જીવની નાકની ડાંડી ઉપર થઇને સર્વ વિષ્ટા—મળ અધો-ભાગમાં જાય છે. તે વખતે ગર્ભના જીવને કેવી દુર્ગન્ધ આવતી હશે? તેમ અત્રે એક અત્તરવાળાની દુકાને નોકરી બેસતો હોય, અને એક લાડકાં ચામડાવાળાની દુકાને બેસતો હોય તો પણ બન્નેના નાકનો મેલ તો સરખોજ હોય છે.

કેટલાએક માણસો દાતણ કરવા બેસે છે, ત્યારે કલાકોના કલાકો સુધી મોઢામાં ને દાંતો ઘસ્યા કરે છે, તો તેમાંથી કાંઇ હીરામોતી ખરતા નથી, પણ લીંટલાળ વગેરેજ નીકળે છે. તેઓ થોડામાં તેવાં વ્યવહારી કામો પતાવી, ધાર્મિક ક્રિયામાં રોકાય તો કેવો લાભ થાય? પ્રાણીઓને મહામોહ છે તેજ મહા ખુવાર કરે છે, અને આવી મોહ-દશાને લીધેજ બિચારાં રંક પ્રાણીઓ સારાસારને જોઇ પણ શકતાં નથી, તેથીજ ઇંદ્રિયોના વિષયોમાં લોલુપ બની દુઃખસાગરમાં ડુબી જાય છે. હાથી જેવું મહામદોન્મત જબર પ્રાણી કદી પણ કોઇથી પકડી ન શકાય, પણ તે હાથીણીના મોહમાં પડી—કાગળની હાથણી દેખી મોહિત થાય છે, ત્યારે એકજ માણસ તેને કપટથી સહજમાં પકડે છે; ને ઊંડા ખાડામાં પડી તિક્ષ્ણ ભાલાનો માર ખાઇ ભુખેતરસે રીબાઇ મુરી

રીતે દુ:ખ પામે છે અને વખતે મરી પણ જાય છે. એમ પાંચે ઇંદ્રિયોને વશ થઇ પાંચ જાતનાં પ્રાણીઓ બાપડાં મોહથી ખુવાર મળે છે—મહા દુ:ખી થાય છે.

મોહની ખુવારી વિષે.—રાગ-આશાગોડી.

મોહ કરે છે ખુવારી, જગતમાં મોહ કરે છે ખુવારી;
મૂઢ બને મૃગ નાદ મધુરમાં, પકડી પાડે શિકારી-જગતમાં ૧.
કરિણી દેખી કૃત્રિમ રૂપે, ગજની થાય બિમારી-જગતમાં ૨.
દીપક દેખી મઢ પતંગે, મરણ દશા નિજ ધારી-જગતમાં ૩.
રસના સ્વાદે રસિક બનીને, મીન ગતિ છે નઠારી-જગતમાં ૪.
કમલસુગંધે મોહ્યો મધુકર, ભાન ગયો છે વિસારી-જગતમાં ૫.
લક્ષ્મી જનને પાપ કરાવી, ચપળ થઇને જનારી-જગતમાં ૬.
સુંદર બાળા મન લલચાવે, ચર્મ રૂધીર જુઓ ધારી-જગતમાં ૭.
તેથી જન સૌ ચેતી ચાલો, નર્મદ વચનો સ્વીકારી-જગતમાં ૮.

જે ભમરો કમળમાં ભરાઇ રહી હાથીના પેટમાં જઇ મરણ પામે છે, તે ભ્રમરને એવી તો તીક્ષ્ણ ચાંચ છે કે મોટાં મજબુત લાકડાં કોરી નાખે છે. વાંસની ઝાડીમાં ઘણીવાર વીણાનાદ જેવા સુર સંભળાય છે, તેનું કારણ કે ભમરાએ સહજ લીલાથી વાંસ કોરી છિદ્ર પાડેલાં હોય છે; વા વાયાથી તે કાણામાં પવન ભરાયાથી બન્સીનાદ જેવું સંભળાય છે. આવી લીલા કરનાર ને શકિતવાળો છતાં સુગંધપ્રિય ભૃંગ કમળમાં બેસી રહી તે બીડાઇ જતાં સુગંધીથી લોભાઇ કોમળ કમળ ભેદી નિકળી જવું સહજ હોવા છતાં સપડાઇ રહી મિથ્યા મનોરથ કરતો દુર્દૈવે મરણને શરણ થાય છે. ખરેખર આ જગતમાં જીવોને મોહ જેવું દૃઢ બંધન કોઇજ નથી! પ્રેમના પાઠ ભણનારા પોપટ પંડિતો પણ વાસ્તવ પ્રેમસ્વરૂપ નહિ સમજતાં મિથ્યા મોહ કામના-વાંચ્છના વાસના તથા લાલસાના ગુલામ બની જઇ કર્તવ્ય-કર્મ અને મનુષ્યધર્મને વિસારી દેઇ પાપમાર્ગે પ્રવૃતિ કરી મોહવશ થઇ ખુવાર થાય છે-અંતે દુર્ગતિ પામે છે.

જુએ નેત્રથી પારધી, પક્ષી પકડીઆં ફંદમાં,
જાણે છતાં લાલચ થકી, બંધાય બીજાં બંધમાં;
દેખે મરેલા ગોળમાં, મંકોડા તોયે ધાય છે,
લલચાવી તારા મોહમાં, જીવને તું લાલચ ખાય છે. ૭૬

અહોહો ! મોહમાયાનો શો ભાર ચમત્કાર છે ? ! માખી મંકોડા અને કીડી જેવા જીવો પણ રસના લોલુપ-લાલચુ થઇ ઘી ગોળ શરબત મધ વગેરે વિવિધ રસનો સ્વાદ લેવા જતાં તેમાં લપટાઇ ડુબી જઇ તરફડીને જીવ ગુમાવે છે. જગતમાં ઉભય જળેન્દ્રિય (જીભ અને શિશ્ન) વશ ન રહેવાથી છુટી મેલી દેવાથી જે ભારે ખરાબી થઇ રહી છે, તેથી તો આડો આંક-તોબા ! મતલબ કે મોહની ખુવારી તેવીજ ઘાતક છે. બિચારા હરણ પતંગ ભ્રમર મચ્છ હાથી વગેરે મોહાંધ જીવો પણ તે મહામોહમાંજ ફસાઇ દુઃખી થયા—ખુવારી પામ્યા. માટે વિવેકીજનોએ વૈરાગ્યભાવથી, વિચારી જોઇ તેમાં અત્યંત આસક્તિ ન રાખતાં-મોહ ન પામતાં, ધર્મમાં ધ્યાન અને વૃત્તિ રાખવાં એજ આ મહા મોંઘા માનવજીવનનો સાર-સાર્થક્ય છે. (૫૪-૫૫.)

नेदंवपुः किलकलत्र सुखायधत्तं ।
नेदंवपुः प्रियवयस्य सुताय धत्तम् ॥
नेदंवपुः विभव धान्य धनाय धत्तं ।
किंतुह्यपार भवसागर शोषणाय ॥ ५६ ॥
तस्मान्नरेण किल भूति समुत्सुकेन ।
हिंसादि दोष रहितः क्षमयान्वितश्च ॥
धेयो विशुद्ध मनसा शुभ जैनधर्मः ।
सैवक्षमोऽत्र भवसागर शोषणाय ॥ ५७ ॥

અર્થ—ખરેખર આ મનુષ્યદેહ સ્ત્રીઓના સુખને માટે ધારણ કરેલો નથી, પ્રિયતમ મિત્રોને માટે કે પુત્રોને માટે ધારણ કરેલ નથી, તેમ આ શરીર લક્ષ્મીના વૈભવો ભોગવવા માટે પણ ધારણ કરેલું નથી; પણ આ અપાર ભવસાગર શોષવવાને માટે ધારણ કરેલું છે. તે માટે ઉદય ઇચ્છનાર ઉત્તમ પુરૂષોએ તો હિંસા આદિ દોષરહિત અને

ક્ષમાથી યુક્ત વિશુદ્ધ મનથી જૈનધર્મ ધારણ કરવો જોઇએ, કારણ કે તે ધર્મ ભવસાગર શોષવવાને માટે સમર્થ છે.

(૫૬-૫૭નું યુગ્મ.)

ભાવાર્થ—ધર્મ વિનાજ આ આત્મા ચોરાશીલક્ષ જીવયોનિમાં જીવરૂપી દડી અને કર્મરૂપી ગેડી વડે અનંતીવાર ભટકયો છે. એમ ભટકતાંભટકતાં મહાપુણ્યના યોગે દશ દૃષ્ટાંતે કરીને દુર્લભ એવું આ માનવજીવન પામ્યો; તેને અજ્ઞાનીજનોએ વિષયગારામાં ખુંચાવી ચોરાશીમાં ઉંડું ઉતારી મુકયું. પ્રિયતમ સુંદરીઓના અનેક વૈભવ-વિલાસનાં સુખોમાંજ અજ્ઞાની મનુષ્યો આનંદ માને છે. પ્રિય પુત્રોને અનેક પ્રકારનાં સુખોથી રાજી રાખી લાડ લડાવવામાંજ આનંદ માને છે. તથા કુડકપટ અને છળપ્રપંચો કરી લક્ષ્મીના ભંડારો ભરવાને માટે કમર કસી ક્ષુધાતૃષા વગેરે અનેક વિકટ સંકટો વેઠી અહોનિશ સતત પ્રયાસો કરે છે. પણ એ સર્વ માત્ર અજ્ઞતા ભર્યો મોહવિલાસ જ છે. જેમ ધનલિન મનુષ્યો ધન રળવા માટે દેશ તજી દૂર પરદેશમાં જાય છે, એમ દેશાવર જતાં કદાચિત સુભાગ્યના યોગે રત્નદ્વીપ હાથમાં આવી ગયો, પણ તેની અતિ મનોહરતા જોઇને એશઆરામપૂર્વક આમતેમ ફરવા માંડયું, પણ જેને માટે નિકળ્યો છે, તે કાર્ય તો ભુલી જ ગયો. અરે ભૂલે તો નહિ પણ તેને ભૂલવનાર અમુક રાક્ષસ શરીરમાં પેસી ભૂલાવે છે. જેમ હાલમાં ફેન્સી વસ્તુ ઉપરથી દેખાતી સુંદર પણ અંદર પોલંપોલ એવી ચીજો વિદેશી ઘણી જોવામાં આવે છે, કે જે જોતાં અસલ ટકાઉ દેશી ચીજો ઉપર અભાવ થયા વિના રહેતો નથી, અને તે નવીન વસ્તુની ઉપલક સુંદરતા મોહકતા જોઇ મન તેના ઉપર ફીદાફીદા થઇ પછડાય છે. તેમ આ રત્નદ્વીપમાં ગયેલો મનુષ્ય પણ ઉપલક સુંદરતા અને આકર્ષતા જોઇ તેમાં આસક્ત બની મુદ્દામાલ કે જે કોટિ જન્મના દારિદ્રય દુઃખનો ચૂરો કરી નાખનાર છે તેને તજી દે છે. રત્નહીરાની ખાણરૂપ આ મનુષ્યજન્મની પેઢી ઉપર આવી કાંઇ પણ રળ્યા સિવાય દેવાળુ કાઢવાનો વખત આવે, તો તેના જેવી બીજી એકે અધમતા સમજવી નહિ.

માટે હે વિવેકી જનો ! આ વ્યલીક સુંદરતામાં અંજાઇ મોહી ન જતાં તેની સફળતા માટે કાંઇક આત્મહિત કરજો, પરોપકારી બની સુજનતા પ્રાપ્ત કરજો, લક્ષ્મીના મદમાં તણાઇ દુર્જનતાના ડુંગરા

ઉપર ચડી આત્માને અધોગતિગામી બનાવશો નહિ, લક્ષ્મીની ચંચળતા ચિત્તમાં વિચારી તેનો દાનપુણ્ય વગેરે પરોપકારમાં સદ્વ્યય કરી લક્ષ્મીનું સાર્થક્ય અને જીવન સફળ કરજો: એજ માનવજીવનની સફળતા છે, તેનેજ માટે આ અપૂર્વ માનવજીવન ધારણ કરેલું છે. સ્ત્રી પુત્રાદિકને પોષવા સંતોષવા માટે અનેક પ્રયત્નો રચવા, તેમાં કાંઇ માનવજીવનની સાફલ્યતા નથી. કારણ કે:-જણ્યાંને જીવાડવાં અને પરણ્યાંને પાળવાં, તેમાં શો પાડ ? પેટમાં ગળા સુધી ઠાંસીને મિષ્ટાન્ન ભર્યું, તેમાં શો ઉપકાર કર્યો ? અન્યને દાન પુણ્ય કરવામાં લક્ષ્મી કામ આવે-વરે તોજ લક્ષ્મી પામવી લેખે પણ છે. નહિ તો:—

સોરઠો.-કરમાં પે'રી કડાં, કર ઉપર કર કરીયો નહિ;

માનવ નહિ પણ મડાં, સાચું સોરઠીઓ ભણે. ૭૭
સખરા પે'રે શુર, ઓઢે પણ આલે નહિ;
તે નર નહિ પણ તાબુત, સાચું સોરઠીઓ ભણે. ૭૮

માટે લક્ષ્મી આદિક વૈભવ સુખોની આશામાં વિશ્વાસ રાખી ભૂલ ખાતા નહિ. તેને તો સર્વજ્ઞ મહાજનોએ વીજળીના ચમકારાની જ ઉપમા આપી છે, તે ખરીજ છે. આપણે પણ આ જીંદગીમાં એવા દાખલા ઘણાએ જોયા અને સાંભળ્યા છે, કોઇ પણ વખત એવા બનાવોથી આપણા દયાળુ હૃદયમાં દિલગીરીપૂર્વક રડવું પણ આવી ગયું હશે. માટે મનુષ્યજન્મ મેળવી ધર્મસાધન કરી ઝટ કાંઇક આત્મહિત કરજો, દુઃખી જનોનાં આંસુડા લુછજો, સદ્ગુરૂને આ ભવસમુદ્ર તરવાનાં સાધનો પુછજો; એજ મનુષ્યનું કર્તવ્ય છે. હવે લક્ષ્મીની અસ્થિરતા-ચંચળતા ઉપર તથા કૃતજ્ઞતા એટલે કર્યા ગુણનો જાણ, અર્થાત કરેલા ઉપકારને પોતાને ભારે નુકસાન થવા છતાં પણ ઓળવે નહિ—તે પુરૂષો મોટા ઉત્તમ સમજવા તેના ઉપર એક શેઠનું દૃષ્ટાંત—

(૬૨) મુનિમની શેઠ પ્રત્યે સુહૃદયતા ને કૃતજ્ઞતાની અવધિ !

કોઇ એક મોટા નગરમાં એક કરોડપતિ શેઠ વસતો હતો, તે લાખો રૂપીઆનો વેપાર કરતો હતો; પોતાને શરાફીની પેઢી હોવાથી હજારોની ઉથલપાથલ રોજ કરતો હતો. તે વખતે તેના ભાગ્યભાનુ આકાશના મધ્ય ભાગમાં હતો તે જ્યાં હાથ નાંખે ત્યાં સર્વ સવળું જ પડતું હતું. લક્ષ્મી સમુદ્રની ભરતી માફક ચડતી જ હતી. તેને ત્યાં કોઇ એક મુનીમ નોકરી રહેવા માટે આવ્યો, તેથી શેઠે તેની પરીક્ષા

લેવા માટે તેની પાસે અક્ષર લખાવી જોયા, તો મોતીના દાણા જેવા અક્ષર જોઇ શેઠ અત્યંત ખુશી થયા. પછી વિશેષ ચાલાકી જાણવા માટે પૂછ્યું કે, લખતાં તો સારૂં આવડે છે, પણ ભુસતાં આવડે છે? તે બોલ્યો કે, હાજી. ત્યારે શેઠ કહે લ્યો ભુસી નાખો. ત્યારે તે બોલ્યોઃ-શેઠ ! એમ ન ભુંસાય, એ તો કોઇની પાસે આપણી રકમ લેણી હોય પણ તે બિચારો પડતી દશામાં આવી પડવાથી પુરાં નાણાં ચૂકવવાને અસમર્થ હોવાથી દીનતાપૂર્વક કરગરી અર્ધા કે પોણા ચૂકવે, અને ખાતું સરભર કરવા માગે, તે વખતે સમય વિચારી સર્વ વિનાશ થવાની બિતિથી મળે તેટલાં નાણાં લેઇ ખાતું સરભર કરી માંડી વાળવું તેને ભુંસવું કહેવાય છે; માટે શેઠ એતો અવસરે ભુંસાય, પણ તેના ઉપર હાથ ફેરવવો, અથવા સાહીના છેકા કરવા, તેનું નામ ભુંસ્યું ન કહેવાય ! આવી ચાલાકી જોઇ શેઠ ઘણાજ ખુશી થયા, અને તેને સર્વ મુનીમોમાં અગ્રણી પદ આપ્યું. મુનીમ પણ તેની દિલોજાનથી નેકીથી નોકરી બજાવવા લાગ્યો અને શેઠની પૂર્ણ મહેરબાની મેળવી. શેઠ પણ તેની વિચિક્ષણતા અને કાર્યકુશળતા ઉપર તથા સાફ દાનત અને નરમાશ ભરી વાણી ઉપર આફરીન થઇ ગયા અને સર્વ કાર્યભાર ભરોસા રાખી તેનેજ સોંપી દીધો; શેઠ પણ દરેક કાર્ય તેને પૂછીને જ કરતો.

આટલું બધું પોતાનું ચલન હોવા છતાં યે સુજ્ઞ મુનીમ મદમાં તણાઇ નમ્રતા, સભ્યતા, આદિ નોકરની ફરજથી ભ્રષ્ટ બન્યો ન હતો. ખરેખર આવા ચોખ્ખા નીતિવાન નોકરો મળવા તો ઘણાજ મુશ્કેલ છે, સદ્‌ભાગ્યે વિરલાજ મળી આવે છે. એક વખત શેઠ અને મુનીમ વાહનમાં બેસી ફરવા જતા હતા, રસ્તે જતાં એક ચીભડાં વેચનારી વાઘરણ મળી તેને પોતાની ગાડી થોભાવી શેઠે બોલાવી તેનો ભાવ પૂછ્યો. વાઘરણે બે પૈસા કહ્યા, ત્યારે શેઠે એક પૈસો કહ્યો. ત્યારે વાઘરણે અચરજ પામી હસ્તેમુખે કહ્યું કેઃ—શેઠજી ! અમો ગરીબ ઉપર દયા લાવવાને બદલે આપ જેવા કોટીપતિ મહાસદ્‌ગૃહસ્થો આવા તુચ્છ માલનો ભાવ કરવા બેસે, તે કરતાં ભલે આપ મફત રાખો તો પણ મને કાંઇ હરકત નથી, એમ કહી ચીભડું વાહનમાં મુકી ચાલતી થઇ. આ બનાવથી મહાવિચિક્ષણ મુનિમે તો વિચર્યું કેઃ-બસ થઇ રહ્યું, આજથીજ આ શેઠના ભાગ્યોદયની ઉતરતી કળા-થઇ સમજવી, હવે શેઠનું પુણ્ય પરવાર્યું. કારણકે પ્રથમ તો મોટા

પુરૂષો આવી તુચ્છ વસ્તુઓ જાતે ખરીદે જ નહિ, તથા ભાવ પણ કરે નહિ, તેને બદલે વાઘરણને નિરાશ કાઢી; માટે શેઠ જરૂર આજથી પડતી દશામાં પડયા સમજવા **विनाशकाले विपरितबुद्धिः॥** અર્થાત્– વિનાશ કાલ થવાનો હોય, ત્યારેજ બુદ્ધિ બગડે છે માટે અત્ર રહેવું હવે યોગ્ય નથી. એમ ધારી શેઠની રજા લઇ પછી તે મુનીમ સ્વદેશ ગયો. ગયો તો ખરો, પણ જાણે શેઠનું ભાગ્ય પણ પોતાની સાથેજ લઇ ગયો! કેમકે તેના ગયા પછી થોડાજ વખતમાં શેઠના ભાગ્યનો સૂર્ય અસ્ત પામ્યો–એકદમ ચોતરફથી પડતી દશામાં આવી ગયા. દારિદ્રદેવે એકદમ ઘરમાં પૂર્ણ પ્રેમે પ્રવેશ કર્યો, એટલે પછી લક્ષ્મીને તો ત્યાંથી ગયા વગર છુટકો જ નહિ, માટે તે પણ સર્વ પ્રકારે નિકળી ગઇ; અને સર્વ લક્ષ્મી પેલા મુનીમના ઘરમાં જઇ વસી. અને એ મુનિમની ચડતી કળા થોડા વખતમાં થઇ ને તે મોટો કોટયાધિપતિ બની ગયો. અહો લક્ષ્મીનો કેવો સ્વભાવ છે?! કહ્યું છે કે:—

निम्नंगच्छंति निम्नगेवनितरां निंद्रेव विष्कंभते ।
चैतन्यं मदिरेवपुष्य तिमदं धूम्येव धत्तेंधताम् ॥
चापल्यं च पलेवचुंबति दवज्वालेव तृष्णांनय–
त्युल्लासं कुलटांगनेव कमला स्वैरं परिभ्राम्यति ॥ ३७ ॥

અર્થાત્—લક્ષ્મી કેવી છે? કે-તે નદીની પેઠે નીચે જનારી છે, નિદ્રાની પેઠે બેભાન કરાવનારી છે, મદિરાની પેઠે આત્માને મદવાળો બનાવનારી છે, ધુંમાડાની પેઠે અંધકારને ધારણ કરાવનારી છે, ચપળા સ્ત્રીની પેઠે ચાપલ્યતાને વધારે છે, દાવાનળની પેઠે સદા તૃષ્ણાને વધારનારી છે ને, કુલટા સ્ત્રીની પેઠે ઉલ્લાસપૂર્વક સ્વચ્છંદે ફરનારી છે, અને પોતાની ઇચ્છા મુજબ લોકમાં પરિભ્રમણ કરી કોઇ પણ સાથે સંબંધ ધરાવતી નથી. શેઠ ઘણી ગરીબ સ્થિતિમાં આવી ગયા, એમ બેત્રણ વર્ષ સુધી તો મહાદુઃખે દીન ગાળ્યા, પછી સ્ત્રીએ કહ્યું:-નાથ! આપણે અત્રે બહુ દુઃખી થઇએ છીએ અહીં આપણી દુર્દશા ઘણી વર્તે છે, એક સાંધીએ છીએ ત્યાં તેર તૂટે છે, પડતીમાં ખરેખર પડતીજ આવે છે. "જ્યાં દૂધ ત્યાં સાકર અને છાશ ત્યાં મીઠું પીરસાય" એ કહેવત પ્રમાણે આપણને હરઘડીએ દુબળે ઠેશ વાગ્યા કરે છે, અરે! પેટનું પણ પુરૂં થતું નથી, અને આપણે નિર્ધનતાને લીધે–લોકમાં પણ હલકાં તુચ્છ ગણાઇએ છીએ–હાંસી–

ને પાત્ર થઇએ છીએ. દુનિયામાં ધનજીભાઇને જ સર્વ માન મળે છે, લોકો ખમાખમા કરે છે, નેકી પોકારે છે. ધનહિન થયેલા ભલે ગુણી હોય તો પણ અવગુણીમાં ગણાય છે, કુલીન હોય તો પણ અકુલીન ગણાય છે, ધર્મી હોય તો અધર્મી રૂપે લેખાય છે. એવો માયાનો પ્રભાવ અને પરિબળ છે. કહ્યું છે કે:—

धनैर्निष्कुलीना कुलिना भवंति । धनैरापदंमानवानिस्तरंति ॥
धनेभ्यःपरोबांधवो नास्ति लोके। धनान्यर्जयध्वं धनान्यर्जयध्वम् ॥

અર્થાત્—ધનથી હિણાકુળનો હોય તો પણ કુલીનમાં ગણાય છે, ધનથી મનુષ્યો—આપદાઓ દુર કરી શકે છે, ધનથી મોટો આલોકમાં બીજો બાંધવ નથી; માટે હે લોકો! બીજા સર્વ પ્રકારો તજી દઇને કમર કસી એક ધનને મેળવો, ધનનેજ મેળવો! કારણ સર્વ સદ્‌ગુણો ધનવાનમાંજ ગણાય છે; ધન વિનાના મનુષ્યો જીવતે મુવા જેવા મનાય છે. માટે હે શાણી સ્ત્રી! હવે આપણે પરદેશમાં જઇએ તો ઠીક! ત્યાં કાંઇ પેટ ગુજારો પણ કરી શકીશું. આપણો મુનીમ બહુજ સારો હતો, અત્યારે તેની બીજના ચંદ્રની જેમ ચડતી કળા જણાય છે, આપણે તેની સારી સંભાળ રાખી છે, વળી આપણને તે મનથી બહુ જ ચાહતો હતો, માટે મારો તો વિચાર છે કે ચાલો ત્યાં જઇએ.

એમ વિચારી બન્ને દંપતી એક ટોપલામાં સામાન ભરી પોતાના મુનીમના ગામ ભણી ચાલ્યાં. એમ ચાલતાંચાલતાં સાયંકાલ થઇ જવાથી કોઇ ગામની ધર્મશાળામાં ઉતર્યા, જમીન ઉપર જીર્ણ વસ્ત્ર પાથરી કાંઇક સુકુંભાખું ભાતું સાથે લાવ્યાં હતાં, તે જમી સુતાં; સુતાસુતા શેઠ વિચાર કરવા લાગ્યા કે:-અહો! કર્મની કેવી અકળ; ગતિ છે, એક વખત એવો પણ હતો, કે સોનાના છત્ર પલંગ ઉપર અમો શયન કરતાં હતાં, અને સુંદર ભોજનો જમીને અપૂર્વ આનંદ માનતાં હતાં; તેજ અમે તેમને અત્યારે ભોંયપર પથારી અને લુખું ભોજન કરવાનો વખત આવ્યો. સુખદુઃખ એ તો પુણ્યપાપનો ઉદય છે, તડકાછાંયા એમ ચાલ્યાજ જાય છે. માટે સુખમાં છકીને ઉછાંછલા અને દુઃખમાં અકળાઇ અધીરા--બહાવરા થવું નહિ.—એ સજ્જનતા અને ઉત્તમતાનું ભૂષણ ને લક્ષણ છે. કહ્યું છે કે:—

પોઢયા કદિ સોના તણે છત્ર પલંગે તોય શું?
સુતા કદિ અડવાણી ભોંય પથારી ઉપર તોય શું? ૭૯

ખાધાં રસાળાં ભોજનો મનભાવતાં કદી તોય શું?
કદિ લુખું ભાખું પેટ પુરણ પણ મળ્યું નહિ તોય શું ?૮૦
પહેર્યા કદિ પોશાક ઝળમગતા જરીના તોય શું ?
કદિ ફાટીતુટી ગોદડી તન ઢાંકવા નહિ તોય શું ? ૮૧

વળી તેને લગતો કવિ સામળભટ્ટનો એક છપ્પો અત્યારે યાદ આવવાથી તે બોલી શેઠ પોતાના મનને વાળવા લાગ્યો.

જે બેસે ગજ શીર, પાય અડવાણા ચાલે,
ન જુવે તડકો ટાઢ, ફરે દાવાનળ ઝાળે;
જે ઘેર લાખ કરોડ, વ્યાજ ભરતા તે દીઠા,
સૂતા પુષ્પની સેજ, કાસીદાં કરે વરીઠા;
છે એવી અકળગતિ દૈવની, સુખ ત્યાં દુઃખ આવી નડે,
સામળ કહે સઘળા માનવી સાંખે દુઃખ જે શીરપડે. ૮૨

એમ વિચારતામાં નિદ્રા આવી ગઇ, સવારે વહેલા ઉઠી ચાલવા માંડયું, એમ ચાલતાં છેક ત્રીજે પહોરે મુનીમને ગામ જઇ પહોંચ્યાં. ગામ બહાર એક સુંદર બગીચામાં તે દંપતી વિસામો લેવા બેઠાં. થોડીવાર પછી શેઠે સ્ત્રીને કહ્યું કેઃ—હું ગામમાં જાઉં છું, આદરસત્કાર કાંઇક ભાળીશ અને ત્યાં રહેવા જેવું જણાશે, તો તુરત હું તને બોલાવા આવીશ; માટે ત્યાં સુધી તું અહીં નિરાંતે બેસી રહેજે, કારણ કે તે પણ આપણી પડતી હોવાના કારણે કદાચ અપમાન કરે! પડતે પડતી અને "ચડતે ચડતી" હોય છે.

દોહરો.--દિવસ કરે તેવે સમે વાલાં વેરી થાય;
રક્ષા કોણ કરે તિહાં, વાડ વેલને ખાય. ૮૩

આપણો સામાન સાંભળી રાખજે, દુઃખતાં અંગ ઉપર ઠેસ બહુ લાગે છે, અને પડયા ઉપર જ પાટુ પડે છે. એટલી ભલામણ કરી શેઠ ગામમાં ગયા અને શેઠાણી સાવધાન થઇ બાગમાં બેઠાં. પુછતાં-પુછતાં મુનિમની દુકાન ગોતી કાઢી, તો તેની પેઢી ઘણા મોટા પાયા ઉપર ધમધોકાર ચાલતી જોઇ. કેટલાએક મુનિમો નોકરો વગેરે કામ કરી રહેલા છે. પોતાના પહેલાંનો મુનિમ શેઠ બની ગએલો છે, અને મોટા મશરૂની ગાદી ઉપર બેસી, આનંદમાં ગરકાવ થઇ ગએલો છે, આ વૈભવ જોઇ ગરીબ સ્થિતિમાં છેટે સામે ઉભા રહેલા શેઠને બહુ લાગી આવ્યું, તે તો સામેની દુકાનના ઓટલા આગળ ઉભા!

રહી જોઇજ રહ્યા. અત્યારે તેની દશા રસ્તે ચાલનારા લોકોને એક સામાન્ય ભિક્ષુક જેવી જણાતી હતી, તેની દેહાકૃતિ–દેદાર તથા અંગ ઉપરનાં વસ્ત્રો સજ્જન પુરૂષના મનને દયા ઉપજાવનારાં તથા દુર્જનને હાંસી ઉત્પન્ન કરનારાં હતાં.

એમ ઘણીવાર સુધી પેલા શેઠે દુકાન સામું જોયાજ કર્યું, મનમાં અનેક તર્કવિતર્કો પણ કરવા લાગ્યો, કે શું એ શેઠ બનેલો મુનીમ મને બોલાવશે? મારી સ્થિતિ સામું જોઇ તેને દયા આવશે? સંસાર-રીતિ તો જ્યાં ગળપણ હોય ત્યાંજ માખીઓ વળગે. હાલ મારી પાસે ગળપણ (ધન) નથી, તો મને કેમ બોલાવશે? વગેરે અનેક શંકાવિ-શંકા કરવા લાગ્યો. મનમાં એવો તો વિચાર ચાલતો હતો કે, તે મારી સામું જોઇ ઓળખે અને મને બોલાવે તો હું તુરત તેની પાસે જાઉં પણ મારાથી નિર્લજ થઇને વગર બોલાવે તો ત્યાં કેમજ જવાય? અને મારાથી આ દશામાં તેને બોલાવાય પણ કેમ? પૂર્વસ્થિતિ જણાવી ઓળખાણ કરાવતાં વખતે મારી આ કંગાલ હાલતને લીધે અપમાન થવાનો પણ વખત આવે. મરવું, પણ માગવું નહિ, કારણ કે ઉત્તમ પુરૂષોની એવી ટેક હોય છે કે તેઓ ભલેને મહાદુઃખી થાય, પણ કોઇની પાસે લાંબો હાથ કરી પોતાને હલકી પંક્તિમાં ગણાવા બિલ્કુલ ચાહાતા નથી.

क्षुत्क्षामोऽपि जराकृशोऽपि शिथिलप्रायोऽपि कष्टांदशा।
मापन्नोऽपि विपन्नदीधितिरपि प्राणेषु नश्यत्स्वपि ॥
मत्तेभेंद्र विभिन्न कुंभपिशित ग्रासैक बद्धस्पृहः।
किंजीर्ण तृण मत्तिमान महतामग्रेसरः केसरी ॥ ३९ ॥

અર્થાત્—ભુખથી દુર્બળ થયેલો, ઘડપણથી કૃશ થયેલો, ક્ષીણ શક્તિવાળો, અતિ કષ્ટ દશાને પામેલો, અને તેજ વિનાનો થએલો, પણ સિંહ કે જેને મોટા ગજેંદ્ર ભેદવાનો સ્વભાવ છે. તે પ્રાણાંતદુઃખ-દશાને પામેલો હોય, છતાં પણ કદી તે કેસરી સુકું ઘાસ ખાતો નથી. તેમ ઉત્તમ પુરૂષો ભલે મહાદુઃખદશાને પામેલા હોય, છતાંપિ તેઓ કદી કોઇની પાસે દીનવદને માગતા તો નથીજ, એવી લજ્જાળુ સત્પુ-રૂષોની ટેક હોય છે. માટે લાવ વળી અત્રે થોડીવાર બેસું, ઓળખે તો ઠીક, નહિ તો પછી રસ્તે પડું, એમ કહી ત્યાં બેઠો. કહ્યું છે કેઃ—

દુહો—બોલાવે તો બોલીએ, નીકર રહીએ મૌન;
ફોગટ વૃથા બોલશો, તોલ જાય વળી સૌન. ૮૪

એમ અનેક પ્રકારના વિચાર કરતો પાછો ત્યાં થોડીવાર બેઠો, અને વળી થોડીવારે ત્યાંથી ઉઠી ઉભો થયો. એમ થોડીવાર ઉભા રહ્યા પછી તેમનાપર મુનીમની દૃષ્ટિ પડી, મુનીમે તુર્તજ પોતાના શેઠને ઓળખ્યા તેની આવી દીનદશા જોઇ મનમાં ઘણું લાગીઆવ્યું. અહો! કર્મની કેવી વિચિત્ર ગતિ છે? જેના પ્રતાપે હું સુખી થયો, તેજ મારો શેઠ અત્યારે આ દીનદશા ભોગવે છે? તેના ઉપકારનો બદલો મારાથી ન વળાય ત્યાં સુધી મને ધિક્કાર છે! પછી સત્વર ઉઠી કોઇ નોકર દ્વારા એકાંતમાં બોલાવી સર્વ વાતથી જાણીતા થયા. શેઠને વીતકવાત કરતાં આંખમાં ઝળઝળીઆં આવી ગયાં, મુનીમ પણ તેવોજ ગળગળો થઇ ગયો. પછી હિમત આપી કહ્યું કે:—શેઠ! આ હાડચામડી આપનાંજ છે, આપનો ઉપકાર મારાથી તો કદી ભુલાય તેમ નથી. જગતમાં ચડતીપડતી તો સર્વને ચાલી આવ્યાજ કરે છે. આપ અત્યારે પડતીમાં છો, તેથી કંઇ મારા શેઠ છો તે મટી જવાના નથી એ તો હું ચાકર છું ને આપ શેઠજ છો-એમ સમજજો; કાંઇ પણ ભિન્નભાવ દર્શાવો તો તમને મારા પ્રિય પુત્રના શપથ (સોગન) છે. એમ કહી હિમત આપી શેઠને નવરાવીધોવરાવી સત્કાર કરી શેઠાઇને યોગ્ય સર્વ નવીન વસ્ત્રો પહેરાવ્યાં. પછી ઘણા માનપૂર્વક દુકાને લેઇ જઇ પોતાને બેસવાની ગાદી ઉપર બેસાડયા, અને સર્વ મુનીમોને ખબર આપ્યા કે આ મારા મુરબ્બી શેઠ છે, હું ઘણાં વર્ષ તેમની દુકાને નોકર રહેલો છું; આજ મારા સદ્ભાગ્યના ઉદયે અત્રે પધારી મને પાવન કર્યો છે, તેથી હું તેમનો મોટો ઉપકાર માનું છું; માટે આજથી મારા જેવાજ આ શેઠને માનજો અને મનમાં આપણા શેઠ જ છે, એમ જરૂર ગણજો. પછી શેઠને હાથ જોડી કહ્યું કે:—મારી માતાજી શેઠાણી કયાં છે? તે અત્રે આવ્યાં છે કે આપ એકલા પધાર્યા છો? ત્યારે શેઠે કહ્યું કે:—અહીં મારી સાથે આવ્યાં છે, અને તે બહારના બગીચામાં વિશ્રાંતિ માટે બેઠાં છે. બહુ સારૂં, હું શેઠાણીને તેડવા સારૂ માણસ મોકલું છું, આપ હવે તે તરફની લગાર પણ ચિંતા કરશો નહિ-એમ કહી તે ઘેર ગયો. આણી કોર શેઠાણી બગીચામાં બેઠાં છે, હવે ત્યાં શું બનાવ બને છે, તે સાંભળો. શેઠાણી બગીચામાં એક ઝાડ તળે બેઠાંબેઠાં જુનાનવા વખતના સુખ-

દુઃખોના અનેક તર્કવિતર્કો કર્યા કરે છે. તેવામાં તેથી થોડેક દૂર એક ચાકર નાના બાળકને રમાડતો હતો, તે બાળક નોકર તથા તે બગીચો એ સર્વ શેઠાણીના જુના મુનિમનાંજ હતાં; પણ શેઠાણીને તો તેની કશી ખબર નથી. બાળક મોટા શ્રીમંત સદ્દગૃહસ્થ શેઠનો હોવાથી શરીર ઉપર ઘણી ઉંચી કિંમતનાં આભરણો હતાં, તે બાળકને એટલામાં રમતો મુકી નોકર તેને માટે સુંદર પુષ્પો ચુંટવા બગીચામાં ફુલઝાડના ઝુંડમાં ગયો; બીજું કોઇ પણ માણસ ત્યાં હવે નથી, તેથી શેઠાણીનો વિચાર આ બાળક જોઇ ફર્યો. તેણે વિચાર્યું કે શેઠ ગામમાં ગયા છે, પણ સત્કાર મળશે કે નહિ, કારણ કે સગાઇ સર્વ ધનનીજ છે, ગરીબ જાણી ઉભા પણ નહિ રાખે, વખતે વીલે મોઢે શેઠ પાછા આવશે, તો અમો શું કરશું ? માટે લાવ આ લાગ ઘણો સારો છે, બાળકના અંગ ઉપર કિમતીઘરેણાં ઘણાં છે, વળી અત્યારે કોઇ માણસ પણ અહીં જણાતું નથી. માટે આ બાળકને મારી નાંખી ઘરેણાં સર્વ ઉતારી લઉં કે જેથી અમો દુઃખી ન થઇએ-એમ વિચારી બાળકને તેડી લાવી તુરતજ નિર્દયપણે ગળું દાબી ગુંગળાવી મારી નાંખ્યો ને ઘરેણાં સર્વ ઉતારી લીધાં. પછી ઘરેણાં તથા બાળકની લાસને પોતાના ટોપલામાં નાંખીને જુના ગાભાથી સર્વ ઢાંકી દીધું. અહો ! દશા શું કરાવે છે ? આવા હજારોના પાળનાર દયાળુ હૃદયમાં પણ નિર્દયતાને પ્રવેશ કરાવી પ્રાણઘાતકી કરમ સુદ્ધાં કરાવે છે ?

ગજલ.

કર્મને કો લગે નાહિ, મીટે ભાવી નહિ કાંઇ;
કર્મને શર્મ છે નાહિ, કર્મને છે કૃપા નાહી. ૮૫

અહાહા ! માઠી દશા થતાં મનુષ્યની બુદ્ધિ પણ બગડી જઇ માઠી થાય છે. કહ્યું છે કેઃ—

મનહર છંદ.

બુદ્ધિને બગાડનારી, સત્યને નસાડરી,
અઘટ ઘડાવનારી, દશા દુઃખકારી છે;
હિંમત હઠાડનારી, લાલચ લગાડનારી,
દુઃખને દેખાડનારી, દશા ભયકારી છે;
કપટ કરાવનારી, લેખડે ભરાવનારી,
ગુણ હરનારી, દશા દુઃખદ અપારી છે;

વદે મુનિ વિનયચંદ, સુણજો ભાવિક વૃંદ,
દશા બદલાય ત્યારે, મહાદુઃખકારી છે. ૮૬

માઠીદશા આવે છે ત્યારે વિચારશુન્ય બનાવી દેઇ અનેક કુકર્મો કરાવી દુઃખસાગરમાં ધકેલી પાડે છે. પછી થોડીવારે પુષ્પ લઇ નોકર ત્યાં આવી જુએ છે તો બાળક ન મળે, તેથી તેને એકદમ ફાળ પડી અને બેબાકળો થઇ આમતેમ તે જોવા લાગ્યો પણ કયાંઇ પત્તો ન મળે. બધે તપાસ કરી થાકી છેવટે બાઇ પાસે આવી ધમકી આપી પુછયું. ત્યારે પહેલાં તો બચાવ કરવા માટે બાઇએ ઘણા ગોટા વાળ્યા, પણ તૂટક વાણીથી બચાવ માટે કરવામાં આવેલા પ્રયત્નો ઉપર શંકા આવવાથી સત્વર તેનો ટોપલો બળાત્કાર ફેંદયો તપાસ્યો, તો મુદ્દા માલ પકડાયો. હાય હાય ! ગજબ થયો ! ! એવી એકદમ ચીસ પાડી ભુંડી બાઇને રોષે ભરાઇ કેટલીએક ગાળો પણ દીધી. અરે દુષ્ટા ! અભાગણી ! અધમાધમ આતે શો ગજબ કર્યો ? રાંડ ભીખારણ ! આ તેં શું કર્યું ? નિર્દય ! મારા શેઠનો વંશ ઉખેડી નાંખતા તને કંઇ દયા પણ ન આવી ! અરે નીચ ચંડાળ ! બાળઘાત કરતાં કાંઇક તો વિચાર કરવો હતો, હાય હાય ! હવે હું શેઠને શું મુખ દેખાડીશ ? ધિક્કાર છે તને હવે શું કરૂં ? આતો કાળો કેર થયોરે !

છાનું કરેલું પાપ છતું થયાથી તો શેઠાણીના પસ્તાવાનો કંઇ પાર જ ન રહ્યો ! ખરેખર, છાનું કરેલું પાપ પણ આખરે છતું થયા વિના તો રહેતું જ નથી. કહ્યુ છે કે:—**છપ્પો,**

છાનું કરીએ પાપ, જગત બધું તે જાણે,
છાનું કરશે પુણ્ય, મોજ મહિમા તે માણે;
છાનું ખાયે ઝેર, લહેર તે વેળા લાગે,
છાનો કરડે નાગ, પલક પાણી નવ માગે;
જપ તપ સાધન દાન, છાનાં કરવાં ઘટે,
અન્યાયઅધર્મ ગુપ્ત કરે, તેનું માન તો નિશ્ચે ઘટે૮૭.

અરે ! પણ જેને ઘેર ઉતરવાની આશા રાખીએ છીએ, તેનાજ ઘરનું મહામોઘા—મૂલનું કુમળુ કુસુમચુંથી નાંખ્યું—એમ પુરણ પસ્તાવામાં પડી. પછી બાઇ નાસી ન જાય, માટે બગીચાના રક્ષકને કબજે સોંપી, એકદમ તે નોકર દોડતો શ્વાસભર્યો શેઠ પાસે જઇ રૂદન કરવા લાગ્યો. શેઠે ઘણો આગ્રહ કર્યો ધીરો પાડયો, ત્યારે લથડતે

ને તુટક અક્ષરે બાળકના ખૂનની વાત કરી. શેઠ તુરત સમજી ગયા, કે બીજું કોઇ નહિ, પણ એ તો શેઠાણીજ હોવાં જોઇએ, અને તેણે આવી માઠી દશાને લીધેજ આ કામ કર્યું છે. પોતે કરે તેવાં નથી, મહા દયાળુ છે, પણ વખાના માર્યા તેણે આ અઘટિત પાપ કામ કર્યું છે, ધિક્કાર છે કર્મની દશાને ! તે નિર્દય રાક્ષસી ન કરવાનાં કામ કરાવી મહાનુકસાનીમાં ઉતારી મુકી ખુવાર કરે છે. હે જીવ ! અત્યારે તું ગમ તેમ કરીશ, પણ હવે છોકરો કાંઇ જીવતો થવાનો નથી, બનવા કાળ બને છે. તો મારાં ઉપકારી એવાં શેઠશેઠાણીને દુઃખમાં નાંખવાં એમાં મને શો લાભ થવાનો છે ? ઉપકારની કિંમત આવા કષ્ટકારી વિષમ સમયમાંજ જણાય છે. માટે હવે શેઠશેઠાણીને આની ખબર પાડયા સિવાયજ તેમનો હું પ્રેમપૂર્વક સત્કાર કરૂં, તો જ એમાં મારી ખાનદાની કહેવાય. દુનીઆમાં ભાવિ પ્રબળ વિચિત્ર છે, તે હરેક પ્રકારે બન્યા સિવાય રહેતું નથી. કહ્યું છે કેઃ—**ઉપજાતિવૃત્ત**

યત્નો કરો ઉદ્યમથી અનેક, રાખો કદિ અંતર માંહિ ટેક;
પરંતુ આવે પરિણામ એવું, વિધાત્રીને ઇચ્છીત હોય તેવું.૮૮

પછી હિંમત રાખી નોકરને કહ્યુ કે, ભાઇ જે બનવાનું હતું તે બન્યું, રોવાકુટવાથી કે ફરીયાદ કરવાથી હવે કાંઇ આપણું મુવેલું બાળક જીવતું થાય તેમ નથી, આપણે પણ તેની પેઠે એક દિવસ મરવુંજ છે, માટે આ વાત કોઇને તું કહીશ નહિ. એ મારાં શેઠાણી છે, એ પરમોપકારી શેઠાણીના હાથ તળે આ શરીરે બહુ સુખ માણ્યું છે, મને બાળકની પેઠે તેણે પોષ્યો છે. એ ઉપકાર મારાથી ભુલાય તેમ નથી, માટે તેમને દુઃખી કરવાં તે "દાઝયા ઉપર ડામ" અને "પડયા ઉપર પાટુ" મારવા સમાન છે. માટે જા, હિંમત રાખ તેના કલેવરને કોઇ ગુપ્તસ્થાને દાટી ઠેકાણે પાડ. પછી પોતે સ્ત્રી પાસે જતાં મનમાં વિચાર્યું કે, મેં તો અપરાધની બક્ષિસ કરી, પણ હવે સ્ત્રીને સમજાવવી જ કઠણ છે. કારણ કે તેનું મન પ્રાયે કરી પોચું હોઇને અસહનશીળતાવાળુ હોય છે, માટે ચાલ તેને સમજાવું, તેનું મન શાંત થએ સર્વ સારૂ થશે. પછી સ્ત્રી પાસે આવી તેણે કહ્યું કે, આજે ઘણે વર્ષે મારાં ઉપકારી શેઠશેઠાણી આવ્યાં છે. તે સાંભળીને સ્ત્રી તો ઘણીજ ખુશી થઇ (શેઠ મનમાં કહે છે કે, હમણા તો ખુશી થાય છે, પણ પેલી વાત સાંભળ્યા પછી શું બને છે ? તે જોવાનું છે) પછી શેઠ બોલ્યાઃ—એ મારા બહુ ઉપકારી છે, તેનો બદલો આ

પીંડ અર્પણ કરૂં, તો પણ વળે તેમ નથી. માટે કદાચ તેમને હાથે ભુલથી કાંઇ નુકસાન થાય, તો તું ખમી શકે ખરી કે?! સ્ત્રી કહેઃ—એમાં શું! એ તો ભાવિ પ્રબળ તેવું હોય, તો નુકસાન પણ થાય, તેથી શું તેમની ભક્તિ ન કરવી; માટે ખુશીથી કહો. ભલે ગમે તેટલું નુકશાન થયું હોય, તો પણ ઉપકારનો બદલો તો અવશ્ય વાળવોજ એ આપણું કર્તવ્ય છે. પછી શેઠે કહ્યું કેઃ—સાંભળ, મનમાં ધીરજ રાખજે જરાયે ગભરાઇશ નહિ, સુખદુઃખ એ ભાગ્યોદય મુજબ હોય છે, બગીચામાં રમવા ગએલા આપણા સુકુમાર બાળકને શેઠાણીએ મારી નાંખ્યો છે, તેવું ઘાતકીકર્મ કરે તેવાં તો એ નથી, પણ દશા ન કરાવે તે થોડું! તેની માઠી દશાએ ભુલાવી આ માઠું કામ કરાવ્યું છે. બાળક મુવાની વાત સાંભળતાં તો એકદમ બાઇને મુર્છા આવી ગઇ, છાતીફાટ રૂદન કરવા લાગી ને માથું કુટવા લાગી. શેઠે કહ્યુ કેઃ—કેમ હમણાનુંજ વચન પલકમાં જ ભુલી ગયાં કે શું?! સુકુળવતી સ્ત્રીઓનાં વચન આવાંજ હોય કે! માટે શાંત થાઓ, જે બનવાનું હતું તે તો બની ગયું છે, હવે રૂદનથી શું વળવાનું હતું? બનવાકાળ હરેક બાને બને જ છે, મિથ્યા થતું જ નથી. તેના સંબંધમાં તમે શું ગુરૂઓ પાસેથી વ્યાખ્યાનમાં કદી સાંભળ્યું નથી?—

यदभाव्यंतन्नभवति । भवतिचभाव्यं विनापियत्नेन॥
करतलगतमपिनष्यति । यस्यांहिभवितव्यतानास्ति ॥४०॥

અર્થાત—જે થવાનું હોય છે તે થાય છે જ, ને જે નથી થવાનું તે કોટી પ્રયત્ને પણ થતું નથી; જો ભાગ્યમાં ન હોય તો હાથમાંથી પણ નષ્ટ થાય છે. માટે હવે હિંમત રાખવી, વળી ઉપકારી ઉપર ગુણ કરવો તેમાં તે શો પાડ? પણ અપકારી ઉપર વગર સોચે અને સંકોચે ગુણ કરવો તેનું નામજ ખરી સાધુતા કહેવાય છે. તેને માટે નીતિશાસ્ત્રમાં તો કહ્યું છે કેઃ—

उपकारिषुयः साधुः । साधुत्वे तस्य को गुणः ॥
अपकारिषुयः साधुः । स साधुः सद्भिरुच्यते ॥ ४१ ॥

અર્થાત—ઉપકારી ઉપર ઉપકાર કરવો, તેમાં તો કાંઇ વિશેષતા ન કહેવાય, પણ અપકારી એટલે અવગુણ કરનાર ઉપર પણ જે ગુણ કરે તેનુંજ નામ વિશેષતા કહેવાય; અને તેવાને જ સાધુ પુરૂષ સ-

મજવા. એવાં એવાં ઘણાં દૃષ્ટાંતો આપી ઊભરો શાંત કર્યો, શોકશમન કરાવ્યું એટલે પછી શાણી સ્ત્રીએ પણ સર્વ વાત કબુલ કરી; શોક સર્વ દુર થયો, એટલે શેઠે કહ્યું કેઃ—જાઓ હર્ષપૂર્વક તેને સુવસ્ત્રોથી શણગારી વાહનમાં બેસાડી તેડી લાવો, અને કંસારનું ભોજન જમીને જમાડો. પણ જો જો હોં! જરા પણ હૃદય તથા મોઢું કરમાવા દેશો નહિ; અને એમજ માનજો કે આજ આપણે ઘેર મંગળીક દિવસ છે, જરા પણ ઓછું આવવા દેશો નહિ, આનંદપૂર્વક સામૈયું કરી વાજતેગાજતે ઘેર લાવજો. જાઓ! જલદી કરો, એમ કહી શેઠ દુકાને ગયા. પછી શેઠાણીએ આજ્ઞા પ્રમાણે કર્યું તેણે પણ સમય ઓળખ્યો, હસતે વદને સર્વ શણગાર પહેરી તથા પોતાની શેઠાણી વાસ્તે સારાં વસ્ત્રાલંકારો લઇ તેડવા ગયાં. શેઠાણી તો શોકાગ્નિમાંજ શેકાઇ રહેલાં હતાં, તેમને મધુર વાણીનું આસ્વાસનપૂર્વક શાંત્વન કરી સુવસ્ત્રો પહેરાવી, વાહનમાં બેસાડી વાજતેગાજતે ઘેર તેડી લાવ્યાં. શેઠાણીને આ બનાવથી તો હૃદયમાં પસ્તાવાનો પારજ રહ્યો નહિ, પોતાની ભુલને માટે હૃદય પુરણ પસ્તાવા લાગ્યું, પોતાની જાતને ધિક્કારવા લાગી. પછી કંસારનું ભોજન શેઠશેઠાણીને આગ્રહપૂર્વક પ્રેમે કરી જમાડયું, તથા તેમના દેખતાં પોતે પણ બન્નેજણાં જમ્યાં. વાળુ પાણી કરી પરવારતાં થોડા વખત પછી શેઠશેઠાણીને એકાંતનો વખત મળ્યો ત્યારે શેઠાણીએ પોતાથી થએલી નિર્દયતા ભરી ભુલ જણાવી દિલગીરી બતાવી. આ વાત સાંભળી શેઠ તો ઘણો અફસોસ કરવા લાગ્યા તથા પોતાના મુનિમની કૃતજ્ઞતાનાં વખાણ કરવા લાગ્યા. અહો! કેવી ભલાઇ કેવી ઉદાર કૃતજ્ઞતા? પોતાના વહાલા પુત્રનું ભુંડી રીતે ખુન થયું; છતાં પણ તે સામું ન જોતાં ઉપકારથી જ આપણને ગાળી દીધાં. અરે! અત્યાર સુધી તેની તો મને ખબર પણ પડવા દીધી નહિ. અહાહા! કેવી ઉત્તમતા ને કુલીનતા? તેણે તેની કૃતજ્ઞતામાં જરાએ ખામી રાખી નથી, અને આપણે તો કૃતઘ્નતા કરવામાં કંઇ કચાસ રાખી નથી અહો! ધન્ય છે તેને! ઉત્તમ પુરૂષો જગતમાં એવાજ ઉદાર-નિશ્ચલ વૃતિની હોય છે. કહ્યું છે કેઃ—

છપય—ભલા ભલાઇ ના તજે સંકટ પડે હજાર,
હાસ વદન પર શામતા નહિ ધરે લગાર;
રૂખ જેસા ચંદનકા લપટે સર્પ અનેક,
મતા નહિ પલટે મનકા કથે સો કવિયા કહાન.

દુધ તજે નહિ ઉજવલતાઇ કીજે ક્રોડ ઉપાય.
તજે નહિ ભલાભલાઇ નડે અનેક અપાય. ૮૯

प्रदानं प्रच्छन्नं गृह मुपगते संभ्रमविधिः।
प्रियं कृत्वा मौनंसदसि कथनं चाप्युपकृतेः ॥
अनुत्सेकोलक्ष्म्यां निरभिभवसाराः परकथाः ।
सतांकेनोद्दिष्टं विषममसिधाराव्रत मिदम् ॥ ४२ ॥

અર્થાત્—નિરાધાર ગરીબ વગેરેને ગુપ્તદાન દેવું, ઘેર આવેલાની આગતાસ્વાગતા કરવી, હિત કરીને પણ મૌન રાખવું. પોતે કરેલા ઉપકારને પ્રકટ કરવો નહિ, સમૃદ્ધિ છતાં ગર્વ રાખવો નહિ, અને પરાભવના સારાંશ વગરની બીજાઓની વાતો કરવી; એવી રીતે તલવારની ધાર જેવું ઉપર કહેલું તીક્ષ્ણ વ્રત સત્પુરૂષોને કોણે બતાવ્યું હશે? અર્થાત્ સત્પુરૂષોનો એવોજ સ્વભાવ છે. પછી શેઠે ઘણા જ ખેદપૂર્વક મુનિમ પ્રત્યે અફસોસ જણાવ્યો. ત્યારે ઉલટો નમ્ર થઇ તેણે હાથ જોડી કહ્યું કેઃ—શેઠ! તમે કરેલા ઉપકારનો બદલો આ ભવમાં આ પાપી દેહથી તો જરા પણ દેવાય તેમ નથી. હું જે સુખ ભોગવું છું, તે સર્વ આપના જ રૂડા પ્રતાપ છે, આ ઘરબાર સર્વ તમારૂંજ છે, આલિકે અહીંથી જવું નહિ, આપની ઇચ્છા હોય ત્યાં સુધી સુખેથી અત્રે રહો. અને પુત્ર મુવા બાબત આપ ખેદ જણાવો છો, પણ સંસારમાં જરણામરણા તો ચાલ્યાજ કરે છે. આ બાળક રમવા આવ્યો હતો, અને તેની રમત પૂર્ણ થઇ, (આયુષ્ય પુરૂં થયું) એટલે ચાલ્યો ગયો. જેમ તે ગયો, તેમ આ શરીર પણ એકવાર અવશ્ય જવાનું જ છે; તો આપણે દિલગીર શીદને થવું?

તેનું આયુષ્ય ઓછું હશે, તેથી નિષ્કારણ મારી માયાળુ માતાને બાનું ચડાવી ચાલ્યો ગયો. એ તો વળી ભાગ્ય હશે તો ફરી પુત્રાદિક સાંપડશે, પણ આ ઉપકારીની અમૂલ્ય ભક્તિનો રૂડા વખત ક્યારે પાછો આવશે? આ તો વાના મારી કોયલ છે, પડતી દશાને લીધે અહીં આપ આવી ચડયા છો, નહિ તો આપની ચરણરજ મારે રંકને આંગણે ક્યાંથી પડે? માટે હવે અફસોસ કરવો મુકી દઇ આ સેવકને આપ આશીશ આપો, એજ આપની પાસે માગું છું. શેઠ આ વચનોથી ઘણોજ સંતોષ પામી ખુશી થયો, અને આશીષ દીધી કેઃ—હે ભાઇ! હું તો એટલીજ આશીશ આપું છું કે, તમે કરેલા આ ઉપકારનો

બદલો વાળવાનો મને કદી પણ ફરીને વખત ન આવજો; એજ હું તો આશીશ આપું છું. કારણ કે મારી જેવી તારી પડતી દશા આવે, ત્યારે હું તારી ઉપર ઉપકાર કરૂં ને? માટે તારી પડતી દશા કદી ન થજો; અને તેનો બદલો દેવાનો મને વખત પણ ન આવજો. એમ કહી તેના વિનયાદિ ઉત્તમ ગુણનાં અને સુહૃદયતાનાં વખાણ બહુ કર્યા, પછી મુનિમ પોતાને સ્થળે જઇ સુઇ રહ્યો.

આ દૃષ્ટાંત અત્ર સમાપ્ત થાય છે. દૃષ્ટાંતની મતલબ એવી છે કે, આ ઉત્તમ જન્મ મેળવી ઉપકાર કરવો, કૃતઘ્નતા સામું ન જોતાં કૃતજ્ઞતા જરૂર બતાવવી. સદ્ધર્મનું સેવન કરવું, સત્ય, શીયળ અને સંતોષથી જીવનસૂત્ર અમુલ્ય બનાવવું; એજ માનવજીંદગીને મેળવવાનું સાર્થક છે. બાકી તો સર્વ આળપંપાળ અને અસાર છે તેને માટે કહ્યું છે કેઃ—

શાર્દુલવિક્રીડીત છંદ.

રે! ઓ મંદ મતિ અલ્પ્યા, મદભર્યા જો તું વિચારી ત્વરા,
પામી ઉત્તમ દેહ નેહ પ્રભુથી, કીધો નહિ તેં જરા;
જોતાં જીવ જશે ઘડી પલકમાં, ત્યાં કોણ બેલી થશે?
સારાં કૃત્યો કર્યા હશે અવનિમાં, તો જીવ સ્વર્ગે જશે.૯૦

માટે સુકૃત્યો-સત્કર્મો કરી આ મનુષ્ય જન્મ સફલ કરવો, એજ જીવ્યું જાણ્યું ભણ્યું ગણ્યું ને રળ્યું કર્યું સાર્થક છે. (૫૬-૫૭)

क्षुधा समं नास्ति महच्चकृछ्रं ।
चिंतासमं नास्ति महाश्चरोगः ॥
कामः समोनास्ति महांश्चवह्निः ।
कोपः समोनास्ति महांश्चशत्रुः ॥६८॥

અર્થઃ—આ જગતમાં ક્ષુધા સમાન એકે મહાદુઃખ નથી, ચિંતા સમાન એકે મહારોગ નથી, કામ સમાન એકે મહાતીક્ષ્ણ અગ્નિ નથી, અને ક્રોધ સમાન એકે મોટો કટ્ટો દુશ્મન નથી. (૫૮.)

ભાવાર્થઃ—આ જગતમાં ક્ષુધા સમાન બીજું કોઇ મોટું દુઃખ નથી કારણ કે કહ્યું છે કેઃ— કુંડળીયો.

રોટી તુજે બી રંગ હે, પાવે સબ સંસાર,
જ્ઞાની તો જ્ઞાન કરે, જબ લગ પહોંચે આહાર;
જબ લગ પહોંચે આહાર, પાર પરાં ગત બૂઝે,
અન્નદેવ બિન બાત, ઔર કછુ નવ સુઝે;
કથે સુકવિયા કહાન, સબ દેવનમે મોટી,
પાવે સબ સંસાર, રંગ હે તુજે બી રોટી; ૯૧

વળી ચિંતા સમાન મોટો કોઇ બીજો રોગ નથી. કેમકે ચિંતાથી શરીર લેવાઇ જઇ સુકાઇ જાય છે. કહ્યું છે કેઃ—

દુહો—ચિંતાસે ચતુરાઇ ઘટે, ઘટે રૂપ ઔર જ્ઞાન-
ચિંતા બડી અભાગણી, ચિતા ચિંતા સમાન. ૯૨

ચોપાઇ—ન સુવે ચાકર ન સુવે ચોર, ન સુવે ઘન ગાજંતે મોર;
ન સુવે જેને ચિંતા ઘણી, ન સુવે બે બાઇડીનો ધણી.
સુખે સુવે એક અવધૂત, સુખે સુવે રાજાનો પુત;
સુખે સુવે જેને ચિંતા નહિ, સુખે સુવે ગુફામાં સિંહ.૯૩

વળી પણ કહ્યું છે કેઃ—ચિંતાવાળો મનુષ્ય તો સદા દુઃખીજ સમજવો, તે બિચારો કોઇ દહાડો નિરાંતે સુખે બેસવા પણ પામે નહિ. ચિંતા અનેક પ્રકારની છે, તે સર્વ ચિંતા દુઃખ રૂપજ છે. તેમજ વળી કામદેવ સમાન બીજો કોઇ મોટો પ્રચંડ અગ્નિ નથી. તેણે કરી હમેશાં કામીનું પોતાનું ચિત્ત ભ્રમિત થયાજ કરે છે, તથા જે તે ઉપર તે ખોટીજ નજર કર્યા કરે છે. તેને માટે પણ કહ્યું છે કેઃ—

કવિત.

કાયાહુતે કામ જાય, ગાંઠહુતે દામ જાય,
ભુમીહુતે નામ જાય, રૂપ જાય અંગતે;
ઉત્તમ સુકર્મ જાય, ગુરૂજનકી શર્મ જાય,
સુકૃત કમાણી જાય, નિજ મતી ભંગતે;
પંચનકી પ્રીત જાય, શુદ્ધ સબે રીત જાય,
આપકી પ્રતીત જાય, મદન ઉગમતે;
સુરપુરકો વાસ જાય, ભૂમીકો નિવાસ જાય,
માર ખાય બોત, પરનારી કે પ્રસંગતે. ૯૪

કુંડળીયો,

રંડી મિત્ર ન કીજીએ, અક્કલ ભ્રષ્ટ હો જાય,
ભક્તિ ગુમાવે ઇષ્ટકી, જીવીત નરકું ખાય;
જીવીત નરકું ખાય, જહાં લગે હોય અસંગા,
વાં તક નરકા નેહ, પલંગ પર કરે પ્રસંગા;
કથે સુકવિયા કહાન, રહો સંતોષે ભંડી,
અક્કલ ભ્રષ્ટ હો જાય, મિત્ર નહિ કરના રંડી. ૯૫

તેમજ ક્રોધ સમાન પણ જગતમાં બીજો કોઇ શત્રુ નથી. કારણ કે ક્રોધે કરીને આત્માના તમામ ઉજ્વળ ગુણોનો વિનાશ થાય છે, પોતાનું શરીર પણ સુકવી નાંખે છે. વળી ક્રોધે કરી ક્રોડપૂર્વનું ચારિત્ર પણ નિષ્ફળ થઇ જાય છે. માટેજ ક્રોધને આત્માનો કટ્ટો શત્રુ કહેલો છે. તેટલા માટે ઉત્તમ પુરૂષે તો સર્વદા ક્રોધ રૂપી વિકાળ શત્રુને દૂર કરવોજ ઘટે છે. હવે તેના ઉપર સતી ગાંધારીનું દૃષ્ટાંત કહે છે.

(૬૩) સો કૌરવોની માતા ભુખી ને દુ:ખી સતીગાંધારીની વાત.

પાણીપતના મેદાનમાં ધૃતરાષ્ટ્રના પુત્ર સો કૌરવો ને પાંડવો વચ્ચે મોટું યુદ્ધ થયું, અને તેમાં આખરે ધર્માભિનંદી, સત્યપ્રેમી પાંચે પાંડવોનો વિજય, અને અધર્માભિનંદી પાપપુંજ કૌરવોનો પરાજય થયો: ખરેખર દુનીઆમાં આખરે તો સત્યજ તરી આવે છે. કૌરવો તે યુદ્ધમાં હાર્યા, અને એકી સાથે સો કૌરવો મરાયા—સર્વનાશ થયો સાંભળીને તેની માતા **ગાંધારીને** બહુ લાગી આવ્યું, તે એકદમ છાતી માથું કુટતી રોતારોતી ત્યાં રણભૂમિમાં આવી, અને બીજા સર્વ માણસોને દૂર કરી દઇ પોતે સો પુત્રોનાં મુડદાં પાસે બેસી દીર્ઘસ્વરે ઘણું રોવા—કલ્પાંત કરવા લાગી. પુત્રસ્નેહ વિશેષ સાંભરતો ગયો તેમતેમ તે વધારે રોતી છાતી માથું કુટતી અનેક પ્રકારે કરૂણ શબ્દોથી વિલાપ કરવા લાગી. વનમાં વૃક્ષોને પણ રોવું આવી જાય, એવો દયામણો દેખાવ તેના રૂદનમાં જણાઇ આવતો હતો. એમ કરતાં સાંજ પડી, ક્ષુધા ઘણી લાગી, પણ ગામ તો છેટું હતું. ભુખ કકડીને લાગી તો પણ ધીમેધીમે રૂદન કરવાનું તો ચાલુંજ રહ્યું. આવા કરૂણાજનક રૂદનથી ત્યાં રહેલ વનદેવતાને વિચાર થયો, કે આ સતી **ગાંધારી**બાઇ અત્યારે જે પુત્રસ્નેહના અતિરેકથી ઘણીજ રડે છે, તે સાચું છે કે કેવળ સ્વાર્થજ છે? ઘણું કરી સંસારી મનુષ્યો સ્વાર્થીજ હોય છે, માટે લાવ આજ તેની પરીક્ષા કરૂં! પછી તે વન-

દેવતાએ તે મુડદાંથી થોડેક દૂર અકાળે એક ઘટાદાર આંબો બનાવ્યો. ગાંધારી રોઇરોઇને થાકી, એટલે પોતાની મેળેજ રોતી બંધ પડી.

અરે રે ! હવે તો મારાથી ક્ષુધા નથી ખમાતી, બધાં દુઃખો વેઠાય–ખમાય પણ ભુખનું ભારે દુઃખ તો તોબા અનહદ છે ! કહ્યું છે કેઃ—

છપ્પો—જગત અન્ન આધાર, અન્ન દેવત એ મોટું,
અન્ન વિણુ રહે ન જીવીત, અન્ન વિણુ સર્વે ખોટું;
દેવ મનુજ નરનાર, જીવે સહુ અન્નને ભેરે,
અન્ન વિનાનું સર્વ, અતિ અંધારૂં ઘોરે. ૯૬

પુત્ર મુવા તેની પાછળ હું ગમે તેટલુ રડીશ પણ તે કાંઇ હવે જીવતા થવાના નથી. લાવ ! આટલામાં કાંઇ ફળ ફુલ મળે તો શરીરને જરા ભાડુ તો આપું—એવી આશાથી ચોતરફ નજર નાંખી તપાસ કરવા લાગી તો પાછગીજ નજીકમાં પાકેલી કેરીઓ વાળો આંબો દેખાયો, આંબો જોઇ મનમાં ઘણીજ ખુશી થઇ, કે વાહ વાહ ! કેવો સરસ મનોહર મોટો આંબો ઝુકી રહ્યો છે. ? પછી એકદમ ઉઠી કેરી લેવા આંબા નીચે આવીને હાથ લંબાવી લેવા લાગી, તો દેવમાયાએ કરી અડધો હાથ આંબો ઉંચો રહ્યો, લેવા ઘણી મથી પણ પહોંચાયુ નહિ, ત્યારે આસપાસ નજર કરી કોઇ જોનાર કહેનાર ન જણાયાથી સો મુડદામાંથી એક મુડદું ખેંચી લાવી આંબા તળે મુકયું, અને તેની છાતી ઉપર પગ મુકી કેરી લેવા ચડી પણ તે તો પાછો દેવમાયાથી અડધો હાથ ઉંચો જ રહ્યો. વનદેવતા તો તેની સામું અદૃસ્યપણે જોઇજ રહ્યો ! ગાંધારી બીજું મુડદુ ખેંચી લાવી ઉપર ચડી તો પાછો પણ જરા ઉંચો રહ્યો. આમ કેરીઓ ખાવાની લાલચમાં લેવાયલી અને ભુખના દુઃખમાં દબાયલી ગાંધારીએ નીડર બની સોએ પુત્રનાં મુડદાં ખેંચી લાવીને આંબા તળે ઉપરાઉપરી ખડકયાં, અને તે સર્વની છાતી ઉપર પગ મુકી ઉપર ચડી જેવી કેરીઓ લેવા હાથ લંબાવે છે, તેવામાં દેવમાયાવાો તે આંબો જ ન મળે ! તે તો કયારનોએ ગાંધારીનું પારખું લઇ અદૃસ્ય થઇ ગયો હતો. ગંધારીએ ઉંચું જોયું તો કાંઇ જ ન મળે ? પોતે જાણે ખુલ્લા મેદાનમાં નાના સરખા ડુંગરા ઉપર ઉભેલી હોય એમ જણાયું.

અરે ! આ શું આંબો કયાં ? જરૂર આ તો દેવમાયાએ જ મને ઠગી ! પછી ઝંખવાણી પડી હેઠી ઉતરી. વનદેવતાએ તો નિશ્ચય કર્યો કે, ખરેખર આ અસાર સંસાર સ્વાર્થમય જ છે, ગંધારી તેના

સ્વાર્થનેજ રોતી હતી, અને તેથીજ છાતી ઉપર પગ મુકી કેરીઓ ખાવા તૈયાર થઇ; માટે આ સ્વાર્થી સંસારને આવા જ કારણે સર્વજ્ઞ મહાજનોએ ધિક્કારેલો હશે. જ્યાં સ્વાર્થ છે ત્યાં કુડકપટ છળ પણ અવશ્ય હોય છે. અને કપટી મનુષ્યો તો ખરેખર ધિક્કારને પાત્રજ ગણાય છે. સ્વાર્થના સંબંધમાં કવીશ્વર દલપતરામે કહ્યું છે કેઃ—

ઇંદ્રવિજય છંદ.

સ્વારથ કારણ સ્નેહ સજે, પરમારથમાં ન પડે પગ દેવા,
વ્યર્થ વખાણ લખાણ કરે વળી, લાખ પ્રકાર કરી જર લેવા;
તે કહીયે કપટી જનના ગુણ, જે ગુણ ગારૂડીના ગુણ જેવા,
હંસ સુણો દલપત કહે, કપટીજન અન્ય કહું વળી કેવા.૯૭

આ દૃષ્ટાંતની મતલબ એ છે કે, ક્ષુધામાં અંધ બનેલા જીવ સર્વ ભાન ભુલી જાય છે, ભુખના દારૂણ દુઃખથી વ્યાકુલ થઇ ભક્ષાભક્ષનો વિવેક વિસરી જાય છે, ન બોલવાનું બોલે છે, ન ખાવાનું ખાય છે, ને ન કરવાનું કરે છે. એ પ્રમાણે ચારેને માટે સમજવું.

नाथेत्विमंजनमनाथमनाथ नाथ !।
कान्तार भ्रष्ट शशशावक सन्निभंच ॥
संसारतप्त सुभयंह्यभयं विधाय ।
त्वत्सांन्निधौ परमसौख्यनिधे ! निधेहि॥५९॥

અર્થ—હે અનાથના નાથ પ્રભુ ! હું અનાથ છું, માટે હે સુખનિધે ! વગડામાં પોતાના ટોળામાંથી વિખુટા પડેલા સસલાના બચ્ચા જેવો, અને ત્રણ પ્રકારના સંતાપ (આધિ વ્યાધિ ઉપાધિ; જન્મ જરા ને મરણ વગેરે) થી અત્યંત ત્રસ્ત–ભય પામેલો, એવો આ દુઃખી જન આપનેજ શરણે છે. માટે મને અભય કરી આપની સમીપમાં રાખો. અર્થાત્ આપનું પવિત્ર પદ મોક્ષ આપો. એજ હું માગું છું. (૫૯)

ભાવાર્થ—હે વિશ્વાધાર ! ખરેખર તમેજ આ જગતમાં ખરા આધારભૂત છો, શરણભૂત છો. દુનિયાના દરેક શરણ નાશવંત છે, જરા સુખ દેખાડી પાછા મહાદુઃખમાં ધકેલી મુકનાર છે, એક આપનું

જ શરણુ સદા વિજયવંત છે. હે પ્રભુ ! હું નિર્ભાગી આપના પરમ પવિત્ર શરણુને તજી, ઉન્માર્ગે આથડું છું ભ્રમણુમાં ભટકું છું, નિર્મળ સુમધુર ગંગાજળ મુકી ખારા સમુદ્રનું ક્ષાર જળ વિલાસપૂર્વક વાપરૂં છું, સુગંધમય કેસર કસ્તુરી તજી નાહક કચરામાં કચરાઉં છું, સુવર્ણ તજી ધૂળ ધમું છું; આવી મારી અજ્ઞતા મૂઢતા, અને મોહદશાની મુગ્ધતા છે. અહાહા ! આતે મારી કેવી મોટી ભારે ભુલ ? ભવોદ્ધારકને તજી ભવબુડાડકને ભજું છું, સુખમય સદ્દગતિના શણગારો તજી હેતે દુઃખમય દુર્ગતિનાં દુકુલો પહેરૂં છું. ખરેખર મારામાં મોટી ખામી તો એજ છે કે આપને સાચા તારક માનવા છતાં આપના શુભાશ્રયને તજી અસત્યને વળગી રહ્યો છું. પણ હે જગત્રયાધાર પ્રભો ! હવે હું રંક આપને શરણે આવ્યો છું, સર્વ ખામીઓને ખારા સમુદ્રમાં વામી દઉં છું; આપ ઉદ્ધારક છો તો હે ઉદ્ધારક-તારક ! મારો ઉદ્ધાર કૃપાળુ થઇ કેમ નહિ કરો. આપે ઘણાયે મહાનપાપીજનોને આપના અવગુણ ગાનારાઓને પણ પરમપદ આપ્યું છે, નિષ્પાપી બનાવ્યા છે. ગોશાલો, ગૌતમ, ચંદનબાળા, ચંડકોશિકનાગ, ને શુલપાણી જક્ષ વગેરે અનેકને તેં ઉદ્ધાર્યા તાર્યા, ને ભવભ્રમણથી વાર્યા છે; માટે અનન્ય પ્રેમભક્તિથી આપના પવિત્ર શરણમાં આવેલો હું અધમ અનાથ આપના પવિત્ર શરણને યાચું છું.

શાર્દૂલવિક્રીડીત વૃત.

સ્વામી સેવક હું થયો તમ તણો. ખામી ખરી ખોઇ જો,
પામી નિશ્ચળતા તમારી ભગતી, જામી દિલે જોઇને;
ધામી અક્ષરધામીના પ્રભુ બહુનામી મળ્યા આ ભવે,
વામી છે ભવવેદના હરખથી હામી ભરૂં છું હું હવે.૯૮

હે પ્યારા પ્રભુ ! હું હમેશા હઠથી કુધો કુડા કર્મમાં,
પામી પંડ પવિત્ર પાંચ પગલાં ધાર્યાં નહિ ધર્મમાં;
પાપી સાથ પ્રપંચ પાપ પડમાં ભુલ્યો નમ્યો આ ભવે,
તારી સાથ અનાથનાથ મુજને લે હાથ ઝાલી હવે.૯૯

માટે હે પ્રભુ ! આપને શરણે આવેલો હું આપના પરમપદને પામું—એવી કૃપાળુ દયાળુ થઇ બક્ષિસ કરો. બીજી કોઇ પણ જગતની વસ્તુઓ મારે જોઇતી નથી, એજ હું સદા આપની સમક્ષ માગું છું. હવે શ્રી પ્રભુના શરણથી દુઃખી મનુષ્યો કે દેવો કેવા સુખી થાય છે ? અને આપત્તિ સાગર કેવી રીતે તરે છે ? તેના ઉપર ચમરેંદ્રનું દૃષ્ટાંતઃ—

(૬૪) સુબુદ્ધિ ચમરેંદ્ર પ્રભુશરણથી બચ્યો તે વિષે વાત.

એક વખતે પાતાલવાસી ભુવનપતિ જાતિના દેવમાં ચમરેંદ્ર નામનો એક દેવોનો ઇંદ્ર મોટી સભા ભરી સુંદર સિંહાસન ઉપર બેઠો હતો, સભાસદોમાં પોતાના અનુચરરૂપે અનેક દેવોની હાજરી હતી, સામાનીક દેવો ઇન્દ્રના સિંહાસનની ડાબીજમણી બાજુમાં નિજ આસન રોકી બેઠા હતા, અને રાજ્યસંબંધી વિવિધ ચર્ચા ચાલી રહેલી હતી. તે વખતે તે ચમરેંદ્રમહારાજાએ સ્વાભાવિક-સહજ અવધિ જ્ઞાનથી ઉંચું જોયું, તો ઘણેજ દૂર પોતાથી ઉંચે પોતાના ઉપર એક પુરૂષના પગ લટકતા હતા. આ અસહ્ય અવિનય તેનાથી ખમી શકાયો નહિ તેથી તપીને પોતાના પ્રકૃતિમંડળ સામુ જોઇ રોષપૂર્વક બોલ્યો કે:—અરે ! આ દુષ્ટ કોણ અધમાધમ મારાજ ઉપર પગ લટકાવી રહ્યો છે? એ દુષ્ટ કોણ છે? તેનો ટાંટીઓ પકડીને હેઠો પછાડો. આ સાંભળી અનુભવી દેવો બોલ્યા:- મહારાજ ! એ તેનો પરંપરાનો રિવાજ છે, તે પહેલા દેવલોકનો ઇંદ્ર નામે શક્રેંદ્ર છે, તે ઉર્ધ્વલોકવાસી છે. શક્રેંદ્ર આપણાથી પુણ્યમાં આયુષ્યમાં અધિકારમાં અને સર્વ પ્રકારે સુખમાં અધિક છે, તેનો અસલનો હોદ્દો છે, ને આપ હજી નવા છો તેથી આપને આશ્ચર્ય લાગતુ હશે, ! પણ સહુસહુના રિવાજ પ્રમાણે સહુ વ્યાજબી જ બન્યે જાય છે. આ સાંભળી ઉલટો વધારે કોપાયમાન થઇ ચમરેંદ્રદેવ બોલ્યો:—અરે ! તમે લોકો સર્વે બાયલા છો, એ દુષ્ટનો આવો દુઃસહ્ય અવિનય હું તો સહન કરી શકવાનો નહિ. શું એના પગ મારા માથા ઉપર ? અરર ! ધિક્કાર ધિક્કાર ! ! જ્યાં સુધી આવા દુષ્ટ પુરૂષોનો પરાજય મારાથી ન થાય, ત્યાં સુધી મારૂં જીવવું તે દિવસે નિશાપતિ (ચંદ્ર)ની જેમ વૃથા છે. તમો બધા બિકણ-બાયલાઓ શું કરવાના હતા ? લાવો ખંજર અને વજ્ર ! હું એ હરામખોરને હમણાં ટાંટીઓ ઝાલી પછાડું છું કે નહિ જોઇએ—એમ કહી વજ્ર લઇ એકદમ ઉઠયો. ઘણા દેવોએ અટકાવ્યો બહુ વાર્યો પણ જેમ નવું પાણીનું પુર, નવા તાવને દવા, અને નવો કજીઓ અટકાવવા વૃથા છે, તેમ આને પણ અટકાવવાનો સર્વ પ્રયત્ન વૃથા જણાયો. વજ્ર લઇ એકદમ ઉપર આવ્યો, અને શત્રુનો પરાજ્ય કરવા એકદમ ઉંચે ચડવા માંડયું. ત્યાં વળી વિચાર થયો, કે કોઇ સમર્થ પુરૂષનું શરણું લઇ જાઉં તો ઠીક પડે, કારણ કે મારે મોટા સાથે બાથ ભીડવી છે, વખતે હારૂં તો તેને શરણે રહેવા તો થાય.

મોટા સાથે વેરવિરોધ નહિ કરવા વિષે ગંગકવિએ કહ્યું છે કેઃ—

બાળસે ખ્યાલ બડેસે વિરોધ, અગોચર નારસે ના હસીએ,
અજ્ઞસે લાજ અગન્નસે જોર, અજાનસે નીરમાં ના ધસીએ;
બેલકુ નાથ ઘોડેકુ લગામસે, હસ્તીકુ અંકુશસે કસીએ,
કવિગંગ કહે સુન શાહ અકબર, ક્રૂરસે દૂર સદા બસીએ.૧૦૦

પછી કોઇ સમર્થનું શરણું લેવા ભૂલોકમાં તપાસવા માંડયું. તેવામાં ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીરપ્રભુ એક વૃક્ષતળે કાયોત્સર્ગ ધ્યાને ઉભેલા જોયા. વાહવાહ ! શરણું આથી બીજું કોનું ઉંચું છે ? ચાલને તેનુંજ શરણું લેતો જાઉં–એમ કહી પાસે આવી હે પ્રભુ ! હું શત્રુનો પરાજય કરવા માટે ઉર્ધ્વલોકમાં જાઉં છું, કદાચ કાંઇ વિઘ્ન નડે તો મને આપનું શરણુ હજો.

द्रुतविलंबित वृत्तम् .

सरस शान्ति सुधारससागरं ।
शुचितरं गुणरत्नमहागरम् ॥
भविक पंकज बोध दिवाकरं ।
प्रतिदिनं प्रणमामि जिनेश्वरम् ॥४३॥

અર્થાત્—હે પ્રભુ ! આપ અમૃતના સાગર છો; ઉત્તમ પ્રકારની શાંતિમય છો, શુદ્ધ છો, મહાગુણ રત્નાકર છો, ભવિકને બોધ દેવામાં રવિ તુલ્યછો, અનાથના નાથછો, દુઃખીના શરણભુત છો, ભાગ્યાના બીરૂ છો, આપના શરણથી દુઃખ સર્વ નાશ થાય છે; માટે આપને મારો સદા નમસ્કાર હજો દુઃખના વખતમાં આપનુંજ શરણુ હજો. હે પ્રભુ ! (કાંઇ હરકત થશે તો આપને શરણે આવીશ) એમ કહી ઉંચો ચાલ્યો ગયો. અને પછી લક્ષ જોજન પ્રમાણવાળું મહાભયંકર જબરૂં દૈત્યનું વિક્રાલરૂપ ધારણુ કરી એકદમ શકેન્દ્રની મહાસભામાં દાખલ થયો. તે વખતે શક્રેંદ્રમહારાજા મોટી દબદબા ભરી સભામાં સિંહાસન ઉપર બિરાજ્યા હતા, ત્યાં સાત પ્રકારની ગણિકાઓ સુંદર નાટારંભ કરતી હતી, ચોરાશી હજાર સામાનીક દેવો તથા અંગરક્ષકો સર્વ સહુ સઉના સ્થાને બેઠા હતા. આ જોરાવર દૈત્યે એકદમ સભામાં પ્રવેશ કરી સિંહાસન સુધી પોતાનો હાથ લંબાવી મારવા વજ્ર ઉગામ્યું, તેથી શક્રેંદ્ર એકદમ ચોંકી ભયભ્રાંત થઇ ગયા.

સભામાં મોટો ખળભળાટ થયો, દેવો ગભરાઇ નાશભાગ કરવા લાગ્યા. ઇંદ્રમહારાજા તો વિચારવા લાગ્યા કેઃ—અરે ! અચાનક આ શું ? અરે ! કોણે તોફાન કર્યું ? આ કોણ છે ? પછી અવધ જ્ઞાનથી જોઇ બોલ્યાઃ–ઓહો ! આતો પેલો દુષ્ટ ચમરો ! પાતાળમાંથી હરખીલું સિંહને જીતવા આવ્યું છે ! પછી એકદમ પોતાનું તેજોમય વજ્ર ઉપાડી કહ્યું કેઃ—જા, એ દુષ્ટનો શીઘ્રે પરાજય કર ! એટલું કહીને તે વજ્ર છોડયું. વજ્ર દેખી ચમરેંદ્ર મહાભય પામ્યો કે આ તેજસ્વી વજ્ર જરૂર મારો પ્રાણ લેશે. પછી પોતાનો બચાવ કરતો વિકરાળ દૈત્યરૂપને સંકેલતો ત્યાંથી એકદમ પાછો ફર્યો. આગળ પોતે અને પાછળ વજ્ર એ પ્રમાણે દોડતો ચમરેંદ્ર મહાવીરપ્રભુને શરણે આવ્યો, અને ઝીણું કુંથવાનું રૂપ લેઇ શ્રીમહાવીરપ્રભુના પગના તળીઆમાં સંતાઇ બેઠો; વજ્ર એકદમ ત્યાં આવી પગથી ચાર હાથ છેટે ફરતા આંટા મારવા માંડયું. ઇંદ્રના તે વજ્રમાં ગુણ એવો હતો, કે જ્યાં સુધી પોતાના ધણીનો શત્રુ પરાજ્ય ન પામે ત્યાં સુધી તે કદીપણ પાછું ફરે નહિ. તેથી તે શત્રુની આસપાસ ફરતું રહ્યું, પણ પ્રભુના પ્રતાપથી પાસે આવી શકયું નહિ. શ્રીશકેંદ્રમહારાજાએ વિચાર કર્યો કે, વજ્ર હજી કેમ જય મેળવી પાછું આવ્યું નહિ ? રખેને તે કોઇનું શરણ લેઇ આવ્યો હોય ! પછી શકેંદ્રે જ્ઞાનદૃષ્ટિથી જોયું તો શ્રીમહાવીર પ્રભુને શરણે પગના તળીઆમાં તેને સંતાએલો જોયો. અરે ! ગજબ થયો, આણે તો મહાસમર્થ ધણી શ્રીમહાવીરપ્રભુનું જબરૂં શરણું લીધું છે; રખે મારૂં વજ્ર હમણાં શ્રીવીરપ્રભુની અસાતના કરી દેશે. પછી સત્વર પ્રચંડ ગતિએ ત્યાં ઇંદ્ર ધસી આવ્યો ને શિઘ્રે વજ્ર હાથમાં લીધું અને કહ્યું કેઃ–હે ચમરેંદ્ર ! બહાર નીકલ, હવે તો તું મારો ભય જરા ન રાખીશ, તેં જ્યારે પ્રભુનું શરણ લીધું છે ત્યારે તો તું મારો ભાઇ થયો, માટે હવે તને અભય છે. પછી ચમરેન્દ્રે બહાર નીકળી ઇંદ્રમહારાજની પાસે પોતાના અવિનયનીને થયેલા અપરાધની માફી માગી. ઇન્દ્રે કહ્યું ભાઈ! તું આ સમર્થ પુરૂષના શરણના પ્રતાપથીજ બચ્યો છે, નહિ તો અત્યારે કયારનો વિપત્તિસમુદ્રમાં ડુબ્યો હોત. ખરી રીતે તને બચાવનાર તો વીરપ્રભુજ છે, માટે તેમની ભક્તિ તથા વિનય કરજે, અને તારા મનના અભિમાનને દુર કરજે. કારણ કે જો ! અભિમાન કેવું અહિતકર છે ?

मर्दय मान मतंगजदर्पं, विनयशरीर विनाशनसर्पम् ॥

क्षिण्णोदर्पोद्दशवदनोऽपि, यस्य न तुल्योभुवने कोऽपि ॥४४॥

અર્થાત્—અભિમાન રૂપી હાથીને તજી દેજે, તે અભિમાન કેવું છે તો કે વિનયરૂપી શરીરનો નાશ કરવામાં ભયંકર સર્પ સમાન છે, ત્રણ ખંડમાં મહાનસમર્થ છતાં દશાનન રાવણ એક અભિમાનથી મરાયો. માટે સઉએ અભિમાન ન રાખતાં પોતાના પુણ્ય પ્રમાણે મળેલ વૈભવમાં સંતોષ રાખી શાણાએ આત્મહિત કરવું ઘટે છે. એટલું કહી મળી ભેટી બંને સ્વસ્થાને ગયા. વળી પણ કહ્યું છે કે;—

કંચન તજવો સહેલ છે, સહેલ ત્રીયાકો નેહ;
પણ માન બડાઇ ઓર ઇર્ષ્યા, મુશ્કેલ તજવો તેહ. ૧૦૧

આ દૃષ્ટાંતની મતલબ એ છે કે, હે પ્રભુ! આપનું શરણ સર્વને સુખદાયી છે, તેથી જે પુરૂષો અનન્યભાવે આપનું ભજનકીર્તન કરેછે તે અવસ્ય નિર્ભય પદને પામે છે. માટે હે અનાથના નાથ! હું અનાથ દુઃખી આપને શરણે આવેલો છું તેથી મને આ ભયંકર ભવસાગરથી તારી નિર્ભય કરો અને આપનું પરમપદ અર્પો. (૫૯)

मार्गाभवंतिचत्वारो । भवेऽत्रभवनाशका ॥
परनिंदा परित्यागो । दया दानं च दीनता ॥६०॥

અર્થ—આ લોકમાં ભવ રૂપી સાગરનો અંત–પાર આણવાને ચાર માર્ગો કહ્યા છે. (૧) પરનિંદાનો પરિત્યાગ (૨) દયા રાખવી (૩) દાન દેવું (૪) દીનતા ધરવી. (૬૦)

ભાવાર્થ—દુનિયામાં મનુષ્યો દુઃખથી મુક્ત થવા માટે ભિન્ન ભિન્ન પ્રકારે અનેક ફાંફાં મારે છે, પણ શ્રીમહાવીરપરમાત્માએ તો કહ્યું છે કે, આ ચાર સન્માર્ગથીજ અનંત જીવો તર્યા છે–તરે છે, અને તરશે. તેમાં પહેલો પરનિંદા પરિત્યાગ, એટલે પારકા અવર્ણવાદ બોલવા નહિ. મુમુક્ષુ જનો તો માને છે કે પારકામાં હજારો અવગુણો ભલે હોય પણ તે અવગુણ પોતાને કોઇ જાતની હરકત કરતા નથી. છતાં કોઇ વખતે હિતબુદ્ધથી વિવેકપૂર્વક સામા અવગુણીને ખામી દર્શાવવામાં આવે, અને તેને અંગે કદાચ બે કટુ વાકયો પણ ઉચ્ચારવાં પડે તો તેનું નામ પરનિંદા નથી. પણ કેટલાક અજ્ઞાની જનો તો કાંઇક નવરાશ મળે એટલે જેનુંતેનું પીછું પકડે–પાનું ફેંકેલે અને હદ વિનાની ખોદણી કર્યાજ કરે, તેમાં પોતેજ મહાભારે કર્મી થાય છે. માટે ઉત્તમ ગુણી વિવેકી જનોએ તો તેવી પરનિંદાનો સર્વથા ત્યાગ કરવોજ ઘટે છે.

વળી સંસારક્ષય કરનાર બીજો ઉત્તમ ગુણ દયા છે, દયા એટલે પ્રાણીનો બચાવ. દયા પાળનારો માણસ અવશ્ય પોતે સુખી થાય છે. પરની દયામાંજ પોતાની દયા વ્યાપી રહેલી છે. જે દુષ્ટ મનુષ્યો હૃદયમાં નિર્દય બની પ્રાણીઓને સંતાપે છે, તેમની હિંસા કરે છે. તે ઘોર નરકમાં વારંવાર ભટકે છે.

દુહા—હિંસા દુઃખની વેલડી, હિંસા દુઃખની ખાણ;
અનંતજીવ નરકે ગયા, હિંસા તણાં ફળ જાણ. ૧૦૨
જીવદયા પાળી નહિ, પાળી નહિ છકાય;
સુના ઘરનો પ્રાહુણો, જેમ આવ્યો તેમ જાય. ૧૦૩

અર્થાત્—જેમ સુના ઘરમાં આવેલો પ્રાહુણો કાંઇ પણ લાભ મેળવ્યા વગર જેવો આવ્યો તેવો વિમુખ પાછો ચાલ્યો જાય છે, તેમ જીવદયા નહિ પાળનારો અને પ્રાણીઓની હિંસા કરવા વાળો મનુષ્ય પણ નર્કમાં મહાપાપનાં પોટલાં બાંધી જેવો આવ્યો તેવોજ ઉલટો કુકર્મથી ભારે થઇ જમપુરીમાં ઝખ મારી ચાલ્યો જાય છે. માટે **आत्मवत् सर्व भूतेषु** જેવો પોતાનો આત્મા તેવોજ સર્વનો આત્મા છે-એમ માની જે જીવો સર્વ જીવની દયા પાળશે, તે આ ભવે તથા પરભવે મહાસુખ અને સદ્ગતિ પામશે.

દુહા--દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ;
અનંત જીવ મુગતે ગયા, દયા તણાં ફળ જાણ. ૧૦૪
જીવદયા પાળી સહી, પાળી છે છકાય,
વસતા ઘરનો પ્રાહુણો, મીઠાં ભોજન ખાય. ૧૦૫

અર્થાત્—જીવદયા છે એજ સુખની વેલડી તથા ખાણ છે, એક સસલાના જીવની દયા પાળનાર, પશુ ફીટી (મેઘકુમાર) ઉત્તમ નર થયો, તથા પારેવાની દયા પાળનાર સોળમા તીર્થંકર શ્રીશાંતિનાથ ભગવાન થયા; એમ દયાનો ગુણ અવર્ણનીય છે માટે ઉત્તમ જનોએ અવશ્ય દયા પાળવી. વળી આ ભવસાગરનો ક્ષય કરનાર ત્રીજો ગુણ દાન છે. સુપાત્ર પુરૂષોને દાન દેવાથી અઢળક પુણ્ય પ્રાપ્ત થાય છે. દાન ઘણી જાતનાં છે, પુરૂષો ભાવથી દયાપૂર્વક સપ્રેમ દાન આપે છે તે દાન ભલેને સ્વલ્પ હોય, પણ તેનો લાભ મહાન છે. રેવતી નામની બાઇએ જરાક બીજોરાપાક મહાત્માને વહોરાવ્યો, તેમાંથી તેણે તીર્થંકર ગોત્રની ઉપાર્જના કરી લીધી. માટે સમજો કે દાનનો મહિમા અપૂર્વ છે. કહ્યું છે કેઃ—

दानेन प्राप्यते लक्ष्मी । शीलेन सुख संपदा ॥
तपसा क्षीयते कर्म । भावना भवनाशिनी ॥४९॥

અર્થાત—દાનથી લક્ષ્મી-ધન પ્રાપ્ત થાય છે, દાનથી સર્વ ઉત્તમ સુખો આવી મળે છે. જેમ મહાતપસ્વી એક સાધુને વગડામાં આઠમને પારણે દાન દેવાથી દાતાને પોતાની પાસે રાખેલા કાંકરાનાં રત્નો થઇ ગયાં. માટે ઉત્તમ પુરૂષે સદા પ્રેમપૂર્વક યથાશક્તિ દાન કરવુંજ જોઇએ, કે જેથી તેને પ્રતાપે મહાન સુખ આવી મળે.

વળી સંસારક્ષય કરવામાં ચોથો ગુણ દીનતા છે. દીનતા એટલે ગરીબાઇ, એ એક મહાન ગુણ છે. ગરીબાઇ-નમ્રતા ગુણવાળા સર્વ સાથે હળીમળી ચાલે છે, આ સંસારમાં શું સાથે લઇ જવું છે? ભલાઇજ સાથે આવશે.

દુહા—તુલસી આ સંસારમાં, સબે બટાઉ લોગ;
સબસે હીલમીલ ચાલીએ, નદીનાવ સંજોગ. ૧૦૬
નદી કિનારે સંધ ખડો, સબ ઠાર્યો સંસાર;
કોઇ ચાલ્યા કોઇ ચાલશે, કોઇ બચકાબાંધી તૈયાર.૧૦૭

આપણે સંસારી સર્વ મુસાફરોજ છીએ, તે મુસાફરી બંગલામાં અમુક દિવસને માટે નિવાસ કરવા સારૂ આવેલા છીએ, તે અરસામાં કાંઇ નમ્રતા-ભલમનસાઇથી સર્વસાથે હળીમળી વર્તીશું, તો તેજ મહાલાભ છે. દીનતા દાખવનાર જન સર્વને પ્રિય પણ થઇ પડે છે. કાંઇક કારણ આવી પડયું હોય, તો નમ્રતા બતાવી નમી પડનારને માર્ગ આપે, પણ ઉદ્ધતાઇ દાખવી સામાને તરછોડી નાખે નહિ. જનોમાં દીનતા (ગરીબાઇ) છે તે અવશ્ય ઉંચ પદને મેળવે છે. વળી તુળસીદાસે તો ત્યાં સુધી કહ્યું છે કેઃ—

દુહો—સત્ય વચન અરૂ દીનતા, પરસ્ત્રી માત સમાન;
ઉનકુ ન મીલે ભગવાન તો; તુલસીદાસ જમાન. ૧૦૮

અહાહા! આવા ગુણી પુરૂષોને જો ભગવાન ન મળે, તો તુલસીદાસે જામીનગીરી માથે લીધી છે ને! પણ ન મળે કેમ? આવા ગુણો પ્રાપ્ત કરવા છતાં પ્રભુ શા માટે ન મળે? અર્થાત દીનતા-નમ્રતાવાળો માણસ અવશ્ય મહાન સુખશાન્તિ પામે છે. માટે દરેકે ઉદ્ધતાઇ તજી નમ્રતા ગુણ ધારણ કરવો એજ આવશ્યકિય છે. હવે સામામાં અવગુણો જોવા છતાં પણ તેના ઉપર કોપાયમાન થતો નથી

તેની નિંદા કરતો નથી; પણ તેને નમ્રતાથી દયાપુર્વક એ હિતવાકયો કહી શીખામણ આપે છે, તેના ઉપર શ્રેણીક રાજાનું દ્રષ્ટાંત કહે છે.

(૬૫) પરમભક્તને શાન્તગુણી ધર્મનિષ્ઠ શ્રેણીકની કથા.

એકવાર ઇંદ્રસભામાં ઇંદ્રમહારાજે શ્રીમહાવીરપ્રભુના પરમભક્ત શ્રીશ્રેણિકરાજાનાં વખાણ કર્યાં કે:-આ રાજાની એવી તો દ્રઢ શ્રદ્ધા છે કે ગમે તેટલો સામામાં અવગુણ જુવે, પણ કદી તેને નિંદે નહિ ને વિવેકથી હિતોપદેશ આપીને સમજે તો સમજાવે, પણ તેનું અવળું કૃત્ય જોઈ પોતે સમકીતથી-ધર્મથી ભ્રષ્ટ ન થાય; આવો તે રાજામાં મહાન ગુણ છે. આ સાંભળી એક દેવ તેની પરીક્ષા કરવા ત્યાં આવ્યો, તે દેવે સાધુનો વેશ લીધો, પાંચસેં સાધુઓ આચાર્ય સહિત દેવરૂપે ત્યાં આવી એક વાડીમાં ઉતર્યા. ત્યાં શ્રેણિક રાજા વાંદવા ગયા, તે નિર્મળ ઉપદેશ સાંભળી બહુ ખુશી થયા. પછી વાંદી રાજા તે બગીચામાં આવેલ પોતાના હવામહેલમાં જઇ અગાશીમાં આમતેમ ફરવા લાગ્યા.

તેવામાં હેઠે દેવકૃત સાધુના ઉતારામાં શોરબકોર થવા લાગ્યો કે:-ભાઇઓ ! જલદી કરો, દારૂ લાવો હવે આપણા આચાર્ય મહારાજને માટે બહુ ઉંચો દારૂ લાવજો. પેલા મટનમાર્કેટમાં માંસ લેવા ગયેલા આવ્યા કે નહિ ? આજ તો મોટી પુનમની પાખી છે, માટે સારૂં અને ઊંચુ માંસ ખુબ ખાવું છે. અરે ! નાયકાઓ કયાં ગઇ ? હવે તેની સાથે વૈભવ માણીએ. કેટલાક સાધુ વળી જુગટે રમવા બેસી ગયા, આ અજબ ગજબનો બનાવ જોઇ રાજા તો વિસ્મય પામ્યો, અરે ! આ બિચારા અજ્ઞાનપણાને લીધે કાંઇ પણ સમજતા નથી, ને આ ઉત્તમ સાધુપણું અને ઉત્તમ મનુષ્યપણું આવાં કુકૃત્યો કરી વ્યર્થ ગુમાવે છે, માટે ચાલ ! તેમને બે બોલમાં સમજે તો કંઇ સમજાવું. પછી સાધુસભામાં આવીને પૂછ્યું:-અરે ભાઇઓ ! અજ્ઞપણાથી આ શું આદરો છો ? અમૂલ્ય સાધુપણાને કાળું કેમ કરો છો ? આ સાંભળી તે સાધુઓ બોલ્યા:-અરે રાજા તને શું માલુમ પડે? તું તો ભોળા દિલનો છે. શ્રીમહાવીરના ગૌતમ વગેરે સર્વ સાધુ આવાંજ કામ કરે છે. તમારી નજરે સારાસારા થઇને વરતે પુંજીપુંજીને ચાલે એટલે તમને શી ખબર પડે ? પણ અમે તો બધુંયે જાણીએ. રાજા બોલ્યો:-અરે અજ્ઞાનીઓ તમે જેવાં કામ કરો છો, તેવાજ બીજાને પણ ગણો છો, એ સર્વ સાધુ તો પરમપવિત્ર મોતીની માળા છે. તમો સાધુપણામાં

આવાં કર્મ કરો છો, તો કયે ભવે છુટશો? માટે કાંઇક સમજો! નહિ તો તમો જાણો ને તમારાં કર્મ જાણે—એમ કહી રાજાજી ચાલતા થયા.

ગામ ભણી આવતાં વળી રસ્તામાં એક તલાવની અંદર એક સાધુને જોયો, તે સાધુને મોઢે મુહપતી અને હાથમાં રજોહરણી હતી અને બીજા હાથમાં જાળ લઇ તે પાણીમાં માંછલાં પકડતો હતો. ઘણાંને ત્યાંજ મારીમારી ઝોળીમાં ભરતો હતો. આ સર્વ રાજાએ જોયાથી મનમાં તેની ઘણી દયા ખાતા બે બોલ હિતના કહેવા ઉભા રહ્યા. અરે ભાઇ! આ શું કરે છે તું? સાધુ થઇ જાળમાં માછલાં પકડે છે? અરે! જરા તો વિચાર કર, શા માટે સાધુપણામાં આવાં કઠોર કર્મ કરે છે? સાધુ કહેઃ—આ માંછલાં વેચીશ ને ચોમાસા માટે હું તેની કાંબળી લઇશ. વળી આ કામ હું એકલો કરૂં છું, તેન પણ ન સમજતા; ગૌતમ વગેરે સર્વ સાધુઓ પણ ગુપ્તપણે તો આમજ વર્તે છે. એ તો ભોગ લાગ્યા મારા કે હું તમારી નજરે પડયો! આ સાંભળી રાજા કહેઃ—અરે સાધુ! તું એક આવાં કામ કરીને સર્વને તારા જેવા કેમ ગણે છે? એ તો સર્વ મોતીની માળા છે ઉત્તમ છે, માટે ભાઇ! આવાં પાપનાં કામ કરતો અટક, પરલોકમાં તારે કરેલાં કર્મનો બદલો દેવો પડશે. ચાલ મારા દરબારમાં તારે કામળી જોઇયે તો હું આપું, પણ આવાં નિર્દય કર્મ ન કરીશ.—એમ કહી ચાલતા થયા પણ તેની નિંદા ન કરી કે તેના પ્રત્યે દ્વેષ પણ ન કર્યો.

પછી ગામમાં આવ્યા તો ચૌટા વચ્ચે એક સાધવીજીને જોયાં, તેના શારીરીક દેખાવ ઉપરથી તેને નવમો માસ જતો જણાતો હતો ઉદરમાં પૂર્ણ ગર્ભ હતો. તે બાઇ હાટેહાટે સુવાવડનો સામાન લેવા ફરતી હતી, પછવાડે છોકરા હુરોહુરો કરતા હતા, બજારના માણસો દાંત ભીસી ગાળો આપતા હતા, કેટલાક મશ્કરી પણ કરતા હતા. અરે ભુંડી મર! ભુંડી, સાધવી થઇ આવું કર્મ કરતાં જરા પણ લજવાણી નહિ! ધિક્કાર છે તારા સાધવીપણાને! આ પ્રમાણે લોકો તેને ફિટકાર દેતા હતા.આવી ધમાલ વચ્ચે શ્રેણિક રાજાની ગાડી આવી એટલે લોકો એકદમ ખસી ગયા. પછી રાજાએ સાધવીને જોઇ કહ્યુંઃ—અરે સાધવી! તું આમ કેમ બજારમાં ફરે છે? સાધવી કહેઃ—રાજાજી! મારાથી ભુલ થઇ ગઇ, પેટમાં ઓધાન રહ્યું છે, પૂર્ણ માસ થયા છે, પ્રસુતી સમયે સામગ્રી જોઇશે, તેથી આ બજારમાં માગવા નીકળી છું. રાજા કહેઃ—અરે! તું સાધવી થઇ જૈનધર્મ પામી ને આવું બદકામ કરતાં જરાયે

વિચાર ન કર્યો? સાધવી કહેઃ–મહારાજ ! હું કાંઇ એકલી આવી ભુલ કરતી નથી, ચંદનબાળા વગેરે સર્વ સાધવીઓ પણ આમજ કરે છે. છાની રીતે કરવાથી તેની તમને શી ખબર પડે ?! હું જ અભાગણી આપની નજરે આજે પડી ગઇ. ત્યારે રાજા બોલ્યાઃ–અરે બાઇ ! એ તો સર્વ મોતીની માળા છે–ઉત્તમ છે, તું આવાં કાળાં કામ કરીને બધાંને તારા જેવાં ગણવા કેમ તૈયાર થઇ ? ચાલ ! મારા દરબારમાં હું તને જે જોઇશે તે આપીશ; આમ નાહક ધર્મની હેલના કરવા બજારમાં ન ફર એટલું કહી રાજા દરબારમાં ગયા. વળી પાછા લોકો હાંસી કરે છે કેઃ–જુઓ બાઇ ! રાજાનો ધર્મ આવો છે ! આ લક્ષણવંતી ગર્ભણી બાઇ તો રાજાના ધર્મની સાધવી છે.

અત્યાર સુધી કરેલું આ સર્વ કૌતુક પેલા પરીક્ષા લેવાને કાજે આવેલા દેવનુંજ હતું. અંતે પણ રાજાની શ્રદ્ધા ન બદલાણી, તેમ તેણે નિંદા પણ ન કરી, ફકત હિત ખાતર ઘટિત ઉપદેશ વચનો કહ્યાં. આથી દેવ ખુશી થઇ ત્યાં પ્રગટ થયો અને મુકત કંઠે રાજાનાં વખાણ કરી લોકોમાં જૈન ધર્મની થતી મશ્કરી અટકાવી સંતોષ પામીને દેવ સ્વસ્થાને ગયો. આ દૃષ્ટાંતની મતલબ એ છે કે, ઉત્તમ જનો કદી પરના અવગુણ નજરે જોવા છતાંપિ તેની નિંદા કરતા નથી, પણ તેના ઉપર દયા લાવીને ધીરેથી નમ્રતાપૂર્વક સદા તેને હિતબોધનુંજ દાન કરે છે. (૬૦)

महता मिह भुवि भवति ।
दोषस्तथाऽपि गीयते लघूनाम् ॥
श्वश्वां दोष सतानि ।
तथाऽपि लोके नीयते वधूनाम् ॥६१॥

અર્થ—આ લોકમાં ઘણું કરીને એવો નિયમ વરતે છે કે, મોટા જનોમાં દોષ હોય, તો પણ નાનાનો લેવાય છે. જેમકે સાસુમાં ભલે સો વાંક હોય, તો પણ પ્રાયે કરી વહુનોજ વાંક કઢાય છે, અને તેને ઠપકો વગેરે વદેવામાં આવે છે. (૬૧)

ભાવાર્થ—દુનિયામાં નાનાને કહેવું એ ઘણું સહેલું છે, માટે સર્વ જનો ઘણું કરીને નાનાને કહેવા વિશેષ ધારે છે; એટલું તો ખરૂંજ છે કે દુનિયામાં ગરીબજ માર્યો જાય છે. લોકો બકરીઈદ બહુ કરે છે, પણ કદાપિ વાઘઇદ કોઇ કરતું જણાતું નથી. તેમ નાનામાં કાંઇ ભુલ ભરેલું કાર્ય જોવામાં આવે, એટલે તેને હજારો લોકો કહેતા લાગશે ઠપકો આપશે, પણ મોટાને તો ભાગ્યેજ કહેવાશે. દાખલા તરીકે સાસુમાં સેંકડો દોષ હોય પણ તેને કંઇ ન કહેતાં દુનિયામાં લોકો વહુનો જ વાંક કાઢશે. તે વિષે કહ્યું છે કેઃ—

દોહરો—મોટાને કહેવાય નહિ, નાનાને કહેવાય;
સાસુમાં સો વાંક પણ, વહુનો વાંક કઢાય. ૧૦૯

જગતની રીત આવી વિપરીત છે, પણ ન્યાયવંત પુરૂષોનું એ કર્તવ્ય નથી. અને નબળો સબળાને ગુણ કરે, તે આટા લુણમાં જાય" એમ થાય છે તે પણ ખોટું જ છે. બિચારા રંક ગરીબ—નાના પોતાનું બળ બતાવી શકતા નથી, તેમ તેમની રાવફરિયાદ પણ કોઇ સાંભળતું નથીઃ તેથી તેને મુંગે મોઢે સર્વ સંકટને ત્રાસ સહન કરવું પડે છે.

(૬૫) દુર્દૈવી સતી દમયંતીપર ચોરીનું આળ આવ્યાની વાત.

એક વખતે જયારે નળરાજાએ વગડામાં દમયંતી દેવીને નિરાધાર તજી દીધાં, ને પોતે એકલો જતો રહ્યો, ત્યારે સતી દમયંતિ જંગલમાં ભટકતી દુઃખી થતી, ઘણે વખતે પોતાની માશીના રાજ્યમાં દાખલ થઇ પોતાનું રૂપસોંદર્ય શિયળવ્રત સંરક્ષણાર્થે છુપાવી ભીખારણની પેઠે શહેરમાં ફરી, તેને રાણીએ જોઇ અને દયા લાવી તેને પોતાની પાસે રાખવા ખુશી થઇ; પણ પોતાની ઓળખાણ દમયંતીએ આપી નહિ. કારણ કેઃ—

દુહો—દિવસ ફરે તેવે સમે, વહાલાં વેરી થાય;
રક્ષણ કોણ કરે જીહાં, વાડ વેલાને ખાય. ૧૧૦

માટે સમય વિના સગપણનો સંબંધ જણાવવો અયોગ્ય જાણી દાસીની પેઠે સતીદમયંતી માશીના ઘરમાં રહી. ઘરની બીજી દાસીઓ પણ આને ગરીબ જાણી સર્વ કામકાજ તેની પાસેજ કરાવે, અને આ બિચારી ચાકરડીની માફક જે કહે તે સર્વ કર્યા કરે. એક વખતે એવું બન્યું કે, રાણીજી પોતાનો નવસરો હાર ટોડલા ઉપર મુકીને સ્નાન કરવા બેઠાં સ્નાન કરી ઉઠયા પછી હાર લેવા જાય છે, ત્યાં તો હાર ન મળે! તેથી સર્વને પુછી જોયું તેમ આ નવી દાસીને પણ પુછયું.

પણ કોઇ તરફથી હારનો પત્તો લાગ્યો નહિ, ત્યારે રાણીએ એક-દમ રીસ કરી નવી દાસીને ઉધડી લીધી કે અરે રાંડ! કાળાં કરમની કરનારી લાવ મારો હાર! બીજું કોણ લઇ જાય? ઘરમાં કોણ બીજું ફરે છે, માટે એ તો તું જ હાર લઇ ગઇ. આ બધાં તો મારાં જુનાં માણસો છે, તે કદી પણ લે નહિ. "રાંડને કેડે બેસાડી તો હગી બગાડયું" દુઃખી રખડતી અને અનાથ જાણી આશરો આપ્યો, તો તેંજ આવું કાળું કર્યું તેં જ હાર લીધો છે મને તારા ઉપરજ શક આવે છે, વળી તું ઘણી વાર મારી પાસે આવે છે, તેથી તેં જ નજરમાં ઘાલ્યો હશે; માટે લાવ હાર, નહિ તો ખાઇશ પ્રહાર–વગેરે સતી ઉપર ઘણાં કઠોર વાકયોનો વરસાદ વરસાવ્યો. તેની સાથે પેલી બીજી દાસીઓ પણ દાંત પીસી ગાળો દેવા લાગી. તેથી આ બિચારી તો સ્તબ્ધજ થઇ ગઇ, ચોભીલી બની મુંગે મોઢે સર્વ સહન કરવાનો વખત આવ્યાથી ગમ ખાઇ ચુપ રહી. હજી કાંઇ કર્મ પોતાને ભોગવવાં બાકી હશે, તેથીજ રાણીએ નાહાતી વખતે ટોલ્લા ઉપર મુકેલો હાર આપોઆપ કળીયુગના પ્રભાવે અદૃશ્ય થઇ ગયો હતો. આ સર્વ દુઃખ વાદળું બિચારી ગરીબડી નવી દાસીના માથા ઉપર અચાનક તૂટી પડયું. ચોતરફથી ફિટકાર ને તિરસ્કાર થવા માંડયો, દમયંતીના દુઃખનો તો પાર જ ન રહયો! આખરે તેના સત્યને પ્રભાવે હાર અદ્‌ભુત રીતે મળી આવ્યો, ને સર્વ દુઃખ વાદળું વેરાઇ ગયું. અને સર્વ વાતે સારૂં થયું–કલંક ટળી ગયું.

આ દૃષ્ટાંતની મતલબ એવી છે, કે નાનાને–ગરીબને ઘણું કરી સર્વ લોકો ઠપકો આપે છે, ભલે નાનામાં વાંક હોય અગર ન હોય. ઘણે ભાગે મોટાના પ્રમાણમાં નાનાનો દોષ ઘણોજ થોડો હોય, તો પણ બાપડો નાનોજ કુટાય છે. કહેવત છે કે—"મોટા જે કરે તે છાજે, ઉપર ભેરી ભુંગળ વાજે; નાનો ગુણ કરે તે જાય, ઉપરથી ગડદા પાટું ખાય." એટલે નાનોજ માર્યો જાય છે, કદાચ મોટાને લોકો કહેશે; તો પણ ઘણુંજ થોડું. સાસુ વહુના કજીઆમાં સાસુના સેંકડો દોષો ચાહન જોવાસાંભળવા છતાં, લોકો તો વહુનેજ બે વાતો સંભળાવી ઠપકો દેશે; ત્યારે સાસુને તો સાધારણ ને તે પણ ખોટું ન લાગે તેવા રૂપમાં રીતસર કહેશે. (૬૧)

द्युम्नाय धावंति नराश्च केचित् ।
केचित्प्रद्युम्नाय नरा नरेश ! ॥
नित्यं यतंतेऽत्र कदाऽपि केऽपि ।
धर्मायनोऽनेक सुखप्रदाय ॥ ६२ ॥

અર્થ—આ દુનિયામાં કેટલાએક મનુષ્યો તો કાયમ ધનને માટે સતત પ્રયાસ કરી રહેલા છે, અને કેટલાએક મનુષ્યો તો સ્રીસુખને માટે-વિષયવાસના ને ભોગ-લાલસા તૃપ્ત કરવાને સતત પ્રયાસ કરી રહેલા છે; પરંતુ કોઇ પણ મનુષ્ય અનેક સુખને આપનારા એવા ધર્મને માટે યત્ન કરતું નથી. એજ આ જગતમાં સઉથી વિચિત્ર વાત છે. મોહ મહિમાજ એવો છે. (૬૨)

ભાવાર્થ—આ સંસાર કે જેને સર્વજ્ઞ મહા પુરૂષોએ અસાર અને અપાર કહેલો છે, ને મોહનો મહિમા એવો તો વિચિત્ર છે, કે પ્રાણીઓ સદા ખોટના ધંધામાંજ ઉતરે છે. કંચન અને કામિની કે જે વિનાશકારી વિકારી નાશવંત અને સ્વલ્પ સુખદાયી છે, છતાં તેમાંજ મૂઢ મનુષ્યો પોતાનું અમુલ્ય માનુષત્વ નિષ્ફળ ગુમાવે છે. મનુષ્યની ચક્ષુ ઉપર મોહની એવી તો આંધી રહેલી છે, કે તે સત્યને તજી અસત્યનેજ વળગે છે, કંચન તજી કથીરમાં મન દોડાવે છે નિર્મળ મિષ્ટ ગંગાજળ મુકી મોરીનું ગંદુ મેલું પાણી પીવા મથે છે. વૈરાગ્યને વરજી વિષયમાં વિશેષ મસ્ત બને છે, જરા ચક્ષુ ખોલી જોતા પણ નથી કે આ અમૂલ્ય મનુષ્યજન્મ મેળવી હવે મારે અહીં શું શું કરવાનું છે? શું શું હરવાનું છે? શું શું સંગ્રહવાનું છે? તથા શાથી ડરવાનું છે? કયે પંથે વિચરવાનું છે? કયે ઠામે ઠરવાનું છે? કેવી રીતે તરવાનું છે? શું શું હૃદયકોશમાં ભરવાનું છે? કેવે મરણે મરવાનું છે? કેવળ આ આત્મા જાણે સદાને માટે અતૃપ્તજ હોય નહિ, તેમ જ્યાં ત્યાં અવતીયાં મારી અવળા પંથોમાં પડે છે, અજ્ઞાનમાં અથડાય છે—કુટાય છે, સુખશાન્તિ મેળવવા માટે જ્યાંત્યાં ફોકટનાં ફાંફા મારે છે, પણ જ્ઞાનીઓએ તો સુખ સંતોષીને જ કહેલું છે, બાકી તો

દુઃખ વગર બીજું હોયજ નહિ. રાજા દુઃખી રંક દુઃખી જોગી ભોગી ને રોગી સર્વ દુઃખી, કોઇને કાંઇ તો કોઇને કાંઇ દુઃખ તો હોયજ, એમ દરેક પ્રાણી દુઃખી જ છે, એક તરફનું સુખ હોય તો બીજી તરફનું મહાનદુઃખ હૃદયમાં સાલતું જ હોય. દાખલા તરીકે એક ભીખારણ ત્રણચાર છોકરાંને સાથે લઇ ગામમાં જ્યાંત્યાં માગતી ફરતીહતી. એક છોકરૂં કેડમાં છે, એકને આંગળીએ વળગાડયું છે, ત્રીજું વળી રોતું રોતું પછવાડે દોડયું આવે છે. "મા મને ભુખ લાગી છે ખાવા દે !" આવાં દીનવચનો સાંભળી ઉત્તરમાં મા બોલે છે કેઃ–'રોયા તને કોગળીયું કેમ ન આવ્યું ? કેમ કોઇને મરકીયે થતી નથી ? હું તે કેટલાંની વેઠ કરૂં ? મારી પાસે ખાવાનું તો કંઇ નથી, જા ! ગામમાં માગી ખા !" આ પ્રમાણે તે ગાળો આપતી ગામમાં ફરતી ફરતી રાણીજીના મહેલ પાસે આવી, ને દીન શબ્દોથી કરગરી ખાવાનું માગ્યું. રાણી આ ભીખારણનાં ત્રણ ચાર છોકરાંને જોઇ મનમાં અફસોસ ધરવા લાગી, કે અરેરે હું અભાગણી, કર્મ ચંડાળ વાંઝણી જ રહી, ધન્ય છે આને કે પુત્રપનોતી તો ગણાય છે. આખી જીંદગીમાં મારે એક સંતાન પણ નહિ, ધિક્કાર છે મને ! એમ શોચ કરતી તે જ વખતે આંખમાંથી ચોધારાં આંસુ પાડવા લાગી, અને પેલી ભીખારણ પણ ભુખી હોવાથી એકદમ રોવા લાગી. વાહ ! કર્મગતિ વાહ! અરે આતો રાણી રોઇ ને ભીખારણ પણ રોઇ, તેં તો ભારે કરી રે !!! બંનેને તેં તો ખૂબ રોવરાવ્યાં, આ બેમાં સુખીયું કોણ ? ને દુઃખીયું કોણ ? તેનો નિશ્ચય કરવાનું હે વાંચનાર ! હું તનેજ સોંપું છું, માટે તું પોતેજ તેનો વિચાર કરી લે.

રાગ ભૈરવી ગજલ.

નહિ જગતમાં સુખીયો મળે, દુઃખી સર્વ આ સંસારમાં;
રાજા દુઃખી રૈયત દુઃખી, સૌ જન દુઃખી જગદ્વારમાં;
બાળક દુઃખી યુવક દુઃખી, વૃદ્ધો દુઃખી નરનારમાં;
નિર્ધન અને ધનવાન સર્વે દગ્ધ દુઃખ અંગારમાં. ૧૧૧

મન સઉ દુઃખનું મૂળ, જો જો, મન સઉ દુઃખનું મૂળઃ—ટેક.
અન્ય તણે શિર ટપકો દેવો, એજ નિયમ પ્રતિકૂળ; જોજો મન૦૧
કહે કો સ્ત્રીસુત, ગૃહધન, દુઃખ દે, પણ તે સઘળું ધૂળ; જોજો મન૦૨
સૂક્ષ્મ સરીર, કારણ, મહાકારણ, કે દુઃખ નવ દે સ્થૂળ; જોજો મન૦૩

કહે કે તો મિથ્યા શાણા થઇ, દુ:ખનું કારણ ભૂલ; જોજો મન૦૪
વળિ કે ગ્રહ દુ:ખ દે છે કહીને, મિથ્યા મારે ફુલ; જોજો મન૦૫
કહે કે શત્રુથી દુ:ખ પામ્યા, એનું ન મળે મૂલ; જોજો મન૦૬
વ્યર્થ કલ્પના કરી વિધ વિધ ને, ઉડિ જાવું જેમ તુલ; જોજો મન૦૭
નૃસિંહ મન માર્યા વિણુ સાચે, શમે ન ભવદુ:ખશૂલ. જોજો મન૦૮

પ્રિય અને ઇષ્ટ પ્રાણી પદાર્થોની પ્રાપ્તિથી સુખ સમજી તેમાંના કોઇનો વિયોગ કે વિનાશ થતાં દુ:ખ માની કલ્પાંત અને બળાપો કરવો, એ પણ મૂર્ખતા અને અજ્ઞાનતા જ છે; સુવિચારી સુજ્ઞ પુરુષોએ તો "**નિજ સંસ્કારે પ્રાણીપદાર્થ આવી મળે, ઋણ લઇદઇને ગંતવ્ય માર્ગે જાય જો**" એ શ્રી શ્રેયસ્સાધકઅધિકારી વર્ગના સદ્ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યનો પ્રબોધ હૃદયમાં ઠસાવી મન વાળી શોચ સંતાપ ક્લેશ કે ખેદ ન કરતાં પૂર્વકર્માનુસાર આવી મળેલ સ્ત્રીપુત્રધનાદિ લેણાદેણી પ્રમાણે આપીલેઇ તેમને રસ્તે પડી ગયાં, તે કોટિ ઉપાયે પાછાં મળવાં નથી; તો મિથ્યા શોક કરી નાહક દુ:ખી શીદને થવું-એમ માનવું અને સદા આત્માનંદમાં મગ્ન રહેવું ઘટે છે.

સંસારની આવી દુ:ખમય વિચિત્રતા છતાંપિ પ્રાણીઓ સુખને માટે દોડાદોડ ઘણી કરે છે, કેટલાક તો પૈસાને માટે અનેક પ્રયત્નો ને પ્રપંચો કરે છે, તો કેટલાએક સ્ત્રીને માટે મરી ફીટે છે. પૈસાને માટે પરદેશ વેઠે છે, મહાપ્રયાસો અને પાપો પણ કર્યા કરે છે, સગાંસંબંધીમાં શત્રુતા કરે છે, અને અનીતિ કરતાં તો પાછું વાળી જોતા પણ નથી; પૈસાને માટે ઘાતકી કામો કરવા કોઇ ભલામણ કરે તો તે પણ નિડર બની બેલાશક કરે છે. કોઇ હિતસ્વી આવા મનસ્વીને પાપથી ડરવાનું સુચવે, તો હું તો જમને પણ જવાબ દઉં તેવો છું, એમાવું મહાન સામર્થ તે પ્રગટ કરે છે. અહાહા ! કેવું અંધપણું? કેવી અજ્ઞતા ? કેવી જડતા મૂઢતા અને શઠતા ? આ સર્વ વાનાં લોભરાક્ષસનો અનિવાર્ય પ્રભાવ છે. એક પદ્મમાવતીના વચનની ખાતર તેના કોડ પૂર્ણ કરવાની ખાતર, હાર ને હાથીને માટે પોતાના સગા બાંધવો સાથે પણ કોણિક રાજા લડાઇ કરવા તૈયાર થયો હતો. મામાની પણ શરમ તજી દીધી ને એક કરોડ ને એંસી લાખ મનુષ્યો નાહક લડાઇમાં મરાયાં; આખરે તો કાંઇ ન રહ્યું **હારહાથી ગયાં** ને **કરેલાં કર્મ વળગી રહ્યાં** ! ભાઇઓમાં મહાન વિરોધ થયો. અહાહા !

લોભરાક્ષસનો કેવો પ્રભાવ ? ! જીવને તૃષ્ણા અપાર છે, તે તૃષ્ણાને પૂર્ણ કરવાના પ્રયત્નો પણ અપાર છે. મનુષ્યો લોભને લીધે જરા પાછું વાળી નથી જોતા કે આ પાપનો બદલો મારે અવશ્ય દેવો પડશે. એટલું તો ખરૂં જ છે, કે જેટલો પ્રયાસ દિલ દઇને સ્રીપુત્ર કે પૈસાને માટે કરાય છે, તેટલો પ્રયાસ પવિત્ર ધર્મને માટે લોક કરતા નથી. ધર્મથી અનેક સુખ મળે છે, છતાં તેમાં આસ્થા હોતી નથી અને લોભને લીધે રાતદહાડો પૈસાની ઝંખનામાંજ મચ્યો રહે છે. પૈસા અને સ્રીસુખ મળ્યું એટલે જાણે સર્વ ઇષ્ટ અભિષ્ટ સિદ્ધિ સંપ્રાપ્ત થઇ ! જાણે હવે આ સુખનો તો કોઇ કાળે નાશ જ નથી થવાનો-એમ માને છે. પણ આ જગત ઉપર અનેક મોટા ચક્રવર્તી છત્રપતિ રાજા થઇ ગયા-ઊગી અસ્ત પણ પામી ગયા છે. કહ્યું છે કે:-

મનહર છંદ.

જેમ કોઇ ભોળો ભાભો ભુતનો આભાસ ભાળે,
તેવોજ આભાસ રૂડા જગતનો જાણીએ;
દેખાય છે ત્યાં સુધી દેખાશે પછી દૂર થાશે,
ગયું તે જરૂર ફરી જોયું નથી કોઇએ;
સાંઝે સાંઝે ખીલે ને સવારે તો સુકાઇ જાય,
કયા કયા રોજનાં સંભારી ફુલ રોઇએ;
દાખે દલપતરામ સુણો રૂડા રાજહંસ,
ખોટા એવા ખલકમાં વખત ન ખોઇએ. ૧૧૩

આ પ્રમાણે જગતનો સ્વભાવ છે, છતાં મોહમુગ્ધ પામર મનુષ્યો લોભમાંજ અંધ બની વગર વિચાર્યાં ખોટાં કામો કરી પાછળ પસ્તાવામાં પડે છે. હવે તેના ઉપર એ ક્ષેત્રદેવતાનું દૃષ્ટાંત કહે છે.

(૬૭) ભાવિક બ્રાહ્મણને રોજ સોનામહોર દેનારનાગ.

કોઇ એક ગામમાં એક બ્રાહ્મણ રહેતો હતો તેને ખેતીવાડીનો ધંધો હતો. એકવાર ખેતરમાં તેને ક્ષેત્રદેવ (નાગ)નાં દર્શન થયાં તેથી પોતે ધાર્યું, કે આ મારા કુળરક્ષક દેવ હશે. તેનો રાફડો તેના પોતાના ક્ષેત્રમાંજ હતો, તેથી નાગને પોતાના દેવ માન્યા, પછી તેણે એક વાટકામાં દૂધ ધર્યું, તે નાગે પીધું. અને પોતાના રાફડામાંથી એક સોનામહોર લાવીને ત્યાં મુકી, સોનામહોર જોઇને તો

બ્રાહ્મણ ઘણો ખુશી થઇ ગયો. બીજે દિવસે પણ બ્રાહ્મણને એવો જ લાભ મળ્યો, તેથી સોનામહોરની આશાએ પાછા સવારમાં રાફડા પાસે જઇ નાગદેવને દૂધ ધર્યું, તે તેણે બહાર નીકળી પીધું અને સોનામહોર મુકીને અંદર ગયો. આ પ્રમાણે રોજ સોનામહોર બ્રાહ્મણને મળવા લાગી, તેથી તે નાગની ભક્તિ સારી કરતો હતો.

એક વખત એવું બન્યું કે પોતાને પરગામ કોઇ કામ પ્રસંગે જવાની જરૂર પડી. તેથી પેલા બ્રાહ્મણ ખેડુતે પોત્તાના છોકરાને ભલામણ કરી કે ભાઈ! આપણા ક્ષેત્રમાં પ્રગટ થએલ નાગબાપાની સારી ભક્તિ કરજે, સવારમાં રોજ દૂધ ધરજે, એટલે દૂધ પી એક સોનામહોર આપશે; હું થોડા રોજમાં પાછો આવીશ. આ પ્રમાણે ભલામણ કરી તે ગામ ગયો, પછવાડે છોકરાએ બે ચાર દિવસ તો એ ક્રમ ચલાવ્યો, પણ એકદા વિચાર થયો કે આ નાગના રાફડામાં સોનામહોરો ખૂબ ભરી હશે, અને આતો રોજ એકેકજ મુકે છે! વળી રોજ ઊઠીને આ દુધ પાવાની કડાકુટ કરવી મને તો ગમતી નથી–પસંદ પડતીજ નથી; માટે આ નાગદેવને મારી નાખી રાફડામાંની સર્વ સોનામહોરો સામટી લેઇ લઉં! કે જેથી રોજ ઉઠીને આવી માથાકુટ કરવી તો મટી જાય, અને સોનામહોરો સર્વ એકી વખતે હાથ આવી જાય. વિવેકી વાંચનાર! વિચારો કે લોભ રાક્ષસે કેવો ભુલ ભરેલો દુષ્ટ વિચાર પ્રગટ કરાવ્યો? અરે! "**લોભને થોભ નથી.**" રોજ હર્ષપૂર્વક અર્પણ કરાતી એક સોનામહોરથી ન ધરાયો ને લોભ કરી સર્પનો વિનાશ કરી સર્વ સોનામહોર લેવા દોડયો. વાહ! આશા દેવી વાહ! તમારી તો વાતજ ઓર છે! ભુલવણીમાં ભુલવાડી માર ખવડાવનાર તમેજ છો, તમારો પરાજય કરનાર તો આખું જગત જ જીત્યો સમજવો, પણ તમને જીતવું એતો બહુ મુશીબત–મુશ્કેલ છે. તેના સંબંધમાં કહ્યું છે કેઃ—

છપ્પો–**કામ ક્રોધ ને લોભ માયા નવ મંડે,**
અહંકાર અભિમાન છલ છેકજ છંડે;
પરધન ને પરનાર તજે પરનિંદા પ્રીતે,
સત્ય સાથ સંબંધ રજોગુણ રાખે રીતે;
દે દાનમાન સનમાન, શુભ પરમાર્થ પ્રીતે કરે,
જે નરમાં ગુણ એટલા, તેના ઇકોતેર ઉદ્ધરે. ૧૧૪

હવે પ્રસ્તુત વિષય પર આવીએ. આપણા દૃષ્ટાંતના નાયક પેલા છોકરાએ દૃઢ નિશ્ચય કરી સવારના પ્રહરમાં એક હાથમાં લાકડાનો નાનો ડંડીકો ગુપ્તપણે સંતાડયો, અને બીજા હાથમાં દુધનો વાડકો લઇ ક્ષેત્રે આવ્યો. હમેશના નિયમ મુજબ વાટકો રાફડાના મુખે મુકયો, અને ત્યાં બેઠો. મનનો આશય હમેશના કરતાં આજ જુદોજ હતો. દુધ પી પાછો ફરે કે તરતજ પછવાડેથી ઘા કરી મારી નાંખવો અને સર્વે સોના મહોરો લઇ લેવી-એવા દુષ્ટ વિચારો મનમાં ઘોળાતા હતા. નાગદેવ બહાર નીકળ્યા, જરાવાર દૃષ્ટિ માંડી છોકરા સામું જોયું અને દુધ પીવા લાગ્યો. જેવો દુધ પીને પાછો ફરે છે તેવોજ પછવાડેથી ઘા થયો જરા વાગ્યું તો ખરૂં, પણ ચતુર સર્પ ચેતી ગયો અને એકદમ કોપાયમાન થઇ પેલા છોકરાને જોરથી દંશ કરીને ઝટ રાફડામાં ચાલ્યો ગયો. છોકરો અચેત થઇ જમીન ઉપર ચતોપાટ પડયો, અને થોડી વારેજ મરણ પામ્યો: તેના સંબંધીઓને ખબર પડતાં સંકલ્પવિકલ્પ અને કલ્પાંત કરતાં છોકરાના શબને બાળી આવ્યા.

ત્રીજે દિવસે તેનો પિતા ઘેર આવ્યો, તેણે સાંભળ્યું કે છોકરાને કુળરક્ષક સર્પ કરડયો, તેથી તે મરણ પામ્યો. માટે એ ક્ષેત્રદેવ કુળરક્ષક નહિ, પણ કુળભક્ષક સમજવો. પુત્રમરણની માઠી વાત સાંભળી તેને અફસોસ તો અપાર થયો, કુળરક્ષકે જ કુળનું ભક્ષણ કર્યું માટે જરૂર આમાં કાંઇ ભેદ—કારણ હોવુંજ જોઇએ. પછી બીજે દિવસે પોતાના નિયમ મુજબ દૂધ લઇ જઇને તેણે રાફડા પાસે મુકયું, પણ અંદરથી સર્પ આવ્યો નહિ, તેથી તો તેને વિશેષ વહેમ પડયો. પછી હાથ જોડી નમ્રભાવે ઘણી અરજ કરી:—હે દેવ! એકવાર તો કૃપા કરી દાસને દર્શન આપો, અને આ દૂધ પી જઇ કૃતાર્થ કરો. પણ સર્પ બહાર નીકળ્યો જ નહિ, તેથી આણે પણ ટેક લીધી કે જ્યાં સુધી સાપનાં દર્શન ન થાય, ત્યાં સુધી અહીંથી મારે ઉઠવાનો જ નિયમ છે. આ પ્રમાણે કરતાં બ્રાહ્મણને સાત લાંઘણો થઇ ત્યારે સાતમે દિવસે સર્પ રાફડામાંથી બોલ્યો કે:—

દુહો.

તુજ મન સાલે બેટડો, મુજ મન સાલે ઘા,
ભાવ વિનાના દૂધમાં, નહિ લા કે હા. ૧૧૫

હે બ્રાહ્મણ! તું લાંઘણો કરીને મરી જઇશ, તો પણ હવે હું તારૂં દુધ પીવાનો નથી, એ દુધ નથી પણ ઝેર છે, માટે હવે ભાવ વિનાની ભક્તિ કરીશ નહિ; હવેથી તારોમારો સ્નેહસંબંધ તુટ્યો એમ કહી રાફડામાં ચાલ્યો ગયો: બ્રાહ્મણ પુત્રની પાપબુદ્ધિને ધિક્કારતો અને ઘણો પસ્તાવો કરતો નિરાશ થઇ પોતાને ઘેર ગયો.

ભુજંગી વૃત.

અતિ લોભથી સર્વ વિનાશ થાય, અતિ લોભથી પ્રાણ ને કીર્તિ જાય;
અતિ લોભથી ખૂબ ખત્તા ખવાય, અતિ લોભથી ઝેર ને વેર થાય.૧૧૬
સુણો બંધુઓ! વીનંતી એક મારી, તજો લોભને દુઃખ જાણી અપારી;
નહિ સુખ સંતોષ તુલ્યે લગારી, જુઓને જરા ચિત્તમાંહિ વિચારી. ૧૧૭

આ દૃષ્ટાંતની મતલબ એ છે, કે મનુષ્યો લોભને લીધે પાછું વાળી જોતા નથી, જરા પણ વિચારતા નથી, તેથી તેમને પાછળથી ઘણું પસ્તાવું પડે છે. માટે સારગ્રહી વિવેકી પુરૂષે તો સંસારના નાશવંત પદાર્થમાં અત્યંત આસક્તિ ન પામતાં અનંત સુખને આપનાર એવા પવિત્ર ધર્મને સેવવો એજ ઉત્તમ છે. (૬૨)

यदीच्छसे भव्य! निरोग भावं।
समाचरत्वं जिनराज वैद्यम्॥
जन्म जरा मृत्यु महागदानां।
समूलमुन्मूलयितुं सशक्तः ॥ ६३ ॥

અર્થ—હે ભવ્ય! જો તું ભાવથી નિરોગીપણાને ઇચ્છે, તો ખરેખર શ્રીજીનરાજભગવાન રૂપી વૈદ્યનું સેવન કર, કારણ કે તે જીનરાજ વૈદ્ય ભાવરોગોને દૂર કરવામાં ખરેખર મહા સમર્થ છે, માટે તેનું શરણ અંગિકાર કર. (૬૩)

ભાવાર્થ—આ જગતમાં રોગ બે પ્રકારના છે, એક અભ્યંતર અને બીજો બાહ્ય. બાહ્ય રોગો ઘણી જાતના છે, તેમાં મુખ્ય સોળ જાતના રોગ શાસ્ત્રે વર્ણવ્યા છે. એવા રોગો જ્યારે પૂર્વકૃત કુકર્મના યોગે ઉદયમાં આવે છે, ત્યારે પ્રાણીઓ બહુ પીડાય છે.

આંખમાંથી દડદડ આંસુ પડવાના વખત આવે છે. આ શરીર રોગ-થીજ ભરેલું છે, આ શરીરમાં સાડીત્રણુ કરોડ રોમરાય છે, તેમાં અકેકી રોમરાયે પોણાબબ્બે રોગ છે, આ સર્વ રોગો બાહ્ય કહેવાય છે અને તે ઉદયમાં ન આવે ત્યાં સુધી સારા છે. દુનીઆમાં એવો કોઇ પણુ માણુસ ભાગ્યેજ હશે, કે જેના શરીરમાં એક પણુ રોગ ન હોય, કોઇને કાંઇ રોગ તો કોઇને કાંઇ રોગ એમ સર્વ મનુષ્યો રોગથી ઘેરાએલાજ છે; આ સર્વ રોગો બાહ્ય કહેવાય છે.

હવે અભ્યંતર રોગો વિષે કહે છે. જન્મ, જરા અને મરણુ; તથા આધિ વ્યાધિ અને ઉપાધિ એ અભ્યંતર રોગો છે. આ રોગો આજકાલના નથી, પણુ અનંત કાળ થયાં આ આત્માની પાછળ લાગુ પડી રહેલા છે. અહાહા ! જન્મ એ રોગ શું ઓછો ભયંકર છે ? ખરેખર જન્મ થતી વખતે આ આત્માને અનંત કોટી વેદના ભોગવવી પડે છે, નવ માસ માના ઉદરમાં રહે છે, ત્યાં પણુ વેદ-નાનો પારજ નહિ, એક નરકના દુઃખની નિશાની કહીએ, તો પણુ ચાલે ! આવી ગૂઢ વેદના ગર્ભવાસનો જીવ ગર્ભમાં ભોગવે છે. પછી સદ્ભાગ્યના ઉદય હોય તો જન્મ થાય, નહિ તો ગર્ભમાંને ગર્ભ-માંજ મરણુ પામે છે; તેથી લોકો તેને કસુવાવડ થઇ કહે છે. આવી સ્થિતિ જન્મ સમયની મહાદુઃખમય છે, માંટે એ અભ્યંતર મહારોગ છે.

હવે અભ્યંતર બીજો મહારોગ જરા છે, જરા એટલે જીર્ણુ થવું-ઘસાઇ જવું, દુનીઆનો એવો કોઇ પણ પદાર્થ નહિ હોય, કે તે સદા એકજ સ્થિતિમાં રહે. પાણીછોટ ઉંડા પાયા નાંખેલાં કેવળ પાષાણમય મકાનો પણુ કાળે કરી પોતાની સુંદરતા ખોઇ ખંડેર બની જઇ અસુંદરતાનો ભાવ ભજવે છે, એમ દરેક વસ્તુ ઉપર કાળ લાગુ પડેલો છે; મહાપુરૂષો જેને "પુદ્ગળ" એવા નામથી સર્વદા ઓળ-ખાવે છે. જયારે **જન્મ** ધારણુ કરાય છે ત્યારે તેની પાછળ **જરા** લાગુ પડે છે. જન્મે ત્યારથી દીવસેદીવસે આયુષ્ય ક્ષીણુ—ઓછું થતું જાય છે, જે ઓછું થયું તે તો ગયુંજ. મનુષ્યો વર્ષગાંઠને દિવસે આનંદોત્સવ માને છે, ગાનતાનમાં અને ખાનપાનમાં ગુલતાન થઇ ખુશાલીમાં વખત ગુજારે છે. પણુ તે વિષે કહ્યું છે કેઃ—

દુહોઃ—વર્ષગાંઠના દિવસમાં ખાયપીએ હરખાય;
પણુ મૂરખ સમજે નહિ, દિવસ ગાંઠનો જાય. ૧૧૮

જેમ કોઇ ગુનેગારને ફાંસીની સજા કરી તેની એક માસની મુદ્દત રાખી છે; હવે તેમાં જે દિવસ ઓછો થાય છે, તે તેને કાળજું કાપવા બરાબર લાગે છે. તે ઇચ્છા મુજબ જોઇતાં સુખનાં સર્વ સાધનો જોઇ આનંદ ન પામતાં ઉલટો મહાખેદ પામે છે. તેમ આ જરા તો આયુષ્યને જીર્ણ કરે છે, વળી વૃદ્ધાવસ્થામાં શરીરની શક્તિ સર્વ ઓછી થાય છે, તેથી જીવ બહુ પીડાય છે, માટે ઘડપણ એ પણ એક અભ્યંતર મોટો રોગ છે. હવે મરણ એ ત્રીજો અભ્યંતર રોગ છે. અહાહા ! મરણનું દુઃખ શું ઓછું છે ?! ના ના એતો ગજબ રોગ છે, એનું નામ સાંભળતાં જ પ્રાણી ભડકે છે. મરણ સમાન તો કોઇ રોગજ નથી, "**सर्वेषां जीवनं प्रियम्**" સર્વને જીવવું ગમે છે, અને મરણ તો મહા અળખામણું લાગે છેઃ કોડીઆમાં તેલ ખુટયું, એટલે દીવાને ઓલવાઇ ગયા વિના છુટકો જ નહિ, આઉખું તુટયું, તે કદાપિ સંધાઇ શકતું જ નથી. મરણ વખતે જીવને અથાગ વેદના થાય છે, કેટલાક તો આશાને લીધે હાયવોય કરે છે, કેટલાકને સન્નિપાત થઇ જાય છે, એ બધા વેદનાના જ પ્રકારો છે. ભગવાને જન્મ કરતાં મરણનું અનંતગણું દુઃખ કહેલું છે, કોઇ ભાગ્યશાળીજ સુમરણે મરી શકે છે, બાકી તો સર્વ દુનિયા અકામ મરણેજ મરી રહેલી છે, આ ત્રણ દુઃખો અભ્યંતર છે. જેમ બાહ્ય રોગો દૂર કરવા માટે લોકો વૈદ્યની ગરજ રાખે છે, તેમ હે ભવ્ય પ્રાણીઓ ! આ ત્રણ મહા રોગ દૂર કરવા હોય, તો શ્રીજીનરાજરૂપી મહાવૈદ્યને શરણે જાઓ, કારણ કે અભ્યંતર રોગોના તે ખાસ દાકતર છે, પણ તે દાક્તરની દવા કરવામાં ફી ભારે-બહુ બેસે છે. હૃદયની સદ્‌ભાવનાથી ભક્તિરૂપી ફી તું આપીશ તો જ તે દાકતરની દવા સુખ કરશે, અને તારા રોગને હરશે. માટે પવિત્ર ધર્મનો આશ્રય લેઇ રોગથી દુર થા, એ જ લાભનો હેતુ અને ભવસાગર તરવાનો સેતુ છે. હવે તેના ઉપર થાવરચ્યા મુનિનું દૃષ્ટાંત કહે છે.

(૬૮) સાચા સ્વાર્થી—આત્મહિતસાધક થાવરચ્યા મુનિ.

દ્વારકાનગરીમાં એક વખતે ફરતા ફરતા બાવીશમા તીર્થંકર શ્રીનેમનાથ ભગવાન પધાર્યા. તેમને વાંદવાને શ્રીકૃષ્ણમહારાજ વગેરે સર્વ ભાવિકમંડળ ગયું, તેની સાથે એક ગાથાપતિનો પુત્ર થાવરચ્યા નામે હતો તે પણ ભગવાનનું આગમન સાંભળીને ત્યાં આવ્યો હતો.

શ્રીનેમપ્રભુએ દેશના સંભળાવી સઉને સમયને અનુકુળ ઉપદેશ આપ્યો કેઃ-હે ભવ્યજનો !

यस्मिन्महामोहमयेकटाहे । सूर्याग्निनारात्रिदिवेंधनेन ॥
मासत्तुदर्वीपरिघट्टनेन । भूतानि काल पचतीति वार्ता ॥४६॥

अहन्यहनीभूतानि । प्रगच्छंति यमालये ॥
शेषास्थावर मिच्छंति । किमाश्चर्य मतः परम् ॥ ४७ ॥

આ લોકમાં મોહરૂપ એક મોટી કડાઇ છે, સૂર્ય રૂપી અગ્નિ તેના નીચે સળગાવેલો છે, અને તેમાં રાતદિવસ રૂપી લાકડાં બળ્યા કરે છે, તથા કાળરૂપી રસોઇયો તે કડાઇમાં માસઋતુ રૂપી કડછો હલાવીને પ્રાણી માત્ર રૂપી અન્નને રાંધી નાંખે છે. આ એક મોટી આશ્ચર્યની વાત છે. આવી રીતે હમેશાં પ્રાણીઓ યમાલયમાં ચાલ્યાં જાય છે. છતાં મોહમુગ્ધ લોકો કાંઇ પણ ચેતતા નથી.

સવૈયો.

રાખ થશે રણમાં બળીને બધી, કંચનના સરખી શુભ કાયા,
જાણ જશે જુવતીજરજોબન, છે ઘડી ચારની વાદળ છાયા;
મંદીર માળ મજુસ મનોહર, મેલી જવી જગમાં બધી માયા,
પ્રિય સુણો દલપત કહે, શુભ કામ કર્યું નર તેજ કમાયા. ૧૧૯

આવો અપૂર્વ ઉપદેશ સાંભળી સર્વ ખુશી થયા. થાવરચાકુમારના ચિત્તમાં તો કંઇ જુદીજ અસર થઇ તેના હૃદયમાં સંસારત્યાગવૃત્તિનો ભાવ સ્ફુર્યો. પરમકૃપાળુ પ્રભો ! આપનો ઉપદેશ મને પૂરણ રૂચ્યો છે, જીંદગીપર્યંત આપના ચરણમાં હું અર્પણ થઇ કૃતાર્થ થવા જીજ્ઞાસા ધરાવું છું, માતાની રજા લઇ હમણાજ આપની સમક્ષ આવી સંયમજીવનમાં પ્રવેશ કરીશ-દુઃખવિનાશિની દેવદુર્લભ દિક્ષા લઇશ-એમ કહી તે ઘેર આવ્યો. આજનો રંગ તો ઓરજ હતો, મુખ પર વૈરાગ્યનો રંગ ઝળકી રહ્યો હતો, માતા પાસે આવીને સંયમજીવનમાં પ્રવેશ કરી જીવતર વિતાવાની અનુમતિ-આજ્ઞા માગી. માતા તે સાંભળી એકદમ જમીન ઉપર ઢળી પડી, પછી સાવધાન થતાં પુત્રને પ્રતિષેધ કરવા લાગી, પણ પરિણામ છેવટે થાવરચા પુત્રે સહર્ષ પોતાના લાભમાંજ ઉતાર્યું, માતાનું જોર કાંઇ ચાલ્યુંજ નહિ. વૈરાગ્યનોવેગ કોણઅટકાવી શકે ? જેના હૃદયમાં વૈરાગ્ય સ્ફુરાયમાન થાય છે, તેને દુનિ-

યામાં કોઇ પણ પદાર્થ ઉપર પ્રીતિ લાગતી નથી, જ્ઞાનમાંજ તેનું પોતાનું હૃદય રમી રહેલું હોય છે; અને કોઇ તેને બળાત્કારે અટકાવવા ધારે, તો કદી તે રોકયો રહેતો નથી, અને આખરે ગમે તેમ કરી પોતાની ઇષ્ટ સિદ્ધિ દીક્ષા ગ્રહણ કરે છે ત્યારેજ તેને નિરાંત વળે છે. થાવરચ્યા પોતાની માતાને એકજ ખોટનો પુત્ર હતો, તેથી એકદમ રજા મળી શકે તેમ હતું નહિ, પરસ્પર વિવાદ ઘણો થયો, માતા તરફથી કસોટી પુષ્કળ લેવાણી, પણ પુત્રના અનન્ય વૈરાગ્ય આગળ કાંઇ ચાલ્યું નહિ ત્યારે આખરે નાછુટકે સજળ નેત્રે **पुत्र ! भद्रं ते कुरु ॥** અર્થાત્–હે પુત્ર ! તું તારૂં કલ્યાણ કર ! એવી અનુમતિ આપીને પોતાના ઘરમાં પુષ્કળ દ્રવ્ય હોવાથી મોટા ઠાઠમાઠ સાથે દીક્ષા આપવાનો નિશ્ચય કર્યો. મોટા ઠાઠમાઠ–સમારોહ કરવામાં રાજ્યના સામનની પણ જરૂર પડે છે, તેથી મહારાજા શ્રીકૃષ્ણ નરેશને મળી રાજ્યના સામાનની માગણી કરી, ત્યારે શ્રીકૃષ્ણમહારાજે આદરમાનથી પુછયું કે, હે વૃદ્ધમાતા તમારે એવો મોટો સમારંભ શા માટે કરવો પડે છે ? એવું મંગળીક મહોત્સવનું કાર્ય શું આવી પડયું છે ? આ સાંભળી વૃદ્ધ માતાની ચક્ષુમાં આંસુ આવ્યાં. હે છત્રપતિ ! મારો એકનો એક પુત્ર મારા વંશને તાળું દેવા તૈયાર થએલ છે, શ્રીનેમપ્રભુનો સદુપદેશ સાંભળી દિક્ષા લેવા ઉજમાળ બનેલ છે, અત્યારે તો એજ મોટો માંગલ્ય મહોત્સવ છે તેને માટે છેલ્લીવાર મારે આપના સામાનની જરૂર પડી છે. રાજાએ આશ્ચર્ય પામી કહ્યું કે હે માતા ! એવા ઉમંગી ભાવમુનિને મારે મળવું છે, અને દિક્ષા લેવાનું કારણ પુછવું છે. થાવરચ્યા પુત્ર અને રાજા બંને મળ્યા; રાજા તેમને જોઇ અત્યંત હર્ષીત થયો. અહાહા ! વૈરાગ્ય રંગની ઉમંગી પ્રદીપશીખા આના મુખકમળ ઉપર કેવી ઝળકી રહી છે ? ધન્ય એની પવિત્ર દશાને ! પછી પુત્રને પાસે બેસાડી મહારાજાએ કહ્યું:–ધન્ય ભાઇ ! તને દિક્ષા લેવા ઉજમાળ થએલો જોઇ હું અતિ હર્ષીત છું, પણ હવે પુછવાનું એટલુંજ છે કે દુનિયામાં પ્રાયે કરી દુ:ખી મનુષ્યો વૈરાગ્યના ઘરમાં વિશેષ પ્રવેશ કરે છે, તો તારે આ સંસારમાં શું દુ:ખ છે ? લક્ષ્મી પણ ઘરમાં ઘણી છે, માતા તરફનો પૂર્ણ સંતોષ છે, કોઇ પ્રકારે રળવા વગેરેની ચિંતા ઉપાધિ નથી, કે જેથી તું દિક્ષા લે છે. ભાઇ ! દુ:ખ હોય તો મને કહે, હું તારૂં દુ:ખ સત્વર દુર કરીશ, પણ તું તારી માતાને ન રોવરાવ દુ:ખી ન કર ! અને સંસારમાં કલ્યાણ થાય તેવો સુલભ રસ્તો લે.

આ સાંભળીને થાવરચા પુત્ર જરા મનમાં હસ્યો, અને પછી શાંતવદને બોલ્યોઃ–અહો મહારાજા! ઘણીજ ખુશીની વાત છે કે આપ સરખા દુઃખભંજન મહારાજા મારૂં દુઃખદલન કરવા દિલસોજી બતાવો છો, પણ હે મહારાજા! હું તો બહુ દુઃખી છું, મારી પછવાડે ત્રણ રોગો લાગુ પડયા છે, તે મને સદા મહા પીડા કરે છે. આપ મહાસમર્થ મહારાજાના રાજ્યમાં એવા ઉસ્તાદ દાક્તરો વૈદ્યો કે હકીમો હોય, તો ભલે આપ મારો રોગ મટાડી મારા પર મહા ઉપકાર કરશો એવી હું આશા રાખું છું. તે ત્રણ રોગોનાં નામ નીચેની ગાથામાં છેઃ—

जम्म दुःखं जरा दुःखं । रोगाय मरणाणिय ॥
अहो दुःखो हु संसारो । जथक्किसंति जंतुणो ॥४८॥

અર્થાત્—આ જગતમાં જન્મનું દુઃખ, જરાનું દુઃખ, આધિ-વ્યાધિ અને ઉપાધિનું દુઃખ, તથા મરણનું દુઃખ છે. આ રોગો મને ઘણું દુઃખ આપે છે. એ રોગો આજ કાલના નથી પણ અનાદિ કાળ થયાં મારી કેડે પડયા છે, હજી સુધી મને એવો કોઇ કુશલ વૈદ્ય મળ્યો નથી, કે જે મને અકસીર દવા આપી મારો રોગ મટાડે. પણ હવે આપશ્રીએજ મારો રોગ મટાડવા બીડું ઝડપ્યું છે તેથી મારે હવે નેમનાથ પ્રભુ પાસે જવાની કાંઇ જરૂર નથી, તેમ દીક્ષા લેવાની પણ જરૂર નથી એવો કોણ મૂઢ અને મૂર્ખ માણસ હોય, કે ઘેર બેઠાં મળતી લક્ષ્મીને તજી નાહક પરદેશમાં રખડવા જાય!

આ સાંભળી આશ્ચર્યચકિત થએલા શ્રીકૃષ્ણ બોલ્યા કેઃ—ભાઇ બસ કરો, એ શક્તિ તો મુજમાં નથી જ, તમારો ભવરોગ મેં જાણ્યો, ખરેખર તમારો વૈરાગ્ય અપૂર્વ છે. એ ભવરોગ મટાડવાને બીજો કોઇ આ દુનિયામાં સમર્થ નથી. તો હું રંક શું મટાડી શકું? એ રોગ દૂર કરવાને માટે તો શ્રીજીનેશ્વરવૈદ્યનું શરણ જ શ્રેયસ્કર છે, એ પવિત્ર પ્રભુ પાસેજ એની અકસીર દવા છે. માટે સુખેથી તમારો ભાવ પૂર્ણ કરો; મેં લીધેલી કસોટીમાં તો હું પોતે જ હાર્યો છું. પછી થાવરચાકુમારે માતા પુત્ર મિત્ર કલત્ર વગેરે સર્વ છતાં ઋદ્ધિસિદ્ધિ તજીને શ્રીનેમનાથપ્રભુ પાસે દીક્ષા લેઇ આત્મકાર્ય સિદ્ધ કર્યું. આ દૃષ્ટાંતની મતલબ એ છે, કે સંસારમાં જન્મ, જરા, ને મરણ એજ મહારોગો છે, તેને દૂર કરવા સપ્રેમ પ્રભુને ભજવા તેનું ત્રિતાપહર શરણ ગ્રહણ કરવું; કે જેથી આ અપાર ભયંકર ભવ સાગરનો અંત જલ્દીથી આણી શકાય. (૬૩)

संसारसिंधूत्तरणाय तूर्ण ।
प्रदर्शितं सप्तमिदं जिनेन ॥
निजात्मनिंदा गुरुभक्ति दांति ॥
दानं दया दीनता ब्रह्मचर्यम् ॥ ६४ ॥

અર્થ—હે વિકળ પ્રાણી ! જો તું આ સંસારરૂપ સિન્ધુનો પાર પામવા ઇચ્છા રાખતો હોય, તો સર્વજ્ઞ શ્રીજીનેશ્વર પ્રભુએ કહેલા નીચેના સાત પ્રકારોનું તું સદા સેવન કર !

(૧) ગુરૂનો વિનય (૨) ક્રોધને દૂર કરવો તે (૩) પોતાના આત્માની નિંદામાં પ્રિયપણું (૪) કપટથી રહિત હૃદય કરવું (૫) નિર્માનીપણું (૬) બ્રહ્મચર્ય અને (૭) દાન એ સાત ચિત્તમાં ધારણ કર. (૬૪)

ભાવાર્થ—મોક્ષ સાધનમાંજ પહેલાં તો ગુરૂના વિનયની જરૂર છે, કારણ કે સદ્‌ગુરૂના સમાગમથી જ અનાદિ કાળની અજ્ઞાન નિદ્રા દૂર થાય છે, અને તે ભવાટવીમાં ભટકતા અલ્પજ્ઞ જીવને એક ભોમીઆ રૂપ થાય છે; ભોમીઆ વિના જંગલના રસ્તાઓ—અટવીઓ આપણે ભાગ્યેજ ઓળખી શકીએ છીએ. આ જીવ એક ભવાટવીમાં ભટકે છે, તે અટવીમાં ચોરાશી લાખ રસ્તાઓ છે, તેમાં મોક્ષનો રસ્તો તો સર્વથી ન્યારો છે, તે તેના જાણભેદુ વિના ભાગ્યેજ જાણી શકાય છે. શ્રીસદ્‌ગુરૂ તે રસ્તાના ભોમીઆ છે, તેથી તે મુમુક્ષુ પ્રાણીને રસ્તો બતાવી મહદુપકાર કરે છે; માટે હમેશાં સદ્‌ગુરૂનો વિનય કરવો. મોક્ષસાધન માટે બીજો ગુણ અકોપ છે, અકોપ એટલે ક્ષમા—ખામોસ—સમતા—સહનશિલતા એટલે જેમાં ક્ષમાગુણ રહેલો છે તે માણસ ઉત્તમ છે. ક્રોધ છે તે મહાચાંડાલ છે, ભવોભવમાં આત્માને ભવભ્રમણમાં ભટકાવનાર છે. ક્રોધી માણસના હૃદયમાંથી ખોલના અને ચક્ષુમાંથી લજ્જા એ બે દેવીઓ પલાયન થઇ જાય છે, તેથી જેમ સ્ત્રીથી રહિત ગૃહસ્થીનું ઘર શૂન્યવત ગણાય છે, તેમ આ બે દેવીઓથી રહિત બનેલ હૃદય અને ચક્ષુઓ પણ શૂન્ય જાણવાં. તેથી ક્રોધીને હાથે જ્યારે ત્યારે અકાર્યો—દોષો બહુ થઇ બેસે છે, અને તેનાં

માઠાં પરિણામ પશ્ચાતાપ કરી રડી રડીને ભોગવવાં પડે છે; અચંકારી ભટા ક્રોધથી જ મહાદુઃખી થઇ હતી. વળી ક્રોધથી ગતિ પણ બગડી જાય છે, માટે મુક્તિમહિલાભિલાષી વિવેકી મનુષ્યોએ તો દુઃખદાયક અને દુર્ગુણના ભંડાર રૂપ એવા ક્રોધને સર્વદા તજી દેવો.

મોક્ષસાધનનો ત્રીજો પ્રકાર આત્મનિંદા છે. આત્મનિંદા એટલે પરદષ્ટિનો ત્યાગ કરી સ્વદષ્ટિમાં સ્થિતિ કરવી. પારકી ભુલોમાં નહિ ગુંચવાઈ પડતાં પોતાની જ ભુલો સામું જોવું, તથા તેને સુધારવા સર્વ પ્રયત્ન કરવા. આત્મા અનેક ભુલોથી ભરપુર છે, છતાંપિ અનાદિ કાળથી એવો ઢાળો છે કે પરાયા દોષ કાઢી સામાની જ નિંદા કરવી. પણ ઉત્તમ પુરૂષોનું એ લક્ષણ નથી, ઉત્તમ પુરૂષો તો સદા પોતાના આત્મામાં જ રમણતાવાળા હોય છે. તે સદા વિચારે છે કે, હે આત્મા! તું કોણ છે? ક્યાંથી આવ્યો છે? ક્યાં જવાનું છે? તારાં માતાપિતા કોણ છે? એટલું તો અવશ્ય યાદ રાખજે, કે તું આ મનુષ્યભવની પેઢી ઉપર લાભ લેવાને આવ્યો છે, પણ તું તો લાભને બદલે ખોટનો ધંધો આદરી બેઠો છે; તો ભુંડા! તારૂં પરભવમાં શું થશે? તેં તો કેવલ મિથ્યા મોહમમતામાં પડી આ અમૂલ્ય માનવ-જીવન ગુમાવી ખત્તા ખાધા છે. તું ગમે તેટલાં અકાર્યો ભલે કર્ય પણ તેનો બદલો તારે અવશ્ય આપવો જ પડશે, માટે પારકી પંચાત કરવી મુકી તું તારૂં સંભાળજે.

હવે મોક્ષસાધનનો ચોથો ગુણ હૃદયની નિષ્કપટતા છે, જેનું હૃદય શુદ્ધ તેનું સર્વે શુદ્ધ, પણ હૃદયના–મનના મેલા મનુષ્યોનું સર્વે મેલું મનાય છે. આપણાં સર્વ શુભાશુભ કર્ત્તવ્યોનો આધાર મોટે ભાગે હૃદયની શુદ્ધિ ઉપરજ રહેલો છે. કર્ત્તવ્યમાં ઉજ્વળતા દેખાડતો હોય, પણ કુડકપટથી ભરેલો હોય, તો તે કદી જોઇએ તેવી ઇષ્ટ સિદ્ધિને પામતો નથી. ભદ્રિક મનુષ્યો ઉપર સર્વ કોઇ વિશ્વાસ રાખે છે, પ્ર-પંચી પાખંડી મનુષ્યો પોતાનો સ્વાર્થ સાધવા માટે અનેક પ્રકારે કપટ કરી યુક્તિપ્રયુક્તિઓ રચે છે, ને લોકોને ઠગે છે, પણ તેમાં ખરેખર તે પોતાના આત્માનેજ ઠગે છે, કારણ કે કપટથી દુર્ગતિમાં અવતરે છે, મને મહાદુઃખ પામે છે. માટે હમેશાં હૃદયમાં નિષ્કપટતા ધારણ કરવી, આત્મવંચક ન થવું.

વળી સંસાર તરવાનો પાંચમો પ્રકાર નિર્માનીપણું છે, નમ્રતા એ એક જગતને વશ કરવાનો મહાન સિદ્ધ મંત્ર છે. "**જે નમે તે પ્ર-**

મુને ગમે " અભિમાની અક્કડ મનુષ્યો ગમે તેટલા દુ:ખી થાય; તો પણ પોતાની તંગડી નીચે મેલતા નથી. તે વિષે કહ્યું કે:—

ઉપજાતિવૃત.

ખત્તા મળે તો પણ ખેલ ખેલે, મિથ્યાભિમાની મમતા ન મેલે;
કાઢે કદિ ઉત્તર કેરી કુંચી પડયા મિયાં તો પણ ટાંગ ઉંચી.૧૨૦
ડરે દિલે દુરથી દેડકાથી, વાણી વદે જે વધુ વાધલાથી,;
કરે ખરેખાત વિચાર ખોટા, મિથ્યાભિમાની નર મુર્ખ મોટા.૧૨૧

ખરેખર અભિમાની આંધળોજ છે, અભિમાનને લીધે રાવણની પેઠ વગર વિચાર્યાં કામ કરી પાછળ પૂર્ણ પસ્તાવામાં પડે છે; માટે અભિમાનનો ત્યાગ કરવો. સરલ સ્વભાવી બનવાથી અનેક સદ્ગુણો શોભી ઉઠે છે, તથા દરેક ધર્મક્રિયા નિર્માનીપણે કરવાથી મહાન ફળ આપે છે. સંસારસાગર તરવાનો છઠ્ઠો ગુણ બ્રહ્મચર્ય છે, બ્રહ્મચર્ય એટલે શીયળવ્રત—બ્રહ્મચર્યવ્રતથી દેવ દાનવ અને માનવ સર્વે આવી નમે છે, બ્રહ્મચર્યથી મહા ભારે લાભ થાય છે. દરેક મનુષ્યે દૃષ્ટિમાં અમી-અમૃત રાખવું જોઇએ, વ્યભીચારી મનુષ્યો વિષય રસમાં પડી જીંદગી વ્યર્થ ગુમાવે છે. શિયળ સમાન એકે મહાન સદ્ગુણ નથી. એ સદ્ગુણ સર્વ સદ્ગુણમાં શિરોમણી છે. શ્રી સીતાજી, સુભદ્રાજી, દ્રૌપદીજી, ચંદનબાળા, દમયંતિ, સુદર્શન શેઠ વગેરે શિયળથીજ પોતાનાં નામો અમર કરી ગયાં છે; મહાન સંકટ પડવા છતાં પોતાની પવિત્ર ટેક તજી નથી. ધન્ય છે, એવાં માનવરત્નોને! માટે વિવેકી પુરુષોએ હમેશા પોતાની મનોવૃત્તિને શુદ્ધ કરી સદ્ગુણભંડાર અને ગુણાગાર એવું બ્રહ્મચર્યવ્રત્ત સપ્રેમ ધારણ કરવું. (૬)

હવે સંસારસાગર તરવાનો સાતમો પ્રકાર સુપાત્ર દાન છે. ભાવથી સુપાત્રને દાન દેવું, કે જેથી ક્રૂર કર્મનો ક્ષય થાય છે. ઉંચ ગોત્રમાં જન્મ થાય છે, દશાંગી સુખવાળું કુળ પામે છે, અને પછી પવિત્ર ધર્મનું આરાધન કરી અજરામરત્વ પ્રાપ્ત કરે છે. જુઓ, રેવતી નામે શ્રાવિકાએ શ્રીમહાવીરપ્રભુના રોગનિવારણ માટે કોલાપાકનું દાન દીધું, કે જે દાન દેવાની ઉત્કૃષ્ટ ભાવનાથી તીર્થંકરગોત્રની ઉપાર્જના કરી. તેમજ ધનાસાર્થવાહે સાધુ મહાત્માને ઘૃતનું દાન દેવાથી તીર્થંકરગોત્રની ઉપાર્જના કરી શ્રીઆદિજીનેશ્વર થયો. વળી શંખરાજા ને જશોમતીરાણીએ પ્રમોદ ભાવનાથી તૃષાતુર એક સાધુ

મહાત્માને દ્રાક્ષોદકનું દાન દીધું, કે જેથી દશમે ભવે નેમનાથભગવાન તથા રાજેમતિ સતી થયાં. એવું અનેક ગુણોથી ભરપુર દાન દેવું, કે જેથી સદ્‌ગતિને પાત્ર થઇ, પવિત્ર પદ પામી શકાય છે. (૭)

ઉપર કહેલા સર્વોત્તમ સાત પ્રકારોનું સપ્રેમે ગ્રહણ કરવાથી અપાર એવો સંસારનો સહજમાં ક્ષય થઇ જાય છે, માટે મુક્તિમહિલાભિલાષી મહાજનોએ સદૈવ ઉપરોક્ત સાત પ્રકારોનું સંસેવન કરવું, કે જેથી આ પુણ્યોદયે મળેલા મહામોઘા અને દુર્લભ માનવજીવનની સાફલ્યતા થાય, અને જન્મ જરા મરણ તથા આધિવ્યાધિ ને ઉપાધિ રૂપ એવા દુઃખમય સંસારસાગરનો સત્વર અંત આવે; અને અક્ષય મોક્ષલક્ષ્મી સુગમતાથી પ્રાપ્ત થાય. હવે તેના ઉપર એક નવપરણિત સંસ્કારી ને ભદ્રિક વણિક પુત્રનું દૃષ્ટાંત કહે છે.

(૬૯) ગુરુ કરતાં ચેલો ચડયો ! વિનયી વણીક પુત્રની વાત.

કોઇ એક સાધુ મહાત્મા પોતાના મુનિમંડળ (સંપ્રદાય)થી છુટા પડી એકલા વિચરતા હતા, તે સાધુ એકલા પડી જવાનું કારણ એ હતું કે તેમનામાં ક્રોધ બહુ હતો. વાતવાતમાં જેનીતેની સાથે ક્રોધ કરી કજીઓ કરી બેસે, તેથીજ એકલા વિચરતા હતા. "**એકલું છાંડલું કોની સાથે ખખડે**" બાકીના સદ્‌ગુણો તેમનામાં સારા હતા. શ્રી આચારંગજી સૂત્રમાં કહ્યું છે કેઃ–કાંતો આઠગુણનો ધણી એકલો વિચરે, અગર આઠ અવગુણનો ધણી સાધુ એકલો વિચરે. પ્રસંગવસાત્ તેનાં નામ કહે છે. તેમાં આઠ ગુણનો ધણી એકલો વિચરે તે વિષે કહે છેઃ–(૧) શુદ્ધ શ્રદ્ધાવંત (૨) સત્યવાદી, (૩) બહુ બુદ્ધિવાળો, (૪) સામર્થ્યવાળો, (૫) ક્ષમાવંત, (૬) બહુસૂત્રી (૭) લજ્જાવંત, અને (૮)બળ પરાક્રમી; હવે આઠ અવગુણનો ધણી એકલો વિચરે તે વિષે કહે છેઃ—૧ શ્રદ્ધાભ્રષ્ટ, ૨. અસત્યવાદી ૩ હીણબુદ્ધિ, ૪ કાયર પણ બહુ ક્રોધી, ૬ અલ્પસૂત્રી ૭. લજ્જારહિત, ૮. આહારનો અતિશય લોલુપી; એ આઠ અવગુણનો ધણી એકલો વિચરે છે. આ પ્રમાણે શ્રીસર્વજ્ઞ ભગવાને ઠાણાયંગ સુત્રમાં કહ્યું છે; તથા શ્રીઆચારંગજીસુત્રમાં શ્રીભગવાને પણ કહેલું છે. આ સાધુ પણ આવાજ ક્રોધના અવગુણથી એકલા વિચરતા હતા, ઘણું કરી ગામમાંથી ભીક્ષા લેઇ આવી ગામ બહાર કોઇ ઝાડ તળે આહાર કરી ત્યાંજ બેસી રહેતા હતા.

એક વખત એવું બન્યું કે કોઇ ગામ બહાર નજીકના ઝાડ

નીચે એકાંતમાં બેસી તેણે ધ્યાન ધર્યું હતું, તેવામાં સાંજના સમયે રમતુંરમતુ દશબાર બાળકોનું એક મંડળ ત્યાં આવ્યું, અને એટલામાં આસપાસ રમવા લાગ્યું. રમતાંરમતાં પેલા સાધુને જોયા, તેથી તે મંડળમાં એક પંદરેક વર્ષનો નવપરણિત છોકરો હતો તે એજ દીવસે હજી પરણીને ઘેર આવ્યો હતો, મિંઢળ પણ હાથથી છુટયાં ન હતાં. તે છોકરો સ્વભાવનો ઘણોજ ભદ્રિક હતો, સાધુસંતના દર્શન ઉપર તેને ઘણી પ્રીતિ હતી, ગમે તે પંથના ગુણીયલ સંતનો સમાગમ કરી લાભ મેળવવો એવો તે નિષ્પક્ષપાતી અને સરલ વૃત્તિનો હતો. તે આ સાધુના દર્શનાર્થે તે તરફ ચાલ્યો, પાસે જઇ સવિનય વંદન કર્યું તેવામાં એ જોઇ બીજા છોકરાઓ પણ ત્યાં દોડી આવ્યા અને તેની મશ્કરી કરવા લાગ્યા ! અલ્યા મોતીયા ! તું તો ધર્મનો ઢીંગલો થઇ ગયોને ! મહારાજનો ચેલો થઇ જા. લ્યો મહારાજ ! આ અમે તમને વહોરાવીએ છીએ, તેને દીક્ષા દઇ દો, તેનો ભાવ સારો છે– એમ કહી તે છોકરાને સાધુ ઉપર ધકકો માર્યો. સાધુ પેહેલી વાર તો કાંઇ બોલ્યા નહિ પણ ધ્યાનમાંજ રહ્યા. વળી બીજીવાર ધકકો માર્યો તો પણ માંડમાંડ સહન કર્યું, પાછો ત્રીજીવાર પણ ઉપરના શબ્દ સંભળાવી ધકકો માર્યો. હવે સાધુ એકદમ કોપાયમાન થયા, તેથી તે નવપરણિત છોકરાને એકદમ બે હાથે પકડયો, અને તેજ વખતે ક્રોધપુર્વક બે પગ વચ્ચે તેનું માથુ દાબી " આવ તને દીક્ષા દઇ દઉં "–એમ કહી મુખથી અનેક ગાળો આપતાં મસ્તકનો લોચ કરવા માંડયો. મજબુત પકડેલો હોવાથી છુટાય તેમ તો ન હતું, વળી ક્રોધરૂપી ભૂત પિંડમાં પેસે છે ત્યારે નવું બળ વધે છે, આ ન્યાયે તેણે લોચ કરવામાં સઘળો ક્રોધ ઉતાર્યો; આ જોઇ બીજા છોકરા તો ભયભીત થઇ એકદમ ભાગીજ ગયા. અત્રે લોચ પણ પૂર્ણ થઇ ગયો છોકરે વિચાર્યું કે બસ મારૂં ભાવિપ્રબળ આવુંજ હશે, મહારાજે મને દીક્ષા આપી ચેલો કર્યો, ખેર જે બન્યું તે ખરૂં ! હવે તો મારે એમનો ચેલોજ થવું અને આ ગુરૂની ભકિત જ ભાવે કરવી. સંસાર અસાર છે, કોઇ કોઇનું સગું નથી, સ્ત્રી કોની ? માતા કોની ? પુત્ર મિત્ર કોના ? અંતે સર્વ વિકારી વિનાશી ને સ્વાર્થી છે, એકજ ભવનાં સંબંધી છે, લક્ષ્મી રળેલી સર્વ પેટી પટારામાંજ અહીં પડી રહેશે, ફકત લક્ષ્મી તથા સ્ત્રી માટે મેળવેલો પાપપટારોજ સાથે આવશે; માટે હવે તો આ ગુરૂ ને હું તેમનો ચેલો.

પછી હાથ જોડી કહ્યું કેઃ–હે ગુરૂ! હવે તો હું આપનો ચેલો થયો, આપે મને દીક્ષા આપી તે બહુજ સારૂં કર્યું, મારો આ ભવ-સાગરથી આપે ઉદ્ધાર કર્યો. પણ વિનતિ સાથે કહેવાનું હવે એટલું જ છે કે પેલા છોકરાઓ ગામમાં જઇ મારાં માતપિતાને આ ખબર આપશે, ને ખબર પડતાંજ તે સત્વર દોડી આવશે ને આપને પૂર્ણ પરિસહ ઉપજશે; અને મારૂં સંજમ લુંટાશે. માટે આપ આ દાસની વિનતિ ધ્યાનમાં લેઇ હવે અત્રેથી આપણે અન્યત્ર ઉપડી જઇએ તો ઠીક. નહિ તો પછી મંગળમાં અમંગળ થવાની ભીતિ મને તો રહે છે. સાધુનો કોપ હજી ઉપશાંતપણાને પામ્યો ન હતો, તેથી આ વાકય તેના ક્રોધાગ્નિમાં ધી હોમાવા જેવું થયું. એકદમ ક્રોધપૂર્વક બોલ્યાઃ—અલ્યા કર્મ ચંડાળ! પાપી અધર્મી! હું છાનોમાનો બેઠો હતો, તેવામાં તેં મને ઉપાધિ કરી, હવે તારા પાપમાં મારે અત્યારે રાત્રીએ વિહાર કરવો પડશે; ચાલ ઉઠ! પણ હું ઘણો વૃદ્ધ છું. તેથી રાત્રીમાં ચાલી નહિ શકું, તેમ પુરૂં દેખતોયે નથી. આ સાંભળી તે છોકરો બોલ્યોઃ—કૃપાળુ ગુરૂ! કંઇ ચિંતા નહિ કરતા, આ પોઠીઓ તૈયાર છે. હું આપને મારી પીઠ ઉપર બેસાડું છું. આપને કોઇ પ્રકારે ઇજા નહિ થવા દઉં; પણ અત્યારે આપણે અહીં નહિ રહેવામાં જ લાભ છે માટે ઝટ બેસો મારી પીઠ ઉપર. પછી ક્રોધપૂર્વક તેને ખંધોલે બેઠા અને તેજ વખતે પ્રયાણ કર્યું. એ વૃદ્ધ સાધુ મહાક્રોધી હતા ત્યારે બાળ અને નવદીક્ષીત સાધુ મહા સમતાવાન હતો. સુધ-રવાની રીત તો એવીજ છે, એક ઠંડુ અને બીજું ગરમ હોય તો બન્ને નભે છે; ઘણું કરી સંબંધ તૂટતો નથી. તે વિષે કહ્યું છે કેઃ–

દુહા.—વાતકો વિચાર કીજે, તંત લીજે તાણી;
આગલો અગન થાય તો, આપણે થઇએ પાણી. ૧૨૨
તાણત તાણત તૂટ જાત, લોહા સાંકળ જાણ;
એક તાણે એક ઢુટ દે, તૂટે ન કાચા તાર. ૧૨૩

પછી સમતાના સાગર લઘુમુનિએ ગુરૂજીને ખંધોલે બેસાડી ચાલવા માંડયું. અંધારી રાતનો સમય હોવાથી કોઇ ઉંચીનીચી જમીન ઉપર પગ પડવાથી ગુરૂને માઠું લાગતું હતું, તેથી મહાક્રોધ પૂર્વક ગાળો આપતા હતા, તેના માથા ઉપર રજોહરણની ડાંડીઓ મારતા ને કહેતા કે કમબખ્ત! મને તેં નકામો હેરાન કર્યો, બરાબર

કેમ ચાલતો નથી ? માથે હરકત થાય છે–વગેરે ઘણા કઠોર શબ્દો સંભળાવતા હતા. ત્યારે શાંત સ્વભાવી ક્ષમામૂર્તિ શિષ્ય એવું ચિંતવતો હતો, કે ખરૂં જ છે, મેં પાપીએજ આપને અશાંતિ ઉપજાવી છે, મારા સમો ચંડાલ મહાપાપી કોઇ નથી–વગેરે પોતાની આત્મનિંદામાં વખત ગાળતો. પણ જરાયે ગુરૂપ્રત્યે આક્રોશ ન કર્યો. એમ આત્મનિંદા કરતાં શુભ ભાવના ભાવતાંભાવતાં રસ્તામાં તે લઘુમુનિએ સર્વજ્ઞત્વ–કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. હવે તે દુનિયામાં સર્વ વસ્તુ હસ્તાંજળીવત્ દેખવા લાગ્યો, તેથી હવે સારે રસ્તે ચાલવા માંડયું. સિદ્ધાં પગલાં પડતાં જોઇ ગુરૂ બોલ્યા, હવે કેવો સિધ્ધો સટ ચાલ્યો માટે " માર સાર ને જીવે દાતાર " ચૌદમું રત્ન દેખાડયા વિના તું સીધ્ધો ચાલે તેમ નથી. શિષ્ય બોલ્યો:—કૃપાળુ ગુરૂ ! હું સીદ્ધો સિધ્ધો ચાલું છું, ને સર્વ આપનીજ કૃપા છે. ગુરૂ કહે શું કાંઇ જ્ઞાન ઉત્પન્ન થયું છે ? શિષ્ય કહે, તે પણ આપની જ કૃપા. ગુરૂ કહે કયું જ્ઞાન ત્રીજું ચોથું કે પાંચમું ? શિષ્ય કહે આપની કૃપાથી પાંચમું. આ સાંભળી ગુરૂ કહે:–અરર ! કેવળી ભગવાન ! મેં આપની અસાતના કરી મને પાપીને હેઠો ઉતારો, મેં આપને બહુ દુ:ખ દીધું; હે પ્રભુ ! મને ક્ષમા કરજો. પછી હેઠા ઉતરી કેવળી ભગવાનને વંદન કર્યું ને પોતાના અપરાધની માફી માગી.

આ દૃષ્ટાંતની મતલબ એ છે, કે જેનામાં ઉપરોક્ત ગુણો છે, તે અવશ્ય આત્મકલ્યાણ કરી ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરે છે, જેમ ઉપરના દૃષ્ટાંતમાં બાળ શિષ્ય સાતે ગુણથી યુક્ત હતો, તો તેણે સત્વર સંસારસાગરનો અંત સહજમાં આણ્યો. (૬૪)

अष्टानां क्रूर कर्मणां ध्रुव महो मोहं जयं दुर्जयं ।
पंचानां च महा वृतां गुण जुषां शीलंजयं दुर्जयः ॥
पंचेद्रिप्रकरेषुतेषु नियतं जिह्वाजयं दुर्जयं ।
योगेषु त्रितयेषु चावनिपते! चित्तंजयं दुर्जयम् ॥६५॥

અર્થ—અહો ! આ જગતમાં ખરેખર આઠ કર્મમાં

મોહનીયકર્મ જીતવું ઘણું કઠણ છે, તથાઉત્તમ એવાં પાંચ મહા વ્રતોમાં ચોથું શિયળવૃત પાળવું મહા કઠણ છે, તથા પાંચ ઇંદ્રિયોના સમૂહમાં ખરેખર રસેંદ્રિય–રસના જીતવી બહુ મુશ્કેલ છે, તથા હે મહારાજ ! ત્રણ યોગમાં એક મનને જીતવું મહા કઠણ છે. (૬૫)

ભાવાર્થ—આ સંસારમાં જીવોને ઘણાંજ ક્રૂર એવાં આઠ કર્મને વિષે મોહનીયકર્મ જીતવું તે ખરેખર ઘણુંજ દુર્જય છે. તે આઠ કર્મો કેવાં છે? તેનાં નામ કહે છે. (૧) જ્ઞાનવરણીયકર્મ (૨) દર્શનાવરણીય કર્મ (૩) વેદનીયકર્મ (૪) મોહનીયકર્મ (૫) આ-યુષ્યકર્મ (૬) નામકર્મ (૭) ગોત્રકર્મ અને (૮) અંતરાયકર્મ; એવાં આઠ કર્મોમાં મોહનીયકર્મ પ્રધાનભૂત છે. તેની ૨૮ પ્રકૃતિ છે, તે ૨૮ સ્થાનના ક્રમારોહણથી અનુક્રમે ક્ષય થાય છે. છેવટ અગીયારમા ગુણસ્થાન સુધી ચડવા છતાં સંજવલના લોભરૂપી મોહનીય કર્મનો સમુદય થવાથી ત્યાંથી સત્વર પતન થાય છે અને ચતુર્ગતિમાં પરિ-ભ્રમણ કરે છે. હવે પ્રસંગોપાત આઠ કર્મોનો સ્વભાવ તથા તેના ગુણ કહે છે. પહેલું જ્ઞાનાવરણીયકર્મ તે આંખના પાટા સમાન છે, અને તેણે અનંતજ્ઞાન ગુણ રોકયો છે. બીજું દર્શનાવરણીયકર્મ તે રાજાના પોળીયા સમાન છે, અને તેણે અનંતદર્શનગુણ રોકયો છે. ત્રીજુ વેદનીયકર્મ તે મધ તથા અફીણે ખરડેલા ખડગ સમાન છે. અને તેણે અનંત અવ્યા બાધ આત્મિક સુખ રોકયું છે. ચોથુ મોહનીય કર્મ તે મદિરા પાન સમાન છે અને તેણે અનંત ક્ષાયક સમકીત ગુણ રોકયો છે, પાંચમું આયુષ્યકર્મ તે હેડ સમાન છે અને તેણે અક્ષય સ્થિતિ ગુણ રોકયો છે. છઠું નામકર્મ તે ચિતારા સમાન છે, અને તેણે અમૂર્ત્ત ગુણ રોકયો છે, સાતમુ ગોત્રકર્મ તે કુંભારના ચાકડા સમાન છે, અને તેણે અગુરૂ લઘુ ગુણ રોકયો છે. આઠમું અંતરાય કર્મ તે રાજાના ભંડારી સમાન છે, અને તેણે અનંત આત્મિક શક્તિ ગુણ રોકયો છે. એ આઠેમાં મોહનીય કર્મ મોટું છે, માટે આઠ કર્મમાં મોહનીય કર્મને જીતવું તે અતિ કઠિન છે; તથા અનેક ગુણોવડે કરીને યુકત એવા પંચ મહાવતોમાંથી ચોથું શિયળવ્રત સાધવુ–પાળવુ તે પણ કઠિન છે. એટલે યથાર્થપણે શીયળવ્રત પાળવું તે દુર્જય છે. તે વિષે કહ્યું છે કેઃ—

કવિત.

ચલબો ગગનપંથ, મલબો મિહિર લોક,
 દલબો રિપુકો દલ, રામ તનબી હોત હે;
ધરબો ધરાકો ભાર, તરવો દધિકો ખાર,
 હરબો હરાકો હરી, કરબો આધિન હે;
ખાયબો હલાહલકું, લાયબો ફનીશમની,
 પાયબો ખગે સંજોગ, બને કૌઉ દિન હે;
રહેબો અહાર બીન, કહેબો ભવિષ્ય હોત,
 સબહી સહેલ પન, કામ દલબો કઠિન હે. ૧૨૩

માટે સર્વ કરતાં એક શીયળવ્રત પાળવું તે ઘણું જ કઠણ છે. તેમજ પાંચ ઇંદ્રિયોના સમુહમાં જીભને જીતવી, તે પણ ખરેખર દુર્જય છે. એટલે જેવું મળે તેવું ભોજન રાગદ્વેષ રહિત નિર્મમત્વભાવે ઉપયોગમાં લઇ સંતોષ માનવો તે તો કઠિનતર છે. કારણ કે ખારાં ખાટાં, કડવાં, કસાએલાં મીઠાં વગેરે મિષ્ટ ઇષ્ટ ભોજનો આ જીવને ઘણાંજ વહાલાં લાગે છે, પણ પરિણામે તે ઘણાં દુઃખદાયી છે. ક્ષમાવર્ય શ્રીધર્મરૂચી નામના અણુગારને માસખમણને પારણે નાગેશ્વરી બ્રાહ્મણીને ઘેરથી કડવા તુંબડાના શાકની જોગવાઇ મળવા છતાં તેમાં સંતોષ માની નિર્મમત્વ ભાવે તે આરોગી ગયા. ધન્ય છે તે મહાત્માને ! કે જેણે દુર્જય એવી રસનાઇંદ્રિયનો વિજય કર્યો. તથા બીજે પ્રકારે પણ રસનાઇંદ્રિયનું દુર્જયપણું બતાવે છે. આચારંગસુત્રમાં શ્રીચરમજીનરાજે ચાર પ્રકારની ભાષા કહેલી છે. તેમાંથી (૧) સત્યભાષા (૨) અસત્યભાષા (૩) મિશ્રભાષા (૪) વ્યવહાર ભાષા; એવી ચાર ભાષામાંથી સત્યભાષા અને વ્યવહારભાષા એ બે ભાષા આદરવા જોગ છે, અને બાકીની બે ભાષા છાંડવા જોગ છે. માટે સત્ય તથા વ્યવહારભાષા વિવેકપૂર્વક બોલવાથી પણ રસના ઇંદ્રિયનો વિજય કર્યો કહેવાય છે. કારણ કે ઘણાં અજ્ઞાની મનુષ્યો જુઠું બોલવામાં ઠઠા મશ્કરી કરવામાં તથા કર્કશ કઠોર મર્મભેદી પરને પીડાકારી ભાષા તથા સાવદ્યકારી ભાષા બોલીને નકામા ક્રૂર કર્મો બાંધે છે. માટે સુજનોએ વિવેકપૂર્વક વિચારીને ભાષા ભાખીબોલી રસનેંદ્રિયને નિયમિત કરી મિતભાષી થવું. તેને માટે કહ્યું છે કેઃ—

છપ્પા.

વશ રાખજે તારી જીભડી, અન્યથા દંડે,
કાજ ન સિજે આપણું, તું શીદને મંડે;
જેથી લાગે લેપ, તેથી અળગો રહેજે,
ધરમ ધ્યાનની વાતમાં, તું વળગ્યો રહેજે;
પોતાથી પળતું નથી, પારકાનું તું ક્યાં કહે ?
પ્રકાસિંહ વાણી વદે, કે તારાં કર્યાં જીવ તું સહે. ૧૨૪

દુહો—જીભ સકર જીભ દુધ હેં, જીભ પરાઇ સગા;
એક જીભ સજન હસમિલે, એક જીભે ઉઠે અગા. ૧૨૫

માટે વિચારીને નિષ્પાપ ભાષા બોલવામાં ઉપયોગની જરૂર બહુ પડે છે, કારણ કે આ જીવનો સ્વભાવ એવો છે કે વાતવાતમાં જુઠું બોલે છે, મશ્કરી ઠઠા કરે છે, અને કર્કશ વાણી વદે છે કઠોર વચનો બોલે છે નઠારાં અનર્થ દંડનાં વાકયો ઉચારી કર્મ બાંધે છે અને નામ ધરાવે છે ત્યારે ધરમીનું ! મુખે મુહપતી બાંધે પ્રતિક્રમણ કરે ઉપવાસ કરે પોષધવ્રત સામાયકવ્રતો વગેરે ક્રિયાઓ કરે, પણ વ્યાપાર વગેરે વ્યવહારી કાર્યોમાં કુડકપટ કરતાં તો જરાયે પાછું વાળી જોતાજ નથી, સ્વાર્થને માટે હિંસા કરતાં ડરતા નથી. માટેજ ભગવાને કહ્યું છે કેઃ—જેણે રસનેન્દ્રિય જીતી તેણે પાંચે ઇંદ્રિયો જીતી સમજવી. પણ તે રસનેંદ્રિયને જીતવીજ ઘણીજ દુર્લભ કહેલી છે.

વળી મન વચન અને કાયા, એવા ત્રણ જોગોમાંથી મનને જીતવું તે ઘણુંજ દુર્લભ છે. કારણ કે મનની શુભાશુભ ચિંતવનાથી કનિષ્ઠ કર્મો બંધાય છે. તંદુલ નામના મચ્છે એક કાચી બે ઘડીમાં સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું, તે એમ કે સહસ્ત્ર યોજન પ્રમાણવાળા સ્વયંભુરમણ નામના મહાસાગરમાં તંદુલ નામનો એક મોટો મચ્છ રહે છે, તેની આંખની પાંપણ ઉપર એક તંદુલ નામનો ઝીણો મચ્છ આવીને બેઠો, તે વખતે પેલો મોટો મત્સ્ય પોતાનું મુખ પહોળું કરીને તેમાં પાણી ગ્રહણ કરી પાછો થોડીવારે તે તમામ પાણી કાઢી નાંખતો હતો, તેમાં નાનાં માછલાંઓ પુષ્કળ આવતાં હતાં, અને પાછાં બહાર ચાલ્યાં જતાં હતાં, આ પ્રકારની વારંવાર રમુજી ક્રિયામાં મશગુલ બનેલા મત્સ્યની પાંપણમાં બેઠેલો પેલો તંદુલ મચ્છ આવી ક્રિયા જોઇ મનમાં એમ ચિંતવવા લાગ્યો કેઃ-આ કેવું અઘટિત કામ

કરે છે, કેમકે આવી રીતે ચાહીને પાણી દ્વારા આના મુખમાં નાના મત્સ્યો આવે છે, તે પાછા નિકળી જતી વખતે તે પોતાનું મોઢું બંધ કરી બધા મત્સ્યોને પેટમાં રાખી એકલા પાણીને જ કાઢી નાખતો હોય, તો કેવું સારૂં ! જો મારો દેહ આના જેવો મોટો જબરો હોત તો એકે મત્સ્યને હું જવા દઉં નહિ, અને બધા મત્સ્યોને ખાઇ જાઉં. આવી કનિષ્ટ ચિંતવનાથી અંતર્મુહુર્તમાં જ આયુષ્ય પૂર્ણ કરી સાતમી નરકમાં તેત્રીસ સાગરોપમને આવખે ઉત્પન્ન થઇ તે મહાદુઃખનો ભોગી બન્યો. વળી પણ બીજા દાખલાઓ તે વિષે ઘણા છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિએ પણ માનસિક પરિણામના યોગે ઉંચનીચ ગતિનું બંધારણ ઉપાર્જન કર્યું, અને છેવટે શુભ પરિણામથી વિમુક્ત બની વૈદેહી થયા. વળી ભગવદ્ગીતામાં કહ્યું છે કેઃ–**मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ॥** મતલબ કે બંધ અને મોક્ષનું કારણ માત્ર મનજ છે, તેટલા માટેજ ત્રણ જોગમાં મન જોગને જીતવું એટલે મનને વશ્ય રાખી શુભ વર્તનમાં વર્તાવવું એજ કઠણ છે. તેને માટે કહ્યું છે કેઃ—

મનહરછંદ.

શરીર સુંદર રથ, ઇંદ્રિયો છે અશ્વરૂપ,
મન સારથીથી ખુબ, ખુબ દોડયો જાય છે;
મન જેમ લઈ જાય, તેમ તેના ઘોડા જાય,
મહારાજ જીવમાંહે બેઠા મલકાય છે;
કામકાજ કરવાનાં, મનને આધિન બધાં,
મન તારનાર ને, બુડાડનાર થાય છે;
કેશવ કહુંશું એજ, મન વશ્ય રાખવાથી,
ભારે ભવસાગર તો, પાર ઉતરાય છે. ૧૨૬

દુહો—ઘાતકી ઘાટ ઘડે ઘણા, ખાટકી કરતાં છેક;
તેમાં નહિ ડર કે દયા, પાપી પ્રાણી એક. ૧૨૭

(૬૪) અષાઢભૂતિ મોદકથી ફસ્યા, ને નાટક કરતાં ખસ્યા.

એક ગુરૂને ચાર શિષ્યો હતા, તેમાં મોટા શિષ્યનું નામ અષાઢભૂતિમુનિ હતું. એક વખતે એ પાંચેનું મંડળ ફરતુંફરતું એક મોટા શહેરમાં આવી ઉપાશ્રયમાં ઉતર્યું. ગોચરીનો ટાઇમ થયે ચારે શિષ્યો ભિન્નભિન્ન સ્થળે ભિક્ષા લેવા નીકળ્યા, તેમાં અષાઢભુતિમુનિ

ફરતાં ફરતાં એક નાટકીયાને ત્યાં જઇ ચડયા, તે વખતે તેના ઘરમાં બે કુમારીઓ સિવાય બીજું કોઇ માણસ નહતું; મહાત્માને પધારતા જોઇ બન્ને ઉભી થઇ, અને સાધુ જાણી મિષ્ટ વાણીથી તેમનો સત્કાર કર્યો, અને ભાવસહિત પૌષ્ટિક પદાર્થોથી પકવેલો પાકનો એક લાડુ વહોરાવ્યો. સાધુએ લાડુ વહોરી નીચે આવીને વિચાર કર્યો, કે અહાહા! આ પાકનો લાડુ બહુ સરસ છે, તેજસ્વી મસાલાથી ભરપુર છે, પણ એક જ વહોરાવ્યો અને અમો તો પાંચ છીએ, માટે ચોથા ભાગે પણ નહિ આવે! ઠીક મારી પાસે રૂપપરાવર્તનની લબ્ધી છે, માટે ચાલ બીજા સાધુનું રૂપ કરી—બીજો મોદક લઇ આવું–એમ ધારી બીજા સાધુનું રૂપ લઇ બીજો મોદક લઇ આવ્યા, તેમ વળી વિશેષ લોભ વધ્યો. जहा लाभो तहा लोभो, लाभे लोभो पवड्ढइ ॥ અર્થાત "**લાભે લોભ ઘણેરો વધે, લોભે લાજ મરજાદા ઘટે;**" પછી તો ઘણો લોભ લાગવાથી પાંચ વખત રૂપપરાવર્ત્તન કરી પાંચ મોદક લીધા, અને ખુશી થતા સ્વસ્થાનકે ગયા.

આ રૂપપરાવર્ત્તનનો અજબ ખેલ પેલી બે કુમારિકાના પિતાએ સામેના મકાનમાં બેઠેલો હતો ત્યાંથી સર્વે જોયો ને આશ્ચર્યચકિત થઇ પોતાની પુત્રી પાસે આવી કહ્યું:–પુત્રીઓ! આજ કેટલા સાધુ ભિક્ષા લેવા આવ્યા હતા? ઉત્તર મળ્યો કે પાંચ. ત્યારે પિતા કહે:–બેનો! તે સાધુ પાંચ ન હતા, પણ એક જ હતો, પણ અમુક વસ્તુની આશાએ તેણે પાંચ રૂપ લીધાં હતાં. તો તમોને કહેવાનું એટલુંજ કે તે પુરૂપ જેવોતેવો નથી, પણ મહા સત્તાવાળો અને ચમત્કારી છે, માટે હર કોઇ પ્રકારે તેને વશ્ય કરી તેને તમારો પતિ બનાવો; તેના તરફથી તમને પૂર્ણ સુખ મળશે. પ્રાયે કરી કાલ પણ અત્ર આવશે ખરો! માટે તેને પાંચ મોદક પહેલેથીજ વહોરાવજો: અને બનતા પ્રયાસે ધીમે ધીમે સ્વાધીન કરજો–એવી મારી ભલામણ છે. હવે ઇષ્ટ મિષ્ટ અને સ્વાદિષ્ટ મોદકનો લોભ લાગવાથી બીજે દિવસે પણ અષાઢભૂતિ મુનિ ત્યાંજ ગયા, ત્યારે બન્ને બાળાએ ઉભી થઇ મોહક હાવભાવ કરી સપ્રેમે પાંચ લાડુ વહોરાવ્યા, વાતો નિમિત્તે વિશેષ ખોટી કર્યા અને સરાગ વાળાં વિષયવચનોથી હૃદય લલચાવવા લાગી કહ્યું:–મહારાજ! કૃપા રાખજો, અમો આપની દાસી છીએ, અમે આપને શરણે છીએ અમને ખરો આધાર આપનો છે, આપ બીજે કહીં ન જતા અત્રેજ પધારજો, અહીં આપને જે જોઇશે તે વહોરાવીશું; આ ઘર પણ

આપનુંજ છે—એમ ચોકસ સમજજો. એમ કહી લળીલળી વિવિધ લટકાંમટકાં કરતી પગે લાગવા માંડી અને શૃંગારમય હાવભાવ દર્શાવવા અને કટાક્ષ કરવા લાગી.

પછી સાધુ પણ લલચાયા થકા ત્યાં દરરોજ જવા લાગ્યા. રોજ એકજ ઘરની ભિક્ષા લેવાથી પરિણામ કેવું ખરાબ આવે છે, તે આ દૃષ્ટાંત પરથીજ સ્પષ્ટ જણાશે. એવાજ હેતુથી સર્વજ્ઞ પુરૂષોએ સાધુને ભિક્ષાચરી નિમિતના છન્નું દોષમાં કહ્યું છે કેઃ—સાધુએ કાયમ એકજ ઘરની ભિક્ષા ગ્રહણ કરવી નહિ, એક ઘેર રોજ જવું નહિ. આવો સર્વજ્ઞનો અનુપમ મહાન સિદ્ધાંતતત્વ જે વિષયના લાલચુ અને ભોગના ભિખારી સાધુ ઉથાપે છે, તે પરિણામે ભ્રષ્ટ થઇ મહાન કષ્ટને વેઠે છે, અને તેમને ઊંડા સંકટમાં ઉતરવુ પડે છે; પછી તો પસ્તાવાનો પારજ રહેતો નથી. આપણા દૃષ્ટાંતના નાયક અષાઢભુતિ સાધુના સંબંધમાં પણ એમજ બનવા પામ્યુ. આખરે તે બન્ને કુમારિકાઓએ મોહમાં પાડયો, સંજમથી ભ્રષ્ટ કર્યો. તે એવી રીતે કે એકદા તે સાધુને ઘણાજ ખોટી કર્યા, અને મોહક વચનોથી સ્વાધીન કરી લઇ ભેખ ઉતારી અત્રેજ કાયમ રહેવું, એમ કબુલાવ્યું. ઉત્તરમાં અશાઢભુતિ મુનિએ કહ્યું કેઃ—ભલે ! અહીં આવું તો ખરો, મારૂં પણ તમારા પ્રત્યે ચિત્ત ચોટયું છે, પણ મારા ગુરૂને કહીને પછી આવું,–એમ કહી ગુરૂની રજા લેવાને ચાલ્યા. અહાહા ! વિષયવિકાર કેવો કપરો છે, ભલભલાને ભુલવાડે છે. નારીનાં નયનમાંથી નિકલતાં કટાક્ષ બાણુથી કોણુ ચળ્યું નથી ? !

ભૈરવી ગજલ.

નારી તણાં નયનો નિહાળી, સર્વ ઘેલા થાય છે;
વિદ્વાન કે ગુણુવાન હો, ધનવાન પણ લોભાય છે. ૧૨૮
રે રંક રાય અમીર નિર્ધન, નિત્ય તેને ચ્હાય છે;
શૂરવીર દેતા શીર રણમાં, દાસ તેના થાય છે. ૧૨૯
વકીલ ને બેરીષ્ટરો, બાહોશ બહુ કહેવાય છે;
પણ પ્રેમદાની પાસ, હાજી હાજી કે'તા જાય છે. ૧૩૦
અધિકારી થઇ ઈન્સાફ દે, ને મુંછ પર લીંબુ ટકે;
એવા રસીક તે રાંકડા થઇ, નારી ત્રાસે ટળવળે. ૧૩૧

પછી તે ગુરૂ પાસે ગયા, આજની સુરખી મુખ ઉપર કંઇ જુદીજ હતી, વૈરાગ્યરંગને બદલે વિષયરંગ મુખ ઉપર છવાઇ રહ્યો હતો. આજ ઘણો વખત લાગવાથી ગુંરૂએ ધીરજથી પુછ્યું:-કે અહો શિષ્ય ! આજ બહુ મોડું કેમ થયું વારૂ ? ! એટલુ શાંત મનથી કહેવામાં આવ્યુ તે સાંભળી એકદમ ગર્જના કરી આક્રોશપૂર્વક અશાઢભૂતી બોલ્યો:–તમારે ઠીક છે, પાટમાં પડયાપડયા મજા કરવી, પણ ગૌચરી પાણીમાં મારે કેટલી મહેનત પડે છે, વળી ઉપરથી પાછો તમારો ઠપકો સાંભળવો પડે, એ તે કેમ ખમાય ? લ્યો હવે છેવટ જે બન્યું છે તે સાફ કહી દઉં છું. આજે તો એ નટીઓ મને મળી હતી, હવે મારે તેમની પાસે તેમના આગ્રહથી રહેવુ છેઃ તમારી રજા લેવા સારૂ અહીં આવ્યો છું. આ સાંભળીને ગુરૂ ઘણો ખેદ પામ્યા, અને તેને ઉપદેશ તરીકે કહ્યું કેઃ— છપ્પો.

નારી નાગણુ જાણીએ, દેખત કરે હેરાન,
બાણુ ચલાવે નેનકા ત્રાડે શુદ્ધ અરૂ સાન;
નારીના વિશ્વાસથી, રાજપાટ સુખસાજ,
સર્વ તજી રણુ પોઢીયા, રંક અને મહારાજ;
નારી એસી ડાકીની, તીન લોકકું ખાય,
જીતે ખાવે કાલજા, મુવા નર્ક લે જાય. ૧૩૨

દુહો.–સ્ત્રી તાતા અંગાર સમ, ઘી ઘટ સમ નર ધાર;
એ એના મેળાપથી, થાય અનર્થ અપાર. ૧૩૩

એમ ગુરૂએ બહુબહુ પ્રકારે સમજાવ્યો પણ સમજ્યો નહિ. પછી ગુરૂએ કહ્યું, જેવી તારી ઇચ્છા, પણ એટલું તો યાદ રાખજે, કે તું પુછવા આવ્યો તેના બદલામાં હું તને એક હિતવાકય કહું છું, તે એ કે તે બન્ને નારી અભક્ષની ભોગી છે, માટે જ્યાં સુધી તેના ઘરમાં અખાજ ન ભાળે ત્યાં સુધી રહેજે, અને અત્યારે પણ તે અખાજ તજે, તોજ તેમનું કહ્યું માનજે. ઉત્તરમાં બહુ સારૂં! જરૂર એમજ કરીશ, તે નહિ તજે તો હમણાંજ પાછો આવીશઃ જેવી આજ્ઞા–એમ કહી ત્યાં ગયો. સ્ત્રીઓ પાસે આવી સ્પર્શ કરવા લાગી, ત્યારે કહ્યું કેઃ—છેટે રહેજો ! મારા ગુરૂની શરત તમારાથી પળી શકે, તોજ હું તમારા ઘરમાં રહું; પછી તેણે તે શરત કહી સંભળાવી. તેથી તો બન્ને જણી ઘણું અચરજ પામી ને નહિ પાળી શકવાનો

ભાવ પ્રગટ કર્યો. પછી સાધુ પાછા જવા લાગ્યા, ત્યારે અશક્ય પરિહરે (નછુટકે) લાચારીથી તે પ્રતિજ્ઞા કબુલ કરી. તેજ વખતે તે બન્ને વસ્તુનો નિકાલ કરાવ્યો, પછી ભેખ ઉતારી ત્યાં રહ્યા અને નાના પ્રકારના ઉપભોગો (વૈભવવિલાસનાં સુખો) ભોગવવા લાગ્યો. આખો દિવસ ઘરમાંજ પડ્યો રહે, તે જરા વાર પણ બહાર ન નીકળે તેથી તો તે બન્નેને કંટાળો આવવા લાગ્યો, તેમણે તે બન્ને વસ્તુ (મદ્યમાંસ)નો ત્યાગ મનથી કર્યો ન હતો, લાગ મળે તો તેનો જોગ મેળવી વાપરવા સોતકંઠીજ હતી, પણ તેનો જરા લાગ ન મળવાથી તે પુરૂષ ઉપર મનથી પૂર્ણ કંટાળવા લાગી; એમ બાર વર્ષ સુધી ચાલ્યું. એકદા એવું બન્યું કે પરદેશથી નાટકીઆઓ તે રાજ્યમાં ખેલ કરવા આવ્યા, તેથી આ નાટકીઆને પણ રાજ્ય તરફથી આમંત્રણ (તેડું) આવ્યું, તેથી આ ચમત્કારી નર અષાઢભુતિને સાથે લેઇ સઉ રાજ્યદરબારમાં ગયા. અહીં પાછળથી બન્ને નટીઓને લાગ સારો મળ્યાથી તેમણે દારૂ માંસ વગેરે પુષ્કળ મંગાવી હદ ઉપરાન્ત વાપર્યો તેથી સત્વર બેભાન થઇ. જાણે ગાંડી થઇ નહોય—ઉન્મત્ત બની ગઇ હોય એમ કુત્સિત કુચેષ્ટાઓ-ચાળા કરવા લાગી, લુગડાં કાઢી નાખ્યાં, ઘણે વર્ષે અભક્ષ પેટમાં જવાથી તે ટક્યું પણ નહિ, વાંતી (ઉલટી) થઇ ગઇ તેમાંજ તે બે જણી બેભાન થઇ આળોટવા લાગી.

वैरूप्यं व्याधिपिंडः स्वजनपरिभवः कार्यकालातिपातः ।
विद्वेषो ज्ञाननाशः स्मृति मतिहरणं विप्रयोगश्चसद्भिः ॥
पारुष्यं नीचसेवा कुलबल तनुता धर्मकामार्थ हानी ।
कष्टं भो पोड शैते निरुपचयकरा मद्यपानस्य दोषाः ॥४९॥
चित्ते भ्रांति जायते मद्यपानाद् भ्रांति चित्तेपापचर्या मुपैति ।
पापंकृत्वादुर्गतिंयांतिमूढा तस्माद् मद्यं नैव पेयं न पेयम् ॥५०॥

करस्पंदोंबरस्त्याग, स्तेजोहानि सरागता ।
वारुणीसंगजावस्था, भानुनाऽप्यनु भूयते ॥ ५१ ॥

તેવામાં અશાઢભુતિ ત્યાં આવ્યો, આ વિચિત્રતા ને વિપરીત જોઇ તરતજ ગુરૂનું વચન તેને યાદ આવ્યું, તેથી તેના કૃત્યને ધીટકાર આપી તેણે પોતાનો ભેખ પહેરવા માંડ્યો. પછી પુત્રીના પિતાને આ વાતની ખબર પડવાથી તેણે એકદમ ત્યાં આવી પ્રહાર કરી કેપ ઉતાર્યો.

બન્ને સચેતન બનીને અશાઢભુતિ પ્રત્યે પોતાના અપરાધની ક્ષમા માગતી આજીજી કરવા લાગી, પણ તે પોતાની ટેકથી ચળ્યો નહિ. ત્યારે છેવટે વિનતિ કરી કે નાથ! આપ ચાલ્યા જશો, તો હવે અમારી જીવનદોરી શું ? અમે હવે બીજો પતિ તો કરવાની નથી. ત્યારે ઉત્તર મળ્યો કેઃ—રાજાને મેં નાટક બતાવ્યું છે, તેના બદલામાં મને એકવચન આપ્યું છે, તો હું ત્યાં જઇ કહું છું કે તે તમને પાળશે. એમ કહી રાજા પાસે જઇ પોતાની બે સ્ત્રીને પાળવાનું કહ્યું, રાજાએ તે વાતની હા કહી. વળી રાજાએ વિશેષમાં કહ્યું કેઃ-મને તથા આ પાંચસે પરદેશી નાટકીઆને તમો એક નવું નાટક બતાવો. રાજાના અતિ આગ્રહથી તેણે પહેલા ચક્રી શ્રીભરત મહારાજાનું છેવટની અનિત્ય ભાવના વાળું નાટક શરૂ કર્યું, તે નાટક કરતાં ભરતરાજાની જેવી દશા વૈરાગ્યમય હતી, તેવીજ ત્યાં ખડી કરી. છેવટ પોતે શ્રીભરતરાજાની પેઠે અનિત્ય ભાવનાં ભાવતા ત્યાંજ એ અષાઢભુતિને કેવલ્ય જ્ઞાન પ્રગટ થયું. તેજ વખતે ઉપદેશ કરી પેલા પાંચસે નાટકકારોને બુઝવ્યા ને દીક્ષા આપી, પછી પાંચસે સાધુ સહિત શ્રી અષાઢભુતિ કેવળી ગુરૂને આવી મળ્યા.

આ દૃષ્ટાંતની મતલબ એ છે, કે ઉપર શ્લોકમાં બતાવેલા ચાર પ્રકારો સધાલા મહાદુર્લભ છે, તે મનને પતિત કરે છે; પણ આખરે અમુક ટેક ઉપર ટકી રહે, તો અષાઢભૂતિની જેમ અંતે પાછા ઠેકાણે આવી તરી—ઉદ્ધરી જાય. (૬૫)

वाणीह नूनं नवनीत तुल्या ।
चित्तं तु हालाहल मेवयस्य ॥
महोरगस्येव नरस्य तस्य ।
संगःसुदूरात्परि वर्जनीयः ॥ ६६ ॥

અર્થ—આ જગતમાં જેની વાણી ખરેખર માખણ જેવી (સુકોમળ) છે, પણ ચિત્ત તો હળાહળ વિષ-ઝેર તુલ્યજ છે; એવા નરનો સંગ મોટા સર્પની જેમ દૂરથીજ તજી દેવો. (૬૬)

ભાવાર્થ—આ લોકમાં જે માણસની વાણી **નવનીત તુલ્યા** કહેતાં માખણના જેવી અતિશય કોમળ હોય છે, પણ ચિત્ત તો ખરેખર હળાહળ વિષ જેવું હોય છે, તેવા દુર્જન—ખળ માણસનો સંગ હળાહળ વિષથી ભરેલા મોટા વિષધર—સર્પની માફક ઘણે છેટેથીજ જલદી છોડી દેવો; મતલબ કે એવા કપટી માણસનો સજ્જન પુરૂષોએ સંગ કરવો નહિ. તેમજ તેવાનો વિશ્વાસ પણ કદી કરવો નહિ. તેને વિષે કહ્યું છે કેઃ— **લાવણી.**

ઉન ઘર કબુ ન જઇએજી, જીસકે પેટમે પાપ; ઉન ઘર કબુ ન જઇએજી.

મિલતા સાથે મિલતા રહીએ, જો કોઈ હોવે નેમી;
કુડકપટકે સંગ ન જઈએ, દગેબાજ ઓર બેમી. ઉન૦ ૧૩૪
મન મેલા તન ઉજ્વલ કહીએ, બગલા જૈસા ભેખ;
તીસસે તો કઉવા ભલા હે, બાહિર ભિતર એક. ઉન૦ ૧૩૫
માતપિતાકે કહેનેમે નહિ, ગુરૂકે નહિ બચનમે;
પરત્રિયાકો નેહ લગાયો, રાજી નહિ ભજનમે. ઉન૦ ૧૩૬
ગંગા નાયો જમના નાયો, નાયો પુષ્કર કાસી;
દયાધરમકો બીજ ન જાણ્યો, પડી મોહકી ફાંસી. ઉન૦ ૧૩૭
મિત્ર પાસે મિત્ર આવે, કર કર નજર ભલેરી;
મુખપર બાતાં કરે મીઠીયા, માંહિ કાતિ ઝેરીઃ ઉન૦ ૧૩૮
કુડકપટી લપટી વો ધુરતા, માનસ ઉનકી કેસે મીત;
સતગુરૂ કહે સુનો નરનારી, મત કરજો પરતીત. ઉન૦ ૧૩૯

તે વિષે વળી પણ કહ્યું છે કેઃ—

आजन्मसिद्धं कौटिल्यं । खलस्य च हलस्य च ।
सोढु तयो मुखाक्षेप । मलमेकैव साक्षमा ॥९२॥
दुर्जनः परिहर्तव्यो, विद्ययालंकृतोपिसन् ।
मणिना भूषितः सर्पः । किम सौन भयंकरः ॥९३॥
सर्पः क्रुरः खलः क्रुरः । सर्पात् क्रुरतरः खलः ।
मंत्रेण शाम्यते सर्पः । न खलः शाम्यते कदा ॥९४॥

માટે એવા કપટી પટામણા ધુર્તજનોનો તો દૂરથીજ પરિહાર કરવો.

मुखं पद्मदलाकारं । वाचा चंदन शीतला ।
हृदयं क्रूर संयुक्तं । त्रिविधंधूर्त लक्षणम् ॥ ६६ ॥

એવા ધૂર્તજનો મિષ્ટ વચનોથી મુગ્ધ કરી જનોને ઠગી સ્વાર્થ સાધવામાંજ સદા તત્પર રહે છે, તો ધુર્તજનોને દૂરથીજ ક્રૂર સર્પની માફક છોડી દેવા જોઇએ. હવે તેના ઉપર એક બાવાજીના ધુર્ત ચેલાનું દૃષ્ટાંત કહે છે.

(૭૧) લોભે લક્ષણ અને સાન ભૂલેલા બાવાની વાત.

કોઇ એક ગામમાં એક બાવાજી મઠ બાંધીને રહેતા હતા. તેમનામાં લોભ દશા વિશેષ હતી; તેથી ગામમાંથી તે લોટ વગેરે માગી લાવી પોતાને જોઇતું વાપરી બાકીનું વધારે વેચી નાંખી તેના પૈસા ભેગા કરતો. એમ કરતાં તેની પાસે એક વિત્તમાત્રા (પૈસાની પોટકી) થઇ, તે તેને પૂર્ણ પ્રેમે ખૂબ સાચવતો, તે પોટકી ઉપર તેને બહુ મોહ (પ્રેમ) હતો, તેને લીધે તે કોઇના ઉપર વિશ્વાસ કરતો નહિ, મઠમાં કોઇને ટકવા ન દેતો, તેમ પોતે નિરાંતે ઉંઘતો પણ નહિ. કહેવત છે કે **"લોભીઆ આગળ ધૂતારા ભુખે ન મરે"** તેમ આ બાવાજીને પણ થયું. આ પોટકીની એક ધૂર્તને ખબર પડી, તેણે ગમે તેવા પ્રયાસે તે પોટકી પડાવી લેવાનો નિશ્ચય કર્યો. ઘણું કરી સાધુ બાવાઓ ચેલા મુડવાના લોભીયા બહુ હોય છે, માટે કપટથી તેનો ચેલો થઇ કામ સિદ્ધ કરવાનું વિચારી બાવાજી પાસે આવી ॐ **नमः शिवाय** કહી સાષ્ટાંગ પ્રણામ કર્યા. અને કપટ ભરી નમ્રવાણીથી બોલ્યો કે:—કૃપાળુ ગુરૂવર્ય ! **त्रायस्व त्रायस्व** તારો, તારો, **असारोऽयं संसारः । गिरिनदीवेगोपमं यौवनम् ॥** મહારાજ ! આ સંસાર તો અસાર છે, પર્વતની નદીના વેગ જેવું યૌવન છે, હું બહુ દુઃખી છું, માટે મને કૃપા કરીને આપનો ચેલો કરો, અને આપની ચરણસેવામાં સદાને માટે રાખો-એવી આ ગરીબ સેવકની બાપજીને અરજી છે. બાવાજી તો ચેલાજીનું નામ સાંભળીને ચિત્તમાં લલચાયા તેથી કહ્યું કે:-તને ચેલો તો કરૂં, પણ રાત્રે તારે મઠની બહાર સુવું પડશે; હું કોઇને મઠમાં સુવા દેતો નથી. તે વાતની હા કહીને તે બાવાજી પાસે રહ્યો. ઘણો વિનય અને ભક્તિ કરે, અડધે વચને સદા ગુરૂસેવામાં ખડેનેખડો રહે, તેથી કાળે કરી તેના ઉપર જરા જરા વિશ્વાસ આવવા લાગ્યો, પણ પેલી વિત્તમા-

ત્રા તો પાસેજ રાખતો, ચેલો ઘણોયે લાગ ગોતે પણ તેમાં ફાવે નહિ. એક વખત બાવાજીને કોઈ પાસેના ગામમાં જજમાન તરફથી ખીર ખાંડ જમવાનું નોતરૂં આવ્યું, તેથી ચેલાને સાથે લેઇ બાવાજી ચાલ્યા. રસ્તે જતાં ગુરૂને જંગલ જવાની હાજત થઇ, ત્યાં કંઇ વિત્તમાત્રા લેઇ જવાય નહિ, તેથી એક ઝાડ તળે ઝોળી મુકી ચેલાને કહ્યું, એ ઝોળીકુ મત અડના, દૂર બેઠકર સંભારના; અબ મે જંગલ જાકર આતાહું. ઘણા વખતથી સારી ભક્તિ કરતો હોવાથી હવે તેના ઉપર સારો વિશ્વાસ બેઠો હતો, તેથી આ પ્રમાણે ભલામણ કરી બાવાજી જંગલ જવા ગયા. આથી પેલા ચેલાજી (ધૂર્ત)ને લાગ સારો મળ્યો તેથી તે તો મળેલા અવસરનો લાભ લેઇ બાવાજી અ-દશ્ય થતાંજ વિત્તમાત્રા લઇ ચાલતો થયો.

હવે બાવાજી ઝાડે ફરવા બેઠા છે, ત્યાં એક કૌતુક જોયું. તેમનાથી થોડેક દૂર બે ઘેટાં સામસામાં માથાં ભટકાવતાં હતાં, તે વધારે જોર આવવા જરા જુદા પડી પાછા જોરથી ભટકાવતા, તેથી લોહીનાં ટીપાં પડતાં, તે ટીપાં પેલા બે ઘેટા જુદા પડે તેટલા-માં ત્યાં ઉભેલો એક શિયાળ સત્વર આવી ચાટતો હતો. આ જોઇને બાવાજીને હસવું આવ્યું અને બોલ્યા કેઃ—અલ્યા મૂર્ખ ! તેનો તું વિશ્વાસ કરે છે, પણ હમણાં ઓચિંતો માર્યો જઇશ. આમ બોલે છે તેવામાં તો જંબુક ઘેટાંની ટક્કરના ઝપાટામાં આવી ગયો ને મરાયો. આ બાબતનો આશ્ચર્ય ને ખેદ કરતાં બાવાજીને પોતાની ઝોળી સાંભરી તેથી સત્વર શુદ્ધ થઇ ઝાડ પાસે જઇ જુએ છે તો ત્યાં કોઇ ન મળે, ઝોળી તપાસી તો તે ખાલી દીઠી. હાયહાય ! હું મરાયો, ઠગાયો, પછી એકદમ મૂર્છા આવી, સાવધાન થતાં ઘણો રોયો, પછી રોતો કકળતો વિલાપ કરતો, ત્યાંથી આગળ ચાલ્યો અને ધારેલ ગામે આવી પહોંચ્યો. ગામમાં જતાં જેને ઘેર જવું છે, તે કોળી પટેલ જજમાન સામોજ મળ્યોઃ પધારો પધારો બાવાજી ! એમ આ-દરમાન આપી ઘેર લઇ ગયો, ખાટલા ઉપર બેસાડીને સ્ત્રીને કહ્યું કેઃ-બાવાજીની સરભરા કરજે, હમણાં હું જઇને આવું છું–એમ કહી તે બહાર ગયો. હવે તે પટેલની સ્ત્રી પુંશ્ચલી (છીનાળ–દુરાચરણી) હતી, તેણે આ સંધ્યા સમયે કોઇ જાર પુરૂષને મળવાનો સંકેત કર્યો હતો, તેથી બાવાજીની જેવી તેવી સરભરા કરી, સારાંસારાં લુગડાં પહેરી બનીઠની ઝટ બહાર આવી અને મહારાજને કહ્યું કેઃ—

મહારાજ ! હું હમણા આવું છું, તમે અહીં રહેજો—એમ કહી તેણી એકદમ ચાલી. ત્યાં ભોગજોગે તેનો ધણી પટેલ રસ્તામાં સામો મળ્યો છેટેથી તેને ભાળી, સ્ત્રીએ પણ તેને દીઠો, તેથી એકદમ ભયભીત થઇ જઇ પાછી ફરી ઘેર આવીને સર્વ લુગડાં ઉતારી બેઠી. ત્યાં પેલો પટેલ એકદમ આવી લઠ્ઠ લઇ સામો થયો ને કહેઃ-રાંડ ! બનીઠનીને કયાં જતી હતી ? તું દુરાચારીણી છે, હું તને ઓળખું છું, એમ કહી ખુબ મારી. પછી ઘરના થાંભલા સાથે દોરડાવતી તેને મજબુત બાંધીને તે પોતે સુઇ ગયો. થોડીવારે જારપુરૂષની તરફથી ગુપ્તપણે એક દુતી આવી તેણે બંધાએલી બાઇને ધામેથી કહ્યું કેઃ-અત્રી ! કેમ હજી નથી આવી? ત્યાં તો વાટ જોઇને બેઠા છે. ત્યારે તેણે કહ્યું કેઃ-મારાથી તો આજ નહિ અવાય, આવતી હતી ત્યાં તો રસ્તામાં આ પાપ સામું મળ્યું, તેને ખબર પડવાથી મને તો ખુબ મારીને તેણે આ થાંભલા સાથે મજબુત બાંધી છે, તે કેમ છુટું ? ત્યારે દુતી કહે-હું તને છોડું, તું જા, હું તારા બદલે થોડીવાર બંધાઉં છું પણ વહેલી આવજે, વચમાં આ પાપ જાગશે તો વળી મારા ભોગ મળશે. પછી એ પ્રમાણે બંધનનું ઉલટપાલટ કરી પટેલની સ્ત્રી જાર પાસે ગઇ. થોડીવારે પેલો કોળી જાગ્યો હજી તેનો ક્રોધ શમેલો નહિ હોવાથી તે એકદમ ધણી ગાળો દેવા લાગ્યોઃ—બોલ રાંડ દુષ્ટા ! હવે કોઇ દિવસ જઇશ, ન જાય તો છોડું. એમ કહેવા છતાં પેલો રખે મને ઓળખી જશે, એવા હેતુથી દુતી કંઇ બોલ્યા સિવાય મૌન રહી. એથા તો આનો ક્રોધાગ્નિ વધ્યો, રાંડ હજી તો બોલતી પણ નથી. એમ બોલી ક્રોધપૂર્વક ઉઠી છરો લઇ સત્વર તેનું નાક કાપી નાંખ્યું. લે રાંડ ! હવે લેતી જા, આવું કર્યા વિના તને સાન વળવાની નહિ. પછી પાંચ પચીશ ગાળો ચોપડી વળી પાછો સુઇ ગયો, એટલે થોડીવારે પેલી છીનાળ કોલણે આવીને પુછ્યું કેઃ-કેમ બેન ખુશીમાં કે ! પેલો પાપ ઉઠયો નથી ને ? તે સાંભળી દુતી બોલીઃ- અરે ! કાંઇ પુછ માં બેન ! વધારે તો કાંઇ નથી પણ અભાગીઆએ ઉઠીને મારૂં નાક કાપી નાંખ્યું છે, બાકી તો સર્વ વાતે કુશળતા છે. ખેર, બેન થયું તે ખરૂં ! હવે મારે પણ મારા પતિ પાસે સવારમાં કાંઇ સ્ત્રીચરિત્ર કરવું પડશે, નહિ તો મારા ભોગ મળશે—એમ કહી દુતી છુટી થઇ ઘેર ગઇ અને પેલી પુંશ્ચલી પાછી બંધાણી. અહો ! સ્ત્રીચરિત્ર અગમ્ય છે !

कुलपतनं जनगर्हा । बंधनमपि जीवितव्य संदेहः ॥
अंगीकरोति कुल्टा । प्रमदा परपुरुषसंसक्ता ॥ ९६ ॥

અર્થાત્—કુળનું પતન, મનુષ્યનિંદા, ગાઢ બંધન, જીવતરમાં પણ શંકા વગેરે અસહ્ય કષ્ટો—આફતો પણ પરપુરૂષમાં આસકત બનેલી કુલટા અંગીકાર કરે છે. દુતી ઘેર જઇ શાણી થઇ સોડ તાણી સુતી. તેનો પતિ પ્રાતઃકાળમાં વહેલો ઉઠી કોઇનો હજામત કરવા ગયો, પછી હજામત કરી થોડી વારે ઘેર આવી બીજું કાંઇક કામ હોવાથી બહારથીજ અસ્ત્રો વગેરે ઘરમાં ફેંકયાં. ઘરમાં સ્ત્રી કામ કરતી હતી, તેણે વિચાર્યું કે માથેનું આળ ઉતારવાનો આ લાગ સારો છે. અત્યારે કરેલું સ્ત્રીચરિત્ર ફાવશે. પછી પતિના સાંભળતાં એકદમ બુમ પાડીને અરર ! ભુંડું કર્યું, હું સુતી હતી, ત્યાં અસ્ત્રો નાંખ્યો, તેથી મારૂં નાક કપાઇ ગયું, હવે હું શું કરૂં ? દોડજોરે લોકો ! મારૂં આણે તો નાક કાપી નાખ્યું રે ! પછી તો પેલીએ કોરટમાં જઇ ફરિયાદ કરી ત્યાં હજામ ઉપર કેસ ચલાવતાં આખરે તેના ઉપર ગુનો સાબિત થયો, અને બિચારા નિરપરાધીને ફાંસીનો હુકમ મળ્યો,

દુહો—નારી વિષની વેલડી, નારી નર્કની ખાણ;
જ્ઞાની પુરૂષ ચાહે નહિ, ગોથાં ખાય અજાણ. ૧૪૦

ધિક્કાર પડો આવી કુલટાને ! બિચારા બીનગુનેગારને દુઃખી કર્યો. પ્રિય વાંચનાર ! હવે ચાલ, જરા પેલી દુષ્ટા કોલણની પણ ખબર લઇએ ! અહીં પેલો કોલી પોતાની સ્ત્રિનું નાક કાપી સુઇ ગયો હતો, પણ તે સ્થાને તો નાપિકા (ગાંયજી,નું નાક કપાયેલું હોવાથી અને કોલીની સ્ત્રી સ્વકાર્ય સાધ્યા પછી પુનઃ બંધાણી હોવાથી તેણીએ પોતાના પતિને ભ્રષ્ટ પાડવા કાજે સતીપણાનું પાખંડ કરી સ્ત્રીચરિત્ર ચલાવ્યું. પેલો કોળી પાછો જાગીને ગાલીપ્રદાન દેવા લાગ્યો, ત્યારે આ સાંભળી પેલી સ્ત્રી સતીત્વ જાહેર કરવા ધ્રુસકી ઉઠી કેઃ-હવે બસ કર્ય બહુ ના બક ! હું તો કોઇ વાતમાં જાણુતીજ નથી, હું તો સતી છું-શુદ્ધ છું, પરપુરૂષનો મારે સર્વથા નીમ છે, હું પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરૂં છું, કે હે પ્રભો ! મારામાં સત્ય હોય મારા શીયળમાં લગાર પણ ચુક ન પડી હોય, તો મારા પતિએ કાપેલું મારૂં નાક પાછું સાજું થઇ જજો; નહિતો મને બાળી ભસ્મ કરજો. આટલું કહી પોતાના પતિને કહ્યું, લે જો, મારામાં સત્ય હતું તો મારૂં નાક

સાજું થઇ ગયું—એમ કહી મોઢું બતાવ્યું. આ જોઇ કોળી તો આશ્ચર્ય પામ્યો, જરૂર આનું રાતે નાક તો કાપ્યું હતું, પણ સત્યને પ્રભાવે સાજું થયું. માટે જરૂર આ સતી છે, એને જો પજવીશ તો મને શાપ દેશે; પછી તો બે હાથ જોડી તેની સ્તુતિ કરી અપરાધની માફી માગવા લાગ્યો. બહાર બેઠેલા બાવાજીએ રાત્રિનું સર્વ ચરિત્ર જોયું હતું, તેથી તે તો આ બધું જોઇ આશ્ચર્યચકિતજ બની જઇ સવારમાં ત્યાંથી ચાલતો થયો; ને પેલા નાપિકને ફાંસીનો હુકમ થયાનું સાંભળી લાગલોજ કોર્ટમાં ગયો. અને એક શ્લોક બોલી ન્યાયાધીશ સાહેબને સર્વ વાતે વાકેફ કર્યો.

जंबुको हुडु युद्धेन । वयंचाषाढभूतिना ।
दूतिका परकार्येण । त्रयोदोषाः स्वयंकृता ॥ ५७ ॥

બે ઘેટાં લડતાં હતાં તેમાંથી લોહી ચાટી જવાની લલચથી શિયાળ મરાયો, ચેલાને ભરોસે રહી મેં અષાઢભૂતિ બાવાએ મારૂં ધન ગુમાવ્યું અને કુટણીનું કામ કરતાં એ દૂતી ગાંયજીએ નાક કપાવ્યું; એ ત્રણેને પોતાના કરેલા દોષ નડયા છે.—એમ કહી મુળથી બનેલી સર્વવાત કોર્ટમાં કહી સંભળાવી, આથી કરીને હજામ નિર્દોષ ઠરી છુટયો અને સતી થવા જતી એ કુલટાઓ ફજેત થઇ. આ વાતનો સાર એ છે કે મીઠું મીઠું બોલી કામ કાઢી લેનારા કપટી ઢોંગી ને પાખંડી માણસોથી ચેતતા રહેવું; નહિ તો પછી લોભમાં પડેલા બાવાજીની પેઠે છેતરાઇ દુઃખી થવાય છે. (૬૬)

इदं शरीरं खलु शारदाभ्रं ।
पानीयवेगोपमयौवनश्रीः ॥
रामारमावैभव सांध्यराग—
स्तद्धर्ममाधेहि जन! त्वमत्र ॥६७॥

અર્થ:—આ શરીર ખરેખર શરદ ઋતુનાં વાદળાં જેવું છે, પાણીના વેગ સમાન યૌવનની શોભા છે, અને સ્ત્રી લક્ષ્મી વગેરે વૈભવ સુખો સંધ્યાના રાગ સમાન છે;

માટે હે મનુષ્ય ! તું આ લોકમાં ઉત્તમ એવા ધર્મનું હમેશાં આરાધન કરજે. (૯૭)

ભાવાર્થ:—આ લોકમાં હે ભવ્યજનો ! આ શરીર ખરેખર શરદ ઋતુનાં વાદળાં જેવું અસ્થિર છે, કારણકે જે વારે શરીરમાં અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થાય છે, ત્યારે મહા કદર્થના ભોગવવી પડે છે, નજદીકનાં સગાંસંબંધીઓ પણ તે વ્યાધિથી મુક્ત કરવાને શક્તિમાન થઇ શકતાં નથી. તેને માટે કહ્યું છે કે:—

ઉપજાતિ વૃત.

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય, તે કોઈ અન્યે લઈ ના શકાય;
એ ભોગવે એક સ્વરૂપ પોતે, એકત્વ એથી નય સુજ્ઞ ગોતે.

વળી પણ આ શરીર કાંઇ અત્તર વગેરે સુગંધી ચીજોથી ભરેલું નથી, પણ મૂત્ર પૂરીષ શ્લેશ્મ વગેરે દુર્ગંધી ચીજોથી ભરપુર છે, તે વિષે કહ્યું છે કે:— **શિખરિણી છંદ.**

સુગંધી ચીજો કે કનકરસથી આ નથી ઘડયું,
મળે ને મુત્રે ને રૂધિર રસ માંસે થકી ભર્યું;
મઢયો ચર્મે તેથી નજર કરતાં માત્ર નરવો,
નથી એવો મારે હે પ્રભુ હવે દેહ ધરવો. ૧૪૨

તથા યૌવન રૂપી લક્ષ્મી પણ **પાનીયવેગોપમં** કહેતાં પાણીના પુર જેવું સત્વર વહી જનારૂં છે, એટલે તેનો પણ સ્વલ્પકાળમાં નાશ થઇ જાય છે. જોબનીયું ઝલકતાં પ્રાણીઓ મદાન્ધ બની જાય છે, નહિ કરવાનાં અઘટિત કાર્યો પણ તે જોબન મદમાતી અવસ્થામાં કરતાં પાછા હઠતા નથી. **કવિત.**

સોળકે ઝકોળમે તો ઝીલતાહુ જીંદગાની,
વિશપે ન દિશ સૂઝે શિશ મગજ પાની હે;
પચીસા અતીસા તીસા માનકી વધારે ટેક,
રસનાએ રટન એક માનુની જયું માની હે;
ખાના ન ભાવે આવે નહિ નિંદ નેનુંમે.
કયું નહિ આરામ એક કામકી નીશાની મે;
કહે કવિ દાસ તુમ પાસ ખાસ ખોલત હું,
"જુવાની ન જાનો તે તો જીંદગી દિવાની હે." ૧૪૩

વળી પણ—ખરાબખસ્ત કરનારી દીવાની યુવાનીની મસ્તીથી ચેતીને ચાલજોરે સઉ ભાઇ ! હરિગીત.

અલમસ્ત મસ્ત યુવાનીથી સૌ ભાઇ ચેતી ચાલજો,
એ સર્પિણી ડંખે નહિ માટે જરા સંભાળજો;
દિવાની એ યુવાનીને દુશ્મન ગણી શંકર ડરે,
ફટ ફટ યુવાની આંધળી તું વિષયને વ્હાલો કરે. ૧૪૪
સુગુરૂ અતિ સદ્દ્ભાવથી આપે શિખામણ ચિત્તને,
પણ તું નહિ ટકવા દીએ ઇચ્છેજ તારી જીતને;
ડર કોઇનો રાખે નહિ મૃત્યુ ભલે માથે ફરે;
ફટ ફટ યુવાની આંધળી તું વિષયને વ્હાલો કરે. ૧૪૫

યૌવન પણ પાપમાં પડનાર છકેલ તથા ક્ષણભંગુર છે, તથા (रामा रमा वैभव:) કહેતાં લક્ષ્મી અને મનમોહિની સુંદરીઓના વિલાસ વૈભવ સુખો ખરેખર સંધ્યાના રંગ સમાન છે, એટલે કે સંધ્યાકાળે અનેક પ્રકારનાં રંગીએરંગી વાદળાંઓ થાય છે તે વખતનો દેખાવ ઘણો વિચિત્ર ને રમણીયતર લાગે છે, અને ઇંદ્રધનુષ્યની શોભા પણ ઘણીજ મનોરંજક જણાય છે, તે શોભા તથા અભ્રપટળની રંગએરંગી લીલાઓ-શોભાઓ ઝાઝી વાર ટકી શકતી નથી, ટુંક સમયમાંજ તે સર્વ દેખાવ જોતજોતામાંજ વિલાઇ જાય છે, તે વિષે કહ્યું છે કેઃ— ઉપજાતિ વૃત્ત.

વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરીચાપ અનંગરંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ. ૧૪૬

એવાં ક્ષણભંગુર કનકને કાંતાનાં વૈભવોસુખો નશ્વર છે, છતાં પણ મોહમાં મુગ્ધ બનેલા પામર પ્રાણીઓ તેઓને માટે ઘણાં વકકર્મો કરે છે, અનીતિઓ આદરે છે, કુડકપટો—દગાફટકા કરે છે, અનાર્ય દેશોમાં ઘણે દૂર જાય છે, અને મહાઘોર અકૃત્ય કર્મો કરે છે, અને તે લક્ષ્મી તથા સ્ત્રીનો નાશ થઇ જાય છે, તે વખતે તો પછી મહા ભારે પશ્ચાતાપ કરે છે. તે વિષે કહ્યું છે કેઃ-

લલિતછંદ.

રમણીરંગમાં અંગ ઉલસ્યું, વિષયસુખમાં ચિતડું વસ્યું;
શિયળભંગનો દોષ ના ગણ્યો, અરર હાયરે ! બાવરો બન્યો. ૧૪૭
કપટકુડનાં કર્મ તો કર્યાં, ધન રળીરળી ભોંયમાં ભર્યાં;
કર વિચાર તે કોણ કાઢશે ? સમજ પ્રાણીઆ શી ગતિ થશે. ૧૪૮

ગરીબ પ્રાણીના પ્રાણ મેં હર્યા, ત્રસ સ્થાવરો જીવ ના ગણ્યા;
થરર ધ્રુજતા મોતથી ડરી, અરર એહુની ઘાત મેં કરી. ૧૪૯
ધન હીરાકણિ મોતીને મણિ, અબુર્દ અર્થનો હું થયો ધણી;
અધિક આશ તો અંતરે ઘણી, અરર લોભને ના શક્યો હણી. ૧૫૦

આવા પ્રકારની અસ્થૈર્યતા જાણી તે ઉપરથી મમત્વભાવનાં પડ અને થર ઉતારવા, તથા પવિત્ર એવા ધર્મનું સુખે આરાધન કરવું, કે જેથી કરી આ જન્મ જરા ને મરણરૂપી સંસારસમુદ્રનો અંત આવે, અને અક્ષય મોક્ષલક્ષ્મીનો લાભ થાય. હવે તેના ઉપર મુંબાઇમાં શેવ ફુલવડી વગેરે ચવાણું વેચનાર એક ગરીબ વણિકનું સદ્‌ભાગ્યે શ્રીમન્ત થયાનું દૃષ્ટાંત કહે છે.

(૭૨)ભાગ્યોદયે દુઃખીદરિદ્રી વાણીઓ ફાવી શ્રીમંત થયો.

કોઇ એક ગામડાનો ગરીબ વાણીઓ રળવા માટે મુંબઇ ગયો. ત્યાં કોઇ ધંધામાં ફાવ્યો નહિ નશીબ બે ડગલાં આગળનું આગળ! બિચારો કોઇ ધંધામાં ફાવ્યો નહિ, ત્યારે તે મનમાં ઘણો મુંઝાયો. વગર મુડીનો ધંધો કરવો પણ શું? મુંબાઇ જેવા શહેરમાં તો પૈસાનો પગલે પગલે ખપ પાડે, ગમે તેવો ધંધો કરે પણ તેમાં થોડો ઘણો પૈસો તો અવશ્ય જોઇએ; તેમાં વળી વણિકજાતિ તો વેપારરોજગાર ઉપરજ જીવનારી છે. કદાચ નોકરી કરે પણ અજાણ્યાને નોકરી રાખે પણ કોણ? કાંઇ મુડી પાસે હોય તો વેપાર કરવાનું પગમાં જોર આવે. બિચારો આ વણિક કોઇ પ્રકારે ન ફાવ્યો, ત્યારે મુંઝાઇને પોતાના ગામનો કોઇ એક બીજો માણસ ત્યાં ચારપાંચ વર્ષથી રળવા આવેલો હતો, તે જરા ઠીક સ્થિતિમાં આવ્યો હતો અને વળી તે પોતાનો પ્રિય ને ઇષ્ટ મિત્ર હતો, તેથી તેને ઘેર ગયો. તેણે તેને માન આપી બોલાવ્યો, ગરીબસ્થિતિમાં પણ જે સન્મિત્ર મિત્રતા તજતો નથી; તેજ ખરો દાનો મિત્ર જાણવો. સુખના સમયમાં તો સઘળા મિત્ર થાય, બધાયે ખમાખમા કરી બોલાવે. કહેવત છે કેઃ—
“ જ્યાં ગળપણ હોય, ત્યાં નહોય ત્યાંથી માખીઓ આવી બણબણે.” જે ઘેર હમેશાં ચાહનાં તપેલાં મુકાતાં હોય તે ઘેર તો ઘણા બેસવા મળવા જાય; પણ બિચારા ગરીબની—અનાથની કોણ ભાળ લે? કોણ આશ્રય આપે? દુનિયા સ્વાર્થનીજ સગી છે, વિષમ સ્થિતિમાં આશ્રય આપી સંતોષ આપનાર તો બહુ વિરલાજ છે. ગરીબ દશાના માણ-

સને તો આવો, બેસો, ખુશીમાં છો ? એવા કોમળ—આશાવાળા શબ્દોજ શાતા પમાડી આધારભૂત બની ઘણોજ સંતોષ પમાડે છે.

આ વણિકને તેના મિત્ર તરફથી જરા મિઠાશવાળા શબ્દોમાં આવકાર મળ્યાથી તેના મનને કાંઇ ધીરજ આવી. પછી વણિકે કહ્યું કેઃ—ભાઇ! આ શહેરમાં હું આવ્યો તો છું, પણ કાંઇ ધંધો સુઝતો નથી, નોકરી પણ મને અજાણ્યાને કોણ રાખે? અજાણ્યાનો વિશ્વાસ પણ કોને આવે? માટે મનમાં મુંઝવણ ઘણી રહે છે. આ વાત સાંભળી પેલા મિત્રે તેને આશ્વાસન આપી કહ્યું કેઃ—તમે મુંઝાશો નહિ ખુશીથી મારે ત્યાં બેચાર દહાડા જમો, તેટલામાં તમને કાંઇક અનુકુળ પડતું સાધન મળી આવશે, અથવા તો હું શોધી આપીશ-એમ કહી તેને જમાડયો. પછી બીજે દિવસે તેણે કહ્યું કે ભાઇ! એક માર્ગ મને સુઝયો છે તે એ કે તમને ફુલવડી (લોટનાં ઝીણાં ભજીયાં) બનાવતાં આવડે છે? વણિકે કહ્યું કે હા. તો હવે હું તમને હાલ એક રૂપીયો આપું છું, તમે ચણાની દાળનો લોટ તેલ મરચું વગેરે સામાન થોડો લાવી તેની આપણે ઘેર ફુલવડી બનાવો અને પછી સાંજે ચોપાટીપર વેચવા જશો, તો જરૂર બધું ખપી જશે તેમાં પ્રતિદિન લાભ પણ સારો મળશે; કારણ કે આ શહેર ખાઉકર વિશેષ છે, હરતાંફરતાં પૈસો ખરચી નાંખે છે, માટે તમારો માલ સહજમાં ખપી જશે.

મિત્રની આ હિતકર સલાહ સાંભળી વણિક તે પ્રમાણે કરવાને તૈયાર થયો. જમવાનું તો ત્રીજે દિવસથી વિશીમાં રાખ્યું, સુવાનું પણ કોઇ એક શેઠના ઓટલા ઉપર રાખ્યું. ફક્ત તેને ઘેર ફુલવડી બનાવી વેચવી ને તેના વધારાના પૈસા રોજ તેમને સાચવવા સોંપવા; તેણે એમ માન્યું કે થોડા સહવાસમાં અન્યોઅન્ય મિઠાસ સારી રહે છે. એક નીતિવાક્ય છે કેઃ—**अतिपरिचयादवज्ञा** । અર્થાત્ અતિ સહવાસથી-પરિચયથી પ્રીતિમાં ઘટાડો થાય છે, અને તેથી અવજ્ઞા પણ થાય ખરી, તેથી ચતુર વણિકે આ રીતિ રાખી અને આટલો આધાર આપવાને માટે—ઠેકાણે પાડવા કાજે તેનો ઉપકાર માન્યો.

ચણાના લોટની ફુલવડી બનાવીને પછી તો રોજ વેચવા લાગ્યો, તેમાં તે ફાવ્યો અને મીઠી વાણીથી લોકોને ભાવી પણ ગયો અને તેમાં પેદાશ પણ સારી થવા લાગી. અહો! કર્મની ગતિ વિચિત્ર છે, જીવને દાણોપાણી ક્યાં દૂર ઘસડી લેઇ જાય છે! આ વણિકને

પણ તેમ થયું, તે પરદેશમાં સુખી થયો. દિવસે વેચી જે કાંઇ ઉપજે તેનો સંગ્રહ કરે, અને એક જાણિતા સાહુકાર માણસની દુકાને વ્યાજે મુકી દે અને રાત્રે એક શેઠના માળાને ઓટલે પોલીસની રજા મેળવી સુખે સુઇ રહે—આ પ્રમાણે વખત ગુજારે, એમ કરતાં મુડી પણ પાસે ઠીક થઇ. પછી એકદા એવું બન્યું કે રાતના દશ વાગે તે વાણીઓ શેઠના માળાના ઓટલા ઉપર સુતો હતો, તે વખતે તેજ માળાના શેઠની ઘોડાગાડી આવી, અંદર શેઠ બેઠેલા હતા તે હેઠા ઉતર્યા, તેમણે આ વાણીઆને ઓટલે સુતેલો જોયો તેથી તે એકદમ આક્રોશપૂર્વક બોલ્યો:—અરે ! કોણ આ સુતો છે ? આવા હરામખોરોનો વિશ્વાસ કરવો નહિ, ઉઠ અલ્યા ! કેમ અહીં પડયો છે ? પેલો બિચારો વાણીઓ થરથર કંપતો નમ્રતાપૂર્વક બોલ્યો:-શેઠ સાહેબ ! હું ગામડાનો ગરીબ વાણીઓ છું, અને પોલીસની રજા લેઇ આપને ઓટલે રાતે પડયો રહું છું; હું હરામી બદમાસ નથી. આથી તો ઉલટા શેઠ વધારે કોપ્યા કેમકે તેના મગજમાં લક્ષ્મીનો કેફ બહુજ હતો તેથી કોપપૂર્વક બોલ્યા:—અલ્યા ! કેમ તું કાંઇ અમારો શેઠબેઠ થઇ ગયો છે ? બસ ઝટ ઉઠ ! અહીં સુવાની અમારી રજા નથી તારે ગમે ત્યાં પડયો રહે. ત્યારે પોલીસે કહ્યું કે:—શેઠ સાહેબ! માણસ સારો છે. પણ તેનું યે માન્યું નહિ, અને ક્રોધ કરી પોતાના માણસો પાસે ધક્કો મરાવી હેઠો ઉતાર્યો. ગરીબ વાણીઓ અફસોસ ધરતો તથા શેઠની તુંડાઇને શેઠાઇ ને ધિક્કારતો ઓટલા નીચે આવી રસ્તા વચ્ચે ઉભો રહી શેઠને કહે છે કે:—શેઠજી ! મને આ ઓટલા પર સુવા નથી દેતા, પણ કદાચ મારો ભાગ્યોદય તમારા પોઢવાના છત્રપલંગમાં પોઢવાનો થશે તો ત્યાંથી કાંઇ ધક્કો મારશો ખરા કે? આ સાંભળી શેઠ બોલ્યો:-જા, જા સાળા લુચ્ચા ! લવારો શું કરે છે ? ચાલ્યો જા તારે રસ્તે ! પછી વણિક બીજે સ્થાને જઇ સુતો.

કર્મની ગતિ ન્યારી છે, નસીબ પલમાં ચહાય સો કરે ! રાજાનો રંક અને રંકનો રાય સહજમાં કરી ક્ષણમાં હસાવે અને ક્ષણમાં રોવરાવે છે; આ દષ્ટાંતમાં પણ તેમજ બન્યું. નસીબજોગે પેલો માળાવાળો શેઠ સટ્ટામાં ખત્તા ખાધાથી—ખોટ ગયાથી નબળો પડતો ગયો, તેમ પેલો ગરીબ વાણીઓ ફુલવડીમાં ફાવતો ગયો, પૈસો ગાંઠે થતાં જ થોડોથોડો વચમાં બીજો પણ વેપાર કરવા લાગ્યો, તેમાં પણ સદ્ભાગ્યે સવળા પાસા પડતા ગયા તેથી તે થોડા વખતમાં સારો

શ્રીમંત જેવો જણાવા લાગ્યો. પણ તે મનમાં માનતો હતો કે આ સર્વ ઉપકાર મારા સ્વદેશી મિત્રનોજ છે, તેણે મને પ્રથમ એક રૂપીયાનો આધાર આપી આ ધંધે ચડાવ્યો, માટે હું તે ઉપકાર જેટલો માનું તેટલો ઓછોજ છે, દુઃખમાં જે સહાય–આધાર આપે છે, તેજ આ જગતમાં ખરો ખાનદાન ને ઉત્તમ પુરૂષ છે. હવે દૈવયોગે પેલો માળાવાળો શેઠ ખોટની ચોટથી એકદમ ભાગ્યો–એક વખત સટ્ટામાં તેને ઘણી ભારે ખોટ ગઇ, તેથી ખોટનાં નાણાં વસુલ આપવા માળો હરાજ થવાનો વખત આવ્યો. બજારના લોકો ઘણા એકઠા થયા, પેલા શેઠનો માળો હરાજ થતો સાંભળી પેલો ફુલવડીવાળો વાણીઓ પણ ત્યાં આવી ઉભો, અને ગમે તે ખરચે પણ સર્વ ઘરવખરી તથા ફરનીચર સહિત આખો માળો લેવા નિશ્ચય કર્યો. હરાજી ઘણો વખત ચાલી, છેવટે ફુલવડીવાળા વાણીએ શેઠને કહ્યું કેઃ–" શેઠજી ! આ માળાનું સર્વ સરસામાન ફરનીચર સહિત જે ઘટે તે મૂલ્ય લો, પણ આમાંથી આપે રોકડ નાણા સિવાય બીજું કશું લેવું નહિ." એ વાતની શેઠે હા કહી. એટલે પંચે કિંમત ઠરાવી તે પ્રમાણે નાણાં આપી, માળો સ્વાધિન કર્યો. અને કાયદેસર, ખતપત્ર પણ કરાવી લીધું.

પછી પેલા શેઠીઆને કહ્યું:–કે કાં શેઠજી ! મને ઓળખ્યો કે, હું પેલો તમારા માળાના ઓટલા ઉપર સુતો હતો, અને તમે મને તે દહાડે રાતના દશ વાગે ધક્કો મારી કાઢયો હતો–તે, ઓળખ્યો કે સાહેબ ! મેં તે વખતે પણ કહ્યું હતું કે મારૂં ભાગ્ય તમારા છત્રપસંગમાં સુવાનું થશે તો ત્યાંથી કાંઇ કાઢશો ? આ વચન સાંભરે છે કે ? માટે શેઠ સાહેબ ! લક્ષ્મીનો ભરોંસો નથી, ઘડીકમાં આવે છે ને પળમાં જાય છે માટે તેનો ગર્વ ન કરવો. તે વિષે કહ્યું છે કેઃ—

શાર્દૂલ વિક્રીડિત.

જો થાતા ઘડી એકમાં અદરશા વરસાદ કેરા કરા,
જાણો એજ રીતે જરૂર જગના છે ખેલ ખોટા નર્યા;
સાચા ધર્મ અધર્મ કર્મ સઘળાં ટાળ્યાં નહિ તે ટળે,
ચેતે જે દલપત્ત ચિત્ત નહિ; તો તે ખોટ ખાશે ખળે.

માટે આ દુનિઆમાં ગરીબાઈ રાખી ભલાઇ મેળવવી તેજ સાર્થક છે, બાકી તો સર્વ માયાવી ને ક્ષણભંગુર છે એટલું કહી શેઠના કાન ઉઘાડયા. વળી સર્વ ત્યાં ઉભેલા જનસમૂહને નીચેની

૧૫૦ પ્રભુ પાસે દયા માગનારાં સુખીઆંએ દુઃખીયાં પર દયા કરવી.

મનોવેધક કવિતા ગાઇ સંભળાવી. **ગજલ કવ્વાલી.**

અરે ઓ સુખીઆ લોકો ! દુખીને ના ભૂલી જાશો;
મનુષ્યની પદ્વી પામીને, ન રંકો ને ભૂલી જાશો. અરે૦ ૧૫૨

કર્યાં સતકર્મ જે પૂર્વે, સુફળ તેનું સ્વીકારીને;
હવે સુખમાં થઈ શોખીન, દૂખીને ના ભુલી જાશો. અરે૦ ૧૫૩
થયા શ્રીમંત કે રાજા, પ્રભુની તે દયા જાણો;
પ્રભુ આજ્ઞા ઉથાપીને, દૂખીને ના ભુલી જાશો. અરે૦ ૧૫૪

અવિદ્યાથી દૂખી લાખો, અનંતો ભુખથી ભટકે;
પીડાતા સેકડો દરદે, દૂખીને ના ભુલી જાશો. અરે૦ ૧૫૫
ખીલેલું પુષ્પ ખરવાનું, જે આવ્યું તે જવાનું છે;
કર્યું હાથે જ તે સાથે, દૂખીને ના ભુલી જાશો. અરે૦ ૧૫૬

તમે છો શ્રેષ્ઠ રંકોથી, પ્રભુ છે સર્વથી મ્હોટો;
નહી કદીએ ભુલે તમને, દૂખીને ના ભુલી જાશો. અરે૦ ૧૫૭
ઉદય ને અસ્ત છે સૌનો, કરે અભીમાન મૂરખાઓ;
છે ભરતીઓટ લક્ષ્મીની, દૂખીને ના ભૂલી જાશો. અરે૦ ૧૫૮

દૂખીને જો ભૂલી જાશો, પ્રભુ તમને ભુલી જાશે;
ગજબ થાશે આ દૂનીયામાં, દૂખીને ના ભુલી જાશો. અરે૦ ૧૫૯

બંધુઓ ! આ કવિતા વિવેકી જનોને ખાસ મનન કરવા જેવી છે. દુઃખી મનુષ્યોની સ્થિતિ કોઇ ઓર તરેહની જ હોય છે. આપ મહાશયોની સમક્ષ ઉભેલો આ માણસ પણ તેવીજ સ્થીતિમાં એક વખત હતો. આજથી ચારપાંચ વર્ષ પહેલાંનો મારો સમયકાળ કેવો હતો, તે મનેજ કહેવા ઘો ! માત્ર દોરીલોટો લઇ માંડ માંડ આ શહેર ભેળો થયો હતો, નિરાધારપણાથી મારૂં મન ઘણું જ મુંઝાતું હતું, ભલું થજો આ મારા પરોકારી માયાળુ મિત્રનું, કે તેણે મને આધાર આપ્યો, બે ત્રણ દિવસ ઘેર રાખી જમાડયો, તથા રોકડા એક રૂપીઆનો આધાર આપી ધંધે ચડાવ્યો. ગૃહસ્થો ! એક રૂપીઓ તો મુંબાઇ જેવા મોજીલા શહેરમાં તમારે હિસાબમાં પણ નહિ હોય, પણ ગરીબ અનાથ નિરાધાર માણસને તો તમારે મન નજીવો એક રૂપીઓ મોટામાં મોટું મદદગાર નાણું થઇ પડે છે. મને પણ આવી

ઉંચ સ્થિતિએ આવવાનું મુખ્ય કારણ કહું તો મારા વહાલા દાના ને ડાહ્યા દોસ્તે આપેલો એક રૂપીઓ જ છે. એ માટે ફરી ફરીને પણ કહેવું પડે છે કે એ મિત્રનો ઉપકાર મારાથી કદી પણ નહિ ભુલાય તેવો છે. માટે આપણે લક્ષ્મીના મદમાં અંધ નહિ થઇ જતાં નિરાધાર અનાથને કાંઇક આશ્રય આપી રસ્તે ચડાવવા જોઇએ. એજ લક્ષ્મી પામવાનું પ્રમાણ ને સાર્થક છે. આ બધુ સાંભળી માળાના મૂળ ધણી શેઠ તો પોતાની તુંડાઇ છક મદ હુંપદ અને ભુલ માટે ઘણું પસ્તાઇ મુંગામુંગા ચાલતા જ થયા.

આ દૃષ્ટાંતની મતલબ એ છે કે તન ધન જોબન વગેરે દુનિઆમાં મોહક લાગતી સર્વ વસ્તુઓ નશ્વર છે, જોતજોતામાં તેનો નાશ થઇ જાય છે, માટે સમજુ–શાણાએ તેનો વિશ્વાસ કર્યા જેવું નથી, તેથી વિવેકી ઉત્તમ પુરૂષે તેમાં અતિ આસક્તિ નહિ પામતાં કાંઇ આત્મ હિત કરવું તેજ સર્વોત્તમ છે. (૬૭)

गच्छ गच्छ पथ मच्छ जिनोक्तं ।
यच्छ यच्छ शुभदान मजस्त्रम् ॥
पृच्छ पृच्छ गुरवे निज भद्रं ।
शैव शर्मवर वांछसि चेत्त्वम् ॥ ६८ ॥

અર્થ:—હે પ્રાણી ! તું શિવગતિનાં ઉત્તમ સુખ મેળવવા ચાહાતો હોય, તો સર્વજ્ઞ શ્રીજીનેશ્વરે કહેલા પવિત્ર પંથે ચાલ, તથા હંમેશા શક્તિ મુજબ શુભ ભાવનાથી સુપાત્રને દાન દે, સદ્‌ગુરૂનું સેવન કરી તેમને તારા કલ્યાણનો માર્ગ પુછ; એજ ઉત્તમ વાત છે. (૬૮)

ભાવાર્થ:—આપણે સર્વ આ અગાધ ભવસાગરમાં પડયા છીએ. જો કે સુખ છે તો સર્વ કોઇને પ્રિયતર, દુનિયાનો કોઇ પણ જીવ સ્વપ્ને પણ દુઃખને ઇચ્છતો જ નથી, પણ આપણાં અવળાં કૃત્યો હોવાથી સુખ લેવા જતાં દુઃખના ડુંગરા તળે દબાઇ કચરાઇ જવું પડે છે. માટે જ આ શ્લોકમાં મુમુક્ષુ જનોને કહેવામાં આવ્યું છે, કે હે જીવ ! તુ ઉત્તમ સુખને ઇચ્છતો હોય, તો આ સારી વાત

અંગિકાર કર, કારણકે દુનિઆનાં સર્વ સુખો તો આ જીવે ભવોભવને વિષે અનંતઅનંતિવાર ભોગવ્યાં છે, પણ તે સર્વ સુખોથી તારૂં કંઇ આત્મહિત થયું નથી, વળી તે સર્વ સાંસારિક સુખો અમુક સ્થિતિનાં હોવાથી નશ્વર (નાશવંત) છે. વળી તે સુખો ભોગવવામાં નુકશાન બહુ છે, ત્યારે લાભ સ્વલ્પતર–જુજ છે. પરિણામે તે ભયંકર ને દુઃખદાયી હોવાથી વિવેકીએ તો અગ્રાહ્ય છે. માટે હે પ્રાણી! શાશ્વત ઉત્તમ શિવસુખ સાધવા માટે તો આ મનુષ્યજન્મ જ બહુ કામનો છે, એ મનુષ્યજન્મ રૂપી અમૂલ્ય રત્નને વિષય, કષાય પ્રમાદ રૂપી કચરાપટીમાં રખેને ફેંકી દેતો! ભલા ભાઇ આ અવસર જ ખરેખરો ચેતવાનો છે. તે વિષે કહ્યું છે કેઃ—

સવૈયો.

भगवंत मनंत मजं भजरे ! । मनसा विषयेषु रतिं त्यजरे ! ॥
सुतदारधनादि विहाय चलं । गुरुमात्मविदं शरणं व्रजरे ! ॥
श्रृणु शास्त्र रहस्य कथा विमला । हृदये गत मोहमलं मृजरे ! ॥
निखिलं जगदेतदवे हि मृषा । परमात्मनिनित्य मतिं सृजरे ! ॥
परिहाय मनोभ्रम जालमिदं । प्रभुमेकं मुदारमते ! यजरे ! ५८ ॥

અર્થાતઃ—હે પ્રાણી! જેણે જન્માદિ દુઃખો ટાળ્યાં છે, એવા પ્રભુને ભાવે ભજ, વિષયમાંથી મનની પ્રીતિને તજ! પુત્રમિત્રકલત્રધનધામ વૈભવ વગેરે સર્વ ચંચળ જાણી તજી દઇ આત્મવિત્ (આત્માને ઓળખાવનાર શ્રી સદ્‌ગુરૂ)નું સાચું શરણું લે, ગુરુના મુખની નિર્મળ શાસ્ત્રોની રહસ્ય વાર્તા સાંભળ, સાંભળીને હૃદયમાં રહેલા મોહ રૂપી મેલને ધોઇ નાખ; આ આખું જગત જુઠું છે–એમ ચોકસ જાણ. અહંતા મમતાની આ જુઠી ભ્રમ જાળને તૃણવત્ ત્રિયોગે તજી દે, ઉદાર મતિવાલા મુમુક્ષુ આત્મબંધુ! એક પ્રભુજ સત્ય છે, એમ ચોકસ માની તેના પદને મેળવવા સદા યત્ન કર. તારા આત્મકલ્યાણનો સુરસ્તો સદ્‌ગુરૂને પુછ. જરા મોહ મમત્વમાંથી મોકળો થઇશ, તો જ સદ્‌ગુરૂનાં હિત વચનો ચિત્તમાં ચોંટશે. સદ્‌ગુરૂનાં વચનામૃતો જો કે મિષ્ટાન્ન તુલ્ય છે, અને સંસારની માયાજાળ મોહમમતા અને નાનાપ્રકારનાં સુખો એ બધું ભિખારણના ટાઢા ટુકડા તુલ્ય છે. પણ આ અજ્ઞાની જીવને ધર્મ રૂપી તથા સદ્‌ગુરૂનાં વચનામૃતો રૂપી મિષ્ટાન્ન પસંદ આવતુ નથી, તેને તો ભિખારણના ટુકડા જ ખાવા ગમે છે.

(૭૩) રઢીયાળી રૂપાળી ભીખારણ કદી રાણી થઈ શકે ?

દાખલા તરીકે જેમ કોઇ એક રાજા જંગલમાં શિકાર કરવા ગયો હતો, ત્યાં જંગલમાં આમતેમ ભટકતી કોઇ એક અતિ રૂપાળી ભિખારણને જોઇ તેના ઉપર તે મોહ પામ્યો. ભિખારણ ઘણી દુઃખી–વિકળ હતી, તેને કહ્યું કે તું આમ જ્યાંત્યાં શીદને ભટકે છે ? ચાલ! મારા દરબારમાં હું તને રાણી બનાવી મહાસુખી કરૂં ! ભિખારણ એ સાંભળી ઘણી ખુશી થઇને રાજાની સાથે વાહનમાં બેસી ગામમાં આવી, રાજાએ તેને રહેવા એક મોટા સુંદર મહેલ આપ્યો. કહેવત છે કે '**રાજાને ગમી રાણી, તો છાણા વીણતી આણી.**' પછી બીજી રાણીઓની પેઠે તેને પણ જીવાઇ બાંધી આપી, કેટલાક નોકર ચાકરો તેની તહેનાતમાં મુકયા, રસોઇ માટે રસોઇયો પણ આપ્યો, રખડતી રઝળતી ભિખારણ તો ખમાખમા થવા લાગી, ફક્ત રસોઈ તૈયાર થએ જમવા જેટલું જ કામ રાજાએ તેને માટે બાકી રાખ્યું હતું. રાજા તેને મહેલે રોજ આવતો, નવી પ્રાપ્ત વસ્તુ ઉપર દરેકને મોહ બહુ હોય છે, રાજાની મહેરબાની અને પ્રીતિ તેના ઉપર ઘણી હતી, તેથી સર્વ વાતે તેના સુખનો તો પારજ નહતો. આ પ્રકારની સાહેબી અને મહા અતુલ્ય વૈભવનાં સુખ પ્રાપ્ત છતાં રાણીને મનમાં ચેન ન પડે મજા ન આવે. ખાવા માટે વિવિધ સ્વાદીષ્ટ ભોજનો મળવા છતાં શરીર પુષ્ટ થવાને બદલે ઉલટું દીનપર દીન દુબળું થતું ગયું. બિચારીને સોનાની થાળીમાં સાત વાનીનાં ભોજનો મળતાં છતાં તે અરૂચીકર થયાં, કેમકે એને તો ભીખીને ટુકડા માગી ખાવાનો મહાવરો હતો; તેથી ભર્યે ભાણે જમવું રૂચે જ નહીં. ટુકડા ખાઇને પેટ ભરેલું હોવાથી આવાં ઉત્તમ ભોજનોથી તેનું પેટ ભરાતું નહતું. જેમ ઓખરીયું ઢોર હોય, તે જ્યારે ઓખર કરે ત્યારે જ તેને ઠીક પડે, એ વિના તેને મજા ન પડે. આ રાણી બનેલી ભિખારણને પણ તેમજ થયું, તેનો અંતર રોગ ન પરખાય તેવો હોવાથી વૈદ્ય ડાક્તર કે હકીમથી તે દૂર થાય તેમ નહતું, તે રોગ તો સુચતુર મર્મજ્ઞ કે રાણીને પોતાને હાથેજ જવાનો સંભવ, તેનું કારણ કે તેનો ઇલાજ તેનો ભેદ જાણનાર વગર થઇજ ન શકે! પછી તે ભિખારણમાંથી બનેલી રાણી રાતે સઉના સુઇ ગયા કેડે ઉઠી રસોડામાંથી વધેલા રોટલા લઇ આવી, તેના ઝીણાઝીણા ટુકડા કરી જાળીઆમાં ને ગોખલામાં મુક્યા, પછી તેની પાસે જઇ બોલી કેઃ—

"દેજો માતા લક્ષ્મી તમારૂં કલ્યાણ થશે, એકના ઇકોતેર થાશે" વગેરે માગનારના જેવાં દીન વચનો બોલી તેમાંથી ટુકડો લઇ ખાધો, વળી બીજા ગોખલા પાસે જઇ એમ બોલી ટુકડો લઇ ખાધો—એમ સર્વ ટુકડા લઇ ખાધા; ત્યારે આવી ક્રિયાથી તેનું પેટ ભરાણું અને મજા પણ આવી ને પરમશાંતિ મળી. એક વખત આ ક્રિયા રાજાના જોવામાં આવી ગયાથી તેની નીચતા અને તુચ્છતાને માટે ફિટકારી ધિક્કારી તેને કાઢી મેલી.

પ્રિય વાચક બંધુઓ! આપણો આ જીવાત્મા પણ પેલી ભિખારણના જેવોજ તુચ્છ છે-એમ સમજજો. આ જીવને મોક્ષનાં સાધનો રૂપી મિષ્ટાન્ન મળવા છતાંપિ તેમાં પ્રીતિ ન ધરાવતાં પેલા ટુકડામાંજ દિલ દોડે છે, ને રાત દહાડો રમારામામાં મનડું રમ્યાજ કરે છે, અનેક કુકર્મો કરી જન્મમરણના ફેરા વધારી દે છે. પણ અજ્ઞાનમાં અંધ બનેલ આ પામર પ્રાણી એટલું પણ સમજતો નથી, કે અહીં તો અનેક પ્રકારનાં કુડકપટો કર્યાં, દગાફટકા કરી પ્રાણીઓને પ્રપંચ જાળમાં નાખ્યા, મદાંધ બની અનેક અકાર્યો કર્યાં, પણ પરભવમાં મારૂં શું થશે? અવશ્ય મારે તે સર્વ કર્મનો બદલો પરલોકમાં દેવોજ પડશે, ત્યાં કાંઇ પોપાબાઇનું રાજ્ય નથી, કે ત્યાં ટકે શેર ભાજી ને ટકે શેર ખાજાં વેચાય. વેદાન્તી જ્ઞાની કવિ શ્રીસુન્દરદાસે કહ્યું છે કે:—

કવિત.

કરત પ્રપંચ ઇન પંચેંદ્રીકે વશ પડયો,
પરદારા સેવત હે કરત બુરાઇકો;
પરધન હરે પરજીવકી તું ઘાત કરે,
મધમાંસ ખાય લવલેશ ન ભલાઇકો;
હોયગા હિસાબ તબ, મુખ નહિ આવે કબ,
સુંદર કહત લેખા લેત રાઈરાઇકો;
ઇંહાં તો કિયો વિલાસ, યમકો ન આયો ત્રાસ,
ઉવાં તો નહિ હે કછુ રાજ પોપાબાઇકો. ૧૬૦

માટે હે આત્મબંધુ! આ મહામોંઘા મુલની જીંદગી-નરભવ સફળ કરવા માટે ઉપર કહેલાં સર્વોત્તમ સાધનોનું સપ્રેમે સેવન કરજો, તારા હૃદયને વૈરાગ્યથી ભરપુર ભરજે, અકૃત્ય કાર્યોથી ડરજે, સન્માર્ગમાં વિચરજે, સદા ધૈર્ય ધરી સદ્ધર્મનું ધ્યાન ધરજે; અને છેવટ સુમરણે મરજે, કે જેથી પછી બીજા જન્મમરણોના ફેરા કરવા ન

પડે. આવા આવા જ્ઞાન ફટકા વિના કદી પણ હૃદયની જાગ્રતિ થતી નથી, જેથી કરીને હંમેશના જ્ઞાનફટકાથી હૃદયને વૈરાગ્યમય રાખવું, તો કોઇ વખત પણ સુખી થવાનો વારો આવે. હવે તેના ઉપર એક રાજાને જ્ઞાનફટકો લગાવનાર એક માલીનું દૃષ્ટાંત કહે છે.

(૭૪) પુષ્પશય્યાની પીડા ! માળીના જ્ઞાન ફટકાની ચોટ ! !

એક માળી હમેશાં એક રાજાની પુષ્પશય્યા (ફુલની સેજ) પાથરતો હતો, તેમાં પુષ્પની એવી તો ખૂબીદાર સરસ ગુંથણી કરવામાં આવતી હતી, કે પાંખડીનો ભાગ ઉપર અને વૃન્ત (ડીટડી)નો ભાગ નીચો ગોઠવાય. રાજા તરફથીજ સખતાઇ હતી, કે આખી શય્યામાં એક પણ ડીંટડું ઉપર ન આવવું જોઇએ; નહિ તો માળીની ખબર લેવાશે. આ પ્રમાણે નિત્ય પથારી કરવી પડે, કાલની પથારી આજ કામ ન આવે, એમ કરતાં એક વખતે પુષ્પશય્યા ગુંથી રહ્યા બાદ માળીને વિચાર થયો કે આ પુષ્પશય્યા હું રોજ મહારાજાને વાસ્તે ગુંથું છું તો ખરો, પણ મારી આ કૃતિનો મેં તો કદી લાભ લીધોજ નહિ આતો **રાંધનારને ધુમાડો** એવું થયું. આ ફુલની શય્યામાં સુવાથી કેવી મજાહ આવતી હશે ?! રાજાજીને આવવાને હજી વાર છે, તો લાવ તેટલામાં હું જરાવાર લેટી જાઉં-એમ વિચારીને તે પુષ્પશય્યામાં સુતો કે થોડીવારમાં નિદ્રા આવી ગઇ અને પુષ્પ-શય્યા પણ ચુંથાઇ ગઇ. પુણ્ય વિના વૈભવ શોભતો નથી, પાડાને નાગરવેલનાં પાન ચવરાવવામાં શો લાભ ? તેમ આ માળી પુષ્પપથારીમાં સુતો તો ખરો, પણ તે હતભાગી બીલકુલ શોભતો નથી. થોડી વારે ઉઠીશ એમ વિચારી સુતો હતો, પણ નિદ્રા વેરણે તો છેક ભાન ભુલાવી દીધું. કહ્યું છે કેઃ—

દુહો—ચંદા વેરી વાદળાં, જળ વેરી સેવાળ;
માણસ વેરી નિદ્રડી ને મન વેરી જંજાળ. ૧૬૧

રાતના નવ વાગ્યા, એટલે મહારાજા કચેરી બરખાસ્ત કરી મહેલે આવી પુષ્પશય્યામાં સુવા જાય છે, ત્યાં જોતાં તો કોઇ માંદળામાં ભેંસ પડી હોય તેમ પથારીમાં પેલા માળીને પડેલો જોયોઃ જોતા વેંતજ કોપાયમાન થઇ જઇ પાંચ પચીશ ગાળો ચોપડી દીધી, અને ઘણો આક્રોશ કરી પોતાની પાસે મીણુ પાએલો ચાબુક હતો તેના ત્રણ ફટકા જોર બંધ લગાવી દીધા. પેલો બાપડો માળી એકદમ

સંભ્રમથી બેબાકળો થઇ ઉઠયો, ને આંખો ચોળતો છત્રપલંગથી હેઠો ઉતરી એક બાજુ ઉભો રહ્યો. મહારાજે કહ્યું:–હરામખોર ! કમબખ્ત ! મારી પથારીમાં તું કેમ સુતો ? મારૂં સુવાનું સુખ તેં બગાડયું માટે તને તો એજ શિક્ષા ઘટે. પેલો માળી પોતાની ભુલ માટે મનમાં ઘણો પસ્તાયો કે મેં ન કરવાનું કીધાથીજ આ માર ખાવો પડયો. પણ તેને રાજાને બે વિનય વચનો કહેવાનો વિચાર થયો, અને આ પ્રસંગ જોઇ મર્મમાં જ્ઞાનફટકો મારવાનો વિચાર કર્યો. પછી તેણે તે વખતે ખૂબ હસવા માંડયું, ત્યારે રાજાએ વિસ્મય પામી કહ્યું:—અલ્યા મૂઢ ! તને તારા ગુના માટે માર્યો છતાં તું હસે છે કેમ ? અત્યારે તો તને હૃદયમાં શોક થવો જોઇએ. તે સાંભળી પ્રસંગ મળ્યો જાણી માળી રાજા પ્રત્યે બોલ્યો કે:–સાહેબ ! બીજું તો કાંઇ નહિ, પણ મને આપની બહુ દયા આવે છે, તે એમ કે મેં ન કરવાનું કીધું, કોઇ દિવસ આ શય્યામાં શયન ન કરૂં, પણ આજે વિચાર થઇ આવ્યો જેથી બે ઘડી સુતો, તેવામાં તો યમરાજા (કર્મદેવ) તરફથી સત્વર ત્રણ ફટકાનો હુકમ આવ્યો. તો જે પુરૂષ આ પુષ્પની પથારીમાં સદા સુતો હશે, તેને તો કેટલાયે ફટકાનો માર ખાવો પડશે ? અને તે આપ સરખાનાં કોમળ શરીરો કેમ સહન કરશે ? આ વિચાર આવવાથી મને સખેદાશ્ચર્ય થવાથી હસવું આવ્યું—તે માફ કરજો સાહેબજી ! એટલું બોલી તે મૌન રહ્યો. આ સાંભળી રાજા ઘણું આશ્ચર્ય પામ્યો અને વિચાર્યું કે:—હા એતો ખરૂં જ કે બે ઘડી સુવાથી ત્રણ ફટકા ખાવા પડયા, તો કાયમ સુનાર એવો જે હું તેને તો શું યે થશે ? અરેરે આ વૈભવસુખો નિડરપણે ભોગવવાથી કોણ જાણે મારે તો કેવો યે માર ખાવો પડશે ? ખરે આ સંસારનાં સુખો અસાર છે—એવો માળીનાં કટાક્ષ વચન ઉપરથી સવળો અર્થ રાજાએ લીધો અને તુરતજ વૈરાગ્ય પામી સંયમ ગ્રહણ કર્યું.

આ દૃષ્ટાંતની મતલબ એ છે કે, આવાં અસાર અને નાશવંત સાંસારિક સુખો વિષયવિષમાં લુબ્ધ થઇ વિવેકીએ તેમાંજ મચ્યા પચ્યા ન રહેવું પણ ઉપર બતાવ્યા પ્રમાણે હમેશાં કાંઇ પણ આત્મહિત કરવું, માથે ડર રાખવો, જ્ઞાની પુરૂષોના જ્ઞાનફટકાથી ચેતી–ચમકી મનની મમતાને મટાડવી, દીવાનખાનાની દિવાલે ઉત્તમ ધર્મ નીતિનાં વાક્યો લખવાં અગર ચોડવાં, અને હમેશાં પ્રાતઃકાળે ઉઠી એકવાર તે વાંચી જવાં તેથી મન કુણું રહેશે, અકાર્યો કરતાં અટ-

કરી શ્રીભરતમહારાજા (પહેલા ચક્રવર્તી) જેવા મહાન વૈભવી પુરૂષ પણ નિત્ય નાહીધોઇ વસ્ત્રાલંકાર પહેરી રાજસભામાં જતા હતા, ત્યારે પોતે રાખેલા શાણા માણુસોનાં નીતિ વાક્યો સાંભળતા તથા ધર્મ-બોધનાં કટુ વાક્યો પણ સાંભળતા પછી રાજસભામાં જતા. મતલબ કે આવા મહાન વૈભવ સુખોમાં મશગુલ બની જઇ મન ઉદ્ધત ન થઇ જાય, પણ નમ્રતાથી મન કુણું રહે માટેજ તેવા હિતસ્વી ઉત્તમ રાજાઓ આ પ્રમાણે ખાસ પોતાને માટેજ ઉપદેશકો રાખતા. જન્મ ધરી જો પ્રભુ ન ભજ્યા, તો પછી આ માનુષત્વ શા કામનું છે? તે વિષે કહ્યું છે કે:—

કવિત.

સજ્જન સન્માન વિના, તીરહુ કમાન વિના,
ગાનેકુ કંઠ બિના, જાન બિના વર હે;
રાજા એક દલ બિના, ઘોડા એક છલ બિના,
બરછી એક ફુલ બિના, જલ બિના સર હે;
નારી એક રૂપ બિના, સેવા એક ધુપ બિના,
કવિતો કવિતાય બિના, દીપક બિન ઘર હે,
કહે કવિ નંદભાટ, વિચારો અપનેહી ઠાઠ,
રામ નામ બિના જીભ, અરૂ દાનબિના કર હે. ૧૬૨

માટે હમેશા માનવજીવન સફળ કરવા માટે શ્રીવિતરાગપ્રણિત સન્માર્ગનું સ્નેહે સેવન કરવું કે જેથી આ આત્મા પરમશાંતિ પામી ઉચ્ચ મોક્ષપદને પામે. (૬૮)

गुरोराषिर्मनुष्याणां । मोक्षसोपानमादिमम् ॥
मूलादागतंतोयंही । फलचैव विवर्धते ॥ ६९ ॥

અર્થ—શ્રી સદ્‌ગુરૂની શુભ આશીશ મેળવવી એ મોક્ષ મહેલમાં જવાનું પહેલું પગથીઉ છે, જેમ ખરેખર મુળમાંથી આવેલું પાણી વૃક્ષને ફળ ઉત્પન્ન કરે છે, પણ ઉપર પાણી રેડવામાં આવે, તો તે કંઇ ફળની વૃદ્ધિ કરી શકતું નથી. (૬૯)

ભાવાર્થ—શિવસુખના અભિલાષી મુમુક્ષુજનોને ગુરૂજનોની આશીશ એજ મોક્ષપુરીમાં જવાનુ પહેલું પગથીઉં છે. આ બાબત દાખલો આપે છે કે વૃક્ષના મુળમાંથી આવેલું પાણી જ ઝાડની પુષ્ટિ અને ફળની વૃદ્ધિ કરે છે, પણ અદ્ધરથી પડેલું ઉપરથી રેડેલું પાણી તેમ કરતું નથી. તેમજ મોક્ષેચ્છુ પ્રાણી મોક્ષની પ્રાપ્તિ માટે ભલેને અનેક પ્રકારની ક્રિયાઓ કરે, પણ ગુરૂજનોના આશિર્વાદ રુપી મિષ્ટ પ્રસાદથી વંચિત રહેલો હોય, તો તે અક્ષય મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરી શકતો નથી. તે વિષે મણિરત્નમાલાના આરંભમાં કહ્યું છે કેઃ—

अपार संसारसमुद्र मध्ये । निमज्जतो मे शरणं किमस्तिः ।
गुरुः कृपालुः कृपया वदेतद्विश्वेशपादांबुज दीर्घनौका ॥८१॥

અર્થાત્—સદ્‌ગુરૂનું શરણ એજ સુખનું નિદાન જાણવું. શ્રી સદ્‌ગુરૂને શિષ્યે જ્યારે સવિનય પુછ્યુ કે, હે કૃપાલુ ગુરૂ ! આ ભયંકર સંસારસાગરમાં હું બુડું છું, તો કોને શરણે જાઉં, કે જેથી તેમાં ન બુડું. ઉત્તરમાં ગુરૂએ કહ્યું કેઃ–હે શિષ્ય ! સંસાર તરવાની ઇચ્છા હોય, તો સદ્‌ગુણી અને કૃપાનિધાન જ્ઞાની સદ્‌ગુરૂને શરણે તુ જા ! કારણ કે કહ્યું છે કેઃ—

દુહા—ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂ વિના ઘોર અંધાર;
જે ગુરૂ અક્ષર ભેટીઆ, તે ન પડયા સંસાર. ૧૬૩
વિઘનહરણ મંગળકરણ, સુખદાતા ગુરૂરાય;
ભાવ ધરીને ભેટતાં, દુઃખદરીદ્રય દુર જાય. ૧૬૪

કવિત—પારસ પલકમાંહિ, લોહકુ સુધાર લેત,
પારસ સ્પર્શ તે છિનમાંહિ, હેમ હોઇએ;
આક ઢાક વૃક્ષનકું, ચંદન સુધાર લેત,
આપકે સમાન કેત શીત ખુશબોઈ હે;
જૈસે ભૃંગ કીટકકું, સુધારે ફિરાન અંગ,
ભૃંગ સંગ ભૃંગ હોય, કીટ જાતી ખોઈહે;
કહત હે બ્રહ્માનંદ, કાય મન વાણી કરી,
તતકાળ શીષ્યકું સુધારે, ગુરૂ સોહિ હે. ૧૬૫

માટે મુમુક્ષુએ હમેશાં સદ્‌ગુરૂને શરણે રહેવું, ગુરૂ જો કે આપણુને મોક્ષ આપી દેતા નથી, પણ આપણને તે મોક્ષમહેલમાં પહોંચાડવા

માટે માર્ગદર્શક-ભોમિયા હોઇ સરલ ને નિર્ભય રસ્તો બતાવી દે છે-એ ઉપકાર કંઇ ઓછો ન કહેવાય. જેમ વગડામાં ભુલો પડેલો કોઇ વટેમાર્ગુ ઇષ્ટ સ્થાન પ્રાપ્ત કરવા માટે આમતેમ જ્યાં ત્યાં ભટકે છે, તાપ તૃષા ને થાક પણ સખત અસહ્ય-સહન ન થઇ શકે તેવાં લાગ્યાં છે, તૃષાથી પ્રાણ પીડાય છે, ગળું સુકાઇ જવાથી મોઢે બોલી પણ શકાતું નથી, આંખમાંથી ચોધારાં આંસુ ચાલ્યાં જાય છે. આ પ્રકારની દયાજનક સ્થિતિ વાળા પેલા ભુલા પડેલા અને ભમતા વટેમાર્ગુને એ જંગલના પરિચિત-ભોમિયા કોઇ એક ભરવાડે જોયો, તે બિચારાને દુઃખી જોઇ તેને બહુજ દયા આવી, તેથી કરૂણા કરી પાસે જઇ તેને જવાનું હતું, તે ગામનો રસ્તો બતાવ્યો. તે રસ્તે ચાલી જતાં એ વટેમાર્ગુ ઝટ ગામ ભેગો થઇ ગયો. અહાહા ! તેને એ વખતે કેવો આનંદ થયો હશે ? રસ્તો બતાવનાર એ ભલા ભરવાડનો તે કેવો ઉપકાર માનતો હશે ? તેમ આ જીવ સંસાર-અટવીમાં સુખનાં સાધનો માટે જ્યાંત્યાં અથડાય છે-ફાંફાં મારતો ભટકે છે, મોહમમત્વના ઉન્માર્ગમાં પડી જઇ હેરાન થાય છે, તેથી દયાળુ સદ્ગુરૂ તેને તે કુમાર્ગથી રોકવા માટે અનેક દાખલા દલીલો આપી સમજાવી પાછો વાળે છે, અને સન્માર્ગે દોરે છે-ચઢાવે છે; માટે સદ્ગુરૂ પરમોપકારી છે. પ્રદેશી જેવા મહાન પાપી રાજાને પણ સદ્ગુરૂ શ્રીકેસીસ્વામીએ આવી પ્રથમ તો પોતે અપમાન સહીને પણ અનેક દૃષ્ટાંતોથી તેના મનનો ભ્રમ ભાંગી નાંખ્યો, અને તેનો હિંસકપણાનો સ્વભાવ તદ્દન છેદી નાંખ્યો; ને તેને પરમ સદ્ધર્મી બનાવ્યો આત્માનો ઉદ્ધાર કરી હૃદયની ઉદ્ધતાઇ ધોઇ નાખી. વાહવાહ ! ધન્ય છે એવા કેસી ગુરૂને ! અને ધન્ય છે તે આત્મોદ્ધારક પ્રદેશી નૃપને ! કે જેણે ધર્મ પામ્યા પછી ફક્ત ઓગણચાળીશ દિવસમાંજ આત્મકલ્યાણ કરી લીધું. હવે તેના ઉપર કોઇ એક મોહમુગ્ધ પુરૂષનું દૃષ્ટાંત કહે છે.

(૭૫) મોહમુગ્ધ પુરુષને સ્વાનુભવથી સાન આવી !

કોઇ એક નગરમાં એક સંત મહાત્મા ફરતાફરતા ગયા. તેમનો ધર્મબોધ સાંભળવા માટે સર્વ મુમુક્ષુજનો ગયા; ધર્મબોધ સાંભળી સર્વ સ્વસ્થાને ગયા. પછી ભિક્ષા લેવા જતાં એક સ્વધર્મી જંજાળી પુરૂષ મળ્યો, તેને સંતે કહ્યું કેઃ-ભાઇ ! કેમ ધર્મસ્થાને ન આવ્યા ? જંજાળી બોલ્યો કેઃ-મહારાજ ! હું તો બહુજ કામમાં છું, પણ હવે વખત મળશે તો એકાદ ફેરો તમારી પાસે આવી જઇશ. એમ કહી

તે ઘેર ગયો સંત ભિક્ષા લઇ સ્વસ્થાને ગયા. પછી રાત્રે પેલો ઉપાધિવાળો પુરૂષ મહારાજનું મન સાચવવા આવીને બેઠો, તેને મહાત્માએ ઉપદેશ આપ્યો કે:–ભાઇ ! સંસારમાં ધર્મનું શરણુ સત્ય છે, પુણ્યરૂપી ભાતુંજ સંગે આવશે, માટે સ્ત્રીપુત્રાદિકમાં અતિ આસક્તિ–મોહમમતા ન રાખવી જોઇએ. જંજાળી કહે:–મહારાજ ! મમતા કેમ ન હોય ? સ્ત્રીપુત્ર હોઇને તો આ બધું છે ! આપને ઠીક છે, કે **"આગળ હાથ પાછળ હાથ ને રક્ષા કરે ગોરખનાથ"** અહીં તો બિચારાં બાયડી છોકરાં મારા ઉપરજ આધાર રાખી બેઠાં હોય, તેમને તમે કહોછો કે ખોટાં છે, તો પછી તમારા આવા મોટા ગોટા મને કેમ પાલવે ? સંત કહે:—તને સ્ત્રી બહુજ વહાલી છે ? તે તારે આધારેજ જીવે છે? ઉત્તર દીધો:–હા જ તો, હું નહોઉં તો એ બિચારીના શાયે હાલ થાય ! મારે માટે તો તે પ્રાણ પાથરે છે, ક્ષણ માત્ર પણ મારો વિયોગ ન ખમી શકે, એને મન હું ને મારે મન એ એવી પરસ્પર અમો બન્નેની સુદૃઢ પ્રેમગ્રંથી તોડાવા ઉભા થયા તે કેમ બને ? મહારાજ ! સ્ત્રીપુરૂષનો પ્રેમ એ અગમ્ય છે પરંતુ તેનો મહિમા તમો સાધુજનો શું સમજો ? આ પ્રમાણે જંજાળીનું મહાસક્તિવાળું વિચિત્ર ભાષણ સાંભળી સંત બોલ્યા:–ભાઇ ! તું હજી ઝેરને ઓળખતો નથી, માટેજ તેં ઝેરને ગોળ માન્યો છે, પણ ઝેરનું તને આપોઆપ ભાન થશે, ત્યારેજ તું હારી સર્વે રીતે ઠેકાણે આવીશ, ને ત્યારે બધુંયે તજી દઇશ. પણ હાલ તો તને એટલુંજ કહું છું કે, તને જો તારી સ્ત્રી ઉપર બહુજ પ્રેમ–હેત–મોહ હોય, અને તે તને પૂર્ણ ચહાતી હોય, તો પણ તું તેની એકવાર ખાતરી તો કર ! તે એવી રીતે કે થોડા દિવસ તું માંદગીનો દેખાવ દે, છેવટે ખાટલાવશ થઇ અંતકાળનો દેખાવ આપ, અને પછી જો ! તારી સ્ત્રી તરફથી તને શુ શું જણાય છે, તે બરાબર ધ્યાન રાખજે; પણ ખુબ સાવચેતીથી રહેજે, પસ્તાવું ન પડે ! આ વાત તેના લક્ષમાં કાંઇક આવી અને મહારાજના વચનની ખાતરી કરવાનો વિચાર તેને થયો, પછી તે પગે લાગી ઘેર ગયો. અને તેજ દિવસે માંદા પડી જવાની નિશાની ઘરમાં જાહેર કરી કે:–પ્રિયતમા ! આજે તો શરીર ઠીક નથી, કાંઇ ચેન પડતુ નથી પેટમાં દુ:ખે છે મારે ખાવું નથી—એમ કહી ભાણાપરથી ઉઠી ગયો. દિવસે દિવસે મંદવાડ વિશેષ જણાવતો ગયો, ખોરાકપાણીમાં પણ ઘણો કમતી કરી નાખ્યો, એટલે ઢોંગ—દેખાવ

પણ સત્ય મનાતો, એમ કરતાં તો તે ખાટલાવશ થયો. ત્યારે સ્ત્રીએ ઘણો વિક્ષેપાત કરવા માંડયો, પાસે આવી દયાજનક શબ્દો બોલતી આંખમાંથી આંસું પાડવા લાગી. આ સર્વ પ્રકાર પેલો સખ્સ ઝીણી-નજરે જોતો હતો, પણ હજી ગુરૂના કહ્યા મુજબ અંતસમય જોવાનો રહ્યો હતો. ત્રીજે દિવસે અંતસમય પણ જણાઇ ગયો, ત્રીજે દિવસે સવારમાંજ આણે તો દેખાવ બદલ્યો. આંખો ચડાવી દીધી, શ્વાસની ધમણ ચલાવી, અને હવે બે ઘડીમાંજ પ્રાણમુક્ત બનશે-એવું સ્ત્રીને જણાયું. ત્યારે સ્ત્રીએ વિચાર્યું કે થઈ રહ્યું, હવે આ બચે તેમ લાગતું તો નથી, અને થોડા વખતમાંજ નકી રામ રમી જશે, અને મારો ચાંદલો ચોટલો ને ચુડલો ઉતરશે.

પછી રાચરચીલું જણસભાવ સર્વ પેટીમાં મુકી દીધું. વાસણ કુસણ વગેરે કાંઇ પણ બહાર રાખ્યું નહિ, કારણકે આજ તો કતલનો દિવસ છે, લોકો હમણાં ભરાશે એટલે છાતી કુટવી પડશે, એ વખતે કોઇ ભેગાં થયેલાંમાંથી સામાન ન લઇ જાય, માટે પહેલેથીજ ચેતી તજવીજ રાખવીજ ઠીક છે. બીજું તો ઠીક, પણ આ ઘબી જશે તો આજે બે વાગ્યે પણ ખાવાનું મળવાનું નથી, અને મને તો ભુખ ઘણી લાગી છે. તે તો પથારી કરી સુતા, પણ આપણાથી કાંઇ એવું બને તેમ છે ! માટે લાવ જરા ટાઢુંશીળું હોય, તો શીરાવી લઉં, એટલે રોવાકુટવાની પણ આય આવે. પેલો ખાટલામાં પડેલો પુરૂષ આ સર્વ લીલા ત્રાંસી નજરે જોયા કરતો હતો, તેણે વિચાર્યું કેઃ—અત્યારે મારી પાસે બેસવાને બદલે રાંડ પોતાના સ્વાર્થનીજ સાધના કર્યા કરે છે. ઠીક છે જોઉં હવે આગળ શું બને છે ? તો પણ ચેતતા રહેવાનું ગુરૂએ કહ્યું છે તે ભુલવું નહિ. પેલી તો એકદમ રસોડામાં ગઇ, તપાસ્યું તો શીરાવા લાયક કાંઇ મળે નહિ, પણ ચુલા ઉપર સાંજનો રાંધેલો ઠુમરો હતો, વળી કપાટમાં જોયું તો એક નાની સરખી દોણીમાંથી થોડું દહીં પણ નીકળ્યું: કંઇ ફિકર નહિ શીરાવાનું તો સારૂં છે, પણ હવે ખાવું શેમાં ? ઠામ તો એક પણ બહાર ન મળે. ત્યાં ઘર વચ્ચે એક ખાંડણીઓ હતો, તેમાં ખાવાનું નક્કી કરી ઘરનાં કમાડ બંધ કરી ખાંડણીઆમાં ઠુમરો ને દહીં મેલી શીરાવા માંડયું. હાસ ! હવે નિરાંત થઇ ભુખે તે ભલા કેમ રોવાય કુટાય ? પછી તે કામમાંથી સત્વર ફારેગ થઈ, અને પતિનો શ્વાસ વધ્યો જાણી પાસે આવી બેઠી ને અંગ ઉપરનાં સર્વે ઘરેણાંગાઠાં ઉતારવા

લાગી; સર્વ ઉતારી લીધા બાદ મોઢું ખુલ્લું હોવાથી તેમાં એક સુવર્ણ મેખ જડેલો દાંત જોઇ આટલું પણ બાકી રાખવું ન જોઇએ, નહિ તો અવગત થાય. પણ તે શી રીતે કાઢવી ? સોનીને બોલાવ્યો તો અત્યારે કેમ પાલવે ? છેવટે વિચારાંતે સુઝી આવ્યું કે કોશ વગર એમને એમ નહિ નીકળે, અને હવે આ ક્યાં જીવવાના છે કે વાગવાની ચિંતા રાખું—એમ ધારી ખુણામાંથી કોશ લાવી, તે આણે ઝીણી નજરે જોઇ લીધું. હવે આ શું કરે છે ? તેનો પણ તપાસ રાખવાની જરૂર છે. સુવર્ણ મેખ રહેવા દેવી પણ તેને પાલવ્યું નહિ, અને નિર્દય બની મારામાં પ્રાણ છતાં દાંત પાડવા તૈયાર થઇ ગઇ છે! તેવામાં તો કોશ લઇને તેણી આવીને ખાટલા ઉપર બેઠી—અને મોઢું ખોલી દાંત ઉપર કોશ મારવા ઉગામીઃ ત્યાં પેલે વિચાર્યું કેઃ—બસ! હદ આવી ગઇ હવે ! નહિ બોલું તો આ રાંડ હમણા મારી દેશે. વાહ ! ગુરૂ વાહ ! ધન્ય છે તમારી અગમચેતીને ! પછી તો ધીમે સાદે જરા આંખ ખોલી બોલ્યો કેઃ—શું કરે છે ? આ કોશ હાથમાં કેમ લીધી છે ? પેલી તો શરમાઇજ ગઇ ને કોશ હેઠી મુકી વચન ફેરવ્યુંઃ—કાંઇ નહિ સ્વામીનાથ ! એતો હું આપને જરા જોતી હતી, કે હવે કેમ છે ? તે બોલ્યોઃ-તારે પ્રતાપે હવે તો મજા છે, ઉગર્યો છું તે મોટી મહેરબાની ! એમ કહી બોલ્યો કેઃ—

દોહરો—સત્યવંતી તું નાર, તને સત્ય ચડ્યું અપાર;
દહિંને ઠુમરો સિરાવ, જીવતાના દાંત ન પાડ. ૧૬૬

આ સાંભળી પેલી તો શરમાઇજ ગઇ. પેલાને પછી ધીમેધીમે સારૂં થયું, એટલે ગુરૂ પાસે આવી સાષ્ટાંગ પ્રણામ કરી બનેલી સર્વ હકીકત કહી બોલ્યો કેઃ-મહારાજ ! સ્ત્રીઓ અબળા નથી, પણ ખરેખર પ્રબળા જ છે તે વિષે કહ્યું છે કેઃ—

नूनं हि ते कविवरा विपरीतबोधा ।
ये नित्य माहुरबला इति कामिनिनाम् ॥
याभिर्विलोल तर तारक द्रष्टिपातैः ।
शक्रादयोऽपि विजितास्त्वबलाः कथंताः ॥ ६० ॥

અર્થાત્—સ્ત્રીઓને અબળા કહેનારા કવિયોએ ખરે ખોટું કીધું છે, કારણ કે જે ઇંદ્રાદિકોને પણ જીતે છે, તે અબળા કેવી

રીતે ? માટે સાહેબ! સંસાર જુઠ્ઠો છે, ભ્રાન્તિમાં નાંખનાર-ફસાવનાર ભ્રમજાળ છે; મોહને લીધે ભલે વિપરીત ભાસે, પણ સત્ય નથી —એમ કહી ગુરૂ પાસે દીક્ષા લીધી, અને ગુરૂની પરમભક્તિ કરી તેમની શુભાશિષ્ય લીધી, ને પછી પરમપદ પામ્યો.

આ દૃષ્ટાંતની મતલબ એ છે, કે ગુરૂની શુભાશિષ્ય વિના પ્રાણી સદ્ગતિને પાત્ર કદાપિ બનતો નથી. ગુરૂ ગમે તેવા પ્રયાસે પણ આપણને હિતબોધ આપી સન્માર્ગમાં પ્રવર્તાવે છે; અને આખરે મહાસુખદાયી પરમશાંતિપ્રદ મોક્ષ અપાવે છે. માટે દરેક વિવેકી જનોએ શાંત સ્વભાવી સમતાસાગર શ્રી સદ્ગુરૂનું શરણ ગ્રહણ કરવું; કે જેથી આ મહાભયંકર ભવાટવીનો સહેજે અંત લાવી પાર ઉતરી જવાય. (૬૯)

अपगत मलेहि मनसि ।
स्फटिकमणा विव गुरूपदेशगुणाः ॥
प्रविशंत्यत्र सुखेन ।
विभावरी करगभस्तयो नूनम् ॥७०॥

અર્થઃ—જેના મનનો મેલ નાશ પામેલો છે, અર્થાત્ જેનું હૃદય કુડકપટાદિકથી રહિત અતિ નિર્મળ છે, તેવાજ પુરૂષના હૃદયમાં સદ્ગુરૂનાં ઉપદેશ વચનો પ્રવેશ કરે છે અને ઠરે છે. મેલ રહિત નિર્મળ એવા સ્ફટિક મણીને વિષે ચંદ્રનાં કિરણો ખરેખર સત્વર પેશી ચળકાટ કરે છે, તેમ ગુરૂનો ઉપદેશ પણ નિર્મળ મનમાં સુખપૂર્વક પ્રવેશી આત્મહિત કરે છે. (૭૦)

ભાવાર્થ—આ લોકમાં ખરેખર નિર્મળ ચિત્તને વિષે એટલે જેનાં હૃદયો નિષ્પાપી, નિષ્કપટી, અને સ્વાભાવિક રીતે શાંત દાંત ક્ષમાવાન અને સુશિલ આદિ ગુણોવાળાં હોય છે, તેઓના હૃદયને વિષે ગુરૂજનોના નિર્મળ ઉપદેશ રૂપી આદેશો અને હિતબોધક વચ-

નામૃતો સુખપૂર્વક એટલે સ્વલ્પ પ્રયાસે—સહેજે પ્રવેશ કરી શકે છે. અત્રે ઉદાહરણ આપે છે કે રજથી રહિત એવા નિર્મળ સ્ફાટિક મણીને વિષે ચંદ્રનાં કિરણો સુખપૂર્વક સત્વર પ્રવેશ કરે છે. તેથી તાત્પર્ય એ નીકળે છે, કે મૂર્ખ માણસને અને કપટી પ્રપંચી હરામી માણસને ગમે તેવા સદુપદેશ નિત્ય દઇએ, પણ તે સછિદ્ર ઘટમાં નાખેલું જળ વહી જાય છે તેમ નિરર્થક થાય છે તે વિષે કહ્યું છે કે:-

કહિ કહિ થાકે ગુરૂ કહેલું ન કાન ધરે,
    કોણ બોધ કરે શિષ્ય હોય ન કહ્યાગરો?
ભરી ભરી રાખીએ ને જરી જરી જાય જળ,
    કોણ ભરે પાણી એવી કાણી જાણી ગાગરો?
ખોદી ખોદી ખાતર નાખી ને ખુબ ખેડે તોય,
    અન્ન ન ઉછેરી આપે લવણના આગરો;
દાખે દલપતરામ ઠાલી માથાકુટ કરી,
    કોણ કરે એવો ઉંઘ વેચીને ઉજાગરો. ૧૬૭

उपदेशोहि मूर्खाणा । प्रकोपाय न शांतये ।
पयःपानं भुजंगाना केवलं विषवर्धनम् ॥८१॥

અર્થાત—જેનાં હૃદયો અવગુણોથી ખરડાઇ મલીન થયાં છે. તેવા માણસો સર્પને કરાવેલા પયપાનની માફક ઉપદેશ રૂપી સુધાને પણ ઝેર જેવું બનાવી દે છે. તે વિષે કહ્યું છે કે:—

શીખરિણી.

गुणा यंते दोषा सुजन वदने दुर्जन मुखे ।
    गुणा दोषा यंते किमिति जगतां विस्मयपदम् ॥
यथा जीमूतोऽय लवणजलधेर्वारिमधुरं ।
    फणी पीत्वाक्षीरं वमति गरलं दुःसहतरम् ॥८२॥

અર્થાત—સજ્જનના મુખમાં દોષ હોય, તો પણ ગુણ રૂપ બને છે. અને દુર્જનના મુખમાં ગુણો હોય તો પણ તે દોષ રૂપેજ બને છે. આ બાબતમાં આશ્ચર્યકારક શું છે? કારણ કે જેમ વરસાદ સમુદ્રમાંથી ખારૂં જળ ખેંચે છે, છતાંપિ તે સર્વને મધુર મીઠું જળ આપે છે. અને સર્પ મીઠા જળ તથા દુધનું પાન કરે છે,

છતાંપિ મહા દારૂણ દુઃખ રૂપ એવા ઝેરનું જ વમન કરે છે. એટલું તો નિશ્ચયજ છે, કે ગુણ વિનાનું માનુષત્વ શોભતુ નથી; અરે પશુમાં પણ ગુણ હોય, તોજ તે માનનીય ગણાય છે.

મનહર છંદ.

દુધ દે ન પ્રસવે ન એવી જેહ ગાય અહો,
મળી તોય ઠીક છે, ન મળી તોય ઠીક છે;
મટી ન મજુરી જેમાં, દીનરાત એવી મોજ-
માણી તોય ઠીક છે, ન માણી તોય ઠીક છે;
કવિતાની કિમત મળે ન ત્યાં કવિતા જો,
લખાણી તોય ઠીક ન લખાણી તોય ઠીક છે;
પામી રૂડો દેહ ન કમાયો ગુણ તો આ દેહ,
પામ્યો તોય ઠીક છે, ન પામ્યો તોય ઠીક છે. ૧૯૮

એટલું તો ખરૂંજ છે, કે વ્યાપારી રીતે તો જ્યાં કાંઇ લાભ મળે ત્યાં વ્યાપાર કરવો જોઇએ, નહિ તો ખોટનો વ્યાપાર કરી પાછળથી પસ્તાવું પડે. એક વાતે વિચારીએ, તો મેઘવૃષ્ટિની પેઠે મહાત્માની સર્વત્ર પ્રવૃત્તિ અને કૃપાદષ્ટિ હોય છે, પણ ક્ષારભૂમિમાં થએલી મેઘવૃષ્ટિ કિંચીન્માત્ર પણ ફળ સૃષ્ટિને આપતી નથી; તેમ દુર્જન અને મોહમુગ્ધ પામર તથા મૂર્ખની હૃદય ભૂમિમાં પડેલી સંત વાણી રૂપી અમૃતવૃષ્ટિ જરાપણ ફળ આપતી નથી. તો પણ પરોપકારાર્થે પ્રયાસ કરવા નીકળી પડેલા મહાત્માઓને તો તેમાં કાંઇ નુકશાન નથી, તેને પોતાને તો લાભ જ છે. સૂર્યોદય થવાથી ઉલુક (ઘુવડ) ને અંધારૂં થાય, તો તેમાં સૂર્યનો શો દોષ અને સૂર્યને શી હાનિ ? કાંઇજ નહિ. તે વિષે કહ્યું છે કેઃ—

पत्रं नैव यदि करीरविटपे दोषो वसंतस्य किं ?
नोलूकोप्यवलोक्यते यदि दिवा सूर्यस्य किं दूषणम् ?
धारा नैव पतंति चातकमुखे मेघस्य किं दूषणम् ?
यत्कर्म विधिना ललाट लिखितं तन्मार्जितुंकः क्षमः ॥६३॥

અર્થાત્—વસંત ઋતુમાં સર્વને ફલફુલ પત્રાદિ આવે છે, પણ એક કેવડાને પત્ર (પાન) ન આવે, તેમાં વસંતનો શો દોષ ? મેઘ-

વૃષ્ટિ સર્વને સુખકારી છે, પણ જવાસો તો વરસાદ આવતાંજ બળી જાય છે તેમાં મેઘનો શો દોષ? માટે જાતિ સ્વભાવાનુસાર જેના ભાગ્યમાં જે વસ્તુ હોય તેજ વસ્તુ તેને ગુણકારી થઇ ઇષ્ટ ફળ આપે છે. તેમ સંતનો હિતોપદેશ કોઇને ઇષ્ટ ન થાય, તો તેમાં ઉપદેશકનો શો દોષ? સંતપુરૂષો તો એટલા માટેજ સર્વના ભલાને ખાતર જ્ઞાનોપદેશ સંભળાવે છે, પણ મલિન હૃદયમાં તે લાભદાયી થતો નથી. દાખલા તરીકે જેમ ઉત્તરાધ્યયનમાં શ્રી ચિત્તનામના મહાત્મા પોતાના પૂર્વના ભ્રાતા કે જે આ ભવમાં ચક્રવર્તીપણાને પામેલા છે, એવા બ્રહ્મદત્ત રાજાને ઉપદેશ દેવા આવ્યા અને ઉપદેશ તો આપ્યો, પણ તે ઉપદેશ સામું ન જોતા ઉલટો તેનો સાધુવેશ જોઇ ખેદ ઉપજ્યો, અને સાધુવેશ તજી ગૃહસ્થના વેશમાં આવી સંસારી સુખો—કામભોગ ભોગવવાનું આમંત્રણ કર્યું. રાજાએ ચિત્ત ઋષિ પ્રત્યે કહ્યું કેઃ—

ગજલ.

અતિ ઉદ્વેગ કરનારૂં, દિસે ચારીત્ર આ તારૂં;
તજી દે આ દુઃખીયારૂં, કહ્યું તું માની લે મારૂં. ૧૬૯
ઉઘાડે મસ્તકે ફરવું, ઉઘાડે પાયથી ચરવું;
કઠીન કષ્ટો કરી મરવું, સદા પાપો થકી ડરવું. ૧૭૦
નકામું દેહને દમવું ભોજન તો તુચ્છ રે જમવું;
ભીક્ષુક જેમ ભૂમીમાં ભમવું, અસહ્ય દુઃખને ખરે ખમવું.
મળ્યો શુભ દેહ આ આવો, વૃથા દુઃખમાં શું ગુમાવે;
લેહો સંસારનો લાવો, નહિ સુંદર તન તાવો. ૧૭૨
પરણાવું સુંદરી સારી, વસો મુજ મહેલમાં ભારી;
ભોગોને ભોગવો ભારી, લહો મુજ શીખ આ ધારી.
સુણી વેણુ ભૂપનાં એવાં, ચળાવે ચિત્તને તેવાં;
વિનયમુનિ ધરી પ્રીત, ઉત્તર આપે રૂષી ચિત્ત. ૧૭૪

છેવટે મહાત્માશ્રીએ ઉત્તરમાં કહ્યું કેઃ—

ગજલ. (સરસ્વતીચંદ્રમાંથી.)

હતી લક્ષ્મી હતા તાત, હતી વ્હાલી હતા ભ્રાત;
હવે મારૂં નથિ કોઇ, લીધો સંન્યાસ મેં જોઇ. ૧૭૫

તજયાં માતાપિતા મારાં, તજી વ્હાલી ગુણી દારા;
ગણ્યાના મર્મ ભેદાતા, લીધો સંન્યાસ મેં ભ્રાતા. ૧૭૬
ગણી સંબંધને જુઠો, ગણી સંબંધને ત્રૂટયો;
લીધો સંસાર મેં ત્યાગી, ફકીરી ઉરમાં લાગી. ૧૭૭
હવે પાછો નહિ આવું, મુકયું પાછું નહિ ચાહુ;
રહ્યું છે એ તજી દેવું, શું છે સંસારમાં લેવું. ૧૭૮

ભાઇ ! મારે ઘેર પણ લક્ષ્મી માતતાત ભાઇબહેન સ્ત્રી વગેરે અનન્ય આનંદદાયક વૈભવો ને સુખો હતા, પણ તે સર્વ સુખો ક્ષણભંગુર જાણી જોગ લઇ તને બોધ દેવા કાજે આવ્યો છું; પણ ભોગાસક્ત ચિત્તમાં તને ઉપદેશ લાગ્યો નહિ. મતલબ કે નિર્મળ મનમાંજ ઉપદેશવચનો અસર કરે છે, પણ મૂર્ખના હૃદયમાં આપેલી શિખામણ ચોંટતી નથી—તેની અસર થતીજ નથી. હવે તેના ઉપર એક ગઢવીના છોકરાનું દૃષ્ટાંત કહે છે.

(૭૬) કહ્યાગરા પણ મૂર્ખ અબુદ્ધ પુત્રની વાત.

કોઇ એક ગામડાનો ગઢવી ચોરે બેસી ડાયરામાં વાતો કરતો હતો. તે ગઢવી વાતો કરવામાં બહુ કુશળ હતો. તેમાં વળી ધોબા ઉપર ધોબાની લહેર ચાલતી હોય, ત્યાં તો પછી કહેવુંજ શું ?! ગઢવી સ્થિતિનો ગરીબ હોવાથી ઘરમાં રોજ ઘેંસ રાબ જમી દિવસ ગુજારતો હતો. એક વખતે ચોરે ઘણો વખત થઇ ગયો, તેથી ગઢવીની સ્ત્રીએ પોતાના નાના છોકરાને કહ્યું કેઃ—જા તારા બાપને કહે કે રાબ ઠરી જશે, માટે જલદી ઘરે ચાલો. આ સાંભળી છોકરો એકદમ દોડયો, અને પોતાના બાપને ભાળી છેટેથીજ રાડો પાડવા લાગ્યોઃ–બાપા ! ચાલો ઘેર ઝટ, રાબ થઇ છે તે ઠરી જશે. આથી ગઢવી તો શરમાઇ ગયો. (મનમાં) આ લોકો મારી મશ્કરી કરશે, કે ગઢવી રાબડીથી દિન ગુજારતો હશે ? પછી ત્યાંથી ઉઠયો ને ઘર ભણી ચાલ્યો–રસ્તામાં છોકરાને ટપકો આપ્યો કેઃ–મૂર્ખ ! તું કાંઇ સમજતો નથી, છેટેથી રાડો ન પડાય. છોકરો કહે મારી માએ કહ્યું માટે બોલ્યો. ત્યારે ગઢવીએ છોકરાને શિખામણ આપી કેઃ–જો હવે કાંઇ કામ સારૂં તારી મા મોકલે, તો પણ રાડો ન પાડતાં મને ઇસારાથી પાસે બોલાવી કાનમાં વાત કરવી; બહું સારૂં બાપા હવેથી એમ કરીશ. પછી ઘણે વખતે એવું બન્યું કે એકદા તેના ઘરમાં લાય લાગી, સર્વે બળવા લાગ્યું; એટલે છોકરાની માએ કહ્યું કેઃ–અલ્યા છોકરા દોડ ઝટ !

તારા બાપને ચોરેથી તેડી આવ. છોકરો ચાલ્યો ને ધીમેધીમે ચોરા પાસે પહોંચ્યો. બાપે આગળ આપેલી શિખામણ મુજબ છોકરે છેટેથી આંગળી વતી ઇસારો કરીને પાસે બોલાવવા માંડયો, બાપે જાણ્યું કે જમવાનું થયું હશે તેથી તેડવા આવ્યો હશે? તો હમણાં આ વાત પુરી કરીને જાઉં છું—એમ ઘણો ખોટી થઇ વાત પૂર્ણ થએ ગઢવી છોકરા પાસે આવ્યો. ત્યારે છોકરે કાનમાં ધીમેથી કહ્યું કે:—"ઘરમાં લાય લાગી છે, ઝટ ચાલો !" આ સાંભળી ગઢવી એકદમ ગભરાઇ બોલ્યો:–અલ્યા મુર્ખા! એમ છે ત્યારે બોલતો શું નથી કયારનો ! છોકરો કહે તમે મને તે દહાડે કાનમાં કહેવાનું કહ્યું છે, તો તાણીને કેમ કહેવાય? માટે ન કહ્યું. ગઢવી ગાળો દેતો એકદમ દોડી ઘેર આવ્યો, જોયું તો સર્વ બળી ખાખ થઇ ગયું હતું. આથી ગઢવીએ ઘણો કલ્પાંત કર્યો. પછી છોકરાને કહ્યું:–મૂર્ખ તું કાંઇ પણ સમજતો નથી ! તારામાં વિચારશક્તિ અને અક્કલ તો બીલકુલ નથી, તું તો એક ગદ્ધાપુચ્છજ પકડે છે. પણ હવે પછી યાદ રાખજે કે કદાચ કહીં લાય લાગે, કે ધુમાડો નીકળતો ભાળે, તો તરતજ તેમાં ખોબો ભરી ધુળ નાંખવી. બહુ સારૂં બાપા ! હવે એમ કરીશ.

પછી એક વખત ટાઢની મોસમ (શીઆળા) ના પોશ માસમાં ગઢવી ઓટલે દાતણ કરવા બેઠા હતા, છોકરો પણ પાસે બેઠો હતો, ટાઢની કમકમાટી પણ ઘણી સખત હતી. તેવામાં ગઢવીને એક મોટું બગાસું આવ્યું, એટલે ટાઢને લીધે મોઢામાંથી ધુમાડા નીકળતા છોકરે જોયા. છોકરો બીન્યો કે હાય હાય ! જરૂર મારો બાપ સળગી જશે, માટે લાવ તેને ઓલાવું. મારા બાપાએ પણ તે દહાડે કહ્યું છે કે જ્યાં ધુમાડો નીકળતો ભાળે, ત્યાં તરતજ ધુળ નાંખવી. પછી ઉઠી ધુળનો ખોબો ભરી એકદમ ગઢવીના મોઢામાં નાખ્યો. ગઢવીએ થુથુ કરી મુકયું ને એકદમ ગાળો ભાંડવા લાગ્યો. અક્કલના બારદાન મૂર્ખ ! આ તેં શું કર્યું ?! છોકરો કહે:–બાપા ! તમે સળગી જાત માટે મેં તમને ઓલવ્યા. બાપે કહ્યું મૂર્ખ ! તું કાંઇજ સમજતો નથી તારામાં બુદ્ધિના વાખા છે, માટે હવે તને શિખામણ આપવી વ્યર્થ છે. સર્પને દુધ પાવાથી શો લાભ? પછી ગઢવીએ તેના ઉપર કંટાળી એ ગમાર મુર્ખાને કાંઇ પણ શિખામણ આપવી બંધ કરી.

આ દ્દષ્ટાંતની મતલબ એ છે કે જેનાં હૃદયો કોઇ લાયકાત-વાળાં સંસ્કારી હોય છે, તેઓને શિખામણના બે બોલ કહેવામાં

આવે, તો તે કાને ધરે ખરા! હૃદય એક જાતના અરિસા તુલ્ય છે, અરીસો જેટલો ચોખો હોય, તેટલો તેમાં સારો પ્રકાશ પડે છે; તેમ જેનું હૃદય જેટલું વધારે નિખાલસ-શુદ્ધ હોય નિર્મળ હોય તેટલી ઉપદેશની અસર તેને અધિક થાય. માટે દરેક વિવેકી સુજનોએ હૃદય-દર્પણ સરલ ને નિખાલસ બનાવવું કે જેથી સદ્ગુરૂનાં ઉપદેશ-વચનો સ્વલ્પ પ્રયાસે સુખપૂર્વક ચિત્તમાં પ્રવેશ કરી અતુલ્ય ગુણ કરે અને જન્માદિ સર્વ રોગો હરે (૭૦)

भूयांसि भुक्तानि सुखानि स्वर्गे-
ऽमुनात्मना भूरि भवेषु भव्य ! ॥
तथापि तृष्णा तनिमा न जाता ।
तदेव चित्रं खलु जीवलोके ॥ ७१ ॥

અર્થ:—હે ભવ્યપ્રાણી ! આ આત્માએ સ્વર્ગને વિષે અનંતવાર જન્મ ધરી સ્વર્ગનાં ઘણાં સુખો ભોગવ્યાં, તો પણ હજી મનની તૃષ્ણા જરા પણ ઓછી થતી નથી તે જ માત્ર આ જીવલોકમાં ખરેખર મોટું આશ્ચર્ય છે. (૭૧)

ભાવાર્થ:—આ લોકમાં આ આત્માએ સ્વર્ગીય સુખો પણ ઘણી-વાર ભોગવ્યાં છે, તથા આ મનુષ્યાવતારમાં પણ ઘણી વાર સ્વર્ગ તુલ્ય સુખો જુગલીયાપણે, મોટા રાજેંદ્રપણે શ્રેષ્ઠીપણે, મનુષ્યભવને વિષે અમાનુષી સુખો ભોગવ્યાં; તો પણ તે સુખોમાં આ જીવાત્માની તૃષ્ણા કિંચિન્માત્ર પણ ઓછી થતી નથી-હજી સુધી વિષયો ઉપરનો ભોગા-સક્તિભાવ કમી થતો નથી. તેજ ખરેખર આ લોકમાં મોટામાં મોટું આશ્ચર્ય છે. અરે! આ સાંસારિક ભોગ ભોગવતાંભોગવતાં તો પામર પ્રાણીઓ પોતેજ ભોગથી ભોગવાઇ જાય છે. રાજર્ષિપ્રવર યોગી શ્રી ભર્તૃહરિ મહારાજાએ ઠીક કહ્યું છે કે:—

भोगान भुक्ता वयमेव भुक्ताः । तपो न तप्तं वयमेव तप्ताः ।
कालो न यातो वयमेव याता । तृष्णा न जीर्णा वयमेव जीर्णा ॥६४॥

અર્થાત્—ભોગો તો ભોગવ્યા નહિ પણ અમે જ (કાળથી) ભોગવાઇ ગયા. તપ તો તપાયું નહિ, પણ અમે જ દુઃખથી તપી-તવાઇ ગયા. કાળ તો ન ગયો, પણ અમેજ કાળે કરી ઘરડા બુઢ્ઢા થઇ ગયા; અને તૃષ્ણા તો કંઇ જીર્ણ ન થઇ પણ અમેજ જીર્ણ-વૃદ્ધ થઇ ગયા. તેને માટે વિદ્દવર્ય મહાજનોએ કડવાં પણ પરિણામે રોગીષ્ઠને કટુ ઔષધની માફક મિષ્ટ ઇષ્ટ અને આત્મહિતકર વચનો બહુ બહુ પ્રકારે કહેલાં છે. તે સર્વને ધ્યાન દઇ મનનપૂર્વક એકવાર વાંચી વિચારી આત્મારામને સમજાવશો, તો જરૂર ઘણો લાભ થશે. તે એવી રીતે કેઃ-હે આત્મન ! તું તારા વ્યગ્ર અને ચંચળ ચિતને સ્થિર કરી કોમળ હૃદયથી ચિંતવન કર, કે તું કેવો ભાગ્યશાળી અને પુણ્યવાન છે ? કેમકે આ અવનીમાં અનેક જાતિ અનેક કુળ તથા અનેક વર્ણ રહેલા છે, પણ તને તો ઉત્તમ એવો મનુષ્યાવતાર પ્રાપ્ત થયેલો છે. અરે ! મનુષ્યાવતાર તો ઘણાને મળેલો છે, કોળી, વાઘરી, ઢેડ, ચંડાળ મુસલમાન વગેરે અનાર્યો તે પણ મનુષ્ય જ કહેવાય છે, પણ તે બિચારાં અજ્ઞાનતાને લીધે મનુષ્યપણું એ શું છે ? અને તેને પામી શું કરવું જોઇએ-તેનો તેઓને લેશ માત્ર પણ વિચાર સ્ફુરતો નથી, અને અહર્નિશ ક્રૂર કર્મો કરવામાંજ નિમગ્ન રહે છે, પ્રાયે કરી તેઓનું જીવન મોહમાંજ મુગ્ધ હોય છે, પ્રાણીહિંસામાં જ આનંદ માનનારા છે, અધર્મમાં અને પાપમાંજ મચ્યા ને મશગુલ છે, ધર્મગુરૂઓને મનુષ્ય માંસની ભેટ કરવી, તે તો જેની ધર્મબુદ્ધિ છે, જેનો આહાર સાધુજનોએ નિંદિત છે તેવાં બિચારાં અનાથ અને ગરીબ તૃણભક્ષી પશુપક્ષીઓના શિકાર વડે છે, તેને મારવા માટે મૃગયા રમવામાં જેણે એક જાતનો આનંદ અને ક્રીડા માનેલી છે, મદિરાપાન કરવું જેને એક જાતનો મહોત્સવ છે, પશુઓનાં રૂધિરવડે જેઓ દેવાર્ચન કરે છે, માંસ વડે જેઓ બલીકર્મ કરે છે, એવાં એવાં ક્રૂર કર્મો કરવામાં આનંદ માની આ મહાપુણ્યથી સંપ્રાપ્ત થએલ માનવજીવન પશુપક્ષીવત્ વૃથા ગાળે છે. તે વિષે કહ્યું છે કે;—

શિખરણી વૃત.

દયા હીણા દુષ્ટો, કતલ તલવારે વળી કરે,
પછી પાપી પુરા, ઉદર નિજનાં એ થકી ભરે;
ન જાણે તે જાતે, ભવજલધી આ કેમ તરવો ?
નથી એવો મારે, નરહરિ હવે દેહ ધરવો. ૧૭૯

એમને એમજ પાપમાં પચી જીંદગી પુરી કરે છે, તેથા પરંપરાએ દુઃખના દરીઆમાંજ ડુબી રહેવા વિના છુટકો થતોજ નથી. માટે હે અલ્પ જીંદગીધારક-અલ્પાયુષી જનો ! આ મનુષ્યપણાનો ખરો લાભ લેવાની તક ચુકશો ના, ગોવાળના હાથમાં આવેલા હીરાની કિંમત કંકર તુલ્ય થઇ તેમ તમે થવા ન દેતા, કેમકે હીરાની કિંમત અમૂલ્ય હોય, તો પણ ઝવેરી વિના તેની ખરી પરીક્ષા કોણ કરી શકે ? તે વિષે કહ્યું છે કે:—

કવિત—ગુણી જનકી રસના અરૂ, વાસના ફૂલનહુકી,
બોલે બિન બોલે બિન, કહો કૈસે જાનીએ;
સોદા તો સોદાગરકા, મિજલસ તો મલુકનકી,
ગુની ઓર ગમાર ઓતો બોલેમે પીછાનીએ;
મોતી સબ એકરંગ, એક રંગ ઝવેરીકા,
મિલેગા ઝવેરી તબ, કિમત કર જાનીએ;
કહત કવિ બલબીર, સુનહો અકબર શાહ !
પ્રબિનકી પ્રબેતાઓ તો પ્રબેનમે પિછાનીએ. ૧૮૦

મતલબ કે આ કોહિનૂર હીરા તુલ્ય અમુલ્ય માનવજીંદગીની કિંમત ઝવેરા રૂપી સાચા સંતજનો-ગુણીજનોજ કરી શકે છે. માટે આ પવિત્ર આત્માને વિષયગારા-કર્દમમાં નાંખીને દુર્ગતિગામી કરશો નહિ દુનિયામાં સાંસારિક સુખો મેળવવાં તે કાંઇ મુસ્કેલ વાત નથી, એતો અનંતવાર આ જીવ પામેલો છે, વર્તમાન કાળે પણ પુણ્યોદય પ્રમાણે પામ્યો છે, અને ભવિષ્ય કાળે કર્મના શુભાશુભ વિપાક પ્રમાણે પામશે જ. પણ ભૂતકાળમાં કવચિદપિ નહિ પામેલા એવા સમ્યકત્વ ગુણ અને અપૂર્વ કરણ ગુણસ્થાન વગેરે આત્મિક વસ્તુઓને મેળવવાના પ્રયત્ન જીવે હવે તો કરવા જોઇએ, પણ એ પ્રયત્ન તૃષ્ણાનું પરિબળ ઘટયા વિના સફળ થઇ શકતા નથી. મહામાયા મોહિની તૃષ્ણા જીતનારાને ધન્ય છે ! તે વિષે કહ્યું છે કે:—

તે ધન્યાઃ પુણ્ય ભાજસ્તે । તૈસ્તીર્ણઃ ક્લેશસાગરઃ ॥
જગત્ સંમોહજનની । યૈરાશાશી વિષી જિતા ॥૬૯॥

અર્થાત્—જગતને મોહ પમાડનારી એવી તૃષ્ણારૂપી નાગણને જેણે જીતી તેજ આ અવનિમાં ધન્ય છે. પણ તે જીતવી જ ઘણી

મુશ્કેલ છે. વૃદ્ધાવસ્થા થઇ, શરીર સાવ ગળીગયું; પણ મમતા તો મતવાલીજ રહી-છોડતીજ નથી ! તે વિષે શ્રીશંકરાચાર્યે કહ્યું છે કેઃ—

अंग गलितं पलितं मुंडं, दशन विहिनं जातं तुंडम् ॥
वृद्धोयाति ग्रहित्वा दंडं तदपि न मुंचत्याशा पिंडम् ॥६६॥

અર્થાત—અહો તૃષ્ણાનું પ્રાબલ્ય ! વૃદ્ધ યુવાન અને બાળક એ ત્રણ વયમાં આશાદેવી દબાવે છે. લાભ થતો જાય છે, તેમ તેમ લોભ તો બેહદ વધતો જ જાય છે. વળી પણ કહ્યું છે કેઃ—

મનહર

હતી દીનતાઈ ત્યારે તાકી પટેલાઇ અને,
મળી પટેલાઇ ત્યારે, તાકી છે શેઠાઈને;
સાંપડી શેઠાઇ ત્યારે, તાકી મંત્રીતાઈ અને,
મળી મંત્રીતાઈ ત્યારે, તાકી નૃપતાઇને;
મળી નૃપતાઈ ત્યારે તાકી દેવતાઇ અને,
દીઠી દેવતાઈ ત્યારે, તાકી શંકરાઇને;
અહો રાયચંદ માનો, માનો શંકરાઇ મળી,
વધે તૃષનાય પણ, જાય ન મરાઈને. ૧૮૧

કરોચલી પડી દાઢી ડાચા તણો દાટ વળ્યો,
કાળી કેશ પટી વચ્ચે, શ્વેતતા છવાઇ ગઈ;
સુંઘવું સાંભળવું ને, દેખવું તે માંડી વાળ્યું,
તેમ દાંત આવળીકા, ખરી કે ખવાઈ ગઇ;
વળી કેડ વાંકી હાડગયા, અંગ ગયો રંગ ગયો,
ઉઠવાની આય જતાં, લાકડી લેવાઇ ગઈ;
અહો રાયચંદ એમ, જુવાની હરાઇ પણ,
મનથી ન તોય રાંડ, મમતા મરાઇ ગઇ. ૧૮૨

આવું તૃષ્ણા રાક્ષસીમાં જબરૂં જોર રહેલું છે. તે મોક્ષપુરીમાં જનારને ખરેખર એક મોટી ભારે અર્ગલા રૂપ છે. અગીયારમા ગુણસ્થાન સુધી ચડેલા યોગીંદ્રને પણ તે દુષ્ટા પકડી પછાડે છે. કપિલકેવળી બે માસા સુવર્ણને માટે મોટી તૃષ્ણા નદીમાં વેગે તણાયા, છેવટ ઉપકાર કરનાર રાજાનું રાજ્ય લેવા સુધી પણ તૃષ્ણાદેવીએ મનને દોડાવી મુકયું; તે આખરે સંતોષરૂપી મહાયોદ્ધાએ દુષ્ટા તૃષ્ણા રાક્ષસીને

વિદારી નાંખી ત્યાર પછી કેવલ્યપદને પ્રાપ્ત થયા. આ જીવનો અનાદિ સ્વભાવ જ એવો છે.

ચોપાઇ રાગ.

તૃષ્ણા તરૂણી નવ ઓલાય, લાભે લોભ ઘણેરો થાય;
સત્યવચન ન રહે મન માંય, ક્ષણક્ષણ કરમ અધિક બંધાય.
મહિયળ ડુંગર મેરૂ સમાન, તેથી અધિક આરોગ્યાં ધાન;
સાગર સલીલ અધીક જે માન, મેં પીધાં માતાનાં થાન.
મેં માનવ ભવ લીયો પુરાણે, સુખ ભોગવીયાં જે મન માને;
રંગ રમાડયા છાનેમાને, તોહિ પ્રાણી ન તૃપ્તી પામે. ૧૮૫

કપિલકેવળી સંતોષરૂપી મહાયોદ્ધાવડે તૃષ્ણારાક્ષસીને હણી મોક્ષગામી થયા, તે મહાપુરૂષનો વિશેષ અધિકાર ઉત્તરાધ્યયનના અષ્ટમ અધ્યયથી જાણી લેવો. છેવટ તાત્પર્ય એ નીકળે છે કે દુષ્ટા તૃષ્ણા રાક્ષસીને વશ ન થતાં સંતોષ રાખી ધર્મધ્યાન કરવું, કે જેથી આ અસહ્ય દુઃખોથી ભરપુર એવા સંસારમહાસાગરથી મુક્ત થઇ અનંત સુખદાયી એવી અક્ષય મોક્ષલક્ષ્મીની ભેટ લેઇ અજરામરત્વ પામી શકાય. તે વિષે કહ્યું છે કેઃ—

संतोष तोहि प्रबलं च सौख्यं । सौख्येन कृत्वा भवतीति धर्मः ।
धर्मेण कृत्वा भवतीति मोक्षो । मोक्षे जिनैरुक्तमनंत सौख्यम् ॥

संतोष स्त्रिषु कर्तव्यः । स्वदारे भोजने धने ।
त्रिषु नैव च कर्तव्यो । ज्ञाने दाने च धर्मिणि ॥ ६८
अतिलोभो न कर्तव्यो । अतिलोभे विनाशनम् ।
अतिलोभ प्रभावेन । सागरः सागरं गतः ॥ ६९

માટે અતિ લોભનો ત્યાગ કરી, સંતોષનો સ્વિકાર કરી, પવિત્ર એવા ધર્મનું આરાધન કરવું કે જેથી મળેલી માનવજીંદગી સફળ થાય. હવે તેના ઉપર કપિલ કેવળીનું દૃષ્ટાંત કહે છે.

(૭૭) અભણ કપિલની હાડમારી ને અનુઝણની વાત.

કપિલ નામનો એક બ્રાહ્મણ હતો, તેનો પિતા એક મોટા રાજાનું કારભારૂં કરતો હોવાથી તે સુખ સાહેબીમાં ઉછર્યો હતો. આવી સુખસાહેબી સદા કાયમ રહેશે, એમ ધારી તે બાપ લગાર પણ

ભણ્યા નહિ, પણ અહીં તો ઉલટુંજ બન્યું. તેનો પિતા થોડા વખતમાં ગુજરી ગયો, એટલે કારભારીનું પદ તો આ છોકરો અભણ હોવાને લીધે બીજાને સોંપવામાં આવ્યું. એક વખતે તે નવો કારભારી ઠાઠમાઠથી વાહનમાં બેસી દરબારમાં જતો હતો, તે પેલા જુના કારભારીની સ્ત્રીએ જોતાં તેની ચક્ષુમાં તો આંસુ આવી ગયાં. અહો ! મારે ઘેર પણ એક વખત આવો જ ઠાઠ હતો, ઘરમાં ખમાખમા કહેવાતી હતી, પણ આ અભણ છોકરાએ તે સુખ ટાળ્યું, જો તે ભણ્યો હોત, તો કારભારૂં બીજાને ન જાત; આ પ્રકારે રૂદન કરે છે, ત્યાં કપિલ આવ્યો. તેણે માતાને રોતી જોઇ પુછ્યું:–માતા કેમ રવો છો ? માતાએ રૂદનનું કારણ કહ્યું:–ભાઇ તું ન ભણ્યો તેનું જ આ ફળ ! કપિલે તે ખરૂં માન્યું, તેના મનમાં ઘા વાગ્યો કે, બસ ભણીને પાછું કારભારૂં તો લેવું, માતાને રાજી કરવી હજી કયાં વખત નથી ? વિદ્યારત્ન ધારીએ ત્યારે મેળવી શકાય છે. પછી માતાને કહ્યું:–માતા ! તમે રૂદન ન કરો, તમારા વચનથી હું કાશીએ જઇ વિદ્યા ભણી આવું, અને કારભારૂ પાછું લઉં પણ મને ત્યાં કોણ ભણાવશે ? માએ કહ્યું:—ત્યાં એક આચાર્ય છે, તે તારા પિતાના પ્રિય મિત્ર છે, તે જાતે તને સારી રીતે ભણાવશે, તું ઓળખાણ પાડજે. પછી બહુ સારૂં–એમ કહી તે બીજેજ દિવસે કાશી ભણી ઉપડી ગયો. ઘણે વખતે તે કાશી પહોંચ્યો, વિદ્યાચાર્યને મળ્યો પોતાની ઓળખાણ આપી તથા વિદ્યાસંપાદનની જીજ્ઞાસા જણાવી. આચાર્યે પોતાના મિત્રનો પુત્ર જાણી ઘણીજ ખુશી બતાવી, તું છે તે મારા મિત્ર તુલ્યજ છે મારે મિત્રનું કાંઇ હિત તો અવશ્ય કરવું જોઇએ; ભાઇ ! તું સુખી થઇશ તેમાં મને પણ લાભ જ છે. મિત્રનું કાર્ય કરવું તે મારી ફરજ છે, મિત્ર કયારે કહેવાય ? કે જયારે:–

पापान्निवारयति योजेयते हिताय ।
गुह्यं च गूहति गुणान् प्रकटी करोति ॥
आपद् गतं न च जहाति ददाति काले ।
सन्मित्र लक्षण मिदं प्रवदंति संतः ॥ ७०॥

અર્થાત્—પાપથી બચાવે, હિતમાર્ગમાં જોડે, તેની ગુપ્ત વાતને છુપાવે, ગુણને પ્રસિદ્ધ કરે, દુઃખ વખતે સહાય કરે પણ તજે નહિ,

અને સમય આવ્યે ધન, વિદ્યા વગેરે આપી સુખી કરે; એ પ્રકારનાં સારા મિત્રનાં લક્ષણ છે. પછી તે ત્યાં રહ્યો ને અભ્યાસ શરૂ કર્યો, સવારમાં તો ઉદરનિર્વાહનિમિત્ત ભિક્ષાટન કરે, લોટ માગી લાવી રસોઇ કરે જમે, તેમાંજ અડધો દિવસ ચાલ્યો જાય. પછી બાકીના વખતમાં વિદ્યાધ્યયન કરે, પણ પાઠ જોઇએ તેવો થાય નહિ. એકદા વિચારમાં પડયો કે જીવને કર્મ કયાંનાંકયાં ઘસડી લેઇ જાય છે ? દુનિઆમાં આપણું કંઇ જોર ચાલતું નથી, અન્નજલની વાત બળવાન છે તે વિષે કહ્યું છે કેઃ—

કુંડળીઓ.

દાણા પાણી જીવકું, લબડ ધકેલે જાય,
બેટા બંધવ બાપકી, કારી લગે ન કાંય;
કારી લગે ન કાંઇ, લાભ બિન લોભ દિખાવે,
અપના ચલે ન જોર, આખર લેખાં લે જાવે;
કથે શું કવિયા કાન, બાત હે આદ પુરાણી,
લબડ ધકેલે જાય, અવલ હે દાનાપાની. ૧૮૬

નાની અવસ્થામાં હું ભણ્યો હોત, તો મારે પરદેશમાં રખડવું ન પડત, ઠીક જે બન્યું તે ખરૂં ! પણ હવે પાઠ પુરો થતો નથી, તેનું કેમ કરવું ? પછી એક વખત આચાર્યજીએ પુછ્યું:—અલ્યા કપિલ ! પાઠ બરાબર કેમ થતો નથી ? તેણે કારણ જણાવ્યું કેઃ— સાહેબ ! આ પ્રમાણે મારો અડધો દિવસ તો પેટની વેઠમાંજ રોકાય છે, માટે થોડો વખત મળવાથી મારાથી પાઠ થતો નથી. આ કારણ આચાર્યજીને ખરૂં જણાયું તેથી તેને દયા આવી. કોઇ વિદ્યોત્તેજક ગૃહસ્થને ભલામણ કરી, કે એકજ ઘેરથી તેને રોજ પાકું સિધું મળી રહે ઘેરઘેર ભટકવું ન પડે, કપિલને પણ સૂચના કરી દીધી; તેથી એ એક ઉપાધિ તો તેને ઓછી થઇ સવારમાં જઇ સીધું લઇ આવી રાંધીને જમે. પણ કેટલોક ટાઇમ જતાં વળી પાછો પાઠ અટકવા માંડયો, તેનું કારણ કે સીધું લાવી નાહીધોઇ રાંધી જમે, તેમાં પણ સહેજે ૧૦-૧૧ તો વાગી જાય; વળી પરિશ્રમને લીધે જરા સુવાનું પણ મન થાય. વળી એકદા વિદ્યાધ્યયનમાં ચુક પડવા માંડી, તેથી આચાર્યે પુછ્યું:—ભાઇ ! હવે તો ઉપાધિ ઓછી છે પણ પાઠ કેમ થતો નથી ? ત્યારે કપિલે નમ્રતાથી કારણ જણાવી વખતનો હિસાબ પાછો ગણી બતાવ્યો, તે કેટલેક અંશે આચાર્યને

ખરૂં ભાસ્યું, માટે તેટલી ઉપાધિ પણ ઓછી થઇને સવારમાંથીજ વિદ્યાધ્યયન કરે તેવી સગવડ કરી આપવાનો વિચાર કર્યો. કારણકે વિદ્યાધ્યયનનો ખરો વખત પ્રાતઃકાળનોજ છે, માટે વિદ્યાર્થીએ સવારનો ચિન્તામણિ તુલ્ય સમય ઉપાધિમાં ન ગાળવો જોઇએ. પછી આચાર્યજીએ એક એવી સગવડ કરી આપી, કે એક નિરાધાર વિધવા બાઇ હતી, તેને રસોઈ રાંધી આપવાની ભલામણ કરી, અને પેલા શેઠને બમણું સીધું આપવાનું કહ્યું. આચાર્યની ઉપકારવૃત્તિને ધન્ય છે!

હવે તો બાઇ પણ કપિલની ઓરડીએ રહેવા લાગી, તેને રોજ રાંધી આપે અને જમાડે. આમ કરતાં તો વખત જતાં એકાંતને લીધે બન્ને વચ્ચે સ્નેહ સંબંધની સાંકળ જોડાઇ—એક પીડા મટાડતાં તો બીજું લફરૂં જાગ્યું, અને બકરી કાઢતાં ઉંટ પેઠું ! અહાહા ! એકાંત કેવી બુરી ચીજ છે ! ભલાભલાઓને પણ ભુલવણીમાં ભુલવાડી ભટકાવે છે, કપિલને પણ ખરેખર એમજ થયું. એક ઉપાધિ ઓછી કરવા સાધન શોધાયું ને અપાયું, ત્યાં તો વળી ઉપાધિના વમળમાંજ સપડાયો. તે વિષે કેશવકૃતિમાં કહ્યું છે કેઃ—**ઝુલણા છંદ.**

દુબળી ગાયને હોય ઝાઝી બગા, દુઃખતા અંગપર ઠેસ વાગે,
ભૂત ભાગી ગયું હોય નહિ ત્યાં વળી,ઉલટુ અંગમાં પલિત જાગે.
એકપર એક છે આધિઓવ્યાધિઓ, બંધનો બેવડાં કેમ છૂટે ?
સાવ નિઃસાર આ હાય સંસારમાં,સાંધીએ એક ત્યાં તેર ત્રૂટે.

એમ કરતાં તો કાળે કરી તે સ્ત્રીને ગર્ભ રહ્યો, ત્યારે તેણે કપિલને કહ્યું:—જુઓ આપણને માંડ પેટ પુરતું રોજ ખાવા મળે છે, અને હવે તો પ્રસુતી સમયમાં ખર્ચ જોઇશે, તેમાં કાંઇ ચાલે તેમ નથી, માટે જરા ઉદ્યમ કરજો કે પછી પાછળથી પસ્તાવું ન પડે. મેં સાંભળ્યું છે કે, આ ગામનો રાજા બહુજ ધર્માત્મા છે, તે સવારમાં રોજ એક સોનામહોરનું દાન કરે છે, અને તે દાન જે બ્રાહ્મણ પહેલો જાય છે તેનેજ મળે છે, માટે હવે ચેતતા રહેજો. કપિલ કહેઃ—બહુ સારૂં ! ત્યારે તો સવારમાં વહેલો ઉઠીનેજ જઇશ તું મને વહેલો ઉઠાડજે, પછી બન્ને જણાં સુઇ ગયાં. સવારમાં વહેલો ઉઠી તે દરબારમાં ગયો, રાજાજીને શુભાશિષ્ય દઇ ઉભો રહ્યો. રાજા જાગ્યો, અને તેને હમેશના નિયમ મુજબ એક સોનામહોરનું દાન આપ્યું, તે લેઇ હરખાતો હરખાતો ઘેર આવ્યો ને સોનામહોર

પેલી સ્ત્રીને આપી. વળી બીજે દિવસે પણ સોનામહોર લેવાનો લોભ વધ્યાથી, આખો દિવસ એનાએજ વિચારો ચાલ્યા, તેથી બિચારો વિદ્યા ભણવાનું તો નામ પણ ભુલી ગયો; પોતાનો દેશ માતા વગેરેને પણ ભુલી ગયો. એમ કરતાં રાત પડી, રાત્રે નિદ્રા પણ ન આવી, રાતના બાર વાગે ઉઠયો, ચંદ્રના તેજથી પ્રાતઃકાળ થયો જાણી સત્વર ઉઠયો ને દરબાર ભણી ચાલ્યો. રસ્તામાં પોલીસે અટકાવી પુછ્યું કે કયાં જાય છે? ઉત્તરમાં "મારે કામે" એટલુંજ કહ્યું. પણ મારી આ ગુપ્ત વાત બીજું કોઇ સાંભળી મારી પહેલાં જઇ પહોંચે નહિ, એ હેતુથી તેણે ખુલ્લો ભેદ બાહાર પાડયો નહિ, તેથી સિપાઇને વહેમ પડયાથી તેણે તેને ચોર જાણી કબજે કર્યો અને માર મારી ઓરડીમાં પુરી દીધો અને સવાર થતાં રાજા સમક્ષ ખડો કીધો. રાજાએ પુછ્યું કે તું કોણ છે? અને આ સિપાઇને હાથે કેમ પકડાયો ? કપિલ કહે:—સાહેબ ! હું આપની પાસે સર્વ વાત સાચેસાચી કહીશ, પછી આપ મારો કે ઉગારો. સાહેબ હું ગરીબ બ્રાહ્મણ છું, મારી સ્ત્રીને પ્રસુતી સમય નજીક આવતો જાણી આપની પાસે દક્ષિણા લેવા આવતો હતો; કાલે પણ મને આપે દક્ષિણા આપી હતી, તેથી લોભને લીધે આજે પણ આવતો હતો. દક્ષિણાની લેહેમાં રાત્રીની ખબર રહી નહિ, તેથી વહેલો ઉઠી ચાલ્યો, અને રસ્તામાં પોલિસે મને અટકાવ્યો, ને પુછ્યું તેના ઉત્તરમાં ચોખ્ખું કહીશ, તો કોઇ સાંભળશે ને મારી પહેલાં જઇ કોઇ લેઇ આવશે, એ હેતુથી " મારે કામે " એટલુંજ મોઘમ કહ્યું. આથી પોલિસને વહેમ આવ્યો, અને મને માર મારી કેદમાં પુર્યો, તે અત્યારે મને આપની પાસે લાવ્યા છે. હે દયાળુ મહારાજા ! આ મેં સાચી વાત કહી છે, હવે આપશ્રી ચાહો તેમ કરો. રાજાને આ કથન ખરૂં લાગ્યું, ગરીબ બ્રાહ્મણની બહુ દયા આવી તેથી કહ્યું કે:—હે ગરીબ બ્રાહ્મણ ! તમે સાચું બોલ્યા, તેથી તમારા ઉપર હું તુષ્ટમાન થઇ કહું છું કે:-તમોને ખુશી પડે તેટલું ધન માગી લ્યો, આજે જેટલું માગશો તેટલું હું આપીશ. આ સાંભળી બ્રાહ્મણ તો હર્ષઘેલોજ બની ગયો, પા કલાક સુધી તો કાંઇ પણ બોલી શકયોજ નહિ. રાજાએ કહ્યું કે:—મુંઝાશો નહિ, જાઓ પેલી આપણી વાડીમાં બેસી તમો આલોચ (વિચાર) કરી આવો; પછી ઇચ્છા થાય તે સુખે માગજો. બહુ સારૂં " આપનું અખંડ કલ્યાણ "—કહી વાડીમાં જઇ એકાંતે તે વિચાર કરવા બેઠો.

અહાહા ! કેવો આનંદ ! આજનો દિવસ તો બહુ સારો ઉગ્યો, ઠીક ત્યારે હવે શું માગું વારૂ ? બે મહોર માગું નાના બેએ તે શું પુરૂં થાય ? પચીસ માગું અરે તેથી પણ શું સરે ? એટલું તો સુવાવડમાં જ ખપી જાય, તો સો માગું, તેમાં પણ મન ન ઠર્યું; એતો છોકરાના નામ પાડવા વગેરેના સંસ્કારાદિની ક્રિયામાંજ ખપી જાય. એમ વિચાર કરતાં બસોં પાંચસો હજાર વગેરે મહોર સુધી ચડતો ગયો, એ તો મોટી તૃષ્ણાનદીના પુરમાં પડી વેગથી તણાયો. જેમ ધારે તેમ ક્ષોભ વધતો જ જાય ખરેખર તૃષ્ણા છેજ એવી ! તે વિષે કહ્યું છે કેઃ—

ગીતિ.

इच्छति सति सहस्त्रं । ससहस्त्रः कोटीमीहते कर्तुम् ।
कोटियुतोऽपि नृपत्वं । नृपोऽपिबत चक्रवार्तित्वम् ॥७१॥
चक्रधरोऽपि सुरत्वं । सुरोऽपि सुरराज्य मीहते कर्तुम् ।
सुरराजोप्युर्ध्वगतिं । तथाऽपि न निर्वतते तृष्णा ॥७२॥

અર્થાત—હજારની ઇચ્છા પુરી થતાં કોટી કરવાની ધારણા ધારે, ક્રોડ મળતાં રાજાપણું ઇચ્છે, રાજાપણું મળતાં ચક્રવર્તીપણું ઇચ્છે, ચકવર્તીપણું મળતાં દેવપણું, ને દેવપણું મળતાં ઇંદ્રપદ માગે; એમ તૃષ્ણા ઉંચી ને ઉંચીજ ઉડે છે પણ નિવર્તતી નથી. આપણા દૃષ્ટાંતનાયક કપિલને પણ એમજ થયું, ખુબ ચડયો તેણે મનઅશ્વને ઘણે દૂર સુધી દોડાવ્યો. છેવટ પ્રધાનપદ માગવાની અને આખરે રાજાને ઉઠાડી મેલી રાજ્ય લેવાને પણ લલચાયો, બેસવાની ડાળ કાપવા સુધી પણ અટકયો નહિ. તે વિષે સુંદરદાસ કવિએ ખરૂંજ કહ્યું છે કેઃ-

સવૈયો.

જો દસ વીસ પચાસ ભયે સત હોઇ હજાર તું લાખ મગેગી,
કોટી અરબ ખરબ અસંખ્ય ધરાપતિ હોનકી ચાહ જગેગી;
સ્વર્ગપાતાલકું રાજ કરો તૃષના અધિકી અતિ આગ લગેગી,
સુંદર એક સંતોષ બિના શઠ તેરી તો ભુખ કબુ ન ભગેગી.

પણ ભવિષ્યમાં તેનો મહાન ઉદય થવાનો હોવાથી છેવટે તેને મનમાં એક સુવિચાર સુઝયો. બસ બહુ થયું, કપિલ બહુ થયું હદ આવી રહી ! ખરેખર તારા જેવો નીચ અને કૃતઘ્ની કોણ હોય ? શું

તારે રાજ્ય જોઇએ છીએ ?! અરે ભિખારી લોટમાગું ! તારે ને રાજ્યને શું લાગેવળગે ? પ્રથમ તું એટલું તો વિચાર કે તું આ દેશમાં શા કાજે આવેલો છે ? "આવ્યો રળવા ને બેઠો દળવા" લાભલેવા આવ્યો અને તું તો ખોટમાં ઉતર્યો. તારે ઝાઝી સોનામહોરોને શું કરવી છે? પાંચસેં ઘણી થશે, ના ના એટલી એ નહિ બસ સોથી ચાલશે અરે એટલી પણ તારે શું કરવી છે ? માટે પચીસ માગું, નાના તેટલી પણ નહિ, શું મીઠા ઝાડનાં કાંઇ મૂળ લેવાય ? માટે બસ ! આપણે તો બે માગી લ્યો, વધારે શું કરવી છે ? ના ના બે મહોર પણ મારે નથી જોઇતી. હે કપિલ ! તું લોભમાં બહુ ઉંચે ચડયો હતો. માટે હવે તો તને કાંઇ દેવુંજ નથી. શ્રી ભગવંતનું વચન છે કે:—

ગાથા.

जहा लाहो तहा लोहो । लाहे लोहो पवढइ ॥
दो मासं कयंकज्जं । कोडी एवी न निठइ ॥ ७३ ॥

અર્થાત—લાભ વધે છે તેમ લોભ પણ વધે જાય છે, બે માસા સુવર્ણ ઇચ્છનારો કરોડ–કોટીથી પણ અટકયો નહિ; માટે ધિક્કાર છે તેને ! અરે હું તો અહીં આવી કેવળ અનીતિ ભર્યા કુપંદમાં જ ફસાઇ ગયો, આમાં મારૂં હિત શું થવાનું ? હે આત્મા ! આ પ્રપંચી સંસારમાં જન્મી કાંઈ આત્મકલ્યાણ કરજે, સંસારમાં કાઇ કોઇનું નથી. આત્મા એકલો આવ્યો તે ઠાલી હાથે એકલોજ જશે; અરે ! આ સંસાર જ અસાર છે. તે આ પ્રકારે જેવો પહેલાં તૃષ્ણા નદીમાં વેગથી તણાયો હતો, તેવોજ પાછો ફરી વૈરાગ્યરૂપી મહાસાગરમાં ઝુકી પડયો ને અનિત્ય ભાવના ભાવવા લાગ્યો. છેવટે નિજાત્મસ્વરૂપ વિચારતાં બે ઘડીમાંજ તેને ત્યાં કેવળજ્ઞાન અને કેવળ-દર્શન ઉત્પન્ન થયું; તેથી આ લોકની સર્વ વસ્તુઓને હસ્તાંજળીવત્ દેખવાની દુરબીન તારકશક્તિ તેને પ્રગટી, દેવોએ તેનો કેવળ મહોત્સવ કર્યો, પ્રથમ સાધુવેશ ધારણ કરાવ્યો પછી વિધિ વંદન કરી દેવો સર્વે સ્વસ્થાને ગયા; હવે સર્વજ્ઞ પ્રભુશ્રી કપિલમુનિ રાજા પાસ આવ્યા. રાજા બોલ્યા કે:–મહારાજ ! આ શું આવો વેશ વળી કયાંથી લાવ્યા ?! અને તમે વાડીમાં એકાંતે ગયા હતા, તો આલોચના કરી આવ્યા કે ? શ્રીકપિલકેવળીપ્રભુ બોલ્યા:—હા મહારાજ ! આ લોચ (મસ્તકનો લોચ) કરી આવ્યો. પછી રાજાને તે સ્થાને ઉપદેશ કર્યો અને તૃષ્ણા

રાક્ષસીનું સ્વરૂપ વર્ણવ્યું. હે રાજા ! તૃષ્ણા છે તે ખરેખર વેશ્યા તુલ્ય છે, દુષ્ટા પ્રાણીઓને મોહપાશમાં નાંખી ભવભ્રમણ કરાવે છે. તે વિષે કહ્યું છે કે:—

अहो तृष्णा वेशा सकल जनता मोहनकरी ।
विदग्धा मुग्धानां हराति विवशानां शमधनम् ॥
विपाद्दिक्षा दक्षा सहतरलतारैः प्रणयिना ।
कटाक्षै कूटाक्षैः कपट कुटिलै काम कितवः ॥७४॥

અર્થાત–અહાહા ! તૃષ્ણા રૂપી વેશ્યા કેવી ઠગારી છે ? સર્વ જીવને તે મોહમાં નાંખી લલચાવે છે, મહાન પંડિતોના પણ ગર્વ રૂપી ધનને હરે છે, વિપત્તિ રૂપી દીક્ષા દેવામાં કુશળ છે, લાંબાલાંબા વિચારો કરાવનારી, મહાકુટીલ અને કપટ ભર્યા નમ્ર કામકટાક્ષો કરી સર્વને વશ કરનારી, એવી આ આશા-તૃષ્ણા વેશ્યા છે. તેણેજ આપણને અનંત જન્મ આમ ભવભ્રમણમાં ભટકાવ્યા છે, માટે તેવી તૃષ્ણારૂપી વેશ્યાનો વિવેકી આત્મહિતસ્વી જનોએ તો કદાપિ વિશ્વાસ ન કરવો એજ સર્વ શાસ્ત્રનો સાર ને તત્વ છે. વગેરે નિર્મળ હિત-બોધ શ્રીકપિલ કે વળી ભગવાને સર્વને આપીને ધર્મી બનાવ્યા, ઉન્માર્ગે જતા અટકાવ્યા, સન્માર્ગે જવા સમજાવ્યા, સન્માર્ગ સન્મુખ કરી મહાભારે ઉપકાર કર્યો. પછી ત્યાંથી વિહાર કરી ઘણો કાળ ભૂમં-ડળમાં વિચરી ઘણા ભવ્યોને તારી મોક્ષે ગયા.

આ દૃષ્ટાંતની મતલબ એ છે કે, આ જીવાત્માએ અનંતવાર સ્વર્ગીય સુખો ભોગવ્યાં તો પણ હજી તૃપ્તિ પામતો નથી, તૃષ્ણાને ઓછી કરી લલુતા તજતો નથી, મોહ મમત્વમાં મસ્ત બની આ અમૂલ્ય માનવજીવન એળે ગુમાવે છે, માટે આ મોંઘો મનુષ્યજન્મ ધરી કાંઇ પણ આત્મહિત કરવું, પણ તોફાની તૃષ્ણા નદીમાં અતિ વેગથી તણાઇ તો નજ જવું, પણ બનતા સુધી સદ્ધર્મે ચાલી જન્મ સફળ કરવો (૭૧)

सुदुर्लभं प्राप्य मुनित्व मार्गं ।
मुंचंति मूढाः सुखदं सदाये ॥
ते याति घोरं नरकं नरा हि ।
यथा प्रपेदे किल कुंडरीकः ॥ ७२ ॥

અર્થઃ—આ જગતમાં ઉત્તમ પ્રકારનાં સુખને આપનાર એવા મુનિમાર્ગને અંગિકાર કરીને જે મૂઢ જીવો તેને તજી દે છે, તે ખરેખર મરીને નરકગતિમાં જાય છે. જેમ કુંડરીક નામે રાજાએ મુનિમાર્ગને પ્રથમ ઉમંગે અંગિકાર કરી પાછળથી તે તજી દીધો અને તેની નિંદા કરી, તો તે અઢી દિવસમાંજ મરીને નરકગતિને પામ્યો. (૭૨)

ભાવાર્થ—આ લોકમાં જે દુર્ભાગી પુરૂષોને અત્યંત દુર્લભ એવો, તથા સ્વર્ગ અને અપવર્ગ આદિનાં મહાનસુખોને આપવાવાળો એવો મુનિમાર્ગ, તે મહાભાગ્યના ઉદયે મેળવીને પણ તેને પાછો તજી દેઇ સંસારમાં ગોથાં ખાવા જાય છે, અને વિષય સુખ ભોગવે છે; તે ખરેખર ઘોર કહેતાં ભયંકર એવી નરક ગતિમાં જાય છે. કારણ શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—સંયમ એ એક અમૂલ્ય વસ્તુ છે, અને તે મનુષ્યોના મહાન ભાગ્યોદય વિના મળતુંજ નથી. તે વિષે—**ગાથા.**

लभंति विमलाभोए लभंतिसुर संपया ॥
लभंति पुत मित्तं च । एगोधम्मो न लभई ॥ ७८ ॥

અર્થાત્—લક્ષ્મી, સ્વર્ગલોકના વૈભવો, પુત્ર, મિત્ર અને કલત્રો, ધનધાન્ય અને ધરા જે કહીએ તે સર્વ સંપત્તિઓ તો આ જીવને કોઇ કાળે મળેલી છે, પણ મોક્ષમાર્ગરૂપી પવિત્ર જૈનધર્મ મળ્યો નથી, અને કદાચ મળ્યો તો કોઇ કઠિન કર્મના ઉદયે તેના ઉપર અરૂચી થવાથી તેને પ્રેમપૂર્વક પાળવાને બદલે તજી દે છે; તે પુરૂષ ખરેખર મરીને ઘોર નરકમાં પડી સંસારમાં પરિભ્રમણ કર્યાજ કરે છે. તેના ઉપર સિદ્ધાંતસાગરમાં ઘણાં દૃષ્ટાંતો કહેલાં છે, તેમાંથી અત્રે કુંડરીક રાજાનો એકજ દાખલો અમે આપીએ છીએ. કુંડરીક એક હજાર વર્ષ સુધી શુદ્ધ સંયમ પાળી આત્માનંદમાં મગ્ન રહ્યા, પણ પછી

થોડા કાળને માટે કાંઠે આવેલ વહાણ ડુબ્યાની માફક તેણે સંજમ-માર્ગ તજી દીધો ને સાતમી નર્કે ગયો તેનું દૃષ્ટાંતઃ—

(૭૮) યોગભ્રષ્ટ કુંડરીક ને સંયમાનુરાગી પુંડરીક.

મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયને વિષે સ્વર્ગપુરી સમાન પુંડરગિણી નામે નગરી હતી તેમાં મહાપદ્મ નામે રાજા ન્યાયમાર્ગે રાજ્ય કરતો હતો. તેને પદ્માવતી નામે શીળવંતી રાણી હતી. આ દંપતીને અનુક્રમે પુંડરીક અને કુંડરીક એ બે પુત્રો થયા. એકદા નલીની વનના ઉદ્યાનને વિષે કોઇ સાધુ પધાર્યા, તે સાંભળી મહા-પદ્મરાજા પોતાના બન્ને પુત્રોને સાથે લઇને વંદન કરવા ગયો. મુનિએ ધર્મોપદેશ આપ્યો કેઃ-આધિ વ્યાધિ ને ઉપાધિથી ભરેલા આ અસાર સંસારમાં એક ક્ષણવાર પણ સુખ નથી એમ જાણતાં છતાં પણ મોહ-મુગ્ધ બનેલો જીવ જીનપ્રણિતધર્મને આરાધતો નથી, તો પછી પર-લોકમાં તેનું શું થશે ? તે વિચાર તો તેને જરા આવતોજ નથી ! આ મળેલાં સુખ ક્ષણીક અને વિનશ્વર છે, માટે પરભવના ભાતારૂપ પવિત્ર ધર્મ જરૂર આચરવો જોઇએ. એવો પવિત્ર ધર્મોપદેશ સાંભ-ળીને વૈરાગ્ય પામીને મહાપદ્મરાજાએ પુંડરીકને રાજ્ય સોંપી સંયમ ગ્રહણ કર્યો. પછી પુંડરીક પોતાના ભાઇ કુંડરીક સહિત રાજ્ય કરવા લાગ્યો. પછી એકદા પુંડરીક કહેવા લાગ્યો કેઃ-હે ભાઇ કુંડરીક ! મને બહુ સમય થયાં સંસાર ઉપરથી ચિત્ત ઉઠી જઇ વૈરાગ્ય થયો છે, માટે તું રાજ્ય અંગિકાર કર! હું તો હવે ચારિત્ર અંગિકાર કરીશ. નાના ભાઇએ ઉતર આપ્યો કેઃ—હે મોટા ભાઇ ! તું એમ કેમ કહે છે ? સત્પુરૂષો હોય છે તે તો પોતાના વહાલાને સુખ આપે છે, પણ તું તો ઉલટો મને સંસારરૂપી સમુદ્રમાં નાખવાને ઇચ્છે છે. એમ કેમ ? વળી જીનેશ્વર ભગવાન કહે છે કેઃ—રાજ્ય તો નરકાદિક ગતિને આપનારૂં છે. પુંડરીકે કહ્યું કેઃ—મને વિષયના ભોગવિલાસ બીલકુલ રૂચતા નથી, કારણ કે આ મત્સરી અને વિષયી પાપરૂપ જે પાંચ ઇંદ્રિયો છે તેજ માણસોને સંસારસાગરમાં નાંખે છે. ત્યારે કુંડરીકે કહ્યુંઃ—ભાઇ તું કહે છે તે બધું ખરૂં છે, પણ રાજાનો મોટો પુત્ર હોય તેણેજ રાજ્ય અંગિકાર કરવું જોઇએ, માટે હવે તું લેશમાત્ર પણ પ્રત્યુત્તર આપીશ નહિ—એમ પુંડરીકને બોલતો બંધ કરી કુંડરીકે દિક્ષા લીધી. પુંડરીક પ્રજાનું પાલન કરતો થકો મન વિના સંસારસુખ ભોગવતો રહ્યો અને નાનો ભાઇ કુંડરીક નાના પ્રકારના

અભિગ્રહ તપ પ્રમુખ કરતો સંયમ પાળવા લાગ્યો. હવે એકદા એવું બન્યું કે કુંડરીક પોતાના ગુરૂ સહિત પુંડરગાણી નગરીમાં પધાર્યા. તે વખતે પુંડરીક રાજા પોતાના બંધુ મુનિને વંદન કરવા રાજકીય સમસ્ત સામગ્રી તથા અંતઃપુર સાથે ત્યાં આવી પ્રેમપૂર્વક વાંદી-નમસ્કાર કરી હર્ષાશ્રુ સહિત રાજા બોલ્યોઃ—અહો મુનિરાજ! ધન્ય આપને! હું અભાગી જીવ તો આ વિષયભોગરૂપી ગારામાં ખુંચી જઇ મહાવક્ર કર્મોને આધિન પડેલો છું; એ પ્રકારે સ્તુતિ કરી બેઠો. તે વખતે તે કુંડરીકમુનિનું મન તો પોતાના બંધુ રાજાની મહર્ધિક રાજ્ય સંપતિ તથા અનેક પ્રકારનાં વૈભવસુખો જોઇ મોહ પામી ચળાયમાન થયું. અને વિચાર્યું કેઃ-અહો! ખરૂં સુખ તો મારો આ ભાઇ ભોગવે છે, અને મારે તો સંયમમાર્ગમાં ઘણાં આકરાં દુઃખો ભોગવવાં પડે છે. અહો હું કેવો મૂઢ! કે મને રાજ્ય આપતાં છતાં પણ મેં તે ન લીધું; કંઇ નહિ હવે તો વખત મળે ભાઇ પાસેથી રાજ્ય મેળવી સર્વ સુખ ભોગવું. પછી થોડા દિવસમાં ગુરૂએ વિહાર કર્યો તેમની સાથે કુંડરીકે પણ વિહાર કર્યો. પણ થોડેક દૂર જતાં બીજે દિવસે ગુરૂને રસ્તામાં મુકી પાછો પોતાને ગામ આવ્યો, વનપાલકના કહેવા થકી પુંડરીકને ખબર પડયા—કે મારા બંધુ કુંડરીકમુનિ તો પાછા એકલા આવ્યા છે, ગુરૂને એકલા મુકી તે પાછા શા વાસ્તે આવ્યા હશે? એની તેને મનમાં શંકા થઇ.

પછી તેને વંદન કરવા ત્યાં આવ્યો, તે વખતે કુંડરીકમુનિ વિચારસાગરમાં ડુબી ગએલા હતા, અને મન સાથે નિશ્ચય કરતા હતા કેઃ-અહો! મેં વૃથા રાજ્ય સુખ ખોયું, હવે આવું અસહ્ય કષ્ટ મારે સહેવું પડે છે, આવાં કષ્ટથી સ્વર્ગસુખ મળે છે, તેની કોને ખબર છે? આ રાજ્ય તો પ્રત્યક્ષ સુખ આપનારૂં છે, મેં મૂઢે વિનાકારણે આ કાયાએ કલેશ વેહોરી લીધો છે, આવી તિવ્ર તપશ્ચર્યા કરવી ઇંદ્રિઓને દમવી, અને પરિષહો ખમવા, એ સર્વ કષ્ટ કેવળ કાયાને વેદના-પીડાનોજ હેતુ છે-એમ વિચાર કરતાં રાજ્યવૈભવ અને સુખનો લોભી કુંડરીક હૃદય સાથે ગડભાંગ કરતો હતો, તેવામાં પુંડરીકે આવી હસ્ત જોડી વિધિ વંદન કરી તાત્કાળીક તે મુનિને પધારવાનું કારણ પુછ્યું. તે સાંભળી સંયમમાર્ગમાં પરાંગમુખ વૃત્તિ છે જેની, એવો કુંડરીક બોલ્યોઃ—હજારો અસહ્ય દુઃખોથી પૂર્ણ એવી આ કપરી દિક્ષા મારાથી પળાતી નથી, આ મુનિમાર્ગ તો કઠણમાં કઠણ છે.

માટે મારૂં મન તો રાજ્યસુખો ભોગવવા અભિલાષી બનેલું છે. તે સાંભળી પુંડરીક વિસ્મય પામી મનમાં કોપ કરી ખેદપૂર્વક બોલ્યોઃ-

"ભાઇ કુંડરીક ! આ તને શું વિપરીત થયું ? ઠંડા પાણીમાંથી અગ્નિ ક્યાંથી ઉત્પન્ન થયો, અથવા તો આ તમારી આકૃતિ ઉપરથી અને તમે ગુરૂને તજી એકાકીપણે અત્રે પાછા આવ્યા ત્યારથીજ તમારૂં મન તો મારા જાણવામાં આવી ગયું છે. તો પણ હે બંધુ કુંડરીક ! હું તને એટલુંજ પૂછુંછું કેઃ—આ જે તમે આરંભ્યું છે તે શું કાંઇ ગુરૂજનોએ ઉપદેશેલું ? કે કોઇ ધર્મશાસ્ત્રમાં કહેલું છે ? કે ધર્મને મેળવવાનો આ કોઇ નવો ઉપચાર શોધી કાઢયો છે, અથવા આ કોઇ અઘોર તપશ્ચર્યાનો પ્રકાર છે, અથવા સ્વર્ગગમનનો આ પણ એક માર્ગ છે, અથવા વ્રતનું કોઇ રહસ્ય છે, કે મોક્ષપ્રાપ્તિનો કોઇ ઇલાજ છે, કે અન્ય કોઇ નિયમનો પ્રકાર છે, છે શું તે કંઇ કહીશ ? તું બોલ્યો કે, મારે હવે આ વિકટ માર્ગ તજી રાજ્ય-સુખ ભોગવવું છે, તે શું તમારા જેવા કુલીન માણસોએ મનથી પણ ચિંતવવું યોગ્ય છે ? કદાપિ નાહિજ. તો તે મુખથી વદવાને અને તે મેળવવાને યોગ્ય તો હોયજ કેમ ? અજ્ઞાની જનની પેઠે આ દુષ્ટ કામવિકારે ઉપહાસ્ય કરાતા આ તારા આત્માને કેમ તું નથી જાણતો ? ખરેખર મૂઢ માણસ હોય તેજ આમ કામદેવથી ખેંચાય છે, જે વિષયસુખોનો વરિષ્ટ સાધુ જનો તો હમેશાં તિરસ્કાર કરે છે, અને જેને નીચ માણસોજ ઘણું કરીને બહુ માને સેવે છે, એવા ક્ષણીક વિષયસુખોમાં આશા જ શી કરવી ? વળી જે પ્રથમ વિષયોને તજી, ફરીને પાછો તે વિષયો મેળવવાની અભિલાષા ધરાવે છે, તે મૂઢ નરો ખરેખર ધર્મબુદ્ધિથી વિષયને સેવે છે, વળી ફુલની માળા ધારી ખડગનું આલિંગન કરે છે, સુગંધી ધુમ્રરેખાની આશાએ મોટા સર્પને પકડે છે, રત્નની આશાએ બળતો અંગારો હાથમાં લે છે, મૂઢ દુર્ગતિના સાધન રૂપ વિષયોને મનમાં સુખબુદ્ધિથી આરોપે છે. તેવા અજ્ઞાની મૂઢાત્મા એ બધું કરે છે, પણ તું તો ઘણું જ્ઞાન ભણી વિષયોના પરિણામોને જાણવા છતાં પણ રાત્રીમાં પતંગીયાના ક્ષણીક પ્રકારની પેઠે જ્ઞાનભારને વહન કરે છે. કારણ કે પ્રબલ કર્મ મલથી કલુષિત બનેલી આ તારી ઇંદ્રિયોને ઉન્માર્ગમાં પડતી અટકાવતો નથી, અથવા તારા નિરંકુશિત્ મનને કબજામાં રાખતો નથી. અરે જરા તો વિચાર કર ! આ દુષ્ટ અનંગ તે કોણ ? ધૈર્યનું અવલંબન કર

વિચાર અને આ દુષ્ટ મન્મથ-કામદેવને ધિક્કાર, અને જલદી ગુરૂ પાસે જઇ શુદ્ધ થા. ખરેખર હવે આ કર્તવ્ય તને યોગ્ય નથી, તજેલા વિષયોને ફરીથી ગ્રહણ કરવાની અને એકેલું ચાટી જવાની ઇચ્છા કરવી તે શું મહાજનોનો માર્ગ છે? સાધુઓ તો ધૈર્યધનવાળા સમર્થ હોય છે, માટે અંતરમાં ભરાઇ બેઠેલી અસાધુતાનો ત્યાગ કર, અરે શુદ્ધ સાધુ થઇ વિષયવિકારથી વ્યાકુળ બનેલા તારા આત્માને વારી રાખતો કેમ નથી ? ક્યાં ગયું તારૂં ધૈર્ય ? ક્યાં ગયું ઇંદ્રિયવિજયનું તારૂં તે ઝનુન ? ક્યાં ગયો તે દિક્ષા સમયનો પ્રબળ વૈરાગ્ય ? ક્યાં ગયો તારો તે મનોનિગ્રહ ? ક્યાં ગઇ તે પ્રશાંતિ, ક્યાં ગયું તે બ્રહ્મ-ચર્ય ક્યાં ગઇ તે સર્વ વિષયોમાં ઘૃણા ને અરૂચિ, ક્યાં ગયો તે ગુરૂનો જ્ઞાનોપદેશ, ક્યાં ગયાં તે હિતબોધક શાસ્ત્ર-વચનો, ક્યાં ગયા તે વૈરાગ્યના ઉગ્ર વિચારો, ક્યાં ગયું તે ઉપભોગમાં શત્રુપણું, ક્યાં ગયું તે યૌવનને વશ કરનારૂં શાસન ? ખરેખર તારી પ્રજ્ઞા નિષ્ફળ ગઇ, ધર્મશાસ્ત્રનો તારો અભ્યાસ પણ વૃથા ગયો, સર્વ સંસ્કારો નિરર્થક થયા, ગુરૂજનનો ધર્મોપદેશ પણ નિરૂપયોગી થયો, વિવેક સર્વ ભ્રષ્ટ થયો, તારી વૈરાગ્યદશા નિષ્પ્રયોજન થઇ, જ્ઞાન સર્વ ગળી ગયું—નકામું થયું. અરેરે ! તમારા જેવા કુલીન પુરૂષ પણ રાગની અભિ-લાષાથી કલુષિત કરાય છે, પ્રમાદથી પરાભૂત થાય છે, થવા શું બેઠું?!

અરે ! તું જરા વિચાર તો કર કે તારૂં કુલ કોણ, તું કોનો પુત્ર, પિતાજીએ સંજમમાર્ગ અંગિકાર કરી આત્મકલ્યાણ કરી કેવું જીવન સાફલ્ય કર્યું ?! તું તે પવિત્ર પિતાનો સુયોગ્ય પુત્ર થઇ પવિત્ર પદથી નાહક ભ્રષ્ટ થાય છે તે તને મોટું લાંછન નહિ, તો બીજું શું ? વળી હું તને રાજ્યલોભથી આ બધું કહેતો નથી, પણ ઉન્ન-તિમાર્ગથી પતિત થએલા તારા આત્માના હિતને માટે આત્માના ઉદ્ધારને માટેજ આ સર્વ મેં કહેલું છે." એ પ્રકારના ઉપાલંભ સાથે અનેક પ્રકારનાં હિતવચનોથી પુનઃ પુનઃ કહેવાયો છતાં પણ સંજ-મમાર્ગથી જેનું મન ભ્રષ્ટ થએલું છે, એવો કુંડરીક વિષયભોગનો ભિખારી થઇ નિર્લજ થઇ પુંડરીક પ્રત્યે બોલ્યો કેઃ—બંધુ પુંડરીક ! બહુ કહેવાથી શું, તું સર્વથી સ્વસ્થ છે તું રાજ્યગાદી ભોગવતો હોવાથી સંતોષ માને છે. **परोपदेशे कुशला द्दश्यते बहुधा नराः।** અર્થાત્ પારકાને ઉપદેશ દેવામાં તો સર્વે કોઇ કુશળ હોય છે. ઉપર કહેલાં વચનો જો કે સર્વથા ખરાં છે, પણ તે કોને ? કે જેને ઇંદ્રિયો

આધિન છે-જીતી છે અથવા જેનું મન શુદ્ધ છે, જે જુએ છે તથા સાંભળે છે, અથવા સાંભળીને અવધારે છે-આ શુભ છે કે અશુભ, એ પ્રમાણે પૃથક કરવાનો જેને વિવેક છે, તે બરોબર ઉપદેશને લાયક છે. પણ મારે તો એ બધું દૂર ગએલું છે, જ્ઞાન ધૈર્ય સંયમ-પ્રીતિ વગેરે સર્વે સદ્‌ગુણો ખરેખર અવષ્ટંભને પામેલા છે. કારણ કે દિક્ષા એ દુઃખની ભરેલી ગહન ગુહા છે, કલ્યાણની આશંકા વાળી છે, સહસ્ત્ર વર્ષ હું તેમાં વસ્યો પણ તેનું ફળ તો મેં કાંઇ જોયું નહિ, તો પરલોકની આશા બાંધવી એ તો "હવામાં કિલ્લા બાંધવા બરાબર છે." હું તને કાલે ઘણો ગોળ આપીશ એમ કહી નાના બાળકના હાથમાં રહેલા ગોળને છીનવી લેવાના ઉપાયભૂત આ ધર્મશાસ્ત્રનાં વચનો છે; મારે માટે હવે આ ઉપદેશનો કાળ નથી. વિશેષ શું કહું ? હવે વિષયસુખાભિલાષામાં પડેલા આ મારા મનને કોટી પ્રયત્નો વડે પણ હું અટકાવવા સમર્થ નથી. આવાં અઘટિત વચનો સાંભળી વિચારસાગરમાં નિમગ્ન થએલો પુંડરીક ઉંડો નિસાસો નાંખી મન સાથે બોલ્યો:—અરે ! આતો ઘણી ભમિ ઉલ્લંઘી ગયો—હાડ ગયો. ઉન્માદમાં પડેલા આ આત્માને હવે કોઇ રીતે અટકાવવાને હું સમર્થ નથી, ખરેખર આને તો સર્વ ગુરૂપદેશ નિષ્ફળ થયો. ખરેખર ગુરૂ-જનોનો પવિત્ર જ્ઞાનોદેશ સ્ફાટિકમણિમાં ચંદ્રકીરણની પેઠે નિર્મળ મનવાળા મનુષ્યોને વિશેજ સુખપુર્વક પ્રવેશ કરી શકે છે, બીજાને ગુરૂવચનો નિર્મળ હોય, તો પણ કરણ કોટીમાં પડેલા જળબિંદુની પેઠે મહાન શલ્ય ઉત્પન્ન કરે છે. હવે જેને ઘણા વર્ષથી વૈરાગ્ય તો હતોજ, તેમાં વળી આ બંધુના વિચિત્ર પ્રકારથી વિશેષ વધારો થયો છે તેથી દિક્ષાનુરાગથી આકર્ષાયલો એવો પુંડરીક બોલ્યો કે:—બંધુ તું ભ્રષ્ટ થયો એટલે ધર્મને પણ ભ્રષ્ટ કેમ માને છે ? શું એક ક્ષેત્રમાં કર્મયોગે પાક થોડો થયો, તેથી સર્વ ક્ષેત્રમાં એમ કેમ બને ? શું ઘુવડ પક્ષીઓ સૂર્યને ન દેખે, તેથી સૂર્ય નથી એવું કયો મૂઢ માણસ માને ? તે વિષે કહ્યું છે કે;—

पत्रं नैव यदि करीर विटपे दोषो वसंतस्य किं ?
नोलूकोप्यवलोक्यते यदि दिवा सूर्यस्य किं दूषणम्? ७६।

અર્થાત્-વસંત ઋતુમાં સર્વ વનસ્પતિને પાંદડા આવે પણ કેરડાના વૃક્ષને પાન ન આવે, તેમાં વસંતનો શો દોષ ? દિવસાંધ

એવાં ઘુવડપક્ષીઓ સૂર્યને ન દેખે તેમાં સૂર્યનો શો દોષ ? ચાતકના મુખમાં વરસાદની ધારા ન પડે તેમાં વરસાદનો શો દોષ ? ખરેખર લલાટપટલમાં લખેલું પોતાનું પૂર્વકૃત કર્મ તેનો નાશ કરવાને કોણ સમર્થ છે ?! તારા કોઇ પૂર્વના કનિષ્ટ કર્મના ઉદયથી પવિત્ર સંજમમાર્ગમાં તને અરૂચી થઇ, તેથી શું તે માર્ગને અપવિત્ર માની તું તેની અવગણના કરે છે ? ખરે તેજ તારા દુર્ગતિગમનનું પ્રારંભિક ચિન્હ છે, માટે હે મૂર્ખશિરોમણિ ! તારે જો આ રાજ્ય જોઇતું હોય, તો તું ઝટ આ સાધુનો વેશ ઉતાર, હું તે જ સાધુના વેશને અંગિકાર કરી દિક્ષા ધારણ કરીશ. એમ કહ્યું કે તુરતજ કુંડરીકે સાધુનો વેશ ઉતારી પુંડરીકનો રાજકીય વેશ ધારણ કર્યો, અને કુંડરીકનો સાધુનો વેશ ઘણા આદર સહિત પુંડરીકે ધારણ કર્યો અને અભિગ્રહ કર્યો કેઃ–જ્યાં સુધી ગુરૂનાં પવિત્ર દર્શન ન થાય, ત્યાં સુધી મારે સર્વથા આહારપાણીનો ત્યાગ છે, અને પછી મોટા મંડળ વચ્ચે બોલ્યોઃ— ભાઇઓ ! કુંડરીક પોતાના પૂર્વકર્મના પ્રાબલ્યથી સંજમમાર્ગથી ભ્રષ્ટ થયો, તેથી એમ ન સમજશો કે ધર્મમાં કાંઇ નથી, ધર્મ તો એક મહા અમૂલ્ય વસ્તુ છે, ધર્મથીજ તરવાનું છે, જેમ સમુદ્રમાં ડુબતા પ્રાણીને બેટનો આધાર છે, તેમ આ મહા ભયંકર ભવસાગરમાં ડુબતા પ્રાણીને ધર્મનોજ આધાર છે, માટે ધર્મનું શરણું ભાવે કરી ગ્રહણ કરજો; એટલું બોલી પુંડરીકે તરતજ ત્યાંથી વિહાર કર્યો.

ત્રણ અહોરાત્રી સુધી તેમને ગુરૂદર્શન થયાં નહિ, ચોથે દિવસે ગુરૂનો રસ્તામાં ભેટો થયો તેમને હર્ષપુર્વક વિધિ વંદન કરી સુખશાંતિ વગેરે કુશળ સમાચાર પુછ્યા, બાદ પોતાના લઘુ ભ્રાત સંબંધી સર્વ હકીકત નિવેદન કરી અને તેના બદલામાં હું પોતેજ આજથી ગુરૂ ચરણમાં અર્પણ થાઉ છું—એમ નમ્રતાપૂર્વક નિવેદન કરી તેજ સમયે ગુરૂ દિક્ષા અંગિકાર કરી પોતાનો અભિગ્રહ જાહેર કયો. પછી ગુરૂની આજ્ઞા લેઇ ગામમાં પારણા માટે ગૌચરીએ પધાર્યા. સ્વપ્નામાં પણ નહિ ભોગવેલી એવી રૂક્ષ ભિક્ષાનો જોગ થયો, તે હર્ષપૂર્વક લેઇ સ્વસ્થાને આવી ગુરૂને બતાવી હર્ષપૂર્વક તેનું પારણું કર્યું. પણ કોઇ વાર નહિ ખાધેલું તેવું રૂક્ષ ભોજન લેવામાં આવેલું હોવાથી તરતજ ઉદરમાં જબરી વિસુચીકા (ચુંક) ઉત્પન્ન થઇ. મહાઅસહ્ય પીડામાં તેમનું શરીર સપડાયું, અને ટુંક સમયમાં જ

તે મહાત્મા શ્રી પુંડરીકનો પવિત્રાત્મા પોતાનાં સમસ્ત પાપોને ગુરૂ સમક્ષ આળોવી પડિકમી નિંદી નિઃશલ્ય થઇ તથા સર્વ જીવોને ખરા જીગરથી ખમાવી સમાધિ પરિણામે કાળ કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં જઇ તેત્રીસ સાગરોપમ આયુષ્યની સ્થિતિ વાળા ઉત્કૃષ્ટ દેવપણે ઉત્પન્ન થયા. હવે આણી તરફ રાજ્યનો લોભી તથા વિષયભોગનો ભિખારી કુંડરીક રાજકીય સુંદર પોષાક ધારણ કરી વાજતે ગાજતે નગરમાં પ્રવેશ કરી રાજગાદી ઉપર બેઠો. પણ ઘણા વર્ષથી જોગવાળું શરીર હોવાથી તેનો દેખાવ પ્રાતઃકાળના ચંદ્ર બિંબની માફક નિસ્તેજ—અ-શોભનીક જણાતો હતો, તેથી અમાત્ય વગેરે સર્વે કારભારીમંડળ તથા બીજા રાજકીય પુરૂષો તેને હૃદયથી ધિક્કારતા હતા. રાજા રાજગાદી ઉપર બેઠો, કે તરતજ તેજ દિવસે માંસમદિરા વગેરે અભક્ષ તથા કેફી વસ્તુનું ખાનપાન શરૂ કર્યું, તથા જનાનખાનામાં જઇ પોતાની સ્ત્રીઓ પ્રત્યે વિષયભોગની ઇચ્છા કરી પણ જ્યારથી તેણે પોતે દિક્ષા લીધી હતી ત્યારથીજ રાણીઓએ તો બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું હતું. તેથી રાજાની તે કનિષ્ટ પ્રાર્થનાને તેઓએ ન સ્વીકારતાં ઉલટું સંજમથી ભ્રષ્ટ થએલી તેની દુષ્ટ પ્રકૃતિને ધિક્કાર આપીને કહ્યું કેઃ—હે રાજા! તમે આ બહુ ખોટું કર્યું છે, ખરેખર મહાગજેન્દ્રની અંબાડી ઉપરથી ઉતરી ગધેડે ચડતાં આ તમારા પાપી દેહનો આ દુનિઆ-માંથી વિલય કેમ ન કર્યો? તમને કોણે બળાત્કારે જોગદશા ધારણ કરવાની ફરજ પાડી હતી? શું ક્ષત્રીય વીરપુત્રોનું આવુંજ ખમીર-લોહી ? શું સાચા માતપિતાના પુત્રોની આવીજ સાબીતિ ? શું તમારા જેવાં ટારડાં ખચ્ચરો ધણીનો માલ આમજ રસ્તામાં રખડાવી દેતા હશે કે ? ગુરૂદેવને છેતર્યા, તેમાં હે રાજા ! ખરેખર તમો પોતેજ છેતરાયા છો, ખરા ક્ષત્રીપુત્રો તો પ્રાણાંતે પણ પોતાની સત્ય ટેકને તજતાજ નથી. કોઇ પણ કાર્યમાં પડતું નહિ, ને પડવું તો કદી પાછા ફરવું નહિ, કરવું તો ડરવું નહિ ડરવું તો કરવું નહિ; તે વિષે કહ્યું છે કેઃ—

કવિતા.

આગુસે ધસીએ ના, ધસીએ તો ખસીએ ના,
શુર કે સમીપ જા કે, મારીયે કે મરીએ;
બુદ્ધિ બિના બોલીએ ના, બોલીએ તો ડોલીએ ના
બોલ એસો બોલીએ કે, બોલીએ સોહિ કીજીએ;

અજાણુ પ્રિત જોડીએ ના, જોડીએ તો તોડીએ ના,
જોડ એસી જોડીએ કે, જરીયાનમે જડીયે;
કહે કવિ કહાનદાસ, સુનોજી બિહારીલાલ,
ઓખલે શીર ડાલ નહિ, મોસલેસે ડરીયે. ૧૮૯

એ પ્રમાણે ઓમંડળથી ધિક્કારાયલો કુંડરીક લજવાઇ વિલે મુખે પાછો ફર્યો, પછી તો તે પરસ્ત્રી સાથે વિષયભોગમાં લપટાયો. માંસમદિરા વગેરે અપથ્ય ભોજનોમાં લુબ્ધ બની ભિખારીની માફક એ રાજા ખેદરથી વસ્તુ લેવા લાગ્યો, તેથી થોડાક વખતમાં તેના શરીરમાં ભયંકર વિસુચીકા ઉત્પન્ન થઇ આવી અને સાથે બીજા પણ મહારોગો ઉત્પન્ન થયા. મહારોગથી પીડાતો અને વિષયભોગની તૃષ્ણા અને લાલસામાં હાયવોય કરતો, દુષ્ટ રીતે કૃષ્ણલેશામાંજ ત્રીજે દિવસે મરણ પામી તે સાતમી નરકના અપૈડાણુ નામના નરકાવાસમાં તેત્રીસ સાગરોપમની આયુષ્ય વાળી ઉત્કષ્ટ સ્થિતિએ ઉત્પન્ન થઇ મહા અસહ્ય દુ:ખનો ભોગી બન્યો.

આ દૃષ્ટાંતની મતલબ એ છે કે, કર્મની ગતિ વિચિત્ર છે. હે ભવ્યો! વિચારો કંઇક વિચારો! આ દૃષ્ટાંતમાંથી તો આપણને બહુજ શીખવાનું મળી આવે તેમ છે. કર્મની ગતિ કેવી ગહન છે? અહો હજાર વર્ષનું ચારિત્ર પાળનારો કુંડરીક પવિત્ર પંથથી ભ્રષ્ટ થઇ ફક્ત અઢી દહાડા માટેજ વિષયના રંગભોગમાં રંગાણો તથા દુર્ગતિગામી થયો. ત્યારે તેની સાથેજ બીજો એ દાખલો પણ લ્યો, કે જે હજાર વર્ષ સુધી વિષયભોગમાં રંગાણા છતાં માત્ર અઢી દહાડામાંજ રાજાનું પદ ધિક્કારી મુનિમહારાજાનું (સંયમ) પદ ધારણ કરી પવિત્ર ભાવનાથી હૃદયને ભરપુર ભરી સ્વર્ગગામી થયો. માટે શાણા પુરૂષે તો ઉત્તમ માર્ગ મેળવી તેને તજી દેવો ન જોઇએ, ફરીફરીને કાંઇ આવી રૂડી જોગવાઇ મળતી નથી, કામભોગ તો ઘણીવાર ભોગવ્યા પણ તેથી ધરાયા નહિ કે કાંઇ ગરજ સરી નથી, માટેજ ભાગ્યોદયે પ્રાપ્ત થએલા પવિત્ર ધર્મને શુભ ભાવનાથી સેવી આત્માનું કલ્યાંણ કરવું, એજ મનુષ્ય જન્મની સફળતા છે તેથીજ આત્માને અક્ષય સુખ પ્રાપ્ત થશે, અજરામરપદ મળશે અને ભયંકર ભવસાગરથી તરશે-ઉદ્ધરશે. (૭૨)

अभव्यानां जनानां च । निर्वृतिर्न कदाचन ॥
असम्यक्त्वं जिनेनोक्तं । न भूतो न भविष्यति॥

અર્થ—આ લોકમાં અભવ્ય જીવોને કદાપિ મોક્ષપદ મળતું નથી, કારણ કે તેને સમયકત્વ આવતું નથી. અને સમ્યકત્વ વિના સિદ્ધપદ કોઇને પ્રાપ્ત થયું નથી અને ભવિષ્યમાં કોઇને થશે પણ નહિ. (૭૩)

ભાવાર્થ—જગતમાં અભવ્ય પ્રાણીઓને કોઇ કાળે (નિવૃત્તિ) કહેતાં મોક્ષનગરી મળવાની નથી. કેમકે સર્વજ્ઞ જીનેશ્વર ભગવાને કહ્યું છે કેઃ—સમકીત વિના કોઇપણ મોક્ષનગરીમાં ગયું નથા, ને જશે પણ નહીં. વળી અભવ્ય શબ્દ જ સાફ સુચવે છે કે યોગ્ય નહિ. યોગ્યતા વિના સમકીત ફળની પ્રાપ્તિ થતી નથી. જ્યારે સમકીતજ નથી ત્યારે સર્વ ક્રિયા સેનાપતિ વિનાના સૈન્યની માફક શોભતીજ નથી. અભવ્ય પ્રાણીઓ ગમે તેટની ક્રિયાઓ ભલે કરે, ઘોર તપશ્ચર્યા આદરે પણ તેને મોક્ષગતિના મૂળ પાયારૂપ એવું સમકીત નહિ હોવાથી તે અક્ષય મોક્ષલક્ષ્મી મેળવી શકતોજ નથી. પણ સ્વર્ગલોકમાં તે ક્રિયાકાંડને પ્રભાવે જવું હાય તો ત્યાં જાય છે, અભવિ જીવો કોઇ જૈનદર્શનની ઉત્તમ કરણી કરીને નવગ્રૈવિક સુધી જાય છે, પણ ત્યાંથી નીકળી જન્મમરણના સંસૃતિ ચક્રમાં પડી રખડે છે, પણ તે કદી જન્મમરણના ભ્રમણથી રહિત બની નિવૃતિ સ્થાન પામી શકતા નથી; એવું શ્રી જીનેશ્વર ભગવાને સર્વજ્ઞપણાથી સિદ્ધ કર્યું છે. અહીં કોઇ શંકા કરે, કે દુનિઆના અનંત જીવોમાંનો તે પણ એક જીવ છે તો અભવ્યોને મુક્તિપદ કેમ ન મળે ? તો શ્રીજીનેશ્વર ભગવાને તેના ખુલાસામાં કહ્યું છે કેઃ— તેમનામાં આત્મસ્વરૂપ પ્રગટાવાનાં આંતરતત્વ-સાધનો ખીલતાં નથી, મુખ્યે કરી દયા તેજ તેનામાં હોતી નથી, તેનો બાહ્યભાવ ઉપલક ભલે સારો હોય પણ અંતર દયાથી—આર્દ્રતાથી તદન હીન-કોરૂં હોય છે. અમુક સાંસારિકસુખ મેળવવા માટે તે ક્રિયા તો ઘણી આદરે છે, પણ તે ક્રિયા કદી તેને આત્મતત્વ પ્રગટાવવામાં સાધનભૂત નીવડતી નથી આ લોકમાં ત્રણ પ્રકારના જીવો છે, ભવી, અભવી નોભવી નોઅભવિ; **ભવિ** એટલે જેણે

એવું સિદ્ધ કરેલું છે કે તે જીવ અમુક કાળે પણ મોક્ષે જશે. બીજો **અભવિ** એટલે તેણે એવું સિદ્ધ કરેલું છે કેઃ—તે સર્વ સિદ્ધ ભગવંતો કદાપિ પોતાનું સ્થાન છોડી આ જીવલોકના જન્મમરણના સંસૃતિ ચક્રમાં ફરી પડશેજ નહિ, કારણ કે તેને જન્મ મરણ કરવાનાં અનન્ય કારણરૂપ રાગદ્વેષ રૂપી બે બીજો તે તો બળી ભસ્મીભૂત થએલાં છે. અને જે ભવી નથી તેમ અભવી પણ નથી, બન્નેથી વિરક્ત છે તેથી તેને **નોભવી-નોઅભવી** એવા નામથી ઓળખાવ્યો છે. હવે અત્રે કહેવાનું તાત્પર્ય એ છે કે એ ત્રણમાંના અભવિ જીવો તો મોક્ષે જવાનાજ નહિ, મુખ્યત્વે કરી તેનું હૃદય દયાથી રહિત હોય છે, ફક્ત ઉપલક ક્રિયાઓમાંજ તેનો વૈરાગ્ય જણાય છે. શ્રીઅભયકુમારે ભુંડસુરીઆચાર્યને દયાથી રહિત જોવાથી તેનું અભવીપણું ઓળખી કાઢયું હતું તેનું દષ્ટાંતઃ-

(૭૯) અભયકુમારે તર્ક ને યુક્તિથી અભવીને ઓળખ્યો.

રાજગ્રહીનગરીમાં શ્રેણિક નામે ધર્માત્મા રાજા હતો, તેને એકદા રાતે ચરમ વિભાગમાં એવુ સ્વપ્નું આવ્યું કે હજાર હસ્તીના ઉપરી એક ભુંડસુરને સ્વપ્નમાં જોયો. પછી તે તુર્ત જાગી આશ્ચર્ય સહિત વિવિધ વિચારવમળમાં પડયો, આખરે સવારે પોતાના બુદ્ધિનિધાન અભયકુમારને પુછ્યું કેઃ-અહો પુત્ર! આજરાત્રે આવું એક આશ્ચર્યજનક સ્વપ્નું મેં જોયું તેમાં મને કાંઇ સમજ પડતી નથી, પ્રાયે કરી સ્વપ્નનું ફળ મિથ્યા તો ન હોય. આ સાંભળી અભયકુમારે પુછ્યું:—પૂજ્ય પિતાજી ! સ્વપ્ન રાત્રીના કિયા સમયે આવ્યું હતું ? ઉત્તર મળ્યો:—રાત્રીના અંતિમ સમયમાં. ત્યારે તો જરૂર આજેજ એક પહોર દિવસ ગયા પહેલાંજ તેનું ફળ મળશે; કારણ કે રાત્રીના પહેલા પહોરમાં આવેલા સ્વપ્નનું ફલ એક વરસે મળે, બીજા પહોરનું હોય તો છ માસે ફળ મળે, ત્રીજા પહોરમાં આવેલ સ્વપ્નનું ફળ ત્રણ મહિને મળે, અને ચોથા પહોરમાં આવેલા સ્વપ્નનું ફળ એક માસમાં મળે, રાત્રિની છેલી બે ઘડીમાં દેખે તો દશ દિવસે મળે, અને સૂર્યોદય વખતે દેખે તો તુરત ફળ મળે. આ સાંભળી શ્રેણિક રાજા ઘણો આનંદ પામ્યા, પણ શું ફળ મળશે ? તેના અનેક તર્કો કરતા રાજસભામાં જઇ રાજ્યાસન ઉપર બીરાજ્યા. હવે તેવામાં અંગારમર્દન નામના એક આચાર્ય કે જેમને પાંચસો તો શિષ્યો હતા, ત આચાર્ય ક્રિયાકાંડ તો ઘણો કરતા હતા, પણ હૃદય તો સાવ કોરૂંજ

હતું, કારણ કે તેનો જીવ અભવી હતો. શિષ્યો બહુ સારા હતા, બાહ્ય અને અંતરંગ ભાવે ઉત્તમ ક્રિયાઓના કરનારા હતા. તે આચાર્ય તેજ સવારમાં પાંચસો શિષ્ય સંગાતે રાજગ્રહી નગરીમાં પધાર્યાના ખબર મળ્યા. બહાર વનપાલકે તેમને ઉતારાની વ્યવસ્થા કરી આપી. ગામમાંથી શ્રેણિકરાજા અભયકુમાર તથા શ્રાવકશ્રાવિકા વગેરે તેમને વંદન કરવા ગયા. પણ અભયકુમાર તો ચાર બુદ્ધિનો નિધાન મહા-વિચક્ષણ અને ચતુર હતો, તેથી તેણે તો ચક્ષુ ઉપરથી જ હૃદય પારખી લીધું, કે જરૂર આ આચાર્ય અભવી હોવા જોઇએ. એવી તેને પોતાને ખાતરી થઇ તેથી તે આચાર્યને વંદન નહિ કરતાં, પાંચસો શિષ્યોને વંદન કરી સ્વસ્થાને ગયો. આથી અચંબો પામી શ્રેણિક રાજાએ અભય કુમારને પુછયું:-તેં આચાર્યને કેમ ન વાંધા? ઉત્તરમાં બુદ્ધિનિધાન એવા અભયે કહ્યું કે:-પિતાજી! તેમનામાં વંદન કરવા યોગ્ય ગુણો નથી તે અભવિ છે, સર્વ ક્રિયાઓ ઉપલક—બાહ્યજ આડંબર-ડોળ કરે છે! રાજા કહે, તેની ખાતરી શી? ઉત્તર આપ્યો:-તેનું હૃદય દયાહિન છે, તેની ખાતરી કરવી હોય તો પિતાજી આપણે રાત્રે ત્યાં જઇ તપાસીશું પછી અભયકુમારે સાંજે અંધારૂં થતાંજ તે સ્થાનકની આસપાસ પોતાના માણસો પાસે ગુપ્તપણે કોલસાની ભુકી તેલવાળી કરી ત્યાં પથરાવી દીધી; થોડીવારે અભયકુમાર શ્રીશ્રેણિક રાજાને તેડીને ત્યાં જઇ ગુપ્ત સ્થાને સંતાઇ બેઠા.

પ્રતિક્રમણ આદિ સર્વ ક્રિયા થઇ રહ્યા બાદ આચાર્યે મોટો તડુકો કરી એક શિષ્યને હુકમ કર્યો કે:-અલ્યા! જા બહાર જઇને આકાશમાં જો. રાત્રી કેટલી ગઇ છે? આ સાંભળતાં એક શિષ્ય સત્વરે ઉઠયો, જેવો બહાર ચોકમાં યત્ના પૂર્વક પગ મુકી ચાલવા માંડે છે તેવામાં તો પગ તળે કચડ કચડ શબ્દ થયો, તે કચડાટીના શબ્દ સાથે પગ ચીકાશવાળો જણાયાથી મુનિ ભયભીત થઇ અચકાયા પગ ઉંચો કરી તપાસ્યું તો જીવ જંતુ કચરાયાનો વહેમ આવ્યો. અરે! આ સ્થળે તો ઘણીજ જીવો ત્યત્તી થઇ જણાય છે, પછી આગળ ન જતાં સત્વર પાછા ફરી મકાનમાં પ્રવેશ કર્યો અને સ્વસ્થાને આવી જીવોની વિરાધના થવાથી પશ્ચાત્તાપપુર્વક પાપની માફી માગતાં ઇર્યાવહિ પડિકમવા લાગ્યો. ઘણીવાર થયા છતાં જોવા ગએલા શિષ્ય તરફથી સમાચાર ન આવ્યાથી આચાર્ય એકદમ કોપાયમાન થઇ બોલ્યા કે:-અરે! હજી કેમ એ જોઇને આવ્યો નહિ?

તે સાંભળી તે શિષ્ય બોલ્યો:-- સાહેબ! ત્યાં જીવોત્પત્તિ બહુ થઈ જણાય છે, મારે પગે જીવો કચરાયાથી હું ઇર્યાવહિ પડિકમું છું. ત્યારે આચાર્ય ક્રોધપૂર્વક બીજા શિષ્ય પ્રત્યે બોલ્યા:-અલ્યા! તું જા, એતો દયાની પુંછડી થઇ ગયો છે, એમ કહી બીજાને મોકલ્યો. તે શિષ્ય પણ તેવી જ રીતે બહાર આવી પગ મુકી ચાલવા લાગ્યો, તો તેને પણ તેજ પ્રમાણે કચરડાટીનો શબ્દ સંભળાયાથી તે પણ પાપથી બીની આગળ ન જતાં પશ્ચાત્તાપપૂર્વક પાછો ફરી ઇર્યાવહિ કરવા લાગ્યો. આ પ્રમાણે બધા ૪૯ આવીને પાપભીરૂ થઇ પાછા ફરી સ્વસ્થાને આવી પશ્ચાત્તાપ કરવા લાગ્યા. આથી તો ગુરૂ એકદમ ધુંવાપુંવા કરવા લાગ્યા, ઘણા આક્રોશ ભર્યા શબ્દ સંભળાવવા લાગ્યા. અરે મૂઢો! તમે દયા દયા શું કરી રહ્યા છો? એ તો જગતનાં જીવડાં છે, જન્મતાં મરતાં આવ્યાં જ છે, એવાં તે કેટલાંની દયા પાળીએ? કાંઇ દયા પાળવાથી જ મોક્ષે જવાતું નથી, ગુરૂની આજ્ઞામાંજ મોક્ષ છે. એમ પાપ ગણીએ, તો જગતમાં ક્યાંઇ પગ પણ મુકાય તેમ નથી; એતો કરતા હોય તે કરીએ, અને પુણ્યપાપ ન ગણીએ. હું જાઉં! તમે તમારે સર્વે દયા ધર્મ પાળ્યા કરો!! ઠીક ત્યારે હવે, એમ કહી હાથમાં રજોહરણ લઈ ધસમસી સત્વર બહાર નીકળ્યા, ધબધબ પગ મુકતા પગ તળે થતી કચરડાટીને બિલકુલ નહિ ગણકારતાં ચોકવચ્ચે આવી ઉભા અને રાત્રીનું માપ જોઇ નિડરપણે એકદમ પાછા ફરી બોલ્યા કે:-લ્યો અજ્ઞાનીઓ! કહો શું થઇ ગયું પાપબાપ કાંઇ વળગ્યું? આમ દયા દયા કરીને જ નાહકના ભડકો મરો છો. પેલા શિષ્યોને તો આચાર્યને નિડરપણે જીવ કચરતા જતી વખતે જ હૃદયમાં ત્રાસ ઉપજ્યો હતો, ચિત્તમાં થરરાટી-અરેરાટ ઉપજી હતી. અરેરે! આ બિચારા અનાથ જીવો વિના અપરાધે માર્યા જાય છે, પણ શું કરે? ગુરુને પોતાના ઉપકારક ધારી કાંઇ પણ બોલ્યા નહિ ચુપ રહ્યા કર્યાં કર્મ સઉને ભોગવવાનાં છે, કરશે તે ભરશે-ભોગવશે જેને વાગશે તેને લોહી નીકળશે-એમ ધારી મૌનધારી રહ્યા: અને ગુરૂએ બેધડક ઉચ્ચારેલાં વચનો નાછુટકે સાંભળી રહ્યા, પણ કાંઇ કહ્યું કે કર્યું નહિ.

આ સઘળો બનાવ બહાર ગુપ્તપણે સંતાએલા શ્રીઅભયકુમાર અને શ્રેણીક મહારાજા એ બેએ જોયો. અભયકુમાર રાજા પ્રત્યે બોલ્યો કે:—જોયું પિતાજી! આચાર્યજી મહારાજ કેવા ગુણનિધાન

છે? મેં તમને પહેલેથી જ કહ્યું હતું કે તે દયા રહિત છે, જેને જીવવિનાશનો લેશમાત્ર પણ ત્રાસ નથી, તો એજ લક્ષણથી અને આ અનુભવથી એનું અભવીપણું સાફ જણાય છે, આતો ફક્ત ખોટો દેખાવ આપ્યો છે, પણ આવીજ રીતે સાચા જીવો પડી રહેલા હોય, તેને કચરતાં યે લેશ માત્ર આ મૂર્ત્તિ ડરે તેમ નથી. પરલોકથી શંકે તેમ નથી.

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

કામ ક્રોધ તણા અતિ પ્રબળથી ને લોભ મોહે થકી;
જે દુષ્ટો મદ મત્સરે કુમતીમાં સર્વસ્વ માને નકી;
આંધા જે અદકાં દુરાચરણ ને પાપે થકી ના ડરે;
કો' તેવા નર વિશ્વમાં અવતરી સંસારને શું તરે? ૧૯૦

અને આ પાંચસો શિષ્યો મહાન ઉત્તમ છે, નિર્મલ મોતીની માળાઓ છે માટે કર્મક્ષય કરી મુક્તિગામી બનશે. તેમના હૃદયમાં કેવો ત્રાસ વરતી રહ્યો છે? કેવો આત્મપશ્ચાત્તાપ તે બાપડા કરી રહેલા છે! પછી બન્ને ઘેર ગયા. સવારમાં અભયકુમારે ત્યાં આવી ભુંડસુરી આચાર્યને નહિ નમતાં પાંચસો શિષ્યોને વિધિવંદન કર્યું અને ખુલ્લા દીલે નમ્રતાપૂર્વક સર્વના સાંભળતા બોલ્યો કે:—હે વિશ્વવંદ્ય ગુણવંત મુનિઓ! હું તમને ખરેખર કહું છું કે તમારા આ ભુંડસુરી આચાર્ય ગુણરહિત હોવાથી ગુરૂપણાને લાયક નથી, માટે આચાર્યરૂપ આ તમારા ગુરૂને સત્વર તજી દઇ અન્યત્ર વિચરો! અને આત્મકલ્યાણ સાધો! આ નીચના સંગથી તમારી કદી ઉન્નતિ નહિ થતાં તમારે અવનતિમાં ઉતરવું પડશે. તે વિષે કહ્યું છે કે:—

છપ્પો.

કરે નીચનો સંગ, નીચની બુદ્ધિ આવે,
કરે નીચનો સંગ, સકળ સદ્ગુણ ગુમાવે;
કરે નીચનો સંગ, નીચની ભાષા ભાખે,
કરે નીચનો સંગ, નીચની રીત રાખે;
વળી નીચ કામ નીચાં કરે, નીચ કહેવાય ઉચ્ચ જન,
શામળ કહે સંગત નીચની, કોઇ ન કરશો કોઇ દીન. ૧૯૧

માટે અવસ્ય આ ગુણરહિત ગુરૂને તજી દો, પછી તે પાંચસો શિષ્યો તેને તજી દેઇ અન્યત્ર વિચરવા લાગ્યા. છેવટે ઉત્તમ જપતપ કરી અપ્રતિહત કેવલ્યજ્ઞાન પ્રાપ્ત કરી અક્ષયશ્રી મોક્ષલક્ષ્મીને વર્યા, ને સકળ કાર્ય સિદ્ધ કર્યાં.

આ દૃષ્ટાંતની મતલબ એ છે કે જે અભવિ જીવો છે, તે કદી પણ પરમગતિને પામી શકતા નથી, કેમકે તેના અંતરમાં દયાનો વાસ હોતો નથી, જીવહિંસાથી તેને ત્રાસ ઉપજતો નથી. માટે તે કદી મોક્ષગામી બનતા નથી. અને ભવિ જીવોનાં અંતઃકરણો તો કુણાં છે કદાચ નાછુટકે પાપ કરતા હોય, તો પણ તેના હૃદયમાં ડર રહે છે ને પસ્તાય પણ છે. તેથી તે એક ભવે અગર અનેક ભવે પણ કર્મ ખપાવી મોક્ષલક્ષ્મીને વરે છે-એમ સર્વજ્ઞ શ્રીજીનેશ્વરભગવાને શાસ્ત્રમાં સાફ કહ્યું છે; તે સત્ય અને સિદ્ધ વાર્તા જ માનવી. (૭૩)

अनेकेषां विधुराणां । मत्ययं यादि स्पृह्यते ॥
गुणोपेतस्यह्यादे हि । सद्गुरो शरणं सदा ॥७४॥

અર્થઃ—જગતવાસી હે ભવ્ય જીવ ! જન્મ જરા મરણ, આધિ વ્યાધિ ઉપાધિ વગેરે સંસારનાં અસંખ્ય દુઃખોનો નાશ કરવા ચાહાય છે; તો ક્ષમા દયા શીળ સંતોષ આદિ સદ્ગુણોથી યુકત એવા, શ્રીસદગુરૂનું સદા શરણ અંગિકાર કરજે. (૭૫)

ભાવાર્થ—હે ભવ્ય પ્રાણી ! આ સંસારનાં અનેક પ્રકારનાં દુઃખોનો નાશ કરવાને ઇચ્છતો હોય, તો ભાવે કરી સદ્ગુરુને શરણે જા ! સદ્ગુરૂ કેવા છે ? તો કહે **गुणोपेतस्य** કહેતાં અનેક પ્રકારના ગુણોથી યુક્ત છે, કારણ કે ગુરૂ એ શબ્દ જ કોઇ મહાન ગંભીર અર્થસૂચક છે. ગુરૂતા જેનામાં હોય તેજ ગુરૂ, અને તેનું શરણું જ સુખકારી છે. જોઇશું તો આ દુનિઆનો સામાન્ય નિયમજ એવો છે કે હમેશાં પ્રાણીઓ મોટાનો આશ્રય લે છે. ભિખારી કંઇ ભિખારીને ઘેર માગવા જતો નથી, પણ ગૃહસ્થને ઘેર જ માગવા જાય છે, કારણ કે ભિખારીને ત્યાં હોય શું કે તે આપે ? ગુરૂ ઉદારતા, દયા, ક્ષમા, આર્જવ ગાંભીર્ય, સત્ય, શીયળ, સંતોષ, સમતા વગેરે અનેક શુભ ગુણોથી શ્રીમંત-સંપન્ન છે, અને આપણે પામર જીવો મહાપાપમાં રચેલા પચેલા હોવાથી કંગાલ રાંક-સાધનહીન ભિખારી જેવા છીએ. ખરેખર સદ્ગુરૂના શરણ વિ-

નાજ આ જીવાત્મા આ અપાર ભવસમુદ્રમાં પરિભ્રમણ કરી ખરાબીના ખડકો સાથે અથડાઇ રહેલો હોઇ સદ્‌ગુરૂ એક ચેતાવનારી દીવાદાંડી રૂપ છે.

દુહો—ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂ વિના ઘોર અંધાર;
જે ગુરૂ અક્ષર ભેટીઆ, તે ન પડયા સંસાર. ૧૯૨

गुरु विना को नहि मुक्तिदाता, गुरु विनाको नहि मार्गगंता ।
गुरु विना को नहि जाड्यहर्ता, गुरु विना को नहि सौख्यकर्ता॥

ભાવાર્થ—ગુરૂ એ દીવા સમાન છે, એટલે દીવો જેમ અંધારામાં પડેલી વસ્તુને શોધી આપે છે, તેમ સદગુરૂ એ આપણા અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરી આપણને સદ્‌ગુણી બનાવે છે.

વળી ગુરૂ એ દેવતા સમાન છે, દેવતા તુષ્ટમાન થયા હોય તો મનવાંચ્છિત પદાર્થ આપે છે, તેમ સદ્‌ગુરૂ પણ સદ્‌ભાવનાથી સેવાયલા હોય, તો અતુલ્ય સુખકારી મોટાં ફળ આપે છે. જેના હૃદયમાં " ગુરૂ " એ બે અક્ષરોએ વાસ કરેલો છે, તે કદી પણ સંસાર-સાગરમાં ડુબતા નથી. માટે હે મુમુક્ષુ બંધુઓ ! જરૂર યાદ રાખજો કે આ દુઃખના દરિયામાંથી આપણને સદ્‌ગુરૂ વિના કોઇ તારનાર નથી, તેમજ સદ્‌ગુરૂ વિના કોઇ પવિત્ર માર્ગ બતાવનાર પણ નથી. આપણે સંસાર રૂપી મહા વિકટ અટવીમાં ભુલા પડેલા છીએ, અને સુખની આશાએ આમતેમ જયાંત્યાંજ ભટકયા કરીએ છીએ. સદ્‌ગુરૂ આપણને પવિત્ર મોક્ષમાર્ગ બતાવે છે, તો પછી એમનો મહાન ઉપકાર કેમ ન માનવો જોઇએ ? જેમ કોઇ કરોડ રૂપિઆનો દેવાદાર હોય, અને તે દેવાના મહાદુઃખથી દબાયલો હોય, તેના ઉપર દયા લાવી કોઇ પરમાર્થી પુરૂષે તે સર્વ દેવામાંથી તેને મુકત કરી તેનું દેવું પોતે ચુકાવી દીધું હોય, તો તે દેવાથી અને લેણદારોના ત્રાસથી મુકત થનાર પુરૂષને કેવો હર્ષ થાય ? અહાહા ! તે હર્ષ તો અવર્ણનીય જ છે. કારણ કે મુંગાએ ચાખેલો સાકરનો સ્વાદ અને પ્રસુતી સમયનું સ્ત્રીનું દુઃખ અન્ય શું જાણી શકે ? તો સદ્‌ગુરૂ આપણને કોટી ગમે કર્મના દેવામાંથી મુકત કરે, તો પછી તેમના જેવા પરમોદાર અને મહદુપકારી બીજા કિયા સમજવા ? પણ બંધુઓ ! યાદ રાખજો કે પવિત્ર ચારિત્રવાળા સદ્‌ગુણી સદ્‌ગુરૂઓ તો જવલ્લેજ મળે છે, વસ્તુ

વસ્તુમાં પણ ફેર છે, દુધ દહીંમાં પણ ફેર છે, તેમ ગુરૂ ગુરૂમાં પણ ફેર છે. તે વિષે કહ્યું છે કેઃ—

દુહો—ગુરૂ ગુરૂ નામ ધરાવે, ગુરૂને ઢાંઢાં ને ઢોર;
એના એ વળાવા, ને એના એ ચોર. ૧૯૩

દોહરા—સત્યધર્મ સમજે નહિ, દે ઉલટા ઉપદેશ;
ધર્મમર્મ સમજ્યા વિના, અંતરમાં બહુ કલેશ, ૧૯૪
સ્ત્રી વિષય અતિ ઘણો, ત્યાગ વૈરાગ્ય નવ લેશ;
મન ચંચળ જેનું સદા, લજવે સાધુવેશ. ૧૯૫
કપટી કાળા કાગડા, કુગુરૂ કર્મચંડાળ,
સંગ કદી કરવો નહિ, ભવ તસ અરહા માળ. ૧૯૬

પ્રજ્ઞાપ્રકાશમાં પણ કહ્યું છે કેઃ—

काष्ठे च काष्ठेंऽतरतायथाऽस्ति। दुग्धे च दुग्धेंतरता यथाऽस्ति॥
जले जले चांतरता यथास्ति। गुरौ गुरौ चांतरता तथास्ति॥७८॥

અર્થાત કાષ્ટ કાષ્ટમાં ફેર છે, જેમકે રાયણ બાવળ સીસમ સાગ લીંબડા આંબા વગેરે; દુધ દુધમાં ફેર છે, એટલે ગાય ભેંસ બકરી ઘેટી ગધેડીનું તથા હાથીયા થોર ને આકડા વગેરે દુધની ઘણી જાતો છે; પાણી પાણીમાં પણ ફેર છે, તેમજ ગુરૂ ગુરૂમાં પણ ફેર છે. જે ગુરૂ પોતે તરેલા હોય, મોહપાશ-માયાજાળમાંથી છુટેલા હોય, તેજ સામાને સદ્બોધ આપી તેને મોહપાશથી છોડવી શકે છે, જે હોડી છિદ્ર વિનાની હોય તેજ હોડીમાં બેસવાથી સમુદ્ર કાંઠો મેળવી શકાય છે, પણ છિદ્રવાળી-કાણી હોડીમાં બેસવાથી તો મહાસાગરમાંજ અધવચ ડુબી જવાનો વખત આવે છે. **મનહરછંદ.**

હોડી તુટી હોય તોય, તેમાં લે ઉતારૂઓને,
એ તે હોડીમાં ઉંડા, ઉતારવા કે તારવા;
વૈદક ભણ્યા વિનાનો, વૈદ્ય બની વૈદું કરે,
એ તે એનું શરીર, સમારવા કે મારવા;
કામ મળે કથા કહે, કહે જીતો કામક્રોધ,
પોતે અગ્નિ ભરેલો, ઉભારવા કે ભારવા;
દાખે દલપત શસ્ત્ર વિના જે સંગ્રામ સજે,
એ તે શત્રુસૈન્યને હરાવવા કે હારવા. ૧૯૭

એટલા માટે સદ્‌ગુણથી શોભતા સમતાસાગર જ્ઞાની સદ્‌ગુરૂને શરણે ગયા વિના આ અધોગતિમાં અથડાતા આત્માનો ઉદ્ધાર થવાનો સંભવ જરાયે નથી—એ નિઃસંશય જાણવું.

દિક્ષા લીધાથી કંઇ ગુરૂ થઇ જવાતું નથી, તેમજ ઘણાં પુસ્તકો વાંચવાથી કે ભણવાથી પણ ગુરૂ થઇ જવાતું નથી. દશ ગુણોએ કરી યુક્ત હોય તેજ ગુરૂ તેજ જ્ઞાની તેજ સંત તેજ સાધુ અને તેજ મુનિ. જો સદ્‌ગુણી ન હોય, તો તે મુનિ નહિ, પણ ખૂની છે, માયાના પટંતરે રમનારા તે ચૌટાના ચોર છે. તે વિષે કહ્યું છે કેઃ—

દુહા—મન ભિતરની ઓર, ને વરતે બાહીર ઓર;
કહેણીરહેણી સમ નહિ, એતો ચૌટા ચોર. ૧૯૮
નાટકીઆની પેઠ જ્યાં, ધર્મ તણો ઉપદેશ;
અંતર દૃષ્ટિ જ્યાં નહિ, તેનો મિથ્યા વેશ. ૧૯૯
અહો વિષમ કળિકાળમાં, વિરલા શુભ ગુરૂ જોય;
બાકી ફુટયો રાફડો, સર્પ તણો અવલોય. ૨૦૦
દેશ ગચ્છ મમતા ગ્રહી, વળી કદાગ્રહ ચિત્ત;
મતમતાંતરમાં પડયા, દુર્ગતિનારીમિત. ૨૦૧
વિષય ભીખ ભોગી નહિ, બ્રહ્મચારી ગુણવંત;
કપટવૃત્તિ ત્યાગી સદા, નમુ સદ્‌ગુરૂ મહંત. ૨૦૨
ભટકી ગુરૂ ગુરૂ વંદીઆ, શિર પટકયું સોવાર;
જ્યાંત્યાં માથુ નામીયું, લહ્યો ન કિંચીત સાર. ૨૦૩

વળી વિદ્યાભ્યાસ કરી પંડિત અને વિદ્વાન બન્યા, છટાદાર ઉમદા ઉપદેશ તથા ભભકાદાર ભાષણો આપી વ્યાખ્યાનો કરી હજારો માણસોનાં મનરંજીત કર્યાં, તેથી કાંઇ એઃઉત્તમ પ્રકારના સાધુ છે—એમ તો માની નજ બેસાય ! કારણ કે વિદ્યા મેળવવી એ એક જાતનો અભ્યાસ છે, હમેશના અભ્યાસે કરીને ઘણાં અસાધ્ય કાર્યો પણ સાધી શકાય છે, એમ તો વિલાયતમાં પણ ઘણા પ્રખર પંડિતો ને ધુરંધર વિદ્વાનો છે, હજારો માણસોમાં તેઓ છટાદાર અને જુસ્સાદાર નીતિના ઉપદેશો તથા સારાં ચિત્તાકર્ષક ભાષણો આપી મોટી મોટી સભાઓ ગજાવી જનમનરંજન કરી હદ કરે છે. પણ તેઓ પોતાના વિષયમાં તો ન્યારા છે, તેઓનો ધંધો ઘણો કનિષ્ટ છે, તેઓમાંના કેટલા ચોરીનો ધંધો પણ કરે છે, લોકોને વિશ્વાસ આપી

મોહ પમાડી ઠગે પણ છે. ખરેખર વિદ્વાન છતાંપિ દુરાચાર આચરે અને ખોટાં કામો કરે છે, સોનેરીટાળીને નામે ત્રાસ વર્તાવવામાં તેવા લોકો પ્રખ્યાતિ પામેલા છે, ગુપ્ત રીતે મહા દુરાચારી અને હરામી-બદમાશના સરદાર છે. પણ જાહેર રીતે તો તેઓ સદાચારી ને સભ્ય-શિરોમણિ ગણાય છે. ઠામઠામ નીતિના પાર્ટ ભજવે છે, તેવા દુરાચારમાં અને લોકવંચનામાં પડેલાની વિદ્વતા શા કામની? તે વિષે એક અનુભવી મહાનુભાવ વિદ્વાને ખુલ્લા શબ્દોમાં કહ્યું છે કેઃ-"દુરાચારી વિદ્વાન કરતાં ગમાર–મૂર્ખ–અભણ સદાચારી સારો." આજકાલ ભણેલા ભામટા અને ભીખારીઓ વધતાજ જાય છે, વૈર વિરોધ વ્યસન વ્યભિચાર છળકપટ દગાફટકા લૂંટ ચોરી ધાડ ખૂન અત્યાચાર લુચ્ચાઇ ઢોંગધતિંગ ફંદફિતુર વગેરે પાપો અનાચારો દુષ્કર્મો અને રાજાપ્રજા ઉભયને સંતાપકારી ફોજદારી ગુનાહો કરનારા એજ્યુકેટેડ-લર્નેડ વિદ્વાનો ઘણેખરે ભાગે હોય છે; અને તેથીજ આવા ચારિત્રબળ વગરના ભણતરથી ભારે મરનારમાં આસુરીવૃત્તિ તરી આવવાને કારણેજ સુખ શાન્તિનો યથાર્થ અનુભવ અને ઉપભોગ મળી શકતા નથી. પ્રિયતમ વાચક બંધુઓ! નિશ્ચય માનો કે જેનામાં દશ સદ્‌ગુણુ હોય, તેજ જ્ઞાની અને વિદ્વાન છે. તે દશ ગુણનાં નામ નીચે કહું છેઃ—

अक्रोध वैराग्य जितेंद्रियत्वं । क्षमा दया सर्वजनप्रियत्वम् ॥
अलोभ दाता भयशोकहर्ता । ज्ञान प्रबोधे दश लक्षणानि ॥ ७९

અર્થ—જે ક્રોધી ન હોય, વૈરાગ્યવાળો હોય, જીતેંદ્રિય હોય, ક્ષમાશીલ હોય, દયાળુ હોય, તથા સર્વ સજ્જનોમાં પ્રિય હોય, લોભી ન હોય, દાતા હોય એટલે સર્વ જીવોને અભયદાન દેનારો હોય, અને પ્રાણીઓના ભય ને શોકને હરનારો હોય, તેમ ખરો જ્ઞાન–પ્રબોધક ગુણી હોય. તેવાજ સદ્‌ગુરૂને શરણે જવાથી મુમુક્ષુ પ્રાણી અક્ષય મોક્ષપદ મેળવી શકે છે. ઉપરોક્ત દશ ગુણો એવા તો અર્થસૂચક ગંભીર હિતકારી તથા જગદુપકારક છે, કે તેમાંથી એકેકા ગુણનો અર્થ સવિસ્તર લખવામાં આવે, તો મોટાં પુસ્તકોનાં પુસ્તકો ભરાય તો પણ પાર ન આવે. તેથી અત્રે સ્થળ સંકોચને લીધે નામ માત્રજ લખીને પતાવ્યું છે. સંસારસાગર તરવાની આશા રાખનારા હે મુમુક્ષુ બંધુઓ! જ્યાં ત્યાં કુગુરૂના ફંદમાં ન ફસાતાં સત્યની પરીક્ષા કરવી અને સદ્‌-ગુરૂનેજ શરણે જવું. વળી હાલના જમાનામાં સાચા કરતાં ખોટું

વિશેષ ચળકે છે, વિદેશી અદ્‌ભુત આશ્ચર્યકારી કારીગરીવાળા પીતળના અને ગીલેટના દાગીના એવા તો ભભકાદાર મનમોહક અને તેજસ્વી આવે છે કે તેની આગળ તદ્દન કુંદનના સાચા સોનાના દાગીના ઓળખી કાઢતાં પણ મહેનત પડે ! અરે વખતે તેમાં ઘણા ખરા તો છેતરાઇ પણ જાય છે. માટે દંભી કુગુરૂનો ઉપદેશ ભલે સારો હોય, પણ ઉપદેશક પોતે દુર્ગુણી અને દુરાચારી હોય, તો તેવાનો સંગ ભૂલેચુકે કરતાજ નહિ. કારણકે મહાજનોનો હિતોપદેશ છે કેઃ—"ઘણીજ ભુખ લાગવા છતાં ઝેરવાળું ભોજન ખાવા કરતાં તો તેવું ભોજન ન ખાવું અને ભુખ્યા રહેવું ને હેરાન થવું—તેજ વધારે સારૂં છે. તેમજ ઘણી તૃષા લાગવા છતાં સમુદ્રનું ખારૂં પાણી પીવું, અથવા દુષિત પાણી પીવું, તેના કરતાં તો તેવું પાણી ન પીતાં તરસ વેઠવી એજ વધારે ઉત્તમ છે. કારણ કે તે પાણી પીવાથી તથા તેવું ભોજન ખાવાથી તો તુરતજ પ્રાણ ચાલ્યો જશે, પણ તે નહિ વાપરવાથી તો થોડો વખત પણ નભી શકાશે; અને તેવામાં ભાગ્યવશાત્ સારા અન્નપાણીની જોગવાઇ પણ થઇ રહેશે." માટે કુગુરૂના ઉપલક ડોળ ડીમાક અને ભભકાથી નહિ ભરમાતાં સાચા સન્ત સદ્‌ગુરૂના શોધક બની તારક—ઉદ્ધારક સદ્‌ગુરૂને શરણે જવું, કે જેથી આ અનંત સંસારનો સહેલાઇથી પાર પામી શકાય. મહા પાપી એવો પરદેશી રાજા કે જેના હાથ હમેશ લોહીએજ ખરડાયલા રહેતા હતા, પણ પવિત્ર શાંતમૂર્ત્તિ શ્રીકેશીગુરૂનો ભેટો થઇ જવાથી તેમનો પવિત્ર ઉપદેશ સાંભળી સત્યનો શોધક તે રાજા કોઇને પણ નહિ નમતો, છતાંપિ પોતાનું શિશકમળ સદગુરુના ચરણારવિન્દમાં નમાવી એક આજ્ઞાધારક ગુરૂભક્ત નમ્ર શિષ્ય અને ઉપાસક બન્યો, આખરે તે શુદ્ધ ધર્મનો જીજ્ઞાસુ બની છઠ્ઠછઠ્ઠનાં પારણાં કરી માત્ર ઓગણચાળીસ દિવસમાંજ આત્માનું સાર્થક કરી પ્રથમ સ્વર્ગે જઇ એકાવતારી થયો. તેનો સવિસ્તર અહેવાલ રાયપસેણીસૂત્રમાં શ્રીવીર પ્રભુએ વર્ણવ્યો છે, તેમાંથી જીજ્ઞાસુએ જાણી લેવો. શાંતિ પામે અને પમાડે તેજ સંત અને તેવા સાચા સન્તનું શરણુંજ ભવનો અંત કરનાર છે. સદ્‌ગુરૂની ઓળખાણ થવા સારૂ નીચેનું પદ્ય વાંચોઃ—

પદ્ય—શાંતિ પમાડે તેને સંત કહીએ;—એ ટેક.

હાંરે એના દાસોના દાસ થઇ રહીએ રે. શાંતિ૦ ૨૦૪

લીધો વળાવો ને, ચોર જ્યારે લુંટે;
ત્યારે તેની સંઘાતે, શીદ જઇએ રે. શાંતિ૦ ૨૦૫
વિદ્યાનું મૂળ જ્યારે, પુરૂ ન જાણ્યું;
ત્યારે પંડયાનો માર શીદ ખાઇએ રે. શાંતિ૦ ૨૦૬
કલ્પવૃક્ષ સેવ્યું ને, દારિદ્ર ઊભું;
ત્યારે તેની છાયામાં, શીદ વસીએરે. શાંતિ૦ ૨૦૭
રાજાની નોકરી ને, ભુખ નવ ભાંગી;
ત્યારે તેની નોકરી, શીદ કરીએ રે. શાંતિ૦ ૨૦૮
ગોળી ખાધી ને, રોગ જ્યારે ઊભો;
ત્યારે તેવી ગોળી, શીદ ખાઇએ રે. શાંતિ૦ ૨૦૯
કર્યા ગુરૂ ને ભુલ, નવ ભાંગી;
ત્યારે તેના ચેલા, શીદ થઇએ રે. શાંતિ૦ ૨૧૦
નામ અનામ મારા, ગુરૂએ બતાવ્યું;
એતો રાખ્યું છે, મારે હૈયે રે. શાંતિ૦ ૨૧૧
સર્વની માંહિ ને સર્વથી મોટા;
એવા ગુરૂને નિત્યનિત્ય ચાહીએરે. શાંતિ૦ ૨૧૨

હવે તેના ઉપર અર્જુનમાલીનું દ્રષ્ટાંત કહે છે:—

(૮૦) અર્જુનમાળી અને ધર્મનિષ્ઠ સુદર્શન શેઠની વાત.

રાજગ્રહીનગરીમાં અર્જુન નામનો માળી રહેતો હતો; તે તથા તેની સ્ત્રી બંને હમેશાં બહારના ભાગમાં આવેલા એક યક્ષની પુજા કરતાં હતાં તેથી તે તો ઇંગીત પૂજારી ગણાતો હતો. એક વખતે તે પૂજા કરતો હતો, તેવામાં ગામમાંથી મહાવ્યભિચારી અને દુર્વ્યસની છ ગોષ્ઠિલ્લ પુરૂષો ત્યાં આવ્યા. તેમણે આ માળીની સ્ત્રીને જોઇ દાનત બગાડી અને એકદમ અર્જુનમાળીને ઝાડ સાથે સજ્જડ બાંધી તેના દેખતાંજ દુષ્ટો તેની સ્ત્રી સાથે બળાત્કારે અન્યાયથી વર્તવા લાગ્યા. અહાહા ! આવા નીચ કામી પુરૂષોના હૃદયમાં ડર કે દયા કંઇ હોતાંજ નથી, તેતો પોતાનાં નીચ કર્મો કરવામાંજ સદા મશગુલ રહે છે. આવા નિર્દય ક્રૂર જનોને કહેવામાં આવતાં હિતવાકયો પણ અહિતકારી નિવડે છે, માટે વિવેકીએ તો તેવા દુષ્ટ જનોને તો દુરથીજ તજી દેવા ઘટે છે. તે વિષે કવીશ્વર શ્રી દલપતરામે કહ્યું છે કે:—

ઇંદ્રવિજય છંદ.

ક્રૂર થકી ડરી દૂર રહી જન ક્રૂર તણું કરીએ મુખ કાળું,
જો કરીએ કદિ શિશ સમર્પણ, ક્રૂર કદાપિ ન થાય કૃપાળુ;
રક્ષકનો પણ ભક્ષ કરે, ભયકારી જનાવર ખાય ભુખાળું,
હંસ સુણો દલપત કહે, કશું ક્રૂરને વાયક વીનતીવાળું. ૨૧૩

અર્જુન માળીએ પોતાની સમક્ષ થતો આ અન્યાય અટકાવવા ઘણાએ પ્રયત્નો કર્યા, પણ પોતે બંધાયાથી સર્વ નિષ્ફળ ગયું. પછી મહાકોપાયમાન થઇ યક્ષને કહેવા લાગ્યો:–હે દુષ્ટ યક્ષ દેવ ! તારી ઘણા કાળથી હું અનન્યભાવે સેવા કરૂં છું, તો તને પણ મારી જરા દયા નથી આવતી, ખરી વિપત્તિ વખતે પણ તું સહાય નથી કરતો, તો પછી તું શા કામનો ? તારી સેવા કરી તે ન કર્યા બરાબર છે, આ પ્રમાણે દુઃખથી કાયર થઇ મહા અસહ્ય વચનો બોલવાથી યક્ષદેવને એકદમ શૂરાતન આવ્યું અને તે અર્જુનમાળીના તનમાં પેઠો, એટલે તો તુરતજ જાણે મહાબળવાન યોદ્ધો હોય એવું તેનું મહા વિકરાળ સ્વરૂપ જણાયું. તેણે પ્રથમ પોતાના બંધન સત્વર તોડી નાંખ્યા, અને પછી જક્ષની મૂર્ત્તિ પાસે એક મોટી ગદા પડી હતી તે ઉઠાવીને એકદમ ધસી જઇ તે છએ પુરૂષને તથા સાતમી પોતાની સ્ત્રીને તેણે નિર્દયપણે મારી નાંખ્યાં. પછી તો તેનામાં ખુનસ ભરાણું, જક્ષ પણ તેના શરીરમાંથી નીકળ્યો નહિ, તેથી અર્જુનમાળીએ પરાધિનપણે બીજે દિવસે પણ એજ પ્રમાણે રસ્તે ચાલતા છ પુરૂષોને તથા એક સ્ત્રીને મારી નાંખ્યાં. પછી તો આ પ્રમાણે રોજનો ધંધો ચાલુ થયો, દરરોજ છ પુરૂષને તથા એક સ્ત્રીને મારવા લાગ્યો. જે કોઇ વટેમાર્ગુ નીકળે શિઘ્ર દોડી તેને મારી નાખે, એમ ગમે તેમ કરી સાત માણસની રોજ ઘાત કરે. આ બનાવથી તો ગામમાં કાળો કેર વરતાયો, રાજાએ તે માળીને પકડવા ઘણા પ્રયત્ન કર્યા, પણ જક્ષ પેઠેલો હોવાથી કોઇ પણ રીતે એ પકડાયો નહિ. ત્યારે રાજાએ કાયર થઇને તે રસ્તોજ બંધ કરાવ્યો, અને માણસોને જતા અટકાવ્યા. આ પ્રમાણે છ માસ સુધી કેર વરતાયો.

પછી એકદા ચોવીસમા તીર્થંકર શ્રીમહાવીરપ્રભુ ફરતા ફરતા ત્યાં પધાર્યા, બહારના વિશાળ સુંદર ઉદ્યાનમાં ઉતારો કર્યો. તેની

ગામના ભાવિક ભવ્યોને ખબર પડવા છતાંપિ પ્રાણ જવાના મહાભયને કારણે ગામ બહાર ન નીકળતાં ઘેર બેઠાં જ મહાવીર પ્રભુને વિધિ વંદન કર્યું. અહાહા ! મરણનો ભય સર્વને કેવો ત્રાસ પમાડે છે ? શુભ કાર્યમાં કેવો અંતરાય પાડે છે ? આ પ્રમાણે ભયને લીધે અને મહારાજાના સખત હુકમને લીધે કોઇ પણ તે રસ્તેથી નીકળી વાંદવાની હિંમત ધરાવી શકયું નહિ. પણ એક દૃઢ સમકીતધારી સત્ય ટેકવંત સુદર્શન નામનો શ્રાવક રહેતો હતો, તેણે મરણથી નહિ ડરતાં પ્રત્યક્ષપણે પ્રભુને વાંદવાનો દૃઢ નિશ્ચય કર્યો. પોતાનાં માતપિતા વગેરે સંબધીવર્ગે તેને ઘણો અટકાવ્યો, પણ આણે તો પોતાનો ટેક તજ્યો નહિ. પ્રભુને વાંદવા જતાં ભલે અર્જુનમાળી મારો પ્રાણ લે, શુભ કાર્ય કરતાં મરણ થાય તો તેમાં શી હાનિ છે ? પ્રાયે કરીને તો મંગળ કાર્ય શ્રદ્ધાપૂર્વક કરતાં વિઘ્ન સર્વ વિનાશ જ પામે છે તેમાં જરા પણ સંશય નથી અને કદાચ આયુષ્યની દોરી ટુંકી હોય ને તે આને મરણ થાય; તો પણ તે મહાપુરુષોને મંગળીક રૂપ જ છે. આ પ્રકારના અડગ નિશ્ચય અને મનોબળથી કોઇનાં ડરાવનારાં વચનોથી હિંમત નહિ હારતાં તે તો ગામ બાહાર નીકળ્યો, હજારો નાગરિક જનો આ બનાવ જોવા ગઢ ઉપર ચડી ઉભા હતા. સુદર્શન તો મનમાં મહાપ્રભાવી શ્રીનવકાર મંત્રને સ્મરતો એકાગ્રતાથી શ્રીમહાવીર પ્રભુનું ધ્યાન ધરતો નિડરપણે આગળ ચાલ્યો, તેવામાં અર્જુન માળીની નજર તેના ઉપર ગઇ. એટલે શિઘ્રે તે ગદા ઉપાડી તેના ભણી મારવા સારૂ દોડયો. "પાછો ફર પાછો ફર" એવા ગઢ ઉપરથી પોકારો થઇ રહ્યા. સુદર્શને આ ભયકારી પ્રાણાંત ઉપસર્ગ જાણી આગળ ન ચાલતાં ત્યાંજ બેસી અનશનવ્રત આદરી સર્વ જીવને ખમતખામણાં કર્યાં ને તે બોલ્યો કેઃ—આ ઉપસર્ગમાંથી છુટું તો આહારપાણીની છુટ, નહિ તો સર્વના પચ્ચખાણ—એમ કહી શુભ ધ્યાનમાં ચડયો. પેલો માળી મારવા તો આવ્યો, પણ દૃઢ શ્રદ્ધાવંત શ્રીસુદર્શનના ધર્મપ્રતાપે ગદા ઉપાડવા છતાં તે પ્રહાર કરી શકયો જ નહિ. જક્ષ આ સાક્ષાત ધર્મમય પ્રતાપી દિવ્ય મૂર્ત્તિને જોઇ ડર્યો છળ્યો અને તુરતજ માળીના પંડમાંથી નીકળી ચાલ્યો ગયો; એટલે અર્જુનમાળી બેશુદ્ધ બની જમીન ઉપર પડી ગયો. છ માસનો ભુખ્યો હોવાથી જાણે મુડદું પડયું હોય એવો જણાતો હતો, અત્યાર સુધી તે પરસત્તાથી ઝુઝતો હતો, પણ હવે તો યક્ષ નીકળી જવાથી તેની સર્વ સત્તા તો જતી રહી હતી.

આ પ્રાણાંત ઉપસર્ગ ધર્મપ્રભાવે શાંત થયો જાણી સુદર્શન શેઠે ધ્યાન પાર્યું. અર્જુનમાળી સામું જોયું તો તેની તો દયાજનક સ્થિતિ જણાઇ. પછી દયાળુ શેઠે દયા લાવી પાસે જઇ પુછયું:-ભાઇ અર્જુન કેમ છે? અર્જુન માળી માંદાની જેમ ઘણોજ ધીમેથી બોલ્યો-કોણ એ? સુદર્શન શેઠ! અહો આપ અહીં કયાંથી? સુદર્શન કહે:-ભાઇ! હું વીરપ્રભુનાં પવિત્ર દર્શન કરવા જાઉં છું તારામાં જક્ષદેવ ભરાયો હતો, તે તારી પાસે રોજ સાત માણુસની ઘાત કરાવતો હતો અત્યારે ધર્મપ્રતાપે તે નીકળી ગયો છે. અર્જુન કહે:—હા થયું છે તો તેમ, છ માસ પહેલાં મારી સ્ત્રી ઉપર કોઇ છ દુષ્ટો અત્યાચાર ગુજારતા હતા, તેથી મેં તેને આક્રોશ પૂર્વક સ્મર્યો હતો તેથી તેણે મને પરાધિન કરી મારી પાસે ઘાતો કરાવી. નહિ તો આ જબરો ને ભારે લોહમુદ્ગર હું સ્વાધિનપણે ઉપાડી શકું? અરેરે! મેં અધમાધમે બહુ પાપ બાંધ્યાં, કંઇકની હત્યાઓ કરી નાખી. હે કૃપાળુ શેઠ! તમે વીરપ્રભુ પાસે જાઓ છો, તો મને પણ જરા એ પવિત્ર દાદાનાં દર્શન કરાવશો, કે આ પાપી દેહનો કાંઇક ઉદ્ધાર થાય. જો કે મને ભુખ તો ઘણીજ કકડીને લાગી છે, પણ હવે તો પ્રભુદર્શન કર્યા પછીજ ખાઇશ. સુદર્શન કહે:—બહુ સારૂં ભાઇ! તારી મરજી હોય તો ભલે ચાલ, પ્રભુ પાસે તને લઇ જાઉં, આવા વિષમ સમયમાં પાપોદ્ધાર કરવાની મતિ ને યુક્તિ તો તેને સારી સુઝી આવી-એમ કહી તેને ધીમે ધીમે સામોસરણમાં લેઇ ગયા.

પ્રભુને જોતાંજ તેની તો ક્ષુધા તૃષા સર્વ નાસી ગઇ, ઘણા હર્ષે પ્રભુને વંદન કરી બન્ને જણા યથાયોગ્ય સ્થાને બેઠા. વીરપ્રભુએ રૂડા શ્રાવક જાણી તેમને ધર્મદેશના દીધી, તેમાં અર્જુનમાળીને ઘણીજ પ્રીતિ ઉપજી તેથી તે વિનવવા લાગ્યો કે:-ઓ દયાળુ દાદા! આ પાપી ઘાતકી જીવડાએ નાહક કંઇકના પ્રાણ લીધા છે, છ માસ સુધી નિર્દયપણે સાત સાત મનુષ્યોની ઘાત રોજ કરી છે, માટે દયાળુ દાદા મને બચાવો બચાવો! આ પાપી આત્માનો ઉદ્ધાર કરો, આપ પરમકૃપાળુ તો પતિતપાવન છો, કંઇક પાપીઓનો આપે ઉદ્ધાર કર્યો છે, ભવભ્રમણમાં ભટકતા અટકાવ્યા છે. મારે હવે આપનુંજ સાચું શરણ છે, મેં દુનિઆમાં અનેક સંઘાતે વેર બાંધ્યાં છે, માટે મને આપ સિવાય બીજું કોઇ દુઃખથી મુક્ત કરવા સમર્થ નથી. હે બળતાના બેલી! અબાંધવના બાંધવ! હું સંસારના સંતાપોથી સળગી રહેલો છું,

આપ સિવાય મારે કોઇ બાંધવ નથી, માટે મને આપના ચરણના શરણમાં સદાને માટે રાખો, અને દુઃખથી મુક્ત કરો, એજ મારી ઇચ્છા યાચના ને નમ્ર પ્રાર્થના છે. પછી શ્રી વીરપ્રભુએ દુઃખદારિદ્રવિદારિણી દિક્ષાનું ગુપ્ત રહસ્ય સમજાવ્યું, અને આખરે ખરા અંતઃકરણપૂર્વક તેણે તે સર્વ માન્ય કરી, દિક્ષાવ્રત અંગિકાર કર્યું. દિક્ષા લીધા પછી પણ તે પોતાનાં પાપ પ્રગટ કરતો પ્રભુ પ્રત્યે બોલ્યો કેઃ—

કવ્વાલી, (ગજલ.)

પથારી પાપની ત્યાગી, પ્રભુજી આજ જાગુ છું;
ભ્રમણા મોહની ભાંગી, ચરણમાં સ્થાન માગું છું. ૨૧૪
પ્રવૃત્તિમાતનો પેર્યો, જગતના ઘેનમાં ઘેર્યો;
સુતો હું તો ઘણા દિવસો, હવે એ ઉંઘ ત્યાગુ છું. ૨૧૫
વિષયના ગીતડાં ગાતો, બન્યો હું મસ્ત મદમાતો;
પડી છે દૈવની લાતો, હવે તો હારી ભાગું છું. ૨૧૬
વિસારી કર્મના ધારા, વહાવી કર્મની ધારા;
ક્ષમા એ પાપની પ્યારા, પડીને પાય માગું છું. ૨૧૭
હણ્યો બુરા વિચારોએ, અહાયો ષટ્ વિકારોએ;
જગતના વજ્ર તારોએ, જડાયો આજ જાગું છું. ૨૧૮
બન્યો પાપી નઠારો હું, થયો જગમાં અકારો હું;
ભરીને આંખમાં આંસુ, પિતાજી પાય લાગુ છું. ૨૧૯
ભલો બુરો ગમે તેવો, શિશુને આશરો દેવો;
બની પુરો તમારો હું, ઉગારો એજ માગુ છું. ૨૨૦
અરે ધિક્કાર છે હુને, બન્યો પાપી બન્યો પાપી;
અરે હુ નીચ શું માગુ ? બન્યો પાપી બન્યો પાપી. ૨૨૧
છતાં માગું પિતા માગું, સજા માગું ક્ષમા માગું;
પ્રભુ પાપો સહુ કાપો, અભયપદ મુજને આપો. ૨૨૨

હે કૃપાળુ ગુરૂ ! આપે મારા ઉપર અનહદ ઉપકાર કરી મારી અજ્ઞાનતા અને મોહનિદ્રા ઉડાડી આંખ ઉઘાડી. ભલું થજો આ મહાશ્રદ્ધાવંત દયાળુ સુદર્શનશેઠનું ! કે જેને પ્રતાપે હુ આપના પવિત્ર દર્શનનો લાભ મેળવી શકયો. અહો શું એ શેઠની અડગ શ્રદ્ધા ! મારી પૂર્ણ ભીતિ છતાંપિ આપનાં દર્શનનો લાભ લેવા નિર્ભય નિઃશંક થઇ તૈયાર થયા. કૃપાળુ ગુરૂ હવે આપની આજ્ઞા હોય તો જીવનપર્યંત છઠ તપ આચરૂં. ઉત્તરમાં પ્રભુએ કહ્યુંઃ—જેમ સુખ ઉપજે તેમ ભલે

કરો. પછી છઠ કરી છઠને પારણે ગુરૂની આજ્ઞા મેળવી નગરમાં ભિક્ષા લેવા જવાને તૈયાર થયા. પ્રભુએ કહ્યું:—મુનિ ! તમને પરિષહ બહુ પડશે, આહારને બદલે બધેથી માર મળશે. મુનિ કહે:—કૃપાળુ હું પરિષહ સહન કરીશ, મેં કર્મ કર્યાં છે તેનો બદલો મળે તો તેમાં નવાઇ પણ શી ? આપનુંજ વચન છે કે:—**कडाणकम्माण न मोख्ख अत्थी** ॥ એમ કહી શાંત ભાવે ગામમાં આવ્યા. તેવામાં તો ગામના લોકો તેને ઓળખી બોલ્યા કે:—અરે ! આ પાપીએ તો મારા બાપને મારી નાખ્યો, કોઇ કહે એ દુષ્ટે મારા દીકરાને મારી નાખ્યો, કોઇ કહે મારી સ્ત્રીને, કોઇ કહે મારા કાકામામાને-એમ કહી સઉ તેને મારવા લાગ્યા ને આક્રોશપૂર્વક ગાળોનો વરસાદ વરસાવા લાગ્યા. કોઇ આહારની આશા જણાવી એકાંતમાં લેઇ જઇ મારે; એમ મુનિએ ઘણો પરિસહ સહ્યો. શુભ ભાવનાથી મનને કહેતા હતા કે:—આત્મા ! જોજે સાંભળજે હો ! ક્રોધ કરતો નહિ, તારા જેવું તે કરતા નથી, તેં દુષ્ટે તો લોકોના પ્રાણ લીધા છે, અને આ સર્વે તો મહાદયાળુ છે; આમ સમતા ભાવે સર્વ દુઃખ સહન કર્યું. આ પ્રમાણે છ માસ સંજમ પાળી સમતાભાવ રાખી સર્વ જીવને ખમાવી સમાધિ પરિણામે ચડયા. છેવટે કેવળજ્ઞાન પામી આયુષ્ય ક્ષય કરી સિદ્ધ ગતિને વર્યા, આ દૃષ્ટાંતની મતલબ એ છે કે, સદ્‌ગુરૂનું શરણ લેવાથી ગમે તેવો પાપી પ્રાણી પણ અર્જુનમાળીની માફક કર્મ ખપાવી મોક્ષે જાય છે. તે વિષે કહ્યું છે કે:—

માલિનીવૃત.

સ્વપર સમય જાણે, ધર્મ વાણી વખાણે,
પરમગુરૂ લહ્યાથી, તત્વ નિશંક જાણે;
ભવિયકજ વિકાસે, ભાનુ જ્યું તેજ ભાસે,
એહજ ગુરૂ ભજો, જે શુદ્ધમાર્ગ પ્રકાશે. ૨૨૩
મદનમદ નિવારી, ચારૂ ચારિત્ર ધારી,
નરકગતિ નિવારી, મોક્ષમાર્ગાધિકારી;
નૃસુર નયનહારી, સ્વર્ગમાર્ગાવતારી,
જયતિ જગતિ વંદ્યો, ભાવથી એ મુણિંદો. ૨૨૪

આવા અનેક પ્રકારના સદ્‌ગુણોથી શોભાયમાન શ્રી સદ્‌ગુરૂનું સદ્‌ભાવથી શરણ ગ્રહણ કરવું, કે જેથી અપાર સંસારસાગર સ્હેજે તરાય, (૭૪)

मुनिकस्य परोधर्मः । प्राणिनां परिरक्षणम् ॥
सर्वेषांचजीवाशानां जिनेंद्रोद्भाषित मिदम् ॥७५॥

અર્થ—આ જગતમાં મુનિઓનો ઉત્કૃષ્ટ ધર્મ દુનિઆના દરેક પ્રાણીઓનું રક્ષણ કરવું તે છે. દુનીઆનાં પ્રાણીમાત્ર કેવાં છે, તો કહે હમેશાં જેને જીવવાની જ આશા રહેલી છે એવાં તે છે, માટે તેઓને કદી પણ મુનિજનો હણતા નથી; પોતાના પ્રાણ સાટે પણ તેઓનું રક્ષણ કરે છે. એવું સર્વજ્ઞ જીનેંદ્રદેવનું કથન છે. (૭૫)

ભાવાર્થ—આ લોકમાં સર્વ પ્રકારનાં પાપનાં કામોમાં જેણે મૌનપણું ધારણ કરેલું છે, એવા મુનિ મહાત્માઓનો પ્રથમ ઉત્તમ ધર્મ કિયો ? તો કેહે સર્વ પ્રકારનાં પ્રાણીઓનું પરિરક્ષણ કરવું એજ તેઓનો પ્રથમ ધર્મ છે. જગતના જીવો કેવા છે તો કેહે જીવતર જેને ઘણુંજ વહાલું છે, અને મરણ જેને અળખામણું છે. એતો સિદ્ધાંત છે કે આધિ વ્યાધિ ને ઉપાધિથી પીડાએલો અને મરણપથારીએ પડેલો હોય, તો પણ તે મનથી મરવું તો નહિ ઇચ્છે, એંસી વરસનો ડોસો પણ કહેશે કે હજી હું પાંચદશ વર્ષ કાઢીશ મારે જીવવું છે. શ્રી વીર ગુરૂએ સિદ્ધાંતમાં કહ્યું છે કેઃ—**ગાથા.**

सव्वेजीवा विइच्छंति, जीविओनमारिजीओ ।
तम्हा पाण वहं घोरं । निगंथावजयंतिणम् ॥ ८० ॥

અર્થ—સર્વ જીવો જીવતા રહેવાને ઇચ્છે છે, પણ કોઇ મરવાને ઇચ્છતું નથી. એવાં જીવવાની ઇચ્છાવાળાં પ્રાણીઓનો જે લોકો પોતાના સ્વાર્થને માટે વધ કરે છે, તે ઘોર કર્મને બાંધે છે; તેનો બદલો અવશ્ય પરલોકમાં ભોગવવો પડે છે. ખરેખર નિર્દય મનના જે ક્રૂર કરપીણ મનુષ્યોને જીવહિંસા કરતાં જરા પણ ડર લાગતો નથી, અને મદ્ય માંસસેવનથી ઉન્મત્ત બનેલાઓ પશુની માફક ઇચ્છા મુજબ પાપ કર્મો કરે છે, તેઓનું પરલોકમાં શું થશે? અવશ્ય તેમની માઠી ગતિ થશે, નરક સિવાય બીજી ગતિ તેમને માટે હોય જ ક્યાંથી ? !

શીખરિણી વૃત્ત.

દયાહીણા દુષ્ટો, કતલ તલવારે વળી કરે,
પછી પાપી પુરા, ઉદર નિજનાં એ થકી ભરે;
ન જાણે તે જાતે, ભવજલધી આ કેમ તરવો?
નથી એવો મારે, હે પ્રભુ! હવે દેહ ધરવો. ૨૨૫

બિચારા તે ગરીબ જીવોનો વકીલ પણ કોણ થાય? તે બાપડાંને મરતાં કોણ બચાવે? બિચારા અનાથ જીવો પૂર્વ પાપના ઉદયથી મૂઢપણું પામેલા નિરાધારપણે અસહ્ય મરણાંત કષ્ટો ભોગવે છે. સર્વ પ્રકારના આશ્રવોથી મુક્ત થએલા મુનિમહાત્માઓ સિવાય આ જગતમાં તેમનો કોઇ બેલી નથી, જ્ઞાની મહાત્માઓ તો પોતાના વહાલા પ્રાણની પણ જરાયે પરવા નહિ કરતાં સામા જીવોને બચાવે છે. તેઓશ્રીએ તો ચોકસ માનેલું છે કે:—

न तत् शिक्षा न तद्दिक्षा । न तद्दानं न तत्तपः ॥
न तद्ध्यानं न तद् ज्ञानं । दया यत्र न विद्यते ॥ ८१ ॥

અર્થાત—દયા વિના હિતબોધ નકામો છે, દયા વિના દીક્ષા પણ નકામી છે, દયા વિના દાન અને દયા વિના તપ પણ નકામાં છે, તેમજ દયા વિના જ્ઞાન અને ધ્યાન પણ નકામાં સમજવાં. હવે તેના ઉપર શ્રીમેતાર્યમુનિનું અપૂર્વ દૃષ્ટાંત કહે છે:—

(૮૧) પ્રાણાંતકષ્ટે દયાધર્મ પાળનાર મેતાર્યમુનિની વાત.

રાજગ્રહીનગરીમાં એક ચંડાળને ત્યાં મેતાર્યની ઉત્પત્તિ થઇ હતી. પૂર્વભવે સ્વજાતિનું મિથ્યાભિમાન કરવાથી આવું કનિષ્ટ પરિણામ આવ્યું હતુ. અહો જાતિમદ વગેરે આઠ મદો મનુષ્યોને કેવી હલકી સ્થિતિમાં ઉતારી મુકે છે! મેતાર્યની કનિષ્ટ કર્મોદયથી માતંગ કુળે ઉત્પત્તિ તો થઈ, પણ શુભકર્મોદયથી એક સહાયકારક મિત્ર દેવના પ્રતાપે દીક્ષા ધારણ કરીને મુની બન્યા. હવે એકદા એ શ્રીમેતાર્ય મહામુનિએ કુકડાના પ્રાણ બચાવવા માટે અહાહા! કેવો મરણાંત પરિષહ સહન કર્યો? દુષ્ટ સોનીએ પોતાના સ્વાર્થ માટે મુનિને દુઃખ દેતાં પાછું વાળી જોયું પણ નહિ. પ્રથમ તો સોનીએ પ્રેમપૂર્વક વહોરાવેલો આહાર લેઇ મહાત્મા યત્નાપૂર્વક રસ્તે પડયા. પણ કુકડે ચોખા જાણી ખાધેલા સોનાના જવલાને સોનીએ નહિ જોયાથી, તરતજ મહાત્મા ઉપર વહેમ પડયાથી તેણે સાધુને પાછા વાળ્યા.

અને ધમકી આપી પુછ્યું કેઃ—અહીંથી જવલા ક્યાં ગયા ? તમારા સિવાય બીજું કોઇ અહીં આવ્યું નથી, માટે મારા જવલા આપો. શાંત સ્વભાવી મુનિમહાત્મા સર્વ જાણતા તો હતા, કે જવલા કુકડો ચરી ગયો છે, પણ સોનીને કહીશ, તો જરૂર તે કુકડાનો ઘાત કરશે, અને હું મહાઘાતકી બનીશ. તો પણ મધ્યસ્થ ભાવનાથી ઉત્તરમાં મહાત્મા બોલ્યાઃ—

ચોપાઇ.

મુનિ વદે છે સમતાથી તામ, નહિ એ ભાઇ અમારાં કામ;
પંચમહાવ્રતના ધરનારા, રજા વિના નહિ કાંઇ લેનારા.
એવો છે મુનિમાર્ગ હમારો, પ્રાણ થકી પણ છે મુજ પ્યારો;
સોની કહે પણ સાચું ન જાણું; આવ્યું નથી કોઇ અત્ર અજાણ્યું.
કર્કશ વચનો સોની સુણાવે, તોપણ તપસી કોપ ન લાવે;
સિધુ પ્રસાદના તમે લેનારા, રૂષિજી આપો જવલા અમારા.
જવાલા લઇને કિંહા પધારો, કિંહાય નથી ઠરવાનો આરો;
ક્રોધ કરી કહે લાવો નહિ તો, વાત જણાશે હમણાં તેતો.

એમ અનેક પ્રકારનાં કઠોર વચનો સોનીએ તે મહાત્મા પ્રત્યે કહ્યાં. વાહ ! પરિગ્રહ વાહ ! તને પણ ધન્ય છે ! કે જે સોની એક ક્ષણ પહેલાં બે હાથ જોડી નમ્ર બની સદ્‌ભાવથી આહાર વ-હોરાવવા ઉમંગી બન્યો હતો તેજ સોની અત્યારે એક નિર્દોષ પવિત્ર મહાત્માને દેહાંત શિક્ષા દેવા તૈયાર થઇ ગયો, હૃદય ચક્ર બદલાઇ શરીરમાં ક્રોધ રૂપી રાક્ષસે પ્રવેશ કર્યો. એ બધો હે પરિગ્રહ ! તારોજ પ્રભાવ છે, તું પાપી સમતાવાડી ભાંગી નાખે છે, ક્રોધરૂપી રાક્ષસને પુષ્ટ કરે છે. મોટી મોટી લડાઇઓ તુંજ કરાવે છે, હૃદયમાં મલિન ભાવ ઉત્પન્ન કરાવે છેઃ વગેરે અનેક દોષનો ભંડાર છે. કરૂણાસાગર મહાત્માએ અનેક પ્રકારે શાંત વચનોથી સમજાવ્યો, તો પણ સો-નીએ તો કંઇ નહિ માનતાં મહાક્રોધાવેશમાં આવી એક આળુ ચર્મ મંગાવી તેમાં તે નિર્દોષી શાંત ધર્મમૂર્ત્તિ મહાત્માને બેસાડી વાધ-રીથી ગાઢે બંધને બાંધી તડકે મુકી દીધા. શાંત મહાત્મા અસહ્ય પ-રિષહ સાગરમાં આવી પડવા છતાં મુખેથી એમ ન બોલ્યા કે, જવલા કુર્કટ ચરી ગયો છે. વાહ ! દયામૂર્તિ મહાત્મા વાહ ! ધન્ય છે તમારા જીવનને ! ધન્ય છે તમારી ક્ષમાને ! ધન્ય છે તમારા જ્ઞાનને! જ્યારે દુનિઆના મોહમુગ્ધ પ્રાણીઓ કોટી ગમે હિંસાકારી ઉપાયો

આદરીને પણુ પોતાના પ્રાણુ બચાવવા માટે અનેક પ્રયત્નો કરે છે, ત્યારે તમારા જેવા કૃપામૂર્ત્તિ મહાત્મા અન્યના પ્રાણુ બચાવવા માટે પોતાના પ્રિય પ્રાણનું બલિદાન આપવા પણુ ચુકતા નથી. આખરે તે મેતાર્યમુનિએ તે સોનીનો લેશ પણુ દોષ નહિ કાઢતાં ક્ષમાપૂર્વક તે મરણાંત પરિષહ સહન કર્યો, અને મોક્ષસાનિધ્ય અનિત્ય ભાવનામાં પ્રવેશ કર્યો કેઃ-હે વહાલા જીવન ! જો જે હાં આ અનાયાસે મળેલો અમૂલ્ય સમય ક્રોધકષાયને આધિન થઇ રખેને નિષ્ફળ કરતો! સુખદુઃખ શાતાઅશાતા હર્ષશોક એ પૂર્વોપાર્જિત પુણ્ય પાપના ઉદય મુજબ પ્રાપ્ત થાય છે. તે વિષે કહ્યું છે કેઃ—

अवश्यमेव भुक्तव्यं । कृतकर्म शुभाशुभम् ॥
कृतकर्म क्षयो नास्ति । कोटीकल्प शतैरपि ॥ ८२ ॥

પૂર્વકાળે કરેલાં કર્મનો બદલો અવશ્ય દેવો પડે છે, કર્મની અકળ ગતિ છે. હે આત્મા તું તો શુદ્ધ છે, તારે ને આ દેહને કાંઇ સંબંધ નથી. ભાડુતી ઓરડીમાં આવી તેને બાપીકી માની લેતો ના, અવશ્ય એક વખતે તે ખાલી કરવી પડશેજ. તો તે શીદને શણુગારવી ! તેના ઉપર મોહભાવ શો ધારવો ? તારી ક્ષમામાતાને ભુલી જતો ના. ક્ષમા, એ અંતર્ શત્રુને પીલવાની ઘાણી છે, ક્ષમાને વરેલા મહાત્મા સંકટના સમયોમાં આત્માનો આનંદ વીસરતા નથી, તો તું પણુ એક અનુભવીની ગજલ ગાઇ, થતી શારીરિક મહાવેદનાને વીસરી જઇ આનંદસાગરમાં ડુબકીમાર અને પવિત્ર થા, !

સદા આનંદમાં રહેવું, પડે તે સૌ સુખે સહેવું;
ગણી લેવું ઉરે એવું, હશે મારૂં વિધિ તેવું. ૨૩૦
પ્રભુને ઉરમાં ધારો, ટળે સૌ કર્મના વિકારો;
નથી એના વિના આરો, વૃથા શું શોકને ધારો. ૨૩૧
થશે શું શોક કીધાથી, જશે શું દુઃખ તેનાથી;
થશે શુભ ધ્યાનની હાની, વદે શ્રા વીર સુજ્ઞાની. ૨૩૨
હતો શો વાંક સીતાનો, મળ્યો વનવાસ વસવાનો;
વિધિનો લેખ ઉર લાવી, ખમ્યા સૌ કષ્ટ સંભાવી. ૨૩૩
બન્યા રઘુરાય વનવાસી, ધરી ઉરમાં ન ઉદાસી;
વિચાર્યું ઉરમાં એવું, હશે મારૂં વિધિ તેવું. ૨૩૪

સતી શ્રીદ્રૌપદીદેવી, વિપત્તિ શીર પડી કેવી ?
ખેંચાણું ચીર સભામાંહી, સહ્યાં સૌ કષ્ટને ત્યાંહિ. ૨૩૫
કરમને કો લગે નહિ, મિટે ભાવિ નહિ કયાંહિ;
કરમને શર્મ છે નહિ, કરમને છે કૃપા નાહિ. ૨૩૬
સમે જે સાંપડે જેવું, વધાવી મગનમાં રહેવું;
આનંદે સૌ સહી લેવું, ન બહાનું કોઇને દેવું. ૨૩૭
સુખદુઃખ પુણ્યપાપોના, ફળો છે એ વિપાકોના;
મળ્યો શુભ દેહ આ આવો, વૃથા શોકે શું ગુમાવો? ૨૩૮
નહિ રોવું નહિ જોવું, અફળ આંસુ નહિ લોવું;
રૂદનથી શું થશે સુખ, રૂદનથી શું જશે દુઃખ? ૨૩૯
સકળને સુખ છે વા'લું, સકળને દુઃખ છે ભાલુ;
છતાં દુઃખને સહી લેવું, ઉદે આવે કરમ જેવું. ૨૪૦
પ્રભુના ગુણને ગાવો, સદા સદ્ભાવના ભાવો;
શરણે સદ્ગુરૂને જાવો, જીવન સન્માર્ગમાં લાવો. ૨૪૧
જપો જીનરાજના જાપો, મીટે સૌ જન્મનાં પાપો;
અભય સુખ સર્વને આપો, સુખદ આ માર્ગને થાપો. ૨૪૨
કદિ સુખી કદિ દુઃખી, કદિ મુખી કદિ ભુખી;
જગતનો ઠાઠ છે એવો, ફરતા ચક્રના જેવો. ૨૪૩
નહિ શોકાગ્નિ ઉર લાવો, સદા સંતોષમાં આવો;
વદે મુનિ વિનય ભાવે, સંતોષી સુખ સદા પાવે. ૨૪૪

આખરે અનિત્ય ભાવના ભાવતાં થોડાજ કાળમાં અપ્રતિહત કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. અને તેજ વખતે અક્ષય મોક્ષ લક્ષ્મીવાળું પરમપદ પ્રાપ્ત કર્યું. અલ્પ સમય પછી તે સ્થાનમાં કોઇ કઠીઆરો લાકડાં વેચવા આવ્યો અને તેણે ત્યાં આંગણામાં લાકડાનો ભારો નાખ્યો, તેના ખબકારાથી ત્યાં ફરતો તે કુર્કટ એકદમ બીન્યો, અને ભયને લીધે ચરક કરી ગયો, તેમાં પેલા સર્વ જવલા નીકળ્યા. જવલા જોઇ સોની ચમકયો, હાય ! ગજબ થયો ! મેં દુષ્ટે નિરપરાધી પવિત્ર મહાત્માની ઘાત કરી, મારા જેવો કર્મચંડાળ બીજો કોણ હોય ? મેં સાહસ કામ કરતાં જરા પણ ડર ન આણ્યો. આ મહાત્માનો વૃત્તાંત રાજા

જાણશે, તો મારા બુરા હાલ થશે, કારણ કે રાજાના આ જામાતા છે, માટે જરૂર હું તો મરાયો. હવે મારે કોઇ શરણું નથી હું હવે જ્યાં જોઉં છું ત્યાં ભય ભય અને ભય જ ભાળું છું, અશરણના શરણ અને બળતાના બેલી હે મહાત્મા ! તમારા વિના મારે કોઇનો આધાર નથી. એવી રીતે સોની તે મહાત્માના શબની પાસે ખૂબ રોયો, પસ્તાયો, અને ખરા જીગરથી ઘણીજ આત્મનિંદા કરી. છેવટે સોની પોતે મહાત્માનો વેશ ધારણ કરી વનમાં ગયો, ઘણી ઘોર તપસ્યા કરી કર્મને બાળી પ્રજાળી આત્માને પાપથી નિર્મળ કર્યો અને સકળ કર્મને ખપાવી અવ્યયાબાધ મોક્ષસુખનો ભોગી થયો. વહાલા મુમુક્ષુબંધુઓ ! કાંઇક સમજો ! જોઇ તે મહાત્માની અપૂર્વ દયા ! જોયું તેમનું અદ્‌ભુત ગાંભીર્ય ! અહાહા ! સ્વપ્રાણને જતા કરીને પણ પર પ્રાણ બચાવનાર તે મહાત્માને કોટીકોટી ધન્યવાદ છે ! તેમજ મેઘરથ નામના મહારાજાએ એક પારેવાને બચાવવાની ખાતર પોતાનો પ્રિય દેહ અર્પણ કર્યો અને આખરે તે દયાના પ્રભાવે સોળમા શાંતિનાથ તીર્થંકર થયા, અને એકજ જન્મમાં છ મહાન પદવી પામ્યા. અહાહા ! દયાનો કેવો અદ્‌ભુત પ્રભાવ ? વાહરે કેવું ઉત્તમ ફળ ? એવી દયા આવા મહાત્માઓ મુખ્યત્વે કરીને પ્રાણ સાથેજ પાળે છે. જો દયા નહિ, તો ધર્મ દાન પણ કામનાં નહિ. મલાતજના ભક્ત કવિ શ્રી છોટમે કહ્યું છે કેઃ— **ધોળ.**

સત્ય નહીં તે, ધર્મજ શાનો ?
    દયા વિના શું દાન જોને;
મન વશ નહિ તે, તપ પણ શાનું ?
    શીલ વિના શું, સ્નાન જોને. ૨૪૫

દયા વિનાના ધર્મથી મોક્ષફળની આશા રાખનાર પથ્થરની હોડીમાં બેસી મહાસાગર તરી સામે કિનારે જવાની મિથ્યા આશા રાખે છે. દયા એ મોક્ષમાર્ગનું પહેલું પગલું છે. " **નાસ્તિ દયા પરો ધર્મ । દયાથી ઉત્તમ એકે ધર્મ નથી.** " માટે પવિત્ર આત્માઓએ દયાધર્મનો સપ્રેમે અંગિકાર કરી આ અમૂલ્ય માનવજીવન સફળ કરવું. (૭૫)

इहेंद्रियग्राम मनश्चलं च ।
नयेयुरेनोऽध्वनि ये मनुष्याः ॥
वृजेयुरेते नरकं भयोघं ।
मित्यच्छ वीर प्रभुराचचक्षे ॥ ७६ ॥

અર્થ—જે મનુષ્યો આ જગતમાં પાંચ ઇંદ્રિયો અને અતિ ચંચળ એવું મન તેને પાપના રસ્તામાં દોરે છે,—લેઇ જાય છે, તે ખરેખર ભયના ભંડારરૂપ નરકગતિ વિષે જઇ ઉપજે છે. એમ પવિત્ર શ્રી વીર ભગવાન સર્વને કહેતા હુવા. (૭૬)

ભાવાર્થ—આ લોકને વિષે જે પ્રાણીઓ શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શ એ પાંચ ઇંદ્રિયોના સમૂહને તથા ચંડાળ એવા મનને પાપ માર્ગમાં દોરે, તો જરૂર તે પ્રાણીઓ કેવળ દુઃખના સ્થાન નરકને વિષે જાય. એ પ્રમાણે પવિત્ર શ્રી વીરભગવાને કહેલું છે. માટે હે અજ્ઞાની આત્મા! તારા પાંચ ઇંદ્રિયો રૂપી તોફાની ઘોડાને તથા મનરૂપી સારથીને આધિન થઇ મોહ મનોરથ પર ચડી તારા નિર્મળ આત્માને મહાદુઃખથી ભરેલી ભવાટવીમાં પરિભ્રમણ કરાવતો ના. કારણ કે તે ખરેખર દુર્ગતિના આગાર છે. માટે તેનાથી વિરક્ત રહી આત્મસાધન કરવું તેજ માનવ જીંદગી પામવાનું સાર્થક ગણાય છે. અને આ માનવદેહથીજ મોક્ષલક્ષ્મીની પ્રાપ્તિ થઇ શકે છે, બાજી કોઇ જીવયોનિ કે ગતિથી મોક્ષનગરની પ્રાપ્તિ થતી નથી. મનુષ્યભવ તો પુણ્યે કરી આ જીવાત્માને અનંતિવાર મળ્યો, પણ એ દુર્લભ એવો મનુષ્યભવ પામીને આત્માનું હિત સાધન કરવાને બદલે તો જન્મમરણની વૃદ્ધિ થાય તેવાંજ અકાર્યો અને કુટિલકર્મો કરી મનુષ્યજન્મ એળે ગુમાવી દીધો, પાંચ ઇંદ્રિયોના વિષયસુખમાં પડી જઇ ચંચળ મનને વશ કરવાને બદલે તેનેજ વશ આ આત્મા પડી જીતી બાજી હારી ગયો. આત્મા મહાબળવાન્ છતાં. અનંતી ઋદ્ધિનો ધણી છતાં ચોરટી પાંચ ઇંદ્રિયો અને મર્કટ જેવા મનને આધિન થઇ પરવશ પડયો–મનની ઇચ્છાનુસાર વર્ત્તવા લાગ્યો. મનને પ્રિય લાગે

તેવા મનોહર શબ્દ સાંભળવા, રૂચે તેવા સુગંધી પદાર્થો સુંઘવા, આનંદ મળે તેવા આઠ પ્રકારનાં સ્પર્શ સુખ ભોગવવાં, રમણિય સુંદરીઓના વિષયસુખમાંજ મનને આસક્ત રાખવું, ચિત્તહર ચતુરાઓની લટકમટક ને હાવભાવ જોઇ નેત્રાનન્દ ભોગવવો; એવા એવા અનેક પ્રકારનાં સંસારનાં સુખોમાં ઇંદ્રિયો ને મનને મહાલવા–ખેલવા દેઇ આત્મા અનંત શક્તિમાન છતાં વાદળાંથી ઢંકાયલા સૂર્યની પેઠે બળ પ્રકાશ કરી શકતો નથી. અહો ! આ તો મહદાશ્ચર્યની વાત છે, કે રાજા ઊઠીને ભિખારીને આધિન થાય ! મોટા ગજેંદ્રને ભેદનારો કેસરી–સિંહ ઉઠીને શિયાળની તાબેદારી ભોગવે ! ખરેખર આ જીવ અજ્ઞાનથી ભ્રમમાં પડીને આત્માનું શુદ્ધ સ્વરૂપ ભુલી ગયો છે, તેથી સિંહ જેવો થઇને બકરાના ટોળામાં ભળી જઈ બકરી જેવો ગરીબ થઇને ભરવાડની તાબેદારી ઊઠાવવા લાગ્યો છે. આનું મૂળ વિચારીએ તો એ સિંહ અમુક પ્રકારે ડરેલો–ભડકેલો છે. તેથી તે પોતાની સત્તા અને તેજ પ્રગટ નહિ કરતાં બકરાના ટોળામાં બકરાના નામે પોતાને ઓળખવા લાગ્યો છે. હવે એ સિંહ બકરાના ટોળામાં કેવી રીતે આવ્યો ? વળી આવ્યો છતાં પોતાની સત્તા કેમ ન ચલાવી શક્યો ? તથા તે ટોળામાંથી પોતે પોતાના બળથી કેમ કરી છુટો ન થઇ શક્યો ? અને છેવટ તેને કોણે આવી તે ટોળામાંથી મુક્ત કર્યો ? તે નીચેના દૃષ્ટાંતથી બરોબર સમજાશે. “ કશાથી ડરો તે પહેલાં આ નીચેની વણઝારાની વાત જરૂર યાદ કરો ! ”

(૮૨) ભયભીત થઇ પરવશ પડી ભાર વહેનારો સિંહ.

એક વિકટ વનમાં જુદીજુદી જાતનાં જાનવરો વસતાં હતાં, તે બધાનો રાજા સિંહ તથા તેની રાણી સિંહણ જંગલમાંનાં બધાં પ્રાણી કરતાં જોરાવર ગણાતાં હોવાથી તેઓ બાદશાહી અને સત્તા ભોગવતાં હતાં. એકદા ઉનાળાના ખરા બપોરે આ સિંહ ઘણો તરસ્યો થયો, તેથી સિંહણને કહીને નદી તરફ નીકળી પડયો. જ્યારે તે નીકળ્યો ત્યારે તો સૂર્યનો તાપ કરડો–ઘણો પ્રખર–બહુ જોરમાં હતો, પરંતુ રસ્તામાં મળતા ઘોડા હાથી વગેરેની સલામ, તથા ગાય ભેંસ બકરા ઘેટાં વગેરેના પ્રણામ તથા કુતરા બિલાડી ઉંદર કીડી વગેરેના સાષ્ટાંગ દંડવત, સ્વિકારતાસ્વિકારતા વનરાજને જવાનું હોવાથી તે નદીકિનારે પહોંચ્યો ત્યારે તો સૂર્ય મોટી થાળી જેવો બની પ્રકાશિત રંગનાં વાદળોમાં સંતાકુકડી રમવા લાગ્યો હતો. એજ

વખતે પાસેના ગામડામાંથી એક ડોશી પાણી ભરવાને આવી હતી. સંધ્યા સમય નજીક આવવાથી તે બિચારી ડોશીથી બરોબર દેખી પણ શકાતું ન હતું તેથી એક બે વાર તો પડી જતી રહી ગઇ. છેક અંધારૂં થઇ જવાની બીકથી ડોશી પાણી ભરીને જરા ઉતાવળા પગે ચાલવા ગઇ, પણ ઘડપણને લીધે પગમાં જોર નહિ હોવાથી તે પડી ગઇ ને બેડું ફૂટી ગયું. બાપડીને જરા વાગ્યું પણ હશે, તો પણ વધારે અંધારૂ થઇ જશે તો વળી વધારે હેરાન થવું પડશે—એવા ડરથી તે બિચારી ઉઠીને ઝટ લેઇ રસ્તે પડી. જતાં જતાં બોલી કેઃ—"રાતની ફોજ સામટી ચડી આવે છે માટે જલદી નહિ નાસું તો મારી જઇશ, સિંહ કરતાં યે એનું બળ ઘણું છે માટે એનાથી તો તોબા!" પાણી પીને પાછા ફરતાં સિંહે આ શબ્દો સાંભળ્યા, અને તે વિચારવા લાગ્યો કેઃ—"મારા કરતાં પણ જોરાવર દુશ્મનની ફોજ અહીં આવે છે—એવું ડોશી કહે છે તે શું ખરુ હશે, મારા કરતાં જોરાવર? હોય તો નહિ, પણ ઘરડાં માણસ અનુભવી હોય છે, માટે એમનું કહેવું ખોટું હોવું ન જોઇએ; ડોશીનું ઘર નજીકમાં હશે તેથી તે તો **રાતની ફોજ** આવી પહોંચ્યા પહેલાં ઘર ભેગી થઇ જશે, પણ મારૂં રહેઠાણ તો અહીંથી ઘણે દૂર છે, ત્યાં પહોંચતા પહેલા કદાચ રાતની ફોજ રસ્તામાં મળે તો મારાં તો સોએ વરસ પુરાં કરે એમાં કાંઈ શક નહિ! અહીં ઝાડી પણ ઠીક છે લાવ તેના પાછળજ સંતાઇ રહું, તે ફોજ ઉપડયા પછીજ નીકળવું સહીસલામત છે. આ તરફ વનરાજા ઝાડીમાં સંતાઇ ગયો ત્યારે આખા જગતનો રાજા સૂર્ય પણ વાદળમાં પૂરેપૂરો સંતાયો. એટલે ધરતીએ અંધારપછેડો ઓઢયો, અત્યારે અંકુશરહિત બનેલી વનરાજની વસ્તીનો કોલાહોલ તે અંધારપછેડાને છાજે તેવોજ હતો. એવામાં એક વણજારો ખચ્ચરો ઉપર અનાજ લાધીને વેચવા સારૂં પોતાના માણસો સહિત નજીકના ગામમાં આવતો હતો, તે ગામના દરવાજા બંધ થઇ જવાથી અહીં નદીકિનારે ઉતર્યો. પોઠો બધી નીચે ઉતારી એટલે ખચ્ચરો આડાંઅવળાં ભટકવા લાગ્યાં, તથા વણજારાના માણસો લાકડાં સળગાવીને તાપવા લાગ્યા, કોઇ રાગડા તાણવા લાગ્યા, ખચ્ચરો ખુંખારવા લાગ્યાં. એમ ચોતરફની ભારે ગડબડ તથા અંધારા વચ્ચે રહી રહીને ઝબકતા ભડકા જોઇને તો સંતાયલો સિંહ ખરેખર આ સર્વ રાતની ફોજનું ધાંધલ છે- એમ કલ્પીને ડરવા

લાગ્યો; તે મનમાં બોલી પણ ગયો કેઃ—ખરેખર આજ મારૂં આવી બન્યું છે, ડોશીનું કહેવું યથાર્થ છે; આમાંથી બચું તો હું કેવો ભાગ્યશાળી ?

હવે પ્રાતઃકાળ થવાને ઘણી વાર હતી, એટલામાં તો પેલા વણજારાએ પોતાના બધા માણસોને જગાડયા, નજીક આવેલું લાભનું સ્થળ જોઇ તે ધીરજ ઉંઘ અને હરકોઇ પ્રકારનો (રાતનીફોજનો) ડર પણ ખોઇ બેઠો હતો, આમતેમ ભટકતાં ખચ્ચરોને એકઠાં કરી બધાં ઉપર ગુણો લાધીઃ પણ એક ખચ્ચર બીજાંઓથી જુદું પડી નદીએ ગએલું તે મગરનો ભોગ થઇ પડેલું તેની કોઇને ખબર પડી નહિ. તેની શોધમાં ફરતાં વણઝારાએ ઝાડીમાં જરા ખડખડાટ સાંભળ્યો, તદ્દન અંધારૂં હોવા છતાં પણ રાતનીફોજથી પણ નિડર બનેલા વણજારાએ ઝાડીમાં જવાની હિમત ધરી. પોતાની નજીક આવતાં પગલાંનો અવાજ સાંભળી સિંહ તો ગભરાઇ ધ્રુજવા ને થરથરવા લાગ્યો, જે કાળ ચોઘડીએ પોતે સિંહણથી જુદો પડયો હતો, તે ચોઘડીયાને ગાળો દેવા લાગ્યો, દૈવપર અભિશાપ વરસાવવા લાગ્યો, અને ભવિષ્યના નફાની ધુન–કેફથી નિડર અને નિઃશંસય બનેલા વણજારાએ તેનો કાન પકડી બીજાં ખચ્ચરો પાસે લાવી તેના ઉપર ભારે પોઠ લાધી, ત્યારે તે રાંક જેવો થઇ કાંઇ કરી શકયો નહિ; પછી વણજારાએ તથા તેના કાફલાએ ત્યાંથી કુચ કરી. સેંકડો પોઠીયા વચ્ચે આ નવો કુળવાન પોઠીયો પણ રાંક થઇ બીજા પોઠીયાની પેઠે નીચું ઘાલી મુંગોમુંગો પોઠ ઉચકીને પોઠીયાનાં પગલાં ભરતાં શીખવા લાગ્યો.

હવે સિંહણે વિચાર્યું કે પાણીપીને આવતાં સિંહને આટલી બધીવાર કદી લાગતી નથી, માટે નક્કી તેને માથે કાંઇ પણ ભારે આફત આવી પડી હોવી જોઇએ;—એમ વિચારી સિંહની શોધમાં તે પતિવ્રતા વનરાણી નીકળી પડી, પતિભક્તિ તથા શૌર્યને માટે સિંહણ જાત સુપ્રસિદ્ધ છે. નદી કિનારે આવી જોતાં કોઇ જગાએ સિંહ તો દેખાયો નહિ, પણ પ્રેમાળ મનવાળી સિંહણ પ્રિયતમ સ્નેહીનાં પગલાં તુરત ઓળખી શકી. એ પગલે પગલે જતાં કેટલેક દૂર ગયા પછી એક મોટી વણઝાર–ફોજ જતી જોઇ, તેની વચ્ચે પોતાના પતિ ને સઘળા પશુના ને આખા વનના રાજાને પીઠ ઉપર બોજા સહિત ચુપકીથી ચાલતાં જોયો. પોતાની આંખથી વધારેવધારે

નિહાળીને જોવા લાગી છેવટે સખેદાશ્ચર્ય અને ક્રોધથી તે બોલી:— " મારે તે મારી આંખને માનવી કે મારા પતિનો સ્વભાવ જાણનારા મારા મનને ?! જે નિર્ભય નિડર પ્રબળ પશુપતિ, આ સિંહણનો શૂરો સ્વામી તેનેજ આ તુચ્છ જીવો વચ્ચે મુંગે મુખે ગુલામી ?! " સિંહે માથું ઉંચું કર્યા વિનાજ ધીમે સાદે સિંહણને ઉત્તર વાળ્યો કે:--" તારા શક્તિ વિનાના ક્રોધથી હવે કાંઇ વળે તેમ નથી, આપણા બેથી પણ હજારો ગણી જબરી એવી આ રાતનીફોજ હમણાં તારા ઉપર તૂટી પડશે; માટે તને જીવવું વહાલું ન હોય, તો પણ આપણા બચ્ચાની ખાતર તું રસ્તે પડ ! " પતિ ઉપર ગુજારાયલા અન્યાય, પતિની ભ્રમણા અને પોતાના કુદરતી સ્વભાવથી ઉશ્કેરાયલી સિંહણ તો આ શબ્દો ઉપર કાંઈ પણ ધ્યાન નહિ આપતાં એકદમ મોટી ગર્જના કરી કાફલા ઉપર તૂટી પડી. ચારે બાજુની જમીન બધી ધ્રુજી ઉઠી ઝાડ કંપવા લાગ્યાં પ્રાણી માત્ર ત્રાસ પામ્યાં, પોઠીયા સર્વ જીવ લેઇને નાઠા એક બે બિચારા ત્યાંજ જીવીયાઓવવરોવિયા (પ્રાણરહિત) થઇ ગયા. વણઝારાના માણસમાંના કેટલાએક બીકથી પ્રાણ છોડયા, કેટલાએક દોડતા પોઠીયા તળે દબાઇ મરણ પામ્યા, અને વણઝારો પોતે તથા તેના મૂઠીભર બીજા માણસો સહીસલામત નાસી છૂટયા. પછી સિંહણે બીજી ફાળ ભરી તે ક્રોધની નહિ પણ પ્રેમની હતી, તે પોતાના પતિને પ્રેમે વળગી પડી. પણ શરમાઇ ગએલો સિંહ તો ઉંચુ જોઇ શકયોજ નહિ, ત્યારે સિંહણે તેને સ્નેહથી બોલાવી શરમ દૂર કરાવતાં કહ્યું કે:—સ્વામીનાથ ! આપ સર્વ પશુઓના પતિ-પ્રભુ કહેવાઓ છો, છતાંપિ આ કમજોર ખચ્ચરો-પોઠીયાથી ડર્યા એ શું ? કદી એક તલ ભાર બોજો તો ઉપાડયો નથી, એવા મહાન ને શૂરવીર છતાં આવી ભારે પોઠ ઉંચકી એ શું ? તમારી અગ્નિ જેવી આંખો અને દબદબાવાળો દેખાવ મનુષ્ય પ્રાણીને પણ દૂરથીજ થથરાવી-મુતરાવી નાંખવાને બસ છે ! તો પછી આજ બકરી જેવા રાંક કેમ બન્યા ? કહો ન કહો પણ આ વાતમાં કાંઇ ઉંડો ભેદ છે ખરો ! પછી સિંહે બધી વાત કહી સંભાળવી એટલે પાછી સિંહણ બોલી:—આપનો જાતિસ્વભાવ ભુલાવનાર એક ડર જ છે, એ હું હવે સમજી; ડર ખરેખર સૌથી જોરાવર છે એ નિ:સંશય છે. પણ વનરાજ સિંહને ડર શો ! મહારાજાને બીક શેની ? સિંહણના સૂત અને સિંહણના પતિને ભય શો ?

હવે પછી કશાથી ડરો તે પહેલાં " **વણઝારાની આ વાત યાદ કરજો** " આ સિંહસિંહણ પછી ઘણો વખત ભેગાં રહી સુખી થયાં.

પ્રિય વાંચનાર ! એવા તો કેટલાયે સિંહ ડરતા-ભાગતા ફરે છે તે તું જાણે છે? તું પોતે પણ એક બીકણ સિંહ છે, હું પણ તેવો જ કાયર ને બીકણ છું. મારી ને તારી આસપાસના ઘણાખરા મનુષ્યો પણ તેવાજ છે. મારી આ વાતમાં સિંહ બીન્યાનું વાંચી તું તેની મશ્કરી કરે, અગર એવી અસંભવિત વાત લખનારની અજ્ઞાનતા ઉપર હસે, તે પહેલાં મારે તને કહેવુંજ જોઇએ કે તે સિંહની બીક તો દૂર થઇ અને સિંહણની સહાયથી નિડર નિઃશંક એવા તેના જાતિસ્વભાવપર તે પાછો વળ્યો પણ ખરો ! પરંતુ ગરીબ બિચારા તમારા મારા આત્મા પોતાના નિડર-નિશ્ચયી-નિઃશંક જાતિસ્વભાવ પર ક્યારે આવશે ? તે તો એક કેવલજ્ઞાની પ્રભુજ જાણે. તમારી અને મારી શોધમાં આપણી સિંહણો (સુમતિ) કયારે નીકળી પડશે ? આપણાં પગલાં કયારે શોધી કાઢશે ? આપણા ઉપર ત્રાસ કરતા વધારે સત્તાના લાલચુ ઘાતકી અને વગર જોરે જોરાવર ગણાતા મનાતા વણજારાને (વિકારને) ક્યારે હંફાવશે ? અને આપણને આપણી તથા આપણા શત્રુની શક્તિની સરખામણી કરી બતાવી આપણા જાતિસ્વભાવો પર કયારે લાવશે ? તેની તને કે મને કલ્પના પણ નથી. મનુષ્યસ્વભાવ (જેને સિંહની ઉપમા આપી છે) નિર્ભય નિઃશંક, નિશ્ચયી અને પવિત્ર છે, દુષ્ટ વિકારોએ આપણને ડરાવી મારી આપણા ઉપર પ્રવૃત્તિની પોઠો લાદી છે; બીજાઓને તેનાથી ડરતાં, તથા તેના ડરની વાતો કરતાં જોઇ આપણે એકવાર ડરી જઇ શક્તિ બની વીલેમુખે ધ્રુજતે શરીરે તે પોઠ-બોજો ઉચકીએ છીએ: ઉંચું માથું પણ કરી શકતા નથી-એવા નિર્બળ, બીકણ, વીર્યહીન-કાપુરુષ-બાયલા થઇ ગયા છીએ. એ વિકારોની તાબેદારીની બેડીનો સહવાસ પડી જવાથી શુદ્ધ અને ઉચ્ચ વિચારો કલ્પનામાં પણ આવી શકતા નથી; એ દુષ્ટ વિકારોથી ડરી જવાથી "ના" કહેવાની હિમત આવવી પણ ઘણી મુશ્કેલ છે. મોટાં લાંબાં ચોડાં છટાદાર ભાષણો આપવામાં આગવા છતાં એક ટુંકો ને ટચ "ના" શબ્દ યોગ્ય વખતે કહેવો ઘણું મુશ્કેલ લાગે છે, તે પણ મનુષ્યસ્વભાવને તે શક્તિ વારસમાં મળેલી હોવા છતાં ! મનુષ્ય અદ્ભુત કાર્યો કરી શકે છે, ધારે તો ક્ષણમાં ત્રિલોકમાં ફરી વળે છે, ટુંકમાં

તેં કે મેં સાંભળ્યા પણ ન હોય, એવા અપૂર્વ ચમત્કારો કરવાની મનુષ્યમાં શક્તિ છે, પરંતુ તે અગાધ શક્તિ આપણા શત્રુના ડરથી આપણે પોતેજ હાથે કરી ખોઇ બેઠા છીએ. અને પછી આપણા ડર અને લાચારીનો લાભ લેઈ તે શત્રુઓએ આપણને છેક ગુલામજ બનાવી સ્વાધીન–કબજે કરી દીધા છે. આ બોલ જેવા કેટલાક પ્રાસંગિક બોલ સમયે સિંહણના શબ્દ પેઠે ઉશ્કેરે છે, પણ મારી વાતમાંની સિંહણના અસરકારક શબ્દો જેટલું મારા બોલનું જોર નહિ હોવાથી આપણે તો કાયમ પોડીયા ને વિકારોના વેડીયા જ બન્યા રહીએ છીએ. આપણ સિંહરૂપી મનુષ્યને બહુ દૂર પડેલી સુમતિ–સિંહણો શોધી કાઢે, અને આપણો ભ્રમને ડર દૂર કરાવી આપણા જાતિસ્વભાવે આપણને પાછા લાવે–એજ શ્રીપંચપરમેષ્ટી પાસે પ્રાર્થના છે. હવે પછી કશાથી ડરો તે પહેલાં સિંહ–વનરાજા અને વણજારાની આ વાત જરૂર યાદ કરજો ! (૭૬)

रे रे बांधव ! पश्यपश्य पुरतः कासारतीरे बकं।
संधत्तं ध्रुव मत्र ध्यानमघहं साक्षाद् ऋषेसन्निभम् ॥
श्रुत्वैका शफरी स्वनंतदवदद् वाक्यं मम श्रूयतां।
रे पान्थ ! प्रशमेनतेन मुनिना सर्वं विनष्टं कुलम्॥७७

અર્થ:—હે ભાઈ લક્ષ્મણ જો તો ખરો ! કે સરોવર કાંઠે ઉભેલો બગલો ખરેખર ઋષિમહાત્માઓના જેવું એકાગ્ર ચિત્તવાળું અને અચળ ધ્યાન ધરી કેવો તપ કરે છે ? આ પ્રમાણે નિખાલસપણે રામ બોલ્યા. રામનું વચન સાંભળી ખુણામાં સંતાયલી એક માંછલી બોલી:—હે વટેમાર્ગુ મહાપુરૂષ ! તે કપટી મુનિએ તો મારા સમસ્ત પરિવારનો વિનાશ કરી નાંખેલો છે. (૭૭)

ભાવાર્થ—કૈકેયીના વચનથી વનવાસી થયેલા શ્રી રામચંદ્રજી તથા તેના પ્રેમપાશથી બંધાયલા ભ્રાતા લક્ષ્મણ તથા કુલાંગના સતી

સીતા તે ત્રણે જણે વનમાં જતાં એક સ્વચ્છ નિર્મળ જળથી પૂર્ણ પંપા નામે સરોવર જોયું. તે તળાવને કાંઠે એક બગલો પોતાના શરીરને અચળ કરી ભક્તની પેઠે શાન્ત ઉભો રહેલો જોઇ રામચંદ્રે આશ્ચર્ય પામી લક્ષ્મણ પ્રત્યે કહ્યું કેઃ—

હે બાંધવ ! આ બગલાને તો જો ! કેવું ઋષિઓના જેવું અવિચળ તથા નિર્મળ ધ્યાન ધરે છે. સરલ હૃદયી શ્રીરામચંદ્રજીનું આ વચન સાંભળી સરવરના એક ખૂણામાંથી એક માછલી પાણી ઉપર આવીને મનુષ્યવાણીથી બોલીઃ-કે હે પવિત્ર હૃદયના પથિક ! તમે મારૂં કહેવું સાંભળો ! પેલા પાણીમાં અચળ ધ્યાન ધરી ઉભા રહેલા કપટી બગ મુનિવરે તો મારા સર્વ કુળનો નાશ કર્યો છે, હવે હું એકલી રહેલી છું તે મને પણ પકડવાનો આવા ઢોંગ કરી પ્રયત્ન આદર્યો છે. સહવાસી અને અનુભવી માછલીની આ વાત સાંભળી તેઓ ત્રણે જણાં આશ્ચર્ય પામી ત્યાંથી ચાલતાં થયાં.

બગભગતની આ વાત ઉપરથી સાર એ લેવાનો છે, કે કપટી માણસોની વર્તણુક ઉપરથી ઘણી સારી જોવામાં આવે છે, મોઢેથી વાણી પણ મીઠી મધુરી બોલે છે તથા ધર્મને વિષે પણ ઘણો આગળ પડતો ભાગ લેઇ યશોધન મેળવે છે. આવા ઉપલક સ્વભાવથી ભદ્રિક જનોને વિશ્વાસ પમાડી તેઓને છેતરવા માટે હૃદયમાં જબરી કાતી રાખે છે, અને ગુપ્ત રાખેલી એ કપટ કાતી—છરી એવી તો તિક્ષણ હોય છે, કે પોતાના સ્વાર્થ માટે સામાના પ્રાણાંત દુઃખ સુધી પણ વિરામ પામતી નથી. આવા કપટી મનુષ્યોની કાયા વડે કરેલી ધર્મ ક્રિયાઓ નિષ્ફળ થઇ ક્લેશરૂપ થઇ પડે છે. માટે મોક્ષેચ્છુ સુજનોએ તો આવો કપટી કુટીલ સ્વભાવ દૂર કરી સર્વ જીવજંતુઓ સાથે ભ્રાતૃભાવ રાખી નિર્મળ નિષ્પાપવૃતિથી મનવચનકાયાએ કરી વિધિ-પૂર્વક ધમક્રિયાઓ કરવી, અને જે કરવી તે પવિત્ર મનથી ઉલ્લાસ-પૂર્વક ભાવે કરવી. ખરેખર સર્વ ધાર્મિક ક્રિયાઓ નિષ્કપટભાવે કર-વાથી ફળીભૂત થાય છે, તેવી મલીન મનોભાવે કરવાથી સફલ થતી નથી, અને તેથી કંઇ સિદ્ધિ પણ થતી નથી; પણ ઉલટું જગતમાં હાંસીને પાત્ર થવાય છે, ધર્મધૂર્ત્તના નામે ઓળખાઇ તેનો વિશ્વાસ પણ કોઇ કરતું નથી. એટલું તો અવશ્ય યાદ રાખવું, કે દુનિઆના કેટલાએક ભોળા લોકો ધર્મને બહાને ઠગાય છે—છેતરાય છે, તેટલા બીજા કશાથી ફસાતા—છેતરાતા નથી. માટે જ કેટલાએક ધૂર્ત્ત લોકો

ધર્મને બહાને લોકોને થાપ દેઇ ભરમાવી ઠગી પોતાનો સ્વાર્થ સહેલાઇથી સાધી લેવામાં ફાવી જાય છે. આમ ફાવી જવામાં મુખ્યત્વે કરીને ત્રણ કારણો છે. નમ્રતા, વચનપટુતા–વાચાલતા અને ગંભીરતા; તેઓ એવી તો અધિનતા ને નમ્રતા બતાવે છે, કે ગમે તેવો ચતુર પુરૂષ પણ તેની ચાલાકીથી ચળી જઇ ગળી જાય છે.

દુહો––નમન નમનમેં ફેર હૈ, અતિ નમે નાદાન;
દગલબાજ દોઢા નમે, ચિત્તા ચોર કમાન. ૨૪૬

અર્થાત—ચિત્તાને કોઇ જાનવરનો શિકાર કરવો હોય, ત્યારે તે એવો તો જમીનપર પડી જાય છે, કે જાણે પૃથ્વીને પગે લાગતો હોય! પણ પ્રિય પાઠક! ખરે એમ નથી, પણ બિચારાં અનાથ પ્રાણીના પ્રાણ હરવા માટે વિશ્વાસ બેસાડવાનો આ તો એક પ્રપંચ ભરેલો ઉપાય છે. તેમજ ચોરલોકો પણ ધનહરણ કરવા પારકા ઘરમાં પેસતી વખતે એવા તો વાંકા વળી ધીમેધીમે ચાલે છે, કે જાણે તે ઘરધણીને મસ્તક નમાવતો હોય! પણ તેમ ન હોતાં આ પણ વિશ્વાસ બેસાડવા મહેનત લઇ ગુપ્ત રીતે ઘરધણીનું ધન હરવાની યુક્તિ કપટકળા ને પ્રપંચ બતાવે છે. વળી કોઇ ધનુષપર કામઠી ચડાવે છે ત્યારે તે પણ વાંકી વળે છે, તે શત્રુદળ ભેદવાને માટે જ જાણો. બિચારા ભોળા અજ્ઞજનોને વચનચાતુર્યથી વિશ્વાસ પમાડી છેતરવા તેમાં કાંઇ ડહાપણ હોશિયારી કે ચતુરાઇ ન કહેવાય. એ તો વચના અને લુચ્ચાઇજ છે. તે વિષે કહ્યું છે કેઃ—

विश्वासे प्रतिपन्नानां । वंचने का विदग्धता ।
अंकमारुह्यसुप्तानां । हतं किं नाम पौरुषम् ॥ ८३ ॥
मित्रद्रोही कृतघ्नश्च । यश्च विश्वासघातकः ॥
ते नरा नरकंयांति । यावच्चंद्रदिवाकरौ ॥ ८४ ॥

અર્થાત—વેપારાદિક વહેવારોમાં સામાને વિશ્વાસ બેસાડી બિચારાને છેતરવા અને પ્રપંચથી તેઓનાં ગળાં કાપવાં તે તો ખોળામાં સુવાડી માથું વાઢયા જેવું અપકૃત્ય છે. વળી મિત્રનો દ્રોહ કરનાર, કૃતઘ્ની (એટલે કર્યા ગુણની કદર ન કરનાર) અને વિશ્વાસઘાત કરનાર એટલા માણસો મરીને નરકે જાય છે; ચંદ્રસૂર્ય રહે–તપે ત્યાં સુધી તેઓ નરકગતિનાં મહાભયંકર દુઃખો ભોગવે છે. વળી ઘણા

માણસ અનીતિથી પોતાના કાર્યની સિદ્ધિ કરવામાં ડહાપણ માને છે, પણ તે ડહાપણ વિષયુક્ત દુધપાક જેવું હોઇ કંઇજ કામનું નહિ. આજકાલ તો એવો અનીતિક્રમ વધી ગએલો જણાય છે, કે જ્યાં જોઇએ ત્યાં છળ પ્રપંચ ઢોંગ ધતિંગ. બોલવાનું કાંઇ દેખાડવાનું કાંઇ અને કરવાનું ચાલવાનું કાંઇક ઓરજ ! કપટી માણસો ઉપરથી તો એવો ડોળ બતાવે છે કે-અહો ! આતો મોટો ધર્માત્મા છે! તેમજ ધર્મધ્યાન પણ ઘણુંજ કરે છે. આ તો ઉપરકી અચ્છી બની પરંતુ તેનું ભીતર-હૃદય તો મહાકપટથી ભરેલું છે, મોઢે મીઠું મીઠું બોલે તો છે, પણ લપનછપન કરી બિચારા ગરીબોને રહેંસતી વખતે, એકના ત્રણ ચાર ગણા કરી માતબર થવાના મનોરથ કરતી વખતે, મન જરા પણ પાછું વળતું નથી, નરકયાતના અને દુઃખોનો લેશ માત્ર ભય રાખતું નથી. ખરેખર ધર્મના બહાનાથી તો ચારબુદ્ધિનો નિધાન શ્રી અભયકુમાર જેવો મહાસમર્થ પુરૂષ પણ વેશ્યાઓની કપટ ભરી ધર્મક્રિયાઓથી છેતરાઇ ગયો, અને ખાસ ચંડપ્રદ્યોતનના રાજ્ય તરફથી એક ગુણિકા પોતાના રાજ્યમાં આવીને પરમશ્રાવિકા બનેલી હોવાથી ધર્મધુરંધર અભયકુમાર સરલ ભાવે તે કપટી શ્રાવિકાનો વિશ્વાસ રાખી આખરે તે કપટી શ્રાવિકાને હાથેજ ચંડપ્રદ્યોતનરાજાના કેદખાનામાં જઇ પડયો. અહાહા ! કેવું આશ્ચર્ય ? ધર્મને બહાને લોક કેવા ઠગાય છે ? અનુભવી જ્ઞાતા પુરૂષે ઠીક કહ્યું છે કે:—ગીતિ.

असती भवति सलज्जा। क्षारं नीरं च शीतलं भवति ॥
दंभी भवति विवेकी। धूर्तजनो भवति प्रियवक्ता ॥ ८९ ॥

અર્થાત:--કુલટા સ્ત્રી બહુ લાજ કાઢી ચાલે છે, ખારૂ પાણી બહુ ઠંડુ હોય છે, દંભી માણસ બહુ વિવેક બતાવે છે. અને ઠગ માણસ પ્રિયવક્તા એટલે સારૂં લાગે તેવું બહુજ મીઠું મીઠું બોલનારો હોય છે. પણ તે દંભીઓનાં મન તો વિપરીત કામ જ કરે છે, અ-નીતિનાં કાર્યો કરતાં જરા પણ ડર કે આંચકો ખાતાં નથી. ભોળા ભલા ભરોસે રહેલા ભદ્રિક માણસોને છેતરી પોતાને સફળ મનોરથ થયા માને છે. પણ તેવા મીઠડા-મીઠાબોલા કાંઇ ઉત્તમ ગણી ન શકાય તે વિષે કહ્યુ છે કે; —કવિત—

નીતિકો પઢકે, નીતિકો ઉપદેશ કરે,
પોતે નીતિ છાંડકે, અનીતિકુ ગ્રહી હે;

અતિ અક્કલ આપકી ઠાનત અક્કલ છાંડ,
એઅક્કલ બાત લહીહે;
સત્સંગકુ છાંડ, કુસંગકુ ઠાનત,
સુસંગકુ છાંડ, કુસંગ ગ્રહીહે;
કવીગંગ કહે ઉનકો મુખ દેખત,
દોષ લગે તજીએ જયું અહી હે. ૨૪૭

માટે એવા ધર્મધૂર્ત્ત ઠગ માણુસનો સંગ કદી ન કરવો, તેવાની સાથે જોઇવિચારીને પ્રસંગ પાડવો, તેઓના વાણી માધુર્યમાં મોહી ન જવું, વસ્તુના રૂપ અને ઉપલક ગુણુ જોવા કરતાં તેના આંતર ગુણુનો વિશેષ તપાસ કરવો; કે પાછળથી પસ્તાવું ન પડે અને પોતાની ખરાબી ન થાય. કહેવત છે કેઃ—**સોનું જોઇએ ઘસી ને માણુસ જોઈએ વસી.** સોનું પરીક્ષા માટે ઘસાય છે, તેમ માણુસ કંઇ ઘસાતું નથી. સોનાની પરીક્ષા ચાર પ્રકારે થાય છે, તેમ માણુસની પરીક્ષા પણુ ચાર પ્રકારે થાય છે.

यथाचतुर्भि कनकं परीक्ष्यते । निघर्षणच्छेदन ताप ताडनैः ॥
तथा चतुर्भि मनुषःपरीक्ष्यते । ज्ञानेन शीलेन गुणेन कर्मणा॥८६॥

અર્થાત્—સોનાની પરીક્ષા ઘસવાથી છેદવાથી તાવવાથી અને ટીપવાથી એમ ચાર પ્રકારે થાય છે, તેમ માણુસની પરીક્ષા જ્ઞાન શીલ એટલે સુસ્વભાવ ગુણુ અને કર્મો એ ચાર પ્રકારો વડે થઇ માણુસ પરખાય છે. પ્રપંચી માણુસોનો ઉપરનો દેખાવ ભલે ઘણો સારો જોવામાં આવે છે, પણુ અંદરખાનેથી તેઓ ઘણાજ ખરાબ અને તદ્દન જુદાજ હોય છે; માટે મીઠી વાણીથી ભરમાવું નહિ. ટહુકા કરી મોર ઘણુ મધુરૂં બોલે છે, પણુ વિંછી ને સર્પ આખાનેઆખા ગળી જાય છે. તેમ દુનિઆમાં ધુતારા ઠગારા ધર્મધ્વજી ભગતો ઘણા હોય છે, તેઓ છળ પ્રપંચથી લોકોને વિશ્વાસ આપી ઠગી છેતરી જાય છે, અને એવા અનીતિમાર્ગે વહી પોતાની જીંદગી વૃથા ગાળે છે–નિર્વાહ ચલાવે છે. બિચારા ભોળા લોકોને છેતરે છે, તેમાં તો તે પોતાના આત્માનેજ છેતરે છે પોતેજ છેતરાય છે–એમ નક્કી સમજવું. કારણુકે તેવાં પ્રપંચી ઠગાઇ લુચ્ચાઇનાં કુકર્મોથી અવશ્ય તેને નરકમાં જવું પડે છે, અને ત્યાં આત્માને ઘણુાકાળ સુધી ઘણાં રૌદ્ર દુઃખો

ભોગવવાં પડે છે. પણ લોભમાં અંધ બનેલા કામી પ્રપંચી લોકોને પરલોકનો ડર તો જરાયે હોતો નથી, તેઓ તો નિડરપણે ધર્મને બહાને અને નામે ધમધોકાર અનીતિભર્યા છળભેદ અને અનેક પ્રપંચો રચે છે, અને પાપ કરતાં પાછું વાળી જોતાયે નથી. મુંબઇમાં ટ્રામ્વે ઘોડાથી ચાલતી હતી, ત્યારે ખરા ઉનાળાના બપોરે ટ્રામગાડી ખેંચતાં ઘોડાની થતી દયાજનક દુર્દશા જોઇ વ્યાજખાઉ કાળાંધોળાં કરતા મારવાડીઓના પ્રસંગમાં આવેલા એક સંસ્કારી પુરૂષથી બોલી જવાયું કેઃ–" પાપ કરતાં પાછું ન જોયું, પુણ્ય કર્યાં છે થોડાં; મરે મુલક મારવાડના તે થાય મુંબઇનાં ઘોડાં. " તે બિચારા અધમાત્માઓનુ પરલોકમાં શું થશે ? અવશ્ય તેઓને કૃતકર્મનું દુષ્ટ ફળ તો મળ્યા વિના રહેતુંજ નથી. તેના ઉપર એક ધર્મિષ્ટ પણ મનના મેલા મહાપ્રપંચી વણિકનું દૃષ્ટાંત નીચે કવિતામાં લખ્યું છે. તેને વાંચી વિચારી એવાં પ્રપંચી કામોથી સદા દુર રહી નિષ્કપટભાવે શુદ્ધ ધર્મ ક્રિયાઓ કરી મનુષ્યજન્મનું સાફલ્ય કરવું.

(૮૩) ધર્મી અને ઢોંગી લુચ્ચા લક્ષ્મિચંદ્રની વાત.

લક્ષ્મીપુરી નગરીમાં, લક્ષ્મીચંદ છે શેઠ;
લક્ષ્મી ઘરમાં લક્ષધા, પણ પોકેલો બહુ ઠેઠ. ૧

ભાવાર્થઃ—લક્ષ્મીપુરી નામના નગરમાં કોઇ એક લક્ષ્મીચંદ્ર નામે શેઠ વસતો હતો. પૂર્વના પુણ્યયોગે તેના ઘરમાં લક્ષ્મી તો ઘણી હતી, તેમ છતાં પણ તે શેઠને લક્ષ્મીની ઝંખના ઘણીજ થતી હતી, તેથી રાતદહાડો તે લક્ષ્મીનાજ વિચારો ને લલુતા કર્યા કરતો હતો.

ચાકરનફર રાખી ઘણા, કરે ઘીનો વેપાર;
શાખ મેળવી લોકમાં, રળવા કાજ અપાર. ૨

પોતાને ઘેર ઘણા નોકરોચાકરો રાખી તે વણિક ઘીનો વેપાર કરતો હતો, અને ધન રળવાની આશાએ લોકમાં શાખ (આબરૂ) મેળવી હતી. એટલે ધન કમાવાની તિવ્ર આશાએ દુકાને આવતા બધા સાથે મીઠાશ અને લબ્બાશથી વર્ત્તતો હતો, પણ પેટમાં તો મોટી કાતી–છુપી રાખતો હતો. તેનો સ્વભાવ તદ્દન સ્વાર્થી–મતલબીઓ હતો, સ્વાર્થ સરવા સમયે તે કાંઇ પાપપુણ્ય તો ગણતોજ નહિ.

ઉપાશ્રયે જાતો વળી, સુણતો શાસ્ત્રવચન;
સાંજસવાર સામાયકો, કરતો એ પ્રતિદીન. ૩

પોષો આઠમ પાખીનો, કરતો રાખી ધીર;
રાત્રીભોજન ત્યાગીયું, પીતો ઊનું નીર. ૪
ત્યાગ કીધો કંદમુળનો, લીલોત્રીનો પણ નેમ;
શ્રાવક નામ ધરાવીયું, પણ પૈસા ઉપર પ્રેમ. ૫

પોતાનો સ્વાર્થ સરવા સારૂ તથા સાખ સારી પડવા માટે કેટલાં એક વ્રત નિયમો પણ તે પાળતો હતો. સવારના પહોરમાં વેહેલો ઊઠીને રોજ ઉપાશ્રયે જતો હતો, અને બે સામાયકો કરી બેસતો તથા શ્રીભગવતપ્રણીત શાસ્ત્રનાં વચનો સાંભળતો. મુનિમહારાજનું વ્યાખ્યાન (વખાણ) સાંભળવા તો તે પાટના પાયા પાસે આવીનેજ બેસતો હતો. વળી આઠમ પાખીનો પોષો, તથા પ્રતિક્રમણ પણ કરતો હતો, રાત્રીભોજનનો તો સદા પ્રતિબંધ હતો, એટલે તે રાતે કદી ભોજન કરતો નહતો, વળી હમેશાં ઊનું પાણી ઠારીને પીતો હતો, કંદમુળનો તો જીવતા સુધી તેને ત્યાગજ હતો, તો પણ માંદે-સાજે તથા દાળ શાક વગેરેમાં જરાક આવી જાય, તો તેની હરકત નહિ-એટલી છુટ રાખી હતી. લીલોતરીમાં પણ કેટલીક જાતની બંધી હતી, અને અમુક પાંચ સાતની છુટ રાખી હતી. આ પ્રમાણે તો ધર્મક્રિયાઓ કરતો અને હું ઉંચો શ્રાવક છું-એવા પ્રકારની લોકોમાં ખ્યાતિ કરાવતો હતો. આવા પ્રકારનો ધર્મ પ્રત્યેની ઉચ્ચ વર્ત્તણુકનો આડંબર છતાંપિ વસુ વહાલા છે એવા તે વણિક શેઠને પૈસા ઉપર પ્રીતિ ઘણી હતી. ધન મેળવવા માટે તે સદા મરી પડતો, અને તે વખતે ધર્મનિષ્ઠા ભુલી તદ્દન સ્વાર્થી બની જઇ તે સ્વાર્થસાધુ થઇ જતો હતો. પ્રિયતમ પાઠકો! શેઠે લોક પ્રતીતિ માટે ધારણ કરેલી ધર્મ-ક્રિયા તો જોઇ! હવે તેની દુકાનમાં ચાલતા વેપલાનો પ્રકાર પણ જોઇ લેઇએ! આપણે જાણીએ તો છીએ, કે તે શેઠને પૈસા ઉપર પૂર્ણ પ્રીતિ હતી. ને "પૈસો મારો પરમેશ્વર, ને બાયડી મારી ગુરૂ, છૈયાં છોકરાં સાલગ્રામ તો સેવા કોની કરૂ ?!" આ મતનો તે મહા-પુરૂષ હોવાથી ધન વધે ને ઢગલા થાય-એવી લાલસા અને વાસના અહોનિશ તેને રહ્યાં કરતી હતી. તેથી આ ધર્મધ્વજી પણ ધનલોભી શેઠે દુકાનમાં પણ તેને અનુરૂપ સાધન સાહિત્યો રાખી પોતાની મુરાદ બર આવે તેવો કુડ કપટ અને ભેદભરમવાળો કુડો ભુંડો ને કપટકળા-કુશલતાપ્રદર્શક વહીવટ રાખ્યો હતો.

કુડાં રાખી કાટલાં, કુડાં કરતો કામ;
ઓછું દે અધિકું લહે, ખરો ઠગારો નામ. ૬
ગરીબનાં શીર કાપતાં, દયા ન આણે મન;
સુક્ષમ જીવ હણાય તો, ધરરર ધ્રુજાવે તન. ૭

તે ધનલોભી વાણીયો પોતાની દુકાનમાં કુડાં કાટલાં રાખતો, એટલે માલ દેવાનાં તોલાં જુદાં, અને માલ લેવાનાં તોલાં જુદાં રાખતો હતો. પૈસાની પ્રાપ્તિ માટે તે ધર્મધુર્ત્ત વણીક લેવાઆપવાનાં ખોટાં કાટલાં રાખી કુડકપટ કરતાં જરા પણ ડરતો ડગતો કે અચકાતો નહિ. કોર્ટમાં ખોટી સાક્ષી પ્રતિજ્ઞા ઉપર પૂરવામાં પણ તૈયાર! સામાનું ભલેને ગમે તેમ થાઓ, મરો કે જીવો, તરો કે ડુબો પણ આપણને તો બસ પૈસા મળે એટલે પરમાનંદ! " કન્યા મરો કે વર મરો પણ ગોરનું તરભાણું તો ભરો. " આવી તેની દુષ્ટ ધારણા અને પાપી વાંચ્છના હતી. વળી દુકાને બેસતી વખતે તો તે ભડનો દીકરો થઇનેજ બેસતો. ગરીબનાં શિર કાપતાં જરા પણ દયા આણતો કે કિંચિત ડરતો નહિ. ઓછું દેવામાં જરા પણ પરભવની પરવા કે બીક રાખતો નહિ, અને ધર્મસ્થાનકમાં તો સૂક્ષ્મ–ઝીણો કોઇ જીવજંતુ હણાઇ ગયો હોય, તો તે વખતે દયામણું મોઢું કરી તનમાં ધ્રુજી જતો હતો. આવી તો તે ધનલોલુપ વાણિકની સ્વાર્થ-પરાયણતા હતી. પણ બિચારા મોહમુગ્ધ તથા પૈસાના પ્રેમીને–અરે જરથી જેર થયેલાને તે કયાંથી જ્ઞાન હોય, કે આગળ આ જીવની શી ગતિ થશે? તે વિષે **છપ્પો.**

અદત્તા દાન નવ લીજીએ, ચોરી નવ કીજે,
વસ્તુ પરાઇ હાથ પડે, તો પાછી દીજે;
કુડાં તોલાં ત્રાજવાં, વળી માપજ મોટું,
મિઠું બોલે મુખ થકી, પણ ચાલે ખોટું;
એવી માયા કેળવી–ને મકલાણો મનમાં ઘણું;
પ્રકાસિંહ વાણી વદે, આગળ રાજ નથી બાઇ પોપાંતણું. ૨૪૮

મતલબ કે અહીં તો આવી ધનને માટે ધુર્ત્તકળા કેળવી દુષ્ટ ક્રિયાઓ કરોછો, પણ ભાઇ! પરભવમાં કાંઇ પોપાબાઇનું રાજ્ય નથી! અવશ્ય દુષ્ટ ક્રિયાઓનો બદલો દેવો પડે છે–કર્યાં કર્મ તો ભોગવવાંજ પડે છે. એટલું તો જરૂર યાદ રાખવું, કે આપણે ખરૂં શ્રાવકપણું અને

ધર્મનિષ્ઠા તો દુકાનમાં બેસી વેપારધંધા અને વહેવારવહીવટ વગેરેમાં બતાવવાનાં છે. ખોટી સાક્ષીઓ પુરતાં પણ ધર્મને ધોકો ન દેવાય એ લક્ષમાં રાખવાનું છે, કેવળ ધર્મનાં સ્થાનકોમાંજ ધર્મનિષ્ઠા જણાવાય, અને વ્યાપાર નોકરી ધંધા વગેરે વ્યાવહારિક ક્રિયાઓમાં સ્વાર્થલંપટ બની કેવળ અધર્મ કૃત્યો કરાય; તો—તે ધર્મનિષ્ઠાને યોગ્ય પગલું ભર્યું નજ લેખાય. માટે વિવેકી જનોએ તો ધર્મસ્થાનકમાં ધર્મનિષ્ઠપણું રાખવા કરતાં પણ વિશેષ કાળજીથી વ્યવહારમાં નીતિધર્મથી વર્તવા સાથે ધર્મનિષ્ઠતાની સજ્જડ છાપ બેસાડવી જોઇએ. પણ એ ધર્મધૂર્ત્ત વંચક વણિકના જેવા ધનલોલુપને તો ધર્મ અને વ્યવહાર ઉભય સ્થાનમાં ધર્મનિષ્ઠા રહેતી નથી. અને તેથી જ તે સ્વાર્થાંધ બની અધમ અને કુડાં કૃત્યો કરે છે—કુડકપટો આચરે છે. પેલા ધર્મધૂર્ત ધનલોભી વણીકે પણ અતિ સ્વાર્થાન્ધ બની એક એવું ખોટું કૃત્ય કર્યું છે, કે તે એ ધર્મધુતા ધર્મઠગ બગભગતની દાંભિકતા અને લાડ લડાવેલી લુચ્ચાઇનું જાણે એક પ્રદર્શન !

પાખી દીન પ્રભાતમાં, આવ્યો તેને હાટ;
શીર મુકી ઘી દેષડી, ભોળો નામે ભાટ. ૮

એક દિવસે તે વાણીયાની દુકાને કોઇ ભોળો નામનો ભાટ ઘીની દેષડી લેઇ વેચવા આવ્યો. તે વખતે તે મોટી પાખીનો દિવસ હોવાથી શેઠ હમેશના નિયમ મુજબ પોષો (અપવાસ કરી અહોરાત્રી સુધી ઉપાશ્રયમાંજ રહી આત્માને ધર્મધ્યાનમાંજ નિમગ્ન રાખવો તે પોષો કહેવાય છે.) કરવા ઉપાશ્રયે જવા માટે તૈયારી કરતો હતો.

ભોળો જાતે ભોળીયો, રળ્યો નહિ પૈ એક;
ખાધા સાટે નોકરી, કરે ધરાવા ટેક. ૯

તે બિચારો ભાટ જાતે બહુ ભલો અને યથાનામ ભોળો પણ હતો. તેમજ ઘણો ગરીબ હતો ગામડામાં કોઇની ખાધા સાટે પેટની વેઠ માટે નોકરી કરતો હતો. તેના શેઠ તરફથી તેને કંઇ બીજો પગાર મળતો નહિ, તેથી તે બિચારો પેટ ભરવા દીનપણે ત્યાં રહેતો અને શેઠનું ઘી વગેરે શહેરમાં ઉચકી લાવી વેચી જતો હતો. ગરીબ હાલત જ એવી ઓશીયાળી દુઃખદ અને દયામણી છે.

પોષો કરવો મુકીને, શેઠે જોખી દેષ;
ઘટાડયું અઢી શેર ઘી, કુડે તોલે છેક. ૧૦

જો કે શેઠ આજ પાખી (પુનમ) નો મોટો દિવસ હોવાથી પોષો કરવા માટે ઉપાશ્રયે જવાની તૈયારીમાં હતા, પણ તેવામાં આ ઘરાગ આવ્યું, તેથી પોષો જરા મોડો કરીશું પણ આવો વિશ્વાસુ ઘરાગ ફરીને નહિ મળે માટે તે કામ પતાવીને પછી ઉપાશ્રયે જઇશ- એમ વિચારી હેઠા બેસી ઘી જોખવા માંડયું. લોભી મનુષ્યોની ધર્મ પ્રત્યે પણ આવી ચંચળતા અને બેદરકારીજ હોય છે. લોભીયાને તો સ્વાર્થની વાત હાથમાં આવવી જોઇએ, ધરમ કરમની કાંઇ શરમ કે ગરજ નથી. અને ધર્મધ્યાન કરતો હોય, તો પણ તેની અંતરવૃત્તિ તો ધનલાલસામાં જ રમી રહેલી હોય. ધિક્કાર હો આવી સ્વાર્થી વૃતિને ! પેલો વાણીયો પણ તેવોજ લોભી સ્વાર્થી અને વિશ્વાસઘાતી મહાપાપી હતો. બિચારા ભોળાભાટને તે પાપીએ દગો જ દીધો. બિચારો દેવડીમાં લાવ્યો હતો તેથી અઢીશેર ઘી ઓછું બતાવ્યું. નીતિશાસ્ત્ર તો પોકારીપોકારીને કહે છે, તેમાં ખોટું શું છે વારૂ ? !

—વણિક વિષે દોહરા.—

સિંહ ધીરે ધીપા ધીરે, ધીરે મણિધર કાળા;
પણ ન ધીરીશ વણીક પુત્ર, પારણે પોઢેલ બાળા. ૨૪૯
તુલસી કબુ ન કીજીએ, વણિકપુત્ર વિશ્વાસ;
ધન હરે ધીરજ રખે, રખે દાસકો દાસ. ૨૫૦
ખીજાયો કરડે કુતરો, ભુખ્યો કરડે વાઘ;
વિશ્વાસે કરડે વાણીઓ, ચંપાયો કરડે નાગ. ૨૫૧

મતલબ કે વણીકજાતિમાં માયાકપટ વિશેષ હોય છે, તેથી તે સ્વાર્થમાંજ અંધ બની સામાને છેતરવામાં, વિશ્વાસઘાત કરવામાં, જરા પણ અચકાતો નથી. તેમાં આ વાણીઆએ તો બિચારા ભરોસે રહેલા ભલા ભોળાભાટને દગો દઇ માર્યો ગરીબનું શિર કાપ્યું આ દુષ્ટકાર્ય કરતાં તેને જરા પણ ડર કે દયા ન આવ્યાં.

ભોળો રોવા લાગીઓ, થઈ ગયો નિરમાલ્ય;
કહે શેઠને એટલું, અરે મારા શા હાલ. ૧૧

ઘી ઓછું થયું સાંભળી બિચારા ભાટના તો હોશકોસ જ ઉડી ગયા, પેટમાં જબરી ફાળ પડી અને બાપડો રોવા લાગ્યો. કારણ કે તે ઘી તેના અન્નદાતા શેઠનું હતું, તે પોતાના શેઠનું ઘી

શહેરમાં લાવીને હર વખત વેચતો હતો, અને ઉપજેલાં નાણાં લેઇ જઇ શેઠને આપતો હતો. ખોટે કાટલે બતાવેલી ખોટમાં ગયેલાં નાણાં ભરવા પોતે સમર્થ ન હતો તેથી બિચારો ભાટ તો આભો બની જઇ ગળગળો થઇ ગયો અને દીનતાપૂર્વક શેઠને કહ્યું કેઃ—શેઠજી! હું ગરીબ માણસ છું, પારકી નોકરી કરી પેટ ભરૂં છું મારૂં ઘી બરાબર છે, છતાં કુડે કાટલે ઓછું થયું જણાય છે, માટે મહેરબાની કરી ભલા થઇ મારૂં ઘી મજરે આપો મને તે ઘીના પુરા પૈસા આપો, નહિ તો મને મારો શેઠ વઢશે મારશે ખાવા નહિ આપે અને બહુ હેરાન કરશે, અને મારી પાસે ખુટતા પૈસા માગશે; અને મારી પાસે તો ફુટી બદામ પણ નથી, તો મારી શી વલે થશેરે બાપલીયા!

શેઠે શ્રવણ કર્યું નહિ, કરી સામાયક બેય;
નોકરને કહે આપજે, આ રૂપીયા લેહ. ૧૨

આ પ્રમાણે તે ભોળો ભાટ શેઠને ઘણું કરગર્યો પણ સ્વાર્થન્ધ શેઠે તે પર જરાયે લક્ષ ન આપ્યું અને એકદમ ચાલતો થયો. ઉપાશ્રયે આવી બે સામાયક બાંધી બેસી ગયા. શેઠે ફરમાવ્યા મુજબ નોકરે રૂપીયા દેવા માંડયા પણ તે ભાટે ઓછા જાણીને લીધા નહિ. શેઠના મનમાં તો હતું કે આખરે કંટાળી ઓછાં નાણાં લઇ ચાલ્યો જશે, પણ તે ભાટે તો નાણાં ઓછાં લીધાં નહિ.

ભોળે દામ લીધા નહિ, ગયો શેઠની પાસ;
સુણો શેઠજી વીનતી, કહું છું થઇને દાસ. ૧૩

તે ભોળાભાટે નોકર પાસેથી ઓછાં નાણાં લીધાં નહીં, અને શેઠની પાસે ઉપાશ્રયે ગયો. જોયું તો શેઠજી તો ધર્મનું બાનુ લેઇ બગભગત થઇ બેઠા છે. ભાટે મનમાં વિચાર્યું કેઃ—વાહરે વાણિયા વાહ! ધર્મ કરવામાં પણ તુ બડો હુશિયાર દેખાય છે, અને કુડકપડનાં કામ કરવામાં પણ કાંઇ ઓછો ઉતરે તેવો—કાચો તો નથી, ધિક્કાર પડો તારી આવી ધર્મધુર્ત્તતા પર! પછી અંદર આવી શેઠને નમ્રતાપૂર્વક વીનતી કરીને કહ્યું કેઃ—(રાગ ઓખાહરણની દેશીનો)

શેઠજી હું છું ભાટનો તન, તે વાત તમે ધરજો મન; [૧૪
આજ તમારી થઇ છે પાખી, શેઠે એક અઢી શેરી રાખી.

હે શેઠજી! હુ ભાટનો પુત્ર છું ઘણો ગરીબ છું; આ વાત તમારા ધ્યાનમાં રાખજો. વળી આજે તો તમારી મોટી પાખી

છે, માટે તમે આવ્યા છો તો ધર્મ ધ્યાન કરવા, પણ એમ ગરીબોનાં હૃદયો બાળી—કકળાવી ગમે તેટલું ધર્મ કરવામાં આવે, તે કશા કામનું નથી ધુળ ઉપર લીંપણ જાણવું. હું તમારે વિશ્વાસે રહ્યો, તો તમે જ મને છેતર્યો-ઠગ્યો, આ તો ભરોસાની ભેંસે પાડો જણ્યો ! માટે મહેરબાની કરી મને અઢીશેર ઘીના પૈસા મજરે આપો મારા શેઠ ! નહિ તો મારા રંકના શાચે ભુંડા હાલ થશે ?!

કરૂં વાત બધે એ પ્રસિદ્ધ; તમે વસ્ત્ર મારાં હરિ લીધ;
ભાટ વાત સુણી શેઠ ચમકયા, લાજ થવાથી એમજ વધ્યા.

હે શેઠ ! તમે આવા ધર્મી થઇને કુડકપટ કરો છો, પણ યાદ રાખજો કે આ ઠગાઇની વાત બધે જાહેર કરી તમને ફજેત કરીશ; તમે આજે મારાં બધાં વસ્ત્ર હરી લીધા જેવું કર્યું છે. શું તમારા ધર્મમાં આવાં કપટો કરવાનું કહ્યું છે !? મને છેતરી મલકાતા નહિ એ તો તમે તમારા આત્માને જ છેતર્યો છે સમજજો. તમારો વાણીયાનો કદાપિ વિશ્વાસ કરવો નહિ. તે વિષે કહ્યું છે કેઃ—

મંદાક્રાંતાવૃત્ત.

વિશ્વાધીશે ફિકર તજી છે કાગ ને વાણીયાની,
શા માટે કે ઠગજ ઠગના, એવી બેની નીશાની;
આપત્ત કાળે પણ નવ ચુકે પેટનો સ્વાર્થ પોતે,
વિશ્વાસીનું સકળ પળમાં, ખાઇ જાય જોતજોતે. ૨૫૨

મતલબ કે કાગડા અને વાણીયાનો સ્વભાવ સરખો છે—એમ કવિનું કહેવું છે, અને તે તમારા સ્વભાવ પ્રમાણે ખરૂં પણ છે. મારી ઘીની અઢીશેરી આપો, નહિ તો આજ તમને અને તમારા ધર્મને ફજેત કરૂં છું, હું ભાટ છું મને તમે ઓળખતા હશો. સામાને ફજેત કરવો કે તેની શોભા વધારવી તે તો અમારૂં ભાટનું જ કામ ! '**રાંડ ભાંડ ને માતો સાંડ, અખા એથી બિએ સૌ સંસાર.**' આ પ્રમાણે ભાટના બોલ સાંભળીને શેઠ તો ચમક્યા, મનમાં જરા લાજ જવાનો ભય પણ ઉપજ્યો, પોતાની પોલ ખુલ્લી થશે પોગળ ઉઘડી જશે-એ વસમી વાતથી ગભરાઇ શેઠ શાણા થઇ બોલ્યા કેઃ—

ભોળા બેસ મારી થઈ ભુલ, ફરી ગણીએ કાટલાં કુલ;
એમ કહી સામાયક પાળી, જોઈ કાટલાં અઢી શેરી આલી.૧૬

બેસ બેસ ! ધીરો થા ! આપણે ફરી બધાં કાટલાં ગણી તેની તપાસ કરીયે, ભોળા ! હવે બહુ બોલીશ નહિ, થોડી વાર બેસ આપણે દુકાને જઇએ છીએ; એમ કહી તરત સામાયક પાળી લુગડાં પહેરી દુકાને આવ્યો. વાહરે વાણિયા વાહ ! તારી સામાયકને પણ ધન્ય છે ઘડીકમાંજ સામાયક થઇ ગઇ !

વહાલા વાચક ! તું પણ જરૂર યાદ રાખજે, કે આવી સામાયક કે આવા પોષા પડિક્રમણા ને ઉપવાસો કરવાથી કશો લાભ થતો નથી. પણ તને મનમાં કદાચ એમ થતું હશે, કે દુકાને ગમે તેટલાં કુડકપટો કરી અધમ ધંધા આદરી લોકોને છેતરી લૂટી ધુતી જરા વાર ધર્મસ્થાનકમાં જઇ સામાયક વગેરે જરા અષ્ટંપષ્ટં કરી આવીએ, તથા મિચ્છામિ દુકડં લેઇ આવીએ, તેથી આપણાં સર્વ પાપો ધોવાઇ જાય છે, અથવા તો દેરાસરમાં જઇ પૈસાની ફુલની માળા લઇ ચઢાવી એકાદ પિળો ચાંદલો કરી કે કીટસન લાઇટ કરી પ્રભુને રીઝવી દીધા કે સર્વ પાપ ધોવાઇ જાય, અથવા હવેલી કે મંદિરમાં જઇ ઠાકોરજીનાં દર્શન કરીને ચરણામૃત લેઇ આવ્યા, એટલે સર્વ પાપ ધોવાઇ જઇ પાવન થયા ! આવી માન્યતા ખરે ભારે ભૂલ ને ખોટી ને મોટી ભ્રમણા છે. હા તે સામાયક વગેરેમાં ઉચ્ચતા રહી છે ખરી, પણ તેની સાથે ઉચ્ચ વર્ત્તન અને સદાચાર રાખવાં જોઇએ, વ્યવહાર ચોખ્ખો–સારો રાખવો જોઇએ. તો ઉપરની સર્વ ધાર્મિક ક્રિયાઓ સુવર્ણમાં હીરો જડવા માફક તથા દુધમાં સાકર નાખવા પેઠે શોભી –દીપી નીકળે છે. પણ તેમ ન થતાં સદા સર્વથા અનીતિનો વ્યવહાર ચલાવાય, કુડકપટ કરાય, પરસ્ત્રી વગેરેના સંગ અને લોલુપતાથી જીવતર કલંકીત કરાય, સદા પાપમાં પટકાયાજ કરાય, પ્રાણઘાતક ખોટી સાક્ષીઓ પુરાય, ખોટાં ખત પણ કરતાં ન ડરાય, કન્યાવિક્રયનો કાળો કેર કરતાં પાછું વાળી ન જોવાય, ગરીબોનાં ગળાં કાપતાં જરા ડર કે દયા ન રખાય, સામાની આજીવિકા તોડતાં ને પેટ પર પગ દેતાં જરા ન અચકાય, ઇર્ષાને લીધે સામાની દુકાન જેવી બીજી સામી દુકાન માંડી સામાનો વેપાર તોડી પાડતાં રજ પાછું ન હઠાય, વ્યાજ ગણી નાણાં દોઢાં બમણાં કરી લપનછપન કરી રંકને હેરાન કરતાં બીક ન રખાય; વગેરે આવાં આવાં અનેક પ્રકારનાં દુનેયાદારીથી વિરૂદ્ધ, લોકોને તદ્દન નુકશાન કરનારાં કાર્યો કરતાં જરા વિચાર ન કરાય, પછી ધર્મસ્થાનક (હવેલી મંદિર મસીદ દેરાસર ઉપાશ્રય

વગેરે ગમે તે) માં જઇ નાના પ્રકારની ધર્મક્રિયાઓ હરહમેશ ભલે કર્યા કરાય; પણ તે સર્વ ઉપલક ધર્મક્રિયા અને ભક્તિ તો શોભાવાને બદલે નિંદાય છે. ઝેર નાંખેલા મોદક જેવી વૃથા અને અનર્થકર છે: પરિણામે સ્વ પરને નુકશાનકારક હોઇ જગતમાં હાંસી કરાવનારી નીવડે છે, અને દુધપાકના તાવડામાં મીઠું નાખ્યા બરાબર વિફળ જઈ હાનિકર નિવડે છે.

પેલા શેઠ પણ તેવાજ નર હતા, લોકોમાં તેની ખ્યાતિ–આબરૂ ઓછી હોઇ જ્યાં ત્યાં તેની મોટે ભાગે હાંસી થતી હતી, નાણું મળવાનું ટાણું ગુમાવતા નહિ, પણ નામ–કીર્ત્તિ ગુમાવી બદનામ થયા હતા. સામાયકને પણ ન ગણકારતાં લુગડાં પહેરી દુકાને આવ્યો. આને મજરે નહિ આપું, તો જરૂર આ ભાટ મને બધે ફજેત કરશે અને તેથી મારા વ્યાપારમાં મોટી ખલેલ આવશે અને હરકત પાહોચશે, એવા હેતુથી દુકાને આવી કાટલાં આડાં અવળાં તપાસી ભાટને અઢીશેરી મજરે આપી, એટલે જે અઢીશેર ઘી ઓળવ્યું હતું ને પૈસા ઓછા આપ્યા હતા તે હવે પૂરતા ચુકવી આપ્યા.

વળી ભોજન ભાવતું દીધું, ઉપર એક આપ્યું સિધું;
ભોળો દામ લઈ ત્યાંથી ભાગ્યો; ફરી મોતી કે હાથ ન લાગ્યો.

વળી પોતાનું ગામમાં ક્યાંઇ વાંકુ ન બોલે, તે સારૂ શેઠે કહ્યું કે:—ભોળા ! રોટલા ખાવાનો વખત થવા આવ્યો છે, માટે રોટલા જમીને જ ઘેર જા ! એમ કહી ઘેર તેડી જઇ આદરથી જમાડયો; અને તદુપરાન્ત થોડુંક ભાતું પણ સાથે બંધાવ્યું. ભાટ મનમાં વિચાર કરે છે, કે વાહ વાણીયા વાહ ! શી તારી અકકલ ને કળા ! તારા જેવી અકકલબાજ કુનેહબાજ જાત જગતમાં બીજી ભાગ્યેજ હશે ! ખરેખર તે જાત કપટકળામાં મહાનિપુણ પારંગત અને કુશલ હોય છે. પોતાના સ્વાર્થમાંજ સર્વ સમાયલું સમજી–સર્વસ્વ માની પ્રપંચ આદરે છે. કહેવત છે કે:–"સાતવારે સોની, ત્રણવારે કસારો, વારેવારે વાણીઓ ને એકીવારે કોળી." આવા પ્રપંચી વણિકોને ચૌટાના ચોર એટલે ધોળા દહાડાના લુટારાઓ કહેલા છે:—

દોહરો. બમણા ત્રમણા દામ લે, કર્મ કર્મ કઠોર;
ઓછું દે અધિક લહે, એ ચૌટાનો ચોર. ૨૫૩

મતલબ કે રાતે ચોરી કરનારા ચોર કહેવાય છે, તેમ આ

ચૌટામાં ખુલ્લે બજારે બેસી પ્રપંચી વ્યાપાર કરનારા વેપારીઓને પણ દિવસના ચોર જાણવા. આ વેવલા વાણીઆએ ખરેખર મારે માથે કરવામાં તો જરા પણ ખામી રાખી નથી, અને અત્યારે આ પ્રકારે મારી સરભરા કરે છે, તેમાં પણ તેનો કાંઇ ઉંડો હેતુ તો હશેજ, નહિ તો વાણીયો આમ ફોકટનો ખરપાય–ઘસાય તેમ તો નથી, મહા-ચતુર વિચક્ષણ જાત છે. પછી ભાટ પૂરા દામ મેળવી ત્યાંથી ચાલતો થયો. મોતી કવિ કહે છે કે તે ફરીને પાછો દેખાયોજ નહીં, હાથજ ન લાગ્યો. ખરૂંજ છે કે જે માણસ એકવાર છેતરાયો, ત્યાં તે માણસ ફરીને શાનો આવે ? કિન્તુ નજ આવે. મતલબ કે અનીતિ આચર-નારાનો વ્યવહાર ઝાઝો ટકતોજ નથી, તેનું પોગળ ખુલ્લું થતામાં ઇજતના કાંકરા થાય છે, પછી કોઇ તેની મીઠી વાણીમાં ભોળવાતું કે વિશ્વાસ કરતું નથી, ભરમાઇ જતું નથી.

ધર્મજીજ્ઞાસુજનોએ વિશુદ્ધ વ્યવહાર ચલાવવો; ખરૂં ધર્માનુ-રાગીપણું ઘેર દુકાને વગેરે ઠેકાણે થતાં વ્યવહારીક કાર્યોથીજ જણાઇ આવે છે. નહિ તો પછી કેદારકંકણ પહેરી આવેલી બિલાડી જેવું જ થાય. અને આ લોક પરલોકમાં એમ ઉભય પ્રકારે ભ્રષ્ટ થઇ દુર્ગતિના ભાગી થવું પડે અને પછી અપાર દુઃખ સહેવું પડે. માટે મુક્તિસુખના અભિલાષી મનુષ્યોએ તો આવા કુડકપટના ધંધાઓનો સર્વથા ત્યાગ કરી તથા બગભગત જેવી કપટવૃત્તિ તજી દઇ નિષ્કપ-ટભાવે પવિત્ર ધર્મ ક્રિયાઓ કરી મનુષ્યજન્મનું સાર્થક કરવું—એજ આ દુર્લભ મનુષ્યજન્મ પામવાનું પરમફળ છે. તે વિષે કહ્યું છે કે:-

શાર્દુલવિક્રીડીત છંદ.

કોડે કામ કરો કૃપાળુ બનીને, સહુ શાસ્ત્ર શિક્ષા કહે,
જેથી શ્રીજગદીશ રીસ તજીને રાજી રૂદેમાં રહે;
આ શિક્ષા સુણીને સુબોધ ગણીને સુસ્નેહે સંભારજો,
દાખે છે દલપતરામ દિલમાં, ધીરા જનો ધારજો. ૨૫૪

માટે હે ભાઇઓ ! નીતિથી વર્ત્તી સદા હિતકર રૂડાં કાર્યો કરજો (૭૭)

विना ज्ञानं शिवस्थानं । कथ्यते किल केनचित् ।
असिद्धं तज्जिनेंद्रोक्तं । न भूतो न भविष्यति॥७८॥

અર્થ—જ્ઞાન વિના પણ મુક્તિ મળે છે, એમ કેટલાએક લોકો કહે છે. પણ ખરેખર ને અસિદ્ધ છે. સર્વજ્ઞ જીનેશ્વરપ્રભુનું કહેવું એવું નથી; માટે જ્ઞાન વિના તો કદાપિ કાળે મુક્તિ હોયજ નહિ. (૭૮)

ભાવાર્થ—આ લોકમાં કેટલા અજ્ઞાન લોકોનું માનવું એવું છે, કે પવિત્ર મોક્ષપદ પ્રાપ્ત કરવા માટે કાંઇ બહુધા જ્ઞાનની જરૂર નથી. પવિત્ર ક્રિયાઓ અને કાયકલેશ–કષ્ટો કરવાથી પણ પરિણામે નિર્વાણપદની પ્રાપ્તિ થાય છે. કારણકે બહુ જ્ઞાન ભણવાથી હૃદય વેહેમીલું થાય છે, અનેક પ્રકારની શંકા ઉત્પન્ન થાય છે, અને શંકા ઉત્પન્ન થઇ એટલે તો પછી **संशयात्मा विनश्यति** એ ગીતાવચન મુજબ સંશય-શંકાનું સમાધાન ન થાય, અને મનમાં સંશય રાખ્યા કરે, તો છેવટે તેનો આત્મા નાશ પામે છે, એટલે સદાચારથી–મોક્ષપંથથી ભ્રષ્ટ થાય છે. વળી શ્રીમહાવીરપ્રભુએ કહ્યું છે કેઃ—**ગાથા.**

आरंभे नत्थी दया । महिलाए बंभ नासइ ॥
शंकए समत नासइ । पवज्जा अथ गहणं च ॥८७॥

અર્થાત—આરંભ સમારંભથી દયાનો નાશ થાય છે, સ્ત્રીના સંગથી બ્રહ્મચર્યનો નાશ થાય છે, શંકા થવાથી સમકીતનો નાશ થાય છે અને દ્રવ્યનો સંગ્રહ થવાથી પ્રવજ્યા એટલે સંયમનો નાશ થાય છે; તો જ્ઞાન ન ભણતાં અજ્ઞાન રહેવું વધારે શ્રેષ્ઠ છે. વળી બહુ જ્ઞાન ભણવાથી ઘણાને માત્સર્ય–અભિમાન આવી જાય છે અને એમ માને છે કે મારા જેવો કોઇ પંડિત નથી, મને લોકો માને છે ને પૂજે છે, પછી કોઇ વખત તો એ વિદ્યાના મદને લીધે મહા-અનર્થ પણ કરી બેસે છે. અભિમાન આવ્યું એટલે પછી ધીમે ધીમે સર્વ સદ્‌ગુણો વિનાશ થયાજ સમજવા. વળી એવા વિદ્યાના મદમાં તણાઇ જઇ છકેલા પંડિતોને કોઇ વખત શાસ્ત્રવચનમાં શંકા પડે, તો અન્ય કોઇને નમ્રતાપૂર્વક પુછતા પણ નથી.

(૮૪) ઘમંડી પંડિતોનું હૃદયશલ્ય શ્રીવીરપ્રભુએ કાઢયું.

પૂર્વે શ્રીમહાવીર પ્રભુના સમયમાં ઇન્દ્રભુતિ વાયુભુતિ ને અગ્નિભુતિ વગેરે અગ્યાર બ્રાહ્મણો હતા. તે એવા તો મહાવિદ્વાન ને સમર્થ પંડિતો હતા, કે તેમના જેવા તે કામમાં તે સમયે

આખા ભારતવર્ષમાં ભાગ્યેજ બીજા હશે. તેઓની અપાર વિદ્વતાને લીધે સમસ્ત વિશ્વમાં પૂર્ણ ખ્યાતિ ફેલાઇ હતી, તેથી તે દરેકની પાસે વિદ્યાજીજ્ઞાસુ વિદ્યાર્થીઓ પણ પુષ્કળ ભણતા હતા. અગીઆરેના થઇ ચુમાલીસસો છાત્રો હતા, એવા તે સર્વે મહાન ધુરંધર પંડિત હતા; પરના ઘણા ગુંચવાડા ભર્યા સંશયો સત્વર છેદવામાં મહા સમર્થ હતા. તેઓ આવા સુવિખ્યાત છતાં તેમનામાં એક જબરજસ્ત ઊંટીઉં ભરાઇ બેઠું હતું, તે ઊંટીઉં બીજું કોઇ નહિ પણ અજ્ઞાનરૂપ અભિમાનજ હતું. તે એમ કે તે દરેકને પોતાના હૃદયમાં એકએક શંકા હતી, તે શંકાનું સમાધાન એકબીજાને પરસ્પરમાં પૂછે; તો સત્વર તે સર્વ શંકાનું સમાધાન સહજ થઇ શકે તેમ હતું. પણ હાય ! અફસોસ ! કે હું મારી શંકા બીજાને કેમ પૂછું ? એમ પૂછતાં તો તે મને હસે પોતાનાથી હલકો ગણે, માટે નજ પૂછવું એજ ઉત્તમ છે; એમ ધારી તેઓએ પોતાની શંકાનુ સમાધાન કોઇને ન પુછ્યું તે નજ પુછ્યું. એવું તેઓના હૃદયમાં અભિમાનનું ભરપુર જોર હતું, કહો કે, બકરી કાઢતાં ઊંટ પેઠું હતું.

જોયું ! હે જ્ઞાનથી મુક્તિ માનનારાઓ જોયું ! આ તે કેવો જ્ઞાનથીજ જીવન સફળ કરવાનો–જ્ઞાનથીજ મુક્તિમહિલા મેળવવાનો ઉત્તમ પ્રકાર ? ભાઇ ! ધર્યું રહ્યું એવું જ્ઞાન ! અભિમાનવર્ધક એવા જ્ઞાનની તો અમારે લેશ પણ પરવા નથી. અમે તો અમારે અજ્ઞાનજ રહીશું. ભણીએ–પંડિતમાં ખપીએ, ત્યારેજ એવું થાય ને ત્વારૂં ! એ તો ભલું થાઓ શ્રીમહાવીર ભગવાનનું ! કે તે પ્રભુએ તે સર્વનું અભિમાન રૂપી ઝેર ઉતાર્યું, નહિ તો તે જ્ઞાનીનો ઘમંડ ધરાવનારા પંડિતો નહિ પણ અભિમાન–અહંકારનાંજ પુતળાંઓ તો, તે સર્વજ્ઞ શ્રીમહાવીર પ્રભુનું પણ છત્ર છીનવી લેઇ ટાંટીઓ ઝાલી સિંહાસનપરથી હેઠા ઉતારવા તૈયાર થયા હતા. અહાહા ! શો ગજબ ? કે પ્રભુના ચોત્રીસ અતિશયો તથા સાક્ષાત અનન્ય મહાન ચમત્કારો નજરે જોવા છતાંપિ તેમનું અભિમાન ન ઉતર્યું. પણ પ્રભુશ્રીએ તેમના હૃદયનો સંદેહરૂપી કાંટો ઉખેડી નાખ્યો, ત્યારેજ તેઓ સમજ્યા અને શત્રુ મટી શિષ્ય થયા; અને પોતાનો અવશેષ જીવનકાળ પોતાના ૪૪૦૦ શિષ્યો–વિદ્યાર્થીઓ સહિત શ્રીમહાવીર ભગવાનના ચરણકમળમાં અર્પણ કર્યો. અને શ્રી ગૌતમસ્વામી શ્રીસુધરમાસ્વામી વગેરે અગીયાર ગણધરોના નામથી તેઓ પ્રખ્યાત થયા. તે વિષે કહ્યું છે

કેઃ— ભુજંગી છંદ.

પ્રભુ ચુમાળીસે ચેલા કિયા, એકજ દિનમાં મહાવ્રત દીયા;
ગૌતમ સરીખા હુવા વજીર, મનવંછીત પૂરણ મહાવીર.
સમોસરણમાં સુણ્યો અધિકાર, અમૃતવાણી રૂપ દેદાર;
દીઠે હરખે હૈડું હીર, મનવંછીત પૂરણ મહાવીર.
તુમ નામે ભવસાગર તરે, તુમ નામે સહુ કારજ સરે;
સિદ્ધી વૃદ્ધિ પામે હીર ચીર, મનવંછીત પૂરણ મહાવીર.
ચિંતામણિ સમ જીનવર જાપ, ક્રોડ ભવોનાં કાપે પાપ;
રોગશોગ નાસે પરપીડ, મનવંછીત પૂરણ મહાવીર.

વ્હાલા વાંચનાર! ધન્ય છે શ્રીમહાવીરપ્રભુને! કે અભિમાનના એ પૂતળાઓનું અભિમાન પ્રત્યક્ષ પ્રમાણથી દૂર કરી દીધું. નહિ તો તેઓએ તો અભિમાનના ઘમંડમાં જીવન જીપલાવ્યું હતું. શ્રીમહાવીરપ્રભુના પ્રબળ પ્રતાપથીજ તેઓનું જીવનસુત્ર સુધર્યું અને છેવટે સન્માર્ગમાં પરિપાક વૃત્તિ સ્થિર કરી અક્ષય મોક્ષલક્ષ્મી વર્યા—મોક્ષપુર પાટણે પધાર્યા

મતલબ કે જ્ઞાન ભણીએ ત્યારે એવી શંકા પ્રશંકાઓ થાયને? અને અભિમાન રૂપી ઊંટીઉ પણ તેથી જ ભરાવાનો વખત આવેને? માટે બસ આપણે તો અજ્ઞાનપણે રહેવામાં શ્રેષ્ઠતા માનીએ છીએ. જ્ઞાન વિના પણ મુક્તિ મળશેજ, શા માટે ન મળે? અમે મુક્તિના જીજ્ઞાસુ છીએ અજાણપણે જ રહી પ્રભુ પાસે મુક્તિ માગીશું, એટલે મળશે જ. અજાણતા કોઇ ગુન્હો કરે છે તો સરકાર પણ તેને માફી કરી છોડી મુકે છે, પણ જાણતાં છતાં ગુન્હો કરે છે, તેને તો ડબલ દંડે છે. તેમ અમો પણ અજાણપણેજ રહી સર્વાર્થસિદ્ધિ પ્રાપ્ત કરીશું, પણ બિલાડું કાઢતાં ઊંટીઉ પેસાડવા રૂપ જ્ઞાન તો અમારે નથીજ ભણવું. આ પ્રમાણે કેટલાક જનો માને છે, પણ તે કેવળ અયોગ્ય જ છે. શ્રી સર્વજ્ઞ પ્રભુનું તેવું કથન નથીજ. ભણી અભિમાન ન આણવું એ તો સત્યજ છે, પણ જ્ઞાન ભણવુંજ નહિ, અને અજ્ઞાનપણેજ મુક્તિ મેળવવાની આશા પૂર્ણ કરવા બેસી રહેવું, તે તો દિલ્લી જવા માટે નિકળી દક્ષિણનો રસ્તો લીધા જેવુંજ છે,

અહાહા! શા જ્ઞાનના અપૂર્વ ગુણો શી જ્ઞાનની અપૂર્વ ખૂબીઓ અને શા જ્ઞાનના ચિત્તાકર્ષક ચમત્કારો? અજ્ઞાનના અંધારામાં આ-

થડતા નરપશુઓને કયાંથી તેની ખબર પડે ? આ તો ચોકસ છે કે આ જીવાત્માએ અનંતકાળ અજ્ઞતાથી જ ગુમાવ્યો છે, ખરેખર જ્ઞાન વિનાનું જીવન તે રજનીકાન્ત (ચંદ્રમા) વિનાની રાત જેવું છે, ખરે જ્ઞાન તો ભાગ્યવાન ભભકતો ભાનુ છે, તે હ્રદયાકાશમાં અપૂર્વ પ્રકાશ આપી મનુષ્યોનાં જીવન શ્રેષ્ઠતર બનાવે છે. જ્ઞાન વગરનો આત્મા કદાપિ ઉચ્ચ કોટી પર આવી શકતો જ નથી, તે વિષે કહ્યું છે કે:–

કવિત.

ચંદ્ર બિના રૈની, મૃગનૈની દ્દગ કાજલ બિન,
કવિતા બિન કૈની, જ્યું નગીના બીન સુનાહે;
દાતાજન દાન બિના, જોગીજન જ્ઞાન બિના,
માન બિના પ્રૌના જ્યું, પાન બિના ચુનાહૈ;
સલીલ બિન સરવર જ્યું, રાવત બિન નરવર જ્યું;
કેશુ બિન ગિરિવર જ્યું, પેશુ બિન પુના હૈ;
ત્રીકમ પ્રકાશ કરે, અંબ ખાસ દીપક બિન,
અફીન બિન રજપુત જ્યું અન્ન બિન અલૌના હૈ. ૨૫૮

મતલબ કે જ્ઞાન વિના સર્વ વૃથાજ સમજવું. જ્ઞાનથી સત્યાસત્યનું ભાન થાય છે, હેયોપાદેયનું–કર્ત્તવ્યાકર્તવ્યમાં પ્રથકકરણ કરવાનું સામર્થ્ય વધેછે. જ્ઞાની પુરૂષો સત્યનાજ પક્ષપાતી હોય છે, પણ કેવળ મતાગ્રહી હોતા નથી. તેઓ જ્ઞાનપ્રભાવે સત્ય વસ્તુનું સ્વરૂપ ઓળખી અસત્યનો પરિહાર કરે છે. પણ અજ્ઞાનીઓને તો તેમાંનું કશું હોતું નથી. તેઓએ તો વહોરાની પેઠે નાકું પકડયું તે પકડયુંજ. પછી ગમે તેમ થાય, તોપણ તે નાકું મુકવાના નહિ. શેનું છોડે ! સત્ય સમજાય ત્યારે અજ્ઞાન તજાય ને ? !

(૮૫) નાકુ ઝાલી રાખનાર અક્કલબાજ મુલ્લાજીની વાત.

એક વખત એક મુલ્લાજી પરગામ જતા હતા, બે ત્રણેક ગાઉ ગયા તેવામાં એક ગાડાવાળો મળ્યો, તેથી થોડાક પૈસા આપવા ઠરાવીને ગાડા ઉપર બેસવાનું નકી કર્યું. ગાડામાં ઘાસનું બરોટું ભરેલું હતું, તેથી બેસાડાય તેવું ન હોવાથી પ્રથમ તો ગાડાવાળાએ ના કહી. પણ પૈસાની લાલચે મુલ્લાંને ઘાસના બરોટા ઉપર ચડી બેસવાનુ કહ્યું. પછી મુલ્લાજી તો ઉપર ચડી બેઠા, ગાડું ચાલતુ થયું. બે ચાર ગાઉને આશરે ગયા, એટલે ઢાળ

વાળી નીચાણની જગ્યા આવી. તેથી ગાડાવાળાએ મુલ્લાજીને કહ્યું, કે મલ્લાજી ! ઓ મલ્લાજી ! સાંભળો છો કે ? ઢાળ આવે છે માટે, જરા સંભાળીને બેસજો, બરાબર નાડું મજબુત પકડજો, કે જેથી પડી ન જવાય ! મુલ્લાજીએ કહ્યું:—સારૂ ! નાડું પકડું છું, તું તારે ગાડું ચલાવ ! પછી ગાડું ચલાવ્યું. મુલ્લાજી અક્કલના ઓથમીર હતા, તેથી તે તો ઉંધુજ સમજ્યા, એટલે ગાડાવાળાએ જ્યારે ઘાસના ભરોટાનું નાડું પકડવાનું કહ્યું, ત્યારે મુલ્લાએ પોતાના સુથણાનું-ચોરણાનું નાડુ પકડયું. વળી ઢાળ નજીક આવ્યો, ત્યારે પાછું ગાડાવાળાએ ચેતાવ્યું:-મલ્લાજી ! નાડું મજબુત પકડજો ! ઉત્તર મળ્યો સારૂ પકડુ છે મજબુત, ચલાવ ગાડું. પછી ગાડું ચલાવ્યું, ઢાળ આવ્યો એટલે ગાડું એકદમ દોડયું, અને મુલ્લાજી તો એકદમ ડફાંગ કરતાને પાછળ ઉડી પડયા, તેથી ગાડાવાળાને બુમો પાડવા લાગ્યા, કે અલ્યા ગાડાવાળા ! હું પડો ! હું પડો ! ગાડું ઊભુ રાખ ! પણ ગાડું તો ઢાળ હોવાથી વચમાં ઊભુ ન રહેતાં નીચાણમાં જઇ ઉભું રહ્યું. પછી પેલા મુલ્લાજીને પડી ગયેલા જાણી ગાડાવાળો ત્યાં આવ્યો, અને કહ્યું, કે મલ્લાજી ! કેમ પડી ગયા ? નાડું પકડયુ નહિ કે ? મેં તમને પહેલાંથીજ કહ્યું હતું કે નાડું મજબુત પકડજો, છતાં કેમ ન પકડયું ? તે સાંભળી મુલ્લાજી આક્રોશથી બોલ્યા કે:—સારા ! હજી તો આ નાડું પકડું છે ભારતો નથી કે સુ ? આંધરોબાંધરો છે કે શું? એમ કહી પોતે ઝાલેલું નાડું બતાવ્યું. તે જોઇ પેલો ગાડાવાળો હાંસી કરતો બોલ્યો કે:—અરે ! એ નાડું ક્યાં પકડયું ? પેલા ભરોટાને બાંધેલું નાડુ પકડવાનુ હતું. ત્યારે મુલ્લાજીએ કહ્યું કે:-સારા ! ત્યારે એમ કાં કહ્યું નહિ ? હું સમજ્યો આ નાડું, તેથી તો મેં આ પકડું. ત્યારે તે ગાડાવાળાએ તેની મુર્ખાઇ ઉપર હસી મશ્કરી કરી, બે ચાર કટાક્ષો કરી મુલ્લાને ગાડામાં બેસાડી તેને ગામ પહોંચાડયો.

મતલબ કે અજ્ઞાની મનુષ્યો મુલ્લાંની પેઠે અર્થનો અનર્થજ કરી બેસે છે, માટે જ્ઞાન તો જરૂર મેળવવુંજ, જ્ઞાનથી ઘણાને અગણિત ફાયદા થયા છે. વીર ભગવાને પણ કહ્યું છે કે:—**अन्नाणि किं करिषइ ?** અર્થાત્ અજ્ઞાની નર શું કરી શકવાનો છે ? અજ્ઞાની અને આંધળો બન્ને સરખાજ જાણવા, તેઓ ભુલા પડતાં અવળા પંથમાં અટવાઇ મરતાં વાર લગાડશે નહિ. હા, જ્ઞાન ભણી-વિદ્યા મેળવી અભિમાન ન કરવું, એ તો સત્યજ છે. પણ અભિમાન વધે

છે માટે જ્ઞાન ન ભણવું અને અજ્ઞાનપણેજ મુક્તિ મેળવવાની પ્રબળ આકાંક્ષા રાખવી-તે તો કેવળ વૃથા ભ્રમજ છે જ્ઞાન ક્રિયાભ્યાંમોક્ષ અર્થાત્ જ્ઞાન અને ક્રિયા એમ બન્ને પ્રકારે મોક્ષગતિ પ્રાપ્ત થાય છે, એકલું જ્ઞાન પણ નકામું, અને એકલી ક્રિયા પણ નકામી 'સમજવી. લુલાને અને આંધળાને વગડામાંથી નગરમાં જવું છે, તો બંનેને પરસ્પર સહાયતાથીજ ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થશે, એકલો લુલો પણ ગામ ભેળો નહિ થઇ શકે, અને એકલો આંધળો પણ ગામમાં નહિ જઇ શકે. જ્ઞાનમાં અથાગ ગુણો છે, માટે અવશ્યે જ્ઞાન તો મેળવવુંજ. અંધારામાં ખોવાયલી વસ્તુ શોધવા માટે દીવાની ખાસ જરૂર પડે છે, દીવો ન હોય તો અથડાવું પડે; મુંઝાવું પડે, અને તેમ છતાં વસ્તુ હાથ ન આવે. "नाणोणयमुणिहोइ" અર્થાત્ જ્ઞાનથી મુનિ થવાય છે, પણ કેવળ વિવિધ વસ્ત્રથી-લીંગથી મુનિપણુ ગણાતુ નથી. અને તેવું જ્ઞાનવાળુંજ મુનિજીવન શ્રેષ્ઠતર લેખાય છે. જ્ઞાન મેળવવાના સંબંધમાં આ મનનિય **માલિનીવૃત** વાંચોઃ—

दुरित तिमिर हंसं मोक्षलक्ष्मी सरोजं ।
मदनभुजग मंत्रं चित्तमातंग सिंहम् ॥
व्यसनघनसमीरं विश्वतत्वैक दीपं ।
विषयसफर जालं ज्ञानमाराधय त्वम् ॥८८॥

અર્થાત્—જ્ઞાન કેવું છે ? તો કહે, પાપરૂપી તિમિર-અંધકારનો નાશ કરનાર છે, મોક્ષરૂપી લક્ષ્મીને માટે કમળતુલ્ય છે, કામદેવરૂપી મહા ભુજંગને વશ્ય કરવા માટે મંત્ર તુલ્ય છે, ચિત્તરૂપી મદોન્મત્ત હાથીને વિદારવામાં સિંહ તુલ્ય છે, દુઃખ વાદળને વિખેરી નાંખવામાં વાયુ તુલ્ય છે, વિષયરૂપી મત્સ્ય પકડવા માટે જાળ તુલ્ય છે, એવા જ્ઞાનને હે ભવ્યજન! તું આરાધ-અર્થાત સંપાદન કર.

વળી જ્ઞાનરૂપી અમોઘ ધન મેળવનાર ઉત્તમ પુરૂષોની ભાવના-વિચારણા કેવી ઉત્તમ હોયછે? તે વિચારો! આ પણ મનનિય-મનન કરવા યોગ્ય, **विचारणीय** અને **आदरणीय** છે.

શાર્દુલવિક્રીડિતવૃત્ત.

मातर्लक्ष्मि ! भजस्व कश्चिदपरंमत्कांक्षिणीमास्मभू ।
भोगेभ्यः स्पृहयालवो नहि वयं कानि स्पृहाणा मसि ॥

सद्यः स्युत पलाशपत्रपुटिका पत्री पवित्री कृते ।
भिक्षासक्तुभिरेव संप्रति वयं वृत्तिसमीहामहे ॥८९॥

અર્થાત—જ્ઞાની પુરૂષ સર્વદા અભિવંદનીય છે, તેઓ તો કહે છે કે:—હે લક્ષ્મી! અમારા પરથી મમતા તજીને તું અન્યને ભજ અર્થાત્ બીજાની પાસે જા! અમારી હવે ભોગમાં લેશ પણ રૂચી નથી, તારે ને અમારે હવે કાંઇ પણ સંબંધ નથી. અમે તો હવે જ્ઞાનલક્ષ્મીને મેળવી મોક્ષલક્ષ્મીને ભોગવીશું. કાષ્ઠના પાત્રમાંજ નિત્ય ભિક્ષાથી માગી લાવેલું અન્ન નિર્મોહી થઇ નિર્મમત્વભાવે જમીશું, એવી અમે વૃત્તિ ધારણ કરી છે. અહાહા! કેવો સરસ વિચાર ?! કેવી ઉત્તમ વૃત્તિ ? કેવું ઉત્તમ વાતાવરણ ? જે લક્ષ્મીને માટે આખી દુનિયા મરી ફીટે છે સદા મેળવવા ઝંખે છે; તેને આવા જ્ઞાની પુરૂષો કહે છે કે, તારો અમારે ખપ નથી. આથી જ્ઞાનની ઉત્તમતા બીજા કિયા પ્રકારે સિદ્ધ થઇ શકે ? આવી ઉત્તમ ભાવનાવાળા જ્ઞાનીઓનો સમાગમ કરી જરૂર જ્ઞાન મેળવવું જોઇએ. તેઓ વળી આ સંસારના સંબંધમાં શી ભાવના ભાવે છે ?

ભવ્યો! તે "**ઉત્તમ પુરૂષોના આંતરવિચારો**" તો જાણો:—

ગરબી (ઓધવજી સંદેશો કહેજો શામનેઃ—એ રાગ)

એવો રે દીવસ તે કયારે આવશે ?
ભુલી જઈશું આ સઘળો સંસાર જો;
માત પ્રમાણે માનું સઘળી માનુની,
કીચ પ્રમાણે જાણીશ ધાતુ સર્વ જો. એવો૦ ૨૬૦
વિષયો વિષ્ટા તુલ્યજ મુજને લાગશે,
અંધ બને છે જેમાં નરને નાર જો;
મોહ માન ને માયા મમતા ત્યાગીને,
સફળ કરૂં હું ઉત્તમ આ અવતાર જો. એવો૦ ૨૬૧

આવા આવા ઉત્તમ વિચારો સત્પુરૂષોને સદાય થયા કરે છે, તે સઘળો જ્ઞાનનોજ પ્રભાવ છે. મહાન પુરૂષોને પગલે ચાલી તેવા વિચારોનું આપણે પણ અનુકરણ કરવું જરૂરનું છે. અજ્ઞાનીઓને આવા સદ્દવિચારોનું વાતાવરણ સ્વપ્ને પણ ક્યાંથી સાંપડે ? એવા અજ્ઞાનીઓનાં જીવન તો પ્રાયે કરી મોહમાયામાંજ મસ્ત બની અજ્ઞતામાંજ વીતી જાય છે, કલેશ કુસંપ કામ ક્રોધ વગેરે કુમાર્ગમાંજ કુટાય

છે. અજ્ઞાનીઓને તો કંકુડોશીની પેઠે એકબીજામાં વેરવિરોધ વધારવા, કજીયાકલેશ કરાવવા અને નારદવેડા કરી જ્યાંત્યાં લંકા લગાડવા, આડું અવળું ભરાવી હૈયાહોળી સળગાવવામાંજ મજાહ પડેછે. અરે હોંસીલા-ખંતિલા થઇ તેમાંજ તત્પર અને મશગુલ રહે છે,

(૮૬) કલહપ્રિય કંકુ કાકીની કુટિલતા ને કુબુદ્ધિની કથા.

કોઇ એક મોટા શહેરમાં કંકુબાઇ કરીને એક ડોશી રહેતી. તે પૂરણ વૃદ્ધાવસ્થાએ પહોંચી હતી-લગભગ સાઠ શીતેર વર્ષની વયે આવી પુગી હતી. તેની ઉત્પત્તિ તો **જૈન**કુળમાં થયેલી હતી, પણ તેનાં કર્ત્તવ્યને અને **જૈન**ધર્મને હજારો ગાઉનું અંતરજ હતું. **જૈન**ધર્મમાં સઘળે સ્થળે શાંતિતુંજ સામ્રાજ્ય સ્થાપવાનો ખાસ ઉદ્દેશ છે, ત્યારે આ આપણાં કંકુ કાકીને તો જ્યાંત્યાં ઉંબાડીયા મુકવાં, હૃદયો સળગાવવાં, કલેશ કંકાસ કજીયા કરાવી પૂરણ અશાંતિ ઉપજાવવી, ને હૃદયમાં અત્યંત આણંદ પામવો-હર્ષીત થવું એજ ધંધો હતો. કહો ભાઇઓ ! આવા કર્ત્તવ્યને અને **જૈન**ધર્મને શું લાગેવળગે ? શું **જૈન**કુળમાંજ જન્મ્યા એટલાથીજ **જૈન** થઇ ગયા ? ના ના તેમ કદી સ્વપ્ને પણ સમજતા નહિ. તે વિષે કહ્યું છે કેઃ—

દોહરો—શ્રાવક કીધે શું થયું ? શ્રાવક તે નીરધાર;
શ્રદ્ધા સહિત વિવેકથી, સત્ય કાર્ય કરનાર. ૨૬૨

જૈનધર્મના પવિત્ર કાનુનો-ફરમાનો અમલમાં મુકવાથી **જૈન**ત્વ સાર્થકતાવાળું ગણી શકાય છે. પણ આ ડોશીમાં તેવા સદ્‌ગુણોનો લેશ પણ ન હતો, તેનો જાતિ સ્વભાવ તો કોઇ ઓર જ તરેહનો હતો, તેને નારદવેડા કરવા બહુ ગમતા હતા. એક બીજાના મનમાં આડુ અવળુ ઇષ્ટંપિષ્ટં ભરાવી જ્યાંત્યાં લંકા લગાડતી હતી, અને અન્યોઅન્યમાં લડાવી મારી કજીયા કરાવતી હતી. પછી તે કજીઓ જોઈ તથા લડાઇના હુંકારા ટુંકારા ને ગાળાગાળી સાંભળીને કાખલીઓ કુટતી, દાંત કાઢતી તથા અત્યંત આણંદ પામતી હતી. આમ આખા દિવસમાં બે ચાર સ્થળે જઇ લંકા લગાવે, અને આડુંઅવળું ભરાવી લડાઇ કરાવે, ત્યારે તેને જંપ વળે અને સંતોષ થાય. એક બીજાને કુયુક્તિઓ બતાવી, લંકા લગાડી લડાવી મારવામાંજ તે પોતાનું જીવન સફળ માનતી હતી, એ ધંધામાં તે પૂરણ પાવરધી થયેલી હતી. જે દહાડે આવો એક પણ કલેશ ઉભો ન થયો હોય,

ત્યાં સુધી તે બિચારી કુંકુ ડોશીને ખાવાનું પણ ભાવે નહિ, એવો તેનો કલહપ્રિય જીવનક્રમ બંધાયો હતો. અફીણીયાને અફીણ વિના ચાલે નહિ, તેમજ આ ડોશીને પણ સાંઠીઝાંખરાં લગાડી લડાવી મારી મજાહ જોઇ મોજ માન્યા વગર ચેન ન પડે !—ગોઠે નહિ !

વળી તેને કુટવાનું પણ બહુજ ગમતું હતું, ક્યાંક મરણ થયું હોય, તો તુરત કુટવા માટે કંકુ ડોશી દોડી જતી હતી. પૂર જોશથી કુટતી હતી, અને સામાને ન કુટે તો પરાણે પણ કુટાવતી હતી. કુટવા વખતે એવા તો રાજીયા પરજીયા ગાય, કે સામાને કુટવાનું જોર આવે. પોતાને ચાર છોકરા વહુઓ વગેરે બહોળું કુટુંબ હતું, પણ તેમાંનું અત્યારે એક પણ રહ્યું નહોતું; સર્વ પરિવાર મરી ખુટયો હતો, ફક્ત એકાકીપણે ડોશીમા જ અડીખમ ધડીમ જેવાં જીવતાં બેઠાં હતાં, તેથી મુવેલાં સર્વને સંભારીસંભારી રોતી રોવરાવતી અને કુટતી કુટાવતી હતી. આ કુટણકળાની કુશલતા માટે પણ તેને ગામની બાઇડીઓ તરફથી પૂરણ માન મળતું હતું, તેને તેવા પ્રસંગોમાં પીરસણું પણ મળતું હતું. આ પ્રકારે તે ડોશીમા રડાવવા લડાવવા ને કુટાવવાની કળામાં એક્કો હોઇ પૂર્ણ કળાએ પહોંચ્યાં હતાં. કહો કે તે કળાનાં પ્રોફેસર થયાં હતાં ! એક વખત તે ગામમાં કોઇ એક જૈનના મોટા સાધુપુરૂષ પધાર્યા, ગામના ઘણા લોકો તેમને વંદન કરવા દર્શન કરવા તથા વ્યાખ્યાન (વખાણ) સાંભળવા માટે ગયા: હવે જે મહોલ્લામાં આ કંકુડોશી રહેતાં હતાં તે મહોલ્લાનાં કેટલાંક બૈરાં પણ વાંદવા જવા નીકળ્યાં, તે વખતે ડોશીમાને મળ્યાં. અને આ નવા સાધુની વિમળ વાણી સાંભળી, તેથી આનો પાપકારી અધમ ધંધો મટે તો સારૂં ? એવી સદ્‌ભાવનાથી ત્યાં આવી ડોશી માને કહ્યું કે:—કંકુ કાકી ! આજ તો કોઇ નવા ઉત્તમ સાધુ પુરૂષ પધાર્યા છે, માટે ચાલો તેમનાં દર્શન કરવા તથા વખાણ સાંભળવા જઇએ, કે જેથી કાયાનું કાંઇક કલ્યાણ થાય ! આ સાંભળી કંકુ ડોશીનું ત્યાં જવા માટે જરાએ મન તો ન હતું, પણ સર્વ બાઇઓનું મન જાળવવા માટે તે તેમની સાથે ચાલી; પછી સર્વ બાઇઓ સહિત કંકુડોશી પણ અપાસરે આવ્યાં. ગુરૂને સર્વ બાઇઓ સપ્રેમ વંદન કરી વ્યાખ્યાન સાંભળવા માટે બેઠી અને ડોશીમાને પણ બેસાડયાં. વ્યાખ્યાન પુરૂં થયું એટલે ડોશીનું કાંઇક કલ્યાણ થવાની આશાથી મહોલ્લાવાળી બેચાર બાઇઓએ મહારાજને કહ્યું કે:—

ગુરૂ મહારાજ ! આ ડોશીમાને કાંઇ રૂડો બોધ આપી સમજાવો તો સારૂં ! તેનામાં એક બીજાને કજીયા કરાવી લડાવી મારવાની બહુ બુરી ટેવ છે, તે માટે તેમને કાંઇક બાધા આપો તો સારૂ, કે જેથી તેનું કાંઇક સુધરે, નહિ તો મહારાજ તેનું સાવ બગડી જશે. આ સઘળી હકીકત સાંભળી મુનિ મહારાજને પણ હૃદયમાં ઘણું લાગી આવ્યું. પછી કંકુ ડોશીને કહ્યું કે:—ડોશીમા ! આ શું? તમારી આ ટેવ તો સારી નથી, હવે તો કાંઠે બેઠાં છો, માટે કાંઇક સમજો અને સુધરો તો સારૂં !

દોહરો—બોત ગઇ ને થોડી રહી, થોડીમે બી જાવે;
ઈસ કારણકે કારણે, કયા મૂરખ જન્મ ગમાવે. ૨૬૩

ખરેખર આવી કુટેવથી—આવાં કુકર્મથી ઘણું માઠું પરિણામ આવે છે. એક તમારી મજાહને માટે સામાને લડાવી મારવાં, એ તે કેમ સારૂં કહેવાય વારૂ ? માટે કાંઇક સમજો, નહિ તો તમારે કાંઇ રત્નપ્રભામાં જાવું છે કે શું ? આ સાંભળી ડોશી એકદમ બોલી:—અરે મહારાજ ! અમે તો પાપી જીવડા પહ્વાના પ્રાણી કહેવાઇએ, અમારા નશીબમાં રત્નપ્રભા ક્યાંથી હોય ? રત્નપ્રભા તો આપ સરીખા સંતપુરૂષોને મળે. મહારાજ ! રત્નપ્રભા તો આપનેજ મળશે મને પાપીને તે કયાંથી મળે ?

નરકની ગતિનાં સાત સ્થાનોમાં પહેલી નરકગતિનું નામ રત્નપ્રભા છે, તેમાં જાવાનું મહારાજે કહ્યું ત્યારે કંકુકાકી તો ઊંધું જ સમજ્યાં, કે રત્નપ્રભા તે કોઇ જાતની ઉત્તમ દેવગતિનું સ્થાન હશે, માટે એવું ઉત્તમ સ્થાન આપણને કયાંથી હોય ? એમ ધારી કંકુડોશીએ તો સાધુમહારાજને જ પહેલી નરકમાં જવાનું કહ્યું કે રત્નપ્રભા તો આપને હોય, અમને પાપીને તે કયાંથી હોય ? આથી ત્યાં બેઠેલ બાઇઓભાઇઓમાં ભારે હસાહસ થઇ ગઇ ને સાધુ પણ હસ્યા. પછી સાધુએ સર્વ હકીકત અને રત્નપ્રભાનો અર્થ કહી બતાવી સમજાવ્યું, કે આવી દુઃખમય ગતિમાં તમારૂં આ કર્ત્તવ્ય તમારી આ કુટેવ તમને ઘસડી જશે, પછી ત્યાં પસ્તાવાનો પાર નહિ રહે.

વળી તમારો કુટવાનો ધંધો પણ અતિ અહિતકારી જ છે, જુવો ! શ્રીવીર ભગવાને સુત્રમાં અશાતા વેદનીય કર્મ બાંધવાનાં કહેલાં ૭ કારણોનાં નામ સાંભળો:— ૧ **परदुःखणीयाए** ૨ **परझुरणीयाए**

३ परसूरावणीयाए ४ परकुट्टणीयाए ५ परपीट्टणीयाए ६ परपरितावणीयाए॥ અર્થાત્ (૧) પરને દુઃખ દેવાથી પોતાને જ દુઃખ ભોગવવું પડે છે, (૨) પરને ઝુરાવવાથી પોતાને જ ઝુરવું પડે છે, (૩) પરને શોચ કરાવવાથી પોતાને જ શોચવું પડે છે, (૪) પારકાને કુટાવવાથી પોતાને જ કુટાવું પડે છે, (૫) પરને પીટવાથી પોતાને જ પીટાવું પડે છે, (૬) પારકાને પરિતાપ ઉપજાવવાથી પોતાને જ પરિતાપ ઉપજે છે. માટે ડોશીમા! સમજો! કાંઇક સમજો! અને હવેથી આવાં માઠાં કામ ન કરવા માટે અત્યારે બાધા લો!

આ સર્વ વાત સાંભળી ડોશીએ મનમાં વિચાર્યું કેઃ-હાય હાય! આજ તો પુરી સપડાણી, ભોગ લાગ્યા કે આજ અપાસરે આવી! ન આવી હોત તો સારૂં હતું; ક્યાંથી આ બાઇઓ આવી ચઢી અને મને પરાણે અહીં તેડી લાવી. પછી તેને મહારાજે બાધા લેવાનું કહ્યું ત્યારે તો મન ઘણું કચવાણું! બાઇઓ પણ સર્વ વળગી પડી, કે હા ડોશીમા! હવે તો તેની બાધા લ્યો, કે કોઇને કલેશ કજીઆ હવે કરાવવા નહિ, ને કુટવા જવું નહિ. મહારાજને પણ સર્વ બાઇઓએ કહ્યું કેઃ—આપો મહારાજ બાધા! તે વિના તે અટકશે નહિ, અને કંકુકાકીની પડેલી કુટેવ જશે નહિ. ત્યારે તો બેધડક ડોશીમાએ કહ્યું કેઃ—મહારાજ! મારાથી તેવી બાધા તો પળે નહિ, તેવી ટેવ છે તે એકદમ તો મારાથી બંધ ન કરાય, તે વિના તો મને ઠીક પડે નહિ. પછી છેવટે બાઇઓએ અને સાધુજીએ ખુબ સમજાવી ત્યારે અંતે એટલી વાતે હા ભણી કેઃ—માહારાજ! સર્વથા તો બાધા ન પળે પણ તમે બહુ કહો છો, તો તમારૂં વચન પાળવા ખાતર એવી બાધા લઉં, કે દિવસમાં એક વાર કરતાં ઝાઝી વખત કજીયો ન કરાવવો. ફક્ત એક વખતની છુટ, બાકીની બાધા લઉં પણ સર્વથા તો ન જ પળે, એ વિના તો મને ખાવાનું પણ ન ભાવે!

પછી બાઇઓએ કહ્યું કે ઠીક એટલું તો એટલું, જેવી ઇચ્છા! પછી મહારાજે તે પ્રમાણે દિવસમાં એક વખતની છુટી રાખી બાકીની બંધી કરાવી. વળી કુટવાની બાધા માટે ઘણુંઘણું કહ્યું પણ તેની બાધા તો એ પહોંચેલ બુટ્ટીએ ન જ લીધી!

પછી બાધા લેઇ કંકુડોશી ઘેર આવ્યાં. મનમાં કહેવા લાગ્યાં કે મારા કયાં ભોગ લાગ્યા, જે આજ આ રાંડો આવી મને ભોળવીને લેઇ ગઇ. ખેર! થયુ તે ખરૂં, પણ એક વખતની છુટ રાખી

છે તે સારૂ કર્યું છે, પણ વારૂં આજ ક્લેશ ક્યાંથી ઉભો કરવો ! આ દશ તો વાગ્યા, શેરીમાં તો મારૂં કોઇ માનતા જ નથી, વિશ્વાસ જ કરતા નથી. એમ વિચારમાંને વિચારમાં ઘણો વખત વહી ગયો, તે ચિંતામાં બિચારીને ખાવું પણ ભાવ્યું નહિ. છેવટે બે ત્રણ વાગે એક બુટ્ટો ગોતી કાઢયો, હા હા ! સાંભર્યું ! પેલા પોળને નાકે રહેતા કરમચંદશેઠના ઘરમાં થોડા દિવસ થયાં બે નવાં બ્રાહ્મણ બ્રાહ્મણી રહેવા આવ્યાં છે, તેમના ઉપરજ આજ મારી કળા અજમાવું, ને મનની મોજ પુરી કરૂં ! તેઓ નવાંસવાં ને મારા સ્વભાવથી તદ્દન અજાણ્યાં છે તેથી મારૂં કહ્યું માનશેજ.

એમ વિચારી કંકુડોશી હાથમાં લાકડી લેઇ ઠબુકઠબુક કરતાં ધીમેધીમે ચાલી પેલા નવા બ્રાહ્મણને ઘેર ગયાં, તે વખતે બાઇ એકલી જ ઘેર હતી, તેનો પતિ દુકાને નોકરી પર ગયો હતો. ડોશીમા ઘરમાં પેઠાં તે વખતે બ્રાહ્મણી ઘરના કામકાજથી પરવારી કોઇ જ્ઞાનનું પુસ્તક વાંચતી બેઠી હતી, તેનો સ્વભાવ ઘણો સારો હતો. તે ધર્મપ્રેમી અને ગુણી હતી, વૃત્તિ વૈરાગી હતી, કેટલીક અન્ય સ્ત્રીઓની જેમ તેને બહાર ભટકવાની, કે જેનીતેની સાથે બેસી ગામગપાટા હાંકવા અને કુથલી કરવાની ટેવ ન હતી, ઘરના કામથી પરવારતાં પોતે ભલી ને જ્ઞાન ગ્રંથ ભલો ! બીજા કાથાકબલા, ને નિંદાકુથલી કરવાં તે સમજતી જ નહિં આવી તે સુશીલા હતી.

કંકુડોશી ઘરમાં આવી ચંદનગૌરી બેઠાં છો કે ? કહેતી કે તેની પાસે ગઇ. ચંદનગૌરી બોલી:—આવો કંકુકાકી ! ખુશીમાં છો ને ? આવો આવો બેસો ? ઘણે દિવસે આવ્યાં વારૂ ! ડોશીમાએ કહ્યુ કે:- હા, આજ એવો વિચાર થઇ આવ્યો કે ચાલ ચંદનગૌરીને મળી આવું, એમ ધારી અહીં આવી છું; ભલા હું તો આવી, પણ તમે તો કોઇ દહાડો આવતાંએ નથી, આવાં એકલપેટાં તે કેમ થયાં ? એકલું વનમાં ઝાડે ન હશો ! આવીએ જઇએ, કાંઇ વાતવિગત પુછીએ, અમે તો ઘરડાં ડોશી કહેવાઇએ, અમારૂ તો તમારે ઘણું કામ હોય ! **"સો જોશી ને એક ડોશી"** ખબર છે ને ? ! ચંદનગૌરી બોલી કેઃ–કંકુકાકી ! મને બહાર બહુ જવા આવવાનું પસંદ નથી. નવરી થાઉં તો આ બેઠી બેઠી ગીતાજીનું પુસ્તક વાંચું છું, પણ હવેથી કામ પડશે તો જરૂર આવીશ, તમારા જેવાં વૃદ્ધનો સમાગમ ક્યાંથી? પછી ડોશીએ કહ્યું:—ચંદનગૌરી ! વારૂ, એ તો ઠીક ! ભલા તમે

ક્યાંથી આવો છો ? ઉત્તરમાં કહ્યું કેઃ–ચંદ્રાવતી રહીએ છીએ, અને મારા પતિને અત્રેની નોકરી મળી છે, માટે અત્રે થોડા દિવસથી આવ્યાં છીએ. ડોશી કહેઃ–ઠીક ઠીક બહુ સારૂ ! વળી ડોશીએ કહ્યું કેઃ—ભલા તમે બ્રાહ્મણ છો ? ઉત્તરમાં કહ્યું કેઃ–હા. ડોશીએ વળી પુછ્યુંઃ—ભલા આ તમારા ઘરવાળા છે તે કેવી નાત વારૂં ? ચંદનગૌરી કહેઃ—હ્યો ! આમ કેમ બોલો છો કંકુકાકી ? ! એ પણ બ્રાહ્મણ છે. ડોશી કહેઃ—ના ના હું તો અમથી પુછુછું, પણ ચંદનગૌરી ! મને તો લાગે છે કે તે બ્રાહ્મણ નથી. ચંદનગૌરી કહેઃ–હ્યો એમ તે હોય ! તમે તો ગાંડાં થયાં લાગો છો ! બ્રાહ્મણ નહિ ત્યારે કોણ હશે વારૂ ?

અરે ચંદન ! બાપડી તને તે શી ખબર પડે ? તે તો ખારવો છે , અમે ઘરડાંડોશી કહેવાઇએ માટે બધું જાણીએ અમને વરસ થયાં હશે; તેટલા તમને મહિના પણ ભાગ્યે જ થયા હશે. અરે બાઇ ! ખરે તું ઠગાણી છે એ ખારવો છે–એમ ચોકસ માનજે ! ચંદનગોરી કહેઃ–મા પણ તમે આ બોલો શું ? એ વાત મનાય જ કેમ ? તેમાં પ્રમાણ શું ? કંકુડોશી કહેઃ—હા, હા ! તને ખાતરી આપું તો પછી! પછી તો કાંઇ સાચું માનીશને ? જો સાંભળ ! તે રાતે ઘરમાં ઉંઘી જાય, ત્યારે તું તેનો વાંસો ચાટી જોજે ! ખારો લાગે તો જાણજે કે તે નક્કી ખારવો છે; લે આ ખાતરી ! ચંદનગૌરીને ડોશીનાં આ વચનોથી કાંઇક વિશ્વાસ આવ્યો, પોતાના ધણી પ્રત્યે મન વ્હેમીલું શંક્તિ થઇ ગયું, બાપડીને સંસારનો બીજો અનુભવ નહિ હતો, અને વળી. આ ડોશીમા જુનાં અનુભવી છે તે જૂંઠું શા સારૂ બોલે ? હાય હાય ! શું મારો ધણી ખારવો હશે ? ગજબ થયો ! હું વટલાણી ! પણ આજ રાત્રે તે વાતની ખાત્રી તો કરવી જ–એમ મનમાં શોચી તે ઘણો અફસોસ કરવા લાગી. લો ચંદનગૌરી આવજો એમ કહી આટલો પલીતો મુકી કંકુડોશી તો ત્યાંથી ચાલ્યાં ને ઘર બહાર આવી વિચાર કર્યોઃ–ઠીક તાલ ગોઠવ્યો છે, પણ ભલા હવે તેના ધણીના હૃદયમાં પણ કાંઇક શલ્ય ઘુસાડી મમરો મુકી આવું, તો પછી તાલ ઠીક આવશે ! એમ ધારી કોઇકને પુછી પછી તે તેની દુકાને ગઇ, તે વખતે તે એકલોજ દુકાને બેઠો હતો, તેથી ડોશીને ઠીક ફાવ્યું! પાસે આવી બોલી કેઃ–ભાઇ ગવરીશંકર ! ખુશીમાં છે કે ? ગવરીશંકર બોલ્યોઃ– અહો ! કંકુકાકી ! તમે અહીં ક્યાંથી ? ડોશી કહેઃ–આટલામાં ક્યાંક

જતી હતી તો વચમાં તારી ખબર પુછતા જવું ધારી આવી છું. ખુશીમાં છો ભાઇ ! હા ડોશીમા ! હુ ખુશીમાં છું. ડોશી કહેઃ— ખુશીમાં છે તો ઠીક ! પણ વારૂ ! આવો તુ દુબળો કેમ થઇ ગયો છે? કાંઇ ઘરમાં ખાવાપીવા આપે છે કે નહિ ? ગવરીશંકર કહેઃ—એવું તે હોય મા ! ઘરમાં સ્ત્રી તો બહુ સારી છે, એ તો ચિંતાને લીધે એમ હોય વખતે ! પણ મને તો ઘણું સારૂં છે. ત્યારે કંકુડોશી બોલ્યાંઃ—પણુ ના ના, મને તો તારી બહુ દયા આવે છે, જોને આ તારૂં શરીર કેવું સુકાય છે ! ઠીક લ્યો, પણ ભાઇ તમે કયી ન્નાતીએ છો ? ગવરીશંકર કહેઃ—મા અમે બ્રાહ્મણુ છીએ. ઠીક ત્યારે આ તમારી ઘરવાળી કેવી ન્નાતી ? લ્યો આમ કેમ બોલો છો ડોશીમા? હુ બ્રાહ્મણુ છું અને તે પણ બ્રાહ્મણી જ છે, વળી બીજું શું હોઇ શકે ? કંકુડોશી કહેઃ—અરે ભાઇ ! તને શી ખબર પડે ? એ બ્રાહ્મણી નથી, એતો ડાકણુ છે. તારૂં શરીર જોઇનેજ મને તો વહેમ ને દયા આવે છે તને થોડા દિવસમાં તો તે તદ્દન સુકવીજ નાખશે, અમને ઘરડાંને બધી ખબર હોય, અમે જમાનાનાં ખાધેલાં બધું જાણીએ ! " સો જોશી ને એક ડોશી " ખબર છે ને ભાઇ ? આ તારૂં દિલ તપાસી હુ તો તારા ભલાને માટે કહુ છું. ગવરીશંકર કહેઃ—પણુ મા! આ તમે બોલો છો શું ? એવું તે હોવ કદી ? મારી સ્ત્રી તો ઘણી ગુણીયલ છે, એ ઘરરખુ કહ્યાગરી વહુ તો મને પરમસંતોષ આપે છે, છતાં તમે આમ કહો છો તો તેમાં પ્રમાણુ શું ? ડોશી કહેઃ—હા હા ! ગુણી, બાળી એ તો ! આમનેઆમજ તને ભોળવીને વશ કરી લીધો છે, ભાઇ ! અમે ઘરડાં માણુસ ખોટું ન કહીએ. વળી તેમાં તું ખાત્રી માગે છે, પણ જોને પ્રત્યક્ષ પ્રમાણુ ! આ તારૂં શરીર જ કહી આપે છેને ? આવ્યો ત્યારે કેવો રાતી રાયણ જેવો હતો, અને અત્યારે તો સાવ ફીક્કો ફચ પડી ગયો છે. આટલું છતાંપિ તારે બીજી ખાત્રી જોઇતી હોય, તો સાંભળ કાન દઇને કહુ છું તે ! તુ સુઇ જાય છે, ત્યારે રોજ એ અભાગણી તારો વાંસો ચાટે છે. કહે વારૂ ! આથી તે બીજી કેવી ડાકણુ સમજવી ? કરજે ખાત્રી આજ રાત્રેજ, એટલે ઝટ ખબર પડશે કે ગુણી છે કે ડાકણી છે ? ગવરીશંકરને આથી ઘણો ચોખો—વ્હેમ પડયો, શું આ ખરૂં હશે ? આ ડોશીમા શું કહે છે ! પણ આજ રાત્રે ખાત્રી તો કરવી જ, મારો રોજ વાંસો ચાટે છે, તેની આ ડોશીમાને કયાંથી ખબર પડી હશે ? મારૂં શરીર

તો હમણાં સુકાતું જાય છે એતો ખરૂં જ છે, કોણ જાણે ભાઇ! વખતે એમ પણ હોય ખરૂં! સ્ત્રીનો શ્યો ભરોંસો! સ્ત્રી કોની સગી થઇ છે? તે તો જીવાડે ખરી ને વખતે લાગ આવે તો મારે પણ ખરી! માટે આજ રાત્રે મારે આની ખાત્રી તો અવશ્યમેવ કરવીજ.

હેં કંકુ કાકી! વારૂ, આ બાબતની તમને શી ખબર? ડોશી કહે:—ભાઇ! અમે બધું જાણીએ! પાતાળમાંથી પણ પાણી ગોતી લાવીએ, એવાં અમે છીએ. અમને વર્ષ થયાં હશે, તેટલા તમને મહિના પણ નહિ થયા હોય! મને તો તારી દયા આવી, તેથી મારે આટલું કહેવું પડયું છે, ગમે ત્યાંથી પણ વાત ગોતી લાવીએ, તેવાં અમે ચતુર છીએ. ઠીક પણ આજ રાત્રે ખાત્રી કરી જોજે હોકે, ભુલતો ના! તું ઉંઘી ગયા પછી તે આજે પણ તારો વાંસો ચાટશે, માટે ચેતતો રહેજે ભાઇ!

ગવરીશંકર કહે:—સારૂં ડોશીમા! આજ રાત્રે જરૂર ખાત્રી કરીશ. પછી ડોશીમા તો આટલી બત્તી લગાવીને ત્યાંથી ચાલતાં થયાં, ચાલતાં ચાલતાં મનમાં બોલ્યાં:—વાહવાહ! તાલ તો ઠીક લગાવ્યો છે! હવે રાત્રે બંને વચ્ચે લડાઇ થાય, તોફાન જાગે. ને ધમાધમ થાય, તો બડી મજા આવે! મજા આવશેજ, મેં તાલ બરાબર મેળવ્યો છે. એમ હરખાતાં હરખાતાં ઘેર ગયાં.

હવે આણીકોર સ્ત્રીપુરૂષ બન્નેનાં મન ખાટાં થઇ ગયાં હતાં, અન્યોઅન્ય કેવો ઉચ્ચ પ્રેમ હતો, પૂર્ણ સંતોષ હતો, તેને સ્થળે અત્યંત અભાવ ઉદ્વેગ ને દ્વેષ ઉત્પન્ન કરાવ્યો. ગવરીશંકર સાંઝે ઘેર તો આવ્યો, પણ સ્ત્રી ઉપર જરા પણ પ્રેમ નહિ, સ્ત્રીને નજરે ભાળી ત્યાં તો હાય હાય! આ ડાકણ હશે? સ્ત્રીએ પુરૂષને ભાળ્યો ત્યાં તેને પણ મનમાં વિષાદ ઉત્પન્ન થયો, હાય હાય! આ ખારવો હશે તો જરૂર હું વટલાણી—ઠગાણી! એમ અન્યોઅન્ય બન્નેના હૃદયમાં પૂર્ણ દ્વેષનો અને ઇર્ષાનો જ પ્રવાહ ચાલતો હતો. બન્નેનાં મન પૂર્ણ રીતે ભાંગી ગયાં હતાં. આજ રાત્રે તેની ખાત્રી જરૂર કરવી અને કંકુ ડોશીનું વચન સાચું હોય, તો અવશ્ય કાંઇ ઉપાય કરવોજ.

બધું ભાંગ્યું સંધાય, પણ મન મોતી ને કાચ ભાંગ્યું ન સંધાય. વાહરે વાહ! કંકુડોશી! તમે તો બારે કરીને! ધન્ય છે તમારી કાવતરાબાજ કુટિલાઇને!! તે નિર્દોષ અને પ્રેમી દંપતીના હૃદયમાં

દ્વેષનો ભડકો સળગાવ્યો અને હળીમળી રહેલા જોડાનાં મનને તમે તો છિન્નભિન્ન કરી નાંખ્યાં! આ વિષે કહ્યું છે કે:—

(રાગ સલુણાનો.)

કેસર ભાંગ્યું રે ગુણ કરે, ભાંગ્યા પાન સુરંગ. સલુણા.
પણ દોય ભાંગ્યા રે નહિ મળે, એક મોતી બીજું મન. સલુણા.
મોતી ભાંગ્યું રે વિંધતાં, મન ભાગ્યું કુવેણ. સલુણા.
મોતી મુલે મંગાવશું, મન મુલે ન વેચાય. સલુણા.
મન ભાંગ્યુ ચિતડું ચળ્યું, આદર કરે રે અજાણ. સલુણા.
ફળ તૂટયું તરૂવર થકી, ફરી વળગે ન ડાળ. સલુણા.
સુમતી સદા રે દિલમાં ધરો, છોડો કુમતીનો સંગ. સલુણા.

અર્થાત્—કેસરને તથા નાગરવેલનાં પાનને ભાંગવાથી તો ગુણ કરે છે–એક રસ થઇ મળી જાય છે. પણ મોતી અને મન કદી ભાંગ્યા પછી મળતાં નથી સાંધ્યાં સંધાતાં નથી. મોતી ભાંગ્યું તો મૂલ્ય ખરચીને બીજું મંગાવાય છે, પણ મન ભાંગ્યું તે મુલ્ય ખરચ્ચે પણ મળતું નથી; જેમ ડાળેથી તુટયા પછી ફળ ડાળે ન લાગે, તેમ મન પણ મળે નહિ, માટે શાણા થઇ કુબુદ્ધિવંતનો સંગ તજી સુબુદ્ધિવંત ગુણવંતા જ્ઞાનીનો સંગ કરવો.

હવે ગવરીશંકર ઉચક મને વાળુ કરવા બેઠો, સ્ત્રીએ પણ ઉચક મનેજ પીરસ્યું. વાળું કરી રહ્યા પછી ઝટ ખાત્રી કરવાની ઇચ્છાથી ગવરીશંકરે કહ્યું કે:—આજ તો ઠીક નથી, માટે વહેલો સુઇ જાઉં છું. ચંદનગવરીએ ઉચક મને કહ્યું:—જેવી ઇચ્છા! પછી ગવરીશંકર પગના અંગુઠાથી તે મસ્તક સુધી સર્વ અંગ ઢાંકીને સુતો. આજ તો બરોબર ખાત્રી કરવાની હતી, તેથી જરાએ ઊંઘ તો આવેજ શાની? પણ થોડીવારે જાણીને નસકોરાં બોલાવવા માંડયાં. ચંદનગોરીને પણ આજ રાત્રે ખાત્રી કરવાની પૂર્ણ પીપાસા હતી, તેથી તે પણ ખોટું સુઇ ગઇ. પણે કંકુકાકી પણ વાટ જોઇનેજ બેઠાં હતાં કે હજી કેમ સળગ્યું નહિ? સળગે તો સારૂ! બત્તી તો બરાબર મુકી છે તેથી કજીઓ જાગ્યા વગર તો નહિજ રહે. એવા વિચારમાંજ હરખાતાં વા ખાતાં બેઠાં હતાં. વાહરે કંકુકાકી વાહ! હવે રાત્રીના દસ વાગ્યાનો સમય થવા આવ્યો. તે વખતે પુરૂષને ઉંઘી ગયો ધારી મનમાં ચટપટી થતી હોવાથી ચંદનગૌરી ખાટલામાંથી બેઠી થઇ તપાસ કરવાને

પોતાના પતિના છત્રપલંગ પાસે ગુપ્તપણે આવી ઉભી. પછી પોતાના પતિને ખાસ ઊંઘી ગયલા જાણી, પોતાને પડેલા વ્હેમની ખાત્રી કરવા ધીમેથી પાસે આવી હિંમતપૂર્વક-પુરૂષે ઓઢેલું વાંસા તરફનું લુગડું જાળવીને ઊંચું કર્યું, અને ગાય પોતાના વાછરડાને ચાટે તેમ લાંબે લચરકે, ગવરીશંકરનો વાંસો ચાટવા લાગી. ઉનાળાનો ગ્રીષ્મ ઋતુનો વખત હોવાથી અને ઓઢીને સુતેલો તેથી વાંસામાં પસીનો (પરસેવો)ઘણો વળેલો હતો તે ખારો લાગ્યો. વાંસો ચાટે છે ત્યાં તો એકદમ પુરુષ તાડુકીને બોલી ઉઠયો કે:-અરે શું કરે છે રાંડ ડાકણ! આઘી ખસ! ત્યાં સ્ત્રી પણ તાડુકીને બોલી કે:—અરે મારા રોયા ખારવા! પીટયા તેં તો મને વટલાવી, મારો દેહ અભડાવ્યો! આવી ખબર હોત, તો હું તને પરણુતજ નહિ. પુરૂષ કહે:—તારૂં ભુંડું થાય ડાકણ! તેં તો મારો પ્રાણ લીધો, મને મારી નાંખવો છે તે હું જાણું છું, રાંડ ડાકણ બહાર નીકળ મારા ઘરમાંથી! તારૂં મારે કંઇ કામ નથી. વગેરે અનેક પ્રકારના ઘણા અસભ્ય ને કઠોર શબ્દો અન્યોઅન્ય બોલવા લાગ્યાં. શોરબકોર ઘણો વધી ગયો, લડાઇ ખુબ જામી. કંકુકાકી તો આથી ઘણાં ખુશી થયાં, વાહ વાહ! ભડકો તો ખૂબ નીકળ્યો! ઘરમાં રહી તે કાખલીઓ કુટવા લાગી, ખુબ હસવા લાગી, રાજી થવા લાગી, તેને તો જાણે આજે સોનાનો સૂર્ય કેમ ઉગ્યો ન હોય! તેવો તે આણંદ પામવા લાગી. કજીઓ ઘણો જામ્યો, અન્યોઅન્ય બોલાચાલી ઘણી વધી પડી, એક બીજાને પૂર્ણ જોસથી ગાળો ભાંડવા લાગ્યાં, કઠોર વાકયોનો વરસાદ વરસાવવા લાગ્યાં. આ શોરબકોર સાંભળી આસપાસના મહેલ્લાના લોકો જાગી ઊઠયા અને તેમને શાંત કરવા માટે એકદમ ત્યાં ભેગા થઈ ગયા. ઘણા મહારે, પણ કોઇ કોઈનું કાંઇ સાંભળે જ નહિ! મહેલ્લાના બે ચાર સમજુ માણસોએ કહ્યું કે:—અરે પણ તમને આજ આ થયું છે શું?! તમારા બંનેનો સ્વભાવ તો ઘણો સારો છે, આખા મહેલ્લામાં ઘણો વખણાય છે, છતાં કેમ અત્યારે આમ નફટ નિર્લજ થઇ લડવા માંડયું છે? ગવરીશંકર કહે:-અરે આ રાંડ તો ડાકણ છે! રોજ મારો વાંસો ચાટે છે, મને મારી નાંખવો છે, બસ એ હવે મારા ઘરમાં જ નહિ. રાંડ મારો જીવ લેશે, માટે તે ગમે ત્યાં જાય મરે પણ મારે હવે તે ન જોઇએ! એનો સારૂં થાઓ, પેલાં બિચારાં કંકુકાકીનું! કે તેમણે મને આજે ચેતાવ્યો, નહિ તો મને છ મહિનામાં તો આ

રાંડ ઠેકાણે પહોંચાડત, માટે બસ હવે એ રાંડ મારા ઘરમાં નહીં. ચંદનગોરી કહેઃ—અરે એતો ખારવો છે! પીટયાએ મારો ભવ બગાડયો હુ શુદ્ધ બ્રાહ્મણી છું, છતાં એ રોયે તો મને વટલાવી. હાય હાય! હવે મારૂં શું થશે? બસ હવે હું એની સાથે રહેવાનીજ નથી, ગમે તે થાય પણ મારે તે હવે ન જોઇએ. હું તેના વિના મારા દિવસ ગુજારીશ, વિધવાપણું સ્વીકારીશ ને જીંદગી ગાળીશ, પણ એ રોયા ખારવાને તો હવે ભેળો નહિ રાખું, અથવા હું તેના ભેગી નહિજ રહું; મારે તો આ પાપનું પ્રાયશ્ચિત્ત લેવું પડશે. સારૂં થજો, એતો પેલાં કંકુકાકીનું કે બિચારાંએ આવી આજે મને ચેતાવી, નહિ તો કોણ જાણે શુંએ થાત!

મહેલ્લાના ભલા માણસોએ કંકુકાકીનુ નામ સાંભળીને કહ્યુ:-અરે એ રાંડ કંકુડીનું તે કહ્યું કયાં માન્યું તમે! એણેજ આ કજીઓ કરાવ્યો હશે! એ રાંડ ડોશીને તો એજ ધંધો છે, કોઇ ખારવો એ નથી, ને કોઇ ડાકણ એ નથી! તમને નકામું ભૂત ભરાવ્યું છે. એ અભાગણીનો અવતાર જ આમનેઆમ એળે ગયો છે, ને ભુંડીનો પૂરો પણ તેમાં જ થશે. તેનું કહ્યું માન્યા જેવું છે જ નહિ, અમે તો કોઇ કદી તેનો વિશ્વાસ કરતાજ નથી. તમે અજાણ્યાં છો તેમ ધારીને જ તે રાંડે તમને ભલાં માણસોને ભૂત ભરાવી ભંભેરી કજીઓ કરાવ્યો છે. માટે જાઓ, સુઇ જાઓ નિરાંતે! ખારવો કે ડાકણ કોઇ નથી. મનમાંથી શલ્ય અને વહેમ કાઢીનાંખો! એ તો એ રાંડ ડોશીનો સ્વભાવજ એવો પડયો છે, માટે તમને તેણે નકામાં લડાવી માર્યા છે. એમ લોકોએ બન્ને દંપતીને ખૂબ સમજાવી મનનો ઉભરો શાન્ત કર્યો અને ઉત્તાપો શમાવી ઠેકાણે પાડયાં.

દોહરો—બંદ્દા બહોત ન તાણીએ, બહુ તાણે તુટ જાય;
ઉપાય કરી કદિ સાંધીએ, પણ વચમાં ગાંઠ પડી જાય. ૨૯૫

પછી બધા લોકો ડોશી પાસે આવી તેને બહુ ઠપકો દેવા લાગ્યા, અરે કંકુકાકી! આ તે તમે શું કર્યું? બિચારાં પેલાં નિર્દોષ બ્રાહ્મણ-બ્રાહ્મણીને અથડાવી લડાવી માર્યા! ત્યારે ડોશીએ હેં હેં હેં કરી દાંત કાઢી કહ્યું કેઃ—એક વારની તો માહારાજ પાસેથી મેં છુટ રાખી છે, હવે વધુ નહિ કરૂં. પછી લોકો પણ તેના નીચ સ્વભાવને ધિક્કારતા ગાળો દેતા સૌ સૌને સ્થાને ગયા, અને પેલાં દંપતીને ફરી સમજાવી પંચવાળા ઘેર જઇ સુઇ ગયા.

વ્હાલા વાંચનાર! જોયું, કંકુકાકીની કરામત હિકમત અને પરાક્રમની વાત અહીં થઇ પુરી! પણ તેમાંથી શિખવા સમજવા ગ્રહણ કરવા અને બોધ લેવાનું તો ઘણુંયે રહી જાય છે! આ દૃષ્ટાંતમાંથી સાર એ નિકળે છે કેઃ—કેવળ અજ્ઞાનપણાનું પ્રાધાન્ય જ આ બધાનું મૂળ છે. કંકુકાકીનો નઠારો સ્વભાવ તેના અજ્ઞાનપણાને જ આભારી હતો, કંકુકાકી તો કયારનાંએ પરલોક પહોચી ગયાં છે, પણ તેમનો કલહપ્રિય સ્વભાવ તો અત્રેજ મુકી ગયાં છે. એ ડોશીના જેવો સ્વભાવ આપણો હોય, તો આપણે પણ કંકુકાકીના જેવા જ ગણાઇએ. આપણે પણ અજ્ઞાનપણાને લીધે એવાં અને એથી પણ વિશેષ ભયંકર કાર્યો કરતાં પાછા હઠતા નથી. આ આત્માએ અજ્ઞાનપણાને લીધે અનેક માઠાં કર્મ સંચ્યાં છે, કર્ત્તવ્યનું ભાન ભુલી અકર્ત્તવ્યના ઉંડા ખાડામાં-ધરામાં તે કુદી પડયો છે. તે વિષે કહ્યું છે કેઃ—

મનહર છંદ.

સારી વાત ન્યારી કરી, ધારી તેં નઠારી હેયે,
ઉકિત ઉચારી શરણાગારીને ગરવની;
ધરમ ન ધાર્યો કીધાં કરમ પરમ ક્રૂર,
ભરમમાં ભુલ્યો, તજી શરમ સરની;
દોડે દ્રવ્ય દશ મળે, વીશ તો ચાળીશ ચાહે,
ઇચ્છા અહોનીશ છે ખરવની ખરવની;
દીનની ન દાદ સુણે સ્વાદ જાણી વાદ વદે,
યાદ ભુલ્યો મોતની પથારીના પરવની. ૨૬૬

દોહરો.—પપાને પરખ્યો નહિ, દદો કીધો દૂર;
લલે લે લાગી રહી, નનો કીયો હજુર. ૨૬૭

મતલબ કે આવાં આવાં અનેક અઘટિત અકાર્યો અજ્ઞાનપણાને લીધે થાય છે, માટે જેમ બને તેમ વિવેકપૂર્વક જ્ઞાન મેળવવું, સદ્દગુરૂનો સુબોધ સાંભળી સુબુદ્ધિ ધારણ કરવી, અને સમજીને વિવેકપૂર્વક સત્ક્રિયા કરવી; પણ અજ્ઞાન રહી કંકુકાકીના જેવો સ્વભાવ ધારણ ન કરવો. કેટલાક પ્રાણીઓ ઘણીવાર ક્રિયા કરે છે ખરા, પણ અણસમજણથી અવળી ક્રિયા કરે છે, તેથી ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થવાને બદલે હેરાન જ થવું પડે છે. જેમ કોઇ માણસ અનાજ પકવવાને માટે ખાર ભૂમિમાં બી વાવે, પછી તેના ઉપર હમેશાં પાણીનું સિંચન

કરે, વળી ઘણી ક્રિયા કરે ઉદ્યમ કરે પણ કદી તેમાં ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત ન જ થાય. મુંબઇની ટીકીટ લેઇને દિલ્લીની ગાડીએ બેસતાં મુંબાઇ કયાંથી આવે ? તેમ અણસમજણથી અવળી ક્રિયા કરનાર પણ ઇષ્ટ સિદ્ધિ કદી ન મેળવી શકે.

(૮૭) કોયલા ઉજળા કરવા સાબુથી ધોનાર ત્રિકમ પટેલ

કોઇ એક ગામનો પટેલ હતો; તે ત્યાંના રાજાનો માનીતો હતો તથા નાતમાં પણ તે મોટો માણસ ગણાતો હતો. એક વખત રાજાને કોઇ કામ પડવાથી તેને તેડવા માણસ મોકલ્યું, તેથી પટેલ ભાઇ તો ફુલાયા કે વાહ વાહ ! દરબાર મને બોલાવે છે, માટે આજે તો ખૂબ ઠઠારો કરી સારાં ભારે ભભકાબંધ વસ્ત્રો પહેરી દરબારમાં જવું છે.

એમ ધારી પટેલ ભાઇ તો સારાં સારાં ઉજળાં ઇસ્ત્રીબંધ કડકડતાં લુગડાં પહેરી દરબાર ભણી ચાલ્યા. પોતાનાં વસ્ત્રને કયાંઇ પણ કાળો ડાઘ ના પડે, તે માટે પૂરી કાળજી રાખતા હતા. એમ સંભાળીને ચાલતા છતાં કોણ જાણે કયાંથીએ દરબારમાં પેસતાં તેના કેડીઆ (અંગરખા) ની ચાળે કોલસાનો કોઇ કાળો ડાઘ પડી ગયો, તે તેણે નજરે દીઠો. અરર ! એ ડાઘ ક્યાંથી પડયો ? હવે મારે દરબારમાં જવું છે ને ! કરવું શું ? પણ સાળો એ ડાઘ પડયો ક્યાંથી ? એમ પટેલભાઇ તો મનમાં ઘણા શરમાયા-લજવાયા, પણ દરબારમાં ગયા. અને ત્યાં જે કાંઇ કામ હતું, તે થોડા વખતમાં કરી રજા માગી ત્યાંથી ઊઠી ઘેર જવા નીકળ્યા. પોતાના શ્વેત વસ્ત્રને કાળો ડાઘ પડયો, તે ખાતે તેને મનમાં ઘણો કંટાળો ઉપજતો હતો. રખેને દરબારશ્રી કયાંઇક ડાઘ ભાળશે ને મારી મશ્કરી કરશે કે ઠપકો દેશે ! તે માટે પૂર્ણ લજવાતો હતો. તેથી ઝટ કામથી પરવારી બહાર નીકળ્યા પછી નિશ્ચય કર્યો કેઃ-મારૂં વસ્ત્ર કોઇ કોલસાથી ડાઘવાળું થઇ ગયું, માટે બસ આખા ગામમાંથી કોલસા માત્ર ભેળા કરી બસ તેને સાબુથી ધોઇ નાખી ધોળા બનાવી દેવા ! એમ મન સાથે દઢ નિશ્ચય કરી પટેલ ઘેર આવ્યા અને પોતાના માણસો પાસે આખા ગામના કોલસા બહાર નદીને કાંઠે એકઠા કરાવ્યા, તો એક નાનો સરખો કોલસાનો ડુંગરો થયો.

પછી ત્રીકમપટેલે તે બધાને સાબુથી ધોઇ સાફ ધોળા કરવા માટે ૫૦ પચાસ મણ તો સાબુ મંગાવ્યો; બધા કોલસાને પ્રથમ

પાણીથી પલાળીને પછી તેના ઉપર આજ્ઞાનુસાર માણસો સાબુ ઘસવા લાગ્યા, અને પાણીમાં પાછા ધોવા લાગ્યા. પણ જેમ જેમ કોલસાને સાબુ દઇ ધોતા ગયા, તેમ તેમ તેમાંથી કાળું પાણી પુષ્કળ નિકળતું ગયું. એમ ઘણો સાબુ બગાડયો પણ કોલસા તો ધોળા થયા નહિ, અને શ્રમ સમય તથા ખર્ચ સર્વ પાણીમાં ગયાં. પછી ત્રીકમ પટેલે બીજો પણ ઘણો સાબુ મંગાવ્યો ખુબ ધોયા સાબુથી ઘણા ઘસ્યા પુષ્કળ પરિશ્રમ લીધો પણ કેમે કર્યા કાળા કોયલા ધોળા થાયજ નહિ.

સાબુથી કોયલા ધોવાતા જાય, તેમ તેમ અંદરથી કાળો રંગ નીકળતો જ જાય. આથી તો ત્રીકમપટેલ ખૂબ ખીજવાયા–કંટાળ્યા પોતાના માણસોને પણ ઠપકો દેવા લાગ્યા. બસ કોલસા કેમ ધોળા થતા નથી ? પછી તો પોતાના મનમાં પણ ત્રીકમ પટેલ બહુ મુંઝાયા. લોકો પણ આ અક્કલહીનનો અખતરો જોઇ આશ્ચર્ય પામવા લાગ્યા, પણ ગામનો મોટો માણસ અને માનીતો પટેલ હોવાથી કોઇ તેને વિશેષ કહી શકે નહિ; વળી દરબારનો પણ તે ખાસ માનીતો હતો. કોયલા ધોવાની આ ક્રિયા ધમકાના બંધ–તડામાર ચાલતી હતી, પણ તે ક્રિયા અવળી હોવાથી તેમાં ઇષ્ટ સિદ્ધિ થતી ન હોતી. તેવામાં તે રસ્તે થઇ બીજા ગામનો કોઇ ડાહ્યો પટેલ નીકળ્યો, તેણે આ સઘળું અડબંગપણું જોઇ આશ્ચર્યચકિત્ત થઇ ત્રીકમપટેલને રામ રામ કહ્યા, ત્યારે શિષ્ટાચાર પ્રમાણે ત્રીકમપટેલે પણ સામા રામ રામ કર્યા. પછી પેલા ડાહ્યા પટેલે પૃછ્યું:–ત્રીકમપટેલ ! આ શું કરો છો ? ત્રીકમપટેલ કહે:–" ભાઇ ! આ કોયલાની કાળાશ ધોઇ નાખું છું. એક વખત હું દરબારમાં સારાં લુગડાં પહેરી જતો હતો, તેવામાં કોણ જાણે કયાંથી એ મારા વસ્ત્ર ઉપર કોયલાનો કાળો ડાઘો લાગી ગયો. મેં તે દિવસથી નક્કી કર્યું છે, કે બસ! ગામમાં કાળા કોયલાજ ન જોઇએ! તેથી તમામ કોલસા ભેગા કરી તેને ધોઇ સફેદ બનાવવા દેવા માંડયા છે. કારણ કે ગામના ઘણા લોકોનાં આ કોયલા લુગડાં બગાડતા હશે, માટે ધોઇ જ નાખવા એમ ધારી આ ક્રિયા કરવા માંડી છે. પુષ્કળ મહેનત લહીએ છીએ સાબુ પણ ઘણો બગાડયો, પણ સાળા હજી સફેત થતા નથી ! મને તો તેણે કવરાવી દીધો, હવે શો ઉપાય લેવો ભાઇ ? કાળા મટાડી સફેદ કરવા એતો ચોકસ છે, મને તેની કાળપ માટે ઘણો ખેદ ઉપજે છે, કારણ કે મારાં સફેદ વસ્ત્રને ડાઘ લગાડયો, તેમ તે કંઇકનાં લુગડાં બગાડતા હશે."

આ સર્વ વાત સાંભળીને પેલા ડાહ્યા પટેલે કહ્યું કેઃ-અરે ભાઇ ત્રીકમ પટેલ! તમે તો આ બધી નકામી અવળી ક્રિયા કરો છો, કોયલા તે વળી સાબુએ ધોવાથી કાંઇ ધોળા થતા હશે! ખરેખર તમારૂં નામ ત્રીકમ પટેલ છે, તે યથાર્થજ છે. કારણ કે ત્રિ=ત્રણ, કમ=કમતી-ઓછા. એટલે ત્રણ અક્ષર તો જેમાં મળેજ નહિ. ' અ, ક, ને લ-અકલ એ ત્રણ અક્ષરની તમારામાં ખામી હોવાથી તમે ત્રીકમ નામે કહેવાઓ છો. આવો એક કવિએ ઉત્પ્રેક્ષાથી અર્થ કરેલો છે, તે ખરેખર તમને ઘટે છે, કારણ કે તમે આ કોયલા કે જે તદ્દન કાળા છે તેને સફેદ કરવાની જે નિરર્થક વ્યર્થ ક્રિયા આરંભી છે, તે તદ્દન નકામી-અવળીજ છે. આ ક્રિયાથી તો કદાપિ કાળે તમારો મનોરથ ફળીભૂત થવાનો નથી એ પણ ચોકસ માનજો.

ત્રીકમ પટેલ! તમારે આ કોયલાને સફેદ કરવાજ છે? તો લાવો હું આ સર્વને થોડાજ વખતમાં સફેદ પૂણી જેવા બનાવી આપું. ત્યારે ત્રીકમ પટેલે ઘણા આશ્ચર્યથી કહ્યું કેઃ—અહો! તમે સફેદ બનાવી આપો, ત્યારે તો તમારો પાડ માનું ભાઇ! પણ વારૂ શી રીતે કરશો? મેં તો બહુએ મહેનત કરી છે, માટે હવે તમે કેવી રીતે સફેદ કરો છો તે જોઉં તો ખરો! કરો જોઇએ? પછી તે ડાહ્યા માણસે કહ્યું કેઃ-ભલે જુઓ! હવે હું સફેદ કરવાની ક્રિયા કરૂ છું તે બધું તમે લક્ષપૂર્વક જુઓ!

પછી પેલા ડાહ્યા પટેલે તુરતજ તે બીના કોયલાને જમીનપર છૂટા પાથરી તડકામાં સુકવીને રાત પડતાંજ તે સઘળામાં અગ્નિ લગાડી દીધો; એટલે સવાર થતાંમાં તો તે સઘળાની બળીને સફેત પુણી જેવી રાખ થઇ ગઇ. આ જોઇ આપણા મિથ્યા શ્રમ કરનાર પટેલભાઇ તો ઘણાજ પ્રસન્ન થયા, અને મનોવૃત્તિનો સદુપયોગ કરનાર તે બુદ્ધિમાન ડાહ્યા પટેલને નમી પડી તેનાં ઘણાં ઘણાં વખાણ કર્યાં.

આ દૃષ્ટાંતની મતલબ એ છે, કે જ્ઞાન વિના સાચા—ખરા ખોટાનું ભાન થતું નથી, અને અજ્ઞાનતામાં કરાતી સર્વ કષ્ટ ક્રિયા જોઇએ તેવી ફળીભૂત થતી નથી. પેલા ભલા પટેલે કોયલાની કાળાશ કાઢવા ઘણી જ આકરી કષ્ટ ક્રિયા આરંભી હતી, પણ તે સર્વ અજ્ઞાનપણાની હોવાથી નિરર્થક ગઇ. પણ તેનો જાણભેદુ સુચતુર પેલો ડાહ્યો પટેલ મળ્યો, ત્યારે તેણે અક્કલ દોડાવી એવી તો સહેલી યુક્તિ વાપરી કે સ્વલ્પ સમયમાં સહેજે ધારેલી ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થઇ; એટલા માટે

જ્ઞાનની તો બલિહારીજ છે. જ્ઞાન વિના મનુષ્યો અંધ મનુષ્યોની માફક જ્યાં ત્યાં ભટકાય છે, કુપથે ચઢી જાય છે, જક્કના છકમાં જકડાઇ છક્કડો ખાય છે, અનીતિમાં અટવાય છે. તો જે જે ક્રિયાઓ કરવી, તે સર્વ સમજી વિચારી વિવેક બુદ્ધિ પૂર્વક કરવી, વિવેક વિના અજ્ઞાનપણે કષ્ટ ક્રિયા કરવાથી કાંઇ આત્મસિદ્ધિ થતી નથી. જ્ઞાનમાં વધારો થતો જાય છે, તેમ તેમ આત્મસિદ્ધિ સન્નિહિત થતી જાય છે, અને છેવટે સર્વ કર્મનો ક્ષય કરી અક્ષય મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરી અજરામરત્વને પામી સંસારસાગરના વમળમાં પડી જન્મમરણના ફેરામાં—સંસૃતિ ચક્રમાં આવવાથી બચી જાય છે—મુક્ત થાય છે.

દુહા:—જીહાં જ્ઞાન કિરિયા મિલે, તિહાં મોક્ષમાર્ગ સોઇ;
વહ જાને પદકો મરમ, વહ પદમેં થિર હોય. ૨૬૮
યથા અંધ કે ખંધ પર, ચડે પંગુ નર કોઈ;
વાકે દૃગ વાકે ચરન, હોઇ પૃથક મિલી દોઇ. ૨૬૯

જ્ઞાન ધર્મ અવિચળ સદા, ગહે વિકાર ન કોઇ;
રાગ વિરોધ વિમોહમય, કબહુ ભુલી ન હોઈ. ૨૭૦
એહસી મહિમા જ્ઞાનકી, નિહચે હે ઘટ માંહિ;
મૂરખ મિથ્યા દ્રષ્ટી સો, સહજ વિલોકી નાહિ. ૨૭૧

માટે વિવેકી વાચકોએ એવું સમજી સદા જ્ઞાન સાથે ઉત્તમ ક્રિયા કરવી એજ પરમપદ પામવાનું સર્વોત્તમ અને મુખ્ય સાધન છે. (૭૮)

हे वत्स! गच्छ मुनिमार्गमनुग्रहाण।
नूनं तथैव प्रतिपालयतं यथार्थम्॥
भद्रं करोतु सुखभाग् भव मोक्षलक्ष्मी।
गात्वं पिबह्मपरमा[illegible] पयस्क मत्र॥७९॥

અર્થ—હે પુત્ર! તારે દીક્ષા લેવાની ઇચ્છા હોય, તો ભલે આ અંગિકાર કર. પણ એટલું યાદ રાખજે કે તે મુનિમાર્ગ ગ્રહણ કરી પૂર્ણ ભાવે તેનું પાલન કરજે. અને

આશિર્વચનમાં તને કહું છું કેઃ—"તું તારૂં કલ્યાણ કર, સુખી થા, તારી મોક્ષલક્ષ્મી પ્રાપ્તિની કામના સફળ થાઓ! અને કોઈ પણ જન્મમાં બીજી માતાનું દુધ ફ-રીને તારે પીવાનો વખત ન આવો! તેવી રૂડી ક્રિયા કરી અક્ષય સુખ પ્રાપ્ત કર." (૭૯)

ભાવાર્થ—આ કોઇ દીક્ષા ધારણ કરનાર કુમાર પ્રત્યે કહેલાં માતાપિતાનાં આશિર્વાદનાં વચનો છે, કે હે વત્સ! કહેતાં હે વ્હાલા પુત્ર! તારો જો પ્રવ્રજ્યા અંગિકાર કરવાનો પ્રબળ આગ્રહ અને તીવ્રેચ્છા છે, તો ભલે ભાઈ સુખેથી ઉત્તમ મુનિમાર્ગને ગ્રહણ કર! પણ સાથેજ તને વિશેષ ભાર દઇને ભલામણ કરૂં છું, કે જેવા ઉત્કૃષ્ટ ભાવથી તેને ગ્રહણ કરે છે, તેવાજ પ્રકૃષ્ટ ભાવથી તેનું યથાર્થ રીતે પ્રતિપાલન કરજે. વળી હે મુક્તિમહિલાભિલાષી કુમાર! તારૂં કલ્યાણ થાઓ, અક્ષયસુખ મોક્ષલક્ષ્મોના સુખનો તુ ભોગી થા, અને અપર માતાઓનું દુધ હવે ફરી કોઇ પણ જન્મમાં ન પી—અર્થાત્ તારા જન્મ-મરણના ફેરા ટળી જાઓ; એવી મારા અંતરની તને આશિશ છે. તારા હૃદયમાં મલિન વિચારો પ્રવેશ કરી શકે નહિ, એટલા માટેજ હું તને ફરી ફરીને ટોકીને કહું છું, કે ભાવપૂર્વક તેનું પાલન કરવું જોઇએ. કારણ કે આ લોકમાં પ્રાયે કરી લોકો આરંભમાં શૂરા હોય છે, પણ આદિ, મધ્ય ને અંત સુધી તેને નિર્વિઘ્ને પાર પાડવું તો ઘણુંજ મુશ્કેલ છે. તે વિષે ભતૃહરિ નીતિ શતકમાં ૨૫૯ કહ્યું છે કેઃ—

प्रारभ्यते न खलु विघ्नभयेन नीचाः ।
प्रारभ्य विघ्नविहिता विरमंते मध्याः ॥
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्य मानाः ।
प्रारभ्य चोत्तमजना न परित्यजंति ॥ ॥ ९० ॥

અર્થાત્—કેટલાક નરો તો વિઘ્ન આવવાના ભયથી કાર્યનો આરંભજ કરતા નથી તેવાને નીચ પુરૂષો સમજવા, અને કેટલાક લોકો કાર્યનો આરંભ કરીને તેમાં કોઇ વિઘ્ન આવી પડતાં તુરતજ નિરાશ ઉત્સાહભંગ અને કાયર થઇ તેને છોડી દે છે, તેવા માણુ-સોને સામાન્ય સમજવા; અને કેટલાએક સુજ્ઞ તો ફરીફરીને અનેક

પ્રકારનાં વિકટ વિઘ્નોથી હણાયા છતાં, એટલે કે અનેક પ્રકારની અડચણો આવી પડવા છતાં, પણ આરંભેલું ઉચ્ચ કાર્ય તજતાજ નથી, તેવાને ઉત્તમ પુરૂષ જાણવા. હૃદયના વિચારો ધર્મશાળાનાં મનુષ્યો જેવા છે, ધર્મશાળામાં મનુષ્યો આવે છે ને જાય છે. તેમ હૃદયરૂપી ધર્મશાળામાં ઉત્પન્ન થતા વિચારો પણ કાયમ રહી શકતા નથી. ક્ષણેક્ષણે વિચારોનું ભ્રમણચક્ર પરાવર્ત્તન પામ્યાજ કરે છે, તેને તત્વવેત્તા સર્વજ્ઞ મહાજનોએ લેશા, સ્વભાવ, પરિણામ વગેરે અનેક નામથી ઓળખાવેલ છે. એવાજ હેતુથી દીક્ષાના સમયમાં સાતમા ગુણસ્થાનનો અધિકારી ગણેલો છે, પણ દીક્ષા કાર્ય થઇ રહ્યા બાદ છઠે ગુણ સ્થાને નિવાસ કરે છે; માટે મનના કનિષ્ટ વિચારોને આધિન નહીં થતાં, તેઓને પોતાને કબજે કરવા, ચિત્તવૃત્તિનો નિરોધ થયા વિના ધારેલા કાર્યમાં યથ લાભ મેળવી શકાતા નથી. જીજ્ઞાસુ બંધુઓ! એટલું તો અવશ્ય યાદ રાખજો, કે મન માતંગ મોટા મોટા મહાત્માઓને પણ દુર્વશ્ય છે, છતાં તે વૈરાગ્ય અને અભ્યાસ રૂપી અંકુશથી વશ થાય છે. તેને છેક છુટું મેલી દેતાં ઇષ્ટ પદાર્થો મળવાથી તે ઉન્મત્ત ગજેંદ્રની માફક નિરંકુશ બની સંસારરૂપી મહાવિકટ જંગલમાં ઘસડી જાય છે. વળી જે મહાત્માઓનાં જીવનચરિત્રો નિષ્કલંકી હોય છે, તેઓજ આ દુનિઆમાં સ્વપરજનોને લાભ આપી શકે છે, તેનું દરેક બોધવચન એવું તો સામાના હૃદયમાં સચોટ પ્રવેશ કરે છે, કે ટુંક સમયમાં તે મહાન તત્વવેત્તા બને છે. પણ હૃદય વિષયવિકારથી કલુષિત બનેલાં હોવા છતાં ઉપરથી લોકોને બતાવવા વૈરાગ્ય રંગ પ્રદર્શિત કરતા હોય, તેવા સાધુઓના જ્ઞાનોપદેશ કાંઇ પણ અસર કર્યા વિના વિદ્યુતપ્રભાની જેમ સત્વર નાશ પામે છે. એવાજ હેતુથી ઉપર દીક્ષાના જીજ્ઞાસુ પુત્ર પ્રત્યે માતાએ પુનઃ પુનઃ કહ્યું છે કેઃ—વહાલા પુત્ર! જો કે દીક્ષા ઉત્તમ કાર્ય છે, પણ દીક્ષા લેવા માત્રથીજ સર્વ કાર્યની સિદ્ધિ થઇ ગઇ માની બેસવાનું નથી. દીક્ષા લીધા પછી તો એક જોખમ ભરેલી નવી જીંદગીમાં આ જીવાત્મા પ્રવેશ કરે છે. દીક્ષા લીધા પહેલાં જે જીવન રૂપી વહાણ ભયંકર ભવસાગરને તળીએ ડુબી બેઠેલું હતું, તે દીક્ષા લેતાં સાગરની સપાટી ઉપર પાણીમાં તરતું થયું એમ સમજો. પણ હજુ બરદરીઆમાં હજારો પ્રકારનાં મોજાં અને તોફાની પવનના ઝપાટા સપાટા વચ્ચે જોખમમાં રહેલું છે. કારણ કે એમ સમુદ્ર

ઉપર તરતાં હજારો વહાણો છિન્નભિન્ન થઇ ગએલાનાં વૃત્તાંતો સિદ્ધાંતસાગરમાં મહાજનોએ વર્ણવેલાં છે. આર્દ્રકુમાર, નંદિષેણ જમાલી, કુંડરીક, અરણિક મુનિ વગેરે મહાસમર્થ પુરૂષોનાં પણ દીક્ષા લીધા પછી સંયમરૂપી વહાણો એક વખત અટવાઇ પડેલાં છે, અને તેમાંથી સદ્‌ભાગ્યોદયે હળુ કર્મી અને ચર્મશરીરી કેટલાંક વહાણો પાછાં ટટાર થઇ નિરાબાધ મોક્ષબંદરે પહોંચ્યાં છે. માટે હે વહાલા પુત્ર! દીક્ષા લઇને બહુ સંભાળવાનું છે, કષાય રૂપી અજરાયલ મગરમચ્છો તેને ભાંગી ન નાખે, કુસંગ રૂપી તોફાની મોજાંઓ તેને તોડી ન પાડે–ડુબાડી ન દે, અવિદ્યારૂપી વિજળીનો પાત તેના ઉપર અકસ્માત થવા ન પામે, વિષયરૂપી મહા ભારે ખડકો તેને તોડી ન પાડે, માયા રૂપી મહારાક્ષસી લલચાવી તેનો નાશ ન કરે, સ્ત્રી રૂપી રંગીબેરંગી માછલીઓ મુખ્ય આધારભુત તારા વહાણના પંખાને ભાંગી ન નાખે, કુગુરૂરૂપી ખલાસીઓ તે વહાણને વિકટમાર્ગમાં ઘસડી ન જાય, કંચન અને કામિની રૂપ તરંગો ને વમળમાં તારૂં વહાણ સપડાઇ જોખમમાં ન ઉતરે, કારણ કે તે વમળો દેખાય છે તો સારા રળીયામણા ને મનોહર! પણ તેમાં સપડાઇ ગયા પછી ખરાબી ને હાનિનો પાર રહેતો નથી. તે વિષે કહ્યું છે કેઃ—

वेधाद्वेधा भ्रमंचक्रे । कांतासु कनकेषु च ॥
तासु तेषुह्यनासक्त । द्वीपदीस च भार्गवः ॥ ९१ ॥

અર્થાત—આ દુનિયામાં આ ભયંકર ભવસાગર તરતાં, અને મોક્ષબંદરે પહોંચતાં પહેલાં કનક અને કાંતા નામના બે મોટા વમળો વચમાં નાખેલાં છે. મોક્ષાભિલાષી સુભાગી પ્રાણી તેમાં આસક્ત થઇ લોભાય નહિ, તો દુનિયામાં બે પગવાળો પોતે સાક્ષાત્ ભગવાન છે–એમ ચોક્સ જાણવું. પણ તેમાંથી બચવું એજ ભારે મુશ્કેલીનું કામ છે, મહાત્મા કબીરજીએ તો કહ્યું છે કેઃ—

દુહો. એક કનક દુજી કામની, જગમેં દો તલવાર;
જાતા થા પ્રભુ મિલનકું, બિચમે ખાયા માર. ૨૭૨

માટે ચેતીને ચાલવું કે ફરીને અન્ય માતાઓનાં દુધ પીવાં ન પડે. અર્થાત્ ફરી ફરીને જન્મમરણના ભ્રમણ ચક્રે ચઢવું ન પડે. સત્કાર્યો કરી મુનિમાર્ગને યથાર્થ શુદ્ધતાથી પાળી વહેલાવહેલો મોક્ષપુરી બંદરે જા, એ મારા હૃદયની શુભાશિષ તને ફળો.

(૮૮) સુભાગી સંસ્કારી બાળ અતિમુક્તકુમારની વાત.

એકદા સર્વજ્ઞ પ્રભુશ્રી મહાવીર વિહાર કરતાકરતા પોલાસપુર નગરે પધાર્યા. ગૌતમ સ્વામી છઠ્ઠને પારણે પ્રભુની અનુમતિ મેળવી તે નગરમાં ભિક્ષાર્થે નીકળ્યા. ફરતાફરતા રાજદરબારના મહેલ પાસે આવ્યા, તેટલામાં અતિમુકત નામનો રાજકુમાર કેટલાક બાળકો સાથે ત્યાં રમતો હતો, મુનિને જોયાથી સત્વર રમત પડતી મુકી તે શ્રીગૌતમ ગુરૂને સનમ્ર થઇ વંદન કરવા લાગ્યો, કાલાકાલા ને અતિ મધુર વાકયોથી ગૌતમસ્વામીને પરમ આહ્‌લાદ પમાડવા લાગ્યો. પ્રથમ તો શ્રીગૌતમસ્વામીનું કનકકાંતિથી દેદીપ્યમાન શરીર સૌંદર્ય જોઇ આશ્ચર્યચકિત થઇ તે બોલ્યો કે:–મહારાજ ! આપના પગ દાઝતા નથી ? આપને માથે તડકો લાગતો નથી ? આપ આવા વિષમ તડકામાં શા માટે ફરો છો ? આ પ્રકારનાં બાળકનાં કોમળ વાકયો સાંભળી ગૌતમસ્વામી મનમાં બહુજ ખુશી થયા, સ્વલ્પ સ્મિત હાસ્ય કરતાં કહ્યું:–બાઇ ! હું ભિક્ષાને માટે નગરમાં ફરૂં છું, કહે તું કોનો પુત્ર છે ? ઉત્તર દીધો કે:—મારી માતાનું નામ શ્રીદેવી, અને પિતાનું નામ વિજયરાજા છે, આ શહેરના રાજાનો હું પુત્ર–કુમાર છું. અહો કૃપાળુ ભગવાન ! ભિક્ષાજ જોઇતી હોય તો કૃપા કરી મારે ઘરેજ પધારોને, બીજે નાહક ફરવાની આપે શા માટે તકલીફ લેવી જોઇએ ? આપને જોઇશે તે ભિક્ષા હું આપીશ. એમ કહી કુમાર દરબારમાં લેઇ ગયો, અને માતાને હર્ષભેર કહેવા લાગ્યો:–માજી ! આપણે ઘેર ગુરૂ મહારાજ પધારે છે, તેમને જોઇએ તે આપો. તે તો બીજે જતા હતા, પણ હું તેમને અહીં આગ્રહ કરી તેડી લાવ્યો છું–એમ કહી સર્વ જોઇતી ભિક્ષા સોત્કંઠે વહોરાવી. કેટલીક ચીજો લેવાની મુનિ ના પાડતા, તો તે વખતે કુમાર વચ્ચે બોલી જતો, કે મા ! તેજ વસ્તુ મહારાજને વહોરાવ, મારે તે નથી ખાવી, હું તારી પાસે નહિ માગું. મહારાજ ! વહોરો, હું કજીયો નહિ કરૂં. આવા બાળકના કર્ણપ્રિય મધુર બોલોથી મુનિ બહુજ હરખાતા અને તેના લાવણ્યમય ચાતુર્ય ગુણ ઉપર ફીદાફીદા થઇ જતા.

પછી આહાર વહોરી ગૌતમસ્વામી પાછા વળ્યા. ત્યારે મા ! હું થોડેક દૂર મહારાજને વોળાવી હમણાં પાછો આવું છું–એમ કહી તેમની સાથે કુમાર થયો. થોડેક ગયા એટલે તે બોલ્યો:–મહારાજ !

ભિક્ષા લઇને આમ કયાં જશો ? મારે ઘેર જ જમી લીધું હોત, તો સારૂં હતું, ચાલોને હજી સારો ઓરડો કાઢી આપું તેમાં આપ જમજો. ગૌતમસ્વામી બોલ્યાઃ—ભાઇ! અમારાથી ગૃહસ્થીને ત્યાં બેસી ન જમાય, બહારના ઉદ્યાનમાં અમારા ગુરૂ મહાવીર ભગવાન બિરાજેલા છે, તેમને ભિક્ષા બતાવી ત્યાં જમીશું. કુંવર કહેઃ—ઠીક ત્યારે, તમારા હાથમાં આ ઝોળી છે તે મને આપોને ! આપને ભાર બહુ લાગતો હશે, તો થોડીકવાર હું ઉપાડું, આપને તેટલો તો વિસામો મળશે. ભાઇ ! અમારો ઝોળીનો ભાર કોઇના હાથમાં ન દેવાય, એતો અમારા જેવા થાય તેજ અમારો ભાર ઉપાડી શકે. ત્યારે કુંવર કહેઃ- પણ હું તમારી ઝોળીમાંથી જરાયે પણ ખાઇશ નહિ, માટે મને આપોને ! ત્યારે ગૌતમસ્વામી કહેઃ—એમ ન દેવાય એતો અમારા જેવો થાય તેને જ દેવાય. કુંવર કહેઃ—હું તમારા જેવો થઇશ, તો હવે તે આપો. ગૌતમગુરૂ કહેઃ—ભાઇ ! તમારાં માતાપિતાની રજા સિવાય અમારા જેવા તમને કેમ કરાય ? માતાએ તો ફક્ત તમને જરા વળાવવાજ સાથે મોકલ્યા છે; માટે રજા વિના તેમ કેમ થાય ? એમ કરતાંકરતાં સમોસરણ આવ્યું. શ્રી મહાવીર પ્રભુએ જાણ્યું કે આજ એક ગ્રાહક મોક્ષપુરીનો અમુલ્ય માલ ખરીદ કરી શકે તેવો આવે છે, તો તેને માલ બતાવું; એમ યોગ્ય ધારી ઉપદેશ કર્યો. ઉપદેશ સાંભળી કાળી જમીનમાં પડેલા પાણીની માફક તરત મન ગળી ગયું, અજ્ઞાનમય મોહનિદ્રામાંથી હૃદય જાગ્યું અને દિક્ષાનું પરિણામ ઉત્પન્ન થયું. પ્રભુ ! આપનો નિખાલસ અને નિડર પવિત્ર ઉપદેશ મારા અંતઃકરણમાં સજડ ચોંટયો છે મને રૂચ્યો છે. આપના અનન્ય સુખદાયક શરણમાં યાવજજીવન વસવા અર્થાત્ દુઃખવિદારિણી દીક્ષા લેવા મન ઉશ્કેરાયું છે; માટે માતાની રજા મેળવી સત્વર હમણા જ હું આવું છું. પ્રભુ કહેઃ–" **यथा सुखंक्रियतांमाभुवात्प्रमादं शुभाध्यसायेतवहति** " બહુ સારૂં આપની પરમ કૃપા ! એમ કહી **વૈરાગ્યથી જેનું હૃદય ઉલ્લસિત થયું છે એવો આઠ વર્ષની વયનો બાળક શ્રીઅતિમુક્તકુમાર હર્ષિત વદને ઝટ ઘેર આવ્યો. અને આવતા વાંત જ માતા પાસે દીક્ષા લેવા અનુમતિ માગી. માતા શ્રીદેવી તો આ સાંભળી વજ્ર બાણ વાગ્યું હોય એમ એકદમ મુર્છા ખાઇ જમીન પર પડી ગયાં પછી સાવધ થતાં વિલાપાત કરતાં પુત્ર પ્રત્યે બોલ્યાં:- અરે પુત્ર ! આ તું શું બોલે છે ? તને વળાવવા મોકલતાં તું વળી**

આ શું લઇ આવ્યો લઘુવયમાં દીક્ષામાં તું શું સમજે ? સંસારનાં સુખો તો નજરે દીઠાંયે નથી, અને યોગીરાજનું મહા જોખમ માથે ઉઠાવવા તૈયાર થયો છે. વાહરે વાહ ! આ તે તારી કેવી ગાંડાઇ ગણાય ? આ સાંભળી કુંવર બોલ્યો:—માતાજી ! હું ગાંડાઇ કરતો નથી, પણ મને અનંત કાળ થયાં જન્મ જરા અને મરણનાં ત્રિવિધ દુઃખો અત્યંત પીડે છે, તેથી બચવા માટે જ આ માર્ગ હું અંગિકાર કરૂં છું. તમો મારાં તે ત્રણ દુઃખો મટાડો, તો હું અહીં રહું પછી મારે સંયમ લેવાની જરૂર નથી. વળી તમો કહો છો કે તું શું જાણીને જોગ લે છે ? તો તેના ઉત્તરમાં તો જણાવવાનું કે હું કયાંથી આવ્યો ને કયાં જઇશ ? તે જાણતો નથી, પણ જન્મ ધરી કયાંઇક જઇશ તો ખરો, અવશ્ય એકવાર મરવાનું તો છે જ, ત્યારે આ મારી કાયાનગરી ઓચિંતી લુંટાઇ તો જશે. તો તે પહેલાં કાંઇક આત્મહિત સાધી લઉં, તો શું ખોટું ? વળી તમે કહેશો કે તું મોટી વયે ઇચ્છિત કરજે, પણ કાળ કાંઇ વય સામું જોતો નથી, એતો તેનો અવધિ આવતાં તુરતજ પકડે છે, માટે કાળ ઉપર ભરોસો નહિ રાખતાં હૃદય જાગ્રત થાય તેજ વખતે આત્મહિત સાધવું તે જ શ્રેયસ્કાર છે. માટે કૃપા કરી મને વિશેષ ખોટી ન કરતાં મારા ઉત્તમ કાર્યમાં આપના અનુમોદન સાથ શુભાશિષ પૂર્વક અનુમતિ આપશો એવી મને આશા છે. આ સાંભળી માતા તો સ્તબ્ધજ બની ગઇ, તેની જ્ઞાનશક્તિ માટે તે અતિ આશ્ચર્ય પામી. અનેક સંવાદો ચલાવ્યા બાદ છેવટે માતાએ અનુમતિ આપી જે જે જણાવ્યું, તેનો ભાવ ઉપરના શ્લોકમાં જણાવ્યા જેવો જ છે. હે પ્રિય પુત્ર ! તારી એવીજ અનન્ય આકાંક્ષા વર્તે છે, તો ભલે ભાઇ ઇષ્ટ કર, ખરેખર મુનિમાર્ગ અતિ દુષ્કર છે, તો તે યથાર્થ પાળજે, વિષયગારામાં ખુંચી જતો ના, ક્રોધાદિક રાક્ષસોથી પકડાતો ના, અપર માતાનું દુધ પીવું ન પડે—એવી ઉત્તમ ક્રિયાઓ કરી જન્મ્યા અને જીવ્યાનું તું સાર્થક કરજે, તારી સર્વ શુભ મનોકામના સફળ થાઓ ! અક્ષય મોક્ષલક્ષ્મી શિઘ્ર મળો ! એજ મારી સદાને માટે તને શુભાશિષ છે.

એમ કહી મોટા સમારોહ સાથે મહાવીર પ્રભુ પાસે લેઇ ગયા, અને કુંવરે સાનંદે દીક્ષા અંગિકાર કરી. પછી એકવાર પોતાને જ્ઞાનનો અભ્યાસ કરાવનાર સ્થિવર ગુરૂ સાથે સ્થંડિલે ગયા. અતિમુક્ત મુનિ એક સ્થાને બેઠા છે, ત્યાં પાણીની નીક ચાલતી હોવાથી કેટલાક

છોકરા પાણીની આસપાસ પાળ બાંધી રમત–ક્રીડા કરે છે. આ જોઇ આપણા બાળમુનિને પણ રમવાનું મન થઇ ગયું, તેથી તેમણે પણ પાણી આડી પાળ બાંધી તેમાં પોતાની પાતરી તરવા મુકી સામસામાં હડસેલાં મારવા લાગ્યા; રમત બહુ સારી લાગી. અહાહા ! મારૂં નાવ (વહાણ) કેવું તરે છે ? આ પ્રમાણે બાળવયનો ખ્યાલ મુનિપણામાં ખડો થઇ ગયો. કરમની ગતિ અતિ ગહન અને વિચિત્ર છે, તે સહેજવારમાં મનુષ્યનો વિવેક વિણસી નાખે છે.

મુનિ આ પ્રકારે સહર્ષ રમત રમતા હતા, તેવામાં સ્થિવર ગુરૂ આવ્યા તે આ જોઇ બહુ ખેદ પામ્યા. અને મનથી કહેવા લાગ્યા કેઃ—પ્રભુ પણ આવાઆવા છોકરાને મુંડે છે, અરે ! આણે કેટલી વિરાધના કરી ? માટે ચાલ મહાવીરપ્રભુને આ બધું કહું, એમ વિચારી બોલાવ્યા વિનાજ રીસ સહિત સત્વર ચાલ્યા. અતિમુક્તમુનિને આ ખબર પડતાં જ ઝોળીમાં પાતરી મુકી તે એકદમ દોડયા, અને "**મથેણવંદામિ**" કહી સાથે ચાલવા લાગ્યા. સ્થિવર સાધુએ જઇ પ્રભુને પુછયુંઃ-પ્રભુ ! આના ભવ કેટલા છે ? આણે આજ પાણીમાં આવી રમત કરી કેટલાય જીવોની વિરાધના કીધી. પ્રભુ બોલ્યાઃ-સ્થિવરમુનિ! એ બહુ હળુ કર્મી છે, કર્મના ચાળાને લીધે તેણે વિરાધના કરી છે તે ખરૂં, પણ આજ સાંઝે જ તેને આલોચન કરતાં કેવળજ્ઞાન ઉપજશે; અને સર્વ કર્મ ખપાવી મોક્ષે જશે. આ સાંભળી સ્થિવર પોતાની ભુલની ક્ષમા માગી બાળ મુનિનાં વખાણ કરતાં તેને પણ ખમાવ્યો. પછી તે અતિમુક્તમુનિ સર્વ જીવોને ખમાવી આલોવી પડિક્કમિ નિંદી નિસલ્ય થઇ સર્વજ્ઞ થયા–કેવળજ્ઞાન ઉપજ્યું અને આયુષ્ય ક્ષય થયે મોક્ષે પધાર્યા અજર અમર થયા, અને અક્ષય મોક્ષલક્ષ્મી પામ્યા.

આ દૃષ્ટાંતની મતલબ એ છે, કે દીક્ષા લેતી વખતે મનુષ્યોને આજ્ઞા અને અનુમતિ મળવામાં મુસ્કેલીઓ નડે છે. પણ પોતાનામાં સત્વ અને સત્યતા હોય, તો માતાપિતા વગેરેની આજ્ઞા મેળવી ઇચ્છિત કાર્ય સાધે છે, અને સુદૃઢ ભાવિ જાણી તેને આજ્ઞા સાથે આશિશ આપી ઉત્તમ ક્રિયા કરવા માટે સહર્ષ ભલામણ કરે છે. ફરી ગર્ભમાં આવવું અને માતાનું દુધ પીવું ન પડે, તેને માટે હૃદયને ઉશ્કેરે છે. વિવેકી જનોએ સદા સત્કાર્યમાં પ્રવેશી સોત્કંઠે તે કાર્ય સફળ કરવું તેજ સર્વોત્તમ છે, અમુલ્ય માનવજીવનનું અંતિમ ધ્યેય પણ તેજ છે, એજ માર્ગ સર્વાર્થસાધક ને મોક્ષસિદ્ધિપ્રદ છે. (૭૯)

धिग् धिग् धिगेव प्रतिबोधयति मृदंगो ।
वीणा तदा कथयतीति नरेश ? कंकम् ! ॥
श्रोतु स्थितंजनकदंबममु ममुंच ।
बाहूप्रसार्यवदति त्विह नायकेति ॥ ८० ॥

અર્થ:—આ મૃદંગ વાગે છે તે ધિક્કાર હો! ધિક્કાર હો! કહે છે. ત્યારે વીણા–સારંગી પુછે છે કે:– કોને કોને ? ત્યારે નાયકા રંડી પોતાના બે હાથ પહોળા કરીને આ....આ....એવા આલાપ કરતી કહે છે કે:— સાંભળવાને ભેગા થયેલા આ જનમંડળને ! આ પ્રકારે મૃદંગ વીણા અને નાયકા એ ત્રણે મીજલસને અપૂર્વ ઉપદેશ આપે છે. (૮૦)

ભાવાર્થ--એક રાજા એક સમયે મોટી કચેરી ભરીને મોટા કનકસિંહાસન ઉપર બેઠેલો છે. કેટલીક બાબતોની વિવિધ ચર્ચાઓ થઇ રહ્યાબાદ સભાજનમનરંજનાર્થે એક નાયકા ત્યાં આવી અનેક પ્રકારનાં કર્ણપ્રિય મનોહર રસિક ગાયનોના આલાપથી નાટારંભ કરવા લાગી. તે વખતે તબલચી ગવૈયો પણ મૃદંગ વગાડી ગાયનની મધુરતામાં ઓર ઉમેરો કરી રહેલ છે. તે વખતે કુતુહળથી રાજાએ આશ્ચર્ય પામી પાસે બેઠેલા એક શિઘ્ર કવિવરને પૂછ્યું કે:–હે કવિરાજ ! આ મૃદંગ-તબલો શું કહે છે ? તે સમજાવો. કારણકે તેમાંથી "ધિગ્ ધિગ્" એ પ્રકારનો અવ્યક્ત ધ્વનિ નિકળે છે, તો તેનો વાચ્યાર્થ શો થતો હશે ? તે સાંભળી કવિરાજ ક્ષણમાત્ર અંતઃકરણમાં ઉંડા ઉતરી ઉત્પાત બુદ્ધિથી ઉત્તર આપતાં રાજા પ્રત્યે બોલ્યા કે:--હે ક્ષિતિપતિ મહારાજ ! સાંભળો. આ મૃદંગમાંથી નિકળતો ધિગ્ ધિગ્ શબ્દ પ્રબોધે છે અને કહે છે કે "ધિક્કાર છે ધિક્કાર છે." ત્યારે વળી રાજાએ વિશેષ ઉત્સુકતાથી આશ્ચર્ય પામી પુછ્યું:--મૃદંગ આ પ્રમાણે ઉપદેશ આપે છે, તો વળી આ વીણા શું કહે છે ? તે પણ સાથે લાગુ કહો. ત્યારે કવિએ કહ્યું કે:—તે વીણા "કમકમ ?"એ પ્રકારના એ શબ્દથી મૃદંગને પુછેછે કે હે મૃદંગ ! તુ ધિક્કારે તો છે પણ

કોને કોને? એ પ્રમાણે આ સારંગી નરઘાં-તબલાને પુછે છે. ત્યારે વળીરાજાએ જીજ્ઞાસાથી પુછ્યું કેઃ—એમ છે તો મધુર ગાયન કરી રહેલી આ નાયકા પોતાના બે હાથ લાંબા પહોળા કરી શું કહે છે? તે કહો! ત્યારે ચતુરચુડામણિ કવિએ કહ્યું કેઃ—સાહેબ! આ નાયકા પોતાના બે હાથ પહોળા કરી આ આ..........એ પ્રકારના વિસ્તૃત આલાપથી વિણાએ કોનેકોને પુછેલા પ્રશ્નનો ઉત્તર આપે છે, કે આ આ..........એટલે આ સભામંડપમાં સાંભળવા માટે બેઠેલા જન-સમુહને; એ પ્રમાણે પોતાના બે બાહુ વિસ્તારીને બતાવી નાયકા બોલે છે. આ પ્રકારના વિચિત્ર ઉક્તિવાળા અર્થસૂચક સ્પષ્ટીકરણથી રાજા વગેરે સર્વ સભામંડળ અત્યંત હર્ષીત થયું. આ અનુકુળ પ્રસંગ જોઇને કવિએ કહ્યું કેઃ—હે ક્ષિતિપતિ મહારાજ! કેટલાક જનો મહા મોંઘા અને મુશ્કેલીએ મળેલા આ પવિત્ર માનવજન્મને મોહમય નાટક-ચેટક વગેરેમાં નિરર્થક વિતાડી પોતાનો અમૂલ્ય કાળ વૃથા ગુમાવે છે, ને આત્મહિત સાધવામાં પછાત રહી જાય છે. સત્ય કર્ત્તવ્ય કર્મ ચુકી જાય છે, અને અસત્ય કર્ત્તવ્યના ફંદોમાં ફસાઇ જાય છે. માયાનો એવો તો અટપટો અદ્ભુત દેખાવ છે, કે આ સંસારસાગર તરવામાં તે એક પડદારૂપ આડી પડે છે. તે વિષે જ્ઞાનીએ કહ્યું છે કેઃ—

માલિનીવૃત.

कुशलजननवंध्या, सत्य सूर्यास्त संध्या ।
कुगति युवति माला, मोह मातंग शाला ॥
शम कमल हिमानीं, दुर्यशो राज्यधानीं ।
व्यसन शत सहायां, दूरतो मुंच मायाम् ॥ ९२ ॥

અર્થાત—આ દુનિયામાં માયા કેવી છે? તો કહે ઉત્તમ કાર્ય કરવામાં એક વંધ્યા સ્ત્રી સમાન છે, સત્ય રૂપી સૂર્યનો અસ્ત કરવામાં સંધ્યા સમાન છે, દુર્ગતિ રૂપી યુવતીની એક માળા સમાન છે, અને મોહરૂપી મોટા માતંગોને બાંધવાને માટે મોટી ગજશાળા સમાન છે, સમતા રૂપી કમળોને બાળવામાં હિમ સમાન છે, અપયશ રૂપી નગરીની મોટી રાજધાની સમાન છે, હજારો દુઃખોને ઉત્પન્ન કરવામાં સહાયભૂત છે. તો એવી માયાને તો દૂરથી જ છોડી દેવી જોઇએ, તેનો અતિ વિશ્વાસ તો નજ કરવો જોઇએ; કેમકે તે માયામોહિની ડાકિની છે. વળી આ સંસારમાં માયિક મોહક પદાર્થો આંખ કાન

વગેરે પાંચ ઇંદ્રિયોને અત્યંત પ્રિય લાગે છે અને તેમાં મન લોભાય છે, પણ આખરે તો તે સર્વ નશ્વર અને ક્ષણભંગુર છે. મોહમુગ્ધ મનુષ્યોને તો તે અતિ રમણીય અને પ્રિયતમ લાગે છે, અને તેથી અહોનિશ મન પણ તેમાંજ તલ્લીન રહે છે. પણ આખરે તે સર્વ મોહમાયાજાળ છોડી જેવા આવ્યા તેવા ખાલી હાથે-ઉઘાડી મુઠીએ કંઇ પણ આત્મહિતસાધક ધન રળ્યા વિના જ પરલોકગામી થવું પડે છે. એ તો અવશ્ય જાણો માનો અને જગતમાં જુઓ છો તેથી સમજો, કે આ સર્વ મોહ માયાજાળ ખરેખર એક વખતે છોડવી તો પડશે જ. તે વિષે ગુર્જરકવિકુલકમળાકર શ્રી દલપતરામે કહ્યું છે કે;—

મનહરછંદ.

મોજ ભલે માણો જયાં, સુધી લખાણો દાણોપાણી,
દાણોપાણી ખૂટે નક્કી, જવાનું છે તે જાણો છો;
તત્ર તણો તાણોવાણો, તુટશે અજાણ્યો જયારે,
રાખે કીયો રાણો એવું, અંતરમાં આણો છો;
તાકે છે સિંચાણો પક્ષી, ઝાળમાં ઝલાણો તોય,
લોભમાં લેવાણો એવી, વ્યવસ્થા વખાણો છો;
કોટે બાંધ્યો પાણો એ ઉખાણો ખરે જાણો ખુદ,
શોધો શાણો સંત, ખાલી તંત શીદ તાણો છો ? ૨૭૩

માટે આ મળેલા ક્ષણભંગુર સાંસારિક વૈભવો અને સુખોમાં અત્યંત આસક્તિ નહિ પામતાં દયા દાન દીનતા વગેરે પરોપકારો અને સત્કાર્યો કરી આ મહા પુણ્યોદયે મળેલા માનવજીવનનું આપણે સાર્થક કરવું ઘટે છે. હે ક્ષીતિપતિ મહારાજા ! આ સંબંધી કોઇ પુસ્તકમાં એક દૃષ્ટાંત મારા વાંચવામાં આવ્યું છે, આપ કૃપા કરી તે સાંભળવાની જીજ્ઞાસા જણાવો તો કહું. રાજાએ કહ્યું:—કવિરાજ ભલે કહો ! હું સાંભળવા ખુશી છું.

(૮૯)મનમોજી નેતરંગી રાજાના મિથ્યા મનોરથોની વાત.

ત્યારે કવિએ કહ્યું;—કોઇ એક નગરનો રાજા ઉછાંછળો, અવિચારી, ઉદ્ધત અને ઘણો જક્કી હતો. ખાવુંપીવું અને મોજમજાહ માણવી તથા વિવિધ પ્રકારનાં નાટકચેટકના આનંદ માટે ભારે ખર્ચ કરી તથા નાયકાના નાચો કરાવી સદા દિલ ખુશ કરવું અને મન નેસદા મોજ આપી મગ્ન-રાજી રાખવામાંજ તે જીંદગીનું સાર્થક સમજતો

હતો. પ્રજાનું શું થાય છે તેની તો તેને લેશ દરકાર નહોતી, તે તો પોતાનાં સુખમાં અને મોજમજાહમાંજ મસ્ત હતો. તેને એવો તો અજબ શોખ—છંદ લાગેલો હતો, કે રાજ્યમાં કાંઇનેકાંઇ એવું અવનવું બનાવવું, કે જે જોઈને આખી દુનિયા છક થઇ જાય! એક વાર તેને વિચાર આવ્યો કે આકાશમાં પુષ્પો ઉગાડવાં, તેણે તે વાસ્તે ઘણી યુક્તિઓ કરી, પણ તે પાર કયાંથી પડે? બીજી વાર તેણે વિચાર કર્યો, કે મોતીના દાણા ખેતરમાં વાવીને બાજરાની પેઠે મોતી પકવવાં; પણ તે શી રીતે બને? ત્રીજી વાર વળી તેને વિચાર આવ્યો કે માણેક વાવીએ તો તેને આંબાના ઝાડની પેઠે માણેકો થાય, પણ તે અસંભવિત વાત શી રીતે થઇ શકે? એવી રીતે તે હવાઇ કિલ્લા બાંધી નપગી ગાંડી વાતો કરતો હતો. તે રાજાને વળી સુઝયું કે નદીની રેતી પીલાવી તેમાંથી તેલ કઢાવવું, તેને એમ લાગ્યું કે ઉપલી બધી વાતો તો બહુ અઘરી હતી; પણ આતો બહુ સહેલી છે, અને વળી તેમાં ખરચ પણ ઓછો છે—એવા વિચારથી તેણે તો ચાળીસ-પચાસ મોટી ઘાણીઓ કરાવી ત્યાં રેતીના ઢગલા કરાવ્યા. તેના ડાહ્યા દિવાનને આ વાતની ખબર પડતાં બીજા અમલદારોને લેઇને તે તુરત રાજા પાસે ગયો; અને સર્વે જણાએ નમ્રતાથી કહ્યું કેઃ—મહારાજા! હવે ઘણું થયું, આવા આવા ઘણા અખતરા કરીને તો પ્રજાના પૈસા બગાડયા છે, આપને હવે અમારે શું કહેવું? રાજાજી, રેતીમાંથી તેલ નીકળતું હોત, તો બીજા દેશના રાજાઓ મોટાં મોટાં રેતીનાં રણો શું કામ ન વાપરતાં પડી રહેવા દેત? તેમાંથી તેલ શા માટે ન કઢાવત? રેતીમાંથી તે વળી તેલ નીકળતું હશે?! રાજાએ કહ્યુ કેઃ—તમે કાંઇ સમજો નહિ, થઇ ગયેલા રાજાઓ જરા ઓછી અક્કલવાળા હતા, નહીં તો આવો ખજાનો એમનેએમ પડયો રહેવા દે? તમેજ વિચાર કરોને, કે આ રેતીમાંથી કેવું સરસ નિર્મળ પાણી નીકળે છે, રેતીના વીરડા ખોદીએ, તો ત્યાં પણ પાણી નીકળે છે, ત્યારે રેતી પીલાવી હોય, તો તેમાંથી કેવું સરસ તેલ નીકળવું જોઇએ? તમને કાંઇને ખબર નથી, બસ, ચાલ્યા જાઓ, તમારે મને કાંઇ કહેવું નહિ. પછી તો રાજાએ પાસે રહીને રેતી પીલાવવા માંડી, પણ કેમે તેલ નીકળે નહિ. જે વાત અસંભવિત અને અશકય તે શી રીતે થઇ શકે? તેથી ઘણીઘણી મહેનત કરીને થાકયો ત્યારે નિષ્ફળ અને નિરાશ થઇ છેવટે હારીને રહ્યો.

 સિદ્ધ વાર્તા છે કે રેતીમાંથી તેલ ને સંસારમાંથી સાર ન નિકળે.

માટે હે મહારાજા ! આપ હવે કહો, કે તે રાજા કેટલો બધો અક્કલ વિનાનો હોવો જોઈએ. અને તેનામાં કેટલી મૂર્ખાઇ હોવી જોઇએ ? સર્વ કોઇ કહેશે કે ખરેખર તે મૂર્ખજ હોવો જોઇએ. પણ હે ક્ષિતિપતિ મહારાજા ! આપણે પણ કાંઇ તેનાથી જઇએ તેવા તો નથી, કારણકે ઋષિ-મુનિઓ, સંત—સાધુઓ, તથા જ્ઞાની પુરૂષો વારંવાર કહે છે કેઃ—" આ સંસાર અસાર છે, બધું માયારૂપ છે, ચાર દિવસનું ચાંદરણું છે, પતંગીયાના રંગ જેવું છે, ક્ષણિક છે, ક્ષણભંગુર છે. છતાં પણ, તેમાં જ આપણે રચ્યાપચ્યા રહીએ છીએ. રાજાએ ઘણી મહેનત કરવા છતાં રેતીમાંથી તેલ નીકળ્યું નહિ, તેમ મોટામોટાઓએ આ અસાર સંસારમાંથી સાર કાઢવાને મહેનત તો બહુ કરી, પણ તેમાંથી સાર કંઇ નીકળ્યો નહિ. માટે હે સુજ્ઞ જનો ! ઓ ભક્તજનો ! આ સંસારમાં કંઇ સાર નથી, સાર તો કેવળ રામનામમાં જ છે, સાર તો સત્સંગમાં જ છે, સાર તો પ્રભુભજનમાં જ છે; માટે તે સાર સુખે લ્યો, જરૂર તે સાર લ્યો. તે સંબંધમાં એક કવિએ ચિત્તને ઉદ્દેશીને કહ્યું છે કેઃ-

શાર્દૂલવિક્રીડીતવૃત્ત.

વ્હાલા ચિત્ત ચતુર થઇ ભવ વિષે રે ભટકી કાં મરે ?
શાને શોકઅરણ્યમાં નિશદિને નિશ્વાસ ખાતું ફરે ?
શાને શાંત થઇ અતિ સરસ આ પંથને ના ચહે ?
શાને કર્મ અનેક નેક કરતાં દાડી નડીને દહે ? ૨૭૪
રેજે શાંત કરી સ્વભાવ સહુની સાથે સજી સંપને,
લેજે લાભ અનેક એક પલમાં લાવી જરા જંપને;
પીડા પિંડતણી બધી પરહરી આશા પ્રભુની ધરી,
માયાની મદિરા તણા મદ વિષે મોહી ન જા તું જરી. ૨૭૫

આ દૃષ્ટાંતની મતલબ એ છે, કે આપણી આ અમુલ્ય માનવજીંદગીને મોજશોખમાં વૃથા ન ગુમાવતાં કાંઇ આત્મહિત કરવું તે જ સાર્થક-સાર છે. આ નાયકાએ આરંભેલા નાચ અને ગાયનમાંથી તથા તબલાના અવાજમાંથી પણ એજ ઉત્તમ ઉપદેશ નીકળી આવે છે. માટે અતિ મોજશોખમાં નહિ ઉતરી પડતાં સર્વ વિવેકી જનોએ સદા ધર્મધ્યાન કરી આત્મહિત કરવું. (૮૦)

भीमं भवांभोधि विवर्धकानां ।
को पाद्यमाभ्यंतर शत्रुकाणाग ॥
नूनं प्रजिष्णुश्च सदा दशानां ।
स एव जैनीति जगाद वीरः ॥८१॥

અર્થ:—સદૈવ ભયંકર ભવરૂપી મહાસાગરને વધા-રનારા દશ પ્રકારના અભ્યંતર શત્રુઓ કામ, ક્રોધ, માન-માયા, લોભ વગેરે અંતર શત્રુઓને જીતે અથવા જીતવા પ્રયત્નશીલ બનેલ છે; તેજ ખરેખર જૈન છે–એવું સર્વજ્ઞ શ્રીમહાવીરપ્રભુજીનું કથન છે. (૮૧)

ભાવાર્થ—આ શ્લોક **જૈની** કોણ એમ સૂચવે છે. **જૈન** ધર્મી-ના કુળમાં જન્મોત્પત્તિ થઇ એટલે કંઇ **જૈની** થઇ જવાતું નથી. અથવા તો **જૈન**કુળમાં ઉત્પન્ન થઇ દરેક વર્ષે સંઘને ચોપડે એક રૂપિઓ મંડાવી તેને આપવાથી પણ **જૈની** થઇ જવાતું નથી. પ્રથમ "**જૈન**" શબ્દમાંજ કોઇ અદ્‌ભુત રહસ્ય સમા-યેલું છે, **જૈન** શબ્દમાં **जि** ધાતુ છે, અને તેનો અર્થ જય મેળવવો એવો થાય છે, હમેશાં જય શત્રુ ઉપર મેળવાય છે, મિત્ર ઉપર મેળવી શકાતો નથી. આ વિશ્વમાં શત્રુઓ બે પ્રકારના છે, અભ્યંતર અને બાહ્ય. હવે બાહ્ય શત્રુઓને જીતવા તે તો રાગદ્વેષને ઉત્પન્ન કરે છે, તેથી કરીને તો ભવભ્રમણમાં ભટકવું પડે છે, તેથી તો કલેશ કંકાસ અને કુસંપ આદિ અનેક પ્રકારનાં દુઃખનાં સાધનોજ પેદા થાય છે, અને તેથી વિશેષ કરીને વૈરભાવ પ્રદિપ્ત થાય છે. કહ્યું છે કે:—"**वेराणुबंधाणि महाभयाणि**" અર્થાત્–વેરના બાંધવા વાળા મોટામોટા ભયને ભાળે છે, માટે ચોક્કસ યાદ રાખવું કે બાહ્ય શત્રુઓને હરાવ-વાથી "**જૈની**" થવાતું નથી, જ્યારે અંતરના શત્રુઓનો જય થાય ત્યારે જ **જૈની**પણું પ્રાપ્ત થાય છે. તે અંતરંગ શત્રુઓ દશ પ્રકારના છે, તેનાં નામ–પાંચ ઇંદ્રીઓના વિષયો, ક્રોધ, માન, માયા અને લોભ એ નવ, અને દશમું મન. એ દશ આત્માના મહા કટ્ટા શત્રુઓ છે. એટલે આ સંસાર રૂપી મોટા મેદાનમાં ચોરાશી લક્ષ જીવ યોનીમાં

ભિન્ન ભિન્ન અવતારો કરાવી ભવભ્રમણચક્રમાં ભમાવે છે, અને આ આત્માની જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી અનંત ઋદ્ધિને પ્રકટ થવા દેતા નથી. તેને માટે કહ્યું છે કેઃ—દુહા.

ચાર ગતિના ચોકમાં, લખ ચોરાશી બજાર;
ત્યાં બહુ જન્મમરણ કરી, પામ્યો દુઃખ અપાર. ૨૭૬

પુદ્ગળ સંગે રાગ છે. પુદ્ગળ સંગે રોગ;
રૂચિ અરૂચિ પુદ્ગલે. પુદ્ગળનો છે શોગ. ૨૭૭

પર પુદ્ગળની લાલચે. લડાઇ કરતાં લોક;
રાજન સાજન મોટકા, જન્મ ગુમાવે ફોક. ૨૭૮

વિરોધીની મિત્રતા, કરતાં નિજ ગુણ હાણ;
અજ્ઞાની મૂઢાત્મા, રણના રોઝ સમાન. ૨૭૯

ચુંટી પુદ્ગળ એંઠને, રમતો તેની સંગ;
વિષ્ટાના કીડા પરે, ધરતો કર્મ કુઢંગ. ૨૮૦

ભ્રમિત થઈ ભુલી ગયો, અવિચળ આત્મસ્વરૂપ;
અશુભ પરિણતિથી અરે; પડિયો ભવજળકુપ. ૨૮૧

ચેત ચેતરે આતમા, શુદ્ધ સ્વરૂપ નિહાળ;
આ સંસાર સ્વરૂપ સહુ, પર માયા જંજાળ. ૨૮૨

અધુના ભ્રાંતિ છોડીને, દેખો અંતર દ્રષ્ટી;
અંતર દ્રષ્ટી દેખતાં, પ્રગટે નિજ ગુણ સૃષ્ટી. ૨૮૩

તિરોભાવ નિજ રૂદ્ધિનો, અવિર્ભાવ પ્રકાશ;
પરમાતમપદને કહ્યું, તે પદનો હું દાસ. ૨૮૪

તે પદ જેણે ઓળખ્યું, તેમાં જેનું ધ્યાન;
સાધુપદ જેણે ગ્રહ્યું, તેનું શુદ્ધજ જ્ઞાન. ૨૮૫

તત્પદના ઉપયોગ વિણ, ચાલે જે વ્યવહાર;
ઘાણી વૃષભ તણી પરે, મિટે નહિ સંસાર. ૨૮૬

રાચો ન વરસ જ્ઞાનથી. કાવ્ય કરો કો લાખ;
તત્પદના ઉપયોગ વિણ, ઘી રેડયું જયું રાખ. ૨૮૭

તર્ક નર્ક ગતિ દીએ, જેને નહિ નિજ ભાન;
શબ્દશાસ્ત્રથી ભિન્ન છે, આતમપદ ગુણવાન. ૨૮૮

કથા પુરાણી બહુ કરે, જનમનરંજન માટ;
વાદ વાધરી ઘેર છે, ધર્મ વિના સહુ વાત. ૨૮૯

ક્રિયાકાંડ નવ મુક્તિ દે, જો નહિ આતમભાન;
આત્મોપયોગી સાધુને, ધર્મ ક્રિયા ગુણ ખાણ. ૨૯૦

અર્થાત્—આ જીવાત્મા રાગદ્વેષની પરિણતિથી મહા વક્ર કર્મ બાંધે છે, દશ પ્રકારના શત્રુઓમાં પહેલા પાંચ ઇંદ્રિઓના પાંચ વિષયો છે. તે ખરેખર હળાહળ વિષના સમાન કટુવિષમ છે, ભવોભવને વિષે ભટકાવી મહાદુઃખને દેનારા છે, અરે! વિષ કરતાં તો એ વિષયો વધારે દુઃખદાયી છે. કારણ કે વિષ તો એક વખત જ નુકશાન કરે છે,—જીવ કાયા જુદાં કરે છે. પણ વિષયો તો અનંતા જન્મમરણ કરાવી અગાધ સંસારસાગરમાં ભટકાવે છે, પોપટીયા રંગની માફક ઉપરથી તો સુંદરતા દર્શાવે છે, પણ પરિણામે મહા ભયંકર અને ઝેરી છે, તેને માટે કહ્યું છે કેઃ—

विषस्य विषयाणांच । दृश्यते महदंतरम् ॥
उपभुक्तं विषंहंति । विषया स्मरणादपि ॥ ९३ ॥

અર્થાત્—વિષ અને વિષયમાં મોટું અંતર છે, વિષ તો ખાનારનેજ હણે છે, પણ વિષયોનું તો સ્મરણ થવાથી આત્મ ગુણ નાશ પામે છે, તેને મેળવવાને માટે અનેક પ્રકારની ચિંતાઓ ઉત્પન્ન થાય છે, કર્ત્તવ્યનું ભાન ભુલી જાય છે, નીતિ તો વીજળીની માફક અલોપ જ થઇ જાય છે, અહોનિશ વિષયોના જ વિચારો ચાલ્યા કરે છે. વળી તે વિષે કહ્યું છે કે;—

विषयेषु विषीदंतो न पश्यंति हिताहितम् ॥
श्रृण्वंति न हितंवाक्यमंधबधिर संनिभाः ॥९४॥
विषयेषु रतो जीवः। कर्म बध्नाति दारुणम् ॥
तेनासौ क्लेशमाप्नोति । भ्राम्यन् भीमे महोदरे ॥९५॥
अहो मोहस्य महात्म्यं । विद्वांसोऽपि यतो नराः ॥
मुह्यंति धर्म कृत्येषु । रता कामार्थ योर्द्दढम् ॥९६॥

અર્થાત્—કુડ કપટ છળ પ્રપંચ વગેરેમાં સદા રત રહેતા હોય, એક બીજાની સાથે અનેક પ્રકારના કલેશ કરતો હોય, કુસંપ કરી કરાવી એક બીજાની સાથે અદેખાઇથી વરતી સામાનું અહિત કરાવવાઆંજ સદા તત્પર હોય, કારણ કે ચાર કષાય રૂપી પાતાળ કળશામાં પોતાનો આત્મા ડુબી ગએલો હોવાથી પોતાને અથવા પરને દુઃખો-

દધિમાં નાખે છે. ચાર કષાયોથી આત્માની બહુ ખરાબી થાય છે. તેટલા માટે સર્વજ્ઞ મહા પુરૂષોએ તેને રાક્ષસો સમાન કહ્યા છે. આત્માના ઉપશમવનને બાળી નાખે છે, ક્રોધ માન માયા ને લોભ એ ચાર નામોથી તે ઓળખાય છે, તેમાં વળી દરેકના ચારચાર પ્રકાર કરતાં એકંદરે સોળ જાતના કષાયો થાય છે. એ સોળેના ગુણ સ્વભાવ ન્યારા ન્યારા છે, એ કષાય રાક્ષસો ચાર ગતિના દરેક જીવો ઉપર પોતાની સત્તા વાપરી મહા જુલમ ગુજારી રહેલ છે. તે વિષે દશ વૈકાલિક સુત્રના આઠમા અધ્યયમાં શ્રીવીરપ્રભુએ કહ્યું છે કે;—

ગાથા:—

कोहो पीइ पणासइ । माणो विणय नासनो ॥
माया मिताणीनासइ । लोभो सघ विणासणो ॥१७॥

અર્થાત—ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, અભિમાન વિનય અને નમ્રતાનો નાશ કરે છે, માયા-કપટ મિત્રાચારીનો નાશ કરે છે, અને લોભ તો સર્વ સદ્‌ગુણનો નાશ કરે છે. આવા પ્રકારના એ કષાય રાક્ષસોના દુષ્ટ સ્વભાવો છે. ભવભ્રમણ કરાવવામાં સમર્થ સાધન ભુત છે.

હવે દશમો આત્મશત્રુ પોતાનું મન છે. આત્માના બંધન તથા મોક્ષનું મુખ્ય કારણ તો મન છે. **मन एव मनुष्याणां, कारणं बंध मोक्षयो:** । એ ગીતા વાક્ય પ્રમાણે બંધ ને મોક્ષનું કારણભુત મન વશ્ય ન થાય, ત્યાં સુધી સર્વ બાહ્ય ક્રિયાકાંડો આત્માનું ભવભ્રમણ અટકાવવામાં કાંઇ સમર્થ થતા નથી, અશુદ્ધ મનથી ખરાબ વિચારો થયા કરે છે. "મન સાધ્યું તેણે સર્વ સાધ્યું" એમ સમજવું. પણ તે મનને કાબુમાં રાખવું એજ ઘણું કઠિન કામ છે. મોટા મોટા ઋષિ મુનિઓ પણ તે મન રાક્ષસને કબજે કરવામાં બહુબહુ મુંઝાયા છે, છેવટે ઘણાઓ તો હારી પાછા પણ પડયા છે. **જૈનધર્મ** પામી રાગદ્વેષ તજાય નહિ, તો પાણીમાંથી અગ્નિ નીકળવા જેવું થયું સમજવું. હાલ જ્યાંત્યાં **જૈન** ધર્મમાં ક્લેશ કજીયા કુસંપ વગેરે અનેક પ્રકારનાં તોફાનો ચાલી રહેલાં છે, એ બધી મનની મારામારી છે, એક કહે છે કે હું સાચો અને મારા સંપ્રદાયમાંજ ખરૂં તત્ત્વ છે, ત્યારે બીજો કહેશે કે મારૂં સાચું, અને અમારો સંઘાડોજ ઉંચો છે. એમ આપસઆપસમાં લડાઇઓ ચાલી રહેલી છે. અરે! ઘણી

ખેદની વાત તો એ છે, કે કેટલાએક સાધુઓનાજ હૃદયમાં એવો તો દ્વેષાગ્નિ સળગી રહેલો હોય છે, કે જો તેને કદાચ સરકાર તરફથી સાર્વભૌમ સત્તા સોંપવામાં આવી હોય, તો પોતાના પ્રતિપક્ષી જનોને સમુદાય બહાર કે નાત બહાર કરે, અથવા દેશ બહાર તો શું પણ તેને હિંદુસ્થાન બહાર–દેશપાર કરવાની શિક્ષાથી પણ તેનું હૃદય શાંતિ પામે નહિ! પણ ઘણું સારૂં છે કે સાધુઓને સાર્વભૌમ સત્તા આપવામાં આવી નથી. જે મારો રાગી હોય તેને હું ભવિ બનાવું, અને સમકીતિ કહું, જે મારો રાગી ન હોય તેને અભવિ અને મિથ્યાત્વી ઠરાવું. આવી પક્ષાપક્ષીની જ્યાં મારામારી ચાલી રહેલી હોયત્યાં સત્ય શું? અસત્ય શુ? તે કાંઇ સમજાતુ નથી. જાણે પોતે સમકીત અને મોક્ષનો ઇજારોજ લેઇ બેઠા હોય નહિ! મારા રાગી હોય તેને તે આપું અને અનુરાગીને ન આપું–આ તે શો પક્ષાગ્રહ અને મિથ્યા મમત?! એટલું તો ચોકસ યાદ રાખવું કે જ્યાં પક્ષપાત છે, ત્યાં ન્યાય અન્યાયનો નિયમજ રહેતો નથી.

દુહો—પક્ષપાતના રાજ્યમાં, રહેવું નહિ લગાર;
ન્યાય અન્યાય મળે નહિ, નહિ સત્યાસત્ય વિચાર. ૨૯૧

"સાચું તે મારૂં" એવા પ્રકારના સદ્‌વિચારને બદલે "મારૂં તે સાચું" એવો ઉલટો કદાગ્રહ પકડી બેઠેલા હાલના કેટલાએક જૈનોમાં મોહ માત્સર્ય અને કુસંપ કલેશની મારામારી ચાલી રહેલી હોવાથી આગળ જૈનધર્મની ઉન્નતિને બદલે અવનતિ વિશેષ થશે. દાખલા તરીકે મારવાડમાં હમણાં થોડાકાળ ઉપર એવો બનાવ બનેલો કે એક ગૃહસ્થને ઘેર બાવીસ ટોળાવાળા કોઇ સાધુ વહોરવા ગયા, તે ઘર તેરાપંથીની શ્રદ્ધાવાળું હતું, તે સાધુ તેરાપંથીના છે, એમ જાણી ઘરવાળાંએ આહાર પાણી ભાવ સહિત વહોરાવ્યો. સાધુ વહોરીને થોડેક દુર ગયા પછી પોતાને શંકા પડી કે આ સાધુ તો બાવીસ ટોળાવાળા જણાય છે! પછી તો એકદમ ખડકી બહાર આવીને સાધુને સાદ પાડી ઉભા રાખ્યા, અને પાસે જઇને પુછ્યું કે તમો કયા પક્ષના સાધુ છો? ત્યારે તેમણે કહ્યું કેઃ—બાઇ! હું તો બાવીસ ટોળાવાળો સાધુ છું. ત્યારે એકદમ બાઇ બોલીઃ—"થાને દીયે માકે આશ્રવ લાગે માટે એ આહાર પાછો લાવ." એમ કહી આહાર પાછો માગ્યો, બાઇના અત્યંત દુરાગ્રહથી સાધુ પોતાનાં પાતરાં નીચાં મુકી છેટા ઉભા રહ્યાઃ બાઇએ તેમાંથી આહાર લઇને

પાસે બેઠેલા કુતરાને તે નાખી દીધો, ને બોલી કઃ-કુતરાને દઉં પણ તુને ન દઉં, તને આપું તો મારૂં સમક્તિ જાય-એમ બોલી બાઇ ચાલી ગઇ. અહાહા !!! અફસોસ ! અફસોસ ! કેવી ગજબની વાત ? કેવો પક્ષપાત ? કેવો ધર્મ દ્વેષ ? "મારૂં એ સાચું" એ પ્રકારે ધર્મ-ગુરૂઓએ પકડાવેલો કેવો દુરાગ્રહ ? શું વીર પરમાત્માનો ધર્મ આવો પક્ષપાતી ? શું મારા સાધુને દઉં તો પુણ્ય અને બીજાને દઉં તો પાપજ થાય ? ના, ના. વીર પરમાત્માનો કદી આવો માર્ગ હોયજ નહિ, એવી તો અમાપ ઉદાર વૃત્તિ અને-વિશાળ દૃષ્ટિ તેઓશ્રીના અંત-રમાં હતી, કે આખું જગત્ તેમણે પોતાનું કુટુંબજ માનેલું હતું. એ વિષે કહ્યું છે કે:—

अयं निजः परोवेति । गणना लघु चेतसाम् ।।
उदारचरितानां तु । वसुधेव कुटुंबकम् ।। ९८ ।।

અર્થાત—આ મારૂં, અને આ પરાયું એવી ગણના તો હલકા મનવાળા મનુષ્યોની હોય છે, ઉદાર ચરિતવાળા મનુષ્યોને તો આખું જગતજ પોતાનું કુટુંબ છે; તો એમાં મારૂં તારૂં અને પરાયું શું ? શું મારા સાધુને હું વહોરાવું તેમાંજ લાભ, અને બીજાને વહો-રાવું તો તેમાં અલાભ થાય ? આવું કાંઇ વીર ગુરૂનું કથન નથી, તેમણે તો દાનધર્મની સામાન્ય વ્યાખ્યા કહી છે. દાનથી મોક્ષલક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, દાનથી દારિદ્ર નાશ પામે છે, જ્યાં પાંચ મહાવ્રત હોય તેવા સાધુજીને દેવાથી સુપાત્ર દાન કહ્યું છે, અને બીજા દુઃખી અનાથ પ્રાણીને દેવાથી પાપ બંધાય છે એવું તો આ પક્ષપાતીની દૃષ્ટિ સિવાય અન્ય સ્થળે કહીં જોવામાં આવતું નથી. આવી પક્ષપાતી ક્ષુદ્ર દૃષ્ટિ તો સંસારસાગરને વધારનારી છે, પણ કાંઇ ભવનો અંત આણનારી નથી; હે વિવેકી મુમુક્ષુ જનો ! એટલું તો જરૂર યાદ રાખવું, કે યત્રતત્ર જ્ઞાનનાં આધ્યાત્મિક પુસ્તકો છપાવી બહાર પાડ-વાથી અથવા મોટીમોટી સભાઓમાં મોટી ગર્જનાઓ કરી સારાં છટાદાર ભાષણો આપવાથી કાંઇ જૈનધર્મનો વધારો થયો સમજ-વાનું નથી. કુસંપ રૂપી મોટો વિકરાળ વૈતાળ હાથમાં ઇર્ષા રૂપી અગ્ની લઇ ઠારોઠાર પોતાની મહાન સત્તા બજાવતો ચારે તરફ ઇર્ષા-ગ્નિના ઉષ્ણુ તીખારવા વેરી રહેલો છે, ત્યાં સુધી જૈનોની જાહોજ-લાલી કેમ જળવાય ? દેરાવાસી કહેશે કે સ્થાનકવાસી ખોટા અમેજ સાચા, દેરાવાસીઓ પોતાની સચાઇ દેખાડવા સામા પક્ષવાળા સ્થાન-

ઢુંઢીઆ, દિગંબર વગેરેની પુષ્કળ નિંદાઓ કરે, તથા નિંદામય કઠોર શબ્દોથી ભરેલાં પુસ્તકો છપાવી બહાર પાડે, અને એક બીજાને જોતાં તો જાણે ચક્ષુમાંથી ઈર્ષાગ્નિ વરસતો હોય નહિ, એવો અન્યો-અન્ય દેખાવ આપે! દિગંબર શ્વેતાંબર વચ્ચે પણ ઝગડાનો પાર નહિ! સમેતશિખરની હકસાઇ મેળવવા માટે થોડા વખત ઉપર મહા તોફાન જાગ્યું હતું, હજારો રૂપિયાનું પાણી થયું, અસુરના હાથમાં ધર્મને બહાને ભેગું થયેલું પુષ્કળ નાણું ગયું; આખરે સમભાવિ સરકારે દિવસના બે ભાગ પાડી બન્નેને હક્ક આપ્યો, એક મ્યાનમાં બે તરવાર રહેવા જેવું થયું. દિગંબરનો વારો આવે ત્યારે ભગવાનની મૂર્ત્તિની આંખો કાઢી નાખે, અને શ્વેતાંબરીનો વારો આવે, ત્યારે આંખો ચડાવે. આમ અન્યોઅન્ય શોકયોના ઝગડા જેવો દેખાવ જૈનીઓમાં જોવામાં આવે, એ હડાહુડ પંચમ કાળનો પ્રભાવ છે. આવેજ પ્રકારે કુસંપરૂપી દુષ્ટ દૈત્યે જૈનોનું તો શું પણ અન્ય સર્વ-ધર્મોનું અને વિશેષે કરીને તો આપણા આ આખા હિંદુસ્થાનનું સત્યાનાશ વાળ્યું છે. વિદેશી રાજ્યોની સત્તા પણ તે દુષ્ટ દૈત્યેજ આ દેશમાં ઠોકી બેસાડી છે. વિદેશી રાજ્યકર્તાઓ હર વખતે આપણા હિંદુભાઇઓને ભાર દઇને કહે છે કેઃ—તમારૂં હિંદુસ્થાન કુસંપથીજ પરાધીન થઇ પડેલું છે, અને હજી પણ તેણેજ કરીને પરાધીનતા રૂપી કારાગ્રહમાં ગોંધાઇ રહેશે. જુઓ! જયચંદ્ર અને પૃથુરાજ વચ્ચે ઈર્ષાગ્નિ પ્રજળ્યો અને કુસંપથી પહેલ વહેલી બાદશાહી સત્તા દાખલ થઇ. કરણઘેલાના વખતમાં ગુજરાત પરાધિન થયું. અને અલ્લાઉદ્દીનખુનીની બાદશાહી સત્તા બેઠી, તે પણ કુસંપનોજ પ્રભાવ જાણવો.

ઉપજાતિ વૃત્ત.

કુસંપથી ક્લેશ હમેશ વાધે, કુસંપથી સત્ય કૃત્યો વિરાધે;
કુસંપથી લાજ ને લક્ષ્મી જાય, કુસંપથી સર્વ વિનાશ થાય.૨૯૨

દુહા—સંપ કરે કિંમત વધે; ઘટે કરે મન રીસ;
થાય આંકને ફેરવે ત્રેસઠના છત્રીસ. ૨૯૩

સોરઠો—આણંદ પુછે પરમાણંદને ભેદ કેમ ભુલંત;
દિવસ ફરે કુસંપ કરે, ઊંધા ખોપ ધરંત. ૨૯૪
આણંદ પુછે પરમાણંદને, ધનસે બડા હે સંપ
સંપ ટિંટયો પથ્થર વિષે, તરૂવર ઘાલી લંપ. ૨૯૫

વગેરે અનેક દાખલાઓ છે. જૈનોમાં પણ એજ કુસંપે જ્યાં ત્યાં મોટા મોટા ઝગડાઓ ઉત્પન્ન કરાવ્યા છે. ધર્મને નામે અનેક તોફાનો થયાં છે, કોરટોમાં કેસો ચાલ્યા છે અને લાખો રૂપિઆની ધુળધાણી થઇ છે, કેટલાકના તો તેથી પ્રાણો પણ ગયા છે. અરે ! એટલું બધું ચક્ષુમાં તથા હૃદયમાં ઝેર ભરેલું છે, કે પોતાનાજ જૈન ભાઇઓની ચડતી દશા થતી જોઇ, કે તુરતજ તેને તોડી પાડવાના પ્રયત્ન રચે છે, કાંતો તેને સારૂં રળતો જોઇ સામી બીજી દુકાન માંડી તેને નુકશાન કરે છે. પોતાનામાં આવા આવા અનેક દુર્ગુણો ભર્યા હોય અને કહે છે કે હું જૈન ધર્મી છું—પણ જૈન ધર્મનું રહસ્ય શું ? તે તો તેઓ જાણુતા ન હોય ! તે વિષે કહ્યું છે કેઃ—

દુહો—ચારે ચુકયો બારે ભુલ્યો; છનું ન જાણે નામ;
ગામમાં ઢંઢેરો પીટાવે, શ્રાવક મારૂં નામ. ૨૯૬

જીવાદિક નવ તત્ત્વોનું જાણપણું ન હોય બાર વ્રતમાંથી એક વ્રત પણ ન પળાતું હોય, દાન, શિયળ, તપ, ને ભાવ એ ચાર પ્રકારમાંથી પણ કાંઇ ન હોય, અન્યાય અને અનીતિ કરવામાં તો શૂરોપૂરો હોય, દુર્ગુણોથી ભરપૂર હોય, છતાંપિ જૈનીપણાનો ગુમાન અને ફાંકો રાખતો હોય, તો તે જૈન નહિ પણ દુર્જન છે. કારણકે કહ્યું છે કે;-

तक्षकस्य विषं दंते । मक्षिकायाः विषं शिरः ।
वृश्चिकस्य विषं पुच्छे । सर्वांगे दुर्जनो विषम् ॥ ९९ ॥

અર્થાત—સર્પની દાઢમાં, માંખીના મસ્તકમાં, ને વિંછીના પુછડામાં ઝેર સમાયેલું છે; પણ દુર્જન માણસના તો આખા શરીરમાં ઝેર ભરેલું છે. માટે ખરેખર એવા દુર્જનપણાના દુર્ગુણો વિનાશ પામે તોજ જૈની કહેવાય, નહિ તો તે જૈનને નામે ઓળખાતો એક ચૌટાનો ચોર છે; તે પોતાના પ્રપંચી પાસલાથી સર્વ ભોળા લોકોને ઠગે છે. તે વિષે કહ્યું છે કેઃ—**ચોપાઇ.**

કુળમાં ઉપનો શ્રાવક નામ, તેથી શું થાયે નિજ કામ ?
નામ માત્રથી કાર્ય ન સરે, "ધનપતિ" ભિક્ષા ખાતો ફરે. ૨૯૭

દુહા—વાકપટુતા એ વિદ્વતા, જનમનરંજન હેત;
પોથી પુસ્તક વાંચતો, શાશ્વત પદ કયું લેત. ૨૯૮
અહં બુદ્ધિ અભિમાનથી, યાવત પરમાન થાય;
તાવત જ્ઞાની કો નહિ, પામે નહિ શિવઠાય. ૨૯૯

માટે ઓ વહાલા જૈનબંધુઓ ! જો તમે ખરેખર જૈનીપણાનુંજ ઝનુન રાખતા હો, તો હૃદયમાંથી ઈર્ષ્યાદેવીને દેશનિકાલ કરજો, કુસંપને કાઢી સર્વત્ર ભ્રાતૃભાવની છાપ બેસાડજો, સર્વ સાથે સંપથી વરતી ભલાઇનું ભણતર ભણજો અને ભણાવજો, મનને દુરાચારમાંથી પાછું ખેંચી સદાચારમાં સ્થાપજો, નીતિથી નિર્દોષ વ્યવહાર ચલાવજો, સામાનું ભલું ચિંતવજો, હૃદયમાંથી કુડી કલ્પનાનો નિકાલ કરજો, સદ્‌ભાવથી મનને ભરજો; ત્યારેજ જૈનની જાહોજલાલી થશે, ત્યારેજ જૈનનો વિજય વાવટો ફરકશે, અને ત્યારેજ આપણે ખરા જૈની ગણાઇશું–એવું શ્રી વીરપ્રભુનું કથન છે. વળી " જૈનની ઉન્નતિ કેમ થાય ? " તેના સંબંધમાં નીચેનું અષ્ટક સપ્રેમે વાંચો ને વિચારો:—

જૈનોની ઉન્નતિ કેમ થાય ?–ઉપજાતિ વૃત્ત.

જ્યારે વિરામે કટુતા કલેશ, પામે પ્રદેશે વળી રાગદ્વેષ;
સુસંપ થાય કૃપણત્વ જાય, જૈનો તણી ઉન્નતિ એમ થાય. ૩૦૦

શું થાય સુભાષણને વદેથી ? જાયે નહિ જો જડતા રૂદેથી;
હૈયા થકી જો હઠ હરાય, જૈનો તણી ઉન્નતિ એમ થાય. ૩૦૧

મદાષ્ટથી અંધ બને બધાય, જુવે નહિ રે ઉરમાં જરાય;
સંપી સહુ સ્નેહવડે વસાય, જૈનોતણી ઉન્નતિ એમ થાય. ૩૦૨

સાધુ મળીને કરશે સુધારા, આચારવિચાર વિષે વધારા;
કદાગ્રહો સાધુ વિષેથી જાય, જૈનો તણી ઉન્નતિ એમ થાય. ૩૦૩

શ્રીમંતલોકો બનશે ઉદાર, કંજુસતાનો કરશે ધિક્કાર;
પ્રેમે સુપંથે ધન વાવરાય, જૈનો તણી ઉન્નતિ એમ થાય. ૩૦૪

અહં તણો પાઠ જશે ભુલાઈ, ઈર્ષ્યા જશે ને વધશે ભલાઇ;
પવિત્ર થાય મનવાણીકાય, જૈનો તણી ઉન્નતિ એમ થાય. ૩૦૫

નીતિ તણા પંથ વિષે ચલાશે, અનીતિના મારગને તજાશે;
હાનીકરા જો કુરીવાજ જાય, જૈનો તણી ઉન્નતિ એમ થાય. ૩૦૬

શિક્ષા સુણો જૈનબંધુ હમારા, વશી સુપંથે કરજો સુધારા;
વદે મુનિ વિનય ભાવ લાય, જૈનો તણી ઉન્નતિ એમ થાય. ૩૦૭

(૯૦) સમતાસાગર દમદંત મુનિની કથા.

કોઇ એક દમદંત નામનો રાજા હતો, તે ન્યાયનીતિથી રાજ્ય કરી પોતાની પ્રિય પ્રજાને પુત્રવત્ લેખી તેનું પ્રેમે પાલન કરતો હતો, તેમજ ન્યાયપૂર્વક ચોરાદિક દુષ્ટજનોનો નિગ્રહ કરી પોતાની સત્તાનો પ્રચંડ પ્રતાપ પણ બેસાડતો. દયાને સ્થાને દયા વાપરવી, અને દંડ કરવા લાયક દુષ્ટજનોને દંડ કરવો; એ ન્યાયવંત સુજ્ઞ રાજ્યકર્ત્તાઓનું આદ્ય કર્ત્તવ્ય છે; જો એમ ન કરવામાં આવે, તો ઉલટું લાભને બદલે ગેર-લાભ અને હાનિમાં વધારો થવાનો સંભવ છે. તે વિષે નીતિશાસ્ત્રમાં તો સાફ કહ્યું છે કે:—

यतीना कांचनं दद्यात् । तांबुलं ब्रह्मचारिणे ॥
दस्यूनामभयं दद्यात् । स दाता नरकं व्रजेत् ॥ १०० ॥

અર્થાત:—સાધુ મહાત્માઓને સોનું આપનાર એટલે લક્ષ્મીનું દાન કરનાર, તથા બ્રહ્મચારી પુરૂષને તાંબુલ–પાનબીડાં આપનાર, તથા ચોર–લોકોને અભયદાન આપનાર પુરૂષ ખરેખર નરકમાં જાય છે. મતલબ એ છે કે બ્રહ્મચારી, સાધુઆદિ મહાપુરૂષોને મોજશોખવાળી શૃંગારીક વસ્તુઓનું દાન, તથા લક્ષ્મીનું દાન દેવાથી તેમને ઉપાધિ વધે છે, સત્ય કર્ત્તવ્યથી ભ્રષ્ટ થાય છે, અને છેવટે અસત્ય કર્ત્તવ્યના ઊંડા ખાડામાં પડી દીન પ્રતિદીન ઉન્માર્ગમાં ઉતરે છે; માટે તે દાતાનું અયોગ્ય દાન તો ઉલટું અવનતિકારક નિવડયું. માટે વિવેકી જનોએ વિચારી સ્વપરને લાભદાયક સુપાત્રે યોગ્ય દાન કરવું. તેમજ રાજા કોઇ ચોરને તેના ચોરીના ગુન્હા બદલ ક્ષમા કરી અભયદાન આપે, તો તેને ચોરીના ધંધામાં ઉત્તેજન આપવા જેવું કર્યું ગણાય, માટે રાજા ચોરને લાયક દંડ આપી નીતિ જાળવે છે. આપણો દૃષ્ટાંત નાયક દમદંત રાજા પણ તેવો નીતિવંત નરેશ હતો.

ઘણું કરી રાજાઓ રાજ્ય વધારવાની બહુ તૃષ્ણાવાળા હોય છે. પોતાની પાસે ગમે તેટલું મોટું રાજ્ય હોય, તો પણ અધિક અધિક મેળવવા સતત પ્રયાસો સદા કર્યા કરે છે. આ દમદંતને પણ એવાજ કોઈ પ્રસંગથી એકદા પાંચ પાંડવો સાથે યુદ્ધ થયું ને તેમાં વિજય મેળવ્યો. પછી કેટલાક દીવસ વીત્યાબાદ તે નગરમાં કોઇ એક પરમપવિત્ર મુનિ મહાત્મા પધાર્યા, તેમનો બોધ સાંભળવાને તે રાજા ત્યાં

ગયો. મહાત્માશ્રીએ અનુકુળ સમય જાણી રાજાને ઉચિત ઉપદેશ આપ્યો કેઃ—હે રાજા! આ મનુષ્યજીવન મહાપુણ્યના ઉદયથી મળેલું છે, તેને ઉત્તમ જનોજ સન્માર્ગે દોરી અમૂલ્ય લાભ હાંસલ કરે છે. બિચારા અજ્ઞાની જીવડાઓ તો મોહ મમતા અને માયાના ઘેનમાં ઘેરાઇ, સદા વિષયગારામાં કચરાઇ, આ અમૂલ્ય જીંદગીને નકામી ગુમાવે છે, કષાયને આધીન થઇ અનેક પ્રકારના અપરાધો નીડરપણે કર્યા કરે છે, પણ પરલોકમાં તે કર્મનો બદલો અવશ્ય દેવો પડે છે; તેનું તો તેને ભાનજ હોતું નથી. તે વિષે કહ્યું છે કેઃ—

મનહર છંદ.

અરે અપરાધી ખાધી ખોટ ત્હેં ઉપાધી સાધી,
ઠગવા લોકોને કામ કીધું છે ઠગાઈનું;
જરૂર આ વાત ત્હારા જીવમાં તું જાણી લેજે,
કહે દલપત ફળ દેખીશ કમાઈનું;
છુપાવીછુપાવી છળકપટથી કીધું છેક,
લંપટ ત્હેં કામ લાંચ ચોરી ને લુચ્ચાઈનું;
નથી મળ્યો પુછનાર નરલોકમાં તો પણ,
પરલોકમાં તો નથી રાજ પોપાંબાઈનું. ૩૦૮

માટે કાચા કુંભસમાન કાયામાં જીંદગીનો ભરોંસો નહિ રાખતાં સર્વ અનુકુળ સામગ્રીવાળા શુભ અવસરમાં ચેતી લેવું, તે સદા સુજ્ઞજનોનું કર્ત્તવ્ય છે; કારણ કે પાછળથી પસ્તાવું ન પડે. આ પ્રકારનો અપૂર્વ ઉપદેશ સાંભળી રાજાને વૈરાગ્ય ઉપજ્યાથી પોતાના પાટવીકુમારને રાજ્યપાટ વગેરે સર્વ સોંપી શ્રીસદ્દગુરૂ શરણમાં આવી ઉભય હસ્ત જોડી કહ્યું કેઃ —

મંદાક્રાન્તા વૃત્તમ્ ॥

ब्रह्मानंदं परमसुखदं, केवलं ज्ञानमूर्त्तिं ।
द्वंद्वातीतं गगन सदृशं, तत्वमस्यादि लक्ष्यम् ॥
एकं नित्यं विमलमचलं सर्वदा साक्षिभूतं ।
भावातीतं त्रिगुण रहितं सद्गुरुं तं नमामि ॥ १०१ ॥

અર્થાતઃ—આત્મસુખમાં આનંદ માનનાર, પરમસુખને દેનાર,

કેવળ જ્ઞાનસ્વરૂપ, રાગદ્વેષથી રહિત, આકાશ સમ નિર્મળ, એક અને નિત્ય એવા **તત્વમસિમાં** એક લક્ષ્યવાળા, નિર્મળ, અચળ, સત્ય સાક્ષિભૂત **પૌદ્ગલીક** પદાર્થમાં અપ્રીતિવાળા, આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત, એવા હે સદ્ગુરૂ દેવ, આપને ત્રિકાળ વંદન હો! એ પ્રમાણે સ્તુતિ કરી દીક્ષા લીધી. કેટલોક વખત ગુરુ સાથે વિચરી જ્ઞાન અભ્યાસ મેળવી ગુરૂનાજ્ઞાથી એકાકીપણે વિચરવા લાગ્યા, અનેક પ્રકારના વિકટ પરિસહો પડવા છતાં ક્ષમા માતાને તજતા નહતા. કોઇ પ્રકારે ભય પામી સત્યથી ચળાયમાન ન થતા, ખરેખર બાહ્ય કુટુંબને જેણે ત્યાગ કરી અંતરંગ કુટુંબમાં પ્રવેશ કર્યો છે, એવા નિર્ભય થયેલા મહાનુભાવ યોગી પુરૂષોને ભય ક્યાંથી હોય?

धैर्यं यस्य पिता क्षमा च जननी शांतिश्चिरं गेहिनी ।
सत्यं सूनुरयं दया च भगिनी भ्राता मनः संयमः ॥

शय्या भूमितलं दिशोऽपि वसनं ज्ञानामृतं भोजनं ।
मेतेयस्य कुटुंबिनो वद सखे कस्माद् भयं योगिनः ॥१०२॥

અર્થાત:—ધૈર્યરૂપી જેને પિતા છે, ક્ષમારૂપી માતા છે, અને સદા શાંતિરૂપ ગેહિની (સ્ત્રી) છે, સત્યરૂપી પુત્ર છે, દયારૂપી બગિની છે, મનને નિગ્રહ કરવારૂપી ભાઈ છે, જમીન—પૃથ્વી જેને પથારી છે, દિશારૂપી વસ્ત્રો છે, જ્ઞાનામૃતરૂપી ભોજન છે; તો હે મિત્ર! હવે તું કહે જોઇએ, કે આવા યોગીઓને ભય ક્યાંથી હોય! અર્થાત નજ હોય.

આ દમદંતમુનિ પણ એ પ્રમાણે નિર્ભયપણે વિચરતાવિચરતા પાંડવના રાજ્યમાં પધાર્યા, અને ગામ બહાર એક વૃક્ષતળે ધ્યાન ધરી ઉભા રહ્યા. થોડાકવારે તે રસ્તેથી પાંડવોની સ્વારી નીકળી, તેમણે આ મુનિને જોઇને ઓળખ્યા અને કહ્યું કે, આતો દમદંત છે. પણ અત્યારે તો મુનિ બનેલા છે, જો કે તેમણે પૂર્વાવસ્થામાં આપણું ઘણુંજ અપમાન કર્યું હતું અને આપણી સામે યુદ્ધ આરંભ્યું હતું, તોપણ અત્યારે તો તે મુનિના વેશમાં છે, માટે તે આપણને વંદનીય અને પૂજનીય છે. પૂર્વનું વેર સંભારી અત્યારે મુનિપણામાં તેમને સતાવવા તેમાં આપણી ધૃષ્ટતા અને નાલાયકી છે, ખરેખર એ ઉત્તમ નરોનું કર્તવ્ય નથી. પછી પૂર્વનું વૈર ભુલી જઇ તેમને નમ્રપણે વાંદ્યા, ગુણ

ગાયા, રાજગાદી તજી યોગ લીધો તે માટે કોટિશઃ ધન્યવાદ આપ્યો, અને મુનિના ગુણ ગાતા ગાતા પાંડવો સ્વસ્થાને ગયા.

પછી થોડીવારે ત્યાંથી કૌરવોની સ્વારી નીકળી, તેમણે પણ ઓળખ્યા; અને માંહોમાંહે બોલ્યા કેઃ—અરે ભાઇઓ! આ દુષ્ટ દમદંત છે તેને ઓળખ્યો કે? આપણો વેરી, આપણી સાથે યુદ્ધ કરી આપણું અપમાન કરનાર, આ કપટનુ પૂતળું છે. ઠીક! આજ લાગ સારો આવ્યો છે, આપણા જાપ્તામાંથી હવે તે કયાં નાસવાનો છે? પછી પાસે આવી ધિક્કારપૂર્વક કેટલીક ગાળો દીધી; અને સઘળાએ પાસે પડેલા પત્થરના એક ઢગલામાંથી એક એક પત્થર તેમના પ્રત્યે ફેંકયો. મુનિ પત્થર વચ્ચે દબાઇ ગયા ત્યાં સુધી પણ કૌરવો વેર લેતાં ચુકયા નહિ. દમદંત મુનિ આ બનાવથી જરા પણ અજ્ઞાત ન હતા, તેમણે સઘળા શબ્દો સાંભળ્યા હતા, પણ સમતા સહિત સમભાવે તે સર્વ સહન કર્યું. પ્રિય વાંચનાર, પાંડવોનુ જૈનત્વ જોયું? અહાહા! પાંડવોએ ઓછું જૈનત્વ જાહેર કર્યું છે? તેમજ દુર્યોધનાદિ કૌરવોએ જૈનત્વને બદલે દુર્જનત્વ પ્રગટ કરવામાં પણ કાંઇ કચાશ—બાકી ઓછું રાખ્યું છે? વળી ધન્ય છે તે ક્ષમાસાગર મુનિમહાત્માને! કે જેમણે શુભાશુભ ઉભયમાં સમભાવ ધારણ કર્યો. આ વિષે દસવૈકાલિક સુત્રમાં એક ગાથા છે કેઃ—

> जे न वंदे नसे कुपे । वंदिउ न समुकसे ।
> एव मनस माणस । सामणं पजु वठइ ॥ १०३ ॥
> अकोसवहं विइतु धीरे । मुणीचरे लाढे निच्चमाय गुत्ते ॥
> अवग्गमणे असंप हिठ्ठजे । कसिणं अहियासएसभिख्खू॥४॥

અર્થાતઃ—જે કોઇ વાંદે નહિ તેના ઉપર કોપે નહિ, અને વાંદે તેના ઉપર હર્ષભાવ આણે નહીં, એવા ઉભયમાં સમભાવ રાખનાર મહાત્માઓ ઉત્તમ પ્રકારના મુનિપણામાં સ્થીર ભાવે રહે, તેવાનેજ ઉત્તમ મુનિ જાણવા. આ દમદંત મુનિ પણ તેવાજ હતા, તેમણે એકના ઉપર હર્ષ ખેદ કાંઇ ન આણ્યો. આ દ્દષ્ટાંત વિષે શ્લોક છે કેઃ—

> भक्तेषु पांडुपुत्रेषु । धार्तराष्ट्रेषु हंतृषु ॥
> समोभावोऽभवत्तस्य । राजर्षेरुभयोः ॥ १०५ ॥

शत्रु मित्रे पुत्रे बंधौ । माकुरु यत्नं विग्रहसंधौ ॥
भवसम चित्तं सर्वत्र त्वं । वांच्छश्चिरद्यदि सत्तत्वम् ॥ ६ ॥

અર્થાત:—ભક્તિ કરનાર પાંડવો વિષે તથા સંકટ આપનાર કૌરવો વિષે એમ બન્ને જણાઓ ઉપર રાજર્ષિ શ્રી દમદંત મુનિએ સમભાવ ધારણ કર્યો. ખરેખર હે આત્મા ! તારે સત્ય તત્વની વાંચ્છના હોય, તો શત્રુ મિત્ર પુત્ર અને બંધુ વગેરે ઉપર પણ વિગ્રહસંધીમાં યત્ન ન કરતાં ચિત્તમાં સમભાવ ધારણ કર. આ દષ્ટાંતની મતલબ એ છે કે ખરૂં જૈનત્વ અંતરૂ રિપુ–અરિ ઉપર જય મેળવવામાં છે. માટે, ખરેખર હે બંધુઓ ! આ દુનીઆમાં દુર્યોધનની પેઠે દુર્જનત્વ ધારણુ ન કરતાં પાંડવોની પેઠે શુદ્ધ જૈનત્વ ધારણ કરવું, કે તેથીજ આપણે ખરા જૈન કહેવાઇશું. જો કે આપણી વૃત્તિઓ ઘણું કરીને દુર્યોધનની પેઠે દુર્જનત્વ ધારણ કરવામાંજ તૈયાર થાય છે, પણ તેની દુષ્ટવૃત્તિઓનો નિગ્રહ કરીને પાંડવની પેઠે ઉત્તમ ઉદાર થઈ ભાવ પ્રાપ્ત કરીશું, ત્યારેજ આપણું કલ્યાણ થશે અને ખરા જૈન કહેવાઇશું. માટે હે બંધુઓ, જૈન બની જૈનત્વ જાહેર કરો પણ દુર્જનત્વ જાહેર કરી જીંદગી જોખમમાં ન ઉતારો. વહેવાર ને પરમાર્થ ન બગાડો ! (૮૧)

सदा प्रवासी परवानऽधर्मी ।
सदा सुरोगी च दरिद्रता च ॥
ऋणी प्रकामो गुरुहीन जन्मा ।
मन्ये मृताः प्राणभृतोऽपि चैते ॥८२॥

અર્થઃ—સદા પ્રવાસ કરનારો, પરાધીનપણે જીંદગી ગુજારનારો, અધર્મી, સદૈવ ઘણોજ રોગીષ્ઠ, સદા દરિદ્રી, ચિંતાના અતિભારથી સદા દબાયેલ, સદા ઘણો દેવાદાર, આટલા માણસોને જગતમાં જીવતા છતાં પણ હું તો મુવેલાજ માનું છું. (૮૨)

ભાવાર્થ:—આ જગતમાં આટલા માણસો પ્રાણને ધારણ કરવા છતાં પણ મરેલા જેવાજ છે. તે કોણ કોણ તે બતાવે છે:-એક તો પ્રવાસી ને હમેશાં કાસદનો ધંધો કરનાર, તેઓ હમેશાં એક ગામથી બીજે ગામ એમ રોજ ફર્યાજ કરે છે, તેઓ બિચારા નિરાંતે ધાન્ય પણ ખાઇ શકતા નથી, તેવા માણસ જીવતા છતાં પણ મુવા સમાનજ છે. બીજો પરાધીન છે, પરાધીન માણસને હમેશાં પારકાની તાબેદારી ઉઠાવવી પડે છે, પરાધીનતા પણ એક જાતનું કેદખાનું છે, પરની તાબેદારી કરી પેટ ભરવું, પરાધીન થઇ પારકે ઘેર પડી રહેવું તેના જેવું એકે મહાદુ:ખ નથી. અરે! કેટલાએક તો પરાધીનતાથી પશુઓની માફક જીંદગી દુ:ખમાંજ ગુજારે છે. દાખલા તરીકે રાજગ્રહી નગરીનો અધિપતિ શ્રેણીક જેવો છત્રપતિ મહારાજાધિરાજ પોતાના દુષ્ટ પુત્ર કોણિકથી પાંજરામાં પુરાયો, અને પરાધીનતાથી તેવીજ સ્થિતિમાં ઘણા કાળ સુધી દુ:ખી જીવન ગુજાર્યું, અને પોતાના વહાલા જીવનનો અંત પણ તેવીજ સ્થીતિમાં આણ્યો. અહાહા! પરાધીન માણસ કેવું અસહ્ય કષ્ટ ભોગવે છે? તે બિચારો નિર્ભયતાથી ધર્મધ્યાન કે પ્રભુભજન વગેરે ઉત્તમ કાર્યો પણ કરી શકતો નથી, અરે પરાધીન માણસ બિચારો સુખે સુઇ પણ શકતો નથી. કારણકે તેઓની જીંદગી પોતાના ઉપરીઓને તાબે હોય છે, તેથી ઉપરીની મરજી મુજબ તેઓને વતરવું પડે છે. પોતાની ઇચ્છા ન હોય છતાંપિ તે બતાવે તેવાં કાર્યો કરવાં પડે છે, મુંજ રાજાના હુકમથી વછરાજ પ્રધાનને આઠ વર્ષની ઉમરના ભોજકુમારને ગરદન મારવાનું સાહસ કામ નાઇલાજથી પોતાને માથે લેવું પડયું, પણ આખરે ભોજકુમારના પૂર્વ પુણ્યથી તેનું પોતાનું મરણ બચ્યું. માટે પરાધીનતા એ દુ:ખની પરાકાષ્ટા છે, તે એવી કષ્ટ દશા છે કે તે ભોગવનારનેજ જાણવા દો. જેને વીતે તે જાણે તે વિષે કહ્યું છે કે:—

ગીતિ.

પરવશપણે રહેવું, એ કરતાં તો મરણ બહુ સારૂં;
પિંડ પીડ પડયાથી, માને એવું સદાય મન મારૂં. ૩૦૯
પરતંત્રતા પીડા છે, સ્વતંત્રતાને સદા સુખદ જાણું;
પરવશ પેટ ભર્યાના, કરતાં ઉત્તમ મર્ણજ પરમાણું. ૩૧૦

પરાધીન માણસ માને છે, કે આવા પરવશપણાનાં દુ:ખો કરતાં

તો મર્ણુંજ સારૂં છે. એવાજ હેતુથી નીતિશાસ્ત્ર કહે છે કેઃ—" પરાધીન માણુસ પ્રાણુને ધારણુ કરવા છતાં પણુ જીવતે મુવા જેવા છે."

હવે ત્રીજો પ્રકાર અધર્મીનો છે. અધર્મી એટલે મહાપાપનો કરવાવાળો હોય, પ્રાણીઓના પ્રાણુ હરવામાં તત્પર, કાયમ લોહીએ ખરડાએલા જેના હાથ રહે છે, બિચારાં ગરીબ અનાથ મુંગાં પ્રાણીઓને સદા દુઃખ દેઈ સતાવે, જુઠું બોલવાનો તો જેને જરાયે ડર નહિ, પારકા ધનમાલ વગેરેની ચોરીનો કરેનાર, અને વિષયનો ભિખારી, સ્ત્રીલંપટ અને ધનધાન્યાદિક મોહમાયામાં માતેલો છકેલો, વળી મહાક્રોધી, જેના હૃદયમાં દયાનો તો છાંટો પણુ નહિ, પારકા પ્રાણુ હરવા અને તણુખલાં તોડવાં એ બે જેને સમાન છે. વળી દુરાચારનો સાગ્રીત અને સદાચારનો શત્રુ, વિઘ્નસંતોષી, પોતાની અમૂલ્ય જીંદગી એળે ગુમાવી પોતાને અધમની પંક્તિમાં ગણાવી પોતાને હાથે નરકનાં દ્વાર ખુલ્લાં કરનાર છે. તે વિષે કહ્યું છે કેઃ—

મનહર છંદ.

શીળને સંભાળવામાં, બાપે માર્યા વેર જાણે,
સદાચારની તો વાત, સમજે ન સાનમાં;
સત્યની અગત્ય શી તે, તેવા જન જાણે કેમ?
ચોંટયાં ચિત્ત જેનાં પરધન પરદારમાં;
નીતિમાં ન પ્રીતિ પ્રાણુ, જાય તોય કાંઇ કરે?
દીનને દુખાવી દુષ્ટ, રાજી અતિ થાય છે;
પ્રથમ ન સમજે અધમ પરિણામે પછી,
ખરેખર ખાંતે કરી, ખતા ખૂબ ખાય છે. ૩.૧

હવે ચોથો પ્રકાર સુરોગીનો છે, સુરોગી એટલે ઘણો રોગીષ્ટ. રોગી માણુસ બિચારો ઘણાં આકરાં દુઃખો ભોગવે છે, રોગમાંને રોગમાં તેનું શરીર તવાઇ જાય છે, તેને પોતાના પૂર્વ પાપના ઉદયની નિશાની રૂપ દુષ્ટ રોગોને લીધે તનમનની હાની થાય છે. કેટલાએક તો એવા રોગીષ્ટ શરીરવાળા હોય છે, કે તેની પાસે લોકો જવાં પણુ અચકાય છે, તેથી તે બિચારો રીબાઇરીબાઇને મહા ભારે અસહ્ય વેદના ભોગવે છે, આખરે આ દુઃખમાંથી મરી છૂટું તો ઠીક—એમ એ માને

છે. કહો ભાઈ! આ પ્રકારનું મહારોગોથી પીડાતું જીવન શા કામનું છે? કારણકે હમેશાં કાંઈને કાંઈ રોગ શરીરમાં હોયજ! એકને માંડ-માંડ મટાડતાં તો બીજા બે ચાર રોગ પેદા થયાજ છે.

ઝુલણા છંદ.

દુબળી ગાયને હોય ઝાઝી બગા,
દુખતાં અંગ પર ઠેસ વાગે,
ભુત ભાગી ગયું હોય નહિ ત્યાં વળી,
ઉલટું અંગમાં પલિત જાગે;
એકપર એક છે આધિઓ વ્યાધિઓ,
બંધનો બેવડાં કેમ છુટે?
સાવ નિ:સાર આ હાય સંસારમાં,
સાંધીએ એક ત્યાં તેર તૂટે. ૩૧૨

એમ અનેક પ્રકારના રોગોથી પીડાયલો પ્રાણી કોઈ પ્રકારની ધર્મક્રિયાઓ પણ ભાગ્યેજ કરી શકે છે. માટે ઘણો રોગીષ્ઠ માણસ પણ જીવતાં છતાં મરેલા સમાનજ સમજવો.

હવે પાંચમો પ્રકાર સદા દરિદ્રોનો છે, દરિદ્રી એટલે સદા નિર્ધન જેની ગાંઠે ગરથ–ધન નથી તે મહા દુ:ખી થાય છે, દરિદ્રતાના જેવું જગતમાં એકે મહા ભારે દુ:ખ નથી, દરિદ્રી માણસને કોઈ પ્રેમપૂર્વક બોલાવતું પણ નથી. ઘણા નિકટનાં સગાં સંબંધીઓ હોય, તે જાણે વૈરાગી બન્યા હોય નહિ! એમ અભાવ વૃત્તિવાળા–બેદિલ થઈ જાય છે. તે વિષે કહ્યું છે કે:—

अहोनुकष्टं सततं प्रवास । स्ततोऽति कष्टं परगेहवासः ।
कष्टाधिका नीचजनस्य सेवा । सर्वातिकष्टा धनहीनता च
सत्यं न मे विभव नाशकृताऽस्ति चिंता ।
भाग्य क्रमेण हि धनानि भवंति यांति॥
एतत्तुमां दहति नष्ट धनाश्रयस्य ।
यत् सौहृदादपिजना शिथिली भवंति ॥ १०८ ॥

અર્થાત:—હમેશાં પ્રવાસ, પરઘેરવાસ, નિચજનની સેવા કરવી

એ સર્વ કષ્ટરૂપ છે; પણ દરિદ્રતા તો એ સર્વથી અધિક કષ્ટવાળી છે. કારણ કે ધનવાન મનુષ્યોને શત્રુઓ હોય તે પણ સ્વજનનું આચરણ કરે છે, એક વખત વૈરભાવ પણ ભુલી જાય છે, અને નિર્ધન માણસને તો ખાસ નિકટનાં સગાં-સ્વજન હોય, તો પણ તે શત્રુ તુલ્ય વેરી થઇ જાય છે; કારણકે આ લોકમાં સર્વ ગુણો સુવર્ણમાં ધનમાં રહેલા છે. પોતામાં તો ગુણ હોય કે ન હોય, ઉંચ હોય કે નીચ હોય, શઠ હોય કે સુજન હોય પણ પાસે ધન હોય તેજ મોટો ગુણવાન ગણાય છે.

ઉપજાતિવૃત.

यस्यास्ति वित्तं स नरः कुलीनः ।
स पंडितः स श्रुतिमान् गुणज्ञः ॥
स एव वक्ता स च दर्शनीयः ।
सर्वे गुणाः कांचनमाश्रयंति ॥ १०९ ॥

અર્થાત:—જેની પાસે ધન છે તેજ કુલીન એટલે ઉત્તમ કુળવાળો, તેજ પંડિત, તેજ મહા શાસ્ત્રવેત્તા, તેજ ગુણજ્ઞ એટલે ગુણને જાણનારો, અને તેજ મોટો સત્યવક્તા, અને તેજ દર્શન કરવા યોગ્ય ઉત્તમ નર ગણાય છે. પછી ભલેને ભાઇના સકળ સદ્ગુણનો કચ્ચરઘાણ વાળી ગયો હોય ! માટે સર્વ ગુણો એક કંચનમાં રહેલા છે. આ દુનિઆમાં સર્વ કોઇને પૈસાનીજ સગાઇ રહેલી છે.

(૯૧) શ્રીમંત બહેનના રંક ભાઈની ભાગ્યદશાની કહાણી.

એક ધનવાન બેનને ત્યાં ગરીબ સ્થિતિમાં આવી ગયેલો પોતાનો સગો ભાઈ કાંઇક સુખની આશાએ આવ્યો. તે વખતે બેનડી હીંડોળાખાટ ઉપર બેસી હીંચતી હતી, અને પોતાની પાંચસાત પ્રિય સખીઓ-સાહેલીઓ સંગાતે આનંદપૂર્વક વાર્તાવિનોદ કરી રહેલી હતી, વચમાં વચમાં પોતાના નોકર-ચાકરોને હુકમ કર્યા કરતી હતી; વળી શરીર ઉપર અનેક પ્રકારનાં નવરંગી વસ્ત્રાભૂષણો તથા કિમતી દાગીના પહેરેલા હોવાથી શરીર સૌંદર્યથી ખુશ થઇ આનંદપ્રમોદ પામતી હતી. એવી સ્થિતિમાં બેઠેલી બહેને છેટેથી પોતાના ભીખારી ભાઇને આવતો જોયો, તેનું શરીર-દેદાર ગરીબ હાલતને લીધે કદરૂપું લાગતું હતું, ફાટયાંતૂટયાં કપડાં શરીર ઉપર તેણે ધારણ કર્યાં હતાં, તેનું શરીર

જોઈ સત્પુરૂષોને દયા ઉપજતી હતી. જો કે તે ઘણે વર્ષે તથા ઘણે દૂરથી આવેલો હતો, છતાં પણ દરિદ્રતાને લીધે બેહાલ સ્થિતિવાળા પોતાના ભાઈને દૂરથી જોયો કે જોતાવેંત બહેનના મનમાં લજ્જા ઉપની. તેટલામાં પાસે બેઠેલી સખીઓએ આશ્ચર્યથી પુછ્યું કેઃ— બહેન ! આ કોણ છે ? ગુમાની બહેને વિચાર્યું કે આ મારા ભાઇ છે એમ કહીશ, તો મારી લાજ જશે, માટે લાજ બચાવવા સારૂં બોલી કેઃ- બહેનો ! એ તો અમારા પીયરનો રસોઇયો છે, તે મને મળવા માટે આવતો હશે ! આ પ્રમાણે બોલતી બહેનનું વચન ભાઈએ સાંભળ્યું.તે કર્ણમાં કઠોર અને હૃદયમાં તિક્ષ્ણ ભાલા જેવું લાગ્યું, બહેનનું આ વચન સાંભળી ભાઇને ઘણું લાગી આવ્યું, હૃદયમાં અથાગ દુઃખ થવા લાગ્યું. અહો ! ધિક્કાર છે મને કે અણુવિચાર્યો અત્રે આવ્યો. અહો ! સંસાર પૈસાનોજ સગો છે ! નિર્ધન એવા મને સગી બહેને પણ રસોઇયો ઠરાવ્યો. અરે આ લોકમાં પૈસાનીજ બલિહારી છે. તે વિષે કહ્યું છે કેઃ—

મનહર છંદ.

શાહી જેવો કાળો હોય, માખીઓનો માળો હોય,
ગળોફામાં ગાળો હોય, નીતિનું તો નામ છે;
હૃદય કઠોર હોય, ચાડીઓ કે ચોર હોય,
ગણિકાનો ગોર હોય, વાલો પંથ વામ છે;
લંપટ લબાડ હોય, પાપનો પહાડ હોય,
ઝેર તણું ઝાડ હોય, જુલમીનો જામ છે;
કેશવ અધિર કે, બધિર હોય તોય પણ,
તેને લોક માને, જેની પાસે ધનધામ છે. ૩૧૩

ધર્મનો નિધાન હોય, સાવ સાવ સાધ હોય,
બોલે બહાદુર હોય, ભાવ ભગવાને છે;
અંતર ઉદાર હોય, પુરો પરિવાર હોય,
સુંદર વિચાર હોય, સુંદરતા કાને છે;
શાંત શુરવીર હોય, ધાંધલમાં ધીર હોય,
ગુણમાં ગંભીર હોય, રાગી રસ પાને છે;

જ્ઞાન હોય, માન હોય, નામી કુળવાન હોય,
[પણ]નાણું નહી હોય,તેમાં માલ કોણુ માને છે? ૩૧૪

અહો ! હું ધનવાન હોત, તો બહેન મને ઘણી ખમાખમા કરત, " આવો ભાઈ આવો ! બહુ દિવસે આવ્યા, ખુશીમાં તો છોને ? " એમ માનપૂર્વક બોલાવત. માટે ઓ નિર્ધન દુર્ભાગી આત્મા ! નિર્ધન-અપમાન પામેલા એવા તારે હવે અહીં રહેવું ઉચિત નથી. નીતિ-શાસ્ત્રમાં ખરૂંજ કહ્યું છે કેઃ—

દુહો—આદર નહિ આવ નહિ, નહિ નયનમે નેહ;
તે ઘર હંસા ન જાઇએ, ભલે કંચન બરસે મેહ. ૩૧૫

પછી કાંઇક બહાનું કાઢી બહાર નીકળી બહેનને ખબર આપ્યા વિના જ સત્વર ત્યાંથી ચાલતો થયો. તેણે વિચાર્યું કે મારે ગામ પણ હવે જઇને શું કરૂં ? એમ ધારી કોઈ મોટા શહેરમાં જઈ કોઇ શેઠને ત્યાં પેટ વડીએ—રોટલા સાટે નોકર રહ્યો.તેની સારી ચાલચલગત તથા દાનત પાક જણાયાથી શેઠને મનમાં ભાવી ગયો, શેઠની તે તનમન-થી પ્રેમપૂર્વક ઘણી સારી નોકરી કરવા લાગ્યો, તેથી શેઠને તેના પર અત્યંત પ્રેમ ઉપજ્યાથી બીજે વર્ષે તેને સારો પગાર બાંધી આપ્યો; એમ અનુક્રમે ભાગ્યના ઉદયથી પાંચ સાત વર્ષે તેની ગાંઠે કાંઇક સારી મુડી થઈ. એટલે તેમાંથી થોડાંક ઘરેણાં ગાંઠાં તથા સારાં કપડાં લીધાં, પછી તે શેઠની રજા લેઇ પોતાને દેશ જવા કાજે નીકળ્યો.રસ્તામાં બહેનનું ગામ આવવાથી વિચાર ઉપજ્યો, કે ચાલ જરા સુખી બહેનને મળતો તો જાઉં, જોઇએ હવે શું થાય છે? જોતો તો જાઉં ! એમ ધારી બહેનને ઘરે ગયો. છેટેથી બહેને જોઇ ઓળખ્યો, નવરંગી સુંદર વસ્ત્રો તથા અંગ ઉપર રૂડાં આભૂષણો જોઈ તે તો મનમાં ઘણી ખુશી થઈ, અને ભાઇને ભાળતા વેંત જ ઉભી થઇ, હર્ષપૂર્વક સામી આવી, માનપૂર્વક બોલી કેઃ—અહો ભાઇ! આવો, ઘણે વખતે આવ્યો ! તે દિવસે કહ્યા વિના જતો રહ્યો, તે પાછો દેખાયો જ નહિ ! કહે ભાઈ ખુશીમાં તો છે ને ! શરીરે કેમ રહે છે ? હમણાં કેમ સુકાઇ ગયેલો દેખાય છે વા-રૂં ? એમ કેટલાએક માન મમતા ભર્યા શબ્દો બોલતી હર્ષપૂર્વક ઘ-રમાં તેડી ગઈ, અને હીંડોળાખાટ ઉપર બેસાડી આદર સત્કાર કર્યો. અને આડોશીપાડોશીને ઘરે જઈ હર્ષપૂર્વક વાતો કરવા લાગી, કે આજ તો મારે મંગળીકનો દિવસ છે,મારે ઘેર ઘણે વર્ષે મારો સહોદર ભાઈ

આવ્યો છે. પછી જમવાનો વખત થયો એટલે ભાઇને ઉના પાણીથી નવરાવી, પોતે જાતેજ પાટલો ઢાળી આપી પીરસવા લાગી; થાળીમાં કંસાર પીરસી તેમાં ઘી નાખી બીજું કાંઇક બહેન ઘરમાં લેવા ગઈ. અહીં ભાઈ મન સાથે બોલ્યો કેઃ—મનવા! જોયું, આ વખતની ધામધુમ તો કોઇ ઓર પ્રકારે થાય છે.જીવડા ! આ બધું માનસત્કાર જોઇ અભિમાનના શિખર ઉપર આવી ન જતો, એ કાંઇ તને આદરસત્કાર મળતો નથી, આ થાળમાં પીરસવામાં આવેલો કંસાર ખાંડ તથા પુષ્કળ ઘી એ પણ તને નથી, હો કે! યાદ રાખજે, આતો બધું આ તારા અંગ ઉપર ઝળકી રહેલી લક્ષ્મીબાઇને દેવામાં આવ્યું છે, માટે લક્ષ્મીબાઇને પીરસવામાં આવેલું ભોજન તું જમી જાય, તો મોટો અન્યાય કર્યો કહેવાય. માટે બહેને જેને ભાવે કરી માનપૂર્વક પીરસ્યું છે, તેને જ તારે તો આમંત્રણ કરવું જોઇએ. એમ ક્ષણભર મન સાથે વિચારી કંઠમાં, કરમાં, અને કટીમાં, રહેલાં સઘળાં આભૂષણો કાઢી થાળમાં કંસાર પાસે એક તરફ મુકયા અને બોલ્યો કેઃ—વ્હાલાં આભૂષણો! જમો ભાઇઓ! કડાં કંઠી કંદોરા જમો! આ સર્વ પીરસવામાં આવ્યું છે તે સર્વ તમારૂં જ છે, માટે આનંદથી જમો! આ પ્રકારે મોઢેથી બોલતા ભાઇના શબ્દો રસોડામાં રહેલી બહેને સાંભળ્યા તેથી તે આશ્ચર્યથી બહાર આવીને બોલી કેઃ—ભાઈ આ શું ? આમ કેમ કરે છે? કાંઇ ગાંડો થઇ ગયો કે શું ? તું કોની સાથે વાતો કરે છે? આ ઘરેણાં સઘળાં કેમ કાઢયાં છે ? તે સાંભળીને ભાઇએ જણાવ્યું કેઃ— બહેન ! જેને તેં પીરસ્યું છે, તેને હું પ્રેમે જમવાનું આમંત્રણ કરૂં છું. ત્યારે બહેને કહ્યું, વીરા ! મેં તો તને પીરસ્યું છે. ત્યારે ભાઇએ કહ્યું કેઃ— ના ના તે સર્વ ખોટું ! તેં તો આ થાળીમાં મુકેલાં આભૂષણોને જ પીરસ્યું છે, જો એમ ન હોય તો આજથી પાંચ સાત વર્ષ ઉપર અત્રે આવનાર પણ આનો આજ હું હતો, ને અત્યારે પણ તેનો તેજ છું; અને તે વખતે ભુખડુ ભાઇને ભાળી શરમાનાર, મને રસોઇયો ઠરાવનાર પણ તેની તે બહેન પણ તુંજ છે. કહ્યું છે કેઃ—**વસન્તતિલકા.**

तानीन्द्रियाणि सकलानि तदेव कर्म,
सा बुद्धिरप्रतिहता वचनं तदेव ।
अर्थोष्मणा विरहितः पुरुषः स एव,
त्वन्यः क्षणे न भवतीति विचित्रमेतत् ॥११०॥

અર્થાત—સર્વ ઇંદ્રિયો હતી પણ તેની તેજ છે, કર્મો પણ તેનાં તેજ છે, અપ્રતિહત બુદ્ધિ ને વચનો પણ છે, છતાં પૈસાની ગરમીથી રહિત થયેલા પુરૂષ તો તુરત જ કોઇ ઓર પ્રકારનાજ થઇ જાય છે; દુનિયામાં મોટું આશ્ચર્યજ આ છે! આ સર્વ મર્મ વચનો સાંભળી બહેન ઘણી જ ખસીયાણી પડી શરમાઇ ગઇ. પછી ભાઇએ કહ્યું કેઃ—બહેનડી! શરમાય છે શા માટે? આ સંસારજ એવો વિચિત્ર છે, બધો માયાનો જ પ્રભાવ છે, સંસારમાં સ્વાર્થની જ સગાઇ છે. "ગર્થ વિનાનો ગાંગલો ગરથે ગાંગાશેઠ" વળી કહ્યું છે કેઃ—

સોરઠો.

મતલબકી મનવાર, જગત જમાડે ચુરમા;
વિણ મતલબની યાર, રાબ ન પાયે રાજીયા. ૩૧૬

પાસે પૈસા હોય તોજ સર્વ કોઇ વહાલ બતાવે છે, લોકો પણ ખમા ખમા પોકારે છે, સગો પુત્ર હોય પણ તે કાંઇ રળતો ન હોય તો તે પુત્રને પણ કપુત કહી વગોવે છે-નિંદે છે. તે વિષે કહ્યું છે કેઃ—

કવિત—**પૈસા બિન માતા તે પુતકું કપુત કહે,**
પૈસા બિન બાપ કહે, બેટા દુઃખદાઇ હે;
પૈસા બિન જોરૂ સંગ છોડ કર ચલ જાવે,
પૈસા બિન સાસ કહે કિસકા જમાઇ હે;
પૈસા બિન ભાઇબંધ, સબે જન જાન લેવે,
પૈસા બિન બેન કહે કિસકા તું ભાઇ હે;
પૈસા બિન પડોશી કહે, બડા ગમાર હે તું,
આજકે જમાનેમે પૈસાકી બડાઇ હે. ૩૧૭

ગાયન—**પૈસા પૈસા પૈસા તેરી અજબ બની બલિહારી,**
સબી જહાનમે તુંહી સબી પર કરતા હે સરદારી. ૩૧૮

જર ચઢાય સો કર, બાદશાહકી બેટીકો વર,
પાનીમેં ઘર કર, બરન બદકામ મત કર. ૩૧૯

સોરઠો—**લક્ષ્મી વિના લપોડ, ચતુર્ભુજ ઢોરાં ચારતો;**
થઇ બેઠો રણછોડ, મહેરામણ મથ્યા પછી. ૩૨૦

ખરેખર આ દુનિયામાં પૈસો એજ મોટો પરમેશ્વર છે, પૈસાવાળોજ દુનિયામાં ડાહ્યો માનવંતો ધીમંત ગણાય છે. બહેન ! તે વખતે મને માંડ જમવાનું પણ નહોતું મળ્યું, તો આવાં આદરમાન તો સ્વપ્નામાં પણ કયાંથી મળે ? પછી તો બહેન ઘણી પસ્તાણી અને પોતાની ભુલ અને મદ માટે ક્ષમા માગી, પછી બન્નોથઇ જમીને ભાઇ પોતાને ગામ ગયો.

ખરેખર આ અવનિમાં દરિદ્રતાના જેવું એકે મોટું ઘોર દુઃખ નથી. બિચારા દરિદ્રી માણસને તો સર્વ દિશાઓ શૂન્ય જેવીજ દેખાય છે. તે વિષે કહ્યું છે કેઃ—

अपुत्रं जीवनं शून्यं । दिक् शून्या चेद बांधवा ॥
पुत्रहीनं गृहं शून्यं । सर्व शून्यं दरिद्रता ॥ १११ ॥
हे दारिद्र नमस्तुभ्यं । सिद्धोऽहं त्वत्प्रसादतः ।
पश्याम्य हं जगत्सर्वं । न पश्यति कोऽपि माम् ॥११२॥

અર્થાત—અપુત્રીયાને ઘર છે તે શુન્ય જેવું છે, ભાઇ વિનાની દિશાઓ શુન્ય છે, મુર્ખ માણસનું હૃદય શુન્ય છે અને દરિદ્ર માણસને સર્વ શુન્ય જેવું લાગે છે. માટે હે દારિદ્ર દેવ ! હું તમને નમસ્કાર કરૂંછું, કેમકે તમારી મહેરબાનીથી એક બાબત તો સિદ્ધ થાય છે, કે આખા જગતને હું જોઉંછું, પણ મને કોઈ જોતું નથી. માટે આવા પ્રકારના દારિદ્રના દુઃખથી પીડાતા માણસો પોતે પણ જીવવા કરતાં મરવું વધારે સુખદ માને છે, કારણકે તે બિચારાઓ જીવન પ્રાયે કરીને દુઃખમાંજ ગુજારે છે. એવા હેતુથી શાસ્ત્ર પણ કહે છેઃ—દરિદ્રી માણસ આ લોકમાં જીવતે મુવા જેવો છે. કારણ કે ચિંતા એ દુઃખનું મૂળ કારણ છે. જો કે આ દુનિયામાં ચિંતા તો થોડી કે ઘણી દરેક માણસને હોયજ છે, અને વિચારવાન માણસને શુભ ચિંતવન પણ જોઇએ, નહિ તો તે પણ મૂર્ખ સમજવો.

દુહો—ચતુરને મન ચિંતા ઘણી, મૂરખને મન રાજ;
વધુ ઘટુ સમજે નહિ, એક પેટ ભર્યાનું કાજ. ૩૨૧

માટે જ્ઞાન, દાન ને પરોપકાર માટે શુભ ચિંતા રાખવી જોઇએ, પણ કોઇકોઇ માણસને તો સંસારની ખટપટો સંબંધી એવી તો અપાર

ચિંતાઓ થતી રહે છે, કે તેથી બિચારો તે ચિંતામાંને ચિંતામાં ચિત્તભ્રમ જેવો ગાંડો થઇ જાય છે. ખરેખર ચિંતા છે તે એક જાતનો બળતો અગ્નિ છે. તે વિષે કહ્યું છે કેઃ—

चिंता चिता समाना । बिंदु मात्र विशेषकः ॥
चिता दहते निर्जीवं । चिंतातु सजीवं सदा ॥ ११३ ॥

અર્થાત—ચિંતા અને ચિતા એ બે સરખા શબ્દો છે, ફક્ત તેમાં એક અનુસ્વારનો તફાવત છે, પણ તેના અર્થમાં ઘણો ફેર છે. ચિતા તો નિર્જીવ કલેવરને-મુડદાને બાળે છે, પણ ચિંતા તો જીવતા શરીરને હમેશાં બાળ્યાં કરે છે. આ જગતમાં બહુ ચિંતાતુર માણસ નિરાંતે ધર્મધ્યાન કરવાને પણ ભાગ્યશાળી થતો નથી, એવો જંજાળી ચિંતાતુર માણસ ધર્મધ્યાન આખી જીંદગીમાં કરીજ શકતો નથી, રાતદહાડો સદા ચિંતામાંને ચિંતામાં ચકચુર રહે છે, કોઇ સાધુસંત તેને ધર્મધ્યાન કરવાનું કહે તો તે જંજાળી કહેશેઃ—મહારાજ ! મારાથી ધર્મધ્યાન નહિ થાય. મહારાજ ! ધર્મધ્યાન ક્યાંથી કરીએ ? જરાય નવરાશ મળતી નથી, પાણી પીવાની એ ફુરસદ નથી, અરે મહારાજ હું તો મરવાએ નવરો નથી ! બધા ઘરનો ભાર મારા પંડ ઉપરજ આવી પડયો છે, તેથી સદા ચિંતા રહ્યાંજ કરે છે. છોકરાઓ હજી નાના છે, વ્યાપારમાં કાંઇ કસ નથી; ગરાગી જોઇએ એવી ચાલતી નથી, રળનારો હું એકલોજ છું અને ખાનારાં ઘરમાં ઘણાં છે, તે બિચારાં બધાં મારા આધારે જીવે છે. આ બધાનું શું થશે ? હું તો બહુ મુંઝાઉં છું. હું એકલો મારે એકલે પંડે ચિંતાઓ ઘણી ! માટે હું તો જીવતે મુવા જેવોજ છું, આવાં દુઃખો કરતાં તો મરવું ભલું, કે ઝટ આ દુઃખમાંથી તો છુટાય. ત્યારે મહાત્માશ્રી બોલ્યા કેઃ—ભાઇ ! તું મરવાએ નવરો નથી, પણ જરૂર એટલું તો યાદ રાખજે કે એક વખત આ સર્વ બાજી પડતી મેલી ચાલ્યું જવું પડશે, માટે ચિંતા કરવાથી શું વળે ? સુખ-દુઃખ એતો પૂર્વોપાર્જીત કર્મો-પુણ્યપાપનાં ફલો છે. અને એ અવશ્ય દરેક જીવોને ભોગવવાં પડે છે. તે વિષે કહ્યું છે કે;—

यादृशं कुरुते कर्म तादृशं फलमाप्नुयात् ।
अवश्यमेव भोक्तव्यं कृत कर्म शुभाशुभम् ॥ ११४ ॥

रोग शोक परिताप । बंधनं व्यसनानि च ।
आत्मापराधवृक्षाणां । फलान्येतानि देहिनाम् ॥११५॥
अवश्य मेव भुक्तव्यं । कृतकर्म शुभाशुभम् ॥
कृतकर्म क्षयो नास्ति । कोटी कल्पशतैरपि ॥ ११६ ॥

અર્થાત્—જેવાં કર્મ કરવામાં આવે છે, તેવાં તેનાં ફળ-ભોગાયતન કર્મે અવસ્ય ભોગવવાં પડે છે. દેહ ઉત્પન્ન થવાનું કારણુ પણુ કર્મજ છે, સારાં માઠાં કરેલાં કર્મ ભોગવ્યેજ છુટકો છે. રોગ, શોક, સંતાપ, બંધન અને નાના પ્રકારનાં દુઃખ એ પૂર્વકાળે જીવાત્માએ કરેલાં પાપ-અપરાધ રૂપી વૃક્ષોનાં ફળો છે, તે પ્રાણીને સુખે કે દુઃખે શુભ યા અશુભ કરેલાં કર્મો અવસ્ય ભોગવવાં પડે છે, ભલે સેંકડો કોટી કલ્પો ચાલ્યા જાય, પણ કરેલ કર્મ ભોગવ્યા વિના તેનો ક્ષય થતોજ નથી. માટે હે ભાઇ! નકામી ચિંતા કરવાથી કાંઇ દુઃખ ઘટી જતું નથી, તેમ કાંઈ આપણું ધાર્યું થતુ યે નથી,થવાનું સર્વ કાંઇ ભાવિપ્રબળને આધિન છે; નકામી ચિંતા કરવાથી શું વળે ? એથી તો ઉલટું કર્મબંધન થાય છે. સદ્‌ગુણુ ઘટે છે, શરીર સોશાય છે સુકાઇ જાય છે. મગજની ખરાબી થાય છે.

દુહો—ચિંતાથી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ ગુણ જ્ઞાન;
ચિંતા બડી અભાગણી, ચિંતા ચિતા સમાન. ૩૨૨

માટે વિવેકી બંધુ ! ચિંતા તો મોટો દાવાનળ છે,જંગલમાં લાગેલો દાવાનળ તો ઓલાઈ જશે, પણ આ હૃદયાકાશમાં લાગેલો ચિંતારૂપી દાવાનળ તો ભાગ્યેજ ઓલાઇ શકે છે; માટે આ દુઃખના દરિયા જેવી દુનિયામાં અતિશય ચિંતાતુર માણસ ખરેખર જીવતે મુવા જેવોજ છે.

હવે સાતમો પ્રકાર ઋણીનો છે, દેવાદાર માણસ પણ બહુ દુઃખી હોય છે. કરજદાર માણસને કદી સુખે નિદ્રા પણ આવતી નથી,કાયમ હરણ ફડકા રહ્યાં કરે છે. બિચારા કેટલાએક તો તેના દુઃખથી ભય પામીને દેશ છોડીને પરદેશમાંજ ચાલ્યા જાય છે.

(૯૨) આપવીતી ભુલી જનાર જુદ્દમી નોકરની વાત.

એક રાજાને ત્યાં ઘણા નોકરો હતા, તેઓનો તેમના ધણી સાથે કુટુંબ જેવો સંબંધ હતો, અને તેની સાથે તેઓ પૈસાની પણ લેવડ-દેવડ કરતા હતા. એક વખત તેઓનાં ખાતાં તપાસવામાં આવ્યાં, તેમાં એક બિચારો બહુ ગરીબ નોકર હતો; તે જાતે સાલસ દરિદ્રી ને ગરીબ

હતો, તેથી રાજાની પરાધિનપણે નોકરી સારી કરતો હતો, પણ પગાર ઘણો જુજ હતો, અને ઘરમાં ખાનારાં ઘણાં હતાં, બીજી તરફથી કંઇ પણ આવક નહોતી, તેથી બિચારો માંડમાંડ પોતાનો નિર્વાહ કરી સંસાર ચલાવતો હતો. રાજાજીની સર્વ નોકરોની માફક આના ઉપર પણ મહેરબાની હતી, તેથી તેને પણ ઉધાર નાણાં જોઇએ તેટલાં મળતાં હતાં. રાજાના અમલદાર તરફથી તેને કાસદનું કામ સોંપવામાં આવ્યું હતું, તે કામ એને ઘણુંજ કઠણુ-આકરૂં લાગતુ હતુ પણ બિચારો પરાધિન એટલે શું કરે? કર્યા વિના છુટકોજ નહિ! એમ કરતાં કેટલોક કાળ વહી ગયો. પોતાની છેક ગરીબ હાલતને લીધે તેણે રાજા પાસેથી નાણાં ઉધાર ઘણાં લીધાં હતાં. એક વખત રાજાએ સર્વનાં ખાતાં તપાસ્યાં, તો આ નોકરની પાસે રૂ. ૧૦૦૦ એક હજાર લેણા નીકળ્યા. તેથી એ નોકરને રાજા પાસે રજુ કરી લેણુ ચુકવી આપવાનું કહ્યું, પણ તેની પાસે તો દેવું ચુકવવાને કાંઇ પણ સાધન નહોતું, તેથી રાજાએ આક્રોશ કરીને એને એની સ્ત્રીને તથા છોકરાંઓને વેચીને પણ લેણું વસુલ કરવાનો હુકમ ફરમાવ્યો. આથી તે નોકર તો બહુ મુંઝાયો અને મહા ચિંતા સાગરમાં પડ્યો, અરેરે હવે મારે શું કરવું? હું દરિદ્રી છું, પરાધિન છું, સદાની રખડપટી-પ્રવાસથી કાયર બનેલ છું, અને વળી દેવાદાર છું; આમ અત્યંત ચિંતાવાળો છું. અરેરે મારૂં જીવન તો જીવતો છતાં મુવા તુલ્યજ છે. એમ કહી બાપડો પોકેપોકે રોવા લાગ્યો, રાજાને પગે પડ્યો, કરગર્યો અને કહ્યું કેઃ-રાજાજી! ક્ષમા કરો, કૃપા કરી મને એક વરસની મુદત આપો, એટલી મુદતમાં હું આપનું બધુ દેવું પતાવી દઇશ-એમ કહી પગે પડ્યો, અને કરૂણાજનક ચહેરો કરી રોવા લાગ્યો. આથી રાજાને દયા આવી, હૃદય પિગળ્યું અને તેનું દયામણું મોં જોઇ તેના ઉપર અત્યંત દયા છુટવાથી તે ભલા રાજાએ તે નોકરનું સઘળું દેવું માફ કર્યું. આ કૃપાથી તે નોકર ઘણો ખુશી થયો અને હરખાતો-હરખાતો દયાસાગર કૃપાળુ રાજાને પગે લાગીને ઘેર ગયો.

હવે એક વખતે પેલા નોકરને એના એક સાથી પાસે પાંચેક રૂપીઆ લહેણા હતા, તે લેવા એ એને ઘેર ગયો, અને રૂપીઆની ઉઘરાણી કરી. પણ ઘરમાં મંદવાડ હોવાથી એણે તુર્ત રૂપીઆ આપવા લાચારીને લીધે નાખુશી બતાવી, ત્યારે પેલા રાજાના નોકરે એનું ગળું દાબ્યું, અને મારવાની ધમકી બતાવી. એ માણસ પણ ઘણો ગરીબ

અને પરાધિન હતો, તેથી તેણે તેને હાથ જોડી થોડુંક ખમવા કાલાવાલા કર્યા, પણ એથી પેલા નિષ્ઠુર નોકરના હૃદયમાં જરા પણ દયા આવી નહિ, પોતાનું દુઃખ અને મુંઝવણ આ વખતે તો છેક ભૂલીજ ગયો. કેટલીક ગાળો આપી તે બિચારા ઉપર ફરિયાદ માંડી ન્યાયાધિશનું હુકમનામું મેળવ્યું, અને એ બિચારા ગરીબ અનાથ માણસને કેદમાં નંખાવ્યો. પછી એકદા આ વાત રાજાને કાને ગઇ, એટલે એમણે એ પોતાના નોકરને બોલાવીને કહ્યું કેઃ—અરે દુષ્ટ ! તું કેવો નીચ છે ? તારા સ્વાર્થ વખતે તું કેવો નમ્ર બન્યો હતો, તેં ઘણી આજીજી કરી તેથી મેં તારૂં સઘળું દેવું માફી વાળ્યું, અને તેં તારા બીજા દેવાદાર ઉપર આવી સખ્તાઇ વાપરી ઘણી ક્રૂરતા કરી ? અરે માંડી વાળવું તો ઘેર ગયું, પણ તેની ઘણી આજીજી ને કાલાવાલા છતાં પણ થોડા દહાડા ખમી પણ શકયો નહિઃ ધિક્કારછે તારી દુષ્ટતા ખળતા અને નીચ પ્રકૃતિને ! એમ કહી કોપાયમાન થઇ સિપાઇઓને બોલાવી કહ્યું કે, અરે સિપાઇઓ જાઓ આ દુષ્ટને કેદમાં નાંખો, અને એનું પુરેપુરૂં દેવું વાળે નહિ, ત્યાં સુધી એને છોડશો નહિ—એમ કહી તેને કેદમાં નંખાવ્યો.

આ દૃષ્ટાંતની મતલબ એ છે, કે પોતાને શિર આવી પડેલાં અનેક દુઃખો પોતાને કદર્થના ત્રાસ અને અમુઝણ ઉપજાવે છે, તે વખતે હૃદયમાં મહાખેદ અને ગ્લાનિ પામે છે, અને પોતાના જીવનને પ્રાયે કરી મરણ તુલ્યજ માને છે. પણ પારકાની પીડા સંતાપ દુઃખ વખતે દુષ્ટ બને છે. પણ સાર એ લેવાનો છે, કે પોતાના સ્વાર્થ વખતે બીજા ઉપર દુષ્ટતા કરે છે, અને પોતાના દુઃખી દહાડા તો ભૂલીજ જાય છે; તેના જેવો બીજો કોઇ નીચ પાપી અને ચંડાલ સમજવો નહિ. માટે વિવેકી જનોએ એવી સ્વાર્થ વૃત્તિ અને દુષ્ટ પ્રકૃતિને સદા તજી દેઇ તિલાંજળી આપી કર્ત્તવ્યપરાયણ અને ધર્મનિષ્ઠ બનવું ઘટે છે. એજ આ જગતમાં સુખદાતા ને લાભદાયક છે. કેમકે પરોપકાર કરવાથી પુણ્ય થાય છે અને પરપીડન પારકાને દુઃખ દેવાથી પાપ કર્મ બંધાય છે. પુણ્યથી સુખ અને પાપથી દુઃખ પ્રાપ્ત થાય છે, સર્વ કોઇ સુખ ઇચ્છેછે અને દુઃખથી દૂર ભાગે છે; પણ ખેદની વાત એ છે કે પીંડપોષણ અને શરીર સુખમાં સર્વસ્વ સમજી બેઠેલા કામના વાસના અને ભોગ લાલસાને વશ વર્તતા લોકો, પરપીડન અને પાપકર્મ કરતાં પાછું વાળી જોતાયે નથી, અને પછી દુઃખના ડુંગરા તૂટી પડે છે, ત્યારે હાય અફસોસ કર્યા કરે છે. પણ ભાઇઓ ! આ કલિયુગ નથી પણ કરયુગ છે માટે

કરી જુઓ ! અને તે પામો ! ! પરભવ અને પુનર્જન્મ નહિ માન-નારાને પણ આ જન્મમાં પ્રત્યક્ષ પારખાં મળે છે નિત્ય નજરે જુએછે, છતાં સાન ન આવે અને દુઃખના દરિયા ઉલટે, તો તેમાં દૈવ કર્મ અને પરમેશ્વર તે શું કરે ? એતો કરો તે પામો એવો ચોખ્ખો ન્યાય ને અદલ ઇન્સાફ છે. (૮૨)

सततार संसृति सरित्पतितो ।
बुबुधे च येन निजकान गुणान् ॥
इति संजगाद वरवीर विभुः ।
क्षमयान्वितो गजमुनिश्चयथा ॥ ८३ ॥

અર્થ—આ લોકમાં તેજ પુરૂષ સંસાર તર્યો સમજવો, કે જેણે પોતાના અવગુણ જાણ્યા છે; એ પ્રમાણે શ્રીવીર ગુરૂનું કથન છે. અને એજ પ્રકારે ક્ષમાથી યુક્ત એવા શ્રીગજસુકુમાળ જેમ પોતાના દોષો નીહાળી સમભાવમાં શ્રેષ્ઠ થઇને પરમગતિ પામ્યા. (૮૩)

ભાવાર્થ—આ સંસારમાં દરેક પ્રાણીને હમેશાં સુખની અભિલાષા રહે છે, કોઇપણ પ્રાણી તન મન કે વચનથી દુઃખને ઇચ્છતું નથી. પણ સુખો મેળવવાનાં સાધનો જુદાં હોય, અને આપણાં કર્તવ્યો તો તેથીયે જુદાં હોય, તો તે સુખ મેળવવાની આશા ફળીભૂત કેમ થાય ? હળાહળ ઝેર ખાવું અને જીવવાનો મનોરથ સફળ કરવો, તે કદીયે બને કે ? એતો દિલ્હી જવા માટે દક્ષિણનો રસ્તો લીધા જેવું છે. આપણામાં હજારો અવગુણો હોવા છતાં પારકા દોષો જોવા, એ આપણી પહેલી ખોડ–કુટેવ છે. પારકા અવગુણો બોલવામાં છિદ્રાન્વેષી થવામાં આપણું મન એવું તો સાવધ બને છે, કે તે વખતે આપણાં બધાં કામો પણ એક બાજુ પડયાં રહે. તેને માટે કહ્યું છે કેઃ—

परवादे दशवदनः । पररंध्रनिरीक्षणे सहस्राक्षः ॥
सद्वृत्तवित्तहरणे । बाहु सहस्रार्जुनः पिशुनः ॥११७॥

અર્થાત—પારકા અવગુણો—દોષો બોલવામાં જેને દશ મોઢાં છે, પારકાં છિદ્ર જોવામાં જેને હજાર આંખો છે, અને પારકું ધન હરણ કરવામાં સહસ્રાર્જુનની જેમ હજાર હાથવાળો છે;એને પિશુન એટલે નીચ માણસ સમજવો. આ અવનીમાં પારકા અવગુણો જોવા, એતો સહેલ વાત છે, પણ પોતાના દોષો—અવગુણો જોવા તેજ મુસ્કેલ છે. પણ એટલું તો અવસ્ય યાદ રાખવું, કે જ્યાં સુધી પોતાના અવગુણો પોતાના જાણવામાં ન આવે, અને જાણ્યા છતાં તેને છોડવામાં ન આવે, ત્યાં સુધી કલ્યાણમાર્ગ ઘણો છેટે છે. કારણ કે આપણી આદતજ એવી પડેલી હોવાથી આપણી જીંદગીનો ઘણો વખત એવા અનર્થકારી પ્રસંગોમાંજ જાય છે. તે વિષે કહ્યું છે કે:—

ઉપજાતિવૃત્ત.

શું થાય ચુંથાય સદૈવ ચર્મ, કરાય શું કેવળ દુષ્ટ કર્મ;
શું સાંભરે પુત્ર કલત્ર આદી, જુઓ અરે ! વર્તન આ અનાદી.
તજાય શું ધર્મ અને વિચારો, ભરાય શું પેટ અને પટારો;
વહાય શું વેણ કઠોર ભારે, કલ્યાણની વાત કરાય ક્યારે. ૩૨૩

જુઓ ભાઇઓ ! આ આપણું વર્ત્તન, આ આપણું કર્ત્તવ્ય, આવાં કર્તવ્યોથી તો આ આત્માની સિદ્ધિ કોઇ કાળે થવાની નથી. એમ ચોકસ સમજવું. આવાં કર્તવ્યોથી અનંતકાળ થયાં આ જીવાત્મા ભયંકર ભવસાગરમાં પરિભ્રમણ કરી રહ્યો છે, માટે આ ભયંકર ભવસાગર તરવાની ઇચ્છા રાખનારા મુમુક્ષુબંધુઓએ તો પરદૃષ્ટિનો પરિહાર કરવો, અને પોતાનું હિત થાય તેવાં સત્કર્ત્તવ્યો કરવાં—તેજ આ માનવજીવનનું સાર્થક છે. આત્માનું સાર્થક કરવાં ક્ષમાધર્મની પ્રધાનપદે જરૂર છે, ક્ષમા વિના આત્મહિતકાર્યની સિદ્ધિ થતી નથી,પણ ક્ષમાથીજ કાર્યની સિદ્ધિ થાય છે. જેમ ગજસુકુમાળ લઘુ વયમાં જોગાશ્રમ ધારણ કરી ક્ષમાગુણથી સર્વ કાર્ય સિદ્ધ કરી અક્ષયપદ પામ્યા.

(૯૩) ક્ષમા ને સમતા વિભૂષિત ગજમુનિનું જીવન.

દ્વારકાનગરીમાં શ્રીકૃષ્ણવાસુદેવ રાજ્ય કરતા હતા, તેમને ગજસુકુમાળ નામે એક લઘુ બંધુ હતો. એકદા બાવીસમા જીનેશ્વર શ્રીનેમપ્રભુ ત્યાં

પધાર્યા, તેમને વાંદવા માટે દેવકીમાતા, કૃષ્ણવાસુદેવ તથા લઘુ બંધુ વગેરે ભાવિક ભવ્યો ગયાં, તેમને નેમપ્રભુએ સંસારની અસારતાનો એવો બોધ આપ્યો કે:— ગાથા.

माया पिया न्हुसा भाया । भजा पुताय उरसा ॥
तालंते ममताणाय । लुपंतस्स सकम्मुणा ॥ ११८ ॥

અર્થાત્—જેમાં અહિંસા સંજમ અને તપમય જે ધર્મ છે, તે સર્વ કરતાં ઉત્કૃષ્ટ મંગળીક છે. જેનું મન એવા પવિત્ર ધર્મમાં સદા રક્ત છે, તેને દેવો પણ આવીને નમસ્કાર કરે છે. અર્થાત્ ધર્મનું અતુલ્ય માહાત્મ્ય છે. વળી આ સંસાર સંયોગ વિયોગ, શાતા અશાતા, હર્ષ શોક વગેરે સુખદુઃખ પૂર્વોપાર્જીત પુણ્ય પાપના ઉદયથી પ્રાપ્ત થાય છે. તો માનુષ્યભવ મેળવી આત્માનું હિત કરવું, કે જેથી આ ભયંકર ભવસાગરનો સત્વર અંત આવે.

એ પ્રકારનો નેમ પ્રભુનો પવિત્ર બોધ સાંભળી ગજસુકમાળ મોહનિદ્રામાંથી જાગ્યો, સંસાર અસાર અને દુઃખદાયી જાણ્યો, સંસારના ઉદાસી ગજસુકમાળે ઘેર આવી વડીલ બંધુ તથા માતા સમક્ષ સંજમ ગ્રહણ કરવાની રજા માગી. તે સંબંધમાં ઘણી ચર્ચા અને વિવાદો ચાલ્યાં, આખરે દૃઢ નિશ્ચયથી ગજસુમાળે છેવટના વિચારો જણાવ્યા કે:-

માલીની વૃત.

નહિ નહિ નહિ આણો, ભ્રાત શંકા લગારે,
નથી નથી નથી ઇચ્છા, સુખની લેશ મારે;
ચલિત ભ્રમિત મારૂં, ચિત્ત નિશ્ચે ન ધારો,
વરતીશ અડગપણાથી, વશ કરીને વિકારો. ૩૨૪

ગીતિ.

દૃઢ નિશ્ચયછે મારો, નથી પાપમાં પાય કદી દેવો;
વિકટ હશે પણ તોયે, સુખદ સંજમનો માર્ગ લેવો. ૩૨૫

એવા પ્રકારના ઉત્તમ વૈરાગ્યવચનો સુણાવી મહાઆનંદપૂર્વક નેમ પ્રભુજીની પાસે દીક્ષા ગ્રહણ કરી. ત્યારબાદ ગુરૂની આજ્ઞા લઇ સ્મશાનમાં કાયોત્સર્ગ ધ્યાને ઉભા રહ્યા. થોડીકવારે તેનો સાસરો સોમલ નામનો બ્રાહ્મણ ત્યાં આવ્યો, તેને પોતાના જમાઇને આમ યોગીંદ્રદશામાં જોઇ આક્રોશ ભાવ ઉત્પન્ન થયો. તેથી તે તેની સમક્ષ રોષપૂર્વક બોલ્યો

કેઃ—મારી વહાલી પુત્રીનો ભવ બગાડનાર હે દુષ્ટ ! હે ચાંડાળ ! હે પાપી પિશાચ ! ધિક્કાર છે તારી આ કપટકરણીને ! અરે હે દુષ્ટ ! તેં નિરપરાધી એવી મારી પુત્રીનો ભવ રોળાવ્યો, હવે તેનું શું થશે? હવે બીજું કોઇ વરશે નહિ, તારે આમજ કરવું હતું, તો તેને પહેલેથી વરવુંજ નહોતું. ધિક્કાર છે તારા વૈરાગ્યને ! તારી દીક્ષાને ! અને તારા દુષ્ટ આત્માને ! ભગવાને તો સર્વ જીવોની દયારૂપી દીક્ષા કહી છે,અને તેં દુષ્ટે તો મારી પુત્રીના હૃદયમાં અશાંતિરૂપી ઉષ્ણ જળ રેડયું. અને તારા માતાપિતા બંધુ વગેરે સર્વ કુટુંબને પણ તેં ઘણાં કલ્પાવ્યાં છે, આંખમાંથી ચોધારાં આસુ પડાવ્યાં છે. તો હે કર્મચંડાળ ! પાપી ! અધમાધમ ! આ તારી દીક્ષા તને શું કલ્યાણ કરનાર થશે ? અર્થાત્ કાંઇ નહિ. માટે હજાર વાર ધિક્કાર છે આ તારી દુઃખદાયી દીક્ષાને ! અરે દુષ્ટ ! તેં મ્હારી વહાલીપુત્રીનો ભવ બગાડયો છે, તો તેનું વેર પણ હું જરૂર લઇશ. કારણકે નીતિશાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

" शठंप्रति शाठ्यं कुर्यादादरं प्रति चादरम् "

અર્થાત્—શઠની સાથે શઠ થાવું, અને આદર કરનારની સાથે આદર સહિત વર્તવું. માટે તેં દુષ્ટતા—શઠતા કરી, તો તેનું વેર પણ હું જરૂર લઇશ.

આવા પ્રકારનાં કર્ણકઠોર, કઠણ, વજ્રપાત જેવાં, મર્મને ભેદનારાં, શીત જળને પણ ગરમ બનાવનાર તિક્ષ્ણ બાણ જેવાં ઘણાંજ કરૂ વચનો શાંત સ્વભાવી લઘુ મુનિશ્રી ગજસુકમાળે સમભાવે સાંભળ્યાં. એ પ્રમાણે આક્રોશ ભર્યાં વચનો બોલતા સોમલે એટલામાંથી માટી લાવી નવીન લોચ કરેલા શ્રી ગજસુકમાલના મસ્તક ઉપર તે માટીની પાળ બાંધી, અને તેમાં ધગધગતા ખેરના અંગારા નાંખ્યાં પછી અઘટિત કાર્યને લીધે ભયભીત થઇ, ગાળો દેતો દેતો ત્યાંથી સત્વર ચાલતો થયો. ક્રૂર શબ્દો સાંભળવાં છતાં જરા પણ મુનિએ કોપ કર્યો નહિ. અને મન સાથે બોલ્યા કેઃ—હે વહાલા આત્મન્ ! જોજે હો, જરા પણ તે બિચારા અજ્ઞાન પ્રાણી ઉપર ક્રોધ કરતો ના, નહિ તો જરૂર જીતેલી બાજી તું હારી જઇશ. ફરીને આવો અમૂલ્ય અવસર નહિ મળે, તારી સાથે કોઇ ભવનું વૈર હશે તેથીજ તેણે આ કાર્ય કર્યું છે. તો જરૂર તું સમભાવ રાખજે, ઉત્તમ કાર્ય સાધવા માટે આત્માને આ એક અહિતકારી વિઘ્ન આવેલું છે. એ તો અવશ્ય છે કે સોનાની

આગમાં તપ્યા સિવાય કદી શુદ્ધિ થતી નથી. તેમ તારા આ આત્માને શુદ્ધ કરવા માટે આ પરિષહ પણ અગ્નિ છે. વળી તેણે તો સાસરાપણું બહુ સારૂં બજાવ્યું છે, કારણ કે વ્યવહારમાં એવો સામાન્ય નિયમ છે, કે જમાઇરાજને એક પાઘડી બંધાવવી જોઇએ, તો તને તેણે આ મોક્ષની અમુલ્ય પાઘડી બંધાવી છે; તે કદી નાશ થવાની નથી, ફાટી જવાની નહિ, મેલી થવાની નહિ, એવી તે સર્વોત્તમ પાઘડી છે, માટે તે પાઘડી બંધાવનારનો તો તારે ઘણોજ ઉપકાર માનવો જોઇએ ને તેનું ભલું ચાહવું જોઇએ. માટે હે વહાલા આત્મા! શાંત રહેજે, પવિત્ર રહેજે, તારો આત્મિક ધર્મ ચુકતો ના, પેલા ક્રોધ ચંડાળથી તારા પવિત્ર આત્માને અભડાવતો ના. આ મુનિમાર્ગનો પ્રાથમિક ધર્મ ક્ષમાગુણ છે, તે ક્ષમાવડે અનંત જીવો તર્યા છે તરે છે અને તરશે; ક્ષમા વગર કદી આત્મસિદ્ધિ થતી નથી. ખંધક નામના ઋષિના શરીરની ખાલ ઉતારી તો પણ તેણે ક્ષમા ગુણ તજ્યો નહિ, વળી ખંધક મુનિના પાંચસો શિષ્યોને ઘાણીમાં ઘાલી પીલી નાખ્યા, તો પણ તેઓ ક્ષમા ધર્મ ચુકયા નહિ. વગેરે અનેક એવા મહા પુરૂષોનાં જીવનચરિત્રો તરી રહેલાં છે,કે જેમણે ક્ષમાધર્મને ભારે આપત્તિ છતાં અત્યંત ઉત્તેજન આપેલું છે, અને કાર્યસિદ્ધિ કરેલી છે. માટે ક્ષમા એજ મોક્ષસિદ્ધિનો મુખ્ય માર્ગ અને પહેલું પગથીયું છે. તેને માટે કહ્યું છે કેઃ—

ક્ષમા–મહત્તા–અષ્ટક.

क्षमा नाथः क्षमा तातः । क्षमा माता क्षमा सुहृत् ॥
क्षमा लयश्च लक्ष्मी च । क्षमा शोभा क्षमा शुभः ॥१॥
क्षमा श्लाघा क्षमाचारः । क्षमा कीर्तिः क्षमा यशः ॥
क्षमा सत्यं क्षमा शोचं । क्षमा तेजः क्षमा रतिः ॥ २ ॥
क्षमा प्रेयः क्षमा पूजा । क्षमा पथ्यं क्षमा हितम् ॥
क्षमा दानं पवित्रं च । क्षमा मांगल्यमुत्तमम् ॥ ३ ॥
क्षमा तुल्यं तपो नास्ति । न संतोषात्परंसुखम् ॥
न मैत्री सदृशं दानं । नास्ति धर्मो दया परः ॥ ४ ॥
काम क्रोध मदैर्युक्तः । किं मरण्ये करिष्यति ॥

काम क्रोध मदैमुक्तः । किमरण्ये करिष्यति ॥ ५ ॥ ५ ॥
सक्कसायस्य चित्तस्य । कसायैः किं प्रयोजनम् ॥
अथवा निष्कसायस्य । कसायैः किं प्रयोजनम् ॥ ६ ॥
किमरण्यैरदांतस्य । अदांतस्य किमाश्रमैः ॥
यत्र यत्र वसेद्दांतः । तदरण्यं तदाश्रमम् ॥ ७ ॥
क्षमाशस्त्रं करेयस्य । दुर्जनः किं करिष्यति ॥
अतृणे पतितोवह्निः । स्वयमेवोपशाम्यति ॥ ८ ॥

અર્થાત—ક્ષમા એજ સકળ ગુણ શિરોમણી છે, ક્ષમા ગુણને અભાવે સર્વ સદ્‌ગુણો અશોભનીક બને છે. વળી ક્ષમા એ બળવંતોનું ભૂષણ છે, અને અશકતોનું એક બળ છે. તે વિષે કહ્યું છે કેઃ--

" क्षमा बलमशक्तानां शक्तनां भूषण क्षमाः "

એ વાકયનું અવલંબન કરી હે વહાલા આત્મા ! તું **ક્ષમા** ધારણ કરજે. તું મહાન સમર્થ છે, ધારેલું કાર્ય કરવાને સમર્થ છે, માટે તેના ઉપર રખેને કોપ કરતો ! તેમાં તારૂં હિત નથી, કોપ કર્યાથી તો ખચિત તારૂં ઉત્તમ કાર્ય વિનષ્ટ થયું-એમ ચોકસ જાણજે. અને સર્વદા મહાજનોનું મહાવાકય તારા હૃદયપટ ઉપર કોતરી રાખજે ! **" ખરેખર સત્યમાં સંકટ અને સંકટ પછી સુખ મળે છે."** માટે તું તારા આત્મિક ધર્મમાં સદોદિત મગ્ન રહેજે.

એવા પ્રકારના શાંત વિચારોથી આત્મસંયમ કરી શ્રી ગજસુકમાળે મરણાંત પરિષહ આવી પડવા છતાંપિ પોતાના આત્માને શુભ ધ્યાનમાંજ આરૂઢ રાખ્યો. હવે વેદના તો સમુદ્રવેલની માફક વધતીજ ગઈ ! એકતો આઠ વર્ષની કિશોર અવસ્થા, વળી રાજવંશી સુકુમાર શરીર, વળી તાજી દીક્ષા લીધેલી અને થોડા વખત ઉપર કરેલો લોચ, આ પ્રમાણે સર્વ સામગ્રી હૃદયને ડોલાવનારી હોવા છતાં પણ મનોબળ જેનું સુદ્રઢ છે, એવા મહાવૈરાગી શ્રીગજસુકમાળે મરણાંત દુઃખદાયી મહા વેદનાને નહિ ગણકારતાં, સમતા રસમાં તે ઝીલવા લાગ્યા. અને પોતાનો આ ભવનો લેશ માત્ર પણ દોષ નહિ હોવા છતાં, કોઇ પણ ભવમાં મેં તેનો ગુનો જરૂર કર્યો હશે, એમ પોતાનાજ દોષો સામું જોતાં તે મુનિએ જરા પણ કોપ કર્યો નહિ.

વાહ! ગજમુનિ વાહ! ધન્ય છે તમારી ક્ષમાને! ધન્ય છે તમારા વૈરાગ્ય રંગને! ધન્ય તમારાં માતાપિતાને અને ધન્ય છે તમારા પવિત્ર આત્માને! જેણે પોતાના દુર્ગુણ–દોષ સામું જોયું, તેનું કલ્યાણ કેમ ન થાય? તેનો આત્મા અમરગતિને કેમ ન પામે? અવશ્ય તે અમરગતિ પામવાનોજ. આપણા આ પવિત્ર બાળ મુનિ પણ તેજ શ્રેષ્ઠ દશાને પામનારા છે. તે મહાત્માને વેદના અતુલ્ય વધી, તેમ તેમ તેમનો સમતારસ પણ વધતોજ ગયો. પવિત્ર ધ્યાનમાં મનને નિશ્ચળ કર્યું. જો કે શરીરમાં તો અસહ્ય વેદના થતી હતી, પણ તે દુઃખમાં ચિત્ત સ્થાપ્યું નહિ. એટલું તો ખરૂંજ છે કે સંસારી જીવો ભિન્નભિન્ન વસ્તુમાં રમણ કરી મગન રહે છે, ત્યારે મુનિજનો તો આત્મસ્વરૂપ માંજ સદા મગ્ન રહે છે. કહ્યું છે કેઃ—

કવિત—

રાજા તો મગનરાજ, કાજકે સવાન પરે,
રંકતો મગન શેર સુનકી નગનમે;
ધની તો મગન ધન, દોલતકે કારન પર,
કામી તો મગન મૃગાનેનીકા બદનમે;
કુડાતો મગન કુડતાઇ વિખ વાદનમે,
સૂરા તો મગન શૂરતાઈ કે સુજનમે;
કોઈ કાહુમે મગન, કોઈ કાહુમે મગન,
મુનિરાજ તો મગન વિતરાગકા ભજનમે. ૩૨૬

આખરે થોડાજ કાળમાં પ્રચંડ તાપથી તેમની સુકોમળ ખોપરી ફાટી પ્રાણવાયુ દશમા દ્વાર ઉપર ચડી આવ્યો; અને ક્ષણીક દેહનો સદાને માટે ત્યાગ કરી નીરાબાધ અક્ષય મોક્ષલક્ષ્મીના ભોક્તા થયા.

પછી સવારના પ્રહરમાં પોતાના પ્રિયતમ ભ્રાતા લઘુમુનિને વંદન કરવા માટે શ્રીકૃષ્ણમહારાજા હાથી ઉપર બેસી છડી સ્વારીએ શ્રી નેમનાથપ્રભુના સમોસરણ ભણી નીકળ્યા, અને રસ્તામાં આવતાં એક ઘણીજ વૃદ્ધાવસ્થાથી જર્જરીત ડોસો જોયો. તે વખતે ડોસો પોતાનું ઘર ચણવા માટે રસ્તા ઉપર પડેલી ઈંટોના ઢગલામાંથી એક એક ઈંટ લેઇ ધીમેધીમે ઘરમાં લથડીઆં ખાતો ખાતો જતો હતો. આ દેખાવ જોઇ શ્રીકૃષ્ણમહારાજા ઘણું આશ્ચર્ય પામ્યા, કે આ વૃદ્ધ ડોસો ક્યારે બધી ઇંટો લઇ જશે? પછી તેના ઉપર દયા આવવાથી તે

ઢગલામાંથી એક ઈંટ પોતે લઇ ઘરમાં મુકી, એટલે તેમની પાછળ રહેલા સઘળા માણસોએ પણ એક એક ઈંટ લેઇ ઘરમાં મુકી. આમ થવાથી ડોસો ખુશી ખુશી થઈ ગયો, તમામ ફેરા મટી ગયા અને ઘણા દિવસનું કામ સહજમાં થોડાજ વખતમાં સિદ્ધ થઇ ગયું. તેથી તે વૃદ્ધ શ્રી કૃષ્ણમહારાજાનો અત્યંત ઉપકાર માનવા લાગ્યો અને ઘણો આનંદિત થયો.

હવે શ્રી કૃષ્ણમહારાજે શ્રીનેમપ્રભુના સમોસરણમાં જઇ નેમપ્રભુને હર્ષપૂર્વક વિધિ સહિત વંદન કર્યું, તથા અન્ય સર્વ મુનિને વંદન કરી સુખશાતા પુછી. પણ ત્યાં પોતાના ભાઈ નવીન દીક્ષીત લઘુમુનિને ન જોયા તેથી પ્રભુને પુછયું કેઃ—હે કૃપાળુ ગુરૂ ! મારો લઘુ બંધુ કયાં પધાર્યો છે ? ત્યારે પ્રભુએ કહ્યું કેઃ—જેને માટે નીકળ્યા હતા, તે કામ તો તમારા બંધુએ સિદ્ધ કર્યું, જન્મમરણના ફેરા ટળી ગયા. જેમ પેલા વૃદ્ધ ડોસાને ટેકો આપી તમે સુખી કર્યો અને ફેરા મટાડી દીધા; તેમ તમારા બંધુને પણ ટેકો મળ્યો, ને તેના તમામ ભવના ફેરા પણ મટાડી દીધા. બુદ્ધ થયા પારંગત થયા, સકળ કાર્ય સર્યાં ને સર્વાર્થ સિદ્ધ થયા. તે સાંભળી આશ્ચર્ય અને અફસોસના મહાસાગરમાં ડુબી ગયેલા શ્રી કૃષ્ણમહારાજાએ દીનવદને પુછયું:—કૃપાળુ ! આ શું થયું ? મારો બંધુ થોડાજ વખતમાં ગુમ થયો એતો બહુ નવાઇ કહેવાય. મારા ભાઇનો અંત આણનાર કોણ ? તે દુષ્ટે શું કર્યું ? કેવો પરિષહ આપ્યો ? કે જેથી તે સત્વર પરલોકગામી બન્યો. તે સર્વ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ કહ્યું કેઃ—હે નરપતિ ! તે મુનિના સુકોમળ મસ્તક ઉપર માટીની પાળ બાંધી તેમાં ધગધગતા ખેરના અંગારા નાંખ્યાથી ટુંક સમયમાં ખોપરી ફાટી અને સમાધી પરિણામે કાળ કરી તે મુનિ અજરઅમર થયા. તેનો અંત આણનાર નગરમાં જતાં તને મળશે, અને તમને જોતાં વેંતજ ત્યાંનો ત્યાં સ્તબ્ધ બની સત્વર પરલોકગામી બનશે. એ નિશાનીથી જાણજોકે આ મારા બંધુનો અન્ત આણનાર છે.

એ સાંભળી ગુરૂને વાંદી દીનવદને સત્વર ત્યાંથી પાછા ફર્યા. અને મન સાથે વિચાર્યું કેઃ—અહો ! હું કેવો ભાગ્યહીન કે મારા બંધુને મેં ખોયો, તેના દર્શનનો લાભ પણ મને ન મળ્યો. હવે આજ મારે કાંઈ હર્ષનો દિવસ નથી, માટે આજ મારે અત્રેથી રાજમાર્ગે નહિ જવાં, દીલગીરી ખાતર હું સ્મશાનમાર્ગેજ જાઉં, એમ સમજી પોતાનો

હાથી મહદાબારીના રસ્તે ચલાવ્યો. હવે પેલા મુનિઘાતક દુષ્ટ સોમલે જાણ્યું કે:–શ્રીકૃષ્ણમહારાજ નેમપ્રભુ પાસે ગયા છે; નેમ પ્રભુ મારૂં ક્રૂર કર્મ જરૂર પ્રગટ કરશે, અને મને શ્રીકૃષ્ણ બુરી રીતે મારશે, માટે અત્રેથી મહદાબારીને રસ્તે થઇ ઝટ અન્યત્ર ચાલ્યો જાઉં–એમ ધારી તે પણ તે જ રસ્તે ચાલ્યો; તેટલામાંજ શ્રી કૃષ્ણમહારાજાનો હાથી દરવાજાની દોઢીમાંજ તેને સામો મળ્યો. જુઓ કર્મની કેવી અકળિત ગતિ છે ? તે ત્યાંનો ત્યાંજ ચિત્રામણની માફક સ્તબ્ધ થઇ ગયો અને મન સાથે બડબડયો કે:–હાય ગજબ થયો ! હું ઠાર મરાયો ! પ્રભુએ મારો આવવાનો રસ્તો પણ કીધો હશે ? તેથીજ મહારાજા આ રસ્તે આવ્યા, માટે જરૂર હવે તે મને પકડી ભુંડે હાલે મારશે. હે દુષ્ટ ! તેં નિરપરાધી એવા તેના ત્યાગી બંધુનો બુરી રીતે અંત આણ્યો. હે ચંડાળ ! તારાં ક્રૂર કાર્યનો બદલો દેનાર આવી પહોંચ્યો, તે હે જીવ ! તને જરૂર મારી નાંખશે. એ પ્રમાણે વિચારતો તે સોમલ બ્રાહ્મણ ભયમાં ત્યાં જ ગત પ્રાણ થઈ ગયો–મરણ પામ્યો. આ બનાવથી શ્રી કૃષ્ણવાસુદેવે જાણ્યું, કે જરૂર આ સોમલજ મારા મુનિ ભ્રાતાનો ઘાતક છે. અરે દુષ્ટચંડાળ ! મારા લઘુ બંધુએ તારૂં શું બગાડયું હતું કે તે નિરપરાધી મુનિનો તેં બુરી રીતે અંત આણ્યો, હવે તને શું મારૂં ? તારા ક્રૂર કર્મેંજ તને માર્યો, ખરેખર ક્રૂર કર્મનો બદલો અવશ્ય મળ્યા વિના રહેતો નથી. માટે હે પરિચારકો ! આ દુષ્ટ કર્મચંડાળ મુનિઘાતકને મુંજની દોરીથી અંગુઠો બાંધી તેને કુતરાની માફક ઢસડી ઢોરનાં મુડદાંની ઉંડી ખાઇમાં ફેંકી દો, અને આ અશુદ્ધ ભૂમિને જળ છાંટી શુદ્ધ કરો; એટલો હુકમ કરી અફસોસપૂર્વક મહારાજા ચાલતા થયા. પછી નોકરે તે પ્રમાણે સર્વ કર્યું અને જમીન પણ શુદ્ધ કરી.

બીજે દિવસે શ્રીકૃષ્ણવાસુદેવ શ્રીનેમનાથભગવાનને વંદન કરવા ગયા, વિધિ સહિત વાંદી નમસ્કાર કરી યથાયોગ્ય સ્થાને બેઠા, પ્રભુએ ધર્મ દેશના દીધી. અત્યારે શ્રી કૃષ્ણનરેશનું હૃદય વદન ઉદાસી અને શોકાગ્રસ્ત હોવાથી અશરણ એકત્વભાવના, અનિત્યભાવના અને સંસારભાવના વગેરેનો ચિત્તાકર્ષક પ્રકૃષ્ટ પ્રબોધ દીધો, તે સાંભળી રાજાનો કાંઇક શોક ઉપશાંતપણાને પામ્યો, પોતાના લઘુ બાંધવ ગજસુનિનું આમ અણચિંતવ્યું મહાત્રાસદાયક મરણ થવાથી એક પ્રકાર હૃદયમાં ઉદ્દભવ્યો અને હસ્તાંજલી કરી સનમ્ર ભાવે અને સજળ નેત્રે (પો-

વાના પ્રિયબંધુનું અપમૃત્યુ સાંભરી આવવાથી ચક્ષુમાં આંસુ આવ્યાથી) બોલ્યાઃ-પ્રભુ ! મારા લઘુબંધુ ગજસુકુમાળ મુનિનું આ પ્રકારે વિના કારણે ત્રાસદાયક અપમૃત્યુ થયું, તો સાહેબ ! એવું તે એણે શું કર્મ કર્યું હશે; કે સોમલ બ્રાહ્મણને આ અકાર્ય કરતાં લેશ પણ ત્રાસ ન ઉપજ્યો, મારી પણ જરાયે બિક ન લાગી ! નહિતો મારુ નામ સાંભળતાં લોકો થરથર ધ્રુજે છે, અનીતિ કરતાં ડરે છે. પ્રભુ ! તે પાપીએ મારાજ ઘરમાં એટલે મારા સગા બંધુને અકાળે મારી મહા-અનર્થ કેમ ઉપજાવ્યો ? મારા ભાઈનું એવું તે શું કર્મ હશે ? આ જન્મમાં તો કાંઇ પણ તેનું બગાડયું હોય તેમ મને લાગતું નથી.

આ પ્રશ્ન સાંભળી શ્રીનેમનાથ ભગવાન બોલ્યાઃ-ભાઇ ! કર્મની ગતિ ગહન અને વિચિત્ર છે, કર્યાં કર્મ ભોગવ્યા વિના જીવનો છુટકો થતો નથી, એવો કર્મનો અચળ કાયદો છે. મોહમુગ્ધ અજ્ઞાનપ્રાણીઓ કર્મ બાંધતી વખતે જરાયે ડરતા નથી, વિચાર સરખો પણ કરતા નથી અને સહોંશે કર્મ બાંધે છે. પછી તેનો તેજ ભવે યા પરભવે વા અનંતભવે પણ અવશ્ય બદલો તો દેવોજ પડે છે. તે વખતે બાપડા જીવાત્માને હાયવોય થાય છે, ઘણી ઝુરણા કરે છે, પૂર્ણ પસ્તાવો કરે છે; પણ હસીહસીને કરેલાં કર્મ પછી રડી રડીને ભોગવવાં પડે છે.

कम्मानाणा विहाकदु । पुढो विष भयापया ॥

તમારા લઘુ બંધુ શ્રીગજમુનિરાયના સંબંધમાં પણ તેમજ થયેલું છે, અને તેનુંજ આ વિષમ ફળ તેમને અનુભવવાનો દુર્ઘટ પ્રસંગ હાલ પ્રાપ્ત થયો છે. ત્યારે હાથ જોડી શ્રીકૃષ્ણમહારાજે પુછયું કેઃ-હે કૃપાળુ સર્વજ્ઞ પ્રભુ ! તે મારા બાંધવના સંબંધમાં એવો તે શો બનાવ બન્યો છે ? કયા પ્રકારનું વક્ર કાર્ય તેનાથી થઈ ગયું છે ? કે તેનું આ વિષમફળ તેણે અનુભવ્યું, તે વૃત્તાંત કૃપા કરી કહેશો. શ્રી નેમનાથપ્રભુએ કહ્યુંઃ-હા કહું છું ખરેખર તે સાંભળવા યોગ્ય છે, સાંભળીને મનન કરવા જેવું છે, મનન કરીને પછી તેવાં અકાર્યોથી પાછા હટવું ઘટે છે; તો હે સુજ્ઞ મહાનુભાવ ! હવે તે વૃત્તાંત એકાગ્રચિત્તે સાંભળો. !

૮૪ શ્રીગજસુકુમાળ મુનિના પૂર્વભવનું વૃત્તાંત.

પૂર્વે કોઇ એક મોટા નગરમાં કોઇ ધનવાન શેઠ રહેતો હતો, તેને એક સુશીલ સ્ત્રી હતી બન્ને દંપતી સુખમાં દીન નિર્ગમન કરવ

હતાં. ઘણાં વર્ષ થયાં પણ સંતતિનું સુખ તેઓ જોઈ શક્યાં નહોતાં, હૃદયમાં અપત્યસુખ જોવાની પૂર્ણ જીજ્ઞાસા હતી તેથી રાતદહાડો તે સંબંધે બન્નેને ઝંખના થયા કરતી હતી, તેમાં સ્ત્રીને વિશેષ વક્ષેપાત હતો. પણ જ્યાં વિધિ (નસીબ)જ વિપરીત હોય, ત્યાં શું ઉપાય ચાલે ? **विधिरेव बलीयसी ॥** અર્થાત—આખરે વિધિજ બળવાન નિવડે છે તકદીર આગળ તદબીરનું કંઈ ચાલતું નથી. શેઠે ઘણા ઘણા પ્રયત્નો કર્યા તેમાં કાંઇ કચાશ રાખી નહિ પણ તે સર્વ નિષ્ફળ થયા.

ત્યારે અંતે શેઠે બીજી સ્ત્રી પરણવાનો નિશ્ચય કર્યો અને થોડા-વખતમાં કોઇ સારૂં કન્યારત્ન શોધી કાઢી શુભ દીને લગ્ન કર્યાં, શેઠ આથી સંતોષ પામ્યા. પણ તેની આગલી સ્ત્રીના હૃદયમાં ઇર્ષાગ્નિનો પ્રચંડ દાવાનળ સળગી ઉઠયો, તેના હૃદયમાં તો હાયવોયની હૈયાહોળી સળગી, શોકયોને અન્યોઅન્ય ઝઘડા કલેશ કંકાસ થવા લાગ્યા. શોકયનું સાલ–દુઃખ મોટામાં મોટું મનાયું છે. દુનિયામાં કહેવાય બહેનો, પણ અંતરમાં તો ખાર, વિષાદ, ઝેર વેર અને અદેખાઇનો પારજ ન હોય. એક બીજાને ભાળે ત્યાં આંખમાંથી ઝેર વરસે, આમ ઘરમાં રોજ ઉઠીને બન્ને સ્ત્રીઓ ઝઘડા કરે અને કલેશ થાય, તે જોઇ શેઠને તો ઘણું માઠું લાગતું. સુખનું સાધન માન્યું હતું, તે હવે તો દુઃખનું બારૂં ઉઘડયું ભાસવા લાગ્યું, તેથી તેને મનમાં ઘણો સંતાપ થવા લાગ્યો. નીતિ-શાસ્ત્રે બે સ્ત્રીના પતિને મહાદુઃખીયો માન્યો છે ને કહ્યું છે કેઃ—

દોહરો–બહુ વણઝીયા, બહુ બેટીયાં દો નારીકો ભરથાર,
ઉનકું કોઈ મત મારજો ઉન માર છોડયા કીરતાર. ૩૨૭

મતલબકે બહુ ઘરબાર વેપારવણજ દીકરીઓ અને બે બાયડીઓ વાળાને નિરાંત યા સુખચેન હોયજ નહિ, તેમને તો ઘણાજ દુખીયા સમજવા. આપણા અપત્ય–સુખાભિલાષી શેઠ પણ બે સ્ત્રીના પતિ તો બન્યા હતા!, પણ તેથી હવે તેના સંતાપનો પાર રહ્યો નહોતો. બન્ને સ્ત્રીઓ રોજ લડે તેથી થતા કલેશથી કંટાળી આખરે બન્નેને જુદી કરી, એકને હેઠે અને બીજીને ઉપર એમ જુદાં રસોડાં કરી આપ્યાં. પોતાને માટ પણ વારા નિમાયા, એટલે એક દિવસ નવીને ઘેર જમવાનું તો બીજે દિવસે જુનીને ઘેર જમવાસુવાનું, એમ વારા ફરતી રહેવાખાવાનું રાખી, બન્નેને બનતી કોશીશે સંતોષ આપવાનો

માર્ગ કરી આપ્યો; તો પણ ઇર્ષાગ્નિ હોય તે કદી ઉપશાંતપણાને પામતો નથી. એટલે અગ્નિમાં જેમ કાયમ ઉષ્ણતા રહેલી છે, તેમ ઇર્ષાળુ અને અદેખાંની આંખમાં પણ કાયમ અગ્નિજ રહેલો છે, તે ઘણોજ આકરો હોય છે તેથી કદી તે એકદમ શાંત થતો નથી. તેમ શોકયનું દુઃખ પણ અગ્નિની ઝાળ તુલ્ય હોય છે, તેઓ એક બીજાનું સુખ દેખી શકતીજ નથી, અણસમજુ મૂર્ખ શોકયો તો એક બીજાનું સુખ જોઇનેજ જવાસાની પેઠે અદેખાઇથી બળી મરે છે.

શેઠને સારા પુણ્યયોગે નવીને એક દીકરો થયો, જેની હમેશાં રાતદહાડો ઝંખના કરતો હતો, તે અપત્યસુખની આશા અંતે ફળીભૂત થઇ, હવે તો તેના હર્ષનો પાર રહ્યો નહિ, પુત્રના જન્મ સમયે શેઠે ઘણું દ્રવ્ય ખરચી પુત્રજન્મ–મહોત્સવનો લ્હાવો લીધો, નવીનું માન વધ્યું તેને વધુ વધુ ચાહવા લાગ્યા, પુત્રને જોઇ શેઠ ઘણો આનંદ પામતા હતા. પણ જુની સ્ત્રીને આ હર્ષના દિવસો ઘણા ઝેર જેવા આકરા લાગવા માંડયા. જોકે નવીનુ માન વધ્યું, તેથી કાંઇ તેનું પોતાનું માન ઘટી તો નહોતુંજ ગયું, પણ અદેખાઇ રાંડ એવી ભુંડી ડાકણી છે, કે તે જેને વળગે છે તેનું સત્યાનાશ વાળી નાંખે છે. આ અદેખાઇએજ આત્માનું હિત બગાડયું છે. તે વિષે કહ્યું છેકે:—

મનહરછંદ.

ગાજે જ્યાં ગગન ઘન, જવાસો સુકાઈ જાય,
તરૂવર તો તમામ ફાલીને ફેલાય છે;
સૂરજની શોભા દેખી, સર્વને સંતોષ થાય,
ઘુડ તો ઘલાઇ ખુણે, ઘણા ગભરાય છે;
અદેખાને ઉપદ્રવ, કરે નહિ કોય તોય,
અદેખાનું શરીર, સ્વભાવથી સુકાય છે;
સુણો રૂડા રાજહંસ, દાખે દલપતરામ,
જેમ ફાસફરસ, સ્વભાવે બળી જાય છે. ૩૨૮

તેવી રીતે આ જુર્નનું શરીર પણ સુકાતું જતું હતું. સપત્ની (શોકય)નું સુખ તેનાથી જોઇ શકાતુંજ નહોતું, તે તો રાતદહાડો તેના પ્રત્યે અદેખાઈ કર્યાજ કરતી હતી. જોકે મોઢે તો મીઠુંમીઠું બોલી હેત દાખવતી હતી, પણ અંતરમાં તો કપટનીજ કાતી હતી, તેનું ભુંડુ થવાનો લાગ તે સદા તપાસ્યા કરતી હતી.

એક વખતે એવુ બન્યું કે તે નવીના પુત્રને શરીરે કાંઇક ગરમી થઇ આવી. તેથી છોકરો રાડેરાડ પાડી રોવા લાગ્યો, આથી તેની માતા બિચારી ઘણું મુઝાણી, ઘરગતું કેટલીક દવા કરી પણ તેથી શાંતિ થઇ નહિ, ત્યારે પોતાની શોકય જે જુની હતી, તેને ઘણાં વર્ષ થયાં હતાં, તેથી તેમને અનુભવ સારો હશે એમ ધારી મોટાંગણી પુછવા ગઈ. પેલી ઇર્ષાની પુતળી દુષ્ટાને તો પોતાનું વેર વાળવાનો આ પ્રસંગ સારો જડી આવ્યો તેથી તે ઇર્ષાળુ પાપીણીએ તો લાગ આવતાં બીચારી ભોળી ભામિનીને એવી દવા બતાવી, કે બાઇ આ છોકરાને શરીરે શરદી બહુ થઇ ગઇ છે, માટે તેને ઉનો ઉનો રોટલો માથા ઉપર મુકી માથુ મજબુત બાંધી દે, આ ઉપચારથી તારા પુત્રને સારૂં થઇ જશે. આ ઉલટો ઉપાય બતાવતાં તે ઇર્ષાળુ રંડાને એટલો પણ વિચાર ન આવ્યો, કે આથી તો મારા પતિનોજ વંશોચ્છેદ થાય છે. પણ ઇર્ષાથી બળેલ ઝેરીલાં જે ન કરે તે થોડું. આ ઉપચાર સાંભળી પેલી ભોળી સ્ત્રીએ તો ઘેર જઇ એકદમ રોટલો બનાવી ઉનોને ઉનો તુર્તજ પારણામાં પોઢેલા બિચારા નિર્દોષ સુકુમાર લઘુ બાળકના કુમળા માથા ઉપર દાબી દીધો, અને ઉપર મજબુત કપડું વીંટી પાટો બાંધી દીધો. આથી તો તે બાળક બિચારૂં એકદમ જબરી ચીસ પાડી સ્વલ્પ સમયમાં જ ગતપ્રાણ થઈ ગયો. થોડીવાર થઇ એટલે કાંઇ પણ રોતો ન હોવાથી તેની માતાએ જાણ્યું કે જરૂર મારી બેને (શોકયે) બતાવેલું લાગુ પડયું લાગે છે, માટેજ કાંઇ રોતો નથી. પછી થોડીવારે તેનો પતિ આવ્યો, અને તેણે જોયું તો પુત્ર તો મરણ પામી ગયો છે- બન્નેને આ ખબર પડતાંજ એકદમ તેઓ છાતી માથું કુટી રોવા કકળવા લાગ્યાં. તપાસ કરતાં અંતે પેલી પાપણી જુનીનો દોષ પ્રગટ થયો, તેથી તેને ઘણોજ ધીટકાર મળ્યો. તે અભાગણીને આવું નિર્દય કાર્ય કરતાં જરા પણ ડર ન લાગ્યો, પોતાનું ઘર ગાંડીએ પોતે ખોધું ઇર્ષારાક્ષસીને વશ પડેલીને દયા કયાંથી આવે ?

હે શ્રીકૃષ્ણ ! કર્મની ગતિ અતિ વિચિત્ર છે, પ્રાણી અજ્ઞાનને વશ પડી એવા એવા તો અનર્થો ઉપજાવે છે, કે તે પાછું વાળીને જોતા પણ નથી, વિચાર સરખોએ કરતા નથી, કે કરેલા કર્મનો બદલો તો અવસ્ય દેવો પડે છે. **कडाण कम्माण नमोरव अथ्थि ॥**

અર્થાત—કરેલાં કર્મ ભોગવ્યા વિના કદી છુટકો થતો નથી.

કૃત કર્મનો બદલો દીધા વગર અવશ્ય ચાલતું નથી. આ વિષે એક મુસલમાન કવિએ કહ્યું છે કેઃ—

હિંદુ હો મુસલમીન બદલા લેવેગા ખરા,
બદલા લેવેગા ખરા, નહિ કર્મ ભુલેંગે જરા;
હિંદુ હો મુસલમિન બદલા લેવેગા ખરા. ૩૨૯
ધંધેમેસે ધ્યાન તેરે પૈસેમે પ્રિત લગી,
જીસ્મે ખુદા રાજી તેરે, તિસમે કુછ પાયા નહિ;
સુન એ નાદાન બંદા સુન એ હેવાન રબકું રિઝાયા નહિ. ૩૩૦

અર્થાત—હિંદુ હો કે મુસલમાન હો, પણ અવશ્ય કૃત કર્મનો બદલો તો દેવોજ પડે છે.

સવૈયો.

દીન છુપે તીથીવાર ઘટે, અરૂ સૂરજ છપતહે ગ્રેનકો છાયો,
ગજરાજ છુપે જબ સિંઘકુ દેખત, ચંદ્ર છૂપત અમાવાશ્ય આયો;
પાપ છુપે પ્રભુ નામકે જાપસે, કુળ છુપત કપુતકો જાયો,
કવિ ગંગ કહે સુન શાહઅકબર ! કર્મ છુપે ન ભભુત લગાયો.

તેવી રીતે તે વખતે તે શેઠની જુની સ્ત્રીએ પોતાનીજ શોકયના પુત્રને આમ વિના અપરાધે નિર્દયપણે મરાવી, મહાઅનર્થકારી કર્મ ઉપાર્જન કર્યું શ્રી સર્વજ્ઞ પુરૂષો તો સિદ્ધાંતસાગરમાં કથી ગયા છે કેઃ—

“ वैराणु बधाणी महाभयाणि ॥ ”

અર્થાત—વૈરના બાંધવાવાળા મોટા ભયને બાળે છે. માટે તે શોકયે ઇરાદાપૂર્વક મનના દૃઢ ઘાતકી સંકલ્પ સાથે નિકાચિત કર્મ બાંધ્યું. પછી પેલો બાળક છોકરો ત્યાંથી અકાળે મરણ પામી આજ નગરીમાં તારા લઘુ બંધુનો ઘાતક સોમલબ્રાહ્મણ થયો, અને પેલી સ્ત્રી ત્યાંથી મરણ પામીને આજ નગરીમાં તારા લઘુ બાંધવ ગજ સુકુમાળ થયા. સુપુણ્યના જોગે તેમને સંયમમાર્ગ આવ્યો, અને સોમલ બ્રાહ્મણ તમારા બંધુને માથામાં પાળ બાંધી ખેરના અંગારા નાંખીને ચાલ્યો ગયો. મુનિ સમભાવે બધું સહનકરી સર્વ કર્મ ખપાવી મોક્ષપુરપાટણે પધાર્યા. તમે જેમ રસ્તામાં આવતાં પેલા ડોસાને સહાયતા આપી, તેમ તમારા બંધુ મુનિને ઇષ્ટસિદ્ધિમાં સહાય મળી જવાથી તેને શિઘ્ર કાર્યસિદ્ધિ

થઈ ગઈ. પછી શ્રી કૃષ્ણમહારાજા આ સર્વ વૃત્તાન્ત સાંભળી ઘણાજ ખિન્ન થયા ને સખેદાશ્ચર્ય પણ પામ્યા, પછી શ્રીનેમ પ્રભુને વંદન કરી સ્વસ્થાને ગયા.

હે વહાલા વાંચકો ! આ દૃષ્ટાંતમાંથી તો આપણને ઘણુંજ શીખવાનું મળી આવે છે. મુખ્યે તો પોતાના દોષો સામું જોવું, એ અક્ષયપદ પામવાનું પ્રથમ પગથીયું સમજવું. જેમ શ્રી ગજસુકુમાળે પોતે વદન નિર્દોષ છતાં પોતાનાજ દોષો જોયા અને નિર્વિકારી ને નિર્લેપ રહી અજરામર થયા. આ વિષે કહ્યું છે કેઃ—

કવિત.

ક્ષમા કરો ભરપુર, કર્મ હોવે ચકચુર,
ક્ષમા કરી સાચા શુર, ક્ષમા સુખ ભારી હે;
ક્ષમા કીધી હરીકેશી, ક્ષમા કીધી પરદેશી,
ક્ષમા કીધી ગજરૂષિ, ખંધક આચારી હે;
ક્ષમા કીધી મેતારજ, મોટા મોટા આચારજ,
ઘાણીમાં પીલાણા તોય, ક્ષમા દીલ ધારી હે;
રૂષિ લાલચંદ કહે, ક્ષમા કરો ધન સહી,
ક્ષમા ખડગ લઈ કર, રીસકું વીદારી હે. ૩૩૨

વાહ ! ક્ષમા સદ્‌ગુણ કેવો ઉત્તમ છે ? અવસ્ય ક્ષમાથી તો ઘણાં કઠોર કર્મનો પણ ક્ષય થાય છે. પણ આપણામાં અનાદિ કાળથી પરદોષો નિરીક્ષણ કરવાની કુટેવ પડી હોય છે, પણ પોતામાં હજારો દોષો છે, તે તો જરા જોતા નથી. તે વિષે કહ્યું છે કેઃ—

દુહા.

બુરે બુરે સબકું કહે, પણ બુરા ન દીસે કોઈ;
જો ઘટ શોધું મેં માયરો, તો મુજસુ બુરા ન કોઈ. ૩૩૩
નિજ અવગુણ નીહાલવા, કરો યત્ન નરનાર,
તો પામો સુખ શાશ્વતાં, સર્વ શાસ્ત્રનો સાર. ૩૩૪
પરદોષોને દેખવા, તે સહેલું છે કામ;
કઠણ દોષો નિજ દેખવાથી, પામો સુખ ધામ. ૩૩૫
નિજ દોષો ડુંગર સમા, પણ તે નહિ નીરખાય,
પરદોષો લવ લેશ પણ, પ્રેમે પ્રગટ કરાય. ૩૩૬
એહ રીતથી જીવ આ રઝળે ભવ મોઝાર;

માટે હે મુમુક્ષુ બંધુઓ ! સમભાવથી વર્તી સર્વનું ભલું થાય, તેવાં સત્કાર્યો કરજો, પોતામાંના હજારો દોષો સામું જોઇ તેને ટાળવાનો પ્રયત્ન કરજો, તોજ આ દુઃખમય મહાભયંકર ભવસાગર સહેજે તરી અંત લાવી અક્ષય એવી મોક્ષલક્ષ્મીને મેળવી શકાશે; એમશ્રી સર્વજ્ઞ પ્રભુનું કહેવું છે. (૮૩)

मनु जन्म ह्यधि गम्य,
चिनोति धर्म नयो कदानूनम् ॥
तस्य नृजन्म निरर्थं ।
छागल गल गत पयोधरस्यैव ॥ ८४ ॥

અર્થ—જે માણસ મનુષ્ય જન્મ પામીને કોઇ વખતે પણ ધર્મનો સંચય કરતો નથી, તેનું ખરેખર આ જગતમાં જીવવું વૃથા છે. જેમકે બકરીના ગળામાં રહેલા બે આંચળો તેને પોતાને તથા પરને કશા ઉપયોગના નથી, અર્થાત તે આંચળ તેને વૃથા છે; તેમ ધર્મ વિનાના મનુષ્યનો નરજન્મ પણ વૃથા છે. (૮૪)

ભાવાર્થ—આ સંસારમાં ઉત્તમ એવો મોઘો મનુષ્યભવ મેળવીને જે પુરૂષો પવિત્ર ધર્મનો સંગ્રહ કરતા નથી, તેનો જન્મ વૃથા સમજવો. કારણકે ધર્મ દુર્ગતિમાંથી આપણો ઉદ્ધાર કરનાર છે, વળી ભવાબ્ધિ મહાસાગરમાં ડુબતા જીવને બેટ સમાન અને આધારભૂત છે. મહાભયાનક ભવાટવીમાં ભુલા પડેલા જીવને માર્ગદર્શક એક અમુલ્ય ભોમીયો છે, માટે ધર્મ દરેક મનુષ્યે સપ્રેમે આદરવા જેવો છે. પોતાની પાસે ભલે કદાચ લક્ષધા લક્ષ્મી હોય, તે પણ અન્ત સમયે ત્રાણ-શરણ થનાર નથી, પોતાના પુત્રો મિત્રો કલત્રો તથા માતાપિતા ભ્રાતા અનેક નોકરો ચાકરો હોય, તે પણ અંત કાળે સહાયભૂત થનાર નથી. જીવને અંત સમયે તો એક ધર્મ બેલી અને શરણભૂત છે, અંત સમયની સ્થિતિએ આવી પહોંચેલા મનુષ્યની પાસે

વીંટાઇ બેઠેલાં નજદીકનાં સગાં સંબંધીઓ પણ કહેશે, કે ભાઈ ! પ્રભુ એક સાચો છે, આ જગતનો સર્વ ઠાઠ્ઠો ઠાઠ અસત્ય અને ઠગબાજી છે, માટે ભગવાનને અંતકાળે ભજજો, ધર્મનું શરણ લેજો, એજ એક સાથે આવનાર છે, બીજી સર્વ સામગ્રી અને માયા તો અહીંજ પડી મુકવી છે, વગેરે ધર્મનાં અનુકુળ વચનો સંભળાવે છે. તેમ ધર્મશાસ્ત્રો પણ ગાજી વજાડીને કહે છે કેઃ—હે જીવો ! તમો બોધ પામો, અને આત્માને સમજાવો ! ધર્મવિના કોઇ પણ અંતનું સગું નથી. ધર્મ વિનાનો પુરૂષ છતાં પણ તે પશુ તુલ્ય જીંદગી ગુજારે છે. ખાવુંપીવું, હરવુંફરવું, એશઆરામ કરવો એમાં કોઇ જીંદગીની સફળતા કરી ન કહેવાય, પણ કાંઇ પરોપકારી કાર્યો કરી દુઃખી જનોનાં દુઃખ હરવાં, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ વગેરે આત્માના કટ્ટા શત્રુઓને હઠાડવા, આ કાયાનગરીમાં એ દુષ્ટ રાક્ષસો બહુ ફાવી ગયા છે, અને મોહરૂપી મદિરા પાઇને આ નિર્મળ આત્માને ઘોર અંધકારમાં ડુબાડી રાખે છે. તેને માટે કહ્યું છે કેઃ—

કવિત.

એહી કાયનગરીમે ચિદાનંદ રાજ કરે,
માયાશી રાની સંગ રંગ હોઇ રહ્યોહે;
ક્રોધ હુવા કોટવાળ, મોહ હુવો ફોજદાર,
લોભ તો વજીર સબે લુંટ અનુસર્યો હે;
માન જેસો કાજી જાકે લીનકો ન અદલ માન,
કામ તો બકાની બેશ વાકો આન ગ્રહ્યો હે;
અપની રાજધાનીમેસે, બે ગુન ભુલ ગયો,
જબ શુદ્ધ પડી તબ કાજ આત્મ ગ્રહ્યો હે. ૩૩૮

મતલબકે આ કાયાનગરી આવા દુષ્ટ રાક્ષસોથી ઘેરાયલી છે, તેથી આ પવિત્ર આત્માનું વાસ્તવ તેજ આચ્છાદિત થઇ ગએલું છે; ધર્મ કરવાનો વખત પણ તેઓ આવવા દેતા નથી. અહાહા ! આતો આપણી કેવી અજ્ઞાનતા કહેવાય ? કે પવિત્ર ને સારી જોગવાઇ મળાય છતાં જરા પણ સન્માર્ગપર લક્ષ ચોંટતુંજ નથી. જાણે કાયા આ જગતમાં અહોનિશ ટકવાનીજ ન હોય ! એમ અજ્ઞાની આત્મા માની રહેલ છે. ક્ષણિક ને નશ્વર પદાર્થો છતાં શાશ્વતાં અને અક્ષણિક માની તે માયામાંજ રાચી રહેલ છે, પણ સમજતો નથી કે આ નરકાયારૂપી રૂડું વહાણ

મોટા પુણ્યના ઉદયથીજ મળ્યું છે, તે ભાંગી ના જાય તેટલા વખતમાં સત્કાર્યો કરી સંસારસાગરને તરી ઝટ આપણે કિનારો મેળવી લેવો જોઈએ. તે વિષે કહ્યું છે કેઃ—

महता पुण्य पण्येन । क्रीते यं कायनौ स्त्व या ॥
पारं दुःखोदधेर्गंतु । तरया वन्नभिद्यते ॥ १२७ ॥

અર્થાત્—મોટા પુણ્યે કરી મળેલ આ નરકાયારૂપ નૌકા ભાંગે નહિ, તેટલામાં સત્વર આ દુઃખસાગર તરી જા, તે નાશ થયા પછી, કાંઈ બનવાનું નથી. જે મનુષ્યો આવી ઉત્તમ જોગવાઇ મળવા છતાં, કાંઈ પણ આત્મહિત કરતા નથી, તે ખરેખર પશુ જેવાજ મૂઢ સમજવા. કારણ કે ચાર પ્રકારે મનુષ્ય અને પશુ તો સરખાંજ છે, પણ ધર્મથીજ વિશેષના હોઇ તેનું પટાંતર પડે છે, અને હેવાન કરતાં નર શ્રેષ્ઠ ગણાય છે. **ઉપજાતિ વૃત્ત.**

आहार निद्रा भय मैथुनं च ।
सामान्यमेतत् पशुभिर्नराणाम् ॥
धर्मो हि तेषामधिको विशेषो ।
धर्मेणहीना पशुभिः समानाः ॥ १२८ ॥

અર્થાત્—ભોજન કરવું, નિદ્રા લેવી, ભય પામવો અને મૈથુન સેવવું એટલે સંસારવહેવારનાં ભોગવિલાસનાં સુખ ભોગવવાં; એ ચાર વાનાં તો પશુઓ અને મનુષ્યો બન્નેમાં સરખાંજ હોય છે. પણ મનુષ્યમાં એક ધર્મ વિશેષ હોય તો તે ઉત્તમ ગણાય છે, પણ જો ધર્મ ન હોય તો તે પણ પશુ સમાનજ સમજવો વળી આખી જીંદગીનો જેટલો વખત ધર્મ ધ્યાનમાં જાય, તેટલો વખત લેખે લાગેલો ઉત્તમ સમજવો, અને તેટલાજ દિવસો જીવ્યામાં સાર્થક સમજવા. બાકી બધા નકામા દિવસો જાય છે, તેમજ સમજવું. તેના ઉપર એક ધર્માનુસારી સાચા શેઠનું દષ્ટાંત કહે છે.

(૯૫) સુવિચારી જ્ઞાનનિષ્ઠ સાધુચરિત સાચા શેઠની સુવાર્તા.

કોઈ એક ગામમાં સાચોશેઠ કરીને એક વણિક હતો, તે ગામમાં એક વખત કોઇ સાધુ મહાત્મા પધાર્યા, તેને વંદન કરવા માટે શેઠ ધર્મસ્થાનકે ગયા, ગુરૂવર્યને હર્ષપૂર્વક વાંદી નમસ્કાર કરી તે સામો

બેઠો. શેઠ ધર્મનો ઘણો આસ્તિક હતો, અહર્નિશ દુઃખી દીન અનાથ પ્રાણીઓ ઉપર કરૂણા અને દયા રાખતો, દયા દાન ને દીનતા તથા પરોપકાર અને પરમાર્થ વગેરે ઉત્તમ કાર્યો સહર્ષ કરી પરભવનું ભાતું બાંધવાને ઉજમાળ થતો, સાધુસંતનો પરમભક્ત હતો, હમેશાં વિનયપૂર્વક ભક્તિ કરી સાધુ સંતોના ઉંડા જીગરનો આશિર્વાદરૂપી મીઠો મેવો એટલે કૃપાપ્રસાદ મેળવતો હતો;–એમ તે ધર્મમાં પોતાનું જીવન ગુજારતો હતો. સાચો શેઠ એવો ધર્મજીજ્ઞાસુ અને સાધુસંતોનો પરમભક્ત હોવાથી ઘણા સાધુઓનાં હૃદયમાં તે વસી રહ્યો હતો.

આ સાધુ મહાત્મા નવીન હોવાથી કેટલોક ઉપદેશ આપ્યા બાદ સાધુએ પુછ્યું:–શ્રાવકજી ! તમારૂં નામ શું છે ? ઉત્તરમાં નમ્રતાથી શેઠે કહ્યું:–કૃપાળુ ગુરૂ ! આ ગરીબ વાણીઆને સાચા શેઠના નામથી લોકો બોલાવે છે. ફરી સાધુએ પુછ્યું, ભાઈ ! તમારે દીકરા કેટલા ? ઉત્તરમાં કહ્યું, સાહેબ ! મારે એક દીકરો છે. વળી સાધુએ પુછ્યું, ઘરમાં કાંઇ લક્ષ્મીની જોગવાઇ છે કે ? શેઠે ઉતર આપ્યો, મહારાજ ! મારા ઘરમાં દશ હજારની મુડી છે. ત્યારે વળી સાધુએ પુછ્યું, હે શેઠ તમોને કેટલાં વર્ષ થયાં છે ? શેઠ બોલ્યાઃ–ચાલીસ વર્ષ. આ છેલ્લા ઉત્તરથી સાધુજીને કાંઇ શંકા થઈ, ઉપરના દેખાવથી સાઠ વર્ષની અવસ્થા જણાતી હતી, પણ કાંઇકિ રોગાદિકના કારણથી શરીરે જરતા(વૃદ્ધતા)આવી ગઈ હશે, એમ જાણી વિશેષ કાંઇ બોલ્યા નહિ. પછી શેઠ થોડો વખત બેસી પોતાને સ્થાનકે ગયા. પછી થોડીકવાર થઈ એટલે નિશાળેથી છુટેલા કેટલાક છોકરાઓ તે રસ્તેથી નીકળ્યા, ઉપાશ્રય ઉઘાડો હોવાથી ધાર્યું કે આપણા મહારાજ પધાર્યા હશે, માટે પગે લાગવા જઇએ–એમ ધારી અંદર પેઠા, નમ્રતાપૂર્વક વીધીથી મહારાજને વાંદ્યા, એટલે ગુરૂએ પુછ્યું, છોકરાઓ! તમે કોના દીકરા? ત્યારે છોકરાઓએ જણાવ્યુંકે:–સાહેબ અમો ચાર ભાઇઓ છીએ, અને સાચાશેઠ અમારા પિતા છે. આ સાંભળી સાધુજી આશ્ચર્ય પામ્યા, કે શેઠ કહેતા હતા કે મારે તો એક દીકરો છે, એ મારી પાસે જુઠું કેમ બોલ્યો ? માટે આ ઉપરથી તો જણાય છે કે મેં પુછેલા તમામ પ્રશ્નોના ઉત્તરો જરૂર તેણે ખોટા આપ્યા હશે.

છોકરાઓ ગયા પછી કોઈ અન્ય શ્રાવકને પુછી ખાતરી કરી, તો જણાયું કે સાચા શેઠને ચાર દીકરા છે, ઘરમાં ચાલીસપચાસ હજારની મુડી છે, અને સાઠ વર્ષની અવસ્થા થઇ છે. તેથી તેના ઉપર અભાવ થયો,

વાણીઓ તો જુઠો અને મોઢે મીઠો છે, માટે એવા કપટી જૂઠા અને પ્રપંચીનો વિશ્વાસ કરવો નહિ.

એવામાં થોડીવારે શેઠે ત્યાં આવી હાથ જોડી વિનયથી કહ્યું:–કૃપાળુ ગુરૂ ! હવે વોહોરવાનો વખત થયો છે, તો ગરીબ સેવકનું અહોભાગ્ય છે, કે આપ જેવા કૃપાળુ ગુરૂનાં દર્શન થયાં. આ સર્વ સાંભળી ગુરૂ જરા કોપાયમાન થઇ બોલ્યા:–શેઠીયા ! તું તો મહા જુઠો દેખાય છે, તો પછી જુઠા વાણીયાનો વિશ્વાસ શો ? તારે ઘેર વોરવાના મારે પચ્ચખાણ છે, "**મોઢે મીઠો અને મનમાં જુઠો, જમદ્વારે જાતો દીઠો.**" મતલબકે આવા જુઠાનો જમના દુવારેજ નિવાસ છે. શું તારી લક્ષ્મી મારે કાંઇ ખાઇ જવી હતી ? શું તારા છોકરાઓને મારે કંઈ સાધુ બનાવી દેવાના હતા ? કે તું જુઠું બોલ્યો. બોલ વારૂં ! તારે ચાર છોકરાઓ છે છતાં તેં એક કેમ કહ્યો ? લક્ષ્મી ઘરમાં પચાસ હજારની છે, છતાં દશ હજાર કેમ કહી ? નામ તો સાચાશેઠને બોલી તો જુઠી છે. આ સર્વ સાંભળી શેઠ ગંભીર મને શાંતિથી નમ્રતાપૂર્વક બે હસ્ત જોડી બોલ્યા:–કૃપાળુ ગુરૂ ! આપનો રોષ યોગ્ય છે, કારણકે આપના ચિત્તને રોષાકુળ બનાવે, એવો મારો વાણીવિલાસ આપને ઉપરથી લાગ્યો હશે ખરો, પણ આપ ધીરજપૂર્વક કૃપા કરી તેનો ખુલાસો સાંભળશો, તો જરૂર નિઃસંશય થશો, અને અત્યંત સંતોષ પામી આ ગરીબ સેવક ઉપર અમીદૃષ્ટિની કૃપાવૃષ્ટિ કરશો. કૃપાળુ ! આપે પુછ્યું, તમારે દીકરા કેટલા ? મેં કહ્યું એક છે. જો આપે છોકરા પુછ્યા હોત, તો મારે ચાર કહેવામાં કાંઇ બાધ નહોતો, પણ દીકરો તો મારે એકજ છે. આપ જાણો છો કે "દી વાળે તે દીકરા, અને છો બધ કરે તે છોકરા." નમ્રતા, વિવેક, સદાચરણ અને કહ્યાગરાપણું, માતપિતાની સેવા ભક્તિ વગેરે સદ્‌ગુણોથી જે યુક્ત હોય, માતાપિતાનો વિનય કરી સંતોષ આપનારો હોય, તે દીકરો અથવા પુત્ર કહેવાય છે. કહ્યું છે કેઃ—

प्रीणातियः सुचरितै पितरं सपुत्रो ।
यद्भतुरेव हितमिच्छति तत्कलत्रम् ॥ १२९ ॥

અર્થાત—જે પિતાને હમેશાં સદાચરણો વડે ખુશી કરતો હોય, અને પિતાની બહુ માનપૂર્વક ભક્તિ કરતો હોય, તો તેજ પુત્ર કહેવાય. તેને માટે લોકમાં પણ સામાન્ય રીતે કહેવાય છે કેઃ—

દુહો—હાં વાળે તે દીકરા, ધોરી ને ધરા;
કાંતો વણના પુંભડા, કાંતો તલસરા તો ખરા. ૩૩૯

તો હે કૃપાળુ ગુરૂ ! મારે એક દીકરો ઉપર કહેલા ગુણોવાળો છે, અને બાકીના ત્રણ તો છોકરા છે. તે વિષે કહ્યું છે કે:—

દુહો—છો બંધ કરે તે છોકરા, સંડાસે વરા;
કાંતો દંડે રાજવી, કાં ભાઈ સાથ તો ખરા. ૩૪૦

તે ત્રણ છોકરાઓ તો મને બહુ પજવે છે, રોજ તીખાં હમેશાં લેવરાવે છે, મારૂં લોહી પીનારા છે, હમેશાં દુ:ખના દેનાર છે, સામું બોલી અપમાન કરનારા છે, અને આજથી ચોરી, જુઠ, જુગાર વગેરે કુવ્યસન અને દુરાચારોથી પકડાયલા છે, ભણવામાં પણ ઠોઠ અને મૂઢ છે, ચળાવલા અને આપમતિયા જક્કી હઠીલા હોવાથી માસ્તર પણ તેમને હિતશિક્ષા આપી શકે નહિ, અને કદાચ આપે તો પાછળથી એવું તો અણચિંતવ્યું દુ:ખ માસ્તરને ઉપજાવે, કે માસ્તરને પણ પસ્તાવું પડે, અને મન સાથે પક્કો નિશ્ચય કરે કે હવે પછી આ દુષ્ટોને કદી છેડવા જ નહિ. તે વિષે કહ્યું છે કે:—

उपदेशो हि मूर्खाणां । प्रकोपाय न शान्तये ॥
पयःपानं भुजंगानां । केवलं विषवर्धनम् ॥ १३० ॥

અર્થાત—મૂર્ખ માણસને ઉપદેશ દેવો તે તેને ગુસ્સે કરવા માટે છે; પણ શાંતિને માટે થતો નથી. જેમ સર્પને દુધ પાવાથી ઝેર ઉત્પન્ન થાય છે; પણ કદિ અમૃત ઉત્પન્ન થતું નથી. વળી બીજું તે છોકરાઓને પંદર વર્ષની અવસ્થા થવા આવી પણ મને તે તરફનો સંતોષ નથી, મેં તેમને તો મનથી દુર જ કરેલા છે; કારણ કે વિદ્વાન પુરૂષોએ કહ્યું છે કે:—બાર જણાઓને તો એક મોટી ગાંસડી બાંધી ખારા સમુદ્રમાં નાખી દેવા જોઇએ, તે વિષે ગંગકવિએ કહ્યું છે કે:—

સવૈયા.

પુત્ર કુપાત્ર કુલછન નાર, લડાક પડોશી લજાવક સાળો;
બ્રાત અદેખો રૂ લંપટ પ્રોહીત, લોભી હી મિત્ર અતિલ ધુતારો;
ચાકર ચોર નિશાનક ઢોર હે, સાહેબ સુમ દિવાન કુધારો,
કવિ ગંગ કહે સુણ શાહ અકબર! બારેકું બાંધ સમુદ્રમેં ડારો.

એ બારે જણાને તો બાંધીને ઉંડા મહાસાગરમાં પધરાવી દેવા જોઇએ. મતલબ કે આ બારે જણાને તો સજ્જન પુરૂષોએ વર્જી દેવા જોઇએ, આમાં મારા છોકરા પણ આવી ગયા છે. માટે સાહેબ ! તેમને તો મેં મનથી વર્જેલાજ છે. મારી ભક્તિ કરનાર, ઘડપણમાં પાળનાર, અને વચનને વશ રહેનાર તો મારે એકજ પુત્ર છે. આ હેતુથી મેં આપને કહ્યું હતું, કે મારે દીકરો એક છે. કહો સાહેબ ! હું સાચું બોલ્યો કે નહિ ? આ સાંભળી સાધુજી બહુજ સંતોષ પામ્યા, અને હર્ષથી બોલ્યાઃ–શેઠ ! તમારૂં કહેવું રજેરજ વાજબી છે, કુપાત્ર પુત્રોના કરતાં પુત્ર નહોય, તે સારૂં તે વિષે કહ્યું છે કેઃ—

वरमेको गुणी पुत्रो न च मूर्ख शतान्यपि ॥
एकश्चंद्र तमो हंति । नैव तारा गणोऽपिच ॥ १३१ ॥
एकेनापि सुवृक्षेण । पुष्पितेन सुगंधिना ।
वासितं तद् वनं सर्वं । सुपुत्रे कुलं यथा ॥ १३२ ॥

અર્થાત—ગુણવાન એક પુત્ર હોય તો તે સારો, પણ મૂર્ખ સો પુત્ર હોય તો પણ તે સારા નહિ. દાખલા તરીકે એકજ ચંદ્ર આખા જગતના અંધકારને હણવાને માટે શક્તિમાન છે, પણ સેંકડો તારાથી તીમિર નાશ થતું નથી. વળી જેમ વનમાં સુગંધીદાર પુષ્પોથી સુવાસિત એકજ વૃક્ષ હોય, તો પણ તે આખા ઉપવનને સુગંધમય બનાવે છે: તેમ ગુણવાન ઉત્તમ સુપુત્રથી કુળ શોભી નીકળે છે. કહ્યું છે કેઃ-

एकेनापि कुवृक्षेण । कोटरस्थने वह्निना ॥
नाशितं तद् वन सर्वं कुपुत्रेण कुलं यथा ॥ १३३ ॥

ઠીક વારૂં ! ત્યારે તમો લક્ષ્મી માટે કેમ જુઠું બોલ્યા ? ત્યારે શેઠે કહ્યું:–કૃપાળુ ગુરૂ ! આ રંક સેવકને હાથે દાન પુણ્ય વગેરે સુકૃત ખાતામાં તો રૂપીઆ દશ હજારજ વપરાએલા છે, ઘરમાં તો ગમે તેટલો કચરો હોય પણ તેથી મારૂં શું વળ્યું ? જે નાણું શુભખાતામાં પરોપકારાર્થે વપરાયું, તેજ આપણું–એમ શાસ્ત્રકારો કહે છે; માટે સાહેબ તે હેતુથી મેં દશ હજારની મુડી કહી. આ સાંભળી વળી સાધુ બહુ ખુશી થયા, અને બોલ્યાઃ– શેઠ ! તમે વાજબી કહ્યું છે, કારણ કે શાસ્ત્રોમાં તે વિષે કહ્યું છે કેઃ—

ગીતિ.

दानं भोगो नाशस्ति स्रोगतयो भवंति वित्तस्य ।
यो न ददाति न भुक्ते । तस्य तृतीया गतिर्भवति ॥१३४॥

यद् ददाति दीनादिभ्यो । यदाश्नाति दिने दिने ॥
तत्ते वित्त महं मन्ये । शेषं कस्यापि रक्षाति ? १३५ ॥

અર્થાત—દાન દેવામાં, તેનો ઉપભોગ કરવામાં, કે પછી તેનો નાશ થવામાં એ પ્રમાણે ધનની ગતિ—જવાના રસ્તા ત્રણ પ્રકારના છે. તેમાં પહેલો પ્રકાર આત્મહિત કરનાર સર્વોત્તમ છે, બીજો પ્રકાર પિંડપોષક—પ્રમોદક હોવાથી મધ્યમ છે, અને ત્રીજો પ્રકાર ગેરઉપયોગે નાશ થતો હોવાથી કનિષ્ટ છે. માટે જે લક્ષ્મીનો ઉલ્લાસે દાનપુણ્ય વગેરે પરોપકાર અને ધર્મ ખાતે સદુપયોગ થાય છે, તેનું નામ જ લક્ષ્મી ગણાય, અને બાકીનો બીજો તો કચરો છે. શેઠ ! એતો તમે ડહાપણ ભર્યો ઉત્તર આપ્યો, પણ શેઠ ! તમારી સાઠ વર્ષની ઉમર થવા છતાં ચાલીસ કેમ કહ્યાં ત્યારે શેઠ બોલ્યાઃ—ગુરૂ મહારાજ ! આ સેવકનાં વીસ વર્ષ તો તદ્દન નકામાં ગયાં છે, જરા પણ સાધુસંતની સેવાભક્તિ ધર્મધ્યાન વગેરે કાંઈ પણ પરભવના ભાતારૂપ આત્મહિત કર્યું નથી. કેવળ મોજમજાહમાં, અજ્ઞાનના અંધારામાં પરપ્રાણીને પીડવામાં અને પાપમાં જ તે વર્ષો વ્યર્થ ગુજારેલાં છે, માટે તે નકામાં સમજવાં તે વિષે કહ્યું છે કેઃ—

મનહર છંદ.

કુથલીન કામનીમાં, તૃષના ચામ દામનીમાં,
જારી કરી જામનીમાં ખુબ બેઠો ખોઇને;
બીજાનું બગાડવામાં, દોલત ઉડાડવામાં,
જમવા જમાડવામાં, બેઠો ધુળ ધોઇને;
ખાનારા મફતીયામાં, લુંટાયો મળતીયામાં,
ભારના ભરતીયામાં, જુત્યો જાણી જોઇને;
કદી કષ્ટ કાપવામાં, કે સુનીતિ સ્થાપવામાં,
એકે પૈસો આપવામાં, આવ્યો નહિ કોઇને. ૩૪૨

આવી રીતે તદ્દન વિષય ભોગમાં અને અનર્થકારી પ્રસંગોમાં

મેં વીસ વર્ષો નકામાં જ ગુમાવ્યાં છે. પછી એકવીસમે વર્ષે આપ જેવા કોઈ સદ્‌ગુણી સદ્‌ગુરૂ પધાર્યા, તેમની અમૃત સરખી વાણી સાંભળી હૃદય ઘોર ઉંઘમાંથી જાગ્યું, તે ગુરૂવર્યે એવો તો અદ્‌ભુત રસ ભર્યો શ્લોક કહ્યો, કે તત્કાળ મારાં હૃદયકપાટ ખુલ્લાં કરી દીધાં; તે વખતથી જ મારો આત્મહિતકર કાર્યોમાં કેટલોક વખત નીકળે છે. તે બોધપ્રદ શ્લોક નીચે પ્રમાણે છે.

ઉપજાત વૃત્ત.

येषां न विद्या न तपो न दानं । ज्ञानं न शीलं न गुणो न धर्मः।
ते मृत्यु लोके भुवि भारभूता । मनुष्यरूपेण मृगाश्चरंति॥ १३६

અર્થાત—જે મનુષ્યોમાં વિદ્યા તપ જ્ઞાન દાન શીળ સદ્‌ગુણ અને પવિત્ર ધર્મ એટલાં વાનાં નથી, તે મનુષ્યો ભૂમિને ભારરૂપ છે, અને ખરેખર તે નર નહિ, પણ નર રૂપે મૃગલાંઓ જ ફરે છે. અર્થાત્ તે નર પશુ તુલ્ય છે, એમ નક્કી સમજવું. આ શ્લોક સાંભળી મારાં હૃદયચક્ષુ ઉઘડી જતાં મનમાં આવ્યું કેઃ—હે દુરાત્મન્! અધમાધમ! ખરેખર તું પોતે જ ખરો નરપશુ છે. કારણ કે ઉપર કહેલા જીંદગીને કીંમતી કરનાર સાત પ્રકારોમાંથી એક પ્રકાર વસાવી તારા હૃદયને તેં ભાગ્યશાળી બનાવેલ નથી, તો તને એક વાર નહિ પણ ત્રણવાર અને વિશેષ કહીએ તો હજારવાર ધિક્કાર છે! હે પરમકૃપાળુ ગુરૂ! તે દીનથી આ રંક સેવક કંઇ ધર્મ સાધના કરવા સદ્‌ભાગી બનેલ છે, તેથી ત્યાર પછીનાં ચાલીસ વર્ષ જ હું લેખામાં ગણું છું, અને બાકીનાં તો કેવળ શ્વાનપુચ્છની માફક અથવા બકરીના ગળાના આંચળ માફક કેવળ નકામાં છે, તે હેતુથી જ આ રંક સેવકે આપને ચાલીસ વર્ષની ઉમર કહી.

આ ઉત્તરથી તો સાધુજી બહુ જ સંતોષ પામ્યા, અને હર્ષાનંદથી બોલ્યાઃ—વાહ! શેઠજી વાહ! ધન્ય છે તમારા નામને, ખરેખર તમે બાહ્ય અને અભ્યંતર એમ બન્ને પ્રકારે ખરે સાચા શેઠજ છો; તમારા આવા જ્ઞાનમય ખરા ઉત્તરોથી તો હું પરમસંતોષ પામ્યો છું. ખરેખર ધર્મસેવન વિના દિવસો નકામા છે, આપણા પરમપવિત્ર શ્રી વીર પ્રભુએ પણ ઉતરાધ્યયન સુત્રના ચૌદમા અધ્યયનમાં કહ્યું છે કેઃ—

ગાથા.

जाजा वच्चइ रयणी । न सापडि नियतइ ॥

अह मम कुण माणस । अफला जंति राइओ ॥ १३७ ॥

जाजा वच्चइ रयणी । न सापडि नियतइ ॥

धमंच कुण माणस । सफला जंति राइओ ॥ १३८ ॥

અર્થાત—જેના રાત દિવસો ધર્મમાં જાય છે, તેના દિવસો ઉત્તમ છે, તેનું જ જીવતર લેખામાં છે. બાકીતો કુતરાં બિલાડાંની માફક જન્મે છે અને મરે છે. માટે હે શેઠ! તમે તો ઉત્તમ શ્રાવક છો, તમારૂં વર્ત્તન, વાણી અને વિચાર ત્રણે ઉત્તમ છે, પણ મને તેની ખબર નહિ, તેથી તમારા બોલવા ઉપર મને જરાક ગુસ્સો આવેલો પણ મર્મ સમજાતાં હું હવે ઘણો જ ખુશી થયો છું, અને તમારે ઘેર જ ભીક્ષા લેવાને માટે આવું છું. ઘણું કરી સત્પુરૂષો મન વચન અને કાયાએ કરી એક હોય છે. તે વિષે કહ્યું છે કે:—

मनस्येकं वचस्येकं । कायमेकं महात्मनाम् ॥

मनस्यन्यद् वचस्यन्यद् । कायमन्यद् दुरात्मनाम् ॥१३९॥

અર્થાત—મહાત્મા પુરૂષોની મન, વચન અને કાયામાં એકતા હોય છે, અને દુરાત્મા દુર્જન મનુષ્યોના મન, વચન અને કાયાના વ્યાપારો જુદા જુદા હોય છે. તમારૂં વર્તન મને અત્યંત પ્રીતિ ઉત્પન્ન કરે છે. એમ કહી સાધુ હર્ષપૂર્વક શેઠને ત્યાં ભીક્ષા લેવા ગયા.

આ દૃષ્ટાંત ઉપરથી એવો સિદ્ધાંત નીકળે છે, કે જે મનુષ્યો ઉત્તમોત્તમ પવિત્ર માનવજીવન મેળવીને ધર્મધ્યાન કરે છે; તેનું જીવન સફળ છે; ને બીજાઓ કેવળ આ જગતમાં ભાર રૂપ છે. મોજશોખ અને એશઆરામ કરવામાં આ પવિત્ર માનવભવરૂપી રત્ન હારી જાય છે, તે જીવનો જન્મ બકરાના ગળામાં રહેલા આંચળોની માફક નકામો છે, માટે હમેશાં પરલોકના હિતને માટે ઉત્તમ ધર્મનો સંચય કરવો. કે જેથી આ ભયંકર અપાર ભવસાગરનો પાર ઝટ પામી અક્ષય મોક્ષલક્ષ્મી મેળવી અજરામર થવાય. એજ મનુષ્ય જન્મ પામ્યાની સફળતા છે. તે વિષે કહ્યું છે કે:—

धर्मार्थ काम मोक्षाणां । यस्यैकोऽपि न विद्यते ।

अजागलस्तनस्येव । तस्य जन्म निरर्थकम् ॥१४०॥ (८४)

या वद् रमायां रमते मनस्क ।
मानुष्य लोके किल मानुषाणाम् ॥
तावत् स्वाऽस्थाऽक्षय मोक्षलक्ष्म्या ।
वृथा यथा व्योमकथाऽरविन्द ॥ ८५ ॥

અર્થ—આ લોકમાં જ્યાં સુધી મનુષ્યોનું મન રમા એટલે લક્ષ્મીમાં રમી રહેલ છે, ત્યાં સુધી અક્ષય એટલે કોઇ કાળમાં જેનો વિનાશ નથી, એવી મોક્ષલક્ષ્મીનાં અપૂર્વ સુખની આશા રાખવી તે તદ્દન વૃથા છે. જેમ કોઇ મનુષ્ય ગગનમંડળમાં પુષ્પ ઉગવાની વાત કહે, તે ખોટી સમજવી; તેમ ઉપરની બાબત પણ ખોટી જ સમજવી. (૮૪)

ભાવાર્થ—આ લોકમાં ધન એ એવી તો ચમત્કારી ચીજ છે, કે ભલા ભલાના મનને પણ ઝુલવણીમાં ઉતારા મુકે છે. કહેવત છે કેઃ— "ધન દેખી મુનિવર ચળે" અર્થાત—લક્ષ્મી દેખીને મુનિવરો પણ કોઇ વખત લોભાઇ જાય છે. જો કે સર્વથા એવા કંઇ મુનિઓ હોતા નથી, પણ સામાન્યપણે એમ કહેવાય છે કે, ધન મુનિવરોને પણ મોહ ઉપજાવે, તો અન્ય જણને માટે કહેવું જ શું ? ધન માટે લોકો દેશ પરદેશમાં ફરે છે, સાચાખોટા ધંધા કરે છે, અનેક પ્રપંચો સેવે છે, મહાસાગરની ભયંકર મુસાફરીઓ કરે છે; ધનને માટે મહા કંજુસને પણ કામ કહેવા પડે છે; નીચની સેવા કરવી પડે છે, અરે ! પૈસા માટે મનુષ્યોને કદી નહિ કરવા લાયક એવા અનાચાર અનીતિનાં પગલાં ભરવાં પડે છે. મતલબ કે દોલત મનુષ્યોને અંધ બનાવે છે, અને ધર્મની રીતિ પણ બતાવવા દેતી નથી. કહ્યું છે કેઃ—શાર્દૂલવિક્રિડીત.—

कालुष्यं जनयन् जडस्य रचयन् धर्मद्रुमं ध्वंसयन् ।
क्लिश्यन्नीति कृपा क्षमा कमलिनी लोभांबुधिवर्धयन् ॥
मर्यादा तट मुद्रुजन् शुभ मनोहंसं प्रवासं दिशन् ।

किं न क्लेश करः परिग्रह नदी पूरः मवृद्धिगतः ॥ १४१ ॥
वह्निस्तृप्यतिनेंधनै रिह यथा नांभोभिरंभोनिधि ।
स्तद्वन मोह घनो घनैरपि धनैर्जंतुर्न संतुष्यति ॥
न त्वेव मनुते विमुच्य विभवं निःशेष मन्यं भवं ।
यात्यात्मा तदहं मुधैव विद धाम्ये नांसि भूयां सिकिम् ॥१४२॥

અર્થાત—પૈસો કલુષતા ઉત્પન્ન કરે છે, જડતા રચાવે છે, ધર્મ વૃક્ષ તથા નીતિ દયા ક્ષમાનો નાશ કરે છે, લોભને વધારે છે, મર્યાદા તોડે છે, મનને ભમાવે છે. તો એવો પૈસો શું શું અનર્થ નથી કરતો? વળી કાષ્ઠથી જેમ અગ્નિ અને પાણીથી મહાસાગર ધરાય નહિ, તેમ ઘણા ધનથી લોભી જન તૃપ્ત થતો નથી, અને હમેશાં અધિક અધિક ધનને જ મેળવવા ઇચ્છે છે. માટે વિવેકી જને એવા પાપકારી ધનમાં અતિ આસક્તિ ધરવી નહિ.

મતલબ કે ધનને માટે લોકો કેટલાં કેટલાં દુઃખો વેઠે છે, કાયમ વિચારો પણ તે સંબંધમાંજ ચાલતા હોય છે, જેમકે હું શું કરૂં તો ધન મળે? કેવી રીતનો વેપાર કરૂં? ક્યાં જાઉં? કયો ઉપાય શોધું? કેમ લક્ષાધિપતિ ગણાઉં? એવા એવા બીજા પણ અનેક અઘટિત તરંગો હૃદયસાગરમાં ઉત્પન્ન કરે છે, ને આવા વિચારોમાં તે બિચારો તદ્દન ગાંડો બની જાયછે, બેશુદ્ધ થઈ જાય છે, કર્તવ્ય કર્મ ચુકી જાય છે, અકર્તવ્યના ખાડામાં પડી જાય છે. કારણકે "લોભને થોભ નથી" અને લોભ એ સર્વ પાપનો બાપ છે." તે વિષે કહ્યું છે કેઃ—

लोभात्र क्रोधः प्रभवति । लोभात् कामश्च जायते ।
लोभान् मोहश्चनाशश्च । लोभः पापस्य कारणम् ॥१४३॥

અર્થાત—લોભથી ક્રોધ વધે છે, લોભથી અભિમાન ઉત્પન્ન થાય છે, લોભથી સર્વ નાશ થાય છે, એ સર્વે લોભનો વિલાસ છે. લોભી મનુષ્યો પૈસાને માટે દેવ, ગુરૂ અને ધર્મને પણ છાબડામાં બેસાડી દે છે! મતલબ કે તેના પણ સોગન ખાતાં અચકાતા નથી. પોતાના પુત્રોના કે સ્ત્રીના સોગન તો ભાગ્યેજ ખાય, પણ ધર્મના અથવા ગુરૂના સોગન તો પગલે પગલે ખાય અને પાપમાં પડતાં પણ ડરતા નથી. લોભી મનુષ્યો પહેલા તો લોભથી અયોગ્ય પગલાં ભરે છે, પણ

પાછળ તો તેને પુર્ણ પસ્તાવો થાય છે. જેમ એક કુતરો મોઢામાં રોટલો લઇ નદિ ઉતરતો હતો, મોઢામાં રહેલા રોટલાનો પડછાયો પાણીમાં પડવાથી બીજો રોટલો તેને સામે દેખાયો, તે જોઇ કુતરે વિચાર્યું કે લાવને આ રોટલો પણ મોઢામાં લઈ લઉં; એમ વિચારી બિચારો લોભના તરંગોમાં તણાયેલો તે કુતરો મોઢું ફાડી નીચેનો રોટલો લેવા ગયો, તેવામાં પોતાનો રોટલો જ પાણીમાં પડી ગયો ને તળીયે જઇને બેઠો. બિચારા કુતરાએ ઘણાંયે ફાંફાં માર્યાં, પણ આખરે તે હતુ એ ગુમાવી બેસી પોતાના કાર્યમાં નિરાશ બન્યો.

વાહ ! લોભ રાક્ષસ વાહ ! તમારૂં પ્રબળ તો અત્યંત છે. પ્રિય વાંચકો ! જોયું એ કુતરાનો મુળ રોટલો પણ વિનાશ પમાડનાર લોભ રાક્ષસનું પરાક્રમ ! કેવો પાછળ તે પસ્તાયો ? તેમ મનુષ્યો પણ લોભ રાક્ષસના પંજામાં પકડાઈ પાછળ પૂર્ણ પસ્તાય છે. કહ્યું છે કેઃ—

यो ध्रुवाणि परित्यज्य । अध्रुवं परिषेवते ॥
ध्रुवाणि तस्य नश्यन्ति । अध्रुवं नष्ट मेव च ॥ १४४ ॥

અર્થાત—જે મનુષ્યો પહેલાં પ્રાપ્ત થએલી વસ્તુને છોડી બીજી લેવા દોડે છે, તો તેની પહેલી વસ્તુ નાશ પામે છે, અને પછીની વસ્તુ પણ નાશ પામેલી છે. અર્થાત **अतो भ्रष्टस्ततो भ्रष्टः** એમ સર્વથી નાશ પામે છે, માટે પૂર્વોપાર્જીત પુણ્યોદય મુજબ પ્રાપ્ત થએલમાં સંતોષ પકડવો. કારણ કે સંતોષ સમાન અન્ય સુખ નથી. તે વિષે કહ્યું છે કેઃ—

संतोष तो हि प्रबलं च सौख्यं । सौख्येन कृत्वा भवतीति धर्मः ॥
धर्मेण कृत्वा भवतीति मोक्षः । मोक्षे जिनैरुक्तम नंत सौख्यम् १४५

અર્થાત—સંતોષથી ઉત્તમ પ્રકારનું સુખ મળે છે, ઉત્તમ પ્રકારના સુખથી પવિત્ર ધર્મ સાધી શકાય છે. અને પવિત્ર ધર્મ સાધવાથી પ્રાણી મોક્ષગતિ મેળવે છે; કે જે મોક્ષગતિમાં શ્રીજીનેશ્વરભગવાને કહેલાં અનંત સુખોનો ભોગી બને છે. માટે સંતોષ એ મોટામાં મોટું નિધાન છે. **संतोष एव पुरुषस्य परं निधानम् ॥** અર્થાત સંતોષ એ ઉત્તમ પ્રકારનું મોટું નિધાન છે, પણ તે નિધાન તો ભાગ્યશાળીના હાથમાં આવે છે. બાકી તો તે બિચારા લક્ષ્મીના દાસો લોભરાક્ષસના પંજામાં પકડાએલા હોય છે, આખી જીંદગી "ધનરામા ધનરામા" કર્યાજ કરે છે ! તો

જ્યાં સુધી મનમાં ધનનીજ ઝંખના થતી હોય, ત્યાં સુધી તેને ધર્મોપદેશ પણ જરા રૂચતો નથી; ધર્મ વિના આકાશપુષ્પોની માફક તેને અક્ષય મોક્ષલક્ષ્મીનાં સુખની આશા રાખવી પણ નકામી છે. લોભથી કેવા બુરા હાલ થાય છે અને કેવી વિટંબનામાં આવી પડાય છે ? તેના નીચેનું ઉપર દૃષ્ટાંત વાંચો !

अतिलोभो न कर्तव्यो । अतिलोभे विनाशनम् ॥
अतिलोभप्रभावेण । सागरः सागरं गतः ॥ १४६ ॥

અર્થાત—મનુષ્યોએ અતિ લોભ કરવો નહિ, કારણ કે અતિ લોભથી વિનાશ થાય છે; જેમ અતિ લોભના પ્રભાવે સાગર નામનો શેઠ સાગર-દરિયામાં ડુબી ગયો. તેનું દૃષ્ટાંત નીચે પ્રમાણે.

(૯૬) સુમ અને દ્રવ્યલોભી શ્રીમન્ત સાગરશેઠની વાત.

કોઈ એક નગરમાં સાગર નામનો શેઠ રહેતો હતો તેમને ચાર દીકરા હતા, ઘરમાં લક્ષ્મી સંપૂર્ણ હતી-સાત પેઢી સુધી ખાય, અને ગમે તેટલું ખર્ચે, તો પણ ઘરમાંથી ધન ખૂટે નહિ એટલો ખજાનો ભર્યો હતો. પણ તે શેઠ અતિશય કૃપણ—સૂમ હતો, ચમડી જાય પણ દમડી ન જાય એવી, કંજુસ પ્રકૃતિવાળો કદ્રી, દરિદ્રી કરતાંયે ભુંડો હતો. પોતાના પિંડ ને પેટ માટે પણ પાઈ ખર્ચતાં ટાઢીયો તાવ આવી જાય ! તો પછી પરોપકારને અર્થે તે કંજુસકાકાથી પાઈ પણ કેમ ખર્ચી શકાય ? કદાચ તેલમાં માખી પડી હોય, તો નીચોવી જોડા ઉપર ઘુમે, તો તેને દાનપુણ્યમાં ઉદારતા હોયજ ક્યાંથી ? તેને તો પૈસા કેમ મેળવવા ? કેમ વધારવા ? અને કેમ સાચવવા ? એજ ઝંખના સદા રહેતી હોય છે. તે વિષે કહ્યું છે કે:—

लोभेन बुद्धिश्चलति । लोभो जनयते तृषाम् ॥
तृषार्तो दुःखमाप्नोति । परत्रेह च मानवः ॥ १४७ ॥

અર્થાત—લોભે કરીને બુદ્ધિ ચલિત થાય છે, ને લોભ અત્યંત તૃષ્ણા વધારે છે, ને તૃષ્ણા ભરેલ મનુષ્ય ઉભયલોકમાં મહાન દુઃખને પ્રામે છે; લોભીજન કૃપણતાને લીધે એક પાઈ સરખી સન્માર્ગે વાપરી શકતો નથી. કુદરતની કળાજ કોઈ વિચિત્ર છે ! કે જે મહાકૃપણ છે તેના ઘરમાં પુષ્કળ ધન છે, અને જે મહાઉદાર છે, દયાળુ વૃત્તિવાન ધર્મી છે, તેને મહાગરીબાઇ પીડી રહેલી છે. તે વિષે કહ્યું છે કે:—

કવિત.

કમલા નિવાસી વાકુ, મૂઢ મતિ ગતિ દીની,
પ્રકૃતિ, ઉદાર વાકુ, કોડી નાંહિ દીની હે;
કામીના કોકીલાસમ, મૂર્ખ કે પાને પડી,
શંખણી ફુવડ નાર, ચતુરકું દીની હે;
સમુદ્ર અગાધ નીર, ખારો કર દીનો તેને,
ખગ બગશે બનાયો, કહા ગતિ કીની હે;
કવિ ચંદ કહે જગદીશ, તેરે પાય પડું,
વિરંચીકુ કયા કહું, વિજયા કછુ પીની હે. ૩૪૩

વળી પણ કહ્યું છે કેઃ—

છપ્પો.

રન વન કીયો કલંક, કાયાને અમર ન કીની,
લક્ષ્મીબાઈ દાતાર, કૃપણ કર પ્રેમે દીની;
સોનન કીયો ન સુગંધ, કીની કસ્તુરી કાલી,
નીષ્ફળ નાગરવેલ, બહોત ફળ લગ્યા તાડી;
ચકવા રેન વિછવો કહ્યો, સાગર નીર ખારો કીયો,
કવિ ગંગ કહે રે ઠાકરા, તું ઠેર ઠેર ભુલી ગયો. ૩૪૪

આવી કૃપણ પ્રકૃતિથી તે શેઠના ચારે પુત્રો મુંઝાતા હતા, તેઓ મનના ઉદાર હતા, દયાળુ દીલવાળા હતા, પણ શું કરે ? તેમનું કાંઇ ચાલતું નહિ, કારણકે મીલકત બધી શેઠના હસ્તક હતી. તે ચારે પુત્રોને પરણાવેલા હતા, તેથી રખેને રોજનો ખર્ચ પણ ઘણો થઇ જાય ! એવી બીકથી શેઠ બીજી કાંઇ પણ વસ્તુ લાવે નહિ, ફક્ત તેલ ને ચોળા એજ હંમેશા ખાવાનો ખોરાક હતો. તેમાં પણ કબજો પોતાનો, પોતે કાઢી આપે ત્યારે વહુઓથી રાંધી શકાય, તેમાં પણ કદાચ કોઇક દિવસ વધારે ખર્ચ થયો હોય, તો મનમાં બહુજ ચીડાય, ગુસ્સે ભરાય. કોઈ મેમાન આવ્યા હોય, તો પણ જાણે કોઇ શત્રુ આવ્યો હોય નહિ એમ માને ! એટલી બધી ઘરમાં લક્ષ્મી છતાં વળી હદ ઉપરાંત કરકસર છતાં તેના લોભનો પાર ન હતો. જાણે આખા લોકની બધી લક્ષ્મી મારા ઘરમાં આવતી હોય તો સારૂં, એમ લોભી પુરૂષોના અંતઃકરણોમાં થાય છે ! અને તેથી જ કેટલાએક લોભી મખીચુસ મનુષ્યો લોભને લીધે પ્રાણઘાતક કાર્યો પણ કરે છે, તેના મનમાં દયા રહેતી નથી. લક્ષ્મીને

માટે અનેક પ્રકારનાં જુઠાં બોલવાં જુઠા પ્રપંચો રચવા, જુઠી સાક્ષીઓ પુરવી, જુઠાં ખતો લખવાં, વગેરે અનેક અધમાધમ કાર્યો કરે છે. અને કેટલાએક લોભને લીધે ચોરી પણ કરે છે, ચોરાઉ માલ સંઘરે છે સસ્તામાં ખરીદે છે; વગેરે મહાપાપમાં પડે છે.

હે વાંચકો! આપણા દ્રષ્ટાંતનો નાયક સાગર શેઠ પણ ધનપ્રાપ્તિ માટે ઓછાં કાવતરાં કરતો ન હતો, વિશેષ ધનની પ્રાપ્તી માટે કદાચ ગળાં કાપતાં પૈસો મળતો હોય, તો તેવાં નીચ કાર્યો કરતાં પણ અચકાતો ન હતો. વિશેષ ધનની પ્રાપ્તી માટે એકદા શેઠે ચારે પુત્રોને પાસે બેસાડી કહ્યું કેઃ–તમો કોઇ પરદેશમાં જઇ ધન મેળવો, બેઠાબેઠા તો રાજાના ભંડાર પણ ખુટી જાય છે! તો પછી આપણે વણીક જાતિથી નવરા બેશી રહેવાય ખરૂં કે? માટે તમો જરૂર કાલરોજ પરદેશ ઉપડી જાઓ અને પૈસા ખુબ મેળવો. આ વાત સાંભળી ચારે પુત્રો વિચારમાં પડયા, અને કહ્યું કેઃ–અહો ભાઇઓ! લોભ કેવો બળવાન શત્રુ છે? આટલું બધું ધન છતાં પણ મન ધરાતુ નથી, અહો! ધિક્કાર છે તૃષ્ણા રાક્ષસીને! તે વિષે કહ્યું છે કેઃ–

ते धन्याः पुन्य भाजस्ते । तैस्तीर्णः क्लेशसागरः ॥
जगत्संमोहजननी । येराशाशी विशी जिता ॥ १४८ ॥
तृष्णा देवि ! नमस्तुभ्यं । धैर्य विहवल कारिणी ॥
विष्णुस्त्रिलोकनाथोऽपि । यत्त्वया वामनीकृतः ॥१४९॥
इच्छति सती सहस्रं । सहस्र कोटी मीहते कर्तुम् ॥
कोटीयुतोऽपिनृपत्वं । नृपोऽपिव्रत चक्रवर्तित्वम् ॥१५०॥
चक्रधरोऽपि सुरत्वं । सुरोऽपि सुरराज मीहते कर्तुम् ॥
सुरराजोऽप्युर्ध्वगतिं । तथाऽपि न निवर्तते तृष्णा॥ १५१॥

અર્થાત—આ જગતમાં તેનેજ ધન્ય છે, તેજ ભાગ્યશાળી છે, અને તેજ આ દુઃખમય સંસારસાગર તર્યો સમજવો, કે જેણે જગતને મોહ પમાડનારી આશા તૃષ્ણારૂપી સર્પણી જીતી છે. પણ તે જીતવી ઘણીજ અશકય છે, માટે મહાપુરૂષો પણ તૃષ્ણાદેવીને કહે છે કેઃ– હે તૃષ્ણા દેવી! તને હજારવાર નમસ્કાર છે. કારણ કે તું ધૈર્યવાનને પણ વિહવલ કહેતાં બેભાન બનાવી દે છે! તેં ત્રણ લોકના નાથ એવા વિ-

ષ્ણુને પણ વામન બનાવી દીધા! કારણકે આશાનું ચક્ર કોઈ એવુંતો વિચિત્ર છે, કે લોભી મનુષ્યને જેમ જેમ લાભ થાય છે, તેમ તેમ તેને લોભ દશા વધતી જાય છે. હજાર પતિ થયો કે દશ હજારની આશા થાય છે, તેટલો લાભ થતાં લક્ષપતિની આશા, પછી કોટી પતિની આશા, કોટીપતિ થઈ રાજ્ય મેળવવાની આશા, તે પ્રાપ્ત થતાં ચક્રવર્ત્તી થવાની આશા, પછી તેનો લાભ થતાં દેવપણાની આશા, તે પ્રાપ્ત થતાં ઇંદ્રપણાની આશા થાય છે; એમ આશાવેલ વધતીનેવધતી જાય છે, પણ તેનો છેડો અલોકાકાશની પેઠે કદી આવતોજ નથી. આપણો પિતા પણ ઘણો જ લોભિષ્ટ છે, તેથીજ આપણને પરદેશમાં વિશેષ ધન કમાવા માટે મોકલે છે, માટે ધિક્કાર છે તેની લોભ દશાને! આપણે પણ અત્રે રહી અસહ્ય સંકટ વેઠવું પડે છે, માટે આ સ્થાન છોડીશું તોજ સુખી થઇશું; એમ અન્યોઅન્ય ચારે જણાએ નિશ્ચય કરી સવારના પહોરમાં પિતાની રજા લઇ સ્ત્રીઓને પણ સુખનું કારણ જણાવી ત્યાંથી વિદાય થયા. હવે સાગરશેઠે વિચાર્યું કે ઠીક થયું, આટલો ખર્ચ તો આપણા ઘરમાંથી બચશે, અને તેઓ રળશે તે ઘરમાં ઉમેરો થશે, એમ ધારી હૃદયમાં હર્ષિત થતો ત્યાં રહ્યો, અને અનેક પ્રકારની વિત્તોપાર્જનની તરંગમાળાઓ મનમાં ગુંથવા લાગ્યો! ઘરમાં જેમ ઓછો ખર્ચ થાય, તેવી ગોઠવણો કરવા લાગ્યો. તે વિષે કહ્યું છે કેઃ—

દોહરો.

ખાય ન ખરચે સુમ ધન, ચોર બધું લઈ જાય;
મધ લેતાં જેમ વાઘરી, મધમાખી પસ્તાય. ૩૪૫

न देवाय न विप्राय । न बंधूभ्यो न चात्मने ॥
कृपणस्य धनंयाति । वह्नि तस्कर पार्थिवैः ॥ १५२ ॥
किटिका संचितं धान्यं । मक्षिका संचितं मधुः ॥
कृपणस्योपार्जितं वित्तं । पर एव हि भुज्यते ॥ १५३ ॥
कृपण स्ववधु संगं । न करोति भया दिह ॥
भाविता यदि मे पुत्र । समे वित्तं हरे दिति ॥ १५४ ॥

અર્થાત—કૃપણ માણસનું ધન દેવને માટે, વિપ્રને માટે, બંધુ આદિક કુટુંબી જનોને માટે તથા પોતાના આત્માને માટે પણ કાંઈ

ઉપયોગી થતું નથી. તેનું ધન તો અગ્નિ, ચોર કે રાજાને હાથ પડે છે. કીડીઓએ ભેગું કરેલું ધાન્ય, માખીઓએ સંચેલું મધ તથા કૃપણે મેળવેલી લક્ષ્મી એ ત્રણેના ભોગી પારકાઓ જ થાય છે. તેમ આપણી કથાનો નાયક ધનલોલુપ સાગરશેઠ પણ ઘરમાં ઓછું ખર્ચ થાય તેવી ગોઠવણ કરવા લાગ્યો. ચાર પુત્રવધુઓ રખેને કાંઇક વધારે ખર્ચ કરી નાખશે, વખતે ધન ઉડાડી મુકશે, એવા ડરથી સિપાઇની પેઠે ઘરનું રક્ષણ કરવા કાયમ ડેલીમાં બેસી રહેતો હતો. વળી બહાર નહિ નીકળવાનું એક બીજું પણ અગત્યનું કારણ હતું, તે એકે પોતે એવો કૃપણ હતો કે પોતે તો કદાપિ પણ પરોપકાર અર્થે કદી દાનપુણ્યખાતામાં એક પાઇ સરખી પણ વાપરે નહિ, કોઇને તે સંબંધી ઉપદેશ પણ દે નહિ, પણ કોઇ દાતાર ઉદારદીલથી દીનજનોને દાન દેતો સાંભળ્યો હોય, તો પણ તેને ટાઢીયો તાવ આવી જતો હતો! અને તેનું શરીર તથા મન કરમાઇ જતું હતું. તેના પ્રત્યક્ષ પુરાવા તરીકે તેને એક વખત જાતિ અનુભવ પણ થયો હતો.

એક વખતે કોઇ કાર્યના પ્રસંગે શહેરમાં જતાં કોઇ ઉદાર ગૃહસ્થ દાનપુણ્ય કરતો સાંભળ્યો, કે તરતજ તેના મનમાં મહાચિંતા થઇ, શરીર શુષ્ક બની ગયું, અને સખત તાવ આવી ગયો. તરતજ ઘર ભણી પાછા ફરતાં તેને એક તેનો કૃપણ મિત્ર સામો મળ્યો, તેણે પોતાના મિત્રની આવી શોકાકુળ સ્થિતિ જોઇ તેને પુછ્યું કેઃ—

મનહર છંદ.

એક સમે વાટમાં કૃપણને કૃપણ પુછે
કેમ પ્રિય મિત્ર મહારા દુબળો થઇ ગયો ?
દાન દીધું કોઇને કે વૈદ દવામાં દેવાયું,
ચોરે અગ્નિએ કે શું રાયે તુને દંડીયો ?
ત્યારે કહે નહિ નહિ, દાન હું કદિ ન દઉં,
બીજો કોય દેતો હોય તેને કહું ન દીયો;
વદે મુનિ વિનયચંદ, દેતો કોઇ સાંભળ્યાથી,
તરતજ આયો મુને તાવ હડહડીયો. ૩૪૬

આવા પ્રકારની અતિશય કૃપણપ્રકૃતિ હોવાથી કોઇ દિવસ તે બહાર નીકળતો ન હતો, તેથી ચારે પુત્રવધૂઓ મનમાં ઘણી મુંઝાતી

હતી, અને અતિશય પરાધિનતાનું દુઃખ હોવાથી પોતાના દુષ્કર્મોને અહરનિશ ધિક્કારતી હતી અને હમેશાં તેલ ચોળાના ખોરાકથી પેટની પીડાઓ ભોગવતી હતી.

એક વખત સાગર શેઠ તેલ ચોળા ખુબ ખાઇ મેડી ઉપર સુઇ ગયો હતો, તે સમયમાં કોઈ નિઃ-સ્પૃહી મુનિ મહાત્મા ભીક્ષા અર્થે અણચિંતવ્યા ત્યાં પધાર્યા. મહાત્માને દેખતા વેંતજ સર્વે વહુઓ ઉભી થઇ આનંદપૂર્વક સામી આવી પ્રેમપૂર્વક વંદન કરવા લાગી. પોતાની આખી જીંદગીમાં આવો પ્રસંગ પહેલવહેલો પ્રાપ્ત થયાથી વહુઓ પોતાને પરમભાગ્યશાળી માનવા લાગી. અહો ! ધન્ય છે આપણને કે આજે આપણું આંગણું પવિત્ર થયું; એમ આનંદ માનતી લળીલળી વિધિવંદન કરવા લાગી. પછી મહાત્માને સુઝતી નિર્દોષ ભીક્ષા આપી સ્તુતિ કરવા લાગી, પોતાની ગૃહસ્થિતિનું દુઃખ પ્રગટ કરતી પરાધિનતાના દુઃખ માટે અત્યંત અફસોસ કરવા લાગી બોલીઃ-હે પરોપકારી મહાત્મા ! અમો પરાધિનતાના કપરા કેદખાનામાં પકડાએલી દુઃખી અબળાઓ છીએ, એવો કોઈ પૂર્વોપાર્જીત મહાપાપનો ઉદય છે, કે કદી પણ દેવદર્શન, દાનપુણ્ય સાધુસંતની સેવાભક્તિ તથા તેમના મુખના હિતોપદેશ વચનામૃતોનું શ્રવણ વગેરે કાંઈ પણ સુકૃત કાર્યો કરવાને ભાગ્યશાળી બનાતું નથી; અમારી આ દુઃખી જીંદગી કેવળ પાપમાં જ પડી રહી પૂર્ણ થાય છે, અરે ! કાગ અને કુતરાની માફક નકામી એળેજ ગુમાવીએ છીએ. તે વિષે કહ્યું છે કેઃ—

દોહરો.

સાવ સોનાના નગર બના, પારસમણીકી પોળ;
જીસ ઘર સંતનકા પગલા નહિ, ત્યાં જમડા કરે ધમરોળ. ૩૪૭

માટે અમારી પાપી જીંદગીને ધિક્કાર છે ! જે મનુષ્યો મનુષ્યજન્મ પામી કદી કાંઇ પણ આત્મહિત કરવામાં સન્મુખ બનતો નથી, તેનું જીવવું અજાગલ સ્તનની માફક સાવ વ્યર્થજ છે. અમો પણ એજ પંક્તિની દુર્ભાગીજ છીએ, કોઇ ખારભૂમીમાં મીઠી વેરડી સમાન આપ સદ્ગુરૂના દર્શનનો લાભ થયો એજ મહત્ પુણ્યની નીશાની છે. આજ અમારૂં હૃદય પવિત્ર બન્યું છે, શેઠ ઉપર સુતા છે તેથી ભયનો પાર નથી, પણ આપના શરણથી સર્વ પ્રકારે સારૂં જ થશે. ઉત્તમ પુરૂષોના દર્શન સર્વને સુખકારી છે. તે વિષે કહ્યું છે કેઃ—

साधूनां दर्शनं पुन्यं । तीर्थभूता हि साधवः ॥
तीर्थं फलति कालेन । सद्य साधु समागमः ॥१५५॥
चंदनं शीतलं लोके । चंदनादपि चंद्रमाः ॥
चंद्र चंदनयोर्मध्ये । शीतला साधु संगतिः ॥१५६॥

અર્થાત—સાધુ મહાત્માઓનાં દર્શન થવાં એ એક મહાન પુણ્ય રૂપ છે. કારણકે સાધુ પુરૂષો ખરેખર તીર્થ રૂપ છે. અરે! ખરૂં કહીએ તો સાધુદર્શન તીર્થથી પણ વિશેષ છે, કેમકે તીર્થ તો કાળે કરી ફળીભુત થાય છે, પણ સાધુ સમાગમ તો તરતજ ફળે છે. લોકમાં ચંદન ઘણું શીતળ મનાય છે, તેથી ચંદ્રમા વળી ઘણોજ શીતળ છે; અને તેથી પણ સાધુપુરૂષની સંગતિ અતિશીતળકારી છે. તો હે ગુરૂમહારાજ! આપ પરમદયાળુ છો અને અમો તો ઘણી દુઃખી છીએ.

એ પ્રમાણે પોતાની મહાદુઃખમય પરાધીનતાવાળી દુઃખી સ્થિતિ જણાવતાં ચક્ષુમાં આંસુ ભરાઇ આવ્યાં. મહાત્માને આ બનાવથી અત્યંત દયા આવી અને તેમને નવકાર મંત્ર શીખવ્યો; અને જણાવ્યું કે:— આ મંત્ર તમને યથેચ્છીત ફળ આપશે, પણ નીતિથી ચાલજો, સદ્‌ગુણી બનજો, શીયળ રૂપ શણગારથી શરીર શોભાવજો, કદી દુરાચારથી આત્મા અભડાવશો નહિ, દયા દાન ને દીનતા તથા સત્ય શીયળ અને સન્તોષરૂપી ત્રીવેણીમાં સ્નાન કરી શુદ્ધ થજો. હૃદયને ગર્વ-ગજેન્દ્ર ઉપર ચડાવશો નહિ, ક્રોધ રૂપી ચંડાળને આધિન થશો નહિ, નમ્રતાથી જગતને નમાવજો, દુઃખીયાંનાં દુઃખ દુર કરજો, પરોપકારી કાર્યો કરી ભવ સફળ કરજો. આપેલ પરમેષ્ટી મંત્ર ઇહ લોક પરલોકમાં અતિ ફળદાયક છે, સત્યવંતને વિશેષ ફળદાયક છે. તેનો અપૂર્વ મહિમા શાસ્ત્રકારોએ બહુ બહુ રીતે વર્ણવ્યો છે.

શ્લોક—વસંતતિલકાવૃત.

संग्राम सागर करींद्र भुजंग सिंह,
दुर्व्याधि वह्नि रिपुबंधन संभवानि ॥
चोर ग्रह भ्रम निशाचर शाकिनीनां,
नश्यंति पंच परमेष्ठिपदैर्भयानि ॥ १५७ ॥

અર્થાત—શુદ્ધ અંતઃકરણપૂર્વક શ્રી નવકારમંત્રનું શ્રદ્ધાથી આરાધન

કરવાથી અનેક પ્રકારના ભયો વિનષ્ટ થઇ જાય છે. તે જેવા કે યુદ્ધનો ભય, સમુદ્રનો ભય, હાથીનો ભય, ભુજંગનો ભય, સિંહનો ભય, દુષ્ટવ્યાધિનો ભય, અગ્નિનો ભય, શત્રુનું બંધન, તથા ચોરનો ભય, નવગ્રહનો ભય, ચક્રીનો ભય, રાક્ષસ આદિકનો ભય, તથા શાકિનીડાકિનીનો ભય, વગેરે સર્વ પ્રકારના દુષ્ટ ભયો પરમેષ્ઠી મંત્ર પ્રભાવે નાશ પામે છે. સદ્વૃતિથી એનો જાપ કરનાર અપૂર્વ સુખ મેળવે છે; વળી સત્ય શીયળ અને સંતોષવંત આસ્તિક જનોને તો અવશ્ય ફળે છે. તમે પણ તેનો શ્રદ્ધાપૂર્વક જાપ કરશો, તો મનોવાંચ્છિત ફળ પ્રાપ્ત કરશો, પણ અયોગ્ય મનોરથ સફળ કરવા કલ્પના પણ કરશો નહિ. રત્નદ્વીપમાં એક તપસ્વી મહાત્મા બિરાજે છે, તેમનાં પવિત્ર દર્શન કરશો તો મહાલાભ થશે. અમુક વસ્તુ ઉપર એક કપડુ પાથરી શુદ્ધ અંતઃકરણથી ત્રણ વાર આ મંત્ર ભણજો, અને રત્નદ્વીપે અમને પહોંચાડો—એમ બોલજો, એટલે તરત તે વસ્તુ આકાશમાં અદ્ધર ઉડી તમોને રત્નદ્વીપે પહોંચાડશે. એટલું કહી મહાત્મા ચાલતા થયા.

સદ્ભાગ્યના ઉદયે શેઠ હજી સુતા હતા, તેથી નિર્ભયતાથી સર્વ કામ સારૂ થયું, નહિતો સંતાપનો પાર નહોતો. મહાત્મા ગયા બાદ ચારે જણીઓ વિચારમાં પડી પરસ્પર આનંદની વાર્તા લહેરીઓ ઉડાવવા લાગી, આવા અમુલ્ય પ્રસંગને માટે પોતાને પરમભાગ્યશાળી માનવા લાગી. પણ મનમાં ડરનો પાર ન હતો, પેલો કંજુસ શેઠ સુતો હતો, તેથી સર્વ અનુકુળતા મળતાં સફળ થઇ. થોડીવારમાં તો શેઠ જાગ્યા, એકદમ બેબાકળા ઉઠી હેઠે આવ્યા, આજ વધુ ઉંઘ આવી તેથી મોડું થયું, તેને માટે મનમાં પસ્તાવા લાગ્યો, ઘરની ફીકર કાંઇ તેને ઓછી નહતી મનમાં હાયવોયનો પાર નહતો ! જાણે ઘરનો સઘળો કારભાર હું જ ઉડાવું છું એમ મનમાં ગુમાન રાખતો હતો, ગાડા હેઠે ચાલ્યું જતું શ્વાન ધારે કે આ ગાડું હુંજ ખેંચું છું, બળદો તો બિચારા કાંઇ પણ જોર કરતા નથી, એમ આ શેઠ પણ મનમાં માનતો હતો.

રાત પડી એટલે વાળુપાણી કર્યાબાદ શેઠ ઘણી વારે સુઇ ગયા, બાર વાગ્યાનો સુમાર થયો નગરના લોક સર્વ શાંત હતા સર્વ સમસમાકાર હતું, તે વખતે સદ્ગુણી ચારે સ્ત્રીઓ ઉઠી અરસપરસ સંકેત કરી ચોકમાં આવી એક મોટું લાંબુ લાકડું પડયું હતું, તે ઉપર લુગડું પાથરી ચારે જણીઓ બેઠી; અને ગુરૂવર્યે આપેલા મંત્રનો ત્રિકર્ણ શુદ્ધ

ઉચ્ચાર કરી મનમાં ચિંતવ્યું, કે અમોને રત્નદ્વીપમાં લઇ જા ! એટલું બોલતાં જ લાકડું તરત અધર ઉંચું થયું, અને આકાશમાં રત્નદ્વીપ ભણી ચાલ્યું; ને થોડી વારમાં ઇચ્છીત સ્થળ પ્રાપ્ત થયું. રત્નદ્વીપમાં આવી હેઠે પડયું ત્યારે જણીયો ગુરૂવર્યનાં દર્શન કરવા ચાલી ગઇ. તપસ્વી મહારાજ ધ્યાનાગ્રસ્ત હતા, તેથી દર્શન કરી થોડી વાર બેસી, ત્યાંથી પાછી ફરી, અને રત્નદ્વીપની રચના જોવા નીકળી પડી. આવો શુભ સમય મળવા માટે પોતાને પરમભાગ્યશાળી માનવા લાગી, પછી હર્ષમાં આવી જઈ ચારે જણીઓ નિચે પ્રમાણે ગીત ગાવા લાગી.

શ્રીમહાવીરપ્રભુની સ્તુતિ-સમ્રૂ.

(આવો આવોને નંદલાલ રમવા આવોને રે.—એ રાગ.)

ભજીએ શ્રી મહાવીર સુંદર જે જગ તારૂ;
સજીએ ધર્મ સધીર સુંદર જે જગ તારૂ. એ ટેક

ત્રીસલાનંદન છો જગવંદન, કર્મનિકંદન છો શીતચંદન;
કરીએ નિત્ય અભિવંદન. સુંદર૦ ભજીએ૦ ૧

જન્મ થકી ત્રય જ્ઞાન વર્યું છે, નામ રૂડું વર્ધમાન ધર્યું છે;
અમૃતવચને ભર્યું છે. સુંદર૦ ભજીએ૦ ૨

માતાપીતા સુખકાર થયાં છે, સર્વ જીવો પ્રતિ શુદ્ધ દયા છે;
વડીલને વચને રહ્યા છે. સુંદર૦ ભજીએ૦ ૩

જાણી અસાર સંસાર અકારો, અણગાર થઇને તજયાં ઘરબારો;
આપ તર્યા અમને તારો. સુંદર૦ ભજીએ૦ ૪

વસમાં વરસો સાડાબારે, તપે કાપ્યાં કર્મ અઢારે;
કેવળજ્ઞાની ત્યારે. સુંદર૦ ભજીએ૦ ૫

લોકહિતારથ ધારી ધારી, ઉત્તમ ધર્મ બતાવ્યો ભારી;
સિદ્ધપદ બલીહારી. સુંદર૦ ભજીએ૦ ૬

ધર્મે જૈન રહીને તરવું, ધારી દયા સઘળું શુભ કરવું;
શુક સત્પંથે વિચરવું. સુંદર૦ ભજીએ૦ ૭

આ પ્રમાણે ચારે જણીઓ પ્રભુની સ્તુતિ ગાઈ મનમાં ઘણો આનંદ પામી. ધન્ય ઘડી ધન્ય ભાગ્ય ! કે આજ આપણને આવો આનંદ

શુભ અવસર પ્રાપ્ત થયો. જો કે મહાપાપ કર્યાં હશે ત્યારે જ આ શેઠને પાને આપણે પડી, પણ કાંઇક પાપ કરતાં પાછું વાળીને જોયું હશે, કે જેથી પરમપવિત્ર ગુરૂમહારાજનાં દર્શન થયાં. ને આવો શુભ અવસર આવ્યો અને આજ શ્રી મહાવીર પ્રભુના ગુણો ગાઇ સ્તુતિ કરી અપૂર્વ આનંદ મેળવ્યો. પ્રભુ ! ઓ કૃપાળુ પ્રભુ ! આવો નિર્દોષ આનંદ અમને સદા મળજો અને સઘળાં પાપ ટળજો—એજ અમો સદા ઇચ્છીએ છીયે. બે ત્રણ કલાક જેટલો ટાઇમ થઇ ગયો એટલે તરતજ સ્વસ્થાને આવી કાષ્ઠ ઉપર લુગડું પાથરી તે પર બેઠી,અને ગુરૂમંત્ર બોલી કે તરતજ લાકડું આકાશમાર્ગે ચાલતું થયું, થોડી વારમાં પોતાનું ઘર આવી પહોંચ્યું, એટલે લાકડું ચોકમાં આવી પડયું, કે ચારે સ્ત્રીઓ હેઠી ઉતરી ઘરમાં જઇ સુઇ ગઇ.

આ પ્રમાણે હંમેશાં થવા લાગ્યું, રાત પડે કે તરત જ ટાઇમ પ્રમાણે રોજ રત્નદ્વીપમાં જવા લાગી. એકદા એવું બન્યું કે હંમેશાં આવજા થવાથી લાકડુ આડુઅવળું રોજ મુકાતું હતું, તે બાબત પેલા જંજાળી કૃપણ શેઠના જાણવામાં આવતું નહતું. પણ દરેક અઠવાડીયે હજામ ત્યાં આવતો હતો, તેને એક દિવસ શંકા થઇ કે, આ લાકડું ઘણુંજ મોટું છે પચીસ પચાસ માણસોથી પણ ફરવું મુસ્કેલ છે; તો આને કોણ ફેરવતું હશે ? કારણ કે આ મોટું તોતીંગ હું ઘણા વખતથી આડું અવળું ફરતું જોઉં છું, માટે આ બાબતની કાંઈ તપાસ તો કરવી, કારણ કે મોટે ઘેર મોટું અંધારૂં હોય છે ! વખતે આ શેઠના ઘરમાં ચાર સ્ત્રીઓ નવાં ચરિત્રો કરતી હોય ! ઘણું કરીને સ્ત્રીઓનો સ્વભાવ ઘણો ચપળ હોય છે. અને આ શેઠના ઘરમાં તો સ્ત્રીઓને પરાધીનતાનો પાર નથી, અને જ્યાં અતિ પરાધીનતા હોય છે, ત્યાં અતિ પ્રપંચભાવ પણ હોય છે,એમ નક્કી સમજવું માટે આજ રાત્રે આ બાબતની તપાસ તો કરવી એમ વિચારી—રાત્રે સહુ સુઇ ગયા પછી તે હજામ ત્યાં આવ્યો અને એક ખુણામાં અંધારે સંતાઇ સર્વ ચર્ચા જોવા સાવધાન થઇ બેઠો. ઘણું કરીને હજામજાતિ કળા ખેલવામાં મહાધુર્ત અને ચપળ હોય છે, છકાપંચામાં પણ ઘણી પ્રવીણ હોય છે. તે વિષે કહ્યું છે કેઃ—

શ્લોક.

नराणां नापितो धूर्तः । पक्षिणां चैव वायसः ॥

पशूनां शृगालो धूर्तः । नारीणां चैव मालिका ॥१५८॥

અર્થાત—પુરૂષ જાતિમાં હજામ મહાધુર્ત હોય છે, પક્ષીઓમાં કાગડો મહાધૂર્ત હોય છે, પશુ જાતિમાં શિઆળ મહાધૂર્ત હોય છે અને સ્ત્રી જાતિમાં માળણ અથવા ગુણિકા મહાધૂર્ત હોય છે, તેથી આ શેઠનો હજામ પણ ધુર્તવિદ્યા સાધવા સાવધાન થઈ બેઠો.

હવે એટલામાં રાતના બાર વાગ્યા એટલે હંમેશના નિયમ પ્રમાણે ચારે સ્ત્રીઓ ઉઠી કાષ્ઠ ઉપર કપડું પાથરી તે પર બેઠી, અને મંત્ર ઉચ્ચાર કર્યો કે તરતજ કાષ્ઠ પોતાની મેળાએ ઉચ્યું થઈ ગગનમાર્ગે અદ્ધર ચાલવા માંડ્યું, પેલો હજામ તો આ ક્રિયા જોઇ દીંગમુઢ જ થઇ ગયો અને સામુંજ જોઇ રહ્યો! થોડી વારમાં તો લાકડું અદશ્ય થઇ ગયું, હજામ તો મહા વિચારમાં પડી ગયો અને મન સાથે બોલ્યો કેઃ-ભલા ભગવાન! આ શું અજાયબી ભરેલું બન્યુ? ખરેખર આ સ્ત્રીઓ મહાચતુર છે પણ એ રોજ ક્યાં જતી હશે? હવે તેનો પણ તપાસતો કરવો-એમ વિચારી તે પોતાને ઘેર ગયો, પણ હૃદયસાગરમાં અનેક તરંગમાળા ઉછાળતો ગયો. સવારમાં આવી લાકડું તપાસ્યું તો કાલ કરતાં આજે જુદી રીતે પડેલું જોયું, સ્ત્રીઓ ઘરમાં કામકાજમાં હતી એટલે લાકડાનો બરાબર તપાસ કર્યો, તો તેમાં એક ઠેકાણે પોલાણ દીઠી તેથી વિચાર્યુ કે આ સંતાવાનો લાગ સારો છે, રાત્રે વાત એમ ધારી રાત્રે ત્યાં આવ્યો ને કાષ્ટની પોલમાં ગુપ્તપણે સંતાઈ રહ્યો. હંમેશના નિયમ મુજબ ચારે સ્ત્રીઓ કાષ્ઠ ઉપર બેસી રત્નદ્વીપમાં ગઈ, ત્યાં ગયા પછી કાષ્ઠ સમુદ્રકિનારે મુકી ગુરૂવર્યનાં દર્શન કરવા ચાલી ગઇ. પેલો હજામ પોલાણમાંથી બહાર નીકળી આસપાસ જોવા લાગ્યો તો ચોતરફ રત્નના ઢગલા પડેલા જોયા. સર્વ ભાગ પ્રકાશમય જોઇ ઘણોજ આશ્ચર્યચકિત થઇ ગયો, અહાહા! અત્રે તો મહાસુખ છે! આપણું તો કામજ થઇ ગયું-એમ વિચારી હર્ષપૂર્વક તેમાંથી પાંચ રત્ન લઈ લીધાં મનમાં ધાર્યુ કે અતિ લોભ કરવો નહિ, કારણ કે **लोभात्सर्व विनश्यति ॥** અર્થાત-લોભથી સર્વ વિનાશ થાય છે.કહ્યું છે કેઃ-

संतोषस्त्रिषु कर्तव्यः । स्वदारे भोजने धने ॥
त्रिषु नैव च कर्तव्यो । ज्ञाने दाने च धर्मणि ॥१५९॥

અર્થાત—સ્વસ્ત્રીમાં, ભોજનમાં અને ધનમાં સંતોષ કરવો, અને જ્ઞાનમાં દાનમાં અને ધર્મમાં સંતોષ કદિ કરવોજ નહિ. માટે હે જીવ! વધારે લોભ ન કરવો—એમ વિચારી પાંચ રત્નો લઇ પાછો સ્વસ્થાનમાં ગુપ્તપણે બેસી ગયો. ચાર સ્ત્રીઓ પણ ટાઇમ પ્રમાણે ત્યાં આવી કાષ્ઠમાં બેસી પોતાને ઘેર આવી અને ઓરડામાં જઈ સુઇ ગઇ. હજામ પણ હરખાતો હરખાતો પોતાને ઘેર ગયો, સવારમાં તેમાંથી એક રત્ન વટાવી તેનાં નવાં ઘર લીધાં અને અનેક પ્રકારનાં સાંસારિક વૈભવ સુખો ભોગવવા લાગ્યો. હજામનો ધંધો તજી દીધો ને શેઠને ઘેર જવું પણ તજી દીધું, કારણ કે હવે તેને શેઠની પણ ગરજ રહી નહિ તેથી એક વખત કોઇ કામ પ્રસંગે શેઠ તેડવા માટે તેને ઘેર ગયા; ત્યાં જઇ જુએ છે તો હજામને ઘેર, તો નવોજ પ્રકાર જોવામાં આવ્યો. આશ્ચર્ય પામી શેઠે પુછ્યું:—અલ્યા! આશું ને આ બધું ક્યાંથી કમાયો? કોઇનું ઘર માર્યું કે શું? ત્યારે તે બોલ્યો કે:—શેઠ! તમારા ઘરનો જ પ્રભાવ છે. તે સાંભળી શેઠ બોલ્યા:—મારા ઘરમાંથી ચોરી કરી કે શું? ત્યારે તેણે કહ્યું કે:—ના તમારા ઘરમાંથી ચોરી તો નથી કરી પણ એ તમારી પુત્રવધુઓનો પ્રભાવ છે. ત્યારે શેઠે પુછ્યું:—અલ્યા! શું તું બોલે છે? આનું કાંઇ તાત્પર્ય સમજાતું નથી, શું છે? ખરેખરૂં કહી દે! ત્યારે તેણે કહ્યું કે:—કાકા! ખરૂં સુખ તો તમારી પુત્રવધુઓજ ભોગવે છે, તેઓ તમારા ચોકમાં મોટા કાષ્ઠ ઉપર બેસી રોજ રત્નદ્વીપે જાય છે. હું એક દિવસ તેની પોલાણમાં બેસી ગુપ્તપણે ત્યાં ગયો હતો, અને ત્યાંથી પાંચ રત્નો લાવ્યો છું. આ સાંભળી શેઠ તો ચકિતજ થઇ ગયો હૃદયમાં રત્નની લેહ લાગી! હું પણ ત્યાં જાઉં અને પુષ્કળ રત્નો લાવી ભંડાર ભરપુર ભરી દઉં—એમ ધારીને એકદમ ઘેર આવી ધાર્યું કે ક્યારે રાત પડે ને કાર્ય સિદ્ધ થાય. રાત પડી એટલે સ્ત્રીઓને કહ્યું કે આજનો મારા પેટમાં દુઃખે છે, માટે વહેલા સુઈ જવું છે—એમ કહી સુઇ ગયો, અને થોડી વારમાં કપટ નિદ્રાનો દેખાવ દીધો. સ્ત્રીઓએ તે સત્ય માની સહુ સહુના શણગાર સજવા માંડયા, એટલે બીજા હોલમાં થઇ ગુપ્તપણે શેઠ હેઠો આવી કાષ્ટની પોલમાં સંતાઇ ગયો. સ્ત્રીઓએ હર્ષપુર્વક ત્યાં આવી હંમેશ મુજબ વસ્ત્ર પાથરી તે પર બેસી મંત્ર ઉચ્ચાર કર્યો, કે તરતજ કાષ્ટ ગગનમાર્ગે ચાલતું થયું. પોલાણમાં બેઠેલા કંજુસ કાકા તો આ ચમત્કાર જોઇ મહા વિચારમાં પડી ગયા, ને રત્નપ્રાપ્તી માટે અનેક વિચિત્ર તરંગ માળાઓ શેખશલ્લીની માફક ગુંથવા લાગ્યા;

અને આ અપૂર્વ પ્રસંગ માટે મનમાં ઘણું હરખાવા લાગ્યા. થોડીવારમાં કાષ્ટ રત્નદ્વીપે આવી પહોંચ્યું કે તરતજ ચારે સ્ત્રીઓ ગુરૂદર્શન માટે ચાલી ગઇ. તેઓને તો કાંઇ રત્ન માટે જરા પણ લોભ ન હતો. કારણકે તે વિષે કહ્યું છે કે:—

संतोषामृत तृप्तानां । यत्सुखं शान्त चेतसाम् ॥
कुतस्तद्धनलुब्धाना । मितश्चेतश्च धावताम् ॥ १६० ॥

અર્થાત—સંતોષ રૂપી અમૃતથી તૃપ્ત થયેલા શાંતચિત્તવાળાને જે સુખ મળે છે, તે સુખ ધન માટે આમતેમ ભમતા લોભીને, ક્યાંથી સ્વપ્નામાં પણ હોઇ શકે? એમ ધારી સીધી તે સ્ત્રીઓ ગુરૂદર્શન કરવા ગઇ. એટલે આપણી કથાના નાયક કંજુસ કાકા સાગર શેઠ બહાર આવ્યા, ચોતરફ દ્રષ્ટી ફેંકતાં અપૂર્વ રત્નપ્રકાશ તેણે જોયો,હવે તેના હર્ષનો તો પાર રહ્યો નહિ. બિચારો શેઠ તો હર્ષથી ઘેલોજ બની ગયો, એકદમ તેણે રત્ન એકઠાં કરવા માંડયાં કાષ્ટપોલાણ બધી ભરી દીધી, મનમાં લોભનો પાર નહિ, જેમજેમ રત્નો ભેગાં કર્યાં તેમતેમ રાક્ષસી તૃષ્ણા વધતી જ ગઇ! અફગાનિસ્તાનનો બાદશાહ મહમદ દેરાં અને મુર્તિઓ તોડીને તેના ગર્ભમાંથી રત્નો લુંટનાર અને અને શહેરોને ખંડેર કરી ઉજ્જડ કરનાર તથા ધનને ગમે તેવા પ્રપંચોથી પ્રતિદીન વધારનાર મરતી વખતે એકંદર દોલતના ઢગલા ઉપર બેસીને એક નાના બાળક માફક રડીને બકયો કેઃ– હાયરે! આમાંનું હું કશું મારી સાથે લઇ જવાને સમર્થ નથી! છેવટ તો લોભના સરદારને એજ બોલવાનો વખત આવ્યો, અને આખી જીંદગીની છેવટે તો કપાળ કુટવાનું અને બળાપો કરવાનુંજ રહ્યો! અરે! પૈસા માટે પૂર્ણ પાપ કર્યાં પણ તે તો સર્વ અહીંજ રહ્યું. હાય! ધિક્કાર છે લોભને હજાર વાર!

ઉપજાતિ વૃત.

મહત્વ લોભે નર મૂર્ખ થાય, મિથ્યા તરંગો કરીને ફુલાય;
મર્યાદ ભૂલી નિજ યોગ્યતાની, ભરે ફલંગો કંઈ લંગડાની.
નીચા જનોની કરી મિત્રતા ને સહાય શોધે ઉંચ સિદ્ધિ માટે,
દમામ ઠાલો કરી રાજી થાય, પોતેજ પોતા થકી તે ઠગાય. ૩૫૬

લોભથી અંધ બની ગયેલાં છે ચક્ષુ જેનાં એવો આ સાગરશેઠ પણ બિચારો મનમાં પૂર્ણ પસ્તાવા લાગ્યો, કે અરેરે! આની ખબર હોત તો અહીં રોજ આવત, અને રત્ન બધાં ઉપાડી જાત. પણ હજી ફીકર નથી, હવે તો દરરોજ જીવીશ ત્યાં સુધી અહીં આવીશ અને લેવાય તેટલાં રત્નો લઈ જઈશ. એમ ધારી રત્નો લેવાય તેટલાં લીધાં. લોભને ધિક્કાર છે! લોભથી સઘળા સદ્‌ગુણો નાશ પામે છે. કહ્યું છે કેઃ—

વસંતતિલકા વૃત્ત.

निःशेष धर्मवन दाह विजृंभमाणे ।
दुःखोघभस्म निविसर्पदकीर्तिधूमे ॥
बाढं धनेंधन समागम दीप्य माने ।
लोभा न लेश लभतां लभते गुणोघः ॥ १६१ ॥

અર્થાત—સમસ્ત પ્રકારે ઉત્તમ એવા ધર્મરૂપી વનને બાળવા માટે વિકસિત થયેલા દાવાનળ સમાન, વળી દુઃખ રૂપ ભસ્મો જેમાં ઉડી રહી છે એવા, વળી અપકીર્તિ રૂપી ધૂમાડો જેમાં પ્રસરી રહેલો છે, વળી ધનરૂપી કાષ્ઠના સમાગમથી પ્રતિદિન વધતા જતા અર્થાત ધન રૂપ ઇંધણે કરી અત્યંત જાજ્વલ્યમાન, એવા લોભ રૂપી અગ્નિમાં સર્વ ગુણો પતંગીયાની માફક બળી ભસ્મ થઈ જાય છે. અહાહા! લોભ રૂપી અગ્નિ કેવો બળવાન છે? આટલાં આટલાં રત્નો લીધાં છતાં પણ હજુ લોભ ન ગાતાં કાનમાં બે ચાર ભરી દીધાં, બગલમાં પણ દબાવી દીધાં પાંચ પચીસ મોઢામાં પણ ભરી દીધાં. એમ શરીરના પોલા ભાગમાં જ્યાં જ્યાં સમાયાં ત્યાં ત્યાં ગોઠવી દીધાં. જરાક દુઃખ તો પડશે પણ આવો લાભ ફરીને નહિ મળે માટે લેવાં ચુકવું નહિ. આવા લોભીને પ્રભુના દરબારમાં જવાનો કદિ હક મળતો નથી. બાઇબલમાં કહે છે કેઃ—એક ઉંટ કદાચ સોયના નાકામાં દાખલ થવા ભલે હિંમત ધરે, પણ કૃપણ પૈસાવાળાને તો પરમેશ્વરની કચેરીમાં દાખલ થવાની હિંમત રાખવાનો મુદ્દલ અધિકારજ નથી. અરેરે! આ કૃપણ શ્રીમંતો ઉપર ખુદ દયાસાગર પરમેશ્વરનો પણ આટલો બધો કોપ! દુનિયામાં તો આમ તેમ ચોતરફ ઝાડુ પડયાજ કરે છે, તેથી તે બિચારા બાપડાને મુઆ પછી દયાળુ પરમેશ્વર તરફની આશા હતી, કે તે કાંઇ હાથ પકડશે અને પંપાળશે, પણ આતો ભગવાન પોતે

કહે છે કે:—જ્યાં શ્રીમન્તાઇ છે ત્યાં ઉદ્ધતાઇ છે, માટે આવા કૃપણ શ્રીમંતોનું નામ પણ મારા દરબારમાં ન જોઇએ. મતલબ કે એવા લોભિષ્ટો કદિ પણ ઉત્તમ કાર્યો કરી સદ્‌ગતિને પાત્ર બની શકતાજ નથી, વળી તેને માટે જ્ઞાની જન કહે છે કે:—અહાહા ! જુઓ લોભ રાક્ષસ કેવો બળવાન રીપુ છે? જીવનું તે કેવું ભાન ભુલાવી દે છે? તે રાક્ષસે પોતાના પ્રબળ પંજામાં આખા જગતને સપડાવી દીધું છે. ભાગ્યેજ કોઈ તે દુરદાંતના હસ્તમાંથી છુટો થઈ શકે છે ! જેમ લાભ થયે ગયો તેમ લોભદશા પ્રબળપણે વધતીજ ગઇ. તેને માટે ઉત્તરાધ્યયન સુત્રમાં અષ્ટમ અધ્યયનમાં શ્રીકપીલકેવળીના અધિકારે કહ્યું છે કે:—

जहा लाभो तहा लोभो । लाभे लोभो पवढइ ॥
दोमा संकयं कज्जं । कोडीं एवींन निठइ ॥ १६२ ॥

कोहो पीइ पणासेइ । माणो विणय नासणो ॥
माया मिताणी नासइ । लोभो सघ विणासणो॥ १६३ ॥

અર્થાત—જેમ લાભ વધે છે. તેમ લોભ વધે છે, ક્રોધથી પ્રીતિનો, માનથી વિનયનો, માયાથી મિત્રાચારીનો અને લોભથી તો સર્વ વસ્તુનો નાશ થાય છે, સંસારસાગરમાં અનંત કાળ પરિભ્રમણ કરાવે છે. માટે એવા લોભને ધિક્કાર હો ! હવે પેલા લોભી શેઠે ખુબ રત્નો લીધાં જ્યાંજ્યા ભરાય તેટલાં ભર્યાં, તેને સાચવવાને સંપુર્ણ કષ્ટ હતું તો પણ તેને લેખામાં નહિ ગણતાં, વિશેષ મેળવવાની લાલસા ઉભી રહી, મન તો અપૂર્ણજ રહ્યું, રોતુંને રોતુંજ રહ્યું. અરેરે ! કંઇક રત્નો લેવાનું મોટું સાધન લાવ્યો હોત તો ઠીક થાત. પણ નિરૂપાય !

હવે વખત વિશેષ ગયેલો હોવાથી સ્ત્રીઓને આવવાની ભીતી થઈ, માટે એકદમ પોલાણમાં સાંકડેમોકડે સંતાઇ ગયો; આડું લુગડું આવતું એટલે કોઇને દેખવાનો ડર તો ઓછો હતો. ટાઇમ પ્રમાણે સ્ત્રીઓએ આવી કાષ્ઠ ઉપર બેસી મંત્રોચ્ચાર કર્યો એટલે કાષ્ઠ અદ્ધર હાલતું થયું. શેઠને તો હજી સુધી એજ ઝંખના રહી, કે કયારે આવતી કાલ આવે અને અહીં આવું, ધન રળવાનું આવું સુંદર ઠેકાણું બીજે નહિ મળે ! ખરૂં છે કે હવે તો પુત્રોને પણ તેડાવું અને આ કુંચી શીખવાડી દઉં, એમ અનેક જાળી તરંગમાળા ગુંથવા લાગ્યો. લોભને થોભ નથી ! આટલી વસ્તુઓ કદી પૂર્ણ થતી નથી. કહ્યું છે કે:—

अग्नि विप्रो यमा राजा । समुद्रमुदरं गृहम् ॥
सप्तैतानि न पूर्यंते । पूर्य माणा दिने दिने ॥ १६४ ॥

અર્થાત—અગ્નિ, વિપ્ર, જમરાજા, રાજા, સમુદ્ર, પેટ ને ઘરણિ એટલાં જણાંઓ સદા અપૂર્ણ છે. જેમ જેમ તેમને પુરવા પ્રયત્ન કરાય છે, તેમ તેમ તે અધુરાંજ થતાં જાય છે.

હવે હંમેશા કરતાં કાષ્ટ આજે ધીમે ધીમે ચાલતું જોઈ ચારે સ્ત્રીઓ વિચારવા લાગી, કે આજે આ કાષ્ટ બહુ ધીમું કેમ ચાલે છે? પણ શેઠ અને રત્નનો ભાર આજે વધ્યો છે તે તેમને ખબર નહોતી. ધીમે ચાલવાથી વિશેષ ચિંતામાં પડી ગઇ. બેનો ! આજ કાંઈ સમજાતું નથી, આપણું વાહન બહુ ધીમે ધીમે ચાલે છે, બે કલાક થવા આવી તોપણ હજુ માંડ માંડ અર્ધે પંથે પહોંચ્યું છે; મોડું થશે તો પેલો લોભી કંજુસ કાકો જાણશે અને આપણા ઉપર સિતમ ગુજારશે. હજી તો મધ્ય સાગરમાં આવ્યાં છીએ, માટે મારો એવો વિચાર છે કે આ કાષ્ટને પાણીમાં ફેંકી દઇ, ફક્ત કપડા ઉપર બેસીએ તો સત્વર પહોંચાય;નહિતો આજ ભોગ મળ્યા સમજવા.ત્યારે સર્વેએ કહ્યું કેઃ-હા એમજ કરો કાષ્ટ પાણીમાં ફેંકી દઈ જલદી ચાલો ! આ સાંભળી પોલાણમાં સંતાયેલો શેઠ તો ગાભરોજ બની ગયો,અને વિચાર્યું કે હાય ! હાય ! હું ઠાર મરાયો. હમણાજ લાકડું ફેંકી દેશે તો મારા તો અહીંજ બાર વાગી ગયા સમજવા. અરે ! બીજું તો ઠીક ! પણ આ મહામુશીબતે મળેલાં મારાં રત્નો બધાં દરીયામાં જશે. માટે બેઆકળો થઈ બોલી ઉઠયો કેઃ-વહુ બાપ ! લાકડું નાખી દેશો નહિ, હું અંદર બેઠો છું તમે જરા પણ મનમાં બીશો નહિ. જેની બીક છે તે હું તમારી સાથે છું, તમે ધીમે ધીમે ચલાવજો ભલે મોડું પહોંચાય, તેની ફીકર કરશો નહિ. મેં ખુબ રત્નો ભર્યા છે તેથી આ વાહન આજે વજનદાર બન્યું હશે ! પણ આજથી આપણું દારિદ્ર ગયું સમજજો, હવે તમો ઇચ્છા મુજબ ખાજો, પીજો, અને આનંદ કરજો. હવેથી હું તમને જરા પણ દુઃખ નહિ દઉં, સમુદ્રમાં કાષ્ટ નાખી દેશો તો રત્ન બધાં જશે અને હું પણ મરી જઇશ. માટે મારા બચાવની ખાતર કાષ્ટ નાખશો નહિ. એ પ્રમાણે રત્નો નાશ થવાના ભયથી, અને મરણની બીકથી બોલી ગયો. આ ચારે જણીઓ આ વચનો સાંભળી વિચારમાં

પડી ગઇ અને બોલી કેઃ—અરે! આ બલા વળી અહીં ક્યાંથી? જરૂર આ બધું જાણી ગયો હશે, અત્યારે ગરજને લીધે આમ મીષ્ટ વચનો બોલે છે, પણ તેના સ્વભાવથી આપણે અજાણ્યાં નથી. ઘરમાં કચરાની ક્યાં ખોટ હતી, તેથી અહીંથી વળી રત્નો લીધાં. અહો! ખરૂં જ છે કે લોભીયાને આખા જગતનું ધન એકઠું કરી આપીએ, તો પણ તેની તૃષ્ણા છીપે નહિ. તેને માટે કહ્યું છે કેઃ—

सुवन्न रूपस्स उपघया भवे । सियाहु कैलाससमा असंखया ॥
नरस्स लुद्धस्सन तेहि किंचि ।इच्छाहु आगास समा अणंतया१६५

અર્થાત્—એક લોભીયા મનુષ્યને સુવર્ણના અને રૂપાના મેરૂ જેવડા પર્વતો આપો, તો પણ તેની સર્પણુ તૃષ્ણા શાંત થતી નથી. કારણ કે ઇચ્છા છે તે આકાશ અને કાળના સમયની માફક અનંતી છે, અને દ્રવ્ય તો અસંખ્યાતું છે; તો પછી લોભી જીવની તૃષ્ણા ક્યાંથી સમાય? તેને તો અગ્નિમાં ઘી પડયાની માફક તૃષ્ણા વધતીજ જાય છે. વળી કહ્યું છે કેઃ—

ઇંદ્રવિજય છંદ.

જો દશ વીશ પચાસ મલે શત, હોઈ હજાર તું લાખ મગેગી,
કોટી અરબ ખરબ અસંખ્ય, ધરાપતિ હોનકી ચાહ જગેગી;
સ્વર્ગ પાતાળકું રાજ કરો, તૃષ્ણા અધીકી અતિ આગ લગેગી,
સુંદર એક સંતોષ બીના શઠ, તેરી તો ભુખ કબુ ન ભગેગી.૩૫૭

તેમ આપણો સાસરો આ સાગરશેઠ પણ લોભીનો સરદાર છે, કૃપણ પણ પૂર્ણ છે, આપણે તેના ઘરમાં જરા પણ સુખ કે સંતોષ તો પામ્યાંજ નથી. આપણા પ્રિય પતિને પણ આ પાપીએ દ્રવ્યની આશાએ પરદેશમાં મોકલ્યા છે. માટે બેનો! આ લાગ બહુ સારો છે. આવા પાપી જીવોનું જીવતર દુનિયાને શું લાભકારક છે? આવા પ્રાણીયોનું જીવતર કરતાં મરણ શ્રેય છે, કદાચ જીવતા હોય તો પણ તે મુવેલા જ છે—એમ શાસ્ત્રકારોએ ભાર દઇને વર્ણવ્યું છે. વળી આપણે તેને કદાચ અત્રે બચાવીશું, તો તે ઘેર ગયા પછી કોણ જાણે શું કરશે? કારણ કે લોભીનો વિશ્વાસ કદી કરવો નહિ. તે વિષે કહ્યું છે કેઃ—

દોહરો.

લોભીનો વિશ્વાસ શો? લોભે લે તે પ્રાણ;
ઔરંગજેબે લોભથી, કીધી કુળની હાણ. ૩૫૮

બહુશ્રુત શાસ્ત્ર ભણેલ તે, સંશયછેદક હોય,
મહાલોભથી તે નરો, પણ પામે દુઃખ તોય. ૩૫૯

માટે લોભીનો વિશ્વાસ કરવો નહિ. વળી આવા પાપી જીવો તો પાપે પચી રહ્યા છે. આવો લાગ ફરીને મળશે નહિ, એમ સર્વેનો એકમત ચોકસ થવાથી પેલા લોભી સાગરશેઠનું ભાગ્ય દુષ્ટ હોવાથી તત્કાળ કાષ્ટ સમુદ્રમાં પડતું મુકયું; અને ચારે જણીઓ ચાલી ગઇ. આ બિચારો સાગરશેઠ રત્નની હાયવોય કરતો સાગરમાં ડુબી ગયો, અને મરતી વખતે પણ એજ ઝંખના રહી. અહાહા! લોભ કેવી બુરી હાલતમાં ઉતારે છે ? લોભ છે તે સર્વ દુર્ગુણનો સરદાર અને સદ્ગુણોને બાળનાર છે, લોભ હોય ત્યાં સત્ય રહેવા પામતું નથી, તથા દયા, ક્ષમા, શીયળ, સંતોષ વગેરે તમામનો નાશ થાય છે. ખીલજી વંશનો જલાલુદીન બાદશાહ ઘણો જ દયાળુ હતો, તેથી તે બંડખોર લોકોને પણ શિક્ષા નહિ કરતાં માફી આપતો હતો. આમ છતાં પણ એક શિદીમૌલા પાસે પારસમણી જોવામાં આવ્યો, તે મેળવવા ઘણાંએ ફાંફાં માર્યાં, આખરે તે મણીના લોભથી શિદીમૌલાને દગો કરી મારી નાખ્યો. એ શિદીના મુવા પછી બાદશાહનો વડો દીકરો મુવો, વરસાદ વરસ્યો નહિ, દુકાળ ઘણો ભારે પડયો અને છેવટે બાદશાહ પણ કુમરણે મરાયો. એ સર્વ શિદીના શાપથી થયું—એમ લોકો માનવા લાગ્યા. અરે રે! એક લોભ આટલા બધા અનર્થોનું કારણ થઈ પડયો. (હિંદુસ્તાનનો ઇતિહાસ)

માટે ખરેખર લોભીના હૃદયમાં દયા રહેવા પામતી નથી, કદાચ તેની પાસે અન્ય સદ્ગુણ ભલે હોય તોપણ તે નકામા હોઇ તે સ્વાર્થ સાધવાના ઉપાયો છે. તેને માટે રાજર્ષિ ભર્તૃહરિએ કહ્યું છે કેઃ—

શાર્દુલવિક્રીડીત વૃત.

लोभश्चेदगुणेन किं पिशुनता यद्यस्ति किं पातकैः ।
सत्यं चेत्तपसा च किं शुचि मनो यद्यस्ति तीर्थेन किम् ।।
सौजन्य यदि किं गुणैः स्वमहिमा यद्यस्ति किं मंडनैः ।
सद्विद्या यदि किं जनैरपयशो यद्यस्ति किं मृत्युना ।।१६६।।

અર્થાત—એક લોભરૂપ દુર્ગુણ હોય તો પછી બીજા દુર્ગુણની કશી જરૂર નથી. એક ચાડીયાપણું હોય તો અન્ય પાપોથી શું ?

તથા સત્ય હોય તો તપશ્ચર્યાથી શું ? પવિત્ર મન હોય તો તીર્થયાત્રાથી શું ? તથા સુજનતા હોય તો સગાંથી શું ? તથા સુમહિમા હોયતો અન્ય આભુષણોથી શું ? તથા ઉત્તમ પ્રકારની જો પાસે વિદ્યા હોય તો ધનથી શું ? તથા એક અપયશ હોય તો મરણથી શું વિશેષ છે ? અપયશ વાળું જીવતર નકામું છે; મતલબ કે લોભ જેવો એક મહા દુર્ગુણ નથી. લોભીના હૃદયમાં દયા પણ રહેતી નથી, પોતાના સ્વાર્થ માટે અનેક પ્રપંચ રચી સામાના પ્રાણ લેવાં પણ તે ચુકે નહિ. માટે એક લોભજ હોય તો બીજા બધા અવગુણથી શું ? એકલો લોભજ સઘળા સદ્‌ગુણને બાળવા સમર્થ છે. મતલબ કે જ્યાં સુધી મનુષ્યોને ધનની ઇચ્છા પ્રબળ રહે છે, તેની જ મનસા ચાલ્યાજ કરે છે, સદા તેના ઉપાયો યોજે છે, ત્યાં સુધી મોક્ષસુખની ઇચ્છા રાખવી નકામી જ છે—એમ ચોકસ સમજવું; માટે મોક્ષેચ્છુ જનોએ લોભનો ત્યાગ કરવો. જ્યારે લોભવૃત્તિ ઓછી થાય છે, અને સંતોષ રૂપી અમૃત ચાખે છે, ત્યારે જ તે જીંદગીનું અપૂર્વ સુખ ભોગવવાને ભાગ્યશાળી બને છે. અને સંતોષ સુખ હોય ત્યારેજ પવિત્ર ધર્મ સાધી શકાય છે, અને પવિત્ર ધર્મથીજ અપૂર્વ મોક્ષલક્ષ્મી મેળવી શકાય છે. માટે લોભનો તો સર્વથા ત્યાગ કરવો. (૮૫)

विरदनं वदनं कदनं गमः ।
कच चयः कल धौत निभः किल ॥
चरण हस्तक मस्तक कंपनं ।
श्रवणका दिहषी बल निर्बलम् ॥८६॥
विगलितं धृति हि सुधि भिः समं ।
निखिलमंग मगादति जीर्णताम् ॥
तदिति चात्र विचित्र तरं परं ।
नर्तनिमा मतनोत् बत तृष्णका ॥ ८७ ॥

અર્થઃ—આ લોકમાં મનુષ્યો જ્યારે વૃદ્ધ થાય છે,

ત્યારે મુખ દાંત વિનાનું થાય છે, ગતિ પણ દુઃખકર થાય છે, ખરેખર કેશનો જથ્થો પણ રૂપા જેવો શ્વેત વર્ણે થાય છે, હાથ પગ અને મસ્તકમાં ધ્રુજારો ઉત્પન્ન થાય છે, શ્રોત્ર વગેરે પાંચ ઇંદ્રિયોનું બળ હીન થાય છે. વળી પણ ધૈર્ય, લજ્જા, અને સુબુદ્ધિની સાથે સમસ્ત શરીર પણ જીર્ણતાને પામી જાય છે. તો પણ લોકમાં એટલુંજ આશ્ચર્ય અને ખેદ ઉત્પન્ન થાય છે, કે આવી રીતે વૃદ્ધાવસ્થાને પામવા છતાં, તૃષ્ણા તો હજી સુધી જરા પણ જીર્ણતાને પામીજ નથી; પણ ઉલટી તે તો વૃદ્ધિને પુષ્ટિજ પામતી જાય છે. (૮૬–૮૭ યુગ્મ.)

ભાવાર્થ—આ દુનિયામાં એવી કોઇ પણ વસ્તુ નથી, કે તેના ઉપર કાળ લાગુ પડતો નહોય! પરંતુ દરેક પૌદગલીક પદાર્થ ઉપર કાળ લાગુ પડે છે. અને કાળ લાગુ પડે છે, ત્યારે તે નવું હોય તો પણ અમુક કાળે જુનું થાય છે. જે વૃક્ષનાં પાન એક કાળે લીલાં હોય તે અમુક કાળે પાકાં થઇ પીળાં પડી જાય છે, જે વસ્તુ નવી હોય તે અમુક કાળે જીર્ણ બની જાય છે. તેમ જે જીવ જન્મે છે, તે અમુક કાળે વૃદ્ધ થાય છે, તે વખતે તેના શરીરમાં યુવાવસ્થા જેવું જોર રહેતું નથી. વૃદ્ધ થયેલા મનુષ્યોનાં ચોદે પ્રગણાં ઉજ્જડ થઈ જાય છે. તેમાં પ્રથમ તો દંતપુરી ઉજડ થાય છે, એટલે દાંત સઘળા પડી જાય છે. જે દાંતો વડે ચાવીને અનેક પ્રકારના સ્વાદો લીધા તેણે તો પહેલેથી જ પોબારા ગણ્યા!

દુહો—દાંત દાડમની કળી, કઇ કઇ ચીજું ચખાડીયું;
પણ નગણા શું કીધો નેહ, તે હાડં પેલા હાલીયા.૩૬૦

મતલબ કે એવા સુંદર દાંતો પણ પડી ગયા. માથાના કેશ કાળા ભ્રમર સરીખા હતા, તે શ્વેત રૂપાના તાર સરીખા થયા. અમુક વસ્તુ મેલી થયેલી હોય તો તેને ધોવા માટે પાણી ખાર કે સાબુની પણ જરૂર પડે છે, પણ આ કેશ ધોળા થવામાં કાંઈ પણ મહેનત પડતી નથી, પાણી સાબુ કે ખારાની જરૂર રહેતી નથી! કહ્યું છે કેઃ—

દુહો—જરા ધુતારી ધોબણી, ધોયાં દેશ વિદેશ,
વિણ સાબુ વિણ પાણીએ, ઉજળા કીધા કેશ. ૩૬૧

માટે વૃદ્ધાવસ્થા માંહિ કેશ સર્વ ધોળા થઈ ગયા, હાથ, પગ અને મસ્તકમાં કંપવા થાય છે તેમાં શક્તિ પણ રહેતી નથી, તથા શ્રવણેંદ્રિય, ચક્ષુ ઇંદ્રિય, ઘ્રાણેંદ્રિય, રસેંદ્રિય, સ્પર્શેન્દ્રિય એ પાંચ ઇંદ્રિયોનું બળ ઘટી જાય છે, આંખના ને કાનના દેવતા પણ ઉઠી જાય છે પુરૂં સાંભળી પણ શકાતું નથી. પેટલાદપુરીમાં હવે માલ પણ પુરો ખપતો નથી, કઠણ પદાર્થ પેટમાં પચે નહિ. એ પ્રમાણે આખું શરીર જીર્ણતાને પામી ગયું, તેની સાથે ધૈર્યતા અને સુબુદ્ધિ પણ નાશ પામે છે અને વૃદ્ધાવસ્થામાં અનેક પ્રકારની ઇચ્છાઓ થયા કરે છે. એમ આખું શરીર કથળી ગયું, તો પણ ઘણી સખેદાશ્ચર્યની વાત છે કે હજી આશા તૃષ્ણા જરા પણ ઓછી થતી નથી! તેને માટે કહ્યું છે કેઃ—

મનહર છંદ.

કરોચલી પડી દાઢી ડાચા તણો દાટ વળ્યો,
કાળી કેશ પટી વિષે શ્વેતતા છવાઈ ગઈ.
સુંઘવું સાંભળવું ને દેખવું તે માંડી વાળ્યું,
તેમ દાંત આવળી હા ખરી કે ખવાઈ ગઇ;
વળી કેડ વાંકી હાડ ગયાં અંગ રંગ ગયો,
ઉઠવાની આય જતાં લાકડી લેવાઈ ગઈ;
અહો રાયચંદ! એમ જુવાની હરાઈ,
પણ મનથી ન તોય રાંડ મમતા મરાઈ ગઇ. ૩૬૨

મતલબ કે આ પ્રમાણે આખું શરીર જરાથી જીર્ણ થઇ જાય છે, અવયવો નિસ્તેજ નિર્બલ બની જાય છે, તો પણ મમતાતૃષ્ણા ઘટતી નથી, પણ આશા તૃષ્ણાનું જોર તો ઉલટું વધતું જ જાય છે! તે વિષે કહ્યું છે કેઃ—

जीर्यंति जीर्यतः केशा दन्ता जीर्यंति जीर्यतः ॥
जीवनाशा धनाशा च । जीर्यतोऽपि न जीर्यति ॥१६७॥
अंगं गलितं पलितं मुंडं । दशन विहीनं जातं तुंडम् ॥
वृद्धो याति ग्रहित्वा दंडं । तदपि न मुंचत्याशा पिंडम्॥१६८

અર્થાત—શરીર જીર્ણ થતાં દાંત અને કેશ-વાળ જીર્ણ થાય છે. પણ જીવન આશા, ધનાશા તો જીર્ણ થતી જ નથી ! સમસ્ત અંગ વળી ગયું, શરીર કંપવા લાગ્યું, અને હાથમાં આધારભૂત લાકડી પકડવાનો વખત પણ પગમાં જોર ન હોવાથી આવ્યો, પણ આશાનો કેડો તો હજુ મુકાતો નથી, જરાયે સંસાર ઉપરથી મમત્વ ભાવ ઘટતો નથી. વળી વૃદ્ધાવસ્થામાં નવ લકારોનું જોર પણ ઘણું વધે છે, તે નવ લાનાં નામ કહે છે.

દુહો.

લાળ લીંટ ને લીલરી, લવરી લથડી લોભ;
લઘુનિત લાલચ વધે, લાકડીયાં કર થોભ. ૩૬૩

આ નવ લકારો વધે છે, તોલ ઘટે છે, મિષ્ટાન ભોજન ખાવાની ઇચ્છા વિશેષ રહે છે. પણ ઘરમાં કાંઈ ચાલે નહિ, ઘરડો થઈ જતાં બુઢ્ઢા બળદની જેમ તે ઘરમાં નકામો-બોજારૂપ થઇ પડે છે, દીકરા દીકરીઓ પણ પાપ ને પીડારૂપ સમજે છે, આદરમાન આપતાં નથી, પોતાનું ધાર્યું જરા પણ થતું નથી, એટલે મુંઝવણનો તો પારજ નહિ. વળી ધનમાલ વગેરે પુત્રને સોંપી દીધેલું હોવાથી કે તેને કબજે થઇ જવાથી દુઃખમય પરાધિનતાની પરાકાષ્ટા ભોગવવી પડે છે. તે વિષે કહ્યું છે કેઃ—

वृद्धा काले मृता भार्या । पुत्रहस्ते गतं धनम् ॥
भोजनं च वधुहस्ते । मृत्युरेव न संशयः ॥ १६९ ॥

અર્થાત—જેને વૃદ્ધાવસ્થામાં પોતાની સ્ત્રી ગુજરી ગયેલી છે, તથા વૃદ્ધાવસ્થામાં જેનું સર્વ ધનમાલ દીકરાને હાથ ગયેલ છે, તથા જેને વૃદ્ધાવસ્થામાં પુત્રવધુ-દીકરાની વહુને હાથે હમેશાં ભોજનપાન કરવાનો વખત આવે છે; તે ખરેખર જીવતો મુવા જેવો છે. કારણ કે પુત્રને સોંપેલા ધનમાંથી પોતાને કોઈ કાર્ય પ્રસગે શરીરસુખ કે દાનપુણ્ય વગેરેમાં વાપરવા માટે પુત્ર પાસે કાંઇ દ્રવ્ય માગે, તો પુત્રો પોતાનું ઓછું થઇ જવાના ભયથી સાફ ના કહે, અથવા પાંચસાત કઠોર શબ્દો આક્રોશપૂર્વક સંભળાવી અપમાન કરી કાંઇક આપે, તે વખતે તે બિચારા વૃદ્ધને તો પસ્તાવાનો પારજ ન રહે. સુવર્ણની સાંકળી માગે ત્યારે કુપાત્ર પુત્રો તલસાંકળી કહી-ઠેરાવી વાત ઉડાડીજ મુકે ! અહાહા ! વૃદ્ધાવસ્થા કેવી કષ્ટદાયી-દુઃખદેણુ છે ? શાસ્ત્રમાં પણ કહ્યું

છે કેઃ—વૃદ્ધાવસ્થા અને બાલ્યાવસ્થા બન્ને સરખાં ચિન્હો વાળી છે, બાલ્યાવસ્થાના જેવા દેખાવો વૃદ્ધાવસ્થામાં પણ જોવામાં આવે છે. તે વિષે કહ્યું છે કેઃ—

वदनं दशन विहीनं । वाचो न परिस्फुटा गता शक्तिः ॥
अव्यक्तेंद्रियशक्तिः । पुनरपि बाल्यं कृतं जरया ॥ १७० ॥

અર્થાત—બાલ્યાવસ્થા—બાળપણમાં જેમ દાંત વગરનું મોઢું, અસ્ફુટ વાણી, શક્તિહિન ગતિ, અને પાંચ ઈંદ્રિયોનું અસ્વસ્થપણું હોય છે; તેમ વૃદ્ધાવસ્થા—ઘડપણમાં પણ ને સઘળું પ્રગટે છે; માટે ખરેખર જરાવસ્થાએ ફરીને બાળકપણું લીધું હોય નહિ ! એમ જણાય છે. મતલબ કે આ પ્રમાણે વદ્ધાવસ્થાને દુઃખમય વર્ણવેલી છે. શાસ્ત્રકારોએ જરા નામનું મોટામાં મોટું દુઃખ કહેલુ છે, એ દુઃખ જે જાણવા હોય તેજ જાણે. તેની લહેરીલાલા છેલછબીલા જુવાનીઆઓને લેશ પણ ખબર ક્યાંથી હોય ? તેઓ તો ઉલટા વૃદ્ધોની ઠઠ્ઠા મશ્કરી કરે છે, અને હાસ્યપૂર્વક તે તેમને પજવે છે. તે વિષે એક ડોશી ને શેઠપુત્રની કહાણી કહું છું:—

એક એંશી વર્ષની ડોશી હાથમાં જેષ્ટીકા ઝાલી વાંકી વળી ધીમે ધીમે બજારમાં થઇ જતી હતી, તેને દેખી દુકાન ઉપર બેઠેલા કોઈ જુવાન શેઠપુત્રે મશ્કરી પૂર્વક કહ્યું કેઃ—ડોશીમા ! તમારૂં શું ખોવાઇ ગયું છે ? કે તમો આમ વાંકાં વળી ધીમેધીમે નીચું જોઇ ચાલો છો ? ત્યારે ડોશીમાએ ઉંચું જોઇ કહ્યું કેઃ—ભાઇ વીરા ! તેનું કારણ તું બાળક જાણતો નહિ હોય, તેથીજ તું અભિમાનમાં છકી જઇ મસ્ત બની આ પ્રમાણે કરડાકીનાં વચન બોલે છે. મારૂં શું ખોવાઇ ગયું છે ? તે જાણવું હોય તો ભલે તું સાંભળ !

जरा दंड प्रहारेण । कटी भग्ना नराधिप ! ॥
हारितं यौवनंरत्नं । निरीक्ष्यामि पदेपदे ॥ १७१ ॥

અર્થાત—જરા નામના દુતે જુવાનીમાં જોરથી મલપતી ધમકતી ચાલતી એવી મને કેડમાં પોતાના દંડનો પ્રહાર કર્યો, તે પ્રહારના પ્રભાવે મારી કેડ વાંકી વળી—ભાંગી ગઇ; અને તેજ વખતે મારૂં યૌવન રૂપી રત્ન પડી ગયું તે ક્યાં ગયું હશે ? કોણ લઇ ગયું હશે ? અને

તે મને ક્યારે મળશે ? તેની શોધ કરવા માટે હું અત્યારે નીચું જોઇ વાંકી થઇ–નીચી વળી ચાલું છું. બાપુ ! સાંભળ:—

"પીપળ પાન ખરંત, હસતી કુંપળીયાં;
મુજ વિતી તુજ વિતશે, ધીરી બાપુડીયાં." ૩૬૪

પીપળાનાં પાકાં પાંદડાં ખરી પડતાં, ભોંય પડી ઢોર અને માણસોને પગે કચરાતાં પવનથી આમ તેમ ઉડતાં જોઇ કુંપળો હસે છે; ત્યારે પેલાં પાંદડાં કહે છે કે:–ધીરી પડો ! કાળે કરી તમારી પણ એજ ગતિ થવાની છે, એ તો ખીલી ક્યો પછી આખરે ખરવું છે.

મતલબ કે ઘણા ઉછાંછળા જુવાનીઆઓ ઘરડાંની મશ્કરી કરે છે, તે સર્વ વૃદ્ધોને નાછુટકે–અવશ દુઃખી દીલે સહન કરવું પડે છે. માટે હે વિવેકી સુજ્ઞજનો ! તે પાપણી રાક્ષસી માયારૂપી જરા–બુઢ્ઢાપો આવી પહોંચ્યા પહેલાં આત્મહિત કરી લેવું, એ સર્વોત્તમ છે. કારણકે યુવાવસ્થામાં તનમનના બળથી આત્મહિત શોધાય છે, તેવું તે જરા રૂપી રાક્ષસી માયાના પ્રબળ પંજામાં પકડાયા પછી ઘડપણમાં જરા બનતું નથી. તેને માટે કહ્યું છે કે:—

શાર્દુલવિક્રીડીત ૭૬.

यावत्स्वस्थमिदं शरीरमरुजं यावज्जरादूरगो ।
यावच्चेंद्रिय शक्तिरप्रतिहता यावत्क्षयं नायुषः ॥
आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान् ।
तं दीप्ते भुवने हि कूपखननं प्रत्युद्यमः कीदृशः॥ १७२ ॥

અર્થાત—જ્યાં સુધી આ શરીર સ્વસ્થ નિરોગી છે, વૃદ્ધાવસ્થા આવી છે, ઇંદ્રિયોની શક્તિ અપ્રતિહત–કાયમ છે હણાઇ નથી, આયુષ્ય નો ક્ષય થયો નથી; ત્યાં સુધીમાં ઉત્તમ પુરૂષોએ આત્મહિત કરવામાં સત્વર કોઇ મહાન સમર્થ ઉદ્યમ કરવો જોઇએ. કારણકે ઘરમાં આગ લાગે ત્યારે કુવો ખોદવાનો ઉદ્યમ કરવો શા કામનો ? અર્થાત કોઇ પણ કામનો નથી. જરા આવી પહોચતા પહેલાજ જાગો! અને સુકૃત કાર્ય કરવા લાગો ! વિષયવાસના ત્યાગો ! અને ખરા જીગરથી પ્રભુસ્તુતિ કરી પ્રભુપદ માગો ! તો જ આ મનુષ્યજીવનનું સાર્થક થયું સમજવું. કારણકે જરાવસ્થામાં કશી શુદ્ધિ રહેતી નથી,

બુદ્ધિ વિનાશ પામે છે. માટે અનેક દુઃખના ભંડાર રૂપ જરાવસ્થાને-ઘડપણને ધિક્કાર પડો !

કવિત.

જરા જબ દુર લગ, તબ લગ જાગ રે,
જરા જબ આય લગી, લાળ પડે મુખસે;
દંત ગયા સબ ભગ, ડગમગ પગ રે,
કહ્યું કોઈ માને નહિ, દુઃખ ધરે મનમેં;
જોબનકો દેશ જાહિ, ઉઠ ધર્મ લગ રે,
જરા આઇ ગઈ બુદ્ધિ, નહિ રેવે કચ્છુ સુદ્ધિ;
રોગ લાગે વિધ વિધ, જરા પડો ધિગ રે !
ભણે મુનિ બાળચંદ, સુન હો ભવિક વૃંદ !
"જરા જબ દુર લગ, તબ લગ જાગ રે"— ૩૬૫

પરમવૈષ્ણવ ત્યાગી વૈરાગી ભક્તરાજ નાગરશ્રેષ્ઠ કવીશ્વર શ્રી નરસિંહમહેતાએ ઘડપણ વિષે કહ્યું છે,તે કવિતા હોપ પુસ્તકમાળા–ગુજરાતી સાતમી ચોપડીમાં છપાયલી છે; તે પાઠ ૧૩૩મો ઘડપણ વિષેનો છેલ્લી સન ૧૯૧૪ ની ચોદમી આવૃત્તિના ૨૩૯ મે પાને છે.

રાગ ધોળ.—દેશી ઘોડલીનો.

ઘડપણ કેણે મોકલ્યું ? જાણ્યું જોબન રહે સૌ કાળ. ઘડપણ૦—ટેક,
ઉમર તો ડુંગર થયારે, પાદર થયાં પરદેશ;
ગોળી તો ગંગા થઇ ને, અંગે ઉજળા થયા છે કેશ. ઘડપણ૦ ૧
નહોતુ જોઈતું ને શીદ આવીયું રે ? નહોતી જોઈ વારી વાટ;
ઘરમાંથી હળવા થયા રે, એની ખૂણે ઢળાવો ત ખાટ. ઘડપણ૦ ૨
નાનપણે ભાવે લાડવા, ઘડપણે ભાવે શેવ;
રોજને રોજ જોઇએ રાબડી રે,એવી બળીરે ઘડપણની એ ટેવ. ઘડપણ૦ ૩
પ્રાતસકાળે પ્રાણ માહરારે, અન્ન વિના અકળાય;
ઘરનાં કહે મરતો નથી રે, તેને બેશી રહેવાં શું થાય ? ઘડપણ૦ ૪
દીકરા તો જૂજવા થયા રે, વહુઓ દેછે ગાળ;
દીકરીઓને જમાઈ લઈ ગયા રે, હવે ઘડપણના શારે હવાલ ? ઘડપણ૦ ૫
નવ નાડો જુજવી પડી ને, આવી પહોંચ્યો કાળ,
સૈરાં છોકરાં ફટફટ કરે રે, નાનાં બાળક દેછે ગાળ. ઘડપણ૦ ૬
અંતકાળે વળી આવીઆ રે, દીકરા પધાર્યા દ્વાર;

પાંસળીએથી વાંસળી રે, પછી છોડીને આપી બાર. ઘડપણ૦ ૭
એવું સાંભળી પ્રભુ ભજ્જો રે, સાંભળજો જગવાસ;
પરઉપકારે કીધે પામશો રે, ગુણ ગાય નરસઈયો દાસ. ઘડપણ૦ ૮

ઘરડાં માણસને ઉમરો ઓળંઘવો ડુંગરા જેવો થઇ પડે છે, ગામને પાદરે જવું તો પરદેશ જવા જેવું આકરૂં લાગે છે, અને હિંદને ગોળીમાંથી પાણી પીવું તો ગંગાએ જવા જેવું મુસ્કેલ થઇ પડે છે! આવા પ્રકારની સર્વ રીતે પરવશતા અને દુઃખદ દશા ભોગવતા ડોસાને સ્વાર્થીયાં સગાંવહાલાં અળખામણો કરી ગાંઠે ને કેડે બાંધેલું છોડી લઇ દીકરા ઘર બહાર કાઢે છે; સુખે શાન્તિથી મરવા પણ દેવા નથી.હે જગવાસી જીવો! માનવો! આ ઘડપણની વસમી વેળાની વિતકવાર્તા-આપદા સાંભળો, પ્રભુ ભજ્જો! પરોપકાર કરશો તો અન્તે સદ્‌ગતિ અને સુખ શાન્તિ પામશો.

માટે હે મુમુક્ષુ બંધુઓ! જાગો ઝટ જાગો નહિ તો વૃદ્ધાવસ્થામાં પછી કાંઇપણ બનવાનું નથી, એ અવસ્થા તો તદ્દન નકામી છે. જેમ શેલડીના સાંઠાનો પહેલો અને છેલ્લો ભાગ કાંઇ કામનો નથી, પણ વચલા ભાગની કાતરીઓ રસવાળી મીઠી હોય છે, તેમ ધર્મ કાર્ય સાધવામાં વચલી યુવાવસ્થા બળવાળી છે, તેટલી છેલ્લી વૃદ્ધાવસ્થા નથી. વળી વૃદ્ધાવસ્થામાં કેશ સઘળા સાવ ધોળા-શ્વેત થઇ જાય છે, તે મનુષ્યને ઉપદેશ આપે છે કેઃ—હે મનુષ્ય! તેં આખી જીંદગીમાં અનેક કુકર્મ કરી આ અમૂલ્ય કાયાને કાળી કરી નાંખી છે, તો હવે બકાત રહેલી ટુંકી જીંદગીમાં હૃદય ઉજળું કરી શુભ કાર્યો કર, કે જેથી આ મનુષ્યજન્મ પામવાનું સાર્થક કર્યું કહેવાય. એવો એ ઉજળા થયેલા કેશ ઉપરથી ઉપદેશ લેવાનો છે. કલપ લગાડી વાળ કાળા કરવાની ખટપટ કરનારા મૂર્ખાજ છે! વળી વૃદ્ધ મનુષ્યોને ઘણું કરી સર્વ લોકો કાકા કહીને બોલાવે છે, તેનું કારણ જાણવા માટે કવીશ્વરશ્રી દલપતરામની નીચલી કવિતા વાંચો ને હૃદયમાં કોતરી રાખો! કે કવિની કૃતિથી મતિ સુધરે, તો કંઇ લાભમાં લેખું. તો ખરૂં!

સવૈયા.

જોબનમાં જુવતિ જર કારણ,
સાંખ્યાં રચ્યા શિર સંકટ સાકા,
મોટપણે દલપત કહે,

તપખીર તણા ન તજ્યા રે તડકા;
વેશ વિશેષ મરાળ બરાબર,
કેશ થયા પરિપૂરણ પાકા,
તોય કર્યો ન પ્રપંચ નિવારણ,
કારણ તેજ કહે સહુ "કાકા" ૩૭૪

અરે ! "જીવવું થોડું અને જંજાળ ઝાઝી, રાત થોડી અને વેશ ઘણા !" માટે ટુંકા જીવનમાં ઘણાં સત્કર્મો કરવાં, અને મહાપુણ્યે મળેલી માનવદેહ નકામી હારી ન જવી. જીવ્યું ધૂળ મેળવવું તેના જેવું બીજું એકે મૂર્ખતા ભરેલું કાય નથી, જે જન આ એક ભવ હાર્યો તે અનંત જન્મ હાર્યો સમજવું. માટે આત્મહિત કરી જીવન સફળ કરવું ઘટે છે. તેને માટે કહ્યું છે. કેઃ—

શાર્દુલવિક્રીડીત છંદ.

ये जीवेषु दया लवः स्पृशति यान् स्वल्पोऽपि न श्रीमदः ॥
श्रान्ताये न परोपकार करणे हृष्यंति ये याचिताः ॥
स्वस्था सत्स्वपि योवनोदय महाव्याधि प्रकोपेष्वये ।
ते लोकोत्तर चारु चित्र चरिताः श्रेष्ठाःकति स्युर्नराः १७२

અર્થાત—જે પુરૂષો સર્વ જીવોને વિષે દયા વૃત્તિવાળા છે, જેઓને જરા પણ લક્ષ્મીનો મદ સ્પર્શ કરતો નથી,વળી જેઓ પરોપકાર કરવામાં કદી પાછા પડતા નથી, અને યાચના કરનારને હર્ષિત થઇ યથાશક્તિ દાન ઉમંગે આપે છે, વળી જેઓ જુવાનીના મદમાં છકીજઇ હણાતા નથી, પણ શાંત વૃત્તિવાળા રહે છે, એવા લોકોત્તર ઉત્તમ ને રૂડા સદ્દગુણ વાળા પુરૂષો સર્વ કરતાં શ્રેષ્ઠ છે. પણ એવા ઉત્તમ નરો જવલેજ મળી આવે છે ! મનુષ્યજન્મ સફળ કરવાના એ ઉપરોક્ત અમૂલ્ય ઉપાયો છે, તેનાથી આત્મનો ઉદ્ધાર થાય છે. આવો અમૂલ્ય અવસર પામી આત્મહિત નહિ સાધતાં જીવન વૃથા ગુમાવનારને તો પરલોકે પૂર્ણ પસ્તાવોજ થવાનો. જ્યારે મહાપાપના ઉદયથી પ્રાણી મરીને નરકગતિમાં જાય છે, ત્યારે તેને પરમાધામી પૂછે છે, કરેલાં કર્મોનો જવાબ માગે છે, વગેરે જેજે પુછે છે, તે નીચેની કવિતામાં જણાવ્યું છે.

રાગ સોરઠ.

પરલોકે જાતાં પુછશે પરમારથ શું કર્યો રે ?
તે વખતે ઉત્તર દેવાનો રસ્તો શો ઠર્યો રે ? એ રાગ.
નહિ પુછશે કેટલા ચાસ ગામો, નહિ પુછશે કેટલાં છે ધામો;
પુછશે સુકૃત કામો, જેથી રહે ઠર્યો રે.- પરલોકે૦ ૧
નહિ પુછશે તું શું શું ખાતો, નહિ પુછશે તું કેટલું કમાતો;
ધર્મ અર્થે તારૂં ધન કેટલું વર્યું રે ? પરલોકે૦ ૨
નહિ પુછશે તીજોરીમાં શું, દાગીના કેટલા પહેરે તું;
મોજમજામાં દિવસ તું કેટલા ફર્યો રે ? પરલોકે૦ ૩
નહિ પુછશે કેટલીક છે વાડી, નહિ પુછશે કેટલી છે ગાડી;
નહિ પુછશે તું લાડી કેટલીને વર્યો રે ? પરલોકે૦ ૪
પુછશે કેટલા દીનજન પાળ્યા, કેટલા દીન ભગવાનમાં ગાળ્યા;
કોનાં દુઃખડાં ટાળ્યાં તો નિશ્ચે તર્યો રે. પરલોકે૦ ૫

અહીં અમનચમન અને આનંદ કરોછો-ધર્મનો ધોકો રાખતા નથી, ધર્મધ્યાન સઘળું આળપંપાળ ને વેઠ ગણો છો, પણ જમરાજા જવાબ માગશે, ત્યારે શું ઉત્તર દેશો ? અને તે વખતે આ જીવને પસ્તાવાનો પાર રહેશે નહિ. પછી એળે ગુમાવેલા મનુષ્યજન્મ માટે તે જીવ પૂર્ણ ઝુરણા કરે છે, પણ તે વખતે પસ્તાવો કરવો શા કામનો ? છતી શક્તિએ ચેત્યો નહિ, તો રાંડયા પછીનું ડહાપણ શા કામનું ?આવ્યો અવસર ચુકે, તે પસ્તાઈ પોક મુકે ! વગર વિચાર્યા વેપારમાં ખોટ ગયા પછી રડવા એડે શો લાભ ? કણબી કારતક મહિને ડાહ્યો થાય, તેથી તો કંઈ લાભ ન થાય; તે વિષે કહ્યું છે કેઃ—

દોહરો.

જે મત પીછે ઉપજે, તે મતી આગે હોય;
કાજ ન બગડે આપણું, જગત હસે નહિ કોય. ૩૮૦

માટે જમરાજાને હાથ ગયા પછી પસ્તાવો કરવો પડે, તે કરતાં પહેલેથી ચેતવું તે વિશેષ હિતકારી છે. લોકમાં કહેવત છે કે "પાણી પહેલાં પાળ બાંધે, તે જગતમાં બળીઓ; ઘર બળે ત્યારે કુવો ખોદાવે, તે બુધ મૂરખમાં ભળીઓ." જે મનુષ્યો અવસર ઉપર ચેતતા નથી, તે એક દરિદ્રી પુરૂષની જેમ પાછળથી ઝુરણ પસ્તાય છે.

(૯૭) દુર્ભાગી દરિદ્રી બ્રાહ્મણની દુર્દશા ને કુમતિની વાત.

કોઇ નગરમાં એક દરિદ્રી પુરૂષ રહેતો હતો, તે જન્મથીજ દરિદ્રી

હતો, આ દુનિઆમાં દરિદ્રતાના જેવું એકે મહાદુઃખ નથી. બિચારો દરિદ્રી માણસ તેના દુઃખથી હમેશાં દબાયો છતો જીવતે મુવા જેવોજ પોતાને માને છે. કહ્યું છે કે सर्वशून्यंदरिद्रता ॥ અર્થાત દરિદ્રીની સર્વ દિશાઓ શૂન્ય હોય છે. ખરેખર આ અવનીમાં સર્વ સગાઈ વસુ–પૈસાનીજ છે, પાસે વસુ હોય તો સર્વ લોકો ખમાખમા કરે છે. આ જગતમાં ધન્ય છે રૂપિઆને! કે જેણે આખા વિશ્વને વશ કરી દીધું છે. વસુની વડાઇ વિષે કહ્યું છે કેઃ—

કુંડલીઓ.

રૂપિયા તુંજે બી રંગ હે, જગત ભગત વશ કીન,
સચ્ચા તુંજકુ તો કહું, જો વશ કર લે દીન;
જો વશ કર લે દીન, દામ કછુ દીન પલટાવે,
જગતમે એક અબધુત, ઝપટમે કબહુ ન આવે;
કહે છે દીન દરવેશ, દીનકુ નહિ તપૈયા,
જગત ભગત વશ કીન, રંગ હે તુજે રૂપૈયા! ૩૮૧

માટે આ દુનિયામાં રૂપિયાનેજ ધન્ય છે! જેની પાસે ધન નથી, તે સદા દુઃખીયા સમજવા. પેલો દરિદ્રી માણસ પણ એવોજ દીન દુઃખીયો હતો. બિચારો આખો દિવસ ફરે, તો પણ પેટપુરતું અનાજ પણ તેને મળતું ન હતું; તેમાં વળી ઓછામાં પુરૂં તેને સંતાન પણ ઘણાં હતાં. કહેવત છે કે “ જ્યાં દાણો હોય ત્યાં ચાવનાર ન મળે, અને ચાવનાર હોય ત્યાં દાણો ન મળે” સંસારની રચના અને ઘટનાજ વિચિત્ર છે, આવાજ હેતુથી સર્વજ્ઞ પુરૂષોએ આ સંસારને અસાર કહ્યો છે.

દોહરો.

દરિદ્રીને બહુ સંતતી, તે પણ અતિ દુઃખકાર;
સંપ હોય નહિ તેહમાં, આ સંસાર અસાર. ૩૮૨

પછી એક વાર તે ધનની યાચના કરવા માટે રાજા પાસે ગયો. રાજાની પાસે આશિર્વચનો કહ્યા, બાદ એવી તો ગરીબાઇપૂર્વક આજીજી કરી, કે તુરતજ થોડા શબ્દો સાંભળતાં તે દરિદ્રીના દેખાવ ઉપરથીજ રાજાને દયા આવી ગઈ, ને મનમાં વિચારવા લાગ્યો કે અહાહા! કર્મની ગતિ કેવી વિચિત્ર છે? અહો! કર્મને શરમ નથી. આ બિચારો દરિદ્રી ગરીબ માણસ કેવો દુઃખી છે? આગલા મહા-

પુરૂષોએ પોતાની સત્તાથી ઘણા શત્રુઓને હણી નાંખ્યા, તો દારિદ્રયને કોઇએ કેમ ન હણ્યું? તે વિષે કહ્યું છે કેઃ—

શાર્દૂલવિક્રીડીત.

दग्धं खांडवमर्जुनेन बलिना दिव्यैर्द्रुमैर्भूषितं ।
दग्धा वायुसुतेन रावण पुरी लंका पुनः स्वर्गभूः ॥
दग्धः पंचशरः पिनाकपतिना तेनाप्य युक्तं कृतं ।
द्रारिद्रं जनतापकारकमिदं केनापि दग्धं न हि ? १७४ ॥

અર્થાત—બળવાન એવા અર્જુને સુંદર વૃક્ષોથી શોભિત ખાંડવ નામનું વન બાળ્યું, હનુમાને સોનાની રાવણની લંકાપુરી બાળી, તથા શંકરે કામદેવને બાળ્યો, તે સર્વ તો ઠીક કર્યું! પણ જગતને અતિ સંતાપનાર આ દારિદ્રને કોઇએ બાળ્યું નહિ, તેનું શું કારણ હશે? તે ઘણું આશ્ચર્યકારક છે.

પછી પરોપકારી એ રાજા તેનું જન્મદારિદ્રનું દુઃખ દુર કરવા દીન બ્રાહ્મણ પ્રત્યે બોલ્યો કેઃ—હે દુઃખી મનુષ્ય! તારી આ દીન દશા જોઇ મને બહુ દયા આવે છે, માટે આજે હું તને પ્રસન્ન થઇ કહું છું કે આજ સાંજ સુધીમાં મારા ભંડારમાંથી તારાથી લેવાય તેટલું ધન સુખેથી લઇ જા. આ પ્રકારનાં વચનો સાંભળતાંજ પેલો દુઃખી બ્રાહ્મણ તો ઘણો ખુશી થઇ ગયો, અને હર્ષઘેલો બની ગયો હોય એમ રાજાને ઘણા આશિર્વાદ સંભળાવવા લાગ્યોઃ—હે દયાળુ નરદેવ! તમારૂં કોટી કોટી કલ્યાણ થજો, તમારા ઘરમાં સિંધુપુત્રી નિશ્ચળ થઇ વસજો આપનું રાજ્ય અખંડ તપજો, આજે આપની મારા ઉપર બહુ મહેરબાની થઇ તેથી મારે આનંદનો પાર રહ્યો નથી, હવે હું આ બાબત મારી સ્ત્રીને જણાવી આ આનંદ વધામણી આપી હમણાજ પાછો આવું છું. રાજેન્દ્ર! ઘણું જીવો ને સુખી રહો. ત્યારે રાજાએ કહ્યુંઃ—ભલે પધારો, જેમ તમારી ખુશી! પણ સૂર્યાસ્ત થયો, એટલે તમારે ધન લેવાનો હક નથી, એ વાત ધ્યાનમાં રાખજો. પછી બ્રાહ્મણ ઘેર ગયો, ને સ્ત્રીને વાત જણાવી ત્યારે સ્ત્રીએ કહ્યું કેઃ—જો એમ છે તો જલદી પધારો, વાટ કોની જોવી છે? જાઓ અને જેટલું લેવાય તેટલું જલ્દીથી લાવો. ત્યારે બ્રાહ્મણે કહ્યુંઃ—આજ તો આનંદનો દિવસ છે, માટે લાવ જરા જમી નિરાંતે જાઉં. પછી સ્નાન કરી શુદ્ધ થઇ

જમવા બેઠો, જમવા માટે પણ આજે સ્ત્રીએ ક્યાંઇથી સીધું માગી લાવી ચુરમેશ્વર બનાવ્યા હતા.તેથી થાળમાં મીઠા મોદક આવ્યા. આ મિષ્ટાન્ન ઘણે કાળે ભાણામાં આવેલું હોવાથી એ પેટ કરીને ખાંતે કરી ખૂબ ખાધું. ઘણું કરી બ્રાહ્મણજાતિને મોદક–લાડવા અતિ પ્રિય હોય છે. બ્રાહ્મણને વહાલા લાડવા, તે મળ્યા એટલે પરમેશ્વર મળ્યા એમ માને છે. તેમાં વળી પરઘેર જમવાનું હોય, તો પુછવાનુંજ શું ? તે વખતે અતિ અન્ન લેવાયાથી થનારી ભાવિ પીડા તે પણ ભુલી જાય છે,તથા પોતાના પ્રાણોને પણ ગણતો નથી. તેને માટે કહ્યું છે કે:—

દુહો.

કાગા વાલું કુંભજળ, ગર્દભ વાલી રાખ;
બ્રાહ્મણ વાલા લાડવા, તે બોઈ સવા લાખ. ૩૮૩

परान्नं दुर्लभं प्राप्य । मा प्राणेषु दया कुरु ॥
परान्नं दुर्लभं लोके । प्राणान् जन्मनिजन्मनि ॥ १७५ ॥

અર્થાત—કોઇ મોદકના મહાલોભી બ્રાહ્મણનું કહેવું છે કે:– આ લોકમાં પારકું અન્ન ઘણું દુર્લભ છે, માટે પરઘરનું મિષ્ટાન્ન મેળવી, પ્રાણોને વિશે પણ દયા ન કરવી, અને ખુબ ખવાય તેટલું ખાવું. કારણ કે પ્રાણો તો ભવોભવને વિશે મળશે, પણ પારકું મિષ્ટાન્ન મળવું મુસ્કેલ છે. તેમ આ જન્મદરિદ્રી બ્રાહ્મણને પણ ઘણે વખતે મિષ્ટાન્ન મળેલું હોવાથી ખુબ ખાઇ તે ઉપર પાણી પીધું. અતિ આહાર કરવાથી શરીર અતિ અકળાવા લાગ્યું. જમ્યા બાદ સ્ત્રીએ કહ્યું કે નાથ હવે જાઓ ! ત્યારે તેણે કહ્યું કે:—હે સ્ત્રી આજ તો બહુ ખવાયું છે, તેથી જરાએ ચેન પડતું નથી, માટે હાલ તો જરા વાર સુઈ લઉં; પછી જઇશ. હે સ્ત્રી ! હજી વખત ઘણો છે તેથી કાંઇ ફિકર કરવા જેવું નથી–એમ કહી સુઇ ગયો.

સુતાં વેંતજ તેને એકદમ ઘોર નિદ્રા આવી ગઇ. એમ ઘણીવાર સુધી સુઇ રહ્યો; સાંજ પડવા આવી ત્યારે તેને સ્ત્રીએ પરાણે ઉઠાડયો. ઉઠતાં વેંતજ વસ્ત્ર પહેરી બ્રાહ્મણ એકદમ દરબાર ભણી ચાલ્યો. રસ્તે જતાં એક ઠેકાણે નાટકનો ખેલ થતો હતો, બ્રાહ્મણે વિચાર્યું કે આ ખેલ પણ અદ્દ્ભુત છે, કોઇ વખત મેં જોયો નથી. જગતમાં કહેવાય છે કે:—જીવ્યા કરતાં જોયું ભલું, તો ચાલ જરા

જોતો જાઉં, થોડીવારે પાછો ફરીશ, હજી વખત ઘણો છે, મારે કાંઇ હરકત નહિ આવે, એમ ધારી નાટક જોવા ઉભો રહ્યો. જોવામાં રસ સારો આવ્યો, વખત ગયો તેની પણ ખબર ન રહી. સૂર્ય આથમી જવા આવ્યો, સંધ્યા થવા આવી, નાટક જોવાની લેહમાં રાજાનું વરદાન ભુલી ગયો ! નાટક બંધ થયું કે તુરતજ એકદમ બેબાકળો દરબાર ભણી દોડયો, પણ રાજાએ પહેરેગીરોને કહી રાખેલું હોવાથી દરબારમાં પ્રવેશ કરતાંજ સિપાઇએ અટકાવ્યો, ને કહ્યું કે ખડે રહો! કીધર જાતા હો ? રાજાકા હુકમ નહિ હૈ. બમન સૂર્યઅસ્ત પહેલા કયું નહિ આયા ? અબ પીછા ચલે જાઓ રાજાકા વરદાન સમાપ્ત હો ગયા–બખત હો ચુકા. આ શબ્દો સાંભળતાંજ બ્રાહ્મણ તો વિચારમાંજ પડી ગયો, પછી પોતાની થયેલી ગફલત માટે પુરણ પસ્તાવા લાગ્યો. અરે !આજનો દિવસ ઉત્તમ છતાં મેં મૂર્ખાએ વ્યર્થ ગુમાવ્યો, માટે ધિક્કાર છે મને ! કર્મ તો પે ડગલાં આગળનેઆગળજ થયાં કર્યું ! તે વિષે કહ્યું છે કે:—

દોહરો.

અભાગીયા તું આથડમાં, બેઠો રહે ભારમાં;
તું બેસીશ ગાડીમાં, તો હું જઇશ તારમાં. ૩૮૪

વળી મેં મહામૂર્ખે મળેલા આ અમુલ્ય અવસરને એળે ગુમાવ્યો. પછી તે પુરણ પસ્તાયો, અને અફસોસ કરતો ઘેર ગયો. ઘરમાં સ્ત્રીએ પણ તક ખોઇ ખાલી હાથે આવ્યો જાણી ખુબ ખંખેર્યો, અને આકરાં વચનો સંભળાવ્યાં. આ દષ્ટાંત શું બોધ આપે છે ? વિવેકી જનોને આમાંથી બહુ શીખવાનું મળે છે. ખરેખર જે મનુષ્યો આ નરભવ મેળવી કાંઇપણ સાર્થક કરતા નથી, અને મોજમઝામાં પડી જાય છે, તે પેલા દરિદ્રી માણસની પેઠે પરલોકમાં પુરણ પસ્તાય છે. કહ્યું છે કે:–

नृजन्मदुर्लभं प्राप्य । ये धर्मनाचरंत्यथा ॥
ते भाग्यहीनवन्मूढाः शोचंति हि भवांतिके ॥ १७६ ॥

અર્થાત—જે દુર્લભ એવો મનુષ્યજન્મ મેળવી ધર્મ આરાધતા નથી, તે પેલા ભાગ્યહીન મૂઢની પેઠે ભવને અંતે પુરણ પસ્તાય છે. એમ ધારી સદા વિવેકી જનોએ ધર્માચરણ કરવું. (૮૬–૮૭)

कृपाश्रयाणां पशुपक्षिकाणां ।
मनागसां जीवितकांक्षिकाणाम् ॥
हंति करालेन कृपाण केन ।
सहन्य ते हंत कृतान्त केन ॥ ८८ ॥

અર્થ—આ લોકમાં દયા કરવા લાયક, નિરપરાધી જીવવાની ઇચ્છાવાળાં એવાં પશુપક્ષીઓને જે નિર્દય મનુષ્યો ભયંકર એવા ખડ્ગવડે હણે છે, તે પરલોકમાં મહા કઠોર એવા પરમાધામીને હાથે હણાય છે, અને ત્યાં અત્યંત દુઃખી થાય છે. (૮૮)

ભાવાર્થ—આ દુનિયામાં અનેક જાતિના ભિન્ન ભિન્ન ધર્મો રહેલા છે, તે સર્વનું કેન્દ્રસ્થાન મોક્ષપદ પ્રાપ્તિ ભણી છે.

" निव्वाण शेठाजहसव्व धम्म ॥ "

અર્થાત—સર્વ ધર્મો નિર્વાણપદ-મોક્ષની અપેક્ષાવાળા છે. એ પદ પ્રાપ્ત કરવાને સર્વ કોઇ લાલસા રાખી રહેલ છે ખરા, પણ તે પ્રાપ્ત કરવામાં મુખ્ય આધાર અહિંસા છે. શ્રી દશવૈકાલીકસૂત્રના પહેલા અધ્યયનની પહેલી ગાથામાં કહ્યું છે કેઃ—

धम्मो मंगल मुकिठं । अहिंसा संजमो तवो ।
देवावितं नमंसंति । जस्स धम्मेसयामणो ॥ १७७ ॥

અર્થાત—અહિંસા જેમાં હોય તે પરમપવિત્ર ધર્મ જાણવો, તેજ ધર્મ અક્ષયપદ પ્રાપ્ત કરવામાં ખરો સહાયકારક છે. આ દુનિયામાં એટલું તો અવશ્ય છે કે સમસ્ત પ્રાણીઓને જેટલું પોતાનું જીવન વહાલું છે, તેટલું મરણ વહાલું નથી. પણ મરવું અત્યંત અળખામણુંજ છે. ઝીણા કુંથવાથી તે દીર્ઘકાય હાથી સુધીના સર્વ જીવો તથા રાજાથી રંક સુધીના સમસ્ત મનુષ્યો જીવિતવ્યરૂપ મહાસુખને ઇચ્છે છે. પછી ભલેને કોઈ પ્રાણી આધિ, વ્યાધિ અને ઉપાધિથી અત્યંત ઘેરાએલો હોય, અસહ્ય દુઃખથી દબાયલો હોય, દેવામાં ડુબી ગયો હોય, ચોતરફથી અપાર પીડા પામતો હોય, તો પણ તે જીવ

મનથી એમ ન ઇચ્છે કે હું મરી જાઉં. કદાચ કોઇ અસહ્ય પીડાના આવેશથી ક્રોધપુર્વક બોલતો હોય કે:—" આના કરતાં તો મરવુંજ ભલું, મોત આવી હવે મને લઇ જાય તો આ દુ:ખમાંથી ઝટ છુટું." એમ બોલે છે ખરો! પણ તે સર્વ વચનમાંજ છે, હૃદયમાં કાંઇ નથી. મરણ પ્રસંગ આવે ત્યારે તો કોઈ જુદોજ પ્રકાર જણાઇ આવે છે. કદાચ કોઇ દુ:ખી મનુષ્ય ક્રોધાવેશથી મરવા માટે કુવામાં પડે છે, કોઈ હળાહળ ઝેર ખાય છે, કોઈ પેટમાં ખંજર ભોકે છે, કોઇ ગળે ફાંસો ખાય છે, પણ તે મનુષ્યને મૃત્યુ પ્રાપ્ત કરવાના ક્રૂર કાર્યોમાં પ્રવેશ કર્યા પછી ઘણોજ પસ્તાવો થાય છે, અને પુનર્જીવનને માટે અનેક ફાંફાં મારે છે. પણ હવે શો ઉપાય? તેના ભાગ્યોદયે કોઇ તરફથી તાત્કાલીક ઉપાયો લેવામાં આવે છે, તો તેમાંથી વખતે બચવા પણ પામે છે. મતલબ કે એવા પ્રાણીઓ મહાદુ:ખી દશામાં આવી પડયા છતાં પણ જીવવાને-જીવનસુખને તો ઇચ્છે છે. જીવનની આશા સર્વને વહાલી છે. તે વિષે કહ્યું છે કે:—

મનહર છંદ.

કરોડોના કરજના શિરપર ડંકા વાગે,
રોગથી રૂંધાઈ ગયું, શરીર સુકાઇને;
પુરપતિ પણ માથે, પિડવાને તાકી રહ્યો,
પેટ તણી વેઠ પણ, શકે ન પુરાઇને;
પુત્ર એક પરણી તે, મચાવે અનેક ધંધ,
પુત્રપુત્રી ભાંખે ખાઉં, ખાઉં દુ:ખદાઇને;
અહો રાયચંદ તોય, જીવ જાવા દાવા કરે,
વધે તૃષ્ણાય પણ, જાય ન મરાઈને. ૩૮૫

અર્થાત્--સર્વને જીવન વહાલું છે. જીવનને માટે અનેક પ્રયાસો કરે છે, મહાપાપના સંચયો પણ તેનેજ માટે કરે છે. તો એવા પ્રાણીઓને જે ક્રૂર ઘાતકીપણાથી મારે છે, ને મહાનિર્દય પરિણામી દુર્ગતિમાં પડી મહાદુ:ખી થાય છે, શ્રીવીરપ્રભુ પણ કહે છે કે:—

ગાથા.

सव्वेजीवा वि इच्छंति । जीविओ न मरीजीओ ।
त म्हा पाण वहं घोरं । निगंथा वजयंतिणम् ॥ १७८ ॥

અર્થાત્—સર્વે જીવો ઇચ્છે છે કે હું જીવું, પણ મરી ન જાઉં.

આ પ્રકારના જીવવાની ઇચ્છાવાળાં પ્રાણીઓને જે મારે છે-તેનો પ્રાણ વિનાશ કરે છે, તે મહાઘોર કર્મ બાંધે છે, નિગ્રંથ સાધુ મહાત્માઓ તેવા ઘોર કર્મથી પાછા હઠે છે, વેદાંતમાં પણ કહ્યું છે કેઃ—

" अहिंसा परमोधर्मः । अधर्मः प्राणिनां वधः ॥ "

અર્થાત—અહિંસા એ ઉત્તમ-પરમ ધર્મ છે. અને પ્રાણીઓનો વધ તે મહા અધર્મ છે. વિવેકી બંધુઓ ! એટલું તો અવશ્ય યાદ રાખજો, કે આપણને કાંટો કે કોઇ છરી પ્રમુખ શસ્ત્ર વાગી જાય છે, તો કેવી અસહ્ય વ્યથા-પીડા-વેદના થાય છે. તો એ બિચારાં ગરીબ પ્રાણીઓને હણવાથી શું પીડા નહિ થતી હોય ? દલપતરામ કવિએ પણ કહ્યું છે કેઃ—

નારાચ છંદ.

જુઓ પીડાથી જેમ આ પીડાય પીંડ આપડો,
પીડા કર્યાથી તેમ તે પીડાય પ્રાણી બાપડો;
મદાંધ થઈ ન મારશો જરૂર જીવ જાણીને,
અરે દીલે દયા ધરો ! પીડા કરો ન પ્રાણીને. ૩૮૬

કેટલાએક નિર્દય મનુષ્યો મદાંધ થઈ નિરપરાધી પશુપક્ષીઓનો વધ કરે છે. પારધી લોકો હરણ રોઝ વગેરે તૃણભક્ષી નિર્દોષ પ્રાણીઓને પાસલામાં પકડી મારી નાંખે છે, એવા પ્રાણીઓના તે સહજ વેરી છે. અપરાધ વિના પણ તેઓ ઉપર જુલમ ગુજારે છે. કહ્યું છે કેઃ-

मृगमीनसज्जनानां । तृण जल संतोष जीवितवृत्तिनाम् ॥
लुब्धक धीवर पिशूनां । निष्कारण वैरिणो जगति ॥१७९॥

અર્થાત—હરણ, મત્સ્ય અને સજ્જન પુરૂષ એ ત્રણે અનુક્રમે ઘાસથી જળથી અને સંતોષથી જીવન ગાળનાર છે. તો પણ તેમને દુષ્ટ લોકો જેવાકે પારધી મચ્છીમાર અને દુર્જન લોકો સ્વાભાવિક રીતે જાણે વેરી હોય નહિ ! એમ તેમના ઉપર દુઃખ દેવા તલ્પી રહ્યા છે. પણ તેનો બદલો અવશ્ય પરલોકમાં તેમને ભોગવવો પડશે, કારણકે હર્ષ કે ખેદથી કરેલાં કર્મોનો બદલો પ્રાણીઓને ભોગવ્યા વિના છુટકો નથી. શ્રી ઠાણાયંગ સુત્રમાં તે કર્મની ત્રીભંગી કહેલી છે કેઃ—મનથી બાંધેલું કર્મ મન વચન અને કાયાથી ભોગવે છે, વચનથી બાંધેલુ કર્મ પણ મન વચન અને કાયાથી ભોગવે છે, તથા કાયાથી બાંધેલું કર્મ

પણ મન વચન અને કાયાથી ભોગવે છે. એમ કર્મની ભંગજાળ વિચિત્ર પ્રકારની રચી ગએલી છે, જ્યારે કર્મ ઉદય આવે છે, ત્યારે આંખમાંથી બોરબોર જેવડાં આંસુ પાડવાનો વખત આવે છે, તો પણ કેટલાએક મનુષ્યોને તે બાબતનો જરાપણ ડર હોતો નથી. તેઓ તો નીડરવાથી અજ્ઞાનમાં અંધ બની એમજ માને છે કેઃ—"આ ભવ તો છે મીઠો પરભવ કોણે દીઠો ?" દુનિયાની સર્વ વસ્તુઓ આપણા ઉપભોગને માટે બનેલી છે, માટે ઇચ્છા મુજબ ખાવુંપીવું, હરવુંફરવું અને મોહમઝા માણવી એજ સાર વાત છે. આવા અજ્ઞ મનુષ્યોને ડર કયાંથી હોય ? તે બિચારાઓનું પરભવમાં શું થશે ? તેનું પણ તેમને ભાન હોતું નથી.

શિખરિણી છંદ.

દયાહિણા દુષ્ટો, કતલ તલવારે વળી કરે,
પછી પાપી પુરા ઉદર નિજનાં એ થકી ભરે;
ન જાણે તે જાતે, ભવજલધી આ કેમ તરવો !
નથી એવો મારે, હે પ્રભુ હવે દેહ ધરવો. ૩૭૮
સુખે પુરૂં ખાવા ખડ કડબ કે ખાણ ન મળે,
સદા ભુખ્યાતરસ્યા, પરઘર વિષે રોજ રખડે;
પડે પીઠે પાછો ગરજુ નરનો માર ગરવો,
નથી એવો મારે હે પ્રભુ હવે દેહ ધરવો. ૩૮૮

મતલબકે દયાહીન ક્રૂર મનુષ્યો બિચારાં નિરપરાધી પ્રાણીઓને હણે છે, અને તેનાથી પોતાની ઉદર પુરતી કરે છે. તે જરૂર નરકગતિમાં મહાક્રૂર એવા પરમાધામીદેવથી હણાય છે. વળી કેટલાએક લોકો તો બિચારા ઉંટ,ઘોડા,બળદ વગેરે પ્રાણીઓને સખત માર મારે છે. હદ ઉપરાંત ઘણો ભાર ભરી બળાત્કારે તેની પાસે વહન કરાવી પીડા ઉપજાવે છે, તેનાં કર્ણનાસિકા વગેરે મર્મ સ્થાનો વાળાં અવયવો છેદી મહાદુઃખી કરે છે. લોકો પોતાના સ્વાર્થને માટે તેઓના દુઃખ સામું જરાએ જોતા નથી ! પણ એટલું તો અવશ્ય યાદ રાખવું, કે પર પ્રાણીઓને પીડા ઉપજાવવા સમાન કોઈ મહાપાપ નથી, અને પરોપકાર કરવો, તેઓની દયા લાવી તેમનું રક્ષણ કરવું, તે સમાન કોઈ મહા પુણ્ય નથી. તેને માટે શ્રી વેદવ્યાસે તો સ્પષ્ટ કહ્યું છે કેઃ—

श्लोकार्धेन प्रवक्ष्यामि । यदुक्तं ग्रंथ कोटिभिः ॥
"परोपकारः पुण्याय । पापाय परपीडनम् " ॥ १८० ॥

અર્થાત્—ક્રોડો શાસ્ત્રોમાં કહેલાં વચનોમાંથી તત્વરૂપે અર્ધ શ્લોક વડે કરીને હું સર્વનો સાર કહી દઉં છું કેઃ—**"પરોપકાર સમાન એકે પુણ્ય નથી, અને પરપીડન સમાન એકે પાપ નથી"** એ મહાવાક્ય હંમેશાં હૃદયપટ ઉપર સુવર્ણાક્ષરોથી કોતરી રાખવાં ઘટે છે. આપણા પરમપવિત્ર ચરમજીનેંદ્ર શ્રીવીરપ્રભુએ શ્રાવકધર્મને અખંડ જાળવવા માટે બાર વ્રતો તથા સાધુધર્મના ઉદ્ધાર માટે પાંચ મહાવ્રતો પ્રરૂપેલાં છે, તે બન્નેમાં પહેલું પ્રાણાતિપાત વ્રત કહેલું છે, એટલે દયા એ મુખ્યધર્મ વર્ણવેલો છે. માટે દયા એજ મુખ્ય ધર્મ છે **"नास्ति दया परो धर्म ।"** એટલે જે ધર્મમાં દયા ન હોય, તે ધર્મ ઉત્તમ સમજવો નહિ. વેદાંતમાં પણ મનુષ્યજીવનોદ્ધાર માટે પાંચ મહાવાક્ય કહેલાં છે.

अहिंसा सत्यमस्तेयं । त्यागो मैथुनवंजनम् ॥
ए तेषु पंच वाक्येषु । सर्व धर्म प्रतिष्ठिताः ॥ १८१ ॥

અર્થાત્—કોઇ પણ પ્રાણીની હિંસા કરવી નહિ, સત્ય વચન બોલવું અને સત્ય વર્તવું, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય વ્રત પાળવું અને સુવર્ણ રૂપું વગેરે પરિગ્રહનો પરિહાર કરવો. આ પાંચ મહાવાક્ય સર્વ ધર્મમાં રહેલા છે. આમાં પણ પહેલું વાક્ય અહિંસા છે, કોઇપણ જીવને હણવો નહિ એમ તેઓ વદે છે ખરા, છતાં પણ યજ્ઞયાગાદિકમાં પશુઓનો હોમ કરે છે, તેઓના બળાત્કારે પ્રાણ લેતાં જરા પણ અચકાતા નથી. ધર્મને નામે થતી હિંસા પાપકારક નથી, પણ પુણ્યફળદાયક છે એમ તેઓ બોલે છે. એમ કહી અશ્વમેધ, અજામેધ વગેરે યજ્ઞો કરી, હજારો નિરપરાધી પશુઓના પ્રાણ લે છે, તેઓને મરવું શું વહાલું હશે ? અથવા પશુઓને મારીને હોમવાથી શું સ્વર્ગસુખ મળી જતું હશે ? ના,ના, એમ સ્વપ્નામાંએ પણ સમજવું નહિ. જો હિંસાથી સ્વર્ગ સુખ મળતું હોય તો પછી નર્ક શેનાથી મળે તે કહો ? તેને માટે કહ્યું છે કેઃ—

वृक्षान् छित्वापशून् हत्वा । कृत्वारुधिरकर्दमम् ॥
यद्येवं गम्यते स्वर्गं । नरकं केन गम्य ते ? ॥ १८२ ॥

અર્થાત્—વૃક્ષોને, કાપીને પશુઓને હણીને લોહીના કાદવ કરીને પણ જો સ્વર્ગે જવાતું હોય, તો પછી નરકે શાથી જવાય છે ? તે જાણવું જોઇએ, પણ ખરૂં જોતાં યજ્ઞ એવો કરવો કહ્યો નથી, યજ્ઞ

કરવાથી તો ઉલટું પ્રાણીવધને લીધે અધોગતિમાં ઉતરાય છે, માટે યજ્ઞ કરવો તો દયા રૂપી કહ્યો છે.

तस्मात्स्व विषये रक्षा । कर्तव्या भूतिमिच्छता ॥
यज्ञैर्न प्राप्यते स्वर्गो । रक्षणात् प्राप्यते यथा ॥१८३॥

અર્થાત—અભ્યુદયના અભિલાષી ઉત્તમ પુરૂષોએ દરેક જીવોની રક્ષા કરવી જોઇએ, કારણકે સ્વર્ગ યજ્ઞ ક્રિયાથી નથી મળતો, તેટલો જીવોનું રક્ષણ કરવાથી મળી શકે છે. વળી યજ્ઞમાં જ્યારે પશુઓને હોમે છે, ત્યારે તેઓ દયામણે ચહેરે પોકાર કરે છે કેઃ—અમને હણવાથી તમને શું લાભ થવાનો હતો ? આ પ્રકારની દયાળુ વાણીરૂપે બરાડા મારી પોકાર કરે છે, ચક્ષુમાંથી ચોધારાં આંસુ ઝરે છે, પણ તે વખતે તે બિચારાં અનાથ પ્રાણીઓનો બેલી કોણ હોય ? કે તેઓના બચાવ માટે વકીલાત કરે ? દૃષ્ટાંત તરીકે ભોજરાજાએ જ્યારે યજ્ઞ માંડ્યો અને હજારો પશુઓને હોમવા માટે યજ્ઞવેદી પાસે બાંધી આણ્યાં, અને આહુતી આપવા લાગ્યા તે વખતે તે જાનવરોના દયાજનક પોકાર થતા હતા. આ પોકારથી આશ્ચર્ય પામેલા ભોજરાજાએ પાસે ઉભેલા દયાધર્મી શ્રી ધનપાળ પંડિતને કુતૂહળથી પુછ્યું હતું કેઃ—પંડિતરાજ ! આ પશુઓ શા માટે પોકાર કરે છે ? ત્યારે દયાધર્મી ધનપાળ પંડિતે તેઓની વકીલાત કરતાં કહ્યુંઃ—મહારાજ ! તેઓ આપની પાસે એક અરજ ગુજારે છે કેઃ—

શાર્દુલવિક્રીડીતછંદ.

नाहं स्वर्गफल प्रभोग तृषितो नाभ्यर्थितस्त्वं मया ॥
संतुष्टास्तृणभक्षणे न सततं साद्दा न युक्ता तव ॥
स्वर्गे यांति यदि त्वया विनिहता यज्ञः ध्रुवं प्राणिनो ।
यज्ञं किं न करोषि मातृपितृ भि पुत्रैस्तथाबांधवैः॥१८४॥

અર્થાત—હે મહારાજ ! એ બોકડો એમ કહે છે કેઃ—હે રાજા ! સ્વર્ગફળના ઉત્તમ ભોગની મને તૃષ્ણા નથી, તથા તેવા સ્વર્ગફળનો ભોગ અપાવવાને મેં તારી પ્રાર્થના પણ કરી નથી, હું તો નિરંતર ઘાસતરણાં ખાઇને સંતુષ્ટ રહું છું. માટે યજ્ઞમાં હોમવાને અમને પકડી લાવ્યા છે તે યોગ્ય નથી. જો યજ્ઞમાં તારાં મારેલાં પ્રાણીઓ નિશ્ચે

સ્વર્ગમાં જવાં હોય, તો તારાં મા, બાપ, દીકરા અને ભાઈભાંડુને મારીને યજ્ઞમાં હોમીને તું તેમને સ્વર્ગે શા માટે નથી મોકલતો ? પછી પંડિતે આ કહેલું કાવ્ય સાંભળીને તો ભોજરાજાને જ્ઞાન આવ્યું, અને તેણે તત્કાળ સઘળાં પશુઓને છોડી મુકીને તે દિવસથી વ્રત ધારણ કર્યું કે, ધર્મમાં પ્રીતિ રાખીને હવેથી યજ્ઞને વિષે પશુ આદિક જીવને હોમવા નહિ. આ પ્રમાણે તે યજ્ઞમાં ધનપાળ પંડિતે બિચારાં નિરપરાધી પશુઓને વકીલાત કરી છોડાવ્યાં હતાં. એમ સર્વ સ્થળે તેઓની દયા લાવી બાપડાંને કોણ બચાવે ?

(૯૮) અકબર બાદશાહને ગાયમાતાની ફરિયાદ !

વળી અકબરબાદશાહના વખતમાં પણ ચતુરચુડામણિ બીરબલ પંડિતે બાદશાહ સમક્ષ ગાયની વકીલાત કરી દયાનું સર્વોત્તમ કાર્ય કરી બતાવ્યું છે. તે એવી રીતે કે—આ હિંદુસ્થાનમાં ઘણા બાદશાહો રાજ્ય કરી ગયા છે, તેમાં તેઓએ પ્રાયે કરી એકજ ચક્ષુ ખુલ્લી રાખી હતી, ફક્ત મુસલમાન કોમનેજ તેઓ પ્રેમની લાગણીથી જોતા હતા, અને હિંદુઓને તો તેઓ કાફરનીજ ઉપમા આપતા હતા. હિંદુપર ત્રાસ વર્તાવતા હતા, મહા ભારે જુલમ ગુજારતા હતા, હિંદુઓને મારવામાં એક જાતનું મહાપુણ્ય માનતા હતા, તે વખતે હિન્દુઓની કેવી વિષમ સ્થિતિ હતી, તેનું વર્ણન તે સમયના બાદશાહી ઇતિહાસોપરથી સાફ જણાઇ આવે છે. ફક્ત અકબરેજ હિંદુમુસલમાન ઉપર સમદૃષ્ટિ રાખી હતી, બન્નેને સરખી દૃષ્ટીથી તે જોતો હતો, બન્નેને સરખા હકો આપતો હતો, તેના મહારાજ્યમાં બિરબલ નામનો એક મહાચતુર વિદ્વાન બ્રાહ્મણ દિવાન રહેતો હતો, તે મહા વિચક્ષણ હાજરજવાબી અને શીઘ્રકવિ હતો. બાદશાહને રંજન કરવામાં તે અગ્રણી ગણાતો હતો, બાદશાહની તેના પ્રત્યે પૂર્ણ પ્રીતિ હતી, અને તેથી તેને બાદશાહ હમેશાં પોતાની પાસેનોપાસેજ રાખતા હતા.

તે બન્નેની ગોષ્ઠીમાં અનેક વિનોદી બનાવો ને દૃષ્ટાંતો ઉભાં થયેલાં છે, વિચક્ષણ થવાની અભિલાષા કરનારે તો ને સર્વ દૃષ્ટાન્તો ખાસ કરી વાંચવાની જરૂર છે. એ બાદશાહ—બિરબલનો વિનોદ ચમત્કારીક ચિત્તાકર્ષક ને બુદ્ધિવર્ધક હોવાથીજ સમન્વય છે, કે બિરબલ બુદ્ધિનિધાન ચતુરચુડામણિ હતો. તેના સહવાસથી બાદશાહ ઘણો હિંદુધર્મપ્રિય બન્યો

હતો, રાજ્યમાં વાઘ બકરીને અને ગાયને સરખો ન્યાય મળતો હતો, રંકને અને રાયને સરખો ઈન્સાફ અપાતો હતો. તે હિંદુ અને મુસલમાનને સમાન લેખતો હતો. વળી બાર દઇને ખરૂં કહીએ તો અન્યાયી અને જુલમી મુસલમાનો કરતાં હિંદુઓ પ્રત્યે તેને વિશેષ પ્રેમ હતો. કોઇ માણસને કાંઈ ફરિયાદ કરવી હોય તો તે માટે અકબરે પોતાના મહેલ પાસે એક ઘંટ ટંગાવેલો હતો, તે ઘંટ પાસે આવીને તે માણસ ઘંટ વગાડે કે તુરતજ બાદશાહ હજારો કામ પડતાં મુકીને બારીએ આવી ફરિયાદ સાંભળતા હતા અને બનતી કોશિષે તેને અદલ ન્યાય આપતા હતા. કોઇ ગુંચવાડા ભરેલી બિના કે ફરીયાદ આવે, તો તે કામ પાસે બેઠેલા બિરબલને સોંપતા હતા. બિરબલ તત્કાળ તેના શિઘ્રબુદ્ધિથી ચમત્કારી ખુલાસા આપી બાદશાહને અને ફરિયાદીને રાજી કરતો હતો. આવી રીતે અદલ ન્યાય આપવા માટે તે ઘંટ રાખેલો હતો; છતાં પણ જો વિનાકારણે કોઈ પ્રાણી તે ઘંટ વગાડે તો તેને અતિ નિર્દયભાવે દેહાંત દંડની શિક્ષા પણ કરતો હતો.

હવે એકદા એવું બન્યું કે, બાદશાહ અને બિરબલ બન્ને જણા મહેલની અંદર બેસી કાંઇ ગમ્મતની વાતો કરી રહેલા છે, તેવામાં ફરતીફરતી એક ગાય નીચે આવી, રસ્તામાં ઘાસ પડેલું હતું, તે તેણે મોઢામાં લીધું. અને ખાવા લાગી. ગાયને માથામાં કાંઇ ચળ(ખણુજ) આવવાથી પેલો ઘંટ લટકતો હતો, તેની સાથે માથુ અડાડી ઘસવા લાગી, એટલે પેલો ઘંટ હાલ્યો, અને તુરત ટણણણ શબ્દ થવા લાગ્યો. અંદર બેઠેલા બાદશાહે તે ઘંટ સાંભળ્યો, અને પાસે બેઠેલા બિરબલને હુકમ કર્યો કેઃ—દેખો બિરબલ! કોન આયા હૈ, બહોત ઘંટ બજાતા હૈ, ઇસકા કયા કારણ હૈ?

તે બાદશાહે બીજો એવો પણ ઠરાવ કર્યો હતો, કે જેને સામાન્ય ફરિયાદ કરવી હોય, તેણે એકવારજ ઘંટ વગાડવો, વધારે દુઃખ હોય તેણે બે ચાર, અને અત્યંત બહુજ દુઃખ હોય, તોજ ત્રણ વાર ઘંટ વગાડી શકે, અને તેથી વધુ વાર વગાડશે તો તે મોટો ગુનેગાર ગણાશે. બાદશાહનો હુકમ થતાંજ બીરબલ બારીએ આવ્યો, જોયું તો ત્યાં ગાયને દીઠી. તેથી બીરબલને ફાળ પડી, કે હમણાં જરૂર બાદશાહ આ ગાયને મારી નાંખશે. ત્યાં તો નીચેથી એક સિપાઇનો અવાજ સંભળાયોઃ—મારો એ સાલી ગૈવાંકું! બાદશાહકા હુકમકા અનાદર કીયા. ત્યાં બાદશાહે કહ્યુંઃ—કયોં બિરબલ કૌન ફરિયાદી હૈ? ઘંટાપર ઘંટા

ક્યોં લગાતે હૈ ? પછી બીરબલે ગાયના બચાવ માટે તત્કાળ બુદ્ધિ ઉપજ્યાથી ગાયને ડચકારો કરી ઉંચું જોવરાવ્યું. જેના મોઢામાં તૃણ (તરણાં) રહેલાં છે, એવી ગાયે ઊંચું જોયું, એટલે બિરબલે બાદશાહને નમ્રવાણીથી વિનવતાં કહ્યું:-નેકનામદાર ખુદાવિંદ પરવરદિગાર! એક અરજદાર અર્જ કરનેકે બાસ્તે મુખમે તરણાં લેકર ખડી હુઇ હે. ઉનકી ફરિયાદ બોત જબર હે, ઉનકે બાસ્તે વો ઘંટાપર ઘંટા લગાતી રહી હે. બાદશાહે બારીએ આવી જોઇ કહ્યું કે:—ઓ તો ગૌવાં હે ! બિરબલ બોલ્યો:-હા સાહેબ એ ગૌવાં હે, આપકી હજુરમે મુખમેં તૃણ-લેકર અર્જ કરનેકું ખડી હે. બાદશાહે કહ્યું:-ક્યા ઇસકી અર્જ હે ? પછી બીરબલે બાદશાહને ગાયના બચાવ માટે એક છટાદાર કવિત તત્કાળ કહી સંભળાવ્યું:—

કવિત.

તરનચરન બન જાઉં, નીર સરીતાકો પીઉં,
મહાધામ ધનગ્રાસ, બીના વસ્ત્ર મે જીવું;
વત્સ હમારા હોય, બોજ ધરનીકા ઉઠાવે,
હયગય બેઠે ઠામ, નીત્ય નિત્ય ભોજન પાવે;
જીવતાં નિત્ય હું સુખ કરૂં, મુવે ચામ ચરને ધરૂં;
ક્યા ગુના બાદશાહ મે કીયા, વિના વાંક રેરે મરૂં ? ૩૮૯

અર્થાત—હે ખુદાવિંદ! એ ગૌવાં અર્જ ગુજારતી હે, કી જ્યૌ કોઇ ગુન્હેગાર મુખમેં તૃણ લેત હે, ઉનકું જીવીત મીલતા હે, તો મે જીંદગીભર તૃણ ખાતે હે, નમ્ર ફીરતે હે, હમારા બચ્ચા (બળદો) ધરણીકો બોજ ઉઠાતે હે, ધરતી ખેડકે અનાજ પકાતે હે, ઓર હમ સબકુ દુધદધી મલાઇ દેતે હે. જીવતાં સદા સુખ દેતે હે, ફીર મુવા પીછે મેરા ચર્મસે પાંઉમે જુતીયા-પનીયાં બનાકર પહેરાતે હૈ. તો હે દયાળુ ખુદાવિંદ અકબરપાદશાહ ! મેને ક્યા ગુન્હા કીયા હૈ, કે હમકુ લોક બિના કારણ મારતે હૈ ? આપકી પાસ યહી અર્જ ગુજારતી હું. આ સમયોચિત કથન બાદશાહને બરાબર રૂચી ગયું; અને તેજ વખતે ગાયને નહિ મારવાનો બાદશાહી હુકમ કાઢયો. વાહ બિરબલ વાહ ! ધન્ય છે તારી આ તરત બુદ્ધિ અને વકીલાતને ! આ અવની ઉપર અનાથ પશુઓનો બચાવ કરવા માટે આવી વકીલાત કરનારા અનેક વકીલો પાકો ! જાગો ! ! !

મતલબ કે યજ્ઞને નામે અનેક પ્રકારની હિંસાઓ પ્રવૃત્ત થઇ. મુખેથી દયા દયા એમ પોકારે છે, પણ કેટલાંએક ધર્મને બાને થતાં કાર્યોમાં દયાનો તો દાટ વાળી દે છે, દયાનું જડામૂળજ કાઢી નાંખે છે! જૈનધર્મમાં પણ એવો અનર્થ થતો જોવામાં આવે છે, કે દેરાવાસી બંધુઓ દેરાની અંદર પ્રભુજીની આંગી રચે છે, તેમાં રાત્રીના વખતમાં બિચારા નિરપરાધી અસંખ્ય જીવો વિનાકારણે માર્યા જાય છે. વળી પ્રભુજીની પ્રતિમાને કાચા પાણીથી હમેશાં સ્નાન કરાવે છે, તેને પુષ્પો ચડાવે છે, ફળફુલ વગેરે નૈવેદ્ય ધરે છે, જે પ્રભુ પંચમહાવ્રતોના પાળનારા, લોકના સમસ્ત જીવોનું રક્ષણ કરનારા, સર્વે સચેત વસ્તુના ત્યાગી હતા. તેવા પ્રભુ શું પોતાને નામે થતી હિંસામાં ખુશી હોય? રાજીપો જણાવતા હશે? શું પોતાની ભક્તિ માટે હિંસા કરવામાં પાપ નથી પણ મહા પુણ્યજ છે—એમ તેઓશ્રીએ પોતાના આશ્રીતોને બોધેલું હશે? ના, ના, બંધુઓ! એમ સ્વપ્ને પણ સમજતા નહિ. એ મહાવીરપ્રભુ તો બહુ દયાળુ હતા, સમસ્ત જીવોનું હિત ઇચ્છનારા હતા, તેઓશ્રી ઉપદેશની શરૂઆતમાંજ " **माहणो माहणो माहणो** " એમ અહર્નિશ બોધધ્વની ઉચ્ચારતા હતા. અરે! ઉચ્ચારતા હતાજ એમ નહિ, પણ પોતે તે પ્રમાણે વર્ત્તતા પણ હતા.

દાખલા તરીકે એક વખત મહાવીરપ્રભુએ પોતાના રોગની ઉપશાંતિ માટે રેવતી નામની બાઇએ પોતાને માટે કરેલો કોળાપાક લેવાની પોતાના સિંહા નામના શિષ્યને ના કહી હતી; એજ તેનો પ્રત્યક્ષ પુરાવો છે. જે મહાપુરૂષોનાં જીવનચરિત્રો વિચાર વાણી અને વર્ત્તનમાં સરખાં હોય છે, વળી જેનાં જીવનચરિત્રો નિષ્પાપી અને નિષ્કલંકી હોય છે, તે મહાપુરૂષોનાંજ પવિત્ર હિતબોધનાં વચનામૃતો શ્રોતાઓને સચોટ અસર કરનારાં નીવડે છે. તો એવા દયાળુ મહાવીર પ્રભુ કદાપી હિંસાનો બોધ જેવો કે " ધર્મને નામે થતી હિંસા લાભકારી છે " એમ બતાવેજ કેમ? એક બે પૈસાની પુષ્પમાળા પ્રભુજીને ચડાવવાથી અગર પાંચ પચીસ દીવાઓની આંગી રચી પૂજા કરવાથી, જો સ્વર્ગસુખ કે મોક્ષસુખ મળી જતું હોય, તો બત્રીશ હજાર દેશના અધિપતિ તથા છ ખંડના છત્રપતિ ચક્રવર્તિ મહારાજા શ્રી ઋષભદેવના પુત્ર ભરત વગેરે દશ ચક્રવર્ત્તીઓ પોતાનું રાજપાટ

તથા સર્વ સુખ સાહ્યબી છોડી સંજમ શા માટે ગ્રહણ કરે ? એમ પૂજા કરતાં કે આંગી રચતાં શું તેમને આવડતું નહોતું ? તેમને ઘેર કાંઈ લક્ષ્મીની કમીના નહોતી, ઘેર બેઠાંજ તેઓ ધારત તો મોક્ષ મેળવી લેત, પણ નાના પ્રકારની તપશ્ચર્યાઓ કરી વિકટ સંકટ વેઠત નહિ; કારણ કે સંજમ પાળવામાં કંઇ કષ્ટ ઓછું હોતું નથી. બાવીસ પરિષહો ખમવા, મસ્તકનો લોચ કરવો, ભિક્ષા માગવી, પ્રદેશમાં ફરવું વગેરે ઘણાં કષ્ટો છે. પણ તે સર્વનો સ્વીકાર કરે છે, અને સંજમ માર્ગ ગ્રહણ કરે છે. ભગવાને કહ્યું છે કેઃ—**देहदुःखं महाफलम ॥**

અર્થાત—જ્ઞાનપૂર્વક દેહને કષ્ટ દેવાથી મહાફળ મળે છે. તો હિંસા કરવાથી મોક્ષની પ્રાપ્તિ શી રીતે હોય ? શ્રીતુલસીદાસે કહ્યું છે કેઃ—

“ સત્ય વચન અરૂ દીનતા, પરસ્રી માત સમાન;
ઉનકું ન મીલે ભગવાન, તો તુલસીદાસ જમાન. ” ૩૯૦

મતલબ કે મોક્ષપ્રાપ્તિને માટે ઉપર કહ્યા પ્રમાણે વર્તનારને ભગવાન ન મળે, તો તુલસીદાસજી જામીન પણ થયા; પણ ધર્મને નામે હિંસાકારક કોઇ પ્રકાર કહ્યો નહિ, તેમ મૂર્તિને પુજવાથીજ મોક્ષગતિ મળે છે, તેવી જામીનગીરી પણ લીધી નહિ. સનાતનધર્મ સમજાવતાં કોઇ વિદ્વાન કવિએ યથાર્થ કહ્યું છે કેઃ—

अद्रोह सर्वभूतानां । कर्मणामनसागिरा ॥
अनुग्रहं च दानं च । सतां धर्मः सनातनः ॥१८५॥

અર્થાત—સર્વ પ્રાણીનો અદ્રોહ કરવો એટલે દયા રાખી તેઓનો બચાવ કરવો, મનવચન અને કાયાથી તેઓને હણવા નહિ. સર્વ ઉપર અનુગ્રહબુદ્ધિ—કરૂણા રાખવી. અને તેઓને યથાશક્તિ દાન દેવું. એ સર્વનો સનાતનધર્મ છે. એ શ્લોકમાં પણ પ્રભુને નામે કે ધર્મને નામે હિંસા કરવાથી મોક્ષ છે—એમ કહ્યું નથી. તથા શ્રીસ્યાદ્વાદમંજરીમાં કલિકાળસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યે પણ કહ્યું છે કેઃ—

ઉપજાતિ વૃત.

न धर्महेतु विहिताऽपि हिंसा ।
नोत्सृष्टमत्यार्थमपोद्यतेयः ॥
स्वपुत्रघातान्नृपतित्वलिप्सा ।
सब्रह्मचारि स्फुरितं परेषाम् ॥ १८६ ॥

અર્થાત—ધર્મને નામે થતી હિંસાથી પણ જેઓ ધર્મજ ગણે છે, અને મોક્ષ મેળવવાની ઇચ્છા રાખે છે; તે પોતાના પુત્રને મારીને રાજાપણું પ્રાપ્ત કરવા જેવું કરે છે. માટે દયાધર્મ સર્વ ધર્મ કરતાં શ્રેષ્ઠ છે. ધર્મને બાને થતી જીવ હિંસા પણ દુઃખદાયી અને દુર્ગતિમાં ઉતારનારી છે, કારણકે ધર્મનું મૂળ તો દયા છે.

દુહો.

દયા ધર્મ કો મૂળ હે, પાપ મૂળ અભિમાન;
તુલસી દયા ન છાંડીએ, જબ લગ ઘટમેં પ્રાણ. ૩૯૧

અર્થાત—ધર્મનું મૂળ દયા છે, અને પાપનું મૂળ અભિમાન છે. માટે જ્યાં સુધી ઘટમાં પ્રાણ હોય, ત્યાં સુધી દયાને છોડશો નહિ. એટલું તો ખરૂંજ છે કે આ દુનિયાના સર્વ મનુષ્યો અને સર્વ ધર્મો દયાનું સ્થાપન અને હિંસાનું ઉત્થાપન કરે છે. કોઇપણ વ્યક્તિ એમ નથી પ્રતિપાદન કરતી, કે હિંસાથી ધર્મની પ્રાપ્તિ થાય છે, સ્વર્ગસુખ મળે છે–એમ કોઇ પણ કહેતું નથી. જો હિંસારૂપ અધર્મથી સ્વર્ગસુખ મળતું હોય, તો પછી નર્કગતિ શાથી મળે ? તે જાણવું જોઇએ! મતલબ કે હિંસાથી તો નર્કગતિની પ્રાપ્તિ થાય છે. જે જીવાત્માએ મનુષ્યગતિમાં જન્મ પામી જીવોની દયા પાળી નથી, જરૂર તેનો જન્મ અફળ વહી ગયો સમજવો. વળી અનંતાં જન્મમરણ આ જીવે કર્યાં છે, તેનું કારણ જ્ઞાનચક્ષુથી જોતાં જણાય છે, કે આ જીવને ભવોભવને વિષે અનંતજીવોની સંગાથે વૈરભાવ બંધાણા છે. વળી દરેક જન્મમાં જીવ ઘણા જીવનો આહાર કરતો આવે છે, માટે દયા વિના આ જીવ અનંતકાળથી ભવભ્રમણ કરે છે, હજી પણ જ્યાં સુધી દયાધર્મનું અનુસરણ નહિ કરે ત્યાં સુધી એજ પ્રમાણે ભવભ્રમણની ગતિ સમજવી. તે વિષે કહ્યું છે કેઃ—

દુહા.

દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ;
અનંતા જીવ મુક્તે ગયા, દયા તણાં ફળ જાણ. ૩૯૨
હિંસા તે દુઃખની વેલડી હિંસા તે દુઃખની ખાણ;
અનંતાજીવ નર્કે ગયા હિંસા તણાં ફળ જાણ. ૩૯૩
જીવ દયા પાળી નહિ, પાળી નહિ છકાય;
સુના ઘરનો પ્રાહુણો, જેમ આવ્યો તેમ જાય. ૩૯૪

જીવદયા પાળી સહિ, પાળી છે છકાય;
વસતા ઘરનો પ્રાહુણો, મીઠાં ભોજન ખાય. ૩૮૫

જીવ મારતાં નર્ક છે, રાખતાં છે સ્વર્ગ;
એ દોનું છે વાટડી, જીણ ભાવે તીણ લગ. ૩૮૬

(૯૯) દયાધર્મપાળક મેતાર્ય, મેઘરથ ને મેઘકુમાર.

મતલબ કે જીવદયાથી પરમસુખની પ્રાપ્તી થાય છે, અને હિંસા કરવાથી નરકગતિની પ્રાપ્તી થાય છે. અહો ! ધન્ય છે તે મેતાર્ય નામના મુનીમહાત્માને ! કે જેણે એક કુર્કટના પ્રાણ બચાવવા માટે પોતાનો પ્રિયપ્રાણ અર્પણ કર્યો, પણ સુવર્ણકારને એમ ન કહ્યું કે આ કુર્કટ તારા જવલા ચરી ગયો છે. એમ કહેવાથી તો તે સોની કુર્કટના પ્રાણ લેશે એમ સમજી કુકડાનો પ્રાણ બચાવ્યો, અને પોતે કાળ કરી મોક્ષે ગયા. તેવીજ રીતે મેઘરથ નામના દયાળુ રાજાએ એક પારેવાને બચાવ્યું, અને પોતાનો પિંડ આપવાની ઇચ્છા જણાવી. અહાહા ! વિચારો વિચારો ! વિવેકી બંધુઓ ! દયાળુ પુરૂષોની દયા કેવી વિચિત્ર છે ? શું તેને પોતાનો પ્રાણ અપ્રિય થયો હશે ? ના, ના કોઇને પોતાનો દેહ અપ્રિય હોતો નથી; પોતાના પ્રાણ બચાવવા માટે હજારો અને લાખો રૂપિઆ લોકો સહજમાં ખર્ચી નાંખે છે. પણ તે મેઘરથ રાજાને શરણાગત પારેવા ઉપર અત્યંત દયા આવવાથી તેને બચાવવા માટે સ્વદેહ અર્પણ કર્યો. પોતાની નજરે પડેલા પ્રાણઘાતકી બનાવ માટે દયાળુજનો કદી બેદરકારી કરતા નથી, ને ગમે તે પ્રયાસે તેનો બચાવજ કરે છે. તેમાં આતો વળી રાજાને શરણે આવ્યો હતો, સિંચાણો તેની પાછળ પડી તેના ભક્ષ માટે તેને પકડવા આવ્યો હતો, તો દયાળુ રાજાએ સિંચાણાને સ્વદેહ અર્પણ કરી ભક્ષણ કરવા કહ્યું, પણ શરણાગત હોલો-પારેવું આપ્યું નહિ, પણ તેને પ્રાણ સાટે બચાવ્યો. તે દયાના પ્રભાવે કરીને તે સોળમા શાંતિનાથ પ્રભુ થયા, એક ભવમાં છ મોટી પદવી પામ્યા, છ ખંડના અધિપતિ ચક્રવર્તી થયા; અને સકળ કર્મ ક્ષય કરી પાંચમી ગતિ પ્રાપ્ત કરી, અને ચતુર્ગતિનું ગમનાગમન અટકાવ્યું. તો ધન્ય છે. તે દયાળુ છત્રપતિ મેઘરથ મહારાજાને ! તે સર્વ પ્રભાવ દયામાર્ગનોજ સમજવો. વળી શ્રેણિકરાજાના પુત્ર મેઘકુમારે પૂર્વભવમાં એક સસલાની

દયા પાળી અઢી દહાડા સુધી પોતાનો એક પગ તોળી રાખ્યો, કારણ કે પોતાના પગ નીચે એક સસલું આવી બેસી ગયું હતું.વગડામાં ચોતરફ દાવાનળ લાગવાથી બધાં વનપશુ એક જોજનના આ નિસ્તૃણ ચોકમાં પોતાના પ્રાણ બચાવવા ભેગાં થયાં હતાં, તેમાં એક મોટો હાથી ઉભો હતો, તેને શરીરે કાંઈક ચળ આવવાથી એક પગ ઉંચો કર્યો હતો, તે પગ નીચેની ખાલી જગામાં પેલું સસલું આવી બચવા માટે ભરાઈ બેઠું. થોડીવારે પગ જેવો મુકવા જાય છે, તેવામાં હાથીએ સસલાને જોયું, જોઇ મનમાં ચિંતવ્યું કે, અહો ! આ પ્રાણી પણ બચવા માટે અહીં આવેલું છે, તેનાપર જો મારો ભારે શલ પગ મુકીશ, તો તેને તો અત્રેજ દાવાનળ થયો સમજવો; માટે અવશ્ય મારે તેનો પ્રાણ બચાવવો-એમ ધારી હાથીએ પગ અદ્ધર તોળી રાખ્યો. ત્રીજે દહાડે દાવાનળ શાંત થતાં પશુઓ સર્વ ચાલ્યાં ગયાં, પેલો હસ્તી જેવો પગ હેઠે મુકવા ગયો, કે હેઠો પડી ગયો, પગ અક્કડાઇ ગયેલો હોવાથી તેનાથી ચાલી શકાયું નહિ, અને થોડા વખતમાં તે મરણ પામ્યો; અને તે સસલાની દયાના પ્રભાવે શ્રેણિકરાજાને ઘેર પુત્રપણે અવતર્યો. અને મોટી અવસ્થાએ તે કુમારે સંજમ લીધો, સંજમ લીધા પછી સાંજે પથારી છેલ્લી આવી, અને રાત્રીમાં કોઈ કારણ પ્રસંગે આવતાં-જતાં સાધુઓની ઠોકરો વાગવા લાગી તેથી મન અકળાયું, અને પસ્તાવો કરવા લાગ્યો, કે મેં દીક્ષા ક્યાં લીધી ? અત્રે તો સંકટનો પાર નથી, આ પીડાથી પળવું મુસ્કેલ છે, માટે સવારમાં આ ભેખ શ્રીમહાવીરપ્રભુને પાછો સોંપી ઘેર ચાલ્યો જઈશ. રોજ ઉઠીને આ કષ્ટ કેમ ખમાય ? માટે આપણે તો ઘેર જાવું છે. હજી કંઇ આપણે ખાધુંપીધું નથી, પાત્રવસ્ત્ર પણ મારાં છે, માટે પ્રભુ મને ના નહિ પાડે-એમ ચિંતવી સવારમાં પ્રતિક્રમણ પણ કર્યું નહિ, ને શ્રીમહાવીરપ્રભુને ખબર આપીનેજ જવું—એવો નિશ્ચય કરેલો હોવાથી તુરત પ્રભુ સન્મુખ આવ્યો, પણ કાંઇ બોલી શક્યો નહિ, અને ભગવાનના તેજમાં અંજાઈ ગયો. દયાળુ પ્રભુ તો સર્વજ્ઞ હોઇ જાણતા હતા, તેથી તેને સંજમમાં સ્થિર કરવા બોલ્યા:-કે હે મેઘમુનિ તમે આવ્યા, શું તમારે ઘેર જવું છે ? આજ રાત્રીમાં બહુ કષ્ટ પડયું, સાધુના ચરણપાત દુઃખકર લાગ્યા. પણ હે મુનિ ! જરા વિચારો ! તમારી જાત કોણ ? કોના પુત્ર છો ? વળી હાથીના ભવનાં

દુઃખ ભુલી ગયા ? ગર્ભની વેદના, નર્કનાં દુઃખ અને પશુપક્ષીના પરાધિન-પણાનાં દુઃખો કરતાં પણ શું આ દુઃખ બહુ આકરૂં લાગ્યુ ? પૂર્વ-ભવનું ભાન કરાવવા માટે શ્રીમહાવીરપ્રભુએ પૂર્વભવનું વૃત્તાંત પણ કહી સંભળાવ્યું. પછી વીરપ્રભુના ઉત્તમ વાક્યોથી મન ઠેકાણે આવ્યું એટલે ધારેલા વિચારો હવામાં ઉડી ગયા. અને શુદ્ધ સંજમ પાળી અંતે ઉત્તમ ગતિને પામ્યા.

બંધુઓ જુઓ ! દયાનાં ફળ કેવાં અદ્‌ભુત છે ? દયામાર્ગથી કેવાં ઉત્તમ ફળો પ્રાપ્ત થાય છે. શ્રીસર્વજ્ઞપ્રભુએ છકાયના જીવનું સ્વરૂપ બતાવ્યું, તેમાં કેટલાએક તો ફક્ત મનુષ્યનીજ દયા પાળે છે, એટલે તેનોજ બચાવ કરવા પ્રયત્ન કરે છે; પણ શ્રીપ્રભુએ તો બનતા પ્રયાસે સર્વ જીવોને બચાવવા કહ્યું છે. માટે સર્વ પ્રાણીઓની દયા પાળવી, સર્વ પ્રાણીઓના ભલા માટે સર્વદા કાર્યો કરવાં, પુણ્યમાર્ગમાં પ્રવર્ત્ત થવું, દુઃખી જનોનાં દુઃખો દૂર કરવાં અને હરદમ ગરીબોની દુવા-અંતરની આશિશ લેવી. તે વિષે કહ્યું છે કેઃ—

ગઝલ.

દુઃખીનાં દુઃખડાં દેખી, દયા તેની દીલે ધરજો;
આંસુડાં તેહનાં લુંછી, ગરીબોની દુવા લેજો. ૩૯૭
સુખી થાશો દુવાથી તે, તરી જાશો ભવાબ્ધીને,
ગરીબોની દુવા નિશ્ચે, હૃદયના રોગને હરશે. ૩૯૮
સુખી કરશે દુઃખો હરશે, પ્રભુપદને સુખે વરશે,
સફળ આ જીંદગી થાવા, સુપંથે ચાલજો પ્રીતે. ૩૯૯
વિનયમુનિ વિવેકેથી, વિચારો દ્રષ્ટી ખોલીને;
તજીને તંતને તારા, ભજી લે સંતને સારા. ૪૦૦

દયાથી આ ભવમાં અને પરભવમાં સુખ સાધન મળે છે, જન્મ-મરણાદિક દુઃખોને દૂર કરી અક્ષયપદને પામે છે. માટે દરેક મુમુક્ષુ જીવોએ સર્વ જીવોની દયા પાળવી એજ સાર છે.

(૧૦૦)ચોરને જીવિતદાન-અભયદાન દેનારી રાણીઓની વાત.

કોઇ એક રાજાને ચાર રાણીઓ હતી. એક વખત ચારે રાણી-ઓ ઉપર રાજા પ્રસન્ન થયો અને કહ્યું કેઃ-હે પ્રિયતમ વલ્લભાઓ ! આજ હું તમારી સેવાથી પ્રસન્ન થયો છું, માટે કાંઇ ઇચ્છિત વરદાન

માગો ! ત્યારે સ્ત્રીઓ હર્ષીત થઇને બોલી કે:-ધન્ય છે ! આપ જેવા ઉદાર પતિને ! મોટાઓને એમજ ઘટે છે. સાહેબ ! આપ વચન આપો છો, તો તે અમો બહુ માનપૂર્વક આનંદસહિત વધાવી લઇએ છીએ, હાલમાં અમારૂં વચન આપની પાસે અનામત રાખો ! અમારે જોઇશે ત્યારે માગી લેઇશું-એમ કહી પછી સઉસઉને કામે વળગી.

હવે બેચાર માસ ગયા પછી એકવાર એવું બન્યું, કે તે ગામમાં કોઈ ચોરને પકડી રાજાની સમીપે આણ્યો, ઘણો કાળ થયાં તે ચોરે ઘણાં દુષ્ટ કામો કર્યાં હતાં, કેટલાએક લોકોને તો પ્રસંગે મારી નાખ્યા હતાં, ઘણા મનુષ્યોનું ધન બળાત્કારે ચોરી લેઇ જતો હતો, તે આજે મહાપ્રયાસે પકડાયો હતો. તેથી રાજાએ આક્રોશ કરી હુકમ કર્યો, કે આ દુષ્ટ ચોરને ફાંસીએ ચડાવી દ્યો ! એમ હુકમ થતાંજ સિપાઇઓ તેને લેઈ ચાલ્યા, તેથી ચોર એકદમ ઘણું રોવા લાગ્યો. કારણ કે આ લોકમાં **मरणात् परंभयं नास्ति॥** અર્થાત્ મરણથી બીજું કોઇ મોટું ભય નથી. ઘણા લોકો પછવાડે ચાલે છે ઘણા લોકો તેને ફીટકારે છે-ધિક્કારે છે, ત્યારે ઘણા દયાળુ પુરૂષો તેની દયા ખાય છે, ગામના મહાજનને પણ તેની ઘણી દયા આવી પણ હવે શો ઉપાય ? રાજાના હુકમ આગળ કોનું ચાલે ? એમ કરતાં રાણીઓના મહેલ પાસે તે ચોર આવ્યો, રાણીઓએ આ બનાવ નજરે જોયો તેથી એકદમ મોટી રાણીને દયા આવી, અને મન સાથે બોલી કે:-આ બિચારો ચોર પૂર્વકર્મના ઉદયથી આ પ્રાણાંત દશાને પામ્યો છે-તો પણ શું ? તેને મરણ વહાલું હોય ખરૂં ? અરેરે ! તે બિચારો કેવો રોવે છે, અને દીનદશા જણાવે છે, કે તે જોઈ મને પણ ઘણી દયા છુટે છે; પણ રાજાનો હુકમ થયો હશે, તેની આગળ કોઇનું જોર ચાલે નહિ. પણ મારૂં વચન રાજા પાસે છે-તે અત્યારે ઠીક સાંભરી આવ્યું છે, માટે ચાલ તે વચન માગી લઉં, અને આજનો દિવસ તો આ બિચારા ચોરને અભયદાન દઉં. કારણ કે આ લોકમાં સોના, રૂપા, અન્ન વસ્ત્ર અને પૃથ્વી દાન વગેરે બીજાં હજારો દાન કરતાં અભયદાન પ્રધાન છે. તેને માટે કહ્યું છે કે:—

न गोप्रदानं न महीप्रदानं । न चान्नदानं हि तथा प्रदानम् ।
यथा वदंतीहबुधाःप्रधानं । सर्व प्रदानेष्वभयप्रदानम् ॥१८७॥

અર્થાત—ઉપર કહેલાં અનેક પ્રકારનાં દાનો કરવાં પણ અભયદાન સર્વથી શ્રેષ્ટ છે. એમ ધારી એકદમ તે પટરાણી રાજા પાસે ગઈ, અને નમ્રતાપૂર્વક પોતાનું વચન માગ્યું. ત્યારે રાજાએ તે માગવાનું કહેતાં રાણીએ પેલા ચોરને આજનો દિવસ મારીવતી અભય—દાન દેઈ મારા મહેલમાં રાખી ખાનપાનમાં હું સુખ આપી સંતોષ પમાડું—એવું વચન માગ્યું. રાજાનું મન આથી જરા કચવાણું. પણ વચને બંધાયલો હોવાથી રાણીને હા પાડી, તેથી તુરત રાણીએ તે ચોરને છોડાવીને પોતાના મહેલમાં તેડાવ્યો, આથી ચોર ખુશી થયો. રાણીએ તેને નવરાવીધોવરાવી ઉત્તમ વસ્ત્રાલંકારો પહેરાવી પછી તેની આગળ મિષ્ટાન્ન ભોજન મુકયાં, તે તેને દીઠે તો સારાં લાગ્યાં, પણ સુખે ભાવ્યાં નહિ કારણ કે આ રાણીજીની મહેરબાનીથી હાલ બચ્યો છું, પણ કાલે તો પાછો મોતનોજ દિવસ છે, મનમાં ભયનો પાર નથી. એ પ્રમાણે આખો દિવસ ખાનપાન ને નાટક આદિ પ્રિય પદાર્થોમાં તેને આનંદ પમાડયો, પણ તે આનંદ તો રાણીના મનમાં હતો, ચોરના મનમાં તો તેમાંનું કશુંયે ન હતું, તેને તો આવતો દિવસ નજર આગળ તરતો હતો, અને પોતાનો મરણનો ભાવિ ભય મહા ભારે ચિંતા ઉપજાવતો હતો.

રાત વીતીને પ્રાતઃકાળ થયો એટલે રાજાના હુકમથી ચોરને પાછો પકડી લેઈ ચાલ્યા. આ પ્રમાણેનું મોટી રાણીનું ગયા દિવસનું કર્ત્તવ્ય જોઇ, તેનાથી નાની રાણીને પણ એક દિવસ બચાવવાનો વિચાર થયો, તેથી તેણે પણ રાજા પાસેથી વચન માગી લેઇ બીજે દિવસે પણચોરને બચાવ્યો,અને તેનાથી વિશેષ સુખ આપ્યું.ત્રીજી રાણીએ એજ પ્રમાણે ત્રીજે દિવસે બચાવી સુખ આપ્યું, પણ ચોરને તો મરણનો ભય સામો ઉભેલો હોવાથી શોકનો પાર ન હતો; છેલ્લે ચોથી રાણીને પણ એજ વિચાર થયો, પણ તેણે વિચાર્યું કે આ બિચારાનો એકએક દિવસ બચાવ થયા છતાં, મરણનો ભય તો તેવોને તેવોજ ઉભો રહેલો છે, માટે લાવ હું તેને સર્વથા અભયદાન દેઇ જીવનપર્યંત છોડાવું તો મહાલાભ થાય શાસ્ત્રમાં તો અભયદાન વિષે બહુ લાભો વર્ણવેલા છે, સિંદુરપ્રકરણમાં પણ જીવદયા પાળનારને દશ બોલની પ્રાપ્તિ બતાવી છે, તે એવી રીતે કેઃ—

आयुर्दीर्घतरं वपुर्वरतरं गोत्रं गरीयस्तरं ।
वित्तं भूरितरं बलं बहुतरं स्वामित्वमुच्चैस्तरम् ॥
आरोग्यं विगतांतरं त्रिजगतःश्लाघ्यत्वमल्पेतरं ।
संसारांबुनिधिं करोति सुतरं चेतः कृपार्द्रांतरम् ॥१८८॥

અર્થાત—દયાથી પીગળી ગયું છે મન જેનું, એવા દયા પાળનાર જીવને લાંબુ આયુષ્ય મળે છે, તે સુંદર શરીર પામે છે, ઉત્તમ ગોત્રમાં ઉપજે છે, ઘણું ધન અને અતિ બળ પામે છે, ઉત્તમ પ્રકારનું સ્વામીત્વ એટલે અધિપતિપણું પામે છે, નિરંતર આરોગ્યતા ભોગવે છે, જગતમાં ઉત્તમ પ્રકારની કીર્તિ મેળવે છે, અને સંસારસાગર સુખે તરી શકાય એવાં સાધનો પામે છે. માટે આજે આ દયાનો પ્રસંગ મને સારો પ્રાપ્ત થયો છે–એમ ધારી રાજા પાસે જન્મ જીવિતદાન દેવરાવી અભય કરી ચોરને એ ચોથી નાની રાણીએ ભયમુક્ત કર્યો.

હવે ચોરને તો હર્ષનો પાર રહ્યો નહિ, રાણીએ તેને ખાવા માટે સામાન્ય ભોજન આપ્યું તે પણ અમૃતતુલ્ય ગણી ભાવે જમી સંતુષ્ટ થયો. પછી રાજાએ સર્વ રાણીઓ સમક્ષ ચોરને પુછ્યું કેઃ– તને ઝાઝું–અધિકું સુખ કોનાથી મળ્યું ? ત્યારે નિર્ભય થયેલા ચોરે જણાવ્યું કેઃ–આ નાનાં રાજમાતાજીથી મને અપૂર્વ સુખ પ્રાપ્ત થયેલું છે. મોટી રાણીએ તો મનમાં માન્યું હતું, કે હમણાં મનેજ પહેલી વખાણશે, પણ તેમ બન્યું નહિ. ચોરે તો નાની રાણી તરફથી વિશેષ સુખ મળ્યાનું જણાવ્યું ! અને તે હતું પણ ખરૂંજ. કારણ કે તેણે તો સર્વથા બચાવ્યો હતો, તેથી ચોરે મોટો ઉપકાર નાની રાણીનો માન્યો. કહેવાની મતલબ એ છે કે, દુનિઆમાં દયા સિવાય બીજો કોઇ ઉત્તમ ધર્મ નથી. પેલા ચોરે ચોથી રાણીના જીવતાં સુધીના અભયદાનથી કેવું મહાસુખ માન્યું ? તેને પેલી ત્રણ રાણીઓનાં મિષ્ટાન ભોજન મળ્યાં છતાં મરણના ભયે કરી તેને તે ફીકાં લાગ્યાં–સ્વાદિષ્ટ ન જણાયું ! તેથીજ તેણે રાજાને કહ્યું હતું કેઃ—

मर्त्योर्भयात्तुनोज्ञातं । सुजऽधं महीभृन्मया ॥
कदन्नंभक्षितंचाद्य । ह्यभयादमृताधिकम् ॥१८९॥

અર્થાત—ત્રણ રાણીનાં મિષ્ટાન કરતાંયે ચોથી રાણીનું સામાન્ય ભોજન મને ઘણું મીઠું લાગ્યું, તેનું એક કારણ માત્ર નિર્ભયતાજ

હતું. માટે સુખેચ્છુએ સદા જીવદયા રાખવી, હિંસાથી તો અખાઈ-રાઠોડની પેઠે ઘણા કાળસુધી ભવભ્રમણ કરે છે, અને તે અખાઈ-રાઠોડને મુગા લોઢીઆનો અવતાર પણ હિંસાકર્મના મહાપાપે ધરવો પડયો હતો. માટે હિંસાનાં ફળ ઘણાં દુઃખદાયી જાણી જીવોને અભય કરી સુખ આપો, પરોપકાર કરો, અને સર્વેનું ભલું કરો! આ મોંઘો માનવભવ સફળ કરો, કે જેથી આ ક્લેશમય સંસારસાગરનો સહજે અંત આવે, અને અક્ષય મોક્ષલક્ષ્મી ઝટ પ્રાપ્ત થાય. સદા દયાનાં ફળ તો મીઠાંજ છે. (૮૮)

अतीवऋणी बहु कन्यकश्च ।
तथा च भार्या द्वयकस्य भर्ता ॥
सदा दरिद्री गुरुहीन जन्मा ।
मन्येमृताःप्राणभृतोऽपि पंच ॥८९॥

અર્થ—આ જગતમાં બહુ દેવાદાર, તથા ઘણી દીકરીઓવાળો, તથા બે સ્ત્રીનો ધણી, તથા સદા દરિદ્રી તથા સદ્‌ગુરૂના આશ્રય વિનાનો નગુરો મનુષ્યજન્મ, એટલાં ચાનાં હોય; તો પુરૂષો પ્રાણને ધારણ કરવા છતાંપિ મરેલા જેવાજ સમજવા.(૮૯)

ભાવાર્થ—આ જગતમાં અતિશય દેવાદાર માણસ મરેલા જેવોજ સમજવો, તેને ચિત્તમાં હંમેશા અનેક પ્રકારની ચિંતાઓ થયાજ કરે છે, સુખે ઉંઘ પણ આવતી નથી, કોઇને કોઇ લેણદાર તો આંગણામાં વચ્ચે આવી ઉભોજ હોય! તેથી તે બિચારો રણીયો સદા જીવતે મુવા જેવોજ છે. બીજો જેને ઘણી દીકરીઓ હોય, તે પણ બહુ દુઃખીયો અને જીવતે મુવા જેવોજ છે, કારણ કે તે બિચારો તેમાંને તેમાંજ ડુબી જાય છે. એકને પરણાવી તો બીજીને આણું વળાવવાનો વખત આવે છે, ત્યાં ત્રીજીને વળી પંચ માસિકે સીમંત આવ્યું હોય, તો ચોથીને વળી સાસરા તરફનું મહાદુઃખ હોય, તો એકને વળી વિધવાપણાનું ભારે પરમદુઃખ આવ્યું હોય, એ કાયમ પોતાની છાતીએ પથરો ને ખર્ચ આવી પડેલાંજ હોય; તેથી તે

બિચારો તે પીડામાંનેપીડામાંજ દુખી જઇ મહા ભારે દુઃખ ભોગવે છે; માટે તે પણ જીવતે મુવોજ સમજવો. ત્રીજો બે સ્ત્રીઓનો ભરથાર હોય, તેને પણ દુઃખનો પાર ન સમજવો ! તે બિચારાને તે સંબંધી અનેક ચિંતાઓ થયાજ કરતી હોય છે, હંમેશા ઘરમાં કલેશકંકાસ ચાલ્યાજ કરતો હોય છે. કારણકે શાસ્ત્રમાં કહ્યું છે કેઃ–શોકયના જેવું એકે ઝેરવેર નથી, અને તેથીજ શોકયાળું તે વેરવાયું કહેવાય છે. એક બીજાને દેવાલેવામાં કાંઇ ફેર પડે, તો તુરતજ ભયંકર તોફાન મચાવે.

(૧૦૧)બે બાયડી પરણાવવાની સજા થતાં ચોરનો વાંધો !

તેને માટે એક એવી વાત છે કેઃ–કોઇ ચોર બે સ્ત્રીઓવાળા એક શેઠને ઘેર ચોરી કરવા ગયો, તે વખતે મધ્યરાત–બાર વાગ્યાનો સમય હતો, શેઠ દુકાનેથી મોડા આવેલા હતા, તેથી શેઠને દાદરામાં ઉભેલા જોયા. એ શેઠને બે સ્ત્રીઓ હતી તેથી ઘરમાં કલેશકુસંપનો તો કંઇ પાર નહતો, હંમેશા લડાઇ ઝગડા થાય, તેથી તે સ્ત્રીઓને હેઠે ઉપર રહેવાનું ઠરાવ્યું હતું. આજે શેઠ ઉપર જતા હતા તેવામાં તો હેઠેવાળી સ્ત્રીએ કહ્યું કે, સ્વામીનાથ ! આજે અહીં પધારો !–એમ કહી એકદમ તેને પકડવા આવી, તેવામાં ઉપરવાળી સ્ત્રીને ખબર પડવાથી તેણે પણ એકદમ આવીને શેઠની ચોટલી ઝાલી, અને હેઠેવાળીએ પગ પકડયા. શેઠને તો ઊભું ભરાણું, હેઠે ન જવાય તેમ ઉપર પણ ન જવાય ! ઉપાધિનો પાર રહ્યો નહિ, આંખમાં ઝળઝળીઆં આવી ગયાં; આ બધો ત્રાસ–માર મુંગે મોઢે શેઠને ખમવો પડયો. પેલા ચોરે આ તમાસો નજરે દીઠો તેથી તે એકદમ હૃદયમાં ત્રાસ પામ્યો, તેથી હસવું અને હાણુ બન્ને વાનાં થયાં. એમ કરતાં તો આખી રાત વીતી ગઇ, પણ આ વિચિત્ર નાટક જોતાં ચોર ધરાયો નહિ, જોવાનો લોભ વધવાથી ચોરી કરવાનુ તો ભુલીજ ગયો ! સવાર થતાં ઘર બહાર નીકળતાં તે ચોર પોલીસને હાથે પકડાઈ ગયો. પોલીસે શેઠને જણાવ્યું કે, તમારા ઘરમાંથી ચોર નીકળ્યો છે તેને અમે પકડયો છે, માટે તમો ન્યાયમન્દિરમાં સાક્ષી પુરવા જરૂર આવજો–એમ કહી શેઠને બપોરે કોરટમાં બોલાવ્યા અને કહ્યું કેઃ—તમારા ઘરમાંથી ચોર નીકળ્યો છે, તે તમારો ગુનેહગાર છે માટે તેને સજા કરવામાં આવે છે. ત્યારે શેઠે કહ્યું કેઃ–સાહેબ ! આપ તેને સજા કરવા ધારતા હો, તો તેને ભારે સજા કરો એટલે કે મારા ખર્ચે તેને બે બાયડીઓ પરણાવો ! એ

વાત સાંભળી ત્રાસ પામતાં ચોરે કહ્યું કેઃ—સાહેબ ! મને ફાંસીએ ચડાવો દેશનિકાલ કરો અથવા જીંદગીપર્યંતની કેદ આપો; પણ કૃપા કરી બે સ્ત્રીઓ પરણાવશો નહિ. મેં ધોળે દિવસે તારા જોયા છે ! શેઠને ઘેરજ આજે આ તમાસો મેં નજરે જોયો છે, અને હું ચોરી કર્યા વિના પકડાયો છું તેનું કારણ પણ તેજ છે. એટલે બે સ્ત્રીઓનો પતિ પણ જીવતે મુવા જેવોજ છે. આ વાત સાંભળી પછી ન્યાયાધીશે તે ચોરને બીજી ઘટતી સજા કરી. મતલબ કે બે બાયડીના ધણીના જેવું બીજું એક મહા દુઃખ નથી. તે વિષે કહ્યું છે કેઃ—

દુહો.

બહુ વણજ્યા બહુ બેટીયા, દો નારીકો ભરથાર;
ઉનકુ કોઈ મત મારજો, એને માર છોડયા કીરતાર. ૪૦૧

ચોપાઈ.

ન સૂવે ચાકર ન સૂવે ચોર, ન સૂવે ઘન ગાજંતે મોર;
ન સૂવે જેને ચિંતા ઘણી, ન સૂવે બે બાઈડીનો ધણી. ૪૦૨
સુખે સૂવે એક અવધુત, સુખે સૂવે રાજાનો પુત;
સુખે સૂવે જેને ચિંતા નહિ, સુખે સુવે ગુફામાં સિંહ. ૪૦૩

એટલા દુખીયા પુરૂષોને તો સુખે નિદ્રા આવતી નથી. વળી ચોથો સદા દરિદ્રી એટલે નિર્ધન—કંગાલ—રંક—ગરીબ મનુષ્ય પણ સદા મુવેલા જેવોજ સમજવો, કારણ કે તેના દુઃખનો પણ પાર નથી. તે બિચારાને પૈસા વિના અનેક આપદા વેઠવી પડે છે, ધન સંબંધી ઝંખનાઓ નિત્ય થયાજ કરે છે, સગાસંબંધીઓ પણ કોઈ તેને બોલાવતું નથી. પછી ભલેને તે ડાહ્યો હોય, ગુણવંત હોય, ઘણો કાર્યકુશળ હોય, પણ પાસે ધન—લક્ષ્મી ન હોય, તો કોઇ તેને લેખામાં ગણતું નથી, તે વિષે કહ્યું છે કેઃ—

संसारी निर्धनो दुःखी । योगी दुःखी धनसंचितः ॥
वेश्या दुःखी कुरूपेण । राजा दुःखी दलभंजितः ॥१९०॥

અર્થાત્—ધન વગરનો સંસારી જીવ દુઃખી જાણવો, યોગી-યતિ ધન સંઘરે તો તે દુઃખી થાય, વેશ્યા કદરૂપી હોય, તો તેને પણ દુઃખી જાણવી. સૈન્ય વગરનો રાજા પણ દુઃખી થાય છે. જીવિત હોવા છતાંપિ રંક માણસને તો મરેલા જેવોજ સમજવો.

હવે પાંચમો ગુરૂ વિનાનો જન્મ એટલે જેણે મનુષ્યજન્મ લેઈ સદ્‌ગુરૂનું શરણું લીધું નથી–એવો નગુરો માણસ પણ જીવતે મુવા જેવોજ છે. કારણ કે સદ્‌ગુરૂનો સમાગમ કુમતિ કાપે છે, સદ્‌બુદ્ધિ સ્થાપે છે, અને જીંદગીને કિંમતી બનાવે છે. આ સંસારમાં બળદની જેમ તરીલાં તાણી રળવું, ગર્ધવની પેઠે ખાવું, અને ખૂબ ખાઇ અજગરની પેઠે પડી રહેવું–ઉંઘવું; તેમાં કાંઈ જીવન સાર્થક્ય થતું નથી. કારણ કે ઘરમાં કદી લક્ષ્મી ઘણી હોય, પુત્રમિત્રકલત્ર આદિ કુંટુંબનું સુખ સારૂં હોય, પણ સદ્‌ગુરૂનો આશ્રય લીધો ન હોય, ધર્મવૃત્તિ ધારણ કરી ન હોય, તો તેનું જીવન કશા કામનું નથી. તે વિષે કહ્યું છે કેઃ–

મનહર.

સાહ્યબી સુખ હોય, માન તણો મદ હોય,
ખમા ખમા ખુબ હોય, તે તે કશા કામનું ?
જુવાનીનું જોર હોય, એશનો અંકોર હોય,
દોલતનો દોર હોય, એને સુખ નામનું;
વનિતા વિલાસ હોય, પ્રૌઢતા પ્રકાશ હોય,
દક્ષ જેના દાસ હોય, હોય સુખ ધામનું;
વદે રાયચંદ એમ સદ્ધર્મને ધાર્યા વિના,
જાણી લેજે સુખ એ તો, બેએજ બદામનું ! ૪૦૪

મોહ માન મોડવાને, ફેલપણું ફોડવાનું !
ઝાળ ફંદ તોડવાને, હેતે નિજ હાથથી;
કુમતિને કાપવાને, સુમતિને સ્થાપવાને,
મમત્વને માપવાને, સફળ સિદ્ધાંતથી;
મહામોક્ષ માણવાને, જગદીશ જાણવાને,
અજન્મતા આણવાને, વળી ભલિ ભાતથી;
અલૌકીક અનુપમ, સુખ અનુભવવાને,
ધર્મધારણાને ધારો, ખરેખર ખાંતથી. ૪૦૫

મતલબ કે પુણ્યોદયે સંસારની સાહેબી ભલે પામ્યો હોય, પણ દેવગુરૂ અને ધર્મનો આશ્રય લીધો ન હોય, અને અહોનિશ મોહમદમાંજ મશગુલ થઈ રહ્યો હોય, તેનું આ મનુષ્યજીવન શા કામનું ?! પણ મોહમુગ્ધ મનુષ્યોને કોઇ ધર્મગુરૂ ઉપદેશ આપે, કે કોઇ વિવેકી સુજ્ઞજનો ધર્માશ્રય ગ્રહવાનું કહે, તો તે પામરો મોહાસક્તિથી એવું તો વિપરીત વદે છે કેઃ—

દુહો.

પૈસો મારો પરમેશ્વર ને, ઘરધણીયાણી ગુરૂ !
છોકરાંછૈયાં ચેલાચેલી, તો સેવા કોની કરૂં ? ૪૦૬

ચોપાઈ.

ગુરૂ કહે ધર્મની વાત, અવિનય કરી બોલે કજાત;
ધરમી મુગ તે જાજો ઠેઠ ! રળશું તો અમે ભરશું પેટ. ૪૦૭

આવા મોહમુગ્ધ અજ્ઞજનો સદ્‌ગુરૂના શરણ વિના બિચારા આવ્યા તેવાને તેવાજ ખાલી હાથે વા ખાતા પરલોકના પ્રવાસે ઉપડી જાય છે, થોડા કાળની જીંદગીમાં ઘણાં ઘોર કર્મો મેળવી, મહાદુઃખોને પ્રાપ્ત થાય છે. અરે ! નગુરા જેવો તો કોઈ પાપી ન સમજવો, બ્રહ્મદત્ત જેવો છ ખંડનો ચક્રવર્ત્તી મહારાજાધિરાજ કે જેને ત્યાં લક્ષ્મીનો તો સુમાર નહોતો, ચોસઠ હજાર ચારૂગાત્રી રૂપાળી સુંદરીઓનો વૈભવ હતો, સાતસો વર્ષ સુધી અખંડ પ્રૌઢપ્રતાપી નિષ્કંટક રાજ્ય ભોગવ્યું. પણ આશાનો દોર તુટાયો નહિ અંત આવ્યો નહિ ! તેતો લાંબોને લાંબો વધતોજ ગયો ! અગ્નિમાં ઘી પડતાં તેની વૃદ્ધિ થાય પણ જ્વાળા ઘટે નહિ, તેમ આ વિષયનો દાસને ભોગનો ભિખારી ચક્રવર્ત્તી થયો, તો પણ તેનું હૃદય તો ભિખારીજ રહ્યું ! આખર સુધી હિતોપદેષ્ટા ચિત્તઋષિનાં હિતવચનામૃતો તેને રૂચ્યાંજ નહિ, અને તે હિતકર વચનોનો તથા તેમના સાધુવેશનો ઉંધોજ અર્થ કર્યો. અવસાન આવતા સુધી તેને પરભવના ભાતા માટે કશી ચિંતા થઈજ નહિ. અને વિષયની ઝંખનામાંજ અંતે બિચારો અસમાધિ પરિણામે કાળ કરી સાતમી નરકના અપઇઠાણનામા નરકાવાસમાં તેત્રીસ સાગરોપમને આઉખે ઉત્પન્ન થઈ મહાદુઃખનો ભોગી બન્યો.

વહાલા વાચકો ! જોયું ! અહાહા ! તૃષ્ણાનું શું અગાધ પ્રાબલ્ય ? ખરેખર તૃષ્ણા મહા જબરજસ્ત અતિ ક્રૂર રાક્ષસી છે. વળી તે તૃષ્ણાને ભિક્ષુકીની ઉપમા પણ પ્રાજ્ઞપુરૂષોએ આપી છે, તે પણ યથાયોગ્યજ છે, કારણ કે ભિખારણને જેટલું આપીએ તેટલું ઓછુંને ઓછુંજ લાગે છે, કદી તેના મનને સંતોષ થતો નથી. તેવા અતિ તૃષ્ણાવંત પ્રાણીને ગમે તેવા સારા ઉપદેશ આપવાથી પણ કાંઇ સંતોષકારક પરિણામ આવતુંજ નથી ! તેનો પ્રત્યક્ષ પુરાવો—જ્વલંત ઉદાહરણ ઉપરના શાસ્ત્રપ્રણિત બ્રહ્મદત્તચક્રીના દાખલાથી જણાયું તો હશે, તથાપિ ચાલુ જમાનાના ચિતાર ને દાખલો જાણવાથી, વળી વધારે

સારી અસર કરશે—એમ સમજી નીચે દષ્ટાંત આપ્યું છે, તે પર લક્ષ આપો.

(૧૦૨) તૃષ્ણાવાળા જંજાળી શેઠની અપાર ઉપાધિયો.

થોડાં વર્ષ ઉપર એકવાર મુંબાઈ શહેરમાં એક સાધુમહાત્મા પધાર્યા હતા, તે મહાત્માનો ઉપદેશક્રમ શ્રોતાઓને રૂચિકર સુખદ અને કર્ણપ્રિય થયો હતો, તેથી ત્યાં સર્વ શ્રોતાજનોનો જમાવ ઘણો સારો થતો હતો, ને ધર્મનો ઉદ્યોત પણ ઘણો સારો થતો હતો. એ મોહમયીનગરીમાં એક કરોડપતિ શેઠીઓ ભાટીઓ રહેતો હતો. તેને ત્યાં વૈભવવિલાસ અને વભો ઘણોજ હતો. બિચારો તે શેઠ સદા સંસારની જંજાળમાં અને તૃષ્ણાના વેગમાં એવો તો ખુડી ગયો હતો, એવો તો મોહાસક્ત બન્યો હતો, કે માનવજન્મની કદર કરવાનું ભાન તેને ભાગ્યેજ આવતું હતું. તે તો તે ભલો ને તેના ધંધાધાપાની ધમાલ અને ભજ કલદારનું તેનું ભજન ભલું! આવો અતિ જંજાળી હોવાથી તે બાપડો ઉપરોક્ત મહાત્માનો લોકપ્રિય પવિત્ર ધર્મોપદેશ સાંભળવા પણ જઈ શકતો નહોતો. કેટલાક મુમુક્ષુજનોના કહેવાથી તે મહાત્માને આ વાતની ખબર પડી, ત્યારે તે પરમકરૂણાળુ ને પરહિતપરાયણ મહાત્માએ, મોહાન્ધ બનેલા અને લોભલાલચ તથા મમતાતૃષ્ણાની પ્રચંડ જવાળામાં બળતા, મોહમુદ્‌ગરનો સતત મારો—પ્રહાર સહેતા તે અકર્મી અભાગિયા ભાટિયા શેઠીયાને, જ્ઞાનફટકો લગાડી અજ્ઞાનાંધકાર દૂર કરી મોહનિદ્રામાંથી જગાડવાનું યોગ્ય સમજી, નિષ્કામવૃત્તિથી તેના જીવાત્માનું હિત કરવાનાજ હેતુથી પ્રેરાઇ, જ્ઞાનાંજનશલાકારૂપ નીચેની સુબોધસુધાવર્ષિણી પત્રિકા તે કરોડપતિ પણ વાસ્તવમાં જ્ઞાનધનરહિત દીનદુઃખી વ્યામૂઢ વિષયવિષના કિટ—પામર જનપર પાઠવી.

અતિ જંજાળી શેઠને જ્ઞાની મહાત્માનો જ્ઞાનફટકો.

રાગ ગઝલ કવ્વાલીનો.

અરે ઓ શેઠ! જંજાળી, રહ્યો શું મોહમાં માલી;
ન જોયું આપ નિહાળી, રહ્યો જડભાવને ઝાલી. ૧
કંઇ કર હિત સંભાળી, પકડને પુણ્યની ડાળી;
કરી માયાજ તેં વા'લી, ગુમાવી જીંદગી ખાલી. ૨
વરસ આ સાઠ તો વિત્યાં, ન ગાઈ ધર્મની ગીતા;
કરી ના આત્મની ચિંતા, પકડશે કાળ ઓચિંતા. ૩

ભ્રમા મા ભ્રાંતિમાં ભુલી, ફસા મા ફંદમાં ફુલી;
હૃદયની ચક્ષુ કર ખુલી, મગજ મુકી ન ખા થુલી. ૪
મળી આ દેહ બહુમુલી, ગયો દેવા વિષે ડુલી;
પકડી તેં પાપની પુળી, કનક મુકી ધમે ધુળી. ૫
મુસાફર બે દિવસનો તું, મુસાફરી બંગલે આવ્યો;
નથી આ બંગલો તારો, વૃથા તું બોલ મા મારો. ૬
કહું હું પ્રેમથી વ્હાલા, હવે લે હાથમાં માળા;
ઉપાધિનાં તજી જાળાં, હૃદયનાં ખોલને તાળાં. ૭
ઉમર આ રાખમાં રોળી, ન જોયું ચિત્તમાં ખોળી;
ગળી તેં ગર્વની ગોળી, ઉદકમાં જીંદગી બોળી. ૮
નથી ઘરબાર આ તારા, નથી સુત દ્રવ્ય ને દારા;
ધરી લે ધર્મના ધારા, કહ્યું મન માની લે મારા. ૯
હવે લે ચિત્તમાં ચેતી, ધરમની ખેડને ખેતી;
શિખામણ હું કહું કેતી, વૃથા તું પીલ મા રેતી. ૧૦
વિનયમુનિ વદે ભાવે, ગઝલ એ પ્રેમથી ગાવે;
સુબોધે સંત સમજાવે, સમય આવો ફરી નાવે. ૧૧

આ પ્રમાણે તે પ્રવર મહાત્માશ્રીનો અપૂર્વ ઉપદેશથી ભરેલો પ્રેમપત્ર તે શેઠે કોઇ હુંડીની આશાએ સત્વર ફોડી વાંચ્યો–બીજીવાર વાંચ્યો. પછી તે અત્યંત તૃષ્ણા અને જંજાળમાં ડુબી ગયેલો હોવાથી મન સાથે બડબડયો–બોલ્યો કેઃ–અહો ! બાવા હોય તે બીજાને પણ બાવાજ બનાવે ! મહારાજને કાંઇ ખબર છે, કે સંસારમાં કેમ રળાય છે ? કેમ કમાવાય છે ? વેપારો અને વ્યવહારો કેમ ચલાવાય છે ? એમને તો બસ ! એજ રઢ લાગી છે, કે ઝટ અહિં આવો અને અમારા જેવા નવરા બાવા બનો ! પણ તે મહાત્માને એટલી પણ ક્યાંથી ખબર હોય, કે મને જંજાળીને તો હાલ પાણી પીવાની પણ પુરી નવરાશ મળતી નથી ! અરે હું તો હાલ મરવાએ પણ નવરો નથી ! તો મહાત્માની સોબતમાં તે ક્યાંથી જઇ બેસું ? પણ તેમણે મારા ઉપર પત્ર લખ્યો છે, ત્યારે મારે પણ તે મહાત્માને કાંઇક ઉત્તર તો આપવોજ જોઇએ. એમ ધારી જંજાળી શેઠે નીચે પ્રમાણે પત્ર લખ્યો–કહો કે તે મહાત્માશ્રીની સુબોધપત્રિકાનો ઉલટો પ્રત્યુત્તરજ આપ્યો !

એક જંજાળી જીવડાની તૃષ્ણાનું પ્રાબલ્ય.

રાગ મરસીયાનો.

હેંડબીલ તમારૂં મેં સાંભળ્યું, મળ્યું મોક્ષપુરીનું બારૂં;
હજી નથી કશી નવરાશ!
ગુરૂરાજ મારા! ઘડપણમાં ગોવિંદ ગાશું. ટેક. ૧
મોટો છોકરો વિલાયત ગયો છે, નાનો છોકરો જુગારી થયો છે;
એવો ધમરોળ ચાલી રહ્યો છે. ગુરૂરાજ મારા૦ ૨
સાઠ લાખની પુંજીમાં શું કરીએ? સાઠ અબજ જ્યારે ઘેર ભરીએ;
ત્યારે કાંઈક શાંતિ મન ધરીએ. ગુરૂરાજ મારા૦ ૩
યુરોપ આફ્રીકા સુધી વિચરશું, આસ્ટ્રેલીઆનું સોનું સંઘરશું;
અમેરીકાની લક્ષ્મી લાવી ભરશું. ગુરૂરાજ મારા૦ ૪
હજી થાશું હજાર મીલવાળા, ઘરે બાંધવા છે બારસે માળા;
તેમાં ક્યાંથી ફેરવીએ માળા? ગુરૂરાજ મારા૦ ૫
નાતજાતના સુધારા કરવા છે, હજી કંઈકનાં ભુંડાં કરવાં છે;
તેમાં કોની અમારે પરવા છે. ગુરૂરાજ મારા૦ ૬
થઈ સાઠ વર્ષની ઉમર અમારી, તે શું આંખે ચડી છે તમારી,
હજી પરણવી છે નવી નારી. ગુરૂરાજ મારા૦ ૭
નાતજાતના કરશું સુધારા, હજી થાશું અબજ ધનવાળા;
પછી સુખે ફેરવશું માળા. ગુરૂરાજ મારા૦ ૮
કર જોડી કવિજન કહે છે, જે જન તૃષ્ણાનદીને તરે છે,
તે મોક્ષપુરીને વરે છે. ગુરૂરાજ મારા૦ ૯

આ પ્રમાણે શેઠે પત્ર લખી કવરમાં બીડી પોસ્ટ કર્યો, તે મહાત્માશ્રીને પહોંચી ગયો. મહાત્માશ્રી તે પત્ર ફોડી વાંચતાં આશ્ચર્યસાગરમાં ડુબી જઇ–અચંબો પામી બોલ્યા કેઃ—વાહ! જગતમાં તૃષ્ણા–દેવીનું પણ કેવું જબ્બર પ્રાબલ્ય છે? અહો! આવા બિચારાઓ મુગ્ધ પામર પ્રાણીઓનું પરલોકમાં શું થશે? તેઓનું જીવન પ્રાયે કરીને જગતમાં પશુ જેવુંજ છે.

એમ અનેક પ્રાણીઓ સદ્ગુરૂના શરણ વિના જ્ઞાન—ભાસ્કરના પ્રકાશને અભાવે દુર્ગતિગામી બન્યા છે. આવા મનુષ્યો ભલે કદાચ

પૂર્વ પુણ્યોદયે ધન ધાન્ય ને ધરાના ધણી અને સુખી હોય, તો પણ તે જીવતે મુવા જેવાજ છે. (૮૯)

रतिपति रतिरक्तं मानसं मानुषाणां।
क्षितिपति वर ! यावद् विद्यते हंतता वत्॥
न विशति हितवाक्यं शुभ्रमप्येवत स्मिन्।
गगनमणि मयुखा स्फाटिके पंकमग्ने॥९०॥

અર્થ—હે ક્ષિતિપતિ મહારાજ ! આ દુનિયામાં જ્યાં સુધી મનુષ્યોનું મન સ્ત્રીના સુખમાં આસક્ત-લુબ્ધ છે, ત્યાં સુધી તેના હૃદયમાં નિર્મળ હિતોપદેશનો અંશ પણ પ્રવેશ કરી શકતો નથી. જેમ કાદવકીચ્ચડમાં ખુંચી ગયેલા સ્ફટિકમણિમાં ચંદ્રનાં કિરણો પડી શકતાં નથી, તેમ વિષયી મનુષ્યોને પણ ધર્મોપદેશ રૂચતો કે લાગતો નથી. (૯૦)

ભાવાર્થ—આ દુનિયામાં મોટામાં મોટું દુઃખ અને મોટામાં મોટું ગાઢ બંધન કહીએ, તો વિષયાસક્તિજ છે.

बद्धो हि कोयो ? विषयानुरक्तः। कोवास्ति मुक्तो? विषय विरक्तः !
को वास्ति घोरो नरकः? स्वदेह।तृष्णाक्षयः स्वर्गपदं किमस्ति ?१९१

અર્થ—બંધાયલો કોણ ? વિષયભોગમાં આસક્ત-પ્રીતિવાળો છે તે. મુક્ત કોણ ? વિષયભોગથી વિરક્ત-વિષયોમાં અરૂચિ ને ઘૃણા વાળો. ઘોર નરક ક્યું ? મળમૂત્રાદિથી ભરેલી ગંદી દેહ આ શરીર. સ્વર્ગપ્રાપ્તિ શાથી થાય ? તૃષ્ણાનો નાશ ને વાસનાનો ક્ષય થાય ત્યારે.

પ્રશ્નોત્તર મણિરત્નમાલાનો આ બીજો શ્લોક છે, તેમાં મુમુક્ષુ શિષ્યે પૂછવાથી કૃપાળુ ગુરુએ તેના મનનું સમાધાન કરવા ઘટતા જવાબ આપ્યા છે. તે સુખેચ્છુને મનનીય અને વિચારણીય છે.

વિષયને વિષે પ્રીતિ–અનુરાગીપણું એ મોટું બંધન તથા ન નિવારી શકાય એવું ભારે દુઃખ છે. વિષયની વાસના–લાલસા એટલી તો પ્રબળ પ્રતાપ બતાવે છે, કે એકદમ મનુષ્યને બેભાન બનાવી દે છે. વિષયાસક્તિ પાંચ પ્રકારની છે, તેમાં સ્ત્રીની વિષયાસક્તિ તો અનિવાર્ય દુઃખોની પ્રાપ્તિ કરાવનારી છે. સ્ત્રીવિષયાસક્તિએ એવી તો પ્રબળ વિચિત્ર શક્તિથી આ સમસ્ત ભૂલોક વશ કર્યો છે, કે તેના પ્રબળ પંજામાં પકડાએલો પ્રાણી–પુરૂષ ભાગ્યેજ વિમુક્ત થઇ શકે છે. ભવભ્રમણનું મુખ્ય કેન્દ્ર મધ્યબિંદુ પણ તેજ છે. એ દુષ્ટા રાક્ષસીએ મોક્ષમાર્ગમાં પ્રવૃત થયેલા અનેક યોગીન્દ્ર મહાત્માઓને પણ પટકી પાડી પછાડયા છે, મોટા મોટા છત્રપતિ સાર્વભૌમ મહારાજાઓને પણ રસ્તાના ભિખારી બનાવી વિકટ વિપત્તિસાગરમાં હડસેલી દીધા છે, કેટલાએક તો તેને માટે મોટાં મોટાં રણસંગ્રામોમાં રમી—લડી લાખો મનુષ્યોને માર્યા છે, અને પોતે પણ મરાણા છે. કહ્યું છે કેઃ–

ઇંદ્રવિજય છંદ.

કામની કારણ રાવણનાં રણ–માહિ મનોહર શીર કપાણા,
કામિની કારણ રાય પદ્મોતેર, આદિ અનેક ભૂપાલ મરાણા;
કામની પ્રિત પતંગ ખરેખર, આખર દુઃખ તણો નહિ આરો,
વદે મુનિ વિનયચંદ્ર ધરીને—ઉમંગ અનંગ પ્રસંગ નિવારો.૪૨૮

વળી મન સ્ત્રીમાં આસક્ત હોય ત્યાં સુધી તેને કોઇ પ્રકારનો ધર્મબોધ પણ લાગુ પડતો નથી, કારણ કે વિશ્વમાં વિષય સમાન એકે મહાવ્યાધિ નથી. તે વિષે કહ્યું છે કેઃ—

नास्ति कामसमोव्याधि र्नास्ति मोहसमोरिपुः ॥
नास्ति क्रोधसमोवह्नि र्नास्ति ज्ञानात्परंसुखम् ॥ १९२ ॥
अनंगाग्नि धूमांधकारेणकामी । न जानातिसाधुं कुसाधुं च किंचित् ॥
न जानाति मार्गकुमार्गं च किंचिंन् ।
न जानाति कार्यंकुकार्यं च किंचित् ॥ १९३ ॥

અર્થાત—કામ સમાન એકે મહાવ્યાધિ નથી, મોહ સમાન એકે શત્રુ નથી, અને જ્ઞાન સમાન એકે પરમસુખ નથી. વળી અનંગ રૂપી અગ્નિના ધુમાડાથી જે કામાંધની ચક્ષુઓ બંધ થઇ ગયેલી છે એવો કામી મનુષ્ય આ સાધુ છે કે કુસાધુ છે? આ કાર્ય છે કે અકાર્ય છે

આ ઉત્તમ માર્ગ છે કે કનિષ્ટ માર્ગ છે એમાંનું કાંઈ પણ દેખી કે સમજી શકતો નથી. કારણ કે શાસ્ત્રમાં નીચે જણાવેલા પુરૂષોને છતી આંખે આંધળા કહેલા છે, તે બાપડા આંખો હોવા છતાંપિ જોઈ શકતા નથી.

न पश्यति जन्मांधः। कामांधो नैव पश्यंति ॥
न पश्यति मदोन्मत्तो। रागी दोषो न पश्यति ॥ १९४ ॥
किं विद्य या किं तपसा। किं योगेन श्रुतेन वै ॥
किं विविक्ते न मौनेनं। स्त्रीभिर्यस्य मनो हृतम् ॥ १९५ ॥

અર્થાત—આ જગતમાં જન્માંધ તો કાંઇ દેખી શકતો નથી, કામાંધ એટલે વિષયમાં અંધ બનેલો પણ કાંઇ જોઈ શકતો નથી, વળી મદોન્મત્ત એટલે મહા ગર્વિષ્ટ અભિમાની પુરૂષ પણ કાંઈ જોઇ શકતો નથી, તેમ રાગી મનુષ્ય પણ કાંઈ ગુણદોષ જોતો નથી. જેના હૃદયમાં સ્ત્રીની ભોગલાલસા ખડી થાય છે; તેને ગમે તેટલી વિદ્યા, મહાન તપશ્ચર્યા, તથા ગમે તેટલાં શાસ્ત્રો ભણવાથી એ શું? અથવા ગમે તેટલી યોગ્યતા હોવાથી પણ શું? અર્થાત કાંઇ જ નહિ. આ દુનિયામાં દરેક વસ્તુ જીતવી સહેલ છે, પણ મદન—કામદેવને જીતવોજ ઘણો કઠણ છે. મોક્ષમાર્ગે જનારા મનુષ્યોને અટકાવનાર—ખાળનાર પણ એજ અનંગ છે. તે વિષે કહ્યું છે કેઃ—

દુહો—એક કંચન દુજી કામની, જગમાં દો તલવાર;
જાતા થા પ્રભુ મીલનકું, પણ બિચમે ખાયા માર. ૪૨૯

મતલબ એ છે કે કંચન અને કામિની એ બેજ મોટી તલવારો છે. મોક્ષમાર્ગમાં બન્ને અંતરાય રૂપ થઈ આડી પડેલી છે. મનુષ્યોને પ્રભુને મળવા જતાં એ બે તલવારોમાંથી એકાદ તો ભાગ્યેજ વાગ્યા વિના રહે છે. અને જે શૂર નર એ તિક્ષ્ણ તલવારના ઝપાટામાં ન આવતાં બચી જાય છે, તે અવશ્ય પ્રભુપદને પામે છે. વળી આ દુનિયામાં મોટી મોટી તપશ્ચર્યા કરવી સહેલ છે, મોટા પહાડોની ગહન ગુફામાં પ્રવેશ કરી તેમાં નિવાસ કરવો સહેલ છે, સૂર્યની આતાપનાઓ તપવી સહેલ છે, મોટા મહાસાગરને બે ભુજાએ કરી તરવો સહેલ છે, મદોન્મત હસ્તીઓની સંગાતે યુદ્ધ કરવું સહેલ છે, મોટા વિકરાળ કેસરી સિંહના મુખમાં હાથ ઘાલવો સહેલ છે, કોઇ પ્રબળ વિદ્યાથી ગગનમાર્ગે ઉડવું પણ સહેલ છે; તથા તિક્ષ્ણ કાંટા ઉપર

પથારી કરી સુઈ રહેવું, તથા કેશનો લોચ કરવો, ભિક્ષા માગી લુખ્ખું નીરસ એક વાર જમવું તે પણ સહેલ છે, વગેરે દુનિયા ઉપર અક્ષરામાંઅક્ષરી અસાધ્ય વસ્તુ હોય, તો તે પણ હંમેશના ઉદ્યમે કરીને અથવા મંત્રાદિકના પ્રયોગો ને પ્રયાસે કરીને, અથવા કોઇ દેવાદિકની સહાયતાથી સાધ્ય ન હોય તો પણ તે સાધી શકાય છે, મહાકઠિન હોય તે પણ સહેલથી મેળવાય છે, પણ એક કામદેવને-વિષયવિકારને જીતવોજ મહામુશ્કિલ-કઠણ કામ છે; જેણે કામને જીત્યો તેણે સર્વ જીત્યું સમજવું. મોક્ષસુખની પ્રાપ્તિ માટે ગમે તેટલી અસહ્ય ઘોર તપશ્ચર્યા વગેરે આકરી ક્રિયાઓ ભલે કરવામાં આવે, પણ જો કંચન અને કામિનીનો ત્યાગ ન થયો હોય, તો તે સર્વ રાખોડીમાં ઘી હોમવા તથા ક્ષાર ભૂમિમાં ખાંતે કરી બી વાવવા જેવુંજ છે. તેને માટે કહ્યું છે કેઃ—

તોટક છંદ.

કદિ મૌન ધરો વનવાસી ફરો,
શિર તાપ આદિ બહુ કષ્ટ કરો;
ઉપવાસ કરો શીરલોચ કરો,
ગિરીગહવરમાં જઇ ધ્યાન ધરો;
દિગવસ્ત્ર ધરી એકભુક્ત કરો,
પદચારી બની ભૂતળે વિચરો;
મુનિ વિનય કંચન-કામિનીના,
પરિહાર વિના ન કદાપિ તરો. ૪૩૦

માટે આ દુનિયામાં તેનેજ ધન્ય છે! તેજ અહોનિશ પૂજવા યોગ્ય છે, તથા વંદન કરવા યોગ્ય છે, કે જેણે સર્વથા સ્ત્રીસંગનો પરિહાર કરી પવિત્ર બ્રહ્મચર્યવ્રત ધારણ કરેલું છે, વળી જેઓનાં હૃદયો સ્ત્રીના તિક્ષ્ણ કટાક્ષરૂપી બાણોથી વિંધાયલાં નથી, તેના હાવભાવમાં મોહિત થયેલ નથી, જગતની સર્વ માનિનીને માતા પુત્રી તથા ભગિની સમાન જેઓ જાણે છે, તે બે પગ વાળો પુરૂષ છતાંપિ તેને પુરૂષોત્તમ ભગવાનજ માનવો—એમ શાસ્ત્ર પ્રમાણ સિદ્ધ કરે છે. તેને માટે કહ્યું છે કેઃ—

દુહા.

નિરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન;
ગણે કાષ્ટની પુતળી, તે ભગવાન સમાન. ૪૩૧

આ સઘળા સંસારમાં, રમણી નાયક રૂપ;
તે ત્યાગે ત્યાગ્યું બધું, કેવળ શોક સ્વરૂપ. ૪૩૨
એક વિષયને જીતતાં, જીત્યો સહુ સંસાર;
નરપતિ જીતતાં જીતીએ, દળ પુરને અધિકાર. ૪૩૩
વિષય રૂપ અંકુરથી, ટળે જ્ઞાન ને ધ્યાન;
લેશ મદિરાપાનથી, છાકે જેમ અજ્ઞાન. ૪૩૪
જે નવ વાડ વિશુધ્ધથી, ધરે શિયળ સુખદાય;
ભવ તેનો પછી નવ રહે તત્વ વચન એ ભાય. ૪૩૫
સુંદર શીયળ સુરત, મન વાણી ને દેહ;
જે નરનારી સેવશે, અનુપમ સુખ લહે તેહ. ૪૩૬
પાત્ર વિના વસ્તુ ના રહે, પાત્રે આત્મિકદાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિ માન. ૪૩૭

વળી શાસ્ત્રકારોએ અધિકારી થવાને માટે પણ વૃત્તિની નિર્મળતા જણાવી છે. કારણ કે જેનું મન મેલું તેનું સર્વ કંઇ મેલું ! કામો ભલે લોક–દૃષ્ટિમાં ઉજળાં જણાતાં હોય, પણ જેની મનોવૃત્તિઓ સદાય મલિન હોય, તો તેનાં કામો બહુધા ફલદાયક નિવડતાં નથી; પછી ભલે તે સંસારી હોય કે સાધુ હોય ! નીચલા શ્લોકમાં કહેલી ત્રણ બાબતો ન હોય, તો તે શ્રાવકપદને કે સાધુપદને લાયક હોઇ શકતોજ નથી. તો પછી મોક્ષપદને લાયક તો બનેજ ક્યાંથી ?

मातृवत् परदारेषु । परद्रव्येषु लोष्टवत् ॥
आत्मवत्सर्वभूतेषु । य पश्यति स पश्यति ॥ १९६ ॥

અર્થાત—જે મનુષ્ય પરસ્ત્રીને માતા સમાન, પરદ્રવ્યને ધુળનાં ઢેફાં બરાબર, તથા જગતના સર્વ જીવોને પોતાના આત્માતુલ્ય જુવે છે; તેજ આ દુનિયામાં સદા દેખતો છે. આમાં ઉપરનાં બે પદમાં સાધુને માટે સર્વથા શબ્દો સમજવા. તેવાજ પુરૂષ મોક્ષમાર્ગના અધિકારી છે, કારણ કે આ ત્રણ વાક્યો એવાં તો દૃઢતા–મજબુતી દર્શાવનારાં છે, કે એ ત્રણ વિના સર્વ આળપંપાળ છે. નાના પ્રકારના વ્રતોની કપરી કષ્ટ ક્રિયાઓ ભલે કરે, પણ જો પરનારી સંગ ન તજે તો તેને લાભ તો નહિ મળે, પણ ઉલટો લોકોમાં ચવાઇ હલકો પડે છે, લાજ આબરૂ ઘટે છે, અપયશ ગવાય છે. સાધુ થઇ અનેક કષ્ટક્રિયાઓ ભલે કરતો હોય, પણ ચોથા વ્રત સંબંધી અનેક ગોટાળા ચલાવે તો

તે મુનિ નહિ પણ ખૂની છે, સાધુ નહિ પણ અસાધુજ છે, ત્યાગી નહિ પણ ભોગી અને યોગી નહિ પણ રોગી છે. બિચારા ભોળા લોકોને પાપપાશમાં ન પડવાનો ધર્મોપદેશ દેતા હોય, અને પોતાના સંબંધમાં તો પ્રપંચોનો પાર ન હોય! લોકોને કર્મના અચળ કાયદા દેખાડતા હોય, પણ પોતે તેથી લગાર પણ ડરતા ન હોય, તો તેથી કલ્યાણ કોનું થવાનું? જરૂર જેનાં જીવનચરિત્રો વિશુદ્ધ અને નિષ્કલંકી છે, તેજ મહાપુરૂષોની ઉપદેશશ્રેણી શ્રોતાઓના હૃદયોમાં અસરકારક નીવડે છે. તે વિષે કહ્યું છે કે:—

મનહર છંદ.

બન્યો જોગીરાજ પણ થયું નહિ કાંઇ કાજ,
કામિનીકનકમાંજ દીલ તો ડુબાય છે;
મોટા તો કરે અવાજ, બોધના સમયમાંજ,
ભામિની ભણાવા કાજ, ભ્રમમાં ભમાય છે;
મસ્તક મુંડાણું પણ, મન ન મુંડાણું,
ભ્રમણામાં ભરમાણું, ટાણું અમુલ્ય ગુમાય છે;
વદ મુનિ વિનયચંદ, સુણજો ભવિકવૃંદ!
એવું જોગીપણું, જગ માંહિ લજવાય છે. ૪૩૮
ભભક ભરેલાં ભલાં, ભાષણો તો ભાખે પણ,
નિજ મન રાખે એક કામિની–કનકમાં;
ગુરૂ બની વાળે ગોટા, પડયા ત્યાગી તણા તોટા,
વધ્યા બહુ ખોટા, ખરેખર આ ખલકમાં;
બને ભામિનીના રાગી, નહિ ભાવના વૈરાગી,
કરે વાતો વિતરાગી, ત્યાગી નામ દે મુલકમાં;
વદ મુનિ વિનયચંદ, સુણજો ભવિકવૃંદ!
એવા જોગીરાજ કેમ, તારશે તોરિંગમાં? ૪૩૯

મતલબ કે સાધુતા વિનાનું સાધુપણું, શ્રાવકત્વ વિનાનું શ્રાવકપણું સંસારમાંથી કદી તારનાર નથી. અનંતવાર આ જીવાત્માએ એવું સાધુપણું અને શ્રાવકપણું લીધું, તથા મેરૂપર્વત જેવડા મુહપત્તિ તથા રજોહરણના ઢગલા કીધા, પણ હજી સુધી આત્મસિદ્ધિ થઈ નહિ, તેનું કારણ એજ છે; કે આપણામાં મોહમમતાની પ્રબળતા, કંચન કામિનીમાં આસક્તિ, અણુવ્રત હોય કે મહાવ્રત હોય, પણ તેમાં એક

ચોથું વ્રત ચોખ્ખું હોય, તો પાંચે ચોખ્ખાં રહી શકે છે. ચોથા બ્રહ્મચર્યવ્રતની ખામી હોય, તો પાંચેમાં ખામી આવે છે—એમ સમજવું. તે વિષે કહ્યું છે કેઃ— દુહા.

એક છે ત્યાં પંચ છે, એક નહિ નહિ પંચ;
નહિ અણુવ્રત મહાવ્રત, એહ બધો પરપંચ. ૪૪૦
સત્ય વચન અરૂ દીનતા, પરસ્ત્રી માત સમાન;
ઉનકુ ન મીલે ભગવાન તો તુલસીદાસ જમાન. ૪૪૧

માટે કામદેવ જેવો એકે મોટો પ્રબળ હરિફ ને અરિ નથી. વળી તે મોટી અગ્નિરૂપ છે, જેનાં હૃદયમાં એ કામરૂપી અગ્નિ સળગે છે, તે સદા શેકાય છે—તરફડે છે અને બેચેન રહી ઘણોજ હેરાન થાયછે. વળી વિષયાંધ માણુસના હૃદયમાં દયા રહેતી નથી. પોતાના સ્વાર્થને માટે પાપી વિષયલંપટ સામાના પ્રાણ પણ લેછે. ચુલણારાણી વિષયમાં અંધ બની પોતાના પેટના સગા પુત્ર બ્રહ્મદત્તનો પ્રાણ લેવાને તત્પર થઇ, સુરીકાંતાએ પોતાના પ્રાણપતિ નિરપરાધિ પ્રદેશી રાજાનો પ્રાણ લીધો. અહાહા ! સ્ત્રીને માટે દરેક પુરૂષ મરી ફીટે છે—પીડામાં પડે છે, તથા તેને માટે ઘણી જાતનાં અનેક આકરાં ને અસહ્ય દુઃખ વેઠે છે. પણ આ જગતમાં સ્ત્રી કોની થઇ છે? કોઇની નહિ. તે વિષે કહ્યું છે કેઃ—

अचलाकमला कस्य ? कस्य मित्रं महीपतिः ? ।
शरीरंच स्थिरं कस्य ? कस्य वश्या वरांगना ? ॥१९७॥

અર્થાત—લક્ષ્મી કોના ઘરમાં અચળ થઇને વસેલી છે? અને રાજા કોનો મિત્ર થયો છે? શરીર કોનું સ્થિર રહ્યું છે? તથા સ્ત્રી કોને વશ રહી છે? સ્ત્રીઓનાં રહસ્યમય ગૂઢ ચરિત્ર અનેક છે, પોતે ધારે તો કઠણમાંકઠણ કાર્ય સિદ્ધ કર્યા વિના રહે નહિ! તે પોતાના કોમળ વચનથી અને વ્યલીક હાવભાવથી ફસાવી પુરૂષને વશ કરી યથેચ્છ વર્તે છે! પુરૂષ પણ વિષયમાં અંધ બની તેનેજ સર્વસ્વ જાુવે છે સમજે છે ને તે કહે તેમ કરે છે, તેને માટે મહા અનર્થકારી કાર્યો પણ કરે છે; તે વિષે કહ્યું છે કેઃ—

अकृत्यं मन्यते कृत्यमगम्यं मन्यते सुगम् ॥
अभक्ष्यं मन्यते भक्ष्यं । स्त्रीवाक्प्रेरितो नरः ॥१९८॥

અર્થાત—સ્ત્રીના પ્રેમ વચનથી પ્રેરાયલો વિષયાંધ કામી માણુસ

અકૃત્ય હોય તેને કૃત્ય માને છે, અગમ્ય હોય તેને ગમ્ય માને છે, અભક્ષ હોય તેને ભક્ષ માને છે. દાખલા તરીકે એક પદ્માવતીના વચનથી દોરાઇ હાર તથા હાથીને માટે કોણિકરાજાએ પોતાના સગા સહોદર વેલ અને બ્યાસની સાથે મોટો રણસંગ્રામ માંડયો, અને એ મહાયુદ્ધમાં એક કરોડ ને એંસી લાખ માણસની ઘાત થઇ. વળી તે સંહારક લડાઇનો અંત આણવા કુળવાળુઆ સાધુને કપટશ્રાવિકા બની કોણિકરાજાની વેશ્યાએ ભ્રષ્ટ કર્યો. તે સાધુ મહાતપસ્વી હતો, સદા વનવાસી હતો, છતાં પ્રપંચી હાવભાવમાં પડયો ફસાયો અને વેશ્યાએ પોતાને આધિન કર્યો. એમ માયામોહિની–મૂર્તિ સ્ત્રીઓએ ઘણાઘણા મહાત્માઓને સંયમમાર્ગથી ભ્રષ્ટ કરી પટકી પાડયા છે! અષાઢભુતિ અણગાર કે જેને નટપુત્રીઓએ વશ કર્યો ને છેવટ પોતાને ઘેર કાયમ રાખવાનો પ્રયાસ સફળ કર્યો, પણ સદ્‌ભાગ્યના ઉદયે ગુરૂઆજ્ઞાનો બોજો માથે લીધો. ગુરૂની આજ્ઞા લેઇ જરૂર આવીશ એમ કહી ગુરૂ સમીપે આવી તે યુવતી નટીઓને ઘેર જવાનો દઢ નિશ્ચય જણાવ્યો. ત્યારે ગુરૂએ ઘણીઘણી રીતે સમજાવ્યો પણ તેને બોધ ન લાગ્યો! જેનાં હૃદય અને કાન સાબુત હોય તેનેજ બોધવચનો ઉપયોગી થાય છે, બીજાને શ્રવણમાં ઉદકબિંદુની માફક શલ ઉત્પન્ન કરે છે અને હૈયામાં સાલેછે; આ પુરૂષના સંબંધમાં પણ અત્યારે તેમજ થયું. મન સાથે ગુરૂએ વિચાર્યું કે, અહો! જે મુનિ અનેક શાસ્ત્રોથી વૈરાગ્યરંગમાં રંગાયલો હતો, તે અત્યારે સ્ત્રીના વિષયરંગમાં રંગાઇ કેવાં વિપરીત વચનો ઉચ્ચારે છે? કયાં ગયો તેનો અપૂર્વ જ્ઞાનાભ્યાસ? કયાં ગઇ તેની સમાધી? કયાં ગયો તેનો વૈરાગ્ય રંગ? જેના હૃદયમાં નવોઢા નારીએ વાસ કર્યો, તેને તો તે સર્વ હવાની માફક કયાંઇ ઉડી જાય છે કે પત્તો નહિ! ગુરૂ કહે છેઃ—હે શિષ્ય! અચાનક આ તને શું થયું? તારા વિચારો આમ તદ્દન કેમ પલટાઇ–બદલાઇ ગયા? એ કામિનીની મોહિનીએ તારૂં હૃદયચક્ર તદ્દન ફેરવી–ઉલટાવી નાંખ્યું છે તે વિષે કહ્યું છે કેઃ—

તોટક છંદ.

द्विजराजमुखी गजराजगति–
स्तरुराज विराजित जंघतटी ॥
यदि सा दयिता हृदये वसति ।
क्व जपः क्व तपः क्व समाधि रिति? ॥ १९९ ॥

અર્થાત—ચંદ્ર સમાન મુખવાળી–ચંદ્રમુખી, ગજસમાન ગતિવાળી ગજગામિની, સુંદર કટીવાળી, કદળી સ્થંભજેવી જંઘાવાળી એવી નવયૌવના સ્ત્રીએ જેના ચિત્તમાં પ્રવેશ કર્યો; એટલે તેને તપ, જપ. સમાધિ એ સર્વ વૃથા છે. કારણકે પછી તેને તપે શું ? જપે શું ? અને સમાધિ પણ શું ? અર્થાત્ તેમાંનું કશું તેને રહેતું નથી ! વળી હે શિષ્ય ! જરૂર યાદ રાખજે, કે સ્ત્રીઓ હળાહળ ઝેરની ભરેલી ઝોળી ને વિષનીવેલ્લી છે, કુડકપટની કોથળી છે, સ્વાર્થનીજ સગી છે, તે ફરે તો પ્રાણ લેવાં પણ ચુકે નહિ. મોક્ષપંથના પ્રવાસીને તે ખરેખર પરિપંથીની પીડારૂપ છે. તેના સંગે કરી પાછળથી પ્રાણીયોને બહુ પસ્તાવું પડે છે. તે નરકની ખાણ છે ! તેને તો કામીપુરૂષેજ વખાણી છે, પણ જ્ઞાનીઓએ તો દુઃખરૂપેજ જાણી છે. તે વિષે મહાત્માશ્રી મસ્તરામે કહ્યું છે કેઃ—

ચોપાઈ.

નારી જાણો નરકનો સાજ, અંતરમે વિષયની દાજ;
ઘુંઘટ તાણે લોકની લાજ, બિગાડયો મુક્તિનો કાજ. ૪૪૨
નારી જાણો નરકની ખાણી, ઓહી રહ્યાછે સઘળા પ્રાણી;
નિશ્ચે કરે મુક્તિની હાણી, મસ્તરામની સુણજો વાણી.
એક જગતમેં દેખી નારી, બિગાડયો તેણે બ્રહ્મચારી; ૪૪૩
નરકે તો પહોંચી ગઈ નારી, ભેગો તો લેઇ ગઇ બ્રહ્મચારી.

આવાં આવાં અનેક બોધવચનો કહ્યાં, અને દષ્ટાંતો પણ ઘણાં આપ્યાં, પણ તે સર્વે મુડદાની માવજત કર્યા બરોબર નિષ્ફળ ગયાં ! છેવટે તેના ભલાને માટે અગમચેતીથી જ્ઞાની ગુરૂએ ઉન્નતિની એક કુંચી બતાવી કેઃ–“ તેના ઘરમાં મદિરા અને માંસ ન દેખે તો રહેજે, અને જે દિવસે તું તેના ઘરમાં તે મદ્યમાંસ એ વસ્તુ દેખે, એટલે તું તુરતજ તેનો ત્યાગ કરજે–તજી દેજે.”ગુરૂવચન બહુ માનપૂર્વક સ્વિકારી સ્વકાર્યસિદ્ધિ માટે તે આનંદભેર ચાલ્યો. ગુરૂવચન પ્રમાણે બાર વરસ ત્યાં રહ્યો, પછી એકદા ત્યાં માંસ દારૂ દીઠાથી તે નટીઓને તજી દેઇ સદ્ગુરૂનું શરણું પુનઃ ગ્રહ્યું, અને સર્વજ્ઞ થઈ સુખી થયા.

એમ સ્ત્રીના પ્રસંગથી અનેક ત્યાગી અને રાગી તથા યોગી ને ભોગી મહાવિટંબણામાં આવી પડી અકાળે મરણશરણ થઇ અધોગામી થયા છે. નમીરાજાની માતા સતી મદનરેખાના રૂપ માધુર્યથી મોહિત થયેલો મણીરથ રાજા દુષ્ટ થયો હતો, પોતાના લઘુબંધુની પત્ની તો

પુત્રી સમ હોય, એવો વિચાર દૂષિત કલુષિત હૃદયના કામાંધ રાજાને ક્યાંથી આવે ? કામી નરો તો રૂપને જુવે છે ! સગપણને, દયાને, લજ્જાને ધર્મને કર્તવ્યને કે પરલોકના ડરને જોતાજ નથી; તે તો પોતાની દુષ્ટ કામના, મનોવાંચ્છના લાલસા અને વાસના સિદ્ધ થયેલીજ જોવાનેજ આતુર રહે છે; અને પોતાની કાર્યસિદ્ધિ માટે મહાજુલમ પણ કરે છે. મદનરેખાની પ્રાપ્તી માટે દુષ્ટ મણીરથે નિરપરાધી લઘુબંધુને ઠાર માર્યો. અહાહા ! કામદેવ અનંગ છતાં કેવો બળવાન છે ? નિર્દય છે, કરપીણ છે, નિર્લજ છે. તેને આધિન થયેલાં નરનારીઓ કેવાં બેહાલ સ્થિતિમાં આવી જાય છે ? મદન–મન્મથ જેને વળગ્યો તેનું તો સર્વ નાશ થાય છે, એ કામાંધ મણીરથ રાજાએ પોતાનો દુષ્ટ પ્રયાસ સફળ અને હેતુ ફળિભૂત થયો માન્યો, અને મન સાથે બડબડયો કે:—બસ ! કામ સિદ્ધ થયું ! નડતી આડખિલી–ડખલ ગઇ, હવે નિરાધાર બનેલી પ્રિય મદનરેખાને હું નિરાતે ભોગવીશ ! પણ **पापी पापेन पच्यते ॥** કર્યાં કર્મો પહોંચ્યા વિના રહેતાં નથી, કર્મનાં ફળ તેજ ભવે કે પછી પરભવે મળેજ છે. હા દૈવ ! તે દુષ્ટ કામાંધ રાજા કેદ પકડાયો, મહા ભયંકર સર્પથી કરડાયો. અને અકાળે વિષયવાસનામાંજ મરાયો ! મદનરેખા સગર્ભા છતાં શિયળભંગના ડરથી સતીત્વરક્ષાર્થે નાશી ગઇ, પોતે સતી નારી હતી, "પ્રાણ ભલે જાય, પણ શિયળ ભંગ તો નજ થાય " એ સિદ્ધાંત–મુદ્રાલેખ તેના હૃદયમાં ઉંડો કોતરાઇ રહેલો હતો. કારણકે શિયળવ્રત રત્નચિંતામણી સમાન છે.ચિંતામણી સદ્‌ભાગ્યના ઉદય વિના કોઇને મળતો નથી,તેમ શિયળવ્રત પણ સદ્‌ભાગ્યનો ઉદય હોય તોજ અખંડ પાળી શકાય છે. કારણકે તે વિષે કહ્યું છે કે:—

છપય છંદ-

પરનારીનો સંગ તજો તમે ઉત્તમ પ્રાણી,
શિયળ પાળો નિર્મળુ આતમહિત જાણી;
પરનારીના સંગ થકી, તમે નિરધન થાશો,
આ ભવ દંડે રાજ્ય, પરભવ નરકે જાશો;
એવું જાણી પ્રાણીઆ, પાળો શિયળવ્રત સોહામણો.
પ્રકાસિંગ વાણી વદે એ મહિમા ચોથા વ્રત તણો. ૪૪

અર્થાત:—ચોથા વ્રતનો મહિમા ઘણો ઉત્તમ પ્રકારે વર્ણવ્યો

છે, તેને ખંડન કરનારા બહુ પ્રકારે દુઃખને પાત્ર બને છે. રાવણ, પદ્મોતેર, કીચક, દુર્યોધન વગેરે પુરાતની કાળમાં ઘણા છત્રપતિ રાજાઓ વિષયલંપટ થવાથી તે કામી હરામી પાપી મહાદુઃખી થઇ ભુંડી રીતે કમોતે મુવા છે. અને પોતાનાં રાજ્યપાટ હારી બેઠા છે. વળી આધુનિક કાળમાં કરણઘેલો, મલ્હારરાવ ગાયકવાડ વગેરે પણ ઘણા પુરૂષોને કામી થઇ વિષય વહાલો કરવા માટે રાજપાટ ખોવાં પડયાં છે, જગતમાં અપયશનું મહાકલંક લાગ્યું બદનામી આવી ને નામોશિનું મોટું નગારૂં વાગ્યું છે. હવે તે સંબંધી એક દૃષ્ટાંત આપે છે.

(૧૦૨) કામી હરામી લલિતાંગકુમારની બદનામીની વાત.

કોઇ એક નગરમાં લલિતાંગ નામે શ્રેષ્ઠીપુત્ર હતો, ઘરમાં લક્ષ્મી અઢળક-ઘણી હતી, તેથી તે મનમાં ધનમદ ઘણો રાખતો, કે મારા જેવો ને મારા જેટલો કોઇ શ્રીમંત સુખી નથી ! વળી માંથે માતાપિતા હોવાથી પોતે નફકરો-નચિન્ત હતો. તેના મનમાં અભિમાનનો પાર ન હતો ! એક તો ઉત્તમ કુળનું અભિમાન, બીજું ધનનો મદ, ત્રીજું જુવાનીનો તોર, રૂપનું ગુમાન અને મોટાઇની મગરૂરી, એટલે જ્યાં જોઇએ ત્યાં અભિમાન અને ગુમાનજ ભર્યું હતું. ભાઇશ્રી ભણ્યા હતા મોટું ભારે મીંડું ! એટલે અક્ષરશત્રુ રહ્યા હતા ! લક્ષ્મીદેવી અને વિદ્યાદેવીને અનાદિકાળના હાડવેરનો પ્રત્યક્ષ પુરાવો એ લલીતાંગ હતો. ભણવું એતો એક જાતનો પેટની વેઠ ને ગુજારાનો ઉપાય છે, માટે ગરીબો ભણે ! મારે ભણવાની લમણાઝીક ને માથાકુટ કરી મફતની મગજ મારી કરી દુઃખ શામાટે વોહોરવું જોઇએ ? એમ વિદ્યાના વેરી ઘણા ધનવંતોના લાડકડા લાલજીઓ-પુત્રો માને છે, પણ સુખ-દુઃખની દશા ચંદ્રસૂર્યની ગતિ પેઠે પર્યટણ કર્યા કરે છે, એ વિચાર ધનાઢયોનાં શૂન્ય હૃદયમાં ભાગ્યેજ સ્ફુરે છે; આપણો દૃષ્ટાંત નાયક પણ એ પ્રકારનો તરંગી બન્યો હતો. અધુરામાં પુરૂં અપલક્ષણ એ આવી પડયું હતું, કે ભાઇસાહેબ વિષયલંપટ વ્યભિચારી-છિનાળવા બન્યા હતા ! મઝાનાં ઇસ્ત્રી ટાઇટ કપડાં પહેરવાં, મોજમઝામાં ઇચ્છા મુજબ ફરવું, સ્ત્રીમંડળનો મેળાવડો હોય ને વિશેષ પરિચય થાય ત્યાં જવું, ઉભા રહેવું વિષયબુદ્ધિથી ધારીને નિરખ્યા કરવું; લાગ મળે તો ઇચ્છિત કામના સફળ કરવી,-એમ એ વિષયલંપટ લલિતાંગ ઘણી એક સ્ત્રીઓનાં શિયળ લુંટતો; પોતે શેઠપુત્ર હોવાથી મહામિજાજી અને પૂર્ણ પ્રપંચી હોવાથી કોઇ તેને કંઇ કહી શકતું નહિ. "નાગાથી

પાદશાહ આધા !" એ કહેવત જેવું આને પણ થયું હતું. અનેક ચોરીજારીનાં કામો કરવાં અને ઉપરથી સાચા ને સતીયા બનવાનો ખોટો દંભ બતાવી લોકોને છેતરવા—આંખમાં ધુળ નાંખવી, એવા પ્રપંચ કામાંધ વિષયલંપટોને વિશેષે કરી બહુ સારા કરતાં આવડે છે. વળી વિષયલંપટોમાં ઉદારતા, નમ્રતા, દક્ષતા, વાણીની મધુરતા, હૃદયમાં નિર્દયતા, મુખાકૃતિમાં શાંતતા, અને ઉપરથી કામમાં કુશલતા અને ધૂર્તવિદ્યામાં પ્રવિણતા વગેરે અનેક લક્ષણો કામી નરોમાં વસેલા હોય છે. લલિતાંગકુમાર પણ તેવોજ નિપુણ નર હતો ! પોતાનો સ્વાર્થ સાધવા માટે ઉપર કહેલાં લક્ષણોમાં પાવરધો થયો હતો. કપુત દીકરાનાં અપલક્ષણની ખબર તેનાં માતપિતાને થઇ હતી, પણ મગદુર શી કે તે પણ લાડવાયા લલિતાંગને શિખામણ દેઇ શકે ? અરે કુપાત્ર કુબુદ્ધિ અને કામાંધ નરોને કોઇ પહોંચીજ ન શકે ! તેને તો તેનાં કર્મજ પેશ પહોંચાડે ! માતપિતાએ તો વંશબોળુનું અદીઠ કરી માન્યું હતું કે અમારે પુત્રજ નથી, કેમકે આવા દુષ્ટ પુત્ર કરતાં અપુત્રત્વ —વાંઝીયાપણું સારૂં ! કુપાત્ર પુત્ર વગેરે બાર બદમાસોને તો મોટી ગાંસડી બાંધી મહાસાગરના ઉંડાજળમાં પધરાવી દેવા જોઈએ ! તેનાં માતાપિતા પણ કુળકલંક દીકરા માટે એવુંજ માનતાં હતાં.

ઇંદ્રવિજય છંદ.

પુત્ર કપુત્ર કુલછન નાર, લડાક પડોશી લજાવક સાળો,
ભ્રાત અદેખો રૂ લંપટ પ્રોહિત, લોભિ હી મીત્ર અતિત ધૂતારો;
ચાકર ચોર નિશાનક ઢોર, હે સાહેબ સુમ દીવાન કુઠારો,
કવિ ગંગ કહે સુન શાહ અકબર ! બારેકું બાંધ સમુદ્રમે ડારો.૪૪૫

આ બાર જણાઓ દુનિયામાં નકામા—ભારરૂપ જેવાજ છે ! હવે તો માતપિતા પણ તેને છેડતાં નહિ. પછી એક વખત કોઇ સાધુ મહાત્માને તેનાં કુલક્ષણો જાણવામાં આવ્યાં હતાં, તેથી તેમણે પરસ્ત્રી સંબંધી દોષ વિષે બોધ આપ્યો કેઃ—હે આત્મબંધુ ! પરસ્ત્રી સંગમાં બહુ પાપ છે, આ ભવ પરભવમાં તે બહુ દુઃખદાયી છે, મહા વિકટ સંકટસાગરમાં ઉતારનારી છે, પરનારી સંગથી પુરૂષો મહાદુઃખ પામ્યા છે, ઘણા કામી પુરૂષો મોહને લીધે સ્ત્રીને ઘણી ઉપમાઓ અને વિશેષણો આપે છે, પણ ઝેરમાં અમૃતની પ્રાપ્તિ ને અગ્નિમાં શિતળતા હોતી નથી, તેમ નીચ સ્વાર્થી અને કુલટા સ્ત્રીમાં સુખ સદ્‌ગુણની પ્રાપ્તિ ક્યાંથી હોય ? તે વિષે કહ્યું છે કેઃ—

માલીની વૃત્ત.

નહિ નહિ શશીવદની, નહિ વળી ગજગમની,
નહિ નહિ પ્રિયવદની, નહિ વળી જગતજનની;
નહિ નહિ સુરરમણી, નહિ વળી પ્રાણપ્યારી,
નરકદુ:ખ જનોને, કેવળ આપનારી. ૪૪૬
મુજ તનરંગરસીયા, રંગીલા જેહ રાણા,
કુવણ દીશ ગયા તે, લાધતા નહિ ઠેકાણા;
કનકપુરી પ્રજાલી, અંજના સુત હામે,
રણ માંહિ રણજાડયો, રાવણોરાય રામે. ૪૪૭
દુરીત દુશાસને, પ્રેમદા પાલવ તાણ્યો,
સુત વીત મિતસાથે, આપનો અંત આણ્યો;
શૂરવીર ધીર બેઠા, હામ ને દામ હારી,
દુરીત કીચકકેયાને, ભીમડે નાખ્યો મારી. ૪૪૮

વગેરે અનેક પરસ્ત્રીથી થતાં દુઃખો વર્ણાવ્યાં, પણ આનું હ્રદય તો કામાગ્નિથી ભરપુર હતું, તેથી સુબોધસુધાની અસરજ થઇ નહિ, પણ ઉલટી અગ્નિમાંહિ ઘીની આહુતિ પડે; તેમ કામની સાથે ક્રોધ ઉદ્ભવી રોષાગ્નિ પ્રજવલીત થયો. કારણકે કામી માણસને દીધેલો ઉપદેશ ત્રિદોષ જ્વરવાળાને આપેલા ઘીસાકરની પેઠે વૃથા—અહિતકર થાય છે. તેમ તેનું લક્ષ પણ હતું તેજ કાયમ રહ્યું—ચળ્યો નહિ ! માણસોમાં જે ટેવ પડી જાય છે, તે કેમે કરી—સહેજે ટળતી નથી.

દુહો—બારે કોશે બોલી બદલે, તરૂ વન બદલે શાખ;
જાતે જનમારે કેશ બદલે, પણ લખણ ન બદલે લાખ. ૪૪૯

લલિતાંગકુવર બણીઠણી ઠાઠમાઠથી ઠઠારો કરી શહેરમાં કોઇ પ્રસંગે જતો હતો. ઘણું કરીને વિષયાંધ નરો છેલછબિલાઇ બહુ રાખે છે. રસ્તામાં જવાં રાણીનો મહેલ આવ્યો, રાણી બારીમાં બેઠી હતી તેણે આ શોખીન ફક્કડ—ફાંકડા સહેલાણી પુરૂષને જોયો. રાણી ઘણી રૂપવાન હતી, પણ રાજા પ્રત્યે તેની પ્રીતિ ઓછી હતી, તેને લલિતાંગને જોતા વેંત વિષયવૃત્તિ—કામેચ્છા પ્રકટ થઈ. લલિતાંગ પણ રસ્તે જતાં નજર આડીઅવળી કર્યા કરતો હતો, હ્રદયમાં અને ચક્ષુમાં જેને વિષયવિષ—ઝેરજ ભરેલું છે, તેથી તે રસ્તે જે કોઇ રૂપાળી સ્ત્રી ભાળે તેના ઉપર કુદષ્ટિ ને કુડી કલ્પના કરે છે, કામ સિદ્ધ ન થાય પણ

મનવચનથી તો કર્મનો કોટ બાંધે! એવો અલબેલો લલિતાંગ અનેક પ્રકારના વિષયવિચારોમાં ચાલ્યો જતો હતો, સ્વાભાવિક તેની નજર ઉંચી ગઇ. તેટલામાં તો રાણીએ પ્રેરેલી એક દૂતીએ આવી નેત્રકટાક્ષથી ઇસારો કર્યો, આ તો વિષયનો ભિખારી હતો, તેથી તુરત તેની સાથે ચાલ્યો. પણ વિચાર સરખોયે ન કર્યો, કે હું કયાં જાઉંછું? આ કોનું ઘર છે? આનું પરિણામ શું આવશે? રાજાની રાણી શાસ્ત્રમાં માતા તુલ્ય કહી છે, પણ વિષયના વિલાસી અને ભોગના ભિખારીઓ તો એ વિચાર ભાગ્યેજ કરે છે. નીતિશાસ્ત્રમાં પાંચ પ્રકારની માતા કહી છે.

राजपत्नी गुरोपत्नी । श्रेष्ठीपत्नी तथैव च ॥
श्वसुरपत्नी स्वमाता च पंचैते मातरः स्मृतः ॥ २०० ॥

અર્થાત—રાજ્ય રાણી, વિદ્યાગુરૂની સ્ત્રી, શેઠની સ્ત્રી, સાસુ અને પોતાની જનેતા-માતા એ પાંચ માતા સમાન છે. પણ લલિતાંગ તો ઘણો કામવિકારી હતો, તેથી તેને તો આ વાતનું ભાન રહ્યું નહિ. તે તો દાસીની સાથે અતિ હર્ષભેર એકાંત માર્ગે થઇ બેધડક ઉપર ગયો.

દુહા.

કઠીન પ્રેમનો દોર છે, દેખી દીલ દુભાય;
ચડતામાં દુઃખ ચોગણું, કોમળ કર છોલાય. ૪૫૦
ઉપર ભયનો મહેલ છે, નીચે દુઃખની રેલ;
ચડવું તો બહુ સહેલ છે, પણ ઉતરવું મુશ્કેલ. ૪૫૧
પરનારી ઝેરી છુરી, મત લગાના અંગ;
રાવણુકે દશ શિશ ગયે, વો પરનારી પ્રસંગ. ૪૫૨
તન ધન જોબન આબરૂ, સળગાવવા જો ચાહો;
નરક કુપને જાચવા, તો પરગૃહમાં જાઓ. ૪૫૩

રાણી પણ સાતમે માળ જઇ છેલછબિલાની વાટ જોઇ બેઠી હતી. મનમાન્યો પુરૂષ આવ્યો કે તુરત તે ઉભી થઇ તેને આદરપૂર્વક અંદર તેડી ગઈ, અને હૃદયકપાટ ખોલી કામની ગોલી બોલી કે આપ સરખા ભોગી પુરૂષનો પ્રસંગ-સમાગમ પામી આજે હું કૃતાર્થ થઈ છું! આજથી મારો આ દેહ આપને અર્પણ કરૂંછું. એમ ઘણા ચેનચાળા ને હાવભાવ દેખાડી છત્રપલંગ ઉપર બેસાડી સામી ઉભી રહી, પાનપટ્ટી વગેરે મુખવાસ ખાધાં ખવરાવ્યાં. બન્નેને મનવાંચ્છિત થવાથી હર્ષનો

પાર રહ્યો નહિ. જુઓ! કામી સ્ત્રીઓનો કેવો અગમ્ય સ્વભાવ છે? વિશાળ રાજ્ય મળ્યું હતું, રાજાનું માન પૂર્ણ હતું, અનેક સુખસામગ્રીઓ ને સાધનો પુણ્ય મુજબ મળી રહ્યાં હતાં. છતાં નીચ ને નફટ બની રાણી કામકીચમાં પડી આત્માને અધ બનાવવા તૈયાર થઇ! સ્ત્રીઓ ઘણું કરી વિષયની વેલી ને કામની ચેલી હોય છે. પુરૂષનો વિષય બળતા પુળા સમાન અને સ્ત્રીઓનો વિષય લુહારની કોડ સમાન શાસ્ત્રે વર્ણવ્યો છે. તે વિષે કહ્યું છે કેઃ—

શાલિની વૃત.

काके शौचं द्युतकारे च सत्यं ।
सर्पेक्षांतिः स्त्रीषु कामोपशांतिः ॥
क्लीबे धैर्य मद्यपे तत्वचिंता ।
राजा मित्रं के न द्रष्टं श्रुतं वा ॥ २०१ ॥

અર્થાત—કાગડામાં પવિત્રતા, જુગારીમાં સત્ય, સર્પમાં સમતા, સ્ત્રીઓમાં કામવિકારની ઉપશાંતિ, નપુસકમાં ધૈર્યતા, દારૂ પીનારમાં તત્વવિચાર, અને રાજા કોઇનો મિત્ર એટલા વાનાં હોતાં નથી; કોઇએ દેખ્યાં કે સાંભળ્યાં નથી. આ રાણીએ પ્રેમભાવ બતાવી પોતાનો દેહ અર્પણ કરવાનું કહ્યું, તે સાંભળી લલિતાંગકુમાર બોલ્યો કેઃ—હે સ્નેહલતિકે! કદાચ રાજા આવે અગર આ વાત જાણે, તો મારી શી વલે થાય? ત્યારે રાણી બોલીઃ—અરે લેહેરીલાલા! તું મારી કળા નથી જાણતો! રાજા તો શું પણ રાજાનો બાપ જાણે તો યે શું! વારે તે માટે જરા પણ ડરવું નહિ નચિંત રહેવું,અમારીકળા અઘાટ છે,પરમેશ્વર પણ અમારી અકળિત કળા જાણવાને અશકય છે.શંકરને ભીલડીરૂપ પાર્વતીએ છેતર્યા, પીંગલાએ માળવપતિ ભર્તૃહરિ રાજર્ષિને છેતર્યો, ઇંદ્રને ઇંદ્રાણીએ નમાવ્યા, ભોજરાજાને તેની સ્ત્રી ભાનુમતીએ ઘોડો બનાવી તેનાપર સ્વારી કરી—સાત ચાબુક લગાવ્યા, કાલિદાસ જેવા કવિવર મહાધુરંધર પંડિતને પણ સ્ત્રીએ વગર કારણે દાઢીમૂછ બોડાવી છેતર્યો. વગેરે મહાસમર્થ શૂરવીર ઇશ્વર ઇંદ્ર ચંદ્ર નરેંદ્ર વગેરે છત્રપતિ મહારાજાઓને તથા જોગી જતી જ્ઞાની ધની માની વિદ્વાન વગેરે મહાસમર્થ પુરૂષોને પણ અમારી ઇચ્છામુજબ નચાવી રમાડી ખેલાડી અવનીમાં હાંસીને પાત્ર બનાવ્યા છે. અમારાં કામકટાક્ષરૂપી તિક્ષ્ણ તીર નેત્ર-

બાણના ઝપાટામાં નથી આવ્યા, ત્યાં સુધીજ જ્ઞાન, ધ્યાન, માન અને શૂરાતન સમજવું. આખી આલમ પાસે ભલે ગુલામી કરાવી સલામી લેઇ મોટાઈ માનતા હોય, પણ અમારી પાસે તો તે બાપડાને રાંક ગુલામ બનાવી અમે યથેચ્છ રમાડીએ છીએ! તે વિષે કહ્યું છે કે:—

મનહર છંદ.

વાંકડી મુછળીવાળા, રંગીલા ને રઢીઆળા,
છેલછોગાળા ભાળ્યા, નારીએ રમાડીયા;
માની મછરાળા જ્ઞાની, ધ્યાની વળી ગુણવાળા.
દુંદાળા કુંદાલા ચોર, ચંડાળ ને ચાડીઆ;
વૃદ્ધ યુવાન બાળા, જોગી ભોગી ને દયાળા,
વરણે ઉજ્વલ કાળા. ભામાએ ભમાડીઆ;
દેવતાના દીગપાલા, જળ સ્થળ વ્યોમવાળા,
ખોડીદાસ સ્વાર પાળા, સમા એ રમાડીઆ. ૪૫૪

એમ ઘણી રીતે પોતાના સ્ત્રીચરિત્રની વડાઈની વાતો કરે છે, તેવામાં દાદરે ચોકી કરવા ઉભી રાખેલી દાસી એકદમ દોડી આવી બોલી કે:—બાઈ! જલદી કરો ઝટ બારણું ઉઘાડો! રાજાસાહેબ પધારે છે. રાણી તો બેબાકળી બની ગઇ, હાય આજે ગજબ થયો! હવે શું કરવું? તેટલામાં તો રાજાએ આવી કમાડ ખખડાવ્યાં, આ બનાવથી તો રાણીના ગભરાટનો પાર રહ્યો નહિ. લલિતાંગ કહે મને ક્યાંહી બચાવ, નહિ તો હું મરી ગયો સમજવો, ભોગ લાગ્યા મારા કે તારા મહેલમાં આવી ચડયો! રાણીએ કહ્યું કે:—આ હોલ એકજ છે, અહીં છુપાવાની જગા એકે નથી, એક માત્ર આ પાયખાનું છે. માટે તેમાં ઝટ પેશી જા, તો બચીશ, નહિ તો તારા ને ભેગા મારા બાર વાગ્યા સમજવા. એમ બન્નેનો વિષયવિકાર અને ફિશાયરી ઉડી ગયાં અને પોતાના પ્રાણ તથા લાજ બચાવવાનાં ફાંફાં મારવા ને ફિકર કરવા લાગ્યાં. છેવટે નાછુટકે લલિતાંગ સંડાસમાં જીવતો નરકાગારમાં પેઠો! રાજાનું શરીર ભારે હોવાથી પકડી રાખવા માટે ત્યાં દોરડું બાંધ્યું હતું, તે દોરડું થોભાવી તેને સંડાસની અંદર લટકાવ્યો.

લાવણી.

વ્યભિચાર કપાવે શિર અરે એક પળમાં,
વ્યભિચારી જનનો જીવ, સદા જોખમમાં,

ચોરી જુઠ ને કંઈ પાપ કરાવે જનને,
રે કરે અતિ બેહાલ, હરે તન ધનને.
પરનાર પતિવ્રત ભંગ કરો ના ભાઈ,
પરનાર નર્કનું દ્વાર તજો દુઃખદાઇ;
જેવી પોતાની નાર અન્યની એવી,
તો હરો પરાયો માલ દુષ્ટતા કેવી ? ૪૫૫

પછી જાજરૂનું બારણું બંધ કરી તાળું દઇ સાવધાન થઇ બારણાં ઉઘાડયાં, એટલે રાજા અંદર આવ્યો. બહુ વાર લાગવાથી વહેમ તો પડયો, પણ પોતાને ચુંક આવેલી હોવાથી રાણીને કહ્યું કે કળસ્યો તૈયાર કર! મારે પાયખાનામાં જવું છે, આજ પેટમાં ચુંક આવી એટલે શું કરવું ? રાજા તો એકદમ કળસ્યો લેઇ સંડાસમાં ગયો. ત્યારે રાણી મનમાં બોલીઃ-હાય હાય ! ભોગ મળ્યા ! ઓલ્યાને પાયખાનામાં સંતાડયો છે, હવે શું કરવું ? અહીં રાણીને અમુઝણ ને અફસોસનો પાર રહ્યો નહિ. સ્ત્રીઓમાં સાહસ કર્મ બહુ હોય છે, અણવિચાર્યાં પગલાં ભરે સાહસકર્મ કરે, પણ તેના પરિણામનો વિચાર બિલકુલ ન કરે. તે વિષે કહ્યું છે કેઃ—

अनृतं साहसं माया । मूर्खत्वमतिलोभता ॥
अशौचं निर्दयत्वं च । स्त्रिणां दोषा स्वभावजा ॥२०२॥

અર્થાત—જુઠ, સાહસ, માયાકપટ, મૂર્ખાઇ, લોભીપણું, અશૌચતા અને નિર્દયતા, એ સાત દોષો ઘણું કરીને સ્ત્રીજાતિમાં કાયમ હોય છે. એ પ્રમાણે સાહસિક રાણી વિચારમાં પડી છે, તેવામાં રાજા ઝાડો થઈ રહેતાં જાજરૂમાં દોરડું ઝાલી જેવો ઉભો થયો કે તુરતજ દોરડું તૂટી ગયું. કારણ કે તે ઘણા વખતનું જીર્ણ હતું, અને વળી બે જણાના શરીરનો સામટો ભાર આવ્યાથી તે એકદમ તૂટયું; અને અંદર લટકેલા ભાઇશ્રી હેઠા પડયા તેનો મોટો ધબાકો થયો, આથી કરી રાજાને વિશેષ શંકા પડી. બહાર આવી સાફ થઇ પલંગપર બેઠો, રાણી શાણી થઇ એકદમ સેવાચાકરી કરવા લાગી, નમ્રતાપૂર્વક મીઠાં વેણ વદી મોઢે મીઠું બોલી સારૂં લગાડવા લાગી, હાવભાવ કરી પ્યાર બતાવવા લાગી. પણ રાજાએ ચોળા-પૂર્ણ વહેમ પડવાથી પુછયું કેઃ-રાણીજી ! કમાડ ઉઘાડતાં કેમ વાર લાગી ? ત્યારે રાણી

મનમાં ભયભ્રાંત તો થઇ પણ ઉપરથી હીંમત રાખી ખોટાં કારણો બતાવવા લાગી, પણ એથી કંઇ રાજાનો વહેમ ગયો નહિ. તેથી મનમાંજ રાજા બોલ્યો કેઃ–ધિક્કાર છે સ્ત્રીની ધૂર્તતા અને કપટકળાને! આની વાણીમાં છળ જણાય છે, પણ આને મારે અત્યારે છેડવી નથી, નહિ તો છંછેડાયલી પાપણી નાગણી જરૂર મારૂં મોત આણશે, કારણ કે કુલટા સ્ત્રીમાં ડર ને દયા હોતી નથી, માટે આનો સંગ મારે તજી દેવો એજ ઠીક છે. આ બાબત હું લોકમાં જાહેર કરીશ, અને આ નઠોર નારીને શિક્ષા કરીશ, તો હું વગોવાઇશ–ફજેત થઇશ અને વળગ્યો રહીશ તો માર્યો જઇશ; માટે હાલ તો સબસે બડી ચુપ!–એમ વિચારી તુરત ઉઠી મહેલમાં ચાલ્યો ગયો. નીતિશાસ્ત્રમાં આ વિષે કહ્યું છે કેઃ–

अर्थनाशं मनस्तापं । गृहेदुश्चरिता नियत् ॥
वंचनंचापमानं च । मतिमान्न प्रकाशयेत् ॥ २०३ ॥

અર્થાત—અર્થનો નાશ, મનનો સંતાપ, ઘરમાં થતાં દુષ્કર્મ–ઘરનાં છિદ્ર, કોઇના તરફથી ઠગાણો હોય તે વાત અને પોતાનું થયેલું અપમાન એટલાં વાનાં કોઇની આગળ પ્રકાશ કરવાં–કહેવાં નહિ. નહિ તો તેમાં પોતાની જ હાંસી ને ખરાબી સમજવી–એમ વિચાર કરતો રાજા ત્યાંથી ગયો. વળી એકાંત અવાસમાં બેસી વિચાર કરવા લાગ્યો કે, અહો ધિક્કાર છે સ્નેહીસ્વભાવને! આટલું બધુ સુખ છે છતાં મારી રાણી નીચ ધંધામાં પડી! અહો! જેની મતિ બગડી તેનો વિશ્વાસ કરવોજ કામનું નહિ! નિર્લજ નઠોર વ્યભિચારી સ્ત્રીનો સ્વાર્થ ન સરે, ડખલ થાય તો પતિનો તથા પુત્રાદિકનો પ્રાણ લેવાના પણ યત્ન કરવા તે ચુકે નહિ, લાગ મળતાં જીવ લે. તેને માટે એક કવિએ કુલટાનારી વિષે કહ્યું છે કેઃ—

કામી શું ના કરે, નઠારૂં રે નારી શું ના કરે?–એ ટેક.

નિજ ઘર મેલી, નવતર નર ખેલી, પ્રીયા તપેલી, વિષયની વેલી;
છત્રપતિને છેતરે—નારી શું ના કરે? નઠારૂં રે૦
કલેશ કરાવે ભેલી ભલીને, સ્ત્રીચરિત્ર અનેક કરીને;
કાયાના કાન ભરે—નારી શું ના કરે? નઠારૂં રે૦
જાતે અબળા પૂરણ પ્રબલા, સબળાને કરી નાખે નબળા;
મોટાનાં માન હરે—નારી શું ના કરે? નઠારૂં રે૦

ધણી છોકરાને મારી નાખે, કામા કાંઈ ન બાકી રાખે;
કાળા કેર કરે—નારી શું ના કરે ? નઠારૂં ૨૦
વીધવા છતાં વિષયને વિકારે, કાચા કુણા ગર્ભજ ગાળે;
દેવથી દીલે ના ડરે—નારી શું ના કરે ? નઠારૂં ૨૦ ૪૫૫

હવે પ્રિય વાંચનાર ! ચાલ, પેલા નરકાગારમાં પડેલા લલિતાંગની જરા ખબર લેઇએ ! એ તો બિચારો પાયખાનાની વિષ્ઠા–ગંદકીમાં નરકના કીડાની માફક ખદબદે છે, તેને પણ અફ્સોસનો પાર રહ્યો નહિ, પોતાના સાહસ કામ માટે પોતાની જાતને તે બહુ ધિક્કાર દેવા લાગ્યો, કે મને શું સુઝયું ? કર્મનો બદલો તેને મળી ચુક્યો, ગર્ભવાસના જેવું આકરૂં દુઃખ તે ભોગવવા લાગ્યો; પછી પેલી રાણીએ પણ તેની ફરીથી ખબર લીધી નહિ, આખો દિવસ ને રાત લલિતાંગ તેમાં રહ્યો.

પરસ્ત્રીલંપટ અભાગીયાને હિતશિક્ષા. ગરબી.

અંતરના અંધારે, ઊંધુઊંધુ માને મને;
ભ્રમણામાં ભમેલા રે, ભ્રમિત થઈ દુષ્ટ બને. ૪૫૬
પરનારીસુ જારી રે, ધારીધારી નિત્ય કરે;
નિજ નારી નિહાળી રે, વારીવારી કલેશ ભરે. ૪૫૭
પરનારીમાં અંધા રે, ધંધા બધા ઊંધા કરે;
વિષયવિલાસી રે, વિનય નયથી દૂરે ફરે. ૪૫૮
ઉત્તમ પંથ તોડી રે, અધમતા ઉરે ભરે;
દિવ્ય બળ જાતાં રે, દિવસ તેના ઊંધા ફરે. ૪૫૯
તે ઊંધા નહિ માને રે, પામે નહિ શાંતિ જરી;
મનોબળ જાતાં રે, વિભૂતી જાય સરી. ૪૬૦
આણંદ ન આવે રે, અણુઅણુ વિષ સ્ફૂરે;
પરનારીથી જારી રે, સકળ સ્થળે ભ્રષ્ટ કરે. ૪૬૧
નિજ ભોજન વિચારી રે, અંધા પરમાં શું રમે ?
નથી સુખ તેમાં રે, ગોળ તજી ખોળ શું જમે ? ૪૬૨
અંતરે જો વિચારી રે, અંતર હોય જ્ઞાન કંઈ ?
ગતિ શી થશે તારી રે, ઊંધે ધંધે અધમ થઈ ? ૪૬૩
પરનારી શું પ્રીતિ રે, પરભવે દુઃખ કરે;
જમને હાથ જાઇ રે, માર ખાઈ ઝુરી મરે. ૪૬૪
મન દૂર મતિમે ઠારી રે, સત્સંગે જાને ઠારી;

ગુરૂચરણ ચિત્ત ધારી રે ભવસિંધુ જાને તરી. ૪૬૫

પ્રાતઃકાળે પાયખાનું સાફ કરવા ભંગીઓ આવ્યો, તેણે અંદર લટકેલો તેને દીઠો. મનમાં આશ્ચર્ય પામી ગર્ભમાંથી બાલકને સુયાણી ટાંટીયા ઝાલી બહાર કાઢે, તેમ તેને બહાર ખેંચી કાઢયો. પણ ત્યારે લલિતાંગકુમાર તો મરણતોલ બેભાન બનેલો હતો.

થોડીવારે તેના ઘરની દાસી તે રસ્તેથી નીકળી, તે તેને ખોળવા માટે નીકળી હતી, રાત્રે ઘેર નહિ આવવાથી તેની ઘણી ગોતાગોત થઇ હતી. દાસી લલીતાંગને આવી સ્થિતિમાં જોઇ સખેદાશ્ચર્ય પામી વિચાર કરવા લાગી કે, ભાઇ કાંઇક પોતાના ફંદે ફસાયા—લક્ષણે પકડાયા હશે! તેથીજ આવી બુરી હાલતમાં આવી ગયા છે. પછી તેને ઘેર લેઇ જઇ નવરાવી ધોવરાવી શુદ્ધ કરી શાતા પમાડી. ત્યાર પછી તેને પોતાની ખરાબ ચાલ માટે બહુ પસ્તાવો થયો, અને લોકો તરફથી પણ તેને ઘણો ફીટકાર મળ્યો. તોપણ આખરે બુરી ટેવ તો ટળી નહિ, ને એવી સ્થિતિમાં કેઇવાર હરામચસકા અને બદફેલીથી લલિતાંગ કુમાર પકડાયો અને મરાયો.

અહીં કહેવાની મતલબ એ છે કે વ્યભિચાર કેવો દારૂણ દુઃખદાયી છે? દુષ્ટ કામવિકાર મનુષ્યોને કેવી અધમ સ્થિતિમાં ઉતારી નાંખે છે, ચોરીના ધંધામાં જોગ તો ભાગ્યે મળે, પણ કર્મ તો પુષ્કળ મેળવે. તેવા કર્મચંડાલ કામી આ જગતમાં પૂર્ણ દુઃખ પામે છે. તે વિષે કહ્યું છે કેઃ—

ઇંદ્રવિજય છંદ.

નારીકી પ્યાસ કરે નર મુરખ, પુગે ન આશ નિરાશ થયાનો,
દીર્ઘ નીસાસ મુકે મુખથી, સુખથી ન સુવે કહું છું સત્ય માનો;
આંખે દીલે અગ્નિ સળગે, વળગે નહિ ધર્મમાં જીવ પોતાનો,
એહ સારૂ અટવાઈ મરે પણ પાવઈયાને ચઢે નહિ પાનો.૪૬૬

દુષ્ટ કામવિકારમાં વાસના ને પ્રીતિ હોય, ત્યાં સુધી તેવા હતભાગીને ધર્મબોધ પ્રિય લાગતો નથી, અને નિરાબાધ સુખ પણ મળતું નથી. તેમજ ત્યાં સુધી આ જીવાત્માને જન્મજરામરણ આદિ સંસારનાં ભ્રમણચક્ર—ઘટમાળનાં અસહ્ય દુઃખો ટળતાં નથી. માટે ઉત્તમ પુરૂષોએ હમેશાં સદ્વૃત્તિ રાખી સદાચારથી વર્ત્તવું એજ સર્વોત્તમ ને સર્વથી શ્રેષ્ઠ સાર વાર્તા છે. (૯૦)

वरं हि वह्नौ वह्नाय । वेशनं ज्वलितो दरे ॥
गृहित्वा हंत भावेन । न वरं व्रतखंडनम् ॥ ९१ ॥

અર્થાત્—જેમાંથી ઉંચી જ્વાલા નીકળે છે, એવી અગ્નિમાં જલદી પડી બળી મરવું સારૂં છે; પણ ઉત્તમ પ્રકારના ભાવથી વ્રત ગ્રહણ કરીને પછી તેનું ખંડન કરવું, તે સારૂં નથી. (૯૧)

ભાવાર્થ:—ઘણું કરીને ઘણા મનુષ્યોની મનોવૃત્તિ દરેક કાર્યના પ્રારંભમાં ઉત્સાહવાળી હોય છે, તેથી આવેશ અને ઉત્સાહમાં આવી જઇ મોટી મોટી પ્રતિજ્ઞાઓ લે છે ખરા ! પણ પછી પાળતી વખતે કાંઇ કષ્ટ પડે એટલે તે પ્રતિજ્ઞાને પડતી મુકે છે. એટલું તો અવશ્ય છે, કે જ્યાં ટેક છે, ત્યાં કષ્ટ પણ છે. પડવાનું ઉંચે ચડેલાને માટે છે, પણ નીચે બેઠેલાને માટે નથી. શ્રીઋષભદેવ ભગવાનને છીંકલી બંધાવવાના સંબંધમાં અંતરાયકર્મ બંધાણું, તે સંયમમાર્ગમાં પ્રવેશ કર્યો, ત્યારેજ ઉદયમાં આવ્યું; પણ સંસારઅવસ્થામાં ઉદય ન આવ્યું પણ ઘણું કરી કસોટી સોનાને હોય છે, પણ પીતળને હોતી નથી, તેમ દુ:ખ અને કષ્ટ ટેકવાળાને હોય છે, પણ સર્વ પ્રકારે સ્વચ્છંદી ને ક્ષુદ્રની વૃત્તિવાળાને હોતી નથી. વહેવારમાં કહેવાય છે કે,"ધર્મીને ત્યાં ધાડ અને પાપીને ત્યાં કુશળ"હોય છે, પણ ખરૂં જોતાં તો એ એક જાતની કસોટી છે. દુનિયામાં ઉત્તમ પ્રકારના ભાવથી ઘણા લોકો વ્રત્ત નિયમ અંગિકાર કરે છે, પણ તે લીધા પછી તેમાં કાંઇક કષ્ટ પડે, તો તે કંટાળી છોડી દે છે. પણ વ્રત લઇને ભાંગવા જેવું એકે મહા-પાપ નથી, વ્રત્ત ભાંગવા કરતાં જાજવલ્યમાન અગ્નિમાં પ્રવેશ કરવો તે સારૂં છે, પણ વ્રત્ત ખંડન કરવું તે સારૂં નથી. તેને માટે કહ્યું છે કે:

શિખરિણી છંદ.

वरं क्षिप्तः पाणिः कुपित फणिनो वक्त्र कुहरे ।
वरं झंपापातो ज्वलदलन कुंडे विरचितः ॥
वरं प्रासः प्रान्तः सपदि जठरांतर विनिहितो ।
न जन्यं दौर्जन्यं तदपि विपदा सद्म विदुषाम् ॥२०४॥

અર્થાત:—કોપાયમાન થયેલા સર્પના મુખમાં હાથ ઘાલવો, અગ્નિકુંડમાં ઝંપલાવું-કુદી પડવું, અને પ્રાણને નાશ કરવા તે સારૂં છે; પણ વ્રતખંડન કરવા રૂપ દુર્જનતા પ્રાપ્ત કરવી, તે ઉત્તમ પુરૂષને જરાયે યોગ્ય નથી; કારણકે તેથી અનેક વિપત્તિઓનો ભંડાર ઉઘડે છે. આગળના વખતમાં સોળ સતીઓ થઇ ગઇ, તેમણે ઘણાં આકરાં ને અસહ્ય સંકટો ભોગવ્યાં, પણ પોતાના વ્રતથી ખંડિત ન થઇ. અને દુઃખ પડયા વિના કદિ પણ સત્ય જાહેરમાં આવતું નથી, એ તો "ખમે તેને સઉ નમે." દુનિયામાં અનેક સતીઓ થઇ ગઇ, પણ સોળ વિશેષ પ્રસિદ્ધ થવાનું કારણ એટલુંજ કે, તેમણે ભારે સંકટો રૂપી સખ્ત કસોટીમાં પણ વ્રત ખંડન કર્યું નહિ, ને ધીરજ ધારી સર્વ સંકટો સમભાવે સહન કરી શિયળ સાચવી રાખી ટેક નિભાવી યશસ્વી થઇ પુણ્યનામ મુકી ગઇ છે. તેમની પ્રશસ્તિમાં એવો શ્લોક છે કે:—

ब्राह्मीश्चंदनबालिका भगवती राजेमति द्रौपदी ।
कौशल्या च मृगावती च सुलशा सीता सुभद्रा शिवा ॥
कुन्ती शीलवती नलस्यदयिता चूला प्रभावत्यपि ।
पद्मावत्यपि सुंदरी प्रतिदिनं कुर्वंतु वो मंगलम् ॥ २०५॥

અર્થાત:—એ ઉપર કહેલી સોળ સતીઓ અમારૂં મંગળ કરો! એવું ભજનાનંદી ભાવિક જનો ઇચ્છી અહર્નિશ પ્રાતઃકાળમાં એ સોળ સતીઓનું સ્મરણ કરે છે. માટે વ્રત એ ઉંચી વસ્તુ છે, સદ્‌ભાગ્યના ઉદય વિના તે જીવને પ્રાપ્ત થતું નથી. અમુક સત્ય ધર્મની ટેક રાખવી, **જેણે રાખી ટેક, તેને મળ્યા અલેક.** જેઓ ટેકમાં વિશ્વાસથી ટકી રહે છે, તે ઉભય લોકમાં સુખસંપત્તિ પામી યશવંત બને છે. **કામદેવ** નામના શ્રાવકને પોતાનો ધર્મ ખોટો કહેવરાવવા માટે એક દેવે આવી મહાન કષ્ટો આપ્યાં, પણ ધર્મમાં દઢ ટેકવાળા એ સત્યવંત શ્રાવકે "મારો ધર્મ ખોટો" એવું મનથી કે વચનથી પણ કહ્યું નહિ, ત્યારે આખરે ને દેવ પ્રકટ થઇ તેને નમ્યો, ને તેની સત્ય ટેક માટે તેનાં ઘણે પ્રકારે બહુ વખાણ કર્યા પછી દેવે તેને કાંઇ માગવાનું કહ્યું, કારણ કે દેવનુ દર્શન કદાપિ ખાલી--મિથ્યા--વૃથા હોય નહિ; તે વિષે કહ્યું છે કે:—

अमोघावासरे विद्युदमोघं निशिगर्जनम् ॥
अमोघं राज्यसन्मानममोघं देवदर्शनम् ॥ २०६ ॥

અર્થાત—દહાડે વીજળી, રાત્રે મેઘગર્જના, રાજાનું મળવું, અને દેવનું દર્શન એટલાં વાનાં કદિ નિષ્ફળ હોય નહિ. માટે હે દઢ ધર્મી સુશ્રાવક ! કાંઇક મારી પાસે માગો, કે મારૂં આગમન સફળ થાય. તેના ઉત્તરમાં નિર્લોભી કામદેવ શ્રાવકે કહ્યું કેઃ—હે દેવ ! મારે જોઇએ છીએ તે તો મને મળ્યું છે, આ અવનીમાં ધર્મ સિવાય સર્વ વસ્તુ તથા પૈદ્ગલીક પદાર્થો ચંચળ ક્ષીણુ અને નાશવાન છે. પણ ધર્મ મંગળ છે, એ અખંડ આત્મસુખને મેળવનાર છે, તે આત્મિક સુખ આપનાર સર્વાર્થસિદ્ધિપ્રદ શ્રીસર્વજ્ઞભાષિત ધર્મ તો હું પામ્યો છું. બાકી તો આર્થીક, વાચીક ને માનસીક સુખો છે, તે પ્રાપ્ત થતાં તેમાં અસહ્ય દુઃખો રહેલાં છે, માટે આત્મિક સુખો સિવાય ક્ષણીક સુખોમાં મારૂં મન નિરૂત્સાહી છે. પછી દેવ તેની નિઃસ્પૃહતાનાં વખાણ કરતો તેને નમન કરી સ્વસ્થાનકે ગયો.

અહાહા ! કેવી દઢ ટેક ? પ્રાણ જતાં પણ સત્ય તજ્યું નહિ. રામચંદ્રજીએ પિતાના એક વચનની ખાતર ચૌદ વરસ વનવાસ વેઠયો, પાંડવો એક વચનની ખાતર બાર વરસ વનવાસી બન્યા, એમ જે પુરૂષો પોતાની ટેકમાં અચળ રહે છે, તે છેવટે મહા સુખી થાય છે. અને જે પુરૂષો ઉત્તમ પ્રતિજ્ઞા લઇ ક્ષણીક સુખમાં લુબ્ધ થઇ જઇ ટેક તજી દેઇ વ્રત નિયમ ને નિશ્ચયનો ભંગ કરે છે, તે પરિણામે કુંડરીકની જેમ મહાદુઃખી થઇ રૈરવ નરકમાં પડે છે, અને લોકમાં અપકીર્ત્તિ પામી હાંસીને પાત્ર બને છે. વળી પ્રતિજ્ઞાભંગ થવાથી લોકોમાં પણ ખોટું કહેવાય છે, માટે પ્રાણ જતાં પણ સત્ય પ્રતિજ્ઞા તજવી નહિ. ગાડાના ચક્રની માફક જેનું મન ફરતું છે સ્થિર નથી, તે કોઇપણ ઉત્તમ કાર્ય સિદ્ધ કરી શકે નહિ. એક ચારણે સાધુ સમીપે ચુરમાની બાધા લીધી, અને તેજ દિવસે કોઇ ગામ ગયો, ને એક પટેલને ત્યાં ઉતર્યો. બારોટ ઘણા વખતે આવેલો હોવાથી પટેલે ચુરમું કર્યું, ભાણામાં ચુરમું જોઇ ચારણભાઇનું ચીત્તડું ચળ્યું, કારણ કે તેણે ભાવથી કાંઈ બાધા લીધી નહતી, પણ ઘણા માણસના આગ્રહથી ચુરમાની બાધા લીધી હતી, અને ઘણા વખતથી નહિ મળેલું હોવાથી અને આજેજ ભાણામાં ચુરમું આવ્યું, હવે તેને તજી દઇશ તો જારનો રોટલોજ મળશે, માટે આને બદલે બીજી ન મળે તેવી વસ્તુની બાધા લેઇ ચુરમું અત્યારે જમી જવું; એમ ધારી કોઇ વખતે નહિ મળતી

દુધ ચોખા ને સાકરની બાધા લઈ, ચુરમું આરોગી ગયો. પછી ત્યાંથી સાંજે બીજે ગામ ગયો. ત્યાં વળી પટેલે ચોખા કર્યા હતા, તેથી બારોટને ભાવ સહિત દુધ ચોખા ને સાકર પીરસ્યાં, તે જોઈ બારોટ મનમાં ચમકયો, કે જેની બાધા લીધી તેજ પાછું આવ્યું ! આ પણ ઉત્તમ ભોજન કહેવાય, તેની ના કહીશ, તો કોણ જાણે શું પીરસશે ? માટે આપણી ચુરમાની અસલની બાધાજ ઠીક છે, માટે આની છુટી કરીને અસલ બાધા રાખીને મળેલું ભોજન જમી ગયો.

કહો ભાઇઓ ! આવી ડગેલી વૃત્તિ ને ટેકવાળા મનુષ્યો શું કાર્ય સિદ્ધ કરી શકે ? તે તો લોકોમાં હાંસીને પાત્ર બને છે. માટે ટેક પાળવામાં કષ્ટ દેખી ડરવું ન જોઇએ, લીધેલું વ્રત સારધાર કષ્ટ પડે, તો પણ પ્રેમપૂર્વક અખંડ પાળવામાં આવે, તો તેને અમૂલ્ય લાભ મળે છે. કદાચ ચિતવૃત્તિ ચળી જાય, મન કંટાળી જાય, તો પણ દૃઢતા રાખી પાળવું તો ખરૂંજ, કદાપિ તેનું ખંડન તો ન કરવું. શ્રીઉવવાઇસૂત્રમાં બાવીસ પ્રશ્ન છે, તેમાં કેટલીક બાબત પ્રેમભાવ વિના પાળવામાં આવે છે, તો પણ તેનો થોડોઘણો લાભ બતાવ્યો છે, ને પ્રેમપૂર્વક પાળવામાં આવે છે, તો તેને ઘણો લાભ મળે છે.

તે ઉવવાઈ સૂત્રના બાવીસ પ્રશ્નો નીચે પ્રમાણે જાણવા.

મીથ્યા તમોટી નીંદમાં, મોહતણો બંધ હોય;
તે ભોગવતાં તે વળી, બંધ વેદની સોય. ૪૬૭
સૂક્ષ્મ અંશ લોભ ભોગવે, મોહ બંધ ત્યાં તોય;
કર્મવેદનીનો તિંહાં, જાણે બંધજ સોય. ૪૬૮
મોહ ઉંઘમાં ઉંઘતા, પ્રાણી બંધ કરનાર;
કાળ કરીને નરકમાં, જાય કહ્યું કીરતાર. ૪૬૯
ઇચ્છા વિણ દુઃખ વેઠીને, કાળ કરીને થાય;
દશ સહસ્ર વરસોતણું, સુર આયુ સુખદાય. ૪૭૦
કુમરણ નિજ ઘાટથી, મરતા પ્રાણિ જેહ;
વ્યંતર બાર સહસ્રનો, થાય કહ્યું પ્રભુ તેહ. ૪૭૧
સરલપણે માબાપની, ભકિતનો કરનાર;
ચોદ સહસ્ર વર્ષ તણો, પામે સુર અવતાર. ૪૭૨

શરમવડે શીયળ પાળતા, વ્યંતર થાય જરૂર;
  સોળચોક સહસ્ત્રાયુ તે, પામે સુખ સનુર. ૪૭૩
બાહ્ય વિગય નવને તજે, તે પામે સુરલોક;
  ચોરાસી સહસ્ત્રાયુથી, પુણ્યતણો તે થોક. ૪૭૪
બહુ જાતિ તાપસતણી, જયોતિષીમાં જાય;
  બહુમાં બહુ પલ્ય એક ને, લક્ષ વરસ અધીકાય. ૪૭૫
કુચેષ્ટા કંદર્પકથા, ગીત ક્રીડા ને નાચ;
  પ્રિય જેહને એહવું, પણ ચારિત્ર સાચ. ૪૭૬
આલવ્યા વિણ એવા થકા, કલ્પ પહેલે પહોંચાય;
  એક પલ્યની ઉપરે, સહસ્ત્રાયુષ્ય પમાય. ૪૭૭
અંબડ આદિ સંન્યાસીઓ, બહુમાં બહુ બ્રહ્મલોક;
  સાગર દસની સ્થિતિએ, સલેહણા શુભ થોક. ૪૭૮
દેવગુરૂના દુષ્ટ જે, બોલે અવર્ણવાદ;
  તેર દધીનો કિલમુખી, પામે તે વિખવાદ. ૪૭૯
જ થખ પંચવૃત ધારીયો, કરી સંલેહણાદિક;
  દધી દસ અષ્ટાયુષ્યપણે, કલ્પ અઠ આરાધીક. ૪૮૦
ગોશાળા મળી જેહવા, કલ્પ દુવાદસ પહોંચાય;
  સાગર બાવીસ સ્થિતિએ, વિરાધીક દુઃખદાય. ૪૮૧
સાધુ અભિમાની વળી નિમીતીયા કહેવાય;
  તે પણ ત્યાં કણે ઉપજે, ચાકર તે લેખાય. ૪૮૨
જમાલી આદિ વળી, નિહ્નવ જે કહેવાય;
  સુર એકત્રીસ સાગરે, ગ્રૈવીક વિરાધીક થાય. ૪૮૩
અલ્પ આરંભ સુશ્રાવકો, કલ્પ દુવાદસ પહોંચાય;
  સર્વાર્થસિદ્ધ શું સાધુજી, આરાધિક સુખદાય. ૪૮૪
સમુદઘાત કરતા થકા, વરણ અને રસ ગંધ;
  છદ્મસ્થ તો દેખે નહિ, તીણ ચપટી સંબંધ. ૪૮૫
સાર ભલો ઉવવાઇનો, પ્રશ્ન વીસને બેય;
  ન્યુનાધિક જે ભાખીયું, માફી દીજે તેહ. ૪૮૬

માટે હરેક પ્રતિજ્ઞા પ્રેમપૂર્વક પાળી અવતાર સફળ કરવો, પણ કષ્ટ દેખી હીંમત હારી જવું નહિ. સત્પુરૂષો મરણાદિક કષ્ટથી ડરતા નથી, પણ પ્રતિજ્ઞાભંગથીજ ડરે છે. જે અખંડ પ્રતિજ્ઞા પાળે તે ઉત્તમ, અને તોડે તેને નીચ સમજવા. હવે તેનાપર એક દૃષ્ટાંત કહે છે.

(૧૦૩) કલાંઠ બાયડીનો ત્રાસ વેઠી નિમ પાળનારની વાત.

કોઈ એક ગરીબ સ્થિતિનો વણીક સદ્ગુરૂની પાસે એકદા બોધ સાંભળવા ગયો હતો, તે વખતે વ્યાખ્યાનમાં ધર્મની ટેક વિષે બોધ ચાલતો હતો:—"ધર્મટેક લીધા પછી આવી પડતાં અચાનક અનેક સંકટમાં તે વખતે હીંમતથી સહનશીલતા ધરવી, પણ વ્રતભંગ કદિ નહિ કરવું. એવી સત્ય ટેકને નહિ તજવાથી થતા અસંખ્ય ફાયદા" વગેરે સદ્બોધ સાંભળીને તેને પણ એક જાતની ટેક લેવાની ઇચ્છા થઇ આવી, તેથી ઉભો થઇ નમ્રતાપૂર્વક "આજનો દિવસ તાંદળજાની ભાજી ન ખાવી" એવી પ્રતિજ્ઞા લેઇ તે ઘરભણી ચાલ્યો, સમય પ્રમાણે ઘેર આવી જમવા બેઠો. હવે એવું બન્યું કે તેજ દિવસે સ્ત્રીએ ભાજીનું શાક કરેલું હતું, તે શાક ભાણામાં આવતાં વાણીઓ તો વિચારમાં પડી ગયો. કારણ કે ઘરમાં તેને સ્ત્રી સંબંધી જરા પણ સુખ હતું નહિ, ઘરમાં સઘળું જોર સ્ત્રીનુંજ હતું, તે કરે તેજ થાય. તે તો માત્ર નામનોજ ઘરધણી ગણાતો હતો, પણ ગૃહિણી તરફનો તે પુરૂષને જરાપણ સંતોષ નહતો. કાળીનાગણથી તથા ક્રૂર વાઘણથી લોકો ડરે, તેમ બાયડીથી પગલેપગલે ડરીને તેને ચાલવું પડતું હતું. તેની સાથે સદા તે ક્રોધવાળી તથા ધર્મથી વિમુખ હતી, ભાણામાં ભાજી મુકી હતી, તે પડતી મુકી એકલો રોટલો ખાવા લાગ્યો, બીજું સાધન માગ્યું નહિ, અને મારે ભાજીની બાધા છે, એ જણાવ્યું પણ નહિ; કારણ કે તેથી ક્લેશ ઉત્પન્ન થાય. તેથી ભાજી પડતી મુકીને એકલો રોટલો ખાવા લાગ્યો, ત્યારે વાઘણની જેમ ઘુરકતી સ્ત્રી બોલી ઉઠી કે, કેમ ભાજી ખાતા નથી ? ત્યારે તે ધીમેથી બીતાબીતા બોલ્યો, આજે ભાજી ખાવાની ઇચ્છા નથી. ત્યારે વળી વધારે ક્રોધ કરી સ્ત્રી બોલી:—કેમ ઇચ્છા નથી ? શું થયું છે ? તમારા વાસ્તે બનાવી છે માટે ખાઓ, ખાધા વગર નહિ ચાલે. એમ અતિશય કોપ કરી પરાણે ખવરાવવા તત્પર થઈ, ત્યારે તેણે હીંમતથી ધીમેધીમે તીણે સાદે પણ બીતાંબીતાં કહ્યું કે, આજ તો મેં સાધુ પાસે ભાજી ખાવાની બાધા

લીધી છે, માટે નથી ખાવી. ત્યારે તો વધારે ક્રોધ કરી નાગણી જેમ ફુંફવાડા મારી છુરકી કે શું બાધા લીધી છે ?! ત્યારે તો ત્યાંજ રહેવું હતું, સાધુ થઇ જવું હતું, અહીંઆં ઘેર શું કામ હતું ? કોઈ દિવસ નહિ ને આજે બાધા લેવાનું શું સુઝયું ? કાગડાને મુખે રામ ક્યાંથી આવ્યા ? લો હવે ચાળા ન કરતાં ખાઈ લો ભાજીરોટલો ! મુકો બાધાઆખડી સાધુને ઘરે, આપણે વળી બાધા આખડી શું ? આવા નવા ઢોંગ ક્યાંથી લેઇ આવો છો ? પેટનું પુરૂં તો પરાણે થતું હોય, ને આવાં ભૂત ઘરમાં ઘાલવાં ! વગેરે ઘણાજ કઠોર શબ્દનો વરસાદ વરસાવ્યો. પુરૂષ તો બિચારો બિલાડી આગળ ઉંદરની માફક ઉંચું માથું પણ કરી શકયો નહિ, તે તો બાપડો પશુની માફક સ્ત્રીવશ જીવન ગુજારે છે. ઉત્તમ સ્ત્રીરત્ન પૂર્વના પુણ્ય ને ભાગ્ય વિના પ્રાપ્ત થતું નથી. તે વિષે કહ્યું છે કેઃ—

पूर्वदत्तेषु या विद्या । पूर्वदत्तेषु यद्धनम् ॥
पूर्वदत्तेषु या कन्या । अग्रे तिष्ठति तिष्ठति ॥२०७॥
लोकेषु निर्धनो दुःखी । ऋणग्रस्तस्ततोऽधिकम् ॥
ताभ्यां रोगयुतो दुःखी । तेभ्यो दुःखी कुभार्यकः॥२०८॥
आहारो द्विगुण स्त्रीणां । बुद्धिस्तासां चतुर्गुणी ॥
षट्गुणो व्यवसायश्च । कामाश्चाष्टगुणः स्मृतः ॥२०९॥

અર્થાત—પૂર્વના પુણ્ય વિના વિદ્યા, ધન ને ઉત્તમ સ્ત્રીરત્ન મળતું નથી. વળી લોકમાં ઘણો દુઃખી નિર્ધન છે, તેથી વધારે દુઃખી દેવાદાર છે, તેથી ઘણો દુઃખી રોગીજન છે, અને તેથી એટલે સર્વથી વધારે દુ.ખી જેના ઘરમાં કુભાર્યા છે તેને સમજવો. વળી સ્ત્રીઓમાં પુરૂષ કરતાં આહાર બમણો અને બુદ્ધિ ચારગણી હોય છે, પણ તે બુદ્ધિબળનો ઉપયોગ કામી સ્ત્રીઓ હલકા નીચ માર્ગમાં કરે છે, તેથી તે વિશેષ નિંદાય છે. વળી સ્ત્રીઓમાં ઉદ્યમ છ ગણો છે, ને કામવિકાર આઠગણો છે. આપણા દૃષ્ટાંતનાયક વણિકની સ્ત્રી કુભાર્યા હતી, તેણે તે સ્ત્રીનાં આક્રોશપૂર્વક બોલાયલાં સઘળાં વચનો સાંભળ્યાં, પણ ઉત્તર આપ્યો નહિ, તેમ ભાજી પણ ખાધી નહિ. પ્રેમપૂર્વક લીધેલી બાધાને ગમે તેટલાં કષ્ટો પડે તો પણ ન ભાંગવી, તેવો એનો દૃઢ નિશ્ચય હતો. ગુરૂએ કહ્યું હતું કે, જ્યાં કાંઇક ટેક છે, ત્યાં કષ્ટરૂપ

કસોટી આવ્યા વિના રહેતી નથી. ખોટ વેપાર કરનારને જાય છે, પણ નહિ કરનારને જતી નથી. લંછન સતીનેજ લાગે છે, પણ વેસ્યાને કાંઇ લાગતું નથી. લાજઆબરૂ શાહુકાર થઇને ચોરી કરે તેની જાય છે, પણ ભીલ કોળી વાઘરી કે જેનો હંમેશનો એ ધંધો છે, તેની ઇજ્જત કાંઈ જતી નથી. તેને માટે કહ્યું છે કે:—

દુહો.

શાહુકાર જો ઘર ફાડે તો, પુરી ફજેતી જાગે;
કોળીભાઇને કલંક શેનું ? "ડાઘ ઉજળે લાગે." ૪૮૭
સતી શિરે જો કલંક ચડે, તો પ્રાણ પલકમાં ત્યાગે;
વેશ્યા કેરૂં શું વગોણું ?" ડાઘ ઉજળે લાગે." ૪૮૮

વળી ઉજળા કપડામાં ડાઘ લાગે છે, પણ મેલા અને કાળા કપડામાં ડાઘની કાંઇ બીક હોતી નથી. તેમ અનેક મુસ્કેલીઓ અમુક ધર્મ ટેક લેનારને નડે છે, પણ જે સદા છુટથી વરતે છે તેને શું ? "ભણે તેની પરીક્ષા લેવાય ને શિક્ષા થાય, પણ અભણની પરીક્ષા શી ? અને શિક્ષા પણ શી ?" માટે ધર્મની ટેક લેનારે આવી પડતી મુસ્કેલીઓને શાંતિપૂર્વક ધૈર્ય ધરી ઓળંગવી, તો આગળ જતાં સુખ મળે. વહાણ મહાસાગરને ઓળંગે, તો પછી રત્નદ્વીપ આવે; વળી ગુરૂએ મને કાંઇ પરાણે વ્રત આપ્યું નથી, આવી રીતે હીંમત રાખી કુંભારજીએ એટલું કહ્યા છતાં પણ ભાજી વિના એકલો રોટલો ખાવા લાગ્યો. ત્યારે ક્રોધ કરી પાછી તે નારી બોલી કે, હજી માનવામાં નથી આવતું ? ખાઓ છો કે નહિ ? તમારે ન ખાવાની બાધા છે, તેમ મારે પણ ખવરાવવાની બાધા છે, માટે તમને ભાજી ખવરાવું તોજ ખરી ! જો ન ખાઓ તો હવે તો તવેતો ઉનો કરી ડામ દઉં, પણ ભાજી ખવરાવ્યા વિના રહું નહિ. તમારા માટે ભાજી કરી છે, તે કેમ ન ખાઓ ! એમ કહી તાવેથો ચુલામાં ઉનો કરવા મુકયો, તેથી બિચારા વાણીઆને તો ભય ઉપજ્યો, કે રાંડ શંખણી જરૂર ડામ દેશે. કારણ કે ચાર હઠો શાસ્ત્રમાં કહેલી છે. (૧) સ્ત્રીહઠ (૨) બાળહઠ (૩) જોગીહઠ (૪) રાજાહઠ એ ચાર જણાઓ લીધી હઠ–જક્ક રઢ મુકતા નથી. ગમેતેમ થાય પણ મારે બાધા તો તોડવી નહિ, એટલામાં તો એકદમ તાવેથો ઉનો કરી તે લાવી, તે ભાળી વાણીઆને ત્રાસ ઉપજ્યો, એકદમ ભયને લીધે બેબાકળો થઇ તે ઉઠીને

નાઠો. ખડકી સુધી તપાવેલો તાવેથો લેઇ સ્ત્રી પાછળ દોડી, પણ પેલો તો ખડકી બહાર નીકળી ગયો, એંઠા હાથ પણ ધોવા પામ્યો નહિ! સ્ત્રી લજ્જાને લીધે ખડકી બહાર નીકળી શકી નહિ. પણ વાણીયો તો ગામ બહાર એક મહાદેવના દેરામાં જઈ સુતો સુતો વિચાર કરવા લાગ્યો કેઃ—અરે! આવી કુભાર્યા કરતાં તો સ્ત્રી નહોય તે સારૂં, ત્યાં રહ્યો હોત, તો રાંડ કોણ જાણે શુંએ કરત? આજ તો આખો દિવસને રાત અહીંજ રહીશ, કાલે થાય તે ખરૂં. જેને સ્ત્રી નહિ હોય, તેને મહાસુખ હશે, મારે તો આ કુભાર્યાના પાને પડી મહાદુઃખ ભોગવવું પડે છે. શાસ્ત્રમાં ૭ જાતની અગ્નિ કહી છે, જે કાયમ જીવતા નરને બાલ્યા કરે છે. શરીરને સોસવી નાખે છે. તે વિષે કહ્યું છે કેઃ

कुग्रामवासः कुनरेंद्रसेवा । कुभोजनं क्रोधमुखी च भार्या ॥
विधवा च कन्या मूर्खश्चपुत्रो।विनाग्निना षड्दहते शरीरम्॥२१०

અર્થાત—નઠારા ગામમાં નિવાસ, અનીતિમાન અન્યાયી રાજાની સેવા, કુભોજન, ક્રોધવાળી સ્ત્રી, વિધવા દીકરી અને મૂર્ખ પુત્ર એટલાં વાનાં સદા અગ્નિની પેઠે બાળ્યા કરે છે. વળી ૭ ગુણવાળી સ્ત્રી કુળનો ઉદ્ધાર કરે છે, અને ૭ અવગુણવાળી સ્ત્રી કુળને બોળી નાખે છે.

कार्येषु मैत्री वचनेषुदासी । भुक्तेषु माता शयनेषु रंभा ॥
सद्धर्मवंती च क्षमा धरंती । षड्गुण भार्याःकुलमुद्धरंति ॥२११॥

અર્થાત—કોઇ કાર્ય પ્રસંગમાં મિત્ર સમાન સલાહ આપનાર, વચનમાં દાસી સમાન એટલે વચનથી કામ સોંપ્યું હોય તો દાસીની પેઠે કામ કરે. જમાડતી વખતે માતા સમાન ભાવથી સંભારી સંતોષ પૂર્વક ભોજન જમાડે, શયન સમયમાં રંભાની પેઠે રીઝવી સ્ત્રી સ્વભાવ ધારણ કરે છે, હંમેશા ધર્મ કરનારી, અને ક્ષમાવંત એ ૭ ગુણવાળી સ્ત્રી કુળનો ઉદ્ધાર કરેછે. હવે કુભાર્યાના ૭ અવગુણ કહેછે.

कार्येषु कुत्री वचने कवत्री । भुक्तेषु डका शयनेषु मर्का ॥
सद्धर्महानी च सक्रोधवंती।षड्गुण भार्याःकुलबोलयंति॥२१२॥

અર્થાત—કાર્યમાં કુતરી સમાન, વચનમાં કવત્રી–કાગડી સમાન, ભોજન વખતે ડાકણ સમાન, શયન સમયમાં મર્કટી–વાંદરી સમાન,

ધર્મથી રહિત અને ઘણા ક્રોધવાળી આવા ૭ ગુણવાળી સ્ત્રી કુળને બોળી નાખે છે. મારા ઘરમાં આવા છ અવગુણવાળી કુભાર્યા આવી છે, તે કાયમ જીવને બાળે છે, શરીરને ફોલી ખાય છે. ધન્ય છે મુનિ મહારાજાને કે આવી પાપણીઓના પાશમાંથી છુટયા છે. સમજુ માણસો સારાનરસા માણસોથી સંતોષ માને છે, ગમે તેવું હોય પણ ફરિયાદ ક્યાં કરવી ? ઉલટું બહાર પોતાનું ઘર વગોવાય, વળી બાયડી કંઇ કુંભારના ઘરની હાંડલી નથી, કે તેને બદલાવીને સારી લેઇએ. તે વિષે કહ્યું છે કેઃ—

કુંડળીઓ.

મેરી ઝપટત મરદકું, મરદ રહ્યા ગમ ખાય,
પાનો પડયો કુનારસે, રાવ કહાં લેવા જાય ?
રાવ કહાં લેવાં જાવ, મરદને એસી મંડી,
કહાં બદલાને જાય, નહિ કુંભારકા ઘરકી હંડી;
કથે શું કવિયા કહાન, મેરી મનમે હે ઝેરી,
મતિહિન હે નાર, મરદકું ઝપટત મેરી. ૪૯૦

અર્થાત—મતિહિન કુભાર્યાનો જોગ મળવાથી કોઇ પણ પ્રકારની શાંતિ મને મળતી નથી. ભલે ગમે તેમ થાય, પણ વ્રત ભંગ તો મારે કરવુંજ નહિ, કારણકે વ્રત ભંગ થવાથી મહાપાપ લાગે છે, અને ભવભ્રમણમાં ભટકવું પડે છે. માટે લીધેલી બાધા તો સારધાર પાળવી એજ મારો દૃઢ નિશ્ચય, કારણ કહ્યું છે કેઃ—

કવિત—આગુસે ધસીએ ના, ધસીએ તો ખસીએ ના,
શૂરકે સમીપ જાકે, મારીએ કે મરીએ;
બુદ્ધિ બીના બોલીએ ના, બોલીએ તો ડોલીએ ના,
બોલ એસો બોલીએ કે, બોલ્યા એસો કીજીએ;
અજાણ પ્રીત જોડીએ ના, જોડીએ સો તોડીએ ના,
જોડ એસી જોડીએ કે, જરીઆનમેં જડીએ;
કહે કવિ દહાદાસ, સુનો હે બિહારીલાલ !
ઓખલેમે શીર ડાલ, નહિ મોસલેશું ડરીએ. ૪૯૧

અર્થાત—બાધા લીધા પછી દુઃખ પડે, તો પણ ડગવું નહિ. એમ વિચાર કરવાંકરવાં રાત પડી એટલે સ્ત્રી સંબંધી અનેક ચિંતાઓ કરતો તે નિદ્રાવશ થઇ ગયો. માથું શિવલિંગ ભણી કર્યું હતું, નિદ્રામાં

પણ તેને સ્ત્રી સંબંધી અનેક સ્વપ્ન આવવા લાગ્યાં, અને તાવેથો તો તેની નજર આગળજ તરે છે, એમ કરતાં રાતના બે વાગ્યા. તેવામાં તેજ રાત્રીના ચાર ચોર ગામમાંથી ચોરી કરી માલ લેઇ ત્યાં આવ્યા. તે લોકોનો હંમેશ એવો સંકેત હતો, કે હંમેશા આપણા ઇષ્ટ આ મહાદેવની માનતા માની પછી ચોરી કરવા જવું, અને ત્યાં એક નાળીએર વધેરી માલ વહેંચી લેઇને સઉ સઉના સ્થાનકે જવું. આજ પણ હમેશના નિયમ પ્રમાણે માલ લેઇ ચોર ત્યાં આવ્યા, નાળીએર વધેરવા માટે પથરો ગોતવા ગયો, તેને અંધારાને લીધે પથરો નહિ જડવાથી મહાદેવના લિંગપર વધેરવાનો નિશ્ચય કર્યો; પછી એક ચોરે વચોવચ આવી અનુમાનથી જોસથી ઘા કર્યો.

હવે બન્યું એમ કે નસીબજોગે તે સુતેલા દુઃખી વાણીઆના કપાળમાં તે ઘા વાગવાથી તે બેબાકળો બોલી ઉઠયો કેઃ—"ખાઉ ખાઉ" એવી ભયંકર ચીસ સાંભળતાં ચોર તો ભૂત જાણી ભડકી સત્વર નાઠા, ભયને લીધે માલ પણ પડી રહ્યો લેઇ જઇ શકયા નહિ. પેલો દુઃખી વાણીઓ ઉંઘમાં હોવાથી સમજ્યો કે રાંડ કુભાર્યા તાવેથો લેઇને મારવા આવી છે, તેથીજ હવે ભયને લીધે ખાઉં છું એટલે ભાજી ખાઉછું—એમ બોલી ઉઠયો. પેલા ચોર તો ખરેખર ભૂત સમજી ધનમાલ પડતો મુકી નાઠા તે ફરીથી આવ્યાજ નહિ. પેલા વાણીઆને માથામાં વાગવાથી લોહી નીકળ્યું, થોડીવાર સુધી તો તે તેમનો તેમ પડયો રહ્યો, અને વિચાર્યું કે આ શું થયું? સ્ત્રી આવી તો નથી લાગતી, નહિ તો કયારનીએ કઠોરવાણી વરસાવતી હોય, તે કર્કશા કાંઇ મુંગી મરી રહે તેવી નથી! માથામાં નાળીએર જેવું કાંઇક વાગ્યું છે. પછી ઉઠી બહાર આવી તપાસ કરી તો પોટલી દીઠી, તેમાં ઉંચાં કીંમતી વસ્ત્રો તથા સોના રૂપાના દાગીના દીઠા, એટલે તે સમજ્યો કે ઠીક! કોઇ ચોર આવ્યા લાગે છે, પણ મારા ભયંકર શબ્દને લીધે ભડકીને ભાગી ગયા લાગે છે. ભલે જે થયું તે સારા માટે, આપણું તો કામ થઈ ગયું! નાળીએર વાગ્યાનો ઘા ભુલી ગયો, હવે અત્રે બહુ ખોટી થવું ઠીક નહિ, વખતે તેઓ પાછા આવે. વાણીઆના ટાંટીઆમાં ચેતન આવ્યું, હર્ષપૂર્વક પોટકું લેઈ ઘર ભણી ચાલ્યો. ધનમાલ ભાળી સ્ત્રી ઘણી ખુશી થશે, અને મારા ઉપરની રીસ દુર કરશે—એમ ધારી ગુપ્ત માર્ગે ગલીઓમાં થઇ તે વાણીઓ પાછલી રાતે ચોરનાં ધનમાલ લેઈ પોતાને ઘેર આવ્યો.

અહીં સ્ત્રી તો ખડકી બંધ કરી સુઇ ગઇ હતી, એટલે પુરૂષે કમાડ ખખડાવ્યું, સાદ કરવાથી બાયડી જાગી ને રીસ કરીને બોલી:– પીટયા ! પાછો આવ્યો કે ! આવ ભાજી ખવરાવું, એટલે પુરૂષે કહ્યું કે:—રાંડ રાઢો પાડ માં ! ઉઘાડ ઝટ, કાંઈક તારા માટે લાવ્યો છું. એટલે સ્ત્રીએ ખુશી થઈને કમાડ ઉઘાડયું. લે ખડકી વાસીને ઝટ દીવો કર ! પછી દીવો કરી પોટકું છોડી જોયું તો જાતજાતના મોંઘા મૂલ્યના દાગીના તથા ઘણાં કિમતી ઉમદા વસ્ત્રો તેણીએ જોયાં. આ જોઇ સ્ત્રી તો હર્ષઘેલી બની ગઈ, અને બોલી કે:—હે સ્વામીનાથ ! આ બધું કયાંથી લાવ્યા, બહુ સારૂં લાવ્યા હો ! હું તમારા ઉપર આજે ખુશી થઇ છું, કાલે સવારમાં લાપસી કરીને જમાડીશ અને તમારી સેવા કરીશ.

પછી વાણીએ દેહેરામાં બનેલી બધી વાત માંડીને કરી, અને છેવટે જણાવ્યું કે જોયું આ બધું બાધાનું ફળ ! તેં મારી બાધા તોડાવવા માટે કેટલો દુરાગ્રહ પકડયો હતો ? છેવટ તું હઠ લેઈ ધગધગતો તાવેથો કરી ડામ દેવા આવી. તો પણ વ્રત ભંગ ન કરતાં શિઘ્ર નાસી મહાદેવના દેરામાં જઇ હું સુતો, જેથી રાતમાં આ ફળ મળ્યું. માટે હે સ્ત્રી ! વ્રત પાળવાથી કેવો લાભ થાય છે ? આ સાંભળી સ્ત્રી બોલી:—હા તમારી ટેક ખરી, ને તેનો લાભ પણ સારો મળ્યો. વળી આવી ટેક તમે રોજ લેજો ને રોજ હું તાવેથો લઇશ, તમે દેરામાં નાશી જજો અને રોજ આવુંઆવું સારૂં રૂપાળું લાવજો. ત્યારે પુરૂષ બોલ્યો કે:–રાંડ ! રોજ તે કાંઇ ડોશીમા દાગીના દેવા હશે, તે તો કોઇ દિવસ ફળે, માટે હંમેશા એકાદ પણ ઉત્તમ વ્રત લઇ તેને પ્રેમપૂર્વક પાળવું; પાળતાં આવી પડતી આફતો ને વિપત્તિઓથી ડરવું નહિ. વ્રતભંગ કરનારાઓ મહાપાપ બાંધી અધોગતિ પામે છે, ને અખંડ પાળનાર સદ્‌ગતિ પામે છે, માટે કદિ વ્રત લેઈ ભાગવું નહિ. (૯૧)

कथा मथाऽस्मिन् क्लिल कर्मकस्य ।
धर्मक्रियायां कुरुते स मूढः ॥
मिष्टान्न पूर्णे निज हेमपात्रे ।

प्रक्षेपति धूली म संशयं तत् ॥९२॥

અર્થ—આ લોકમાં ધર્મક્રિયાના સમયે કર્મની કથાઓ કરે છે, તે ખરેખરા મૂઢ સમજવા. અને પોતે પોતાની મિષ્ટાન્નથી ભરેલી સુવર્ણ થાળીમાં મૂર્ખાઇ કરી હાથે કરીને ધૂળ નાખે છે; એ નિઃસંશય જાણવું. ૯૨

ભાવાર્થ—શ્રીવીરપ્રભુએ કહ્યું છે કેઃ—પ્રાયે કરી મનુષ્યોને ઉત્તમ કાર્યમાં વિઘ્ન આવી પડે છે, મનુષ્યોને માનસિક પીડાઓ એવી તો અહર્નિશ દબાવ્યા કરે છે, કે બિચારા તેનાથી કદાપિ વિમુક્ત થઇ શકે નહિ; એક માંડ પતી જતાં તો બીજી ઉભી થાય છે, એવું સંસારનું સંક્રમણ વર્તી રહેલું છે. એવી સ્થિતિમાંથી કોઇ વખતે જીવને સદ્‌ભાગ્યના ઉદયેથી ધર્મવૃત્તિ થતાં તે ધર્મસ્થાનકમાં આવીને વ્યાખ્યાન-શ્રવણ, સામાયક, પોષધવ્રત્ત આદિ ઉત્તમ ક્રિયામાં દાખલ થયો તો પણ તેમાં અમુક પ્રકારનાં વિઘ્નો નડયા વિના રહેતાં નથી. "**धर्मेषुविघ्नाबहुलीभवंति** । અર્થાત્ ધર્મકાર્યમાં વિઘ્નો બહુઆવેછે" કેટલાએક તો વ્રત્ત અંગીકાર કરી વાતોના ગપાટા મારવા મંડી જાય છે, કેટલાએક તો નિદ્રામાં પડી ઝોકાં ખાધે જાય છે, એકબીજાની સાથે કેટલાએક તો નિંદા વગેરે કર્મકુથલીમાં જોડાય છે, કેટલાએક તો માનસિક અઘટવાટો ઘડયા કરે છે, અનેક નવી નવી તરેહવાર મોહમાયાનું ચિંતવન કર્યા કરે છે. એમ ચાર જાતની (સ્ત્રીકથા ભત્તકથા, દેશકથા, રાજકથા) વિકથાઓમાં પડી, મહાસદ્‌ભાગ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા રત્નચિંતામણી સમાન વ્રત્તને દોષીત કરી મેલું બનાવે છે, ને રળવાનો ધંધા કરતાં ખોટના ખાડામાં ઉતરી પડે છે, ધર્મસ્થાનકમાં કરેલું પાપ વજ્રલેપ સમાન સમજવું. તે વિષે કહ્યું છે કેઃ—

अन्यस्थाने कृतं पापं । धर्मस्थाने विमुच्यते ॥
धर्मस्थाने कृतं पापं । वज्रलेपो भविष्यति॥ ९३॥

અર્થાત—અન્ય સ્થાને બંધાયલાં પાપ ધર્મસ્થાનકોમાં આવી નિર્મલ વૃત્તિથી સદ્‌ભાવપૂર્વક ધર્મધ્યાન ક્રિયા અનુષ્ઠાન કરવાથી મનુષ્ય પાપથી મુક્ત થાય છે, પણ ધર્મસ્થાનકમાં આવી ધર્મ ક્રિયાના વખતમાં

જે પાપો બાંધે છે, તે તો વજ્રલેપ થઇ જવાં હોવાથી છુટવાં ઘણાં મુશ્કેલ છે. તે વિષે કહ્યું છે કે:—

મનહર છંદ.

સામાયક કરી પણ, સમતા ન ધરી જરી,
  વાતોના ગપાટાથી, ખપાવી દોય ઘડીઓ;
ગુમાવ્યો વખત વૃથા, કરીને કરમકથા,
  ચાર વિકથાનો દોષ, દીલમાં ન ધરીઓ;
આવ્યો કર્મ છોડવાને, શુભ મોત જોડવાને,
  ઉલટો બંધાયો પાપપુંજ માંહિ પડીઓ;
વદે મુનિ વિયનચંદ, સુણજો ભવિકવૃંદ!
  એવી સામાયક કરી, કોણ ભવ તરીઓ? ૪૯૧

આવા પ્રકારનાં રૂડાં વ્રતોમાં વિવિધ કર્મકુથલીઓ કરવાથી તો વત્ત દોષીત બને છે, ને લાભને બદલે ગેરલાભ વધી જાય છે, પછી વ્રત્તનો મૂળ લાભ આપણને પ્રાપ્ત થતો નથી. રૂડાં વ્રતો અંગીકાર કરી વિકથા કરનારા જેવો મૂઢ અને મૂર્ખ–શિરોમણિ બીજો કોઈ ન સમજવો. ખરેખર તે મૂઢાત્મા મિષ્ટાન્ન ભોજનથી ભરેલા સોનાના થાળમાં હાથે કરીને ધુળ નાખે છે, તેથી તે ધૂળવાળું ભોજન જમવામાં લહેજત આવતી નથી, અને છેવટે તે રૂડું ભોજન નાહક નાખી દેવું પડે છે; તેમ ધર્મસ્થાનકોમાં આવી વ્રતો લઇ કર્મકથા કરવાથી તો લાભ માત્ર નાશ પામે છે. માટે ઉત્તમ પુરૂષે ધર્મધ્યાન કરવાના સમયે નિર્મળ વૃત્તિ રાખી દરેક પ્રાણીનું શુભ ચિંતવન કરવું. ચાર જાતની કર્મકથાઓ ન કરતાં ચાર જાતની ધર્મકથાઓ કરવી, કે જેથી આત્મા ઉજવળ થાય, ને કર્મમેલ નાશ પામે. તે ચાર ધર્મકથાઓ વિષે કહે છે કે:—

મનહર છંદ.

અખેપણી નીખેપણી, સંવેગણી નિર્વેગણી,
  અઘહર એ ચતુર, ધર્મકથા કરવી;
નારીકથા ભત્તકથા, દેશકથા રાજકથા,
  એ ચતુર કરમકથાને પરહરવી;
ભાગ્ન ધરી ભાવવી, હંમેશ શુભ ભાવનાઓ,

સંસારઅટવી મોટી, હોય ન જો ફરવી;
વદે મુનિ વિનયચંદ, સુણજો ભવિકવૃંદ !
મન વાણી કાયાથી, ન ક્રૂરતા આચરવી. ૪૯૨

ધર્માનુરાગીએ એવી ચાર ધર્મકથા કરી કાયા નિર્મળ કરવી, તેમાં આક્ષેપીની કથા–ધર્મવૃત્તિ ભણી વિશેષ મન આકર્ષાય તેવી કથા કરવી, વિક્ષેપની એટલે સંસારની મોહમાયાની આસક્તિમાંથી ધીમેધીમે મનને વિચ્છેદ એટલે છુટું પાડે, એવી કથાવાર્ત્તા કરવી. સંવેગણી કથા એટલે વૈરાગ્ય ઉત્પન્ન કરાવે, યથાશક્તિ ત્યાગવૃત્તિની બુદ્ધિ થાય તેવી કથા કરવી. અને ચોથી નિર્વેગણી કથા એટલે સંસાર ઉપર ગ્લાનિ ભાવ ઉત્પન્ન કરાવે, સંસારમાં રહ્યા છતાંયે જળકમળવત્ નિર્લેપ રાખે–એવી કથા કરવી. પણ બીજી સ્ત્રી આદિકની મલીન કથાઓ કરવાથી તો ઉલટું પાપકર્મ બંધાય છે. વહેવારીક રીતે વિચાર કરીએ, તો આખો દિવસ અને રાત ઉપાધિનાજ ભરેલ છે, તેમાંથી માંડમાંડ નવરા થઈ સુભાગ્યે ધર્મસ્થાનકની ભેટ લેવાનો જુજ વખત મળ્યો, તો પછી તે અમૂલ્ય વખતને ગેરલાભમાં શા માટે ઉતારવો જોઇએ ? રત્નદ્વીપમાં રત્ન લેવા માટે ગયેલો મનુષ્ય પ્રમાદમાં પડી રત્ન ન લેતાં, મોજશોખમાં ને લહેર કરવામાં પડી જાય અથવા નિદ્રાધિન થઇ જાય, તેમાં ખોટ કોને જવાની ? તેને પોતાનેજ; પછી એ હાથ આવેલો અમૂલ્ય અવસર ચુકી જવાથી પાછળ પુરેપુરો પસ્તાવોજ થવાનો. કારણ કે હંમેશાં સર્વ કોઈ મનુષ્ય સુખનેજ ઇચ્છે છે, કોઇ દુઃખને મનથી પણ ચાહતું નથી. મારા વેપારમાં ખોટ જજો, મને દુઃખ મળજો, તાવ આવજો, અશાંતિ ને ઉદ્વેગ થજો– વગેરે અનિષ્ટ કાર્યોને અને દુઃખ સંતાપને કોઇ સ્વપ્ને ઇચ્છતુ નથી; પણ કર્મોદયથી દુઃખ પ્રાપ્ત થાય તો તે અનિચ્છાથી ભોગવવાં પડે છે. તેમ પોતાની અમૂલ્ય ધર્મક્રિયામાં કોઇ ખોટને ઇચ્છતુ નથી, પણ ખોટમાં ઉતારનાર પ્રમાદને આદરમાન આપે, તો લાભ હાંસલ થવાને બદલે ખોટજ મળવાની. કારણ કે પ્રમાદ એ આત્માનો કટ્ટો દુશ્મન છે, ઘરમાં રહીને ઘર ખોદે છે, અનંતકાળથી આત્માનું એ પ્રમાદજ અહિત કરે છે. સૂર્ય સમાન તેજોમય સ્વયં પ્રકાશીત આત્માને ઘેરી તે અંધારૂં ઘોર કરનાર છે, પાંચ પ્રકારના પ્રમાદ વિષે કહ્યું છે કે:—

ગાથા.

मद विषय कसाया । निंदा विकहा पंच मा भणीया ॥
ए ए पंच पमाया । जीवा पाडंति संसारे ॥१॥

અર્થાત:—આઠ જાતિના મદ, સોળ જાતના વિષય, પાંચ પ્રકારના કષાય, નિંદા અને ચાર વિકથા તેવા પાંચ પ્રમાદ તે શ્રી-સર્વજ્ઞ પ્રભુએ કહ્યા છે; તે પાંચે જીવને સંસારમાં પટકી પાડે છે ને પરિભ્રમણ કરાવે છે. તે પાંચે અતુલબળી મહારાક્ષસ તુલ્ય છે, જેને વળગે છે તેને મહાદુઃખ આપે છે. ઘણું કરી પ્રમાદ ધર્મક્રિયાના અવસરમાં વિશેષ આવે છે ને ફાવે છે. નિદ્રા સંસારનાં કામ કરતાં ભાગ્યેજ આવશે, દુકાને બેઠો હોય ત્યારે પ્રમાદ રહિત એટલે આળસ કર્યા વિના વેપાર કરે છે, અને તે વખતે ઘરાગની ધમાલથી રળવાની ધુનમાં નિદ્રા આવતી નથી. પણ ધર્મક્રિયામાં બેઠો હોય અથવા ધર્મ-કથા સાંભળતો હોય કે તુરતજ નિદ્રા દયા કરી આવી ખડી થાય છે. આળસ આવે એટલે ઓઠીંગણુ વિના ચાલેજ નહિ, અને ઓઠીંગણુ દીધું એટલે નિદ્રા પ્રવેશ કરે. પછી ધર્મકથા કહેનાર મહાત્મા બોધ દીધા કરે અને ભાઇ સુખે નિરાંતે ઉંઘે; પછી તો ધર્મકથા તેને માટે બાળકના હાલરડારૂપ થઇ પડે. નાના બાળકને ઉંઘાડવા માટે માતા હાલરડાં ગાય છે, તેના મીઠા હલકથી બાળક ઉંઘી જાય છે, તેમ મહાત્મા ધર્મકથા કહે જાય છે, અને બાળજીવ શ્રોતા નિરાંતે ઉંઘે છે! તે કથા પુરી થયે ભાઇ ઘેર જાય છે, કહો પછી તેમાં કેવી મઝા આવે ?! નીચેની વાતમાં કહ્યા જેવી!

એક વખત કોઇ ભટ્ટમહારાજ કથા વાંચતા હતા, તે સાંભળવા ઘણા લોકો એકઠા મળ્યા હતા, તેમાં એક પટેલ પણ છેલ્લા આવી બેઠા હતા. કથા શરૂ થતાંજ પટેલ તો ઝોલાં ખાવા મંડી પડયા, તેવામાં ફરતોફરતો કોઇએક કુતરો ત્યાં આવ્યો તે નિદ્રાવશ થયેલા પેલા પટેલનું મુખ ખુલ્લું હતું, તેમાં પોતાના જાતિસ્વભાવ પ્રમાણે મુતર્યો; પટેલ પૂર્ણ નિદ્રામાં હતા, તેથી તેનું તેને પૂર્ણ ભાન ન રહ્યું. પણ મોઢામાં તેને કાંઇક ખારાશ જેવું લાગ્યું, કથા પુરી થઇ એટલે સૌ ચાલતા થયા, પટેલ પણ આંખ્યો ચોળતા ચાલ્યા. ત્યારે રસ્તામાં તેને કોઇએ પુછ્યું, કે પટેલ! આજનો હરિકથાનો રસ કેવો મઝાનો

લાગ્યો ? ત્યારે પટેલે કહ્યું કે, આજનો હરિકથાનો રસ તો ખારો નિકળ્યો; પણ મુરખાને એટલી ખબર ન પડી, કે હું ઉંઘમાં પડયો હતો તેથી મોઢામાં કુતરો મુતરી ગયો તેથી મેં ખારૂં થયું; તેનેજ કથારસ સમજી-માની બેઠો ! વાતનો સાર એ છે કે ઉત્તમ કાર્યમાં જોડાય છતાં પ્રમાદવશ થવાથી વિપરીત પરિણામ આવે છે, માટે ધર્મકાર્યમાં સદા જાગ્રત રહેવું, સાવચેતીથી વર્તવું, પ્રમાદરૂપી રાક્ષસને પેસવા દેવો નહિ, વિકથારૂપ કાળી સાપણીઓ ડંખ ન મારે તેથી ચેતતા રહેવું, કષાય, અશુભ ધ્યાન, અશુભ જોગ વગેરે દુર્ગુણો દુરિતો અટકાવવા પ્રયત્ન કરવા, અને અમૂલ્ય પ્રેમપૂર્વક લીધેલા પવિત્ર વ્રત્તને સાવધાનીથી પાર પાડવું, તેજ મહાલાભનો હેતુ છે. ધર્મક્રિયાઓનાં વ્રત્ત સર્વ પવિત્ર છે, મહા અમૂલ્ય લાભ દાતાર છે, મહાભાગ્યના ઉદયેજ મનુષ્ય તે પ્રાપ્ત કરી શકે છે. શ્રીપન્નવણાજીસૂત્રના પંદરમા પદની ટીકામાં શ્રીવીરવર્ધમાનપ્રભુએ તેના વર્ણવેલા મહાન લાભો અત્રે પ્રસંગોપાત લખીએ છીએ.

મગધદેશમાં રાજગ્રહી નગરીને વિષે ગુણશિલા નામે વન છે, તે નગરમાં શ્રેણિકનામે રાજા રાજ્ય કરતો હતો, એક વખતે તે ગુણશિલાવનમાં ચોવીસમા તીર્થંકર શ્રીવર્ધમાનપ્રભુ પોતાના અગ્રિમ શિષ્ય ગૌતમાદિક સર્વ સાધુ પરિવાર સહિત પધાર્યા. તે પ્રભુના વંદનાર્થે શ્રેણિકરાજા, ચેલણારાણી અભયકુમાર વગેરે પ્રકૃત્તિમંડળ સાથે ત્યાં આવ્યા, વિધિપૂર્વક વાંદી નમસ્કાર કરી યથાયોગ્ય સ્થાને બેઠાં. તે વખતે શ્રીગૌતમસ્વામીએ શ્રીવીરપ્રભુને સવિનય વાંદીને પૂછયું કેઃ— કૃપાળુ ગુરૂ ! બાર પ્રશ્નો પુછવાની ઇચ્છા છે, આજ્ઞા હોય તો પૂછું. પ્રભુએ કહ્યું કેઃ–સુખે પુછો. ત્યારે ગૌતમસ્વામીએ પૂછયું કેઃ–હે પ્રભો ! સો વરસના યુગ કેટલા, સંવત્સર કેટલા ? અયન કેટલા, ઋતુ કેટલી, માસ કેટલા, અડવાડીઆં કેટલાં, પક્ષ કેટલા, દિન કેટલા, પહોર કેટલા, મુહુરત કેટલી, ઘડી કેટલી, શ્વાસોશ્વાસ કેટલા, તથા તેમાં ધર્મધ્યાન કરવાથી કેટલો લાભ થાય ? તે કૃપા કરી કહો. ત્યારે શ્રી વીરપ્રભુએ કહ્યુંઃ—અહો ગૌતમ ! ભલું પૂછયું, અન્ય ભાવિકને પણ તમારા પ્રશ્નો અતિ લાભકારી છે, હવે તેના ઉત્તર ક્રમવાર સાંભળો ! સો વરસના યુગ વીસ થાય, સંવત્સર સો, અયન બસે, ઋતુ છસેં, માસ બારસે, પક્ષ ચોવીસસેં, અઠવાડીઆં અડવાળીસસેંહ, દીન છત્રીસહજાર,

પહોર બે લાખ ને અઠાવીસ હજાર, મુહુરત દશ લાખ ને એંસીહજાર, ઘડીઓ એકવીસલાખ સાઠહજાર, અને શ્વાસોશ્વાસ ચારસે સાતકરોડ અડતાળીસલાખ ચાળીસહજાર થાય; એ બારે ઉત્તર કહ્યા.

હવે સો વર્ષની હકીકત કહી તેમાંથી એકજ દિવસ સમકીત ને જ્ઞાનસહિત પોષો કરે અને રાગદ્વેષ ધરે નહિ, ક્ષમાદયાથી પોષો કરે, તેને કેટલા લાભ થાય તે કહે છે. હે ગૌતમ સતાવીસસેંહ સિતોતેર કરોડ, સીતેરલાખ, સિતોતેરહજાર સાતસેં ને સીતેર પલ્યોપમ ને એક પલ્યોપમના નવ ભાગ કરીએ તે માંહેલા આઠ ભાગ ઝાઝેરા શુભ દેવતાનું આયુષ્ય બાંધે છે. વળી સો વરસમાં શુદ્ધ સમકીત સહિત ભાવનાપૂર્વક એક પહોરનો સંવર કરે, તો કેટલો લાભ થાય ? ઉત્તરમાં ત્રણસેંને છેંતાળીસ કરોડ, બાવીસલાખ, બાવીશહજાર બસેંબાવીશ પલ્યોપમ ને એક પલ્યોપમના સાત ભાગ ઝાઝેરૂં શુભ દેવનું આયુષ્ય બાંધે છે. વળી સો વરસમાં તેવાજ શુભ ભાવથી એક મુહુર્ત સામાયક વ્રત કરે, તો કેટલો લાભ થાય ? ઉત્તરમાં બાણુંકરોડ, ઓગણસાઠ લાખ, પચીશહજાર નવસેં ને પચીશ પલ્યોપમને તે ઉપર એક પલ્યના સાતીયા ત્રણ ભાગ ઝાઝેરૂં શુભ દેવનું આયુષ્ય બાંધે. વળી સો વરસ-માં એક ઘડીનો સંવર કરે, તો કેટલો લાભ થાય ? ઉત્તરમાં છેંતાળીશ કરોડ, ઓગણત્રીસ લાખ, બાસઠહજાર નવસેં ને સડસઠ પલ્યોપમ ને એક પલ્યના છ ભાગીઆ ચાર ભાગ એટલું શુભ દેવનું આયુષ્ય બાંધે. તથા સો વરસમાં એક નવકારવાળી તપ કરે, તો કેટલો લાભ થાય ? ઉત્તરમાં ઓગણીસ લાખ, ત્રેસઠહજાર, બસેંસડસઠ પલ્યોપમ અને એક પલ્યનો ચોથો ભાગ શુભ દેવનું આયુષ્ય બાંધે. વળી સો વરસમાં શુભભાવે એક અનુપૂર્વી ગણે, તો કેટલો લાભ થાય ? ઉત્તરમાં બાસઠ સાગરોપમના નારકીનાં કર્મ ખપાવે અને ઉત્કૃષ્ટ રસ આવે, તો પાંચસેં સાગરના નારકીનાં કર્મ ખપાવે. તથા તેવેજ શુભભાવે એક ઉણોદરી તપ કરે, તો કેટલો લાભ થાય ? ઉત્તરમાં સો વરસનાં નરકનાં કર્મ ખપાવે, ને શુભ દેવનું આયુષ્ય બાંધે. તેવેજ ભાવે સો વરસમાં એક છઠ કરે, તો એક લાખ વર્ષનાં નારકીનાં કર્મ ખપાવે, અને શુભ દેવનું આયુષ્ય બાંધે. તથા તેજ ભાવે એક આઠમ કરે, તો એક કરોડ વરસનાં નારકીનાં કર્મ ખપાવે, અને શુભ દેવનું આયુષ્ય બાંધે. તથા શુભભાવે એક ચોલું પંચોલું કરે, તો ક્રોડાક્રોડી વરસનાં

નારકીનાં કર્મ ખપાવે, ને શુભ દેવનુ આયુષ્ય બાંધે. એવા બાર પ્રશ્નોત્તર થયા. વળી શ્વાસોશ્વાસની ગણત્રી કહે છેઃ—એક ઘડીના શ્વાસોશ્વાસ એક હજાર આઠસેં સાડીછેંતાળીસ થાય, બે ઘડીના ત્રણ હજાર સાતસેંને તોતેર થાય, પહોરના પંદરહજાર અને બાણું થાય, એક અહોરાત્રીના એકલાખ તેરહજાર ને નેવું થાય, પંદર અહોરાત્રીના સોળ લાખ સતાણુંહજાર આઠસેં પચાસ થાય, એક માસના તેત્રીસલાખ પંચાણુહજાર સાતસેં થાય, નવ માસના ત્રણ કરોડ ચઉદલાખ દસ હજાર બસેંપચીશ થાય; એક વરસના ચાર કરોડ સાત લાખ અડતાળીશહજાર બસેં થાય, સો વરસના ચારસેં સાતકરોડ, અડતાળીસ લાખ ચાળીશહજાર થાય. તેમાંથી જેટલા શ્વાસોશ્વાસ ઉત્તમ ભાવનામાં જાય અને ધર્મક્રિયા નિર્મળ બને, તેટલો મહાલાભ થાય, માટે વ્રતોમાં શુભ વિચારો રાખવા. આ પ્રમાણે શ્રીવીરપ્રભુના ઉત્તરો સાંભળી ગૌતમસ્વામીને શ્રેણિકરાજા વગેરે સર્વ શ્રોતામંડળ પુરણ પ્રમોદ પામી પગે લાગ્યા અને વ્રતોમાં શુભ ભાવના માટે મન વિશેષ દૃઢ કરી પછી સભાજનો સૌસૌના સ્થાનકે ગયા.

માટે ઉત્તમ એવી ધર્મક્રિયામાં પ્રવેશ કરી સદૈવ જાગ્રત રહેવું, વહેવારમાં પણ ગફલતમાં રહેનારા ગાફલને પાછળથી પસ્તાવું પડે છે, અને લોકમાં પણ કહેવાય છે કે " સુતેકી ભેંસ તો પાડા જનેગી અર્થાત્ સુતેલાની ભેંશને પાડોજ આવે." તે ઉપર એક દૃષ્ટાંત કહે છે.

(૬૦૪) જાગતાની પાડી, ને ઉંઘતાનો પાડો! તે વિષે વાત.

એક વખત બે ગામડીઆ લોકો પોતાની સગર્ભા બે ભેંસો લઈને કોઈ ગામ જતા હતા, તે બેમાં એક બહુ ભોળો અને બીજો મહા નટખટ પ્રપંચી હતો. રસ્તે જતાં મધ્યાનકાળ થતાં એક મોટા ઝાડતળે બે જણા વીસામો લેવા બેઠા, થોડીવારે પેલો ભોળો માણસ ઉંઘ આવવાથી ઉંઘી ગયો. સુતા પહેલાં પેલાએ મિત્રને કહ્યું, કે આપણી ભેંસને પૂર્ણ માસ ચાલે છે, માટે તુ જાગતો રહેજે અને મારી ભેંસને પાડી આવે, તો સાચવીને ધવરાવજે—એમ કહી તે તો ઉંઘી ગયો. ત્યાર પછી બન્ને ભેંસને સાથેજ પ્રસવ થયો, જોયું તો પેલા ખટપટીની ભેંસને પાડો આવ્યો અને ઉંઘેલા ભોળીયાની ભેંસને પાડી આવી હતી, જેથી પેલા ખટપટીએ અદલાબદલી કરી નાખી. એટલે પોતાની ભેંસને પાડી વળગાડી દીધી, ને પાડો ભોળીયાની

ભેંસને વળગાડી દીધો. ને પછી પોતાના મિત્રને જણાવ્યું કેઃ-ઉઠ ! ભેંસને પ્રસવ થયો. એટલે તુરત જાગરૂક થઇ પૂછ્યું કેઃ-મારી ભેંસને શું આવ્યું ? ત્યારે પેલાએ કહ્યું કેઃ-પાડો આવ્યો, ને મારી ભેંસને પાડી આવી. ત્યારે પેલા ભોળાએ કહ્યું કે એમ કેમ થયું ? ત્યારે પેલાએ કપટથી કહ્યું કેઃ-તુ સુતો હતો, તેથી તારી ભેંસને પાડો આવ્યો. કારણ કે કહ્યું છે કેઃ—**સુતેકી ભેંસ પાડા જનેગી** અર્થાત સુતેલાની ભેંસને પાડોજ આવે ! તે સાંભળી પેલો ભોળો પસ્તાયો, કે અરેરે ! જો હું ન સુતો હોત તો ઘણું સારૂં થાત, પણ પછી પસ્તાવો કર્યો શા કામનો ? ભોળીયો ઉંઘી ગયાથી ઠગાયો ! પછી ભેંસો લઇ પોતપોતાના સ્થાનકે બન્ને ગયા. મતલબમાં કહેવાનું એટલુંજ કે હંમેશાં ધર્મક્રિયામાં સાવધાન રહેવું, અન્ય પ્રવૃત્તિઓનો પરિહાર કરી ચિત્તની એકાગ્રતા રાખવી, કે જેથી પોતાને અમૂલ્ય લાભ મળે, અને આપણો આત્મા પવિત્ર બની ઉચ્ચગામી થાય. (૯૨)

अपार पारावारस्य । तारणं पोतकारणम् ॥
तथा संसार पाराय । धर्म एव हि कारणम् ॥९३॥
धर्मेणै व विवर्धन्ते । धनानि विभवानि च ॥
तस्मात्सुधर्ममाधे हि । परत्रात्र सुखार्थिना ॥ ९४ ॥

અર્થ—અપાર એવા મહાસાગરમાં વહાણ એજ મોટું સાધન છે, તેવી રીતે સંસારરૂપી સાગરનો પાર પામવા માટે ધર્મ એજ મુખ્ય આધાર છે, કારણ કે ધર્મથી ધન અને અનેક પ્રકારના વૈભવ વૃદ્ધિ પામે છે. તે માટે આલોક તથા પરલોકમાં સુખને અર્થે હંમેશાં પવિત્ર ધર્મને આદરવો, આરાધવો; કે જેથી ઉભય લોકમાં પરમસુખની પ્રાપ્તિ થાય. (૯૩-૯૪ યુગ્મ.)

ભાવાર્થઃ—સર્વ શાસ્ત્રો તથા સમર્થ વિદ્વાનો તથા દરેક મતાવલંબી સાધુસંત મુનિમહાત્માઓ પોતપોતાનાં વિવિધ વાજીંત્રોથી

પોકારે છે કેઃ—હે સુજ્ઞ વિવેકીજનો! ધર્મ કરો, ધર્મનાં ફળ રૂડાં છે, ધર્મ કરનાર મહાસુખ પામે છે—એમ દરેકજણ પોકારે છે. પણ કોઈ પુછે, કે ધર્મ શા માટે કરવો? ધર્મ કેવો કરવો જોઇએ? ધર્મ કેમ કરવો? તેને માટે આપણે એટલુંજ કહી શકીશું, કે જેમ કોઈ મનુષ્ય મહાસાગરમાં પડી ગયો હોય, તેને કિનારો પામવાની ઉત્કંઠા કેટલી બધી રહે છે, શા માટે ઇચ્છા રાખે છે? કેવી ઇચ્છા રાખે છે, ને કિનારો પામવા કેવો ને કેટલો ઉદ્યમ કરે છે? તે સર્વ કોઈ જાણે છે. જે સમયમાં પ્રાણી સમુદ્રમાં પડે છે, તે સમયની તેની સ્થિતિ કેવી ભયંકર હોય છે, તરવા માટે તે કેવાં ફાંફાં ને તરફડીયાં મારે છે, તે સમયનું દુઃખ તેનેજ જાણવા દો, તે દુઃખની કલ્પના સર્વજ્ઞ સિવાય બીજો ભાગ્યેજ કરી શકે. તેમ આ જીવાત્મા પણ અનંત અને અપાર ભવસાગરમાં ડુબી ગએલ છે, તેને મોક્ષ બંદરે પહોંચાડવા માટે ધર્મ એ વહાણરૂપી સબળ સ્હાયકારી અમૂલ્ય સાધન છે, તે સર્વ કોઇ જાણે છે. તો ધર્મ કેવો કરશો? શરીરને શાંતિ કરવા માટે દવા તો કરવી પણ કેવી કરવી? કારણ કે એક દવા રોગ મટાડનારી છે, અને બીજી એક દવા રોગ વધારનારી હોઇ મૃત્યુ નજીક લાવે છે; તેમ ધર્મને માટે પણ સમજવું. એક ધર્મ અધોગતિમાં લઈ જનાર છે, અને એક ધર્મ ઉંચ ગતિએ લેઈ જનાર છે; દુનિયામાં કેટલેક સ્થળે તો મનથી માન્યો તે ધર્મ અગર પોતાના વંશપરંપરાનો વ્યવહાર તે પણ એક જાતના ધર્મ તરીકે મનાય છે. તે વિષે કહ્યું છે કેઃ—

દુહા.

જે ટોળીને જે ગમ્યું, તે તેનો આચાર;
ધર્મ ગણી દેવી કને, કરે મનુષ્ય સંહાર. ૪૯૩
રૂચી પ્રમાણે મનુષ્યની, ઉપજ્યા ધર્મ અનેક,
એક અહિંસાને ભજે, અશ્વમેધને એક. ૪૯૪
એકજ નદી તળાવ નહિ, દુકાન પણ નહિ એક,
ધરણી ઉપર ધર્મના, એમજ પંથ અનેક. ૪૯૫

એમ અનેક ધર્મપંથો અવની ઉપર છે, કેટલાએક તો હિંસાનેજ ધર્મ સમજે છે, પોતાના કુળવ્યવહારને ધર્મ સમજી લે છે, પણ એ માન્યતા ખોટી છે. ધર્મની વ્યાખ્યા એવી છે કેઃ—

જીવાનામધઃપતનાદ્ધારયતી ति धर्मः ।

અર્થાત—આ સંસારરૂપી મહાભયંકર સાગરમાં પડતા પ્રાણીને ધારી રાખે તે ધર્મ. જેથી શરીર શાંત થઇ નિરોગી બને તેજ દવા ખરીદવાનું બુદ્ધજનોએ બતાવ્યું છે. કસાઇ લોકો પોતાનાં હથીઆરો છુરા લેઇ બિચારાં અનાથ પ્રાણીનાં ગળાં કાપવા જાય છે, તે પણ બતાવે છે કે આ અમારો કુળધર્મ છે. વળી કેટલાક લોકો દશહરાને દિવસ ધર્મને બહાને પશુવધ કરે છે, છતાં કહે છે કે એતો અમારો ધર્મ છે. વળી કેટલાક દયાના હિમાયતીઓ અમારો ધર્મ દયામય છે, એમ પોકારનારા હોઇ પ્રભુને નામે થતી કેટલીક હિંસાઓ થવા છતાં એ હિંસાના પ્રસંગોને ધર્મરૂપે માને છે. આવી રીતે પ્રભુને નામે થતી હિંસાઓ પ્રભુપદ પ્રાપ્ત કરવામાં શું સહાયભૂત થતી હશે? પુત્રને મારીને રાજકીય સાર્વભૌમ સત્તા મેળવવાનો મિથ્યા મનોરથ વાજબી—યોગ્યતાભર્યો ગણાતો હશે કે? ના,ના કદિજ નહિ. જ્યાં હિંસા ત્યાં પ્રભુપદની પ્રાપ્તિનો અસંભવજ છે. જ્યાં અગ્નિ હોય ત્યાં શીતળતા ક્યાંથી? તો હવે ધર્મ કયો ખરો? તે અટપટો પ્રશ્ન ઉભો થાય છે. સર્વ મનુષ્યો, દરેક પંથના નેતાઓ, સર્વ મુનિમહાત્માઓ સંતસાધુઓ છાતી ઠોકીને હિંમતથી પોકારશે કે અમારોજ ધર્મ ખરો છે, શ્રેષ્ઠ છે, ઉત્તમ છે, સર્વોત્તમને મોક્ષપદ આપનારો છે; પણ કોઇ એમ નહિ કહે કે અમારો પંથ અધર્મી છે, દુર્ગતિ દેનાર છે, ભવભ્રમણમાં ભટકાવનાર છે. આ પ્રમાણે વસ્તુસ્થિતિનું સ્વરૂપ છે, આ પ્રમાણે સર્વ પ્રકારનાં વાજીંત્રો એક સરખા સૂરે વાગવાથી સત્ય તો અદ્ધર હવામાં ઉડી જાય છે; પણ વિવેકબુદ્ધિથી મધ્યસ્થભાવે વિચારતાં સત્ય જણાઇ આવે છે. પણ જ્યાં પક્ષપાતનું અંધેર રાજ્ય વર્તે છે, અને જેને ખુની અલ્લાઉદ્દીનની માફક એક ચક્ષુ અને એકજ કાન છે, ત્યાં સત્ય શું? ન્યાય શું? નીતિ શું? અરે તે સર્વ તો નાશ પામે છે. પછી ભલે સાધુ કે સંસારી હોય, ગૃહસ્થ કે ગરીબ હોય, પણ જ્યાં પક્ષપાત થયો કે સર્વ પ્રકારનું સત્ય પાણીમાંજ ડુબ્યું સમજવું. અરે! કેટલાએક પંથના કદાગ્રહી—પક્ષાન્ધ સાધુએ પોતાના આશ્રીતોને એવાં તો મજબુત નાડાં પકડાવી દીધાં છે કે:—" **મારૂં એજ સાચું, બાકી બધું ખોટું; છગનમગન બે સોનાના ને ગામના છોકરા ગારાના.** " એ પ્રમાણે ઠસાવી દેઇ ખોટી માન્યતા મનાવી છે, વળી તે માન્યતારૂપી મજલાની મજબુતી માટે એવા તો અદ્‌ભુત રચનાવાળા ગ્રંથોરૂપી મહાસ્તંભો ખડા કરવામાં આવ્યા છે,

કે મગદુર નહિ કે એક પણ ઘેટું તેમાંથી છુટવા પામે; અને તે મજલો-માળો કદિ પડે પણ નહિ.

ધર્મ કયો ને ક્યાં છે? એ આપણે ગંભીર સ્વભાવે તટસ્થભાવે વિચારીશું તો તેનું રહસ્ય સહજ સમજાશે. જ્યાં રાગદ્વેષની પરિણુતી ઓછી હોય, ને મોહની મારામારીનું જોર કમતી હોય, દરેક પ્રાણીમાં દયા અને દયાનુંજ મુખ્ય પ્રકરણ હોય, તે પણ વાણીમાત્રમાં નહિ, પણ વર્ત્તનમાં ઉતારેલું હોય, અને જ્યાં જૈન એટલે વિજયનો ડંકો વાગતો હોય, જ્યાં આ પામર જીવાત્માને અપૂર્વ શાંતિ પ્રાપ્ત થતી હોય, તેજ પવિત્ર ધર્મ છે, તે હંમેશનું મંગળીક છે, અને તેજ આચરણીય ને કર્ત્તવ્ય છે. તેને માટે શ્રીવીરપ્રભુએ દશવૈકાલીક સૂત્રના પ્રથમ અધ્યયનની પ્રથમ ગાથામાં કહ્યું છે કે:—

ગાથા.

धम्मो मंगल मुक्किठं । अहिंसा संजमो तवो ॥

देवावितं नमं संति । जस्स धम्मे सया मणो ॥२१५॥

અર્થાત—ધર્મ એ ઉત્તમમાં ઉત્તમ મંગળીક છે, કે જે ધર્મ અહિંસા સંયમ અને તપમય હોય; એવા પરમપવિત્ર ધર્મને અંગીકાર કરનાર કે જેનું મન હંમેશા ધર્મમાંજ રમી રહેલું છે તેને દેવો પણ નમે છે. તે વિષે વળી કહ્યું છે કે:—

દુહા.

અધર્મ પરપીડા વિષે, સુધર્મ પરઉપકાર;
દધીમાં માખણ જેમ છે, સર્વ ધર્મનો સાર. ૪૯૬
ધર્મ વૃથા ભક્તિ વિના, ભક્તિ ધર્મ રહિત;
ભીંત વિના પાયો વૃથા, પાયા વિના શી ભીંત. ૪૯૭
આપે ભુંડું આપનું, કોઈ ન ચાહે ચિત્ત;
સૌ ઈચ્છે સ્વર્ગે જવા, નહિ કો નરક નીમિત્ત. ૪૯૮
ડરે પાપથી પ્રભુ ભજે, તે સૌ ધર્મી ધાર;
જેમ થાપણ સાચવે, શાણા સાહુ સાહુકાર. ૪૯૯
ભાવભેદથી ધર્મના, ભાસે ભેદ અનેક;
સર સરીતા વાવો કુવા, નીર એકનું એક. ૫૦૦

એમ જ્યાં પરપીડા છે ત્યાં અધર્મ છે, અને પ્રાણી વિષે દયા પરોપકારવૃત્તિ ત્યાંજ ધર્મ છે; ધર્મ કરવો એ દરેક પ્રાણીનું કર્ત્તવ્ય છે

ક્ષુધાની શાંતિ માટે ભોજનની જરૂર છે, તેમ આત્માને પરમસુખની પ્રાપ્તિ માટે સદ્ધર્મસેવનની જરૂર છે. તે વિષે રાજર્ષિપ્રવર ભર્તૃહરિએ નીતિશતકમાં સાફ કહ્યું છે કેઃ—સ્રગ્ધરાવૃત્ત.—

प्राणाघातान्निवृत्तिः परधनहरणे संयमः सत्यवाक्यं ।
काले शक्त्या प्रदानं युवतिजनकथा मूकभावः परेषाम् ॥
तृष्णास्रोतोविभंगो गुरुषु च विनयः सर्वभूतानुकंपा ।
सामान्यः सर्वशास्त्रेष्वनुपहतविधिः श्रेयसामेष पंथाः ॥२१६॥

અર્થાત—સર્વ ધર્મને વિષે જેનો વિધિ હણાયો નથી; એવો આ પવિત્ર મોક્ષનો માર્ગ છે. કે પ્રથમ તો પ્રાણીની હિંસાથી નિવૃત્તિ એટલે સર્વ પ્રાણીનો પ્રેમે બચાવ કરવો, તથા પરદ્રવ્યના અપહરણમાં સંયમ એટલે મનોનિગ્રહ કરવો, પારકું દ્રવ્ય લઇ લેવું, તે પરાયા પ્રાણ હરવા બરોબર છે માટે પરદ્રવ્યહરણનો સદા ત્યાગ કરવો. અને હંમેશાં સત્ય વાક્યો ઉચ્ચારવાં,એમ સત્યતાથી યત્ને વર્તવું. કારણ કે સત્યવંત પુરૂષો હંમેશાં સત્ય સુખ મેળવે છે. અને શક્તિ મુજબ યોગ્યકાળે સુપાત્રે દાન દેવું, તથા પરસ્ત્રી સંબંધી કથાથી મૂંગુ મુંગા ને વિરક્ત રહેવું. એટલે વૃત્તિ ચોખ્ખી રાખી સદાચારી ને સંયમી બનવું, ચક્ષુમાંથી ઝેરી ભાવના કુકલ્પનાનો ત્યાગ કરી અમીદૃષ્ટિ રાખવી કૃપાની નજર બનાવવી. આશાપ્રવાહ જેમ બને તેમ ઓછો કરવો, આશા ભિક્ષુકી એવી તો જોરાવર છે કે દરેક પ્રાણીને તે પોતાના પાશમાં પકડી રાખી યથેચ્છ રમાડે છે રંજાડે છે. માટે અતિ વેગવાન તૃષ્ણા નદીના તરંગમાં નહિ તણાવાં સદા સંતોષી થવું, અને સદ્ગુરૂનો વિનય કરવો, કારણ કે નમ્રતાથી સર્વ ગુણની સંપ્રાપ્તિ થાય છે. અને સર્વ પ્રાણીઓને વિષે અનુકંપા એટલે દયા–મયા રાખવી, ગરીબોની દુવા લેવી, તે દુવા વૈદ્યની દવા કરતાં શ્રેષ્ઠતમ ને સર્વોત્તમ ગુણકારી છે. વૈદ્યની દવા તો કિંમતવડે પ્રાપ્ત થાય છે, અને તે પણ માત્ર શારીરિક રોગનેજ હરે છે, પણ આ પરોપકારરૂપી ગરીબોની દુવા તો શારીરિક અને આંતરિક એમ ઉભય રોગોને હણવા મહાસમર્થ થાય છે. તથા દાન, શીલ, સત્ય, સંતોષ, તપ અને ભાવના, એવા ધર્મના મુખ્ય માર્ગો કહેલા છે; એ માર્ગે જઈ અનંત જીવો ભવસમુદ્ર તરી પાર પામ્યા છે. આ લોકમાં કોઇ મોટી ઇમારત ટકાવી રાખવા માટે મોટામોટા સ્થંભો મુકવામાં આવે છે, તેમ ધર્મરૂપી મોટી દીવ્ય ઇમારતને ટકાવી રાખવા

માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ તથા દાન, શિયળ, તપ અને ભાવના એમ ચાર સ્થંભો-થાંભલા મુકવામાં આવ્યા છે, કારણ કે તે ધર્મરૂપી મોટી સુંદર ઇમારતને તોડી પાડવાને ચાર રાક્ષસો પ્રયત્ન કરી રહેલા છે, ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર રાક્ષસોને નામે ઓળખાય છે. એ ચાર રાક્ષસોનું જેટલું પ્રબળ વધે, તેટલુંજ એ ચાર સ્થંભોનું શિથીલત્વ સમજવું. માટે ઉત્તમ પુરૂષોએ ક્રોધાદિક કષાયોને દુર કરી નિરંતર પવિત્ર ધર્મનું આરાધન કરવું. કેટલાએક મોહમુગ્ધ મનુષ્યો ધન મેળવવા માટે અનેક દોડધામ કરે છે, અને ધર્મને વિસારી મેલી તજી દે છે, ધનપ્રાપ્તિ માટે અનેક પ્રપંચકળા ને યુક્તિઓ રચે છે, પણ સમજતા નથી કે ધર્મ છે ત્યાંજ ધન છે, અને ધર્મથીજ અનેક સુખ પ્રાપ્ત થાય છે. તેને માટે કહ્યું છે કેઃ—

દોહરા.

ધન ચહાય તો ધર્મ કર, ધર્મે ધનજ હોય;
ધનધન કરતા જે ગયા, તે એમાંથી એકે ન હોય. ૫૦૧
પૈસા માટે પાપ કરો ના, પૈસા પકી ખાખ;
કાસમ કહે સત્યથી ચાલો, તો પૈસા લાખોલાખ. ૫૦૨
સતીયા સત નવ છોડીએ, સત્ય છોડે પત જાય;
સત્યકી બાંધી લક્ષ્મી, બહોત મીલેગી આય. ૫૦૩
ધર્મ કરો તુમે પ્રાણીઆ, ધર્મ થકી સુખ હોય;
ધર્મ કરતા જીવને, દુઃખીયા ન દીઠા કોય. ૫૦૪
ઢીલ ન કીજે ધરમકી, તપ જપ લીજે લુંટ;
જેસી શીશી કાચકી, પલમાં જાએ ફુટ. ૫૦૫

મતલબ કે ધર્મથી અનેક સુખો આવી મળે છે, જીવનનું સાર્થક પણ ધર્મથીજ થાય છે, જે મનુષ્યો મોહમાયાના ક્ષણીક પાશમાં ફસાઇ-પકડાઈ મળેલો અમુલ્ય અવસાર હારી જાય છે, તેને પરલોકમાં ઘણો પસ્તાવો થાય છે. માટે સંસારરૂપી મહાભયંકર ભવસાગરમાં એક અમુલ્ય વહાણ-રૂપી પવિત્ર ધર્મનુંજ આરાધન કરી જીંદગી સફળ કરવી-એજ બુદ્ધ જનોનું શ્રેષ્ઠતમ કર્ત્તવ્ય છે. તે વિષે કહ્યું છે કેઃ—

વસંતતિલકા વૃત્ત.

योनात्मजे न च गुरौ न च बंधुवर्गे ।
दीने दयां न कुरुते न च भृत्यवर्गे ॥

किं तस्य जीवितफलं हि मनुष्यलोके ॥
काकोऽपि जीव ति चिरं च बलिं च भुंक्ते ॥ २१७ ॥

અર્થાત્—જે માણુસ આત્માને માટે ગુરૂને વિષે, બંધુવર્ગને વિષે, ગરીબોને વિષે, નોકર વર્ગને વિષે, દયા નથી કરતો અર્થાત પરોપકાર કરી જીવન સફળ કરતો નથી; તેના જીવનનું ફળ આ મનુષ્ય લોકમાં શું ઉપયોગનું છે? પોતાનું પેટ ભરી જીંદગી પુરી કરવી તેમાં શું સાર્થક છે? કાગડાઓ પણ ઘણું જીવે છે, અને મળે છે તે ખાય છે. માટે કરીને ધર્મવિમુખ જીવોનું જીવન પ્રાયે કરી કાગડા જેવું છે, પણ મહાપાપી જીવ સદ્‌ગુરૂના સમાગમે કરી ધર્મ પામી હળુકર્મી થઇ સુખી થાય છે તે ઉપર એક દ્દષ્ટાંત કહે છે.

(૧૦૫) શ્રદ્ધા ને ટેક નિભાવનાર વંકચુળ લુંટારાની વાર્તા.

કોઇ એક સાધુ મહાત્મા એક મહાવિકટ અટવી ઓળંગવાને માટે એક કોઈ સાર્થવાહ (સંઘ)ના કાફલા સાથે વિહાર કરતા હતા. એક વખત એવું બન્યું, કે મહાત્મા ધ્યાનમુદ્રામાં રોકાયલા હતા, પછી ધ્યાન પારી તેમણે આસપાસ જોયું તો કાફલો મળે નહિ. જરાવાર હૃદય મીઠી મુંઝવણમાં મુંચાયું તો ખરૂં! કાફલો કઇ દિશામાં પ્રયાણ કરી ગયો હશે? તેની સાથે રહી આ વિકટ અટવી ઓળંગવાનો વિચાર તો હવે અપૂર્ણ રહ્યો, હવે રસ્તાઓ અનેક પ્રસરતા—ફંટાતા હોવાથી કાફલાને કઈ દિશાએ જઇ મેળવવો? તે બધું અશક્ય છે. ભાવિભાવ જે બન્યું તે ખરૂં--એમ ધારી મન વાળી ત્યાંથી કોઇ પણ દિશામાં પ્રયાણ શરૂ કર્યું. એમ કેટલાક કોસ નીકળી ગયા પછી એક વિકટ ડુંગર વાળી અટવી આવી, ભીલોની વસ્તી હતી, ને હવે વર્ષા ઋતુ બેસી જવાની તૈયારી હતી, તેથી ભીલપતિની આજ્ઞા લેઇ ત્યાંજ ચાતુર્માસ ગાળવાનો નિશ્ચય કર્યો. તે ભીલપતિ એક રાજકુમાર હતો, બાળપણાથી તેને ચોરી કરવાની કુટેવ પડી હતી તેથી તેના પિતાએ તેને નાલાયક ગણી, આ દુરાચારી પુત્ર કુળને કલંક લગાડશે પ્રજાને પીડશે ને રાજ્યને ખલેલ પહોંચાડશે—એમ સમજી આવો દુર્ગુણી પુત્ર દુ:ખદાયી હોવાથી રાજાએ તેને તિરસ્કારપૂર્વક દેશનિકાલ કર્યો હતો તે ભીલની ટોળીમાં આવી ભળ્યો હતો. પોતે પહેલવાની—મર્દાનગી કળા અને ચૌર્યકર્મમાં ચતુર હોવાથી તે સર્વ ભીલોએ તેને અધિપતિ બનાવ્યો. તેનું નામ તો પુષ્પચુળ હતું, પણ સર્વ કોઇ એ ભીલપતિને

વંકચુળ નામે ઓળખતા. તેનો ધંધો ધાડ પાડવી તથા વટેમાર્ગુને લુંટવા અને ચોરી કરી ગુજરાન ચલાવવું; એ પ્રમાણે ધંધો ચલાવી ઘણા વર્ષથી તે ત્યાં રહેતો હતો. ચરમવતી નદી પાસે ઢીપુર નામા નગરને વિષે રાજ્ય કરતા વિમળરાજાની પટરાણી સુમંગળાની કુખે જોડલે જન્મેલાં પુત્રપુત્રીનાં રાજારાણીએ હર્ષ પામી પુષ્પચુળ અને પુષ્પચુળા નામ પાડયાં હતાં. જુવાનીમાં આવતાં પાપના ઉદયે એ ભાઇબહેનને સમાગમ થયો, અને જોમનીયું ન જીરવાયાથી પુષ્પચુળ નગરમાં બીજા પણ ઘણા અનર્થ કરતો અને ગદ્ધાપચીસીમાં ઉન્મત થઇ રૈયતને રંજાડતો હતો; આમ વાંકે માર્ગે ચાલવાથી કુમારનું વંકચુળ નામ રાખ્યું. પરસ્ત્રીપર બળાત્કાર અને બીજા અનેક જુલમો તે પ્રજાપર કરતો, તેથી ત્રાસ પામેલા નગરજનોની ફરિયાદથી કોપાયમાન થઇ રાજાએ તેને દેશવટો દીધો. રાજા અને પિતાનું વચન ન લોપતાં, સ્નેહસંબંધ અને પ્રેમગાંઠથી જોડાયલાં એ ભાઇબહેન ત્યાંથી ચાલી નિકળી આ ભીલની પાલ્યમાં આવી રહ્યાં હતાં. પુષ્પચુળ એવું અટપટું નામ પસંદ ન કરતાં વાંકે રસ્તે ચાલી તિરસ્કૃત થયેલો એ રાજકુમાર પણ પોતાને વંકચુળ તરીકેજ ઓળખાવવા લાગ્યો હતો.

આ મહાઅટવીમાં ભુલા પડેલા પેલા મહાત્મા એ ભીલપતિની આજ્ઞા લેઈ ત્યાં રહ્યા. કોઈ વખત કોઇ વટેમાર્ગુ તરફથી નિર્દોષ ભિક્ષાની જોગવાઇ મળે તો આહાર કરતા, એમ ઘણું સંકટ વેઠીને ચોમાસાના ચાર માસ પૂરા કર્યા; પણ ભીલપતિએ કોઈ જાતની સંભાળ લીધી નહિ. પછી મહાત્મા તો ચાર્તુમાસ પૂર્ણ થયે વિહાર કરવા માટે ભીલપતિની રજા લેવા ગયા, ત્યારે વંકચુળે મહાત્માને જોઇ પુછ્યું કે:–કાંઇ જોઇએ છીએ? મહાત્માએ કહ્યું:–ના ભાઈ! હું કાંઇ માગવા નથી આવ્યો, પણ ચોમાસું પૂર્ણ થયે વિહાર કરવા માટે હું તમને જણાવવા આવ્યો છું. ભલે પધારો! એમાં પુછવાનું શું હતું? તમોને સીધુ પાણી તો ઠીક મળતું કે નહિ, અમારા ભીલ ભાઇઓ લોટ આપતા હતા ને? વારૂ! રસોઇ હાથે બનાવી જમતા હતા, કે તમે કોઇ પાસે કરાવતા હતા? વંકચુળ તો અત્યાર સુધી એમ સમજતો હતો, કે અન્ય સાધુની માફક આ સાધુ પણ વ્યવહારી હશે, તેથીજ તેણે આવા પ્રશ્નો પુછ્યા હતા. તેના ઉત્તરમાં શાંત મહાત્માએ જણાવ્યું કે:–ભાઇ! તમોએ પુછેલા પ્રશ્નના અમે અધિકારી નથી, અમે તો જૈનસાધુ છીએ, જૈન સાધુઓ ઉપરના વ્યવહારથી વિરક્ત

હોય છે, અમારે સીધુ પાણી ખપતું નથી, વનસ્પતિ તથા દાણા દુણીને અમારાથી અડાય પણ નહિ, તળાવનદીના પાણીને પણ અડાય નહિ, તો તે પીવાય તો કેમજ ? અમારે માટે બનાવેલું ભોજન અમારે કામ આવે નહિ, ગૃહસ્થ લોકો પોતાને માટે બનાવે તેમાંથી તેની પ્રીતિપૂર્વક લઇએ, તથા ઉના પાણીની જોગવાઇ મળે તો તે લઇને પીઇએ. પૈસો ટકો વગેરે અમારે કાંઇ પણ ખપે નહિ, તથા કોઈ પણ વસ્તુ અમો રજા વિના લઇએ નહિ, કોઈ મકાનમાં ઉતરવા માટે કોઇની રજા લઇને ઉતરીએ, ત્યાંથી જતી વખતે તેમને તથા બીજા કોઇને ખબર આપીએ; આવો અમારો જૈનસાધુઓનો સામાન્ય નિયમ છે.

આવા તે મહાત્માના શબ્દ સાંભળતાંજ વંકચુળ તો દિગ્મૂઢ બની ગયો, અને આશ્ચર્ય પામ્યો, અને જૈન સાધુના આવા ઉત્તમ આચારો માટે તેમની બહુ તારીફ કરવા લાગ્યો, અને આવા પવિત્ર મહાત્માની મેં કાંઈ પણ સંભાળ ન લીધી, તેને માટે મનમાં પૂર્ણ પસ્તાવો કરવા લાગ્યો. પછી હાથ જોડી નમ્રતાપૂર્વક કહ્યું કેઃ–ઓ પવિત્ર મહાત્મા ! આપનો આચાર તો બહુ ઉજળો છે, તથા આપના વ્યવહાર પણ બહુ કઠણ છે, આપને બહુ સહન કરવું પડ્યું હશે ? આપની કાંઇ પણ સંભાળ મારાથી ન લેવાણી, તેને માટે હું માફી માગું છું. મહારાજ મારાથી બીજું કાંઇ બન્યું નથી, પણ મારા તરફથી હવે કંઇક ભાતું લેવા જાઓ, એમ કહી ભાતું આપવા માંડ્યું, પણ અયોગ્ય જાણી સાધુએ કાંઇ પણ લીધું નહિ. ત્યારે તેમની પ્રશંસા કરતો થોડેક દુર મહાત્માને વળાવવા માટે આગળ ચાલ્યો. રસ્તામાં ચાલતાં મહાત્માએ બોધવચનો કહ્યાં કેઃ–હે ભાઇ ! ભલા, કાંઈ ધર્મરૂપી પરભવનું ભાતું બાંધો તો તેથી તમને મહાલાભ થાય. કારણ કે આલોકમાં સર્વ સામગ્રી પરભવના પુણ્યથીજ મળી છે, જગતમાં કોઇ દુઃખી અગર સુખી હોય છે, તે પણ પુણ્યપાપનાંજ ફળ છે. તે વિષે કહ્યું છે કેઃ–

ઇંદ્રવિજય છંદ.

એકનકું ગજરાજ સુખાસન, એકનકુ પાઉ પાનહી પાઇ,
એકનકું અરૂ શાલ મહોલરૂ, એકનકું મઢીયાં બનાઈ;
એકનકું ઘરણી તરૂણી સુખ, એકનકુ ઘરણી દુઃખદાઇ,
એક સુખી દુઃખીયા નર દીસત, સર્વ જસા નિજ કૃત કમાઇ. ૫૦૬

સુખને સહુ ચહાય છે પણ સુખ પૂર્વ પુણ્ય વિના મળતું નથી,

માટે પરભવના ભાતા માટે કાંઈક ધર્મની ટેક લ્યો ! કોઇ નિયમ લ્યો ! ત્યારે વંકચુળે કહ્યું:—મહારાજ ! મારો ધંધો જુદો રહ્યો, ચોરીના ધંધાથી તો મારે પેટ ગુજારો કરવો, તો તેમાં નિયમ કેમ પળાય ? તો પણ તમારા કહેવાથી કાંઇક નિયમ તો લઉં. પછી મન સાથે વિચાર્યું કે આપણાથી સચવાય અને મહારાજનું મન રહે એવો બાધા લઉં,—એમ વિચારી બોલ્યો કે:—મહારાજ ! એક ગાડુ ન ખાવું, બીજું અજાણ્યાં ફળ ન ખાવાં, ત્રીજું કાગડાનું માંસ ન ખાવું, ચોથું કોઇ રાજાની રાણી સાથે વ્યભિચાર ન કરવો, અને પાંચમું સાત પગલાં ફરી કોઇ ઉપર ઘા કરવો; એવી પાંચ બાધા આપો ! એ સર્વ નિયમમાં એક પણ પળાય તેવું નહોતુ એમ નહિ. ગાડુ કાંઈ ખવાતું નથી, કાગડાનું માંસ નીચ જાણી ખવાતું નથી, અને ચોરીનાં કામો કરનારને તો રાજાની રાણી સ્વપ્નામાં પણ જોવી મુશ્કેલ હોયછે અને અજાણ્યું ફળ પણ કોણ ખાય છે ? માટે એમ જાણી એ સર્વ બાધાઓ ઉત્સાહથી લઈ વંકચુળ પગે પડી પાછો ફર્યો.

પછી ઘણા દિવસ વિત્યા કેડે એક દિવસ ભીલપતિ વંકચુળ પાંચ પચીશ ભીલો સાથે લઇ ચોરી કરવા ગયો, ચોરી કરી પાછા ફરવાં રસ્તામાં કોઇ એક ઝાડ તળે બેઠા. વંકચુળે કહ્યું કે:—આજ તો ભુખ બહુ લાગી છે, માટે કાંઇ ખાવાનું શોધી લાવો. ત્યારે સઘળા ભીલો ભિન્ન ભિન્ન ઠેકાણે ખાવાનું શોધવા નીકળ્યા, તેમાંથી પાંચસાત તો આઘા જંગલમાં નીકળી ગયા, ત્યાં તેમણે એક સ્થળે શંકરનું દેવાલય દીઠું અંદર જઈ દીવાને અજવાળે જોયું, તો બેચાર ખાંડનાં બનાવેલાં ગાડાં ત્યાં જોયાં. કોઇ ગૃહસ્થે માનતા માની ભેટ ચડાવ્યાં હશે—એમ જાણી તે લેઈ લીધાં, અને ત્યાંથી ચાલી વંકચુળ પાસે આવી તેની સન્મુખે મુકીને જણાવ્યું કે:—કોઇ શંકરના દેવાલયમાં આ ખાંડનાં ગાડાં પડેલાં હતાં તે લાવ્યા છીએ, માટે આપ સુખે વાપરો ! વંકચુળે લઇ ખાવાની ઇચ્છા કરી, ત્યાં તેને સાંભરી આવ્યું, કે પેલા સાધુ મહારાજ પાસે ગાડાની તો મેં બાધા લીધી છે, માટે આ તો મારાથી ન ખવાય, એમ કહી તે પડતાં મુક્યાં; અને કહ્યું મારે ગાડાં ખપતાં નથી, માટે હું તો નહિ ખાઉં ત્યારે ભીલોએ કહ્યું કે:—આ તો ખાંડનાં ગાડાં છે માટે ખવાય, વળી ચોરને એવી બાધા ન પાલવે માટે વાપરો, એ તો કાંઈ નહિ—એમ ઘણુંઘણું કહ્યું પણ તેણે માન્યુ નહિ; ત્યારે અન્ય ભીલો ખાઇ ગયા. ત્યાર પછી થોડીવારે બીજા ભીલોએ આવીને કોઇ

નવી જાતનાં સુંદર ફળો તેની પાસે મુકયાં, અને કહ્યું કે બીજું કાંઇ તો મળ્યું નહિ, પણ આ ફળો બહુ સરસ છે, તે ખાઈ ક્ષુધા શાંત કરો! ત્યારે વંકચુળે કહ્યું કેઃ—આ ફળનું નામ શું? ત્યારે તેઓએ કહ્યું કે, તે ફળો તો અજાણ્યાં છે તેનું નામ તો નથી આવડતું, પણ સ્વાદીષ્ટ બહુ છે. ત્યારે વંકચુળે કહ્યું કેઃ—ભાઇઓ! અજાણ્યાં ફળ ખાવાની તો મારે પ્રતિજ્ઞા છે. ત્યારે તેઓએ ફળ ખાવા માટે ઘણી આજીજી કરી પણ તેણે તે માન્યું નહિ, ત્યારે તેઓ ખાઇ સુઇ ગયા. વંકચુળ પણ સુઇ ગયો, ભુખ્યો રહ્યો પણ ટેક રાખી નિયમ ભંગ ન કર્યો.

સવારના પહોરમાં વહેલા ઉઠી સર્વને ઉઠાડવા માંડયા, પણ કોઇ જાગ્યું નહિ. પછી તપાસ કરી તો જણાયું, કે આ તો સર્વ મૃત્યુવશ થયા છે, અને એ બધાનાં શરીર લીલાંછમ થઇ ગયાં છે, માટે જરૂર આમાં કાંઇક ભેદ છે! તે બધા મૃત્યુવશ થવાનું કારણ એ છે, કે જેણે ગાડાં ખાધાં હતાં, તેમના ઉપર દેવાલયમાં એક સર્પ આવી ગયો તેણે પોતાની ઝેરી લાળ મુકી હતી, તેથી એ સાપે ચાટેલા ખાંડનાં ગાડાં ખાનારા સર્વને ઝેર ચડવાથી તેઓ મરણ પામ્યા. તથા અજાણ્યાં ફળ ઇંદ્રવરણાનાં હતાં, તે ફળનો એવો ગુણ—સ્વભાવ છે, કે દેખવામાં ઘણાં રળીઆમણાં તથા સુંદર લાગતાં, અને ખાતાં પણ મીઠાં લાગે, પણ ખાનારા મરી જાય; તેથી આ ફળ ખાધાં તે બધા મરી ગયા. આ બનાવથી વંકચુળે આશ્ચર્ય પામી વિચાર્યું કેઃ—વાહ! આ બે વસ્તુઓ મેં ખાધી હોત તો હું પણ મરી જાત, મેં તો ગાડાં વગેરેની બાધા મશ્કરીમાં લીધી હતી, પણ તેનું ફળ તો મને ઘણું સારૂં મળ્યું. આજે હું બચ્યો તે સર્વ ગુરૂનોજ પ્રભાવ છે, માટે હવે તો સર્વ નિયમ માથા સાટે પાળવા, ગમે તેટલું દુઃખ પડે તો પણ ટેક તજવી નહિ. આ બે નિયમનાં ફળ તો મને હાલ પ્રત્યક્ષજ મળ્યાં, તે ઉપરથી તેની વિશેષ આસ્તા ચોંટી; પછી તે પોતાને ઘેર ગયો, અને બનેલી સર્વ વાત ત્યાં સહુને કહી. વિશેષમાં કહ્યું કે, હું ગુરૂના નિયમ ઉપર ટકયો, તેથી બચવા પામ્યો, નહિતો હું પણ મરણ પામત.

પછી એકાદ પ્રસ્તાવે કેટલાએક પુરૂષો લઇને વંકચુળ ચોરી કરવા નીકળી ગયો, ઘેર પોતાની બ્હેનને સંભાળથી રહેવા માટે ભલામણ કરતો ગયો. હવે બન્યું એવું કે તેના ગયા પછી બીજે દિવસે તે ચોરપલ્લીમાં કેટલાએક નાટકીયાઓએ રમવા આવી રમત કરી મોજ લેવાની આશાએ ત્યાં પડાવ નાખ્યો. વંકચુળની બહેને વિચાર્યું,

કે વંકચુળ અત્રે નથી કહી હું રમત બંધ કરાવીશ, તો મારા ભાઇની લાજ જશે. માટે હુંજ પોતે પુરૂષનો વેશ પહેરી સભામાં આવી બેસી ખેલ જોઇ મોજ આપીશ. એમ ધારી તેણે તે નાટકીયાઓને ખેલ કરવાની રજા આપી. એટલે નાટકીઆઓએ મંડપ શણગાર્યો, અને ઉંચામાંઉંચો સારો ખેલ કરી મોજ લેવાનો નિશ્ચય કર્યો. પછી રાત્રિના નવ વાગ્યે ઠરાવ પ્રમાણે વંકચુળની બહેન પુરૂષનો પોશાક ધારણ કરી, કમરે તલવાર લટકાવી ઠાઠમાઠથી સભામાં દાખલ થઇ. એટલે તરતજ સર્વ સભાએ માન આપવા સલામો ભરી તથા સર્વ સભાજનો ઉભા થયા. સર્વની સલામ લઇને તેણી ઉંચા આસને બેઠી ને ખેલ શરૂ કરવાની રજા આપી, એટલે તુરત નાટકીયાઓ રમવા લાગ્યા. ઘણા ઉંચા પ્રકારનો ખેલ કર્યો તેથી આખી સભા ઘણી ખુશ-રંજન થઇ ગઇ. ખેલ લગભગ બે અઢી કલાક ચાલ્યો, ત્યાં સુધી બધાને આનંદ ને ગમત થયાં. પછી ખેલ પૂર્ણ થયે વંકચુળની બહેન જે પુરૂષવેશે સિંહાસને બેઠી છે, તેણે ઊંચી મોજ આપી—પાંચસો સોનામહોરો ઇનામમાં આપી. એટલે બીજા પણ કેટલાક પુરૂષોએ યથાશક્તિ ભેરો ઇનામો નાટકીયાને આપ્યાં.

પછી ખેલ ખલાસ થયે રાજાધિરાજ (પુરૂષવેશે વંકચુળની બ્હેન) ઉઠ્યો એટલે સર્વ મંડળ વિંખાયું, ને સઉસઉને સ્થાને જઇ સુઇ ગયા. નાટકીઆઓ પણ સર્વ સામાન સંકેલી સ્વસ્થાને જઇ સુઇ ગયા. વંકચુળની બહેન તથા તેની સ્ત્રી વંકચુળ ઘેર ન હોય, ત્યારે હમેશાં સાથેજ સુતાં હતાં, તેથી આજે પણ બન્ને સાથેજ સુઇ ગયાં. વંક્ચુળની બહેન જાગરણ થવાથી ઉંઘ આવવાને લીધે અળસાઇ જઇ પુરૂષવેશ બદલ્યા વગરજ પુરૂષવેશેજ ભોજાઇ જોડે સુઇ ગઇ.

હવે બન્યું એવું કે તેજ રાત્રે વંકચુળ ચોરી કરીને ઘેર આવી ઘરમાં પેસતાંજ જુવે છે, તો આજે તેને અવનવું વિચિત્ર ચિત્ર જોવામાં આવ્યું ! પોતાની સ્ત્રી સાથે કોઇ રૂપસુંદર પુરૂષને સુતેલો જોયો, તત્કાળ વંકચુળનો પિત્તો ગયો, શરીરમાં રોમેરોમે ક્રોધાગ્નિ પ્રજવલિત થઇ ગયો, મારી સ્ત્રી આવી કુલક્ષણી-કુપાત્ર હશે ? તેવું તેને અત્યારે ભાન થયું. બસ ! આ બન્ને દુષ્ટોને મારો ચળકતી તાતી તેગના એકજ ઝટકે મારી નાંખું આવી કુલટા સ્ત્રીથી શું સર્યું ? પછી લાલચોળ નેત્રો કરી ક્રોધથી ધમધમી જઇ મ્યાનમાંથી તલવાર કાઢી ઘા મારવા ઊંચો કરી. ત્યાં

યાદ આવ્યું કે, મેં પેલા સાધુ મહારાજ પાસે બાધા લીધી છે કે, "કોઇના ઉપર ઘા કરવો હોય ત્યારે પ્રથમ સાત પગલાં પાછા હઠી ઘા કરવો"– એ વચન અત્યારે યાદ આવતાં એકદમ તે સાત પગલાં પાછો હઠયો, અને પછી જેઓ એકદમ ઉછળી ઘા કરવા જાય છે, તેવીજ તે તલવારની અણી ઉંચે ભારોટીયાને અડી તેથી ખડખડાટ થયો. તે પડખું ફેરવવા જતી પુરૂષવેશે સુતેલી તેની બહેને સાંભળતાં તુરત તે બેબાકળી જાગી ઉઠી બોલી ગઇ કે:–ખમ્મા મારા વીરને ! આ શબ્દ સાંભળી વંકચુળ વિચારમાં પડયો–કે આ શું ? આ તો કહે છે કે:–" ખમ્મા મારા વીરને ! " તો શું આ સ્ત્રી છે ? તેટલામાં તો તેની બહેન જાગ્રત થઈ જુએ છે, તો પોતાના ભાઇ વંકચુળને ખુલ્લી તલવારે પોતાની પર ધસી આવતો જોયો. ભાઇ ! બંધવા ! આ શું ? શા માટે આમ કરે છે વીરા ? વંકચુળ આ સાંભળી શરમાઇ એકદમ તલવાર મ્યાન કરી બોલ્યો:–બહેનડી ! હમણાં ગજબ થઇ જાત, હું તમો બન્નેને મારી તલવારના એકજ ઝટકે હમણાં હતાં ન હતાં કરી મુકત, તો પસ્તાવાનો પાર ન રહેત. વાહ પ્રભુ વાહ !! વાહ ! કૃપાળુ ગુરૂ વાહ ! તમે તો આજે મને મહાપાપથી બચાવ્યો છે. મારાં બે મહા અમૂલ્ય પ્રિયતમ માણસોને ગુરૂદેવ તમેજ આજે જીવિતદાન આપ્યું છે. પછી બહેને કહ્યું:—ભાઈ ! આમ કરવાનું કારણ ? વંકચુળે કહ્યું:—તમે પુરૂષવેશે તમારી ભોજાઈ સંઘાતે સુતાં હતાં, તે મેં નજરે જોયાથી મારો ક્રોધાગ્નિ વધી એકદમ પિત્તો ઉછળી આવ્યો, તમો નહિ ઓળખાયાથી આ મેં સાહસ કર્યું, પણ મેં પેલા સાધુમહારાજ પાસે લીધેલી બાધાથી, સાત પગલાં પાછો હઠયો, ત્યાં તમે જાગ્યાં અને અનર્થ થતો બચ્યો. પણ બ્હેન ! તમે આજે પુરૂષવેશે કેમ છો વારૂ ? તેણીએ નાટકીયા આવ્યાની હકીકત સઘળી કહી સંભળાવી.

પછી મનનો વહેમ સઘળો મટી ગયો ભેદ ભાગ્યો સંશય ટળ્યો, અને વિપરીત થતું અટકયાથી નિયમ આપનાર ગુરૂવર્યના બહુ બહુ પ્રકારે ગુણગ્રામ કરવા લાગ્યો. હવેના નિયમો દ્રઢતાથી પાળવા માટે તે પૂર્ણ શ્રદ્ધાળુ થયો; અને નિશ્ચય કર્યો કે હવે પછી ફરીને વગર વિચાર્યું કાર્ય ન કરવું. હે કૃપાળુ ગુરૂ ! આપે મને આવા નિયમ ન આપ્યા હોત, તો આજે મારે પૂર્ણ પસ્તાવું પડત, હે ગુરૂવર્ય તમારા અપાર ગુણો છે, તે હું એક જીભે કરી કેમ ગાઇ શકુ ? કહ્યું છે કે:–

માલિની વૃત.+

असितगिरिसमंस्यात्कज्जलं सिंधुपात्रे ।
सुरतरुवरशाखा लेखिनी पत्रमुर्वी ॥
लिखति यदि ग्रहित्वा शारदा सर्वकालं ।
तदपि तव गुणानामीश पारं न याति ॥२१८॥
मम वपुषि भवेयुर्लोमकूपेषु जिह्वाः ।
पुनरपि विधिजानां कोटिशः कोट्योऽपि ॥
प्रतिमुखरसनाग्रे सर्वदा संवसन्तु ।
तदलमपि न गातुं ते गुणान् श्रीनृसिंह ॥२१९॥
अतिमिति जलतत्त्वं तेजसा रंजितं च ।
भवति सुपरिपूर्णं भूमिपात्रे प्रयत्नात् ॥
पवनलहरिरूपा वर्णिकाः खं सुपत्रं ।
नहि तदलमसंख्याः शारदाः कीर्तिलेखे ॥२२०॥

અર્થાત—મેરૂપર્વત જેટલા કાજળની શાહી બનાવી હોય, તથા મહાસાગરરૂપી ખડીયો કર્યો હોય, સર્વ વૃક્ષોની ડાળીઓની કલમ કરી હોય, પૃથ્વીના પટરૂપી મોટો કાગળ હોય, અને સર્વથી સરસમાંસરસ લખવાવાળી સરસ્વતીદેવી સદાકાળ નિરંતર લખ્યા કરે; તો પણ હે પ્રભુ તમારા ગુણનો પાર આવી શકે તેમ નથી. (૧) મારા શરીરના પ્રત્યેક રોમકૂપ-રૂંવાડામાં જિહ્વાઓ હોય, અને સરસ્વતીની અનંતકોટિઓ હોઈ પ્રત્યેક સરસ્વતી પ્રત્યેક જીભમાં વસે, તો પણ, હે શ્રીનૃસિંહ-નરોત્તમ ! આપના ગુણ ગાવાને તે સમર્થ થાય તેમ નથી. (૨) અપાર જળતત્ત્વ તેજસૂતત્ત્વથી રંગાઈ પૃથિવીતત્ત્વરૂપ પાત્રમાં પ્રયત્ને કરી ભરપુર ભરવામાં આવે, વાયુની લહરીઓ

+આ ત્રણ શ્લોકોમાં પહેલો શ્રીપુષ્પદંતગંધર્વ વિરચિત સુપ્રસિદ્ધ **શિવમહિમ્નસ્તોત્રમનો** ૩૨મો શ્લોક છે. અને પછીના બે શ્લોક શ્રીશ્રેયસ્સાધક અધિકારી વર્ગના સમર્થ વિદ્વાન સાક્ષરોત્તમ શીઘ્રકવીશ્વર સુવિખ્યાત વક્તા અને લેખક શ્રીયુત નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી વિરચિત **શ્રીસદ્‌ગુરોર્મહિમ્નઃસ્તોત્રમના** છેલ્લા ૧૦૨-૧૦૩ શ્લોકો છે.

લેખિનીરૂપ હોય, આકાશ સુંદર પત્રરૂપ હોય, અને અસંખ્ય સરસ્વતીઓ લખનાર હોય, તો પણ હે ગુરુવર્ય ! આપની કીર્ત્તિના વર્ણન અર્થે તે સર્વ શક્તિમાન્ થાય એમ નથી. (૩)

મતલબ કે હે કૃપાળુ ગુરૂવર્ય ! આપના અપાર ગુણોનો તો પારજ નથી; આપે મારા ઉપર મહદુપકાર કર્યો છે, આજ મને મહાપાપકર્મથી બચાવી ભારે અનર્થ થતો ટાળ્યો છે. પછી તેણે નિશ્ચય કર્યો કે, હવે ગમે તેમ થાય, તો પણ તે સર્વ નિયમો જરૂર પાળવાજ. આ નિયમોથી મને ઘણો ફાયદો થયો છે, તેના લાભનું લેખું મારાથી તો થઇ શકેજ નહિ.

પછી એકદા પાછો થોડા ભીલની ટોળી લઇ રાત્રે ચોરી કરવા નીકળ્યો, સર્વ ભીલો ગામમાં ભિન્નભિન્ન સ્થળે વેરાઇ ગયા, વંકચુળ રાજ્યદરબારમાં ચોરી કરવા ગયો. ફરતો ફરતો તે રાજાના શયનગૃહમાં ગયો ત્યાં રાજાજી સુતા હતા. રાજમહેલ અને તેમાં વળી શયનમન્દિરમાં અનેક પ્રકારનાં ચિત્તાકર્ષક ફરનીચર તથા વરેહવરેહની અનેક શોભા અને વિવિધ વસ્તુઓ જોઇને તે ઘણો ખુશી થવા લાગ્યો. પછી પડખેના ભાગમાં ગયો, તો ત્યાં રાણીજીને સુતેલાં જોયાં, વંકચુળ એટલામાં ફરવા લાગ્યો. તેના પગસંચારથી રાણીની આંખ ઉઘડી ગઇ, અને જોયું તો દૃષ્ટિ સમીપે એક પહેલવાન નવયુવાન અતિ રૂપવંત પુરૂષ જોયો. આવા રૂપાળા રંગીયાળા નરને જોઈ રાણી વિચારમાં પડી, અત્યારે આ કોણ અને કયાંથી આવ્યો હશે ? કોઇ રાજવંશી કુમાર લાગે છે ! રાણી પણ નવયૌવના હતી, તેથી તેના હૃદયમાં કામદેવ પેઠો ને તેની ચિત્તવૃત્તિ ચળી ગઇ, પુરૂષના રૂપ માધુર્યથી રાણી ફીદા ફીદા થઇ ગઇ, ચોરપર આશક થયેલી નીચવૃત્તિની રાણીને તેની સાથે વિષયસુખ ભોગવવાની પ્રબળ વાંચ્છના થતાંજ તે એકદમ ઉઠી બેઠી થઇ, ને ઇસારો કરી તેને પાસે બોલાવી કહ્યું કેઃ-હે સૈભાગ્યવંત પુરૂપ! તું કોણ છે ? અહીં કયાંથી આવ્યો ? ભલે આવ્યો મને ભાવ્યો છે ! વારૂ અહોભાગ્ય કે તું અહીં આવ્યો, હું તારૂં કમનિય રૂપ જોઇ મોહ પામી તારા ઉપર કુરબાન થઇ છું, તેથી પ્રેમપૂર્વક કહું છું, કે તું મારી સાથે વિષય સુખ ભોગવ ! વંકચુળ આ સાંભળી વિચારમાં પડયો કેઃ- મારે તો રાજાની રાણી સાથે વ્યભિચાર-સંભોગ કરવાનો નિયમ છે, અને આ રાણી તો મને વિષય કરવાની પ્રાર્થના

કરે છે, માટે અત્યારેજ ખરી ટેક રાખવાની ખાસ જરૂર છે.એ નિયમમાં મને પૂર્ણલાભ મળ્યો છે, માટે આ નિયમ પણ મારે શિર સાટે પાળવોજ. પછી હિંમતપૂર્વક તે બોલ્યો કેઃ—હે રાજમાતા! હું ચોર છું, ચોરી કરવા અત્રે આવી ચડયો છુ, તમે જેની પ્રાર્થના કરોછો તે કામ મારાથી કેમ બને? આપ તો રાજાની રાણી છો, તેથી મારે તો માતા તુલ્ય છો, હું તો આપના બાળક રૂપ છું, તો એ અયોગ્ય અધર્મ કાર્યમાં મારાથી પ્રવેશ કેમ કરાય? તે સાંભળી રાણી બોલી કેઃ—હે ભાગ્યવંત મહાપુરૂષ! ખરે તું મૂર્ખ જણાય છે, આવો સમય! મારા જેવી સ્વરૂપવંતી સ્ત્રીનો સમાગમ! દુર્ભાગીને તો સ્વપ્નામાં પણ દુર છે, માટે ભલો થઇ મારી સાથે ભોગ ભોગવ, લક્ષ્મી ચાંલ્લો કરવા આવે, ત્યારે મુખ કેમ મરડે છે? માટે જલદી કર, મારી માગણી માન્ય કર--કબુલ રાખ! વળી તું ચોરી કરવા નીકળ્યો છે, તો હું તને મારી સાથે સંભોગ કરવાના બદલામાં આ મારો નવલખો સુંદર મનહર હાર ડોકમાંથી કાઢી સુપ્રેમ અર્પણ કરૂં છું; માટે મારૂં વચન માન્ય રાખ. તે સાંભળી વંકચુળ બોલ્યો કેઃ—હે રાજમાતા! તમે ગમે તેમ કહો, પણ તે કામ મારાથી બનતું અશક્ય છે,તમારો નવલખો હાર નથી જોઇતો, મારૂં વ્રત અખંડ રહે અને મારો ટેક ન જાય તેજ હું તો સર્વસ્વ સમજું છું, મારાથી લોભવશ થઇ અકાર્ય તો નહિ કરાય. તે વિશે નીતિશાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

वरं मौनं कार्यं न च वचन मुक्तं यदनृतं ।
वरं क्लैब्यं पुसां न च परकलत्राभिगमनम् ॥
वरं प्राण त्यागो न च पिशुनवाक्येष्वभिरुचिः ॥
वरं भिक्षा शिलं न च परधन स्वादन सुखम् ॥२२१॥

અર્થાત—અસત્ય—જુઠું બોલવા કરતાં મૌન્ય—ચુપ રહેવું તે સારૂં, પરસ્ત્રીગમન કરવા કરતાં નપુસકપણું સારૂં છે, ચાડી આદિ કઠોર વાક્યોમાં અને પરનિંદામાં પ્રીતિ કરવા કરતાં પ્રાણત્યાગ કરવો તે સારૂં છે, તથા પારકા ધનથી સુખ ભોગવવું, તેના કરતાં ભિક્ષા માગી પેટ ભરવું તે વધારે સારૂં છે. માટે હે માતા! મારાથી એ નિંદિત દૂષિત કાર્ય નહિજ બને, મારે તમારો હાર નથી જોઇતો,દુનિયામાં રાજરાણીને માતા તુલ્ય ગણવાનું કહેલું છે, તો મારાથી માતૃગમન જેવું નીચ કર્મ

કેમ બને ? આ પ્રકારે અન્યોઅન્ય વિવાદ અને વાતચિત ચાલી રહેલાં તેના ગંભીર અવાજથી જોડેના ભાગમાં પોઢેલા મહારાજા જાગી ઉઠયા, આશ્ચર્ય પામી વિચાર્યું કે આ શું થાય છે ? તેની તપાસ માટે ભીંત પાસે આવી કમાડની તડમાંથી ગુપ્તરીતે જોવા લાગ્યા. રાણીની વ્યભિચાર માટે પ્રાર્થના તથા પુરૂષની વિષયવિરક્તતાની વિનવણી, આ બે પરસ્પર વિરુદ્ધ વાતોથી રાજાને બાહુ જોવા જાણવાનું મળ્યું, રાણી ઉપર તિરસ્કાર અને પુરૂષ પ્રત્યે પ્રેમ પ્રકટ થવા લાગ્યો.પછી વંકચુળને કરેલી માગણી નામંજુર થવાથી રાણી જરા રોષથી બોલી કેઃ- અરે કમનસીબ પુરૂષ ! તું કેમ ભુલે છે ? દુનિયા જેને માટે અનેક પ્રયાસો કરે છે, અનેક પ્રકારના છળપ્રપંચ ને કાવાદાવા કરે છે, તેને તું નામંજુર કેમ કરે છે ? ખરેખર તારા જેવો અધમ તે કોણ હશે ? વળી યાદ રાખજે કે મારી માગણી મને કમને અવશ્યમેવ તારે સ્વીકારવી પડશેજ, નહિ તો વિષમ સ્થિતિ ભોગવવી પડશે. આ પ્રમાણે ધમકી આપી તો પણ વંકચુળ ચળ્યો કે ડગ્યો નહિ, અને ધૈર્ય ધરી નમ્રતાપૂર્વક બોલ્યો કેઃ-હે રાજમાતા ! એ અઘટિત કાર્ય અવશ્ય મારાથી બનવું મુસ્કેલ છે, કદાચ રાજાજી જાગે તો આનું કેવું માઠું પરિણામ આવે ? વળી નિયમભંગ થવાથી મહાપાપ લાગે છે, ઉભય લોકમાં અધમ ગતિ ભોગવવી પડે છે, વળી લોકવિરૂદ્ધ પણ ગણાય, એમ અનેક વિકટ સંકટમાં ઉતરવાનો આ અધમ માર્ગ છે. તેને માટે કહ્યું છે કેઃ—

દુહા.

લાજ ઘટે સો લોકમાં, શત્રુતા શિર થાય;
અકાળ મૃત્યુ ઉપજે, જીવ કદાપી જાય. ૫૦૭
કરે કોપ પૃથ્વીપતિ, જો થાય કદિ જાણ;
રીબીરીબી દુઃખ દે, લેવે નિશ્ચે પ્રાણ. ૫૦૮
ચોરી જુઠ ગુના વળી, અધર્મ ને અન્યાય;
વિવિધ દોષ વ્યભિચારના, કુકર્મમાં કહેવાય. ૫૦૯

માટે હે રાજમાતા ! કૃપા કરી મને રજા આપો એટલે હું મારે રસ્તે પડું, અઘટિત કામ તો મારાથી નહિજ બને. ત્યારે રાણીએ કહ્યું કેઃ-તું રાજાથી ડરીશ મા, તે તો ઉંઘી ગયા છે અને આજે મારી સાથે રીસાયલા હોવાથી અત્રે આવશેજ નહિ, માટે તું મારી સાથે સુખે ભોગ ભોગવ ને મારી વિષયવાસનાની તૃષ્ણા પૂર્ણ કર, નહિ તો

હું તને ફજેત કરીશ. ખરેખર અમારી સ્ત્રીચરિત્રની કળા તું જાણતો નથી. તે વિષે કહ્યું છે કેઃ—

છપ્પા.

સ્ત્રીચરિત્ર બહુ લાખ, નીચ મતિ જુગતે જોડે,
લાખ દિવસની પ્રિત, રામા રજકમાં તોડે;
હસે વિના પ્રસ્તાવ, ભાવ હિણ ભલપણ છંડે,
કઠણ હૃદયવાળી કુમતિ, મમત પોતાનો મંડે;
વળી ગરજ પડે ગરવી ઘણી સ્વામી સાથ સમરથ સદા,
સહેજ વાતમાં શાપ દે, કલંક વાત કહે કદા. ૫૧૦
ઘડીકમાં આપે સુખ, ઘડીકમાં દુઃખ દેખાડે,
ઘડીકમાં ચાંપે ચરણ, ઘડીકમાં મરણ પમાડે;
ઘડીકમાં ભોળવી લે, ઘડીકમાં સર્વસ્વ આપે,
ઘડીકમાં કહે વીર, ઘડીકમાં કંથ કરી થાપે;
વળી ઘડી એકમાં વિખ દીયે, પરણ્યો તજી પરસુ રમે,
કવિ શામળભટ સાચુ કહે, સ્ત્રીચરિત્ર અપાર છે. ૫૧૧

માટે મુરખા ! જલદી મારૂં કહ્યું માન, નહિ તો તું પુરણ દુઃખી થવાનો એ ચોક્કસ સમજજે ! એ પ્રમાણે રાણીએ ઘણી મહેનત કરી, સામ દામ ભેદ ને દંડ નીતિ વાપરી પણ દૃઢ નિશ્ચયી ટેકીલા નર વંકચુલનું મન જરા ડગ્યું નહિ. છેવટે રાણીએ સ્ત્રીચરિત્ર કર્યું, શરીર ઉપરનાં વસ્ત્રાલંકાર તથા મસ્તકના કેશ વગેરેની અવ્યવસ્થા કરી બુમ પાડી કેઃ—ધાજો ! દોડજો કોઇ નીચ પુરૂષ આવી મારી લાજ લે છે, મને એકલી જાણી બળાત્કારે વશ કરી જુલમ ગુજારે છે અત્યાચાર કરે છે. એ શબ્દો સાંભળી માણસોએ એકદમ ત્યાં દોડી આવી વંકચુળને પકડી લીધો. રાજા પંડે પણ ત્યાં આવ્યા, તેઓશ્રી સઘળી વાત મુળથી જાણતા હતા, તેથી વંકચુળ ઉપર તેમને અત્યંત પ્રેમ પ્રગટયો હતો અને મનમાં તેની ઘણી પ્રસંસા કરતા હતા, અને રાણીના દુરાચાર ને ફુબાંડ માટે એ દુષ્ટાને પુરણ ધિક્કારતા હતા. રાજાએ મનથી વિચાર્યું કે, અહાહા ! દુનિયામાં કામી દુષ્ટ સ્ત્રીઓ શું નથી કરતી ? આ બિચારા નિરપરાધી પવિત્ર પુરૂષપર ખોટું આળ મેલી જુલમ ગુજારે છે. ખરેખર આ વિષયવિષની વેલી રાણી તો મહાઝેરની ભરેલી કપટની કોથળી અને પાપની પટારી છે. તે વિષે શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

ગાથા.

**नो रखसिसुगिद्धनेजा । गंडवच्छासुअणेग चित्तासु ॥
जाव पुरिसं पलोभिता । खेलंति जहा वदासे हि ॥२२२॥**

અર્થાત—કદિ પણ ઉત્તમ પુરૂષોએ રાક્ષસી સમાન દુષ્ટા સ્ત્રીઓનો વિશ્વાસ કરવો નહિ, કારણ કે તેનાં અનેક ચિત્ત હોય છે. મન જુદું, વાણી જુદી, અને વર્ત્તન પણ જુદુ હોય ! એકની સાથે વાત કરે, ને બીજાને મનમાં ચિંતવે, એકને તાળી દઇ બીજાની સાથે ચાલી જાય. તેને માટે પાતાળસુંદરીની વાત શાસ્ત્રપ્રસિદ્ધ છે. તે જાણવાની ઇચ્છા રાખનારે જૈનરત્નકથાકોષ ભાગ ચોથામાંથી વાંચી વિચાર કરી લેવો, તેથી સમજાશે કે સ્ત્રીચરિત્ર કેવાં છે ? દુનિયાના કેટલાએક નરો કામાક્ષીમાં મોહિત થઇ રહે છે, તે પામરોને એ રાક્ષસીઓ ગર્ભદાસ-ગુલામની પેઠે સ્વેચ્છાનુસાર નચાવે છે ખેલાવે છે. તે વિષે કહ્યું છે કેઃ—

ઇંદ્રવિજય છંદ.

**દોરડું દેખીને દોટ દીયે, મહાપન્નગને પકડે નિજ હાથે,
શિયાળ શબ્દ સુણી ડરે, એ લડવા ધરે હિંમત સિંહની સાથે;
નિઃસત્વની નિસરણી ચડતા, નિરભીક ચડે ગિરીશિખર માથે,
ખરેખરૂં ખોડીદાસ કહે અબળા સબળા નરને પણ નાથે. ૫૧૨**

પછી સત્યનિષ્ઠ રાજાએ દુષ્ટા રાણીને દેશવટો આપીને વંકચુળની સત્ય અને શિયળ માટે ઘણી પ્રશંસા કરી પ્રેમપૂર્વક કાયમ તેને પાસે રાખી સુખી કર્યો, રાજ્યમાં માનીતો મંત્રી કર્યો.હવે વંકચુળને ગુરૂએ આપેલા નિયમ માટે વિશેષ આસ્તા બેઠી, અને મન સાથે બોલ્યો કે અહાહા ! કેવો નિયમનો પ્રભાવ ? મેં નિયમનો ભંગ કર્યો હોત, તો મારી શી માઠી વલે થાત ? જરૂર રાજા મને બુરી રીતે મારી નખાવી મારો પ્રાણ લેત, અને હું અપકીર્તિને પાત્ર થાત તે તો વળી જુદું ! ત્યાર પછી તે ચોરીનો ધંધો છોડી દેઇ હંમેશાં રાજાની પાસે રહેવા લાગ્યો ને ભીલોની સંગત પણ તજી દીધી.

હવે એક વખતે એવું બન્યું કે તેના શરીરમાં કોઇ રોગ ઉત્પન્ન થયો, તેમાં વૈદ્યે તેને કાગડાનું માંસ ખાવાનો ઉપાય બતાવ્યો પણ તે તેણે કર્યો નહિ. કારણ કે પહેલાંથી નિયમ પાળવામાં તેને પુરણ

આસ્તા હતી, તેથી ગમે તેટલું કષ્ટ પડે, છતાં પણ નિયમ ભંગ ન કરવો અને ટેક રાખવો એ દૃઢ નિશ્ચય હતો, તેથી કાગડાના માંસની ના પાડી. રાજાને તે અતિ પ્રિય હોવાથી તેણે પણ ઘણો આગ્રહ કર્યો, તો પણ દૃઢ રહી નિયમ ભંગ ન કર્યો. આખરે તેને સત્યટેકને લીધે ધર્મપસાયે થોડા વખતમાં રોગ મટી જઇ શરીર સારૂં થયું. પછી કોઇ વખતે તેને ફરીને ગુરૂનાં દર્શન થયાં, ત્યારે તેમનો બોધ સાંભળી ધર્મ આદર્યો, ઘણા વર્ષ સુધી શ્રાવકવ્રત પાળી મરણ અવસરે ચાર શરણાં આરાધી સમાધિપરિણામે કાળ કરી બારમા અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થયો. આ દૃષ્ટાંતનો સાર એ છે, કે ગમે તેવો પાપી હોય પણ ટેક રાખી નિશ્ચળ રહી ધર્મનું શરણ ગ્રહનાર પાપથી મુક્ત થઇ અવશ્ય ઉત્તમ ગતિને પામે છે. તેને માટે કહ્યું છે કેઃ—

કવિત.

પાયો હે મનુષ્ય દેહ, અવસર બન્યો રે એહ,
એસો દેહ બેરબેર, કહો કહાં પાઇએ ?
ભુલત હે બાવરો તું અબકે શીઆનો હોઇ,
રતન અમૂલ્ય શત કાહેકું ઠગાઇએ ?
સમજી વિચાર કર, ઠગનીકો સંગ ત્યાગી,
ઠગબાજી દેખી કબહુ મન ન ડોલાઇએ;
સુંદર કહત તાતે સાવધાન કયું ન હોત ?
પ્રભુકો ભજન કર, પ્રભુપદ પાઇએ. ૫૧૩

વળી કહ્યું છે કેઃ—

ઇંદ્રિવિજય છંદ.

કોન કુબુદ્ધિ ભઇ ઘટ અંતર, તું અપને પ્રભુકુ મન ચોરે,
ભુલી ગયો વિષયાસુખમે શઠ લાલચ લાગી રહ્યો અતી ઘોરે;
કોઉક કંચન છાર મીલાવત લે કર પથ્થર સુર નગ ફોરે,
સુંદર આ નરદેહ અમૂલખ તીર લગી નોકા કીત બોરે ? ૫૧૪

મતલબ કે આ મનુષ્યજન્મ એક નૌકા સમાન છે, અને તે મહાપુણ્યના ઉદયે પ્રાપ્ત થયેલ છે, માટે સત્કાર્યો કરી જીંદગી સફળ કરવી એજ મનુષ્યત્વની સાફલ્યતા છે. આવી અમૂલ્ય ને સર્વ રીતે અનુકૂળ જોગવાઇ મળવા છતાં જેઓ નહિ ચેતે, તે પ્રાણાન્તે પસ્તાવનાર (૯૩–૯૪)

लोकेश लोके किलकंटका विमौ ।
ह्यतीव तीक्ष्णौ च शरीर शोषणौ ॥
चिंता प्रकोपौ सु जिनेंद्र प्रोदितौ ।
तस्माद् वरिष्ठे न विवर्जनीयकौ ॥ ९५ ॥

અર્થ—હે રાજા! ખરેખર આ લોકને વિષે આ બે કંટકો એટલે કાંટા છે, તે કાંટા કેવા છે? તો કહે નિશ્ચે તે અત્યંત તિક્ષ્ણ છે, તથા મનુષ્યોના કોમળ શરીરને સુકવી નાખનારા છે. તે બે કાંટા ચિંતા અને કોપ નામે ઓળખાય છે. તે ઉત્તમ એવા શ્રીજીનેશ્વરભગવાને કહેલા છે, તેથી ઉત્તમ પુરૂષોએ તે બે કાંટાને અવશ્ય કાઢી નાંખવા--તજી દેવા જોઇએ છે. (૯૫)

ભાવાર્થ—આ શ્લોક કોઈ રાજાને ઉદ્દેશીને કહેવામાં આવ્યો છે.પ્રાયે કરીને મોટા પુરૂષોને મોટી ચિંતા હોય છે. કોઇ કહે છે કે જેને ઝાઝી લક્ષ્મી તેને ઝાઝું સુખ, પણ એમ સમજવું એ ભુલ ભરેલું છે, કારણ કે તેને તો ઘણી ચિંતા હોય છે. પુત્રકલત્ર મિત્ર વગેરેમાં પણ કાંઇ ને કાંઇ ચિંતા હોય છે જ, કારણ કે આ સંસારને જ્ઞાનીઓએ ચિંતામય કહેલો છે, માત્ર એક વૈરાગ્યમાંજ નિશ્ચિંતપણું તથા નિર્ભય-પણું રહેલું છે. તે વિષે રાજર્ષિપ્રવર શ્રી ભર્તૃહરિએ વૈરાગ્યશતકમાં અન્તે બરાબર કહ્યું છે કે:—

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद्भय ।
मौने दैन्यभयं बले रिपुभयं रूपे जरायाभयम् ॥
शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतान्ताद्भयं ।
सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्य मेवाऽभयम् २२३

અર્થાત—ભોગમાં રોગનો ભય છે, કુળમાં ભ્રષ્ટતાનો ભય છે. લક્ષ્મીમાં રાજા આદિકનો તથા નાશ થવાનો ભય છે, મૌનમાં દીનતાનો ભય છે, બળમાં શત્રુનો ભય છે અને રૂપમાં જરા—ઘડપણનો ભય છે, શાસ્ત્રમાં વાદનો ભય છે, ગુણમાં ખલ—હરામીનો ભય છે, કાયાને કાળનો ભય છે, એમ આ જગતમાં સર્વ વસ્તુમાં ભય રહેલો છે, પણ એક ઉત્તમ એવા વૈરાગ્યમાં જ નિર્ભયતા રહેલી છે. ચિંતા ઘણી જાજવલ્યમાન અગ્નિ છે, તે કાંટાની પેઠે કાયમ શરીરમાં ખૂંચ્યા—ખટકયા કરે છે.અતિ ચિંતાતુર મનુષ્યને જરા પણ ચેન પડતું નથી, તે બિચારાને સુખપૂર્વક નિરાંતે કદિ નિદ્રા પણ આવતી નથી, ચિંતા અનેક પ્રકારની છે, તે દરેક શરીરીને શોષનારી છે, તે અતિશય તિક્ષ્ણ છે. જેના હૃદયમાં ચિંતા પ્રવેશ કરે છે, તેને મહાદુઃખ ઉત્પન્ન થાય છે. તે વિષે કહ્યું છે કેઃ—

દુહા.

કોઇને ચિંતા પુત્રની, કોઇને ચિંતા નાર;
તે કારણ સંસારને, જ્ઞાની દે ધિક્કાર. ૫૧૫
કોઇને ચિંતા દ્રવ્યની, સદા મન મોઝાર,
તે કારણ સંસારને જ્ઞાની દે ધિક્કાર. ૫૧૬
કોઇને ચિંતા દેહની, કોઇને છે ઘરબાર;
તે કારણ સંસારને, જ્ઞાની દે ધિક્કાર. ૫૧૭
એમ અનેક પ્રકારની, ચિંતા થાય અપાર;
તે કારણ સંસારને, જ્ઞાની દે ધિક્કાર. ૫૧૮

મતલબ કે અનેક પ્રકારની ચિંતાઓ લોકોને રહ્યા કરે છે, પણ કદિ પોતાના આત્માની ચિંતા તો તેમને થઈ નહિ ! અમૂલ્ય આ મનુષ્ય-જન્મ સફળ કરવા માટે જરાયે ચિંતા થતી નથી. ઉત્તમ ચિંતા તો હંમેશાં કરવી જ જોઇએ, કેવી ચિંતા કરવી ? તો કહે છે કેઃ—

હરિગીત છંદ.

હું કોણ છું કયાંથી થયો શું સ્વરૂપ છે મારૂં ખરૂં,
કેના સંબંધે વળગણા છે, રાખું કે એ પરહરૂં;
એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,
તો સર્વ આત્મિકજ્ઞાનના સિદ્ધાંતતત્વ અનુભવ્યા. ૫૧૯

આવા પ્રકારના ઉત્તમ વિચારો કદિ આ આત્માને હૃદયમાં પ્રગટ

થયા નહિ, તે સંબંધી ચિંતા પણ થઈ નહિ. પણ બીજી માયીક ચિંતા અનેક પ્રકારની નિત્ય થયા કરે છે, પણ એવી નકામી ચિંતાથી શું વળે ? પોતાના ભાગ્યોદય મુજબ શુભાશુભ પ્રાણીપદાર્થ આવી મળે છે, ચિંતા કરવાથી દુઃખ કાંઇ નાશી જવાં નથી; ચિંતા કરવાથી તો ખાલી મન બળ્યા કરે છે તેથી એ ચિંતાને ચિતાની ઉપમા આપેલી છે. ચિંતા અને ચિતા બન્ને એક સરખાં છે, ફક્ત એક મિંડાનોજ બિંદુ માત્રનો તફાવત છે. ચિતા કરતાં ચિંતાનો દાહક ગુણ વિશેષ છે કારણ કે ચિતા તો નિર્જીવ મુડદાંને બાળનાર છે, પણ ચિંતા તો જીવતાને કાયમ શેકયાં બાળ્યા કરે છે તેથી કોઇ જાતનું જીવને ચેન પડતું નથી. તેને માટે કહ્યું છે કેઃ—

કુંડળીયો.

ચિંતા જવાળ શરીર બંધે દાહ લગે ન બુજાય,
પ્રગટ ધુવા નહિ દેખીએ અંતર અતિ ધુંધવાય;
અંતર અતિ ધુંધવાય, જળે જ્યું કાચકી ભઠ્ઠી,
રક્તમાંસ જરી જાય રહી પંજરકી ટઠ્ઠી;
કહે ગીરધર કવિરાય, સુણોરે મેરે મિતા,
વો નર કેસે જીવે જીસ તન વ્યાપી ચિંતા. ૫૨.

મતલબ કે ચિંતા આવી દુઃખદાયી છે, આવાજ હેતુથી સર્વજ્ઞ મહાજનોએ ચિંતા રાક્ષસીને તિક્ષણ કાંટા સમાન કહેલી છે, એવી ચિતા રાક્ષસીથી આખું જગત જકડાયલું હોઈ ચિંતારૂપી તિક્ષણ અગ્નિમાં બળી રહેલું છે. એવી ચિંતારૂપી અગ્નિ સામાન્ય ભાવે છ પ્રકારની નીતિશાસ્ત્રકારોએ વર્ણવેલી છે. કુગ્રામમાં નિવાસ, અનીતિવાન રાજાની સેવા, ખરાબ ભોજન ખાવું એટલે કે ધાનને ધુળ કરી ખાવું તે, અને લુહારની કોડસમાન જેના હૃદયમાં ક્રોધાગ્નિ ધમધમી રહેલી છે એવી કુભાર્યા, ઘરમાં વિધવા થએલી દીકરી, તથા દુરાચારી અભણ અને મૂર્ખ એવો પુત્ર એ છ પ્રકારો પ્રત્યક્ષ વિના અગ્નિએ ચિંતારૂપી અગ્નિથી કાયમ શરીરને બાળ્યા કરે છે. એવો અતિ ચિંતાતુર માણસ દુનિયામાં પોતે જીવતે મુવા જેવોજ છે. માટે અતિ તિક્ષ્ણ કાંટારૂપી ચિંતાને વિવેકીજનોએ વરજી દેવી જોઇએ.

હવે બીજો કાંટો ક્રોધરૂપી વર્ણવેલો છે, સર્વજ્ઞ મહાજનોએ ક્રોધને બહુ બહુ રીતે ધિક્કારેલો છે. ક્રોધથી ઘણા અનર્થો થાય છે,

ક્રોધરૂપી ચંડાળથી અભડાયલો માણસ અપવિત્રજ છે, ચંડાળનો કદિ સ્પર્શ થવાથી વ્યવહારી રીતે લોકની માન્યતા મુજબ નાહીને (સ્નાન કરી) પણ શુદ્ધ થવાય છે, અથવા બીજી રીતે વિચારીએ તો લોક માન્યતાની હાંસીકર રૂઢી પ્રમાણે કોઈ મુસલમાન જાતિને અડવાથી પણ શુદ્ધ થયા મનાય છે. અહાહા કેવી વિચિત્ર રૂઢી! કે જેના સદાય લોહીએ ખરડાયલા હાથ રહે છે, પ્રાણીઓના પ્રાણ હરનાર, સદા પાપમાં પચી રહેલા એવા અનાર્યનો સ્પર્શ કરવાથી પવિત્ર થાય, તથા બ્રાહ્મણ વણિકાદિક આર્યજનોને અડવાથી અપવિત્ર થાય. લોક-રૂઢી વિચિત્ર તો ખરી ! અસ્તુ ! ચંડાળને અડી સ્નાનથી પવિત્ર થવાય છે, પણ ક્રોધરૂપી ચંડાળથી અભડાયલો જ્ઞાનવિના શુદ્ધ થતો નથી. કેટલા એકને તો એવી ટેવ હોય છે કે વાતવાતમાં ક્રોધ કરે છે, નજીવી બાબતમાં અત્યંત ચીડાઈ જાય છે, પછી તેમાંથી અનેક અનર્થ ઉત્પન્ન થાય છે. તે વિષે કહ્યું છે કે:-

क्रोधो मूलमनर्थानां । क्रोध संसारवर्धनम् ॥
धर्मक्षयंकरक्रोधस्तस्मात् क्रोधं विवर्जयेत् ॥२२४॥

અર્થાત—ક્રોધ એ અનેક અનર્થોનું મૂળ છે, સંસારને વધાર-નાર છે અને ધર્મનો ક્ષય કરનાર છે. તેથી ઉત્તમ પુરૂષે ક્રોધને ઘટાડવો જોઇએ. જ્ઞાની પુરૂષે ક્રોધને ચાર ઉપમાઓ આપી છે:-(૧) વકરેલા ઘોડા સમાન, (૨) ભૂત સમાન (૩) ચંડાળ સમાન છે. ને (૪) અગ્નિ સમાન છે, વકરેલો ઘોડો કોઇના હાથમાં રહેતો નથી, ગમે તેવા હોંશિયાર અને જોરાવર સ્વારને પણ ફેંકી દે છે, ઇચ્છા પ્રમાણે ગતિ કરી-દોડીને અનેકને હેરાન કરે છે. વળી બીજી ઉપમા ભૂતની છે, જેનામાં ભૂત ભરાયો હોય, તે માણસને તે બેભાન બનાવી દે છે, ધુણાવે છે, રોવરાવે છે, કુટાવે છે, હસાવે છે, પીટાવે છે એમ વિવિધ પીડા ઉપજાવે છે. ન બોલવાનું બોલે છે, ન કરવાનું કરે છે, ન ખાવાનું ખાય છે, ન પીવાનું પીયે છે, એમ ભૂતપલીતની પેઠે અનેક પ્રકારે હેરાન કરે છે. ત્રીજી ઉપમા ચંડાળની છે, ચંડાળને અડવાથી અભડાય છે, વળી ચંડાળ જેમ છેલ્લી પંક્તિનો મનુષ્ય છે, તેને કોઇ છેડતું નથી; વિશ્વાસ કરતું નથી, તેમ ક્રોધરૂપી ચંડાળ પણ તેવોજ સમજવો. ચોથી ઉપમા અગ્નિની આપી છે, અગ્નિ જેમ સર્વ વસ્તુને બાળી ભસ્મીભૂત બનાવે છે, તેમ ક્રોધ સર્વ સદ્દગુણોને બાળીને

ભસ્મીભૂત કરે છે, કોઈ માણુસ ખોટું બોલે કે તેના ઉપર ક્રોધ થાય છે, પછી તેને ફરી તેની પ્રકૃતિ ક્રોધી બની જાય છે, તેથી સહેજવારમાં તેને ક્રોધ ચડી આવે છે. અને કેટલાક તો એવા ક્રોધીલા હોય છે, કે રસ્તે ચાલતાં કદાચ કાંટો વાગે તો તેને કાઢી તે પર અતિ રીસ લાવી બે દાંત વચ્ચે ભીંસી કરડી ખાય છે, વળી કેટલાક તો અક્ષર લખતાં કદાચ સારા લખાતા ન હોય, અગર લેખણ બરાબર ચાલતી ન હોય, શાહી ઉતરતી ન હોય, તો તે પર અત્યંત રીસ ચડાવે અને તેને જમીન સાથે જોરથી દાબી ભાંગી નાખે છે. અહાહા ! કેવો ક્રોધ રૂપી તિક્ષ્ણ કાંટો ? ક્રોધીજનને પોતાનું કાર્ય કોઈ ન કરે, તો પણ અત્યંત ક્રોધ ચડે છે. ક્રોધ એ એક જાતની ઘેલછા—ગાંડાઈ છે, કારણ કે તે વખતે માણુસ ગાંડો બની જાય છે, હું શું બોલું છું ? આનું શું પરિણામ આવશે ? આને ક્યાં મારૂં છું ? મર્મસ્થાનમાં વાગવાથી તેને અત્યંત નુકસાન થશે; વગેરે કાંઇપણ વિચાર કે ભાન રહેતું નથી. એક પંથમાં એવો ચાલ છે કે કોઇને ક્રોધ ચડે છે, ત્યારે તેને ઠંડા પાણીએ નવરાવે છે. તેની મતલબ એવી છે કે ક્રોધ જાતે અગ્નિતુલ્ય છે, અગ્નિપર પાણી નાંખવાથી હોલવાઇ જાય છે, તેમ ક્રોધથી તપેલું શરીર ટાઢા પાણીએ નહાવાથી ઠંડુ પડે છે, અર્થાત તેનો ક્રોધ શાંત થઇ જાય છે. ક્રોધાવેશમાં આવી કોઇ માણુસ આપઘાત કરવા અગર કુવા તળાવ કે વાવમાં મરવા માટે પડે છે, પણ પડયા પછી ક્રોધરૂપી અગ્નિ હોલવાઇ જાય છે, ત્યારે પુનર્જીવન માટે તે અનેક ફાંફાં મારે છે, કદાચ આયુષ્ય બળવાન હોય અને તે વખત કોઇ કાઢનાર મળે, તો તુરતજ બહાર નીકળે છે. મતલબ કે ક્રોધરૂપી કાંટો અતિશય તિક્ષ્ણ છે. ક્રોધ ચાર પ્રકારનો શાસ્ત્રમાં કહ્યો છેઃ—અનુતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજવળનો ક્રોધ; એવા ચાર પ્રકાર છે. ૧. જીવતા સુધી—અવસાનપર્યંત પહોંચે તેને અનુતાનુબંધી ક્રોધ કહે છે, તે પર્વતની રાઇસમાન છે, એટલે પર્વત ફાટે થકે તે કોઈ રીતે સંધાય નહિ, તેમ તેનો ક્રોધ જીંદગીના છેડા સુધી પહોચે પણ કોઈ રીતે શાંત થાય નહિ. અને છેવટે પોતાના પુત્રને પણ ભલામણ કરતો જાય, કે પેલા આપણા દુશ્મનના ઘરનું તું કદી પાણી પણ પીશ નહિ, તેની સાથે જરાપણ વહેવાર રાખીશ નહિ, એવો ક્રોધનો વારસો પણ આપતો જાય છે. તે ક્રોધની સ્થિતિ જાવજીવ સુધીની છે, વળી તે ક્રોધ સમકીતની હાનિ કરે છે, મતલબ કે તેવા

ક્રોધીને કદિ સમકીત ઉદય આવે નહિ. ૨. હવે બીજી જાતનો ક્રોધ અપ્રત્યાખ્યાની છે, એટલે તે ક્રોધ એક વર્ષ પર્યંત પહોંચે છે, તે ક્રોધનો સ્વભાવ તળાવના ખોટ સમાન છે, તળાવની માટીમાં તાપથી તડો પડી જાય છે, તે વરસાદ પડવાથી સર્વ એકમેક થઇ જાય છે, તેમ તે ક્રોધી બાર માસે સંવત્સરીના તહેવારમાં પોતાના વેરભાવના ખમતખામણા કરે છે, તેવા ક્રોધવાળાને સમકીત ઉદય આવે, પણ વ્રત્ત ઉદય આવે નહિ. ૩. વળી પ્રત્યાખ્યાની ક્રોધ ચાર માસ સુધી પહોંચે, તેનો સ્વભાવ વેળુમાં કરેલી લીટી સમાન છે, એટલે કે જેમ વેળુમાં કરેલી લીટી કોઇ વાયુના યોગે કરી નાશ થઇ જાય છે, તેમ તે ચાર માસે શાંત થઇ ખમતખામણા કરે છે, અને તે ક્રોધ સર્વ વ્રત્ત એટલે સંજમની હાનિ કરે છે, તેને શ્રાવકપણાના નિયમ ઉદય આવે, પણ સંજમ ઉદય ન આવે. ૪. હવે ચોથો પ્રકાર સંજળનો છે, તે ક્રોધનો સ્વભાવ પાણીમાં લીટી સમાન છે. જેમ પાણીમાં કરેલી લીટી ઝાઝી મુદત ટકી શકતી નથી, તેમ તેનો ક્રોધ ઝાઝી મુદત રહેતો નથી. તે ક્રોધની સ્થિતિ પાક્ષિકની છે, પંદરમે દિવસે તે અવશ્ય ખમતખામણા કરે છે. તે ક્રોધ કેવળજ્ઞાનની હાનિ કરે છે, એટલે જ્યાં સુધી સંજળનો ક્રોધ હોય ત્યાં સુધી તેને ઉત્કૃષ્ટ એવું કેવળજ્ઞાન ઉત્પન્ન થાય નહિ, આ પ્રકારે ક્રોધ ચાર પ્રકારનો છે. વળી પેહેલા પ્રકારનાં ક્રોધવાળો મનુષ્ય મરીને નરકગતિમાં જાય, બીજા પ્રકારવાળો તિર્યંચ ગતિમાં એટલે પશુયોનીમાં જાય, ત્રીજા પ્રકારવાળો મનુષ્યની ગતિમાં જાય, અને ચોથા પ્રકારવાળો દેવગતિમાં જાય; આ પ્રકારનું ક્રોધનું લક્ષણ છે. અરે ક્રોધ તો ખરેખર આત્માનો કટ્ટો શત્રુ છે, તે અવશ્ય અહિત કરનાર હોઇ સંસારમાં પરિભ્રમણ કરાવે છે. તે વિષે કહ્યું છે કેઃ—

ઉપજાતિ વૃત્ત.

क्रोधो हि शत्रुः प्रथमो नराणां ।
देहस्थितो देहविनाशनाय ॥
यथास्थितः काष्ठगतो हि वह्निः ।
सएव वह्निर्दहते शरीरम् ॥ २२५ ॥

અર્થાત—ક્રોધ એ આત્માનો પહેલો શત્રુ છે, દેહમાં રહી આ દેહનોજ વિનાશ કરનાર છે. કાષ્ઠમાં રહેલો અગ્નિ કાષ્ઠને બાળે છે,

તેમ આ ક્રોધરૂપી તિક્ષ્ણ કાંટો પોતાને અને પરને અનેક પ્રકારે ભારે નુકશાન કરે છે. માટે વિવેકી પુરૂષોએ તે કાંટાને જેમ બને તેમ કમતી કરવો એજ જીવન સાફલ્ય છે. માટે ક્રોધનો રોધ કરવો.

(૧૦૬) રાજા, સંત, ચાંડાલ, ને ક્રોધી બ્રાહ્મણ ખેડુતની વાત.

કોઈ એક રાજાને કોઢ નીકળેલો હતો, તેથી તે ઘણોજ પીડાતો હતો, એક વખત તે કોઇ શાંત સ્વભાવી સંત મહાત્માની પાસે કથા સાંભળવા ગયો; કથા સમાપ્ત થયે ભક્તજનો અભિવંદન કરી ચાલતા થયા. પછી રાજા મહાત્મા પ્રત્યે હાથ જોડી—કરસંપુટ કરી નમ્રતાપૂર્વક બોલ્યો કેઃ—હે પરમકૃપાળુ તરણતારણ ગુરૂવર્ય ! હું આ કપરા મહા-રોગથી અત્યંત પીડાઉછુ, ઘણા ઘણા યુક્તિપૂર્વક ઉપાયો યોજ્યા પણ તે રક્ષામાં ઘી હોમવા માફક તદ્દન નકામાજ ગયા છે. હવે તો આ રોગથી હું અત્યંત કાયર બની ગયો છું, મૃત્યુપ્રાર્થના સિવાય હવે અન્ય ઉપાય નથી. તે સાંભળી કૃપાળુ મહાત્મા બોલ્યા કેઃ—ભાઈ કર્મની ગતિ વિચિત્ર છે, કરેલાં કર્મ જીવને અવસ્ય ભોગવવાં પડે છે, રાજી થઇને હસીને બાંધેલાં કર્મ રોઇને પણ ભોગવતાં છુટકો થતો નથી, કર્મદેવનો કાયદો અચળ છે, તેને કોઇ પહોંચી શકતું નથી. કર્મદેવ તો દેવાધિદેવ—દેવનો પણ દેવ છે, તીર્થંકર, ચક્રવર્ત્તિ, બળદેવ, વાસુદેવ વગેરે મહાન સ્મૃદ્ધિવાળા પુરૂષોને પણ તે યથેચ્છ રમાડે છે, કર્મસમાન કોઇ બળવાન નથી. તે વિષે કહ્યું છે કેઃ—**कडांण कमाणन मोखआथि।।** અર્થાત—કીધેલાં કર્મ ભોગવ્યા સિવાય મોક્ષ થતો નથી, સુખ દુઃખ એ સર્વ પુણ્યપાપરૂપ શુભાશુભનો ઉદય છે. વળી કહ્યું છે કેઃ—

ગઝલ.

કરમને કો લગે નાહિ, મિટે ભાવી નહિ કયાંઈ;
કરમને શર્મ છે નાહિ, કર્મને છે કૃપા નાહિ. ૫૨૧

સકળને સુખ છે વહાલું, સકળને દુઃખ છે ભાલું;
છતાં દુઃખને પડે લેવું, ઉદય આવે કરમ જેવું. ૫૨૨

સદા આનંદમાં રે'વું, પડે તે સહુ સુખે સહેવું;
ગણી લેવું ઉરે એવું, હશે મારૂં વિધિ તેવું. ૫૨૩

મતલબ કે ઉદય આવેલાં શુભાશુભ કર્મ અવસ્ય સર્વને ભો-ગવવાં પડે છે; એ તો ખરૂં છે કે રોગી માણુસને જેવું સ્થાન મળે

તેવું કારણુ જણાવે છે. વૈદ્ય પાસે જાય, તો દવા લાગુ પાડે, તેમ આ મહાત્માશ્રીએ કર્મ બળવાન બતાવ્યાં. તે વિષે કહ્યું છે કેઃ—

વસંતતિલકા વૃત્તમ્.

वैद्या वदन्ति कफ पित्त मरुद्विकार।
ज्योतिर्विदो ग्रहगतिंपरिवर्तयन्ति ॥
भूताभिषंग इति भूतविदो वदन्ति।
प्राचीन कर्म बलवन् मुनयो वदन्ति ॥२२६॥

અર્થાત—રોગી માણસ વૈદ્ય પાસે જવાથી તેને કફ, પીત્ત, અને વાયુવિકાર જણાવે છે, અને દવા કરવાનું કહે છે. જોશીની પાસે જવાથી તે કહે છે કે, તમારા ગ્રહ હમણા વાંકા છે, પનોતી બેઠી છે. માટે કાંઇ નિમ—બાધા લ્યો, જપ અને ગ્રહપૂજન કરાવો, બ્રહ્મભોજન કરાવીને દક્ષિણા ધો, વગેરે જોશી લોકો જણાવે છે. ભુવા પાસે જઈ પુછવાથી તે કહે છે કેઃ—તમને ભૂત સંચાર થયો છે, કોઇ વળગાડ વળગ્યો છે, માટે ભુવા તેડાવો, ડાકલાં બેસાડો તથા ભુવાને ધુણાવી દાણા જોવરાવો, અને દેવીમાતાને બળીદાન આપી નૈવેદ્ય ધરાવો ઉતાર મૂકો, તો તમને સારૂં થશે. વળી મુનિમહાત્મા પાસે જઇ પુછવાથી તેઓ કહે છે કેઃ—ભાઇ પરભવનાં કરેલાં કર્મ બળવાન છે, તમારાં અશુભ કર્મો હાલમાં ઉદયે આવ્યાં છે, માટે સમતા ભાવે તે સહન કરવા સિવાય અન્ય ઉપાય એકે નથી. તેનું નિવારણુ કરવા માટે સાધુસન્ત મહાત્માઓની સેવાભક્તિ કરવી, દીન અનાથ અને ગરીબ મુંગા પ્રાણીઓને સુખ પહોચાડી દુવા—આશિશ લેવી, પરોપકાર કરવો, પુણ્યે પાપ ઠેલાય છે, માટે યથાયોગ્ય પુણ્યદાન કરવું, વગેરે મુનિમહાત્માઓ જણાવે છે; મહાત્માશ્રીએ રાજાને જ્ઞાનોપદેશથી શાંત કર્યો. દુઃખથી કાયર થયેલા રાજાએ મહાત્મા પ્રત્યે કરગરી બહુ બહુ પ્રકારે આજીજી કરી કે મને કોઇ રીતે આ દુષ્ટ રોગથી મુક્ત કરો, કારણુ કે મહાત્માઓની કૃપાદૃષ્ટિથી સર્વ સારૂં થાય છે, મહાત્માઓનો મહિમા અપાર છે, તે ધારે તો અવશ્ય ભક્તજનોને દુઃખ મુક્ત કરી શકે છે, એ વગેરે ઘણી દયાજનક આજીજી કરવાથી મહાત્માનું હૃદય કરૂણામય બન્યું, અને દયા લાવી તેના ઉપાય માટે કહ્યું કેઃ—હે રાજા ! તું ચંડાળના ઘરનું પાણી પી,એ ટક્ષે તારો દુઃખદ રોગ

મટી જશે. પછી રાજા હર્ષપૂર્વક તે વચનો વધાવી લેઈ વંદન કરી ઘર ભણી ચાલતો થયો. રસ્તે જતાં મહાત્માના વચનનો અનુભવ લેવા ચંડાળના ઘરભણી ચાલ્યો, તે ગામને છેવાડે વસતો હતો. રાજાના ગુનેહગારને ફાંસીએ ચડાવવાનું કામ તે ચંડાલ કરતો હતો, પણ તે હૃદયનો દયાળુ હતો. આ કાર્ય કરવાં તે થરથરતો કંપારી છુટતી હતી, ફક્ત રાજાના આદેશથીજ આ પ્રાણ હરવાનું ભયંકર કાર્ય તેને નિરૂપાયે કરવું પડતું હતું. તો પણ તે પાપથી મુક્ત થવા માટે અનેક વ્રત નિયમો કરતો હતો, હંમેશા પ્રભુની ભક્તિ કરવાથી તેની નાતમાં તે ભક્ત ગણાતો હતો, તેને ઘેર રાજા જઇ ચડયો. તે ઘેર નહતો, તેનું ઘર ઘણું સ્વચ્છ સાદુ અને સુંદર હતું, આંગણામાં એક તુળસીક્યારો હતો, ઓસરીમાં ભજનનો સામાન તંબુરો વગેરે પડેલાં હતાં, એક બાજુ માળાઓ લટકતી હતી, ઘરનો આચાર સારો સુંદર દેખાતો હતો, દેખાવમાં સર્વ ઘર બ્રાહ્મણ તુલ્યજ જણાતું હતું, પણ રાજાએ ચંડાળનું ઘર ઓળખી તેના ગોળામાંથી પાણી પીધું. ગરજને લીધે રાજાને આ કામ લાચારીથી નાછુટકે કરવું પડયું હતું. શું કરે ? પ્રાણ તુલ્ય એકે પ્રિય વસ્તુ આ જગતમાં નથી, નિરોગી થવા માટેજ આ આખરનો ઉપાય યોજવો પડયો. તે વિષે કહ્યું છે કે:—

કવિત.

ગરજથી ઝેર જેવાં, વચન સહન થાય;
　　ગરજથી ભુખ દુઃખ, ભુલાઇ જવાય છે;
ગરજથી દેશપરદેશ, સહુ દોડયા જાય,
　　ગરજથી જાણી જોઇ, જીવન તજાય છે;
ગરજથી સંપ સરલાઇ, લોક સાથે રહે,
　　ગરજથી ટાઢતાપ, સહન કરાય છે;
કેશવ કહુ શું, ગોળ કરતાં ગરજ ગળી,
　　ગરજ સરે તો પછી, કોણ કોનું થાય છે. ૫૨૪

મતલબ કે ગરજ એવી વિચિત્ર વસ્તુ છે. શેલડી, સાકર, મધ, ગોળ, દ્રાક્ષ, ખજુર કરતાં પણ ગરજ વધારે મીઠી—ગળી લાગે છે. કોઇ જાણે નહિ એવા હેતુથી ગુપ્તપણે રાજાએ પોતાનું કામ કીધું, ચંડાળના ગોળાનું પાણી પી રાજા નિરોગી થવાની આશામાં આનંદભર ચાલ્યો, તેવામાં ઘરધણી ચંડાળે તે મહારાજાને સામા આવતા જોયા.

ચંડાળ શરમિંદે ચહેરે બીતાબીતા બોલ્યો કે:—બાપુ આ ઘર તો આપના સેવક આ ચંડાળનું છે, આપની આકૃતિ ઉપરથી આપે મારા ઘરનું પાણી પીધું જણાય છે, તો હું દોષમાં ભરાયો, મને ક્ષમા કરજો, મારી મોટી ભુલ થઈ. ત્યારે રાજા બોલ્યો કે:—ભાઇ ! તારી ભુલ કંઇ નથી, મને ઘણીજ તૃષા લાગવાથી મેં પાણી પીધું છે; પણ આ વાત તું કોઇને કહીશ નહિ. એ પ્રમાણે પોતાનું મુખ્ય મુદ્દાનું કારણુ નહિ જણાવતાં ફક્ત એટલું કહી રાજા આગળ ચાલ્યો, પા કલાક થવા આવી પણ કોઢ મટયો નહિ, રાજા તો ઝંખવાણો પડી ગયો ! આ શું ? હજી સુધી મહાત્માનું વચન કેમ ફળ્યું નહિ ? તેમના કહેવા પ્રમાણે કર્યા છતાં કોઢ કેમ ન મટયો ? અવશ્ય હાલમાં મારાં કર્મજ વાંકાં છે, બીજું કાંઈ નહિ—એમ બોલી દિલગીરી કરતો આગળ ચાલ્યો.

કોઢની પીડાથી કંટાળેલો રાજા હવે અનેક તરંગો ઉઠાવવા લાગ્યો, વિચાર કરતો કરતો આગળ ચાલ્યો જાય છે, તેવામાં એક વિચિત્ર પ્રકાર જોયો, કોઈ ખેડુત ખેતર ખેડતો હતો, તે ઘણોજ ક્રોધી હતો, તેથી તે બે બળદો ઉપર ઘણો સિતમ ગુજારતો હતો, પરોણાની આરવતી બેલને નિર્દયની જેમ માર્યા કરતો હતો, બિચારા બળદો મુંગે મોઢે આંખમાંથી આંસુ પાડતા પરાધિનપણે તે સર્વ માર સહન કરતા હતા, અને નિસાસા નાંખી હાય મારી શાપ દેતા હતા. આ પ્રમાણે બળદ ઉપર મહા જુલમ ગુજારાતો જોઇ રાજાને તેની અત્યંત દયા આવી, તેથી ખેડુત પ્રત્યે બોલ્યો કે:—હે ખેડુત આ બિચારા બળદ ઉપર શા માટે સિતમ ગુજારે છે ? તેણે તારૂં શું બગાડયું છે ? કે તે બિચારાને આવું દુઃખ દે છે. અરે તારો છુટકો કયાં થશે ? ભાઇ ! તે બિચારા પરાધિનપણે મરી રહેલા છે, તેમને અતિ મારવાથી શો ફાયદો થવાનો છે ? આ પ્રમાણે રાજાએ શાંતપણે કહ્યા છતાં તે તો અત્યન્ત ક્રોધ કરી બોલ્યો કે:—જા જા તારે રસ્તે, તને કોણ બોલાવે છે ? અમારો માલ છે તેથી ગમે તેમ કરીશું, તેમાં તારા બાપનું શું જાય છે ? આ પ્રમાણે અત્યંત રીસ કરી બોલ્યો અને બળદને વધારેવધારે મારવા લાગ્યો, અતિ રીસથી બળદનું પુછડું મોઢામાં લઇ કરડવા લાગ્યો, વળી પોતાના ઉપર પણ અત્યંત ક્રોધ કરી દાંત ભીંસી અપશબ્દો ઉચ્ચારતો જાય છે. રાજાએ વિચાર્યું કે અરેરે ! આવા પણ નિર્દય મનુષ્ય પ્રાણી પડયા છે. આ માણસ ક્રોધને લીધે નિર્દયપણે નકામાં કેવાં ક્રૂર કર્મો બાંધે છે, આ બિચારા બળદો પણ કોઇ કર્મના ઉદયે આ કસાઇ

જેવાના કબજે પડયા છે. હે પ્રભુ! આ જાનવરોનો તો બહુ દુઃખી અવતાર છે તે બાપડા જીવતેજ મુઆ જેવા છે.

શિખરિણી વૃત્ત.

સુખે પુરૂં ખાવા ખડ કડબ કે ઘાસ ન મળે,
સદા ભુખ્યા તરસ્યા, પરઘર વિષે રોજ રખડે;
પડે પીઠે પાછો, ગરજુ નરનો માર ગરવો,
નથી એવો મારે હે પ્રભુ હવે દેહ ધરવો. ૫૨૫

આ પ્રમાણે દયા ચિંતવતો ત્યાં થોડીવાર વિસામો લેવા બેઠો, એવામાં થોડીવારે રાજાને તરસ લાગવાથી પેલા ખેડુતને કહ્યું કેઃ- ભાઈ! પાણીબાણી છે કે? ત્યરે તે રીસ કરીને બોલ્યો કે, તારે વળી પાણીનું શું કામ છે? અમે પાણીબાણી પાવા નવરા નથી, પીવું હોય તો એ પડયું પેલા ઠામમાં, જા પી તારી મેળે. પછી રાજાએ હાથે કરી તેના ઘડામાંથી પાણી લઇ પીધું અને બેઠો, થોડીકવાર થઇ એટલે તો કોઢનો રોગ, શાંત થઇ ગયો. તે જોઈ રાજા તો એકદમ મહા વિચારમાં પડી ગયો, કે આ શું ચંડાળ હશે? પછી શંકાનું સમાધાન કરવા માટે પુછયું કે ભાઇ! તમો કઇ જ્ઞાતિ છો? ત્યારે વળી તે રીસથી બોલ્યોઃ-લે તારે વળી જ્ઞાતિનું શું કામ પડયું? પાણી પીને વળી ઘર પુછવા લાગ્યો તેથી ખરેખર તુ મૂર્ખ હોય એમ લાગે છે, પાણી પીધાથી તુ વટલાઇ ગયો? ફીકર રાખ મા અમો તો બ્રાહ્મણ છીએ, માટે જા હવે પાણી પીધું તો ચાલતો થા. રાજા તો આ સાંભળી આશ્ચર્યચકિત થઇ ગયો, કે મહાત્માએ કીધું હતું કે, તારો કોઢ ચંડાલના ઘરનું પાણી પીવાથી મટી જશે, અને આ તો બ્રાહ્મણ છે, માટે આ શું થયું? ખેર, ગમે તેમ હોય આપણો રોગ ગયો એટલે સર્વ સારૂં થયું, કામ તો સિદ્ધ થયું; પણ આ બાબત મહાત્માને પુછવી તો ખરી એમ ધારી મહાત્મા પાસે જઇ બે હાથ જોડી વિધિવંદન કરીને તેમની સ્તુતિ કરવા લાગ્યોઃ-પ્રભુ! આપની કૃપાથી મારો કોઢનો રોગ તો દમી ગયો, પણ આપે કહ્યું હતુ તે પ્રકારે ન થતાં અન્ય પ્રકારે થયું. એટલે ચંડાળને ત્યાં પાણી પીવાથી ન ગયો, પણ બ્રાહ્મણનું પાણી પીવાથી મારો રોગ ગયો, તેનું શું કારણ? તે કૃપા કરી સમજાવશો. ત્યારે દીર્ઘદર્શી મહાત્માશ્રી બોલ્યા કેઃ-હે રાજા! સમજ આ લોકમાં ચંડાળ બે જાતના છે, તેં પહેલવહેલાં જે ચંડાળને ઘેર પાણી પીધું

તેની જાતિ ચંડાળ હતી, પણ તે કર્મચંડાળ નહોતો, અને બીજા જે બ્રાહ્મણ ને ત્યાં પાણી પીધું, તેની જાતિ બ્રાહ્મણની હતી, પણ કર્મ બ્રાહ્મણનાં નહતાં. કહે જોઇએ તેં પેલા ચંડાળને ઘેર પાણી પીધું, તેના ઘરમાં તેં શું શું જોયું? તેથી રાજાએ સર્વ હકીકત યથાર્થ કહી સંભળાવી, અને વિશેષમાં કહ્યું કે, હે મહાત્મા! તેના આચારવિચાર ઉપરથી તથા ઘરની સુંદરતા સુઘડતા ઉપરથી કોઇ ન કહી શકે કે આ ઘર ચંડાળનું હશે, તે ચંડાળ ખરેખર પ્રભુનો પરમભક્ત છે, દીલમાં પાપથી ડરે છે, હંમેશા પ્રભુ પાસે પોતાના પાપોની ગરીબાઇથી નમ્રતાપૂર્વક ક્ષમા માગે છે. ત્યારે મહાત્માએ કહ્યું કેઃ- તો પછી તેને ચંડાળ નહિ, પણ શુદ્ધ બ્રાહ્મણજ જાણવો, કારણ કે પુરાણમાં કહ્યું છે કેઃ—

सर्व जातिषु चांडालाः । सर्व जातिषु ब्राह्मणाः ॥
ब्राह्मणेष्वपि चांडालाश्चांडालेष्वपि ब्राह्मणा ॥ २२७ ॥

અર્થાત—સર્વ જાતિમાં ચંડાળ પણ છે, ને સર્વ જાતિમાં બ્રાહ્મણ પણ છે, બ્રાહ્મણોમાં પણ ચંડાળ છે, અને ચંડાળોમાં પણ બ્રાહ્મણ છે, વળી કહ્યું છે કેઃ—

सत्यंब्रह्म तपोब्रह्म । ब्रह्मचेंद्रियनिग्रहः ॥
सर्वभूति दयाब्रह्म । एतद् ब्राह्मणलक्षणम् ॥ २२८ ॥

અર્થાત—જેનામાં સત્ય, તપ, ઇંદ્રિયાદિક નિગ્રહ તથા સર્વ પ્રાણી ઉપર દયા છે, એ સર્વ બ્રાહ્મણપણાનાં લક્ષણ છે. વળી તેં જે બ્રાહ્મણનું પાણી પીધું, તે બ્રાહ્મણ નહિ પણ ખરેખર ચંડાળ સમજવો. કારણ કે પુરાણમાં કહ્યું છે કેઃ—

सत्यंनास्ति तपोनास्ति । नास्तिचेंद्रियनिग्रहः ॥
सर्वे भूतिदयानास्ति । एतच्चांडाललक्षणम् ॥ २२९ ॥

અર્થાત—જેનામાં સત્ય, તપ, ઇંદ્રિયનિગ્રહ અને સર્વ પ્રાણી, ભૂત જીવ અને સત્વ એ ચાર જાતિના જીવો ઉપર કરૂણા નથી, સદા ક્રોધથી ધમધમતો છે, એ સર્વ ચંડાળનાં લક્ષણ જાણવાં. કહે જે એ બ્રાહ્મણ શું કરતો હતો? પછી તેની તેની નિર્દયતા ભરેલી સર્વ હકીકત કહી, અને વિશેષમાં જણાવ્યું કે ખરેખર તે કર્મથી

બ્રાહ્મણ નથી, પણ ચંડાળ છે. તેનામાં બીલકુલ દયા ન હતી. બિચારા ગરીબ પ્રાણી ઉપર બેસિતમ માર મારી મહા જુલમ ગુજારતો. વળી ક્રોધનું તો મોટું જાળુ હતો, વાતવાતમાં ભારે રીસ કરતો હતો, માટે આપનું કહેવું યોગ્યજ છે, ખરેખર ચંડાળના ઘરનું પાણી પીવાથીજ મારો રોગ નાશ થયો. મહાત્માએ કહ્યું કે હે રાજા! જગતમાં ક્રોધના જેવો એકે ચંડાળ નથી. ક્રોધથી નીચે કહેલા અવગુણો ઉત્પન્ન થાય છે. જેવા કેઃ—

संतापं तनुते भिनत्ति विनयं सौहार्दमुत्सादय—
त्युद्वेगं जनयत्यवद्य वचनं सूते विधत्ते कलिम् ॥
कीर्तिकृंततिदुमर्तिं वितरति व्याहंति पुण्योदयं ।
दत्तेयः कुगतिंसहातु मुचितो रोषः सदोषः सताम् ॥२३०॥

અર્થાત—ક્રોધ એ સંતાપને વિસ્તારે છે, વિનય ગુણને વણસાડે છે, અને મિત્રતાનો ઉચ્છેદ કરે છે, ઉદ્વેગને ઉત્પન્ન કરે છે, નહિ બોલવા યોગ્ય વિપરિત વચનો બોલાવે છે, કલેશ કરાવે છે, ઉત્તમ પ્રકારની કીર્તિરૂપી કલ્પલતાને કાપી નાખે છે, કુબુદ્ધિને વિસ્તારે છે, પુણ્યના ઉદયને અટકાવે છે, અને છેવટે દુઃખ દરિયામાં નાખે છે. માટે હે રાજા! ઉત્તમ પુરૂષોએ હજારો દોષના કોષ—ભંડાર જેવા ક્રોધને તો તજી દેવો જોઇએ, તેમાંજ માનવજીવનનું સાર્થકય ને સાફલ્ય છે. ક્રોધપૂર્વક કરેલી તપશ્ચર્યાનું કંઇ ફળ મળતું નથી, ક્રોધ શમી ગયા વિના સમતા ઉત્પન્ન થતી નથી, અને સમતા વિના કદિ મોક્ષલક્ષ્મી મળી શકતી નથી. માટે અવશ્યે કરી ક્રોધનો ત્યાગ કરી સમતા ધારણ કરવી જોઇએ. આવો ઉત્તમ બોધ સાંભળી રાજા ઘણો હર્ષીત થઇ બોલ્યો કેઃ—હે પરમકૃપાળુ ગુરુદેવ! આપનું કથન સત્ય છે, ખરેખર ક્રોધનો રોધ ને વિનાશ થયાવિના બીજા સઘળા સદ્‌ગુણો જોઇએ એવા ખીલતા નથી. સમતા એ સદ્‌ગુણુ ખીલવાની ઉત્તમ વસ્તુ છે, તે વિના સર્વ નિષ્ફળ છે. પછી રાજા વિનયપૂર્વક વંદન કરી પોતાને ઘેર ગયો.

દુહા.

ક્રોધ તજો સમતા ભજો, સજો શીયલ શણગાર,
ભવસાગર તરવા તણો, તે છે ઉત્તમ પ્રકાર. ૫૨૬
કામ ક્રોધની જાળમાં, બંધાયો આ જીવ,
અનંત કાળથી આથડયો, કદી ન હોયે શીવ. ૫૨૭

મતલબ કે આ લોકમાં ચિંતા અને ક્રોધ એ બે કાયાને ક્ષિણ કરી નાખે છે મન બગાડે છે આત્માને ડુબાડે છે, માટે સદ્વિવેકીએ મહા દુઃખદાયી જાણી તે બેને અવશ્યે તજી દેવાં જોઇએ. (૯૫)

अवाप्य दुष्प्राप्य मिदं सुजन्म ।
तथा च सर्वेन्द्रिय सौष्ठवं च ॥
तथापि नो स्वात्महितं विधत्ते ।
सैवाऽत्मघाती ति जगाद्वीरः ॥९६॥

અર્થ—આ જગતમાં ઉત્તમ પ્રકારનો આ મનુષ્યજન્મ મેળવીને તથા સર્વે પ્રકારે ઇન્દ્રિયોની પૂર્ણતા પામીને પણ જે મોહમુગ્ધ મનુષ્યો પોતાના આત્માનું કાંઇપણ હિત સાધતા નથી, તેઓ ખરેખર પોતાના આત્માનો ઘાત કરનાર-આત્મદ્રોહી છે, એવું સર્વજ્ઞ શ્રીવીરપ્રભુનું કથન છે. (૯૬)

ભાવાર્થ—એટલું તો ખરૂંજ છે કે આ જગતમાં ઉત્તમ વસ્તુઓ પ્રાપ્ત કરવામાં ઘણીઘણી મુસ્કેલીઓ આડી આવે છે, મહા ભગીરથ પ્રયાસે તે સુલભ્ય થાય છે, આ માનવજીવનને માટે પણ તેમજ છે; મનુષ્યજીવન એક અમૂલ્ય ઝવેર–કોહિનૂર હીરો છે. ઝવેરાતની કિંમત ઝવેરી વિના કોઇ ભાગ્યેજ કરી શકે છે, તેમ મનુષ્યજીવનની કિંમત પણ તેને જાણનારજ જાણે છે. જે ખોટાં મોતીની કિંમત કરી શકતો ન હોય, તે ઉંચાં રત્નો ને ઝવેરાતની કિમત કેમ કરી શકે? જે કથીરની પણ પુરી કિંમત કરી શકતો ન હોય, તે કુંદનની કીંમત ક્યાંથી કરી શકે? તેને માટે કહ્યું છે કેઃ—

મનહર છંદ.

સાધારણ કનકની કિંમત ન કરી જાણે,
કુંદનની કિંમત તે કેમ કરી જાણશે?
હળદરની કિંમત ન હેયાતીમાં કરી હોય,

કેસરની કિંમત તે કેમ કરી આણશે ?
કીડીયાં મોતીની પણ કિંમત ન કરી જાણે,
મોંઘામુલનાં મોતીને તે શું વિધે વખાણશે ?
કહે દલપત કાંઇ કવિતા ન કંઠે કરી,
કવિતાની કિંમત તે શી રીતે પ્રમાણશે ? ૫૨૮

આવા દુષ્પ્રાપ્ય મહામોઘા મનુષ્યજન્મની કિંમત મોહમાં મુગ્ધ બનેલા પામર અજ્ઞાનીઓને શું ખબર પડે ? ખરેખર મોટા પુણ્યના ઉદયથીજ આ માનવજીવન પ્રાપ્ત થયું છે, તેમાં પણ ઇંદ્રિયોનું સૌષ્ઠવપણું ઘણું દુર્લભ છે, કેટલાક અંધ બધિર મુગા ગુંગા બોબડા તોતડા લુલા લંગડા ને કાણા કુબડા હોયછે, અને વળી કેટલાએક હસ્તપાદાદિક અંગોથી રહિત હોય છે, તથા એવીજ કોઇ પૂર્વોપાર્જીત કિલષ્ટ કર્મની ઉદીરણા હોય છે, કે શરીરસૌષ્ઠવપણામાં કાંઇને કાંઈ ખામી હોયજ છે. મહાસદ્ભાગ્યનો અભ્યુદય હોય,તોજ સર્વ ઇંદ્રિયોવાળી સમી ને રૂડી સર્વાંગ-સુંદર દેહ પામી શકાય. હવે કદાચ પુણ્યોદયથી સર્વ ઇંદ્રિયોનું સૌષ્ઠવપણું તો પામ્યો, પણ દરિદ્ર અવસ્થા હોય, શરીરમાં મહાવ્યાધિ રહેતો હોય, તથા બીજી અનેક પ્રકારની આધિવ્યાધિઉપાધિથી હેરાન હોય, તો પણ આત્મ હિત કરી શકાતું નથી. ખરેખર બાર વાનાં પામવાં મહાદુર્લભ છે. તે વિષે કહ્યું છે કેઃ—

ચોપાઇ.

દુલહો આરજ દેશ અવાજા, કુળ મોટું મન દુલહો દવાજા;
ઉત્તમ જાત દુલહો જીન રાજા, દુલહો પાંચે ઇંદ્રિય સાજા. ૫૨૯
દુલહો દેહ લહુ નિરોગં, દુલહો ચિરંજીવીનો જોગં;
દુલહો ધર્મ તણો સંજોગં, દુલહો ઘર લક્ષ્મીનો જોગં. ૫૩૦
દુલહો સાચો ધરમ સુણવો, દુલહો પાપ તણો પરિહરવો;
દુલહો ધર્મ તણો મન ધરવો, દુલહો ધર્મ શરીરે કરવો. ૫૩૧

મતલબ કે આ બાર બાબતો સાથે પામવી મહામુશ્કેલ છે, પૂરાં પુણ્ય હોય, તોજ તે મેળવી શકાય છે. હવે કદાચ પુણ્યોદયથી સર્વ ઇંદ્રિયોનું સૌષ્ઠવપણું પામ્યા, છતાંપિ આત્મહિત નહિ સાધી શકનારા ખરેખર આત્મઘાતી છે કેટલાએક દુઃખના માર્યા આત્મઘાત કરે છે, એટલે પોતાના પ્રાણને કાઢવાને માટે હળાહળ ઝેર પીએ છે, અથવા કુવા, નદી, નાળા, તળાવ કે સમુદ્રમાં પડી મરે છે; અગર પર્વત પરથી પડતું મુકે છે. નીતિશાસ્ત્રના ન્યાય મુજબ તેના સાત ભવ અનુભવવા

પડે છે, આત્મઘાતી મહાપાપી કહેવાય છે, આવી રીતે દુઃખથી અધીરા બની કુમરણે મરીને તે કાંઇ છુટી શકાતું હશે કે? ના, ના, તેમ કરવામાં મનુષ્યો મોટી ભુલ કરે છે. અંજનાસતીએ બાર વરસ સુધી મહાદુઃખ ભોગવ્યાં, તેરમા વરસમાં તો તેના દુઃખનો પાર રહ્યો નહિ, સાસુસસરા, માતતાત અને બંધવથી તિરસ્કાર મળ્યો, બટકુ રોટલાને માટે પણ ઘરેઘર ભટકતાં પણ તેની જોગવાઇ અલક્ષ્ય થઈ. વાહ! દિવસ વાહ! એક દિવસ એવો પણ હતો, કે લાડકવાઈ અંજના સો બંધુઓ વચ્ચે પણ મોંઘી પડતી હતી, તે અત્યારે ઘેરેઘેર ભટકે ને ચાંગળું પાણી ને બટકું રોટલો પણ ન મળે. વાહ! કર્મદેવ, વાહ તમારી સત્તાને! આમ સતી ઘણી દુઃખી થઇ, પણ કુમરણે મરવાનો સંકલ્પ માત્ર પણ સતીએ કર્યો નહિ. પાંચ પાંડવો, દ્રૌપદી, સીતા, દમયંતી વગેરે અનેક સત્યવંત ટેકીલા નરો સતીઓએ અપરંપાર દુઃખો ભોગવ્યાં, તથા લોકનાં મિથ્યા આળ માથે આવ્યાં, પણ કદિ આત્મઘાત તેમણે કલ્પી નહિ. દિવસની બલિહારીને ધન્ય છે! જ્યાં તડકો ત્યાં છાંયો, અને છાંયો હોય ત્યાં તડકો આવી જાય છે. તે વિષે કહ્યું છે કેઃ—

पंचैते पंडुपुत्राः क्षितिपति तनया धर्मभीमार्जुनाद्याः
शूरा सत्यप्रतिज्ञ दृढ बल वपुषः केशवेनोपरुढाः ॥
ते वीराः पाणिपात्रे कृपणजनगृहे भिक्षुचर्यांरचंति ।
कोवाकार्य न विचलति विधिवशाद्भाग्यनी कर्मरेखा ॥२२१॥

અર્થાત—કર્મની ગતિ ન્યારી છે! જુઓ પાંડુરાજાના પાંચ પુત્રો ધર્મ, ભીમ, અર્જુન, સહદેવ, ને નકુલ, એ પાંચે મોટા સમર્થ પુરૂષો હવા. મહા શૂરવીર, સત્યપ્રતિજ્ઞ, મજબુત શરીર વાળા કેશવ જેવા તો જેને સહાયકારક ઇષ્ટ બંધુ હતા, છતાં તેવા વીરપુરૂષોને એક વખત હાથમાં માગવાનું રામપાત્ર લઇ કૃપણને ઘેર ભિક્ષા માગવાનો પ્રસંગ આવ્યો. માટે ભાગ્યની કર્મરેખા કોઇ રીતે કોઇથી પણ ટાળી શકાવી નથી. તે વિષે કહ્યું છે કેઃ—

દુહા.

જે યુધિષ્ઠિરે જગતમાં, દીધાં લાખો દાન;
તે બ્રાહ્મણ થઈ આશિષ દીએ, જુવો કર્મ નિદાન. ૫૩૨
નિકુળ ઘોડા ફેરવે, સહદેવ ચારે ગાય;
ભીમ ઉદરના કારણે, રહ્યો રસોડા માંય. ૫૩૩

સર્વ નૃપતિ વશ્ય કર્યાં, જીત્યો જરાસંધરાય;
તે નર ફીટી નારી થયો, કર્મ ગતિ ન કળાય. ૫૩૪
સૂર્યચંદ્રને વશ કરે, નામ જેનું પાંચાળી;
તે દાસી થઇ દીન નીરગમે, વેળાએ દુઃ વાળી. ૫૩૫
સુખ પછી દુઃખ ઉપજે, દુઃખ પછી સુખ હોય;
સર્વ દિન સરખા નહિ, વૃક્ષ છાયા સમ જોય. ૫૩૬

મતલબ કે મહાન દુઃખો પડવા છતાં તેઓએ આત્મઘાતનો વિચાર સરખો પણ કર્યો ન હતો, પણ સમતા રાખી ધૈર્ય ધારણ કરી આપત્તિરૂપી સાગર ઓલંઘ્યા હતા, અને અંતે મહત્ સુખ પ્રાપ્ત કરી જગજાહેર ને ચિરસ્મરણીય થઈ હજારોલાખો લોકના વંદનીક બન્યા.માટે વિવેકી પુરૂષોએ આત્મઘાત કરી કુમરણે મરવા કદિ પણ મનસા ધરવી નહિ. આત્મઘાતીપણું બે પ્રકારનું છે બાહ્ય અને અભ્યંતર, ઉપર બતલાવેલું આત્મઘાતીત્વ બાહ્ય છે, અને અભ્યંતર ઘાતીપણા વિષે શ્રીવીરપ્રભુએ કહ્યું છે કેઃ—માનુષ્યત્વ આદિ ભવસિદ્ધિને સન્મુખ સર્વસામગ્રી પુણ્યોદયે પ્રાપ્ત થઇ, છતાં પ્રમાદવશ થઈ કાંઇ પણ આત્મહિતકાર્ય કરતા નથી, અને અસ્થિર સૌખ્યમાંજ નિમગ્ન બની સ્થિર સૌખ્ય માટે બેદરકાર બને છે, પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે હજારોને હાનિ પહોંચાડે છે, ઘાતકી પ્રપંચી અને પ્રયત્નો રચે છે, અહરનિશ દુર્ધ્યાન ધ્યાવે છે, પરનું અશુભ ચિંતવ્યા કરે છે જેમકે અમુક માણસ મરે, તો તેનો સર્વ ભોગવટો મને મળે—એમ સામાનું ભુંડુ તાકે છે, મનથી અનેક ઘાતકી ઘાટો ઘડયા કરે છે; પણ પરનું ભુંડુ તાકવાથી તો પોતાનું ભુંડુ થાય છે. ભગવાને તરવાનાં મુખ્ય કારણો મનના પરિણામ ઉપર કહેલાં છે. **मन एव मनुष्याणां, कारणं बंध मोक्षयो ॥** આ જીવાત્માને મોક્ષ અને બંધનું કારણ માત્ર એક મનજ છે. શુભ ધ્યાનથી શુભ ચૈતન્ય ઉદય થાય છે, અશુભ ધ્યાનથી અશુભ ચૈતન્ય ઉત્પન્ન થાય છે. શાસ્ત્રોમાં ધ્યાન ચાર પ્રકારનાં કહ્યાં છેઃ—આર્તધ્યાન, રૂદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લ ધ્યાન. અને એ ચારેનાં લક્ષણ શાસ્ત્રમાં બહુ સારાં વર્ણવ્યાં છે, તે પ્રસંગોપાત નીચે જણાવીએ છીએ.

(૧) આર્તધ્યાનનું સ્વરૂપ—વસંતતિલકા વૃત્તમ.

राज्योपभोग शयनासनवाहनेषु ।
स्त्री गंध माल्य मणिरत्नविभूषणेषु ॥

इच्छाभिलाषमति मात्र मुपैति मोहाद् ।
ध्यानं तदार्त मिति तत्प्रवदंति तज्ज्ञाः ॥२३२॥

અર્થાત—રાજ્યોપભોગ, સુંદર શયન, વાહન, સ્ત્રી, સુગંધી, પુષ્પમાળા વગેરે સાંસારિક સુખભોગના વૈભવો મેળવવા માટે તે સબંધી અહોનિશ અભિલાષા ચિંતા અને વિચારો સદા ચાલ્યા કરે, તેને તત્વવેત્તા પુરૂષો આર્તધ્યાન કહે છે. (૧)

(૨) રૂદ્રધ્યાનનું સ્વરૂપ-વસંતતિલકા વૃત્તમ.

संच्छेदनैर्दहन भंजन मारणैश्च ।
बंध प्रहार दमनैश्च निकृंतनैश्च ॥
योयाति रागमुपयाति च नानुकंपा ।
ध्यानंतु रौद्र मिति तत्प्रवदंति तज्ज्ञाः ॥२३३॥

અર્થાત—કોઈ મનુષ્ય છેદન કરતો હોય, દહન કરતો હોય, ભુંજતો શેકતો હોય, મારતો હોય, બાંધતો હોય, પ્રહાર કરતો હોય, હાથ પગ વગેરે અંગો કાપતો હોય, એ વગેરે પ્રકારે કોઈ જીવને દુઃખ દેતો જોઇ મનમાં રાજી થાય; પણ લગાર માત્ર દયા ન આણે અથવા પોતેજ કોઇને રૂદ્રભાવે મારે અથવા રૂદ્ર વિચારો કરે તેને રૂદ્ર ધ્યાન કહે છે. (૨)

(૩) ધર્મધ્યાનનું સ્વરૂપ-વસંતતિલકા વૃત્તમ.

सूत्रार्थसाधन महाव्रत धारणेषु ।
बंधप्रमोक्ष गमनागमहेतु चिंता ॥
पंचेंद्रिय व्युपरमश्च दयां च भूते ।
ध्यानंतु धर्ममिति तत्प्रवदंति तज्ज्ञाः ॥२३४॥

અર્થાત—જે શાસ્ત્ર અને તેના અર્થો ધારે, સાંભળે, શીખે, તથા પંચમહાવ્રત ધારે, અથવા ધારણ કરવા સંકલ્પો કરે; કર્મ કેમ બંધાય છે? તેનો મોક્ષ કેમ થાય? ગતાગતિનો હેતુ શું તે કેમ અટકે? વગેરે શુભ વિચારો ચિંતવે, પાંચ ઇંદ્રિયોનું દમન કરે અને સર્વે પર દયા રાખે; તેને ધર્મધ્યાન કહે છે. (૩)

(૪) શુકલધ્યાનનું સ્વરૂપ-વસંતતિલકા વૃત્તમ.

यस्योंद्रियाणि विषयेषु परांमुखानि ।
संकल्पकल्पन विकल्प विकारदोषाः ॥
योगैः सदा त्रिभिरहो निवृतांतरात्मा ।
ध्यानोत्तमं प्रवर शुक्ल मिदं वदंति ॥ २३५ ॥

અર્થાત—જેને ઇંદ્રિયોના વિષયસુખ ઉપર ઉદાસીભાવ હોય, વિષય સંબંધી નાના પ્રકારના સંકલ્પોવિકલ્પોના વિકારોને દબાવે, તથા ત્રણ યોગથી પોતાના આત્માને સદા નિવૃત્તિમાં રાખે, સામાનું અને પોતાનું ભલુ થવાનાજ વિચારો ચિંતવે તેને શુકલધ્યાન કહે છે.(૪)

હવે એ ચાર ધ્યાન કઇકઇ ગતિમાં લઇ જાય છે, તે વિષે કહે છે.

શાર્દૂલવિક્રીડિત વૃત્તમ.

आर्ते तिर्यगतिस्तथा गतिरधो ध्यानेतु रौद्रे सदा ।
धर्मे देवगतिः शुभंवत फलं शुक्ले तु जन्मक्षयः ॥
तस्माद् व्याधिरुगंतिके हितकरे संसार निर्वाहके ।
ध्याने शुक्लतरेरजः प्रमथने कुर्यात्प्रयत्नं बुधाः ॥२३६॥

અર્થાત—આર્તધ્યાન ધરનાર તિર્યંચ ગતિમાં જાય, તથા રૂદ્રધ્યાન ધરનારો નરક ગતિમાં જાય, ધર્મ ધ્યાનથી દેવગતિ પ્રાપ્ત થાય, તથા શુકલ ધ્યાનથી જન્મનો ક્ષય છે. તેથી વિવેકી જનોએ વ્યાધિ વિનાશક હિતકર સંસારછેદક એવા ધર્મધ્યાન અને શુકલ ધ્યાનમાં પ્રયત્ન કરવો. શાસ્ત્રમાં ધ્યાનનું એ ચાર પ્રકારે વિવેચન કર્યું છે, તેમાં પહેલા બે અશુભ ધ્યાન તો વિવેકી જનોએ વર્જવા-યોગજ છે, છેલ્લા બે ધ્યાન સારા ને ઉત્તમ હોઇ મોક્ષગતિને મેળવી આપનાર અને ભવસિદ્ધિને સન્મુખ લાવનાર હોવાથી તે સર્વદા વિવેકી-ને આદરવા જોગ છે. અશુભ ચિંતવી પરનું અહિત કરે છે, અનેક કર્મ કરે છે, એમ અનેક કર્મ કુકર્મ કરીને અધમાધમ મહાપાપીઓ હજારોની કદુવાઓ લે છે, પૈસો પ્રેમદા પ્રતિષ્ઠા ને પ્રભુતાની પ્રાપ્તિમાંજ ધના રામામાંજ જીંદગી વ્યર્થ ગુમાવે છે, તેઓનું માનવજીવન શ્વાન પૂછની માફક તદ્દન નકામુંજ છે, અને ખરેખર તેવા નરોને વીરપ્રભુએ આત્મઘાતીજ કહેલા છે. પોતાના આત્માની ઘાત કરવી, એટલે આ સિદ્ધસ્વરૂપ પવિત્ર આત્માને કલિષ્ટ કર્મોથી મલિન બનાવી દુર્મતિ-

ગામી કરવો, તે ખરેખર આત્મઘાતીત્વ છે. અશુભ આર્તધ્યાન અને રૂદ્રધ્યાનથી અનંત કાળ થયાં આ આત્મા આ લક્ષ ચોરાસીના ચક્રરમાં જન્મમરણના ફેરામાં ફર્યા ને ભટકયા કરે છે, અને વળી ભટકશે–એ ચોકસ સમજવું. માટે થાય તો સામાનું ભલું કરવું, તોજ પોતાનું ભલું થશે, **ભલાકર ભલાહોગા.** પારકાના બુરામાં ભુંડામાં રહેવાથી તો પહેલું પોતાનુંજ બુરૂં થાય છે. તે વિષે કહ્યું છે.કે:—

દુહા.

સુખ દીયા સુખ હોતહે, દુઃખ દિયા દુઃખ હોય;
આપ હણે નહિ અવરકું, અપને ન હણે કોય. ૫૩૭
આવત આરી એક હે, ઉલટત હેરે અનેક;
કબીર જો ઉલટે નહિ, તો રહે એકકી એક. ૫૩૮

મતલબ કે સામા માણસને સુખ દેવાથી પોતાનેજ સુખ મળે છે, અને પારકાને દુઃખ દીધા પોતાનેજ દુઃખ મળે છે. સામાને ગાળ દેનારને સામી ગાળ મળેછે. આપણે પરનું ભલું ચાહિએ, તો સર્વ કોઇ આપણું ભલું ચાહશે. હવે તેના ઉપર એક દૃષ્ટાંત કહે છે.

(૧૦૭) ભાવિમિથ્યા કરવા મથેલા શેઠની નાસીપાસીની વાત.

કોઇ એક શેઠને ત્યાં ગુરૂશિષ્ય બે જણા ભીક્ષા લેવાને પધાર્યા, હવે તે શેઠને ઘેર એક કોઇ નિરાધાર ભરવાડનો છોકરો પેટ ગુજારે રહેતો હતો,તે શેઠના ઘરનું કામકાજ કરે અને ત્યાં જમે, શેઠની સેવા ભક્તિ કરતો એટલે તે શેઠને પ્રિય થઇ પડયો હતો, શેઠ પુત્ર કરતાં તેને વિશે ચાહતા; શેઠના સહવાસથી તેને ઉંચ ગુણો પ્રાપ્ત થયા હતા. ને તો અવશ્ય છે કે ઉંચાના સ્વભાવથી ઉંચતાની ને નીચના સ્વભાવથી નીચતાની પ્રાપ્તિ થાય છે. તે વિષે કવિશ્વર દલપતરામે કહ્યું છે કે–

નારાચ છંદ.

ભળે વઘાર ભાતમાં લગાર જે લવીંગનો,
ટળે ન ટાળતાંજ તેમ હોય ગંધ હીંગનો;
સફેત વસ્ત્ર શામ થાય શામ રંગ સંગમાં,
કુસંગીનો પ્રસંગ દે કુસંગ રંગ અંગમાં. ૫૩૯
અફીણીઆની સોબતે, અફીણીઆ ગણાય છે,
જુગારીયાની યારીમાં જુગારીયા ગણાય છે;

કઢંગી પ્રસંગથી કઢાય છે કઢંગમાં,
કુસંગીના પ્રસંગ દે કુસંગ રંગ અંગમાં ૫૪૦

મતલબ કે ઉચ્ચની સોબતમાં મનુષ્ય ઉચ્ચ બને છે, અને નીચની સોબતે નીચ બને છે, તેમ પેલા ભરવાડના છોકરાને શેઠના સહવાસથી કેટલાંએક સુલક્ષણો પ્રાપ્ત થયેલાં હતાં, તેથી તેણે હાથ જોડીને નમ્રતા પૂર્વક ગુરૂશિષ્યને નમસ્કાર કર્યો. શેઠ ઘરમાં ભિક્ષા લેવા ગયા, તેવામાં પેલા છોકરા સામું જોઈ શિષ્યને ગુરૂએ કહ્યું કે, આ છોકરાનું કપાળ મહાતેજસ્વી જણાય છે તે ભાગ્યશાળી છે, તેથી આગળ જતાં આ ઘરનો તે છોકરો ધણી થઇ જશે, એમ તેનો ભાગ્યોદય સૂચવે છે. અત્યારે તો શેઠના આશ્રય તળે તે સામાન્ય સ્થિતિ અનુભવે છે, પણ આગળ જતાં આ ઘરનો ધણી થઇ મહાસુખ ભોગવશે, તેવું આનું તકદીર છે. નસીબ ગમે ત્યાં જતાં પણ છાનું રહેતું નથી.

સવૈયો.

તારાકી જ્યોતમે ચંદ્ર છુપે નહિ,
સુરજ છુપે નહિ બદ્દલ છાયો;
રણુ ચડયો રજપુત છુપે નહિ,
દાતા છુપે નહિ માગન આયો;
ચંચળ નારકો નેન છુપે નહિ,
પ્રીત છુપે નહિ પીઠ દેખાયો;
કવિ ગંગ કહે સુન શાહ અકબ્બર !
કર્મ છુપે નહિ ભભુત લગાયો. ૫૪૧

આ પ્રમાણે એ છોકરાના તગદીરની વાત ગુરૂ શિષ્યપ્રત્યે કહેતા હતા, તેવામાં શેઠ ઓચિંતા ઘરમાંથી બહાર આવ્યા; "આ છોકરો ઘરનો ધણી થશે." એવા શબ્દ તેમના કાનપર પડયા. તેનામાં ચિંતા પ્રજ્વલિત થઇ, પણ તે વખતે અફસોસ છુપાવી રાખી બહારથી હર્ષિત થયો, અને ભિક્ષા આપી સાધુને વિદાય કર્યા. પછી શેઠ ઉંડો નિશ્વાસ નાખી બોલ્યા કેઃ—હાય હાય ! આ છોકરો શું મારા ઘરનો ધણી થશે અને મારો દીકરો ભિખ માગશે ? મારે ઘેર ગરીબાઇથી ઉછરતો આ છોકરો ઘરધણી થઇ પડે, તે મારાથી શી રીતે ખમાય ? મારે ઔરસ છોકરો વારસ છતાં પારકો ઘરધણી થશે ? હાયહાય ! આ શોકાગ્નિશમનાર્થે મારે કાંઇક તો ઉપાય કરવો. પ્રાયે કરી મહાજનનાં

વચનો અમોઘ હોય છે તે વિષે કહ્યું છે કે:—દિવસે થયેલી વીજળી, રાતે થયેલું મેઘગર્જન, મોટા પુરૂષોનાં વાક્યો, અને દેવદર્શન; એ ચાર વાનાં કદિ નિષ્ફળ થતાં નથી. તો પણ મારે આળસુ થઇ બેસી ન રહેતાં તેને માટે અવશ્ય કાંઇ ઉપાય તો યોજવો, "પાણી પહેલાં પાળ બાંધે તેજ જગતમાં બળીઓ, આગ લાગે કુવો ખોદવા માંડે તે જઇ મુરખમાં ભળીઓ" એ પુરાણી કહેવતને માન આપી કાંઇક ઉદ્યમ તો કરવો; કારણ કે ઉદ્યમથીજ સર્વ પ્રકારનાં કાર્યની સિદ્ધિ થાય છે. ઉદ્યમ વિનાનો માણસ પશુ તુલ્ય ગણાય છે. તે વિષે કહ્યું છે કે:-

उद्यमेन हिं सिद्ध्यंति । कार्याणि न मनोरथैः ॥
नहि सुप्तस्य सिंहस्य । प्रविशन्ति मृगा मुखे ॥२३७॥

અર્થાત—દરેક કામ ઉદ્યમથી સિદ્ધ થાય છે, પણ બેઠા બેઠા શેખચલ્લીની માફક મનોરથો ને તરંગો કરવાથી કાર્યો સિદ્ધ થતાં નથી. જેમકે સુતેલા સિંહના મોઢામાં પશુ હરણ આવી એનીમેળે પડતાં નથી, પોતાનામાં મહાસામર્થ્ય હોવા છતાં તે પણ મહેનતથીજ પોતાનું ઉદર પૂર્ણ કરે છે. તો હવે હું શું કરૂં ? ક્યાં જાઉં ? કયી યુક્તિ શોધું અને કોની મદદ લઉં ? તો આ છોકરો મારી મિલકતનો માલિક વારસ ન થાય. કદાચ તેને કાઢી મુકું તો મોટી અવસ્થાએ પાછો આવી મુનિવાક્ય સફળ કરે, માટે આને જીવતો ન રહેવા દેવો તેજ ઉત્તમ છે. **मूलं नास्ति कुतः शाखा ।** અર્થાત્—મૂલ ન હોય તો પછી શાખા પ્રતિશાખા સંભવેજ ક્યાંથી ? જીવતો હોય તો કોઇ વખતે પણ વારસ થાયને ! કહેવત છે કે **जीव भरोभद्र मुपेतिन्नरमः** અર્થાત જીવતો નર ભદ્ર પામશે. માટે આને પરલોકગામી કરી અન્ય માતાનું દુધ પીતો બનાવવા સિવાય બીજો કોઈ વિચાર સુલભ નથી. વાહવાહ ! શેઠ, ધન્ય છે તારી શેઠાઇને શ્રીમંતાઇને ને સ્વાર્થબુદ્ધિને ? અરેરે ! તારા સ્વાર્થને માટે અનાથ આશ્રિત બાળકનું યમને દાન આપવા તૈયાર થયો, ક્યાં ગયો તે પ્રત્યે તારો પુત્ર તુલ્ય પ્રેમ ? ક્યાં ગઈ તારી ઉદારતા ? દયાબુદ્ધિથી અનાથનું પોષણ કરવાની પરોપકારીતા ક્યાં ગઇ ? ખરેખર ! પોતાના સ્વાર્થને માટે પારકાની ઘાત ચિંતવે છે, તે માનવ નહિ પણ માનવરૂપે રાક્ષસો છે. તેને માટે રાજર્ષિ પ્રવર ભર્તૃહરિએ નીતિશતકમાં કહ્યું છે કે:—

શાર્દૂલવિક્રીત વૃત્ત.

एते सत्पुरुषाः परार्थघटकाः स्वार्थान्परित्यज्य ये ।
सामान्यास्तु परार्थमुद्यमभृताः स्वार्थाविरोधेन ये ॥
तेऽमी मानवराक्षसाः परहितं स्वार्थाय निघ्नंति ये ।
येतु घ्नंति निरर्थकं परहितं ते के न जानीमहे ॥२३८॥

અર્થાત—જેઓ પોતાના સ્વાર્થને તજી દઇને સામાનું હિત કરે છે, તેઓ આ જગતમાં ઉત્તમ પુરૂષ જાણવા. તેમજ જેઓ પોતાનો સ્વાર્થ પણ સાધે અને સામાનું હિત પણ સંભાળે--કરે તે મધ્યમ પુરૂષો સમજવા, તથા જેઓ પોતાનાજ સ્વાર્થને માટે પરનું નુકસાન કરે છે બગાડે છે અહિત કરે છે; તેઓને મનુષ્યોમાં રાક્ષસ તુલ્ય સમજવા. અને જેઓ સ્વાર્થ વિના પણ બીજાને નુકશાન કરે છે, અહિત આચરે છે, તેને આ દુનિયામાં કેવા માણસ કેહેવા ? રાજર્ષિ કવિરાજ ભર્તૃહરિ કહે છે, કે તે અમે પણ જાણી શકતા નથી. મતલબ કે જેઓ વિના કારણે નાહક પરને નુકસાન કરે છે, તેઓ રાક્ષસથી પણ બદ–નપાટ ખરાબ–નીચ–હલકા સમજવા.

હવે આ સ્વાર્થવશ માનવરાક્ષસ શેઠે પોતાના સ્વાર્થ સારૂ નિરપરાધી આશ્રિત છોકરાને મારવાનો ઉપાય શોધવા માંડયો, હરવખત તેનાપર નિર્દયતા અને વિચાર વાણીમાં પણ નિષ્ઠુરતા શેઠ દાખવવા લાગ્યા, ઘણા દિવસ સુધી તેણે ગુપ્ત રીતે મારવાના પ્રયત્ન કર્યા, પણ જાહેર થવાના ભયથી તે ફાવી શકતા ન હતા. પણ જ્યાં સુધી તે મરે નહિ, ત્યાં સુધી શેઠને નિરાંત પણ થાય નહિ. એકદા એવું બન્યું કે પાંચસાત દિવસના ગામાંતરે શેઠને જવું પડયું, તેથી તેણે વિચાર કર્યો કે આ છોકરાને પણ સાથે લેતો જાઉં, અને કાંઇ લાગ ફાવે તો રસ્તામાં ઘાટ ઘડી કાઢું. એવા નિશ્ચયથી તેને પણ કામકાજ કરવા સાથે લીધો. રસ્તામાં પોતાની કાર્યસિદ્ધિ માટે ઘણાં ફાંફાં માર્યાં પણ ફાવ્યો નહિ, કાંઇને કાંઇ વિઘ્ન નડી આવે, તેથી રસ્તામાં કાર્ય સિદ્ધિ થઇ નહિ. ખરેખર શાસ્ત્રમાં કહ્યું છે કે કસાઇથી પણ ઘાતકી વિશેષ કરપીણ ને કાતીવાળા છે. દુહો.

ઘાતકી ઘાત ઘડે ઘણા, ખાટકી કરતાં છેક;
તેમાં નહિ ડર કે દયા, પાપી પ્રાણી એક. ૫૪૨

આ શેઠ પણ એવાજ કસાઈ કરતાં પણ વિશેષપણે ઘાતકી બન્યા. રાતદિવસ તેનીજ માળા જપવા લાગ્યા. આ કામ મારાથી નહિ બને, તેથી મારા દિકરાપર ચીઠી લખી આપું કે:—" આ માણસને આવતા વેંતજ વિષ દેજો, મારી પુછયા વાટ જોશો નહિ, તેમજ વિલંબ પણ કરશો નહિ, અને લખ્યા મુજબ જરૂર કરજો. મે વિચારીને કોઇ અગત્યના કારણસર જ આ આજ્ઞા કરી છે, તેનું કારણ ભેગા થયે રૂબરૂમાં જણાવીશ, હાલમાં મેં લખ્યા મુજબ તુરત અમલ કરજો." એવું વિચારી છોકરાને ઉપરથી હેત જણાવી કહ્યું કે, છોકરા! તું આપણે ગામ જા, અને આપણા ચતુરભાઇને આ ચીઠી આપજે, મારે લગ્નુ કારણસર અતરે થોડુ રહેવાનું છે; એમ કહી ચીઠ્ઠી લખી આપી વિદાય કર્યો. છોકરો ચાલતોચાલતો તેજ દિવસની સંધ્યાકાળે તેજ ગામની ભાગોળે આવી પહોંચ્યો. થાક ઘણો લાગ્યાથી બહાર આવેલા એક દહેરાના ઓટલા ઉપર બેઠો, જરાક આડે પડખે થયો તેનામાં નિદ્રા આવી ગઈ. તે અરસામાં શેઠની વિષા નામની નાની અને અવિવાહિત દીકરી બે ચાર સખીઓ સાથે એ દહેરે દર્શન કરવા સારૂ આવી હતી તે એટલામાં ફરવા લાગી, તેણે પેલા છોકરાને સુતેલો જોઇ ઓળખ્યો, તે ઉંઘી ગયો હતો પણ તેના ખીસામાંથી ચીઠી બહાર નિકળી ગઇ હતી, તે ચીઠી લઇ બાળકુમારિકાએ વાંચી કે:— " આ માણસને વિષ દેજો. " વાંચી વિચાર્યું કે, મારા પિતાએ વિષા લખવું જોઇએ, તેને બદલે ભુલથી વિષ લખ્યું છે, તેથી તેણે તે શબ્દને સુધારી તેમાં પને કાનો પા કરી દીધો. પછી ચીઠી હતી તેમ સંકેલી વાળી ખીસામાં મુકી દેઇ ઘેર ચાલતી થઇ. વહાલા વાંચકો! વિચારજો, જેને " રામ રાખે તેને કોણ ચાખે?" ગરીબનો બેલી ભગવાન છે, જેનું આયુષ્ય બળવાન છે, તેને કોણ દુઃખ દેનાર ને મારનાર છે. યાદ રાખો કે આટલે ઠેકાણે પુણ્ય રક્ષા કરે છે.

वने रणे शत्रु जलाग्नि मध्ये । महार्णवे पर्वतमस्तके वा ॥
सुप्तं प्रमत्तं विषमास्थितं वा । रक्षन्ति पुण्यानि पुराकृतानि २३९

અર્થાત—વનમાં, રણસંગ્રામમાં, શત્રુના સપાટામાં, જળ અને અગ્નિમાં, મહાસાગરમાં, પર્વતના શીખર ઉપર, નિદ્રામાં, પ્રમાદ અવસ્થામાં, અથવા કોઇ વિષમ સ્થિતિમાં આવી પડતં; એટલા પ્રસંગે તો મનુષ્યોનાં પૂર્વોપાર્જીત પુણ્ય રક્ષા કરે છે. આ છોકરાના સંબંધમાં

પણ તેમજ બન્યું, છોકરાના પુણ્યોદયે શેઠની ધારણા ધુળમાં મેળવી ! છોકરે ઉઠી ઘેર આવી ચીઠી આપી, તે શેઠના પુત્રે વાંચી કે તુરતજ પિતાનું વચન પ્રમાણ કરવા વળતે દિવસેજ પોતાની વિષા નામની બ્હેનને તે છોકરા સાથે મોટી ધામધુમથી પરણાવી દીધી. પાંચસાત દિવસે શેઠ ઘેર આવ્યા, જોયું તો જાણ્યું કે આ છોકરો તો મારી પુત્રીનો વર અને મારોજ જમાઈ બન્યો છે, અરેરે ! આ તો હવે જરૂર ઘરધણી થવાનોજ. હવે એને મારૂં તો મારી વિષા રાંડે આતો મારી ધારણામાં ધુળ પડી. અને **હાથે કર્યાં હૈયે વાગ્યાં.** થોડા દિવસમાં શેઠ ઓચિંતો મરવા પડયો, તે વખતે તેને અફસોસનો પાર રહ્યો નહિ.

દુહો.

માનવ જાણે હું કરૂં, કરતલ બીજો કોઇ;
"આદરેલું અધવચ રહે, કર્મ કરે સો હોય." ૫૪૩

આખર લખ્યા લેખ ટાળ્યા ટળતા નથી—ભાવિ ફીટતું નથી. ખરેખર પરનું અહિત ચિંતવતાં તો પોતાનુંજ અહિત થાય છે.

મનહર છંદ.

દાણા વેચનાર દાણા, સંઘરી દુકાળ માગે,
દેખાશે દુકાળ એવા, દાણા વેચનારને;
કોઈકને કષ્ટ દેવા, રસ્તા વચ્ચે કાંટા વેરે,
લાગશે વિશેષ કાંટા, કાંટા વેચનારને;
કોઈકને દુઃખ દેવા, રસ્તા વચ્ચે ખાડ ખોદે,
દેખાશે જોખમ, એવી ખાડ ખોદનારને;
ભલું કોઇ કરશે તેનું તો ભાઇ ભલું થશે,
બુરૂં થશે બીજાઓનું બુરૂં ઇચ્છનારને. ૫૪૪

એટલું બોલી શેઠે કપાળે હાથ દેઈ ઉંડો નિસાસો મુકયો. અરેરે મેં પામર પ્રાણીએ મહાત્માશ્રીનાં વચનોને પણ જૂઠાં પાડવા—મિથ્યા કરવા પ્રયત્ન તો ઘણો કર્યો, પણ તે જુઠાં પડેજ કેમ ? ખરેખર મહાત્માઓનાં વચનો અમોઘ જ છે તેમનું બોલવું કદિ નિષ્ફળ થતું નથી. તે વિષે કહ્યું છે કેઃ—

उदयति यदि भानु पश्चिमायां दिशायां ।
प्रचलति यदिः मेरु शीततां याति वह्निः ॥

विकसति यदि पद्मं पर्वताग्रे शिलायां ।
न विचलति कदा चिद्भाषितं सज्जनानाम् ॥ २४०

અર્થાત—સૂર્ય કદિ પશ્ચિમમાં ઉગે, અડગ મેરૂ ભલે ચળે, અગ્નિ શીતળ થાય, પથ્થરની શિલા ઉપર ભલે પદ્મ-કમળ ઉગે; તો પણ કદિ ઉત્તમ પુરૂષનું વાક્ય ફરે નહિ. એમ ચોકસ મારા હૃદયમાં હવે આ પ્રત્યક્ષ દાખલાથી સિદ્ધ થયું. પછી પોતાના જમાઇરાજને સઘળો ઘરનો કારભાર સોંપી પોતાના ઘરનો કારભારી બનાવ્યો. મતલબ એ છે કે સામાનું ભુંડું તાકતાં પોતાનું ભુંડું થાય છે, ને સામાની ભલાઈ કરવામાંજ પોતાની ભલાઇ છે. ભલા કર ભલા હોગા. છતાં કેટલાએક અજ્ઞજનો પરનું ભુંડું તાકે છે, સ્વાર્થ માટે અનેક પ્રકારની પાપી પેરવીઓ ને પ્રપંચો રચે છે, ને કુકર્મો કરે છે, પૂર્ણ જોગવાઇ છતાં કાંઇપણ આત્મહિત સાધતા નથી, મોજશોખમાં અને ક્ષણિક એશઆરામમાં જીંદગી વૃથા ગુમાવે છે, વિષ સમાન વિષયવાસનામાં પડી આત્માને મલિન બનાવે છે, તે ખરેખર આત્મઘાતીજ છે; એવું શ્રીવીરપ્રભુનું કથન છે. માટે વિવેકીજનોએ મળેલા અમૂલ્ય અવસરનો તથા ઉત્તમ સર્વ સામગ્રીનો ગેરઉપયોગ નહિ કરતાં સદુપયોગ કરવો, ને આત્માને ઉન્નતિક્રમમાં લાવવો. કે જેથી કરી આ ભયંકર ભવસાગરનો પાર પમાય તથા અજરામરપદ વરી અક્ષય મોક્ષલક્ષ્મીના ભોક્તા થવાય. માટે ઉત્તમ પુરૂષોએ સદા ધર્મસંગ્રહ કરવો, કારણ કે આ આત્માને ભવોભવ તારનારો એક પવિત્ર ધર્મજ છે. જેણે પવિત્ર મનુષ્યજન્મ મેળવી ધર્મઆરાધન ન કર્યું, તેનો જન્મ નિષ્ફળજ છે જનનીનું યૌવન નાહક નાશ કર્યું ! તેનું ભ્રષ્ટ જીવન કેવળ ભારરૂપ પશુ સમાનજ છે. (૯૬)

सुजानन्नपि जनोऽयं ।
संसारस्याऽसारता नूनम् ॥
न त्यज्यते तदपि हा ? ।
पश्यते यंतु पश्यतो हरता ॥ ९७ ॥

અર્થાત—આ લોકમાં આ જીવ ખરેખર સંસારની અસારતા જાણે છે, છતાં પણ તેને તજતો નથી. તે ખરેખર મોટા ખેદની વાત છે; માટે આ તો પશ્યતો હરતા એટલે દેખતાં ચોરી કરવી તેના સમાન છે, તે તું જો.

ભાવાર્થ—સંસારનું સામાન્ય સ્વરૂપ પ્રાયે કરી મનુષ્યોને વિદિત હોય છે, સંસાર એ શબ્દજ કોઇ અપૂર્વ પ્રકારનું ભાન કરાવે છે. સંસ્કૃતના ધુરંધર વિદ્વાન શાબ્દિકોએ તેની એવી વ્યાખ્યા કરી છે. કે:-" **संसरति संसार । सम** કહેતાં=**समंतात्** એટલે ચોતરફથી જેમાં સરી જવાનું છે-ખસી જવાનું છે, તેને સંસાર કહીએ. ઘણું કરીને સરકવાનું-લપસવાનું જ્યાં ચીકણા પદાર્થ હોય, ત્યાં વિશેષ હોય છે. તો સંસાર એ એક મોટો જબરજસ્ત ઉંડો ખાડો છે, તેમાં ચારે તરફ અને વચમાં કર્મ રૂપી પુષ્કળ ચીકણો ગારો-કાદવ ભરેલો છે, તે કાદવમાં અનંતકાળ થયાં જીવો અશુચી-વિષ્ટાના કીડાની માફક ખદબદી રહ્યા છે, તે ખાડામાં જીવોને રહેવાના ચાર મોટા ભાગ છે. તેમાં એક ભાગમાં નારકીના જીવો, બીજામાં તિર્યંચના જીવો, ત્રીજા ભાગમાં મનુષ્ય જીવો, અને ચોથા ભાગમાં દેવતાના જીવો, એમ અનુક્રમે તે ખાડામાં સર્વ જીવો વસે છે. તે ચારે ભાગોના સર્વજીવો ઉપર **કર્મદેવ** નામનો એક મોટો રાજા રાજ્ય કરે છે. તે સર્વ જીવોને કર્મદેવ રાજા તેમની યોગ્યતા પ્રમાણે વસવા માટે ઘર આપે છે, પણ તે સર્વ ભાડેજ આપે છે, પણ કોઇને ઘરનું ઘર કરવા દેતો નથી. પોતાનો રાખ્યો રહે, અને પોતાનો કાઢ્યો જાય, એવી તેની સખ્ત શરત ને બળવાન હકુમત છે. તે ખાડાની બહાર ગયેલા જીવો ઘરનું ઘર વસાવી શકે છે, કારણ કે ત્યાં કર્મદેવની સાર્વભૌમ સત્તા નથી. પણ ખાડામાં રહેલા સર્વ જીવોને તો કર્મદેવ પોતાની સત્તા તળે ઇચ્છા મુજબ ભાડુતી ઘરજ આપે છે, કારણ કે ભાડુતી ઘરમાં ગમે તેટલું રહે અને ખુશી પ્રમાણે તે ઘરને શણગારે વિવિધ વસ્તુઓથી શોભાવે, પણ અંતે તો તે ઘર તેને અમુક કાળે ખાલી કરવુંજ પડે છે. તે વિષે કહ્યું છે કે:—

દોહરા.

ભાડે લીધી ઓરડી, ટુંક દિવસને માટ;
શણગારી શા કામની, કરી ઘણેરા ઠાઠ. ૫૭૫

વજ્ર તુલ્ય કાયા કરી, વજ્રનું બખ્તર પેર;
પેસ વજ્રની ઓરડીમાં, મટે ન કાળનું વેર. ૫૪૬
માટે મારા વીર તું, સમજી થા હોંશિયાર;
પોષણ કર નિજ આતમનું, ધર્મ કરી સ્વીકાર; ૫૪૭

વળી તે બધા જીવોને વસવા માટે ઘરો પણ કાંઇ એક સરખાં આપતો નથી. તેમાં પણ તે જીવોની લાયકાત મુજબ મધ્યમ અને જઘન્ય ઘરો આપે છે. જેમ રાજાને રહેવાના ઘરો પથ્થરની બાંધણી વાળાં ઉત્તમ હોય છે, મોટા શાહુકારને ઇંટની બાંધણી વાળાં ચુનાબંધ, તથા મધ્યમ સ્થિતિના મનુષ્યોને માટે ગારાનાં બનાવેલાં સાધારણ ઘરો હોય છે, અને તદ્દન ગરીબ મનુષ્યોને રહેવાને માટે વાંસછાનાં ઝુંપડાં તથા કુબા હોય છે; તેમ આ બાડામાં પડેલા સર્વ જીવોને પોતપોતાની પુણ્યાઇ મુજબ ચાર જાતનાં ઘરો ભાડે મળે છે. આ પ્રમાણે સંસારનું સામન્ય સ્વરૂપ તત્વવેત્તાઓએ વર્ણવેલું છે. વળી તેઓશ્રીએ આગળ વધીને વિશેષ વર્ણવેલું છે, કે આ સંસાર કેવળ અસાર છે, ડાંગરના ફોતરાની માફક તેમાંથી પરિણામે કાંઈ પણ સાર નીકળતો નથી, દરેક સંસારી સામગ્રી જળ બુદબુદ વત ક્ષણભંગુર છે, વીજળીના ચમકારાની જેમ સ્વલ્પ સ્થાયી છે, જોતજોતામાં તે નાશ થઇ વિલાઇ જાય છે. તે વિષે કહ્યું છે કેઃ—

आज्यं प्राज्यं झटिति कुरजः पुंजवद् वर्जयित्वा ।
बधुस्नेहो निगडसदृशस्तंतुवत् त्रोडयित्वा ॥
त्यक्त्वास्त्रैणं तृणमिवरुदल्लोत्तनं दीनवक्रं ।
श्रामण्यं प्राक् सुकृत कलितः प्राप्नुहित्वं सुधर्मम् ॥२४१॥

અર્થાત—વિશાળ રાજ્યને એકદમ તુચ્છ ઝીણી રજના ઢગલા સમાન જાણી વર્જી દઇને, તથા બંધુજનનો સ્નેહ બેડીના બંધન તુલ્ય જાણી કાચા તંતુ પેઠે તેને તોડી નાખીને, સ્ત્રીસમૂહને તૃણની જેમ વર્જીને, તથા દીન વદન વાળું રૂદન કરતું મુખ અટકાવીને હે આત્મા! પૂર્વ પુણ્યથી પ્રાપ્ત થતા સદ્ધર્મનું સદા સેવન કરજે. મતલબ કે સર્વ પદાર્થ અસ્થિર છે. વળી આ સંસાર અનેક પ્રકારનાં દુઃખોથી ભરપુર છે, અનેક આધિ વ્યાધિ અને ઉપાધિથી વ્યાપ્ત છે, એક સાંધીએ ત્યાં તેર તૂટે, એક દુઃખ માંડ માંડ મટાડીએ ત્યાં બીજાં અનેક દુઃખો જાગે છે; તે વિષે કહ્યું છે કેઃ—

ઝુલણા છંદ.

દુબળી ગાયને હોય ઝાઝી બગા,
દુ:ખતા અંગપર ઠેસ વાગે;
ભૂત ભાગી ગયું હોય નહિ ત્યાં વળી,
ઉલટું અંગમાં પલીત જાગે;
એક પર એક છે આધિયો વ્યાધિયો,
બંધનો બેવડાં કેમ છુટે;
સાવ નિસ્સાર આ હોય સંસારમાં,
"સાંધીયે એક ત્યાં તેર તૂટે." ૫૪૮

આ પ્રકારની લોકસ્થિતિ અત્યંત દુઃખમય છે. સંસારની અસારતા તો પોતે પૂર્ણ રીતે જાણે છે, વળી તે અસારતા પોતે પારકાની પાસે ગાય છે કે અહો ! સંસારમાં દુઃખનો તો પાર નથી. વળી અનેક પ્રકારનાં દુઃખોને જેઓ અનુભવે છે, વળી હજારો વિક્ષણ વ્યાધિરૂપ વ્યાઘ્રોથી પકડાએલા છતાં, તથા ત્યાગી મુનિ મહાત્મા સંત મુખે તેની અસારતા સાંભળવા છતાં,તથા તે પ્રકારનાં દુઃખીયાંનાં દૃષ્ટાંતો નજરે જોવા છતાં, આ મોહમુગ્ધ જીવને હજુ સુધી કેમ બોધ પામવાનો વખત આવતો નથી ? એજ ખરેખર મોટા આશ્ચર્યની વાત છે ! આ જીવ જાણીબુઝીને દીવો હાથમાં લેઇ કુવામાં પડે છે, એ દેખીતી અજ્ઞાનતા નહિ તો બીજું શું ? જેમ સોની સર્વના દેખતાં ચોરી કરે છે. દરેક ધંધામાં કાંઇ નહિ ને કાંઇ દગાથી ચોરી જવાનું રહેલું છે. ગમે તેટલી સાવચેતી રાખે, તો પણ ધોળા દિવસના ચોર સોની થોડુ ઘણું ચોર્યા વિના રહે નહિ, એવી એની ચાલાકી હોય છે. તે વિષે કહ્યું છે કે:—

"સોનું રૂપું સોની ચોરે, ને નંગ બદલે જડિયો,
મોડા આવી ચવેણું માગે, એ સુતાર ને કડિયો;
એટલા પાસે કયારે જઇએ, પુરા હોઈએ ગરજી,
કપડું ચોરી પૈસા માગે, એ છીનાળનો દરજી." ૫૪૯

દોહરો.

દરજી ચોરે કાપડું, સોની ચોરે રતિ;
હજામભાઇ શું ચોરે, કે માથામાં કાંઈ નથી. ૫૫૦

તેમ આ જીવ સોનીની માફક દેખીતી ચોરી કર્યા જેવું કરે છે, । એમ કે સર્વ અસત્ય પદાર્થને સત્ય માની તેમાંજ રચીપચી રહ્યો છે:

અને આ કાયા, માયા, કામિની એ સર્વસ્વ મારૂં છે, હું તેનો છું—એમ ભ્રાંતિથી માની બેઠો છે. તેને માટે સુંદરદાસ કવિએ કહ્યું છે કેઃ-

કવિત.

મેરો દેહ મેરો ગેહ, મેરો પરિવાર સબ,
મેરો ધનમાલ, મેં તો બહુ વિધ ભારો હું;
મેરે સબ સેવક, હુકમ કોઇ મેટે નહિ,
મેરી યુવતિકો મે તો, અધિકજ પ્યારો હું;
મેરો વંશ ઉંચો, મેરા બાપદાદા એસા ભયા,
કરત બડાઈ, મે તો જગત ઉજારો હું;
સુંદર કહત, મેરો મેરો કરી જાને શઠ,
એસે નહિ જાને મે તો, કાળહીકો ચારો હું; ૫૫૨

મતલબ કે આ અવનીમાં મૂઢ માણસો માને છે, કે આ સર્વ મારૂંજ છું, તેને માટે અનેક દોડધામ કરે છે, પણ મૂર્ખશિરોમણી એટલું પણ સમજતો નથી, કે હું અને આ સર્વ કરાળકાળ કસાઇની જાળમાં ઝલાયેલ છીએ, અને અમે સર્વ કાળનું ચાવણું છીએ.

દુહો.

જગત કાળમુખે પડીયું, કેડામોડ જનાર;
ઘંટીને ગાળે પડયા, દાણા લોટ થનાર. ૫૫૨

પોતાને રહેવાનાં સુંદર ઘરો બંધાવેલાં હોય, વળી તેમાં અનેક સુંદર ફરનીચર ગોઠવેલું હોય, હૃદયને આનંદકર વિવિધ વૈભવવાળી ભોગ્ય વસ્તુથી ભરપુર કર્યું હોય, પણ જુઓ તે ઘરમાં પ્લેગની પધરામણી નોટીસ આવે એટલે ઉંદર પડે, તો તે સુંદર ઘરને તજી તુરત બહાર નીકળી જંગલમાં જાય છે, પ્લેગના ભયથી વગડામાં ઘાસનાં કે પતરાનાં ઝુંપડાં બાંધી તેમાં રહે છે. પોતાનું ઘર હતું તો કેમ તજવું પડયું? મરકીના ભયથી સુંદર આવાસ તજી જંગલમાં રહે છે, તેમ આ કાયાને માટે પણ નોટીસ નીકળી ચુકી છે, વારંટ અપાઇ ચુકયું છે, એટલે જન્મ એ મોટી નોટીસ સમજવી, કારણ કે જન્મ્યા તે અવસ્ય મરવાના, ઉગ્યા તે જરૂર આથમવાના, જે ખીલ્યા તે આખર ખરવાનાજ, અને ચડયા તે અંતે પડવાનાજ; ઘંટીમાં પડેલા દાણા અવસ્ય દળાવાના. તે વિષે કહ્યું છે કેઃ—

કોઇ આજ કોઇ કાલ, કોઈ માસે છ માસે,
કોઇને થાય દસબાર, તો કોઇને પચીસ પચાસે;
કોઇને થાયે સાઠ, કોઇને થાયે એંસી,
જે જનમ્યું તે જાય, પણ નથી રહેવાનું બેસી. ૫૫૩

संपत्तयः पराधीना । सदा चित्तमनिवृत्तम् ॥
स्वजीवितेप्य विश्वास । स्तेषां ये राजसंश्रया ॥ २४२ ॥

કાળની એવી અગમ્યગતિ છે, કાળ સર્વનો ભક્ષક છે, તેનાથી કોઇ બચવા પામ્યું નથી. ફક્ત સર્વ કર્મનો ક્ષય કરનાર સિદ્ધ ભગવાન૮ તેને જીતી પાર પહોંચેલા છે. બાકી સર્વ તો તેના કબજામાં છે.

કવિત.

કાળ સમ બળવંત કોઈ નહિ દેખીયત,
સબકો કરત જેર, કાલ મહાજોર હે;
કાલહિકો ડર સુની ભગ્યો મુસા પેગંબર,
જહાં જહાં જાઈ તિહાં તિહાં વાંકો ઘોર હે;
કાલ ભયાનક ભયભીત કીયે સબ લોક,
સ્વર્ગ મૃત્યુ પાતાલમે, કાલહિકો શોર હે;
કાલહિકો કાલ એક સુંદર અખંડ બ્રહ્મ વાસુ,
કાલ ડરે જોઈ ચલ્યો વહી ઓર હે. ૫૫૪

મતલબ કે કાળ સર્વનો ભક્ષક છે. મુદત—અવધ થઇ એટલે સર્વને ભાડુતી ઘર ખાલી કરી ચાલ્યા જવાનું છે. કેટલા યે ગભરૂ બાળકોને ભોંયમાં ભંડાર્યા, કેટલાકને ઓચિંતા મરણશરણ થતા જોયા, કેટલાક પહાડને પાટુ મારે એવા જોધ જેવા જુવાનીયાઓ ચિતામાં બળી ખાખ થતા જોયા, પણ હજી સુધી આ જીવને ચેતવાનો વખત આવ્યો નથી, પ્રભુ ભજનમાં પ્રીત થઇ નથી, પ્રાણી પ્રત્યે પરોપકાર બુદ્ધિ થઇ નથી, પ્રેમપૂર્વક સાધુસંતનો સમાગમ કરી, જીંદગીને કિંમતી કરવાનો વખત આવ્યો નથી. ટુંકી જીંદગીમાં અનેક કુકર્મો કરી આત્માને અધોગતિગામી કર્યો. અરે રાત થોડી ને વેશ ઘણા કરવા ! થોડા જીવતરમાં ઘણી આશાતૃષ્ણાઓ કરવી, પણ અરે ! આવા ઉત્તમ મનુષ્યાવતારમાંજ નવરા પડશો તો કંઇક કરાશે. ખરેખર મનુષ્યગતિ એ પુણ્ય રળવાની ઉત્તમ ગતિ છે, પણ માયા એ ભાન ભુલાવી દેછે.

આત્માનું કાંઇપણ હિતસાધન થવા દેતી નથી. જો કે આ દુનિયામાં દરેક સ્થળે દરેક પદાર્થમાં ઉપદેશ રહેલો છે, પણ માયાનું જોર કમતી હોય અને હૃદય સવળું હોય, તો ઝટ ઉપદેશ જીવને લાગે ને સાનુકુળ થઈ પડે છે. નમીરાજ કંકણના ખડખડાટમાંથી બોધ પામ્યા, કરકંડુ રાજા ઇંદ્રધ્વજ દેખી બોધ પામ્યા, ગંધાર દેશનો નીગઇ રાજા બળદ દેખી બોધ પામ્યો, સમુદ્રપાળ નામનો શ્રેષ્ઠીપુત્ર ચોર દેખી વિરાગ પામ્યો; એમ દરેક સ્થળે વિરાગ ભરેલો છે. ભીખારી હાથમાં રામપાત્ર લઇ ઘરેઘરને વિશે રખડી ટુકડા માગી ખાતો હોય, તો તે પણ મનુષ્યને અપૂર્વ ઉપદેશ આપે છે, તે કહે છે કે:—

याचका नैव याचन्ति । शिक्षंति च पदेपदे ॥
दीयतांदीयतां लोका । न दातारमिदं फलम् ॥ २४३

અર્થાત—ભીખારી હાથમાં શકોરૂં-રામપાત્ર લઇ ઘેરેઘેર ફરે છે, તે માગતા નથી પણ સર્વને ઉપદેશ આપે છે કે:-હે લોકો ! મારા પાત્રમાં કાંઇક દો, નહિ દો તો મારા હાથમાં પાત્ર છે તે તમારા હાથમાં આવશે, જેવી મારી દશા તેવી તમારી દશા થશે, મેં નથી દીધું તેનું આ પ્રત્યક્ષ પરિણામ છે, તમે દીધું છે તેનું પ્રત્યક્ષ પરિણામ કે તમો પામ્યા છો. તમોએ દીધું છે, તેનું ફળ તમોને મળ્યું છે, માટે મારા પાત્રમાં કાંઇક દો. તમારે જોઇતું હોય તો કાંઇક દો, તમારે સુખ ભોગવવું હોય તો મને દો. તમારા હિતને માટે દો, કારણ કે દાણાને એકના હજારગણા કરવા માટે ક્ષેત્ર ઉત્તમ સાધન છે, તેમ દાન પણ અપૂર્વ સુખ પામવા માટે એક સર્વોત્તમ સાધન છે. તે વિષે કહ્યું છે કે:—

व्याजे द्विगुणं वित्तं । व्यापारे चतुर्गुणम् ॥
क्षेत्रे शतगुणं वित्तं । दानेतु सहस्रगुणः ॥ २४४ ॥

અર્થાત—ધનને વધારવાના ચાર રસ્તા છે, જો ધન વ્યાજે મુકીએ તો બમણા થાય છે, વેપારમાં ચારગણા થાય છે, ક્ષેત્રમાં વાવીએ-નાખીએ તો સોગણા થાય છે, અને પ્રેમપૂર્વક દાન દેવામાં આપીએ તો હજારગણા થાય છે; તો દાન એજ ઉત્તમ પદાર્થ છે. એ પ્રમાણે ભીખારી અપૂર્વ ઉપદેશ આપે છે, વળી વિષ્ટા દેખી વિવેકીને વિરાગનું કારણ થાય છે. અહો ! આ વિષ્ટાની પૂર્વ સ્થિતિ કેવી

હતી ? તે મિષ્ટાન્નભોજન હતું, આ ગંદી દેહનો સંગ કરવાથી ઉત્તમ વસ્તુ ફીટી તે અશૂચિ વસ્તુ બની ગઇ, પુદ્ગળનો સ્વભાવજ કેવો વિચિત્ર છે ? સારામાંથી નરસું અને નરસામાંથી સારૂં થાય છે.–એવો વિષ્ટામાંથી અપૂર્વ બોધ મળી આવે છે. વળી પરણુતી વખતે ઉમંગભેર વરરાજા પરણવા જાય છે, પણ સાસુ કેવી અપૂર્વ બોધક વસ્તુઓ બતાવે છે ! સાસુ લોકવહેવારે વરરાજાને માંડવા બહાર ઉભા રાખી ત્રાક, રવાઇ, સંપુટ, ધુંસરૂં, ઇંડિયાપીંડીયા વગેરે કંઈ પદાર્થો બતાવીને છેવટે નાક પણ તાણે છે, તે દરેક પ્રકારમાં પણ અપૂર્વ ઉપદેશ રહેલો છે. છતાં પણ તે ગરજુ પુરૂષ નકટો નફ્ટ થઇ માંડવામાં પેસી સ્ત્રી સાથે હસ્તમેળાપ કરે છે. એ પ્રમાણે જીવાત્મા મોહમમતામાં પડી મનુષ્યજીવનનું ખરૂં રહસ્ય અને સાર્થક સમજી કે જોઇ શકતો નથી. તે વિષે કહ્યું છે કેઃ–

છપ્પો.

જેમ ઘાંચીનો બળદ, રાત ને દીવસ ફરીયો,
જેમ ગધ્ધો ગુણહીણ, ભાર અણલેખે ભરીયો;
પાડો જેમ પખાલ, પુંઠે પણ પરઠે પાણી,
વેઠે પકડીઓ વીર, તરફડીને તે તાણી;
જર રળે થઈ રાંકડા, વેઠ દુઃખ વધારીયો,
સામળ નવ ખાધું ખરચીયું, તે જીતી બાજી હારીયો. ૫૫૫

મતલબ કે આ પ્રમાણે જીતી બાજી હારી જાય છે. અરે આ જીવાત્માની અજ્ઞાનતા તો જુવો ! કે જેના વડે આ જીંદગી સફળ થાવાની છે, તથા ભવસમુદ્ર તરી શકાય છે, તે પવિત્ર ધર્મનો તો કદિ આદર કરતો કે માન આપતો નથી, અને નાશવાન ધનધામધરામાંજ સદા ડુબ્યો રહે છે. પણ મૂર્ખા ! એટલું તો જરૂર યાદ રાખવું, કે ધર્મ વિના સર્વ નકામું છે. તે વિષે કહ્યું છે કેઃ–

કવિત.

ધર્મ વિના ધનધામ, ધાન્ય ધુળધાણી ધારો,
ધર્મ વિના ધરણીમાં, ધિક્કતા ધરાય છે;
ધર્મ વિના ધીમંતની, ધારણાઓ ધોખો ધરે,
ધર્મ વિના ધર્યું ધૈર્ય, ધુમ્ર થઈ ધમાય છે;
ધર્મ વિના ધરાધર, ધુતારો ન ધામધુમે,
ધર્મ વિના ધ્યાની ધ્યાન ઢોંગઢંગે ધાય છે;

ધારો ધારો ધવળ, સુધર્મની ધુરંધરતા,
ધન્ય ધન્ય ધામે ધામે ધર્મથી ધરાય છે. ૫૫૬

વસંતતિલકા વૃત.

સંસારમાં મન અરે કયમ મોહ પામે,
વૈરાગ્યમાં ઝટ પડયે ગતિ એજ જામે;
માયા અહો ગણી લહે દિલ આપ આવી,
“ આકાશપુષ્પ થકી વંધ્યસુતા વધાવી. ” ૫૫૭

સંસાર એ એક દુઃખનો દરિયો છે, જેમાં અનેક પ્રકારનાં આધિ વ્યાધિ અને ઉપાધીનાં દુઃખો રહેલાં છે, જ્યાં એક દુઃખને માંડમાંડ મટાડીએ, ત્યાં વળી બીજાં તેર ઉભાં થાય છે. આવું હોવા છતાંપિ જીવને સંસાર મીઠો મધ ને વહાલો લાગે છે, તેટલું સદ્‌ગુરનું શરણ વહાલું પ્રિયકર નથી. કેટલીબધી અથાગ મહેનત કરીને પણ પરણવું ગમે છે,પરણતી વખતે સાસુએ બતાવેલી કેટલીક ઉપદેશક સંજ્ઞાઓ ઉપર જરા પણ લક્ષ અપાતું નથી, તે વિષય અમે સવિસ્તર સમજાવીએ છીએઃ-

દોહરો.

ઘણે સંકટે જ્યાં જગ્યા, પહોંચ્યાનો છે ઠામ;
સરસ સરતો પાળવી, આ તોરણ એ નામ. ૫૫૮

અર્થાત—ઘણી મહેનત કરીને એટલે ખર્ચ કરીને અગર દુઃખ વડાને તથા કેટલીએક આકરી સરતો કબુલ કરીને વર તોરણે પરણવા માટે જાય છે, ત્યારે સાસુ કહે છે કેઃ-“ **આ તો રણી** ” એટલે આ તો કરજ અથવા દેવું કબુલ કરે છે. વળી પણ .

‘જાનૈયા વિષે’ કહ્યું છે કેઃ—

ગાળો ખાવી ગામની, બેઅદબી તો થાય;
તેથી નામ પ્રથમથી, જાનૈયા કહેવાય. ૫૫૯

અર્થાત—ભલે ગમે તેવો મોટો આબરૂદાર માણુસ હોય, પણ તે જાનમાં ગયો હોય, તો તેને તે ગામના સાધારણ માણુસ પણ બેઅદબી શબ્દ બોલશે, અથવા ઠઠ્ઠામશકરી કરી જરા મજાકમાં ઉડાડશે. જમણ ખાતી વખત પણ માંડવીયા ઘણી વાર જનૈયાની બેઅદબી કરે છે, તે પણ ખરેખર મોટા માણુસને ઘડીક શરમાવા જેવું થઇ જાય છે. ખાતી વખતે તો મોઢામાં કોળીઓ ને માથામાં ઢુંબો ખાધા જેવું થાય છે, ખાંડ ખાઈ ને ગાળો ખાવી,આમાંથી ઘણી વાર તો તોફાન થઇ જાય છે.

'માંડવીયા વિષે' કહ્યું છે કેઃ—

લાખ ટકાની છાબ જે, શોભાવંતી હોય;
અલ્પ વિના અટકાવી દે, માંડવીયા તે જોય. ૫૬૦

અર્થાત્—છાબમાં સારાં સારાં ઉમદા લુગડાં, તથા લાખો રૂપીયાનું ઘરેણુંગાંઠું હોય, પણ તેમાં કંકુ નાડાછડીનો પડો અગર બે પૈસાના ચાંદલા મૂકવા ભુલે, તો પાડોશમાંથી જોવા માટે આવેલા માણુસો પણ બે ઘડી અટકાવે. જેમ કે દરવાજે કોઇ શાહુકારનું ગાડું આવેલું હોય, તેને ગરીબ દરવાણી નાકેદાર પણ બે પૈસા માટે રોકી રાખે છે; તે મીસાલે માંડવીયા કહેવાય.—

— હવે સાસુ વિવિધ વસ્તુઓ બતાવે છે તે વિષે —

ધુંસળ મુંસળ રવૈયો, ત્રાક તથા વળી તીર;
ઇંડીપીંડી ઉતારીને, ધર સંપુટીઉ ધીર. ૫૬૧

અર્થાત્—ધુંસળ (ધુંસરૂં) મુસળ (સાંબેલું) રવૈયો ત્રાક તથા તીર વળી ઇંડીયાપીંડીયા ઉતારીને પછી સંપુટીઉ ધરે છે. સાસુ પોંખવા આવતી વખતે એ બધી વસ્તુઓ લાવે છે, તે એક જાતની વરને ચેતવણી રૂપ સમસ્યા કરે છે. તેમાં પણ ઘણું બોધપ્રદ રહસ્ય રહેલું છે, તે સમસ્યા તથા બોધ સમજવા નીચે વાંચોઃ-

નાક તાણવાનું કારણ કેઃ—

સાથે આવ્યા સર્વ જે, નિંદાએ તે વાંક;
માટે સાસુ પોંખતા, પ્રથમજ તાણે નાક. ૫૬૨

અર્થાત—"માણુ જેવડું માથું જજો, પણ નખ જેટલું નાક ન જાજો" એવી જગતમાં કહેવત છે, પણ તું તો નાકટેક મુકીનેજ પરણવા આવ્યો છું, માટે નાક ખેંચી તેની આબરૂ લીધા જેવું કરે છે. જેની સાથે તારે સંબંધ છે, તેની એટલે સાથે આવેલાની હલકાઇ થવા દેતો નથી, પણ આ વખતે તો તારી સાથે આવેલાનેયે અપશબ્દો બોલે છે તે સાંભળી લેઈ સહન કરે છે; તેથી સાસુ સમજાવે છે કે તમે નાક શું રાખો છો? એક કોરે મુકો! વળી જ્યાં સુધી પરણ્યા ન હોતા, ત્યાં સુધી બ્રહ્મચારી ગણાતા હતા, પણ આજથી વર થતાં બ્રહ્મચારીમંડળમાંથી તમારા નામની નાસ્તી થઇ સમજવી માટે તમારૂં નાક લીધું? ધુંસળ વિષે સમસ્યા.

ધુંસળ કાંધે ધોરીતા, ચડી કરાવે કામ;

તેમજ આ તમ ઉપરે, પડશે ધુંસળ આમ. ૫૬૩

અર્થાત—જેમ બળદની કાંધ ઉપર ઘોંસરૂં પડે છે, તે તેને સુખેદુઃખે પણ તરીલું તાણવું, પડે છે,તેમ તમારી કાંધ ઉપર આજથી સંસારવ્યવહારનું ધુંસરૂં પડશે તે તમારે ઉપાડવુંજ પડશે, માટે હજી ચેતાય સમજાય તો સારૂં. આમ ચેતવવા છતાં પણ ન માનવાથી પછી મુશળ બતાવે છે. **મુસળ વિષે સમશ્યા.**

ખાંડણીયામાં ખાંડવા, પડેજ મુશળ જેમ;
સારી નરસી જગતની, તમે ખાંડજો તેમ. ૫૬૪

અર્થાત—જેમ સાંએલું ખાંડણીયામાં ખાંડવાને પડે છે, ને તે સારૂં કે નરસું બધું ખાંડે છે, તેમ તમારે પણ સંસાર (ઘરસંબંધી) સારી નરસી વાત કચરી નાખવી, સ્ત્રીતરફની ઉપાધિરૂપી દુઃખપરંપરા-ને કે કોઈ સારીનરસી વાતો કરે તે સર્વને કચરી નાખવુ પડશે, ને સર્વ ઝખ મારી સહન કરવું પડશે, તમારે પણ વખતે કચરાવું પડશે માટે હજી સમજાય તો સારૂં ! આ સમસ્યાથી પણ ન સમજતાં વર મૌન રહે છે એટલે તે જાણે કે તેવી સરત પણ કબુલ કરતો ન હોય ?! પછી વળી સાસુ રવૈયો બતાવે છે.

રવૈયા વિષે સમશ્યા.

તક્ર તણી જૈ ગોળીમાં, ફરે રવૈયો રોજ;
આ કન્યા કારણ તમે, ફરો તજીને મોજ. ૫૬૫

અર્થાત—જેમ રવૈયો બંધનમાં આવી ચાર સારી ને ચારનું જે ચોકઠું કુલ તે મળી કુંડળીને આધારે રહી ગોળીમાં ફરવાનો નિયમ ધારણ કરેછે, તેમ તમારે પણ ચાર ફેરા ફરી ચાર સૌભાગ્ય રૂપી વાચા (આશિર્વાદનાં વચનો)માં રહીને ઉરમાં જેમ રવૈયો સિદ્ધોદોર ચાલે છે, અને સદા બંધનમાંજ રહે છે, તેમ તમારે પણ આ કન્યા પરણી સદાય બંધનમાં રહેવું પડશે, તેને આધિન થઇ જેમ કહેશે તેમ કરવું પડશે. મોજમજાઓને તિલાંજળી આપી મેલી દેઈ દેશપરદેશમાં રળવા ખાતર રખડવું ફરવું પડશે, માટે સમજાય તો સારૂં ! પછી સાસુ ત્રાક બતાવે છે. **ત્રાક વિષે સમશ્યા.**

રહી રેંટીયામાં વળી, ત્રાક ભોગવે ભાગ્ય;
આ કન્યા કારણ તમે, કરો કુતુહળ ત્યાગ. ૫૬૬

અથાત—જેમ ત્રાક રેંટીયામાં રહીને ચરખા વચ્ચે સિદ્ધિદોર

ચાલે છે, તો તેને માથે આખા જગતના ઢાંકણરૂપી સુતરની પાઘડી બંધાય છે, ને જરા વાંકી ચાલે (ઠરડાય) તો માથામાં ઠીંકરાના કટકા મારી સિધી કરે છે, ને સિધી થયા પછી હજુરમાં (પઠાણ) ચરખાને હાલ જે ફરણી ને નમ્રપણાની જનોઈ મળે છે, તેમ તમે પણ જગતમાં સિદ્ધા ચાલશો તો સારૂં થશે, ને વાંકા ચાલશો, તો નારીનાં મેણાં રૂપી ઠીકરાં માથામાં વાગશે. માટે આ કન્યા પરણીને તમારે આળસ પ્રમાદ ને મનની મોજ તજી તે સુખી થાય તેવા ઉપાયો યોજવા પડશે, ને તેના કહેણમાં રહેશો તો સુખી થશો, નહિ તો દુઃખમાં દિવસો ગાળવા પડશે; માટે હજી સમજાય તો સારૂ ! તે પછી વળી સમસ્યારૂપ સાસુ તેને તીર બતાવે છે.

તીર વિષે સમશ્યા.

તીર ચડીને કામઠે, જ્યાં ફેંકે ત્યાં જાય;
આ કન્યા કારણ તમે કરો કબુલ સદાય. ૫૯૭

અર્થાત—જેમ તીર કામઠે ચડીને જ્યાં ફેંકે ત્યાં જાય છે, તેમ આ કન્યા માટે તમારે બે પૈસા પેદા કરવા ઉદ્યમ કરવો—આદરવો પડશે, વળી કાંઇ કાર્ય માટે ગમે તે વખતે જ્યાં મોકલે ત્યાં જવું પડશે, ગમે તેમ કરી કમાઈ—રળી લાવી તેનું પુરૂં કરવું પડશે; માટે તે કબુલ કરો. દુઃખો સહન કરીને પરદેશ વેઠીને પણ કમાવું પડશેજ. પછી સાસુ ઇંડિપિંડી ઉતારીને દૂર ફેંકી દે છે.

ઇંડિપિંડિ વિષે સમશ્યા.

ઇંડિપિંડિ ઉતારીયાં, ગયાંજ ગોથાં ખાય;
તેમ તજી આ જગતને, જાશો તે ન જણાય. ૫૯૮

અર્થાત—જેમ ઇંડિપિંડિ માથે ઉતાર્યા તે ગોથાં ખાઇને કયાં ગયાં તેની ગમ નથી, તેમજ તમે પણ આ દુઃખીયા જગતને તજીને કયાં જશો ? તેની કંઇ ખબર નહિ પડે. વળી પરણ્યા પહેલું જીવતર નિરૂપાધીવાળું છે, પણ પરણ્યા પછી તો ક્યાંનાક્યાં ગોથાં ખાશો !

રાખ થશે આ દેહની, લોકો જમશે ધાન;
રાખ ધાન છે પિંડિમાં, માનવ સાચું માન ! ૫૯૯

અર્થાત—આ દેહની રાખ થઇ જશે, ને પુંઠે રહેનારા લોકો દાહાડા કારજને નામે મિષ્ટાન્ન જમશે, તેજ મિસાલે આ ઇંડિયાપિંડિયા રાખ ને ધાનના બનાવવામાં આવે છે; અને સાનમાં સમજાવે છે કે

અંતે તો આ દેહની રાખ થશે ને લોકો ધાન જમશે. પછી છેવટે બધા વચ્ચે વર પાસે સંપુટીયું ભંગાવે છે.

સંપુટીયા વિષે સમસ્યા.

જેમ સંપુટીયું ભાંગીયું, તજી તાત મરજાદ;
બાંધ્યા રહો કાચે ત્રાગડે પાત્ર પૈસો યાદ. ૫૭૦

અર્થાત—જેમ પિતા વગેરે સર્વ વડીલોની લાજશરમ છોડીને સંપુટીયું ભાંગ્યું, તેમજ આ પરાયી–પારકી પુત્રી તમને બધાની શરમ તજાવશે. ને પ્રથમ મેં જે જે બોલ કહ્યા તે સર્વ યાદ રાખવા પડશે, તે પ્રમાણે વર્તવું પડશે,માટે તે સર્વ તમે કબુલ કરો, તો કન્યા પરણાવું! આ પ્રમાણે પરણવા જનારને સાસુ વિવિધ વસ્તુઓ બતાવીને ચેતવણી આપે છે. આ જીવ કોઇપણ રીતે ઉપાધી–પીડામાં પડી જીંદગી હારી ન જાય, તેટલા માટે તે સર્વ લગ્નપ્રસંગની બોધમય ચેતવણી રૂપે સમસ્યાઓ કરવાના જે રીવાજો પાડેલા છે, તે હેતુપુરંસ્સર જ છે.

આ પ્રમાણે ભલી સાસુએ અપૂર્વ બોધક પદાર્થોથી સમજાવવા છવાંપિ પરણે છે, પરણ્યા પછી કેવાં કેવાં વિકટ કષ્ટ ઉભાં થાય છે? તે તો જાણીતી વાત છે. વાહ! માયાદેવી વાહ! તારૂં પરાક્રમ પણ અદ્‌ભુત છે, તારી લીલામાં ભલાભલા લેવાયા, ને ભુલવણીમાં ભુલી ગોથાં ખાધાં છે. પરણેલા પણ પુરણુ પસ્તાય છે, અને નહિ પરણેલા પણ મનમાં મુંઝાઇને હીઝરાય છે–દુ:ખી થાય છે, તેઓ મનથી ધારે છે કે અરેરે! મનુષ્યનો અવતાર પામી કાંઇ હાણ્યામાણ્યા નહિ, પરણ્યા નહિ, સંસારનો લહાવો લીધો નહિ! અમારો તે બાયડી વગરના વાંઢાનો અવતાર છે? જન્મ શું કામનો છે? વગેરે શબ્દો બોલીને હરવખત મનને ખેદ કર્યા કરે છે. માયાને આધિન બનેલા મનુષ્યો પોતાની સન્મુખ રહેલાં સુખોજ જુએ છે, પણ તેની પાછળ કેવું ભયંકર દુ:ખ ભરાયું છે, તે તો જરા જોતા જ નથી. કદાચ જુએ છે અને જાણે છે, તો દરકાર રાખતા નથી, અને મેળવેલા સુખમાંજ નિમગ્ન રહે છે. માયા એ ભુલભુલવણીની મોહભરી અંધારી રાત છે, તેમાં ભણેલા વિદ્વાન પણ ભાન ભુલી ઝટ સપડાઇ જાય છે. સંસારની અસારતા જાણવા છતાં, દેખતા અનુભવતા છતાં, પણ આ આત્મા ચેતતો નથી. આત્મહિત ભણી દૃષ્ટિ સરખી પણ કરતો નથી; તેથી ખરેખર તેને મૂર્ખશેખરજ સમજવો. તેના ઉપર એક શેઠનું દ્રષ્ટાંત

(૧૦૯) જાગતા ને ચેતતા પ્રમાદી શેઠના દેખતાં ચોર ફાવ્યા.

કોઇ એક લક્ષાધિપતિ શેઠ રાત્રીમાં છત્રપલંગ ઉપર સુતો હતો તે આળસુનો સરદાર હતો. રાત્રીના બાર વાગે તેના ઘરમાં ચાર ચોરો ચોરી કરવા આવ્યા, ખાતર પાડી ઘરમાં પેઠા ત્યારે કાંઇક ખડખડાટ થવાથી ઘરમાં સુતેલી ચતુર શેઠાણી જાગી ઉઠી. મનમાં વિચાર્યું કે ચોર આવ્યા જણાય છે, માટે હું એકદમ બુમ પાડીશ, તો મને સ્ત્રી જાણીને તેઓ હેરાન કરશે, અને કદાચ મારી પણ નાખે. કારણ કે તે તો મરણીયા થઇને પારકા ઘરમાં પેસે છે, માટે તેમને દયા હોય નહિ, તેથી લાવ શેઠને જગાડું-એમ ધારી ધીમે સાદે શેઠને બોલાવ્યા. સ્વામીનાથ ! સાંભળ્યું કે ? એમ બે ચાર સાદ પાડતાં શેઠ જાગ્યા અને સ્ત્રીને કહ્યું કે શું છે ? શેઠાણી બોલ્યાં:-ઘરમાં ચોર આવ્યા છે, જાગો છો કે ? નહિ તો જાગતા રહેજો. શેઠ કહે હા જાગું છું, તું તારે નિરાંતે સુઇ જા ફીકરચિંતા કરીશ નહિ, હું જાગું છું. પછી શેઠાણી નિશ્ચિંત ને નિર્ભય થઇ સ્વસ્થાને જઇ સુતી. ચોરો આ વાતચિતથી ભયભીત થઈ થોડીવાર તો ગુપ્તપણે મૌન રહ્યા, પાએક કલાક સુધી એમ સઉ શાંત રહ્યું ન કોઈ બોલે કે ચાલે, શેઠ પણ નિરાંતે પાછા ઉંઘવા લાગ્યા. ત્યારે ચોરોએ જાણ્યું કે ઠીક, આ શેઠ તો મહા એદી લાગે છે, તેથી તેના તરફનો બહુ ભય રાખ્યા જેવું નથી. એમ ધારી પાછા ચોરી કરવા લાગ્યા, પટારો ઉઘાડી અમૂલ્ય વસ્તુઓની ગાંસડી બાંધવા માંડી. આથી વધારે ભયભીત થઇ શેઠાણી શેઠ પાસે આવી, ધીમે સ્વરે જગાડવા લાગી, પાંચ સાત સાદે શેઠે હોંકારો આપ્યો, કહે શું છે ? શેઠાણી બોલી:-છે શું ? જાગો છો કે ઉંઘો છો ? શેઠે કહ્યું:-શું કામ છે ? જાગું છું. શું જાણતા નથી કે આ ચોર આવ્યા છે ? ને ઘરમાંથી ખાતર પાડી માલમતા લેઇ જાય છે, તેની ખબર છે કે નહિ ? મેં તમને પેહેલા પણ જગાડયા હતા માટે હવે શું કરવું ? ત્યારે શેઠ બોલ્યા:-ભુંડી ! તું તારે નિરાંતે સુઈ જા, હું જાગું છું. તારે જરાય ફીકરચિંતા કરવી નહિ. આ સાંભળી શેઠાણીને જરા ધીરજ આવી, ને સ્વસ્થાને જઇ સુતી. ચોરોએ પાછું પોતાનું ચૌર્યકર્મ થોડીકવાર બંધ રાખ્યું, તે એવા હેતુથી કે જરા વિશેષ ગડબડ થતી જણાય, તો આ સર્વ અત્રેજ પડતું મુકી જીવ લઈ નાશી જવું-એવો ઠરાવ કરી મૌનપણે ગુપ્ત રહ્યા. અડધો કલાક વિત્યો પણ કાંઈ વિશેષ બન્યું નહિ, શેઠે છત્રપલંગનો આશ્રય તજયો

નહિ. આળસદેવી તથા નિદ્રાદેવીના અધારાક શેઠ ઉપર એ દેવીઓની પુરણ મહેરબાની હતી, તેથી તેવો ઘેઘુરજ રહ્યા, ખરેખર આળસ એ આત્માનો કટ્ટો દુશ્મન છે, તેણે આ આત્માનું બહુ બહુ બગાડયું છે. તે વિષે રાજર્ષિપ્રવર ભર્તૃહરિએ નીતિશતકમાં કહ્યું છે કેઃ-

आलस्यं हि मनुष्याणां । शरीरस्थो महारिपुः ॥
नास्त्युद्यम समो बंधुः । कृत्वाऽयं नावसीदति ॥२४५॥

અર્થાત—આળસ એ આત્માનો શરીરમાં રહેલો મોટો શત્રુ છે, ઉદ્યમ સમાન એકે બંધુ નથી, કે જેને સેવી મનુષ્ય સિદાતો—દુઃખી થતો નથી. ખરો આળસુ આપણો દૃષ્ટાંતનાયક શેઠ છે. તદ્દન બેપરવાઇથી શેઠને પલંગમાં પડેલો જોઇ ચોરોએ હાંસીપૂર્વક વિચાર્યું કેઃ—વાહ-વાહ! આવું વિચિત્ર સ્થાનતો કાંઈ મળ્યું નથી, અને મળવાનું પણ નથી. શેઠ તો ખરેખર પેલા મીયાંસાહેબ જેવોજ એદી છે, ત્યારે ચારમાંના એકે પુછયું કેઃ-મીયાં કેવો હતો? ત્યારે તેણે કહ્યું કેઃ-

સાંભળો! પાકેલી બોરડી તળે કોઇ મીયાં સુતો હતો, તે ઘણો આળસુ હતો. તેની છાતી ઉપર તે વખતે એક પાકેલું બોર પડયું તે જોઈ મીયાં બોલ્યો, એ બોર તો પડા, પણ મેરે સાલે મુખમેં નહિ પડા, છાતી ઉપર પડા. મુખમેં કયું નહિ પડા? અબ મુખમે કોણ દાલેગા? તેવામાં તે રસ્તેથી કોઇ એક ઘોડાવાળો નીકળ્યો, તેને મીયાંએ પોતાની પાસે બોલાવ્યો, હે ઘોડાવાળા! ઇધર આવ, તેરા કામ હે. સ્વારે જાણ્યું કે મીયાં કાંઇક સંકટમાં આવી પડયા હશે? એમ ધારી દયા લાવી, હેઠે ઉતરી મીયાં પાસે આવી બોલ્યો કેઃ-મીયાંસાહેબ! ક્યા હે? ફરમાવો, કુચ્છ કામ! મીયાં બોલ્યાઃ-દુસરા તો કુચ્છ કામ નહિ હે, પણ યે મેરી છાતીપર બોર પડા હે સો તુમ હાથમેં લેકર, મેરે મુખમેં ડાલ દે. તે સાંભળી ઘોડેસ્વાર તેની અત્યંત હાંસી કરતો ને બે ચાર કઠોર વાકયો સંભળાવતો ત્યાંથી પાછો વળી ચાલતો થયો. પાછળથી મીયાં બોલ્યાઃ—બડે આળસુ દેખાતે હે, સાલે ઇતના બી હમેરા કામ નહિ કિયા. થોડીવાર પછી તે રસ્તે એક ઉંટવાળો નીકળ્યો, તેને પણ એ પ્રમાણે હેઠો ઉતરાવ્યો. તેથી તે કોઇ અગત્યનું કારણ જાણી પાસે આવી બોલ્યોઃ-કયા હે મીયાં સાહેબ? ત્યારે મીયાં બોલ્યા, દેખરે એ મેરી છાતી પર બોર પડા હે સો ઉઠા કર, મેરે મુખમેં ભેજ દે. આ વાકયથી તેને તો ઘણું લાગી આવ્યું, અને ખુબ હસતા

લાગ્યો, પણુ પછી તેને કંઇક બોધ આપવા ખાતર તે બોર ઉપાડી તેના મુખમાં નહિ મુકતાં પોતાના મુખમાં મુકી ખાઇ ગયો. તેથી જરા રીસ લાવી મીયાં બોલ્યાઃ–ક્યું એસા કિયા ? ત્યારે કરડાકી-માં તે ઉંટવાળો બોલ્યોઃ–દેખો મીયાં સાહેબ ! આપ બહોત સુકુમાર હો આપકો ખાનેકી તકલીફ પડેગી,ઇતિની ભી ચાવનેકી આપકું તસ્દી ન પડે ઇન બાસ્તે મેં ઉઠાકર ખા ગયા. એટલું કહી મસ્કરી કરતો એ ચાર કઠોર વાક્યો સંભળાવી ઊંટવાળો ચાલતો થયો.

આ શેઠ પણ એ મીયાંનો ભાઇ જણાય છે, ઠીક આપણને આવો લાગ ફરી નહિ મળે, એમ કહી ગાંસડા ઉપાડી ખડકી બહાર ચોર નીકળ્યા. ત્યારે શેઠાણીએ એકદમ શેઠ પાસે આવી બુમ પાડી ફરી જગાડ્યા, ત્યારે શેઠે કહ્યું કે હેં શું છે ? શેઠાણી કહેઃ–હેં શું કરો છો, જાગો છો કે નહીં ? પેલા ચોર બધો માલ માથે ઉપાડી ખડકી બહાર નીકળી ચાલતા થયા. ત્યારે શેઠે કહ્યું કે હું જાગું છું, તારે ફીકર કરવી નહિ. ત્યારે શેઠાણી કહેઃ–અરે ! ધુળ પડી તમારા જાગવામાં, પેલા ચોર ધનમાલ તો ઉપાડી લઇ ચાલ્યા, તો પણ હું જાગું છું, હું જાગું છું, એમજ ખાલી બક્યા કરો છો. ત્યારે શેઠ બોલ્યાઃ–તે ભલેને લેઇ જાય, માલ લઇ જશે પણ ભરતીઉં (બારદાન) તો મારી પાસે છે ને ! ત્યારે શેઠાણી બોલ્યાંઃ–અરે ! ધુળ પડી તમારા વિચારમાં ! આમને આમજ જીંદગી વૃથા ખોઇ–વગેરે ઘણા કઠોર શબ્દો શેઠાણીએ શેઠને કહ્યા. પેલા ચોરો તો માલ લઇ બેધડક ચાલતા થયા.

આ દૃષ્ટાંત જીવાત્માને બરાબર સારી રીતે લાગુ પડે છે, શેઠ સમાન આ જીવ જાણવો. તેની પાસે જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપ વગેરે ઉત્તમ ગુણોનો ખજાનો ભરપૂર છે, તેને ચોરવા માટે ક્રોધ, માન, માયા ને લોભરૂપી ચાર ચોરો ઘરમાં પેઠા છે. આ જીવરૂપી શેઠ અજ્ઞાન-રૂપ છત્રપલંગમાં મોહરૂપી પછેડો ઓઢી નિરાંતે સુતો છે, તેને સુમતિ રૂપી સદ્દગુણી સ્ત્રી જાગ્રત કરવા આવે છે, પણ આ એદી જીવ માયાની અંધારી રાતમાં મોહનિદ્રાને વશ પડેલો હોવાથી સુમતિના જગાડવાથી જાગતો છતાં ઉંઘતાના જેવાં કામ કરે છે. આ જીવરાજ શેઠની આવી બેપરવાઇ દેખી ચોરો નિશ્ચિંતપણે પોતાનો ધંધો ધમધોકાર ચલાવે જાય છે, અને જ્ઞાન ખજાનો લુંટાય તેટલો નિડરપણે લુંટે છે. ખરેખર ઉન્નતિની આશા રાખનારા વિવેકી જનોએ નીચલા છ દોષોને વર્જવા જોઇએ, અથવા તો જેમ બને તેમ ઓછા કરવા પ્રયત્ન કરવો જોઇએ.

षड्दोषा पुरुषेणेह । हातव्या भूतिमिच्छता ॥
निद्रा तन्द्रा भयं क्रोध । आलस्यं दीर्घसूत्रता ॥२४६॥

અર્થાત—આત્મઅભ્યુદયની ઇચ્છા રાખનારા ઉત્તમ પુરૂષોએ છ દોષ હમેશા વર્જવા જોઇએ. તે જેવા કેઃ-નિદ્રા, આળસ, ભય, ક્રોધ, પ્રમાદ, અને દીર્ઘસૂત્રીપણું એટલે બેપરવાઇ (હા થાય છે થશે) એવા મંદ વિચાર કરવાપણું એ છ દોષો આત્માને ભારે હાનિ કરનારા છે. માટે સુજને તેનો સર્વથા ત્યાગ કરવો, એજ મહાલાભનું કારણ છે. તેનો ત્યાગ કરનારા પરમસુખને પામે છે. (૫૭)

विरम विरम रे रे रामरामानुरागान् ।
नहि बत भविता सा प्राणत्यागात्त्वदीया ॥
इति निग दित आप्तैर्नैव मेनेदसास्यो ।
ननु निज कृतकर्म क्षालनेकः क्षमोऽन्यः ॥९८॥

અર્થ—હે રાવણ! તું રામપત્ની શ્રીસીતાજીના અનુરાગથી પાછો હઠ, કારણ કે તે સીતા પોતાના પ્રાણ જતાં સુધી પણ તારી થવાની નથીજ. એ પ્રમાણે આપ્તજનોએ ઘણું ઘણું કહ્યું, પણ તેણે માન્યું નહિ. ખરેખર પોતાનાં કરેલાં કર્મો કોણ અન્ય જન ભોગવે? પોતાનાં કર્મ તો પોતેજ ભોગવવાં પડે છે. ૯૮.

ભાવાર્થ—આ શ્લોક રાવણ પ્રતિ ઉક્તિનો છે. રામ અને રાવણની વાતોથી ભાગ્યેજ કોઇ અજાણ્યું હશે. તેથી પિષ્ટપેષણ ન્યાયે વિશેષ વિસ્તાર કરવાની અત્રે આવશ્યક્તા નથી, તો પણ તે વાતોમાંથી ઘણી હિતશિક્ષા અને સુબોધ મળે છે. પ્રાયે કરી મહાન પુરૂષોનાં જીવનચરિત્રો તથા પોતાની જીંદગીમાં સ્વહસ્તે બનેલાં શુભાશુભ કૃત્યોનું કથન પાછળની દુનિયાના મનુષ્યોને ઘણું બોધદાયક બને છે.

માટે આ શ્લોકમાંથી પણ વાંચકવર્ગને ઘણું સમજવા શીખવાનું મળી આવે તેમ છે.

જ્યારે મનુષ્યોની બુદ્ધિ બગડે છે, ત્યારે તેના હૃદયમાં વિપરીત વિચારો સ્ફુરે છે. કહેવત છે કે "ઘો મરનારી થાય ત્યારે વાઘરીવાડે જાય" તેમ બુદ્ધિ બગડવાથી મનુષ્ય પણ અકર્તવ્યને કર્ત્તવ્ય માને છે, ને પોતાના હૃદયમાં અવળા વિચારો ગોઠવે છે અને ન કરવાનું કરે છે. તે વિષે કહ્યું છે કેઃ—

न भूत पूर्वं न केन दृष्टं ।
हैमं कुरंगो न कदापि वार्ता ॥
तथापि तृष्णा रघुनंदनस्य ।
विनाशकाले विपरित बुद्धिः ॥२४७॥

અર્થાત—રામચંદ્રજી જેવા પ્રતાપી અને જ્ઞાની પુરૂષના હૃદયમાં સ્ત્રી વાક્યની પ્રબળતાથી વિપરીતતાનો ભાસ થયો. જેમકે સોનાનો મૃગ કોઇએ સાંભળ્યો નથી, તથા કોઇએ જોયો નથી, તો પણ રઘુનન્દન શ્રીરામચંદ્રજીને તે હરણ પકડવાની તૃષ્ણા ઉત્પન્ન થઇ, અને તે પકડવા માટે પાછળ દોડયા. થોડીવારે સિંહનાદ થયો, તેથી શ્રીરામને મદદ કરવા કાજે સીતાજીનાં અસહ્ય વચનબાણના પ્રહારથી નાછુટકે શ્રીલક્ષ્મણજી પણ સીતાજીના રક્ષણ ખાતર રામરક્ષાની હદ બાંધીને ગયા. અને સીતાજીને કહ્યું:–ઓ માતા! તમારાં વિપરીત વચનરૂપી પ્રહારથી હું રામ પાસે જાઉં છું, તમારા મુખનું વિપરીત ભાષણ અને અયોગ્ય રીતે મુકાએલો આરોપ મને શંકુ–સોઇયા તુલ્ય સાલે છે, માટે અનિચ્છાએ હું જાઉં છું, અને તમોને ભાર દેઇ ચેતાવુંછું કે તમારૂં શ્રેયઃ ઇચ્છતાં હો તો આ રામમંત્રોચ્ચારથી બાંધેલી હદ ઓળંગી પગ મુકી બહાર નીકળશો નહિ. ખરૂંજ છે કે જ્યારે દિવસ ફરે ત્યારે અવળા વિચારો થાય છે.

દુહો.

દિવસ ફરે તેવે સમે, સમજણ સઘળી વ્યર્થ;
ધર્મરાજા જુગટું રમ્યા, એવો કર્યો અનર્થ. ૫૭૨

એટલું કહી ચાલતા થયા. તેમને ગયે થોડીવાર થઈ તેટલામાં તો પાછળથી જોગીરાજના વેશમાં કામી હરામી ને કપટી રાવણ આવી ખડો થયો, અને ભીક્ષાને બહાને નિર્દોષ બાળાને ખભે ઉઠાવી અ-

શોકવાડીમાં લઈ જઇ મુકી. પ્રાયે કરી ધૂર્ત્ત મનુષ્યો ધર્મને બહાને ભોળા લોકોને ભરમાવી છેતરવામાં વધારે ફાવી શકે છે, એ આધુનિક પુરાતની ઘણા દાખલાઓથી સાબિત થાય છે. હવે અત્ર વાંચકવર્ગને શંકા ઉત્પન્ન થશે, કે સીતાને અશોકવાડીમાં મુકયાં તો પરભાર્યો પોતાના રાજમહેલમાં ઉપાડી કેમ ન ગયો? પણ તેને પરસ્ત્રીનું નિયમ હતું, માટે અશોકવાડીમાં રાખી તેને સમજાવી મનાવી તે પોતે હા પાડે, તોજ પોતાના મહેલમાં દાખલ કરવી, ન માને ત્યાં સુધી રીબાવવી દુઃખ દેવું, હેરાન કરવી, પણ તેની સાથે બળાત્કાર કરી વ્રત ભંગ કરવું કરાવવું નહિ, તેમ પાછી પણ ન મોકલવી. આવા નિશ્ચયથી અશોકવાડીમાં સીતાને લાવી રાવણે મુકયાં.

મંદોદરીને તેડાવીને કહ્યું કે, જાઓ સીતાજીને સમજાવી આપણા મહેલમાં તેડી લાવો. મંદોદરી આ બાબતમાં તલ માત્ર પણ ખુશી નહોતી, છતાં પતિના અત્યાગ્રહથી કેટલુંએક સખીમંડળ સાથે લઇ અશોકવાડીમાં આવ્યાં. આ સમયે સીતાજીનો દેખાવ કોઇ એ રતરેહ-નોજ હતો. આ પ્રકારના અકસ્માતથી પોતાના હૃદયમાં અફસોસનો પાર નહોતો. લક્ષ્મણજીના મર્મ ભરેલા પણ માયાળુ નિખાલસ ઉદ્‌-ગારો અત્યારે તેની ચક્ષુમાંથી અશ્રુધારા વરસાવતા હતા, તેના શરીર ઉપર સર્વત્ર ચિંતાગ્નિથી પ્રસ્વેદ બિંદુ ઝળકી રહેલાં હતાં, શ્રાવણ-ભાદરવો જાણે ઉલટયો ન હોય? તેમ તેની કંચુકી આદિ વસ્તુ અશ્રુ-પ્રવાહથી ભીંજાઇ ગયાં હતાં,સુવર્ણ મૃગચર્મની કંચુકી પહેરવાની આશાનું આવું વિષમ પરિણામ આવ્યું, તેથી પાપી કંચુકીની આશાને પૂર્ણ જોરથી ધિક્કારતી હતી.

સવૈયો.

ઝાંખી ઝરૂખનસે ચંડી ચાંદની પાય ધમંક ધમંક ગીરેરે,
ઓરી ભઈ બદ્દરાન વિલોકન મેઘ ઠમંક ઠમંક ઝરેરે;
મોરન શોર સુણી અંખીયા જળ બુંદ ટમંક ઠમંક પડેરે,
સાગર નાગર જ્યું ઉલસ્યો શિર સીત સીમંક સીમંક ઝરેરે ૫૭૨

આ પ્રમાણે ઘણી મીઠી મુંઝવણમાં પડેલી જગત્પતિની પત્ની છતાં રંક જેવી જણાતી, જાણે મંદમંદ રૂદન કરતી તેજસ્વી વનદેવી હોય નહિ? એમ ભ્રાંતિને ઉત્પન્ન કરતી એવી સતી સીતાને જોઇ મન્દોદરી આશ્ચર્યચકિત થઈ ગઇ. સીતાજીએ પણ આ મહિલામંડળ જોઇને વિસ્મય પામી વિચાર્યું, કે અરે આ સ્ત્રીમંડળ અત્રે શા સારૂં

આવતું હશે? "**यथा राजा तथा प्रजा**" જે રાજા અનીતિવાન છે. તેની પ્રજા પણ તેવીજ રાક્ષસી હશે, રખે મને આમંત્રણ માટે અત્રે આવતું હશે? ભલે ગમે તેમ હોય, મારે તેની સામું પણ જોવાની શી જરૂર છે—એમ ધારી પુંઠ ફેરવી અવળે મુખે થઈ બેઠાં. આ પ્રકાર મંદોદરીને અનિષ્ટ લાગ્યો, મનમાં ખોટું લાગ્યું. જરા હૃદય રોષાકુળ બન્યું, અને પછી કટાક્ષપૂર્વક બોલ્યાં કેઃ—

મંદોદરી કહે કરજોડી, અમ અબળા પર શી રીસ?
આવાં હતાં સતી સાધવી, ત્યારે શીદ છોડયા જગદીશ?
અહોને વિનતિ સુણીએ. ૧

મતલબ કે હે સીતાજી! તમો અને અમો સતિત્વમાં સમાન છીએ, તો મારા પ્રત્યે રીસ કરવાનું શું કારણ હતું. મને જોઇ આપ મુખ ફેરવી શા માટે બેઠાં? છતાં એટલું બધું જો તમારામાં સતીત્વ હતું, તો પોતાના પતિ જગદીશ શ્રીરામથી છુટાં શા માટે પડયાં? વગડામાં શા માટે એકલા મોકલ્યા? એવી સોનેરી ત્વચાની કાંચળી ન પહેરીએ! આ પ્રમાણે વાતવાતમાં મંદોદરીએ સ્ત્રીપણું બતાવી કટાક્ષપૂર્વક મહેણું માર્યું. આ વચન—પ્રહારે સીતાજીના હૃદયને ગમગીન કરી નાખ્યું, હૃદય પુરજોશમાં આવ્યું, અને મોઢું ફેરવી ક્રોધપૂર્વક બોલ્યાં કેઃ—હે મંદોદરી! અસહ્ય કટાક્ષપૂર્વક પુછાએલા પ્રશ્નનો ઉત્તર મારે જરૂર દેવો જોઇએ, મેં મારા પતિ શ્રીજગદીશને શા માટે છોડયા તે ઇચ્છા છે તો સાંભળો.

તારો લંકાગઢ ઉથાપન કરવા, વળી ખોવાને દશ શીશ;
મુજ કલંક ને તુજ રંડાપો, તે માટે છોડયા જગદિશ.
અહોને વિનંતિ સુણીએ. ૨

મતલબ કે તારો લંકાનો ગઢ સાવ સોનાનો છે, તેને ઉથાપન કરવા, તથા ગઢને કાંગરેકાંગરે અગ્નિની જ્યોત લગાડવા મારા પતિને છોડયા છે. તથા તારો પતિ રાવણ કે જેને દશ માથાં રહેલાં છે, તે દશે માથાંને રણવગડામાં લોટકાની માફક રખડાવવાને મેં મારા પતિને છોડયા છે. એક માથાવાળાને પણ મગજમાં પવન માતો નથી, તો દશ માથાવાળા તારા પતિના મગજમાં તો કેટલોએ પવન ભર્યો હશે? પણ તે દશે માથાંને વગડામાં લોટકાની માફક ન રોળાવું તો મારૂં નામ સીતા નહિ. વળી મને તો એટલું કલંક લાગશે કે, "સતી

સીતા રાવણના રાજ્યમાં રહી આવ્યાં" એટલુંજ, પણ તારો તો ચાંદલો, ચુડલો અને ચોટલો એ ત્રણે વાનાં ઉતરાવવાને માટે અહિં હું આવી છું. અને એટલા માટેજ મેં મારા પતિને છોડયા છે. એમ ચોક્કસ માનજે.

વાતવાતમાં કેવા કટાક્ષ વાક્યના પ્રહારો કરી દીધા ? ગમે તેમ તોય અજવાળી પણ રાત તો ખરીજ, તેમ સ્ત્રીની મતિ પાનીએજ હોય, સાહસ કામમાં સ્ત્રીજાતિને ભાગ્યેજ વિચાર હોય છે. નીતિશાસ્ત્રે સ્ત્રીજાતિમાં સ્વભાવિક સાત દોષો નીચે પ્રમાણે વર્ણવ્યા છે.

अनृतं साहस माया । मूर्खत्वमति लोभता ॥
अशौचं निर्दयत्वं च । स्त्रीणां दोषा स्वभावजा ॥२४८॥

અર્થાત—જુઠું બોલવું, સાહસ કામ કરવું, માયા કપટ કરવું, મૂર્ખપણું, અતિ લોભીપણું, શુચિ રહિતપણું, તથા નિર્દયતા એટલા દોષો સ્ત્રીઓમાં સ્વબાવિકરીતે હોય છે. મંદોદરીને આ મર્મભેદક પ્રહારોથી બહુ લાગ્યું, પોતે વાવેલાં બીજનું વૃક્ષ ઉગ્યું, તેથી પશ્ચાતાપનો પાર રહ્યો નહિ.સ્વભાવિક રીતે વદાયલાં વચનોનું આ વિષમ પરિણામ આવ્યું. અને મન સાથે દ્રઢ કર્યું, કે એનું બોલવું જરૂર ફળવાનું, મારો પતિ અનીતિના અંધારામાં પછડાયો છે, તેથી આખરે સત્યજ તરવાનું. કહેવત છે કે:—"**ધર્મે જય અને પાપે ક્ષય**" આ લોકમાં કદાચ અનીતિ ભલે ફાવી જાય પણ પરલોકમાં તો ફાવવાની નહિજ. ને વિષે કહ્યું છે કે:—

દુહો.

સાહેબકે દરબારમેં, સચેકું શીરપાવ;
જુઠ તમાચા ખાયગા, કહાં રંક કહાં રાવ. ૫૭૩
જબ લગ તેરા પુન્યકા, પહોંચત હે કરાર;
તબ લગ ગુના માફ હે, ભલે અવગુણ કરો હજાર. ૫૭૪

પછી મંદોદરી તો કાંઇપણ બોલ્યા કર્યા વગર ખિન્ન વદને મનમાં અફસોસ કરતી પાછી ગઇ. પ્રિય વાંચકો ! તે ઘેર ન પહોંચે તેની પહેલાં ચાલો, તેના મહેલમાં દાખલ થઇને આપણે તપાસીએ, કે પેલો અહંકારી રાવણ શું કરે છે? તેને તો અત્યારે હર્ષનો પાર રહ્યો નહોતો, તે તો પોતાની માનકામના કલ્પનાના કાયમાં સિદ્ધ થયેલી જોતો હતો. ખરેખર કામીને કર્મની બીક ન હોય, કામી કુળ ન આ-

ળખે. વળી **"कामातुराणां न भयं न लज्जा"** અર્થાત કામાતુર મનુષ્યોને ભય અને લજ્જા હોયજ નહિ. રાવણ તો ધારતોજ હતો, કે હમણાં તેડી વાજતેગાજતે સર્વ સુંદરીમંડળ પધારશે, અને આનંદ-મંગળનાં ગીતો ગવાશે. પણ પોતે કરેલા અન્યાયનું પરિણામ કેવું ભયંકર આવશે? તેની તો તેને લેશ માત્ર પણ કલ્પના ક્યાંથી આવે! ખરેખર વિષયવાસનાજ એવી બળવાન છે, તે કર્તવ્યને ચુકાવી દે છે, અકર્તવ્યના ઉંડા ખાડામાં ધકેલી પાડે છે. તે વિષયલાલસાએ મોટામોટા વિદ્વાન જ્ઞાની મહાત્માઓને પણ કામકીચમાં ધકેલી પાડી છેક પરતંત્ર બનાવેલા છે. ખરેખર સ્ત્રીસંબંધી વિષયવાસના તજવાનાં સુબોધ-વચનો સંભળાવવાં તો સહેલાં છે, પણ વિષયવાસના તજવી મહા-મુશ્કેલ છે. અનાદિ કાળથી આ આત્માને એજ રટણ છે, તેથી કદાચ બોલવામાં ત્યાગ વચનો નીકળે ખરાં, પણ બોલી પ્રમાણે ચાલીને સત્ય કરી બતાવવાના પ્રસંગમાં તો ઘણુંજ મુશ્કેલ છે. કહ્યું છે કે:–

લિખના પઢના ચાતુરી, સબી બાત હય સ્હેલ;
કામદહન મનબશકરન, ગગનચઢન મુશ્કેલ. ૫૭૫

આ સંબંધમાં રાજર્ષિ પ્રવર ભર્તૃહરિએ કહ્યું છે કે:—

भवति वचसि संगत्याग मुद्दिश्य वार्ता ।
श्रुत मुखर मुखानां केवलं पंडितानाम् ॥
जघनमरुणरत्नग्रंथि कांचि कलापं ।
कुवलयनयनांगी को विहातुं समर्थः ॥ २४९ ॥

અર્થાત—શાસ્ત્રપઠનથી વાચાળ બનેલા પંડિતોની વાણીમાંજ "સ્ત્રીનો સંગ ન કરવો" એવી વાતજ માત્ર થાય છે, પણ ત્યાગ તો થતોજ નથી. કારણ કે ચારૂગાત્રી સુંદરીને મનથી તજવા કોણ સ-મર્થ છે? હાથીનો મદ હરવામાં કેટલાએક શૂરા છે, પણ કામદેવને જીતનારા તો જવલ્લાજ ઘણા દુર્લભ છે! તાત્પર્ય કે વિષયવાસના એવી પ્રબલ છે. ચોરી કરવાથી માલ ધણીના મનમાં શું થતું હશે? તેનું ચોરને ભાન ક્યાંથી હોય? અને હોય તોય તેની દરકાર તે શા માટે કરે? સ્વાર્થીજનો તો નિજ સ્વાર્થ સામું જુએ છે, પણ પરપીડ ને પોતાની વિપત્તિને જોતા નથી. અનીતિનો આરંભ એજ વિપત્તિને

આમંત્રણ છે, પણ માયાની અંધારી રાત્રીમાં ભુલા પડેલાને ભાગ્યેજ એ વાતનું ભાન આવે છે.

થોડી વારે મંદોદરી આવી પહોંચી, પણ તેનો ચહેરો કોઇ જુદીજ આકૃતિવાળો જણાતો હતો, મુખ ઉપર શોક છવાઇ રહેલો હતો, હૃદય ચિંતાજવાળાથી પ્રજવલીત બન્યું હતું, ક્રોધરૂપી ભુજંગ દષ્ટિમાં ભ્રકુટી ચડાવી ડંખવા તલપી રહેલો હતો, અને નેત્રકમળો જાણે અશ્રુપ્રવાહને વરસાવતાં ન હોય એવાં લાગતાં હતાં, એમ સર્વ ગંભીર જણાતું હતું. મંદોદરી મ્લાન વદને સન્મુખ આવી ઉભી રહી ક્રોધાવેશથી રોષાકુળ થઇ બોલી કે:—

કહેરે કુબુદ્ધિ કંથ ! કોણ હિ સીખાઇ તોકું,
એસીહી કુબુદ્ધિ કિનીષ્ઠ કુલહાર કુલ–જાનકી;
રઘુપતિ ઇશ જગદિશ, તુમ હિ ન જાણ્યો,
થાંસુ થેં બિગાડી સબ્બ કિની નિંદાનકી;
જનકકીજાયા જોગમાયા કહાવે સતિરૂપ,
વાંકુ હરલાયો સબ્બ કિની લડકાનકી;
કહે રાવનકી રાની; બહુ શ્યાની મુખ બાની,
પ્રિય જાનકી નહિ આની, એ તો નિશાની ઘરજાનકી. ૫૭૬

મંદોદરીએ કહ્યું કે:—હે કંથ ! આ પ્રકારની કુબુદ્ધિ તમને કોણે શીખવાડી ? જોગ માયારૂપ જનકની જાયાને બળાત્કારે ઉપાડી લાવ્યા, તેમાં તમે બાળકવેડાજ કર્યા છે, અને આખી દુનિયામાં નિંદાને પાત્ર થવાનું કામ કર્યું છે, માટે હે પ્રિય પતિ ! હું તમને કડવા પણ સાચા હિતકર ખરા શબ્દમાં કહું તો "તમે ખરેખર જાનકી લાવ્યા નથી પણ ઘર જવાની નિશાની લાવ્યા છો." વળી પણ તેણે કહ્યું કે:—

છપ્પો.

કંથેરને ઝાડ કેળાં ન ઉતરે, એ સર્કટે નહિ ઇક્ષુ સાંટો;
બરાસ બહેકે કરી, લસણ જો બોઇએ,
બહોત ગંધ તજે નહિ એજ ગાંઠો;
અનધ્વને બાંધીએ અશ્વ માંહે જઇ;
ભુકતાં કાઢશે કોપ કંઠો;
કહત મંદોદરી સર્વ સરીખડા,
કડવી તુંબડીનો વેલો વંઠયો. ૫૭૭

એ વગેરે ઘણા શબ્દોમાં પોતાથી થયેલી ભુલ સુધારવા અને

સીતાજીને પાછાં સોંપવા હિતવચનો કહ્યાં, પણ તે સર્વ તપેલા લોઢ ઉપર પાણીના બિંદુની માફક વદન નકામાં ગયાં. ત્યારે ફરી કહ્યું:– હે પ્રાણજીવનપતિ ! આશાના ભોક્ષુકો લાલચની સાંકડીશેરીમાં અથડાઇ મુંઝાય છે, પણ તેની પાછળ ઉભેલી અને ડોકીયાં કરી રહેલી વિપત્તિને જોતા નથી. તમો ખરેખર એક લાલચમાં સપડાયલા બ્રાહ્મણ જેવુંજ કરો છો, તે બ્રાહ્મણ પાછળથી પસ્તાણો, તેમ તમારે પણ પાછળથી પૂર્ણ પસ્તાવું પડશે. ત્યારે રાવણે કહ્યું કે:–મંદોદરી ! તે બ્રાહ્મણ કોણ ? અને કેવી રીતે પસ્તાયો ? તે કહો. તે સાંભળી મંદોદરી કહે છે કે:—

(૧૦૯) તરતબુદ્ધિ ચતુર પ્રવાસી ને મૂર્ખ લોભીયાની વાત.

કોઇ મુસાફર વનમાં થઇને જતો હતો, તેવામાં તેને એક રીંછ માર્ગમાં મળ્યો, તે રીંછે આવીને પેલા મુસાફરને પકડયો. પોતાના બચાવ માટે બીજો કાંઇ ઉપાય તો સુઝયો નહિ, પણ તેને યાદ આવ્યું કે રીંછના બે કાન પકડયા હોય, તો તેનું જોર ફાવતું નથી–એવું લોકો કહે છે. એમ વિચારીને ઝટ તેણે તે રીંછના બે કાન પકડયા, એટલે રીંછનું જોર ફાવ્યું નહિ. પછી રીંછ નરમ પડી પેલાના હાથમાંથી કાન છોડાવવાને મહેનત કરતું હતું, અને પેલો તેને જોરથી પકડી રાખતો હતો. એવી ગડમથલ કરવાંકરવાં મુસાફરની કમરે બાંધેલું વસ્ત્ર ફાટયું, અને તેમાં બાંધેલી સોનાની મહોરો નીચે પડી વેરાઇ ગઇ. એવામાં કોઇ મૂર્ખ અને લોભી માણસ ત્યાં આવી ચડયો, તેણે પેલા પુરૂષને, રીંછને તથા જમીનપર પડેલી સોનાની મહોરોને જોઇને કહ્યું કે:–હે ભાઇ ! તું આ શું કરે છે ? આ સોનાની મહોરો કેવી ? આ રીંછના કાન કેમ પકડયા છે ? મુસાફરે મનમાં વિચાર્યું કે આ રીંછ મને વળગ્યું છે, તે કોઇ યુક્તિથી આને વળગાડી દેવાય તો હું ઝટ છુટો થાઉં, એમ વિચારી તે બોલ્યો કે:–ભલા ! તું આ સોનાની મહોરો દેખતો નથી.

મૂર્ખ:—હા હું દેખું તો છું પણ એ ક્યાંથી આવી ?

મુસાફર—તે આ રીંછના મોઢામાંથી ખરી પડી.

મૂર્ખ:—શી રીતે રીંછના મોઢામાંથી સોનાની મહોરો નીકળી ?

મુસાફર:—ભલા માણસ તું જુવે છે તો ખરો કે એટલા માટે તો હું આ રીંછના કાન આમળું છું.

મૂર્ખઃ—ભાઇ ! જો ખરે એમ હોય તો થોડીવાર મને કાન ચીમળવા દેશો તો મોટો ઉપકાર થશે.

મુસાફરઃ—ઠીક છે તું ચીમળ, વગડાનો માલ છે મારા બાપનું શું જાય છે? પણ તે પહેલાં આ બધી મહોરા વીણીને મારી કેડે બાંધ. પછી લોભવશ થયેલા અવિચારી મૂર્ખ માણસે સોનાની મહોરો વેરાઇ ગઇ હતી, તે તમામ વીણી મુસાફરની કેડે કસીને બાંધી, એટલે પેલો મુસાફર રીંછના કાન તુરતજ પેલા મૂર્ખાનંદના હાથમાં આપીને ચાલતોજ થયો. એ વિષે કહ્યું છે કેઃ—

शिघ्रमुत्पद्यते बुद्धिः सा बुद्धि फलदायिका ॥
भाल्लुमन्यकरेदत्वा । स्वंपथिकेन रक्षितम् ॥ २५० ॥

અર્થાત—જે બુદ્ધિ તત્કાળ ઉત્પન્ન થાય, તે બુદ્ધિ ફળ આપનારી થાય છે. જેમ ઉપરના દૃષ્ટાંતમાં મુસાફરે રીંછને બીજાના હાથમાં વળગાડી દેઇને પોતાનું રક્ષણ કર્યું. મતલબ કે કોઇ દૈવયોગથી કાંઇ વિટંબણા આવી પડે, તો ડાહ્યા પુરૂષે હરકોઇ યુક્તિથી તેને પોતાને માથેથી દુર કરવી, પણ હઠાગ્રહ રાખીને કદાગ્રહથી જીવ જતાં સુધી તે વિટંબણાની સામે થવું નહિ. કેમકે પોતાની શક્તિ કરતાં વધારે જોરાવર શક્તિ સામી આવે, ત્યારે તેને મારગ આપવો, અને પોતે બાજુપર ખસી જાવું, એજ નીતિ છે. પણ પોતાના બુદ્ધિબળ ઉપર ભરોંસો રાખીને જે દૈવકૃત આપત્તિના બળની સામે હાથવડે ટેકો દેવા જેવું કરે છે, તે પોતાના માનુષી બુદ્ધિબળથી આપદાને ખાળી શકતો નથી, એટલુંજ નહિ પણ તે આપદાના ડુંગરામાં દબાઇ કચરાઇ જાય છે. વળી ઉપરના દૃષ્ટાંતમાંથી બીજો બોધ એવો પણ મળે છે, કે જે માણસ ફક્ત લાલચનેજ દેખે છે. તથા તેવી લાલચથી લેવાઇ લોભાઇ આપત્તિને પોતાની મેળે હાથે કરી માથે વહોરી લેછે, તે માણસ પેલા મૂર્ખની પેઠે પાછળથી પસ્તાય છે. અને તેનાથી અધિક મૂર્ખ તેને ન મળે ત્યાં સુધી તેને આપત્તિના સખ્ત પ્રહાર ખમવાજ પડે છે, અથવા જો કોઇ તેને છોડાવનાર નથીજ મળતો, તો આખરે તે નાશ પામે છે.

આ પ્રમાણે રાવણને ઘણો સમજાવ્યો, પણ સર્વ વ્યર્થ ગયું પથ્થર ઉપર પાણી થયું, અભિમાની જનો કદિ પણ પોતાની હઠ તજતા નથી, તેથી આખરે તેની માઠી દશા થાય છે. અને તેને

ધન, કુટુંબકબીલો, લાવલશ્કર, કાંઈ સહાયકારક થતું નથી તે વિષે કહ્યું છે કેઃ—

છપ્પો.

એંસી કરોડ ગજબંધ, અરબ દશતુરી તુખારા,
બત્રી ક્રોડ પચાસ, પાયદલ લીસ અઢારા;
સોલ સહસ્ર સામંત એક સહસ્ર પંદર રાજા,
સર્વ ધરત હે શંખ, બજત ઇંદ્રાપુર બાજા;
ટોચે તસ શિશ કાગડા, એક દિન એસો ભયો,
નર નરિંદ્ર મત ગર્વ કર કહો, રાવણ કીસ દીશ ગયો? ૫૭૮

પછી ફરીફરીને પણ અનેક પ્રકારે મંદોદરી વગેરે આપ્તજનોએ રાવણને ઘણો સમજાવ્યો, પણ દુર્બુદ્ધિરાવણ સમજ્યો નહિ. એનો પ્રસંગ કહ્યું છે કેઃ—

દુહા.

અઢયો તેરસો બુધ્ધડી, રાવણ તણો કપાળ;
પણ એકે બુદ્ધિ ન ઉપની, જ્યારે લંકા ફીટણકાળ. ૫૭૯
દીધી શિખામણ લાગી નહિ, જ્યારે વિનાશ કાળ;
સમજાવ્યો સમજ્યો નહિ, લંકાનો ભૂપાળ. ૫૮૦

છેવટ રામચંદ્રજી સૈન્ય લેઇ ત્યાં પધાર્યા, પણ એકદમ ચડાઇ ન કરતાં વિભિષણ સાથે કહેણ કહેવરાવ્યું કેઃ—"હજી સુધી પણ અન્યાયથી વર્ત્તનાર રાવણને વિદિત હો, કે મારૂં માણસ મને સહિસલામત પાછું સોંપવામાં આવે, તો યુદ્ધ કરવાની મારે જરૂર નથી." વિભિષણે બંધુ પાસે જઇ સર્વ વાત નિવેદન કરીને તેને પોતાની ભુલ સુધારવા કહ્યું પ્રયત્નો કર્યા, વ્યભિચાર નામનો દુરાચાર કેટલા દુર્ગુણને ઉત્પન્ન કરે છે? તથા તેનાથી કેવી ભારે ખુવારી થાય છે, તે અનેક દષ્ટાંતોથી વિવિધ પ્રકારે સમજાવ્યા છતાં પણ ક્ષારભૂમિમાં રોપેલા બીની માફક તે સર્વ નિરર્થક ગયા. મદ અને મદનથી અંધ બનેલાને સર્વ હિતોપદેશ વ્યર્થ છે, વ્યભિચાર એ અનેક વિપત્તિનું આમંત્રણ છે. સર્વજ્ઞ મહાજનોએ તેને પુરજોસથી ધિક્કારેલો છે, કુળમાં એક અંગારરૂપ છે, કીર્ત્તિને કંલકિત કરી કાલીમા—મેશ લગાડનારો કુચડો છે. તેને માટે શ્રીસિંદુરપ્રકરણમાં સારૂ કહ્યું છે કેઃ—

कामार्तस्त्यजति प्रबोधयाति वा स्वस्त्रीं परस्त्रीं मयो ।
दत्तस्ते न जगत्य कीर्ति पट हो गोत्रे मशीकुर्चकः ॥
चारित्रस्य जलांजली गुणगणारामस्य दावानलाः
संकेतः सकलापदां शिवपुरद्वारे कपाटो दृढः ॥ २५१ ॥

અર્થાત—જે કામી પુરૂષ પોતાની સ્ત્રી ને પરસ્ત્રીમાં મોહિત થઇ વિષય લંપટ બને છે, તે મતિમૂઢ મનુષ્ય જગતમાં અપકીર્તિનું ઢોલ વગાડે છે, પોતાના કુળમાં કાલિમા લગાડેછે—મેશનો કુચડો ફેરવે છે, નિર્મળ ચરિત્રને તિલાંજળી દે છે, સદ્‌ગુણરૂપી બગીચામાં દાવાનળ સળગાવે છે, અનેક આપત્તિઓને આમંત્રણ આપે છે, અને મોક્ષના દ્વારોને મજબુત રીતે બંધ કરે છે. આવા અનેક દુર્ગુણથી ભરપુર વ્યભિચાર નામનો મોટો દુરાચાર છે. વિભિષણે રાવણને ઘણો સમજાવ્યો પણ સર્વ વ્યર્થ ગયું. પડતી દશાની નિશાનીજ એ છેઃ—

શાર્દુલવિક્રીડીત વૃત.

જે દહાડે પડતી દશા મનુષ્યની, વેગેજ આવે ધસી,
તે દહાડે મતિમંદ થાય જનની, સહુજન જાયે ખસી;
ડાહ્યો ને ગુણવાન જે નર હશે, ઘેલો થઇને ફરે,
જો કહેવા જન જાય સવળું, આડું ગણી તે કરે. ૫૮૧

અંતે પરિણામે યુદ્ધની તૈયારી થઇ, રાવણ લશકર લઇ લડવા સામો ગયો, રામ પણ ધનુષ્યબાણ લઇ સજ્જ થઇ ઉભા. ધનુષ્ય ઉપર બાણ ચડાવી ડાબા હાથને આગળ કરી જમણા હાથને ઠેઠ કાન સુધી લંબાવ્યો, તે વખતે જમણા હાથને પાછો હઠેલો જોઇ ડાબા હાથને રીસ ચડી તેથી તે ક્રોધપૂર્વક જમણા હાથ પ્રત્યેક બોલ્યો કેઃ—

કવિત.

જબ કોપે રઘુનાથ ધનુષ્ય ચડાઈ લીનો
તબ બોલી વામન બાહુ મહાકોપ ધરકે;
દાનનમે પૂજનમે ભોજનમે આગે હોત,
એસે રન ગાઢેમે કયું પીઠ દેત ડરકે;
તબ બોલી દખણ બાહુ લછન નહિ મુજ પાસ,
મેતો પીયા જાયકે બાત પુછત હું હરકે;
શંકરકી આશીષ ભયે, રાવનકુ દશ શીશ,
એક બેર તોડું કે એક એક કરકે. ૫૮૨

મતલબ કે દુષ્ટાચરણ ને દુરાચારનું પરિણામ છેવટે એ આવ્યું, કે તે યુદ્ધમાં રાવણનો અંત આવ્યો, ત્રણ ખંડનું અધિપતિપણું રણમાં રોળાયું. વ્યભિચાર નામના દુષ્ટ દુરાચારે એમ કેટલાએકને પાયમાલ કર્યા છે, રાજ્યપાટથી ભ્રષ્ટ બનાવ્યા છે. દુર્યોધન, કીચક તથા પદ્મોતેર રાજાને એ દુષ્ટ કામરાક્ષસે રાજ્યભ્રષ્ટ બનાવી પાયમાલ કર્યા. વાઘેલાવંશનો અંત આણનાર ગુજરાતનો છેલ્લો રાજા કરણઘેલો પોતાના પ્રધાન માધવની રૂપસુંદરી સ્ત્રી ઉપર આશક થયો, એટલુંજ નહિ, પણ અન્યાયથી બળાત્કારે તેને કબજે કરી. એ અનીતિનું પરિણામ એ આવ્યું, કે માધવ દિલ્હી જઇ અલ્લાઉદ્દીનખુની બાદશાહને તેડી લાવ્યો, અને આખરે અતિ ખુવાર થઈ કુમરણે તેમાં મરાયો. એ દુષ્ટ વ્યભિચારે ગુજરાતને પરાધિન બનાવી બાદશાહીસત્તા તળે દબાવી દીધો. તેમજ વડોદરાના નરેશ ગાયકવાડ મલ્હારરાવે એજ દુર્ગુણથી પરાધિન બની કારાગૃહમાં જીંદગી પુરી કરી. વગેરે અનેક દષ્ટાંતો અપૂર્વ બોધને દર્શાવનારાં છે. તેઓ મિથ્યા અભિમાનને શીખરે ચડયા, અસંખ્ય દુઃખ તળે દબાયા, પણ શિશ ન નમાવ્યાં, અને આખરે રણમાં રોળાયાઃ ખરેખર દુનિયામાં ગુણી હોય તેજ નમે છે, પણ અવગુણી કદિ નમતા નથી. તે વિષે કહ્યું છે કે:—

છપ્પો,

નમે સુકુળની નાર, નમે ફળ ફુલે વેલી,
નમે સત્પુરૂષ કે સાધ, નમે સરીતા રસ રેલી;
નમે નહિ એક કાઠ, નમે ન કુલટા કામી,
નમે નહિ કો નીચ, હઠીલો જે હરામી;
નમે રામ સરીખડા, ધર્મ મન જેણે ધારીયુ,
પણ નમે ન રાવણ રાજીયો, જેનું પુણ્ય પરવારીયું. ૫૮૩

જ્યારે મનુષ્યોનાં પુણ્ય ખવાઇ જાય છે, ત્યારે કદાગ્રહમાં પડી તંતને તજતા નથી. અરે ! આખરે મહા દુઃખી થઇ અકાળે મરણને શરણ થાય છે. આ દષ્ટાંતમાંથી વિવેકી વાંચકવર્ગને બહુ શીખવાનું ને સમજવાનું મળી આવે છે. રામરાવણની વાતને આજ ઘણો કાળ વ્યતિત થઇ ગયો છે, પણ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારતાં રામ અને રાવણ અદ્યાપિ (હજી સુધી) જગતમાં છે, તેમ નક્કી સમજવું. તે એવી રીતે કે જેનામાં રામ જેવા ન્યાયનીતિ, પવિત્રવૃત્તિ, વિવેકીદષ્ટિ, સત્યતા, નમ્રતા, સંકટમાં પણ સહિષ્ણુતા વગેરે સદ્ગુણો હોય છે, તે સર્વ

રામ તુલ્યજ છે. અને જેનામાં અભિમાનમાં પૂર્ણતા, હૃદયમાં કઠોરતા, વ્યભિચાર, વિષયલંપટતા, નિર્દયતા અને કદાગ્રહતા, દુરાગ્રહતા, મહાક્રૂરતા વગેરે મહાદુર્ગુણો ભરેલા હોય છે, તે સર્વ રાવણ તુલ્ય સમજવા. શ્રીભર્તૃહરિએ કહ્યું છે કેઃ—"જે દુષ્ટ લોક પોતાના સ્વાર્થને માટે અન્ય લોકોને છેતરે છે, મહા સંકટમાં ઉતારે છે, તે માનવ રાક્ષસો છે.

" तेमी मानव राक्षसा परहितं स्वार्थाय निघ्नंतिये " ॥२५२॥

અર્થાત—જે પોતાના સ્વાર્થ માટે પારકાને નુકશાન કરી તેમનું અહિત કરે છે, તે ખરેખર માનવ નહિ પણ માનવરૂપે રાક્ષસો છે. તેના મનમાં કદિ ડર કે દયા હોતી નથી.

હવે એજ રામરાવણની વાતને આધ્યાત્મિક રીતે અંતરંગમાં ઉતારીએ. શરીર ઉપર લઇ વિવેકચક્ષુથી વિચારીએ, તો અપૂર્વ જ્ઞાનને ઉત્પન્ન કરે છે. તે એવી રીતે કે રામરૂપી આ આત્મારામ સમજવો. જેમ શ્રીરામની સ્ત્રી સીતાજીને રાવણ હરી ગયો હતો, તેમ આ આત્મારામની સ્ત્રી સુમતિરૂપી સીતાને અભિમાનરૂપી રાવણ હરી ગયો છે. એટલું તો ખરૂંજ કે જ્યાં અભિમાનનું પુર જોસ હોય છે, ત્યાં સુબુદ્ધિ રહેવા પામતી નથી, અને સુબુદ્ધિ ગઇ એટલે તો કુબુદ્ધિનું સામ્રાજ્ય પૂર્ણકળાએ પહોંચે છે. કુબુદ્ધિના રાજ્યમાં સર્વ પ્રકારની કાળાશજ હોય, ધવળતાનો અંશ તો ભાગ્યેજ પ્રવર્તે છે, તેથી દુષ્ટ વિચારોનું તથા દુષ્ટ કાર્યોનું દિનદિન પ્રત્યે વધવાપણું થયા કરે છે. તેથી આ કુબુદ્ધિને વશ થયેલા આત્મારામને સંસારમાંથી કદિ પણ બહિર ગત થવાનો—નિકળવાનો વખત ભાગ્યેજ પ્રાપ્ત થાય છે. તો પણ જેમ રામની પત્ની સીતાનો પવનપુત્ર શ્રીહનુમાનજીએ શોધ કરી આપ્યો, તેમ કોઇ સદ્‌ગુરૂરૂપી હનુમાન આ આત્મારામની પત્ની સુમતિરૂપી સીતાને શોધી આપે, ખરેખરી ઓળખાણ કરાવે, ભ્રમણારૂપી ભોગળને ભાંગી નાંખે કુમતિની આસક્તિ કાપી સુમતિમાં અનુરાગ—પ્રેમ પ્રકટાવે; તો આ આત્મા બળીઓ થઇ અભિમાનરૂપી રાક્ષસના પ્રબળ પંજામાં પકડાયેલી રાણી છતાં દાસીતુલ્ય બનેલી સુમતિ સીતાને પાછી વાળે, અને નિરાબાધ સુખનો ભોક્તા બની અખંડ આનંદ અનુભવે. માટે વિવેકીજનોએ અભિમાન તજી નમ્ર બનવું, કારણ કે અભિમાન એ સર્વ દુર્ગુણનો અગ્રણી અને નમ્રતા એ સર્વ સદ્‌ગુણનો સરદાર છે. તે વિષે કહ્યું છે કેઃ—

ભુજંગ વૃત્ત.

અહંકાર જો રાવણે ખુબ રાખ્યો,
ચડી ચોટમાં મોતનો સ્વાદ ચાખ્યો;
કર્યો વાંદરે હાલ બેહાલ કેવો,
અહંકારમાં સાર છે ભાઈ એવો. ૫૮૪
અહંકારી નિંદાય છે વાટઘાટે,
તમે મિત્ર તેને તજો તેજ માટે;
સદા નમ્ર થઇ સૃષ્ટીનો સ્વામી સેવો,
અહંકારમાં સાર છે ભાઈ એવો, ૫૮૫

માટે વિવેકીજનોએ સદા અહંકાર તજી નમ્રતા રાખવી. જોઇએ. ૮૯

अनाथनाथा नाथावै । वयं नाथा महेत्विति ॥
छित्वाक्तिछूत्रयंतूर्ण । देहिमेत्वदीयंपदम् ॥ ९९ ॥

અર્થઃ—હે અનાથનાથ પ્રભુ ! અમે અનાથ છીએ, આપની પાસે બીજું કાંઈ ન માગતાં અમો એટલુંજ માગીએ છીએ, કે અમારાં ત્રણ દુઃખો (જન્મ, જરા અને મરણ) ને કાપી આપનું પવિત્રપદ આપો. ૯૯

ભાવાર્થ—ઘણું :કરીને મનુષ્યો જગતમાં આશીયા—સ્વાર્થી ભક્તિ કરનારા વિશેષ હોય છે, ભિન્ન ભિન્ન દેવો અને દેવીઓની ઉપાસના પણ અમુક આશાને લીધેજ કરે છે. આશા એ એવી તો જોરાવર જબ્બર દેવી છે, કે દરેક મનુષ્ય ઉપર તે પ્રબળ સત્તા ચલાવે છે કોઇને લક્ષ્મીની આશા હોય છે, તો કોઇને પુત્રની આશા હોય છે, કોઇને સ્ત્રીની આશા હોય છે, તો કોઇને ગૃહાદિક (ઘરબાર વગેરેની) આશા હોય છે. એમ દરેક સ્થાનમાં આશા આશા અને આશાનુંજ જોર હોય છે. આશા ત્રણ જગતમાં પથરાયલી મોટી વેલડી છે. તે વિષે કહ્યું છે કેઃ—

મનહર છંદ.

આશાનો અંકુર અતિ, ઉંચો ઉંચો ચાલ્યો જાય,
તંતુ તેના આમતેમ, આડા પથરાય છે;
ફળફુલ આવે કે ન આવે, તેનો મેળ નહિ,
પણ અંતરક્યારામાં, અતિ મુળ જામી જાય છે;
આકાશને પેલી કોર, ગગનમે ભેદી જાય,
પાપરૂપ પાણીથી, પોષણ તેનું થાય છે;
કેશવ કહું શું દેવદાનવમાનવ સહુ,
વડવાંદરાની પેઠે, તેમાં અથડાય છે. ૫૮૬

મતલબ કે આશાથી આખું જગત વીંટાયેલું છે. પ્રભુભક્તિ પણ અમુક આશાથી કામનાવાળા લોકો કરે છે, કેટલાએક લોકો લક્ષ્મીની આશાથી લક્ષ્મીદેવીની ઉપાસના કરે છે, તો કેટલાએક પોતાની આશાઓ પૂર્ણ થવાની ઇચ્છાએ આશાપુરી માતાનું સદા સહર્ષ સેવન કરે છે. પણ નિરાબાધ મોક્ષલક્ષ્મીને માટે પ્રભુની નિષ્કામ ભક્તિ કરનારા તો જવલ્લા–બહુ થોડા નીકળશે. પણ અશાશ્વત માયિક સુખમાં નહિ રાચનારા અને શાશ્વતાં સુખને ઇચ્છનારા નિઃસ્પૃહી ને નિષ્કામી મનુષ્યો તો પ્રભુ પાસે અહર્નિશ એવી પ્રાર્થના કરે છે કેઃ–હે પ્રભુ! અનાથના નાથ! અમે અનાથ છીએ, કારણ કે જેનું અમો શરણ ઇચ્છી સદા સંસારમાં સુખી થવા ધારીએ છીએ, તે બાપડા પોતેજ અમુક દુઃખના બોજા તળે દબાયલા છે, તો તે અન્યને શું સુખ આપી શકે? આશા નદીના વહનમાં તણાયલા મનુષ્યોની એવી તો નીચવૃત્તિ હોય છે, કે સુખની આશાએ જ્યાંત્યાં બાથોડીઆં ભરે, પણ તત્વદષ્ટિથી કંઇ વિચાર ન કરે. કેટલાકો કહે છે કે ભાઇ! હમણા તો અમારા ગ્રહો વાંકા છે, તેથી ગૃહપીડા બહુ વર્તે છે. ચંદ્રનો જોગ પણ સારો નથી, પનોતી પણ મોટે પાયે બેઠેલી છે, તેથી જ્યાં જઇએ ત્યાં દુઃખ અને અલાબલા મળે છે. આ પ્રકારે સદા કલ્પાંત કરતા જ્યાંત્યાં પોતાનાં દુઃખો રડયા કરે છે, અને ચિંતાથી પોતાના ચિત્તને બાળ્યા કરે છે. પણ ભાઇઓ! જરા વિવેકદષ્ટિથી વિચારો, તો સમજાશે કે તમોને ગ્રહ નડે છે, ત્યારે ભલા કહો જોઇએ ગ્રહને કોણ નડતું હશે? નવગ્રહને પણ અમુક અમુક આપદાઓ રહેલી છે. તમે આપદા ટાળવા બ્રાહ્મણ પાસે ચંડીપાઠ ભણાવો છો, ગ્રહપૂજા કરાવો છો, તો તે નવગ્રહો પોતાની પીડા

ટાળવા ક્યા બ્રાહ્મણને બોલાવતા હશે? અને કોની પાસે ચંડીપાઠ કરાવતા હશે? ચંદ્રમામાં કાળુ કલંક છે, તથા હાનિવૃદ્ધિ—વધઘટ થયાનું દુઃખ છે તે કોણ ટાળતું હશે? તે ચંદ્રને કયો ચંદ્ર નડતો હશે? તેને માટે કહ્યું છે કે:—

તોટક છંદ.

રવિને રીપુ રાહુ સદાય રહ્યો,
ક્ષય રોગી શશીશીર કષ્ટ સહ્યો;
તેમ મંગળરૂપ અંગાર તણું,
બુધ છે શિરછાપ કલંક ઘણું. ૫૮૭
નિજ નારી ગુમાવી ગુરૂ દુઃખીયો,
એક આંખ વિના વળી શુક્ર થયો;
રાહુથી કહું સત્ય શની બળીઓ,
ખુદ પાય ખરેખર તો ટલીઓ. ૫૮૮
રહે રાહુ દુઃખી ધડ વિણ બહુ,
નહિ કેતુતણું કદિ શીશ કહું;
ગ્રહને નડવે જન કષ્ટ કરો,
ઉરમાંહિ વિચાર જરા ન લહો. ૫૮૯
અરે એકથી એક નવે દુઃખીયા,
ગ્રહને નડવા ગ્રહ કોણ ગયા?
ઈલકાબ કહો ગ્રહને જો કદા,
કહે કાળું નવે ઉરમાંહિ સદા. ૫૯૦

વળી તેને માટે સિદ્ધકવીશ્વર શ્રીદલપતરામે એક છપ્પો એવો કહ્યો છે કે:—

રવિને શિર રિપું રાહુ, ચંદ્ર ક્ષય રોગી આપ;
મંગળ છે અંગાર, બુધ શિર કલંક છાપ;
ગુરૂએ ગુમાવી નારી, શુક્ર આંખે છે કાણો,
શની લુલો સર્વદા, રાહુ ધડ વિના ગણાણો;
વળી કેતુને તો ધડ નથી, એમ દુઃખીયા થયા,
ગ્રહ નડવાથી દુઃખ થાય તો, ગ્રહને ગ્રહો નડયા કયા? ૫૯૧

મતલબ કે એ સર્વ અજ્ઞાનતા મોહદૃષ્ટિ ને ક્ષુદ્ર વૃત્તિ છે, સુખ-દુઃખ કોઇ આપતું નથી. ખરૂં કહીએ તો એ નવ ગ્રહોજ આપણા

શરીરમાં છે, અને તે જુદાજુદા અવયવોમાં વાસ કરી પોતાનું કર્તવ્ય બજાવે છે. શરીરમાં નવગ્રહો કયા કયા સ્થાનમાં છે? અને પ્રાણીઓને કેવી રીતે સુખદુઃખ રૂપે પ્રવર્તાવે છે? તે વિષે કહ્યું છે કેઃ—

મનહર છંદ.

નથી કદિ ન્યારા નવ ગ્રહ, શાને દોડો દુર,
જુવોને વિચારી ધારી, દેહમાં દેખાય છે;
મન ગ્રહ ચંદ્ર સુર્ય, ચક્ષુ લોહી મંગળ છે,
ત્વચા તેમ બુધ ગુરૂ, હંસને લેખાય છે;
વળી છઠો શુક્રધાતુ, ફિકીને સ્વરૂપ શની,
રાહુ તે તો હાડ કેતુ, માંસને કહેવાય છે;
ઓળખી અંતરજ્ઞાન, ધ્યાન થકી શાંત કરો,
કષ્ટ નહિ આપે કાળું એવો એ ઉપાય છે. ૫૮૨

મતલબ કે એ નવેગ્રહો અંતરમાં છે, બાહ્ય જણાતા ગ્રહો કોઇને કાંઇ સુખદુઃખ આપતા નથી, એ તો પોતાના શુભાશુભ કૃત્યકર્મનું પરિણામ છે. પ્રાણીઓ જેવાં જેવાં કર્મ કરે છે, તેવાં તેને ફળ મળે છે. દેવદેવીની ઉપાસનાથી કાંઇ કર્મ ક્ષય થતાં નથી, પુણ્યજોગે કદાચ તે દેવો સુખ આપે, તો પણ તે સુખો ભાડુતી ઘર જેવાં છે, અમુક કાળે તો તેને તજવાં પડે છે. પણ તેઓ કાંઈ અબાધ નિર્બંધક શાશ્વત સુખો આપી શકતા નથી. પોતાની પાસેજ ન હોય તો તે બીજાને શું આપે? રાજા રંક પાસે રત્ન માગે તો તે કયાંથી મળે? આત્મા એક મોટો છત્રપતિ ચક્રવર્તી મહારાજા છે, પણ તે રંક તુલ્ય બની યત્રતત્ર ભીખતો ભટકે છે, પણ તેને પ્રભુ વિના કોણ સુખ બતાવે?

“ तिन्नाणं तारयाणं, बुधाणं बोहीयाणं, मुत्ताणं मोयगाणं ”

અર્થાત્ હે પ્રભુ! આપ સંસારસાગરથી તર્યા છો, અને જીવોને તારવા સમર્થ છો. આપ બુદ્ધ બન્યા છો, અને બુદ્ધ બનાવવા સશક્ત ને સમર્થ છો. આપ સંસારના ભીષણ–ભયંકર કેદખાનાથી મુક્ત થયા છો, અને અન્ય ભવ્ય ભક્તોને સંસાર કારાગ્રહમાંથી મુક્ત કરવા શક્તિવંત છો, એટલું તો ખરૂંજ છે, કે છુટેલ હોય તેજ અન્યને છોડી શકે માટે આપની પાસે હે દયાઘન પ્રભુ! અમો એટલુંજ પ્રાર્થીએ છીએ કેઃ—

રાગ ગઝલ.

દયાળુ દેવના દેવા, કરૂં તારી સદા સેવા;
 માગું હું મુકિતના મેવા, ટળે સહુ કર્મનાં દેવાં. ૫૯૩
પ્રભુ છે એક તું સાચો, જગતનો ઠાઠ છે કાચો,
 છતાં હું મોહમાં રાચ્યો, નહિ તારો સુપંથ જાચ્યો. ૫૯૪
નથી મારા સમો પાપી, મતિમેં પાપમાં થાપી;
 અભય પદ મુજને આપી, કરો આ રંક નિષ્પાપી. ૫૯૫
નથી આધાર કો મારે, ભયંકર દુઃખ સંસારે;
 પ્રભુ વિના ન કો તારે, પ્રભુ વિના ન ઉગારે. ૫૯૬
ઠગાયો ઠાઠમાઠોમાં, ન ધાયો પુણ્યપાઠોમાં;
 ભરાયો કર્મકાઠોમાં, રમાયો પહોર આઠોમાં. ૫૯૭
કીધાં છે મેં મહાપાપો, પ્રભુ તેની ક્ષમા આપો;
 મતિ સન્માર્ગમાં થાપો, શમાવો શોક સંતાપો. ૫૯૮
ન હું ધન ધામને માગું, સદા સુપંથમાં જાગું,
 ન તારા પ્રેમને ત્યાગું, પ્રભુ હું એ સદા માગું. ૫૯૯
જપુ હું આપના જાપો, મિટે સર્વે પરિતાપો;
 સુબુદ્ધિ સર્વદા આપો, કુટીલ જંજાળને કાપો. ૬૦૦
ભણે ને સાંભળે ભાવિ લહે તે મોક્ષની ચાવી;
 પ્રભુની પ્રાર્થના ગાવે, વિનયમુનિ ભલે ભાવે. ૬૦૧

તો હે પરમકૃપાળુ પ્રભુ! અમારાં જન્મ, જરા અને મરણનાં ત્રણ દારૂણ દુઃખો કાપીને અમને આપનું નિર્ભયપદ આપો. કારણ કે બીજાં સર્વ સંસારી સુખો તો આ જીવાત્મા એક વાર નહિ, પણ અનંત વાર ભોગવી ચુક્યો છે. આ ચૌદ રાજલોકને વિષે એવું કોઇ પણ સ્થાન નથી, કે જેમાં આ જીવાત્મા ઉપજી આવ્યો ન હોય,

ગાથા.

न साजाइ न साजोणी । नतं ठाणं नतं कुलम् ॥
न जाया न मुवाजत्थ । सव्वे जीवा अणंतसो ॥२५४॥

અર્થાત—એવી કોઇ જાતિ નથી, એવી કોઇ યોનિ નથી, એવું કોઇ સ્થાન નથી, એવું કોઇ કુળ નથી, કે જેમાં આ જીવે જન્મ-મરણ ન કર્યાં હોય. તે તે સ્થાનમાં સુખ પણ ઘણું ભોગવ્યું, અને દુઃખ પણ અપાર ભોગવ્યું છે. પણ તે સર્વ સુખદુઃખ ભાડુતી ઘર

જેવું છે, આયુષ્ય પૂર્ણ થયે એનું પુનરાવર્ત્તન થયા કરે છે. જન્મ અને મરણ એના જેવું એકે મહાદુઃખ નથી, તે દુઃખોથી આ જીવાત્માને અનંત કાળ થયાં ભટકવું પડયું છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં શ્રી મૃગાપુત્રે પોતાની માતાને કહ્યું છે કેઃ—

ગાથા.

जम्म दुःखं जरा दुःखं । रोगाय मरणाणिय ॥
अहो दुःखो हु संसारो । जत्थ कि सांति जंतुणो॥२५५॥

અર્થાત—જન્મનું દુઃખ, જરાનું દુઃખ, અને રોગ તથા મરણનું દુઃખ મહા જબરૂં છે, અહો ! આખો સંસારજ દુઃખમય છે, માટે હે પ્રભુ ! એવા દુઃખથી મને સત્વર મુક્ત કરો. આપજ જગતમાં સાચા શરણભુત છો, દુઃખીનાં દુઃખ દુર કરનાર રંકના બેલી છો, ભુલા પડેલા ભ્રાંત જીવોને પવિત્ર પંથ બતાવી સન્માર્ગે દોરનાર છો, હું પણ આપની પાસે એજ માગું છું. સાંસારીક અનેક પ્રકારની વસ્તુઓ તદ્દન અસાર છે, આખરે તેને તજી દેઇ ચાલ્યું જવું પડે છે, માટે તે શરણભુત નથી, સહાયકારક નથી. પણ મનુષ્યોની મનોવૃત્તિઓ અસત્યમાં આસક્તિવાળી છે, તેથીજ લક્ષ્મી, પુત્રકલત્રાદિકની પ્રાપ્તિ માટે નાહક અનેક પ્રયત્નો કરે છે. વિવિધ પ્રકારની આશાથી બંધાયલા બાધા આખડીઓ રાખે છે, કેટલાએક કષ્ટી થઇ આયંબીલ કરે છે, અનેક દેવદેવીઓની ઉપાસના કરે છે, કેટલીક પ્રકારની ધર્મક્રિયાઓ પણ સંસારસુખની આશાએજ કરે છે. રવિવાર તથા મંગળવારની આયંબીલો તથા બીજી છઠઅઠમાદિક તપશ્ચર્યાઓ પણ સકામપણે કરે છે, પણ પ્રભુપદની પ્રાપ્તિ માટે આત્મોદ્ધાર કાજે તેટલી મહેનત દીલ દઇને એકાગ્રચિત્તે કરતા હોય એવા તો ભાગ્યેજ જોવામાં આવશે; એજ મોહનીય કર્મની નીશાની છે. ધર્મને બહાને કરાતી અનેક મિથ્યા કરણીને સમકીત મોહનીય મિથ્યાત્વ કહેવામાં આવે છે, પરસ્વરૂપમાં પ્રીતિ અને સ્વસ્વરૂપમાં અપ્રીતિ તથા અનાસક્તિનું એ પરિણામ છે. શાસ્ત્રમાં (૧) બહિરાત્મા (૨) અંતરાત્મા (૩) પરમાત્મા એમ ત્રણ પ્રકારના આત્મા કહેલા છે. સંસારના મોહમુગ્ધ મનુષ્યો તો બાહિરાત્મામાંજ રચ્યાપચ્યા રહે છે. બહિરાત્માનાં લક્ષણ એવાં કહ્યાં છે કેઃ—

દુહો.

પુદ્ગલસું રાતો રહે, જાણે એહ નિધાન;
તસ લાભે લોભ્યો રહે, સો બહીરાત્મ પ્રમાણ. ૬૦૨
સ્વાર્થ માટે સર્વદા, કરે કર્મ અપાર;
દયા ન આણે દિલમાં, થાય ન આત્મવિચાર. ૬૦૩

માટે કેટલાએક મોહમુગ્ધ મનુષ્યો સાંસારીક સુખની આશાઓ પૂરી પાડવા વિવિધ દેવદેવીઓને આરાધે છે, વિવિધ માનતાઓ માની બલિદાન ચડાવે છે ભેટો કરે છે, પછી રાંકા થઈ તેમની પાસે ઈષ્ટ વસ્તુની પ્રાર્થના કરે છે. પણ એ સર્વ ભ્રાંતિ છે, હજી તે દેવો અને દેવીઓ પણ મનુષ્યોની ભેટની આશા રાખે છે, ભેટ કરવામાં અથવા માનતા પૂરી કરવામાં અથવા નૈવેદ્યાદિક વસ્તુઓ ધરવામાં જો કાંઇ પણ ખામી આવી ગઇ હોય–કુડું પડયું હોય ભુલચુક થઇ ગઇ હોય, તો ઉલટા તેને મહાસંકટમાં ઉતારી મુકે છે અને ઘણો હેરાન કરે છે. શરીરમાં પ્રવેશ કરી ધુણાવેધકાવે છે, અને થયેલી ભુલના બદલામાં બમણોતમણો બદલો માગી લે છે. માટે તેઓજ હજી કેટલીક આશામાં પડી ડુબી ગએલા છે, તે દેવો પારકાની–તમારી આશા કેમ પૂર્ણ કરે વારૂ ? તેને માટે કહ્યું છે કેઃ—

ભુજંગી છંદ.

પડયા મોહના પાશમાં જેહ પ્રાણી,
શુદ્ધ તત્વની વાત તેણે ન જાણી;
મનુજન્મ પામી વૃથા કાં ગમો છો,
જૈનમાર્ગ છાંડી ભુલા કાં ભમો છો ? ૬૦૪
કોઇ દેવ હાથે હશે ચક્રધારા,
કોઈ દેવ ઘાલે ગળે રૂંઢમાળા;
કોઇ દેવ ઉત્સંગ રાખે છે વામા,
કોઇ દેવ સાથે રમે વૃંદરામા. ૬૦૫
કોઇ દેવ જપે લહી જપમાળા,
કોઇ માંસભક્ષી મહાવિકરાળા;
કોઈ જોગીણીભોગીણી ભોગરાગે,
કોઈ રૂદ્રાણી છાગનો હોમ માગે. ૬૦૬
ઇષા દેવતણી જેહ આશ રાખે,

તેહ મુક્તિના સુખને કેમ ચાખે;
યદા લોભના થોભનો પાર નાવ્યો,
તદા મધનો બિંદુવો મન ભાવ્યો. ૬૦૭
ઈર્ષા દેવતા આપણી આશ રાખે,
તેહ પીંડને મનશું લેઇ ચાખે;
દિનહીનની ભીડ તે કેમ ભાંગે,
ફુટયો ઢોલ હોયે કહો કેમ વાગે ? ૬૦૮
અરે મૂઢ ભ્રાતા ભજો મોક્ષદાતા,
અલોભી પ્રભુને ભજો વિશ્વખ્યાતા,
રત્નચિંતામણી સારીખો એહ સાચો,
કલંકી કાચના કુંભ શું મતિ કાચો. ૬૦૯

માટે વિવેકી પુરૂષોએ જૂઠ—અસત્યમાં નહિ રાચતાં અક્ષયમોક્ષલક્ષ્મીને માટે અહર્નિશ પ્રભુનીજ ઉપાસના કરવી, તેને માટે કોઇ કવિએ રાજાદિકની ઉપાસના સેવા કરનાર દ્રવ્યાભિલાષી કવિઓ પ્રત્યે ઉપાલંભ (ઠબકો) આપતાં કહ્યું છે કે:—

चित्तभू वित्तभू मत्तभूपालकोपासना वासना यासना ना भ्रमैः॥
साधुतासाधुता साधितासाधिता। किंतयार्चितया चिंतयामःशिवम्ः

અર્થાત—મદ અને મદનમાં મસ્ત બનેલા રાજાઓની ઉપાસના કરવા માટે નાના પ્રકારના પ્રયાસોના વિલાસવડે ઉત્તમ પ્રકારની સાધુતા નાશ થાય છે, અને નકામી માનસિક પીડાઓ ઉત્પન્ન થાય છે. માટે તેવા રાજાઓની સેવા કરી દ્રવ્ય મેળવવાની ચિંતાથી શું સર્યું ? અમે તો રાજરાજેશ્વર શિવપદની—મોક્ષપદનીજ ચિંતા કરીશું, કારણ કે રાજ્યની સેવા તો ઘણી વિષમ છે.

राजसेवा मनुष्याणामसिधारावलेहनम् ॥
पंचानन परिष्वंगो । व्यालीवदन चुंबनम् ॥२५७॥

અર્થાત—રાજાની સેવા કરી દ્રવ્ય મેળવી સુખ ભોગવવું, તે તલવારની ધાર ઉપર મુકેલાં મધબિંદુનો સ્વાદ લેવા જેવું તથા કેસરી—સિંહને ભેટવા જેવું છે. તથા વ્યાલી કહેતાં વાઘણ તથા નાગણને ચુંબન કરવા જેવુ છે. મતલબ કે તે જેમ કપરૂં અઘરૂં છે મહા દહણુ છે, તેમ રાજસેવાથી દ્રવ્ય મેળવવાનો ઉપાય પણ અતિ વિષમ

છે. માટે એવી ઉપાસના કરવા કરતાં તો નિરાબાધ મોક્ષલક્ષ્મી માટે અવિનાશી પ્રભુની સેવા કરી કૃતાર્થ થવું તેજ સર્વોત્કૃષ્ટ ને શ્રેયસ્કર છે. માટે હે પ્રભુ! અમો આપની સમક્ષ હાથ જોડી પ્રાર્થીએ છીએ કે અમોને આપનું પવિત્ર પદ આપો. તેના ઉપર કામદેવ શ્રાવકનું દૃષ્ટાંત.

(૧૧૦) ધર્મનિષ્ઠ ટેકવંત દૃઢનિશ્ચયી કામદેવ શ્રાવક.

પૂર્વે શ્રીમહાવીરસ્વામીના વખતમાં કામદેવ નામે કોઇ શ્રાવક હતો, તે ધર્મમાં ઘણોજ દૃઢ ચુસ્ત હતો. ઘરમાં લક્ષ્મી પુષ્કળ હોવાથી મોટો વૈભવી પુરૂષ હોવા છતાં દેવ ગુરૂ અને ધર્મ પ્રત્યે એવી તો દૃઢ લાગણી હતી, કે ગમે તેટલું કષ્ટ પડે તો પણ પોતાના ધર્મની ટેક જરા ન છોડે. એકદા એવું બન્યું કે પોતે પોષધવ્રત લઇને પોષધશાળામાં બેઠા છે. મન વાણી અને કાયાના શુભ જોગોને ધર્મધ્યાનમાં તલ્લીનપણે દૃઢાવી રાખે છે, કષાયરૂપી રાક્ષસો પોતાનો જ્ઞાનનિધિ-ભંડાર ખજાનો ન લુંટે તે માટે સદા સાવધાન વૃત્તિ રાખે છે, ત્રણ મનોરથનું ચિંતવન કરે છે. ખરેખર પોષધ એવોજ કરવો જોઇએ. આજકાલ પોષધવ્રત્તમાં કેવી ધમાલ ચાલે છે? કેટલી બધી પ્રમાદ ને પાખંડ પ્રવૃત્તિઓ પ્રવેશ કરી ગઈ છે, કોઇ વખત તો પોષધવ્રતમાં અન્યોઅન્ય મહા ભારે તોફાન થઇ જાય છે, પાથરવાના ઉપકરણ (બોરા)ને માટે કલેશ કજીઆ થાય છે, ગાળાગાળી પર આવે છે, અને પોષધમાં આત્માને જ્ઞાનથી પોષવાને બદલે પ્રમાદ, વિષય, કષાય, અશુભ જોગ, નિદ્રા વિકથા વગેરે પાપોથી પોતાના આત્માને પોષે છે તે ઘટિત નથી. પોષધ તો એવો કરવાનો શાસ્ત્રમાં કહ્યો છે કેઃ—

છપ્પો.

પોષો કીધેજે ભાવશું, આતમ વશ રાખી;
 જેમ કીધો દશ શ્રાવકે સુત્રની સાખી;
જતના કીધે જીવની, સૂક્ષ્મ ને બાદર;
 ધ્યાન ધરો નવકારનું, એવું વૃત્ત આદર;
ક્રોધ માન માયા તજી, સમતાનો રસ પીજીયે;
 પ્રકાશસિંહ વાણી વદે, કે આવો પોષો કીજીયે. ૬૧૦

આવોજ પોષો આત્માને વિશેષ પુષ્ટ કરનાર ને લાભકારી છે. કામદેવ શ્રાવક પણ આવોજ પોષો કરીને બેઠેલા છે. તે વખતે ઇંદ્રમહારાજે પોતાની દેવસભામાં તેની શુદ્ધવૃત્તિ અને ધર્મની ટેક માટે

ખરા પ્રેમપૂર્વક તેમનાં મુક્તકંઠે બેહદ વખાણ કર્યાં. તે સાંભળી સર્વ સભાના ધર્મનિષ્ઠ આસ્તિક દેવોએ તો માનપૂર્વક તે વચનો વધાવી લઈ પોતે પણ ઘણો ધન્યવાદ આપી ગુણાનુવાદ ગાવા લાગ્યા; અહો ધન્ય છે તેને! પણ તે સભામાંના એક દેવને કામદેવના ગુણ પ્રત્યે વિશ્વાસ આવ્યો નહિ, મનુષ્યોનાં મન ફેરવવાં તેમાં શું? તે તો મનખડા કહેવાય,એટલે મનુષ્યોનાં મન તો સદાય અસ્થિરજ સમજવાં, માટે તેની પરીક્ષા તો મારે અવશ્ય કરવીજ. "**વરને વરની મા વખાણે** તેમાં કાંઇ નવાઈ ન કહેવાય, એમ ધારી કામદેવશ્રાવકની ટેક તજવવા તે દેવ ત્યાં આવ્યો, અને ભયંકર દૈત્યનું રૂપ લઇ કઠોર વચનોનો વરસાદ વરસાવવા લાગ્યો. કામદેવ શ્રાવકે જાણ્યું કે જરૂર આજે કોઇ ઉપસર્ગ આવેલો જણાય છે, માટે જ્યાં સુધી આ ઉપસર્ગ શાંત ન થાય ત્યાં સુધી મારે સર્વ આહારપાણીના પ્રત્યાખ્યાન છે, એવો સંકલ્પ કરી ધર્મમાં દઢતા ધરી ને શુભભાવના ભાવવા લાગ્યા. દેવ પ્રથમ પિશાચનું રૂપ લઇને બીવરાવવા લાગ્યો, અને કહ્યું કે હે ધર્મધૂર્ત ! મહાઅધમાધમ ! હવે ઢોંગ કરવો છોડી દે, નહિ તો આજ તારૂં આવી બન્યું સમજવું. મુખથી બોલ કેઃ—"**મારો ધર્મ ખોટો છે.**" તો આ સર્વ સંકેલી ચાલ્યો જાઉં, નહિતો આજે તારૂં મરણ નક્કી છે, વગેરે ઘણું કષ્ટ દીધું, તે તેમણે સર્વ શાંતભાવે સહન કર્યું. પણ મુખથી "મારો ધર્મ ખોટો" એમ કહ્યું નહિ, તેવો સંકલ્પ સરખો પણ કર્યો નહિ, તેમ મનમાં જરા ક્ષોભ પણ ન થયો, હૃદયમાં હાયવોય ન થઇ, ઉલટું હૃદય અનિત્યભાવનામાં, અશરણભાવનામાં અને સંસાર ભાવના વગેરે બાર ભાવનામાં તલ્લીન થતું ચડતુંજ ગયું. પણ પોતાના ધર્મને વિષે લેશ પણ શંકા ઉપજી નહિ. તેમ "મારો ધર્મ ખોટો" એવું જીભે કહ્યું પણ નહિ, મનમાં વિચાર્યું પણ નહિ. કષ્ટમાં ધૈર્યતા ધારણ કરવી એ સત્પુરૂષોનું કર્ત્તવ્ય છે. એતો ખરૂંજ છે કે કુંદન સુવર્ણનીજ કસોટી થાય છે, પણ કસોટીપર ચડતાં સુવર્ણ પિત્તલ બની જતું નથી. પણ ઉલટું સુવર્ણમાં તેજસ્વીતાનો ગુણ વધતો જાય છે. તેમ તત્વજ્ઞ પુરૂષો આપત્તિમાં આવી પડતાં પોતાની સત્યતા તજી દેતા નથી, પણ ઉલટું સત્યતાને પ્રદિપ્ત કરવા ધૈર્ય ગુણ ધારણ કરે છે. તે વિષે કહ્યું છે કેઃ—

विपदि धैर्यमथा भ्युदये क्षमा ।

सदसिवाक् पटुता युधिविक्र ॥

यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ ।
प्रकृति सिद्धमिदं हि महात्मनाम् ॥ २५८ ॥

અર્થાત્—વિપત્તિમાં ધૈર્ય ધારણ કરવું, સંપત્તિના શુભ સમયમાં ક્ષમા, સભામાં વાણીની પટુતા, યુદ્ધમાં પરાક્રમ, યશની અનિચ્છા, અને શાસ્ત્રમાં વ્યસન, આ મહાત્માઓની સિદ્ધ થયેલી પ્રકૃતિઓ છે: તેથી ગમે તેટલું દુઃખ આવી પડે તો પણ પોતાની ધર્મટેક તે સત્વશીલપુરુષ છોડે નહિ.

सपदि विलयमेतु राजलक्ष्मी ।
सपदि पतंत्यथवा कृपाणधारा ॥
अपहरतु तरां शिरः कृतान्तः ।
ममतुमनो न मनाग पैतु धर्मात् ॥ २५९ ॥

અર્થાત્—ભલે રાજ્યલક્ષ્મી સત્વર નાશ પામો, અથવા ચળકતી તલવારની ધારાઓ મસ્તક ઉપર જોસબંધ પડો, અથવા યમરાજા મારા મસ્તકને ભલે છેદી નાખો, પણ ધર્મથી મારૂં મન જરા પણ ભ્રષ્ટ ન થાઓ. આપણા દૃષ્ટાંતનાયક પ્રાતઃ સ્મરણીય શ્રાવકવર્યને પણ સંકટ પડવામાં કાંઇ કચાશ રહી નહોતી. ચળાવવા આવેલા દેવે ધર્મટેક તજાવવા બહુ પ્રકારે ફાંફાં માર્યાં ઘણાએ સતત પ્રયાસો રચ્યા. પણ આખરે "કંચન કથીર નજ બન્યું." પણ ઉલટું કંચન તેજસ્વી થઇ વિશેષ ચળકયું.

છેવટે દેવે હારી બીજું હાથીનું રૂપ લઇ પરિસહ દેવા માંડયો. દંતુશળી છાતીમાં આરપાર ખેંચવા લાગ્યો, તો પણ તે ધીરવીર જરા ડગ્યા નહિ. ત્યારે દેવે વળી ત્રીજું ભુજંગનું ભયંકર રૂપ ધારણ કર્યું, અને ડંખ મારવા લાગ્યો, અસહ્ય વેદના ઉત્પન્ન થઇ, મરણાંત ઉપસર્ગ પ્રાપ્ત થયો. પણ ધર્મ ટેક તજવાનો સંકલ્પ સરખો પણ કર્યો નહિ. આખરે પોતે ધારેલી મુરાદમાં નાસીપાસ થયેલો દેવ થાકયો, ત્યારે છેવટે દેવરૂપે પ્રગટ થઇ હસ્તાંજળી કરી નમ્રતાપૂર્વક વંદન કરી સ્તુતિ કરતાં કહ્યું કે:—**धन्योसि त्वं महाभाग सफलं तव जीवितम्** હે ઉત્તમ સત્પુરૂષ! ધન્ય છે તને અને તારી ધર્મટેકને, તારૂં જીવિત સફળ છે. આવાં અસહ્ય સંકષ્ટો પડવા છતાં હે ધર્મવીર! ધર્મટેક તમે ન તજી,

રંચ પણ ન ચળ્યા. વાહવાહ! જેવાં ઇંદ્રમહારાજે દેવસભામાં વખાણ કર્યાં હતાં, તેવાજ આપ ટેકવંત નરરત્ન છો. આપની ટેક અને શ્રદ્ધાને કોટીશઃ ધન્યવાદ ઘટે છે, હવે આપના ઉપર હું અતિ પ્રસન્ન થઇ કહું છું કેઃ—"આપ મારી પાસેથી કાંઇક વરદાન માગો." આ સાંભળી કામદેવશ્રાવક બોલ્યો કેઃ—હે દેવ! તમો મારા પ્રત્યે સંતુષ્ટ થઇ કાંઇ ઇચ્છીત વરદાન માગવાનું કહો છો, તે ઘણી ઉત્તમ વાત છે. પણ મારે કાંઇ કામના—ઇચ્છા નથી, જેની ઇચ્છા છે તે તો હું પામ્યો છું. બાકી સર્વ વિનશ્વર પદાર્થો તો મને અરૂચીકર છે, પૌદ્‌ગલીક પદાર્થો તો આ જીવ અનંતવાર પામ્યો છે, પુણ્યોદયે પામે છે અને પામશે, પણ એક શ્રીવિતરાગભાષિત સદ્ધર્મજ પામવો મહામુશ્કેલ છે, તે પણ મને ગુરૂકૃપાએ મળ્યો છે. તે સિવાય અન્ય વસ્તુ ઉત્તમ નથી, અને અચળ પણ નથી, માટે તે મેળવવાની ઇચ્છા મને થતી નથી; હવે તો અક્ષય મોક્ષલક્ષ્મી મેળવવા માટે પ્રભુનીજ ઉપાસના કરૂંછું. પછી દેવે ઘણી નમ્રતાપૂર્વક કહ્યું કેઃ—अमोघं देवदर्शनम् ॥ તો પણ તેણે બીજું કોઇ પણ વરદાન માગ્યું નહિ. છેવટે દેવવંદન કરી સ્તુતિ કરતો સ્વર્ગે ગયો. ધન્ય છે આવા દ્દઢ ટેકધારી ધર્મનિષ્ઠ ઉત્તમ શ્રદ્ધાળુ ભક્ત પુરૂષોને!

રાગ બીભાસ.

જુઓરે જુઓરે જૈનો! કેવા વ્રતધારી?
  કેવા વ્રતધારી, તેને વંદના અમારી.—જુઓરે૰ એ ટેક.
જુઓ જુઓ જંબુસ્વામી, બાળાવયે બોધ પામી,
તજ્યું રાજ્યઋદ્ધિ જેણે, તજી આઠ નારી;
  તજી આઠ નારી, તેને વંદના અમારી. જુઓરે૰ ૬૧૧
ગજસુકમાળમુનિ, ધગે શિરપર ધુનિ,
અડગ રહ્યા તે ધ્યાને, ડગ્યા ન લગારી;
  ડગ્યા ન લગારી, તેને વંદના અમારી. જુઓરે૰ ૬૧૨
કોસ્યાના મંદીર મધ્ય, રહ્યા મુનિ સ્થુળિભદ્ર,
વેસ્યાસંગ વાસ્યો તોયે, થયા ન વિકારી;
  થયા ન વિકારી, તેને વંદના અમારી. જુઓરે૰ ૬૧૩
સતી તો રાજુલ જેવી, જગમાં ન જોડી એવી,
પતિવ્રત માટે કન્યા, રહી એ કુંવારી;
  રહી એ કુંવારી, તેને વંદના અમારી. જુઓરે૰ ૬૧૪
જનકસુતા જે સીતા, વરસ તો બારે વિત્યાં;

ઘણું દુઃખ વેઠયું તોયે, ડગ્યાં ન લગારી;
ડગ્યાં ન લગારી, તેને વંદના અમારી, જુઓરે૦ ૬૧૫
સતી કળાવંતી નામે, થયાં શંખપુર ગામે,
કર નિજ કાપ્યા તોયે, રહ્યાં ટેક ધારી;
રહ્યાં ટેક ધારી, તેને વંદના અમારી. જુઓરે૦ ૬૧૬
દુઃખડાં તો દીધાં દેવે, સહ્યાં એતો કામદેવે,
ઘણું દુઃખ વેઠયું તોયે, ડગ્યા ન લગારી;
ડગ્યા ન લગારી, તેને વંદના અમારી જુઓરે૦. ૬૧૭
ધન્ય ધન્ય તે નરનારી, એવા દૃઢ ટેકધારી,
જીવિત સુધાર્યું જેણે, પામ્યા ભવ પારી;
પામ્યા ભવ પારી, તેને વંદના અમારી. જુઓરે૦ ૬૧૮

શેઠ સવારમાં પોષધવ્રત પારી શ્રીમહાવીરપ્રભુને વંદના કરવા ગયા, વાંદી યથાયોગ્ય સ્થાને ઉપદેશ શ્રવણ કરવા બેઠા. શ્રીવીરપ્રભુએ પણ પોતાની પરિષદમાં કામદેવશ્રાવકનાં બહુ વખાણ કર્યાં, ચારે તીર્થને રાત્રીના ઉપસર્ગની વાત કહી સંભળાવી. ધન્ય છે આવા નરવરોને! કે સંકટમાં પણ ધર્મટેકને તજી નહિ, દેવ પ્રસન્ન થયો છતાં કોઇપણ વસ્તુ ન ઇચ્છી કે માગી અને પોતાની ટેકમાં અડગ ને અચળ રહ્યા.

આ વચનો સાંભળી સર્વ શ્રોતાજનો ઘણાજ ખુશી થયા, અને તેના જેવી દૃઢ ટેક ધારણ કરવા હૃદયોને સતેજ બનાવ્યાં. કામદેવ શ્રાવક ખુદ મહાવીરપ્રભુએ આટલાંબધાં વખાણ કરવા છતાંપિ જરાપણ મનમાં અભિમાન ન લાવ્યા. અહો! ધન્ય છે મહાપુરૂષોની નિરાભિમાની નિષ્કામ મનોવૃત્તિને! ક્ષુદ્ર મનુષ્યો તો પોતાનાં કોઇ સહજ વખાણ કરે, એટલે ફુલીને ફાળકા જેવા બની જાય છે. પણ આ નરોત્તમના મનમાં અભિમાનરૂપી ઝેરી સર્પનો જરા પણ ડંખ ન થયો, ગર્વથી હૃદય ન લીંપાયું, અને પોતાની ટેકમાં વિશેષ અચળ બનવા હૃદયને મજબુત બનાવ્યું. પછી મહાવીરપ્રભુને વંદન તે કરી સ્વસ્થાને ગયા પોતાનું શેષ આયુષ્ય ઉત્તમ સત્કાર્યોમાં ગાળ્યું. શુભભાવનાથી હૃદયને ભરપુર ભરી શાંતભાવે આખરે મોક્ષલક્ષ્મીને વર્યા.

આ દૃષ્ટાંતનો સાર એ છે, કે મોક્ષાભિલાષી દૈવી જીવો હોય છે, તે ગમે તેટલાં દેવ મનુષ્ય અથવા તિર્યંચ તરફનાં મહાસંકટો આવી પડે, તો પણ ઢીલા થઇ પોતાની અચળ ધર્મટેકને ચંચળ બનાવતા નથી. પણ અસ્થિર મનના મનુષ્યોની ધર્મટેક કાંઇક સંકટાભાસ થતાંજ

પોપટીઆ રંગની પેઠે ક્યાંઇ ઉડી જાય છે, અથવા લોભમાં તણાઈ અમુક આશાને લીધે ધર્મટેકને ટોલ્લો મારી ઉડાવી દેછે—વીસારી મુકે છે.

(૧૧૧) લોભી લાલચુ ને ધર્મઠગ વણિકની શઠતાની વાત.

દૃષ્ટાન્ત તરીકે—એક વણિક કોઇ એક ધર્મગુરૂ પાસે " કોઇની પણ રજા લીધા વગર મારે કાંઇ પણ વસ્તુ લેવી નહિ " તેવી બાધા લેઇ ઘેર આવ્યો. પોતે ગરીબ સ્થિતિનો હોવાથી ગામડાગોઠડામાં ફરી કોથળાનો ધંધો કરી રળી ખાતો હતો. તેલ, મરચું, મરી મશાલો વગેરે વેચી કુંટુંબનું પોષણ કરી ગુજરાન ચલાવતો હતો. ખરેખર ગરીબ સ્થિતિ મહા દુઃખદાયી છે ! એકદા જમીને વેચવાનો સામાન કોથળામાં ભરીને તે ગામડે જવા નીકળ્યો. બે ગાઉને આશરે ગયો ત્યાં રસ્તામાં એક આંબાનું સુંદર વૃક્ષ દીઠામાં આવ્યું, વસંતઋતુનો સમય હોવાથી તે આંબાનું વૃક્ષ પૂર્ણ રીતે ફાલ્યુંફુલ્યું હતું. કેરીઓ પાકેલી જોયાથી વાણીઆનું મન તે જોઇ લલચાણું, પણ પોતાને બાધા હોવાથી જરા વિચાર થયો, પણ લાલચને લીધે ગમે તેમ કરીને કેરીઓ લેવી તો ખરી, પણ રજા લીધા વગર કેમ લેવાય ? અને તાકડે આંબાનો રખવાળ પણ બપોરનો વખત હોવાથી જમવા ગયો હતો. કદાચ હોય તો કાંઇ રજા માગવાથી કેરીઓ આપે ખરો કે ? અર્થાત્ નજ આપે. પછી કેરીઓ લેવાની લાલચે એક કપટકળાવાળી યુક્તિ યોજી કે આપણે રજા વિના લેવાની બાધા છે, પણ આ આંબાની રજા લઇ હું કેરીઓ લઉં તો શું હરકત ? એમ કહી આંબા સામો ઉભો રહી બોલ્યો કે:—

"હે અંબસાર ! તું ફળ્યો અપાર; લઉં બે ચાર, લેને દશ બાર."

આ દોહરાનો અર્થ એ નીકળે છે, કે વાણીઓ આંબા પ્રત્યે બોલે છે કે, હે આંબા ! તું બહુ સારો ફળ્યો છું, માટે બે ચાર કેરીઓ લઉં ? એ પ્રમાણે પ્રશ્ન તરીકે પોતે પુછયું, અને પોતેજ તેના ઉત્તર તરીકે જાણે આંબોજ ઉત્તર આપતો હોય નહિ એમ બોલ્યો કે, ભલે લેને દશબાર આ પ્રમાણે જાણે આંબા તરફથી પોતાને આજ્ઞા મળી ચુકી હોય નહિ એમ માની તે ઉપર ચડયો, અને પાંચ પચીશ કેરીઓ તોડી હેઠે ઉતરી કોથળામાં નાખી ચાલતો થયો. બીજે દિવસે પણ તેજ રસ્તેથી નીકળ્યો, અને કેરીઓ જોઇ મન લલચાણું લોભને લીધે ઉપરનો દોહરો બોલી બાધાના દોષને નહિ ગણતાં ઉપર ચડી કાલની જેમ પાંચપચીશ કેરીઓ તોડી કોથળામાં નાખી ચાલતો

થયો. આ પ્રમાણે ઇરાદાપૂર્વક જાણીબુઝીને રોજ તે રસ્તેથી નીકળે, અને હંમેશના નિયમ પ્રમાણે દોહરો બોલી કેરીઓ લેઇ જાય. રખવાળની ગેરહાજરીને લીધે પાંચપચીશ દિવસ તો આ પ્રમાણે ચાલ્યું, પણ વાણીયાએ લોભને લીધે પાછું વાળી વિચારજ કર્યો નહિ, કે આનું પરિણામ શું આવશે? ખરેખર લોભ તેવોજ છે. તેને માટે શ્રીદલપતરામ કવિએ કહ્યું છે કેઃ—

દુહો.

લોભે લાજ ઘટે ઘણી, લોભે પ્રભુ પ્રતિકુળ;
લોભે લક્ષણ જાય છે, લોભ પાપનું મૂળ. ૬૧૯

ભુજંગી છંદ.

ઘણા લોભથી તો ઘણું કષ્ટ થાશે,
  ઘણા લોભથી લાજ લેતાં લુંટાશે;
ઘણા લોભથી તો પડે ભીડ ભારે,
  અરે લોભનો થોભ રાખો લગારે. ૬૨૦
ઘણા લોભથી સત્યતા સર્વ છૂટે,
  ઘણા લોભથી મિત્રતા છેક તૂટે;
ઘણા લોભથી ધર્મને દૂર ધારે,
  અરે લોભનો થોભ રાખો લગારે. ૬૨૧

પેલો વાણીઓ અતિ લોભમાં તણાયો, પણ પાપથી કે રખવાળથી જરા ભય પામ્યો નહિ. તો આખરે તેનું પરિણામ એ આવ્યું કે, આંબાનો રખવાળ હંમેશાં આંબામાંથી કેરીઓ ઘટતી હોવાથી વિચારમાં પડયો કે આ શું? રોજ કેરીઓ કોણ લઇ જતું હશે? ખરેખર બપોરે મારી ગેરહાજરીમાં કોઈ હરામખોર માણસ આ ચોરીનું કામ કરતું હશે. પછી તેનો ચોર પકડવા વળતે દિવસે તે આંબાના વૃક્ષના થડની પોલારમાં ગુપ્તપણે સંતાઇ બેઠો. હવે પેલા લોભી વાણીએ હંમેશના નિયમ પ્રમાણે ત્યાં આવી દોહરો બોલી આંબાની આજ્ઞા માગી, કેરીઓ લેવા ઉપર ચડી પાંચ પચીશ કેરીઓ લેઈ કોથળામાં નાખી ચાલવા માંડયું. પેલા રખવાળે આ બધું જોયું, મનમાં ઘણો ખેદ અને આશ્ચર્ય પામ્યો, ઠીક આજ તો જવા દો, કાલે વાત–એમ કહીને વાણીઓ ગયા પછી તે ઘેર આવ્યો. અને સુતારને ત્યાં જઇ એક ખેરના લાકડાનો ધોકો કરાવ્યો, તેને બગલમાં સંતાડી બીજે દિવસે તે પોલાણમાં સંતાઇ બેઠો. વાણીઓ આવી હંમેશના નિયમ મુજબ

આંબા પાસે આજ્ઞા માગવાનો દોહરો બોલ્યો, અને જેવો ઉપર ચઢવા જાય છે, તેવામાં એકદમ આંબાનો રખવાળ બહાર નીકળી કહેવા લાગ્યો કે:—અલ્યા વાણીઆ! ઉભો રહે, શું કરે છે? ક્યાં જાય છે? અને હમણે તું શું બોલ્યો હતો વારૂં? વાણીઓ મનમાં ચેતી તો ગયો, કે જરૂર આજે ભોગ મળ્યા, ઘણા દિવસે આજ પકડાઇ ગયા. પણ ફીકર નહિ, હમણા ચપટીમાં સમજાવી દઉં છું—એમ વિચારી બોલ્યો કે ભાઇ! મારે બાધા છે કે કોઇ પણ ચીજ કોઇની રજા સિવાય લેવી નહિ. માટે આ આંબા પાસે આજ્ઞા માગીને હું તે હા પાડે છે, ત્યારેજ કેરીઓ લઉં છું—એમ કહી પેલો દોહરો બોલ્યો. દોહરો સાંભળી આંખો લાલચોળ કરી મનમાં ખેદ પામતો રક્ષક બોલ્યો કે:—અલ્યા! તારે નિયમ છે તેમ મારે પણ નિયમ છે, સાંભળ! એમ કહી પેલો ખેરનો ધોકો બહાર કાઢી હાથમાં લઇને તે ધોકા પ્રત્યે બોલ્યો કે:—

" હે ખેરસાર! તને ઘડયો સુતાર; દઉં બેચાર, દેને દશબાર. "

જો ભાઇ! આ ધોકાની મેં આજ્ઞા માગી, મેં તો ફક્ત તને મારવા માટે બેચાર ધોકા માટેજ આજ્ઞા માગી, પણ આ તો ઉદાર દીલથી દશબાર ધોકા મારવાની આજ્ઞા આપે છે. માટે હે લુચ્ચા! ધર્મધૂર્ત! પ્રપંચી! તારી ધૂર્તતાનો બદલો તને હવે અવશ્ય મળવોજ જોઇએ. કહ્યું છે કે:—" शठं प्रति शाठ्यं कुर्यात् । आदरं प्रति चादरं ॥ "

અર્થાત્—શઠની સાથે શઠતા અને સરલ જન સાથે સરલપણું રાખવું—એમ કહીએ હરામી ચોર વાણીઆને તે ધોકા વડે ખુબ માર્યો, સર્વ પડાવી લુંટી લીધું અને ખુબ ગાળો ચોપડાવી તેના ધર્મઢોંગીપણાના લક્ષણને અને આવી કપટી બાવાને માટે તેને ખુબ ધિક્કાર્યો.

મતલબ એ છે કે જ્યાં કપટભાવે આવા નિયમો લેવામાં આવતા હોય, અને જેનાં મન ગાડાના પૈડાની માફક ફરતાં હોય, તેવા પુરૂષો અડગ ધર્મટેકમાં બિલકુલ ટકતા નથી; પણ કાંઇક લાભને વિષે, અથવા સંકટમાં સપડાતાં તે ધર્મટેકને તુરત તજી દે છે. તેથી હે પ્રભુ! સંસારસુખમાં આસક્તિ પામનાર મોહમુગ્ધ—મનુષ્યો આપની પરમપવિત્ર ભક્તિને તથા આપના સર્વોત્તમ પદને મેળવવા ભાગ્યશાળી બનતા નથી. તો હે પ્રભુ! અમો અનાથ આપની સમક્ષ બીજી કોઇ પણ સંસારી વસ્તુ નહિ યાચતાં ફક્ત સંસારમુક્ત થવાની અને આપના પવિત્રપદને મેળવવાનીજ પ્રાર્થના કરીએ છીએ. (૫૯)

માલિની છંદ

જીનવર જય આપો કર્મનાં કષ્ટ કાપો,
સુખકર પ્રભુભક્તિ અર્પીને ભકત સ્થાપો;
ભવભય હરવાને ભાવના શુદ્ધ દેજો,
શિવ સુખદ અમારી પ્રાર્થના ચિત્ત લેજો. ૬૨૨

पर्णादि पूर्णे पृथुपादपे च ।
ल्पमेत्य क्रीडंति शकुंतका वै ॥
वात्या दि येनास्त तेते हि तस्मिन् ।
गच्छंति तूर्णं च यथाऽऽगतात्र ॥१००॥

नरि श्रियाशालिनि संश्रयंति ।
संबंधिवर्ग्या निखिलास्तथैव ॥
आपत्ययोधौ पतिते हि तस्मिन् ।
यदृच्छया हंत तमात्यजंति ॥१०१॥

અર્થ—આ લોકમાં પાંદડાં ડાળી શાખા પ્રતિશાખા ફળફુલ વગેરે યુકત મોટા અને ઘટાવાળા કોઇ સુંદર વૃક્ષને વિષે નાના પ્રકારનાં પક્ષીઓ ભેળાં થઇને ક્રીડા-ગમ્મત–કલ્લોલ કરે છે, પણ તેજ વૃક્ષ વાયરાથી કે બીજા કોઇ પ્રકારથી પડી જાય છે, તો તે સઘળાં પક્ષીઓ તે ઝાડને તજી ચાલ્યાં જાય છે. તેમ આ લોકમાં પુરૂષ પણ લક્ષ્મીવડે કરીને શોભતો હોય, ત્યાં સુધી સર્વે સગાં વહાલાં તેનો આશ્રય લે છે, તેને સપ્રેમ વળગ્યાં રહે છે,

પણ તે પુરૂષ કોઇ દૈવયોગે આપત્તિમાં આવી પડે છે,
ત્યારે તે સર્વ સગાં સ્નેહી સંબંધીઓ તેને તજી દે છે.
૧૦૦–૧૦૧ યુગ્મ.

ભાવાર્થ—આ સંસાર ખરેખર સ્વાર્થથીજ ભરેલો છે, જ્યાં જોઇએ ત્યાં મતલબનીજ યારી રહેલી છે. ધનવાનને સર્વ કોઈ માન આપે છે, નિર્ધન એટલે લક્ષ્મી વગરના લપોડ ને ગરીબ માણસને કોઈ બોલાવતુંએ નથી. એ પણ એક સ્વાર્થતા નહિ તો બીજુ શું ? રોજ પક્ષીઓ ફળફૂલથી ભરેલાં વૃક્ષોનો આશ્રય લે છે, પણ એજ વૃક્ષ જીર્ણ થઇ જઇ પડી જાય છે, અથવા સુકાઈ જઇ ફળફુલ આવતાં બંધ પડી જાય છે, ત્યારે તે વૃક્ષનો આશ્રય તજી પંખીડાં બીજે ચાલ્યાં જાય છે. તેમ ધનવાન પુરૂષોનો આશ્રય સર્વ કોઇ લે છે, પણ તેજ પુરૂષ પછી લક્ષ્મીરહિત નિર્ધન ગરીબ થઇ જાય છે, ત્યારે સર્વ તેને તજી દે છે. અહો ! આવા આ સ્વાર્થીયા સંસારનેજ ધિક્કાર છે, કે જેમાં સર્વત્ર સ્વાર્થતાજ સર્વાંશે ભરી છે.

ખરેખર ! આ મનુષ્યજન્મ એક અમુલ્ય જવાહીર છે, પણ મુરખા તેને સ્વાર્થમાં અંધ બની તદ્દન નિષ્ફળ બનાવી દે છે. તત્વજ્ઞ પુરૂષો પોકારીપોકારીને કહે છે કે, આ મોંઘો મનુષ્યનો જન્મ ફરી ફરીને મળવો મુસ્કેલ દુર્લભ છે, માટે તેને સ્વાર્થમાં—અજ્ઞાનતાના ઘોર અંધકારમાં અથડાઇ ફોગટ ન ગુમાવવો, કાંઈ આત્મહિત કરવુંજ ઠીક છે. આ મનુષ્યજન્મ કાંઈ મોહમમત્વમાં કે સ્વાર્થમાં અંધ બની નિરર્થક ગુમાવવા માટે પ્રાપ્ત થયેલ નથી, પણ આત્માનો કાંઈ અભ્યુદય કરવાને માટે પ્રાપ્ત થયેલ છે. છતાં કાંઇપણ આત્મહિત ન કરતાં સ્વાથમાંજ પડયા રહે છે, તે ખરેખર બિલાડુ કાઢતાં ઉંટ પેસીજવા જેવુંજ થયું છે. તે વિષે કહ્યું છે કેઃ— **ઝુલણા છંદ.**

દુઃખથી છુટવા દેહ છેલ્લો ધર્યો,
વાત ભુલાય છે અજ્ઞભાવે;
કામ ને ક્રોધ ને લોભના પાશમાં,
દુઃખ છે તોય આનંદ આવે;
પાપમાં કર્મ બંધાય છે બેવડાં,
હાય હૈયું વળ્યું જાય હેઠું;
ઉદયને ઇચ્છતાં અસ્ત આવી ગયો,
“ મિંદડું કાઢતાં ઊંટ પેઠું. ” ૬૨૩

શાસ્ત્રની વાતને સાંભળે કોણ છે?
કોણ અભ્યાસનો ભેદ આણે?
શું સદાચાર તે વાત સમજે નહિ,
રાગ ને રંગમા ખૂબ માણે;
ઉપર શુભ દેખીએ માંહિ દુઃસંગ છે,
છંદમાં છાબડું છેક બેઠું,
ઉદયને ઇચ્છતાં અસ્ત આવી ગયો,
"બીલડું કાઢતાં ઊંટ પેઠું." ૬૨૪

અર્થાત—હે વહાલા આત્મા! તું જરા વિચાર કર, કે આ મનુષ્યનો દેહ કેવા અથાગ પુણ્યના ઉદયે મળ્યો છે? તો તેને કામ ક્રોધ લોભ મોહ મદ માયામાં મુગ્ધ બની મુદ્દે તરવાની વાતને કેમ ભુલી જવાય છે? સંસારમાં નાના પ્રકારનાં દુઃખો હરવખત આવ્યા કરે છે, છતાં પણ કાંઇ સત્ય તત્વ પ્રતે રૂચી ઉત્પન્ન થતી નથી, તો ખરેખર લાભને બદલે હાનિજ થાય છે, બિલાડી કાઢતાં ઊંટ પેસાડવા જેવું કરે છે.

(૧૧૨) ડોશીની કમબખ્તી! બિલાડું કાઢતાં ઊંટ પેઠાની વાત.

એક ગામમાં કોઇ વૃદ્ધ ડોશી રહેતી હતી,તે એકવખતે સવારના પહોરમાં વહેલી ઉઠી ઓશરીમાં આવી, તો ઓશરીમાં એક બિલાડું મરી ગયેલું જોયું. ડોશીએ તે જોઇ વિચાર્યું હવે શું કરવું? સવારે લોકોને ખબર પડશે, તો ઢેડને બોલાવવો પડશે, અને નકામા ઉપ-ડામણના બે ચાર પૈસા ખરચવા પડશે, માટે લે ને હુંજ એક ટોપલામાં સંતાડી ઉકરડે નાંખી આવું, હજુ અંધારૂ છે એટલે કોઈ ભાળશે નહિ, ને બેચાર પૈસા ઉપડામણીના ઉગરશે.

પછી તરતજ સાડલો બદલી એક ટોપલામાં તે બિલાડાના મુડ-દાને નાખ્યું, ને ઉપર કચરો પુંજો ભરી તેને ઢાંકી દીધું પછી ડેલાનાં કમાડ ઉઘાડીને નાંખવા ચાલી,પણ જતાં ડેલાનાં કમાડ પાછાં વાસ્યાં નહિ, હમણાંજ નાંખી ચાલી આવીશ એમ ધારીને ગઇ. તેટલામાં તે ગામમાં એક ઉંટ કેટલાક દિવસથી માંદુ ફરતું હતું, તે ઉંટ ફરતુંફરતું ત્યાં આવ્યું, ડેલો ઉઘાડો દેખી તેમાં પેઠું, પણ પેસતાંજ વચમાં ખોડેલા એક લાકડાના ખીલાની ઠોકર વાગતાં બિચારૂં ઊંટ એકદમ પડી ગયું. અને થોડા વખતમાં મરણ પામ્યું.

હવે પેલાં ડોશીમા જે બિલાડુ નાંખવા ગયાં છે, તે નાંખીને પાછાં

વળ્યાં, મનમાં હરખાતાં જાય છે કે ઠીક થયું બે પૈસા ઉગર્યા. જરા નાહી નાખીશું એટલે આભડછેટ જતી રહેશે, ને કોઇને આની ખબર પણ નહિ પડે; એમ હરખાતીહરખાતી પોતાને ડેલે આવી. જ્યાં ડેલામાં આવી જુવે છે, ત્યાં તો ડેલા વચ્ચેજ ઊંટ મરેલો જોયો.મનમાં ઘણોજ અચંબો પામી ડોશી બોલી ઉઠી કેઃ–હાય બાપ! આ શું? આ ઊંટ ક્યાંથી આવ્યું.? અરેરે! આ તો "બિલાડું કાઢતાં ઉંઠ પેઠું!" હવે શું કરવું? મીંદડાને તો ટોપલામાં સંતાડી છાનીમાની ઉકરડે નાખી આવી, પણ આ ઊંટ કેમ ઉપડશે? જરૂર તેને કાઢવાનો ખર્ચ કરવો પડશેજ, ખરેખર મેં મૂર્ખીએ બેપૈસાના બચાવ માટે બાર આનાની ઉઠાડી. પછી ઘણો અફસોસ ધરતી ચાર પાંચ મજુરો કરી ઊંટ ઉપડાવી બહાર નંખાવ્યું. અને જખ મારીને બાર આનાનો ખર્ચ પણ કર્યો.

મતલબ કે જેમ તે ડોશીને બિલાડું કાઢવા જતાં ડેલામાં ઉંટીયું પેસી ગયું, તેમ આ જીવના સંબંધમાં પણ તમારે એમજ સમજવું. અર્થાત્ મનુષ્યજન્મ પામી લાભ લેવા જતાં, ઉલટો ખોટના ખાડામાં ઉતરી ગયો, વચમાં લુંટારાઓએજ લુંટી લીધો. તે વિષે કહ્યું છે કેઃ–

દોહરો.

કામ ક્રોધ મદ લોભ એ, લુંટારા છે ચાર;
લુંટે દીવસ રાત તે, જ્ઞાન ધ્યાન સુવિચાર. ૬૨૫

અર્થાત્—જ્ઞાન ધ્યાન સદ્દવિચાર વગેરે ઉત્તમ સદ્દગુણોને કામ ક્રોધ વગેરે લુંટારાઓ રાતદહાડો લુંટયા કરે છે. આ જીવાત્માએ આ મનુષ્યગતિમાં જન્મ તો લીધો, પણ તેનાથી જન્મનું સાર્થક તો કાંઇ કર્યું નહિ. તે વિષે કહ્યું છે કેઃ–

ગઝલ કવ્વાલી.

રમ્યો તું સ્વાર્થની બાજી, ન રાજ્યા રંકને રાજી;
બગાડી હાથથી બાજી, ગયો આ જીંદગી હારી. ૬૨૬
ગરીબનાં કાળજાં બાળ્યાં, પીડાતાને ન પપાળ્યા;
ગમ્મતમાં વર્ષ સૌ ગાળ્યાં, ગયો આ જીંદગી હારી. ૬૨૭
પોતાના સ્વાર્થને માટે, ગરીબનાં શીરને કાટે;
પડયો તું પાપની પાટે, ગયો આ જીંદગી હારી. ૬૨૮
મનુષ્યની સાંપડી મ્હેડી, નડી આ મોહની બેડી;
વિસારી પુણ્યની કેડી, ગયો આ જીંદગી હારી. ૬૨૯
અનાડી લોભમાં અંધો, કપટનો ફેરવ્યો રંધો;

કીધો અધર્મનો ધંધો, ગયો આ જીંદગી હારી. ૬૩૦
કર્યાં કુકર્મ તેં ભારી, દયા ના દિલમાં ધારી;
ઉઘાડી નર્કની બારી, ગયો આ જીંદગીહારી. ૬૩૧

અર્થાત:—આ પ્રકારે અજ્ઞાનમાં અને સ્વાર્થમાં અથડાઇ ખરે હે જીવાત્મા! તું આ મહામોંઘી માનવજીંદગી હારી ગયો.

હે વહાલા મુમુક્ષુબંધુ! એટલું તો તું તારા મનમાં ચોકસ માનજે-વિચારજે, કે સંસારનાં નાના પ્રકારનાં સગાંસબંધીઓ છે, તે સઘળાં સ્વાર્થનાંજ સંગી છે, પાસે કાંઇ વત્ત હોય, તો તો સદા બહુ માનથી આદરસત્કાર કરે છે, કાયમ ખડાંનેખડાં હાજર રહ્યા કરે છે, પણ સ્વાર્થ સર્યો એટલે સર્વ તજી દે છે. જ્યાં ગળપણ હોય ત્યાં માખીઓ બહુ બમણે છે ને ગળપણ ગયું, એટલે માખીઓ પણ ઉડી ચાલી જાય છે, તેમજ આ જીવાત્માના સબંધમાં પણ સમજવાનું છે. તેવાજ હેતુથી જ્ઞાની પુરૂષો આ સંસારને અસાર કહે છે, સર્વ પદાર્થો ક્ષણ-ભંગુર અને ચંચળ છે. જોતજોતામાં તેનો ઝટ વિનાશ થઇ જાય છે. તે વિષે કહ્યું છે કે:— **માલિની વૃત.**

गगननगर कल्पं संगमो वल्लभाना ।
जलद पटल तुल्यं यौवनं वा धनं वा ॥
सुजन सुत शरीरादि नि विद्युच्चलानि ॥
क्षणिक मिव समस्तं विद्धि संसारवृत्तम् ॥ २६० ॥
जातस्य हि ध्रुवं मृत्यु । ध्रुवं जन्म मृतस्य च ॥
तस्मात् परिहार्येऽर्थे । नत्वं शोचितु मर्हसि ॥ २६१ ॥
दुर्लभं मानुषं प्राप्यं । हा मुधाये न हारितम् ॥
केवलं ध्यायते जंतु । रामा रामा धनं धनम् ॥ २६२ ॥

અર્થાત્—સ્રિયાદિકનો સમાગમ ગંધર્વનગર જેવો ખોટો છે, યૌવન અને ધન તે વરસાદનાં વાદળાં જેવું ક્ષણિક છે, સગાંસંબંધી પુત્ર કલત્ર પોતાનું શરીર વગેરે વિજળીના ચમકારા તુલ્ય ચંચળ છે. વિશેષ તો શું પણ આ સંસારના સર્વ પદાર્થો ક્ષણિકજ છે, એમ પ્રાજ્ઞ પુરૂષો પોકારીને કહે છે. વળી જન્મ્યો તેને મરવું પણ નિશ્ચે છે. અને મરણ પછી જન્મ પણ નિશ્ચે છે. માટે નાશવાન પદાર્થો પ્રત્યે અતિ મોહાસક્તિ ધારણ કરી જન્મ હારી જવો ન જોઇએ. આ દુર્લભ

મનુષ્યત્વ પામી તેને મુગ્ધ પ્રાણીઓ વૃથા હારી જાય છે, અને આખી જીંદગી સુધી નાહક ધનારામા ધનારામાના ઉંવામા કર્યા કરે છે. અર્થાત્ "ભજ કલદારં ભજ કલદારં" રટયાજ કરે છે, તેનાજ વિચારો અને તેનુંજ ચિંતવન સદાકર્યા કરે છે. અને મન સાથે માને છે કેઆ સર્વ ધનમાલ કુટુંબકબીલો વગેરે સર્વ મારાં છે, હું તેનો છું એ પ્રમાણે મોહપાશમાં સખ્ત બંધનથી બંધાઈ ફસાઇ જાય છે.

પણ મૂઢ એટલું એ વિચારતો નથી, કે આ અવની ઉપર લાખો કરોડો મારી પહેલાં થઇ ગયા છે, તો કોઇની સાથે પૃથ્વી ગઇ નથી, ધન ગયું નથી સ્ત્રિ પુત્ર વગેરે સગાં પણ સાથે ગયાં નથી; જર જમીન ને જોરૂ સર્વ અહીંજ મુકીને તેઓ સર્વ ચાલ્યા ગયાછે. જેમ મુસાફરીએ ગયેલા કોઈ વટેમાર્ગુને ઉતરવા માટે કોઈ ધર્મશાળામાં કે મુસાફરી બંગલામાં બે દિવસ ઉતરવા માટે રજા મળે છે, પણ તેમાં કાયમ રહી શકાતું નથી; તેમ આ સંસાર પણ એક મુસાફરખાનુંજ છે. તે વિષે કહ્યું છે કેઃ-

—શાણા સમજુને સદ્બોધ.—

સંસાર સમજી લે શાણા ! મુસાફરખાનું;
 કોઇ નથી ટકયું કોઇ નથી ટકવાનું. ટેક.
 શાણા મુસાફરખાનું, સંસાર૦ ૬૩૨
દૂર દેશ તારો પ્યારા ! અરે પરદેશી !
 કાલે સવારે ઊઠી તારે તો જવાનું. શાણા૦ ૬૩૩
સગાં ને સંબંધી તારાં, પંખીનો મેળો,
 મારૂં જેને માન્યું તે તો ન્યારૂંજ થવાનું;
 શાણા મુસાફરખાનું. સંસાર૦ ૬૩૪

અહાહા ! કેવો સરસ બોધ છે, મોહમુગ્ધો માટે કેવો સરસ જ્ઞાનફટકો છે ? અને સમજુ શાણા માટે કેવી અપૂર્વ ચેતવણી છે ? બંધુઓ ! એટલું તો ચોકસ યાદ રાખજો કે આપણે એક મુસાફરખાનામાંજ આવી બેઠા છીયે, તેને આપણું માની બેસવાનું નથી, તે મુસાફરખાનું અવસ્ય એક વખત તજી દેવું તો પડશેજ, કાળે કોઇને મુકયા નથી; તેમ કોઇને મુકશે પણ નહિ. મૃત્યુ ક્યારે આવશે અને કેવી રીતે આવશે, તેની કોઇને કંઇ પણ ખબર નથી. પણ કાળ ઓચિંતો આવી નિશ્ચે જરૂર પકડશે. તે વિષે કહ્યું છે કેઃ-

રાગ ગરબીનો.

ઘડી એક તણો વિશ્વાસ શ્વાસનો નાણોરે;
અણચિંત્યો આવશે કાળતણો તે આણોરે. ૬૩૫
જેમ તેતર ઉપર બાજ, મચ્છને બગલોરે;
તારી નવલ સુરંગી દેહ, કરી દેશે ઢગલોરે. ૬૩૬
જેમ તોરણ આવ્યો વૃંદ, પાછો ન વળશેરે;
તારાં સગાં કુટુંબ પરિવાર સહુ ટળવશેરે. ૬૩૭

મતલબ કે ઓચિંતાજ કાળ આવી પકડશે, માટે આ દેહનો ક્ષણવાર પણ ભરોસો કર્યા જેવું નથી. ક્ષણ વારમાં નાશ થતા આપણે ઘણાને જોઇએ તથા સાંભળીયે છીએ, તેમ સાંભળ્યા પણ છે, અને નજરે પણ દીઠા છે. તે સંબંધે એક હૃદયભેદક ખરો બનાવ થોડા કાળ ઉપર એક ગામમાં બનેલો હતો, તે અત્રે પ્રસંગોપાત લખીયે છીએઃ-

(૧૧૨) કર્મ સંયોગે કાળનો ભોગ થઇ પડેલા છોકરાની વાત.

એક ગામમાં કેટલાક વર્ષ ઉપર ભારે દુકાળ પડયો હતો, તે વખતે પોતાની રૈયતના નિભાવ માટે તે ગામના દરબારશ્રીએ બાંધકામ કાઢયું હતું, અર્થાત તળાવ ખોદવાનું શરૂ કર્યું, તેમાં ઘણા દાહાડીઆઓ કામ કરતા હતા. તેમાં એક ગરીબ છોકરો પણ માટીના ટોપલા ભરી સહુની સાથે તે તળાવની પાળે નાંખવા જતો હતો. તે પાળ પાસે ઓરડીનું જાળું હતુ તેમાં એક મોટો અજરાયલ સર્પ નાગ બેઠેલો હતો, તે સાપ જ્યારે આ છોકરો ટોપલી ભરી ધુળ નાંખવા માટે પાસે આવતો, ત્યારે તેની સામું ફુંફવાડો મારતો, બહાર નીકળી ગુપ્ત રીતે કરડવા જતો, પણ બીજી કેટલીએક સ્ત્રીઓનું ટોળું સાથે હોવાથી અને છોકરો ટોપલી નાખી તરત દોડી જતો હોવાથી તેને કરડવાનો પુરતો લાગ મળતો નહિ.

આ પ્રમાણે પાંચસાત વખત બન્યું, પણ સર્પને લાગ મળતો ન હોવાથી ડોકીયું કરી પાછો જાળામાં સંતાઇ જાય; આ બાબતની તે છોકરાને ખબર ન પડી, પણ ત્યાંથી થોડેક દૂર કારકુનનો તંબુ હતો, તેમાં તે કારકુન ખુરશી ઉપર બેઠો હતો. તેની સ્વાભાવિક નજર તે જાળા ઉપર ગઇ અને તેણે આ પ્રકાર પ્રત્યક્ષ જોયો તેથી ઘણોજ અચંબો પામ્યો, કે આ શું ? અરે આ છોકરાનો કાળ ભમે છે કે શું ! જરૂર આ છોકરાને સાપ કરડે તેવું લાગે છે, માટે અહિંથી તેને આજ રજા આપી દઉં,

એમ વિચારી છોકરાને પાસે બોલાવી કહ્યું કે, છોકરા ! આજે તું ઘેર જતો રહે. આ સાંભળી છોકરો ગભરાઇને બોલ્યો કે, સાહેબ! મારામાં શું વાંક આવી ગયો, હું ગરીબ છું સાહેબ! મારો દાહાડો કાપશો તો હું શું ખાઇશ? એમ કહિ ગળગળો થઇ ગયો. ત્યારે કારકુને તેને સમજણ પાડી કહ્યું કે, છોકરા ! તારો કાંઇ વાંક નથી, તારી દાડી ચઢતી રાખીશ, પણ આજે તું ઘેર જતો રહે, તો પણ છોકરાએ કારણ પુછ્યું, ત્યારે કારકુને તેને પુછ્યું કે, જો પેલા જાળામાં તું સર્પ ભાળે છે કે? છોકરે જોઈ કહ્યું કે, હા સાહેબ! ત્યારે જો તે સપ તું ટોપલો નાંખવા જાય છે, ત્યારે તે તને કરડવા તાકે છે. તેથી વિચારતાં જણાય છે, કે તારે માથે આજે ભય છે, માટે હું તને કહું છું કે ભાઇ ! તું આજે જરૂર ઘેર જતો રહે.

આ પ્રમાણે કારકુને કહેવાથી છોકરો એકદમ ગભરાઇ રજા લઇ ઘર ભણી દોડયો. જ્યાં થોડેક દૂર ગયો ત્યાં નાગની નજર ગઇ, અને તેણે જાણ્યુ કે ઝપાટામાંથી ગયો કે શું? એમ ધારી એકદમ જાળામાંથી નીકળી તેની પાછળ દોડયો, ત્યાં રહેલા બીજા ઘણા માણસોએ સાપને અટકાવ્યો પણ એકદમ વાયુવેગે દોડી ગયો. ત્યારે તે માણસોએ બુમ પાડી કે છોકરા દોડજે જલદી, તારી પાછળ સર્પ દોડે છે. આ સાંભળી છોકરાને ફાળ પડી, હાય ! હવે મને કરડી ખાશે. તોપણ જીવવાની આશા મોટી છે, તેથી એકદમ દોડતોજ રહ્યો, અને વિચાર્યું કે એક વખત ગામ ભેળો થાઇ જાઉં તો ઠીક, એમ કરતાં ગામની હદમાં પહોંચી ગયો. સર્પ પણ પાછળ દોડયો આવે છે, તેવામાં બન્યું એવું કે આકાશમાર્ગે ઉંચે ઉડતી એક સમળીએ પેલો સાપ ભાળ્યો, પોતાનો ભક્ષ ધારી તેને પકડવા માટે સમળી હેઠી આવી, અને તે દોડતા સર્પને એકદમ પકડી ઉપર બેસી ઝાલી લીધો, અને તેને પોતાના બે પગ વચ્ચે દાબી ઉપાડી લઇ પાછી આકાશમાં ઉડી ગઇ, તે એવી ધારણાથી કે આઘે જઇ કોઇ ઉંચા ઝાડ ઉપર બેસી સર્પનું ભક્ષણ કરી જઇશ, એમ ધારી ચાંચ મારતી મારતી ગગનમાં લઇ ચાલી.

હવે અહીંઆં પેલો છોકરો પણ દોડતોદોડતો ગામ ભેળો થઇ ગયો ત્યારે કાંઈક મનને શાંતિ વળી, પણ હજી ઘર ભેગો થાઈ જાઉં તો ઠીક, એમ ધારી તે દોડતોજ રહ્યો. એમ દોડતાંદોડતાં પોતાની ઘરની ખડકી સુધી આવી પહોંચ્યો, અને જેવો ખડકીમાં પેસવા જાય છે, તેવામાં પેલી સમળી પણ નાગને લઇ ઉડતીઉડતી તે ખડકી ઉપરજ

કર્મયોગે આવી, અને જેવી આગળ દોડવા જાય છે, તેવામાંજ સમડીના પંજામાંથી તે સર્પ છટકી ગયો, અને પેલો છોકરો જેવો ખડકીમાં પેસવા જાય છે, તેવામાં ખડકીના મુખ આગળજ તે સર્પ નીચે પડયો, અને પેલા છોકરાએ ખડકીમાં પગ મુકયો કે તુરતજ અંગુઠે ડંખ દીધો–કરડયો. પેલો છોકરો હાય બાપ ! મુવો !! એવી એકદમ કારમી બુમ પાડી ચતોપાટ જમીન ઉપર પડી ગયો, એકદમ ઝેર ચડી ગયું અને થોડા વખતમાંજ બાપડો મરણ પામ્યો. પેલો સર્પ પૂર્વનું વેર લેવાને માટેજ જાણે જીવતો ન રહ્યો હોય, એમ કરડીને તુરતજ મરણ પામ્યો. અહાહા ! જુવો કર્મની કેવી અગમ્ય ગતિ છે ?!

વાંચનાર ! જોયું ? કાળકસાઇનો કેવો અજબ ઝપાટો છે ? આ કાચી કાયાનો શો ભરોસો રાખવો ? તે બિચારા છોકરાને મનમાં કેવી મોટીમોટી આશાઓ હશે, પણ સર્વે મનમાંજ રહી, અને ઓચિંતોજ કાળને ઝપાટે ઝપલાઇ ગયો. માટે કાળ કેવી રીતે ક્યારે કયા સ્થળે આવશે, તેની લેશ પણ ખબર પડતી નથી, પણ એક વખતે તે આવશે તો ખરોજ. તે વિષે કહ્યું છે કે:—

ભુજંગી છંદ.

નહિ આગળે કાગળેથી જણાવે,
નહિ કોઈ સાથે સંદેશો કહાવે;
અજાણ્યો અકસ્માત આશ્ચર્ય જેવો,
અરે આવશે એક તો દીન એવો. ૬૩૮

હશો ગામમાં સીમમાં કે કૃશીમાં,
હશો ખેદમાં કે હશો જો ખુશીમાં;
કહો કોણ જાણે હશે કાળ કેવો,
અરે આવશે એક તો દીન એવો. ૬૩૯

પુરાં થઈ શકયાં તે થયાં કામ પુરાં,
અધુરાં રહ્યાં તે રહેશે અધુરાં;
તડાકો તમે તોપનો જેમ દેવો,
અરે આવશે એક તો દીન એવો. ૬૪૦

ભર્યાં પેટીમાં રાસ રૂડાં રૂપાળાં,
રહે તેમનાં તેમ દીધેલ તાળાં;
નથી કુંચીનો ઝુમકો સાથ લેવો,
અરે આવશે એક તો દીન એવો. ૬૪૧

રહ્યા મિત્ર સંબંધી તે સર્વ જોશે,
જરી જોર ચાલે નહિ દ્રષ્ટિ રોશે;
જશે ખાખ થઈ ઊડી આ તો અવેવો,
અરે આવશે એક તો દીન એવો. ૬૪૨

મતલબ કે આવી રીતે એક દિવસે કાળ ફાળ મારી ઓચિન્તો આવી પકડશે તો ખરેજ! તે વખત તેની આગળ આ જીવનું કાંઇપણ જોર ચાલે તેમ નથી, તેમ કોઇ ઉપાયથી છુટી જવાય તેમ પણ નથી. લાંચ આપીને શરમાવીને કે દયા ઉપજાવીને પણ કાળને પાછો કાઢી શકાય તેમ નથી. માટે આ સંસારમાં મનુષ્યજન્મ ધારણ કરી મોહમાયામાં અતિ આસક્તિ ન રાખતાં કાંઇક આત્મહિત કરવુંજ. સંસારમાં કોઇ કોઇનું સગું નથી, સર્વ સ્વાર્થયોજ સંબધ છે, ધન પાસે હોય અને કમાઉ રળતા કરતા પેદાગરૂ હોય તો ખમાખમા કરે છે, પણ દૈવયોગે તે માણસ નિર્ધન ગરીબ થઇ ગયો હોય, પાઇની પેદાશ ન હોય તો કોઈ માન આપતું નથી અરે પાસે બોલાતુંયે નથી, સંસારની મોહિનીજ એવી કોઇ વિચિત્ર પ્રકારની છે.

(૧૧૩) ગાંઠેથી ગર્થ છોડી આપ્યું એટલે પત્યું! પછી બાપા કોના?!

કોઇ એક ગામમાં એક ધનવાન શેઠ રહેતો હતો; તેને ચાર દીકરા હતા સર્વ પ્રકારે તે સુખી હતો. પછી તેને ઘડપણ આવ્યું અને દીકરા મોટા થયા હતા, તેથી ડોસે સર્વ ધનમાલ પોતાના ચારે પુત્રોને વહેંચી આપી પોતે સંસારની ઉપાધીમાંથી મુક્ત થઇ ગયો કામકાજ વગેરે સર્વ ઘરનો કારભાર પણ છોકરાઓને સોંપી દીધો. તેવામાં થોડેક કાળે એ વૃદ્ધ શેઠની સ્ત્રી ગુજરી ગઇ, તેથી તે બિચારો ઘણોજ દુઃખીયો થઇ ગયો; હવે તો વહુઓને હાથે ભોજન પાન કરવાનું રહ્યું. વહુઓ પુરી કાળજી રાખે નહિ, તેને હંમેશ સવારના પહોરમાં દુધ ઉનું કરી પીવાના હેવા હતા, વળી રસોઇ પણ વહેલી જોઇએ, વળી લાવશી શીરો શેવ વગેરે ખાવી ફાવે તેવી, પોચી પોચી અને ઊનીઊની વાનીઓ હોય તો ઠીક પડે. એ પ્રમાણે થોડાક દિવસ તો ચાલ્યું, પણ પછી તો ઘરમાં વહુઓને કંટાળો ઉપજવા લાગ્યો, તેથી ડોસાએ સૌથી નાના છોકરાને ત્યાં જમવા માંડ્યું. પણ તેની વહુ આપમતીલી અને કડક મીજાજની હતી, તેથી પાંચસાત દિવસ તો ડોસાની ધારણા પ્રમાણે થયું, પણ પછી તો તે નાની વહુને પણ કંટાળો ઉપજવા લાગ્યો, ને બડબડે કે રોજ જાઠીને આ હૈયાહોળી તે કેમ પાલવે? હજુ છોકરા

નાના નાના ભુખ્યા છે, ને ભાભાજીને તો રોજ સવારમાં ઊનું ઊનું ઉકાળેલું દુધ જોઇએ, રોજ તે એવી કોણ કડાકુટ કરે ? પોતાના પતિને પણ એ પ્રમાણે રોજ કહી ભરાવવા માંડયું ને અપ્રીતિ ઉત્પન્ન કરાવી. બીજા છોકરા પણ કોઇ બોલાવે નહિ, કોઇ ઘડપણમાં ડોસાની સેવાચાકરી કરે નહિ, કાંઈ ખરચવા પૈસા માગે તો તે આપે નહિ અને સતાવે. બધા છોકરા અને વહુઓ જાણે કે હવે ડોસાની નકામી વેઠ કરવા જેવું છે, ડોસા પાસે કાંઇ જીગર તો છે નહિ, કે હવે આપણને આપે. એટલે ડોસાને બીજા કોઈ પણ સંઘરે નહિ, એટલે નાછુટકે નાના છોકરાએ ડોસાને રાખવો પડયો. ઢોરને બાંધવાનું એક જુનું ઘર હતું, તેમાં ડોસાને ખાટલો ઢાળી આપ્યો, અને બપોરે બારઉપર એક વાગે ત્યારે સૌ જમી રહ્યા પછી રહ્યું કર્યું ટાઢું શીળું વહુ એક ફુટલા ઠામમાં ડોસા પાસે ભાણું હડસેલી આવે.

આ પ્રમાણે વસુ વિનાના પશુ બનેલા ડોસાને માથે તો ખૂબ વિતવા લાગી; ડોસો આથી ઘણું મુંઝાયો, પોતાને જોઇતું ન મળવાથી બાપડો કકળી ઉઠી રોવા લાગ્યો; એમ દુઃખે પાપે દિવસ ગુજારવા લાગ્યો. મનમાં બહુ પસ્તાવા લાગ્યો, કે અરેરે ! હવે મારે શું કરવું ? આ છોકરા અને વહુઓ તો જરાયે મારી દરકાર કરતાં નથી સેવા ભક્તિ કરતાં નથી, અરેરે ! મને ધિક્કાર છે કે મેં મૂર્ખાએ પાસે જરા પણ વિત્ત ધન સંચી રાખ્યું નહિ, નહિ તો માયાપુંજીની આશાએ આશાએ પણ મારી સેવાચાકરી કરત. અરે ! કર્મજોગે વૃદ્ધાવસ્થામાં મારી સ્ત્રી પણ મરણ પામી, નહિ તો કાંઇક પણ સેવાચાકરી થાત. અરે ! આ તો બહુજ ખોટું થયું, છોકરા કોઇ હવે સામુંએ જોતા નથી, પાસે આવતા નથી, બોલાવતા સરખા નથી, તો સેવાચાકરીની તો પછી આશાજ શી રાખવી ? તે વિષે એક કવિતમાં કહ્યું છે કેઃ-

માતપિતાને પજવનાર કુલાંગાર છોકરા વિષે.

રાગ ગરબીનો.

જનમ્યા જુવાનીયા અનાડી, પજવે માતપિતાને દાડી. એ ટેક
અનંત અનંતાં દુઃખો વેઠીને, જન્મ આપ્યો જેણે;
મોટપણે ભાઇ મારવા દોડે, હરામજાદા તેને. જનમ્યા૦ ૬૪૩
બાયડી આવી રળતા શીખ્યા, એટલે તો ભાઈ ફાટયા;
ડોકરો ડોકરી ઝટ મરે તો, આપણે હવે ખાટયા. જનમ્યા૦ ૬૪૪
કષ્ટ વેઠીને મોટા કીધા, મોટી મોટી આશે;

સારી વસ્તુ રાખી મેલે, છોકરા મારા ખાશે. જનમ્યા૦ ૬૪૫
કદિ બોલાવી કહે માવિતર, પગ ચાંપશો મારા;
ત્યાં તો છોકરો બોલી ઉઠે, નોકર નથી તમારા. જનમ્યા૦ ૬૪૬

મેં તેમને કેવી સારી રીતે રાખ્યા છે ? ઘણાં ઘણાં દુઃખો વેઠી કષ્ટી થઇ પાળીપોશી મોટા કર્યા, પરણાવ્યા પસ્તાવ્યા સંસારી કર્યા, ઘરબાર ધનમાલ વગેરે સર્વ મે તેમને સોંપી દીધું, ત્યારે તે કમબખ્ત પાપીઓ કૃતઘ્ન હરામીઓ અત્યારે મારી સામુંએ જોતા નથી, ખરેખર નીતિશાસ્ત્રમાં તો આ સંબંધી ઠીકજ કહ્યું છે કેઃ—

वृद्धा काले मृता भार्या । पुत्रहस्ते गतं धनम् ॥
भोजनं च वधूर्हस्ते । मृत्युरेव न संशय ॥ २६३ ॥

અર્થાત—વૃદ્ધાવસ્થામાં જેની સ્ત્રી ગુજરી ગઇ છે, તથા પોતાની હયાતીમાંજ ભલા થઇ ધન બધું પુત્રોને સોંપી દીધેલું છે, અને હંમેશા જેને પોતાના દીકરાની વહુને હાથેજ ભોજનપાન કરવું પડે છે; એ ત્રણે પ્રકારવાળો પુરૂષ સદા જીવતે મુવા જેવો છે એમ ચોકસ સમજવું.

મારે માથે પણ આ શ્લોકમાં કહેલી ત્રણે વિટંબણાઓ આવી પડેલી છે, અર્થાત્ હું અત્યારે જીવતે મુવા જેવોજ છું. એ પ્રમાણે રોજ પસ્તાવો કરતો ડોસો દુઃખે પાપે દિવસ કાઢવા લાગ્યો. વળી બીજે કોઇ ઘેર જમવા પણ દે નહિ, અને વાતવાતમાં છોકરા ડોસાને તરછોડી નાંખે, તે સર્વ મુંગે મોઢે જખ મારી ડોસાને સહન કરવું પડે; શું કરે, ન સહન કરે તો જાય ક્યાં ? બીજો ઉપાય પણ શો ? અત્યારે કોઇ દિવસ કાંઇ દાનપુણ્ય કરવાનું મન થાય, અને ગરીબની જેમ માગે, તો પણ છોકરા ઠઠ્ઠામાં ઉડાડે, મશ્કરી કરે. અને તર્જનાપૂર્વક સાફ ના પાડે. અને જાણે ઘરને ખુણે એક ગરીબ ભિખારી ન પડયો હોય, એવી રીતે તદ્દન પરવશપણે દુઃખમાં દિન ગાળવા લાગ્યો. આગલા સુખી દિવસો સંભારવા લાગ્યો, ઝળકતી જુવાનીમાં કાંઇપણ ધર્મ-કરણી ન કરી, તથા દાનપુણ્ય કરી કાંઇ પણ લાભ પ્રાપ્ત ધનનો ન લીધો, દીકરા માટે ઘણું કર્યું ! તે ખાતે હવે ઝુરવાના માઠા દુઃખના દહાડા કર્મે રહ્યા. એ પ્રમાણે ડોસો રોજ પસ્તાવો કરવા લાગ્યો.

પછી એકદા તે પાડોશમાં રહેતા પોતાના મિત્ર એક સુતારની પાસે બેસવા ગયો, અને ત્યાં પોતાની વિતકની દુઃખની વાતો રડીરડીને કરવા લાગ્યો. છેવટે વાત કરતાં કરતાં પોક મેલી રોઇ પડયોઃ—ભાઇ !

હવે કાંઇ કહેવાની વાત નથી, મારે એક દિવસ કાઢવો તે વરસદહાડા જેવો લાંબો ને વસમો થઇ પડયો છે. વહાલાં તે સઘળાં વૈરી તુલ્ય થયાં છે.

ગઝલ કવ્વાલી.

હતા જે પ્રાણથી પ્યારા, થયા તે આખરે ન્યારા;
ન ધાર્યું ચિત્તનું થાય, વિચાર્યું તો ઉડી જાય. ૬૪૭
ગણાયે આમ અંતરના, વ્હાલા જે નિરંતરના;
ગયા નાશી દિગંતરમાં, ન રહેશે હિત અંતરમાં. ૬૪૮
"વ્હાલા તે બને વેરી," મતિ થઇ જાયરે ઝેરી;
દુઃખો આવી લહે ઘેરી, ન થાયે આપણે ભેરી. ૬૪૯
દશા જ્યારે વિષમ થાવે, સમે તે પાસ કો નાવે;
વિનયમુનિ વદે ભાવે, દશાના રંગ એ ગાવે. ૬૫૦

હાલ તો હું પૂર્ણ દુઃખી અવસ્થા ભોગવું છું, જીવતે મુવા જેવોજ થયો છું, પ્રભુ પાસે મોત માગુછું. એમ કહી ડોસો પાછો રોઇ પડયો. આથી સુતારને બહુજ દયા આવી, પોતાને ઘેરજ નિત્ય બ્રાહ્મણીઆ રસોઇ કરાવી જમાડવાનું કહ્યું, પણ ડોસાએ કહ્યું કેઃ—તેમ કરવાની તો છોકરાઓ પોતાની લાજ જવાની બીકે નાજ પાડશે, અને નાહક પાંચપચીશ બોલ સાંભળવા પડશે; માટે તેમ તો કદિએ બનવું શક્ય નથી. ત્યારે ચતુર સુતારે બીજી યુક્તિ ખોળી કાઢી કહ્યું કેઃ—જુઓ ! હું તમને કહું તેમ હમણાં કરો, તમારે અહિંથી ઉઠવું નહિ, મારે ઘેર બેસી રહેવું. જોઇએ કે સાંઝ સુધીમાં તમને કોઈ બોલાવવા આવે છે કે નહિ, એમ ધારી ડોસાને સુતારે પોતાને ત્યાંજ બેસાડી રાખ્યા. અને પોતે જુનાં પાટીયાંની એક નાની સરખી પેટી બનાવી તે પેટીને આજુબાજુ મોઢા આગળ નીચે એમ પાંચ છ ઠેકાણે તાળાં દઇ શકાય તેવા નકુચા કર્યા. અને પછી ગામની ભાગોળે જઇ મોટામોટા દશશેરીઆ બારશેરીઆ પાંચશેરીઆ એમ કેટલાક લાંબા ગોળ ચોરસ પથરા લેઇ આવ્યો, ને પેલી પેટીમાં ભર્યા. પછી તેના ઉપર એક સારૂં કપડું ઢાંકી પેટી બંધ કરી, પાંચ છ ઠેકાણે ફરવાફરતી તાળાં લગાડી દીધાં, પછી ઉપર તે વૃદ્ધ ડોસાનું નામ લખ્યું અને આવતાં જતાં સર્વ કોઇ ભાળે તેવી રીતે સુતારે એ પેટી પોતાની ઓસરીમાં મુકી. ડોસાને પણ કહી રાખ્યું કે, તમારા દીકરામાંથી કોઈ આવી પુછે તો ખુશીથી કહેવું, જે આ પેટી મારી છે, ઘણાં વર્ષ પહેલાં

મેં અહિંઆં મારા મિત્રને ત્યાં કોઇ કારણસર સાચવવા માટે મુકી હતી, તે વખતે લેઇ લેવી ભુલી જવાથી અહિંજ પડી રહી છે. એવામાં રૂનો ભાવ સારો આવી ગયેલો, તેની ખાનગી કમાણી મેં આ પેટીમાં ભરી છે. આ પ્રમાણે તે ડોસાને શીખવી રાખ્યું અને કહ્યું કે દુનિઆ સ્વાર્થી છે, માટે પેટીમાંના ધનની આશાએ તમારી સર્વ સેવાચાકરી સારી રીતે બજાવશે, પણ પેટી તમારે અહિંજ રેહેવા દેવી બરમ ઉઘાડો ન પડી જવા દેવો. ડોસાએ પણ તે માન્યું અને કહ્યું ઠીક તેમ કરીશ.

પછી સાંજરે નાની વહુએ ખાટલામાં ડોસાને ન ભાળ્યો, તેથી નાના છોકરાને કહ્યું કે, જા અલ્યા ! ભાભા ક્યાં બેઠા છે બોલાવી લાવ. તેથી છોકરે બહાર આવી જોયું તો પડખે સુતારની ખડકીમાં ડોસાને બેઠેલા જોયા. છોકરે કહ્યું કે, ચાલો ઘેર મારી બા જમવા બોલાવે છે, વાળુનો વખત થઇ ગયો છે તે સાંભળી પેલા સુતારે કહ્યું કે, જા નહિ આવે તારી બાને કહે કે તારા બાપાને મોકલે. પછી છોકરે ઘરે જઇ કહ્યું કે, પેલો સુતાર આવવા દેતો નથી, અને કહે છે કે તારા બાપાને મોકલ સાંજે પછી છોકરાનો બાપ ઘેર આવ્યો, ત્યારે વહુએ કહ્યું કે આજ તો ભાભા સુતારને ત્યાં ભરાઇ ગયા છે, ને સુતાર આવવા દેતો નથી. માટે જાઓ તેડી લાવો ! આપણી લાજ જાયને ગામમાં ! તે સાંભળી સુતારને ત્યાં આવ્યો અને કહ્યું કે, ચાલો ! કેમ અહિંઆ બેઠા છો ? ઘરે વાળુનો વખત થઇ ગયો છે. સુતારે કહ્યું કે, તમારે ત્યાં તે હવે નહિ આવે, જુઓ ! આ તેમની પેટી ભાળી છે ને તેમાં તેમની ખાનગી પ્રમ કરેલી આગલી કમાણી છે, તેની વૃદ્ધાવસ્થા હાલ દુઃખી છે, તો તેની કમાણી તેનેજ હવે દુઃખમાં કામ આવશે તમે કોઈ ડોસાની બરોબર સેવાચાકરી કરતા નથી, તો તેમાંથી તે ધન વાપરશે ને એક રસોઇયો રાખી અહિંજ રહી સુખે જમશે. છોકરાએ પેટી જોઇ, ઉપાડી તો ઘણીજ ભારે લાગી. જાણ્યું કે ડોસે કાંઇ નગદ માલ ભર્યો હશે ! માટે હવે તો ડોસાની ચાકરી સારી પેઠે કરવી, ખુશી કરીશ તો બધું મને મળશે. પછી છોકરાએ કહ્યું કે લાવો ! હું પેટી લઇ જાઉં, હું હવે તેમની સારી ચાકરી કરીશ. ત્યારે પેલા સુતારે કહ્યું કેઃ—ના ના એમ નહિ સોંપવામાં આવે, શેઠ જીવતા સુધી તો કોઇને પણ પેટી સોંપીશ નહિ. તમારા ચારમાંથી જે સારી સેવાચાકરી કરશે, તેને શેઠના મુવા

પછી હું સોંપીશ, મારે શું કરવી છે ? મારે જોઈતી હોત તો હું તમને અત્યારે દેખાડત જ શા માટે !

પછી તો એ નાનો છોકરો મગન કબુલાત આપી પોતાના બાપ ડોસાને બહુ માનસહિત પોતાને ઘેર તેડી ગયો, ને પોતાના સુંદર દીવાનખાનામાં સુંદર ઢોલીઓ ઢાળી તળાઇ પાથરી દીધી. આ દેખીને તેની સ્ત્રી ચીડાઇ ગઇ, ત્યારે ભાયડાએ બૈરીને સમજાવ્યું કે:-બોલ માં ! હવે કશું બોલ માં ! ડોસા પાસે તો ખાનગી ધનની પેટી નીકળી છે, તે સુતારને ત્યાં પડી છે, માટે ડોસાની સેવાચાકરી સારી કરીશ તો તે આપણને મળશે. પછી તો સ્ત્રી પણ દ્રવ્યની વાત સાંભળીને દ્રવી, ને ઘણી ખુશી થઇ ગઇ ને બધી રીસ ક્રોધ કંટાળો તજી દેઇ ચાકરી કરવા લાગી, ડોસાને સવારમાં ઉંનું દુધ કરી પાયું, રોટલા પણ સૌથી પહેલા કરી ઉના ઉના શેઠને જમાડી દીધા, ને સસરાજી સસરાજી કરવા લાગી. એક વખતે શેઠે ખાનગીમાં વહુને કહ્યું કે, વહુ દીકરા! તમે રૂડાં છો મારી સારી ચાકરી કરો છો, માટે મારી પેટીમાં એક મોટો લોટો સોનાનો છે, તે તમનેજ આપે-તેવું હું સુતારને કહી રાખીશ. આથી તો વહુ રાજી થઇ લોભેલાલચે ડોસાની વધુવધુ સેવાભક્તિ કરવા લાગી. લાલચમાં લેવાણી, ને આશાએ આશાએ તહેનાતમાં ખડી રહેવા લાગી.

બીજા ભાઇઓને પણ ખબર પડી કે ડોસા પાસે તો ખાનગી મુડીની પેટી નીકળી છે, તેથી તેના બીજા દીકરા પણ ત્યાં દોડી આવી આગ્રહ કરી કહેવા લાગ્યા કે:-અમે હવે બાપાને ઘેર લેઇ જઇશું, અમારો એ પિતા છે ને ! અમારે બાપાની ચાકરી ન કરવી હોય કે ? તે સર્વેએ મનમાં જાણ્યું કે, આપણે ચાકરી કરીશું તો આપણને પણ મિલ્કતમાંથી ભાગ મળશે; માટે હવે તો ભક્તિભાવ રાખી ચાકરી સારી રીતે ડોસાની કરવીજ-એમ ધારી મોટો પોતાને ઘેર લેઈ ગયો. અને પછી તો વારા ફરતી સર્વ સેવાભક્તિ એકબીજાથી ચઢીઆતી કરવા લાગ્યા. એકાન્ત મળે એટલે ડોસો વહુને ખાનગી કહી દે, કે વહુ ! તમે મારી ચાકરી સારી કરો છો, તેથી એક સોનાનો લોટો પેટીમાં છે, તે તમને આપવાનું કહીશ-એમ લાલચ લગાડી આશા આપતો જાય. સુતારે હવે જાણ્યું કે ડોસાની સેવાચાકરી તો સારી થવા લાગી ને બાપડો સુખ પામ્યો તેનાં દુઃખ ટળ્યાં. પણ તે સર્વે આ પેટીનીજ આશાએ વળગ્યાં રહ્યાં છે, પણ મેં પેટીમાં તો મોટામોટા પથરા ભર્યા

છે, ઉઘાડશે એટલે બધી ખબર પડશે પછી પોક મેલી રડશે! પણ ડોસો જીવતા સુધી તો પેટી સોંપવીજ નહીં. પછી તો એકદા ડોસાને અને પેલા ચારે છોકરાને બોલાવી સુતારે કહ્યું કેઃ—ભાઇઓ! જુઓ આ ધનની પેટી તમારી છે, તે પેટી શેઠ જીવતા સુધી તો તમને સોંપવાની મારી ઇચ્છા નથી, પણ મારે તો તે પેટી હરામ બરોબર છે, તમે સર્વ સારી ચાકરી કરો છો, માટે પછી તમને તે સોંપીશ. પણ હવે તે પેટી ઉપર તમારાં સિલ મારી કબજે કરી લ્યો, પછીથી મારે માથે પડે નહિ. પછી ડોસા પાસે લખાવી લીધું, કે એ પેટી મારા મુવા પછી મારા દીકરાને સોંપી દેવી. એમ કરતાં તો ડોસો માંદો પડયો, તે મંદવાડમાં પણ બધા દીકરા વહુઓ ઘણી સારી રીતે સેવા ચાકરી કરવા લાગ્યા. અને છેવટે મરણ થયું ત્યાં સુધી ઘરનાં સર્વેએ હાજર રહી ડોસાનું મરણ સુધાર્યું. શેઠની છેવટની મરણક્રિયા પણ રૂડી રીતે કરી, મસાણમાં લેઇ જઇ અગ્નિદાહ દેઈ બધા પાછા આવ્યા; ને બીજે દિવસે સુતાર પાસે જઇ પેલી ધનની પેટી માગી. પણ સુતારે કહ્યું કે, શેઠનું મરણોત્તર કારજ સારી રીતે કરો, પછી તમારી પેટી સોંપીશ, મારે શું કરવી છે? તે સાંભળી દીકરાઓ ઘેર ગયા. બાપાજીનું કારજ પણ ઘણા મોટા ખરચે સારૂં કર્યું, અને શેઠની સર્વત્ર છેવટે વાહ વાહ કેહવરાવી. પછી સુતારને ત્યાંથી પેલી પેટી ઘેર લેઇ આવ્યા અને ઉમંગભેર ખોલવા માંડી, તે વખતે સર્વ કુટુંબમંડળ ભેગું મળેલું હતું, આશાતુર થઇ પેટી ખોલી ત્યાં તો મોટામોટા વાલકેશ્વરના પથરા નીકળ્યા, પથરા જોઈ સર્વે ભારે અચંબો પામ્યા, કે આ શું? અરેરે! આમાંથી તો ધનને બદલે ઢેકાળા પથરા નીકળ્યા. પછી સુતારને પુછતાં તેણે તો કહ્યું કે, ભાઈ મને શી ખબર? શેઠનું જે હશે તે સર્વ પેટીમાંજ હશે, મેં કાંઇ પેટી કોઇ દિવસ ખોલી નથી કે જાણું! તેમાં જે હોય તે ખરૂં!

પછી તો સર્વ સ્ત્રીઓ તથા ચારે ભાઇઓ પૂરણ પસ્તાવા લાગ્યાં, કે અરેરે! આપણે તો છેતરાયા! પણ હવે બીજો શો ઉપાય? એમ કહી પથરા બધા ફેંકી દીધા. અને ચિલે મોઢે બધા પોતપોતાને ઘેર ગયા. આ દૃષ્ટાંતનો સાર એવો છે કે, દુનિયામાં સર્વ સ્વાર્થની સગાઇ છે સ્વાર્થ સર્યે સર્વે તજી દે છે. શેઠની પાસે ધન નહોતું તો તેને સર્વેએ તજી દીધો, ને સેવા ભક્તિ કરવી તો શું પણ ભાવ પુછવો યે મુકી દીધું. પણ પેલા સુતારે ધુર્તતા ને અપૂર્વ યુક્તિથી ધનનો

ક્ષોભ ઉત્પન્ન કરાવ્યો, તેથી આશાએ આશાએ ભક્તિ બતાવી ડોસાની વહુ દીકરાએ સારી ચાકરી કરી જેથી તે છેવટે સુખી થયો, મરણ પણ સુધર્યું. માટે મતલબની વાત તો ન્યારીજ છે, ગાય ભેંસ દુધ દેછે ત્યાં સુધી તો તેને ખાણું કપાસીયા વગેરે ખવરાવે છે, પણ દુધ દેવાં બંધ થાય છે તો તેને પછી ખાણુ દેતા નથી ચારો નિરતા નથી, ને વખતે કસાઇને વેચી દેછે. વળી પાડી કે વાછડી જન્મે તો તેને સારી રીતે સંભાળે છે, દેખરેખ રાખે છે, પણ ભેંશને પાડો આવે તો તેની દરકારજ ન કરે, એમાં પણ પોતાનો સ્વાર્થજ સમાયલો છે. માટે ત્રિકાલજ્ઞાની સર્વજ્ઞ ભગવાન કહે છે કેઃ—સંસાર સ્વાર્થનોજ ભરેલો છે, તો તેવા સ્વાર્થમય સંસારમાં મોહમુગ્ધ બની ન જતાં, કાંઇક આત્મહિત કાર્ય કરવું, પરોપકાર પરમાર્થ અને પ્રભુભક્તિ કરી મનુષ્યજન્મનો ફેરો કાંઇક દરજ્જે સફળ કરવો. આ સંસારનાં સુખો તો કર્માનુસાર ઘણી ઘણીવાર જીવાત્માને મળેલાં છે, પણ એક સદ્ધર્મનીજ સિદ્ધિ મળેલી નથી, માટે હવે સર્વ જોગવાઇ સાનુકૂળ જાણી, ધર્મનો આશ્રય લેવો, ધર્મના આશ્રયે આ આત્માનું ઉભય લોકમાં કલ્યાણ થશે. બાકી આ અસાર ને સ્વાર્થીયા સંસારમાં તો કોઇએ કાંદા કાઢયા નથી ! ફક્ત ધર્મસાધન કરનારાજ સાર ખાટી ગયા છે; અને સંસારનો ખરો તત્વ પણ ધર્માનુષ્ઠાનજ છે. પરમશાંતિનો એજ ઉત્તમ માર્ગ છે. માટે સર્વ મુમુક્ષુજનોએ વિનયમુનિનાં વિનય વચનો વાંચી વિચારી સાંભળી સમજી ધર્મસાધન કરી માનવજીવન સફળ કરવું ઘટે છે.

(૧૦૦–૧૦૧ યુગ્મ)

श्रीमदुमेदचंद्रस्य । सद्गुणालंकृतस्य च ।
मयि महोपकारस्य । त्रिकालेमेऽस्तु वन्दनम् ॥

संवद् वेदरसोरगेंदुकसमे माघे सुपक्षे तिथा ।
वष्टम्यां विधुवासरे च शतकं वैराग्य संज्ञं मुदा ॥
पूज्यश्रीमदुमेदचंद्र सुगुरोस्तस्य प्रसादात् किल ।
शिष्य श्रीविनयेंदुना विरचितं भाषांतरेणान्वितम् ॥

અર્થ—વેદ ૪, રસ ૬, ઉરગ–નાગ ૮, ને ઇંદુ ૧, એ આંકડા ઉલટા વાંચતાં સંવત ૧૯૬૪ ના વર્ષમાં માઘમાસના શુકલપક્ષની આઠમ અને સોમવારને દિવસે આ "વૈરાગ્યશતક" કે જે અર્થ અને

વિસ્તારવાળુ ભાષાંતર સહિત છે, તે પૂજ્ય શ્રીમાન ઉમેદચંદ્રજી સદ્‌ગુરૂના પ્રસાદથી તેમના શિષ્ય શ્રીવિનયચંદ્રજીએ હર્ષપૂર્વક રચી પૂર્ણ કર્યું છે. તેનો ઉત્તરાર્ધ અત્ર પૂર્ણ થઇ હવે ગ્રંથ સમાપ્ત થયો.

मयाल्प मत्याकथितं किलेदं ।
भव्यस्य जीवस्य सुबोधकाय ॥
भूयात्प्रमादो मतिमांद्यदोषाद् ।
विशोधनीयं सुधिभिः क्षमित्वा ॥

અર્થ—મેં અલ્પ બુદ્ધિથી ફક્ત ભવ્ય જીવોના સુબોધને માટે આ “**વૈરાગ્ય શતક**” રચેલું છે. તેમાં કદાચ મારી ઓછી બુદ્ધિને લીધે અથવા કોઇ પ્રમાદને લીધે ભુલચુક થઇ ગઇ હોય, તો ઉત્તમ પુરૂષોએ આ લેખક પ્રત્યે ભુલની ક્ષમા આપીને શુદ્ધ કરીને વાંચવા કૃપા કરવી. કારણ કે ઉત્તમ પુરૂષો સદા ગુણગ્રાહીજ હોય છે, તેઓ હંસ ચંચુવત્ દોષરૂપી પાણી દુર કરી ગુણરૂપી દુધનેજ પીનારા છે. માટે મારી મંદમતિવાળી આ અલ્પ કૃતિ અનેક દોષથી ભરપુર જણાશે, પણ તમો સુજ્ઞ પુરૂષો સદા સુબુદ્ધિથી વાંચી શુદ્ધ કરશો. અને તેમાંથી કાંઇક શીખવાનુ મળે, તો સુજ્ઞો સાર ગ્રહી આત્માને નિર્મળ બનાવશો, તો એથી આ કર્તાનો પ્રયાસ સફળ થયો ગણાશે. એજ. शुभं भवतु ॥

सर्वे भवन्तु सुखिनः । सर्वे संतु निरामया ।
सर्वे भद्राणि पश्यन्तु । मा कोऽपि दुःखभाग्भवेत् ॥

વૈરાગ્યશતક ગ્રન્થ

સમાપ્ત

વૈરાગ્યશતક ઉત્તરાર્ધનું શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૨	૧૪	લાય તો	લાય લાગે તો.
૭	૧૨	भवस्था	भवस्थ
૭	છેલ્લી લીટી	ધાર	અતિશે ધાર
૧૬	,,	उपाध्यकाः	उपाध्यायकाः
૧૭	૧૩	दलने	दलन
૧૮	૬	ભૂપતિઓને	ભૂપતિને
૧૮	૨૭	पव्रज्रामि	पव्रज्जामि
૨૬	૨૨	कलहे	कलह
૩૦	૪	वैरुण्यने	वैरुप्येण
૩૭	૧૧	સંસારમાં	સવારમાં
૩૯	૨૪	विचारांघ	विचारणांघ
૫૨	૨૯	તું	હું
૮૩	૩૦	તણે છત્ર	તણા છત્રી
૮૪	૨૩	સાંભળી	સંભાળી
૯૮	૨૦	ખોઇ જો	ખોઇને
૯૮	૨૬	નમ્યો	ભમ્યો
૧૦૪	૬	આઠમ	અઠ્ઠમ
૧૦૬	૪	રજોહરણી હતી	રજોહરણ હતો
૧૦૭	૨૧	श्वश्वां	श्वश्रां
૧૨૪	૨૯	થયો	થયા
૧૩૪	૨૫	દોસો	દાસો
૧૪૭	૨૫	अतिपरिचयाद्वज्ञा	अतिपरिचयादवज्ञा
૧૫૭	૨૧	फल	फलं
૧૮૯	૮	બેદરથી	બેકદરથી
૧૯૧	૨	જી લીટી "તે" પછીનો વધારો—"તે જીવ કદિ પણ મોક્ષગતિમાં જશે નહિ, તથા નોભવીનો અભવી એટલે તેણે એવું સિદ્ધ કરેલું છે કે તે."	
૧૯૬	૫	गुरुर्विना	गुरुं विना

૨૦૧	૨૦	યક્ષની પૂજા	યક્ષની પૂજા
૨૦૪	૭	સેજ	રોજ
૨૩૬	૧	ભુજંગી છંદ	ચોપાઇ છંદ
२५६	२३	गात्वं	मात्वं
२७२	९	सघ	सव्व
૨૮૯	૪	માન	મન
३०१	११	शक्त नां	शक्तानां
૩૦૩	૧૧	પધાર્ગો છે	પધાર્યા છે
૩૦૫	૩	કમ	કર્મ
३०५	१८	विष	विषं
३११	८	धर्म	धर्मं
३११	९	निरर्थ	निरर्थं
૩૧૨	૨૨	સેખે	સખે
३१५	२८	भतुरेव	भर्तुरेव
३१७	१३	सुपुत्रे	सुपुत्रेण
૩૩૫	૧	તેના નીચે ઉપર	તેના ઉપર નીચે
३३९	१	यमा	यमो
३४०	७	पघया	पव्वया
૩૫૭	૨૦	એક	અને
३५७	२९	सघेजीवा	सव्वेजीवा
૩૬૨	૨૭	ને	તે
૩૬૯	૨૨	ઉઠીને	ઉઠીને
૩૭૭	૧૧	સુખ	સુખદ
૩૭૭	૨૪	આંજન્મતા	અજન્મતા
३८२	६	मयुखा	मयूखा
૩૮૬	૫	સુરત	સુરતરૂ
૩૮૬	૧૧	દાન	જ્ઞાન
૪૧૫	૮	મોત	મતિ
૪૧૯	૨૫	આઠમ	અઠ્ઠમ
૪૩૨	૧૦	ઘણા	ઘણો

૪૪૦	૮	અશ્યુચ	અચ્યુચ
૪૫૨	૫	વિષેમાં	વિશેષમાં
૪૬૦	૨૦	વિશે	વિશેષ
૪૬૧	૧	કઢંગી	કઢંગીના
४६२	२१	जीवभरोभद्र	जीवन्नरोभद्र मुपैतिनूनं
४६८	२०	बधुस्नेहो	बंधुस्नेहो
४७८	३१	तद्दृष्टां	दृष्टांत
૪૮૦	૧	આધારાક	આરાધક
૪૯૪	૨૩	પનિ	પત્ની
૫૦૨	૧૧	કાચો	રાચો
૫૦૩	૨૩	કીધેજે	કીજે
५०४	२२	युमिधिवक्र	युधिमिक्रमः
५११	७	त्पमेत्य	समेत्य
५१५	१६	वल्लभाना	वल्लभानां

"ગઝલગુલતાન" ભેટની બુકનું શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી	અશુદ્ધ.	શુદ્ધ.
૧૬	૩	ખાંડા	ખાજાં
૨૨	૧૫	પ્યારથી	પ્રાણથી
૨૪	૮	કિંહાને	કિંહાનાં
૩૪	૫	સુણુનિજ	સુણીનિજ
૩૬	૨	ધરમી નરકપાત	ધરમી નરક હિ પાત

સુચના—ઉપરના શબ્દો ગઝલગુલતાનમાં છે, તેમાંની ભુલોનું શુદ્ધિપત્ર તે વખતે ન બની શકવાથી તે અહીં છપાવ્યું છે; તો સુજ્ઞો ઉપર પ્રમાણે સુધારીને ગઝલો વાંચશોજી.

ઢોરનો અવતાર ન લેવો હોય, તો પશુપાલન કાર્યમાં કરો! કરાવો!!

પરમોપકારી પશુઓનું પાલન અને રક્ષણ કરનારી કાઠિયાવાડને એક છેડે આવેલી "મહુવાગોરક્ષકસભાની પાંજરાપોળ"નું નામ અને તેનાં ભારે કામ જાણનારા તો આશ્ચર્યચકિતજ થઈ જાય છે. દેહનિર્વાહ માટે માણસ માત્રને અન્નત્રાની ઘણી જરૂર છે. અન્ન-ખો-

રાક (અનાજ ધાન્ય—ઘઉં બાજરી ચણા ચોખા જુવાર વગેરે) તથા ગોરસ (દુધ દહીં ઘી છાશ માખણ) અને વસ્ત્રને માટે રૂ કપાસની જરૂર; એ બધું ગાય ભેંસ બળદ પાડા વગેરે ઢોર—પશુ વડે પ્રાપ્ત થાય છે. અને વેપારવણુજ વહેવારનાં બીજાં કામોમાં, લાવલેઇજા કરવામાં, જવાઆવવામાં, વાહનો ખેંચવામાં એ વગેરે ઘણાં કામોમાં પશુ વડેજ સુગમતા છે. પણ માણસો બેદરકાર થતાં જઈ પશુની પરવાહ કરતાં નથી સંભાળ લેતાં નથી. તેથી બાપડાં મુગાં પશુઓની મુશીબત ને પીડા વધતીજ જતી હોવાથી, બિચારાં રીબાય છે ભૂખે મરે છે; અને તેથી પરિણામ એ આવે છે, કે ખેતીવાડીને ધોકો પહોંચે છે, અન્ન-વસ્ત્રની અત્યંત મોંઘવારી થતી જાય છે, અને અમૃતતુલ્ય જીવનરૂપ દુધ ઘી છાશ ને દહીં નિર્ભેળ ચોખ્ખાં મળવાંજ દુર્લભ થઇ પડયું છે. ખોરાકીની ખરાબી થવાથી રોગના ભોગ થઇ પડી, શયતાનનો દંડ ભરવા હકીમ વૈદ્ય ડાકટરોનું શરણ લેવામાં આવે છે; છતાંપિ અકાળ મરણે ઘણાઓને મરવું પડે છે. પશુઓના મહદુપકારો વિસરી જઈ કૃતઘ્ન થવું, મોજમઝા ને અમનચમનમાં પડી જઇ પાયમાલ થવું, અને ભવાન્તરમાં પશુના ગુણચોર કૃતઘ્ની થઇ ઢોરનો અવતાર લેવાને ભાગ્યશાળી થવું પસંદ ના હોય, તો જરૂર '**પેટવરામાંથી પુણ્યવરો.**' કરીને પણ પશુરક્ષા ને પશુપાલનના પરમોપયોગી કામમાં તમારૂં ધન વાવરો! કોઇ પણ પ્રસંગે ગમે તે નિમિત્તે અને તહેવાર ઉત્સવ વિ-વાહ પુત્રજન્મ અને એવા એવા ખુશાલીના હરકોઇ ચહાય તેવે ટાણે ધીંગાણાં ને ઉડાંઉ ખરચ કરો, ત્યારે પ્રેમપૂર્વક પશુપાલનમાં પૈસા રૂપૈયા મહોરો નોટો ઉત્સાહથી આપો. તમારા પૈસાનો સારામાંસારો સદુપયોગ થશે, લેખે લાગશે અને સારા ક્ષેત્રમાં વાવવાની પેઠે અનેક ગણું ફળ આપશે. માટે ખાસ સંભારીને "**મહુવાગોરક્ષકસભાની પાંજરાપોળના માનદ મંત્રી—મહુવા** (કાઠિયાવાડ)" ને શિરનામે હુંડી નોટ અને મનીઓર્ડરથી મદદ મોકલી આપજો. વિશેષ માહિતી માટે મહુવે લખીને રીપોર્ટ મંગાવી વાંચી જોવો, અને શ્રદ્ધા હોય, તો યથાશક્તિ પાંચદશ રૂપૈયાનો મનીઓર્ડર હાલજ ઝટ મોકલી દેજો. "આદર્યાં અધવચ રહે છે અને ધાર્યાં ધુળ મળે છે." માટે પશુપાલન માટે આપવાની ભેટ દાન દક્ષિણા કે ધર્માદા પુણ્યખાતે આપવું હોય, તે તાકીદે **મહુવા ગોરક્ષકસભાની પાંજરાપોળને** મોકલી દેજો, અને પરમોપકારી પશુઓના ઋણમાંથી કંઇક અંશે મુક્ત થજોરે ભાઇ!

અગાઉથી ગ્રાહક થનાર સજ્જનોની નામાવલિ.

પ્રતો. ધર્માનુરાગી ઉદારચરિત ગૃહસ્થ વગેરેનાં નામ. સ્થળ.

૫૧ ભણસાળી લેહેરચંદ ખુબચંદના સુપુત્ર જેસિંગલાલ ઝવેરી મુંબઇ. ૩૫ પાટણવાળા ઝવેરી લક્ષ્મીચંદ ત્રિભુવનના સુપુત્ર મણિલાલ. મુંબઇ. ૩૨ ભાવસાર હરગોવિંદ લક્ષ્મીચંદ, પાટણ. ૨૫ ભાવનગરવાળા બદાણી હેમચંદ હરિચંદ અમદાવાદ. ૨૫ નગરશેઠ અમથાલાલ ઉગરચંદ હા. ભાઈ છોટાલાલ કલોલ. ૧૨ મારવાડી જશરાજજી સરદારમલજી હા. ગણેશલાલ મુંબઇ. ૧૨ લીંબડીવાળી ભાઇ પોપટલાલ ચુનીલાલ અમદાવાદ. ૧૧ શેઠ ચુનીલાલ મગનલાલ કલોલ. ૧૧ શ્રીશ્રાવિકાશાળા—વેરાવલ. ૧૧ શેઠ મગન લાલચંદની દીકરી ધર્માનુરાગી સુશીલા બહેન જીવી વીરમગામ. ૧૧ બોટાદવાળા પ્રેમી મુસાફર કામદાર મુંબઈ. ૧૧ સરવૈયા શેઠ ત્રિકમલદાસ લીલાધર હા. ભાઇ મથુરદાસ પનવેલ—મુંબઇ. ૬ લુણીવાળા શા. નરપત નથુ મુંબઇ. ૫ સરવૈયા નરસી વીરજી ભાવનગર. ૫ ભાવસાર પ્રહ્લાદ ઘેલાભાઈ પાટણ. ૫ ભાવસાર મગન અમીચંદ પાટણ. ૫ ભાવસાર ગણપત નથુ પાટણ. ૫ ભાવસાર ભુધર છગન પાટણ. ૫ ભાવસાર કસ્તુર ચુનીલાલ પાટણ. ૫ ભાવસાર કરશન ઉમેદ પાટણ. ૫ સુદામડાવાળા ભાઈ સોમચંદ ગુલાબચંદ. ૫ ભાઈ ચંદુલાલ વ્રજલાલ અમદાવાદ. ૫ ભાઈ કેશવલાલ મગનલાલ પાટણ. ૫ મહેતા હીરાલાલ લલ્લુભાઇ મુંબઇ. ૫ વોરા ગગલ તારાચંદ પાટણ. ૫ ભાવનગરવાળા બદાણી હરગોવિંદદાસ હરિચંદ અમદાવાદ. ૫ પાટણવાળા ઝવેરી હીરાલાલ વાડીલાલ મુંબઇ. ૪ ભાવસાર હાથીભાઇ ગંગારામ પાટણ. ૪ શેઠ ત્રિકમજી કાલિદાસની ધર્મપત્ની અખંડ સૌભાગ્યવતી બહેન મણી મુંબઇ. ૪ મોદી અંબાલાલ પાનાચંદ ખેરવા. ૩ શા મગનલાલ ભગવાન પડોરાવાળા પાડવરા.

બે પ્રતોના ગ્રાહકો—શા. મંગલજી ગુલાબચંદ કપડવણજ, શા. કેશવજી સુંદરજી મુંબઇ, ધર્માનુરાગી સુશીલાબહેન માનકુંવર મથુર વગાજાબંદર, ભાઈ છબિલદાસ નાગરદાસ બરવાળા (ઘેલાશાના), ધર્માનુરાગી સુશીલા બહેન મણી, * * ભાઈ ભગવાનલાલ લલ્લુભાઇ બરવાળા, ભાઇ નથુ નાગરદાસ બરવાલાવાળા મુંબઇ, દોશી ખોડીદાસ રામજી બરવાળાવાળા કલકત્તા, ભાઇ જગજીવન ગિરધર બરવાળાવાળા મુંબઇ, ભાયાણી ગિરધર નરોતમ વલાજા, સંઘવી નાથાલાલ જીવરાજ સિદ્ધપુર, શા. ત્રિકમલાલ સકરચંદ અમદાવાદ, શા. રણછોડદાસ જેચંદ

અમરચંદ મુંબઇ, અંજારવાળા ભાઇ ઝવેરચંદ લાલચંદ હા. વૈદ્યરાજ દેવશી દામાણી મુંબઇ, બગસરાવાળા શા. માધવજી કહાનજી મુંબઇ, ગાંધી કુબેરદાસ પુરૂષોત્તમદાસ હા. ભાઇ સવાઇલાલ ભાવનગર, ભાયાણી હરિલાલ જીવરાજ ભાવનગર, બદાણી ભગવાન રામજી હા. ભુધરભાઇ ભાવનગર, શા. પાનાચંદ માણેકચંદ હા. રામજીભાઈ ભાવનગર, શેઠ ચુનીલાલ રતનજી વાળુકડાવાળા ભાવનગર, બહેન ભાંડુ (મુનિશ્રી વિનયચંદ્રજીની ભગિની) ભાવનગર, ભાઇ રતિલાલ લલ્લુભાઇ ચુડા થઇને બોડાણા, શા. ફકીરચંદ પુંજાભાઇ સરખેજ, વઢવાણવાલા શા. પીતાંબર લાલચંદ સાબરમતી, શા. ડોસાભાઇ પીતાંબર હા. હકમચંદ કલોલ, ભાઇ આત્મારામ મોહનલાલ કલોલ, શા. સોમચંદ મગનલાલ કલોલ, શેઠ ઉકા કેવલચંદ કલોલ, ભાઇ રતનચંદ વરજીવનદાસ કલોલ, ભાઇચંદ મનસુખ મહેસાણા થઇને ધોળાસન, શેઠ ચતુરદાસ ગગલ મહેસાણા થઇને ખેરવા, ધર્માનુરાગી સુશીલા બ્હેન મણી ઉજમશી મુંબઇ, મોચી ત્રિભુવન વાઘજી અમદાવાદ ભાઇ આત્મારામ શંકર અમદાવાદ, મોદી બહાદરમલ સાંકલચંદ પાલણપુર, કાંટીઆ શિવલાલ કેસરીચંદ મુંબઇ, ભાવસાર મણીલાલ સાંકળચંદ અમદાવાદ, પારેખ કેશવલાલ રવચંદ પાલનપુર, ભાઇ અમૃતલાલ લલ્લુભાઇ સિદ્ધપુર થઇને ગણવાડા, શા. વરજીવન ઉમેદચંદ અમદાવાદ, શેઠ ડાહ્યાભાઈ છગનલાલ કલોલ, શા. મુલચંદ તલકશી સ્ટેશનમાસ્તર ડાંગરવા, પા. ચુનીલાલ બાવાજી ટીકીટ માસ્તર ડાંગરવા, લીંબડીવાળા શા. છોટાલાલ કપુરચંદ સ્ટેશન માસ્તર ઝુલાસણ, શા. રાજકરણ કેવળચંદ સ્ટેશનમાસ્તર મહેસાણા, શા. છોટાલાલ વાડીલાલ અમદાવાદ, શેઠ કહાનજી ગણેશ ધોળા થઇને રાંદલના દડવા, સંઘવી રણછોડ માધુ સિદ્ધપુર, શા. પોપટલાલ માવજી સિદ્ધપુર, શેઠ સોમચંદ છગનલાલ સિદ્ધપુર, સરવૈયા ખુશાલ ગીરધર મુંબઇ, ભાવસાર ઇશ્વર રણછોડ ખેડા, નાગરદાસ કેશવલાલ કલોલ, ભાવસાર ભલાભાઇ નાગરદાસ કડી, પ્રાંતીજવાળા શા. લલ્લુભાઇ ડુંગરદાસ પાટણ, શા. ડોસાભાઇ પીતાંબર હા. છોટાલાલ કલોલ, વડોદરાવાલા શા. ચંદુલાલ હિમતલાલ સાબરમતી, ડાકટર મયાચંદ મગનલાલ કલોલ, સ્ટેશનમાસ્તર મણીલાલ વાડીલાલ સાબરમતી, દરજી છગન પોચ.ભાઇ સ્કુલમાસ્તર ખોરજ પોસ્ટ અડાલજ, ભાવસાર શામજી માધવજી વીરમગામી નારીચાણા ધ્રાંગધરા થઇને, શા. વાડીલાલ ઇશ્વર અમદાવાદ, ભાવસાર ગોવિંદ છગનલાલ પાટણ, શ્રીજૈન પુસ્તક ભંડાર ધોરાજી, જૈન વિદ્યાશાળા

હા. જેઠાભાઇ ઝવેરચંદ વેરાવલ, શા. ફુલચંદ ગોવિંદજી વેરાવળ, શેઠ મદનજી જુઠા વેરાવળ, બખાઇ મદનજી ગોવિંદજી વેરાવળ, શા. મકનજી સોમચંદ હા મણીશેઠાણી વેરાવલ, શા. પ્રાણજીવન જાદવજી વેરાવળ, શા. અમરચંદ વસનજી વેરાવળ, બાઇ શિવકોર જાદવજી વેરાવળ, ભાવસાર મનસુખરામ શામદાસ સરસપુર, શા. ભગવાનજી ભાણજી દામનગર થઇને હાવવડ, ભાવસાર ઇશ્વરદાસ મગનલાલ કડી, શા. માણેકલાલ વ્રજવલ્લભદાસ અમદાવાદ, શા. મહાસુખલાલ વાડીલાલ અમદાવાદવાળા ઉદેગઢ બજરંગગઢ–ગોધરારેલ્વે, ભાઇ મણીલાલ મોહનલાલ વઢવાણસીટી, સંઘવી કસ્તુરચંદ રાઘવજી ધ્રાંગધરાવાળા અમદાવાદ, શા. સોમચંદ ડાહ્યાભાઇ કમલાદવાળા અમદાવાદ,

એક પ્રતના ગ્રાહકો—ઠક્કર હીરજી રૂપજી બરવાળા, શા. માધવજી જીવરાજ બરવાળા, પારેખ ભીમજી ફુલચંદ બરવાળા, ધર્માનુરાગી સુશીલાબહેન ચકુ કલોલ, ગાંધી દામોદર બકોરદાસ ભાવનગરવાળા, કપુરચંદ જાદવજી ગોવાણી, શા. મોહનલાલ દુર્લભજી, શા. ભાણજી કપુરચંદ, શા. હીરાચંદ શામજી જામનગરવાળા, શા. રામજી અંદરજી, શા. સુખલાલ ઓઘડદાસ, શા. નાનચંદ વલ્લભચંદ, શા. હીરાચંદ સુરાણા સાદરીવાળા, શા. ઝવેરચંદ મંગલજી ઘોરાજીવાળા, કોઠારી કહાનજી દેવચંદ લાઠીવાળા, ઝવેરી રતનચંદ ગુમાનચંદ, શા. જીકુલાલ બાલચંદ ગોંડલવાળા, શા. સૌભાગ્યચંદ ચતુર્ભુજ, શા. વર્ધમાન રામજી, મહેતા પરમાનંદ બકોરદાસ, શા. રતિલાલ નરસીદાસ, શા. ફતેહચંદ ડાહ્યાભાઇ ડેલીવાળા, શા. રતિલાલ માણેકલાલ, ભાઇ લલ્લુ જગજીવન, દીવાન નથુ મુળજી ભાવનગરવાળા, દીવાન વનમાલી નથુ ભાવનગરવાળા, સુશીલા બહેન મણીબાઇ, શા. જગજીવન જેઠાભાઇ, મુંજીયાસરવાળા શા. વછરાજ દેવચંદ, શા. ખેતસી કેશવજી;–એ બધા મુંબઇ. શા. લાધાભાઇ હરખચંદ વેરાવળ, ભાઇ પ્રભુદાસ મોતીલાલ બરવાળા; ગાંધી દામોદર કસલચંદ, ખીમજી ઠાકરસી ડેલીવાળા હા. ભાઈ ફુલચંદ, મહેતા ગોપાલજી રતનજી હા. જગજીવન, મહેતા વીરચંદ પાનાચંદ, મહેતા દુર્લભજી પુંજા, ભાયાણી નરસી જેઠા, બંદા ત્રિભુવનદાસ ભાણજી હા. કરશન, શા. કરશન ગલા હા. ઓધવજી, નગાવાળા દયાલ રામજી હા. પરમાનંદ, મહેતા હરજીવન ઝીણા હા. મોહનલાલ, ગાંધી જુઠાભાઇ ગિરધર, શા. માણેકચંદ ઝવેર હા. ખીમચંદ માંગુકાવાળા, ગાંધી નાનચંદ જીવન, ભાયાણી વિઠ્ઠલદાસ કેશવજી હા. વ્રજલાલ, સરવૈયા જગજીવન અમરસી હા. રતિલાલ, ડેલીવાળા

કેશવજી વીરજી હા. દામોદરદાસ ગુંદાળાવાળા, શા. વલ્લભદાસ ફુલચંદ, લહીયા ભગવાનદાસ ગંભીરદાસ, બદાણી ભુધરજી કલ્યાણજી મેદરડાના, કામદાર ડાહ્યાભાઇ અંદરજી હા. આણંદજી, શા. વહાલજી સુંદરજી હા. અમરચંદ, શા. ફુલચંદ દયાળ હા. ભાઇ મોહન, બોટાદવાળા ભાવસાર વલ્લભદાસ મોરારજી, સુખડીયા મોહનલાલ છગનલાલ, મારફતીયા ધર્મસી જુઠાભાઇ, સુખડીયા શેઠ વિઠ્ઠલદાસ વનમાલી, સંઘવી દીપચંદ ભાણજી હા. છોટાલાલ;–એ બધા **ભાવનગર**. ભાઇ કાલિદાસ અંબાલાલ કલકત્તા. શા. પ્રેમચંદ ફતેહચંદ નાર ભાઇ મણીલાલ કેશવજી સરખેજ. ભાઇ ખુશાલદાસ જગજીવન સાયમા. જૈન સ્થાનકવાસીના ઉપાશ્રય ખાતે હા. માણેકચંદ રણછોડ ગામ નોલી–રાણપુર થઇને. માસ્તર ગોવર્ધન છોટાલાલ વડોદરા. જૈન વીશીવાળા શા. નંદલાલ ગોવિંદજી મહેસાણા. ભાવસાર ઇશ્વરદાસ કપુરચંદ ઝીંઝુવાડા. શા. કેશવજી તલકસી માંડલ થઇને ગામ ઉકરડી. પારેખ બકોર લાલજી હા. ગુલાબચંદ વીરમગામ. સરકારી વકીલ સુખલાલ આર. શાહ, શેઠ ગોપાળદાસ ઉગરચંદ, શા. મનસુખ છગનલાલ, ભાઇ નકરાલાલ ચુનીલાલ મગનલાલ, શા. ચુનીલાલ બુલાખીદાસ, શા. મોહન કસ્તુરચંદ, શેઠ પ્રાણજીવન લલ્લુભાઇ, વડોદરાવાળા કાલિદાસ હિમ્મતલાલ, શેઠ જેસીંગભાઇ અમથાલાલ હા. ભોગીલાલ, શેઠ સામલદાસ શોભારામ;–એ બધા **કલોલ**. ઝવેરી ચુનીલાલ ઉજમ, પારેખ હરિલાલ ફોજાલાલ, મહેતા અમૃતલાલ હાથીભાઈ, પરી પુનમચંદ ન્યાલચંદ, પટવા અમૃતલાલ લલ્લુભાઇ, પરી શામળદાસ છગનલાલ દેશી વૈદ્ય, મહેતા મયાચંદ લલ્લુભાઇ, કોઠારી અમીચંદ વાલુભાઇ; એ બધા **પાલણપુર**. પારેખ અમૃતલાલ ચુનીલાલ, પંડિત તુલજાશંકર મનસુખરામ પંડયા, શા. દીપચંદ ભગવાનજી ઝીંઝાવદરવાળા, શા. સુખલાલ જેઠા, જગજીવન કુંવરજી કોલડાવાળા; એ બધા **સિદ્ધપુર**–ભાઇ ત્રિકમલાલ દલસુખરામ, ચમનલાલ છોટાલાલ, ઇનામદાર રત્નલાલ મણીશંકર, ચમનલાલ માણેકલાલ અમદાવાદવાળા; એ બધા **પાટણ**–ભાઇ માણેકલાલ સુખલાલ, રાજકોટવાળા દેવચંદ જાદવજી, મહેતા લક્ષ્મીચંદ જશરાજ, શા. પોપટલાલ જાદવજી, શા. ભાઇચંદ વખતચંદ; એ બધા **અમદાવાદ**. પાછળથી આવેલાં નામ નહિ છપાયાં હોય.

વાંચો! વિચારો!! અને મિત્ર-
—મંડલમાં વંચાવો!!!—

મુનિશ્રી વિનયચંદ્રજી વિરચિત તૈયાર પુસ્તકો.

—(૧) શ્રી વૈરાગ્યશતક-પૂર્વાર્ધ.—

આ ગ્રંથની અંદર વિવિધ વિષયો ઉપર વૈરાગ્યના મૂળ શ્લોક અર્થ-ભાવાર્થ વિવેચન તથા દરેક મૂળ શ્લોકને લગતાં સુબોધક અને જ્ઞાન સાથે ગમ્મત આપે તેવાં દૃષ્ટાંતો મુકેલાં છે, તેથી આ ગ્રંથ ઘણો આનંદદાયક અને જ્ઞાનબોધક થયો છે. જૈન અને જૈનેતર સર્વ ધર્મપંથનાં સ્ત્રિપુરૂષો સહર્ષ વાંચી લાભ લેઇ શકે, તેવો સર્વોપયોગી આ ધર્મગ્રંથ છે. વળી આ ગ્રંથમાંથી સર્વમાન્ય સામાન્યનીતિજ્ઞાન અને બીજું ઘણું જાણવાલાયક મળી આવે તેમ છે. ગ્લેજ કાગળ ને પાકા પુંઠાના ૪૨૫ પૃષ્ઠના આ મોટા ગ્રંથની કીંમત માત્ર રૂ. ૧) એકજ છે.

—(૨) શ્રીવિનયવિનોદ-ભાગ પહેલો.—

નીતિધર્મબોધક તથા જ્ઞાનોપદેશક છંદ કવિતાઓ, રાગ ગરબીઓ, વિનયબોધબાવની તથા હંમેશાં સ્મરણમાં રાખવા લાયક (૨૫૨) બસોબાવન સુબોધક વિનયવચનામૃત બોધવચનો સહિત સર્વને બોધ લેવા લાયક વિવિધ સુબોધક અષ્ટકો સાથેના કીંમત માત્ર રૂ. ૦-૩-૦ ત્રણ આના.

—(૩) શ્રીવિનયવિનોદ-ભાગ બીજો.—

આની અંદર પણ ઉપર પ્રમાણે વિવિધ ઉપદેશી કવિતાઓ, ગરબીઓ તથા પુરાતની મહાત્માઓની અપૂર્વ વૈરાગ્યમય રસિક સઝાયો, પંચમઆરાના ભાવ (માહાત્મ્ય) ચંદ્રગુપ્ત રાજાને આવેલાં સોળ સ્વપ્નોના શ્રીભદ્રબાહુસ્વામીએ કરેલા અર્થની કવિતા (હરિગીત છંદમાં) તથા અક્ષરવાર દૃષ્ટાંત સહિત ઉપદેશી કક્કો, વિનયબોધબત્રીશી અને શ્રી મોરબી મુકામે આપેલું નીતિજ્ઞાનથી ભરપુર એક ઉપદેશી ભાષણ; વગેરે ઘણા વાંચવા લાયક વિવિધ વિષયો છાપેલા છે, છતાં કીંમત માત્ર રૂ. ૦-૨-૦ બે આના.

—(૪) વિવિધ સુબોધક અષ્ટકો.—

મૂળ સંસ્કૃતમાં ચતુર્વિંષતિજીનસ્તોત્ર, સિંહાવલોકન અનુપ્રાસિક શ્રીમહાવીરસ્તોત્ર વગેરે વિવિધ ઉપદેશ ઉપર ઘણાં અષ્ટકો સંસ્કૃતમાં રચેલાં છે. સસ્કૃતમાં સ્તુતિ તથા પાઠ કરવા લાયક આ લઘુપોથી ઉપયોગી થઇ પડે તેમ છે. કીંમત રૂ ૦-૮-૬ અધો આનો.

—(૫) ગઝલ-ગુલતાન.—

આ પુસ્તકમાં ચાલુ જમાનાને અનુસરતી આનંદ સાથે અપૂર્વ ઉપદેશદાયક નવી ગઝલો બનાવેલી છે. તેની કીંમત સદ્દવિચાર સદ્દવાણી અને સદ્દવર્તન છે. મતલબ કે વૈરાગ્ય-શતક ગ્રંથના ગ્રાહકોને તે વિના મૂલ્ય વિતરણ-મફત (ભેટજ) અપાય છે. ટપાલખર્ચ અર્ધો આનો મોકલવો.

—(૬) શ્રી વૈરાગ્યશતક-ઉત્તરાર્ધ.—

આ ગ્રંથની અંદર પણ વૈરાગ્યશતક પૂર્વાર્ધ-પેહેલા ભાગની માફક મૂળ શ્લોક, અર્થ, ભાવાર્થ, વિવેચન તથા દરેક મૂળ શ્લોકને લગતાં જ્ઞાન સાથે ગમ્મત આપે તેવાં સુબોધક દૃષ્ટાંતો સહિત છે. આ બીજો ભાગ પણ જ્ઞાન સાથે ગમ્મત આપે તેવો સુખદાયક અપૂર્વ ધર્મગ્રંથ છે. કદમાં પેહેલા ભાગ પૂર્વાર્ધ-કરતાં મોટો-સવાયો ને પાકાં પુંઠાંવાળો ૫૬૪ પૃષ્ઠનો છે. વળી આ ગ્રંથમાં પણ સર્વમાન્ય સામાન્ય નીતિજ્ઞાનનો ઘણોજ સમાવેશ કરવામાં આવ્યો છે. જૈન અને જૈનેતર ધર્મના વાંચકબંધુઓને અતિ ઉપદેશ લેવા લાયક, આનંદદાયક અને સર્વોપયોગી છે. પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એવા બે ભાગથી આ વૈરાગ્યશતક ગ્રંથ પૂર્ણ થાય છે. બન્ને ભાગમાં થઇને લગભગ દૃષ્ટાંતો તથા ઉપદૃષ્ટાંતો મળી ૧૫૦ થી ૧૭૫ દૃષ્ટાંતો નીકળી આવે છે. તે સર્વ દૃષ્ટાંતો ખાસ વાંચવા વિચારવા તથા મનન કરવા લાયક છે. મુનિશ્રી વિનયચંદ્રજીએ આ સરસ વૈરાગ્યમય વૈરાગ્યશતકગ્રંથ લખી જૈન અને જૈનેતર ઉપર અચ્છો પ્રકાશ પાડયો છે-એમ કહ્યા વગર ચાલતું નથી. ઘણી ખૂબીની વાત છે, કે આ વૈરાગ્યનો ગ્રંથ વાંચતાં મનને કદિ કંટાળો આવતો નથી. ઘણીવાર વાંચ્યા છતાં પણ જ્યારે વાંચીએ ત્યારે કાંઇ નહિ ને કાંઇ શીખવાનું સમજવાનું ને બોધ લેવાનું મળી આવે છે.

પુનઃ પુનઃ વાંચતાં પણ ઘણો ઉત્સાહ અને આનંદ આપે છે. ગ્રંથકર્તાએ સ્વપરના લાભના હેતુથીજ યથાશક્તિ પરિશ્રમ ઉઠાવેલ છે, તો સારગ્રાહી સજ્જનો તેનો અવશ્ય લાભ લેશેજ; સર્વ મુમુક્ષુજનોને આ ગ્રંથ વાંચવા ખાસ ભલામણ કરવામાં આવે છે. કીંમત પણ તેની કાગળ છપામણી વગેરે ખર્ચ જેટલીજ જુજ માત્ર રૂ. ૧) એકજ રૂપૈયો છે.

⁂ ઉપરનાં સર્વ પુસ્તકો સામટાં એકી વખતે સાથે લેનારને રૂ. ૨-૪-૦ સવા બે રૂપૈયામાં મળશે. પોસ્ટેજ દરેકનું જુદું.

'શ્રીકામલક્ષ્મી'-કર્મવિપાક ઉપર સુરસ કથા.

સંસ્કૃત અને ગુજરાતી ભાષાંતર. આ રસમય અને હિતબોધક કથામાં કર્માધિન પડી પ્રાણીઓ કેવાં કેવાં કર્મ-કાર્યો કરે છે, તેનો આબેહુબ ચિતાર ચિત્તાકર્ષક રીતે બડી ખૂબીથી ચિતરવામાં આવ્યો છે. આ કપોલકલ્પિત નથી પણ એક પુરાણી કથા છે, તેને ખીલવી મુનિશ્રી વિનયચન્દ્રજીએ ઘણી રસમય અને બોધપ્રદ બનાવી છે. તે સર્વને ખાસ વાંચવા વિચારવા અને મનન કરવા યોગ્ય હોઈ તેમાંથી શિખવા સમજવા સાર લેવા અને ઉપદેશ-જ્ઞાન ગ્રહણ કરવા જેવું ઘણું મળી આવે તેમ છે. વૈરાગ્યરસ અને કરૂણારસથી ભરપૂર આ **કામલક્ષ્મીની કથા** વૈરાગ્યશતકગ્રંથની પેઠે સર્વમાન્ય લોકપ્રિય અને જનહિતકારી થશે. મૂલ્ય કાગળ છપામણી બંધામણી વગેરે ખર્ચના પ્રમાણમાંજ લેવાશે. જીજ્ઞાસુએ તાકીદે નામ નોંધાવવાં, કે જેથી છપાઇને તૈયાર થયે માગણી મુજબ પ્રતો વી. પી. થી મોકલવામાં આવે.

☞ ઉપરોક્ત પુસ્તકો નીચેનાં સ્થળોથી મળશે.

(૧) શા. નાગરદાસ નરોત્તમદાસ. ઠે. હનુમાનભાગડા **વલસાડ**. (સુરત) (૨) ભાઈ વ. ચંદ પોપટલાલ દફતરી ઠે. જૈનજ્ઞાનપુસ્તકભંડાર-**ધોરાજી**. (૩) જૈનબુકસેલર શાહ. ત્રિભુવનદાસ રૂઘનાથદાસ, રાયપુર આકાશેઠના કુવાની પોળ-**અમદાવાદ**. (૪) ભુતા પ્રભુદાસ મોતી, ઓ. સે. બંધુમંડળ. **બરવાળા**.-કાઠિયાવાડ.

મુખ્યસ્થળ-શા. હિમતલાલ વ્રજવલ્લભ વીમાવાળા,

ટંકશાલ સામે ખજુરીની પોળ-અમદાવાદ.

દાંત હાલે છે? દાંત પડી ગયા છે? જાઓ મારા ભાઇ!

ત્યારેનાહક હેરાન ને દુઃખી શીદને થાઓ છો? દાંત બાંધવાનું, સારા મજબુત સફેદ શોભિતા પથ્થરના દાંત બેસાડી આપવાનું અને દાંતનાં ચોકઠાં તૈયાર કરી આપવાનું કામ સસ્તું સારૂં અને ખાતીલાયક ક્યાં થાય છે; તે કૃપા કરી કહેશો કે મારા મહેરબાન?! ભાઇસાહેબ! "મોટી દુકાનનાં ફીકાં પકવાન"થી ધરાઇ ગયા હો, બડાસાહેબ બની ગયેલા, ડોળડિમાક ને ભપકાસપકામાંજ આંજી નાંખનારા, કામમાં ભલીવાર ન મળે પણ દામ દુપ્પટ અને વખતે વધારે કઢાવનારા સાથે પાનું પડયું હોય, અથવા તો તેવા લોકોને હાથે મુડાવાં ચાહતા હો; તો છાપામાં જાહેરખબરો હેંડબીલો અને પાટીયાં પડદા અને બોર્ડ તમારી નજરે ઘણાં પડતાં હશે; તો ફાવે ત્યાં ખુસી જવું. પણ સાચું સાદું અને સીધું પસંદ હોય, પૈસાનું પાણી ન કરવું હોય, તમારૂં કામ સરે તેવું ઇચ્છતા હો, અને દાંત બંધાવ્યા કે ચોકઠું લીધા પછી કંઇ અગવડ જણાતી હોય તેનો ખુલાસો મેળવી વગર ખટપટે અને કંઈ વધારાના ખર્ચ વિના નિકાલ કરવો ગમતું હોય; તો ઝટપટ **"અમદાવાદમાં–કાલુપુરરોડ ધનાસુતારની પોળ સામેની ખડકીમાં સોની ત્રિભુવન ખીમચંદ"** ને મળો અથવા તો તમારૂં નામઠામ ને પુરેપુરો પત્તો તથા મળવાનો સમય એક કાર્ડમાં ઉપરને શિરનામે લખી જણાવશો, તો શહેર અમદાવાદમાં રૂબરૂ આવી મળી જશે અને તમારી ઇચ્છાનુસાર દાંત બાંધવા અને ચોકઠું બેસાડવાનું જે કામ હશે તે વ્યાજબી પૈસા લઇ સારૂં ને સંતોષકારક કરી આપશે; તો વગર સંકોચે બેધડક તેમની સાથે કામ પાડવું. બહારગામવાળાએ ટપાલથી ખુલાસો મંગાવી તેમની પાસે આવવું, અને તેડાવવા મરજી હોય, તો જવાઆવવાનો ખર્ચ મનીઓર્ડરથી મોકલવો. વગર માગ્યે સર્ટીફીકેટો ઘણાં મળ્યાં છે, અને એકવાર કામ પડી સંતોષ પામેલા ઠામઠામ પ્રસંગોપાત **સોની ત્રિભુવન ખીમચંદના** કામનાં વખાણ કરે છે; અને પોતાનાં સગાંસ્નેહીસંબંધીઓને તેમની સાથે ખુશીથી કામ પાડવાની ભાર દઇને ભલામણ કરે છે. એજ તેમની જાહેરખબર છે, બણગાં ફુંકનારાં છાપાંનો આશરો લેવો પડતો નથી. ભોળા ભલા સાલસ અને ગરીબ માણસોને સગવડ થાય તેટલા ખાતર આટલું છપાવી જાહેર કરવું યોગ્ય ધાર્યું છે.

પતાઃ–દાંત બેસાડનાર સોની ત્રિભુવન ખીમચંદ.

કાલુપુરરોડ ધનાસુતારની પોળસામે ખડકીમાં–અમદાવાદ.

